

# ઇષ્ટોપદેશ પ્રવચન

(ભાગ-૨)





## ACKNOWLEDGEMENT

We sincerely express our gratitude to **“Shree Digambar Jain Swadhyay Mandir Trust, Rajkot”** from where we have sourced **“Ishtopadesh Pravachan Part-2”**.

**“Shree Digambar Jain Swadhyay Mandir Trust, Rajkot”** have taken due care, However, if you find any error, for which we request all the reader to kindly inform us at info@vitragvani.com or to victoryjack1@rediffmail.com **“Shree Digambar Jain Swadhyay Mandir Trust, Rajkot”**

ॐ

श्री सीमंधरदेवाय नमः
श्री निज शुद्धात्मने नमः
श्री सद्‌गुरुदेवाय नमः

# ઈષ્ટોપદેશ પ્રવચન

## ભાગ-૨

અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી
સ્વામીના ગાથા–૨૬ થી ૫૨ ઉપર
૨૮ સળંગ અક્ષરશઃ પ્રવચનો

: પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ
૫, પંચનાથ પ્લોટ, કાનજીસ્વામી માર્ગ,
રાજકોટ–૩૬૦૦૦૧.
ફોન : (૦૨૮૧) ૨૨૩૧૦૭૩

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ. સ. |
|---|---|---|---|
| ૩૧ | ૨૫૩૭ | ૨૦૬૭ | ૨૦૧૨ |

**પ્રકાશન**

**મહાસુદ - ૫, તા. ૨૮-૧-૨૦૧૨ વસંતપંચમીના શુભદિને**

**રાજકોટ મંદિરના પ્રતિષ્ઠાદિન નિમિત્તે**

પ્રથમ આવૃત્તિ – ૧૦૦૦ પડતર કિંમત – રૂ. ૧૫૦/- મૂલ્ય - રૂ. ૪૦/-

**પ્રાપ્તિ સ્થાન**

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજી સ્વામી માર્ગ,

રાજકોટ–૩૬૦૦૦૧.

ટેલી. નં. (૦૨૮૧) ૨૨૩૧૦૭૩

| લેસર ટાઈપ સેટિંગ | મુદ્રક |
|---|---|
| **પૂજા ઇમ્પ્રેશન્સ** | **શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ** |
| પ્લોટ નં. ૧૯૨૪/બી<br>૬, શાંતિનાથ બંગલોઝ<br>શશીપ્રભુ માર્ગ, રૂપાણી સર્કલ<br>પાસે, ભાવનગર-૩૬૪૦૦૧<br>ફોન નં. ૯૭૨૫૨૫૧૧૩૧ | ૩૧૨, હિરાપન્ના કોમ્પ્લેક્ષ,<br>ડૉ. યાજ્ઞિક રોડ,<br>રાજકોટ-૩૬૦૦૦૧<br>ફોન નં. ૯૮૨૫૦૭૫૦૬૧ |

# પ્રસ્તાવના

## શ્રી પૂજ્યપાદ આચાર્ય અને ઇષ્ટોપદેશ એક પરિચય

**જીવન પરિચય :–**

શ્રી દેવનન્દી અપરનામ પૂજ્યપાદ આચાર્ય મૂળસંઘ અંતર્ગત નંદીસંઘના પ્રધાનાચાર્ય હતા. તેઓ સૂક્ષ્મ સિદ્ધાંતજ્ઞ, પ્રખર દાર્શનિક તેમજ ગૂઢ વ્યાકરણજ્ઞ – વૈયાકરણ હતા.

આદિપુરાણના રચયિતા આચાર્ય જિનસેન તો કહે છે કે 'જે કવિઓમાં તીર્થંકર જેવા છે અથવા જેમણે કવિઓ માટે પથપ્રદર્શન કરવા માટે લક્ષણગ્રન્થની રચના કરી છે તેમ જ જેના વચનરૂપી તીર્થ વિદ્વાનોનાં શબ્દસંબંધી દોષોને દૂર કરનારા છે એવા દેવનન્દી આચાર્ય પૂજ્યપાદનું વર્ણન કોણ કરી શકે ?'

તેઓશ્રી કર્ણાટક પ્રાંતના 'કોલે' નામક ગ્રામના નિવાસી હતા. બ્રાહ્મણ કુળ માટે ભૂષણ સમાન હતા. એક દંતકથા મુજબ સર્પ વડે પોતાનો કોળિયો બનાવાયેલ દેડકાની કફોડી સ્થિતિને જોઈને પીઘળી ઉઠેલા દેવનન્દીએ નાનપણમાં જ વિરક્તચિત્ત બની જિનદીક્ષા અંગીકાર કરી લીધી.

દક્ષિણ ભારતની અતિપ્રાચીન કન્નડ ભાષામાં કવિરાજ ચન્દ્રય્યા દ્વારા રચાયેલ ગ્રન્થ 'પૂજ્યપાદ ચરિતે' અને દેવેન્દ્રચન્દ્રની 'રાજાવલિકથે' રચનામાં આચાર્યશ્રીના જીવનપરિચય અંગે વિગતે પરિચય ઉપલબ્ધ થાય છે.

તેમના પિતાશ્રી 'માધવભટ્ટ' હતા, જ્યારે માતાનું નામ 'શ્રીદેવી' હતું. તેઓશ્રીનું દીક્ષાનામ દેવનન્દી હતું, પછીથી પૂજ્યપાદ તેમજ જિનેન્દ્રબુદ્ધિ વગેરે નામોથી વિખ્યાત બન્યા.

શિલાલેખ અને ઉપલબ્ધ સાહિત્યને આધારે વિદ્વાનોએ નિશ્ચય કર્યો છે કે સુપ્રસિદ્ધ પૂજ્યપાદ આચાર્ય વિક્રમની પાંચમી-છઠ્ઠી શતાબ્દિમાં થયેલા છે.

તેઓશ્રીના નીચે મુજબના ગ્રન્થરત્નો પ્રસિદ્ધ છે;

૧. સર્વાર્થસિદ્ધિ (તત્ત્વાર્થવૃત્તિ) – તત્ત્વાર્થસૂત્રની ટીકા.

૨. જૈનેન્દ્ર-વ્યાકરણ

૩. શબ્દાવતાર

૪. સમાધિતન્ત્ર

૫. ઇષ્ટોપદેશ

૬. દશભક્તિ

૭. ચિકિત્સાશાસ્ત્ર

તેઓના દિગન્તવ્યાપી યશ અને વિદ્વત્તાથી પ્રભાવિત કર્નાટક પ્રાન્તના ઈ.સ. ૮, ૯, ૧૦મી સદિના પ્રાયઃ સર્વે વિદ્વાન કવિઓએ પોતપોતાની કૃતિઓમાં પૂજ્યપાદદેવને આદર અને ગૌરવ સાથે સ્મરણ કર્યા છે.

## ગ્રન્થ - પરિચય (ઇષ્ટોપદેશ)

શ્રી પૂજ્યપાદ આચાર્યનું તત્ત્વજ્ઞાન અને વૈરાગ્યભાવથી છલકતું અધ્યાત્મકાવ્ય એટલે 'ઇષ્ટોપદેશ'. સંસાર-શરીર-ભોગોમાં વિમૂઢ જીવ અનાદિકાળથી મોહ-રાગ-દ્વેષને લીધે અનંતાનંત દુઃખો ચતુર્ગતિરૂપ સંસારમાં વેઠતો આવ્યો છે. આત્મસ્વરૂપને ઓળખીને સંસારના ઘોર દુઃખોથી મુક્ત થવા માટે પ્રેરણાદાયી એવી આ કૃતિ સહજ, સરળ અને ભાવવાહી રચના છે. કેવળ ૫૧ પદ્ય કાવ્યોમાં શ્રી પૂજ્યપાદઆચાર્યે બિન્દુમાં જાણે કે સિન્ધુને સમાડી દીધા છે.

ભેદજ્ઞાનપૂર્વક શુદ્ધાત્માની અનુભૂતિ કેવી રીતે થાય તેનો માર્ગ ચીંધનાર આ લઘુકાય રચનામાં અંતે ગ્રંથકર્તા ગ્રંથની ઉપયોગિતા વર્ણવતા કહે છે કે :

'પૂર્વોક્ત પ્રકારે ઇષ્ટોપદેશનું સમ્યક્ પ્રકારે અધ્યયન કરી, સારી રીતે ચિંતવન કરીને જે ભવ્ય ધીમાન્ પુરુષ આત્મજ્ઞાનના બળથી માન-અપમાનમાં સમતાભાવ ધારણ કરીને તથા બાહ્ય પદાર્થોમાં વિપરીત અભિનિવેશનો ત્યાગ કરીને નગર અથવા વનમાં વિધિપૂર્વક વસે છે તે નિરુપમ મુક્તિ લક્ષ્મીને પ્રાપ્ત કરે છે.'

પ્રસ્તુત રચના ઇષ્ટોપદેશ કૃતિમાં વર્ણવેલી વિષયવસ્તુના કેટલાક માર્મિક વિષય બિન્દુઓની નોંધ લઈએ :

(૧) વસ્તુની સહજ નિજ શક્તિ તે ઉપાદાન છે, સંયોગરૂપ કારણ તે નિમિત્ત કહેવાય છે. કાર્ય ઉપાદાનથી જ થાય છે, તે વખતે તેને માટે અનુકૂળ નિમિત્ત પણ મળી જ રહે છે. **(શ્લોક-૨)**

(૨) મોક્ષ માટે પ્રવૃત્તિ કરનારને સ્વર્ગનું સુખ સહેજે પ્રાપ્ત થાય છે. **(શ્લોક-૪)**

(૩) સંસારી જીવોના સુખ-દુઃખ કેવળ વાસનામાત્ર જ હોય છે. **(શ્લોક-૬)**

(૪) મોહથી આચ્છાદિત જ્ઞાન પોતાના સ્વભાવને પ્રાપ્ત થતું નથી. **(શ્લોક-૭)**

(૫) દાવાનળથી બળતા વનની મધ્યમાં વૃક્ષ ઉપર બેઠેલા મનુષ્યની જેમ મૂઢ જીવ અન્યની માફક પોતે પણ કોઈ દિવસ વિપત્તિમાં આવી પડશે તે વિચારતો નથી. **(શ્લોક-૧૪)**

(૬) જે મમતાવાળો છે તે સંસારમાં બંધાય છે અને જે મમતારહિત છે તે સંસારથી છૂટે છે. **(શ્લોક-૨૬)**

(૭) જ્ઞાની વિચારે છે કે સર્વ પુદ્‌ગલોને મેં મોહવશાત્ અનેકવાર ભોગવી ભોગવીને છોડ્યા; હવે એ ઉચ્છિષ્ટ પદાર્થોમાં મને કાંઈ પણ સ્પૃહા નથી. **(શ્લોક-૩૦)**

(૮) જે અજ્ઞાની છે તે કોઈથી જ્ઞાની થઈ શકતો નથી અને જે જ્ઞાની છે તે કોઈથી અજ્ઞાની થઈ શકતો નથી; ગુરુ આદિ તો ધર્માસ્તિકાયની પેઠે નિમિત્તમાત્ર જ છે. **(શ્લોક-૩૫)**

(૯) જેમ જેમ આત્માનુભવ થતો જાય છે તેમ તેમ સુલભ વિષયો પણ રુચતા નથી અને જેમ જેમ વિષયો પ્રત્યે અરુચિ થાય છે તેમ તેમ આત્માનુભવની પરિણતિ વૃદ્ધિ પામતી જાય છે. **(શ્લોક ૩૭/૩૮)**

(૧૦) જે અજ્ઞાની પુદ્‌ગલને અભિનન્દે છે તેનો કેડો (પીછો) ચાર ગતિમાં પુદ્‌ગલ છોડતું નથી. **(શ્લોક-૪૬)**

(૧૧) અવિદ્યાને દૂર કરવાવાળી મહાન ઉત્કૃષ્ટ જ્ઞાનજ્યોતિ છે, મુમુક્ષુએ તેના સંબંધમાં પૃચ્છા કરવી, તેની જ વાંછા કરવી અને તેનો જ અનુભવ કરવો જોઈએ. **(શ્લોક-૪૯)**

(૧૨) 'જીવ જુદો છે અને પુદ્‌ગલ જુદું છે' એ જ તત્ત્વોપદેશનો સાર છે, બીજું જે કંઈ પણ કહેવામાં આવ્યું છે તે બધો તેનો જ વિસ્તાર છે. **(શ્લોક-૫૦)**

**ઉપસંહાર :–**

આમ, નાનકડા એવા આ 'ઇષ્ટોપદેશ' ગ્રંથમાં ગ્રંથકર્તાને આત્મભાવના અને તત્ત્વદષ્ટિની પાયાની કેળવણી સચોટ રીતે પ્રસ્તુત કરવામાં સંપૂર્ણ રીતે સફળતા મળી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી આ કાળમાં એક અદ્વિતીય અધ્યાત્મ યુગાવતાર દિવ્ય પુરુષ થયા. સ્વયંના અજોડ પુરુષાર્થ દ્વારા સત્યની ખોજ કરી અને આત્મસાક્ષાત્કાર કરી અનંત ભવનો છેદ કર્યો. તદ્‌ઉપરાંત સ્વયંની દિવ્ય દેશના દ્વારા તેઓશ્રીએ અધ્યાત્મની પાવન ગંગા સંપૂર્ણ ભારતમાં તથા વિદેશમાં વહાવી. અનેક ભવ્ય જીવોએ આ પાવનગંગામાં સ્નાન કરી પોતાને ધન્ય બનાવ્યા તથા પૂજ્ય ગુરુદેવશ્રીના આત્મકલ્યાણકારી ઉપદેશને જીવનમાં અંગીકાર કરી મોક્ષમાર્ગે પ્રયાણ કરવા અર્થે ઉદ્યમવંત બન્યા. ગામેગામ જિનમંદિર તથા જિનબિંબોની સ્થાપના કરી પૂજ્ય ગુરુદેવશ્રીએ લુપ્ત પ્રાયઃ થયેલ સનાતન દિગંબર જૈનધર્મનો ઉદ્યોત કરી જિનદર્શનનો વિજયધ્વજ લહેરાવ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રીના જીવનમાં તેમની મુખ્ય પ્રવૃત્તિ જ્ઞાન તથા ધ્યાનની રહી છે. તેમાં તેઓશ્રીએ અનેક દિગંબર જૈનગ્રંથોનું ગહન અધ્યયન કરી તેના પાવન મંગલકારી આશયને મુમુક્ષુસમાજ પર્યંત પહોંચતું કર્યું. દિગંબર આચાર્યોના તીવ્ર વચનોનું હાર્દ ખોલીને તેમાં રહેલ મર્મને પ્રકાશિત કર્યું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોમાં જે અધ્યાત્મનો પાવન પ્રવાહ આવતો તેમાં નાના બાળકથી માંડી વિદ્વાન હોય તો તેને પણ તેને યોગ્ય મળી રહેતું, એવો તેઓશ્રીનો

સાતિશય વાણીનો યોગ હતો. પૂજ્ય બહેનબેનશ્રીના શબ્દોમાં કહીએ તો 'પૂજ્ય ગુરુદેવને શ્રુતની લબ્ધિ હતી અને શ્રુતના દરિયા ઉછળ્યા છે.'

પૂજ્ય ગુરુદેવશ્રીનું વિરાટ અસ્તિત્વ તથા બેજોડ ગુણોને કલમમાં ઉતારવા એ બાલચેષ્ટા સમાન છે, છતાં તેઓશ્રીનો અસીમ ઉપકાર હ્રદયગત થતાં તે ચેષ્ટા પણ સહેજે થઈ જાય છે. પૂજ્ય ગુરુદેવશ્રીએ સ્વયંના પ્રવચનોમાં અનેક શાસ્ત્રો ઉપર પ્રવચનો કર્યા છે, જેમાં આ લઘુકાય ગ્રંથ શ્રી 'ઇષ્ટોપદેશ' નો પણ સમાવેશ થાય છે. અધ્યાત્મથી ઓતપ્રોત, પુરુષાર્થ પ્રધાન પ્રવચનો મુમુક્ષુજીવને આત્મહિત પ્રત્યે દોરી જાય છે અને આ જ ભવમાં આત્મકલ્યાણ કરી લેવાની તથા આત્માનુભવ કરી લેવાની સતત પ્રેરણા પ્રત્યેક પ્રવચનોમાં મળે છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના સમસ્ત પ્રવચનોને લિપિબદ્ધ કરી અક્ષરશઃ પ્રકાશિત કરવાના ફળસ્વરૂપે પ્રસ્તુત ગ્રંથ 'ઇષ્ટોપદેશ પ્રવચન' ભાગ–૨ પ્રકાશિત કરતાં અમોને હર્ષ થાય છે. પ્રસ્તુત ગ્રંથમાં ૨૬ થી ૫૨ શ્લોક સુધીના ૨૮ પ્રવચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રવચન સંપાદન કાર્યમાં જ્યાં જ્યાં વાક્યરચના અધુરી લાગી છે ત્યાં કૌંસ ભરવામાં આવેલ છે. જ્યાં શબ્દ બરાબર સંભળાતા નથી ત્યાં ડોટ કરીને છોડી દેવામાં આવેલ છે. જેટલા હિન્દી પ્રવચનો છે તેનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરેલ છે. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો ભાવવાહી પ્રવાહ યથાવત્ જળવાઈ રહે તેની પૂર્ણ ચોકસાઈ રાખવામાં આવેલ છે. પ્રસ્તુત પ્રવચનોને સાંભળીને અક્ષરશઃ લખવામાં આવ્યા છે. ત્યારબાદ રાજકોટ નિવાસી શ્રી ચેતનભાઈ મહેતા દ્વારા ફરી એકવાર બધા જ પ્રવચોનોને સાંભળીને ચીવટપૂર્વક તપાસી જવામાં આવ્યા છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની ભૂલ રહી જવા પામી હોય તો જિનવાણીમાતા, દેવ-શાસ્ત્ર-ગુરુની હ્રદયપૂર્વક ક્ષમાયાચના કરીએ છીએ. પાઠકવર્ગને કોઈ સ્થળે ભૂલનો ખ્યાલ આવે તો અવશ્ય જણાવવા વિનંતી છે. પ્રસ્તુત ગ્રંથના ટાઈપ સેટિંગ માટે પૂજા ઇમ્પ્રેશન્સ, ભાવનગર તથા સુંદર મુદ્રણ કાર્ય માટે શાર્પ ઓફસેટ, અમદાવાદનો આભાર માનવામાં આવે છે.

અંતતઃ પ્રસ્તુત પ્રવચનોના સ્વાધ્યાય દ્વારા મુમુક્ષુજીવ આત્મકલ્યાણને સાધે એવી પવિત્ર ભાવનાસહ વિરામ પામીએ છીએ.

પ્રસ્તુત પુસ્તક પ્રકાશન અર્થે રૂા. ૫૦,૦૦૦/- બેનશ્રી રમાબેન કિશોરચંદ્ર ગાંધી, મુંબઈ તથા રૂા. ૨૫,૦૦૦/- બેન પ્રભાવતીબેન પોપટલાલ શાહ, મુંબઈ તરફથી રાજકોટ ટ્રસ્ટને પ્રાપ્ત થયેલ છે. તે બદલ સંસ્થા તેમનો ખૂબખૂબ આભાર માને છે. અન્યદાનરાશિ પાછળના પેઈજ પર છાપવામાં આવેલ છે. તેઓ પ્રત્યે પણ સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

ઈષ્ટોપદેશ પ્રવચન ભાગ-૨ atmadharma.com ઉપર મૂકવામાં આવેલ છે.

લિ.

ટ્રસ્ટીગણ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, રાજકોટ

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક નં. | પેઈજ નં. |
|---|---|---|---|
| ૨૯ | ૧૬-૪-૬૬ | ૨૬ | ૦૦૧ |
| ૩૦ | ૧૭-૪-૬૬ | ૨૬ થી ૨૭ | ૦૧૪ |
| ૩૧ | ૧૮-૪-૬૬ | ૨૭ - ૨૮ | ૦૨૭ |
| ૩૨ | ૧૯-૪-૬૬ | ૨૭ - ૨૮ | ૦૩૯ |
| ૩૩ | ૨૧-૪-૬૬ | ૨૮ - ૨૯ | ૦૫૨ |
| ૩૪ | ૨૨-૪-૬૬ | ૨૯ - ૩૦ | ૦૬૭ |
| ૩૫ | ૨૩-૪-૬૬ | ૩૦ થી ૩૨ | ૦૮૧ |
| ૩૬ | ૧૦-૫-૬૬ | ૩૨ - ૩૩ | ૦૯૮ |
| ૩૭ | ૧૧-૫-૬૬ | ૩૩ - ૩૪ | ૧૧૩ |
| ૩૮ | ૧૨-૫-૬૬ | ૩૪ - ૩૫ | ૧૨૮ |
| ૩૯ | ૧૩-૫-૬૬ | ૩૫ - ૩૬ | ૧૪૪ |
| ૪૦ | ૧૭-૫-૬૬ | ૩૫ - ૩૬ | ૧૬૦ |
| ૪૧ | ૧૮-૫-૬૬ | ૩૬ - ૩૭ | ૧૭૫ |
| ૪૨ | ૧૯-૫-૬૬ | ૩૭ | ૧૮૯ |
| ૪૩ | ૨૧-૫-૬૬ | ૩૮ - ૩૯ | ૨૦૩ |
| ૪૪ | ૨૨-૫-૬૬ | ૩૯ - ૪૦ | ૨૧૮ |
| ૪૫ | ૨૩-૫-૬૬ | ૪૦ - ૪૧ | ૨૩૪ |
| ૪૬ | ૨૪-૫-૬૬ | ૪૧ | ૨૫૦ |
| ૪૭ | ૨૫-૫-૬૬ | ૪૨ | ૨૬૫ |
| ૪૮ | ૨૬-૫-૬૬ | ૪૩ - ૪૪ | ૨૭૯ |
| ૪૯ | ૨૮-૫-૬૬ | ૪૪ - ૪૫ | ૨૯૫ |
| ૫૦ | ૨૯-૫-૬૬ | ૪૫ | ૩૦૯ |
| ૫૧ | ૩૦-૫-૬૬ | ૪૬ | ૩૨૨ |
| ૫૨ | ૩૧-૫-૬૬ | ૪૬ - ૪૭ | ૩૩૪ |
| ૫૩ | ૦૧-૬-૬૬ | ૪૭ થી ૪૯ | ૩૪૭ |
| ૫૪ | ૦૨-૬-૬૬ | ૪૯ - ૫૦ | ૩૬૨ |
| ૫૫ | ૦૩-૬-૬૬ | ૫૦ | ૩૭૮ |
| ૫૬ | ૦૫-૬-૬૬ | ૫૧ -૫૨ | ૩૯૧ |

ॐ

नमः सिद्धेभ्यः

श्रीमत्पूज्यपादस्वामिविरचित

# 'ઈષ્ટોપદેશ પ્રવચન'

(ભાગ-૨)

**વીર સંવત ૨૪૯૨, ચૈત્ર વદ ૧૧, શનિવાર**
**તા. ૧૬-૦૪-૧૯૬૬**
**ગાથા–૨૬ પ્રવચન નં. ૨૯**

'પૂજ્યપાદસ્વામી' કૃત 'ઈષ્ટોપદેશ'. ૨૬મો શ્લોક છે. એનો અર્થ વિશદાર્થ છે. જુઓ! જરીક આધાર આપ્યો છે ને? 'અમૃતચંદ્રાચાર્ય' 'સમયસાર' કળશમાં કહે છે. ૩૩ પાનું. પહેલો શું અર્થ આવ્યો? જુઓ! વિશદાર્થમાં. કે **'મમ' નો અર્થ 'અભિનિવેશ' હૈ, ઇસલિયે 'સમમ' કહીયે 'મેરા યહ હૈ' ઇસ પ્રકારકે અભિનિવેશવાલા જીવ ભી કર્મોંસે બંધતા હૈ.'** એમ જોઈએ. એટલે શું કહ્યું? આ આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ (છે) એને છોડીને પુણ્ય-પાપનો વિકલ્પ રાગ એ પોતાના ચૈતન્યના સ્વભાવમાં 'આ મારા છે' એવો જે વિપરીત અભિનિવેશ, મિથ્યા અભિપ્રાય એનાથી આઠેય કર્મ બંધાય છે. કહો,,, સમજાણું?

**'ઉપલક્ષણસે યહ ભી અર્થ લગા લેના કિ 'મૈં ઇસકા હૂં' ઐસે અભિનિવેશવાલા જીવ ભી બંધતા હૈ,...'** એ તો અરસપરસ લીધું. આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ સ્વરૂપ, ઇ એમ માને કે, રાગ, દયા, દાન, વ્રત શુભાશુભ પરિણામ તે હું, એનો એ હું અને એ મારા એવો જે મિથ્યા અભિપ્રાય, એ જ કર્મબંધનનું કારણ છે. કહો,, સમજાણું આમાં? બહુ ટૂંકું કહ્યું.

મુમુક્ષુ :– આપ પહેલા મિથ્યાત્વ સમજાવો.

ઉત્તર :– આ કહે છે ને નીચે દાખલો આવશે. આત્મા એક સમયમાં તદ્દન ચિદ્દ્ઘન જ્ઞાયક સ્વભાવ શુદ્ધભાવથી ભરેલો પદાર્થ (છે) એમાં હું પણું અંતરમાં માનવું અને રાગને પોતાનો ન માનવું એ તો ભેદજ્ઞાન (થયું), એનાથી તો કર્મબંધન છૂટી જાય. સમજાય છે કાંઈ? આત્મા જ્ઞાન સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય એ હું નહિ અને શુભ-અશુભ રાગની ક્રિયા મલિન પરિણામ એ હું... **'મેરા યહ...'** શુભ-અશુભભાવ એ મારા અને હું એનો. સમજાય છે કાંઈ? આ મિથ્યાદર્શન શલ્ય (છે). સમજાણું કાંઈ?

અંતર્મુખ સ્વભાવ તદ્દન જ્ઞાન-દર્શન-આનંદ એવા ત્રિકાળી સ્વભાવનું લક્ષ, રુચિ ને આશ્રય છોડી દઈને કૃત્રિમ વર્તમાન પુણ્ય-પાપના શુભ-અશુભભાવ (થાય છે) એ શુભ-અશુભભાવ એ મારા ને હું એનો, બસ! આ અભિનિવેશ મમ નામ અભિનિવેશ, વિપરીત અભિપ્રાય, મિથ્યાદર્શન શલ્ય, આ મહા શલ્ય એ જ આઠ કર્મના બંધનનું કારણ છે. સમજાણું કાંઈ આમાં?

મુમુક્ષુ :– સમય સમય મહાબંધનું કારણ છે.

ઉત્તર :– મહાબંધનનું જ કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જૈસા કિ અમૃતચન્દ્રાચાર્યને સમયસાર કલશમેં કહા હૈ-'** દેખો! **'ન કર્મબહુલં જગન્ન૦'**

**અર્થ :– 'ન તો કર્મસ્કંધોંસે ભરા હુઆ યહ જગત્ બંધકા કારણ હૈ,...'** આ કર્મના સ્કંધોથી ભરેલું જગત છે. કર્મ થવાને લાયક સ્કંધના પરમાણુના પિંડ આખા જગતમાં ભર્યા છે. આખી દુનિયામાં–ચૌદ બ્રહ્માંડમાં–કર્મ થવાને લાયક (પરમાણુ ભર્યા છે) એ બંધનું કારણ નથી, આત્માને દોષનું કારણ નથી. **'ઔર ન હલન-ચલનાદિરૂપ ક્રિયા હી,...'** આ દેહ આદિની હાલવા-ચાલવાની ક્રિયા એ બંધનું કારણ નથી. સમજાણું કાંઈ? એ તો જડની પર્યાય છે, એ આત્માને બંધનનું કારણ નથી. **'ન ઇન્દ્રિયાં કારણ હૈં,...'** આ ઇન્દ્રિયો છે એ કારણ બંધનું નથી. **'ઔર ન ચેતન અચેતન પદાર્થોંકા વિનાશ કરના હી બન્ધકા કારણ હૈ.'** જડ ને ચેતનનો ઘાત થાય એનું આત્માને બંધન નથી. સમજાણું કાંઈ? આ જીવ મરે કે જડના કટકા, ટુકડા થાય એ આત્માને બંધનનું કારણ નથી.

**'કિન્તુ જો ઉપયોગરૂપી જમીન રાગાદિકોંકે સાથ એકતાકો પ્રાપ્ત હોતી હૈ,...'** બસ! શું કહે છે? ભગવાનઆત્મા જ્ઞાન ઉપયોગ, દર્શન ઉપયોગ, ચૈતન્ય ઉપયોગ જાણન– દેખન ઉપયોગ સ્વભાવ એ ઉપયોગ સ્વભાવની સાથે વિકલ્પ એટલે દયા, દાન, વ્રત આદિ શુભાશુભ પરિણામ એની એકતાને પ્રાપ્ત (થાય). શું સમજાય છે કાંઈ? ઉપયોગમયો જીવો– ચૈતન્ય ભગવાન જાણન-દેખન સ્વભાવ (છે). એવા જાણન-દેખન સ્વભાવની ભૂમિકામાં, જમીનમાં, સત્તામાં એ રાગ જે શુભનો કે પુણ્યનો કે પાપનો ઉઠે, એ રાગનું આ ઉપયોગ સાથે એકપણું કરવું, એકપણું કરવું એ જ મિથ્યાદર્શન છે અને એ જ બંધનનું કારણ છે. આહાહા..!

'સેઠી'! કહો,, ક્યાં આમાં બહારની ક્રિયાનું (કર્તાપણું રહે?) એ... 'રાજમલજી' દાંત કેમ કાઢે છે? કાંઈક હશે અંદર. એ વકીલ છે ને ભાઈ! હોશિયાર માણસ છે. બંધનું કારણ તો આ છે.

મુમુક્ષુ :– અભિનિવેશ.

ઉત્તર :– અભિનિવેશ. કોઈ બહાર ત્યાગ કરી દીધો, બહાર ત્યાગ કર્યો અને આ બ્રહ્મચર્ય શરીરથી પાળ્યું કે આ હિંસાની બહારની ક્રિયા કદાચ નથી કરતો એમ દેખાય પણ જેના અંતર અભિપ્રાયમાં એ દયા, દાન, વ્રતના શુભભાવ, એની સાથે ત્રિકાળી ચૈતન્ય સ્વભાવને એકત્વબુદ્ધિ કરવી એ અભિનિવેશ–મિથ્યાત્વભાવ–એ જ બંધનું કારણ છે.

મુમુક્ષુ :– કોઈ દયા નહિ કરે.

ઉત્તર :– કોણ કરે છે? 'સેઠી' કહે છે, કોઈ દયા નહિ કરે. પણ કરે છે કોણ?

મુમુક્ષુ :– જીવ દયા કરે, પુદ્ગલ તો ન કરે.

ઉત્તર :– જીવ કોની કરે? પરદ્રવ્યનું કરે? પરદ્રવ્યની ક્રિયા કરે આત્મા? મૂઢ છે.

મુમુક્ષુ :– પોતાના ભાવમાં કરે છે ને.

ઉત્તર :– ભાવમાં તો કહ્યું ને કે શુભભાવ થયો. કોઈને નહિ મારવાનો શુભભાવ થયો. એ શુભભાવની સાથે એકત્વબુદ્ધિ (કરવી) કે આ શુભ મારા છે એમ માનવું એ મિથ્યાત્વભાવ છે. એ.. 'શેઠ' આહાહા..! લોકોને અંતર વસ્તુ શું છે, પર વસ્તુ શું છે, બેની વિવેક દશા શું છે ને બેનું એકપણું શું છે... આહાહા..! એમાં આખો માર્ગ સમાય જાય છે, એની એને ખબર નથી.

વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ દેવ છ દ્રવ્ય કહે છે. છ દ્રવ્યમાં સંખ્યાએ તો અનંત પદાર્થ છે. એમાં કોઈ પદાર્થ કોઈનું કાંઈ કરે એમ ત્રણકાળમાં બને નહિ એટલે એ પ્રશ્ન અહીં નથી. હવે પરપ્રાણી આદિને માટે કે પોતાને માટે એવો શુભભાવ થાય કે આ દયા (પાળું), આ પરને ન મારું, જૂઠું ન બોલું, ચોરી ન કરું એવો રાગ, એ રાગ (છે), એ રાગ અને ત્રિકાળી વીતરાગ સ્વભાવ શુદ્ધ જ્ઞાયક સ્વભાવ, એ રાગ ને ચૈતન્ય શુદ્ધ સ્વભાવ બેને એક માનવા (એ મિથ્યાત્વભાવ છે). એ રાગથી મને લાભ થશે એમ માનનાર સ્વભાવને ને રાગને એક જ માને છે. સમજાણું કાંઈ? લ્યો! તમે પણ સેઠી! વૃદ્ધ થઈને કહો છો કે બહુ સૂક્ષ્મ વાત! શું કહ્યું?

મુમુક્ષુ :– સમજાતું નથી.

ઉત્તર :– એ તો આપણે આવી ગયું ને? ભાઈ! આ 'સમયસાર' 'બંધ અધિકાર' ની વાત છે. 'બંધ અધિકાર' નો પહેલો કળશ છે. 'બંધ અધિકાર' ની વાત છે, 'સમયસાર' ની વાત છે. સમજાય છે કાંઈ? આહાહા..!

બીજી રીતે એમાં અર્થ શું થયો? કે, ભગવાનઆત્મા જ્ઞાન ને આનંદનો કંદ પ્રભુ ચૈતન્ય

દ્રવ્ય સ્વભાવ વસ્તુ (છે). એવી પવિત્ર આખી ચીજ–વસ્તુમાં એની ભૂમિમાં એટલે એની સત્તામાં પુણ્યના વિકલ્પની સત્તા એની સત્તામાં નથી. બીજી રીતે કહીએ તો એ પુણ્ય એટલે આસ્રવ તત્ત્વની સત્તા જ્ઞાયક સ્વભાવમાં નથી. બીજી રીતે કહીએ તો આસ્રવ તત્ત્વમાં આ પરની દયા આદિ પાળવી એ (પરની) પર્યાય આ આસ્રવ તત્ત્વમાં આવતી નથી. અને આ આસ્રવ તત્ત્વ પરની દયા પાળે એવી જે પરની પર્યાયમાં જતી નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– ફરીથી કહો.

ઉત્તર :– હજી ફરીથી કહો,. વન્સ મોર, કરે છે ઇ. ઠંડા માણસ છે ને. ઘણા વખતે આવ્યા. તેથી કહ્યું હતું, આ રખડતા આવ્યા. એક ફેરી કહ્યું હતું. અરે..! શું સમજાય છે કાંઈ?

આ ભગવાનઆત્મા, એ તો જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવ અરૂપી નિર્વિકારી વીતરાગી મૂર્તિ આત્મા (છે). એમાં થતો રાગ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ એ વિકલ્પ (છે). એ વિકલ્પની પર્યાય બહારની શરીર આદિ ક્રિયામાં કે પરદ્રવ્યની ક્રિયામાં એ પર્યાય જતી નથી. (જો) જતી નથી તો પરનું પાળી શકે એ રાગના, રાગના સ્વરૂપમાં નથી. સમજાણું કાંઈ? એ રાગ થયો એ રાગની પર્યાય, પરની પર્યાય ત્યાં આગળ આયુષ્યની સ્થિતિ–દેહ અને જીવની ભેગી રહેવાની છે, એનો જે ઉત્પાદ છે તેમાં આ દયાનો રાગભાવ તેના ઉત્પાદમાં પ્રવેશતો નથી એટલે એનું એ કાર્ય કરી શકતો નથી. અને આત્મા જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ છે એની સત્તામાં એ રાગ નથી. પરની પર્યાયની સત્તામાં આ રાગ નથી. એમ એ રાગનો વિકલ્પ જે ઉઠ્યો એ ચૈતન્ય સ્વભાવના હોવાપણાની સત્તામાં નથી. નથી તો તે રાગ આત્માના સ્વભાવને લાભ કરે એ વાત તદ્દન મિથ્યાત્વ શ્રદ્ધા છે. આહાહા..! સમજાય છે કાંઈ? એક તત્ત્વનું બીજા તત્ત્વની સાથે જોડાણ કરી દેવું, અહીંયા આ જોડાણની–એકતાની વાત છે. સમજાય છે કાંઈ?

જુઓ! **'ઉપયોગરૂપી જમીન...'** એ જમીન એટલે સત્તા, સત્તા ભગવાનઆત્મા અનંત અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવની સત્તાની ભૂમિ વસ્તુ (છે). એ સત્તાની જમીનમાં પુણ્ય-પાપના વિકલ્પોની સાથે **'એકતાકો પ્રાપ્ત...'** (એટલે કે) એ રાગાદિ હું અને હું એનો, રાગાદિ હું અને એ મારા, એવી મિથ્યાશ્રદ્ધાને અભિનિવેશ કહે છે. એ અભિનિવેશ મિથ્યાદર્શન છે અને એ મિથ્યાદર્શન નવા કર્મો બંધાય એમાં નિમિત્ત છે. સમજાય છે કે નહિ આમાં?

મુમુક્ષુ :– નવા કર્મ બાંધવામાં નિમિત્ત?

ઉત્તર :– એણે નવા કર્મ બાંધ્યા એમ વ્યવહારે કહેવાય. ખરેખર મિથ્યાદર્શનના પરિણામ ભાવકર્મને એણે બાંધ્યું. આહાહા..!

જે સ્વરૂપ આત્માનું અબંધ સ્વરૂપ છે, ભગવાનઆત્મા રાગથી પણ ભિન્ન છે. કર્મથી ભિન્ન છે તેમ વિકલ્પનો શુભભાવ જે ભાવે દયા, જે ભાવે દાન, જે ભાવે ભક્તિ-પૂજા એવો

ભાવ (ઉઠે), એ ભાવથી પણ ભગવાનઆત્માની ભૂમિકા નિર્લેપ છે. આહાહા..! એવી સ્વ સત્તામાં, શુદ્ધ સત્તાની ભૂમિમાં લેપપણું નથી એટલે વિકલ્પનો રાગ એમાં નથી એને એ રાગ મારી ભૂમિનો છે, મારી સત્તાનો છે, મને લાભદાયક છે (એવી જે માન્યતા છે) એનું નામ મિથ્યાદર્શન ને અભિનિવેશ વિપરીત અભિપ્રાય કહેવામાં આવે છે. આહાહા..!

હવે આના ત્યાગ નહિ ને બહારના ત્યાગ થોથા કરીને બેસે તો મિથ્યાત્વની પુષ્ટી છે. 'શેઠ'! પણ ત્યાં શેઠ ને સેઠી બન્ને ઘૂસી જાય એવું છે. સમજાણું કાંઈ? શેઠે તો રાત્રે જરી રોનક કરી હતી. હું પણ એમ આહા..! વાહ.. રે..! ભગવાન! બાપુ! ભાઈ! માર્ગ તે કાંઈ જુદી ચીજ છે. આ વીતરાગ માર્ગ છે. આ કોઈ સગા-સંબંધીને માખણ ચોપડીને માર્ગ પસંદ કરવો એ આ માર્ગ નથી. માખણ કહે છે? શું કહે છે? મખ્ખન, મસ્કા. એ... 'સેઠી'!

ભગવાન 'કુંદકુંદાચાર્ય' મહારાજે બંધ અધિકારમાં ફરમાવ્યું છે તે 'અમૃતચંદ્રાચાર્યે' ટીકામાં, કળશમાં લીધું છે. એ કળશનો આધાર અહીં ટીકાકાર 'આશાધર પંડિતે' લીધો છે, ભાઈ! 'આશાધર પંડિત' થયા છે. ગૃહસ્થાશ્રમમાં પંડિત, એમણે આ આધાર લઈને આ ટીકા કરી છે એમાં આધાર લીધો છે કે, આ ગાથામાં કહેવાય છે કે, **'बध्यते मुच्यते जीवः, सममो निर्ममः क्रमात्।'** એમ છે ને? કે, એનો અર્થ મમથી બંધાય ને નિર્મમથી મુકાય, એની વ્યાખ્યા શું? મમતા એટલે આ બધું છોડીને બેઠા એ મમતા નથી અને આ બધા બાયડી, છોકરામાં પડ્યા છે ને એ મમતા છે, એમ વ્યાખ્યા જ નથી એની.

જેના અભિપ્રાયમાં ભગવાન નિર્લેપ અબંધસ્વરૂપ ચૈતન્યતત્ત્વ, વર્તમાન ભગવાનઆત્મા અબંધસ્વરૂપ વીતરાગી આત્મતત્ત્વ, એની સાથે શુભ વિકલ્પનું એ સત્તાની સાથે મિલાન કરવું, આ મને લાભદાયક છે એનો અર્થ કે હું એનો છું અને એ મારા છે, એવા ભાવને મિથ્યાદર્શન અભિનિવેશ કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાય છે આમાં?

જુઓને! પણ સીધી વાત છે, જુઓ! ઉપયોગરૂપી જમીન-સત્તા. ભગવાનઆત્મા જાણન દર્શન ઉપયોગસ્વરૂપ, એ આત્માનું હોવાપણું, એ આત્માની જમીન, જમીન એટલે એ એનું ક્ષેત્ર કે જેના ક્ષેત્રમાં પોતે એકલો જાણન-દેખન સ્વભાવ જ જેમાં પડ્યો છે. એવા ભગવાન જાણન-દેખન સત્તામાં જે કોઈ જીવ રાગાદિક સાથે-એ શુભ-અશુભ વિકલ્પની સાથે ઇ ચૈતન્યના નિર્મળ ઉપયોગને રાગ સાથે એકત્વ કરે છે અર્થાત્ તેની અંશ બુદ્ધિ ઉપર દૃષ્ટિ હોવાથી ત્રિકાળી જ્ઞાયક સ્વભાવ ઉપર દૃષ્ટિ નહિ ગઈ હોવાથી એ રાગના વિકલ્પ ઉપર બુદ્ધિ હોવાથી તે મારા છે એમ જે મમતા મિથ્યાદર્શન કરે છે એટલે એકતાને પ્રાપ્ત થાય છે. ભગવાન જ્ઞાનમૂર્તિમાં રાગને એકતાને પ્રાપ્ત કરે છે એ રાગથી એકતાપણે એ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અનાદિથી એણે આ જ ધંધો કર્યો છે.

ઉત્તર :- આ મિથ્યાત્વનો જ એણે ધંધો કર્યો છે. ત્યાગી થયો, બાવો થયો, જૈનનો

દિગંબર સાધુ થયો... સમજાય છે? તો પણ આ એણે અંદર આ મિથ્યાદર્શન માન્યું છે.

મુમુક્ષુ :– આકરું કામ છે.

ઉત્તર :– બહારનું ધૂળમાં આકરું હતું, શું હતું? સમજાણું કાંઈ? નવમી ગ્રૈવેયકે ગયો (ત્યારે) શુકલલેશ્યાનો શુભભાવ કેટલો હતો! એવી તો અત્યારે ક્રિયા કોઈની છે જ નહિ. અત્યારે તો દ્રવ્યલિંગ પણ સાચું નથી. એનું જે દ્રવ્યલિંગ હતું, એનો જે શુકલ લેશ્યાનો ભાવ (હતો), એની સાથે ભગવાનઆત્માને એકત્વને પ્રાપ્ત કરવું તે જ મિથ્યાદર્શન છે. સમજાણું કાંઈ? આહાહા..!

**'સિર્ફ વહી અર્થાત્ જીવોંકા રાગાદિક સહિત ઉપયોગ હી બન્ધકા કારણ હૈ.'** બસ! આ એક જ બંધનું કારણ છે. દેહની ક્રિયા નહિ, જીવ મરે, ન મરે એની સાથે સંબંધ બંધનું કારણ નહિ. કર્મથી ભરેલા રજકણ બંધનું કારણ નહિ, ઇન્દ્રિયો બંધનું કારણ નહિ. સમજાણું કાંઈ? **'સિર્ફ વહી...'** ભગવાન ચૈતન્ય ઉપયોગ એના સ્વભાવની સત્તાના સ્વભાવની દૃષ્ટિ છોડી અને એ પુણ્યના, વિકલ્પના રાગ સાથે એ સત્તાને એકત્વ માનવું, એકત્વ કરવું, અભેદ કરવું, ચૈતન્યના ઉપયોગમાં એ રાગના ભાવનો ત્રિકાળ અભાવસ્વભાવ છે. એની સાથે રાગને અભિપ્રાયમાં એકત્વ કરવો એ જ અનંત સંસારના કર્મબંધનનું કારણ છે. 'શેઠ'!

**'સિર્ફ વહી...'** ઇ એક જ કારણ બંધનું છે, બીજું કોઈ કારણ છે નહિ. રાગાદિકનો અર્થ માથે કીધો એમ લેવો, હોં! એક રાગ નહિ, રાગની સાથે એકતા એ બંધનું કારણ (છે). એમ લેવું જોઈએ. શબ્દ જરીક ફેરવી નાખ્યો છે. મૂળ તો રાગાદિ સાથેની એકતા પ્રાપ્ત એમ મૂળ શબ્દ છે. રાગાદિ બંધનું કારણ નહિ. સમજાણું કાંઈ?

આમાં–'સમયસાર' માં 'જયચંદજી' પંડિતે અર્થ બહુ સારો કર્યો છે. અભ્યંતરની અપેક્ષા એ તો સમકિતી અબંધ જ છે. સાધુના સમિતિ ગુપ્તિ લીધું છે ને? ભાઈ! આહાહા..! અને બાહ્યના ગમે તેટલા ત્યાગમાં રહેવા છતાં એના અભિપ્રાયમાં એ પરદ્રવ્યનો મેં ત્યાગ કર્યો છે અને આ રાગ ઉઠે છે એ મારી ચીજને લાભદાયક છે એવી માન્યતા તે પરમ ધર્મનો ત્યાગી છે. સમજાણું કાંઈ? અને એકલો અધર્મનો ભોગી છે. 'શેઠ'! અહીં માખણકાર ન હોય કે, બે ભાઈઓ બેસીને પછી વાતું કરે, શોભાલાલ... આહાહા..! આ એવો માર્ગ છે. અહીં તો ભઈ! વીતરાગ માર્ગ છે. એમાં કોઈની સફારશ ચાલે છે? સફારશને શું કહે છે? સફારશ કહે છે.

મુમુક્ષુ :– વકીલ કામ નહિ કરે?

ઉત્તર :– નહિ કામ કરે. વકીલ-બકીલ પણ નહિ કામ કરે, કોઈ કામ નહિ કરે ત્યાં.

મુમુક્ષુ :– સફારશ પણ ન કરે, ડૉક્ટર પણ નહિ કરે, વકીલ પણ કામ ન કરે.

ઉત્તર :– કોઈ કામ નહિ કરે. અમે આટલું બાંધીએ છીએ, અમારી શ્રદ્ધા આટલી સાચી છે, આવું માનીએ છીએ તો અમારી શ્રદ્ધા સાચી છે કે નહિ? માને છે નથી માનતો

એની સંખ્યા સાથે શું સંબંધ છે? સમજાય છે કાંઈ? શ્લોક બહુ (સરસ છે)!

જુઓ! આની સાથે '**સમમો નિર્મમઃ**' સાથે આ મુક્યું. આહાહા..! ભાઈ! ભગવાન ચૈતન્ય જ્યોત જ્ઞાનની મૂર્તિ ચૈતન્યસૂર્ય છે. એ ચૈતન્યના પ્રકાશના નૂરના તેજમાં શુભ રાગનો વિકલ્પ ઉઠે એ તો અંધકાર છે. એ અંધકાર ને ચૈતન્યના તેજના નૂરમાં એકત્વ કરવું, બસ! એ જ મિથ્યાત્વ, અભિપ્રાય, અભિનિવેશ, સંસારનું રખડવાનું મૂળિયું છે. 'સિર્ફ વહી એક.' બીજું પણ બંધનું કારણ છે એમ નહિ. આ એક જ બંધનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**જીવોંકા રાગાદિક સહિત ઉપયોગ હી...**' અર્થાત્ જીવનો રાગની એકતા સાથેનો વેપાર જ '**બંધકા કારણ હૈ.**' એમ લેવું જોઈએ. સમજાય છે કાંઈ? કહો, સમજાય કે નહિ આમાં? 'ફાવાભાઈ'? આ તો સમજાય એવું છે, હોં! છે તો આટલું પણ સહેલું (છે). બહુ આમાં અટપટુ નથી, એમ. આહાહા..! '**યદિ વહી જીવ નિર્મમ-રાગાદિ રહિત-ઉપયોગવાલા હો જાય, તો કર્મોંસે છૂટ જાતા હૈ.**' ભગવાનઆત્મા રાગાદિ નિર્મમ એટલે? નિર્મમની વ્યાખ્યા એટલે? એ તો પોતે ઓલા 'અણગાર ધર્મામૃત' માંથી નાખ્યું છે ને! એમાંથી થોડુંક નાખે છે. '**निर्ममत्व विचिन्तयते**' છે ને પણ આણે તો પોતે 'અણગાર ધર્મામૃત' છઠ્ઠા અધ્યાયની ૨૦૫નું કાંઈક નાખ્યું છે. હાથ ન આવ્યું. નહિ તો એમાં જ છે. જુઓ! '**यदैक्यमुपयोगभूसमुपरौ अतिरागादिभिः स एव किल केवलं भवति बन्धहेतुर्नृणम्। तथा स एव जीवो निर्ममस्तद्विपरीतस्तैर्मुच्यत इति...**' એનો અર્થ કર્યો છે. આ હાથ ન આવ્યું આમાં કાંઈક હશે. આમાં ૨૦૫ (છે), હજી બીજું કોઈ પુસ્તક હશે. મૂળ તો આ મોટું પુસ્તક છે. સંસ્કૃતમાં હશે ને! લાવોને સંસ્કૃત. આ વાંચ્યું હતું, હોં! (સંવત) ૧૯૮૬માં. ૧૯૮૬ની સાલમાં ચીતળ ચીતળ. સાગાર ધર્મામૃત, અણગાર ધર્મામૃત બધું ત્યાં વાંચ્યું હતું. ૧૯૮૬, ૩૬ વર્ષ પહેલાં. ચીતળમાં પડ્યા છે, ચીતળમાં. મહારાજ આવે એ માટે એ લોકો પુસ્તક રાખતા. એમાં પાછું આમ થયું કે, હાય! હાય! આપણે પુસ્તક રાખ્યા ને આ તો વાંચી વાંચીને આપણામાંથી નીકળી ગયાં. ૨૦૫ લીધું છે. સંસ્કૃત હશે એ વાત સાચી છે, સંસ્કૃત, હોં! ભાઈ! પાઠ છે ને. નહિતર તો શ્લોક જ છે. આધાર તરીકે શ્લોક આપ્યો છે. બીજું કાંઈ નથી. એ નાટકમાં તો આ કળશ છે.

'**વહી જીવ નિર્મમત નામ...**' ભગવાનઆત્મા જ્ઞાનાનંદ ઉપયોગ, એની સાથે રાગની એકતા કરતો નથી, શુભરાગ, અશુભરાગ આદિને સ્વભાવમાં એકતા કરતો નથી એનું નામ અભિનિવેશ રહિત સમ્યગ્દર્શન સહિત તે '**ઉપયોગવાલા હો જાય, તો કર્મોંસે છૂટ જાતા હૈ.**' એને કર્મબંધન થતું નથી. કહો, સમજાણું?

'**કહા ભી હૈ કિ - 'અકિંચનોઅહ૦''** હવે આ શ્લોક આવ્યો છે. અકિંચન છે ને? 'આત્માનુશાસન'નો છે.

**अकिंचनोऽहमित्यास्वस त्रैलोक्याधिपतिर्मवेः।**
**योगिगभ्यं न्रव प्रोक्तं, रहस्यं परमात्मनः।।११०।।**

બહુ શ્લોક ઊંચો આવ્યો છે. જુઓ! **'મૈં અકિંચન હૂં...'** ૩૪ પાને છે, ૩૪ પાનું, ૩૪ પાનું ક્યાં છે? સમજાય છે કાંઈ? એટલું ધ્યાન તો રાખે. **'મૈં અકિંચન હૂં...'** એનો અર્થ કે, કિંચિત માત્ર રાગાદિ વિકલ્પ મારામાં નથી. અકિંચન–કિંચન નથી. હું એક જ્ઞાનાનંદ ચૈતન્યજ્યોત સ્વરૂપ ભગવાન (છું). મારામાં એક વિકલ્પ દયા, દાન, વ્રત ને જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ અકિંચન (છે). એ કિંચિત્ પણ મારા સ્વરૂપમાં નથી. **'મૈં અકિંચન હૂઁ, મેરા કુછ ભી નહીં,...'** મૈં અકિંચન હૂં ઔર મેરા કુછ ભી નહીં. એ રાગાદિ મારા કંઈ પણ નથી, જરી પણ નથી. હું રાગ વિનાનો છું એમ પહેલું કહ્યું. અકિંચન કીધું ને? હું ચૈતન્ય ભગવાન આ વિકલ્પથી રહિત છું અને વિકલ્પ મારા કાંઈ પણ નથી, એમ અરસપરસ બે લીધું. આહાહા..! સમજાણું કાંઈ?

**'મૈં અકિંચન હૂઁ...'** હું ભગવાન જાણનાર-દેખનાર પ્રભુ (છું). હું એ આત્મા–અકિંચન વિકલ્પનું કિંચિત પણ એમાં નથી. અને એ રાગ મારો કાંઈ પણ નથી, જરી પણ નથી. હવે બાયડી, છોકરા ને શરીર મારા ને કર્મ મારા ક્યાંય રહી ગયા.

મુમુક્ષુ :– છે જ એમ....

ઉત્તર :– છે એટલે ઇ એના હતા એમ? એમ કહે છે, ઇ તો એના છે જ, એમ. ધૂળમાંય નથી હવે. ઇ તો કો'કના ક્યાંક રખડતા દ્રવ્ય છે. એને તો અડતાય નથી ને જોડેય નથી. અહીં તો એની પર્યાયમાં અડેલો રાગ વિકલ્પ, એક સમયની પર્યાયમાં થયેલો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, હિંસા, જૂઠું, ચોરી, વિકલ્પ રાગ એ **'મૈં અકિંચન હૂં...'** એ મારામાં જરીએ નથી અને **'મેરા કુછ ભી નહીં,...'** જરીએ એ મારા નથી. આહાહા..! **'બસ ઐસે હોકર બૈઠે રહો...'**

મુમુક્ષુ :– બેસી રહેવું એટલે શું?.

ઉત્તર :– બેસી રહેવું એટલે એમ કરીને એકલા અંતરમાં સ્થિર થાવ. બસ! બીજું કાંઈ કરવાનું છે નહિ. આહાહા..! એ.. 'શેઠ'! 'સેઠી' આવ્યા છે? સમજ મેં આયા? સમજાય છે? આ તો ગુજરાતી છે. આહા..!

**'મૈં અકિંચન હૂં, મેરા કુછ ભી નહીં,...'** સ્વભાવ હું અકિંચન નિર્મમત્વ છું, એ રાગ મારો જરીયે નથી. આસ્રવ તત્ત્વ ઉત્પન્ન થાય છે, જે ભાવથી બંધન થાય એ ભાવ મહાવ્રતના પરિણામ આદિ મારા કાંઈ નથી. મહાવ્રતના પરિણામ એ મારામાં નથી અને મારા એ કંઈ પણ લાભદાયક મારામાં નથી. આહાહા..! ગજબ વાત! લોકોએ આ સાંભળ્યું નથી, એની ખબરું ન મળે, બે ખબરા થઈને અમે ધર્મ કરીએ (છીએ) એમ માને છે.

મુમુક્ષુ :– બે..

ઉત્તર :– બે સારું? એટલે એક કરતાં બે ખબરા (સારું) એમ ને? બે ખબરા એટલે બેનું જ્ઞાન હશે? બેની ખબર? બેનું જ્ઞાન? બે ખબરા એટલે મૂઢ જીવ, એમ કહે. દોઢ ડાહ્યો નથી કહેતા? દોઢ ડાહ્યો એટલે દોઢ ડાહ્યો હશે? એક ને ઉપર અડધો ડાહ્યો એમ હશે? દોઢ ડાહ્યો એટલે ચકરડું. આહાહા..! સમજાણું કાંઈ?

**'બસ ઐસે હોકર...'** ઇ આત્માનુશાસન છે, હોં! ઇ 'આત્માનુશાસન' છે જોયું? **'अकिंचनोऽहमित्यास्व,'** જુઓ! સ્વ છે ને? **'त्रैलोक्याधिपतिर्भवेः'** જુઓ! **'अहमित्यास्व'**. બસ! એ અંદર કરવાનું છે. એક જ વાત. બસ! એમાંથી ત્રિલોક અધિપતિ થઈ જશે. એમાંથી તું તીર્થંકર ને કેવળી થઈ જાઇશ, જા!

મુમુક્ષુ :– સ્વામિ કેમ કહ્યું?

ઉત્તર :– સ્વામિ કહ્યું. ત્રણકાળનું જ્ઞાન કરનારો. કેવળજ્ઞાન પ્રમાણે આખો લોક ચાલે છે ને? પરિણમન કરે છે, આખો લોક કેવળજ્ઞાન પ્રમાણે પરિણમન કરે છે. સ્વામિનો અર્થ ઇ. ન્યાં ક્યાં સ્વામી-ધણી હતો? અહીં તો લોકોને એમ થાય કે, આહાહા..!

કહે છે કે, ભાઈ! ભગવાનઆત્મા સ્વભાવમાં હું અકિંચન છું, મારું કોઈ નથી, મારું કોઈ નથી અને મારું કંઈ પણ એ પણ મારું નથી, એ મારામાં નથી. બસ! આટલો અંતર અભિપ્રાય કરી સ્વરૂપની દૃષ્ટિમાં ઠરી જાઓ. ત્રિલોકનાથ થઈ જશે. તો આ પૂજા, ભક્તિ, જાત્રા ને એ બધું વચ્ચે ક્યારે કરવું? ઇ આવે છે પણ એ કોઈ મોક્ષનું કારણ નથી. એય..! 'સેઠી'! આહાહા..! વચમાં જ્યાં સુધી ઠરી ન શકે તો એવો વ્યવહાર વચ્ચે (આવે છે). એ નિર્જરાનું કારણ નથી, સંવરનું કારણ નથી, મોક્ષનું કારણ નથી. અહીં ઠરો એટલે મોક્ષનું કારણ છે. સમજાય છે કાંઈ?

બસ! દૃષ્ટિ જ ફેરવે. તારી દૃષ્ટિ સ્વભાવ ઉપર થઈ ગઈ, ખલાસ થઈ ગયું, જાઓ! ત્યાં ઠર્યો એ ક્રમે ક્રમે સ્થિર થઈને કેવળજ્ઞાન પામશે. કેવળજ્ઞાન પામવાની બીજી કોઈ ક્રિયા જ નથી. આહાહા..! એમ અહીં કહે છે. કેવળજ્ઞાનનો બીજો કોઈ ઉપાય હશે? બીજું કોઈ કારણ (હશે)? કે, ના. ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવમાં રાગની એકતા નહિ કરીને રાગથી પૃથક્ પોતાના સ્વભાવમાં એકત્વ કરીને અંદરમાં દૃષ્ટિને સ્થિર કરવી. બસ! એ સ્થિર થઈ ક્રમે ક્રમે કેવળજ્ઞાન પામશે. સમજાણું કાંઈ? આરે...! આટલી બધી વાતું! મંદિર, પૂજા, જાત્રા... ઓહોહો..! આ શેઠે પોર કેટલું કર્યું હતું! 'મલ્હારગઢ'માં. ધમાલ.. ધમાલ.. ધમાલ. રૂપાના પેલા ને રૂપાના ઠામ ને શું કહેવાય એ બધા? પુસ્તકને પૂંઠા ને... આ તો આ બહુ ટૂંકું કહે છે, શેઠ! એ તો વચમાં એની ક્રિયા બનવાની હોય ઇ બને. વચ્ચે શુભભાવ હોય પણ એ શુભભાવ તો સ્વભાવમાં એકત્વ કરવા લાયક નથી. ઠીક 'શેઠ'?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ એની માન્યતા તો સરળ છે કે નહિ? શ્રદ્ધા તો કરે પાકી કે આમ

થશે, આમ થશે, ધૂળમાં પણ નહિ થાય, એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'બસ ઐસે હોકર બૈઠે રહો...'** લોકો નથી કહેતા? બસ! હવે બેસી રહેવું. પણ ક્યાં બેસીશ તું? અંદરમાં ઠરીને બેસી રહેવાનું છે. કારણ કે તું ચાલી તો શકતો નથી, આ તો જડની ક્રિયા છે. આ શરીરનું હાલવું-ચાલવું એ તો જડની ક્રિયા છે, એ ક્યાં તારી ક્રિયા હતી? અને એમાં કદાચ વિકલ્પ કોઈ ઉઠે એ તો વિકાર છે. વિકારમાં બેસવું છે તારે? જડની ક્રિયામાં દૃષ્ટિ રાખીને ન્યાં ઠરવું છે તારે? આહાહા..! રાગ અને જડની ક્રિયાથી પૃથક્ તારા સ્વભાવમાં એ રાગ ને એ નથી અને હું એમાં નથી. એ રાગ અને દેહની ક્રિયા મારામાં નથી અને હું રાગ ને દેહની પર્યાયમાં ત્રણકાળમાં કોઈ દિ' આવતો જ નથી. આહાહા..! જ્ઞાયકભાવ કાંઈ રાગમાં આવે? ભગવાનઆત્મા કાંઈ દેહની પર્યાયના ઉત્પાદમાં ક્રિયામાં આવે? ક્યાંય ન આવે. નથી આવતો છતાં માને છે કે, રાગ ને ક્રિયા મારી છે ને હું એનો છું. બસ! આ જ એક મિથ્યાદર્શન સંસારનું મૂળિયું છે. સમજાણું કાંઈ?

**'બસ બૈઠે રહો...'** એમ શબ્દ છે ને? છે ઇ, શું છે ઇ? 'આત્માનુશાસન' છે ને? ૧૧૦ શ્લોક છે ને? 'આત્માનુશાસન' હશે આમાં. કાલ અહીં લીધું હતું. 'આત્માનુશાસન' ૧૧૦ છે ને? આ રહ્યું, જુઓ! **'હે જીવ હું અકિંચન છું, અર્થાત્ મારું કંઈ પણ નથી. એવી સમ્યક્ ભાવનાપૂર્વક તું નિરંતર રહે.'** **'आस्व'**નો અર્થ કર્યો છે. બસ એટલું. **'आस्व'** નિરંતર રહે. **'કારણ એ જ ભાવનામાં સતત ચિંતવનથી તું ત્રૈલોક્યનો સ્વામી થઈશ. આ વાત માત્ર શ્રી યોગીશ્વરો જ જાણે છે. એ યોગીશ્વરોને ગમ્ય એવું પરમાત્મતત્ત્વનું રહસ્ય મેં તને સંક્ષેપમાં કહ્યું.'** પરમાર્થ તત્ત્વને પામવાનું રહસ્ય આ ટૂકામાં થોડા શબ્દમાં કહ્યું. 'આત્માનુશાસન'નો ૧૧૦ શ્લોક છે સમજાણું? આહાહા..!

**'કવિવર બનારસીદાસ પણ કહે છે કે :– પુદ્‌ગલ પિંડ ભાવ રાગાદિ, ઇનસૌં નહિ તુમ્હારો મેલ.'** એ નાખ્યું છે.

મુમુક્ષુ :– વ્યાખ્યાન થઈ ગયા છે?

ઉત્તર :– 'આત્માનુશાસન' પહેલા થઈ ગયું છે. 'હિરાભાઈ'ના મકાનમાં. કહો, સમજાણું કાંઈ?

થોડું પણ સાચું ગ્રહણ કરે તો એ થોડામાં સારું (–આખું) કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની તાકાત છે. સાચું છે માટે એમ કીધું. થોડું પણ સાચું બરાબર ગ્રહણ કરે (તો) એ થોડા સાચામાં કેવળજ્ઞાન પ્રાપ્ત કરવાની તાકાત છે. અને થોડું પણ વિપરીત રાગની માન્યતા અને એવી થોડી પણ માન્યતા કરે એમાં અનંત નિગોદના ભવ કરાવવાની તાકાત છે. કહો, સમજાણું કાંઈ?

**'યહ તુમ્હેં બડે યોગિયોંકે દ્વારા જાને જા સકને લાયક પરમાત્માકા રહસ્ય બતલા દિયા હૈ.'** 'આત્માનુશાસન'. આ મોટા મોટા ધર્માત્મા સંતોને પણ જાણવા લાયક આ વાત છે.

બસ! એ **'લાયક પરમાત્માકા રહસ્ય બતલા દિયા હૈ.'** તને પરમાત્માનું રહસ્ય બતાવી દીધું. ભગવાનઆત્મા રાગના વિકલ્પથી ભિન્ન પડેલું મારું તત્ત્વ (છે) એમ રાગની એકતા તોડીને સ્વભાવની એકતામાં રહેવું એ જ પરમાત્માને પામવાનો ઉપાય છે, આ બધા શાસ્ત્રનું રહસ્ય બતાવ્યું છે. સમજાણું કાંઈ? ભારે વાત!

હોંશ ઊડી જાય, હોંશ. એય..! હોંશ ઊડી જાય. 'રતિલાલ' ડૉક્ટર કહેતા હતા ને? આ મહારાજનું સાંભળવા જઈએ તો આ વેપાર-ધંધા કરવાની હોંશ ઊડી જાય છે, હમણાં ન સાંભળવું. 'રાજકોટ'માં આંખના એક સર્જન છે. 'રતિભાઈ'! અહીં બે-ત્રણ દિવસ (રહ્યા, પછી કહે), મહારાજનું સાંભળીએ ને તો... ઇ હમણાં નહિ, પાછળથી વાત. વૃદ્ધાવસ્થા થાય (ત્યારે). હવે વૃદ્ધાવસ્થા થઈ છે. હવે? નબળા થઈ ગયા. આ મહારાજનું સાંભળીએ તો આપણે કોઈના રહીએ એવું નથી. દુકાનમાં ધંધા-વેપારની હોંશ ઊડી જાય એવું છે. હમણાં ન સાંભળવું. એય..!

મુમુક્ષુ :– એમાં ભરોસો હતો.

ઉત્તર :– ભરોસો હતો. ધૂળમાં વૃદ્ધાવસ્થા (થઈ ગઈ). આવે છે કોઈવાર. ખુરશીએ બેસે. આહાહા..!

'આત્માનુશાસન'નો આ શ્લોક શ્લોક બહુ ઊંચો, હોં! પરમાત્માને પામવાનો, પરમાત્મા નામ કેવળજ્ઞાન થવાનું રહસ્ય જે હતું એ આ એક શ્લોકમાં બતાવી દીધું છે. સમજાણું કાંઈ? આત્મા રાગથી ભિન્ન પડીને પોતાના સ્વરૂપની દૃષ્ટિ કરીને, બસ! એમાં સ્થિર થવું, બસ! આ એક જ પરમાત્માને પામવાનો ઉપાય છે, બાકી કોઈ ઉપાય છે નહિ. આહાહા..! તો પછી આ મોક્ષમાર્ગ બે ને એ બધું ક્યાં ગયું આમાં? એય..! આહાહા..! રાડે રાડ નાખે. ભગવાન! તને નડશે આકરા ભારે, બાપા! કઠણ પડશે. જુઓ!

**'योगिगम्यं तव प्रोक्तं,'** આત્મામાં એ રાગની વૃત્તિથી ભિન્ન ચૈતન્ય ભગવાનને જોતો, યોગી નામ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની પોતાના આત્માને પરથી ભિન્ન જોતો, એમાં ઠરતો કેવળજ્ઞાનને પામે એ પરમાત્માને પામવાનું રહસ્ય છે. એ ધર્માત્માને ગમ્ય છે તે રહસ્ય આ છે. સમજાણું કાંઈ? આ બધો વ્યવહાર-બ્યવહાર નજીકમાં કેટલોક પહોંચાડે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો હોય એ તો વિરોધ પણ એ તો બાહ્યલક્ષી વૃત્તિ ઉત્પન્ન થઈ. આ તો અંતરલક્ષની પરિણતિની ધારા કેવળજ્ઞાનને પમાડે એમ અહીં તો કહે છે. સમજાણું કાંઈ? આરે.. આરે..! માર્ગને એવો વીંખી નાખ્યો ને પીંખી નાખ્યો. પહેલા હું સંપ્રદાયમાં દાખલો આપતો. ગોદડા હતા ને? ગોદડા. તળાઈયું. એમાં જોડે ગોળના રવા હતા. એમાં ઉનાળો (આવ્યો). એટલે પેલા રવા ઓગળ્યા અને તળાઈયું ગોળવાળી થઈ. પછી ડાઘા કૂતરા ગોળ ખાવા ભેગા થયા. સૂવા હાટું નહિ, ખાવા. હવે ઇ ગોળનો રસ તો પેલામાં ગરી ગયો. ચૂંથી

નાખ્યા ગાદલા.

મુમુક્ષુ :– હિન્દીમાં કહો.

ઉત્તર :– હિન્દીમાં? તળાઈ હોય છે ને, તળાઈને શું કહે છે? સૂવાની. પાંચ-પચીસ તળાઈ પડેલી. ગોળના રવા સમજો છો? શું કહેવાય ઇ? કોલ્હાપુર. કોલ્હાપુરના રવા આવે છે ને? એમાં અડધા નંબરનો ગોળ આવે છે. બહુ ઊંચો, અડધા નંબરનો બહુ ઊંચો ગોળ. એ ગોળના રવા પડેલા. ઉનાળાની ગરમી હતી તો ગોળ પીગળી ગયો. પીગળીને ગાદલામાં ઘુસી ગયો. પછી તડકે સૂકાવા નાખ્યા. એમાં આવ્યા કૂતરા. ખાવા માટે ચૂંથી નાખ્યું. સૂવાની તળાઈ તોડી નાખી. એ સુખશૈયા આવે છે, ભાઈ! ... એમાં નાખતા. જે સૂવાની સુખશૈયા હતી એને તોડી નાખી.

ભગવાનઆત્મા સુખે શૈયા આત્મામાં કરે એવી દૃષ્ટિ જ્ઞાનને છોડી ચુંથી નાખ્યો માર્ગને. સૂવાના સ્થાનને તોડીને કટકા કરી નાખ્યા. સમજાય છે કાંઈ? સુખશૈયા ને દુઃખશૈયા ને એવું આ લોકોમાં શ્વેતાંબરમાં ઠાણાંગમાં આવે છે. ચોથે ઠાણે. ચાર પ્રકારની સુખશૈયા. આત્મામાં આનંદમાં અંદર સુખ છે એને ઠેકાણે મારીને આ બધું ચૂંથી નાખ્યું. પેલો કહે, આમ થાય ને પેલો કહે, આમ થાય ને પેલો કહે, આમ થાય. એક કહે સમેદશિખરની પૂજા કરીએ તો ભવ તૂટી જાય. બીજો કહે, કે આપણે પાંચ-પચ્ચીસ લાખનું મંદિર બનાવીએ તો ભવ છૂટી જાય. બીજો કહે, પંચ મહાવ્રતના પરિણામ પાળીએ તો ભવ છૂટી જાય. બધી વાત ડીંગે ડીંગ. એ બધા રાગના, પુણ્યના પરિણામ છે. એનાથી તો બંધન થાય, પુણ્યબંધન થાય, ભવ ઘટે નહિ. આહાહા..! 'પોપટભાઈ'! બહુ આકરું પડે, હોં! 'સોનગઢવાળા' ને લોકો આવું કહે, એ... 'સોનગઢ' (આવું કહે છે). સાંભળને હવે. વીતરાગ માર્ગ હોય તો આ એક જ માર્ગ છે. 'એક હોય ત્રણકાળમાં પરમાર્થનો પંથ' બીજો હોઈ શકે નહિ. આહાહા..! કેમ? 'શાંતિભાઈ'! બેસે છે કે નહિ? સમજાય છે કે નહિ? સંસારમાં તો બહુ ડહાપણ કરે પણ આ આવું બેસે છે કે નહિ?

મુમુક્ષુ :– મંદિર બનાવવું એ પરંપરા મુક્તિનું કારણ છે.

ઉત્તર :– બિલકુલ જરીએ નહિ,

મુમુક્ષુ :– પરંપરાએ.

ઉત્તર :– જરીએ નહિ.

મુમુક્ષુ :– પરંપરા?

ઉત્તર :– પરંપરા બંધનું કારણ છે. મંદિર બનાવવું, તમે બનાવી શકો છો? એને હજી ન્યાં કરવું છે ખરું ને પાંચ લાખનું. ન્યાં બધી ધામધૂમ (કરવી છે ને એટલે પૂછે છે). એ તો એને કારણે થાય છે. તમારે ને 'ગોદિકા' ને કારણે નથી થતું. 'સેઠી'! શુભભાવ હોય એ બીજી વાત, પણ એ શુભરાગ બંધના કારણ છે. આત્માની અંતરની એકતા જ પરંપરા

મુક્તિનું કારણ છે. 'સેઠી'! જરી શિથિલ થઈને આવ્યા છો હમણા? 'હિંમતભાઈ' દાંત કાઢે છે, એ... 'સેઠી'! અમારે પંડિત છે. આહાહા..! દેખો! ભારે વાત, ભાઈ!

માર્ગ તે માર્ગ પ્રભુનો, 'પ્રભુનો માર્ગ છે શૂરાનો કાયરના નહિ કામ' ભગવાનઆત્મા પૂર્ણાનંદની નિધિ પ્રભુ! એની તો અંતરની, અંતરની એકતા દ્વારા જ તેને સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર ને શુક્લધ્યાન ને કેવળજ્ઞાન એક જ ધારાએ પ્રગટ થાય છે, બીજો કોઈ માર્ગ ત્રણકાળમાં છે નહિ. સમજાણું કાંઈ? એ શાસ્ત્રમાં પરંપરા કહ્યું છે, હોં! એનો અર્થ કે રાગ છોડીને સ્થિર થશે ત્યારે મુક્તિ થશે.

મુમુક્ષુ :- એ તો વ્યવહારે પરંપરા છે.

ઉત્તર :- વ્યવહારની વાત છે ને! નિશ્ચયમાં ક્યાં પરંપરા ધૂળમાં હતી? રાગ આત્માના મોક્ષનું કારણ થાય? વીતરાગ માર્ગ ક્યાં રહ્યો? સમજાય છે કાંઈ? વીતરાગ માર્ગ વીતરાગ માર્ગથી જ પ્રાપ્ત થાય છે. રાગથી પ્રાપ્ત વીતરાગ માર્ગ પ્રાપ્ત થાય? ઇન્દ્રો ઉપસ્થિત થઈને સાંભળે એ વાત કેવી હોય? અર્ધલોકના સ્વામી શક્રેન્દ્ર ને ઇશાનઇન્દ્ર, બત્રીસ લાખના લાડા સ્વામી ભગવાન પાસે (સાંભળવા જાયે છે). ઇન્દ્રો એટલે? આ તો અત્યારે બધા સાધારણ પુણ્યહિન પ્રાણી છે. સમજાય છે? ભગવાન મહાવીરની હાજરીમાં ઇન્દ્રો સમવસરણમાં ઉપસ્થિત થતાં. અત્યારે પણ મહાવિદેહમાં ભગવાન બિરાજે છે, સીમંધર ભગવાન (છે) ત્યાં ઇન્દ્રો જાય છે. ત્યાં ભગવાનની વાણીમાં આમ નીકળે છે. ઓ પ્રભુ! ત્વમેવ સત્સંગ નાથ તમારો માર્ગ એ જ સત્ય છે. સમજાય છે કાંઈ?

**'ઔર ભી કહા હૈ...'** જુઓ! આ રહસ્ય બતાવી દીધું, હોં! રહસ્ય. સર્વજ્ઞ પરમાત્મા વીતરાગ શાસ્ત્રનું રહસ્ય આ છે. અથવા આત્માનો મોક્ષમાર્ગ અંતર સ્વરૂપની એકતાથી થાય છે, એ રહસ્ય છે. રાગની પૃથક્તા અને સ્વભાવની એકતા. એ 'સમયસાર' માં આવી ગયું. **'तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण।'** એ તો વાત ... એની એ વાત છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ તીર્થંકરદેવ પરમાત્મા અનંત થયા, વર્તમાન બિરાજે છે, અનંત થશે બધાનું રહસ્ય આ છે, ભાઈ! રાગથી ઉપેક્ષા કર, સ્વભાવની અપેક્ષા કરને ઠર, બસ! મુક્તિ! બીજો કોઈ ઉપાય મુક્તિનો છે નહિ. કહો, સમજાણું કાંઈ? રાગ તો આસ્રવ છે. 'સેઠી'! આસ્રવ પરંપરા મોક્ષનું કારણ થાય છે? કે સંવર કારણ થાય છે? સંવર તો નિજ સ્વભાવની એકતા છે. ઓહોહો..!

**'ઔર ભી કહા હૈ - 'रागी बघ्नाति कर्माणि' રાગી જીવ કર્મોંકો બાંધતા હૈ.'** રાગીનો અર્થ આ, હોં! રાગની સાથે એકતા (કરે છે) એ રાગી. સમ્યગ્દષ્ટિને રાગ છે પણ રાગની સાથે એકતા નથી. રાગ હોય, બધું હોય છે, લડાઈ હોય ભોગ હોય, (પણ) એકતા નથી, એકતા નથી. એ ભિન્ન પડ્યું તે એકતા થતું નથી. આહાહા..! **'રાગાદિસે રહિત હુઆ જીવ મુક્ત હો જાતા હૈ.'** રાગાદિ વિકલ્પથી આત્મા છૂટો છે એવા ભગવાનઆત્માના અનુભવની

દૃષ્ટિએ મુક્ત થાય છે. **'બસ યહી સંક્ષેપમેં બંધ મોક્ષ વિષયક જિનેન્દ્રકા ઉપદેશ હૈ.'** લ્યો! બસ! **'યહી સંક્ષેપમેં...'** ટૂંકામાં બંધ ને મોક્ષના સંબંધી, વિશેષ સંબંધ, જિનેન્દ્રનો ઉપદેશ છે. ત્રણલોકના નાથ પરમાત્મા વીતરાગી બિંબ પ્રભુ! ચાહે દેહમાં બિરાજતા હો, વાણી હો કે ન હો, પણ ભગવાનકા ઉપદેશ આ છે. સમજાય છે કાંઈ? લ્યો! બહું ટૂંકું કહ્યું. પછી વિશેષ વાત થોડી લેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૪૯૨, ચૈત્ર વદ ૧૨, રવિવાર**
**તા. ૧૭-૦૪-૧૯૬૬**
**ગાથા–૨૬ થી ૨૭, પ્રવચન નં. ૩૦**

'પૂજ્યપાદસ્વામી' કૃત 'ઇષ્ટોપદેશ'. ગાથા ૨૬ એનો અર્થ ચાલે છે. જુઓ! અહીંયાં **'ઔર ભી કહા હૈ-...'** ત્યાંથી ફરીને લ્યો! પાનું ૩૪, ત્રીજી લીટી. **'रागी बध्नाति कर्माणि०' રાગી જીવ કર્મોંકો બાંધતા હૈ.'** શું કહે છે? ભગવાનઆત્મા શુદ્ધ આનંદ સ્વરૂપમાં જે રાગી એટલે વિકલ્પ આદિથી સંબંધ કરે છે તે કર્મથી બંધાય છે. સમજાણું કાંઈ? જે અસંગ ચૈતન્ય જ્ઞાનાનંદ મૂર્તિ આત્મા જેટલો એ વિકલ્પથી સંબંધ કરે છે એ જ બંધાય છે. સમજાણું? રાગીની વ્યાખ્યા એટલી છે.

**'રાગાદિસે રહિત હુઆ જીવ મુક્ત હો જાતા હૈ.'** પોતાના સ્વરૂપની સાથે સંબંધ કરતાં વિકલ્પથી સંબંધ છૂટતા તે મુક્તિને પામે છે. કહો, 'પ્રવિણભાઈ'! બહુ ટૂંકું. ભગવાનઆત્મા **'રાગી જીવ કર્મોંકો બાંધતા હૈ.'** આ શબ્દ (પડ્યા છે). રાગીની વ્યાખ્યા–કે, સ્વરૂપ શુદ્ધ આનંદ વીતરાગી મૂર્તિ આત્મા છે. એ રાગ એટલે શુભ-અશુભ વિકલ્પ જે છે એના સંબંધને પામતા જીવ બંધનને પામે છે. સમજાણું? 'શશીભાઈ'!

**'રાગાદિસે રહિત હુઆ જીવ મુક્ત હો જાતા હૈ.'** સ્વભાવનો સંબંધ (કરનાર) અને રાગનો સંબંધ નહિ કરનાર, એ મુક્ત થાય છે. એ મુક્તિને પામે છે. બહુ ટૂંકું. આત્મા સચ્ચિદાનંદ, જ્ઞાનાનંદ શુદ્ધ પરમાનંદ મૂર્તિ (છે). એ પુણ્ય-પાપનો વિકલ્પ જો સૂક્ષ્મ પણ હો એવા રાગની સાથે સમ બંધના સંબંધને, સંગને પામે એટલો એને સંબંધ પામતા બંધ થાય છે. અને ચૈતન્ય જ્ઞાનાનંદ જ્યોત, એ વિકલ્પનો સંબંધ ન પામતા પોતાની દશાથી પોતાના શુદ્ધ સ્વરૂપના અસંગ તત્ત્વને પામતા, અંતરમાં અસંગને સંબંધ કરતાં બંધથી છૂટે છે. બહુ ટૂંકું પણ. કહો, 'પોપટભાઈ'! સમજાણું આમાં? **'બસ યહી સંક્ષેપમેં બંધ મોક્ષ વિષયક...'** વિષયક એટલે બંધ અને મોક્ષ સંબંધી **'જિનેન્દ્રકા ઉપદેશ હૈ.'** સર્વજ્ઞ પરમેશ્વર જેને એક

સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણવાની જે આત્માની શક્તિ હતી એ પ્રગટ થઈ છે, એ પ્રગટ થયેલા પરમાત્માનો સંક્ષેપમાં આ ઉપદેશ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ટુંકામાં પણ પૂરું આવી ગયું.

ઉત્તર :– થોડું આવે ત્યારે ટૂંકું કહેવાય ને! નહિ તો વિસ્તાર કહેવાય.

**'જબ કિ એસા હૈ, તબ હરએક પ્રયત્નસે...'** જ્યારે આ સ્થિતિ છે, બંધ અને મુક્તિની આ જ સ્થિતિ ને મર્યાદા છે તો **'હરએક પ્રયત્નસે વ્રતાદિકોંમેં ચિત્ત લગાકર...'** વ્રતાદિના શુભ વિકલ્પો **'અથવા મન, વચન, કાયકી સાવધાનતાસે નિર્મમતાકા હી ખ્યાલ રખના ચાહિયે...'** અને એનાથી રહિત સ્વભાવની સાવધાનીપૂર્વક... અહીં તો પેલા વ્યવહાર વ્રત અને નિશ્ચય સાવધાની, બેય લીધું છે. સમજાણું કાંઈ? **'મન, વચન, કાયકી સાવધાનતાસે નિર્મમતાકા હી ખ્યાલ રખના ચાહિયે...'** પોતાના સ્વરૂપમાં વ્રતાદિનો એક વિકલ્પ ઉઠે એનાથી પણ નિર્મમત્વ સાવધાન થવું. વ્રતનો વિકલ્પ વ્યવહારરૂપે હોય છે.

મુમુક્ષુ :– દરેક પ્રયત્ન કરવાનો છે.

ઉત્તર :– એ પ્રયત્ન સ્વભાવ તરફ કરવો એમ કહે છે. ચૈતન્ય આનંદઘન જ્ઞાયકમૂર્તિ ભગવાન એના તરફ એકાગ્ર થવાનો પ્રયત્ન કરવો.

મુમુક્ષુ :– વ્રતાદિ તો નિમિત્ત છે.

ઉત્તર :– ઇ આવ્યું, બેય આવ્યું ને! બે કહ્યું ને! બે કહ્યું. શું સાંભળ્યું? શું કીધું? બે કીધાં. શું કીધું? નિશ્ચયના ખ્યાલ સહિતનો પેલો વિકલ્પ છે એટલે વ્રતધારીને અહીં લીધા છે. બે વાત કીધી હતી.

મુમુક્ષુ :– વજન તો અહીંયા છે...

ઉત્તર :– હા, વ્રતી હા એમાં અને આમાં, એમ. બેમાં આવ્યું છે. વ્રતાદિકમાં... છે ને? **'ચિત્ત લગાકર...'** ત્યાં મનને લગાવ્યું છે, શુભભાવ અને **'મન, વચન, કાયકી સાવધાનતાસે નિર્મમતાકા હી ખ્યાલ રખના...'** અને અંદરમાં સ્વરૂપ તરફ ખ્યાલ રાખવો. મન, વચન ને કાયા તરફથી ખસી શુદ્ધ સ્વરૂપનો ખ્યાલ રાખવો. અંદર ચિદાનંદ જ્ઞાતા-દૃષ્ટા તરફનો પ્રયત્ન કરવો એ જ મુક્તિનો ઉપાય છે. ભારે ઝીણું પણ. કહો, 'સેઠી'! હળવે આવ્યું.

મુમુક્ષુ :– ખુલાસા કરો.

ઉત્તર :– હજી ખુલાસો અંદર કરવો છે?

કહે છે, જ્યારે આવું જ સ્વરૂપ છે એટલે ભગવાનઆત્મા, એનો શુદ્ધ જ્ઞાનાનંદકંદ આત્મસ્વભાવ છે. એ અનાદિથી પુણ્ય ને પાપના વિકલ્પ–રાગ સાથે સંબંધ કરે છે, એ સંબંધ એ જ બંધનનું કારણ છે. અને એ સંબંધ ન કરવો ને સ્વભાવ જ્ઞાનાનંદ, અખંડાનંદ, શુદ્ધ ચૈતન્યમૂર્તિ અનંત ગુણનો પિંડ (છું) એમ પોતાના સ્વભાવના ધ્યેયમાં સ્વનો સંબંધ કરવો, રાગનો સંબંધ ન કરવો એ મુક્તિનો ઉપાય છે. તેથી સર્વ પ્રયત્નથી તે કરવું કે

પંચ મહાવ્રત... અહીં મુનિની ઉત્કૃષ્ટ વાત લીધી છે ને! નિર્ગ્રંથ દશા થતાં એને પંચ મહાવ્રતના વિકલ્પ છે એ શુભ (છે), એનાથી પણ ખસીને મન, વચન, કાયા તરફથી સાવધાની છૂટીને અંદર સ્વરૂપની (સાવધાની કરવી). અહીં ભાષા એ છે, **'કાયકી સાવધાનતાસે...'** એની સાવધાની નથી. ખરેખર એનાથી છૂટીને. નિર્મમતાનો ખ્યાલ કરવો જોઈએ.

ભાઈ! આ તો પરમાત્મા આત્મા પોતે શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. અનંત આનંદનો કંદ છે. વસ્તુ છે કે નહિ? આત્મા પદાર્થ છે કે નહિ? પદાર્થ છે તો એનો કોઈ સ્વભાવ કાયમ (છે કે નહિ?) પદાર્થ જેમ કાયમી છે એમ એનો સ્વભાવ કાયમી છે કે નહિ? કાયમી સ્વભાવ એનો આનંદ, શાંતિ, શ્રદ્ધા, જ્ઞાન, સ્વચ્છતા, પ્રભુતા એવા અનંત સ્વભાવો કાયમી આત્મા સાથે જડેલા અવિનાભાવ છે. જડ્યા એટલે આમ ફૂંક મારીને જડ્યા એમ નહિ.

ગોળમાં જેમ ગળપણ છે એમ ભગવાનઆત્મામાં એવા જ્ઞાન, દર્શન, આનંદ આદિ શક્તિઓ–ગુણ ત્રિકાળ છે. એ આત્મા, રાગ સ્વરૂપમાં નથી એને વિકલ્પ ઉભો કરીને એનો સંગ કરે, સંબંધ કરે, એકત્વ કરે એ બંધને પામે છે. એ સંસારના પરિભ્રમણના કારણને, આવરણને ઉભા કરે છે. અને જે કોઈ ભગવાનઆત્મા શુદ્ધ પરમાનંદની મૂર્તિ સચ્ચિદાનંદ સ્વરૂપ (છે), તેનો અંતરમાં સંગ કરે, વર્તમાન દશા સાવધાનીથી અંતરમાં સંગ કરે અને રાગના સંબંધની એકતા તૂટે એને મુક્તિ થાય. એને બંધનો અભાવ થઈને આત્માની શાંતિની પૂર્ણતારૂપ મુક્તિને પામે. આહાહા..! સમજાણું કાંઈ?

**'मत्तः कायादयो भिन्नास्०'** શ્લોક છે બીજો. **'શરીરાદિક, મુઝસે ભિન્ન હૈં,...'** અંતર શરીર, કર્મ, પુણ્ય-પાપના ભાવ, ભગવાન શુદ્ધ સ્વભાવ, પોતાનો શુદ્ધ આનંદ જ્ઞાયક ચૈતન્ય આનંદ સ્વભાવ, એનાથી એ બધા જુદાં છે. **'મૈં ભી પરમાર્થસે ઇનસે ભિન્ન હૂં...'** એ મારાથી જુદા છે અને હું પણ એનાથી જુદો છું. મારાથી આ જુદા છે અને હું એનાથી જુદો છું. શું કીધું? વસ્તુ ભગવાનઆત્મા જ્ઞાનની જ્યોત ચૈતન્ય આનંદ-સૂર્ય એવો આત્મા શરીર, કર્મ, પુણ્ય-પાપના શુભ-અશુભભાવ મારાથી જુદા છે. મારાથી એટલે આ સ્વરૂપથી આ જુદા છે અને આ સ્વરૂપથી હું જુદો છું, આ સ્વરૂપથી આ જુદા છે અને એ સ્વરૂપથી હું જુદો છું. સમજાણું કાંઈ?

**'શરીરાદિક, મુજસે ભિન્ન હૈં,...'** મુજસે એટલે મારું જ્ઞાનાનંદ સ્વરૂપ એનાથી આ વિકલ્પ, રાગ ને મન, વાણી, શરીર ભિન્ન–જુદાં છે. **'મૈં ભી...'** અને હું જ્ઞાયક સ્વરૂપ હું પણ, હું પણ એ જેમ મારાથી જુદા છે એમ હું પણ એનાથી જુદો છું. ભારે મોટી વાતું, ભાઈ! કહો, બરાબર છે કે નહિ? 'પ્રવિણભાઈ'! એમ અંતરમાં ભેદ પાડવાનો અભ્યાસ કરવો. મોક્ષના પ્રાર્થનાવંત જીવે, ભગવાનઆત્મા અનંત અનંત શાંત આનંદકંદનો સ્વભાવ, એવું મારું સ્વરૂપ (છે). મારાથી આ વિકલ્પો આદિ જુદાં (છે) અને એનાથી, આનાથી હું જુદો (છું). સમજાણું કાંઈ? આ એને મુક્તિની ક્રિયા (બતાવી). ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ?

એને આત્માના અતીન્દ્રિય આનંદની પૂર્ણતારૂપી મુક્તિની પ્રાપ્તિની આ ક્રિયા (કહી). કહો, સમજાય છે આમાં?

**'ન મૈં ઇનકા કુછ હૂં,...'** ન મૈં, મૈં એટલે હું શુદ્ધ આનંદ જ્ઞાનસ્વરૂપી સત્તા અનાદિ અનંત ધ્રુવ **'મૈં ન ઇનકા કુછ હૂં,...'** એ વિકલ્પ ને શરીરનો જરીએ હું નથી. પુણ્ય-પાપનો વિકલ્પ દયા, દાન, વ્રત કે શરીરની ક્રિયા એ **'મૈં ન ઇનકા કુછ હૂં,...'** એનો જરીએ હું નથી. રાગનો, મનનો, પુણ્યના પરિણામનો હું જ્ઞાયક સ્વરૂપ ભગવાન, હું ન કુછ–જરીએ એનો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'ન મેરે હી યે કુછ હૈં,...'** મેરે હી ન કુછ હૈં. એ શુભ વિકલ્પ ઉઠે દયા, દાન, વ્રત આદિ કામ, ક્રોધ વિકલ્પો કે, શરીર, દેહ, વાણીની થતી આ પર્યાય–ક્રિયા આદિ. એ **'ન મેરે હી યે કુછ હૈં,...'** મારું એમાં કાંઈ નથી. **'ન મેરે હી યે કુછ હૈં,...'** મારામાં એ કાંઈ નથી, એનામાં હું નથી ને મારામાં એ નથી. આહાહા..! કહો, સમજાણું આમાં? **'ન મૈં ઇનકા કુછ હૂં,...'** હું એનો કાંઈ નથી. જરીએ પુણ્ય ને કર્મનો છું? કે ના. **'ન મેરે હી યે કુછ હૈં.'** એ મારા જરીએ નથી, એમ. હું એનો કાંઈ નથી, એ મારા કાંઈ નથી. સમજાણું કાંઈ? આ બાયડી, છોકરા તો ક્યાંય રહી ગયા એને ઘરે.

મુમુક્ષુ :– એના ઘરે એટલે?

ઉત્તર :– એની સત્તામાં, એના હોવાપણામાં. આ એના આત્માના હોવાપણાના બે પ્રકાર. એક જરીક વિકલ્પ ઉઠે તે અને એક ત્રિકાળી નિર્વિકલ્પ આનંદકંદ ભગવાનસ્વરૂપ. એમાં અહીં કહે છે કે, હું વિકલ્પનો જરીએ નથી અને એ વિકલ્પ મારામાં જરીએ નથી.

મુમુક્ષુ :– (વિકલ્પો) આવ્યા તો કરે છે.

ઉત્તર :– આવ્યાની ક્યાં વાત છે? છે નહિ એમાં. ઉભા કરે છે મફતનો. સમજાણું કે નહિ? ઉભા કરે છે હાથે કરીને. આવ્યા કરે, એની મેળાએ આવતા હશે? આમ થઈ ગયું, મને આમ થઈ ગયું, ઢીંકણું (થઈ ગયું). પણ તું કોણ કે તને થાય? તું તો જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ ચૈતન્યજ્યોત અનાદિઅનંત ધ્રુવ સત્ સત્ત્વ છે. અનાદિઅનંત અકૃત્રિમ, અણકરાયેલું અનાશ આદિ વિનાનું, નાશ વિનાનું એવું તત્ત્વ અનંત ગુણનો પિંડ શાંત રસનો કંદ છે. એમાંથી ઉભા કરે છે કે, એ આમ થયું ને ઢીંકણું થયું. કરે ઉભા પોતે ને આવી જાય છે એની મેળાએ એમ માને છે.

મુમુક્ષુ :– ભોંમાંથી ભાલા ઊભા કરે છે.

ઉત્તર :– ઉભા કરે છે ઇ. ભોંમાંથી ભાલા શું વીંછી ઉભા કરે છે અંદરથી. આહાહા..! ભગવાન જ્ઞાનજ્યોતિ ચૈતન્યમૂર્તિ છે. ચૈતન્ય સત્ત્વનું સૂર્ય છે આ તો. અનાદિઅનંત ભગવાન આનંદ, જ્ઞાન આદિની જ્યોત મૂર્તિ અરૂપી (છે). અરૂપી પણ વિજ્ઞાનઘનનું દળ છે, અરૂપી પણ સ્વરૂપનું દળ છે. સ્વરૂપ છે કે નહિ? વસ્તુ છે કે નહિ? આહાહા..! એવા સ્વરૂપ-

અરૂપી દળમાં અનંત જ્ઞાન, આનંદ, શાંતિનો રસ છે એમાં વિકલ્પનો મારે કાંઈ સંબંધ નથી. સમજાય છે કાંઈ? **'ન મૈં ઇનકા કુછ હૂં...'** જરીએ હું એનો નથી. **'ન મેરે હી યે કુછ હૈં.'** મારા એ કાંઈ નથી. આહાહા..! બસ! આ એક ભેદજ્ઞાન-જ્યોતિ એને કેવળજ્ઞાન પામવાનું કારણ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– લાભની વાત હોય તો જુદા કરતા આવડે છે.

ઉત્તર :– આ લાભની વાત છે પણ એને લાભ દેખાય છે ક્યાં? કોઈ દી' અભ્યાસ ન મળે, સાંભળ્યું ન મળે, શું છે, કેમ છે ને કેમ કરવું (એની ખબર ન મળે). આંધળે, આંધળુ દોડ. 'સેઠી'! વાત આવે તો તો બરાબર કહેવાયને એ આંધળે આંધળી દોડ. આંખો મીંચીને આંધળો ચાલ્યો જ જાય છે. 'અંધો અંધ પલાય..' આંધળો ચાલનાર ને આંધળો દેખાડનાર.

મુમુક્ષુ :– ખાડામાં જાય.

ઉત્તર :– ખાડામાં જશે. ખાડામાં જ છે, ભાન ક્યાં છે? આહાહા..!

ભગવાનઆત્મા સત્ ચિદ... સત્ ચિદ... સત્ ચિદ... સત્–શાશ્વત, ચિદ્–જ્ઞાન ને આનંદ, એનું આખું સત્ત્વ ભંડોળ છે ઇ. એમાં ધર્મી વિચારે છે, અરે..! હું એ રાગના વિકલ્પનો જરીએ નથી અને મારામાં એ જરીએ નથી. એ મારા નથી, હું એનો નથી. આ અંદર ભેદજ્ઞાન કરવું. એ જ રાગ અને સ્વભાવ વચ્ચે કરવત મુકવાની કળા છે. આહાહા..! કહો, 'રતિભાઈ'! 'રતિભાઈ'! હમણાં જઈ આવ્યા નહિ? દોઢ મહિનો 'મુંબઈ' રખડી આવ્યા. જુઓ! અહીં કહે છે કે, આ રહેવાનું છે. આ તો બીજી વાત છે. આહાહા..! લ્યો! ભારે ટુંકામાં મુકી, હોં!

**'ઇત્યાદિક શ્રુતજ્ઞાનકી ભાવનાસે...'** દેખો! સમજાણું? ઇત્યાદિક શ્રુતજ્ઞાનની ભાવનાથી. ઇત્યાદિક દેખો! શ્રુતજ્ઞાનની ભાવના શબ્દ વાપર્યો છે. અંદર ભાવશ્રુતજ્ઞાન, ભાવશ્રુતજ્ઞાન એટલે કે, જે પુણ્ય વિકલ્પને ને સ્વભાવને ભિન્ન પાડવાની શુદ્ધ જ્ઞાન દશા, એ ભાવશ્રુતજ્ઞાન દ્વારા. શબ્દો નહિ, શાસ્ત્રો નહિ, કાંઈ નહિ. **'શ્રુતજ્ઞાનકી ભાવનાસે...'** ભગવાનઆત્મા પોતાના જ્ઞાનની, અંતરની એકાગ્રતારૂપી શ્રુતજ્ઞાનની ભાવનાથી **'મુમુક્ષુકો...'** મુમુક્ષુકો–મોક્ષાર્થીકો આત્માની પવિત્રતાની પૂર્ણતાના પ્રાર્થીને. **'ભાવના કરની ચાહિયે.'** આ ભાવના કરવી જોઈએ. આહાહા..! ભારે પણ આમાં મોં-માથું હાથ આવે નહિ. આમાં કાંઈક કરવું કહે ને કે આ કરવું, આ કરવું... એ.. 'વજુભાઈ'! તો સૂઝ પડે, લ્યો! બે-પાંચ હજાર ખર્ચો, દસ હજાર ખર્ચો તો સૂઝ પણ પડે કે, આ દસ હજાર ખર્ચ્યા.

મુમુક્ષુ :– આપ ના પાડો છો.

ઉત્તર :– ખર્ચે કોણ? ધૂળ. એ તો માટી છે, એ તો પરપદાર્થ છે. એની અવસ્થા થવી હોય તે થાય. આત્મા કરે છે કોઈ દી' ત્રણકાળમાં? આહાહા..!

મુમુક્ષુ :– ત્રણકાળમાં ભલે ન કરે પણ વર્તમાનમાં તો કરે ને.

ઉત્તર :– લે! ત્રણકાળમાં વર્તમાન કાળ આવી જતો હશે કે નહિ? બે કાળ રહેતા હશે? એ... વકીલ! આ વકીલ રહ્યા. એલ. એલ. બી. પાસ થયા છે. ત્રણકાળમાં વર્તમાનનો એક કાળ ચાલ્યો જતો હશે? આહાહા..!

અહીં તો કહે છે કે, પ્રભુ! શરીર-ફરીર તો ક્યાંય રહી ગયા. ઇ તો એની પર્યાય એને કાળે કારણે થયા જ કરે છે. એ તો સત્ત્વ જગતના અજીવ તત્ત્વો છે. અજીવ અસ્તિ છે ને! દેખાય છે ને! આ અસ્તિ છે કે નાસ્તિ સસલાના શીંગડા છે? અસ્તિ છે. અસ્તિ તત્ત્વ છે તો એને કારણે એનું પલટન થઈને ટકી રહ્યા છે. તારે ને એને સંબંધ શું છે? આહાહા..!

મુમુક્ષુ :– સંબંધ નથી તો અહીં ચોંટ્યા છે કેમ?

ઉત્તર :– કાંઈ ચોંટ્યા નથી. ત્યાં આવીને બંધ પણે રહ્યા છે. એનો પોતાનો એ પર્યાયનો ધર્મ અત્યારે છે. ચોંટ્યા છે કોની સાથે? રજકણોના સ્કંધરૂપે, સ્કંધ એટલે પિંડ, પિંડ થઈને એ રીતે અવસ્થા થવાના વર્તમાનકાળના સ્વભાવને લઈને રહેલા છે. એના પોતાને કારણે છે, આત્માને કારણે છે જ નહિ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ બધી વાતું વ્યવહારની. કહો, સમજાણું કાંઈ? આહા..!

કહે છે, અરે..! આત્માર્થીઓએ, મુમુક્ષુઓએ, જેને આનંદ પૂર્ણ આત્માનો અતીન્દ્રિય આનંદરૂપી પ્રાપ્તિ મુક્તિ (કરવી હોય)... મુક્તિનો અર્થ ઇ છે. દુઃખની દશાથી મુક્ત થવું ને આનંદની પૂર્ણદશાને પ્રાપ્ત થવું. એ આનંદની પૂર્ણ દશા ક્યાંથી આવે છે? કે, અંદર સ્વભાવમાં પડી છે. ઇ કંઈ બહારથી આવે એવું નથી. એવો ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનો કંદ પ્રભુ છે, એની પૂર્ણ અતીન્દ્રિય આનંદની પ્રાપ્તિના અભિલાષી જીવોએ આ ભાવના કરવી. રાગ અને વીતરાગ બે સ્વભાવ વચ્ચે વહેંચણી કરવી. વીતરાગ એટલે આત્મસ્વભાવ. સમજાણું કાંઈ?

**'આત્માનુશાસનમેં ગુણભદ્રસ્વામીને કહા હૈ. - 'निवृत्तिं भावयेत्०'** લ્યો! 'આત્માનુશાસન'માં 'ગુણભદ્રસ્વામી' કહે છે.

**'જબતક મુક્તિ નહીં હુઈ તબતક પરદ્રવ્યોંસે હટનેકી ભાવના કરે.'** દેખો! એનો આધાર આપ્યો છે. પોતાની વાતની સ્પષ્ટતા માટે બીજા ગ્રંથનો આધાર આપ્યો છે. સમજાણું? જ્યાં સુધી આત્મામાં પૂર્ણ આનંદની વર્તમાન દશામાં પ્રાપ્તિ, અંતર શક્તિમાંથી વ્યક્તતા ન થાય ત્યાં સુધી પરદ્રવ્ય... પેલા આવે છે ને? ભાઈ!

**भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया।**
**तावद्यावत्पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते।।१३०।।**

આ એ બીજા શબ્દથી વાત (કરી છે). 'સમયસાર'માં 'સંવર અધિકાર'માં આવે છે

ને? આ બીજી ભાષાએ કહ્યું છે. સમજાણું કાંઈ?

**'જબતક મુક્તિ નહીં હુઈ...'** જ્યાં સુધી ભગવાનઆત્મા પૂર્ણ આનંદની દશાને પ્રાપ્ત ન થાય. સમજાય છે? **'તબતક...'** ત્યાં સુધી **'પરદ્રવ્યોંસે હટનેકી ભાવના કરે.'** વ્યવહારથી વાત કરી. એટલે કે સ્વભાવમાં એકત્વ થવાની ભાવના કરે. એટલે પરદ્રવ્યથી હટવાની ભાવના થઈ ગઈ. સમજાણું કાંઈ? અંતર મોક્ષ સ્વભાવની એકાગ્રતાની ભાવના કરે. એટલે કે પરના રાગાદિના સંબંધથી હટવાની ભાવના કરે એમ કહેવામાં આવ્યું છે. એટલે આમ કરે-અહીંથી હટે એટલે અહીં જાય. આહાહા..! ભારે વાત, ભાઈ! કહો, 'રતિભાઈ'! શું કરવું કહે છે આમાં? ભણવું, ભણાવવું શું કરવું આમાં? આહાહા..!

એક જવાબદારી કીધીને? કે, જેણે મોક્ષની ભાવના કરવી. મુમુક્ષુઓએ-જેને આત્માના આનંદની પ્રાપ્તિની પ્રાર્થના હોય એણે આ કરવું. જેને બીજી (ભાવના) હોય એ તો અનાદિથી કરી રહ્યો છે. 'મોહનભાઈ'! આહાહા..!

**'જબ ઉસકા અભાવ હો જાયગા, તબ પ્રવૃત્તિ હી ન રહેગી.'** પછી હટવાની પ્રવૃત્તિ નહિ રહે, એમ કહે છે. એમાં ઇ શૈલી આવે છે ને કે જ્યાં પૂર્ણ થઈ ગયું પછી ક્યાં કરવાનું રહ્યું. **'तावद्यावत्पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते'** જ્ઞાન જ્ઞાનમાં પૂર્ણ ઠરી જાય. બસ! પછી કાંઈ કરવાનું રહેતું નથી. પછી પૂર્ણ સ્થિર થઈ ગયો, મુક્ત થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? **'બસ વહી અવિનાશી પદ જાનો.'** એનું નામ અવિનાશી આત્માની દશા. વસ્તુ આત્મા તો અવિનાશી છે પણ એને અનાદિથી રાગ ને પુણ્યનો સંબંધ ઉભો કરી અને એમાં તેની દૃષ્ટિનું સ્થાપન કર્યું છે. એથી એને સંગ છૂટતો નથી ને અસંગ થતો નથી. અસંગ થવામાં આ એક જ ઉપાય છે. **'વહી અવિનાશી પદ જાનો.'** મુક્તિની દશા... વસ્તુ તો વસ્તુ છે પરમાનંદ, એમાં એકાકાર થતાં, પરથી હટતાં પૂર્ણ જ્યાં એકાકાર થયો, પરનું હટવું બધું પૂરું થઈ ગયું, પૂર્ણ અવિનાશી દશા પ્રગટ થઈ એને અવિનાશી પદ કહો, કે મોક્ષપદ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ,**
**સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.**

**दोहा - मोही बाँधत कर्मको, निर्मोही छुट जाय।**
**यातें गाढ़ प्रयत्नसे, निर्ममता उपजाय।।२६।।**

બહુ ટૂંકા એક એક શ્લોકમાં એટલું ભરી દીધું છે! ઘણું! **'મોહી બાંધત કર્મકો,...'** બહુ ટૂંકી ભાષા. ભગવાનઆત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ શુદ્ધ આનંદ, એ રાગના સંબંધમાં મોહ કરે તો કર્મથી બંધાય છે. **'મોહી બાંધત કર્મકો,...'** રાગાદિ વિકલ્પમાં અભિનિવેશ- આ હું. શુભાશુભ રાગ દયા, દાન, કામ, ક્રોધના વિકલ્પમાં આ હું, એવો જે મોહ-મિથ્યાત્વભાવ. **'મોહી બાંધત કર્મકો, નિર્મોહી છુટ જાય.'** હું તો એક જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય આનંદ છું.

એ વિકલ્પ જે ઉઠ્યો એ પણ રાગ છે. મારે ને એને કાંઈ સંબંધ નથી. આહાહા..! '**નિર્મોહી છૂટ જાય.**' બહુ ટૂંકી વ્યાખ્યા. ભગવાન અનંત ગુણનો સ્વામી સહજાનંદ સ્વરૂપ અનાદિ અનંત વસ્તુ (છે). એ રાગના સંબંધમાં આ હું (એમ કરે એટલે) બસ, કર્મ બાંધે છે. સમજાણું કાંઈ? '**નિર્મોહી છૂટ જાય.**' ફક્ત સ્વભાવ ચૈતન્ય પ્રભુ, હું જ્ઞાન અનંત ગુણનું સ્વરૂપ (છું). એ પણ એક વિકલ્પ ઉઠે છે એ છોડીને વસ્તુ સ્વરૂપ જે નિર્મોહ છે, એમાં એકાગ્ર થતાં રાગનો સંબંધ છૂટતાં એ છૂટી જાય છે. સમજાણું કાંઈ?

'**યાતૈં ગાઢ પ્રયત્નસે,...**' આ વસ્તુની સ્થિતિ હોવાથી, આ રીતે વસ્તુની મર્યાદા હોવાને કારણે ગાઢ પ્રયત્નથી, સખત પ્રયત્નથી, પુરુષાર્થથી. સમજાણું કાંઈ? '**નિર્મમતા ઉપજાય.**' પોતાના સ્વરૂપમાં શુદ્ધ આનંદના ધામમાં રહેવાનો મહાગાઢ પ્રયત્ન કરવો. રાગના સંબંધમાં રહેવું છોડી (દેવું). આહાહા..! ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે આત્મા કહ્યો એ આનંદકંદ ધ્રુવ સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય અસંખ્ય પ્રદેશી હોવાવાળું ધામ, એમાં સ્થિરતા કરવી. દૃષ્ટિ થઈ એટલે સ્થિરતા કરવી. ઇ ગાઢ પ્રયત્ન કહ્યો છે ને! સખત પ્રયત્ન, સખત પ્રયત્ન. આહાહા..!

મુમુક્ષુ :– પ્રયત્નમાં પોલ નહિ.

ઉત્તર :– પોલ નહિ, અપૂર્ણતા નહિ. ગાઢ (પ્રયત્ન). અંતર્મુખ ચૈતન્ય ભગવાન અંતર્મુખમાં ઉગ્ર પ્ર–વિશેષે યત્ન–પુરુષાર્થ. અંતરમાં પ્રયત્ન–પ્ર–વિશેષ યત્ન–પુરુષાર્થથી અંતર્મુખમાં પ્રયત્ન કરવો.

'**નિર્મમતા ઉપજાય.**' નિર્મમ દશા અંતર્મુખ પ્રયત્ન કરવાથી ઉત્પન્ન થાય છે. લ્યો! એ મોક્ષનો માર્ગ છે. કહો, 'હીરાલાલજી'! શું કરવું આમાં? દુકાન ચલાવવી કે આ કરવું? આમાં બે શી રીતે ચાલતું હશે? નથી ચલવી શકતા? દુકાન ચલવી શકતો નથી? આહાહા..! ભગવાન એ તો સૌની દુકાન જડની જડથી ચાલી જ રહી છે. જડ જે પદાર્થો છે એની દુકાન એટલે એનું હોવાપણું અને હોવાપણું એ બદલીને એને કારણે ટકી જ રહ્યા છે. તારી આશાના કારણની એને ખબર નથી. જગતના અજીવ અચેતન તત્ત્વો પોતાની હયાતી રાખીને તેના પલટવાના કાર્યરૂપે થઈ જ રહ્યા છે. એની દુકાન માટે તારી કાંઈ જરૂર નથી. બરાબર હશે? 'ધીરૂભાઈ'! કારખાનાની દુકાન માટે કાંઈ જરૂર નહિ? ત્યાં હોંશિયાર માણસ બેઠો હોય આમ બરાબર. હોશિયાર હોય તો કદાચિત્ વધારે અભિમાન કરે. આહાહા..!

એ પ્રભુના પંથ તે ન્યારા છે. આહાહા..! પરમેશ્વર તું છો ને પ્રભુ! તારા પરમેશ્વરને પરમ પ્રયત્નથી તું જગાડ, જગાડ. અંદર ઠર એમ કહે છે. સમજાણું કાંઈ? તું પોતે પરમેશ્વર જ છો. પરમ ઈશ્વરની શક્તિનું આખું સત્ત્વ જ તારું તત્ત્વ છે. આહાહા..! એ પામરતાના વિકલ્પોથી સંબંધ છોડ અને પરમેશ્વરના નિજપદની સાથે સંબંધ જોડ. આહાહા..! 'હિંમતભાઈ'! આહાહા..! આ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવનો સંદેશ છે. લ્યો! વળી ભાઈ પેલું આવ્યું. મહાવીરનો સંદેશ. 'જીવો ને જીવવા દ્યો.' રાડ્યું પાડે ને? તમે બધા ભેગા બોલતા હશો ત્યારે.

આ ભગવાનનો આ સંદેશ છે. સર્વજ્ઞ દશા પૂર્ણ થઈ ગઈ, વિકલ્પ ખલાસ થઈ ગયા. વાણી એની મેળાએ નીકળી. ૐ ધ્વનિ. એમાં એ સંદેશ આવ્યો કે, અરે..! આત્મા તારા પૂર્ણ સ્વભાવની સાથે સંબંધ જોડ અને રાગની સાથે સંબંધ તોડ. ગાઢ પ્રયત્નથી કીધું. ઇ એમ ને એમ નહિ થાય, કહે છે. ઘણી જાગૃતિનો પ્રયત્ન જોશે. સમજાય છે? અંતરમાં અંતર્મુખ વળવામાં બહિર્મુખની દશાથી ખસવામાં ઘણો જ પુરુષાર્થ જોશે. 'પોપટભાઈ'! આ પૈસા-બૈસા તો વગર પેલે ચાલ્યા આવે, પ્રયત્ન વિના. 'વજુભાઈ'! ન્યાં શું પુરુષાર્થ કામ કરતો હતો, ધૂળ.

મુમુક્ષુ :– મફતમાં ...

ઉત્તર :– મફતનો જાય છે ઇ. ઇ જ કહે છે ને. ઘણા મહેનતું કરે. બિચારાને પાંચસો પણ મળતા નથી અને વગર મહેનતે સાધારણ માણસને કરોડો રૂપિયા પેદા થાય છે. પેદા એટલે એની પાસે દેખાય છે. ન્યાં પેદા ક્યાં ગરી જતું હતું અંદર? દેખાય કે, આ કરોડ થયા, બે કરોડ થયા. દેખવું છે ને! એને ક્યાં ખાવા છે, પીવા છે.

મુમુક્ષુ :– સાથે લઈ જવાનો છે.

ઉત્તર :– સાથે લઈ જવું, ખાવા-પીવામાં કાંઈ કામ આવે છે? મમતા કરવામાં કામ આવે છે. 'આ મારા' એટલું મમતામાં નિમિત્ત થયું એ તો. બીજું ધૂળેય નથી કાંઈ. 'મોહનભાઈ'! આહાહા..! ભગવાન! પણ તારામાં ક્યાં ખામી છે કે તને પરની જરૂર પડે. તું ક્યાં અધૂરો છો કે તને પરની આશા રાખવી પડે. આહાહા..!

'આશા ઔરનકી ક્યા કીજે... આશા' 'આનંદઘનજી' માં આવે છે. **'જ્ઞાન સુધારસ પીજે, આશા ઔરનકી ક્યા કીજે'** જ્ઞાન સુધારસ પીજે. ચૈતન્યમૂર્તિ અતીન્દ્રિય આનંદનો રસ છે. એને અંતરમાં પ્રયત્નથી એના આનંદને પીને! ધૂળમાં બહારમાં કાંઈ નથી. આશા રાખીને મરી ગયો અનંતકાળથી. **'ભટકત દ્વારા દ્વાર લોકન કે કુકર આશાધારી'** કૂતરાની જેમ જ્યાં ત્યાં ભટક્યો. એ બટકુ આપજો... બટકુ આપજો... બટકુ આપજો... એમ જ્યાં ત્યાં ભટકે અરે..! કોઈ મને મોટો કહેશો, એ મને જરીક પૈસાવાળો કહેશો, કોઈ હું આવો છું એમ કહેશો. તમે ભારે માણસ હોં! એવું કહેશો. કૂતરાની જેમ ભીખારી માંગે છે. શું છે?

મુમુક્ષુ :– દાખલાથી બરાબર સમજાય છે.

ઉત્તર :– લ્યો! દાખલાથી બરાબર (સમજાય છે, કહે છે). 'પ્રેમચંદભાઈ' એમ કહે છે, દાખલો હોય ત્યારે જરીક કઠણ પડી જાય છે. સ્પષ્ટ કરવાનું કે આ રજકણ આમ ન થાય. જો એની પર્યાય એવી હોય, એની પર્યાયમાં બીજું ન કરે. દાખલો તો આ.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– ભીખારી ભીખારી. કોઈ મને ઠીક કહે છે? શું છે પણ તને? ઠીક તે તું તને માન કે ઠીક બીજો કહે તને? અને બીજો કહે તો બીજી નજરેથી જરીક હીણી નજરે

જોવે, આ મને પસંદ નથી કરતો. મૂર્ખ છે ને પણ. તારે એનું ... લેવું છે ન્યાંથી?

**'ભટકત દ્વારા દ્વાર લોકન કે કુકર આશાધારી,**

**આતમ અનુભવરસકે રસિયા ઉતરે ને કબહુ ખુમારી, આશા ઔરનકી ક્યા કીજે'**

એ અહીં કહે છે, જુઓ! ઓહો..! 'બસ વહી અવિનાશી પદ નિર્મમતાકા ઉપજાય.' દેખો! ભગવાનઆત્મા પોતાના સ્વભાવનો સાગર પ્રભુ પોતે, એમાં અંતર ગાઢ પ્રયત્નથી નજર કરતાં, નિર્મમત્વ દશા ઉત્પન્ન થઈ જાય છે. મમતા-બમતા પછી રહેતી નથી. અવિનાશી પદને પ્રાપ્ત થાય છે. એનું નામ પોતાની નિર્મળતાની પૂર્ણ પ્રાપ્તિ દશામાં (થઈ) એનું નામ મુક્તિ. મુક્તિ બીજી કોઈ ચીજ નથી. અવિનાશી આનંદ જે અંદરમાં છે એને વર્તમાન દશામાં પૂર્ણ આનંદની પ્રાપ્તિ થવી એનું નામ મુક્તિ. સમજાય છે કાંઈ? એ ૨૬ (ગાથા પૂરી) થઈ.

---

यहाँपर शिष्य कहता है कि इसमें निर्ममता कैसे होवे? इसमें निर्ममताके चिंतवन करनेके उपायोंका सवाल किया गया है। अब आचार्य उसकी प्रक्रियाको `एकोऽहं निर्ममः०' से प्रारंभ कर `मम विज्ञस्य का स्पृहा०' तकके श्लोकों द्वारा बतलाते हैं।

**एकोऽहं निर्ममः शुद्धो, ज्ञानी योगीन्द्रगोचरः।**
**बाह्याः संयोगजा भावा, मत्तः सर्वेऽपि सर्वथा।।२७।।**

**अर्थ :-** मैं एक, ममता रहित, शुद्ध, ज्ञानी, योगीन्द्रोंके द्वारा जानने लायक हूँ। संयोगजन्य जितने भी देहादिक पदार्थ हैं, वे मुझसे सर्वथा बाहिरी-भिन्न हैं।

**विशदार्थ :-** मैं द्रव्यार्थिकनयसे एक हूँ, पूर्वापर पर्यायोंमें अन्वित हूँ। निर्मम हूँ- `मेरा यह' `मैं इसका' ऐसे अभिनिवेशसे रहित हूँ। शुद्ध हूँ, शुद्धनयकी अपेक्षासे, द्रव्यकर्म भावकर्मसे रहित हूँ, केवलियोंके द्वारा तो अनन्त पर्यायसहित रूपसे और श्रुतकेवलियोंके द्वारा शुद्धोपयोगमात्ररूपसे जाननेमें आसकने लायक हूँ, ऐसा मैं आत्मा हूँ, और जो संयोगसे-द्रव्यकर्मोंके संम्बन्धसे प्राप्त हुए देहादिक पर्याय हैं, वे सभी मुझसे हर तरहसे (द्रव्यसे गुणसे पर्यायसे) बिल्कुल जुदे हैं।।२७।।

**दोहा - मैं इक निर्मम शुद्ध हूँ, ज्ञानी योगीगम्य।**
**कर्मोदयसे भाव सब, मोते पूर्ण अगम्य।।२७।।**

---

**'યહાંપર શિષ્ય કહતા હૈ કિ ઇસમેં નિર્મમતા કૈસે હોવે? ઇસમેં નિર્મમતાકે ચિંતવન કરનેકે ઉપાયોંકા સવાલ કિયા ગયા હૈ.'** શું શિષ્યે પુછ્યું છે, એમ કહે છે. નિર્મમતાના ચિંતવન કરવાના ઉપાયનો સવાલ કર્યો છે. તમે જ્યારે નિર્મમતા ઉપજાય એમ કહ્યું તો ઇ નિર્મમત્વ થવાનો ઉપાય શું? સમમ છોડવું, નિર્મમ થવું એમ કીધું. તો નિર્મમ થવાનો ઉપાય શું? **'અબ આચાર્ય ઉસકી પ્રક્રિયાકો 'एकोऽहं निर्ममः' સે પ્રારંભ કર 'मम विज्ञस्य का स्पृहा०' તક્કે શ્લોકોં દ્વારા બતલાતે હૈં.'** ૨૭-૨૮-૨૯-૩૦ સુધી કહેશે. ૩૦મો શ્લોક છે. **'मम विज्ञस्य'** છે ને? **'मम विज्ञस्य का स्पृहा०'** ૩૦મામાં છે. અહીંથી તે ત્રીસ સુધી ૨૭-૨૮-૨૯ ચાર શ્લોકમાં એના ઉપાયની વાત કરશે.

અરે..! ભર્યા ભાણા ઘરમાં ને ચાટવા જાય કો'કને ઘરે. દુનિયા પણ ગાંડા કહે. નથી કહેતા? એલા ઘરે ભરે ભાણે તું ક્યાં રખડે છે આ? આહાહા..! આ લંપટી હોય છે ને કેટલાક? વિષયના લોલુપીઓ, લંપટી. ઘરે પદમણી જેવી સ્ત્રી હોય પણ એ ન્યાં ભટકે. પેલી પીંગળા ઘરે ભર્તૃહરિ જેવો રાજા (હોય). વૃત્તિ તે કેવી! બાણું લાખ માળવાનો અધિપતિ. મગજવાળો, મગજવાળી. તત્ત્વ દૃષ્ટિ જુદી વાત છે. પણ માંધાતા બાદશાહ મોટો! ભર્તૃહરિ. એની રાણી પીંગળા એક અશ્વપાળની સાથે (પ્રેમમાં પડી). ઘોડાહરવાળાની સાથે. આ ગજબ કોઈ કાળ (છે), સંસાર તો જુઓ! પછી ઉઘાડુ પડ્યું. ફળ લાવીને આપ્યું ત્યારે. નાટક જોયું છે, હોં! બધું નાટક જોયું છે. આ ભર્તૃહરિનું નાટક જોયું છે.

અરે..! આ ફળ મારી પાસે ફરીને કેમ આવ્યું? મને જે સ્ત્રીએ આપ્યું હતું, મેં પીંગળાને આપ્યું, આ શું થયું? પાછું મારે ઘરે કેમ આવ્યું? વિચારમાં પડી જાય છે. ડાહ્યો બુદ્ધિવાળો માણસ રાજા. અરે..! આ શું થયું? જેણે આપ્યું એને પૂછ્યું તારી પાસે ક્યાંથી? (પેલો કહે), એક અશ્વપાળ છે એની પાસેથી. અશ્વપાળને પૂછ્યું, તારી પાસે ક્યાંથી? મારી નાખશે આ. હાય! હાય! અન્નદાતા પ્રભુ! ત્રાસ પામતો, પોકાર કરતો (આવે છે). અન્નદાતા જવાબ શું દઉં? પીંગળા પાસેથી (મળ્યું). છક થઈ જાય છે રાજા. પીંગળા પાસેથી. અરે..! મે પીંગળાને આપ્યું એને આ? ગાયનમાં ત્યાં આવે છે, હોં! તે દી' સાંભળેલી વાત છે. 'દેખ્યા નહિ કુછ સાર જગતમેં દેખ્યા નહિ કુછ સાર...' રાજા બોલે છે.

'દેખ્યા નહિ કુછ સાર જગતમેં, દેખ્યા નહિ કુછ સાર,
પીંગળા મારી પ્યારી સ્ત્રી અશ્વપાળનો યાર.'

આ શું કર્યું આણે? અરે..! ગજબ સંસાર!

એમ આ ભગવાનઆત્મા પોતાના સ્વરૂપની પ્યારી રીતી છોડી અરે..! આ વિકલ્પમાં પ્યાર કરે એ વ્યભિચાર છે, કહે છે. સમજાય છે કાંઈ? એ બાણું લાખ માળવાના અધિપતિની રાણી ઘોડાહાર સાથે ચાલે. શું ઘોડાહારનો સેવક. શું કહેવાય ઇ? ઘોડાનો પાળક, રક્ષક. એની સાથે ચાલે. અરે..! નાથ! ચૈતન્ય પ્રભુ! તું ત્રણલોકનો નાથ ત્રણકાળ, ત્રણલોકને જાણવાના

જ્ઞાનનો ધણી તું છો. આહાહા..! એક વિકલ્પ સાધારણ ધૂળ જેવો વિકલ્પ શુભ-અશુભ આદિ એની સાથે તું સંબંધ કર, મહા વ્યભિચાર છે. 'હિંમતભાઈ'! આહાહા..! ઇ પેલાનું લાગે પણ આ તું શું કરે છે ઇ જોયું તેં? રાણી આવું કરતાં હશે? પણ કર્યું આ બહાર આવ્યું છે બે હજાર વર્ષથી, ખબર નથી? નાટક જેના પડે છે, ખુલ્લે ખુલ્લી વાત છે. આવે છે કે નહિ? આહાહા..!

(ભર્તૃહરિ) બાવા થાય છે. ગુરુ હુકમ કરે છે, જાવ પીંગળાને ઘરે આહાર લઈ આવો. અન્નદાતા રાજા છે પણ પછી તો શિષ્ય થઈ ગયો ને. ગુરુ કહે, કે જાવ રાણી પાસે બંગલે, આહાર લઈ આવો. બાવો જઈને (કહે છે), માતા! આહાર (આપ), ગુરુએ આજ્ઞા કરી છે. માતા! અરે..! મા મને ન કહો, રાણી કહે છે. પીંગળા કહે છે, રાજા! મા ન કહો. માતા! આહાર લેવાની આજ્ઞા આપી છે. નહિતર મારી જમાત ચાલી જાય છે. રાણી કહે, થોડી વાર, નાથ ઉભા રહો થોડીવાર. હું થોડી ખીર બનાવું. રસોઈમાં તૈયાર હોય ઇ દે નહિતર હું ચાલ્યો જાઉં છું. આહાહા..! એ જોયું છે, ભાઈ! નાટકમાં જોયું હોય તો... ઓહો..! તે દી' તો અમને પાછો વૈરાગ્ય પણ બહુ હતો ને અંદર! ન્યાં જોતા જોતા અમારા રુંવાટા ઉભા થતાં હતા અંદરથી! સમજાણું કાંઈ? જાણે અમે જ આ દશામાં આવી જઈએ એવું થઈ જાય અંદર. એ વખતે, હોં! આહાહા..!

વાત તો જુઓ! આવે છે ને! 'ર તો રાજાજી રસોય કરું જમતા જાવો યોગીરાજજી' માતા! ગુરુની આજ્ઞા છે. જે તૈયાર હોય ઇ આપ, હું ચાલ્યો જાઉં છું. આહાહા..! રોવે છે. એ જોતા એ વખતે અમને અંદર કંઈક થતું હતું. એ વખતે, હોં! આ તો ઘણા વખતની વાત છે. કીધું, વાહ રે વાહ..! વૈરાગ્ય ને ત્યાગ! બાણું લાખનો માળવો, જેને રાણીની સાથે પઢેલો ઇ કહે કે માતા! આહાર દે તૈયાર હોય તો. નહિ તો હું જાવ છું, હું ચાલ્યો જાવ છું. અરે..! રાજન! થોડીવાર ખોટી થાવ. ખીર બનાવું છું, ખીર તરત બનશે. કારણ કે, બીજી ચીજને તો વાર લાગે ને! દૂધને ઊનું કરીને ચોખા બનશે. નહિ, હોય ઇ લાવ. નહિતર ચાલ્યો જાઉં છું. આહાહા..!

અહીં ભગવાનઆત્મા અંદર માંગે છે, લાવ આનંદ! સમજાય છે? વિકલ્પની સાથે વ્યભિચાર મારે ન જોઈએ. 'હિંમતભાઈ'! આ હિંમત પુરુષાર્થનું કામ છે, જુઓ! અહીં કહે છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– બધું સમજવા જેવું. બહારમાં ધૂળ-ધાણી છે. બધું જોવાય ગયું છે કે નહિ? આહાહા..! કહે છે, મહારાજ! પ્રભુ! આપે નિર્મમ થવાની વાત કરી નાથ! પણ એનો ઉપાય શું છે? **'एकोऽहं निर्ममः' 'एकोऽहं निर्ममः शुद्धो, ज्ञानी योगीन्द्रगोचरः'** આ ઉપાય.

**एकोऽहं निर्ममः शुद्धो, ज्ञानी योगीन्द्रगोचरः।**
**बाह्याः संयोगजा भावा, मत्तः सर्वेऽपि सर्वथा।।२७।।**

એ શ્લોક ન્યાં આવે છે ને? ભાઈ! 'નિયમસાર'માં. બીજો શબ્દ છે, થોડો ફેરફાર આવે છે.

**एगो मे सासदो अप्पा णाणदंसणलक्खणो।**
**सेसा मे बाहिरा भावा सव्वे संजोगलक्खणा।।१०२।।**

આ તો પોતાનો શ્લોક છે ને! **'एकोऽहं निर्ममः'** આહાહા..! લ્યો!

**અર્થ :– 'મૈં એક...'** હું. આ મમતાને ટાળવાનો ઉપાય અથવા નિર્મમત્વ થવાનો રસ્તો. ઉપાય કહો કે રસ્તો કહો,. મૈં એક હું. આત્મા હું એક (છું). બધા થઈને એક નહિ, હું એક છું. મારું સ્વરૂપ એકરૂપ છે. હું એક છું. મારી સાથે રાગને કોઈનો કાંઈ સંબંધ છે જ નહિ.

**'મમતા રહિત,...'** પર મારા એવા વિકલ્પની જેમાં ગંધ નથી. મારા સ્વભાવમાં રાગનો શુભભાવ પણ મારો, એવું મારા સ્વભાવમાં જ નથી, એમ કહે છે. હું તો મમતા રહિત જ છું. સ્વરૂપે જ હું એવો છું. હું એક છું. વસ્તુ અનંત આનંદ જ્ઞાયક સ્વરૂપે એક છું અને **'મમતા રહિત છું...'** આ એક છું. પરની મમતા રહિત સ્વભાવ મારો છે. શું કીધું? અસ્તિ-નાસ્તિ કરી. હું એક, શુદ્ધ જ્ઞાનઘન એક પરના સંબંધ વિનાનો છું. પરના મમત્વ વિનાનો છું. સમજાણું કાંઈ?

બે વાત, **'શુદ્ધ...'** છું. તદ્દન શુદ્ધ ચૈતન્ય પિંડ છું. **'જ્ઞાની...'** છું. હું તો એકલો ચૈતન્ય સ્વભાવનો ભંડાર જ્ઞાન છું. **'યોગીન્દ્રોંકે દ્વારા જાનને લાયક હૂં.'** કેવળજ્ઞાની, કેવળજ્ઞાન દ્વારા એના દ્રવ્ય, ગુણ, પર્યાયને જાણવા લાયક હું છું. અથવા **'યોગીન્દ્રોંકે દ્વારા જાનને લાયક હૂં.'** હું શુદ્ધોપયોગ એકલો છું. યોગી જ એને જાણી શકે છે. યોગી એટલે સ્વરૂપમાં જોડાણ કરનાર. યોગી એટલે બાવા થઈને બહાર ત્યાગી થાય એ કાંઈ વસ્તુ નથી. અંતર ભગવાનઆત્મામાં યોગ–યુજ ધાતુ છે. સ્વરૂપમાં જોડાણ કરે અને રાગથી જોડાણ તોડે તેને યોગી કહે છે. આહાહા..! યોગીન્દ્રો–યોગના જોડનારા ઇન્દ્રો એવા કેવળીઓ આદિ અને સાધારણ યોગીઓ મને શુદ્ધ ઉપયોગ સ્વરૂપે જાણે છે. હું શુદ્ધ ઉપયોગ સ્વરૂપ છું, મારાથી જણાય એવો હું છું. આહાહા..!

**'સંયોગજન્ય જિતને ભી દેહાદિક પદાર્થ હૈં,...'** સંયોગજન્ય–શરીર, વાણી, કર્મ, પુણ્ય, પાપ, વિકલ્પ, દયા, દાન, વ્રત, ભક્તિની વૃત્તિ ઉઠે તે સંયોગજન્ય પદાર્થ છે. સ્વભાવમાં ચૈતન્યના મૂળ પિંડમાં એ નથી. સમજાણું કાંઈ? આહાહા..! મનુષ્યદેહ પામીને કરવા લાયક તો આ છે. એને ઠેકાણે ક્યાંનો ક્યાં હલવાઈને બેસી ગયો છે. બહારના ત્યાગને નામે બિચારા ઘૂંચાઈ ગયા.

**'સૌ સાધન બંધન થયા રહ્યો ન કોઈ ઉપાય,**
**સત્ સાધન સમજ્યો નહિ ત્યાં બંધન શું જાય.'**

આહાહા..! આ સત્ સાધન, ભાઈ! આ ઉપાય કીધો ને એટલે આવી ગયું. આ સત્ સાધન છે. સત્ સાધન સમજે નહિ ને બાવા થઈને આ થયા બાયડી છોડી, શું છોડ્યું

છે? ધર્મ છોડ્યો છે આત્માનો. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણાનંદનો નાથ! કહે છે કે, હું શુદ્ધ ઉપયોગમયી એમ યોગીઓ એને જાણે છે, ધર્મી એને એમ જાણે છે. આહાહા..! સંયોગના જેટલા પદાર્થ **'વે મુજસે સર્વથા...'** ભાષા છે ને? **'સર્વેઽપી સર્વથા'** **'સર્વેઽપી'** અને **'સર્વથા'**. ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ શુદ્ધ, બુદ્ધ, ઘન, જ્ઞાનઘન, એક મમત્વ રહિત શુદ્ધ ને જ્ઞાન (છું). (એનાથી) રહિત જેટલા વિકલ્પો આદિ છે. **'વે મુઝસે સર્વથા બાહિરી-ભિન્ન હૈં.'** સર્વથા મારાથી જુદાં છે. આહાહા..!

મુમુક્ષુ :– કથંચિત્ નહિ?

ઉત્તર :– કથંચિત્ નથી આમાં. કથંચિત્ શું કહેવાય? સર્વથા મારાથી જુદા અને મારામાં છે નહિ, એનું નામ અનેકાંત છે. હું એક ચૈતન્યમૂર્તિ વસ્તુ (છું). એક શુદ્ધ મમતારહિત જ્ઞાનમૂર્તિ (છું) અને મારાથી જેટલા (પૃથક) વિકલ્પો છે એ બધા સર્વથા જુદાં છે, બિલકુલ જુદાં છે. જેમ પરમાણુ જુદાં છે એમ એ વિકલ્પની ગંધ પંચ મહાવ્રતના વિકલ્પો, પંચ મહાવ્રતના, હોં! અહિંસા, સત્ય, દત્ત, બ્રહ્મચર્યનો વિકલ્પ વૃતિ ઉઠે એ સર્વથા મારા સ્વરૂપથી બહાર છે. સમજાણું કાંઈ? આમ નિર્મમત્વ થવાનો આ એક ઉપાય છે, આ એનું સાધન છે. સત્‌ને પ્રાપ્ત કરવાનું આ સાધન છે, બીજું કોઈ સાધન નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ)

**વીર સંવત ૨૪૯૨, ચૈત્ર વદ ૧૩, સોમવાર**
**તા. ૧૮-૦૪-૧૯૬૬**
**ગાથા–૨૭ થી ૨૮ પ્રવચન નં. ૩૧**

'પૂજ્યપાદસ્વામી' કૃત ('ઇષ્ટોપદેશ'ની) ગાથા ૨૭ ચાલે છે. પ્રશ્ન એમ પૂછાણો છે કે, આત્માને પરથી જુદો પાડવા એટલે નિર્મમત્વ થવામાં એનો ઉપાય શું છે? આત્મા પરથી નિર્મમત્વ–મમતા રહિત–(થાય) એનો ઉપાય શું? ક્યા ઉપાયે નિર્મમત્વપણું પ્રગટ થાય? એમ શિષ્યનો પ્રશ્ન છે, એનો ઉત્તર છે.

**વિશદાર્થ :–** છેલ્લો શબ્દ હતો. **'મૈં દ્રવ્યાર્થિકનયસે એક હૂં...'** દ્રવ્ય સ્વરૂપે કાયમ રહેવાવાળું એવું મારું તત્ત્વ (છે). એ દ્રવ્ય સ્વરૂપે–સામાન્ય દ્રવ્ય સ્વરૂપે એક છું. એમાં શું સમજાય? 'સેઠી'! આ વસ્તુ તરીકે સામાન્ય ચૈતન્યમૂર્તિ ધ્રુવ છે તે રીતે હું એક છું. એક સમયમાં સામાન્ય રૂપ, જેની પર્યાય નહિ, અવસ્થા નહિ. દ્રવ્ય, દ્રવ્ય એટલે આ પ્રમાણનો વિષય દ્રવ્ય એમ નહિ. દ્રવ્યાર્થિકનયનું દ્રવ્ય.

દ્રવ્ય બે પ્રકારનું છે. એક કારણ સામાન્ય દ્રવ્ય અને એનો પર્યાય બે મળીને પણ દ્રવ્ય કહેવાય છે. એ પ્રમાણનો વિષય દ્રવ્ય. અને એક દ્રવ્યાર્થિકનયનું દ્રવ્ય એ સામાન્ય ધ્રુવ તેને અહીં દ્રવ્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આખો આત્મા પરથી જુદો (છે). એમ ધ્રુવ સ્વરૂપ સામાન્ય દ્રવ્ય અને એક સમયની અવસ્થા એમ કરીને પૂરું એ પ્રમાણનો વિષય તે દ્રવ્ય છે. એ પરદ્રવ્યથી જુદું પાડવાની અપેક્ષાએ તેને સામાન્ય અને વિશેષરૂપને દ્રવ્ય પ્રમાણનો વિષય કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ?

આ દ્રવ્યાર્થિકનય એટલે સામાન્ય વિશેષ જે બે ભાગ એમાં (થાય છે), (એમાં) સામાન્ય ધ્રુવ ત્રિકાળ એવો જે દ્રવ્યાર્થિકનયથી હું એક છું. કહો, સમજાણું આમાં? કેટલા વર્ષથી ચાલે છે? એમાં હળવે હળવે ... સમજશે કે નહિ પછી? 'વજુભાઈ'! ઘણા વર્ષથી બધા આવનારા છે. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ધ્રુવપણું જે સામાન્ય એટલે એકરૂપ રહેનારું તે. પર્યાયમાં પરિણમન બદલો થાય છે એ નહિ. દ્રવ્યાર્થિકનયે હું એક છું. વસ્તુ દૃષ્ટિએ, સામાન્ય દૃષ્ટિએ ધ્રુવના લક્ષવાળી દૃષ્ટિએ હું એક છું. કહો, બરાબર છે? 'શશીભાઈ'!

**'પૂર્વાપર પર્યાયોંમેં અન્વિત હૂં..'** ઇ તો એનું સ્પષ્ટીકરણ કર્યું છે. **'एकोऽहं'** એની વ્યાખ્યા કરી છે. પૂર્વાપર પહેલા ને પછીની પર્યાયોમાં સદૃશપણે અન્વિત સંબંધવાળો છું. ગઈ અવસ્થાઓ ને થશે અવસ્થા એમાં કાયમ સામાન્યપણે હું સદૃશપણે પૂર્વની પર્યાયમાં સંબંધવાળો છું. કહો, 'સેઠી'! સમજાય છે કાંઈ? વસ્તુ ધ્રુવ અને ત્યારે હવે પર્યાય સાથે મેળ કર્યો કે, પૂર્વની ગઈ અનંતી પર્યાય અને વર્તમાન પર્યાય ને ભવિષ્ય(ની પર્યાય), એ પર્યાયમાં હું સામાન્યપણે ત્રિકાળ એકરૂપે રહેનારો અન્વેક અનુસ્યૂત છું. દરેક પર્યાયમાં સળંગ રહેનારો હું આત્મા છું. કેટલોક તો ભઈ અભ્યાસ હોય ને (તો સમજાય એવું છે). આ તો મૂળ તત્ત્વની વાત છે. 'શેઠ'! થોડો અભ્યાસ થયા વિના શી રીતે સમજાય? જુઓ!

હું પરથી નિર્મમત્વ થવાની ચિન્તવનાનો ઉપાય શું? એનો ઉત્તર ઉપરમાં કહ્યો કે, હું એક દ્રવ્ય સ્વરૂપે ધ્રુવ (છું). બીજાની વાત તો ક્યાં છે પણ પર્યાયની અહીં વાત નથી. ધ્રુવ સ્વરૂપે હું અને તે વસ્તુ, ગઈ અને ભવિષ્યની પર્યાયમાં સંબંધવાળો હું, એને અનુસ્યૂત સંબંધ કરનારો હું (છું). કહો, સમજાણું આમાં? પહેલું વ્યાખ્યાન પૂરું કર્યા પછી વાત, આઘીપાછી નહીં. પછી હોય બીજી વાત.

મુમુક્ષુ :– વ્યાખ્યાન પછી કરવાની છૂટ છે.

ઉત્તર :– છૂટની વાત નથી પણ પહેલા આ જોઈએ, એમ. કેમ 'મલૂપચંદભાઈ'! શું કહ્યું?

આ આત્મા પરથી જુદો પાડવામાં ઉપાય શું? અને જુદો પાડે તેને અંતર શાંતિ અને સમાધાન થાય, તે વિના શાંતિ ને સમાધાન થાતું નથી. નથી, 'હીરાલાલજી'! પુસ્તક નથી? દ્યો પુસ્તક. છે કે નહિ બીજાને? એક છે ત્યાં? બીજા નથી? થઈ રહ્યા? આહાહા..! એક–

**'एकोऽहं'**ની આટલી વ્યાખ્યા કરી. એક હું, એક હું છું. એટલે કે મારું સ્વરૂપ ધ્રુવ સ્વરૂપે, સામાન્ય સ્વરૂપે એકરૂપ રહેનારા સદ્દશ સ્વભાવની અપેક્ષાએ હું એક છું અને તે એક હું ગયા કાળની પર્યાયો–અવસ્થાઓ વીતી અને છે અને વીતશે, એ બધી પર્યાયોમાં મારું સળંગપણું (છે). જેમ મોતીમાં દોરો પરોવેલો બધે સળંગ છે, દરેક મોતીમાં દોરો પરોવેલો સળંગ છે એમ દરેક અવસ્થામાં હું સામાન્યપણે સળંગ છું. આહાહા..! હું આમાં પરમાં છું ને પરથી છું એ કાંઈ છે નહિ. સમજાણું કાંઈ?

એટલી વાત કરીને હવે નિર્મમ છું એ શબ્દ મુકે છે. **'निर्मम हूं-...'** મારો સ્વભાવ ધ્રુવ એકરૂપ રહેનાર, દરેક અવસ્થાઓમાં સદ્દશપણે સળંગ ટકનાર, તે હું નિર્મમ છું. એટલે **'मेरा यह...'** આ રાગ, શરીર, કર્મ એ મારા અને **'मैं इसका...'** અને હું એનો. **'ऐसे अभिनिवेशसे रहित हूं.'** સમજાણું કાંઈ? આ મારા પુણ્ય-પાપનો વિકલ્પ રાગ કે શરીર, કર્મ એ મારા અને હું એનો–હું ધ્રુવ સ્વરૂપ એ રાગનો, શરીરનો (છું) એવા મિથ્યા અભિપ્રાયથી રહિત છું. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? લ્યો! અમારા 'ફ્રાવાભાઈ'ને પૂછીએ એટલે પછી ઠીકને? આહાહા..! પરથી જુદો છે એને પરથી જુદાં યથાર્થપણે (કરવાનો) ઉપાય ચિન્તવનમાં શું (છે)? એ આ વાત ચાલે છે.

હું વસ્તુ તરીકે ધ્રુવ છું. દરેક પર્યાયમાં સળંગ રહેનારો એનો એ છું. અને આ મારા ને હું એનો એવા મિથ્યા અભિપ્રાયથી રહિત છું. હવે કર્મ ખરા કે નહિ આત્માના? અહીં તો કહે છે કે, ભાઈ! પુણ્ય ને પાપનો વિકલ્પ જે રાગ ઉઠે છે એ મારા અને હું એનો એ મિથ્યાદર્શન, મિથ્યા અભિપ્રાય છે. સમજાણું કાંઈ? એટલે આ મારો દેહ, વાણીની ક્રિયા આમાં આવી ગઈ. દેહની અવસ્થા તે હું અને એ મારા એવા અભિનિવેશથી રહિત છું. એમાં ન આવ્યું આમાં? આ જડની અવસ્થા કરતો નથી, આમાં આવ્યું કે નહિ? આવ્યું આમાં? આમાં ક્યાં આવ્યું? કર્તા નથી એવું ક્યાં આવ્યું? કર્તા નથી એવું ક્યાં આવ્યું? કહો. પણ એનો અર્થ થયો કે નહિ? કે, હું આ રૂપે નથી, એ મારા સ્વરૂપે નથી. એથી એના કાર્યો મારા સ્વરૂપે નથી અને મારું સ્વરૂપ એના કાર્યમાં જાતું નથી. આહાહા..! એમ છે ને? ભાઈ! 'મલૂપચંદભાઈ'! આ બધા કામ કોણ કરતું હશે? પૂછો ન્યાં તમારા છોકરાને. આહાહા..!

ભાઈ! જેવી ચીજ સ્વથી એકત્વ છે અને પરથી ભિન્ન છે, એ રીતે પરથી ભિન્ન અને સ્વથી એકત્વને અંતરમાં એકાગ્ર થવામાં ઉપાય કે, મારું આ નથી, હું એનો નથી. મારું આ નથી, હું એનો નથી. એવો જે મારું એ હું અને હું એ આ, એવો અભિપ્રાય તે મિથ્યાદર્શન, મિથ્યાશલ્ય છે. અભિનિવેશ કહ્યું છે ને? મિથ્યા અભિપ્રાય જૂઠો છે. ભાઈ! તારું હોય એ તારાથી જુદું ન પડે અને તારાથી જુદું પડે તે પ્રભુ! તારું હોય નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? એનો અર્થ એ કે, મારા સિવાય જેટલી આ બીજી ચીજો છે એમાં મને

મજા પડે, ઠીક પડે એવું મારામાં છે નહિ. આહાહા..! અનંત પર પદાર્થ, એમાં ક્યાંય મને મજા પડે છે (એવું છે નહિ). કેમકે એ હું નથી એટલે મને મજા પડે એવી કોઈ ચીજ મારા સિવાય પરમાં છે જ નહિ. 'મનસુખભાઈ'! સમજાણું? આહાહા..!

નિર્મમ **'મેરા યહ,...'** આ શરીર, સ્ત્રી, કુટુંબ, રાગ, કર્મ એ હોય તો મને ઠીક પડે છે. એનો અર્થ ઇ કે ઇ મારા છે. એનો અર્થ ઇ કે, હું એનો છું. એ મિથ્યાદર્શન–શલ્ય અભિપ્રાય મિથ્યા છે. સમજાણું કાંઈ? **'મેરા યહ' 'મૈં ઇસકા'** એનો અર્થ એ બધી ચીજો આમ દેખતા મને મજા પડે છે, ઉલ્લાસ થાય છે, આનંદ થાય છે, હરખ થઈને મને ઠીક પડે છે.

મુમુક્ષુ :– મને હુંફ આવે છે.

ઉત્તર :– હુંફ આવે છે, લ્યો. હુંફ લ્યોને. આ તો એમ દેખીને આમ પ્રમોદ (થાય). કોઈ રૂપાળું શરીર, કોઈ પૈસા, ધૂળ આમ દેખીને ત્યાં અટકે છે એનો અર્થ કે, ઇ મારા છે, ઇ મને મજા આપે છે. એનું નામ મિથ્યાદર્શન શલ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? અને હું એનો, એનો અર્થ કે, એને અનુકૂળતામાં હું મદદ કરનાર છું. બીજા પદાર્થને અનુકૂળતામાં, એની મજામાં, એની સગવડતામાં મારો અધિકાર છે, એમ માનનાર હું ત્યાં છું એમ માનનાર મિથ્યાદૃષ્ટિ મૂઢતાના અભિપ્રાયને સેવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

બે અર્થ થઈ ગયા. એ બોલ જુઓ! નિર્મમમાંથી બે કાઢ્યું **'મેરા યહ...'** આ મારું એનો અર્થ કે, એના કાર્યો મારા અથવા એના કાર્યોમાં મને મજા (પડે છે), દેહાદિની અવસ્થા દાળ, ભાત, લાડવાની, સ્ત્રીના શરીરની, એની અવસ્થાથી મને ઠીક છે એનો અર્થ એ કે, એ મારા છે. એ મારા નથી એને એ મારા માને છે એ જ મિથ્યા અભિપ્રાય એનો આગ્રહ–ઊંધો આગ્રહ છે. એ વસ્તુ જ મારામાં નથી. એ મારા ને હું એનો એ મારી ચીજમાં જ નથી. સમજાણું કાંઈ? આહાહા..! પચ્ચીસ વર્ષનો છોકરો પાંચ લાખ, દસ લાખ, પચ્ચીસ લાખ હોય એને પચાસ લાખ પેદા કરીને લાવ્યો હોય. બાપુજી! ત્યાં તો આમ હૈયું ફાટે. ભગવાન! તું ક્યાં છો તે તને આમ થાય છે? ભાઈ! તું ક્યાં છો તે તને આમ થાય છે? તું ત્યાં છો? એમાં કોઈ તારો અંશ છે કે તેથી તને ઉત્સાહ ને મજાની અભિપ્રાયની વૃત્તિ ક્યાંથી આવી તને? 'શશીભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :– ક્યાંથી આવી?

ઉત્તર :– ઊંધા ભાવમાંથી. ક્યાંથી શું? ઉઠાવગીર–વિપરીત અભિપ્રાય ઉઠાવે છે. આહાહા..!

હું એનો છું. એની બધી ક્રિયાઓ, એને સુખ જોતું હોય એમાં હું પૂરો પાડું એવો છું. બીજા પદાર્થને મારી સગવડતા આપીને હું એની સગવડતા પૂરી પાડું એવો છું. મૂઢ છો કહે છે, ભાઈ! એય..! આહાહા..! 'મોહનભાઈ'! આહા..! **'મૈં ઇસકા...'** હું એનો. એટલે

કે એને સુખ-દુઃખનો આપનારો હું. એવો મૂઢ અભિપ્રાય ધર્મીને વિચારમાં છે કે, એ અભિપ્રાય રહિત હું છું. મારામાં એ અભિપ્રાય નથી. સમજાણું કાંઈ? 'વજુભાઈ'! પછી આ બાપ ને મા ને આ બધા મકાનને ક્યાં નાખવા?

મુમુક્ષુ :– સેવા કોઈ નહિ કરે.

ઉત્તર :– સેવા નહિ કરે, લ્યો, ભાઈ! એય..! સેવા તો બધી નથી કરતાં? 'રામજીભાઈ' નો છોકરો ન્યાં ફરે છે. ન્યાં કેટલો ભણાવ્યો છે. દસ હજારનો પગાર. અહીં ટાંગો તૂટે તો અહીં એકલાએ રહેવું પડે છે. ન્યાં પેલો સામો આવતો નથી. એય..! 'મોહનભાઈ'! નહિતર તો લખે, બાપુજી! તમને કેમ છે? અમને ચિંતા થાય છે. એટલું ને. પણ અમે અહીં શું કેમ મરીએ છીએ ને શું થાય છે (એની ક્યાં ખબર છે). કેમ 'મલૂપચંદભાઈ'! આ છોકરા તમારા ક્યાંક પડ્યા છે, જુઓ! છે કાંઈ અહીં? બધાને પૈસા ખર્ચીને ભણાવ્યા, ગણાવ્યા એમ માનો છો. આહાહા..! ભારે પણ, આ ભ્રમણા ક્યાંથી ઊભી કરી?

ભાઈ! તારા સત્ત્વની અંદર પર તત્ત્વનો લેશ લેપ નથી અને પર તત્ત્વની અંદર તારો લેશ લેપ–સંબંધ નથી. છતાં એ અભિપ્રાય ઉભો કર્યો છે.

ધર્મી (કહે છે), એ અભિપ્રાય રહિત છે. અરે..! મારામાં મારું તે તારું નહિ અને જે પરનું તે મારામાં નહિ. આહાહા..! મારો આનંદ મારી પાસે છે, મારો આનંદ મારી પાસે છે. મારો આનંદ કોઈ ચીજને દેખવાથી, આહ્લાદ ઊપજવાથી, સંબંધથી એ આનંદ મારો નથી. સમજાણું કાંઈ? મારો આનંદ મારી પાસે છે. અને પરપદાર્થમાં તેની સ્વતંત્ર દશાઓ (થાય છે તે) તેની પાસે છે. એમ ધર્મી અંતરમાં પોતાના વિપરીત અભિનિવેશ રહિત છું એમ માને છે. જુઓ! આ ધર્મીના લક્ષણ. ધર્મી એટલે આ કર્યું ને તે કર્યું એમ નહિ. આહાહા..!

**'શુદ્ધ હૂં...'** હવે ત્રીજો શબ્દ આવ્યો **'एकोऽहं निर्ममः'** બે થઈ ગયા. **'શુદ્ધ હૂં, શુદ્ધનયકી અપેક્ષાસે, દ્રવ્યકર્મ ભાવકર્મસે રહિત હૂં...'** લ્યો! રહિત છું. એમ એની વ્યાખ્યા, શુદ્ધની વ્યાખ્યા. શુદ્ધનયની અપેક્ષાએ મારો ભગવાન સ્વભાવ, ભગવાન એટલે મહિમાવંત ત્રિકાળી આનંદ સ્વભાવ એને જોનારી નયે, એને જોનારા જ્ઞાનની આંખે હું જડકર્મ ભાવ નામ પુણ્ય-પાપના રાગભાવ, એનાથી હું રહિત છું. સમજાણું કાંઈ? આ વ્યવહારના રત્નત્રયના વિકલ્પથી રહિત છું એમ કહે છે, ભાઈ! આહાહા..! હું તો જ્ઞાનસ્વરૂપી ભગવાન, અનાકુળ આનંદનું ધામ એ શુદ્ધનયે હું તદ્દન રાગ, નિમિત્તકર્મ એનાથી રહિત છું. સમજાણું કાંઈ? ભારે શબ્દો ટૂંકા ગોઠવ્યા છે!

**'કેવલિયોંકે દ્વારા...'** હવે **'ज्ञानी योगीन्द्रगोचरः'** એની વ્યાખ્યા છે. **'ज्ञानी योगीन्द्रगोचरः'**. સમજાય છે કાંઈ? **'કેવલિયોંકે દ્વારા તો અનન્ત પર્યાય સહિત રૂપસે ઔર શ્રુતકેવલિયોંકે દ્વારા શુદ્ધોપયોગમાત્રરૂપસે જાનનેમેં આસકને લાયક હૂં...'** હું કેવો છું? કે, કેવળીઓ દ્વારા, સર્વજ્ઞ પરમેશ્વર દ્વારા તો **'અનંત પર્યાય સહિતરૂપસે...'** મારી અનંત પર્યાયો સહિતરૂપથી

**'જાનનેમેં આસકને લાયક હૂં...'** આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વરના જ્ઞાન દ્વારા હું અનંત પર્યાયસહિત **'જાનનેમેં આસકને લાયક હૂં...'** વાહ..! કેવળજ્ઞાનીને નાખ્યા જુઓને! આહાહા..! ગજબ કામ કર્યું છે! ભારે વાત છે. હું જે આ આત્મા એ સર્વજ્ઞ પરમેશ્વર મારા પર્યાય સહિત, બધી પર્યાય સહિતને એને **'જાનનેમેં આસકને લાયક હૂં...'** આહાહા..! સમજાય છે કાંઈ? બહુ વાત, ગજબ વાત. કેવળીઓ મને આ રીતે જાણી શકે એવો હું છું, એમ પાછું. એવો હું છું. 'શેઠ'!

મુમુક્ષુ :– બરાબર!

ઉત્તર :– એ તો વાત કરે છે કે જેને આત્માનું કલ્યાણ કરવું હોય તેણે આમ સમજવું અને માનવું. બાકી તો સંસાર ચાલે જ છે. તમારે ક્યાં પડી છે કોઈની? તમને કોણ પૂછે એવું છે ન્યાં. ઇ કહે કે, તારણસ્વામીવાળા છે, જાવ કાઢી નાખો. આ 'સોનગઢ'વાળા કરો હવે. એવી દરકાર રાખી હોય તો આવે શેના અહીંયાં. કહે છે એ વાત સાચી છે. આ 'સોનગઢ'વાળા છે કે આત્માવાળા છે? ભાઈ! સાંભળને હવે. આહાહા..! કહો, 'હીરાલાલજી'! વાહ..! ટીકા પણ નાખી છે ને!

**'ज्ञानी योगीन्द्रगोचरः'** એ હું મને ગમ્ય અને કેવળીને ગમ્ય, બેય નાખવું છું. આહા..! હું ધ્રુવ, પૂર્વ પર્યાય, પૂર્વ અપર પર્યાયના સંબંધવાળો (છું). આ મારું, હું એના રહિત શુદ્ધનયની અપેક્ષાએ રાગ ને કર્મ રહિત શુદ્ધ છું. એવો હું, એવો હું અનંત પર્યાય સહિતરૂપ છે, પાછો એમ. મારું તત્ત્વ કેવળજ્ઞાનીના જ્ઞાનમાં **'અનંત પર્યાય સહિત રૂપસે જાનનેમેં આસકને લાયક હૂઁ...'** ભાઈ! એમ છે ને એની સાથે સંબંધ? પેલો શબ્દ (છે) એની સાથે સંબંધ છે ને? **'જાનનેમેં આસકને લાયક હૂં...'** **'કેવલીઓં દ્વારા અનંત પર્યાયરૂપસે જાનનેમેં આસકને લાયક હૂં...'** મારા **'શ્રુતકેવલિયોંકે દ્વારા શુદ્ધોપયોગમાત્રરૂપસે જાનનેમેં આસકને લાયક હૂં...'** મારું સ્વરૂપ જ શ્રુતકેવળીઓ દ્વારા (જણાય) એવો હું શુદ્ધોપયોગમાત્રરૂપ, શુદ્ધ ઉપયોગરૂપમાત્ર હું. એવો જણાવાને લાયક છું. **'એસા મૈં આત્મા હૂં...'** પછી કહે છે એવો હું આત્મા છું. સમજાણું કાંઈ? હું આવો છું, એમ કીધું ને?

**'ज्ञानी योगीन्द्रगोचरः'** **'ज्ञानी योगीन्द्रगोचरः'** કોણ? હું. હું **'ज्ञानी योगीन्द्रगोचरः'**. યોગીન્દ્રગોચરના બે અર્થ કર્યા. હું કેવળજ્ઞાનીને અનંત પર્યાય સહિત જાણવાને લાયક છું, ઇ મને આવો જાણે એમ હું છું. અને શ્રુતકેવળીઓ દ્વારા શુદ્ધોપયોગમાત્રરૂપથી. ભલે એનો ભેદ વિશેષ જાણે નહિ. હું પણ શ્રુતકેવળી દ્વારા એટલે શ્રુતજ્ઞાન દ્વારા શુદ્ધોપયોગમાત્ર છું એમ હું જાણું છું, એમ કહે છે. શુદ્ધોપયોગમાત્ર છું, શુદ્ધોપયોગમાત્ર છું એવો હું છું. સમજાણું કાંઈ?

**'શુદ્ધોપયોગમાત્રરૂપસે જાનનેમેં આસકને લાયક હૂં...'** મને પણ હું મારા શુદ્ધોપયોગ દ્વારા, એ શુદ્ધોપયોગ અહીં નહિ, અહીં શુદ્ધઉપયોગમાત્ર હું મને જાણવાને લાયક છું. સમજાણું

કાંઈ? મારું હોવાપણું આટલું છે એમ હું જાણું છું. હું તો શુદ્ધઉપયોગમાત્ર છું એમ હું જાણું છે. એવો હું આત્મા છું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અશુદ્ધ ઉપયોગ નથી?

ઉત્તર :– અશુદ્ધ-બશુદ્ધ છે નહિ. એ તો અહીંયા શુદ્ધમાં કાઢી નાખ્યું ને. આહાહા..! સમજાણું?

**'स्वपरप्रकाशकस्वभावो योगीन्द्रगोचरोऽनन्तपर्यायविशिष्टतया केवलिनां शुद्धोपयोगमात्र-ममत्वेन श्रुतकेवलिनां'** એવો હું છું. હું આ રીતે મને જાણું, આવો હું છું એવી રીતે હું જાણું એવો હું છું. લ્યો! સમજાણું કાંઈ? જાણવાનું શું કહ્યું છે? જાણવાનું શું કહ્યું આમાં? **'अनन्तपर्यायविशिष्टतया'** એમ કહ્યું ને? શું? **'अनन्तपर्यायविशिष्टतया'** કોણ? કેવળી. બસ! પોતાનો આત્મા થયો ને? કેવળી આવું જાણે કીધું ને? કેવળી આવું જાણે. અનંત પર્યાય સહિત કેવળી જાણે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ કેવળી છે ઇ આમ જાણે અને હું કેવળી થઉં તો આવું જાણું. એ તો એનું એ થયું ને? કેવળી છે ઇ આવું જાણે અને હું કેવળી થાઈશ તોય આવું જાણું, એ તો એકની એક વાત થઈ. ભાઈ! સમજાણું ને? કેવળજ્ઞાન થાય, તો કેવળજ્ઞાન તો અત્યારે છે નહિ. કેવળજ્ઞાની પણ આત્માને આવો જાણે છે અને હું પણ કેવળજ્ઞાની થાઈશ તો આત્માને આવો જાણું. પર્યાયસહિત જાણું. અત્યારે શ્રુતકેવળીમાં નહિ. અત્યારે તો શ્રુતકેવળ દ્વારા શુદ્ધોપયોગમાત્રરૂપથી જાણવા લાયક છું. મને વર્તમાનમાં પણ શુદ્ધોપયોગમાત્ર છું એમ જાણવાને લાયક છું. બીજું મારામાં કાંઈ છે જ નહિ. કહો, સમજાણું કાંઈ?

**'જ્ઞાની યોગીન્દ્રગોચરઃ, કેવલિયોંકે દ્વારા તો અનન્ત પર્યાય સહિત રૂપસે ઔર શ્રુતકેવલિયોંકે દ્વારા શુદ્ધોપયોગમાત્રરૂપસે જાનનેમેં આસકને લાયક હૂં...'** હું છું ને પણ. પોતે જાણનાર છું ને આવો હું છું. કેવળી જાણે આમ ને શ્રુતકેવળી જાણે એવો હું આવો જાણનાર છું. મારું સ્વરૂપ જ એવું છે. **'એસા મૈં આત્મા હૂં...'** એવું કેવળજ્ઞાની દ્વારા જણાય કે કેવળજ્ઞાન મારા કેવળજ્ઞાન દ્વારા જાણે. કેવળજ્ઞાન અત્યારે તો ક્યાં છે. સમજાણું કાંઈ? કેવળજ્ઞાનમાં અનંત પર્યાયસહિત મારો આત્મા જણાય અને શ્રુતકેવળીમાં, શ્રુતકેવળી એટલે નીચે શુદ્ધોપયોગમાત્ર છું એમ જાણે. શુદ્ધોપયોગમાત્ર એટલે પર્યાયરૂપે તો ન જાણે. શુદ્ધોપયોગમાત્ર આત્મા છું.

મુમુક્ષુ :– નિર્મમત્વનો ઉપાય કહ્યો.

ઉત્તર :– નિર્મમત્વ નામ પરથી ભેદ પાડવાનો ને સ્વથી એકત્વ થવાનો આ ઉપાય, બીજી ભાષા કહીએ તો. પરથી નિર્મમત્વ એટલે વિભક્ત. સ્વથી એકત્વ (થવાનો) આ ઉપાય છે. સમજાણું કાંઈ? મમ તે એકત્વ છે, નિર્મમ તે પૃથક્ છે, વિભક્ત છે. એકત્વ-વિભક્ત.

સમજાણું કાંઈ? હું આવો છું, પરથી વિભક્ત છું, નિર્મમત્વ છું, પરથી નિર્મમત્વ છું. ત્યારે હવે છું કેવો? તો પહેલું કીધું, ધ્રુવ છું, આવો છું. હું મને પણ જણાવવાને લાયક કેવળજ્ઞાનની પર્યાયે આવો છું. અત્યારે ક્યાં કેવળજ્ઞાન પર્યાય છે. કેવળજ્ઞાની પણ જાણે તો એવો હું અત્યારે છું. કેવળજ્ઞાની મારી અનંત પર્યાયને જાણે એવો હું છું, એમ હું મને જાણું છું, એમ હું મને જાણું છું. અને શ્રુતકેવળીઓ મને આમ જાણે એવો હું સંવેદ્ય છું. સંવેદ્ય નાખ્યું ને પાછું એની અંદર? **'संवेद्योहम'** એમ લખ્યું છે ને? છે ને? **'संवेद्योहमात्मास्मि'** એવો હું સંવેદ્ય મારાથી જણાઉં આવો હું છું. સમજાણું કાંઈ? આહાહા..!

મારી પર્યાય એકલી કૈવલ્ય હોય તો હું આ રીતે અનંત પર્યાયસહિત જાણી શકું. શ્રુતપર્યાય હોય તો શુદ્ધઉપયોગ માત્ર છું, એમ હું જાણું. એ રીતે હું સંવેદ્ય થઈ શકું છું. સમજાણું કાંઈ? **'ऐसा मैं आत्मा हूं...'** એવો હું અથવા એવો મારો આત્મા છે. એવો મારો આત્મા છે, કે અનંત પર્યાયસહિત જણાય અને શુદ્ધ ઉપયોગમાત્ર જણાય એવો હું આત્મા છું. કહો, સમજાણું આમાં?

હવે છેલ્લું (૫૬). **'बाह्याः संयोगजा भावा'** **'और जो संयोगसे-द्रव्यकर्मोंके सम्बन्धसे प्राप्त हुए देहादिक पर्याय हैं, वे सभी मुझसे हर तरहसे...'** જુઓ! ખુલાસો કર્યો છે ત્યાં. દ્રવ્ય-ગુણ-પર્યાય લીધી. સમજાણું? **'हर तरहसे...'** શબ્દમાં એમ લીધું. .**'द्रव्यकर्मसंबन्धाद्याता मया सह संबान्धं प्राप्ता भावा देहादयस्ते सर्वेऽपि मत्तो मत्सकाशात्सर्वथा सर्वेण'** શેનો અર્થ કર્યો એ? સર્વથા એમને?

મુમુક્ષુ :– હર તરહસે.

ઉત્તર :– હર તરહસે. બસ! મારે ઇ કાઢવું હતું એમાં. હર તરહસે ક્યાંથી કાઢ્યું?

મુમુક્ષુ :– **'सर्वथा सर्वेण द्रव्यादिप्रकारेण'**

ઉત્તર :– સર્વથા ક્યાં આવ્યું? આમાં દેખાણું નહિ.

મુમુક્ષુ :– છેલ્લે છે.

ઉત્તર :– છેલ્લી?

મુમુક્ષુ :– છેલ્લીની આગળ, છેલ્લેથી બીજી.

ઉત્તર :– **'सर्वेण'** ઠીક હા, આવ્યું. **'सर्वेऽपि मत्तो मत्सकाशात्सर्वथा सर्वेण'** બસ, એ આવ્યું. જોયું? **'सर्वथा सर्वेण द्रव्यादिप्रकारेण'** અહીં તો ... **'संयोगसे-द्रव्यकर्मसे सम्बन्धसे प्राप्त हुए देहादिक पर्याय हैं, वे सभी मुझसे हर तरहसे...'** સર્વથા પ્રકાર. એનો અર્થ કર્યો ને? સર્વથા પ્રકાર શબ્દ નાખવાનો પ્રકાર ઠીક હતો. સર્વથા પ્રકારે મારાથી એ બધું ભિન્ન છે. સર્વથા પ્રકાર કથંચિત્ પ્રકાર નહિ. કહો, સમજાણું? મારાથી બધા પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયથી સર્વથા ભિન્ન છે.

**'सर्वेऽपि'** એક, **'सर्वथा'** બે, **'सर्वेण'** ત્રણ. અંદર ત્રણ શબ્દ છે, ભાઈ! **'सर्वेऽपि'** મારા

સિવાય બધું, **'सर्वथा'** અને **'सर्वेण'**. **'सर्वेण'** નો અર્થ 'હર તરહ' કર્યો? એનો બે અર્થ નથી કર્યા એણે. બે કરવો જોઈએ ને. **'सर्वथा'** અને **'सर्वेण'**. **'सर्वथा'** અને **'सर्वेण'** જોઈએ ને? એ શબ્દનો અર્થ થોડો પડ્યો રહ્યો, નહિ?

મારું સ્વરૂપ તો અખંડ આનંદ જ્ઞાયકમૂર્તિ (છે). કેવળજ્ઞાનમાં અનંત પર્યાય સહિત જણાય, અને શુદ્ધ ઉપયોગમાત્ર છું એ જ્ઞાનમાં નીચે જણાય. કહો, સમજાણું કાંઈ? ભારે ઝીણું, ભાઈ! પરની દયા પાળવી, વ્રત પાળવા, ચોવિહાર (કરવા) સહેલું સટ (હતું). 'ભગવાનભાઈ'! કોઈ દી' આ (સાંભળ્યું નહોતું). પોણો સો વર્ષ થયા સાંભળી સાંભળીને આ સૂઝ ન પડી એમાં. કહે છે કે, પ્રભુ! તારી ચીજ જ એવી છે કે અનંત પર્યાય સહિત જ્ઞાનમાં જણાય એવી ચીજ છો અને શુદ્ધ ઉપયોગમાત્ર જણાય એવી પણ તું ચીજ છો. શું સમજાણું? તારા વેદનમાં આ રીતે આવે એવો તું છો.

મુમુક્ષુ :– આવું સાંભળેલું નહિ.

ઉત્તર :– સાંભળેલું નહિ, હતું નહિ ને હતું નહિ. બહારના કડા-કુટામાં લોકોની જિંદગી ગઈ. અંદર લાયકાત વિના, પાત્રતા વિના સાંભળે ક્યાંથી, મળે ક્યાંથી.

હું આવો છું, એમ કીધું ને? હું **'ज्ञानी योगीन्द्रगोचरः'** એમ છે ને? હું આવો છું, હું આત્મા આવો છું. કેવળજ્ઞાની અનંત પર્યાયસહિત જાણે અને નીચે શ્રુત સામાન્ય જ્ઞાની, જ્ઞાનીને ગોચર શુદ્ધ ઉપયોગમાત્ર જ્ઞાનીગોચર છું, શુદ્ધ ઉપયોગમાત્ર એટલો છું. કહો, સમજાણું?

બાકી જેટલા **'संयोगसे-द्रव्यकर्मोंके सम्बन्धसे...'** એમ સંયોગની વ્યાખ્યા કરી. પ્રાપ્ત થયા આ દેહાદિક, વિકાર આદિ બાહ્ય બધું. **'સભી મુઝસે હર તરહસે,...'** સર્વથા પ્રકારે **'(દ્રવ્યસે ગુણસે પર્યાયસે) બિલ્કુલ જુદે હૈં.'** શરીર, કર્મ, બાયડી, છોકરા, કુટુંબ, દેશ, પરિવાર, મહાવીર ભગવાન તીર્થંકર એના સમેદશિખર, સમવસરણ એ બધું આવતું હશે કે નહિ એમાં? એ બધા સર્વથા પ્રકારે સર્વ દ્રવ્યોના જેટલા પ્રકાર છે બધા **'सर्वेऽपि'**. **'બિલકુલ જુદે હૈં.'** મારાથી જુદાં છે. એમ અંદર ભાવના ઉપાય છે, ભાવનાનો એ ઉપાય છે. કહો, સમજાણું આમાં? આ ઉપાયથી ઉપેય–મોક્ષ પમાય છે.

મુમુક્ષુ :– આમાં તો મિષ્ટાનનું જ ભાણું પીરસાય છે.

ઉત્તર :– હરખ જમણમાં તો જમણ જ હોય ને! ન્યાં રોટલી પીરસતા હશે કોઈ દી'? હરખ જમણને શું કહે છે? તમારે કાંઈક હશે ને. લગ્ન પછી હરખ જમણ નથી કરતાં? પ્રીતિ ભોજન. પ્રીતી કહો કે હરખ કહો, એમાં શું છે?

આવો હું મને જણાઉં એવો છું, આવો હું મને જણાય એવો છું. આહાહા..! પેલા કહે છે કે, એ ન જણાય, એ આપણને ખબર પડે નહિ. એવો છું એ આપણને ખબર પડે નહિ. અહીં શું કહે છે? સમજાણું કે નહિ? શ્રુતકેવળીઓ શુદ્ધ ઉપયોગમાત્ર (જાણે), શ્રુતકેવળીઓ દ્વારા (એમ જણાઉં છું), કેવળજ્ઞાન (દ્વારા અનંત પર્યાયસહિત જણાય) એ

બધો એવો હું પોતે છું એમ મને જણાય એવો છું. એવો હું છું એવો મને જણાય એવો છું, એમ કહે છે. સમજાણું કાંઈ? લ્યો! ૨૭ (ગાથા પૂરી) થઈ. ભારે ચડીયાતી ગાથા પણ! જરીક મગજમાં ન સમજાય એને કંટાળો આવી જાય, હોં! પણ શરીયાત નાખી ને. ન સમજાય એને, કીધું. ઇ કરતાં પાંચ હજાર દાન દેવું, દયા પાળવી, શરીરે બ્રહ્મચર્ય પાળવું, જાવ .... સમજાય ઝટ. કહો, 'વજુભાઈ'! આવું ન્યાં સાંભળવાય મળે નહિ 'મુંબઈ'. ન્યાં ક્યાંય કલકત્તામાંય. આહાહા..! લ્યો! એ પૂરું થયું, ૨૭ (ગાથા) પૂરી થઈ.

**दोहा - मैं इक निर्मम शुद्ध हूँ, ज्ञानी योगीगम्य।**
**कर्मोदयसे भाव सब, मोते पूर्ण अगम्य।।२७।।**

જ્ઞાનીગમ્ય (છું) પણ હું પણ મને ગમ્ય છું ને! ઇ કેમ કીધું? પૂર્ણ અગમ્ય, અગમ્ય એટલે જુદું. **'મોતે પૂર્ણ અગમ્ય...'** નાખ્યું.

મુમુક્ષુ :– જુદા.

ઉત્તર :– જુદા. થોડું જુદું છે એમ કહે છે. ગમ્ય છું, જ્ઞાનમાં છું, એ જ્ઞાનમાં છે પણ અગમ્ય એટલે જુદું છે.

**'મૈં ઇક નિર્મમ શુદ્ધ હૂં, જ્ઞાની યોગીગમ્ય'** જ્ઞાની યોગીગમ્યમાં જ્ઞાની હું પણ પોતે યોગી છું, એમાં ગમ્ય છું. એમાં ભેગું આવી જાય છે. **'કર્મોદયસે ભાવ સબ,...'** જેટલા કર્મના ઉદયથી થયેલા ભાવ વ્યવહાર શુભ-અશુભ રાગ, વિકલ્પ, શરીર, વાણી, કર્મ આ બધા બહારના ફળ. **'મોતે પૂર્ણ અગમ્ય'** એ મારાથી તદ્દન જુદા છે. મારે ને એને કાંઈ સંબંધ નથી. એવા અભિપ્રાય સહિત આત્માને જાણવો આ એનું નામ સમ્યગ્જ્ઞાન ને સમ્યગ્દર્શન છે. ઓહોહો..!

સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આવું ક્યાંય હોઈ શકે નહિ. કોઈ ઠેકાણે ત્રણકાળ, ત્રણલોકમાં. એક તો અશુદ્ધનય ને વળી દ્રવ્યના સંબંધે ભાવ ને એ હું નહિ ને બીજી ચીજ જ માને નહિ ત્યાં પછી આ હું નહિ ને આ હું ક્યાંથી આવે? 'શશીભાઈ'! વેદાંતમાં એ ન આવે. વસ્તુ સ્વરૂપ આવું છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરે જોયેલું, કહેલું, જાણેલું.

એવો હું ભગવાનઆત્મા મારા જ્ઞાનથી ગમ્ય (છું). અનંત પર્યાય સહિત ગમ્ય અને કાં શુદ્ધઉપયોગ માત્ર ગમ્ય છું. એવો હું મારાથી લાયક છું.

---

**फिर भावना करनेवाला सोचता है कि देहादिकके सम्बंधसे प्राणियों को क्या होता है? क्या फल मिलता है? उसी समय वह स्वयं ही समाधान भी करता है कि-**

**दु:खसंदोहभागित्वं, संयोगादिह देहिनाम्।**
**त्याजाम्येनं ततः सर्वं, मनोवाक्कायकर्मभिः।।२८।।**

अर्थ :- इस संसारमें देहादिकके सम्बंधसे प्राणियोंको दुःख-समूह भोगना पड़ता है-अनन्त क्लेश भोगने पड़ते हैं, इसलिये इस समस्त सम्बंधको जो कि मन, वचन, कायकी क्रियासे हुआ करते हैं, मनसे, वचनसे, कायसे छोड़ता हूँ। अभिप्राय यह है कि मन, वचन, कायका आलम्बन लेकर चंचल होनेवाले आत्माके प्रदेशोंको भावोंसे रोकता हूँ। `आत्मा, मन वचन कायसे भिन्न है,' इस प्रकारके अभ्याससे सुखरूप एक फलवाले मोक्षकी प्राप्ति होती है, और मन, वचन, कायसे आत्मा अभिन्न है, इस प्रकारके अभ्याससे दुःखरूप एक फलवाले संसारकी प्राप्ति होती है, जैसा कि पूज्यपादस्वामीने समाधिशतकमें कहा है- `स्वबुद्धया यत्तु गृह्णीयात्०'

`जबतक शरीर, वाणी और मन इन तीनोंको ये `स्व हैं-अपने हैं' इस रूपमें गृहण करता रहता है। तबतक संसार होता है, और जब इनसे भेद-बुद्धि करनेका अभ्यास हो जाता है, तब मुक्ति हो जाती है।' ।।२८।।

दोहा - प्राणी जा संयोगते, दुःख समूह लहात।
याते मन वच काय युत, हूँ तो सर्व तजात।।२८।।

---

**'ફિર ભાવના કરનેવાલા સોચતા હૈ કિ દેહાદિકકે સમ્બંધસે પ્રાણિયોંકો ક્યા હોતા હૈ?'** હવે આ પ્રશ્ન આવ્યો છે. 'જેચંદભાઈ'! કહે છે કે, આ રોગ થાય ને એનું લક્ષ કરે તો શું થાય? એમ કહે છે. **'દેહાદિકકે સમ્બંધસે પ્રાણિયોંકો ક્યા હોતા હૈ? ક્યા ફલ મિલતા હૈ? ઉસી સમય વહ સ્વયં હી સમાધાન ભી કરતા હૈ કિ-'** ધર્મી છે ને? એટલે થાય છે ને એનું સમાધાન પણ કરે છે.

दुःखसंदोहभागित्वं, संयोगादिह देहिनाम्।
त्यजाम्येनं ततः सर्वं, मनोवाक्कायकर्मभिः।।२८।।

**અર્થ :- 'ઇસ સંસારમેં દેહાદિકકે સમ્બંધસે પ્રાણિયોંકો દુઃખ-સમૂહ ભોગના પડતા હૈ...'** લ્યો! એટલે કે સ્વભાવનો સંબંધ છોડીને જેટલો આમ (પર)લક્ષનો સંબંધ કરે તેટલું તેને દુઃખ ભોગવવું પડે, એમ કહે છે. ભગવાનઆત્મા જ્ઞાનાનંદ છે એનો સંબંધ છોડીને જેટલો પરનો સંબંધ લક્ષમાં લે છે એવા દેહાદિકના સંયોગથી. જુઓ! દેહનો સંયોગ, એના રોગના સંયોગનું લક્ષ જાય આ મને... આ મને... આ મને... આ બાયડીનો સંયોગ, આ પૈસાનો સંયોગ, આબરૂનો સંયોગ, કહો, એના સંબંધથી તો પ્રાણીઓને દુઃખનો ઢગલો ભોગવવો પડે છે. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ (છે) એના સંબંધથી આનંદની પ્રાપ્તિ થાય અને અહીં જ્યાં સંબંધમાં જોડાણો, આ સંબંધમાં જોડાણો, હોં! એટલે ત્યારે ત્યાં સંબંધ થયો ને!

**'દેહાદિકકે સંબંધસે...'** દેહ, રોગ, વાણી, **'દુઃખ-સમૂહ ભોગના પડતા હૈ...'** દુઃખનો ઢગલો ભોગવવો પડે છે. શું કહ્યું? શરીરના રોગને લઈને કે શરીરને લઈને એમ નહિ. આમ સંબંધ કરતાં દુઃખનો સમૂહ ભોગવવો પડે છે. આ મને (થયું). તારામાં ક્યાં હતું? આ મને (થયું). હું આનંદ છું એમ અંતરના સ્વસ્વભાવ સંબંધને છોડી જે ચીજનો એને સંબંધ નથી એના સંબંધમાં લક્ષ કરીને એના સંબંધે અનંતા દુઃખના પોટલા વહેવા પડે છે. બરાબર હશે 'હીરાલાલજી'? આ દુકાન-બુકાન ધંધામાં પાંચ પાંચ લાખ પેદા થાય, બબ્બે લાખ પેદા થાય તોય? 'શેઠ'! તમને તો બહુ બધા સુખી કહે છે, પૈસાવાળા બહુ કહે છે. 'બુલંદશહેર'ના... શું કહેવાય? 'બુંદેલખંડના' રાજા! ધૂળમાંય નથી. કહે છે, અહીં કોઈનો-

**'દેહાદિકકે સંબંધસે...'** દેહ, વાણી, મન, બાયડી, છોકરા, કુટુંબ, બાહ્ય કોઈ પણ (ચીજ), એનો આમ સંબંધ કર્યો ત્યાં રાગ ઉત્પન્ન થયો, રાગ ઉત્પન્ન થયો એ દુઃખનો સમૂહ છે, કહે છે. આહાહા..! પરના સંબંધમાં ક્યાં ન્યાં શાંતી હતી? પોતાનો સ્વભાવ અંતરના સ્વભાવના સંબંધે શાંતિ (થાય). ત્યારે પરના સંબંધે અશાંતિ દુઃખના ઢગલા (ભોગવે), એમ કહે છે. આહાહા..! બધા એલ.એલ.બી. ભણે ને બી.એ. ને આમ બધા મોટા પૂંછડાં વળગાડે. એલ.એલ.બી. તો આ બેઠા અમારે, પણ બીજા ઘણા હોય છે ને! મોટા-મોટા પગાર પાંચ પાંચ હજાર, દસ દસ હજાર. લ્યો! કાંઈક સંબંધમાં કાંઈક હશે કે નહિ? અહીં તો દુઃખનો સમૂહ છે. આ 'સુમનભાઈ'ને દસ હજારનો પગાર મળે તો એમાં દુઃખ હશે?

મુમુક્ષુ :- આખી દુનિયાને એમ છે, કોઈનો અપવાદ હોય કાંઈ?

ઉત્તર :- અહીં તો ચોખ્ખું કરવા માટે તો અહીં છે. મેલું રાખવાની અહીં વાત ક્યાં છે? લાખ રૂપિયા મહિને મળે તોય ધૂળના દુઃખી, દુઃખી ને દુઃખી છે બધા. આહાહા..! આમ ચૈતન્ય ભગવાન અનાકુળ આનંદનો કંદ છે એનો સંબંધ કરતો નથી ને અહીં સંબંધમાં જાય તો એને ન્યાં ક્યાં સુખ હતું. ધૂળ. આહાહા..! બહુ ભારે વાત, ભાઈ! આ તો. કહો, 'અમુલખભાઈ' શું હશે આ? આ બધા લાતીના પૈસા પેદા થાય લાખો, મોટા લાકડા બે ત્રણ લાખના (આવતા હોય)... આહાહા..! ભગવાન! તારી ચીજમાં શું ખામી છે કે તને પરનો સંગ કરવો પડે છે? એમ કહે છે.

**'અનન્ત ક્લેશ ભોગને પડતે હૈં,...'** લ્યો! આહાહા..! પોતાનું રાગથીરહિત અસંગ તત્ત્વ ભાવકર્મ-વિકલ્પ રાગ, ને જડકર્મથી ભિન્ન અસંગ તત્ત્વ, એ અસંગના સંગને છોડીને બહારના સંબંધમાં જોડાય એટલું અનંતું ક્લેશ ને દુઃખ છે, કહે છે. આહાહા..! **'ઇસલિયે ઇસ સમસ્ત સમ્બંધકો જો કિ મન, વચન, કાયકી ક્રિયાસે હુઆ કરતે હૈં,...'** દેખો! મન, વચન ને કાયામાં થાય ને સંબંધમાં? એમ કહે છે. **'મનસે, વચનસે, કાયસે છોડતા હૂં.'** લ્યો! જ્યાં મન, વચનથી સંબંધ થાય છે ત્યાં એને છોડું છું એમ કહે છે. મન, વચન, કાયાથી આમ સંબંધ થાય છે એને હું છોડું છું. એના તરફનું લક્ષ છોડું છું એમ કહે છે. મન તરફનું લક્ષ, વાણી

તરફનું લક્ષ, દેહ તરફના લક્ષે સંબંધ જે થાય છે આમ આહા..! ગુલાંટ ખાય છે. મન, વચન ને કાયાથી તે સંબંધ છોડું છું. મારા સ્વભાવના સંબંધને કરું છું. કહો, સમજાણું કાંઈ? પોતે ને પોતે સમાધાન કરે છે ને? એમ છે ને એમાં? **'ઉસી સમય વહ સ્વયં સમાધાન કરતે હૈં...'** એમ છે ને? સમજાય છે?

**'અભિપ્રાય યહ હૈ કિ મન, વચન, કાયાકા આલમ્બન લેકર ચંચલ હોનેવાલે આત્માકે પ્રદેશ...'** એમ કહે છે. સમજાણું? નિમિત્ત છે, મન, વચન, કાયા તો નિમિત્ત છે પણ પેલા પ્રદેશ કંપે છે ને? **'આલમ્બન લેકર ચંચલ હોનેવાલે આત્માકે પ્રદેશોંકો ભાવોંસે રોકતા હૂં.'** દેખો! એના તરફનો સંબંધ જ છોડી દઉં. કંપનનો આદિ સંબંધ નહિ. મનને, વચનને, કાયાના નિમિત્ત સંબંધે જે પ્રદેશો કંપે તેને હું ત્યાં સંબંધમાં જતાં અટકાવી અહીં સંબંધમાં જોડું છું. ઓહોહો..! **'આલમ્બન લેકર ચંચલ હોનેવાલે આત્માકે પ્રદેશોંકો...'** યોગને લીધું છે, ભાઈ! કંપન છોડવું તો ઠીક, પણ એના ભાવ તરફ લક્ષ જાય છે. કંપન એને કહેવાય છે. અશુદ્ધભાવને બહારથી સંબંધ છે ને? એવા ભાવને રોકું છું. એનો અર્થ કે, હું મારા સ્વભાવમાં સંબંધ કરું છું, સ્વભાવમાં... સ્વભાવમાં... સ્વભાવમાં... એમ ધર્મી સમાધાન (કરે છે). સંબંધમાં ન જોડાતા પાછો વળીને પોતે પોતાના સંબંધમાં જાય છે એમ સમાધાન કરે છે. ત્યાં આગળ શાંતિ ને આનંદ છે એનું નામ આત્માનો ધર્મ કહેવાય છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૪૯૨, ચૈત્ર વદ ૧૪, મંગળવાર
## તા. ૧૯-૦૪-૧૯૬૬
## ગાથા-૨૭ થી ૨૮ પ્રવચન નં. ૩૨

'ઇષ્ટોપદેશ' 'પૂજ્યપાદસ્વામી'નો કરેલો છે. એ ૨૭મી ગાથા ફરીને થોડી લઈએ. ૨૭ છે ને? ૨૭. શું કહે છે? જુઓ! વિશદાર્થ છે, એનો શબ્દાર્થ છે (એમાં) થોડોક ફેર છે. ધર્મી પોતાના આત્માને કેવો વેદે છે, કેવો જાણે છે એ વાત આમાં છે. સમજાણું કાંઈ? ધર્મીજીવ-સમ્યગ્દૃષ્ટિ-જ્ઞાની-પોતાના આત્માને કેવો જાણે છે અને કેમ વેદે છે એનું સ્વરૂપ છે.

દ્રવ્યાર્થિકનયે એક (છું). હું વસ્તુ તરીકે કાયમ રહેનાર છું. દ્રવ્ય એટલે વસ્તુ. એ અપેક્ષાએ એક છું. અર્થાત્ પૂર્વાપર પર્યાયમાં અન્વયરૂપ છું. હું, ગઈ અવસ્થાઓ ને વર્તમાન વર્તતી કે થશે બધામાં મારો સ્વભાવનો અન્વય સંબંધ છે. દરેક પર્યાયમાં હું સળંગ રહેલું તત્ત્વ છું. સમજાણું?

આ આત્મા દ્રવ્યાર્થિક(નયે) દ્રવ્યથી એક એટલે કે ગત અવસ્થા ભૂતકાળની થઈ, ભવિષ્યની (થશે), વર્તમાન (છે, એ) બધામાં હું ધ્રુવરૂપે સદશ અન્વય કાયમ રહેનાર છું. એમ ધર્મી પોતાના આત્માને અંતરમાં જાણે છે. કહો, સમજાણું આમાં?

નિર્મમ છું. આ મારું અને હું આનો એવા અભિનિવેશથી શૂન્ય છું. આ પુણ્ય-પાપ રાગાદિ કે દેહાદિ મારા કે એ પુણ્ય-પાપ અને દેહનો હું, એવા અભિપ્રાયથી શૂન્ય છું. એવા આગ્રહથી હું ખાલી છું. કહો, સમજાય છે આમાં?

ભગવાનઆત્મા...! અહીં પહેલું અસ્તિથી લીધું, અસ્તિ. દ્રવ્યરૂપે નિત્ય એક (છું). દરેક અવસ્થામાં હું જ પોતે સળંગ રહેનારો છું. અવસ્થા ભલે પલટે પણ સળંગ રહેનારો હું છું. ત્યારે આ પુણ્ય-પાપના વિકલ્પો રાગ, શરીર, વાણી આદિ એ મારું અને હું એનો, આ મારું અને હું એનો એ મિથ્યા અભિપ્રાય છે. એવા મિથ્યા અભિનિવેશથી શૂન્ય છું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– 'આ'નું વજન કેટલું?

ઉત્તર :– આ મારું કીધું ને! આ પુણ્ય-પાપ, વિકલ્પ, દેહ, વાણી એ બધું મોટું લાંબું લપસીંદર. આ હું, આ મારું અને હું એનો (એ મિથ્યા અભિપ્રાય છે). હું એક અખંડ દ્રવ્યાર્થિકનયે એક, વસ્તુ પૂર્વાપર પર્યાયમાં સળંગ રહેનારો એ, મારાથી જે જુદાં રાગ, દ્વેષ, શરીર આદિ એ મારા ને હું એનો, એ મારા સ્વરૂપમાં નથી એવા અભિપ્રાયથી રહિત છું.

અજ્ઞાની એમ માને છે કે હું રાગ-દ્વેષ, શરીરથી સહિત છું અને મારા સ્વભાવથી રહિત છું. કહો, સમજાય છે કાંઈ? અજ્ઞાની એમ માને છે, કે ક્ષણે ક્ષણે પલટતો એટલો હું, શરીર આદિ હું, પુણ્ય-પાપ આદિ હું અને આખું ત્રિકાળ જ્ઞાયકમૂર્તિ અખંડ આનંદ શુદ્ધ ધ્રુવ એને ભૂલી જાય છે. અને આ રાગ-દ્વેષ, શરીર, વાણી હું, એ મારા અને હું આખું તત્ત્વ એનું, એ માન્યતા મિથ્યાદૃષ્ટિની મિથ્યાત્વ અભિપ્રાયથી છે. કહો, સમજાણું? એવા અભિપ્રાયથી હું શૂન્ય છું આનું નામ ધર્મદૃષ્ટિ. આહાહા...!

શુદ્ધનયના કથને. આદિ શબ્દ છે ને? અને હું શુદ્ધ સ્વરૂપના કથને શુદ્ધદૃષ્ટિથી જોઈએ તો જડકર્મ અને પુણ્ય-પાપના ભાવકર્મ એનાથી મુક્ત જ છું. અત્યારે હું જડકર્મના રજકણો અને પુણ્ય-પાપના ભાવકર્મ એનાથી મુક્ત છું. સમજાણું કાંઈ? અજ્ઞાની માને છે કે, જડકર્મ ને વિકારથી બંધાયેલો છું. સમજાણું કાંઈ? આ મુદ્દાની રકમની વાત છે. આહાહા...!

હું શુદ્ધનયના આદેશે જડકર્મના રજકણો અને પુણ્ય-પાપના વિકારી ભાવ, એનાથી મુક્ત છું, મુક્ત છું. ન્યાં એમ શબ્દ વાપર્યો છે. જોયું? ક્યારે? પેલા બીજા પોકાર કરે છે. પણ પર્યાયમાં ભલે હો, વસ્તુના સ્વભાવની દૃષ્ટિએ જોતા એમાં નથી, એની અહીં વાત ચાલે છે. પર્યાયમાં સંબંધ છે. સમજાણું? પર્યાય પલટતી છે એની સાથે આ મારું ને તે ભલે માનતો હોય. દ્રવ્યકર્મ અને નોકર્મની સાથે નિમિત્ત સંબંધ છે. વસ્તુના સ્વરૂપની દૃષ્ટિએ

(કોઈ સંબંધ નથી). ધર્મીની દૃષ્ટિ વસ્તુ ઉપર હોય છે. ચૈતન્ય અનંત ગુણનો પિંડ ભગવાન સર્વજ્ઞે જોયેલો, કહેલો આત્મા એ હું એવી દૃષ્ટિમાં કર્મ ને નોકર્મનો મને સંબંધ નથી. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– ધર્મીની દૃષ્ટિ વસ્તુ ઉપર હોય છે.

ઉત્તર :– વસ્તુ ઉપર હોય છે. વસ્તુ એક સમયનો ધ્રુવ અનાદિઅનંત ચૈતન્યમૂર્તિ (છે). ભલે અવસ્થાઓ થાય પણ એમાં સળંગ રહેનારો હું છું, કાયમ રહેનારો હું છું અને શુદ્ધ છું. વસ્તુ દ્રવ્યકર્મ, ભાવકર્મથી રહિત છું અને આ મારું ને હું એના અભિપ્રાયથી શૂન્ય છું. આહા..! સમજાણું?

'જ્ઞાની' આટલો શબ્દ કાલ નહોતો આવ્યો. સંસ્કૃતમાં એક શબ્દ પડ્યો છે. હું જ્ઞાની એટલે સ્વ-પર પ્રકાશક સ્વભાવવાળો હું જ્ઞાની છું, એમ. હું તો ફક્ત જાણનાર છું. સ્વને પ્રકાશવાના પ્રકાશ સ્વભાવવાળો હું છું. સ્વ અને પર બેના પ્રકાશના સ્વભાવવાળો હું છું. ઓ..હો..હો..! કહો, આ દુકાનના ધંધા-બંધાનો હું પ્રકાશક જાણનારો છું એમ કહે છે. કરનારો નથી એમ ન આવ્યું. એમાં આવતું હશે? કરનારો નથી એમ આવતું હશે એમાં?

સ્વ-પરપ્રકાશક સ્વભાવવાળો છું. હું મારા પૂર્ણાનંદ સ્વરૂપને પ્રકાશનારો અને આ રાગાદિ બધું છે તેને જાણનારો–પ્રકાશનારા સ્વભાવવાળો છું. એને છે એમ જાણનાર સ્વભાવવાળો છું પણ એના કોઈ કામ કરનારવાળો હું સ્વભાવવાળો નથી. આ પંડિતજીને પૂછો, આ રહ્યા બેઠા છે ને પંડિત અહીંયાં કહો, એમાંથી નીકળે છે કે નહિ?

મુમુક્ષુ :– સ્વ-પરપ્રકાશકમાં આવી જાય છે.

ઉત્તર :– આવી જાય છે? લ્યો! અમારા 'પોપટભાઈ' તો બોલ્યા. એમના મિત્ર બોલ્યા, લ્યો!

સ્વ-પરપ્રકાશક સ્વભાવવાળો છું એમ કીધું. શું કીધું? સ્વ-પરપ્રકાશક સ્વભાવવાળો હું છું. હું સ્વનો કરનારો ને પરનો કરનારો એમ નથી અહીંયાં. સ્વને જાણનારો શુદ્ધ ચૈતન્યમૂર્તિ. પરને જાણનારો કે આ રાગ છે, આ શરીર છે, આ જડ છે, આ થાય છે, આ થયું છે, આ થશે એને હું જાણનારો છું. સ્વ અને પરના પ્રકાશના સ્વભાવવાળો છું. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! આ ધર્મીની દૃષ્ટિ! ઓહોહો..!

ધર્મદૃષ્ટિ અને ધર્મી એવો આત્મા એમ દૃષ્ટિમાં આવ્યાથી ધર્મી એમ જાણે, માને ને વેદે છે. આહાહા..! હું તો એક સ્વ-પરપ્રકાશક સ્વભાવવાળો જ્ઞાની છું. સ્વને, પરને જાણવાવાળો, પ્રકાશવાવાળો આત્મા છું. પરનું કાંઈ કરી દઉં, શરીર, વાણી, મન, બાયડી, છોકરા, દેહ, દેશ, એને હું કાંઈ મદદ થઈને કરી દઉં એવું મારા સ્વરૂપમાં નથી 'હિંમતભાઈ'! ભઈ, આ બધા કેવું છોકરા માટે વારંવાર આવવું પડે છે. એ તો ભાવ રાગ છે, રાગ છે એ તો. પણ અંદર કાંઈ પરનું કરી શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! કહો, આ જવાબદારીનો અર્થ એનું સ્વરૂપ જ આવું છે. આહા..!

જુઓને! જ્યાં હોય ત્યાં એક જ વાત નાખે છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. ચારે બાજુથી બધું એક જ નાખે છે. આહા..! હું તો સ્વ ને પરના પ્રકાશક સ્વભાવવાળો છું. ત્રણકાળમાં કોઈ એક રાગને, રજકણને રાખું કે છોડું એવું મારા સ્વરૂપમાં નથી. કહો, 'મનસુખ'! આ દુકાન-બુકાનનું શું કરવું આ બધું? કેટલી વ્યવસ્થા, કેટલું ધ્યાન રાખે ત્યારે માંડ ચાલે, લ્યો! એ... 'શેઠ'! નહિ? કેમ તમારા 'દિપચંદજી' આવ્યા નહિ? પાછળ (બેઠા છે). સમજાય છે કાંઈ? આહાહા..! ભારે વાત. સમજાણું આમાં?

હું એક સ્વ-પરપ્રકાશક જાણક સ્વભાવવાળો છું. આત્મા એટલે હું કાયમ રહેનારો, પર મારા ને હું એનો એવા અભિપ્રાયથી શૂન્યવાળો અને દ્રવ્ય અને ભાવકર્મથી મુક્ત (છું). સમજાણું કાંઈ? અને જ્ઞાની (છું). સ્વ અને પરને જાણવાના સ્વભાવવાળો છું. આખી દુનિયા મારાથી જે ભિન્ન છે, ઇ આગળ કહેશે, એ બધાને હું પ્રકાશક–જાણવાના–સ્વભાવવાળો છું પણ પરના કરવાના સ્વભાવવાળું સ્વરૂપ જ મારામાં નથી. મારું સ્વરૂપ જ એ નથી, એમ કહે છે. ભગવાને એમ કહ્યું છે અને ધર્મી પોતાને એમ જાણે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! હું તો એક જ્ઞાની છું. જ્ઞાની એટલે કે જાણનાર છું. જાણનાર એટલે કે સ્વ-પરને જાણવાવાળા સ્વભાવવાળો છું. પણ પરને કાંઈ ફેરવું, હેરવું, આઘું-પાછું કરું એવું મારા સ્વરૂપમાં હું એવો નથી. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– થયો છે ક્યાં? અજ્ઞાનીએ માન્યું છે, થાય ક્યાં? ધૂળ. માને છે મૂઢ થઈને ભ્રમણામાં પાગલ થઈ અને ભૂત વળગ્યું છે એને ઊંધા અભિપ્રાયનું.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ કહેશે, હમણાં કહેશે, બધું કહેશે. રોગનું ને દેહનું બધું કહેશે. એક એક કહેશે. કહો, સમજાણું આમાં? આહાહા..!

હવે અસ્તિની અંદરમાં છેલ્લો શબ્દ રહ્યો, નાસ્તિથી પછી લીધું. **'योगीन्द्रगोचरः'**. અનંત પર્યાયયુક્તપણે. ન્યાં એમ આવ્યું હતું કે, અનંત પર્યાયસહિત રૂપથી. એ તો બધું એક જ છે. અનંત પર્યાયસહિતપણે, અનંત પર્યાયસહિતરૂપે કેવળીઓ વડે સંવેદ્ય છું. હું એવો છું, હું એવો છું કે અનંત પર્યાય સહિતરૂપે, અનંત પર્યાય સહિતપણે, અનંત અવસ્થા સહિતપણે કેવળીઓ વડે તો સંવેદ્ય–વેદવા યોગ્ય અનંત પર્યાય સહિત છું. હું એવો છું, એમ કહે છે. કેવળીઓ વડે તો અનંત પર્યાયસહિત વેદાવા યોગ્ય છું. આ હું પણ કેવળજ્ઞાની થાઉં ત્યારે અનંત પર્યાયસહિત વેદાવા લાયક છું. સમજાણું કાંઈ? આહાહા..!

અનંત પર્યાયસહિત, અનંત પર્યાયસહિતપણે, અનંત પર્યાય સહિત એટલે અહીં એમ આવ્યું હતું, અનંત પર્યાય સહિતરૂપસે એટલે અનંત પર્યાય યુક્તરૂપસે, યુક્તપણે. અનંતી પર્યાયો આત્માની છે એના સહિતપણે કેવળજ્ઞાની વડે જાણવાને લાયક આત્મા છું. આત્મા

કેવળજ્ઞાન વડે અનંત પર્યાયસહિત જણાય એવો હું છું. મારી અનંતી પર્યાયો જે છે એ સહિત કેવળીઓ એને જાણે, વેદે એવો હું છું. સમજાણું કાંઈ? આહા..!

શુદ્ધોપયોગમાત્રમયપણે. શુદ્ધોપયોગમાત્રમયપણે-એકલો શુદ્ધોપયોગમાત્ર છું. દ્રવ્ય, દ્રવ્ય-વસ્તુ શુદ્ધ ઉપયોગ પરિણમન શુદ્ધ આત્મ સ્વભાવ (છે). શુદ્ધોપયોગમાત્રમયપણે એટલે રાગ નહિ, વિકાર નહિ, શરીર નહિ. શ્રુતકેવળીઓ વડે સંવેદ્ય છે. શ્રુતકેવળીઓ વડે શુદ્ધોપયોગમાત્રપણે વેદાય એવો છે. એટલે હું પણ મારા શ્રુતજ્ઞાન દ્વારા શુદ્ધોપયોગમાત્ર વેદાવા લાયક હું છું. સમજાણું કાંઈ? ભારે ઝીણી વાતું.

આ આત્મા છે ને વસ્તુ અંદર, અનંત અનંત ગુણનો પિંડ પ્રભુ! અનાદિઅનંત ધ્રુવ, એ આત્માને અનંતી દશા સહિત કેવળીઓ વડે વેદાય એવો છું અને શુદ્ધોપયોગમાત્રપણે હું શ્રુતજ્ઞાન દ્વારા વેદાય એવો છું. સમજાણું કાંઈ? આહાહા..!

આ તો બધું આમ બફમ્ જેવું થઈ જાય, લ્યો! દયા પાળવાનું કહે, વ્રતનું કહે, અપવાસનું કહે, આ કર, આ કર તો કાંઈ કાંઈક કરીએ (એ સમજાય તો ખરું). આમાં ઇ છે જ નહિ, સાંભળને હવે. ઇ વિકલ્પ જે ઉઠે ઇ મારા સ્વરૂપમાં નથી ને બહારનું છોડવું-મુકવું તો સ્વરૂપમાં છે જ નહિ. આહા..! ફક્ત એ જાય, થાય, આવે એને હું જાણવાવાળો છું. સમજાણું કાંઈ? આ કેવી જાતનો ધર્મ? વીતરાગનો ધર્મ આવો હશે? વીતરાગમાં તો બધું એકેન્દ્રિયા, બેઇન્દ્રિયા, ત્રેઇન્દ્રિયા, ચોઇન્દ્રિયા... અહીં તો આવ્યું. ઇ અનંત જીવ છે, ઇ છે એને હું જાણવાવાળો છું. એને પાળવાવાળો ને ટાળવાવાળો હું નથી. પાળવાવાળો એટલે દયા ને ટાળવાવાળો એટલે મારનારો. સમજાણું કાંઈ? આહાહા..! ભારે ભાઈ!

મુમુક્ષુ :- એવો ભાવ કરે એ પણ ભૂલ છે.

ઉત્તર :- ઇ ભાવ કરે કે આમ કરી દઉં, ઇ ભૂલ છે. આને હું કરી દઉં ને આને આ કરું એ તો એમ થાતું નથી, એ તો પર છે. સમજાણું કાંઈ? કહો, 'વજુભાઈ'! સમજાય છે આમાં? આ વાતમાં, પેલી ગઈ વાતમાં નહિ, ગઈ વાત તો ઘણી સાંભળી હોય ને! આહાહા..!

શુદ્ધોપયોગમાત્રમયપણે-એકલો શુદ્ધ પરિણતિપણે શુદ્ધ ઉપયોગમાત્ર વેપારપણે. શ્રુતકેવળી, શ્રુતજ્ઞાન દ્વારા સંવેદ્ય છું. આહાહા..! સમજાણું? એ અસ્તિથી વાત કરી. એવો આત્મા હું છું. લ્યો! આવો આત્મા હું છું, આવો આત્મા હું છું. એ તો એક વિકલ્પથી, સમજાવે તો શી રીતે સમજાવે? સમજાણું કાંઈ?

કેટલા વિશેષણ આવ્યા! જુઓ! હું એક દ્રવ્ય સ્વરૂપે અનંતી પર્યાયમાં સળંગરૂપે રહેનારો તે એક છું. આ શરીર, રાગાદિ મારા ને હું એનો એવા વિપરીત અભિપ્રાયથી શૂન્ય ખાલી છું, એ વિપરીત અભિપ્રાય મારામાં નથી. સમજાણું કાંઈ? શુદ્ધનયે જડકર્મ અને વિકારી પરિણામથી તો હું મુક્ત છું. અને હું પોતે સ્વ ને પરને જાણવાના સ્વભાવવાળો જ છું. ઘણું આવી ગયું આમાં. અને કેવળજ્ઞાની વડે પૂર્ણ અનંત પર્યાયસહિત વેદાવા લાયક છું.

શ્રુતજ્ઞાની દ્વારા શુદ્ધોપયોગમાત્રમયપણે વેદાવા લાયક છું. 'સેઠી'! બહુ આકરું આવ્યું. બહુ સારું છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! એક જ ગાથા સાર સાર એકલું માખણ બતાવે છે.

મુમુક્ષુ :– વસ્તુનો તાગ આવે તો કામનું ને.

ઉત્તર :– આ તાગ, આ તાગની તો વાત છે. તાગ એને લેવો છે કે નહિ? લ્યો! વસ્તુનો તાગ સમજો છો? કૂવામાં પડે ને પછી નીચેથી તાગ લે છે. ન્હાવા પડે ને?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– હા ઇ. થાહ...થાહ ને? થાહ એટલે એનો પત્તો. અહીંયાં અમારે તાગ કહે છે. છોકરા ઉભા કોશીએ પડે. ઉભો કોશીઓ એટલે સમજાય છે? ઇ અમારી છોકરાઓની બધી ભાષા છે. આમ કોશ, કોશ પડે ને? કોશ, એમ પડે. એને ઊભો કોશીયો કહે. છોકરાઓમાં સાંભળ્યું હતું કે નહિ? ત્યાં અમારે ન્યાં દરબારી કૂવો હતો, બહાર નદીમાં. ન્યાં બધા ઊભા પડતા. ચારે કોર અંદર સર્પ હોય હોં! પાછા. ગોખલામાં સર્પ હોય પણ કરડે નહિ. દરબારી છે ને? આ દરબારનો છે. પગથીયાની આની કોર એક કૂવો છે. આ ખાડો ને આની કોર પગથીયા વચ્ચે કૂવો. ત્યાં બહુ પડે માણસ, છોકરાઓ ન્હાતા બહુ. સર્પ મોટા પડ્યા હોય પણ અંદર આવે નહિ, કરડવા ન આવે. ઇ શું કહે? કે, આ તાગ લઈ આવ્યો. પછી માથું બહુ બહાર ન પહોંચી શકે તો હાથ ઊંચો કરે. જુઓ! આ લઈ આવ્યો. હેઠેથી રેતી લઈ આવ્યો, રેતી. એમ કહે છે કે આ તાગ. વસ્તુનો આ તાગ.

ભગવાનઆત્મા પોતે પોતાથી જણાય એવો છું એમ મારું સ્વરૂપ છે, એમ કહે છે. અને જે સંયોગથી હવે બીજી ભિન્ન ચીજ લીધી. આવો છું એ લીધું. હવે ભિન્ન(સંયોગની વાત કરે છે). દ્રવ્યકર્મના સંબંધથી. સંયોગથી એટલે કે દ્રવ્યકર્મના સંબંધથી થયેલા એટલે કે મારી સાથે સંબંધ પામેલા ભાવો. દ્રવ્યકર્મના સંબંધથી થયેલા એટલે કે મારી સાથે સંબંધ પામેલા. સ્વરૂપમાં નહિ, આમ સંબંધ સંયોગમાં આવેલા. સંબંધ પામેલા ભાવો. આ દેહાદિ– આ દેહ, કર્મ, શરીર, બાયડી, છોકરા, કુટુંબ આ બધું બાહ્ય. બધાય મારાથી સર્વથા, સર્વ પ્રકારે–એના દ્રવ્ય, ગુણ, પર્યાય, એના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પ્રકારે મારાથી ભિન્ન છે. જાઓ! કહો, સમજાણું કાંઈ? એ તો થોડું વેદવામાં ફેર હતો, બાકી બધી વાત તો કાલે આવી ગઈ હતી. સમજાણું કાંઈ? કહો, કાલે સવારમાં હતું કે નહિ? 'મનસુખ'! હતો સવારમાં, સવારમાં પરમ દી'. સમજાણું આમાં? 'વજુભાઈ'! જિજ્ઞાસુજીવોએ આ બધું સમજવા જેવું છે. પછી મફતના ઢસરડા કરીને મરી જવાનું છે.

મુમુક્ષુ :– એને ઢસરડા કહેવાતા હશે?

ઉત્તર :– ઢસરડા એટલે વિકાર. બીજું કરે શું ન્યાં? બહારનું કોણ કરે છે? એ તો અહીં વાત છે જ નહિ. સંકલ્પ-વિકલ્પની જાળું.

મુમુક્ષુ :– ઉત્પાત.

ઉત્તર :– ઉત્પાત. સંકલ્પ-વિકલ્પની જાળું કર્યા કરે, બાકી બહારનું તો ફોતરું ફેરવી શકે છે કે દિ'? એ તો વાત છે અહીંયાં. આહાહા..!

અને જડ દ્રવ્યકર્મના સંબંધથી થયેલા, પામેલા, આવેલા, રહેલા. મારી સાથે સંબંધ થયેલા, પામેલા. આમ જોડે છે ને નજીકમાં? એ દેહાદિ ને બધાય દેશ, રાગ આદિ કર્મ, બાહ્ય સંયોગ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, મકાન, આબરૂ વગેરે બધાય. ઇ બધી સામી ચીજ આખી લીધી. મારાથી સર્વથા અને સર્વ દ્રવ્ય આદિ પ્રકારે. સર્વથા એટલે સર્વથાની આ વ્યાખ્યા. સર્વ દ્રવ્ય આદિ પ્રકારે–એનું દ્રવ્ય, એનું ક્ષેત્ર, એનો કાળ, એનો ભાવ, એનો ગુણ, એની પર્યાય મારાથી તદ્દન બાહ્ય એટલે ભિન્ન છે. કહો, સમજાણું આમાં? આહાહા..! લ્યો! ઇ ૨૭મી ગાથા (કહી).

મુમુક્ષુ :– ....

ઉત્તર :– હજી સંભળાવવાની છે? હજી એને લોભ લાગ્યો, હજી એના પેલા 'જયપુર'વાળા આવે એને સંભળાવવું, એમ ઇ કહે છે. હજી આવે ત્યારે ને! હજી આવવાના કાંઈ સમાચાર આવ્યા છે?

મુમુક્ષુ :– સમાચાર તો પહેલા આવ્યા'તા.

ઉત્તર :– મીઠા માણસ (એટલે) અસ્તિથી વાત કરે છે. જોયું? ઇ કહે છે, નહિ આવે એમ નહિ. કહો, ઇ ૨૭ થઈ ગઈ. હવે ૨૮.

**'ફિર ભાવના કરનેવાલા સોચતા હૈ કિ દેહાદિકકે સમ્બંધસે પ્રાણિયોંકો ક્યા હોતા હૈ?'** હવે પેલો સંબંધ ભિન્ન છે ને? એવા દેહાદિના સંબંધથી જીવને શું થાય છે, શું ફળ મળે છે એ પોતે સ્વયં સમાધાન કરે છે.

**અર્થ :– 'ઇસ સંસારમેં દેહાદિકકે સમ્બંધસે...'** જે પેલા ભિન્ન કહ્યું હતું ને બાહ્ય? શરીર, વાણી, મન આ બાહ્ય બાયડી, છોકરા, કુટુંબ, મકાન, આબરૂ, કીર્તિ, ધૂળ, ધમાહા. આ પાંચ-પચાસ લાખ રૂપિયા ને બંગલા ને હજીરા ને મકાન ને લુગડા ને કપડા ને દાગીના ને છોકરાઓને આમ બધું શણગારેલું બધું હોય ને અંદરમાં બહાર ને બધા? બંગલા. બંગલાને હજીરા બોલીએ છીએ અહીં. હજીરા શું છે? ન્યાં અંદર મોટી ધૂળની પેલી ગુફામાં જેમ ઇયળ પડી હોય એમ પડી છે, બીજું શું છે? ત્રણ ત્રણ લાખનો બંગલો, ચાર ચાર લાખના આરસ પહાણના મકાન, એને કેમ હજીરા કહો છો, એમ કહે છે. એય..! એમ કહે છે. શેઠને ચાર ચાર, પાંચ લાખનો બંગલો છે ત્યાં. 'જયપુર' માં આને છે. 'ગોદિકા' ને ત્રણ લાખનો આરસ પહાણનો બંગલો (છે). અરે.. અરે..! ભારે! પેલાને દસ દસ લાખના બંગલા. 'ગોવા'! દસ દસ લાખના બે બંગલા.

મુમુક્ષુ :– બંગલા ને?

ઉત્તર :– ધૂળના ઢગલા, બંગલા એટલે ધૂળના ઢગલા. 'સેઠી'!

એ **'સમ્બંધસે પ્રાણિયોંકો દુઃખ-સમૂહ ભોગના પડતા હૈ-'** એમ કહે છે. એ સંબંધ ભગવાનઆત્મા જુદો એનાથી બાહ્ય ચીજ એનો સંબંધ–જેટલું લક્ષ કરે એટલી એને આકુળતા ને દુઃખનો ભોગવટો થાય. 'પોપટભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :– આનંદ નિકેતન.

ઉત્તર :– આનંદ નિકેતન મકાનનું નામ છે ને?

મુમુક્ષુ :– એનો સંબંધ કરે તો દુઃખ થાય?

ઉત્તર :– અહીં તો સંબંધની વાત છે. બાહ્ય છે, અહીં સંબંધ નથી એમ કહ્યું હતું. પણ આમ સંબંધ કરે, સંબંધ બાહ્ય છે. એ દ્રવ્યકર્મથી થયેલા, પામેલા, આવેલા, રહેલા, જોડાયેલા એ બધા બાહ્ય છે. પણ એનો જો સંબંધ કરે (તો) દુઃખનું કારણ છે, એમ કહે છે. ભગવાનઆત્મા આનંદ સ્વરૂપનો જો સંબંધ કરે તો અનાકૂળ ને આનંદનું કારણ છે. આહાહા..!

મુમુક્ષુ :– બધે ઠેકાણે દુઃખ ઉભું કર્યું છે.

ઉત્તર :– બધે ઠેકાણે દુઃખ ઊભું છે. બધે ઠેકાણે ક્યાં દુઃખ ઊભુ કર્યું છે? પોતાનો આનંદસાગર છે એને છોડીને બહારનું લક્ષ કરે છે માટે આકુળતા–દુઃખ થાય છે. ન્યાં કાંઈ બહારને લઈને થાતું નથી. બહારમાં છે નહિ ને બહારને લઈને નથી. સમજાણું કાંઈ?

કહે છે કે, જેટલું બહારમાં ઇ બીડીઓનું ને... સમજ્યા ને? તમાકુનું ને જીપનું.. ભરો જીપ. નાખો અહીં છોકરા, નાખો અહીં નાખો, અહીં આટલી ગુણી નાખો, આટલું આ નાખો, આટલું આ નાખો. લોઢાના વેપારને લોઢાવાળાનું હોય ને! તમારે વળી લાદીનું (એટલે) ઢગલા લાદીના (હોય). માટી. કહે છે કે, જેટલો ભગવાનઆત્મા પોતાના અનાકૂળ આનંદ સ્વરૂપનો આશ્રય છોડી, જેટલું પર સંયોગમાં આમ લક્ષ કરે છે, સંબંધ કરે છે એટલો દુઃખનો ભોક્તા થાય છે. દુઃખના સમૂહનો ઢગલો ભોગવે છે એમ કહે છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

પાંચ, દસ લાખ, વીસ લાખ હવે દસ વીસ લાખનું કાંઈ (નથી રહ્યું). બે કરોડ લ્યોને, ત્રણ કરોડ, આ ચાલીસ કરોડ. ઇ બધા એમ માને કે, આ..હા..! લાખ લાખની મોટરો, સવા સવા લાખની મોટરો આવે છે ને? શું ફલાણી નામની કાંઈક? એ... 'પોપટભાઈ' શું નામ આવે? શું નામ? એ... 'પોપટભાઈ' શું છે? તમારા સાળાને મોટર છે ને મોટી ઊંચી શું નામ એનું? નામ શું પણ? તમને નહિ આવડતું હોય, ઠીક! લાખ રૂપિયાની મોટર લઈને આવ્યો હતો ને તે દી'! અમે 'બેલગામ' હતા ત્યાં. 'મણીભાઈ' આવ્યા હતા. એનું કાંઈક નામ કહેતા, આપણને નામેય યાદ આવે નહિ. આમ રસ્તામાં પડી હતી મોટી લાખની! ઓહોહો..! 'મલૂપચંદભાઈ'નો તો ત્યાં લઈને આવ્યો હતો. ત્યાં 'ભીમડી' લઈને નહોતો આવ્યો? બે જણા બે લાવ્યા હતા. એક ઇ લઈને આવ્યો હતો ને એક પેલો લઈને આવ્યો હતો,

નહિ? 'ધીરૂભાઈ'ની. બેય લાવ્યા હતા ને મોઢા આગળ (બેસાડ્યા). બેસો અહીં. બેસ ને! મુકવા દેને હવે. ત્યાં 'પૂનમચંદ' લઈને આવ્યો. હવે અહીં બેઠા, ન્યાં ક્યાં (બેસવું)? ઠીક છે જ્યાં ત્યાં.

મુમુક્ષુ :– 'મુંબઈ' માં ...

ઉત્તર :– 'મુંબઈ'માં પોરો ખાધો ઇ તો આ પેલી સાફ કરવા આપી હતી એટલે. એમાં કાંઈ નથી, ધૂળ ને ધાણી છે.

જેટલો ભગવાનઆત્મા.. પોતાનું આનંદ સ્વરૂપ અનાકૂળ શાંત રસનો કંદ પ્રભુ છે, આ આત્મા એવો છે, એનું લક્ષ છોડીને જેટલો પરદ્રવ્યનો સંબંધ કરે એટલા દુઃખના ગંજના ઢગલાને અનુભવે. આકુળતા... આકુળતા... આકુળતા... આહાહા..! ભારે ભાઈ! બાયડી, છોકરા ને બધું (આવી ગયું), હોં! બહારનો જેટલો સંબંધ છે એટલી આકુળતા છે.

મુમુક્ષુ :– મોટરથી જલ્દી મુસાફરી થઈ જાય.

ઉત્તર :– જલ્દી મુસાફરી થઈ જાય, એમ કહે છે. એટલી સગવડતા થાય ને! એમ શેઠ કહે છે. ઇ આકુળતા છે ત્યાં બધી.

પોતાનો સ્વભાવ શાંત, નિવૃત્ત સ્વભાવ ભગવાન એના સંગને, એના સંબંધને, એના આશ્રયને છોડીને જેટલો પોતા સિવાયના પરપદાર્થમાં આમ સંબંધ કર્યો એટલું દુઃખ ને આકુળતા છે. સમજાણું કાંઈ? ધૂળમાંય સુખ નથી, મૂઢ માનીને બેઠો છે ત્યાં. પાંચ કરોડ ને પચાસ કરોડ ને હોય ને આમ પાંચ લાખ ને દસ લાખના બંગલા ને... ઓ..હો..હો..!

મુમુક્ષુ :– મહિમા સાંભળતા જીવ ત્યાં ચોંટી જાય છે.

ઉત્તર :– ચોટી ન્યાં જાય છે. તમારા મામાનો દીકરો છે ત્યાં. ન્યાં ચોટતું જાય છે?

મુમુક્ષુ :– હાથે કરીને, હોંશે...

ઉત્તર :– હોંશે કરીને હેરાન થવા જાય છે. ઇ બળખામાં ઉડતી માંખી પડે ફડાક દઈને. ઇ પછી પાંખો ચોંટે ઉખડે નહિ જટ દઈને. આહાહા..! ચીકણા બળખા આવડા હોય ને રૂપાળા લાગે, દેખાવમાં સારા (લાગે). જાણે કાંઈક સાકર હશે. જ્યાં જોવા જાય ત્યાં એને ફટ પાંખો ચોંટે. એમાં કફનો બહુ રોગવાળો હોય, સરખાઈનો, આવડો મોટો (બળખો) કાઢ્યો હોય, મોટો ફડાક..! પીળો ને આવો. તે જાણે કે શું હશે? સાકર હશે પીળી? એમાં માંખી જાય. આમ સ્વાદ લેવા જાય, આમ જોરથી સ્વાદ લેવા જાય, જોરથી બેસે આમ. ઝટ ઉઠવું નહિ. ત્યાં ઇ પાંખો જોરથી ચોંટી જાય ત્યાં. એ બધા કર્મના નિમિત્તથી મળેલા બધા સંયોગો બળખા જેવા છે, ચીકણા બળખા જેવા છે. ત્યાં સંબંધ જેટલો કરે એટલો આકુળતાથી ચોંટી જાશે, દુઃખી થાશે, એમ કહે છે. કહો, સમજાણું આમાં? આહા..!

**'અનન્ત ક્લેશ ભોગને પડતે હૈં,...'** લ્યો! એને તો અનંતા ક્લેશ ભોગવવા પડે છે. મૂઢ માને છે કે, અમે સુખી છીએ. મૂઢ સુખો ક્યાંથી ત્યાં હતો? ધૂળમાં? સુખ તો પ્રભુઆત્મામાં

છે, આનંદ તો આત્મામાં છે. આનંદનું ઘર ને નિત્યાનંદ પ્રભુ છે. પોતે સચ્ચિદાનંદ, નિત્યાનંદ છે એની નજરું ન કરતાં, એનો સંબંધ ન જોડતાં આમ કરીને જો સંબંધ જોડવા જા (તો) આકુળતા અનંતા ક્લેશને ભોગવવા પડે છે. શેઠીયા હોય કે રાજા હોય કે ભીખારી હોય, બધા અનંતા ક્લેશને ભોગવવા પડે છે. કહો, 'શેઠ'!

મુમુક્ષુ :– બધાને ભોગવવા જ પડે?

ઉત્તર :– એના પરિણામની ઉગ્રતાના, મંદતાના પ્રમાણમાં (ભોગવવા પડે). પણ સંબંધ જેટલો કરે એ આકુળતા, આકુળતા ને આકુળતા. એક વાત. ન્યાં પરપદાર્થનો સંબંધ કરે ને અનાકૂળતા પ્રગટ થાય (એમ બને નહિ). ગજબ વાત કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઇસલિયે ઇસ સમસ્ત સમ્બંધકો જો કિ...'** એ સંબંધ કેવા છે કે, **'મન, વચન, કાયકી ક્રિયાસે હુઆ કરતે હૈં,...'** એ સંબંધ મન, વચનની ક્રિયાથી **'હુઆ કરતે હૈં, મનસે, વચનસે, કાયસે છોડતા હૂં.'** પર સંબંધમાં મન, વાણી ને દેહ જાય એ છોડી દઉં (છું). મારા સ્વભાવનો સંબંધ કરી એ સંબંધને છોડું છું. આહાહા..! ભાઈ! આ તો આખી દુનિયાથી જુદી જાતનો માર્ગ છે. અહીં તો ત્યાં સુધી કીધું, પરદ્રવ્યનો સંબંધ કરે, આ દેવ-ગુરુ-શાસ્ત્રનો સંબંધ કરે તોપણ આકુળતા ઉત્પન્ન થાય છે, એમ કહે છે, લ્યો!

મુમુક્ષુ :– એટલો તો અપવાદ હશે ને.

ઉત્તર :– અપવાદ-ફપવાદ જરીએ ન મળે. જેટલો સ્વદ્રવ્યનો સંબંધ છોડી આમ પરદ્રવ્ય ઉપર જેટલો સંબંધ જાય (એટલી) આકુળતા ઉત્પન્ન થાય. ભલે પુણ્યની થાય કે પાપની (થાય), પણ છે આકુળતા. સમજાણું કાંઈ?

**'અભિપ્રાય યહ હૈ કિ મન, વચન, કાયકા આલમ્બન લેકર...'** છોડું છું એટલે શું છોડવું છે, એમ કહે છે. સમજ્યા ને? **'સમ્બંધકો જો કિ મન, વચન, ક્રિયાસે હુઆ કરતે હૈં,...'** સંબંધ મનથી, વચનથી થાય ને આમ લક્ષ જાય ત્યારે? બોલવાનું એનું થાય. કાયાથી લક્ષ જાય, આમ કરવું ને આમ કરવું. એને **'છોડતા હૂં.'** છોડું છું એટલે શું એમ કહે છે. **'મન, વચન, કાયકા આલમ્બન લેકર ચંચલ હોનેવાલે આત્માકે પ્રદેશોંકો ભાવોંસે રોકતા હૂં.'** લ્યો! ઇ છોડું છું, એમ. મારો અકંપસ્વરૂપ ભગવાનઆત્મા, એનાથી વિરૂદ્ધ જે કંપન તરફમાં ભાવ થાય છે એ ભાવને રોકું (છું) અને સ્વભાવ તરફ આવું છું, એમ કહે છે. એકદમ મન, વચન ને કાયાથી રોકીને આમ આવું એ મારું સ્વરૂપ છે. સમજાણું કાંઈ?

વીતરાગની વાત એવી આકરી લાગે. કાંઈક કાંઈક થોડું થોડું બહારનું રાખીને કહેતા હોય ને (તો ખબર તો પડે). સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જણાણા, એ ભગવાનના મુખમાંથી વાણી ઇચ્છા વિના આવી એને શાસ્ત્ર કહે છે. એ શાસ્ત્રમાં આમ સ્વરૂપ વર્ણવાય છે. આ 'ઇષ્ટોપદેશ'. આનું નામ 'ઇષ્ટોપદેશ'. તારા સંબંધને આનંદકંદને છોડી જેટલો મન, વચન, કાયાથી પરનો સંબંધ કરવા જાય એટલો

તને દુઃખનો ભાવ છે. એ 'ઇષ્ટોપદેશ'નું સ્વરૂપ છે. પરના સંબંધને છોડી, રોકી, અસ્તિથી વાત કરે છે, આ સ્વભાવનો સંબંધ કરું છું એટલે આને રોકું છું એવું સ્વરૂપ તે આત્માને હિતકર છે. એવો ઉપદેશ એ પણ હિતકર છે. એ સિવાય કોઈનો ઉપદેશ એવો આવે (કે) પરપદાર્થના સંબંધથી કંઈક આત્માને ધર્મ થાય તો એ 'ઇષ્ટોપદેશ' નથી પણ અહિતકર ઉપદેશ છે, એમ કહે છે.

મુમુક્ષુ :– બીજાને જીવાડવાનો...

ઉત્તર :– જીવાડવાનો શું, અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ પણ આકુળતા છે. એવો આ 'ઇષ્ટોપદેશ' છે. બીજાને જીવાડવાનો, બીજાને મારવાનો ભાવ એ બધી આકુળતા છે, એ લક્ષ પરદ્રવ્યના સંબંધમાં જાય છે. આહાહા..!

એકકોર રામ ને એકકોર ગામ, એકકોર ભગવાનઆત્મા. અનંત આનંદનો પિંડ પ્રભુ આત્મા, વસ્તુ અનાદિ અનંત મહાન પદાર્થ એનો સંબંધ, સંગ એ સુખદાયક છે. સ્વપદાર્થનો સંગ, સંબંધ સુખદાયક છે. પોતાના પદાર્થ સિવાય પરપદાર્થના મન, વચન ને કાયાના વલણવાળો ભાવ એ બધો દુઃખદાયક છે. માટે ધર્મી ભાવનામાં ભાવે છે કે, હું મારા સ્વભાવનો સંબંધ કરી એ સંબંધને રોકુ છું. કહો, 'ઉત્તમચંદભાઈ'! ભારે વાતું, ભાઈ! આ.

આ ઇષ્ટ ઉપદેશ–પ્રિયકર ઉપદેશ, હિતકર ઉપદેશ. સર્વજ્ઞ પરમેશ્વરનો કહેલો સંતો કહે છે તે હિતકર આ ઉપદેશ છે. બીજી રીતે કોઈ આત્માના, દ્રવ્યના, સંગના સ્વભાવને છોડી પરના સંગથી કાંઈ લાભ મનાવે, માને એ ઉપદેશ અહિતકર અને ભાવ પણ અહિતકર છે. આહાહા..! એ વીતરાગ માર્ગની લહેરું...! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પૂર્ણ સ્વરૂપે પરમાત્મા પોતે જ આનંદનો કંદ (છે) એનો જેટલો સંબંધ, એવો આનંદનો કંદ એનો જેટલો સંબંધ, રાગ અને કર્મ વિનાના અસંગ તત્ત્વનો સંગ (કરે) એટલું સુખદાયક છે. અને આ બહારના સંગોનો જેટલો સંગ, ઝુકાવ, વિકલ્પ... વિકલ્પ... વિકલ્પ... વિકલ્પ... એ બધો દુઃખનો સંબંધ છે.

વીતરાગ કહે છે કે, અમારા તરફનો તારો ઝુકાવ પણ દુઃખ છે, હોં! આહા...! એ તો ગજબ વાત કરે ને! આહાહા..! બાપુ! તારા હિસાબે અમે પણ પરદ્રવ્ય છીએ, હોં! અમે પરદ્રવ્ય છીએ. આહાહા..! એ તો વીતરાગને ઇ વાણી નીકળે. ભાઈ! તારું તત્ત્વ જ નિરાળું છે ને પ્રભુ! દ્રવ્યકર્મના ઉદયે મળેલા સંબંધ વિનાનું તારું તત્ત્વ છે. તારું તત્ત્વ તો અનંતા સ્વભાવની શાંતિ આદિ સાગરના સંગવાળું તત્ત્વ છે, સંબંધવાળું તત્ત્વ છે. એવા તત્ત્વનો આશ્રય કર, સંબંધ કર, એમાં લપેટાઈ જા. એ સિવાય જેટલો આમ પરસંગમાં જા, ભાઈ! તને એમાં આકુળતા છે. **'स दव्वादो सुग्गई, परदव्वादो दुग्गई'** એવો શબ્દ 'કુંદકુંદાચાર્ય'નો મોક્ષ પાહુડમાં છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા સ્વદ્રવ્યથી સુગતિ છે. પોતાનો આનંદ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, એને આશ્રયે

થતી દશા, એ સુગતિ છે. જેટલો પરદ્રવ્યને આશ્રયે થતો ભાવ, દુર્ગતિ છે. આહાહા...! સમજાણું કાંઈ? વચ્ચે એવો શુભભાવ હોય ખરો. સ્વરૂપમાં ઠરે નહિ ત્યારે એવો ભક્તિનો, પૂજાનો શુભભાવ (હોય ખરો), પણ છે એ પરસંગના વલણવાળો ભાવ દુઃખરૂપ છે, હેય છે. આહાહા..! ગજબની વાત ને! કહો, 'અમુલખભાઈ'! સૌએ દેરાસર કરાવી લીધા, હવે વાંધો નહિ, એમ કહે છે. કોણ કરાવે? બાપા! ભાઈ! એ સમયે એ રજકણોના જ પરાવર્તનની પર્યાયના સ્વકાળે કાર્ય થઈ રહ્યા છે. ભાઈ! બીજો કોણ કરે? એ જીવની જોડે જો હોય (તો) એનો શુભભાવ હોય. શુભભાવ હોય કે આ ઠીક (બને) વગેરે. છતાં એ શુભભાવ સ્વભાવના સંગને છોડે ત્યારે પરના સંગમાં જાય છે. સમજાણું? એ તો તીવ્ર હોય, સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધાના પાપના પરિણામ ત્યાંના સંગે ઉત્પન્ન થાય, એનાથી છૂટવા આના સંગે પોતાને એવો ભાવ ત્યાં હોય છે. એથી એ વાત વ્યવહારે કહેવામાં આવી છે. પરમાર્થ દૃષ્ટિના અને સ્વદ્રવ્યના સંગમાં પરદ્રવ્યના સંગનો નિશ્ચયમાં તો નિષેધ જ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :–

ઉત્તર :– શું કહે છે? એય..! 'દેવાનુપ્રિયા'! આ પંડિતજીએ કેટલા શાસ્ત્રોના બધા સહેલા સાદા ગુજરાતી ભાષામાં કેવું કરી નાખ્યું છે, કહો! કહો, એ ન હોત તો આવું બધું આ કેટલું સહેલું સહેલું કર્યું, જુઓ! ... જુઓ! આવો અર્થ કરવો પડ્યો, જુઓ!

મુમુક્ષુ :– એ તો કહે છે, આપની કૃપાનું ફળ છે.

ઉત્તર :– કોઈ કોઈની કૃપા ક્યાંય લાગુ પડતી નથી, એમ કહે છે અહીં તો. આહાહા..! એ કૃપાનો સાગર ભગવાન છે ને! એ કૃપાનો સાગર ભગવાન (છે) એને બહારથી ક્યાં કૃપા ગોતવી પડે એવી છે. આહા..! 'કરુણા હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી ગુરુગમ કી' ભગવાનની કરુણા થઈ ગઈ, કહે છે, લ્યો! ભાઈ! તારું અસંગ તત્ત્વ ત્રણેકાળે અસંગ તત્ત્વ રાગ અને કર્મના સંગ વિનાનું છે. એવી દૃષ્ટિમાં સ્વભાવના સંગે જ શાંતિ છે. જેટલો પરસંગમાં લક્ષ જાય, સંબંધ ઉભો થાય, વિકારનો, હોં! (એ) દુઃખદાઈ છે.

**'આત્મા મન, વચન, કાયસે ભિન્ન હૈ,...'** દેખો! ભગવાનઆત્મા તો મન, વચન ને કાયાથી ભિન્ન છે ને! **'ઇસ પ્રકારકે અભ્યાસસે સુખરૂપ એક ફલવાલે મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ,...'** દેખો! ટૂંકામાં બહુ થોડું (કહે છે). ભગવાનઆત્મા મન, વચન ને કાયાથી ભિન્ન છે. એમાં બહારની વાત તો ક્યાંય રહી ગઈ. એ પ્રકારના અભ્યાસથી સુખરૂપ એક ફળવાળા મોક્ષની પ્રાપ્તિ (થાય છે). બેયમાં એટલું કહેશે, હોં! આ ભગવાનઆત્મા મન, વચન ને કાયાના વિકલ્પો ને આ, એનાથી તદ્દન જુદો (છે). એનો જે અંતર અભ્યાસ (એ) એક જ મોક્ષના સુખરૂપના ફળની પ્રાપ્તિ કરાવનાર છે. સમજાણું કાંઈ?

**'ઇસ પ્રકારકે અભ્યાસસે...'** ક્યા પ્રકારના? મન, વચન ને કાયાથી તો ભગવાન જુદો છે. પછી મન, વચન, કાયાનો સંબંધ કરવો એ તો દુઃખરૂપ છે. આહાહા..! એમ કહે છે.

વાહ રે વાહ..! 'ઇષ્ટોપદેશ', 'ઇષ્ટોપદેશ'! જુઓ! મન, વચન ને કાયાથી ભગવાનઆત્મા જુદો છે. **'ઇસ પ્રકારકે અભ્યાસસે સુખરૂપ એક ફલવાલે મોક્ષકી પ્રાપ્તિ હોતી હૈ,...'** દેખ્યું! એવા અભ્યાસથી સુખરૂપ એક ફળવાળું. પેલામાં પણ એક ફળવાળું લેશે. બેયમાં એક ફળવાળું. પણ પેલું એકલું દુઃખરૂપ અને આ એકલું સુખ, એમ અહીં કહેવું છે. એમ સિદ્ધાંત સિદ્ધ કરવો છે. પોતાનો શુદ્ધ સ્વભાવ ભગવાનઆત્મા મન, વચન ને કાયાથી પણ જ્યાં જુદો, એવો જે આત્માનો સ્વભાવ, એને પરથી જુદાનો ને સ્વથી અભેદનો અભ્યાસ (થવાથી) સુખરૂપ, અતીન્દ્રિય આનંદરૂપ એક ફળવાળા મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**'ઔર મન, વચન, કાયસે આત્મા અભિન્ન હૈ,...'** મન, વચન ને કાયાથી આત્મા એક છે, સંબંધ છે... સંબંધ છે... સંબંધ છે... સંબંધ છે... એમ માને. **'ઇસ પ્રકારકે અભ્યાસસે...'** ભગવાનઆત્માને મન, વચન ને કાયાનો સંબંધ છે એવા અભેદ **'અભ્યાસસે દુઃખરૂપ એક ફલવાલે સંસારકી પ્રાપ્તિ હોતી હૈ,...'** ઓહોહો..! સમજાણું કાંઈ? આ તો ઠરીને સાંભળે એવું છે. આ બધું અમારે (બહારનું) કરવું ને હવે તમે આવી બધી માંડી માથે, એનું શું કરવું? કહો! આ દુકાન માંડીને બેઠા હોય ખરડીને, હવે એનું શું કરવું? બાયડી પરણીને બેઠા હોય એનું શું કરવું? છોકરા થયા બે-ચાર એનું શું કરવું અમારે? કહો, એ.. 'પોપટભાઈ'! છ છ છોકરાઓ, છ છ પરણ્યા હોય, બાયડી લઈને આવ્યા હોય, એનું બધાનું કરવું શું? ભાઈ! કહે છે કે, આ કાયાનું કાંઈ કરી શકતો નથી અને કોનું કરવા તું દોડ્યો છો? ... ઇ મારામાં છે નહિ, એ મને છે જ નહિ. રોગ જ મને છે નહિ. ત્રણકાળમાં આત્માને રોગ નથી.

મુમુક્ષુ :- આત્માને રોગ હોય શેનો?

ઉત્તર :- પુદ્‌ગલને છે. કહેશે હમણાં, હોં! એ પુદ્‌ગલને રોગ છે અને આપણું ધાર્યું થાતું નથી એ તો મૂઢ છે, એમ કહે છે. દુઃખી થાય છે, સંબંધ કરે છે. ઇ આ કહેશે હમણાં, હોં! બધું કહેશે. એક્કે એક શબ્દને કહેશે. **'न मे मृत्युः कुतो भीतिर्न मे व्याधिः कुतो व्यथा।'** સમજાણું કાંઈ? પણ મને રોગ, મને રોગ (છે). મૂઢ છો. જડને રોગ છે. આત્માને રોગ છે? આ તો શરીરને રોગ એટલે ધાર્યું થાય નહિ એ વાત જ ખોટી છે. એ... 'મલૂપચંદભાઈ'!

મુમુક્ષુ :- ધાર્યું થાય નહિ એ વાત તો સાચી છે.

ઉત્તર :- શું પણ ધાર્યું થાય નહિ? પર છે એમાં ધાર્યા થાયનો પ્રશ્ન જ શું છે? એ પ્રશ્ન શું? પર જડની વસ્તુ (છે). જડમાં રોગ, જડનું મૃત્યુ, જડનો સંયોગ, જડનો વિયોગ એ બધી પુદ્‌ગલ (દશા છે). કહેશે, રોગ પુદ્‌ગલની દશા છે. આત્મામાં છે નહિ ને આત્માને હેરાન કરતી નથી ને આત્માએ ઉત્પન્ન કરેલી નથી. આહાહા..! કહો, સમજાણું આમાં? 'પોપટભાઈ'! ઉડે છે મફતનો. ઇ રોગને લઈને દુઃખી છું, પગ ફરતો નથી માટે દુઃખી છું,

એ મોટી ભ્રમણા છે, એમ કહે છે.

મુમુક્ષુ :– બધી ભ્રમણા કાઢી નાખીએ તો પગ મટી જાય ને?

ઉત્તર :– પણ મટવાનું ક્યાં...? મટવાનું-બટવાનું કામ શું છે અહીંયાં? પરમાં શું થાય એનું કામ શું છે આને? પરમાં શું થાય એનું અહીં કામ શું છે? કહો! સમજાય છે? પોતાના બંગલામાં કાંઈક સળગતું હોય તો જાય, પણ કો'કનું ક્યાંક હવે ક્યાંક ઝુપડી સળગતી હોય, એ પણ પાછી ખાલી હોય, જંગલમાં ખાલી ઝુપડા મુકીને ચાલ્યા જાય છે ને? ખાલી ઝુપડા મુકીને ચાલ્યા જાય. પછી (બોલે), સળગ્યું... સળગ્યું.. શું છે પણ તને? આ એવું છે આ. આત્મા વિનાના ખાલી ઝુપડા, એમાં કાંઈક થાય ને કહે, મને થાય. હવે આનો તો રોગ શી રીતે ટળે? 'પોપટભાઈ'!

મુમુક્ષુ :– .... બધી દવાઓ હોય છે.

ઉત્તર :– દવા કીધીને આ. રોગ મને નથી. ઇ કહેશે. એ દવા. રોગ જ નથી મને વળી દુઃખ શા? શરીર જ મને નથી, દુઃખ શા? શેના સંબંધ હું કરું? મારામાં નથી તેનો સંબંધ હું કરું? સંબંધ કરે તો એ દુઃખ છે. એ રોગ દુઃખ નથી. આ મને રોગ, એવો સંબંધ કરે તે દુઃખ છે. આહાહા..! સમજાણું કાંઈ? વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૪૯૨, વૈશાખ સુદ ૧, ગુરુવાર
## તા. ૨૧-૦૪-૧૯૬૬
## ગાથા–૨૮ થી ૨૯ પ્રવચન નં. ૩૩

આ 'ઇષ્ટોપદેશ' 'પૂજ્યપાદસ્વામી' કૃત છે. એનો ૨૮ મો શ્લોક ચાલે છે. એના આધારમાં નીચે 'સમાધિશતક'નું દૃષ્ટાંત આપ્યું છે. જુઓ! શું કહે છે? **'જબતક શરીર, વાણી, ઔર મન ઇન તીનોંકો યે 'સ્વ હૈં-અપને હૈં' ઇસ રૂપમેં ગ્રહણ કરતા રહતા હૈ. તબતક સંસાર હોતા હૈ, ઔર જબ ઇનસે ભેદ-બુદ્ધિ કરનેકા અભ્યાસ હો જાતા હૈ, તબ મુક્તિ હો જાતી હૈ.'** આનો અર્થ જરી સૂક્ષ્મ છે, થોડો સૂક્ષ્મ છે.

**'જબતક શરીર, વાણી, ઔર મન ઇન તીનોંકો યે સ્વ હૈં...'** ભગવાનઆત્મા તો જ્ઞાનાનંદ સહજાનંદ શુદ્ધ ચૈતન્યમૂર્તિ અમૂર્ત સ્વરૂપ છે. એને છોડીને અહીંયા નજીકની વસ્તુઓ લીધી. દૂરની ચીજ તો ક્યાંય રહી ગઈ. મન, વાણી અને દેહ એ મારા જ્ઞાનનો અંશ છે અથવા એ મારી વસ્તુ છે. મનથી હું કામ લઈ શકું છું, વાણીથી કામ લઈ શકું છું, દેહથી કામ લઈ શકું છું, જ્યાં સુધી એવી બુદ્ધિ છે ત્યાં સુધી મિથ્યાદર્શન સંસાર છે. સમજાય છે કાંઈ? સ્પષ્ટ કરીએ છીએ.

મુમુક્ષુ :– આંખ છે તો વંચાય છે.

ઉત્તર :– આંખથી બિલકુલ વંચાતું નથી. જ્ઞાનથી આત્મા જાણે છે. એ કહે છે, ભગવાનઆત્મા સચ્ચિદાનંદ શુદ્ધ જ્ઞાયક ચૈતન્યજ્યોત સ્વરૂપ છે. એનું પોતાનું અસ્તિત્વ શુદ્ધ છે, પવિત્ર છે એવી અંતરની દૃષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન–પ્રથમ ધર્મ–છે. એ સિવાય આ મન, વાણી, દેહ મારા છે. હું મનથી જ્ઞાનમાં કામ લઈ શકું છું. વાણીથી બોલી શકું છું અને વાણી દ્વારા બીજાને સમજાવી શકું છું. એમ જ્યાં સુધી વાણી અને મનમાં પોતાપણું માને છે ત્યાં સુધી મિથ્યાદર્શન સંસાર છે. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. અનંતકાળથી પોતાનું અસ્તિત્વ, એક સેકંડના અસંખ્યમા ભાગમાં (પૂર્ણ છે તેને કદી જાણ્યું નથી).

પોતાનું સ્વરૂપ દેહ, વાણી, મનની પર્યાયથી તદ્દન ભિન્ન છે. બીજા પદાર્થથી તો ભિન્ન છે. એ તો બાહ્ય ક્ષેત્રાવગાહથી ભિન્ન રહ્યાં. પોતાના ક્ષેત્રમાં અવગાહન કરીને રહેવાવાળી ચીજ એ પણ પોતાના ચૈતન્યથી ભિન્ન છે.

મુમુક્ષુ :– ક્યારે?

ઉત્તર :– અત્યારે. ક્યારે શું? પોતાનો આત્મા અરૂપી જ્ઞાનઘન આનંદકંદ સત્ છે. મહાઅસ્તિ છે, પદાર્થ છે, જેમાં અનંત જ્ઞાન, દર્શન, આનંદ આદિ ભરેલા છે. એવા અસ્તિત્વમાં પોતાની દૃષ્ટિ રાખનાર, મન-વચન-કાયથી ક્રિયા થાય છે તે મારી નથી. મારામાં એ નથી અને મારાથી એ (ક્રિયા) થતી નથી. આહા..! બહુ સૂક્ષ્મ વાત. એ ત્રણે સ્વ–મારા છે, અર્થાત્ શું કહે છે? પોતાની જ્ઞાયક ચૈતન્યજ્યોત મહા ચૈતન્ય આનંદકંદ ધ્રુવ ધાતુ, એવી પોતાની વસ્તુની જેને દૃષ્ટિ નથી, તેને મન-વચન-કાયા એ જ મારો અંશ છે, મારો ભાગ છે, મારી ચીજ છે, તેનાથી હું કામ લેનારો છું એવી પરમાં સ્વબુદ્ધિ છે ત્યાં સુધી મિથ્યાદર્શન શલ્ય છે. અને મિથ્યાદર્શન શલ્ય જ સંસાર છે.

મુમુક્ષુ :– દયા પાળવામાં શરીરની...

ઉત્તર :– પરની દયા કોણ પાળે? એ..ય..! 'સેઠી'! આહાહા..!

અહીં તો કહે છે, પ્રભુ! અહીં તો અંતર્મુખમાં ચૈતન્યસત્તા ભગવાન એક સેકંડના અસંખ્ય ભાગમાં અનંત બેહદ ચૈતન્ય આનંદકંદ અનાદિઅનંત આનંદકંદ શુદ્ધ ચૈતન્યધાતુ આત્મા છે. એનું લક્ષ, દૃષ્ટિ, પક્ષ કર્યા વિના મન, વાણી, દેહ જે નજીકમાં એક જગ્યાએ રહેવાવાળી ચીજ છે એના અંશથી હું કામ લઈ શકું છું અને એ ચીજ મને સહાયક અને મદદરૂપ છે, એમ માનનાર પરને જ સ્વપણે માને છે. ઓહોહો..! બહુ ઝીણું. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા રજકણે રજકણના પિંડથી ભિન્ન પ્રભુ અરૂપી ચૈતન્યઘન આનંદકંદ છે. એમાં જે પુણ્ય-પાપના વિકલ્પ જે રાગ ઊઠે છે તેનાથી પણ ચૈતન્યધાતુ ભગવાનઆત્મા ભિન્ન–નિરાળો છે. એવા પોતાના નિજ સ્વરૂપની દૃષ્ટિ નહિ રાખનારો અને પર સ્વરૂપ મન,

વાણી, દેહના અસ્તિત્વમાં મન અને દેહના હોવાપણામાં હું છું અર્થાત્ હું એનાથી કામ લઉં છું અર્થાત્ એની જે દશા–પર્યાય થાય છે તે મારાથી થાય છે. એમ માનનાર પરને પોતાના માને છે. કહો, 'લાલચંદભાઈ'! બહુ ઝીણું. ભારે તકરાર.

મુમુક્ષુ :– બોલવું કે ન બોલવું?

ઉત્તર :– કોણ બોલે? બોલે કોણ? એ તો જડની દશા છે. આહાહા..! મૌન કોણ રહે? હું મૌન રહું. ભાષા ક્યાં તારી હતી તે તું મૌન રહી શકે? ભાષા જડની પર્યાય, રજકણની અવસ્થા છે. અસ્તિ છે. જડ અસ્તિ છે, નથી એમ નહિ, પણ એ ચીજનો પોતાની વસ્તુથી તદ્દન ભિન્ન ભાવ છે. એમ અંતરમાં નહિ માનીને એ ત્રણે સ્વ છે, પોતાના છે અર્થાત્... સૂક્ષ્મ વાત લીધી છે. પોતાનો શુદ્ધ ચૈતન્યપ્રભુ મન, વચન ને કાયાના લક્ષથી પાર મન, વચન ને કાયાનું અસ્તિત્વ છે, મોજૂદગી છે, એના અસ્તિત્વમાં જે લક્ષ જાય છે એનાથી પણ ભિન્ન (છું). સમજાય છે કાંઈ? તો મન, વચન, કાયાથી હું પરની દયા પાળી શકું છું કે પરની હિંસા કરી શકું છું કે પરની હું રક્ષા કરી શકું છું કે પરની સેવા કરી શકું છું, કહે છે કે, ભગવંત! તારી ચીજથી ભિન્ન ચીજથી તું કામ લઈ શકે છે એમ માનનાર પરને જ પોતાનું માને છે. આહાહા..! ભારે ઝીણી વાત. સમજાય છે કાંઈ?

અનાદિકાળથી ચૈતન્યહિરો, અનંત શાંતરસનો કંદ, એનો નિર્મળાનંદ શુદ્ધ બુદ્ધ ઘન છે, એની અંતર દૃષ્ટિ કર્યા વિના બહારના રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, શરીરની ક્રિયા, વાણીની ક્રિયા (હું કરું છું એમ માને છે). હું જાપ કરું છું–ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં.. એ તો વાણીની ક્રિયા થઈ અને અંદર મનમાં સંકલ્પ થયો એ પણ મનના સંગે થયેલો છે, એ નિજ સ્વભાવ નહિ.

મુમુક્ષુ :– તો શું કરવું?

ઉત્તર :– શું કરવું કહે છે ને! મન, વચન, કાયાના અસ્તિત્વમાં હું નથી. તેની વર્તમાન ચાલતી દશા હું નહિ. હું મારું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છું, જ્ઞાયક છું, એવી અંતર દૃષ્ટિ કરવી અને પોતાના રાગથી અને દેહથી ભિન્ન અનુભવ કરવો એ જ સમ્યગ્દર્શન અને મોક્ષનો માર્ગ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અસ્તિ છે, પરવસ્તુ છે, નથી એમ નથી. એક જ છે અને બીજા નથી, એમ નથી. એમ હોય તો પરથી ભિન્ન અને પર મારા છે એમ ક્યાંથી થાય છે? કહો, 'લાલચંદભાઈ'! સમજાય છે કાંઈ? ગુજરાતી આવડે છે ને થોડું?

કહે છે કે એ મન, વાણી, શરીર, વાણી અને મન નજીકમાં પડેલા ત્રણ (પદાર્થ) તો જડ છે, મૂર્ત છે, પુદ્ગલ છે, અજીવ છે, રૂપી છે. ભગવાન અરૂપી છે, ચૈતન્ય છે, આનંદ છે, શુદ્ધ છે, જ્ઞાયક છે. સમજાય છે કાંઈ? **'ઇન તીનોંકો યે 'સ્વ હૈં–અપને હૈં' ઇસ રૂપમેં ગ્રહણ કરતા રહતા હૈ.'** એ રૂપે, એમ. જાણનારો જાણે કે એ છે, હું એનો જાણનાર છું,

હું એનાથી કામ લેનારો નથી. મારા અસ્તિત્વમાં, મારી મોજૂદગીમાં મન, વચન ને કાયા છે જ નહિ. 'પોપટભાઈ'! કહો, આ બૈરાં, છોકરા, પૈસાથી આત્મા કેટલું કામ લઈ શકે? દૂર રહી ગયા? સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– શરીરનો અને વચનનો સદ્ઉપયોગ થાય.

ઉત્તર :– સદ્ઉપયોગ કોણ કરી શકે છે? એ પ્રશ્ન અહીંયા એકવાર કર્યો હતો. 'ઢેબરભાઈ' આવ્યા હતા ને? 'ઢેબરભાઈ'. છે ને અહીંયા(ના) વડાપ્રધાન? પહેલા અહીંયા આવ્યા હતા. અહીં તો ઘણી વાર આવે છે. વ્યાખ્યાનમાં આવે છે. એકવાર પ્રશ્ન કર્યો. બધા બેઠા હતા. 'રામજીભાઈ', 'નાનાલાલભાઈ' (પણ હતા). એ કહે, આ શરીરનો સદ્ઉપયોગ કઈ રીતે કરવો? શરીરનો સદ્ઉપયોગ આત્માથી થઈ શકે છે? આ તો માટી છે, જડ છે. જડનું દ્રવ્ય, જડના ગુણ અને જડની અવસ્થા જડથી થાય છે. પોતાના આત્માથી શરીરનો સદ્ઉપયોગ કરવો છે એમ માનનાર શરીરને પોતાનું માને છે.

મુમુક્ષુ :– શરીરથી દયા પળાય.

ઉત્તર :– ધૂળમાંય પળાતી નથી. શું પળાય છે? સમજાય છે કાંઈ? પરનો દેહ અને આયુષ્યની સ્થિતિ હોય તો ત્યાં રહી શકે છે. બીજો કાંઈ એને બચાવી શકે છે? શરીરની અને વાણીની મદદ દઈને બચાવી શકે છે? વાણી અને શરીર એના નથી ત્યાં પરની પર્યાય ક્યાં કરી શકે? શેઠ!

મુમુક્ષુ :– પંડિત લોકો આમાં તો ભડકી જાય છે.

ઉત્તર :– તમે કેમ ભડક્યા? તમારી એમાં ભૂલ હતી. શેઠ! ભૂલ તો તમારી હતી, તમારે સમજવું જોઈએ.

મુમુક્ષુ :– ભડકવાવાળા હતા એને ભડકાવ્યા.

ઉત્તર :– ભડકાવ્યા. શેઠ! 'નવનીતભાઈ' ઠીક કહે છે ને? ભડકવાવાળા હતા એને ભડકાવ્યા છે. કોઈ બીજાથી ભડક્યા નથી.

ભગવાનઆત્મા સત્ સત્ સત્... સત્ અનાદિ સત્ અંત વિનાનું સત્ સ્વભાવથી ખાલી નથી. 'ધીરૂભાઈ'! સમજાય છે ને કંઈ? થોડું થોડું. એને રસ હતો તો બીજીવાર આવ્યા ને પાછા? કહો, સમજાય છે કાંઈ? આ દેહ, રજકણ, માટી ભિન્ન છે. માટીના રજકણે રજકણની પર્યાય, પર્યાય એટલે અવસ્થા, અવસ્થા એટલે હાલત, જે રજકણ છે એ તત્ત્વ છે, અસ્તિ છે અને એ રજકણની એવી અવસ્થા થાય છે એ બધી રજકણથી થાય છે, આત્માથી નહિ.

મુમુક્ષુ :– આત્માએ કરી ને!

ઉત્તર :– કોણ કહે છે? કોણ આત્મા કરે છે? આત્મા જાણે કે એ પરમાં થાય છે, મારામાં નહિ, મારાથી નહિ, મારા આધારે નહિ. આહાહા..! આત્મા છે તો શરીર ચાલે

છે, આત્મા છે તો વાણી બોલાય છે, એમ ત્રણકાળ ત્રણલોકમાં છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા આ તો બહુ ટુંકા શબ્દ પડ્યા છે. અહીંયા તો કહ્યું છે અને 'સમાધિશતક' 'પૂજ્યપાદસ્વામી'નો આધાર આપ્યો છે. અસ્તિ છે. આ આ દેખાય છે ને? આ આ. આ શું બતાવે છે? વિદ્યમાનપણું. શરીર, વાણી, મન વિદ્યમાન, હયાતી, અસ્તિ છે. છતાં એ અસ્તિથી–એનાથી પોતાની પર્યાય કામ કરે છે એમ નથી. અને એ અસ્તિ છે એની પર્યાય પોતાથી ત્યાં થાય છે એમ પણ નથી. આહાહા..!

ચૈતન્ય ભગવાન, જેમ શ્રીફળ–નાળિયેર (હોય), નાળિયેર હોય છે ને? શું કહે છે? નાળિયેર. નાળિયેરમાં જેમ સફેદ ગોટો હોય, સફેદ અને મીઠો ગોટો જેમ ભિન્ન છે અને ઉપરના જે છાલા છે, છાલા એમ શરીર છે. એમાં કાર્માણ શરીર જડ છે. જેમ કાચલી હોય છે ને નાળિયેરમાં? કઠણ કાચલી. એમ અંદર કર્મ રજકણ છે, અંદર ઝીણી ધૂળ છે. અને પુણ્ય-પાપના ભાવ જે વિકલ્પ ઊઠે છે એ કાચલી બાજુની રાતડ છે. લાલ, લાલ લાલપ છે એ શ્રીફળ નથી.

ભગવાનઆત્મા, આ કાચલાથી જુદો છે. એની ક્રિયા આત્માની છે જ નહિ. આમ કરવું ને આમ કરવું ને આમ કરવું ને... એ બધી ક્રિયા આત્માની નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ શરીર છાલા છે, અંદર આઠ કર્મ કાચલી છે, કાચલી જેવા. અને પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ એ છાલા છે, છાલા છે. એનાથી ભિન્ન ભગવાન શુદ્ધ નિર્મળાનંદ આનંદકંદ એ આત્મા છે. એમ અનંતકાળમાં એક સમય પણ પોતાના સ્વભાવની દૃષ્ટિ એણે કરી નથી. પર્યાયમાં બુદ્ધિ રાખી. ક્યાં (રાખી)? પરની અવસ્થા હું કરી શકું છું કાં પોતાની પર્યાયમાં રાગ ને અલ્પજ્ઞ અવસ્થા છે એટલો હું છું, રાગાદિ ઉત્પન્ન થાય છે અને રાગને જાણનારો વર્તમાન ક્ષયોપશમનો વિકાસનો અંશ ક્ષણિક છે એટલો હું છું. એમ માનનાર ત્રિકાળ ચૈતન્ય દ્રવ્યસ્વભાવને માનતો નથી. નથી માનતો તેને અહીંયા મિથ્યાદર્શન કહે છે. કહો, સમજાય છે કાંઈ?

**'ઇસ રૂપમેં ગ્રહણ કરતા રહતા હૈ.'** જુઓ! **'તબતક સંસાર હોતા હૈ,...'** ત્યાં સુધી 'સંસરણ ઇતિ સંસારઃ' (હોય છે). ભગવાનઆત્મા પોતાના આનંદકંદ શુદ્ધ (સ્વભાવમાંથી) સંસરણ—હટી જાય છે. પોતાના શુદ્ધ આનંદકંદમાંથી હટી જાય છે અને મન, વાણી, દેહથી હું કામ લઉં છું એમ માને છે. એનું નામ મિથ્યાદર્શન અને સંસાર છે. ઓહોહો..! સંસાર બહાર નથી રહેતો. આત્માનો સંસાર બહાર નથી રહેતો.

સંસાર એક દોષ છે, સંસાર એક વિપરીત બુદ્ધિ છે, સંસાર વિપરીત શ્રદ્ધા છે, એ આત્માની પર્યાય–અવસ્થાથી દૂર નથી રહેતો. સમજાય છે કાંઈ? આહાહા..! બાયડી, છોકરા છોડી દીધા, બધું છોડી દીધું (એટલે) સંસાર છૂટી ગયો. શું ધૂળમાં છૂટે? સંસાર ક્યાં રહેતો

હતો? સંસાર, તારી ચીજ અનંત આનંદકંદ પ્રભુ નિર્મળાનંદનો નાથ શરીર પ્રમાણે ભિન્ન પદાર્થ છે, શરીર પ્રમાણે ભિન્ન પદાર્થ છે, એમ પોતાની મોજૂદગીની પ્રતીતિ નહિ કરીને, એ રાગ અને શરીર, વાણી, મનને પોતાના માને છે, એને કહે છે કે એ માન્યતા જ સંસાર છે. સમજાય છે કાંઈ? એ સંસાર. બાયડી, છોકરા સંસાર નહિ, કર્મ સંસાર નહિ. કર્મ જડ માટી–ધૂળ છે. શરીર સંસાર નહિ, વાણી સંસાર નહિ. સંસાર આત્માની એક વિપરીત દશાના ભાવનું નામ સંસાર છે. આહાહા..! એ વિપરીત ભાવ એ છે કે પોતાની ચીજથી (ભિન્ન એવી) પર ચીજને પોતાની માનવી અને પોતાનું કામ પરથી લે છે, પોતાના જ્ઞાન, દર્શન, જાણવું, આ ચીજ છે તો થાય છે, એમ માનવું એ જ મિથ્યાદર્શન સંસાર કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? બહુ ઝીણું પણ.

મુમુક્ષુ :– બાયડી, છોકરાએ ગુનો કર્યો છે? આરોપ શેના ઉપર...?

ઉત્તર :– બાયડી, છોકરા ક્યાં? એ તો બહાર પડ્યા છે, અહીં ક્યાં ઇ ગરી ગયા છે? ગરી ગયાને શું કહે છે? ઘુસી ક્યાં ગયા છે? અહીંયા ઘુસી ગયા છે? એ તો એના અસ્તિત્વમાં છે, એની મોજૂદગીમાં એ છે. સ્ત્રીનો, કુટુંબનો આત્મા, એનું શરીર તો એના અસ્તિત્વમાં, એની મોજુદગીમાં છે. એક સમયમાત્ર પણ પોતાની મોજુદગીમાં એ આવતા નથી. આ શરીર, વાણી, મનની પર્યાય પણ એક સમયમાત્ર પોતાની પર્યાયમાં આવતી નથી. આહાહા...! પણ આવી પોતાની નિજ સત્તા–અનંત આનંદકંદ અનંત ગુણનો પિંડ પ્રભુ, નિર્મળાનંદની દૃષ્ટિ નહિ કરીને, એ શરીર, વાણી, મનની ક્રિયા હું કરું છું અને હું એનાથી કામ લઈ શકું છું, મનથી જાણું છું, વાણીથી બોલું છું, કાયાથી હું ગમન કરું છું, એવી માન્યતા છે તેનું નામ મિથ્યાદર્શન સંસાર છે. આહાહા..! ભારે ભાઈ આ. સમજાય છે કાંઈ? એ મિથ્યાદર્શન સંસાર છૂટ્યા વિના એની મુક્તિ કદી થવાની નથી.

**'ઔર જબ ઇનસે ભેદ બુદ્ધિ કરનેકા અભ્યાસ હો જાતા હૈ,..'** જુઓ!? **'જબ ઇનસે ભેદ બુદ્ધિ કરનેકા અભ્યાસ હો જાતા હૈ,..'** ભગવાનઆત્મા શુદ્ધ જ્ઞાનઘન અંતર્મુખ ચૈતન્યપિંડ છે અને શરીર, વાણી, મનથી હું બિલકુલ કામ લઈ શકતો નથી અને શરીર, વાણી, મન મારા કોઈ એક અંશમાં પણ નથી અને મારો અંશ જે જ્ઞાનાંશ છે એ જ્ઞાનાંશ શરીર, વાણી, મનની સહાયતાથી કામ લે છે, એમ પણ નથી. સમજાય છે કાંઈ? સૂક્ષ્મ વાત છે. આ ગાથા જ એવી આવી છે. અસ્તિ છે, બન્નેની અસ્તિ છે, હોં! આત્માની અસ્તિ પણ છે અને જગત પણ છે, જડ પણ છે, મન-વાણી પણ છે, એની ઊલટી માન્યતા કરે છે એ માન્યતા પણ છે. છે, નથી એમ નથી. સમજાય છે કાંઈ? પર્યાયમાં–અવસ્થામાં–હાલતમાં– એ શરીર, વાણી, મનના અસ્તિત્વથી હું છું (એમ જે માને છે) એની દૃષ્ટિ પર ઉપર છે. પોતાનો ચિદાનંદ ભગવાનઆત્મા, અખંડાનંદ શુદ્ધ ચૈતન્યગોળો ભિન્ન છે. શુદ્ધ અને આનંદને ધરનારો ભગવાન અસ્તિ છે. તેની પ્રતીતિ અંતર દૃષ્ટિ કર્યા વિના, પરથી ભેદ અભ્યાસ

થતો નથી. સમજાય છે કાંઈ?

પરથી ભેદ બુદ્ધિ કરવાનો અભ્યાસ. શરીર, વાણી, મનની અવસ્થા થાય તે મારાથી થતી નથી. મારામાં એનાથી કંઈ થતું નથી. અને મન, વાણી, દેહનું લક્ષ કરીને વિકલ્પ જે શુભ-અશુભ રાગ ઊઠે છે, એ પણ પરલક્ષી વિકલ્પ છે તે મારી ચીજમાં નથી. જે વૃત્તિ ઊઠે છે, શુભાશુભ વૃત્તિઓ ઊઠે છે એ પણ પરલક્ષના આશ્રયે ઊઠે છે, એ સ્વમાં નથી. સમજાય છે કાંઈ? આવું 'ભેદવિજ્ઞાન તે જ્ઞાન છે, બાકી બુરો અજ્ઞાન.' ભેદજ્ઞાન તે જ્ઞાન છે.

ભેદજ્ઞાનનો અર્થ–એમાં બે વસ્તુ આવી ગઈ. એક આત્મા, એક વિકાર, એક શરીર, વાણી, મન અને એક પર. બધા છે ખરા, પણ એ છે એમાં મારી હયાતી નથી અને મારી હયાતીમાં એની હયાતી નથી. હું ચિદાનંદ ભગવાનઆત્મા વાણી, મનની ક્રિયાથી, દેહથી પાર છું, મનથી પાર છું, વાણીથી ભિન્ન છું, પુણ્ય-પાપના વિકલ્પથી પણ ભિન્ન શુદ્ધ તત્ત્વ છું. આવો અંતરમાં પરથી એકત્વબુદ્ધિનો નાશ કરીને ભેદજ્ઞાનનો અભ્યાસ કરવો. '**તબ મુક્તિ હો જાતી હૈ.**' બહુ ટુંકી (વાત).

**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन।**
**अस्यैवाभावतो बद्धा बद्धा ये किल केचन।।१३१।।**

ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' 'સમયસાર' માં દાંડી પીટીને (જાહેર કરે છે). દિગંબર સંત મુનિ જંગલમાં વસનારા હતા. 'કુંદકુંદાચાર્ય' ના (ગ્રંથોની) ટીકા કરનારા. '**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन**' જે કોઈ અત્યાર સુધી અનંત કાળના પ્રવાહમાં અનંત આત્માઓ મુક્તિને પ્રાપ્ત થયા છે તે ભેદવિજ્ઞાનથી '**सिद्धा**' (સિદ્ધ થયા છે).

ભેદવિજ્ઞાનમાં બે વાત આવી. પરચીજ છે, પોતાની ચીજ છે. પરચીજને પોતાની માનતો હતો, (હવે) પોતાનું સ્વરૂપ માન્યું (એ) પર્યાય પલટી ગઈ. તો પર્યાય પણ છે. સમજાય છે કાંઈ? પર્યાય પલટતી છે, દ્રવ્ય-ગુણ કાયમ રહે છે. આહાહા..! અંતરમાં આવો બોધ–અભ્યાસ થયા વિના પોતાના આત્મામાં મિથ્યાત્વથી પણ મુક્તિ થતી નથી. મિથ્યાત્વથી મુક્તિનો અર્થ–દેહ, વાણી, મનની મોજૂદગીમાં જ્યાં સુધી લક્ષ રહે છે અને રાગના વિકલ્પમાં પોતાના અસ્તિત્વનું લક્ષ રહે છે ત્યારે મિથ્યાદર્શનનું અસ્તિત્વ છે. અને મિથ્યાદર્શનના અસ્તિત્વનો નાશ, શુદ્ધ જ્ઞાયક ભગવાન છું, દેહ-વાણીની ક્રિયા હું નથી, કોઈનું ભલું-બુરું કરવાની મારામાં તાકાત જ નથી. હું પરનું ભલું કરી શકું છું, બુરું કરી શકું છું અને પરથી મારામાં ભલું-બુરું થઈ શકે, એવી મારી વસ્તુ જ નથી. સમજાય છે કાંઈ? આમ પરથી ભેદજ્ઞાન કરવું એ જ મિથ્યાત્વનો નાશ કરવાનો ઉપાય છે. એટલી મિથ્યાત્વથી મુક્તિ થઈ. આહાહા..! સમજાય છે કાંઈ?

'**भेदविज्ञानतः सिद्धाः सिद्धा ये किल केचन**' '**किल**' નિશ્ચયથી અત્યાર સુધી જે કોઈએ આત્મામાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરી, સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ કરી, સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ

કરી અથવા કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી, એ ભેદજ્ઞાનથી કરી. પરથી નિરોળો છું. ક્યાં છે? અહીં છે. પર્યાય બદલે છે, અવસ્થા બદલે છે. બદલ્યા વિના દોષનો નાશ અને નિર્દોષતાની ઉત્પત્તિ જ થતી નથી. વસ્તુ છે, ત્રિકાળ દ્રવ્ય છે એમાં અનંત અનંત શક્તિઓ રૂપી ગુણ–સ્વભાવ છે અને તેની વર્તમાન અવસ્થા પલટે છે. એ પલટે છે તેને પર્યાય કહે છે. એ પલટતી ચીજમાં પરને પોતાના માનવા અને પોતાને ચુકી જવું, એનું નામ મિથ્યાદર્શન પર્યાય એ સંસાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? કોઈ એમ માને કે આત્મા કૂટસ્થ છે. એને દોષ છે અને દોષ કાઢવો છે એ વાત રહેતી નથી. દોષ હતો જ નહિ, તો દોષનો નાશ કરવાનો ઉપાય પણ રહ્યો નહિ.

(અહીંયા) એ કહે છે, જ્યારે ભેદજ્ઞાનનો અભ્યાસ કરે છે. અભ્યાસ એ પર્યાય થઈ. સમજાય છે કાંઈ? ભેદવિજ્ઞાન. પરથી ભિન્ન. **'अस्यैवाभावतो बद्धा'** જેણે અત્યાર સુધી વિકાર, શરીર, વાણી, મનની મોજૂદગીથી મારી ચીજ ભિન્ન છે, એવું ભેદજ્ઞાન નથી કર્યું, ભેદજ્ઞાન નથી કર્યું, **'अस्यैवाभावतो बद्धा'** તેથી બંધનમાં મિથ્યાત્વમાં પડ્યો છે.

મુમુક્ષુ :– ... કરવા જતાં લુખાપણું લાગે છે.

ઉત્તર :– લુખાપણું. લુખાપણાનો અર્થ શું? એકલો ચૈતન્ય ભગવાન છે, જ્ઞાયકજ્યોત છે. અંતર્મુખમાં વિચાર કરવાથી ભિન્ન તત્ત્વનો ભાસ થાય છે (તો) લુખો થાય છે કે વીતરાગતા થાય છે? આહાહા..! તદ્દન નિવૃત્ત.. નિવૃત્ત.. નિવૃત્ત.. (છે). પરથી નિવૃત્તિ, હોં! સ્વમાં તો પ્રવૃત્ત છે. પરિણમે છે, પરિણમે છે, પરિણમે છે, બદલાય છે.

આ દ્રવ્ય, ગુણ અને પર્યાયનું આવું અસ્તિત્વ છે એમ નક્કી કરીને અને પર પદાર્થના પણ દ્રવ્ય, ગુણ, પર્યાય પલટી શકે છે. એમ નક્કી કરીને પરથી ભેદ અભ્યાસ કરવો એ જ મુક્તિનો માર્ગ નામ મિથ્યાદર્શનના નાશનો ઉપાય છે. એનો ભેદ નહિ કરવો અને એકપણાનો અભ્યાસ રાખવો એ જ બંધનનો ઉપાય અનાદિકાળથી કરતો આવ્યો છે. આહાહા..! સમજાય છે કાંઈ? ત્યાં 'અમૃતચંદ્રાચાર્યે' પણ કહ્યું, ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ, એનાથી રાગ અને શરીરની, મનની ક્રિયાથી ભેદ નહિ કરીને, બન્ને તત્ત્વનું એકપણું માનીને અનાદિથી બંધનમાં પડ્યો છે. એ જ બંધનું કારણ છે. સમજાય છે કાંઈ?

**'તબ મુક્તિ હો જાતી હૈ.'** બહુ ટૂંકું, એક શ્લોકમાં ટુંકામાં કહી દીધું, લ્યો! સવા બે લીટી છે. સવા બે પંક્તિ. આહાહા..! પહેલા નક્કી કરવું પડશે. હું કોઈ દોષમાં છું કે નહિ? દોષમાં છું તો દોષ નીકળી શકે છે કે નહિ? અને દોષ છે તો એ ત્રિકાળ સ્વભાવમાં છે કે નહિ? દોષ છે તો કોઈ બીજીને લક્ષમાં લીધી તો બીજી ચીજનું લક્ષ કર્યું તો દોષ થયો, તો બીજી ચીજ છે કે નહિ? આટલું નક્કી કર્યા વિના પરથી ભેદજ્ઞાનનો અભ્યાસ કદી થતો નથી. ભલે ધ્યાન કરે આમ આમ ૐ.. ૐ.. ૐ થાય, મૂઢ થઈ જશે, જડ થઈ જશે, જડ. સમજાય છે કાંઈ? બસ, વિકલ્પ છોડી દો, વિકલ્પ છોડી દો. પણ વિકલ્પ તોડવાની વસ્તુ

શું છે? વસ્તુ કોણ છે? અને વિકલ્પ તૂટવાનો અર્થ શું? ક્યા વિકલ્પ હતા તો તૂટી ગયા? કોઈ ... લાગ્યું હતું તે તૂટી ગયું? શું છે? સમજાય છે કાંઈ?

અસ્તિત્વ, એક સમયમાં પૂર્ણાનંદ શરીર પ્રમાણે આત્મા (છે). એ આવી ગયું, ભાઈ! ૨૧ (શ્લોકથી) શરૂ થયું છે. ત્યાંથી મુદ્દો શરૂ થયો છે. ૨૧ ગાથા છે? જુઓ! ૨૧ ગાથા છે.

**स्वसंवेदनसुव्यक्तस्तनुमात्रो निरत्ययः।**
**अत्यन्तसौख्यवानात्मा, लोकालोकविलोकनः।।२१।।**

પરમાર્થ દૃષ્ટિ ત્યાંથી શરૂ થઈ છે. એક તો ભગવાન લોકાલોકને જાણનારો છે. આ એક આત્મા, હોં! એક. આહાહા..! લોકાલોકને જાણનારો હું એકલો આત્મા છું. તો લોકાલોક છે, હું જાણનારો મારાથી છું. સમજાય છે કાંઈ? અને શરીર '**તનુમાત્રો**' શરીર પ્રમાણે છું. વ્યાપક નહિ–સર્વ વ્યાપક નહિ. શરીર પ્રમાણે છું એવું મારું ક્ષેત્રથી અસ્તિત્વ છે. ક્ષેત્રથી બધામાં વ્યાપક નથી. કેમ કે જ્યારે ધ્યાન કરે છે ત્યારે અંતરમાં એકાગ્ર થાય છે. તો જેટલામાં છે તેમાં એકાગ્ર થાય છે. જેટલામાં ક્ષેત્ર છે તેમાં એકાગ્ર થાય છે. સમજાય છે કાંઈ?

'**તનુમાત્રો**' કહ્યું. એમ કેમ કહ્યું? પોતામાં એકાગ્ર થવામાં કાંઈ પર ઉપર આમ લાંબે લક્ષ નથી જતું. એનો અર્થ છે કે આત્મા આટલા પ્રમાણમાં, જેટલા પ્રમાણમાં છે એટલામાં એકાગ્ર થવાનો પ્રયાસ થાય છે. તો શરીર પ્રમાણે જ આત્મા છે. અને એ નિત્ય છે. લખ્યું છે ને? નિત્ય છે, અત્યંત સૌખ્યવાન છે. બે બોલ લીધા. લોકાલોક છે, લોક છે, અલોક પણ છે. બધાને હું જાણનારો એક તત્ત્વ છું. અને હું અનંત સૌખ્યવાન, અનંત આનંદવાન છું. અનંત આનંદ જેનો સ્વભાવ છે એના આનંદનું માપ શું? અત્યંત અનંત આનંદમય હું એક આત્મા છું. શરીર પ્રમાણે છું, નિત્ય છું, લોકાલોક છે તેનો જાણનારો છું અને અનંત આનંદમય છું. અને સ્વસંવેદન. હું જ મારાથી વેદન કરવાલાયક છું. સમજાય છે કાંઈ? રાગથી નહિ, પરથી નહિ, દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ નહિ. આહાહા..! સ્વસંવેદન. આમાં બધા બોલ નાખ્યા છે. અહીંયાથી શરૂ થયું છે.

એક એક આત્મા સર્વજ્ઞ પરમેશ્વર થઈ શકે છે એમ સિદ્ધ કર્યું છે. એક આત્મા સર્વજ્ઞ ન થઈ શકે તો એ આત્મા જ નથી. સમજાય છે કાંઈ? કેમકે એ જ્ઞાનસ્વરૂપ છે. જ્ઞાનસ્વરૂપની વિકાસ શક્તિ થતાં લોકાલોક જગત, ત્રણકાળ ત્રણલોક, આકાશનું અમાપ આકાશ, અમાપ.. અમાપ.. અમાપ... અમાપ.. ક્યાંય અંત નથી આવતો. આકાશનો ક્યાંય અંત છે? ક્યાં અંત હશે? ક્યાં? પછી ક્યાં? અમાપ. જેનું માપ નથી એનું પણ જ્ઞાન–આત્મા માપ કરી લ્યે છે. આવું પોતાનું જ્ઞાન–આત્મા લોકાલોકને જાણનારું છે. એક એક આત્મા સર્વજ્ઞશક્તિ ધરાવે છે અને એક એક આત્મામાં અનંત આનંદ ભર્યો છે. છે શરીર પ્રમાણે, ક્ષેત્રની વિશેષતા નથી. સમજાય છે કાંઈ? ક્ષેત્ર મોટું હોય તો મોટો ગુણ રહે એમ નથી. ક્ષેત્ર આટલું છે, ગુણ અનંત છે. સામર્થ્ય અનંત છે, શક્તિ અનંત છે. લોકાલોક જાણવાની તાકાત છે

અને કાયમ રહેનારો છે અને પર્યાય પલટે છે. સ્વસંવેદન આવ્યું ને? ભાઈ!

સ્વસંવેદનનો અર્થ–જે અનાદિકાળથી વિકાર, પુણ્ય-પાપનું વેદન કરતો હતો, પરનું વેદન તો કોઈ કરતું જ નથી, શરીર, વાણી, સ્ત્રી, કુટુંબ, જડનું ધૂળનું માંસનું વેદન તો કોઈ કરી શકતું જ નથી, એ તો માટી–ધૂળ છે, એનું લક્ષ કરીને રાગનું વેદન કરતો હતો. રાગનું વેદન કરતો હતો એ વિકાર ને દુઃખ ને સંસાર હતો. એ રાગથી હટીને હું ચિદાનંદ છું, એમ પર્યાયમાં–અવસ્થામાં સ્વસંવેદન સ્વથી થવું, પર્યાયમાં આનંદનું ભાન થવું, એનું નામ મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ત્યાંથી–૨૧ (શ્લોકથી) શરૂ કર્યું છે, લ્યો! અહીં સુધી આવ્યું. આ બધો એ જ વિસ્તાર છે. ૨૮ (ગાથા) પૂરી થઈ.

એનો હિન્દી દોહો. **'પ્રાણી જા સંયોગતે, દુઃખ સમૂહ લહાત.'** હિન્દી છે, હિન્દી.

**પ્રાણી જા સંયોગતે, દુઃખ સમૂહ લહાત,**
**યાતે મન વચ કાય યુત, હૂં તો સર્વ તજાત. ૨૮.**

**'પ્રાણી જા સંયોગતે,...'** જે મન, વચન ને કાયા આદિ પરસંયોગનું લક્ષ કરે છે તેને **'દુઃખ સમૂહ લહાત.'** દુઃખનો સમૂહ પ્રાપ્ત થાય છે. પોતાનો ભગવાનઆત્માનો શુદ્ધ સ્વભાવનો સંબંધ છોડીને જેટલું પરપદાર્થનું સંયોગ સંબંધ, લક્ષ કરે છે તેટલા દુઃખના દરિયા અનુભવ કરવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'પ્રાણી જા સંયોગતે, દુઃખ સમૂહ લહાત.'** જે પરના સંયોગથી જીવને–આત્માને દુઃખ, દુઃખ, દુઃખ, આકુળતા ઉત્પન્ન થાય છે. પરના સંયોગથી ક્યાંય પણ અનાકૂળતા થાય એમ સ્વરૂપમાં છે જ નહિ. જેટલો પોતાનો નિજાનંદ ભગવાનઆત્મા, પરથી જુદું અસંગ તત્ત્વ, એનો અંતર સંગ છોડીને, જેટલું પર પદાર્થની હયાતીમાં પોતાનો સંગ એટલે લક્ષ કરે છે, આશ્રય કરે છે તેને દુઃખનો સમૂહ વેદન કહેવામાં આવે છે. દુઃખ છે, દુઃખનું વેદન છે, એનું નામ સંસાર છે. જગતમાં દુઃખ છે જ નહિ, એમ નથી. દુઃખ ન હોય તો દુઃખનો નાશ કરવાનો ઉપાય પણ રહેતો નથી. પરના સંગે, પરના લક્ષે, પરના સંયોગથી અજ્ઞાનીને અનાદિકાળથી દુઃખ વેદન છે.

**'યાતે મન વચ કાય યુત, હૂં તો સર્વ તજાત.'** પહેલા અભિપ્રાયમાં મન, વચન ને કાયાથી બધેથી હું છૂટી જાઉં છું. મારી વસ્તુ અજોગી, અકંપ, યોગથી ભિન્ન, મન-વચન-કાયાની હયાતીથી ભિન્ન મારી વસ્તુ છે, તો મારી વસ્તુના આશ્રયે પરને, મન-વચન-કાયાને છોડી દઉં છું. આહાહા..! સમજાય છે કાંઈ? એ ૨૮ થઈ.

फिर भावना करनेवाला सोचता है कि पुद्गल-शरीरादिकरूपी मूर्तद्रव्यके साथ जैसा कि आगममें सुना जाता है, जीवका सम्बंध है। उस सम्बंधके कारण ही जीवका मरण व रोगादिक होते हैं, तथा मरणादि सम्बंधी बाधायें भी होती हैं। तब इन्हें कैसे व किस भावनासे हटाया जावे? वह भावना करनेवाला स्वयं ही समाधान कर लेता है कि-

न मे मृत्युः कुतो भीतिर्न मे व्याधिः कुतो व्यथा।
नाहं बालो न वृद्धोहं, न युवैतानि पुद्गले।।२९।।

अर्थ :- मेरी मृत्यु नहीं तब डर किसका? मुझे व्याधि नहीं, तब पीड़ा कैसे? न मैं बालक हूँ, न बूढ़ा हूँ, न जवान हूँ। ये सब बातें (दशाएं) पुद्गलमें ही पाई जाती हैं।

विशदार्थ :- `एकोहं निर्ममः शुद्धः' इत्यादिरूपसे जिसका स्वस्वरूप निश्चित हो गया है, ऐसा जो मैं हूँ, उसका प्राणत्यागरूप मरण नहीं हो सकता, कारण कि चित्शक्तिरूप भावप्राणोंका कभी भी विछोह नहीं हो सकता। जब कि मेरा मरण नहीं, तब मरण के कारणभूत काले नाग आदिकोंसे मुझे भय क्यों? अर्थात् मैं किसीसे भी नहीं डरता हूँ। इसी प्रकार वात, पित्त, कफ आदिकी विषमताको व्याधि कहते हैं, और वह मुझे है नहीं, कारण कि वात आदिक मूर्तपदार्थसे ही सम्बंध रखनेवाले हैं। जब ऐसा है, तब ज्वर आदि विकारोंसे मुझे व्यथा तकलीफ कैसी? उसी तरह मैं बाल वृद्ध आदि अवस्थावाला भी नहीं हूँ। तब बाल वृद्ध आदि अवस्थाओंसे पैदा होनेवाले दुःखों-क्लेशोंसे मैं कैसे दुःखी हो सकता हूँ? अच्छा यदि मृत्यु वगैरह आत्मामें नहीं होते, तो किसमें होते हैं? इसका जवाब यह है कि `एतानि पुद्गले' ये मृत्यु-व्याधि और बाल वृद्ध आदि दशाएं पुद्गल-मूर्त शरीर आदिकोंमें ही हो सकती हैं। कारण कि ये सब मूर्तिमान् पदार्थोंके धर्म हैं। मैं तो अमूर्त हूँ, मुझमें वे कदापि नहीं हो सकती।

दोहा - मरण रोग मोंमें नहीं, तातें सदा निशंक।
बाल तरुण नहिं वृद्ध हूँ, ये सब पुद्गल अंक।।२९।।

---

હવે ૨૯. **‘ફિર ભાવના કરનેવાલ સોચતા હૈ કિ પુદ્ગલ-શરીરાદિકરૂપી મૂર્તદ્રવ્યકે સાથ જૈસા કિ આગમમેં સુના જાતા હૈ કિ, જીવકા સમ્બંધ હૈ.’** નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. સંબંધ ન હોય તો સંબંધ તોડવાનું રહેતું નથી. **‘ઉસ સમ્બંધકે કારણ હી જીવકા મરણ વ રોગાદિક હોતે હૈં,...’** શિષ્યનો પ્રશ્ન (છે એનું) સમાધાન ત્યાં ને ત્યાં કરશે. એ તો પોતે ને પોતે

સમાધાન કરશે. પોતે એટલે ખુદ. **'સમ્બંધકે કારણ હી જીવકા મરણ વ રોગાદિ હોતે હૈં, તથા મરણાદિ સમ્બંધી બાધાયેં ભી હોતી હૈં. તબ ઇન્હેં કૈસે વ કિસ ભાવનાસે હટાયા જાવે? વહ ભાવના કરનેવાલા સ્વયં હી સમાધાન કર લેતા હૈ કિ–'** આહાહા..!

**न मे मृत्युः कुतो भीतिर्न मे व्याधिः कुतो व्यथा।**
**नाहं बालो न वृद्धोहं, न युवैतानि पुद्गले।।२९।।**

પાછું છે ખરું ઇ. એ પુદ્‌ગલ છે, ભાઈ! મરણ પુદ્‌ગલને છે, જન્મ પુદ્‌ગલને છે, રોગ પુદ્‌ગલને છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ (છે). 'આનંદઘનજી' કહે છે ને?

અબ હમ અમર ભયે ન મરેંગે, યા કારણ મિથ્યાત્વ તજ્યો હમ,
હમ ક્યોં કર દેહ ધરેંગે?, અબ હમ અમર ભયે ન મરેંગે.

આહાહા..! અમર તો છે. ભયે, એમ કહ્યું. શરીરની પર્યાયને પોતાની માનતો હતો તો શરીરના મૃત્યુથી પોતાનું મૃત્યુ થયું એમ અજ્ઞાની માનતો હતો. શરીરના સંયોગથી જન્મ થયો, એમ અજ્ઞાની પોતાની ચીજને ભિન્ન નહિ માનીને શરીરના સંયોગથી હું જન્મ્યો એમ માનતો હતો. શરીરમાં વ્યાધિ આવી તો મને વ્યાધિ આવી એમ મૂઢ અજ્ઞાની આત્માની દૃષ્ટિ છોડીને, શરીરની પર્યાયમાં પુદ્‌ગલમાં વ્યાધિ થઈ એ મને થઈ (એમ માને છે). અસ્તિત્વ છે પુદ્‌ગલમાં અને માન્યું પોતામાં, બસ! એ જ સંસાર અને મિથ્યાદર્શન છે. એ મિથ્યાદર્શન તજ્યે અમર થયો. આત્મા અમર (થયો). મૃત્યુ છે નહિ, જન્મ-મરણ પણ નથી. પણ આવો પોતાનો આત્મા પરથી ભિન્ન, વીતરાગ સ્વભાવ સ્વરૂપે આનંદનો અનુભવ થવો જોઈએ. ત્યારે રાગની એકતા ને વાણીની એકતા તૂટીને મિથ્યાદર્શનનો નાશ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અર્થ :– **'મેરી મૃત્યુ નહીં તબ ડર કિસકા?'** પ્રાણ છેદ, આવે છે ને? ભાઈ! 'સમયસાર'. શ્વાસ, આયુષ્ય, ઇન્દ્રિય અને બળ છે. પાંચ ઇન્દ્રિયો છે, મન, વચન, કાય બળ છે, જડ છે, આયુષ્ય છે, શ્વાસ છે. તેને પ્રાણ કહે છે અને તે પ્રાણના ઉચ્છેદને મરણ કહે છે. મારામાં એ પ્રાણ જ નથી તો ઉચ્છેદ ક્યાંથી આવ્યો? આહાહા..! સમજાય છે કાંઈ? આ સમ્યગ્દૃષ્ટિનું ધ્યેય અને સમ્યગ્દૃષ્ટિનો અભિપ્રાય! આહાહા..! પ્રાણ પણ છે ખરા, હોં! પ્રાણ નથી એમ નહિ. જડરૂપે છે. મનપ્રાણ, વચનપ્રાણ, કાયપ્રાણ, શ્વાસોશ્વાસપ્રાણ, દેહની આયુષ્યની સ્થિતિ અને પાંચ ઇન્દ્રિયો છે. મારામાં નથી. પ્રાણનું અસ્તિત્વ છે તો પ્રાણનો છેદ થાય છે. એ પ્રાણ મારામાં નથી તો મારામાં છેદ થતો નથી, તો મારું મૃત્યુ થતું નથી. સમજાય છે કાંઈ? કેમ કે મારા પ્રાણ તો જ્ઞાન, દર્શન, આનંદ ને સત્તા છે. મારા પ્રાણ જ્ઞાન, દર્શન, આનંદ ને સત્તા (છે). કાયમ રહેવાવાળી ચીજ અને જ્ઞાન, દર્શન ને આનંદ એ મારા પ્રાણ

છે. એ પ્રાણનો તો મને ક્યારેય વિયોગ થતો નથી. સમજાય છે કાંઈ? આવા પોતાના ચૈતન્ય ભાવપ્રાણ (છે).

૪૭ શક્તિમાં પહેલી શક્તિમાં લીધું છે ને? પોતાનું જીવન. જીવતરશક્તિ. ભગવાનઆત્મા, પોતાનું જ્ઞાનસ્વરૂપી જાણન, દર્શનસ્વરૂપી, આનંદમૂર્તિ અને સત્તા હોવાવાળું તત્ત્વ, આવા સ્વભાવના પ્રાણનું જીવન હું કાયમ રાખનારો છું. મારું જીવન એનાથી છે. આયુષ્યથી, પુણ્ય-પાપથી, કર્મથી મારું જીવન નથી. આહાહા..! ઇન્દ્રિયોથી જીવન નથી, શ્વાસથી જીવન નથી. શ્વાસ ભિન્ન વસ્તુ છે. શ્વાસ ચાલે છે એ જડ છે, માટી છે–ધૂળ છે. એ તો જડ છે. અને શ્વાસનું રોકાવું પણ જડનું છે. આત્મામાં રોકાવું-ફોકાવું છે નહિ. ભગવાનઆત્મા, ચૈતન્ય આનંદ, જ્ઞાન, દર્શન ભાવપ્રાણને ધરનારો, એવા મારા પ્રાણનો વિચ્છેદ–વિયોગ અનંતકાળમાં ક્યારેય થતો નથી. સમજાય છે કાંઈ? પર પ્રાણનો વિયોગ થાય તો એ તો પુદ્ગલ છે. પુદ્ગલના છે તો પુદ્ગલથી ચાલ્યા જાય છે. એમ પુદ્ગલની હયાતી માને છે, પોતાના ચૈતન્ય ભાવપ્રાણને માને છે અને પોતાના ભાવપ્રાણનો સંબંધ કરીને આ પ્રાણનો વિયોગ થાય તો મારું મૃત્યુ થયું, એમ માનતા નથી. સમજાય છે કાંઈ?

**'મેરી મૃત્યુ નહીં તબ ડર કિસકા?'** અંદર ખુલાસો કરશે, હોં! **'મુજે વ્યાધિ નહીં, તબ પીડા કૈસે?'** લ્યો! 'જેચંદભાઈ' આ તમારું આવ્યું, જુઓ! કહો, સમજાણું આમાં? આમાં સમજાણું એટલે ઉસમેં સમજમેં આતા હૈ? ભગવાન ચૈતન્યજ્યોત આનંદપ્રાણને ધરનારો અને જ્ઞાનજ્યોતિ ચૈતન્યસૂર્ય અનાદિઅનંત ભિન્ન છે. એવું મારું અસ્તિત્વ હું રાખું છું. આવી દૃષ્ટિમાં ધર્મીને મને વ્યાધિ નથી (એમ અનુભવાય છે). વ્યાધિ તો જડની પર્યાય છે, માટી–ધૂળની છે. રોગની અવસ્થા તો જડની છે, આત્માને રોગ અવસ્થા થાય છે? સમજાય છે કાંઈ? પીડા કોને? કહો, 'જેચંદભાઈ'! આહાહા..!

ભગવાનઆત્મા આરોગ્ય બોહિ લાભમ્. આરોગ્ય નામ રાગરહિત હું આરોગ્ય વસ્તુ છું. હું વિકાર અને શરીરના પ્રાણ રહિત હું આરોગ્ય–ચૈતન્યરત્ન છું. એવો બોહિ લાભ. પોતાના જ્ઞાનનો લાભ થવો એનું નામ નિરોગતા છે. શરીરની રોગ અવસ્થા ભગવાનઆત્માને અડતી નથી.

મુમુક્ષુ :– આત્માને તો તમે અમાર બનાવી દીધો.

ઉત્તર :– બનાવ્યો નથી, છે. બનાવે શું? એમ છે. એમ છે એમ બતાવવામાં આવે છે. મરી જતો હશે આત્મા? સૂરજ કે દિ' મરે છે? સૂરજ ક્યા દિવસે મરે છે? સૂરજનું સ્નાન કોણે કર્યું? સાંજે સૂરજ અસ્ત થાય છે કે નહિ? તો સ્નાન કરે છે કે સૂરજ મરી ગયો? અને સવારે ઊગે તો જન્મ્યો એમ કહે છે? સૂરજ તો છે ઇ છે. છે ઇ છે. એના મરવાના સ્નાન કોઈ કરતું નથી. ભગવાન ચૈતન્ય આનંદકંદ શુદ્ધ આનંદ છે એમ ભાન થયું તો છે ઇ છે. આત્મા મરે એનું સ્નાન-બાન કોઈ કરતું નથી. આહાહા..! સમજાય

છે કાંઈ? એ ચાલ્યું હતું, ભાઈ! નહિ? 'સમ્યગ્જ્ઞાન દીપિકા'. બે જણા વાતું કરતા હતા. એક કહે, આ સૂરજ મરી જશે તો શું કરશું? (તો બીજો કહે), ચંદ્ર તો છે કે નહિ? ચંદ્ર મરી જાય તો શું કરશું? તો તારા તો છે કે નહિ? તારા મરી જશે તો શું કરશું? તો બહુ તેજસ્વી બત્તી તો છે કે નહિ? બત્તી મરી જશે તો શું કરશે? તો નાના નાના પ્રકાશ તો છે કે નહિ? છોટા છોટા પ્રકાશ મરી જશે તો શું કરશું? એવું કદી થતું જ નથી, જાઓ! ભગવાનઆત્મામાં પ્રકાશના વિકાસનો એને કદી અભાવ થતો નથી. મરે કોણ? આહાહા...!

જુઓને! કાલે બિચારો એક ૩૫ વર્ષના... પરમ દિવસે સાંજે માસ્તર ગુજરી ગયા, નહિ? ૩૫ વર્ષની ઉંમર. પાંચ મિનિટ. સ્થિતિ એવી છે, દેહની સ્થિતિ એવી છે. એમાં ક્યાં એક સમય વધે-ઘટે છે? ચૈતન્ય ભિન્ન, દેહ ભિન્ન. ભિન્ન તો છે જ પણ ક્ષેત્રથી ભિન્ન પડ્યા એને લોકો મરણ કહે છે. એક ક્ષેત્રે સંયોગ થયો એને જન્મ કહે છે. જન્મ-મરણ ભગવાનઆત્મામાં છે નહિ. આહાહા..!

**'ન મૈં બાલક હૂં...'** લ્યો! બાળક નથી કે જેથી બાળકની અવસ્થામાં દુઃખ ભોગવવું પડે. હું બાળક જ નથી. હું તો આત્મા છું. આત્મા બાળક નથી. **'ન બુઢા હૂં...'** એ વૃદ્ધાવસ્થા જડ પુદ્ગલ દેહની છે. બાળકપણું જડનું છે. શરીરની કોમળતાના અવયવને બાળક કહે છે. શરીરની કઠણ મજબુત અવસ્થાને યુવાન કહે છે. અને હાડકાની નરમાશ, નિર્બળતા થઈ જવી તેને વૃદ્ધાવસ્થા કહે છે. એ તો પુદ્ગલની જડની (અવસ્થા) છે. ભગવાન અરૂપી સૂર્ય ચૈતન્યઘન અસ્તિ પોતામાં પૂર્ણાનંદ રાખનારો હું આત્મા બાળક નથી. તો બાળકની વ્યથા મને નથી. હું યુવાન નથી તો યુવાનીનો વિકાર મને નથી. હું વૃદ્ધાવસ્થા નથી તો મારામાં નબળાઈ નથી. મારી વૃદ્ધાવસ્થા થઈ ગઈ, એમ કહે છે કે નહિ? શેઠ! આહાહા..!

**'યે સબ બાતેં (દશાયેં) પુદ્ગલમેં હી પાઈ જાતી હૈ.'** જુઓ! અસ્તિત્વ છે ખરું, મોજૂદગી છે ખરી. યુવાન, બાળ, વૃદ્ધ, મૃત્યુ અને વેદના એ બધું છે ખરું, અસ્તિત્વ છે ખરું, નથી એમ નથી. જડમાં છે. એ પુદ્ગલ માટી–ધૂળની અવસ્થા છે. ભગવાનઆત્મા ચૈતન્યસૂર્ય પ્રભુ, એ અસ્તિ જેવી છે તેવી દશા પલટીને પોતાના સ્વરૂપની મોજૂદગીની અંતરમાં પ્રતીતિ, અનુભવ કરવો. એ પુદ્ગલની પર્યાયથી મને સુખ-દુઃખ છે જ નહિ. કહો, સમજાય છે કાંઈ?

વિશદાર્થ :– **'एकोहं निर्ममः शुद्धः' 'ઇત્યાદિરૂપસે જિસકા સ્વસ્વરૂપ નિશ્ચિત હો ગયા હૈ,...'** જુઓ! નિશ્ચિત થઈ ગયું છે, એમ કહે છે. ન્યાંથી આવ્યું છે ને? **'एकोहं निर्ममः शुद्धः'**. એ ખુલાસો આપણે કર્યો હતો. ૨૭ ને? આપણે સુધાર્યું ઇ. ગુજરાતી પંડિતજી પાસે કરાવ્યું ઇ. લ્યો! 'સેઠી'! 'સેઠી' કહે, 'જયપુરવાળા' આવે તો વાંચજો. 'જયપુરવાળા'ના તારમાં આવ્યું કે નથી આવવાના. એણે કહ્યું હતું, કાલે વાંચવું, કાલે વાંચવું. અહીં તો એક વચન હોય ઇ યાદ તો આવે કે નહિ? 'સેઠી'!

અહીં કહે છે, એમાં લીધું છે, શું છે? જુઓ! ૨૭ છે ને?

**एकोऽहं निर्ममः शुद्धो, ज्ञानी योगीन्द्रगोचरः।**
**बाह्याः संयोगजा भावा, मत्तः सर्वेऽपि सर्वथा।।२७।।**

આવો નિશ્ચય થયો છે એ કહે છે કે મને મૃત્યુ નથી. એમ અહીંયા કહેવું છે, ભાઈ! આમ અંતરમાં નિર્ણય થઈ ગયો છે એ જાણે છે કે મૃત્યુ, બાળ અવસ્થા મારામાં નથી. કઈ રીતે છે? જુઓ! થોડું ફરીથી લઈએ. '**एकोऽहं**' દ્રવ્યાર્થિકનયે એક, પૂર્વાપર પર્યાયમાં અન્વયરૂપ. જુઓ! આ વસ્તુ. ભગવાનઆત્મા હું એક છું અને ભૂત પર્યાય-ગત પર્યાય અવસ્થા થાય છે, ભવિષ્યની પર્યાય (થાય છે). અવસ્થા બદલાય છે ને? બધી અવસ્થામાં સદૃશરૂપે અન્વયરૂપે હું એક છું.

હું ભગવાનઆત્મા દ્રવ્ય એટલે વસ્તુદૃષ્ટિ તરીકે એક છું અને વસ્તુ તરીકે ગત કાળની અનેક અવસ્થાઓ વ્યતીત થઈ ગઈ અને ભવિષ્યની અનેક અવસ્થાઓ થશે, એ બધી અવસ્થાઓમાં હું અન્વયરૂપે, સદૃશરૂપે, ધ્રુવરૂપે સળંગ એક રહેનારો છું. તેથી હું એક છું.

નિર્મમ-આ મારું અને હું એનો, એવા અભિનિવેશથી શૂન્ય છું. પુણ્ય-પાપના ભાવ અને શરીરાદિની ક્રિયા મારી છે, એ મારા છે... સમજાય છે કાંઈ? એ મારા છે અને હું એનો છું, હું એનો છું એવો જે અભિનિવેશ, એવો આગ્રહ, મિથ્યાત્વનો ભાવ, ધર્મી કહે છે, તેનાથી હું શૂન્ય છું. પર મારા નથી અને હું પરનો નથી. હું મારો છું અને પર પરના છે. એમ અંતર ચિદાનંદનો બોધ થયો, એ કેમ વિચાર કરે છે એની આ ગાથા ચાલે છે.

શુદ્ધ અર્થાત્ શુદ્ધનયના કથને દ્રવ્યકર્મ, ભાવકર્મથી મુક્ત છું. હું શુદ્ધ ચૈતન્યમૂર્તિ સ્વભાવની દૃષ્ટિએ જોઉં તો જડકર્મ રજકણ જે જ્ઞાનાવરણીય આદિ છે તેનાથી મુક્ત છું. અને પુણ્ય-પાપના વિકલ્પ, રાગ છે તેનાથી પણ મુક્ત છું.

જ્ઞાની છું. સ્વ-પરપ્રકાશક સ્વભાવવાળો છું. હું એકલા સ્વના પ્રકાશવાળો નથી. એકલા પરનો (પ્રકાશક) નથી. મારો સ્વભાવ જ સ્વ-પર પ્રકાશ કરનારો મારો સ્વભાવ છે. તો પર ચીજ છે પણ એનો પ્રકાશ કરનારો-જાણનારો હું છું. કંઈ કરનારો નથી. આહાહા..! સ્વપરપ્રકાશક સ્વભાવવાળો હું છું. યોગીન્દ્રગોચર અનંતપર્યાયયુક્તપણે કેવળીઓ વડે સ્વસંવેદ્ય અનંત અવસ્થાસહિત કેવળજ્ઞાની ભગવાન તેને વેદ છે. અનંત અવસ્થાસહિત ભગવાન તેને વેદે છે. અને શુદ્ધ ઉપયોગમાત્રમયપણે શુદ્ધ કેવળીઓ વેદે છે. અનંતપર્યાય સહિત કેવળી જાણે છે. શુદ્ધઉપયોગમાત્ર હું છું. એવા શુદ્ધકેવળી એટલે એવો આત્મા છું. સમજાણું કાંઈ? સંયોગથી દ્રવ્યકર્મના સંબંધથી, ઉત્પન્ન થયેલો મારી સાથેનો સંબંધ, જાણનાર ભાવ, દેહાદિક બધા સર્વથા મારાથી સર્વ દ્રવ્ય, ગુણ, પર્યાય, દ્રવ્ય, ક્ષેત્ર, કાળથી ભિન્ન છે.

એવો અંતરમાં નિર્ણય અને અભિપ્રાય થયો છે, તે .. વિચારે છે. સમજાણું કાંઈ? એ બધા મારા નથી. હું જ્ઞાનાનંદ છું. સમજવા જેવી વાત કરે છે. આ વિકલ્પની પર્યાય અને

હું છું તે પણ એક વિકલ્પ છે, તે પણ નહિ. હું તો માત્ર જાણનાર, દેખનારનો અનંત-અનંત બેહદસ્વભાવનો સૂર્ય છે. અને રાગાદિ પર છે, એવો ભેદ થયો છે, તે ૨૯ માં વિચાર કરે છે કે મારા.. જુઓ! **'ઉસકા પ્રાણત્યાગરૂપ મરણ નહીં હો સકતા,...'** જુઓ! **'ઐસા જો મૈં હૂં, ઉસકા પ્રાણત્યાગરૂપ મરણ નહીં હો સકતા,...'** મારા પ્રાણનો ત્યાગ થાય, એવો હું નથી. આહાહા..! મારા પ્રાણ તો ચૈતન્ય આનંદકંદ પ્રાણ છે. એ તો હું અનાદિ-અનંતસહિત છું. જે બાહ્યપ્રાણનો છેદ થાય છે એ પ્રાણ તો પુદ્ગલનો છે. તેની સાથે મારે સંબંધ નથી.

**'કારણ કિ ચિત્શક્તિરૂપ ભાવપ્રાણોંકા કભી ભી વિછોહ નહીં હો સકતા.'** જુઓ! જ્ઞાનશક્તિ ભગવાન! તેના પ્રાણનો વિચ્છેદ તો ક્યારેય હોતો નથી. એ કારણે મારું મરણ નથી, એવા ધર્માત્મા પોતાના સ્વરૂપની દૃષ્ટિ રાખીને મૃત્યુનું સમાધાન કરે છે. મારામાં મૃત્યુ નથી. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૪૯૨, વૈશાખ સુદ ૨, શુક્રવાર**
**તા. ૨૨-૦૪-૧૯૬૬**
**ગાથા–૨૯ થી ૩૦ પ્રવચન નં. ૩૪**

'ઇષ્ટોપદેશ' શાસ્ત્ર છે. 'પૂજ્યપાદસ્વામી' દિગંબર મુનિ થયા છે એમનું બનાવેલું 'ઇષ્ટોપદેશ' (અર્થાત્) આત્માને હિતકર ઉપદેશ (શાસ્ત્ર છે). ૨૯ મી ગાથા ચાલે છે. જુઓ!

**न मे मृत्युः कुतो भीतिर्न मे व्याधिः कुतो व्यथा।**
**नाहं बालो न वृद्धोहं, न युवैतानि पुद्गले।।२९।।**

શું કહે છે? કે ધર્માત્મા પોતાનું સ્વરૂપ અંદરમાં દેહથી અને પુણ્ય-પાપના રાગથી ભિન્ન સમજે છે. હું શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક આનંદ શુદ્ધ ધ્રુવ અજરઅમર અનાદિઅનંત ચૈતન્ય છું. એવી દૃષ્ટિ રાખનાર સમ્યગ્દૃષ્ટિ પોતાનું મૃત્યુ માનતા નથી. મૃત્યુ-જન્મ આદિ તો શરીરના ધર્મ છે. પુદ્ગલની પર્યાય, પુદ્ગલનો ધર્મ છે, એ આત્માનો ધર્મ નથી. શુદ્ધ અંતર્મુખ દૃષ્ટિનો વિષય આત્મા આનંદકંદ જ્ઞાનાનંદ પોતાનું નિજ સ્વરૂપ (છે) એવી જેને અંતરમાં દૃષ્ટિ થઈ એ કહે છે કે, **'एकोहं निर्ममः शुद्धः'**.

ટીકા, વિશદાર્થ છે. હું એક છું. હું એક છું એટલે બધું મળીને એક નહિ, મારું સ્વરૂપ જ એક છે. અનંત જ્ઞાન, દર્શનથી ભરેલું **'एकोहं निर्ममः शुद्धः'**. મારી વસ્તુ પરના મમત્વના

આગ્રહથી રહિત છે. રાગાદિ શુભભાવ કે અશુભભાવ કે શરીરની જડ આદિની જે ક્રિયા થાય છે તેનાથી **'મમઃ' 'મમઃ'** એટલે અભિનિવેશ, અભિનિવેશ એટલે અભિપ્રાય–એ મારું છે અને હું એનો છું, એવા અભિપ્રાયથી ધર્માત્મા અંતરમાં પરથી શૂન્ય છે. સમજાણું કાંઈ? **'મમઃ'** નહિ. એ રાગ, વિકલ્પ, શરીર, વાણી મારા નથી, તો એનું મૃત્યુ અથવા દેહ છૂટે તો મારું મૃત્યુ થયું એમ ધર્મી માનતા નથી.

શુદ્ધ છું. હું જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ એક સમયમાં નિર્મળ પર્યાય સહિત મારો સ્વભાવ શુદ્ધ છે. હું અનાદિઅનંત અમર છું. મારા સ્વરૂપમાં મૃત્યુ નથી. એ મૃત્યુનો અર્થ છે. **'न मे मृत्युः'**. સમજાય છે કાંઈ? 'આનંદઘનજી' કહે છે ને? કાલે આવ્યું હતું. 'અબ હમ અમર ભયે ન મરેંગે, યા કારણ મિથ્યાત્વ તજ્યો હમ, યા કારણ મિથ્યાત્વ દિયો તજ, ક્યોં કર દેહ ધરેંગે, અબ હમ અમર ભયે ન મરેંગે, અબ હમ અમર ભયે ન મરેંગે, અબ હમ અમર ભયે ન મરેંગે, યા કારણ...' આ **'મમઃ'** શબ્દનો અર્થ છે. 'યા કારણ મિથ્યાત્વ દિયો તજ' એ **'નિર્મમઃ'** નો અર્થ છે. રાગ, વિકલ્પ, શરીર આદિ પર્યાય મારામાં ત્રિકાળમાં નથી. એવો જે અભિપ્રાય કે પુણ્ય-પાપના ભાવ, શરીર અને વાણી મારા છે એવા અભિપ્રાયને ભગવાન અભિનિવેશ–મિથ્યા અભિપ્રાય–મિથ્યાદર્શન–કહે છે. ધર્મીને આવા મિથ્યાદર્શનનો (અભાવ છે). શૂન્ય છે એમ પહેલા આવ્યું છે. શૂન્ય છે–મારામાં નથી. હું તો શુદ્ધ અમર ચિદાનંદ સ્વરૂપ છું.

'યા કારણ મિથ્યાત્વ તજ્યો હમ, ક્યોં કર દેહ ધરેંગે' દેહ ધરવાનું જ નથી. દેહનો જન્મ એ તો સંયોગી ચીજ છે. મારા સ્વરૂપમાં દેહ ધરવાનું નથી. એમ સમ્યગ્દષ્ટિ જીવ પોતાના આત્માને શુદ્ધ અખંડ આત્મા માને છે તો કહે છે કે, **'જિસકા સ્વસ્વરૂપ નિશ્ચિત હો ગયા હૈ,...'** સમજાય છે કાંઈ? બાળક હો કે વૃદ્ધ હો, નારકી હો કે પશુ હો, સમ્યગ્દષ્ટિ જીવ પોતાના સ્વરૂપમાં સંયોગી ચીજનો લેપ સંબંધ સ્વીકાર કરતા નથી. હું તો એક અખંડ જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય (છું). એવું **'જિસકા સ્વસ્વરૂપ નિશ્ચિત હો ગયા હૈ, ઐસા જો મૈં હૂં,...' 'ઐસા જો મૈં હૂં,...'** હું છું. અનંત જ્ઞાન, દર્શન, આનંદ એવું મારું સ્વરૂપ છે. **'ઉસકા પ્રાણત્યાગરૂપ મરણ નહીં હો સકતા,...'** ઇન્દ્રિયપ્રાણ, શ્વાસપ્રાણ, આયુષ્યપ્રાણ, શરીરપ્રાણ એ જડના પ્રાણ છે, મારા પ્રાણ જ નથી.

મારા પ્રાણ આનંદ, શાંતિ, જ્ઞાન અને સત્તા, સત્તા એવા મારા પ્રાણ છે. અનાદિઅનંત હું ચૈતન્ય સ્વરૂપથી જીવનાર, જીવતરશક્તિથી સંપન્ન ભગવાનઆત્મા છું. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિને–સત્યદષ્ટિને–મારા શુદ્ધસ્વરૂપમાં પરના પ્રાણ જ નથી. તો પ્રાણના વિચ્છેદને મરણ કહે છે, મારામાં જડના પ્રાણ જ નથી તો તેના ઉચ્છેદ એવું મરણ મને કેમ હોય? કહો, સમજાય છે કાંઈ?

**'પ્રાણત્યાગરૂપ મરણ નહીં હો સકતા, કારણ કિ ચિત્‌શક્તિસ્વરૂપ ભાવપ્રાણોંકા કભી**

**ભી વિછોહ નહીં સકતા.**' અહો..! હું તો જ્ઞાન, દર્શન, આનંદ એવી શક્તિ, એવો મારો સ્વભાવ, એનો આત્માથી વિછોહ–વિયોગ–અભાવ–કદી ત્રણકાળમાં થતો નથી. એવો મારો સ્વભાવ છે, એવો પોતાના સ્વભાવનો નિશ્ચય કર્યો છે. **'જબ કિ મેરા મરણ નહીં, તબ મરણકે કારણભૂત...'** જ્યારે મને મરણ નથી, ભય નથી, (તો પછી) કોનો ડર? હું એક શુદ્ધ ધ્રુવ ચૈતન્યધાતુ છું. મારા જ્ઞાન, આનંદ પ્રાણ મારી પાસે છે. જે શરીર આદિ પ્રાણ છે તેના ત્યાગથી મારું મરણ નથી. સમજાય છે કાંઈ?

મૃત્યુકાળે પણ ધર્મીને... 'સંસારી પ્રાણીને મરણ તણો ભય છે, મારે મન આનંદની લહેર છે' સમજાય છે કાંઈ? દેહ છૂટવાના કાળે પોતાનો સ્વભાવ પહેલેથી ભિન્ન સમજી લીધો છે, અનુભવ કરી લીધો છે. દુનિયાને મરણ તણો ત્રાસ છે, મારે મન આનંદની લહેર છે. આહાહા...! સમજાય છે કાંઈ? 'સંસારીને મરણ તણો ત્રાસ છે, સંસારીને મરણ તણો ત્રાસ છે, મારે મન આનંદની લહેર જો..' હું તો આત્મા આનંદ શુદ્ધ ચૈતન્ય છું. મારા સ્વભાવનો વિયોગ કદી થતો નથી. શરીરનો વિયોગ થાય તો પુદ્‌ગલની પર્યાય છે. તેનો વિયોગ તો સંયોગ છે તો વિયોગ થવાનો જ છે. એમાં મારા જન્મ ને મરણ નથી. જન્મ-મરણ મારામાં છે જ નહિ. એમ ધર્મી પોતાના ચૈતન્યસ્વભાવને જન્મ-મરણ રહિત અસંગ પોતાને જાણે છે અને પોતામાં એવો અનુભવ કરે છે.

કહે છે, મને મરણ નથી તો **'મરણકે કારણભૂત કાલે નાગ આદિકોંસે મુજે ભય ક્યોં?'** આહાહા..! કાળો નાગ, વાઘ અને સિંહ ખાવા આવે તો શું છે? કોણ ખાય? કોને ખાય? હું તો અરૂપી આનંદઘન છું. મારું ભક્ષણ કરનાર જગતમાં કોઈ ચીજ નથી. એવું મારું (સ્વરૂપ છે). મોટો સિંહ આવી જાય, ખાઓ! આહાહા..! સમજાય છે કાંઈ? અને કાળા નાગની અહીંયા આકરી ઉપમા આપી છે, ભાઈ! આકરો કાળો નાગ હોય આમ, લોકો એનાથી ડરે છે. કોનો ડર? પ્રભુ! તું તો ચૈતન્યધાતુ છો ને! અનાદિઅનંત શાશ્વત વસ્તુ છો ને! શાશ્વત વસ્તુનો ખંડ, છેદ, ભંગ કદી ત્રણકાળમાં થતો નથી. એવા કાળા નાગથી પણ **'મુજે ભય ક્યોં?'** સમજાય છે કાંઈ?

'શ્રીમદ્' પણ 'અપૂર્વ અવસર' માં કહે છે ને?

એકાકી વિચરતો વળી સ્મશાનમાં, એકાકી વિચરતો વળી સ્મશાનમાં
વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો, અડોલ આસન ને મનને નહિ ક્ષોભતા
પરમમિત્રનો જાણે પામ્યા યોગ જો, અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

'શ્રીમદ્ રાજચંદ્ર'નો ૩૩ વર્ષે દેહ છૂટ્યો. એ પહેલા 'અપૂર્વ અવસર'ની ભાવનામાં એમ લીધું. સાત વર્ષની ઉંમરથી જાતિસ્મરણજ્ઞાન હતું. પછી આત્મજ્ઞાન થયું. તેંત્રીસ વર્ષે દેહ છૂટી ગયો. સમજાય છે કાંઈ? પહેલા ભાવના કરતા હતા. ગૃહસ્થાશ્રમમાં હતા, લાખો રૂપિયાનો મોતીનો વેપાર હતો. વેપાર વેપારના ઘેર રહ્યો. 'અખિલ'!

પોતાનો આત્મા દેહથી જુદો, રાગથી જુદો, ચૈતન્ય પ્રભુ, એનું અંતરમાં ભાન, પ્રબોધ, બોધ, શાંતિ થઈ છે, તો કહે છે કે, અહો..! 'એકાકી વિચરતો વળી સ્મશાનમાં' સ્મશાનમાં હું એકલો વિચરું. અને વાઘ અને પર્વતના સંયોગમાં, પર્વતના જંગલના સંયોગમાં વાઘ અને સિંહનો સંયોગ હો. અડોલ આસન–મારું મૃત્યુ નથી. મને ભય શેનો? સમજાય છે કાંઈ? અડોલ આસન. એ તો જડની પર્યાય છે. પણ મનમાં નહિ ક્ષોભતા. હું ચૈતન્યધાતુ આનંદકંદ અનાકુળ શાંતરસનો પિંડ છું. મને કોણ ભખે? અને મારો નાશ કોણ કરે? આવા અંતરના સ્વભાવની દૃષ્ટિવંત ધર્માત્મા કહે છે કે, વાઘ અને સિંહના સંયોગમાં... અહીં કહે છે ને, નાગના સંયોગમાં ભય નથી. સમજાય છે કાંઈ?

પોતાના શુદ્ધ સ્વરૂપની શ્રદ્ધા, અભિપ્રાયમાં અખંડાનંદનો અનુભવ થયો છે એને સમ્યગ્દૃષ્ટિ કહે છે. સમ્યગ્દૃષ્ટિ કાળો નાગ દેખે તો પણ એને ભય નથી. 'પરમમિત્રનો જાણે પામ્યા યોગ જો' આહાહા..! દેહ મારો નથી અને જેને દેહ જોઈએ છે એ લઈ જાઓ, લઈ જાઓ! આહાહા..! 'ચીમનભાઈ'! આનું નામ સમ્યગ્દર્શન છે. દેહની કોઈ ક્રિયા હું કરી શકું છું, દયા, દાનના પરિણામ મારા છે, એનાથી મને લાભ છે એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા જ્ઞાનની મૂર્તિ, ચૈતન્યસ્વભાવી સૂર્ય, સમ્યક્ સ્વભાવ સૂર્ય વસ્તુ આત્મા છું, એમ અંતરમાં ભાન થયું તો કહે છે, કાળા નાગ આદિથી. આદિ એટલે સિંહ, વાઘ (ખાવા આવે તો પણ) મને શેનો ભય? આહાહા..! આ નિર્ભય. નિઃશંક.. નિઃશંક! સમજાય છે કાંઈ? નિઃશંકતા છે, નિડર છે, દેહથી ભિન્ન આત્માને જોઈ લીધો છે. દેહથી ભિન્ન ધ્રુવતારાને જોઈ લીધો છે. દેહથી ભિન્ન શાશ્વત ચીજ, સમ્યગ્દૃષ્ટિને જાણવામાં, જ્ઞાનમાં અનુભવમાં આવી ગઈ છે. તેમને ભવનો ડર અને મૃત્યુનો ડર નથી. ભવ-ભવ છે નહિ.

**'અર્થાત્ મૈં કિસીસે ભી નહીં ડરતા હૂં.'** સમજાણું કાંઈ? મારા શુદ્ધ સ્વરૂપમાં કોઈ પરપદાર્થનો પ્રવેશ નથી અને હું કદી પરપદાર્થમાં પ્રવેશ કરતો નથી. 'નિર્જરા અધિકાર' માં આવે છે ને? ભાઈ! પ્રાણ ઉચ્છેદન, મરણનું નહિ? 'નિર્જરા અધિકાર'માં આવે છે, એ જ વાત અહીંયા બીજી રીતે લીધી છે. પ્રાણનો નાશ થાય તો મારે શું? મારા ચૈતન્ય જીવનપ્રાણ જ્ઞાનથી, આનંદથી ભરેલો ચૈતન્યપ્રભુ, એ વસ્તુમાં કોઈનો (પ્રવેશ નથી). વિકલ્પ, પુણ્ય-પાપનો રાગ છે એનો પણ અંતર ધ્રુવ ચૈતન્યમાં પ્રવેશ નથી. પ્રવેશ નથી તો બીજો શું એને ખાય જાય ને કાપી નાખે? એમ ધર્મીને પોતાના સ્વરૂપનો નિડરભાવ હોય છે. સમજાય છે કાંઈ?

**'ઇસી પ્રકાર વાત, પિત્ત, કફ આદિકી વિષમતાકો વ્યાધિકો કહતે હૈં,...'** જુઓ! **'कुतो भीतिर्न मे व्याधिः'** મને વ્યાધિ નથી. અહો..! વ્યાધિ એ જડની પુદ્ગલની પર્યાય છે. શેઠ! આ માટી છે–ધૂળ છે. એની વ્યાધિ, રોગ જડની દશા છે. એ દશા પુદ્ગલની છે, મારામાં વ્યાધિ નથી. આહા..! સમજાય છે કાંઈ? મારામાં પુદ્ગલની પર્યાયની વ્યાધિનો અત્યંત અભાવ

છે. હું કોઈથી (ભયભીત નથી).

**'વાત,...'** આ વા થાય છે ને? વા. ચાલી શકે નહિ. આમ આમ કરે. આમ રાડ નાખે છે. આ તો વાત એટલે આ સાંધા. વાત થાય છે ને? વા.. વા. શું છે? ઉં..હું.. શું કરે છે? એ જડની પર્યાય તને અડી નથી. શરીરનો વા, જડની અવસ્થા આત્માને કદી અડી નથી. આત્મા જડની પર્યાયને કદી ત્રણકાળ ત્રણલોકમાં અડ્યો નથી. સમજાય છે કાંઈ? સેઠી! અરે.. આ..! અરે..! મરી ગયા રે..! કોણ મરી જાય? કોણ મરે? દેહ મરે? આત્મા મરે? કોણ મરે? દેહના રજકણ પણ શાશ્વત છે, ત્રિકાળ છે, એની પર્યાય પલટે છે. તું પણ શાશ્વત છો. તારી અવસ્થા પલટે છે. પણ અંતર સ્વભાવ સન્મુખ થા તો તારી દશા આનંદમય થાય છે. પર ઉપર, સંયોગ ઉપર લક્ષ હોય તો આકુળતાના, દુઃખના ઢગલા છે. સમજાય છે કાંઈ?

પહેલા એ આવી ગયું છે, ભાઈ! પોતાના શુદ્ધ ચૈતન્ય ભગવાન ઉપર દૃષ્ટિ દેવાથી, સ્વભાવનો સંગ કરવાથી શાંતિ, આનંદ મળે છે. જેટલું પરસંયોગમાં લક્ષ જાય છે તેટલી આકુળતા, દુઃખનો સમૂહ ભોગવવો પડે છે. આહાહા..! એ પહેલા આવી ગયું છે. આહા..! એ કેમ (બેસે)? જગતને અહીં પૈસામાં, ધૂળમાં, શરીરમાં મજા પડે છે. ધર્મીને આત્મામાં મજા છે, પરમાં આનંદ માનતા નથી. કરોડ, અબજો કે પાંચ-પચાસ લાખ કે કરોડ હો, ધૂળ છે. શરીર ધૂળ છે એ મારું નથી ત્યાં એ ચીજ મારી ક્યાંથી થઈ?

કહે છે કે, વાતની પીડા મને નથી. ક્યારે? અત્યારે. આત્મામાં વાત પીડા છે જ નહિ ને, ભગવાન! એ તો દેહની પર્યાય છે ને. આ બોલાય છે એ જડની અવસ્થા છે. આત્મા બોલતો જ નથી. આત્મામાં ક્યાં રજકણ પડ્યા છે? અંદર અવાજ ઉઠે છે એ આત્મામાં છે કે અવાજ ઉઠે? આહાહા..! એ તો જડની ધ્વનિ, શબ્દની ધ્વનિ ઉઠે છે. એ આત્મામાં નથી. મારામાં વાત નથી.

પિત્ત નથી. પિત્તનો પ્રકોપ થાય છે ને ગરમીમાં? બહુ પિત્ત થયું છે. ભગવાન! તું તો અરૂપી છો ને! પ્રભુ! તારામાં તો શાંતિ પડી છે ને! શાંતિમાં પિત્તનો પ્રકોપ ક્યાંથી આવ્યો? શાંતિમાં પિત્તનો પ્રકોપ ક્યાંથી આવ્યો? ભગવાનઆત્મા શાંતિનું સરોવર, સાગર છે એવી દૃષ્ટિમાં પોતામાં પિત્ત થયું છે એમ ધર્મી માનતો નથી. સમજાય છે કાંઈ? શરીરથી ભિન્ન મારી વસ્તુ છે તો શરીરની જેટલી પર્યાય છે એ બધી પુદ્ગલની છે, મારામાં નથી.

કફ. લ્યો! શ્વાસ જડ છે, માટી છે. એને કારણ એ ગતિ કરે છે. ઊંચું નીચું થાય છે. આત્મા શ્વાસને હલાવતો નથી. આત્મા શ્વાસ લેતો નથી, આત્મા શ્વાસ છોડતો નથી, આત્મા શ્વાસ બંધ કરતો નથી. એ તો જડની પર્યાય છે. આહાહા..! એ પિત્ત અને કફ. શ્વાસમાં (કફ) અટકે ને? શું છે? એ કાંઈ ચૈતન્યમાં નથી, એ તો પુદ્ગલની પર્યાય છે. ધર્મી સમ્યક્ સત્ય દૃષ્ટિવંત જડની કોઈપણ પર્યાયને પોતાની પર્યાયમાં માનતા નથી. પોતામાં

માનતા નથી તો એનું દુઃખ મને છે, એમ કદી થતું નથી.

**'કફ આદિ...'** આદિમાં આ કેન્સર થાય છે. સમજ્યા? ભગંદર થાય છે, કંઠમાળ થાય છે. આવા આવા રોગ થાય છે. એકદમ રગ તૂટી જાય છે. રક્ત નીકળે છે. લોહી.. ખૂન. હમણા ગુજરી ગયા ને પરમ દિ'? હેમરેજ. 'કેશુભા'! પરમ દિ'. પાંત્રીસ વર્ષનો જુવાન. માસ્તર, પાંત્રીસ વર્ષનો. બે મિનિટમાં (ગુજરી ગયો). એ દેહની અવસ્થા છે, ભગવાન! દેહની અવસ્થા જ્યારે પૂરી થવાની છે ત્યારે પૂરી થયા વિના રહેતી નથી. ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર આવે તો પણ રોકી શકે નહિ. કહે છે કે, કફ આદિની પીડા મારામાં નથી. સમજાય છે કાંઈ?

**'કફ આદિકી વિષમતાકો વ્યાધિ કહતે હૈં, ઔર વહ મુજે હૈ નહીં, કારણ કિ વાત આદિક મૂર્તપદાર્થસે સમ્બંધ રખનેવાલે હૈં.'** એનો રજકણ સાથે સંબંધ છે. આહાહા..! એ રોગનો સં-બંધ, સં-બંધ રજકણ સાથે છે. મારી સાથે સં-બંધ છે જ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? **'જબ ઐસા હૈ, તબ જ્વર આદિ વિકારોંસે મુજે વ્યથા તકલીફ કૈસી?'** બીજો શબ્દ નાખ્યો. બુખાર.. બુખાર. ૧૦૫ ડિગ્રી, છ ડિગ્રી થાય તો.. આહા..હા..! આમ ધાણી ફૂટે એવો તાવ આવે, એમ આપણે કહે છે ને? ધાણી ફૂટે એવો તાવ. ભાઈ! એ તો જડની પર્યાય છે. પ્રભુ! તને આત્માની ખબર નથી. સમજાય છે કાંઈ? એ બધી જડની દશા છે. ભગવાનઆત્મા પરથી જુદો છે એવું ભાન કર્યા વિના એના જન્મ-મરણના અંત કદી નહિ આવે. ત્રણકાળ ત્રણલોકમાં આત્મા પરથી જુદો, વિકલ્પથી જુદો શાંત આનંદસ્વરૂપ છે, એવી દૃષ્ટિ કર્યા વિના, આત્મજ્ઞાન વિના જન્મ-મરણના અંત આવતા નથી. અને આત્મજ્ઞાન થયું તો પછી મને વ્યાધિ નથી. એ પુદ્ગલની છે, મારામાં છે જ નહિ. આહાહા..!

પાંચ ડિગ્રી તાવ હોય ને સામાયિક કરવી હોય, ધ્યાન કરવું હોય તો ન થઈ શકે. શું એ જડની પર્યાય તને રોકે છે? સમજાય છે કાંઈ? સાતમી નરકનો નારકી, એને એટલી પીડા છે, એટલી પીડા છે કે એ ભગવાન જાણે અને એ વેદે. એમાં અંદરમાં સમ્યગ્દર્શન પામે છે. આહાહા..! કેમકે એ તો સંયોગી ચીજ છે. બહારની પીડા સંયોગમાં છે. એટલી પીડા કે જન્મથી સોળ રોગ. સાતમી નરકનો નારકી અંદર છે, હોં! હમ્બગ નથી. આત્માએ અનંતવાર એવા ભાવ કર્યા અને અનંતવાર નરકમાં ગયો.

ભગવાનઆત્મા, તે સમયે પૂર્વે રાજા હતો, સાંભળ્યું હતું પણ ધ્યાન ન દીધું, આત્મજ્ઞાન ન કર્યું તો નરકમાં ગયો. ત્યાં યાદ આવ્યું, આહાહા...! આ? શું છે આ? આ જીવન જ આવું હશે? આ વસ્તુ એમ જ હશે? આમાંથી નીકળવાનું કોઈ સ્થાન, કોઈ કાળ, કોઈ મર્યાદા છે કે નહિ? શું છે આ? એમ વિચારતા, પૂર્વે સંત પાસે સાંભળ્યું હતું કે અરે..! પ્રભુ! તું તો શુદ્ધ આનંદ છે ને! એ એને સ્મૃતિમાં આવ્યું. એવી પીડામાં અંદરમાં સ્મૃતિ થઈ. જેમ વિજળી તાંબાના તારમાં ઉપરથી પડીને નીચે ઊતરી જાય એમ ભગવાનઆત્મા સાતમી નરકના નારકીના પીડાના સંયોગમાં (પડ્યો એમ જુએ છે), અહો..! એ પીડા જડની

છે, મારામાં નથી. હું તો જ્ઞાતા ચૈતન્યસૂર્ય અનાદિ શાશ્વત ધાતુ, ચિદ્દઘન શાશ્વત તત્ત્વ છું, એવી અંતર દૃષ્ટિ લગાવી તો સ્વભાવની અંદર વીર્ય ઊતરી ગયું અને અનુભવ થઈ ગયો. આહાહા..! એટલી પીડામાં! અહીં તો થોડી પીડા હોય તો એં..એં..એં.. રાડ નાખે. સમજાય છે કાંઈ?

અરે..! ભગવાન! ધર્મ કોને કહે? આહાહા..! મારા આત્મામાં શરીરનો સ્પર્શ પણ નથી, એમ સાતમી નરકનો નારકીનો નિજ ચૈતન્યનો અનુભવ કરે છે, સમજાય છે કાંઈ? તો આ મનુષ્ય દેહમાં એટલી પીડા છે જ નહિ, એવા સંયોગ છે જ નહિ. અજ્ઞાની પોકાર પોકાર કરે છે. પોતાની ચૈતન્ય વસ્તુની ભાત પાડ્યા વિના, આ જડની પર્યાય મારી છે, એનું અસ્તિત્વ ટકાવી રાખું એમ ત્યાં બુદ્ધિ પડી છે. અહીંયા અંતર બુદ્ધિ નથી. અંદર ચૈતન્યમાં શું છે એની બુદ્ધિ તો છે નહિ, બહારમાં છે.

કહે છે, ધર્મીજીવ (એમ ભાવે છે કે) **'જ્વર આદિ વિકારોંસે મુજે વ્યથા તકલીફ કૈસી? ઉસી તરહ મૈં બાલ વૃદ્ધ આદિ અવસ્થાવાલા ભી નહીં હૂँ.'** બાળ અવસ્થા એ શરીરની કોમળ પરમાણુની પર્યાયને બાળ અવસ્થા કહે છે. મારામાં બાળ અવસ્થા નથી. આહાહા..! ભગવાન! બાળ અવસ્થા તો માટીની, આ ચામડાની, હાડકાની અવસ્થા છે. એ પુદ્ગલની પર્યાય છે. છેલ્લે લીધું ને? **'एतानि पुद्गले'**. એ બાળ અવસ્થા પુદ્ગલની પર્યાય છે, આત્માની નહિ. જુઓ! સિદ્ધ કરે છે, હોં! પુદ્ગલ છે, એની પર્યાય છે. એકલો ચૈતન્ય છે અને જડ નથી એમ નથી. સિદ્ધ કરતા જાય છે. શરીરની અવસ્થા પણ છે, જન્મ-મૃત્યુ આદિ શરીરમાં છે, એવી ચીજ છે પણ એનાથી મારી વસ્તુ ભિન્ન છે. જગતમાં એકલો આત્મા જ છે અને બીજી કોઈ ચીજ નથી એમ નથી.

કહે છે, **'જ્વર આદિ વિકારોંસે મુજે વ્યથા તકલીફ કૈસી? ઉસી તરહ મૈં બાલ વૃદ્ધિ આદિ અવસ્થાવાલા ભી નહીં હૂँ.'** યુવાન અવસ્થા નહિ. બત્રીસ વર્ષનો જુવાન. કોને જુવાન કહીએ? ભગવાન! એ તો પુદ્ગલની પર્યાય છે, તારી વસ્તુ તો એનાથી જુદી છે. જ્ઞાનાનંદ ભગવાનમાં યુવાની શું? ભગવાનઆત્મામાં બાળ અવસ્થા કેવી? પ્રભુઆત્મામાં વૃદ્ધાવસ્થા કેવી? એ ત્રણે અવસ્થા જડની જડમાં પુદ્ગલની પર્યાય છે. એ પુદ્ગલની પર્યાયમાં થાય છે એને મારામાં થાય છે એમ માનવું એનું નામ મિથ્યાદર્શન શલ્ય છે. આહાહા..! સમજાય છે કાંઈ? એનું નામ મિથ્યાત્વ છે. અજીવમાં થવાવાળી વસ્તુ મારામાં થાય છે, એનું નામ અજીવને જીવ માને છે. એવો એનો વિપરીત અભિપ્રાય છે. એને જડ-ચૈતન્યનું ભિન્ન જ્ઞાન નથી.

કહે છે, અરે..! બાળ, વૃદ્ધ આદિ અવસ્થાવાળો નથી. **'તબ બાલ વૃદ્ધ આદિ અવસ્થાઓંસે પૈદા હોનેવાલે દુઃખોં-કલેશોંસે મૈં કૈસે દુઃખી હો સકતા હૂँ?'** આહાહા..! બાળ અવસ્થા, વૃદ્ધાવસ્થા, યુવાન અવસ્થા, એ અવસ્થા જ મારી નથી, તો એ અવસ્થાને કારણે કલેશ અને દુઃખ મને કઈ રીતે થાય? જે મારી ચીજમાં નથી અને પરચીજમાં એ બાળ, યુવાન, વૃદ્ધ અવસ્થા

છે. વૃદ્ધાવસ્થા થઈ જાય તો કહે છે ને? દુઃખી થઈ ગયો, વૃદ્ધાવસ્થા થઈ ગઈ. આંખમાંથી પાણી નીકળે છે, નાકમાંથી પાણી નીકળે છે, આ કાને સંભળાતું નથી, કાન બેરા થઈ ગયા, દાંત પડી ગયા. મહાદુઃખી વૃદ્ધાવસ્થા. મૂઢ! કહે છે, વૃદ્ધાવસ્થા તો જડની છે. તને ક્યાંથી આવી? 'નવનીતભાઈ'! આહાહા..! ખરેખર વૃદ્ધ તો જ્ઞાનમાં વૃદ્ધ થાય તેને વૃદ્ધ કહે છે. સમજાય છે કાંઈ?

'શ્રીમદ્દે' એક પત્ર લખ્યો છે ને? 'ત્રિવેદી' કો'ક હતો. અને 'જ્ઞાનાર્ણવ'માં શ્લોક છે. 'જ્ઞાનાર્ણવ' છે ને? 'શુભચંદ્રાચાર્ય'નું (કરેલું છે). એમાં એક શ્લોક છે કે વૃદ્ધ શરીર અવસ્થા તે વૃદ્ધ નથી. જ્ઞાનની અવસ્થામાં આઠ વર્ષે કેવળજ્ઞાન થઈ જાય તો એ જ્ઞાનમાં વૃદ્ધ છે. આહા..! એ 'શ્રીમદ્દે' પત્ર લખ્યો હતો. કો'ક હતો ને? 'સૂર્યરામ ત્રિપાઠી'. એના ઉપર પત્ર લખ્યો હતો. એ મોટી ઉંમરના હશે ને પોતે નાની ઉંમરના. પેલા વેદાંતના અભ્યાસી હતા. જ્ઞાનમાં વૃદ્ધ છે તેને જ્ઞાની વૃદ્ધ માને છે. મારી ઉંમર નાની છે તો મને બાળક નહિ માનતા. એમ 'શ્રીમદ્દે' લખ્યું હતું. એ જ શબ્દો 'જ્ઞાનાર્ણવ'માં છે, ભાઈ! 'જ્ઞાનાર્ણવ' શાસ્ત્ર છે. જ્ઞાનનો દરિયો–સમુદ્ર! ઘણા શ્લોક છે. 'શુભચંદ્રાચાર્યે' બનાવ્યું છે, એમાં એ શ્લોક છે કે વૃદ્ધાવસ્થા–ખરેખર વૃદ્ધ કોને કહેવા? આત્મા રાગથી ભિન્ન થઈને પોતાની ચૈતન્યશક્તિની સંભાળ કરી એને વૃદ્ધ કહે છે. સમજાય છે કાંઈ?

ભાઈએ કાલે વાંચ્યું હતું ને? પુસ્તક નહોતું. સેઠિયાનું, એમાં લખ્યું છે. પોતાની સંભાળ કરે તે શેઠ, બાકી બીજા અનુચર. એ પુસ્તક છે કે નહિ? અહીં નહિ હોય. ક્યાં રાખ્યું છે? આ 'સેઠિયા' છે ને? 'દીપચંદજી સેઠિયા'. એમણે ગાયન બનાવ્યા છે, એમાં એક ગાયન એવું બનાવ્યું છે. આપણે આવે છે ને? 'અપને સાથ અપને કો સંભાલે સો સેઠ, બાકી સબ અનુચર હૈ.' અનુચર છે ને? અનુચર સમજ્યા? નોકર, ભિખારી, ચાકર છે. આહાહા..! 'પોપટભાઈ'! પોતાના ચૈતન્ય સ્વરૂપને સંભાળે એ શેઠ. શેઠ.. શેઠ કહે છે ને? સેઠિયા છે ને? સેઠિયા. અત્યારે પણ પાંચ-સાત લાખ રૂપિયા છે. ચાલીસ વર્ષ પહેલા એના મામા સાંઈઠ લાખ આપતા હતા. સાંઈઠ લાખ ન લીધા, ન લીધા. મારે સાંઈઠ લાખને શું કરવા છે? હમણા આવી ગયા. સમજાય છે કાંઈ? ફાગણ સુદ બીજ ઉપર અહીંયા હતા. સેઠિયા અને પેલા કરોડપતિ માણસ છે ને? એ પણ હતા. એના મામા સાંઈઠ લાખ આપતા હતા. એના સગા મામા. રોકડ. શું કરવા છે મામા? સાંઈઠ લાખને શું કરવા છે? 'કેશુભા' દરબાર! સાંઈઠ લાખ. અહીં તો પાંચ હજાર, દસ હજાર માટે મરી જાય. એ..ય..! કાળા કેર! કાળા બજાર ને કપટ ને કુટીલ (કરે). સાંઈઠ લાખ રોકડા, હોં! લો, ભાઈ! અમે તમારા ઘરે આવ્યા. વારસો લેનાર તો અમારે ઘરે આવે પણ અમે તારા ઘરે આવ્યા. તમે અમારી જાવજીવ સેવા કરજો અને સાંઈઠ લાખ લ્યો. મામા! સેવા કરીશ, પણ પૈસા નથી જોઈતા. સમજાય છે કાંઈ? એણે ગાયન બનાવ્યું છે. કાલે આવ્યું હતું. 'ગુણીજન અંતર ધ્યાન, ચૈતન્ય સૂર્ય

ઊગ્યો જી,' એમ બનાવ્યું છે ને?

મુમુક્ષુ :- મારા જ્ઞાન..

ઉત્તર :- હા, ઇ પછી. એ તો ખબર છે. હજી તો અહીં સુધી બોલ્યા છીએ, પેલું ક્યાં બોલ્યા છીએ? સમજાણું કાંઈ? મારા જ્ઞાન કીધું, એ તો છોકરો મરે છે ને? પછી રોવે છે ને? મારા દીકરા, મારા બાપ. એને ઠેકાણે એણે બે વાર કીધું છે. 'ચેતન અંતઃ અરિહંત ધ્યાય, સમકિત સૂર્ય ઊગ્યો જી, મારા જ્ઞાન.. મારા જ્ઞાન.' બે વાર લીધું છે. આ માણસ રોવે છે ને? દરબાર! મારો દીકરો. અઢી વર્ષનો છોકરો મરી ગયો. પાંચ-સાત લાખ રૂપિયા (હતા). એના છોકરાની વહુને કહે છે, રોવું છે? તો કહે, ના. ગાયન ગા, હું બોલું એમ બોલ. ઇ ગાયન બનાવ્યું. મોટા ગૃહસ્થ માણસ. આમ મડદું પડ્યું છે. 'ગુણીજન ચૈતન્યસૂર્ય નાથ, સૂર્ય ચૈતન્ય ઊગ્યો જી, મારા જ્ઞાન.. મારા જ્ઞાન.' હું તો જ્ઞાન ચૈતન્યસૂર્ય છું. મારી વસ્તુમાં બીજા કોઈનો સંબંધ નથી. આહાહા..! શેઠ! આહાહા..! આ તો ગૃહસ્થાશ્રમમાં રહે અને ધર્મી કહેવડાવે, એક પ્રતિકૂળતાનો અંશ આવે ત્યાં રાડ પાડે. અમે ધર્મી છીએ એમ માને. પ્રતિકૂળતાનો એક અંશ આવે ત્યાં રાડ નાખે. મૂઢ છો. ધર્મી ક્યાંથી થયો? સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, બાળ, વૃદ્ધ આદિ અવસ્થા **'ક્લેશોંમેં કૈસે દુઃખી હો સકતા હૂં?'** વૃદ્ધાવસ્થામાં ખાવા-પીવાનું મળે નહિ, દાંત રહે નહિ, બેસી શકે નહિ, ચાલી શકે નહિ, આંખે જોઈ શકે નહિ. એ તો જડની દશા છે. હું તો ચૈતન્યસૂર્ય એનાથી ભિન્ન છું. શરીરની અવસ્થા મારી નથી તો મને તકલીફ કેવી? હું બાળ, વૃદ્ધ આદિ અવસ્થા પણ નથી તો એમાં પેદા થનારા દુઃખ અને ક્લેશમાં કઈ રીતે દુઃખી થાઉં? હું એનાથી દુઃખી થતો નથી. આહાહા..! કહો, 'રતિભાઈ'! આહાહા..! હું પૈસાવાળો છું, હું નિર્ધન છું, એ તો જડની દશા છે. હું યુવાન છું, વૃદ્ધ છું, એ તો જડની દશા છે. મારી ચીજ એનાથી જુદી જ્ઞાનાનંદ છે એના ભાનમાં હું કઈ રીતે દુઃખી થાઉં?

**'અચ્છા, યદિ મૃત્યુ વગૈરહ આત્મામેં નહીં હોતે, તો કિસમેં હોતે હૈં?'** પ્રશ્ન થયો. તમે ના પાડો છો તો ક્યાંય છે કે નહિ? કોઈ વસ્તુમાં છે કે નહિ? મૃત્યુ નહિ, વેદના નહિ, બાળ નહિ, યુવાન નહિ, વૃદ્ધાવસ્થા નહિ. એ તો કાલે ચોપડી ભાઈ 'નાગરભાઈ' લાવ્યા હતા ને? એ લાવ્યા હતા. ઇ છે, જુઓ! 'ગુણીજન અંતઃ અરિહંત ધ્યાય, સમ્યક્ સૂર્ય ઊગશે જી, મારા જ્ઞાન, ગુણીજન સિદ્ધ પ્રભુ નિત્ય ધ્યાય, ચેતનસૂર્ય ઊગશે જી, ગુણીજન અર્થ ગ્રાહી ઉપયોગ' ઉપયોગ તો સ્વને, પરને જાણનાર છે. અર્થગ્રાહી શબ્દનો અર્થ એટલો છે. ભગવાનઆત્મા સ્વ અને પરમેં હોય? અર્થગ્રાહી ઉપયોગ. પરમાં શું હોય? એનો અર્થગ્રાહી ઉપયોગ-જાણનાર છે. પરચીજ ગ્રહણ કરનાર નથી. 'ગુણીજન અર્થગ્રાહી ઉપયોગ, ચેતન નિજ પ્રાણ છે..' આ આવ્યું ને? આત્માના ચેતનપ્રાણ છે, રાગ ને શરીર પ્રાણ એ આત્મામાં

નથી. જુઓ! આ હજી ગૃહસ્થાશ્રમમાં છે. અહીંયા ગાયન બનાવીને મડદાં પાસે બોલે છે. મારો દીકરો મરી ગયો, (એમ રોવે). દીકરા કેવા તારા? સાંભળને હવે. તારો હોય તો જાય શેનો? અને જાય એ તારો હોય શેનો? આહાહા..! મડદું હતું. દરબાર! મડદું હતું એ વખતે બોલેલા, હોં! ઘરમાં મોટા ગૃહસ્થ. મોટા ગૃહસ્થ છે. આપણે અહીં આવે છે. 'ગુણીજન જડ સુખ છે જી જંજાળ, ગુણીજન જડ સુખ છે જી જંજાળ, આનંદઘન આપ છે જી'

આનંદઘન ભગવાનઆત્મા છે. તને પરથી શું ક્લેશ અને દુઃખ છે? સમજાય છે કાંઈ? એ કસોટીના કાળમાં શાંતિ છે કે નહિ એની એ સમયે ખબર પડે છે. એમ તો બોલી જાય કે, આત્મા આવો છે, આત્મા આવો છે. ભાઈ! કસોટીના કાળે શું કસ આવે છે? સોનાનો કસ છે કે પીતળનો, એની એ વખતે ખબર પડી જાય છે. એમ પ્રતિકૂળ સંયોગ કાળે, સમજાય છે કાંઈ? હું આત્મા છું. મારી ચીજમાં પ્રતિકૂળતા છે જ નહિ. હું શાંતિમાં.. શાંતિમાં ઝુલનારો આત્મા છું. આખું જગત પલટી જાઓ, મારી ચીજમાં એ છે જ નહિ. એમ સમ્યગ્દર્શન આત્માના ભાનમાં આવી વસ્તુ હોય છે. બહુ લીધું છે. સમજ્યા ને? જુઓ!

'ગુણીજન દ્રવ્ય પરાયા અપનાય, ફસીયા કર તું મોહ મેં જી,' ગુણીજન દ્રવ્ય પરવસ્તુ છે, ભાઈ! શરીર, વાણી, બાયડી છોકરા બધા (પર વસ્તુ છે). 'ગુણીજન દ્રવ્ય પરાયા અપનાય' અપનાય એટલે પોતાના માનવા. 'ફસીયા કર તું મોહ મેં' મોહમાં ફસાઈને તું પડ્યો. મૂઢ! 'મૂળચંદજી'! આ જુઓ! ગૃહસ્થાશ્રમમાં છે તોપણ (આમ કહે છે). ઘરમાં મોટા, ત્રીસ માણસ છે, આખા ઘરમાં આવું વાતાવરણ છે, એના આખા ઘરમાં આવું વાતાવરણ છે. હિન્દુસ્તાનમાં એનું ઘર જ બીજી જાતનું છે. સમજાણું? આહાહા..! 'ગુણીજન ધર્મ નિયતિ વર્તમાન' નિયતિ વર્તમાન એટલે નિશ્ચય. 'ભોલાને ઇષ્ટ કર્મ છે જી...' મૂર્ખને કર્મ ઇષ્ટ છે. 'ગુણીજન કર્મ નોકર્મવત જાન, જ્ઞાતાને ઇષ્ટ આત્મા જી' હું તો આત્મા છું. મારા સ્વરૂપમાં (પરનું) કાંઈ નથી. આહાહા..! શેઠ! આ ગૃહસ્થાશ્રમમાં આમ રહી શકે છે કે નહિ? આહાહા..!

ભગવાનઆત્મા ગૃહસ્થાશ્રમમાં જ નથી. આશ્રમ કેવા? આહાહા..! ભગવાન ગૃહસ્થાશ્રમ ને વાનપ્રસ્થાશ્રમ, ત્યાગાશ્રમ ને એ આત્મામાં છે જ નહિ. આત્મા તો અખંડાનંદ ચિદાનંદમૂર્તિની દૃષ્ટિમાં પરની અવસ્થા, મૂરખની, પંડિતની લાગુ પડતી નથી. સમજાય છે કાંઈ? તો કહે છે, આ છે કોની? એના છે નહિ. જન્મ-મરણ કહે છે, રોગ, વ્યાધિ, બાળ અવસ્થા, યુવા અવસ્થા કહે છે ને?

**'एतानि पुद्गले'**. **'एतानि पुद्गले'**. એ છેલ્લો શબ્દ છે. **'યે મૃત્યુ-વ્યાધિ ઔર બાલ વૃદ્ધ આદિ દશાએં પુદ્‌ગલ-મૂર્ત શરીર આદિકોંમેં હી હો સકતી હૈ.'** પુદ્‌ગલમાં છે, ભાઈ! મારામાં નથી. આહાહા..! આવો નિશ્ચય કરવો અને નિશ્ચય કરીને પોતાનો અનુભવ કરવો એનું નામ ધર્મ છે. સમજાય છે કાંઈ? **'કારણ કિ યે સબ મૂર્તિમાન પદાર્થોંકે ધર્મ હૈં.'** એ તો જડનો સ્વભાવ ધર્મ છે. વ્યાધિ, બાળ, યુવાન, વૃદ્ધાવસ્થા એ જડની અવસ્થા પોતાના

આત્મામાં માનવી, પરની અવસ્થા પોતામાં માનવી એ જ મિથ્યાત્વ શલ્ય છે. સમજાય છે કાંઈ? એ જ મિથ્યાદર્શન છે, અજ્ઞાન છે. પરની અવસ્થા પોતામાં માનવી, છે પરની અને પોતામાં માનવી એ જ મિથ્યાત્વ છે. પરની પરમાં છે, મારી મારામાં છે. એમ સ્વ-પરના જ્ઞાયક રહેવું એનું નામ ધર્મ છે. આહાહા..! **'મુજમેં વે કદાપિ નહીં હો સકતી.'** આ ઇષ્ટ ઉપદેશ. 'પૂજ્યપાદસ્વામી'નો ઇષ્ટ ઉપદેશ. આહાહા..!

**दोहा - मरण रोग मोंमें नहीं, तातें सदा निशंक।**
**बाल तरुण नहिं वृद्ध हूँ ये सब पुद्गल अंक।।२९।।**

હિન્દીમાં શ્લોક બનાવ્યો છે. **'મરણ રોગ મોંમેં નહીં,...'** મરણ અને રોગ ભગવાનઆત્મામાં નથી એવો નિર્ણય તો કર. સમજાય છે કાંઈ? જ્યાં ત્યાં અભિમાન કરે છે. જડનો રોગ થયો, મૃત્યુ થયું એ તો પરનું અભિમાન છે. પરનું અભિમાન એ તો મિથ્યાત્વ છે. અજ્ઞાન આત્મા પર પડદો નાખી દે છે. ભગવાન અખંડાનંદ પ્રભુ, એમાં મિથ્યાત્વનો પડદો નાખીને પોતાના ચૈતન્યની જાગૃતિ રોકી દે છે. સમજાય છે કાંઈ? **'મરણ રોગ મોંમેં નહીં, તાતેં સદા નિશંક'** નિર્ભય છું. નિઃશંકનો અર્થ નિર્ભય. **'બાલ તરુણ નહિ વૃદ્ધ હૂં, યે સબ પુદ્ગલ અંક.'** એ પુદ્ગલનું લક્ષણ છે. અંક એટલે એ પુદ્ગલની નિશાની છે, જડની છે, મારી નથી.

---

**फिर भी भावना करनेवाला खुद शंका करता है, कि यदि कही हुई नीतिके अनुसार मुझे भय आदि न होवे न सही परन्तु जो जन्मसे लगाकर अपनाई गई थी और भले ही जिन्हें मैंने भेद-भावनाके बलसे छोड़ दिया है, ऐसी देहादिक वस्तुएँ, चिरकालके अभ्यस्त-अभेद संस्कारके वशसे पश्चात्ताप करनेवाली हो सकती हैं कि `अपनी इन चीजोंको मैंने क्यों छोड़ दिया?'**

**भावना-भावना करनेवाला स्वयं ही प्रतिबोध हो सोचता है कि नहीं, ऐसा नहीं हो सकता है, कारण कि-**

**भुक्तोज्झिता मुहुर्मोहान्मया सर्वेऽपि पुद्गलाः।**
**उच्छिष्टेष्विव तेष्वद्य, मम विज्ञस्य का स्पृहा।।३०।।**

**अर्थ :- मोहसे मैंने समस्त ही पुद्गलोंको बार बार भोगा, और छोड़ा। भोग भोगकर छोड़ दिया। अब जूठनके लिये (मानिन्द) उन पदार्थोंमें मेरी क्या चाहना हो सकती है? अर्थात् उन भोगोंके प्रति मेरी चाहना-इच्छा ही नहीं है।**

**विशदार्थ :- अविद्याके आवेशके वशसे अनादिकालसे ही मुझ संसारीजीवने कर्म**

आदिके रूपमें समस्त पुद्गलोंको बार बार पहिले भोगा, और पीछा उन्हें नीरस (कर्मत्वादि रहित) कर करके छोड़ दिया। जब ऐसा है, तब स्वयं भोगकर छोड़ दिये गये जूँठन-उच्छिष्ट भोजन, गन्ध, मालादिकोंमें जैसे लोगोंको फिर भोगनेकी स्पृहा नहीं होती, उसी तरह इस समय तत्त्वज्ञानसे विशिष्ट हुए मेरी उन छिनकी हुई रेंट (नाक) सरीखे पुद्गलोंमें क्या अभिलाषा हो सकती है? नहीं नहीं, हरगिज नहीं। भैया! जब कि तुम मोक्षार्थी हो तब तुम्हें निर्ममत्वकी ही भावना करनी चाहिये।।३०।।

**दोहा - सब पुद्गलको मोहसे, भोग भोगकर त्याग।**
**मैं ज्ञानी करता नहीं, उस उच्छिष्टमें राग।।३०।।**

---

**'ફિર ભી ભાવના કરનેવાલા ખુદ શંકા કરતા હૈ,...'** સમ્યગ્દષ્ટિ. **'યદિ કહી હુઈ નીતિકે અનુસાર મુઝે ભય આધિ ન હોવે ન સહી પરન્તુ જો જન્મસે લગાકર અપનાઈ ગઈ થી ઔર ભલે હી જિન્હેં મૈંને ભેદ-ભાવનાકે બલસે છોડ દિયા હૈ, ઐસી દેહાદિક વસ્તુએ, ચિરકાલકે અભ્યસ્ત-અભેદ સંસ્કારકે વશસે પશ્ચાતાપ કરનેવાલી હો સકતી હૈ કિ 'અપની ઇન ચીજોંકો મૈંને ક્યોં છોડ દિયા?'** ભાઈ! એ તો અનંતવાર છૂટી અને ગઈ એ મારી ચીજ છે જ નહિ.

**'ભાવક-ભાવના કરનેવાલા સ્વયં હી પ્રતિબોધ હો સોચતા હૈ કિ નહીં, ઐસા નહીં હો સકતા હૈ,...'** ક્યા?

**भुक्तोज्झिता मुहुर्मोहान्मया सर्वेऽपि पुद्गलाः।**
**उच्छिष्टेष्विव तेष्वद्य, मम विज्ञस्य का स्पृहा।।३०।।**

અર્થ :– **'મોહસે મૈંને સમસ્ત હી પુદ્ગલોંકો બાર બાર ભોગા,...'** આહાહા..! પુદ્ગલોંકો ભોગા, એ તો શબ્દ છે, હોં! એના તરફ લક્ષ કરીને અનંતવાર રાગ (કર્યો). એંઠ, એંઠ બધું અનંતવાર (ભોગવ્યું). સ્વપ્ન સમાન આવે છે ને? 'શ્રીમદ્'માં નથી આવતું? 'સકળ જગત છે એંઠવત અથવા સ્વપ્ન સમાન.' 'સકળ જગત છે એંઠવત' એંઠ–ઊલટી અથવા 'સ્વપ્ન સમાન, તે કહીએ જ્ઞાની દશા, બાકી વાચાજ્ઞાન.' કહે છે, ભગવાન! તું તો સચ્ચિદાનંદ પ્રભુ છો ને! તારી ચીજ તો શાશ્વત છે ને! તો શાશ્વત વસ્તુમાં...

**'મોહસે મૈંને સમસ્ત હી પુદ્ગલોંકો બાર બાર ભોગા,...'** વિચાર કરે છે. ઓહો..! અનંતવાર સ્ત્રીનો દેહ, શરીરના પુદ્ગલ, કર્મના પુદ્ગલ, વાણીના પુદ્ગલ મારી પાસે અનંતવાર આવી ગયા છે. આ નવા નથી. આવા આવા પુદ્ગલ વાણી, શરીર, સ્ત્રીનો દેહ, લક્ષ્મી, આબરૂ, કીર્તિ, મકાન મારી પાસે અનંતવાર આવી ગયા છે. મેં એને ભોગવ્યા. ભોગવ્યાનો અર્થ – એ તરફ લક્ષ કરીને રાગનો અનુભવ કર્યો. એ વસ્તુનો તો અનુભવ થતો નથી.

પરવસ્તુનો અનુભવ આત્મામાં કદી થતો નથી. જડનો અનુભવ કરી શકતો નથી. આત્મા પોતાના વિકારનો અનુભવ કરે છે.

કહે છે, **'મોહસે મૈંને સમસ્ત પુદ્‌ગલોંકો બાર બાર ભોગા, ઔર છોડા.'** આહા..! સંયોગ આવ્યો. હું તો શાશ્વત વસ્તુ છું. જ્ઞાનાનંદ ધ્રુવ ચૈતન્ય છું. એ વસ્તુ અનંતવાર આવી, અનંતવાર છૂટી ગઈ. **'ભોગ ભોગકર છોડ દિયા. અબ જૂઠનકે લિયે...'** એ તો જૂઠન છે–એંઠ છે, એંઠ. વમન. આહાહા..! કૂતરા વમન ખાય. કહે છે, **'અબ જૂઠનકે લિયે (ભાનિન્દ) ઉન પદાર્થોંમેં મેરી ક્યા ચાહના હો સકતી હૈ?'** દેહ છૂટ્યો તો મારી શું ચાહના રહી? અનાદિથી આવું તો અનંતવાર આવ્યું હતું અને અનંતવાર એ દેહ આવીને છૂટી ગયો, હું તો એવોને એવો આત્મા એમાં સળંગ છું. સમજાય છે કાંઈ?

રસ્તા ઉપર જેમ એક માણસ ચાલે અને ઝાડનો છાંયો હોય, છાંયો, માણસ તો એનો એ છે, ચાલે છે. એક છાંયડો છૂટે, બીજી છૂટે, ત્રીજી છૂટે. એમ આત્મા તો અનાદિથી એવો ને એવો છે. શરીરની છાંયા એક, બે, ત્રણ એમ અનંતવાર આવી. આત્મા તો એવો ને એવો શાશ્વત દીવાની જેમ અંદરમાં બિરાજમાન છે. આવા શરીરને ભોગવવાનું મેં અનંતવાર કર્યું અને એને છોડી પણ દીધું.

**'અબ જૂઠનકે લિયે (ભાનિન્દ) ઉન પદાર્થોંમે મેરી ક્યા ચાહના હો સકતી હૈ?'** શું કહે છે? જરી સૂક્ષ્મ વાત કરે છે, હોં! શરીરમાં કંઈ પણ મીઠાશ આવવી એ મૂઢની માન્યતા છે. આહાહા..! શરીરમાં પ્રતિકૂળતા થવાથી, શરીરમાં ખેદ, દુઃખ થવાથી મને દુઃખ થયું, એ મિથ્યાદષ્ટિનું લક્ષણ છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? વાત સૂક્ષ્મ પડે છે. શરીરમાં કંઈ થાય તો કહે છે, મેં ભોગવ્યું અને મેં છોડી દીધું. **'મેરી ક્યા ચાહના હો સકતી હૈ?'** એ જડની પર્યાય એમ થાય, એ દૃષ્ટિ મિથ્યા છે. રહે, ન રહે એ એની સ્વતંત્ર પર્યાય છે. એ છૂટી જાઓ, પ્રતિકૂળ હોય તો જલ્દી છૂટી જાઓ, એ પણ પરની સાથે એકત્વબુદ્ધિ છે. એકત્વબુદ્ધિ વિના એ છૂટે, એવી ભાવના હોઈ શકે નહિ.

કહે છે, **'અર્થાત્ ઉન ભોગોંકે પ્રતિ મેરી ચાહના–ઇચ્છા હી નહીં હૈ.'** ઓહો..! અહીંયા તો કહે છે, પોતાના આનંદસ્વરૂપની જ્યાં ભાવના છે, શુદ્ધ ચૈતન્ય ભગવાનઆત્મા, અનાકુળ આનંદ જ્યાં અંતરમાં પડ્યો છે, એમ સમ્યગ્દષ્ટિ–ધર્મી પોતાના આનંદને ભાવે છે, ભાવના કરે છે, એકાગ્ર થઈને અનુભવ કરે છે, એવા ધર્મીને ભોગ અને શરીરની ભાવના કેમ હોય? એમ કહે છે. **'ઇચ્છા હી નહીં હૈ.'** ઓહો..! છન્નુ હજાર સ્ત્રીની વચ્ચે રહેલો ચક્રવર્તી, છન્નુ હજાર સ્ત્રી, ઇચ્છા જ નથી, એમ અહીંયા તો કહે છે. આહાહા..! અંદરમાં ઇચ્છા નથી, છૂટી ગઈ છે, કપાઈ ગઈ છે. આત્મા અને રાગ વચ્ચે એકત્વ તૂટી ગયું છે.

મિંદડી હોય છે ને? મિંદડી, બિલ્લી. લાકડી પડે ને જેમ કેડ (–કમર) ભાંગી જાય પછી આમ આમ ઢસરડા કરીને ચાલે છે. એમ ધર્મીજીવને શરીર, રાગ અને આત્મા વચ્ચે

(સાંધ) તૂટી ગઈ છે. મિથ્યાદર્શન શલ્યનો નાશ થઈ ગયો છે. સમ્યગ્દર્શનની પર્યાયથી કેડ ભાંગી ગઈ. પછી જરી રાગ થાય છે તો એ રાગનો રાગ નથી. રાગનો રાગ નથી, ભોગનો રાગ નથી. આત્માના જ્ઞાનાનંદની ભાવના છે. એને સમ્યગ્દષ્ટિ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ આમ થાય છે એ અનંત પરમાણુના પિંડની પર્યાય છે. આહાહા..! આત્મા તો તદ્દન જ્ઞાન વસ્તુ છે. જ્ઞાન અં..હં.. કરે એમ ક્યાંથી આવ્યું? આત્મા બોલે છે? આમ ખોંખારો ખાય છે આત્મા? 'ચીમનભાઈ'! આ વકીલ તો કોર્ટમાં બહુ ઝપટ મારે છે. કહો, સમજાણું કાંઈ?

અહીં કહે છે, હું દેહથી ભિન્ન છું એમ જાણ્યું હતું તો હવે દેહની ઇચ્છા કેવી? એમ કહે છે. મેં આત્માને દેહથી ભિન્ન જાણ્યો તો દેહની ચાહના કે, આટલો કાળ નિરોગ રહે, આટલો કાળ રહે, એવી ઇચ્છા કેવી? હોય, ન હોય એ એને કારણે છે. મારી ઇચ્છાથી દેહ રહેતો નથી અને મારી ઇચ્છાથી દેહનો નાશ થતો નથી. એ તો દેહની સ્થિતિ પ્રમાણે રહે છે. મારી સ્થિતિ એનાથી ભિન્ન છે. હું સચ્ચિદાનંદ ભગવાનઆત્મા છું, એમ પોતાની દૃષ્ટિ કરીને મારી ચાહના, ઇચ્છા શરીરમાં કેમ હોય?

**'ઉન ભોગોંકે પ્રતિ ચાહના–ઇચ્છા હી નહીં હૈ.'** આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિને ભોગનો ત્યાગ દેખાતો નથી પણ અંતરમાં ભોગનો ત્યાગ છે. મિથ્યાદૃષ્ટિ બાહ્ય સ્ત્રીનો ત્યાગ કરે છે અને અંદરમાં રાગ અને શરીરની પર્યાય પોતાની માને છે. તો ભોગનો જરીયે ત્યાગ નથી. આહાહા..! કહો, 'ચંદુભાઈ'! એકલો નગ્ન મુનિ હોય પણ અંદરમાં દેહ અને રાગ (મારા માને છે). દેહની ક્રિયા મારાથી થાય છે અને રાગ મને લાભદાયક છે, એવી દૃષ્ટિ પડી છે તો એ ભોગી છે. ધર્મીએ દેહ અને રાગથી ભિન્ન પોતાના આત્માને જાણી લીધો છે તો છન્નુ હજાર (રાણીનો) ભોગ હોવા છતાં એ ભોગી નથી. એ ભોગની વાંછા રહિત છે. આહાહા..! એવા આત્માના આનંદની ભાવના કરવાવાળાને ભોગ પ્રત્યે ઇચ્છા જ નથી. સમજાય છે કાંઈ?

**વિશદાર્થ :– 'અવિદ્યાકે આવેશકે વશસે અનાદિકાલસે હી મુજ સંસારીજીવને કર્મ આદિકે રૂપમેં સમસ્ત પુદ્ગલોંકો બાર બાર પહિલે ભોગા,...'** જુઓ! ભાષા શું છે? **'અવિદ્યાકે આવેશકે વશસે...'** જુઓ! એમાં કોઈ કર્મનો દોષ નથી. **'અવિદ્યાકે આવેશ...'** ભગવાનઆત્મા જ્ઞાન ચૈતન્ય આનંદકંદનો પ્રભુ, એનો આશ્રય નહિ લઈને અવિદ્યાનો આશ્રય લીધો. અજ્ઞાનના આવેશમાં અનાદિકાળથી સંસારીજીવે **'કર્મ આદિકે રૂપમેં સમસ્ત પુદ્ગલોંકો બાર બાર પહિલે ભોગા, ઔર પીછે ઉન્હેં નીરસ (કર્મત્વાદિ રહિત) કર કરકે છોડ દિયા.'** રસ પૂરો થઈ ગયો તો છૂટી ગયું, એમ કહે છે.

**'જબ ઐસા હૈ, તબ સ્વયં ભોગકર છોડ દિયે જૂઠન-ઉચ્છિષ્ટ ભોજન, ગન્ધ, માલાદિકોંમેં જૈસે લોગોંકો ફિર ભોગનેકી સ્પૃહા નહીં હોતી, ઉસી તરહ ઇસ મય તત્ત્વજ્ઞાનસે વિશિષ્ટ**

**હુએ મેરી ઉન છિનકી હુઈ રેંટ (નાક) સરીખે પુદ્ગલોંમેં ક્યા અભિલાષા હો સકતી હૈ?'** જુઓ! **'છિનકી હુઈ રેંટ...'** નાકમાંથી કાઢે છે ને? હું ભગવાનઆત્મા છું અને રાગ અને રોગ તો એંઠ છે, એંઠ. મેં એંઠ છોડી દીધી છે તો એના પ્રત્યે મારી ભાવના કેવી? હું તો ચિદાનંદમૂર્તિ ત્રિકાળ શાશ્વત પરથી ભિન્ન છું, એવી ભાવનાવાળાને ભોગવવાની સ્પૃહા હોતી નથી. સમજાણું કાંઈ? **'નહીં, નહીં, હરગિજ નહીં.'** આહાહા..! હું તો આત્મા છું. મને ભોગ અને શરીરની ઇચ્છા અંતરમાં કદી થતી નથી. **'ભૈયા! જબ કી તુમ મોક્ષાર્થી હો તબ તુમ્હેં નિર્મમત્વકી ભાવના કરની ચાહિયે.'** જો તું આત્માર્થી હો તો તો પરનો અભિનિવેશ છોડી, પરની મમતા છોડી સ્વમાં સમતા કરવાનો અભ્યાસ કરવો જોઈએ. એ તારો અભ્યાસ–ધર્મ છે. સમજાય છે કાંઈ? બીજું બહાર બોલવું, ચાલવું એ આત્માની ક્રિયા છે જ નહિ. આહાહા..! બોલવાથી આત્માને લાભ નથી. દુનિયા સમજે, આમ બોલું તો સમજે તો આત્માને લાભ થશે એવું કાંઈ છે જ નહિ.

મુમુક્ષુ :– વકીલને બોલવું કે ન બોલવું?

ઉત્તર :– બોલે કોણ? વકીલ બોલે છે ક્યાં? ભાષા થાય છે. આ રહ્યા વકીલ. આ બેઠા, આ બેઠા, ઘણા વકીલ છે. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા, એક રજકણ સાથે પણ મારે સંબંધ નથી એવી મારી વસ્તુ છે તો રાગનો સંબંધ તદાત્મ્ય સ્વરૂપમાં આત્મામાં ત્રણકાળમાં નથી. આવી દૃષ્ટિવંત ધર્માત્મા પરની એંઠ છોડવામાં એની ભાવના હોતી નથી કે એ ફરીથી આવે. મેં છોડી એ વસ્તુ ફરીને આવે એવી ભાવના ધર્મીની હોતી નથી. અંદર જ્ઞાનાનંદમાં એકાગ્ર થવાની ભાવના હોય છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૪૯૨, વૈશાખ સુદ ૩, શનિવાર
## તા. ૨૩-૦૪-૧૯૬૬
## ગાથા–૩૦ થી ૩૨ પ્રવચન નં. ૩૫

આ 'ઇષ્ટોપદેશ' ચાલે છે. એની ૩૦ મી ગાથા ચાલી. જુઓ! એનો છેલ્લો હિન્દી શ્લોક.

**दोहा - सब पुद्गलको मोहसे, भोग भोगकर त्याग।**
**मैं ज्ञानी करता नहीं, उस उच्छिष्टमें राग।।३०।।**

એ ૩૦ મા શ્લોકનું હિન્દી છે. ધર્મીજીવ પોતાના શુદ્ધ આત્માના આનંદના સ્વરૂપની

રુચિને કારણે, પોતાનો આત્મા આનંદ અને અતીન્દ્રિય શાંતરસથી ભરેલો છે, એવી પોતાની ચીજનો વિશ્વાસ, પ્રતીતિ અને પોતાના શુદ્ધ સ્વભાવનો અનુભવ કરીને એવી વિચારણા કરે છે કે, **'સબ પુદ્‌ગલકો મોહસે,...'** હું અત્યાર સુધી મારા સિવાય પરપદાર્થના મોહથી, સ્વરૂપના ભાન વિના **'ભોગ ભોગકર ત્યાગ'** અનંતવાર અનંત પદાર્થનું લક્ષ કરીને મમતાનો ભોગ કર્યો અને વસ્તુને છોડી.

હવે **'મૈં જ્ઞાની કરતા નહીં,...'** હું ભોગની ક્રિયાનો અને ભોગમાં રાગ થાય છે તે પણ મારી ક્રિયા નથી. એ ક્રિયા મારી નથી, હું કર્તા નથી. આહાહા..! હું તો જ્ઞાનસ્વરૂપ છું. ભોગ તો પરપદાર્થ છે, એનું અનંતવાર વમન કર્યું. સંયોગ મળ્યો અને અનંતવાર એ ઉચ્છિષ્ટનો ત્યાગ કર્યો. વમન.. વમન. નાકના શેડાનો દૃષ્ટાંત આપ્યો હતો. નાકમાંથી જેમ શેડા કાઢી નાખે છે એમ અનંતવાર પરપદાર્થનો સંયોગ મને મળ્યો અને મેં છોડ્યો. **'મૈં જ્ઞાની કરતા નહીં,...'** હવે હું ભોગના ભાવનો પણ કર્તા નથી અને ભોગની ક્રિયા તો જડ છે. કહો, સમજાય છે કાંઈ?

આત્મા પોતાના શુદ્ધ આનંદના ભાન વિના અનંતકાળમાં અજ્ઞાનપણે પરવસ્તુ શરીર, કર્મ, સ્ત્રીનું શરીર આદિ, લક્ષ્મી, આબરૂ-કીર્તિ, દાળ, ભાત, મોસંબી, લાડુ આદિ પદાર્થનો સંગ મેં અનંતવાર કર્યો, એ સંગમાં મેં મોહથી મોહ કર્યો, મોહથી મોહ કર્યો. સમજાય છે કાંઈ? એ મેં ભોગ્યા અને અનંતવાર મેં છોડ્યા. મારી વસ્તુમાં તો આનંદનો ભાવ હતો એને હું ભૂલી ગયો હતો. એવી વસ્તુ અનંતવાર મારા ભોગવવામાં આવી ગઈ અને છોડવામાં પણ અનંતવાર આવી ગઈ. હવે **'મૈં જ્ઞાની કરતા નહીં,...'** હવે તો હું જ્ઞાનાનંદ શુદ્ધ ચૈતન્ય છું. મારા જ્ઞાનસ્વરૂપનો, આનંદસ્વરૂપનો રચનાર (છું). મારા વીર્યથી આત્મબળથી હું મારી શાંતિ, સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ શાંતિનો રચનાર છું. હું ભોગનો કર્તા નથી. સમજાય છે કાંઈ?

**'ઉસ ઉચ્છિષ્ટમેં રાગ.'** એ છોડેલો રાગ હવે મને નથી. અનંતવાર છોડ્યા. એ વાત પહેલા આવી ગઈ. હવે આ ગાથા જરી કઠણ છે. એવી આવી છે. ૩૧.

---

**यहाँपर शिष्य कहता है कि वे पुद्गल क्यों बँध जाते हैं? अर्थात् जीवके द्वारा पुद्गल क्यों और किस प्रकारसे हमेशा बन्धको प्राप्त होते रहते हैं?**

**आचार्य उत्तर देते हुए कहते हैं :-**

**कर्म कर्महिताबन्धि, जीवो जीवहितस्पृहः।**
**स्वस्वप्रभावभूयस्त्वे, स्वार्थं को वा न वाञ्छति।।३१।।**

अर्थ :- कर्म, कर्मका हित चाहते हैं। जीव जीवका हित चाहता है। सो ठीक ही है, अपने अपने प्रभावके बढ़नेपर कौन अपने स्वार्थको नहीं चाहता। अर्थात् सब अपना प्रभाव बढ़ाते ही रहते हैं।

विशदार्थ :- कभी जीव बलवान् होता तो कभी कर्म बलवान् हो जाते हैं। इस तरह जीव और कर्मोंका पहिलेसे (अनादिसे) ही बैर चला आरहा है। ऐसा कहनेसे मतलब यह निकला कि पूर्वोपार्जित बलवान् द्रव्यकर्म, अपना यानी द्रव्यकर्मका हित करता है अर्थात् द्रव्यकर्म, जीवमें औदयिक आदि भावोंको पैदा कर नये द्रव्यकर्मोंको ग्रहणकर अपनी संतानको पुष्ट किया करता है, जैसा कि अमृतचन्द्राचार्यने पुरुषार्थसिद्धियुपायमें कहा है - `जीवकृतं परिणामं०' `परिणममानस्य०'

जीवके द्वारा किये गये परिणाम जो कि निमित्तमात्र हैं, प्राप्त करके जीवसे विभिन्न पुद्गल, खुद ब-खुद कर्मरूप परिणम जाते हैं। और अपने चेतनात्मक परिणामोंसे स्वयं ही परिणमनेवाले जीवके लिये वह पौद्गलिककर्म सिर्फ निमित्त बन जाता है। तथा कालादि लब्धिसे बलवान् हुआ जीव अपने हितको अनन्त सुखका कारण होनेसे उपकार करनेवाले स्वात्मोपलब्धिरूप मोक्षको चाहता है। यहाँपर एक स्वभावोक्ति कही जाती है कि `अपने अपने माहात्म्यके प्रभावके बढ़नेपर स्वार्थको अपनी अपनी उपकारक वस्तुको कौन नहीं चाहता?' सभी चाहते हैं।।३१।।

दोहा - कर्म कर्महितकार है, जीव जीवहितकार।
निज प्रभाव बल देखकर, को न स्वार्थ करतार।।३१।।

---

**'યહાંપર શિષ્ય કહતા હૈ...'** જુઓ! અહીંયા મથાળામાં બધી સ્વતંત્ર વાત છે. **'પુદ્ગલ ક્યોં બંધ જાતે હૈં?'** શિષ્યનો પ્રશ્ન છે કે ભગવંત! આ કર્મબંધનનું બંધન જે આત્માને થાય છે, એ ક્યા પ્રકારે થાય છે? **'અર્થાત્...'** એનો ખુલાસો કર્યો. **'જીવકે દ્વારા પુદ્ગલ ક્યોં...'** **'જીવકે દ્વારા પુદ્ગલ ક્યોં...'** આ પ્રશ્ન છે. સમજાય છે કાંઈ? 'વજુભાઈ'! આ ગાથામાં અજ્ઞાનીની મોટી તકરાર છે. અજ્ઞાની તકરાર કરે છે (કહે છે), જુઓ! જીવો બળિયો, કછવિ કમ્મો. ભાઈ! એ આત્મા **'જીવકે દ્વાર પુદ્ગલ ક્યોં...'** એમ પ્રશ્ન છે. ભગવાનઆત્મા પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપનો આશ્રય, સ્વીકાર, સત્કાર છોડીને પર કર્મના ઉદયનો સ્વીકાર, સત્કાર સંબંધ કરે છે તો એ કર્મનો આત્મા ઉપકાર કરે છે એમ કહેવામાં આવ્યું છે. આહા..! સમજાય છે કાંઈ? 'નવનીતભાઈ'! કર્મનો ઉપકાર કરે છે. આહા..! **'જીવકે દ્વારા પુદ્ગલ ક્યોં ઔર કિસ પ્રકારસે હમેશા બન્ધકો પ્રાપ્ત હોતે રહતે હૈં?'** ભગવાનઆત્મા દ્વારા કર્મના સંબંધરૂપી બંધ ક્યા પ્રકારે અને કઈ રીતે થાય છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. એના ઉત્તરમાં ગાથા છે.

**कर्म कर्महिताबन्धि, जीवो जीवहितस्पृहः।**
**स्वस्वप्रभावभूयस्त्वे, स्वार्थं को वा न वाञ्छति।।३१।।**

આહા..! શું કહે છે? **'કર્મ કર્મકા હિત ચાહતે હૈં.'** ભાષા અહીંયા ગડબડવાળી છે. **'કર્મ કર્મકા હિત ચાહતે હૈં.'** એનો અર્થ કે ભગવાનઆત્મા પોતાના સ્વરૂપનું માહાત્મ્ય અને પોતાના સ્વરૂપની સાવધાની છોડીને, કર્મના નિમિત્તમાં સાવધાની અને એનો આદર કરે છે. કર્મનો ઉદય આવ્યો તો પોતાના સ્વભાવનો આદર છોડીને, સત્કાર છોડીને એનો સત્કાર કરે છે. કર્મના ઉદયમાં જોડાણ થાય છે. રાગ, દ્વેષ અને અજ્ઞાનભાવ અનાદિથી અજ્ઞાની કરે છે. એ અજ્ઞાની કર્મનો જ ઉપકાર કરે છે એમ કહેવામાં આવ્યું છે. કર્મનો ઉપકાર કરે છે તો કર્મ પોતાનું હિત કરે છે. કર્મ પોતાથી આત્માને બાંધે છે. સમજાય છે કાંઈ? ભાષા જરી અટપટી છે.

**'કર્મ કર્મકા હિત ચાહતે હૈં.'** એનો અર્થ એ છે. પછી પણ લીધું છે. પોતાનું સ્વરૂપ શરીર, કર્મ આદિ નથી કર્મ અને શરીર આદિનો અજ્ઞાન અથવા મોહવશ ઉપકાર કરવામાં આવે છે. એ ૩૨ ગાથામાં છે. સમજાય છે કાંઈ? પોતાનું સ્વરૂપ જ્ઞાનાનંદ ચિદાનંદમૂર્તિ અનાકુળ આનંદસ્વરૂપ છે. એવો પોતાનો સ્વીકાર, સાવધાની અને પોતાનો સત્કાર આદર નહિ કરીને અજ્ઞાની અનાદિકાળથી પોતાની પર્યાયમાં કર્મનો આદર કરે છે. અહીંયા આદર કરતો નથી તો કર્મનો આદર કરે છે. સારો આવ્યો, સારો ઉદય આવ્યો. સમજાય છે કાંઈ? એનાથી જોડાણ થઈને રાગ ને દ્વેષ ને મિથ્યાભાવ અજ્ઞાની ઉત્પન્ન કરે છે. એનાથી કર્મ બંધાય છે તો કર્મનો ઉપકાર કર્યો, તો કર્મ પોતાનું હિત કેમ છોડે? સમજાય છે કાંઈ?

દુશ્મનને થાપ મારે કે તું બહુ સારો, બહુ સારો. માણસ દુશ્મનને કહે કે, તું બહુ સારો છો. તો એ કેમ મારવાનું છોડે? એમ આત્મા પોતાના સ્વભાવની શુદ્ધતા છોડીને હું જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ છું, એનો અંતર્મુખનો આદર છોડીને બહિર્મુખ કર્મના ઉદયમાં ભાવમાં આદર કરે છે તો કર્મનો જ ઉપકાર કરે છે. તો કર્મ પોતાનું હિત ઇચ્છે છે. બહુ સારુ, ભાઈ! ... તો જડ છે. એને ઇચ્છા કેવી? પણ ભાષા એવી છે. **'कर्म कर्महिताबन्धि'**. હિતની ઇચ્છા કરનાર. એનો અર્થ કે જે કોઈ કર્મનો આદર કરે છે તો કર્મ બંધાય છે અને કર્મની વૃદ્ધિ થાય છે અને કર્મની પુષ્ટિ થાય છે. તો કર્મે હિત ઇચ્છ્યું એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ ગાથામાં બહુ ગડબડ છે. ઘણા દાખલા આપે છે કે જુઓ! અહીંયા પણ આમ આવ્યું છે. કર્મ કોઈ વાર જોર કરે છે. એકેન્દ્રિયથી માંડીને સંજ્ઞી પ્રાણી જ્યાં સુધી ન થાય ત્યાં સુધી કર્મનું જોર છે. અને જ્યારે સંજ્ઞી થાય છે, મનવાળો થાય છે ત્યારે કર્મનું જોર નથી, ત્યારે આત્માનું જોર છે. એમ કહીને બે ભાગ પાડે છે. એમ નથી. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, પોતાનો શુદ્ધ ભગવાનઆત્મા, પૂર્ણાનંદ નિર્વાણનાથ સચ્ચિદાનંદ પ્રભુ, નિર્વાણનાથ આત્મા છે. પોતાનું નિજ સ્વરૂપ પરમેશ્વર છે. તારા પરમેશ્વરને તું દૂર ન દેખ. સમજાય છે કાંઈ? તારા પરમેશ્વર–ઈશ્વરને દૂર ન દેખ. પોતાના પરમેશ્વરની ઈશ્વરતા નહિ જોઈને પરમાં ઈશ્વરતાની મહત્તા આપે છે તો એ કર્મનો ઉપકાર કરે છે. 'પોપટભાઈ'!

મુમુક્ષુ :–

ઉત્તર :– આદર કરે છે એ કર્મનો ઉપકાર કરે છે. શું કહે છે? સમજાય છે કાંઈ? તેથી પ્રશ્ન કર્યો ને? **'જીવકે દ્વારા પુદ્‌ગલ ક્યોં...'** પહેલા પ્રશ્ન છે ને? ભગવાનઆત્મા.. ઓહો..! હું કોણ છું? હું ક્યાંથી આવ્યો? મારી વસ્તુ શું છે? એના સ્વરૂપનું ભાન નથી તો પોતાની મોજૂદગી–અસ્તિત્વ ક્યાંક તો માનવું પડશે. પોતાનું હોવાપણું ક્યાંક તો માનવું પડશે. પોતાનું સ્વરૂપ જ્ઞાન, આનંદ, ત્રિકાળ ધ્રુવ શુદ્ધ છે એ સત્તાની શ્રદ્ધા નથી તો પોતાપણું ક્યાંક તો માનવું પડશે. તો રાગ, દ્વેષ, પુણ્ય-પાપના ભાવ કર્મના નિમિત્તના સંગે થાય છે એ મારા (એમ માને છે). આમ આત્મા પોતાનું હિત છોડીને કર્મનું હિત કરે છે. કહો, સમજાય છે કાંઈ? આ જુઓને! સંસારમાં પણ એમ કરે છે ને? ભલે મારું ગમે તે થાઓ પણ સ્ત્રી, કુટુંબ-પરિવારનું હું રક્ષણ, પોષણ કરી દઉં. મારું ભલે ગમે તે થાઓ. મરી જાય છે ને અજ્ઞાન માટે? એ પોતાનો મોહ પર ઉપર છે તો પર ઉપર ઉપકાર કરે છે એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ પરમેશ્વરરૂપ સાક્ષાત્ છે. ચૈતન્ય પરમેશ્વર! 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. એવા સ્વરૂપનો સત્કાર, આશ્રય, અવલંબન, સ્વાલંબી, સાવધાની છોડીને કર્મના ઉદયમાં સાવધાની, આશ્રય, આલંબન, સત્કાર (કરે છે). તું બહુ સારો ઉદયમાં આવ્યો એમાં જોડાઈને હું રાગ, દ્વેષ, મોહ કરું છું. એમ અજ્ઞાની પોતાનું હિત છોડીને કર્મનું હિત કરે છે. 'નવનીતભાઈ'! આહાહા..!

**'જીવ જીવકા હિત ચાહતા હૈ.'** લ્યો! પોતાના સ્વરૂપની સાવધાની કરે છે તો જીવ પોતાનું હિત ઇચ્છે છે. પરની સાવધાની છોડી દ્યે છે કે હું તો જ્ઞાન છું, શુદ્ધ છું, ચૈતન્ય છું. હું જ મારો સત્કાર કરું છું. મેં અનાદિથી પરનો સત્કાર કર્યો, હવે હું જ મારો સત્કાર કરું છું કે હું ચૈતન્ય છું. હું જ્ઞાયક છું, આનંદ છું. મારી વસ્તુમાં પવિત્રતાનું ધામ છે. આખા અસંખ્ય પ્રદેશ પવિત્રતાની શક્તિથી ભરેલા છે. આમ આત્મા પોતાનું હિત ઇચ્છે છે **'સો ઠીક હી હૈ,...'** કેમ?

**'અપને અપને પ્રભાવકે બઢનેપર કૌન અપને સ્વાર્થકો નહીં ચાહતા.'** જેનું જોર હોય એ વખતે પોતાનો પ્રભાવ નાખવાનું કોણ ન ઇચ્છે? સમજાય છે કાંઈ? જેનો પ્રભાવ વધી જાય અને પોતાનું હિત ન ઇચ્છે એવો કોણ હોય? આહાહા..! 'ચીમનલાલભાઈ'! કર્મનું જોર નહિ, હોં! આમાંથી કર્મનું જોર કાઢે છે. નહિ, એ જડ છે. જડને ક્યાં **'कर्महिताबन्धि'**

હિત ઇચ્છે છે? કર્મને કાંઈ હિતની ઇચ્છા છે? તો 'ચાહતા હૈ' એમ શબ્દ લીધો છે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– આ કારણ લખ્યું છે. પાછળ લખ્યું છે ને? પછી જવાબ પણ આપશે કે જેમ આત્મા પોતાના સ્વરૂપને ભૂલીને પરિણામ.. નીચે છે, જુઓ! **'ચેતનાત્મક પરિણામોંસે સ્વયં હી પરિણમનેવાલે જીવકે લિયે વહ પૌદ્‌ગલિકકર્મ સિર્ફ નિમિત્ત(માત્ર) બન જાતા હૈ.'** નીચે છે, નીચે. નીચે છે, જુઓ! છેલ્લો પેરેગ્રાફ છે ને? બે પંક્તિ. **'જીવકે દ્વારા કિયે ગયે પરિણામ જો કિ નિમિત્તમાત્ર હૈં,...'** જુઓ! **'પ્રાપ્ત કરકે જીવસે વિભિન્ન પુદ્‌ગલ, ખુદ બ-ખુદ કર્મરૂપ પરિણમ જાતે હૈં.'** ભગવાનઆત્મા અજ્ઞાનથી રાગ, દ્વેષ કરે છે તો એ રાગ-દ્વેષના નિમિત્તમાત્ર પરિણામ નવા પુદ્‌ગલબંધનમાં નિમિત્તમાત્ર છે. પુદ્‌ગલ સ્વયં પોતાથી બંધાય જાય છે. **'ઔર અપને ચેતનાત્મક પરિણામોંસે સ્વયં હી પરિણમનેવાલે...'** જુઓ! આત્મા, પોતાનો શુદ્ધ ભગવાન, શુદ્ધ આનંદને છોડીને પોતાના ચેતનાત્મક પરિણામ. છે ને? ચેતનારૂપ પરિણામ. જડના પરિણામ આત્મા કરતો નથી.

આત્મા પોતાના શુદ્ધ આનંદને છોડીને રાગ, દ્વેષ, પુણ્ય-પાપ, જંજાળ, સંકલ્પ-વિકલ્પ એવા ચેતનસ્વરૂપ વિકારી પરિણામને કરનાર આત્મા થાય છે. ત્યારે **'સ્વયં હી પરિણમનેવાલે જીવકે લિયે વહ પૌદ્‌ગલિકકર્મ સિર્ફ નિમિત્ત બન જાતા હૈ.'** આત્મા વિકાર કરે છે તો પૂર્વકર્મ નિમિત્તમાત્ર થાય છે. સમજાય છે કાંઈ? આત્માના વિકાર ને મોહને નિમિત્તમાત્ર કરીને પૌદ્‌ગલિક કર્મ પોતાથી બંધાઈ જાય છે. એક વાત. અને પૌદ્‌ગલિક કર્મનું નિમિત્તમાત્ર થતાં આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપને છોડીને મિથ્યાત્વ અને રાગ-દ્વેષ (કરે છે). પુણ્યમાં મીઠાશ છે, ભોગમાં સુખ છે, સ્ત્રીમાં મજા છે, આબરૂમાં ઠીક છે એવી મિથ્યાભ્રમણા અજ્ઞાની કરે છે. એ પરિણામ ચેતનાત્મક પરિણામ છે. જીવના કરેલા જીવના ભાવ છે. એ જીવના ભાવમાં પૂર્વના કર્મનો ઉદય નિમિત્તમાત્ર છે. સમજાય છે કાંઈ? ભાઈ! એના આધારમાં 'પુરુષાર્થસિદ્ધિઉપાય'નો દાખલો આપ્યો છે ને? કે હું કહું છું એનો આધાર આ છે. આહાહા..! સમજાણું કાંઈ? દાખલો આપ્યો છે અને પાછો ખુલાસો પણ ૩૨ મી ગાથામાં કર્યો છે. સમજાય છે કાંઈ?

**'અપને અપને પ્રભાવકે બઢનેપર કૌન અપને સ્વાર્થકો નહીં ચાહતા.'** પોતાનો જ્યાં પ્રભાવ વધી ગયો તો પોતાનો પ્રભાવ કેમ ઉપર ન નાખે? એવો વ્યવહાર કહેવામાં આવે છે. **'અર્થાત્ સબ અપના પ્રભાવ પઢાતે હી રહતે હૈં.'** કર્મનો પ્રભાવ વધે તો કર્મ વધે છે, આત્માનો પ્રભાવ વધે તો આત્મા વધે છે. કર્મ અને શરીર બે લીધા છે. કર્મ અને શરીર ૩૨ મી ગાથામાં લીધા છે. કર્મ અને શરીર, વાણી, કુટુંબ, દેશ આદિ એના અવિદ્યા, અજ્ઞાન અથવા મોહને વશ, એ મારા છે એમ માનીને, પોતાનું સ્વરૂપ શુદ્ધ છે એને છોડીને અજ્ઞાની અનાદિકાળથી અવિદ્યા અને અજ્ઞાન અથવા મોહવશે ઉપકાર કર્યે જાય છે. એ પરનો ઉપકાર

કરે છે. આહાહા..! શરીરનો ઉપકાર કરે, બાયડીનો, કુટુંબનો, દેશનો (ઉપકાર કરે), પોતાનો ભલે અપકાર થાય. એ લખ્યું છે. કેટલું કર્યું? અત્યાર સુધી કેટલું કર્યું? બીડી, તમાકુ માટે... શું કહેવાય?

મુમુક્ષુ :– લોકોને બીડી પીવાનો લાભ મળે ને.

ઉત્તર :– કોણ લાભ મળે? એ તો મોહ માટે કરતા હતા.

અહીં કહે છે, કર્મ અને શરીર આદિ. એ વાત સિદ્ધ કરે છે, કર્મ છે, શરીર છે, બીજા દ્રવ્ય છે, કુટુંબ છે, અનંત આત્મા છે, અનંત રજકણના પિંડ પણ છે એમ સિદ્ધ કરે છે. પોતાના સ્વરૂપના અજ્ઞાનથી, અવિદ્યાથી, ચિદાનંદની સાવધાનીના અભાવમાં અજ્ઞાની મોહને વશ થઈને, શરીર, વાણી, બાયડી, છોકરા, કુટુંબનો ઉપકાર કરે છે. તારું ઠીક થાઓ, (એવો) ભાવ, ભાવ (કરે છે), હોં! ભાવમાં માને છે કે તમારું ઠીક થાઓ, મારું ભલે બગડી જાય. સમજાય છે કાંઈ? એમ અજ્ઞાની અનાદિકાળથી આમ કરે છે એને કહે છે કે કર્મનું હિત કર્મ કરે છે એમ કહેવામાં આવ્યું. સમજાય છે કાંઈ?

હવે આ એક ગાથા આધારની છે. મૂળ શ્લોક અંદર સંસ્કૃતમાં છે અને 'સમયસાર નાટક' માં પણ 'બનારસીદાસે' એ શ્લોક મુક્યો છે. ક્ષયોપશમ સમકિતની જ્યાં વ્યાખ્યા કરી છે ત્યાં આ મૂક્યો છે.

**कत्थवि बलिओ जीवो, कत्थवि कम्माइ हुंति बलियचाइ।**
**जीवस्स य कम्मस्स य, पुव्वविरुद्धाइ वहराइ।।**

પૂર્વનો વેર અનાદિથી ચાલ્યો આવે છે. બેને પૂર્વનો વેર અનાદિથી ચાલ્યો આવે છે. અહીંયા (સંવત) ૧૯૯૩ ની સાલમાં વ્યાખ્યાન થયું હતું. 'પટણી' આવ્યા હતા. 'પટણી' હતા ને? 'પ્રભાશંકર પટણી' દિવાન હતા ને? એ આવ્યા હતા. આ જ બોલ્યા હતા. 'પ્રભાશંકર પટણી' હતા ને? (સંવત) ૧૯૯૩ ની શ્રાવણ વદ અમાસ. આપણા પર્યુષણ ચાલતા હતા ને? તો ગુરુકુળમાં વ્યાખ્યાન ચાલતા હતા. ઘણા માણસો આવ્યા હતા. તમારા આ બેરિસ્ટર આવ્યા હતા. 'પોપટલાલ ચૂડગર' આવ્યા હતા. મોટી સભા હતી. કોર્ટ છે ને? કોર્ટ. એ આખી કોર્ટ વ્યાખ્યાન સાંભળવા આવી હતી. આખો સ્ટાફ વ્યાખ્યાન સાંભળવા આવ્યો હતો. વ્યાખ્યાન સાંભળ્યું. 'પ્રભાશંકર પટણી' હતા ને? એ સાંભળીને એમ બોલ્યા, મહારાજા! કર્મ અને આત્માનું મલ્લ યુદ્ધ છે. મલ્લે મલ્લનું યુદ્ધ છે. કોઈ વખતે કર્મ મલ્લયુદ્ધ જીતી જાય છે, કોઈ વખતે આત્મા જીતી જાય છે, એમ કહ્યું હતું. અત્યારે કર્મનું જોર છે, ઇ કહેતા હતા. મેં કીધું, એક કલાક સાંભળ્યું પણ વાળ્યું પાણી, મીંડું. સમજાય છે કાંઈ? આ પંડિત મોટા કહેવાય. શું કહેવાય? દિવાન.. દિવાન. ભાવનગર દરબારના. અંતે મીંડું વાળ્યું. આ મલ્લે મલ્લનું યુદ્ધ–લડાઈ છે. કોઈ વખતે કર્મ જીતી જાય છે, કોઈ વખતે આત્મા જીતે છે. જેનું જોર (હોય તે જીતે). એ અહીં કહે છે, લ્યો! પેલા કહે છે, એમ નહિ, હોં!

કર્મના જોરનો અર્થ–જે કોઈ પોતાના સ્વરૂપની સાવધાની કરતા નથી એને પરમાં સાવધાનીનો ભાવ આવ્યા વિના રહેતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અહીં તો જીવ દ્વારા કીધું ને? જીવ દ્વારા. જીવ દ્વારા એને જોર મળે એટલે એ કર્મ બાંધે છે, બીજું શું? સમજાય છે કાંઈ? પોતાના શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિને છોડીને, હું રાગ છું, હું રાગ છું, પુણ્ય હું છું, પાપ હું છું (એમ માને છે). અત્યારે પુણ્યનું બહુ ચાલે છે. જુઓ! ભાઈ! તમે પુણ્યને આમ ઝેર કહો છો અને પુણ્યને હેય કહો છો તો પુણ્યથી ખાવા-પીવાનું મળે, નિરોગતા મળે, શરીર સારું રહે, એ બધું હોય તો ધર્મ થાય. આવા બધા લખાણ છાપામાં બહુ આવે છે. જૈન ગેજેટમાં અને જૈનદર્શનમાં બહુ આવે છે.

મુમુક્ષુ :– એમ જ માને છે.

ઉત્તર :– ક્યાંથી પણ માને છે? ધૂળમાં. શરીરમાં આવું હોય તો એમાં આત્માને શું? શરીર નિરોગ હોય તો આત્માને શું? અને શરીર સરોગ હોય તો આત્માને શું? આ તો ... છે. એ તો આવી ગયું નહિ? સમજાય છે કાંઈ?

જડની અવસ્થાથી પોતાને સગવડતા માને છે તે મૂઢ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની છે અને જડની પ્રતિકૂળતાથી મને પ્રતિકૂળતા છે એમ માને છે એ ચૈતન્યના સ્વભાવની શ્રદ્ધાનો અભાવ માને છે. પરનું જોર છે, ભાઈ! કાલે આવ્યું હતું નહિ? કાલે નારકીનું દૃષ્ટાંત નહોતું આપ્યું? સમજ્યા? નારકીનું દૃષ્ટાંત આપ્યું હતું. સાતમી નરક, રૌરવ નરક સાતમી પાતાળ. એટલી પીડા કે ભગવાન જાણે અને એ વેદે. એમાં કોઈ રાજા કે રાજકુમાર મરીને ત્યાં ગયો હોય, પૂર્વે સાંભળ્યું હોય. પહેલા યાદ નહોતું કર્યું. ત્યાં જઈને પીડા થઈ. અરે...! પીડા.. પીડા.. પીડા. એ સાતમી નરકનું વેદન. આત્માના અતીન્દ્રિય આનંદનું વેદન જેટલું ગુલાંટ ખાય છે એટલી આકુળતા અને વિકારનું વેદન કરવું પડે છે. એટલી આકુળતા ત્યાં છે. અનંતાનુબંધી. રાજકુમાર મોટા ૨૫-૨૫ વર્ષના જુવાન અને લડાઈએ ચડ્યા હોય. ખુબ ખાર ખુમાર (હોય). પોતાનું રાજ રાખવા માણસના સંહાર કરી નાખે. એવા મિથ્યા અભિમાની જ્યારે મરીને નરકે જાય છે અને નરકની પ્રતિકૂળતા જોવે છે. આહા..! અનાદિનો આત્મા છે કે નવો છે? અનંતવાર એવા ભાવ કર્યા હતા અને એ ભાવ કરીને અનંતવાર નરકે ગયો છે. એવા નરકની વેદનામાં પણ વિચાર આવે છે કે, અરે...! આ શું? આનાથી કોઈ છૂટકારો છે? બંધનથી છૂટકો થાય કે નહિ? કે આ આવી જ વસ્તુ છે? એમ વિચાર કરીને રાગ અને શરીરથી પૃથક્ પોતાના આત્માનો અનુભવ કરી લે છે. સમજાય છે કાંઈ? સાતમી નરકનો નારકી જીવ. અત્યારે છે, અત્યારે છે, હોં! આ બધું હમ્બગ નથી. આહાહા..! સાતમી નરકનો નારકી. પીડા..! એ પીડાની એક ક્ષણ.

માણસને અહીં પીડા થાય છે ને? પીડા થાય છે તો કહે, રાત્રી મોટી લાંબી થઈ ગઈ. રાત્રી તો છે ઇ છે. રાત્રી કાંઈ લાંબી થતી નથી. પણ એમ કહે, આજે રાત્રી બહુ લાંબી

થઈ ગઈ. રાત્રિ તો છે ઇ છે, પણ દુઃખ.. દુઃખ.. દુઃખ. સાતમી નરકમાં આ કરતાં તો અનંત ગણું દુઃખ. આ હિસાબમાં શું છે? ભાઈ! એ વેદનની વાત વીતરાગ જાણે અને એ વેદે.

ભગવાનઆત્માના ભાન વિના હું શુદ્ધ ચિદાનંદ આત્મા પરમેશ્વર છું. મારી પરમેશ્વરતા બહારથી કદી આવતી નથી. મારા શ્રદ્ધા-જ્ઞાનમાં હું પરમાત્મા જ છું. એમ માન્યા વિના પરની પરમેશ્વરતા સ્વીકાર કરે છે તો પરની અધિકાઈમાં એને દુઃખ ભોગવવું પડે છે. અનંતવાર ત્યાગી થયો, મુનિ થયો. 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો' 'ચીમનલાલભાઈ'! આવે છે? લ્યો, બોલે છે ખરા પણ ત્યાં પાછું રાખે છે. કહો, સમજાય છે કાંઈ? 'મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આત્મજ્ઞાન બિન લેશ સુખ ન પાયો.' આત્માના ભાન વિના અંશે આનંદ બહારમાં ત્રણકાળમાં નથી. સાધુપણું પાળે, ક્રિયા કરે, પંચ મહાવ્રત પાળે બધો રાગ છે, બધું દુઃખ છે, બધું દુઃખ છે. પોતાના આનંદના ભાન વિના, સુખનું વેદન સમ્યગ્દર્શન વિના કદી થતું નથી. સાતમી નરકમાં એટલી પીડામાં અનુભવ કરે છે અને આનંદનો સ્વાદ લઈ લ્યે છે. સમજાય છે કાંઈ? 'મૂળચંદજી'! ક્યાં ગયા ડૉક્ટર? એ સ્તવનમાં આવે છે, 'નારકી બાહ્યકૃત દુઃખ ભોગત હૈ, અંતર સુખ કી ગટાગટી'. એ સ્તવન છે. 'હુકમીચંદજી' શેઠ આવે ત્યારે બોલે છે. 'ભાગચંદજી'નું છે ને? 'બાહ્ય નારકી કૃત દુઃખ ભોગત હૈ, અંતર સુખ કી ગટાગટી'. નારકી જીવને પણ બહારના પૂર્વના પાપને કારણે પ્રતિકૂળતા સંયોગમાં જન્મ લેવો પડ્યો. પણ જ્યાં ભેદજ્ઞાન કર્યું.. ઓહો..! મારી સ્થિતિ તો શુદ્ધ ચિદાનંદ છે ને! હું ભુલ્યો, હું ભટક્યો. મારો ભગવાન મારી સમીપ છે પણ હું બહાર ગોતવા ગયો. પણ બહારમાં તો મળ્યો નહિ. એમ વિચારીને અંતરમાં જાય છે તો આનંદનો સ્વાદ સમ્યગ્દષ્ટિ નરકના આટલા પ્રતિકૂળ સંયોગમાં પણ વેદે છે. કોઈ સંયોગ દુઃખનું કારણ નથી. સમજાય છે કાંઈ?

લાખ સગવડતા હોય, પાંચ-પચીસ લાખ હોય, ધૂળ હોય, સ્ત્રી, કુટુંબ બધી સગવડતા હોય પણ અંદરમાં હોળી સળગતી હોય. અરે..! આનું કેમ કરવું? ને કેમ કરવું? કેમ નભાવવું? આને કેમ નભાવવું? લોકો એમ માને કે એની પાસે આટલી મુડી છે. એની મુડી છાતી ઉપર ચડી હોય. કોનો નભાવ કરવો (એ છાતીમાં બેઠું હોય). સમજાય છે કાંઈ? બેઠા હોય મોટરમાં અને મોટર એના કાળજે બેઠી હોય કે કઈ રીતે નભાવ કરવો? આબરૂ મોટી છે, પચાસ લાખની આબરૂ છે, મુડી પાંચ લાખની છે, પીસ્તાલીસ લાખની ખાધ છે. કેમ કરવું? એવું દુઃખનું વેદન, આટલી સગવડતામાં પણ પોતાની કલ્પનાની જાળથી દુઃખી છે, પરને કારણે નહિ.

અહીંયા કહે છે, **'કભી જીવ બલવાન હોતા તો કભી કર્મ બલવાન હો જાતે હૈં.'** એનો અર્થ શું? કોઈ વખતે પોતાના શુદ્ધ વીર્યના સ્ફુરણની જાગૃતિ છોડીને કર્મની શક્તિનું બહુમાન કર્યું. પુણ્ય-પાપ, રાગ-દ્વેષ આવ્યા એનું બહુમાન કર્યું, એ કર્મનું બહુમાન કર્યું. સમજાય

છે કાંઈ? કર્મના સંગે જે વિકાર, શુભ-અશુભ રાગાદિ થાય છે એનું બહુમાન કર્યું એ કર્મનું જ બહુમાન કર્યું. કારણ કે કર્મનો ભાવ છે, આત્માનો સ્વભાવ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભારે ભાઈ! આ ગાથા એવી આવી છે, જુઓ!

ક્યારેક જીવ બળવાન થાય છે. ભગવાનઆત્મા પુરુષાર્થની જાગૃતિ કરીને એક રણકાર કરે છે કે હું જ આત્મા છું. મારું જ જોર છે, મારું જ બળ છે. જગતમાં બીજી કોઈ ચીજ મારાથી બળવાન નથી. સમજાય છે કાંઈ? હું જ મારા પુરુષાર્થની જાગૃતિથી અલ્પકાળમાં કેવળજ્ઞાન લેવાનો છું. એમ આત્મા પોતાના પુરુષાર્થની જાગૃતિ કરે છે તો આત્માનું હિત થાય છે.

ક્યારેક કર્મ બળવાન થાય છે. કહો, 'હુકમચંદજી'! મિત્રતા એની સાથે કરી. પરની સાથે મિત્રતા કરી. સંબંધ કર્યો. સારું, સારું. કર્મ આવ્યા, જોડાણ થયું. દયા, દાન, વ્રત, કામ, ક્રોધ, પુણ્ય-પાપના ભાવ થયા (તો માને) બહુ સારું થયું. એ કર્મનું હિત કર્યું, કર્મનો ઉપકાર કર્યો, નવા કર્મનું બંધન થયું. કર્મના ભાવને પોતાના માનીને નવું કર્મબંધન થયું તો કર્મે હિત કર્યું. પોતાનો પક્ષ સિદ્ધ કર્યો, કર્મે પોતાની પુષ્ટિ કરી. આત્માને છોડી દીધો. 'લાલચંદભાઈ'! આમાં દાખલા ... જુઓ! એમાં લખ્યું છે. ઘણા આનો દાખલો આપે છે. 'રતનચંદજી' આદિ. ગેજેટમાં આવે છે. **'कत्थवि बलिओ जीवो, कत्थवि कम्माइ हुंति बलियचाइ'** આનો બહુ દાખલો આપે છે. અરે..! ભગવાન! તું પામર છો? પરની મહત્તા કરે છે અને પોતાની મહત્તા છોડી દે છે, એ દોષ તારો છે કે પરનો છે? સમજાય છે કાંઈ? આહાહા..!

અમે દૃષ્ટાંત આપીએ છીએને? એક નાનો છોકરો હતો. આઠ વર્ષની ઉંમરનો હતો અને એક બાર વર્ષની ઉંમરનો હતો. બાર વર્ષની ઉંમરવાળા છોકરાએ નાના છોકરાને માર્યો. તો નાના છોકરાઓ મોટાને માર્યો. ભડાક..! હાય.. હાય..! નાનાને મારવા તો ગયો પછી ઘરે ગયો. એની માને કહે, મા! મને આણે માર્યો. મા કહે, કેટલી ઉંમર છે એની? આઠ વર્ષની. તારી? બાર વર્ષની. ગધેડા. ગધેડા સમજો છો? મૂઢ, મુરખ. બાર વર્ષનો ઢગો થઈને નાનો છોકરો તને મારી ગયો? આવી ફરિયાદ કરતાં તને શરમ નથી આવતી? કે આણે મને માર્યો. કોણે? પેલો છગનિયો. છગનિયો કેટલા વર્ષનો? આઠ વર્ષનો. તું બાર વર્ષનો. બાર વર્ષનાને આઠ વર્ષનો મારી જાય. ગધેડા! આવી અરજી લઈને તું આવ્યો, શરમાતો નથી?

ભગવાન કહે છે.. સમજાય છે કાંઈ? અરે..! મને કર્મે મારી નાખ્યા, મને કર્મે મારી નાખ્યો. મૂરખ! ઢગા! પર ઉપર જોર આપે છે? આહાહા..! 'રતનલાલજી'! 'રૂપચંદજી' સમજાયું? પોતાના સ્વરૂપને છોડીને પરના રૂપનું માહાત્મ્ય કરે છે એ કર્મનું હિત ઇચ્છે છે, એમ કહે છે. આહાહા..! કર્મ કંઈ કરતા નથી, હોં! એ તો જડ છે. એને ખબર પણ ક્યાં છે કે અમે જગતની વસ્તુ છીએ કે નહિ.

ભગવાનઆત્મા પોતાના સ્વભાવનું માહાત્મ્ય છોડીને, જે કર્મના નિમિત્તના સંગે વિકાર થાય છે એની મહિમા, માહાત્મ્ય કરે છે. પુણ્ય કર્યું, મેં પાપ કર્યા, મેં તો આમ કર્યું. બડકમદાર! વિકારનું અધિકપણું માને છે એ કર્મનો જ ઉપકાર કરે છે તો કર્મ પોતાનો ઉપકાર કરે છે, નવું બંધન કરીને એને વશ કરે છે. સમજાય છે કાંઈ?

**'ઇસ તરહ જીવ ઔર કર્મોંકા પહિલેસે (અનાદિસે) હી બૈર ચલા આ રહા હૈ.'** લ્યો! આહાહા..! સમજાણું કાંઈ? આ છોકરા નથી હોતા? છોકરાઓ રમે છે. વારાફરતી વારો નથી કહેતા? રમે છે ને? માથે ઉપાડે. પેલો કહે, જો, પહેલા તું મારા માથે ચડ, પછી હું તારા ઉપર ચડીશ. આ રમે છે ને? વારાફરતી વારો. પહેલા તારો, પછી મારો. એમ કહે છે કે, અજ્ઞાની પ્રાણી પોતાના સ્વરૂપનું માહાત્મ્ય છોડીને જડનું માહાત્મ્ય (કરે છે), પરમાં સુખનું માહાત્મ્ય આપે છે એ નવા કર્મ બાંધે છે. એ કર્મનું હિત કરે છે, એ કર્મનો ઉપકાર કરે છે. 'પોપટભાઈ'! બાયડી, છોકરાનો ઉપકાર કરે છે, એમ કહે છે. એ પણ એણે મૂઢતાથી ઉપકાર કર્યો ને? મૂઢતા કરીને એમ માન્યું, તમારું સારું થાઓ, મારું ભલે ગમે તે થાઓ. સમજાય છે કાંઈ?

**'જીવ ઔર કર્મોંકા પહિલેસે (અનાદિસે) હી બૈર ચલા આ રહા હૈ. ઐસા કહનેસે મતલબ યહ નિકલા કિ પૂર્વોપાર્જિત બલવાન દ્રવ્યકર્મ, અપના યાની દ્રવ્યકર્મકા હિત કરતા હૈ અર્થાત્ દ્રવ્યકર્મ, જીવમેં ઔદયિક આદિ ભાવોંકો પૈદા કર...'** જુઓ! કેમકે કર્મમાં જોડાણ થાય છે ને? પોતાના શુદ્ધ ભગવાનનું જોડાણ નહિ કરીને કર્મના ઉદયમાં જોડાણ કરે છે એ **'ઔદયિક આદિ ભાવોંકો પૈદા કર નયે દ્રવ્યકર્મોંકો ગ્રહણકર અપની સંતાનકો પુષ્ટ કિયા કરતા હૈ,...'** જૂના કર્મ આવ્યા, અજ્ઞાનીએ વિકાર કર્યો, નવા કર્મનું પુષ્ટિ થઈ, એમ સંતતિ ચાલી. એક પછી એક. કર્મનું હિત થયું, તારું હિત થયું નહિ. સમજાય છે કાંઈ?

**'અમૃતચંદ્રાચાર્યને પુરુષાર્થસિદ્ધ-ઉપાય મે ંકહા હૈ...'** જુઓ! કોઈ આ વાતને એકાંતમાં ન લઈ જાય એટલે 'અમૃતચંદ્રાચાર્ય' ના 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' નો દાખલો આપે છે. **'જીવકે દ્વારા કિયે ગયે પરિણામ...'** જુઓ! ભગવાનઆત્મા જીવ દ્વારા. વિકાર પોતાથી થાય છે. પોતાથી થાય છે, પરથી નહિ. પોતાની ભૂલ પોતાથી થાય તો પોતાથી ભૂલ કાઢી શકાય. જો ભૂલ–દોષ પરથી થાય તો પર નીકળે તો દોષ નીકળે. એમાં પોતાનું સ્વાધીનપણું રહેતું નથી. **'જીવકે દ્વારા કિયે ગયે પરિણામ...'** પરિણામ સમજ્યા? શુભાશુભ ભાવ કે મિથ્યાત્વભાવ. એ **'નિમિત્તમાત્ર હૈં,...'** કોને? નવા કર્મ બંધાવામાં. જુઓ! આ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય'નો દૃષ્ટાંત આપ્યો. **'પ્રાપ્ત કરકે...'** નિમિત્તમાત્ર જીવના પરિણામ, મિથ્યાત્વભાવ, ભ્રમણાભાવ, રાગ–દ્વેષભાવ એવા પરિણામને નિમિત્તમાત્ર કરીને **'જીવસે વિભિન્ન પુદ્ગલ,...'** પોતાના આત્માથી જુદા જે જડ કર્મ છે તે **'ખુદ બ-ખુદ કર્મરૂપ પરિણમ જાતે હૈં.'** પુદ્ગલ પોતાથી કર્મરૂપ પરિણમી જાય છે. આત્મા કર્મને કર્મરૂપ કરે છે એમ નથી. બસ! આત્માએ પોતાની ભૂલ

કરી. રાગ-દ્વેષ કર્યા, પરમાં સુખ છે એવી બુદ્ધિ કરી એવા પરિણામને નિમિત્ત કરીને પુદ્ગલ પોતાથી કર્મરૂપે પરિણમી જાય છે. કહો, સમજાય છે કાંઈ? એ કર્મબંધનને આત્મા કરતો નથી.

**'ઔર અપને ચેતનાત્મક પરિણામોંસે...'** લ્યો! જુઓ! આ વસ્તુની સ્થિતિ આમ છે. અજ્ઞાની આમ ને આમ માની લે કે કર્મ છે ને આમ થાય છે ને બંધન થાય છે. શું પણ બંધન? કોઈ દુઃખ છે કે નહિ? ભાવનું કોઈ બંધન છે કે નહિ? જડનું બંધન પર છે. પોતાના શુદ્ધ સ્વરૂપને છોડીને રાગ-દ્વેષમાં રોકાઈ જવું એ જ ભાવબંધન છે. ભાવબંધન છે. ભાવબંધન છે તો જડનું દ્રવ્યબંધન જડથી સ્વયં બંધાઈ જાય છે.

**'અપને ચેતનાત્મક પરિણામોંસે...'** જુઓ! ચેતનાત્મક પરિણામ શબ્દ લીધો છે. એ 'પુરુષાર્થસિદ્ધિ-ઉપાય' નો (શબ્દ) છે). **'परिणममानस्य चितश्चिदात्मकैः स्वयमपि स्वकैर्भावैः'** એ તેરમો શ્લોક છે. ભગવાનઆત્મા પોતાના શુદ્ધ આનંદ અને જ્ઞાન સ્વરૂપના અસ્તિત્વનો વિશ્વાસ, ભરોસો, સત્કાર, આદર છોડીને પુણ્ય-પાપના ભાવ, વિકારીભાવ કરે છે તો એ ચેતનાત્મક પરિણામ થયા. એ ચેતને બનાવેલા પોતાના અરૂપી પરિણામ છે. **'સ્વયં હી પરિણમનેવાલે...'** જુઓ! કર્મનો ઉદય એને વિકાર કરાવે છે એમ ન રહ્યું. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાની ટીકાની પુષ્ટિમાં આ શ્લોક લીધો છે. કર્મ એનું હિત ઇચ્છે છે તો કર્મ એને દબાવે છે એમ નથી. સમજાય છે કાંઈ? કર્મને વશ થાય છે. કાં અહીંયા વશ થાય કાં અહીંયા વશ થાય. તારા બે અધિકાર છે. કાં સ્વભાવને આધીન થા, કાં વિકારને આધીન થા. વિકાર આધીન થાય એ કર્મનો ઉપકાર કરે છે. જીવ તો સ્વયં પોતાના પરિણામને કરનારો છે.

**'પરિણમનેવાલે જીવકે લિયે...'** ભગવાનઆત્મા પોતાના રાગ ને દ્વેષ વિકારી પરિણામ કરવાથી **'વહ પૌદ્ગલિકકર્મ સિર્ફ નિમિત્ત બન જાતા હૈ.'** પૂર્વકર્મનો ઉદય **'સિર્ફ...'** એટલો શબ્દ લીધો છે. નિમિત્ત માત્ર છે. કર્મ એને કરાવે છે એમ નથી. જુઓ! આ **'कत्थवि बलिओ जीवो, कत्थवि कम्माइ हुंति बलियचाइ ।'** એનો ખુલાસો કરે છે. મોટા મોટા માંધાતા (એમ કહે), મલ્લે મલ્લનું યુદ્ધ છે. અમારે કર્મનું જોર છે અને તમારે આત્માનું જોર છે, એમ કહેતા હતા. આહા..! અરે..! ભગવાન! સ્વયં પુરુષાર્થહિન થઈને, નપુંસક થઈને પરના અભિમાન અને પરનું માહાત્મ્ય કરે છે. આહાહા..!

શાસ્ત્રમાં તો એમ આવ્યું છે કે, ભગવાનઆત્મા પોતાના શુદ્ધ સ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાનને છોડીને એકલા શુભભાવની રચના કરે છે, શુભભાવની રચના કરે છે અને એની મહત્તા, માહાત્મ્ય કરે છે એ પોતાના પુરુષાર્થ–વીર્યને સ્વભાવની રચના કરવામાં નપુંસક થયો છે. સમજાય છે કાંઈ? પોતાના વીર્યનું સ્વરૂપ શું છે? વીર્ય–બળનું સ્વરૂપ શું છે? સ્વરૂપની રચના કરવી. પોતાના આત્માના બળનું સ્વરૂપ શું છે? બળનો ગુણ શું છે? બળગુણનો ગુણ શું છે? આહાહા..! ભગવાનઆત્મામાં અનાદિઅનંત એક વીર્ય નામનો ગુણ પડ્યો છે. બળ, બળશક્તિ. એ વીર્ય નામના ગુણનો ગુણ શું? કે ગુણનો ગુણ એ કે પોતાના શુદ્ધ શ્રદ્ધા,

જ્ઞાન, ચારિત્રની રચના કરે એ વીર્યગુણનો ગુણ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

સ્વરૂપ રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ. આ સંસ્કૃત ટીકાના શબ્દો છે. સ્વરૂપ રચનાના સામર્થ્યરૂપ વીર્યશક્તિ. ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' મહારાજે ૪૭ શક્તિના વર્ણનમાં વીર્યશક્તિનું વર્ણન કર્યું. પ્રભુ! તારું વીર્ય શું? તારું બળ શું? તારું બળ એ કે પોતાના સ્વરૂપના શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, આનંદ આદિ શુદ્ધ પર્યાયની રચના કરવી એ બળનો ગુણ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? પુણ્યની રચના કરનાર વીર્યને વીર્ય જ કહ્યું નથી. આહાહા..! એ પોતાનું વીર્ય–બળ નહિ. એ તો કર્મના નિમિત્તના સંગમાં જે શુભભાવ થયો અને ત્યાં રોકાઈ ગયો. ત્યાં તો મોટી વ્યાખ્યા લીધી છે. સામાયિક પ્રતિજ્ઞા લીધા પછી પણ મોક્ષની અભિલાષા કર્યા પછી પણ શુભભાવને છોડતો નથી અને શુભભાવમાં અટકી જાય છે અને શુભભાવથી પાર આત્માના શ્રદ્ધા, જ્ઞાન કરતો નથી એ નપુંસક, પાવૈયો, હીજડો છે. શેઠ! આહાહા..! મુનિઓને સંતોને ક્યાં પડી છે? નાગા બાદશાહથી આઘા. એને કોઈ પાસેથી કાંઈ લેવું છે? ફાળો ઉઘરાવવો નથી. એ.. 'પોપટભાઈ'! આહાહા..!

કહે છે, અરે..! ભગવાન! આહાહા..! એ વીર્ય હણાય ગયું એ ખરેખર તો કર્મનું જ વીર્ય થયું. એને કર્મવીર્ય કહે છે. આત્મા શાંતિ અને જ્ઞાનની રચના કરે એને આત્મવીર્ય કહે છે. ચેતના, જ્ઞાનચેતના વીર્ય. સમજાય છે કાંઈ? વિકારની રચના કરે એ કર્મવીર્ય છે. આહાહા..! અજ્ઞાની પરનું વીર્ય રચીને પરનું હિત કરે છે. પરનું હિત કરે તો એ પર પોતાનું હિત કેમ છોડે? નવા કર્મનું બંધન કરીને સંતતિ ચલાવે છે અને ચાર ગતિમાં રખડાવે છે, એમ કહેવામાં આવે છે. ઉપકાર તો એણે કર્યો છે. સમજાય છે કાંઈ?

**'તથા કાલાદિ લબ્ધિસે બલવાન હુઆ જીવ...'** હવે જીવ લીધો. 'પોપટભાઈ'! હવે અરસપરસ વાત લે છે. **'કાલાદિ લબ્ધિસે બલવાન હુઆ જીવ અપને હિતકો અનન્ત સુખકા કારણ હોનેસે...'** પહેલા કર્મના હિતની વાત કરી, હવે આત્માના હિતની વાત કરે છે. ભગવાનઆત્મા પોતાની કાળલબ્ધિ એટલે પુરુષાર્થની જાગૃતિનો કાળ. કાળલબ્ધિનું જ્ઞાન કોને હોય છે? જેને પોતાના દ્રવ્યનું જ્ઞાન થાય તેને કાળલબ્ધિ પર્યાયનું જ્ઞાન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ફરીથી, એક સમયની પર્યાયમાં પર્યાયની પ્રાપ્તિ થવી તેને કાળલબ્ધિ કહે છે. પર્યાયનું જ્ઞાન–અવસ્થાનું જ્ઞાન–કોને થાય છે? કે જેની પર્યાયે દ્રવ્ય ઉપર જઈને દ્રવ્યનું જ્ઞાન કર્યું, ત્રિકાળ જ્ઞાયકનું જ્ઞાન કર્યું તેને પર્યાયનું જ્ઞાન થયું. આહાહા..! સમજાય છે કાંઈ? જેમ સાત તત્ત્વમાં 'તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્'. મોક્ષની શ્રદ્ધા, સર્વજ્ઞની શ્રદ્ધા, પર્યાયની શ્રદ્ધા ક્યારે થાય છે? જ્ઞાયક ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ ધ્રુવ ધાતુ છે તેમાં જે દૃષ્ટિ ઘુસી ગઈ અને જે જ્ઞાન થયું એ વર્તમાન પર્યાયમાં અને સર્વજ્ઞ શું છે, એ મોક્ષની પર્યાયનું જ્ઞાન થયું. સમજાય છે કાંઈ? પોતાના દ્રવ્યનું જ્ઞાન થયા વિના પર્યાયનું જ્ઞાન થતું નથી. અને પોતાનું

જ્ઞાન થયા વિના રાગ અને પરનું જ્ઞાન થતું નથી. આસ્રવ અને બંધનું જ્ઞાન પણ પોતાનું જ્ઞાન થયા વિના થતું નથી. આહાહા..! આમાં એક કલાકમાં કેટલું યાદ રાખવું? વકીલ! આ તો કોર્ટમાં કાયદાની આડુંઅવળું મારીને ખુબ દલીલ કરે છે. આ તો બહુ થોડી વાત છે.

મુમુક્ષુ :– આડુંઅવળું ન ચાલે.

ઉત્તર :– આડુંઅવળું એટલે કે રળવાનો ભાવ છે એ કપટભાવ છે, એ આડોઅવળો ભાવ છે. કહો, સમજાય છે કાંઈ? પોતે વકીલ છે ને! એટલે કહે છે, ન્યાં આડુંઅવળું ન ચાલે. પણ રળવાનો ભાવ જ આડોઅવળો છે. એ.. 'નટુભાઈ'! કમાવાનો ભાવ જ વિકારની મહત્તાનો છે. સમજાય છે કાંઈ? એય..!

**'કાલાદિ લબ્ધિસે બલવાન હુઆ...'** ગુરુનો ઉપદેશ મળ્યો, પોતાના પુરુષાર્થની પર્યાય પાકી ગઈ, સ્વભાવ ઉપર દૃષ્ટિ થઈ તો પોતાનું બળ થયું કે હું અધિક છું. **'णाणसहावाधियं मुणदि आदं'** ('સમયસાર') ૩૧ ગાથા. હું **'णाणसहावाधियं मुणदि आदं'**. હું રાગ, નિમિત્તથી અધિક–ભિન્ન–એક સમયની પર્યાયથી પણ ભિન્ન છું. એવો જ્ઞાયક ચૈતન્ય હું છું. **'णाणसहावाधियं मुणदि आदं'** એવા પોતાના આત્માને જાણે છે એ આત્માનું બળ થયું. આહાહા...! સમજાય છે કાંઈ? આત્મા એવું કરી શકે છે. 'પોપટભાઈ'!

**'અપને હિતકો અનન્ત સુખકા કારણ હોનેસે...'** જુઓ! **'અપને હિતકો અનન્ત સુખકા કારણ...'** રાગ અને શરીરથી ભિન્ન મારું સ્વરૂપ છે, એવા બળથી પોતાનું હિત કરનાર આત્મા પોતાનું હિત અનંત સુખનું કારણ છે. **'ઉપકાર કરનેવાલે...'** પોતાનો ઉપકાર કરનારો આત્મા છે. રાગ, દ્વેષનો ઉપકાર કરે છે એ કર્મનો ઉપકાર કરે છે. પોતાના સ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાનની રચના કરે છે એ પોતાનો ઉપકાર કરે છે. આહાહા..! 'રતનલાલજી' ગયા? 'પાલીતાણા' ગયા? સમજાય છે કાંઈ? શું (કહ્યું)?

**'સ્વાત્મોપલબ્ધિરૂપ મોક્ષકો ચાહતા હૈ.'** જુઓ! ભગવાનઆત્મા પોતાનું હિત ઇચ્છે છે. શું? પરથી ભિન્ન, રાગથી ભિન્ન સ્વ-પરનું ભેદજ્ઞાન કરીને પોતાનું હિત ઇચ્છે છે. કેમ? કે અનંત સુખનું કારણ છે. આવા **'અનન્ત સુખકા કારણ હોનેસે ઉપકાર કરનેવાલે સ્વાત્મોપલબ્ધિરૂપ મોક્ષ...'** મોક્ષની વ્યાખ્યા કરી. પોતાની શુદ્ધ પર્યાયની પ્રાપ્તિ થવી એનું નામ મોક્ષ. મોક્ષ કોઈ બીજી વસ્તુ નથી. સ્વ-આત્મ-ઉપલબ્ધિ. સ્વ આત્માની જેવી શુદ્ધતા છે, પરિપૂર્ણતા છે એવી પર્યાયમાં–અવસ્થામાં—પ્રાપ્તિ થવી એનું નામ મોક્ષ કહેવામાં આવ્યું છે. મોક્ષ કોઈ બીજી વસ્તુ નથી.

'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ, સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.' 'શ્રીમદ્ રાજચંદ્ર'એ નાની ઉંમરમાં આ કડી બનાવી છે. ૧૪૨ બનાવી છે. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ' પોતાનું શુદ્ધ આનંદ સ્વરૂપ, એની અંતર દૃષ્ટિ લગાવી પૂર્ણ નિર્મળ પર્યાય પ્રગટ થવી એનું નામ મોક્ષ છે. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ'. પોતાના નિર્મળ

આનંદની દશા જે દ્વારા પમાય તે દ્વારને મોક્ષમાર્ગ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? પોતાનો શુદ્ધ સ્વભાવ, એના આશ્રયથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ કરવા એ જ મુક્તિનો ઉપાય ને માર્ગ ને પંથ છે, બીજો કોઈ માર્ગ નથી. 'ચીમનલાલભાઈ'! આહાહા..! વકીલ જેવા બુદ્ધિવાળા માણસ પણ ધ્યાન ન રાખે અને વિચાર ન કરે. લોકોમાં તો એમ કહેવાય કે વકીલ બહુ બુદ્ધિવાળા કહેવાય. એમ લોકો કહે છે. પછી હોય એ ખરું. આહાહા..! આ આત્માને તારે એ બુદ્ધિને બુદ્ધિવાન કહેવામાં આવે છે. બુડાડે એ બુદ્ધિ બુદ્ધિ નહિ. આહાહાહા..!

કહે છે, **'યહાંપર એક સ્વભાવોક્તિ કહી જાતી હૈ...'** દુનિયાની. **'અપને અપને માહાત્મ્યકે પ્રભાવ કે બઢનેપર સ્વર્થકો અપની અપની ઉપકારક વસ્તુકો કૌન નહીં ચાહતા?'** દુનિયાના ઉપકારની વાત કરે છે, હોં! સમજ્યા? લોકવત છે ને? અંદર છે ને? લોકવત. લોકમાં આમ કહે છે, જે આગળ વધ્યો એ પોતાનો પ્રભાવ કેમ ન પાડે? એમ કર્મનો ઉપકાર કરે તો કર્મ પોતાનો પ્રભાવ કેમ ન પાડે? આત્મા પોતાનો ઉપકાર કરીને પોતાનો પ્રભાવ પાડે તો કર્મનો નાશ કરી દે છે. સમજાય છે કાંઈ? છે તો આત્માની વાત, હોં! કર્મ-બર્મ કંઈ કરતા નથી. નિમિત્તની વાત છે.

**'અપને અપને માહાત્મ્યકે પ્રભાવ કે બઢનેપર...'** પહેલા નિર્ધન હોય પછી પૈસા વધી ગયા. જે કુટુંબ એને દબાવતું હતું એને હવે પોતે દબાવે. પહેલા સાધારણ કુટુંબ હોય, બીજા પાસે પૈસા આદિ હોય, પોતાની પાસે ન હોય, તો આખું કુટુંબ એને દબાવે કે આ નમાલો છે. એમાં પાંચ-પચાસ લાખ થઈ ગયા તો એ કુટુંબને દબાવે. નમાલો હતો ને? હું નમાલો હતો ને? પૈસા નહોતા માટે નમાલો હતો ને? હવે માલવાળો થઈ ગયો લે. થોકબંધની વાત છે. લોકમાં એવું હોય છે. એમ અહીંયા પણ એવું થાય છે. કર્મને માહાત્મ્ય આપે તો કર્મ પોતાનું હિત કરે છે અને આત્મા પોતાનો પુરુષાર્થ કરીને પોતાનું હિત કરે તો મોક્ષને પ્રાપ્ત થાય છે. સમજાય છે કાંઈ? **'સભી ચાહતે હૈં.'** લ્યો!

**दोहा - कर्म कर्महितकार है, जीव जीवहितकार।**
**निज प्रभाव बल देखकर, को न स्वार्थ करतार।।३१।।**

પોતાનો લાગ હોય તો શું કરવા ન કરે? આ લડાઈમાં છોકરા માથે ચડી જાય. બરાબર મારે. પંખી પણ એવું હોય છે. એમાં એક પંખીનો પગ આવી ગયો હોય.. શું કહેવાય આ? કાબર હોય છે ને? કાબર નહિ? કાબરને શું કહે છે તમારે? જનાવર છે ને? એના ઓલામાં જો પગ આવી જાય તો થઈ રહ્યું. પેલું દબાઈ જાય. બીજી કાબર માથે ચડે. એમ જેનું જોર હોય એ એની ઉપર ચડી જાય. 'પોપટભાઈ'!

**'કર્મ કર્મહિતકાર હૈ,...'** કર્મનું માહાત્મ્ય કરનાર જીવ કર્મને માહાત્મ્ય આપીને કર્મનો ઉપકાર કરે છે તો કર્મ પોતાનું હિત કરે છે. **'જીવ જીવહિતકાર'** આત્મા પોતાના સ્વરૂપના

શ્રદ્ધા-જ્ઞાન કરે છે, પોતાના પુરુષાર્થથી આત્માનું ભાન કરનાર જીવ પોતાનું હિત કરે છે. **'નિજ પ્રભાવ બલ દેખકર, કો ન સ્વાર્થ કરતાર.'**

---

**इसलिये समझो कि कर्मोंसे बँधा हुआ प्राणी कर्मोका संचय किया करता है। जबकि ऐसा है तब-**

**परोपकृतिमुत्सृज्य, स्वोपकारपरो भव।**
**उपकुर्वन्परस्याज्ञो, दृश्यमानस्य लोकवत्।।३२।।**

**अर्थ :- परके उपकार करनेको छोड़कर अपने उपकार करनेमें तत्पर हो जाओ। इंद्रियोंके द्वारा दिखाई देते हुए शरीरादिकोंका उपकार करते हुए तुम अज्ञ (वास्तविक वस्तुस्थितिको कन जाननेवाले) हो रहे हो। तुम्हें चाहिये कि दुनियाँकी तरह तुम भी अपनी भलाई करनेमें लगो।**

**विशदार्थ :- पर कहिये कर्म अथवा शरीरादिक, इनका अविद्या-अज्ञान अथवा मोहके वशसे जो उपकार किया जाता रहा है, उसे विद्या सम्यग्ज्ञान अथवा वीतरागताके अभ्याससे छोड़कर प्रधानतासे अपने (आत्माके) उपकार करनेमें तत्पर हो जाओ। तुम सर्वथा अपने (आत्मा) से बाह्य इन्द्रियोंके द्वारा अनुभवमें आनेवाले इन शरीरादिकोंकी रक्षा करना आदि रूप उपकार करनेमें लगे हुए हो। इसलिये मालूम पड़ता है कि तुम अज्ञ (वस्तुओंके वास्तविक स्वरूपसे अजान) हो। सो जैसे दुनियाके लोग जबतक दूसरेको दूसरे रूपमें नहीं जानते, तबतक उनका उपकार करते हैं। परन्तु ज्यों ही वे अपनेको अपना और दूसरेको दूसरा जानते हैं, उनका (दूसरोंका) उपकार करना छोड़कर अपना उपकार करनेमें लग जाते हैं। इसी प्रकार तुम भी तत्त्वज्ञानी बनकर अपनेको स्वाधीन शुद्ध बनाने रूप आत्मोपकार करनेमें तत्पर हो जाओ।।३२।।**

**दोहा - प्रगट अन्य देहादिका, मूढ़ करत उपकार।**
**सज्जनवत् या भूल को, तज कर निज उपकार।।३२।।**

---

**'ઇસલિયે સમજો કે કર્મોંસે બંધા હુઆ પ્રાણી કર્મોકાં સંચય કિયા કરતા હૈ. જબકિ ઐસા હૈ તબ...'** એમ લીધું છે. જુઓ! એની સાથે સંબંધ લીધો છે.

**परोपकृतिमुत्सृज्य, स्वोपकारपरो भव।**
**उपकुर्वन्परस्याज्ञो, दृश्यमानस्य लोकवत्।।३२।।**

અરે..! આત્મા! **'પરકે ઉપકાર કરનેકો છોડકર અપને ઉપકાર કરનેમેં તત્પર હો જાઓ.'** લ્યો! કર્મનો ઉપકાર કરે છે, કુટુંબનો ઉપકાર કરે છે, નાતની, દેશની પ્રગતિ થાઓ, ભલે અમારું બગડે, ભલે અમારે એક-બે ભવ થાઓ. એમ કેટલાક કહે છે ને? અમારાથી બીજાનો ઉપકાર થતો હોય તો ભલે એકાદ ભવ વધે. મૂઢ છે. તારાથી પરમાં શું થાય છે? પરનો ઉપકાર કરવો છોડ અને તારો ઉપકાર કર. 'તારાચંદજી'! આહાહા..! જુઓ!

**'પરકે ઉપકાર કરનેકો છોડકર...'** અર્થાત્ પરને માહાત્મ્ય આપવાનું છોડી દે. તારી અધિકાઈ કર અને પરની અધિકાઈ છોડી દે. શું કહ્યું? શુભાશુભ રાગ, શરીર, કર્મ ઠીક છે તો મને ઠીક છે, એવી પરની અધિકાઈ છોડી દે. અને **'અપને ઉપકાર કરનેમેં તત્પર હો જાઓ.'**

**'ઇન્દ્રિયોંકે દ્વારા દિખાઈ દેતે હુએ શરીરાદિકોંકા ઉપકાર કરતે હુએ...'** **'ઇન્દ્રિયોંકે દ્વારા દિખાઈ દેતે હુએ...'** કર્મ, શરીર, વાણી, બાયડી, છોકરા, કુટુંબ, ધંધો. **'શરીરાદિકોંકા ઉપકાર કરતે હુએ તુમ અજ્ઞ (વાસ્તવિક વસ્તુસ્થિતિકો ન જાનનેવાલે) હો રહે હો.'** જુઓ! તારો દોષ છે, એમ કહે છે. છે ને? **'(વાસ્તવિક વસ્તુસ્થિતિકો ન જાનનેવાલે) હો રહે હો. તુમ્હેં ચાહિયે કિ દુનિયાકી તરહ તુમ ભી અપની ભલાઈ કરનેમેં લગો.'** **'દુનિયાકી તરહ...'** આખી દુનિયા પોતપોતાનું કરે છે, તું પણ તારું કર. પરનો ઉપકાર કરવો છોડી દે. સમજાય છે કાંઈ?

**વિશદાર્થ :– 'પર કહિયે કર્મ અથવા શરીરાદિક, ઇનકા અવિદ્યા-અજ્ઞાન અથવા મોહકે વશસે જો ઉપકાર કિયા જાતા રહા હૈ,...'** જુઓ! ઉપકારનો અર્થ એટલો–મોહને વશ હું પરનું કરું એવો તારો ભાવ પરનો ઉપકાર કરે છે એમ કહેવામાં આવે છે. **'ઉસે વિદ્યા સમ્યગ્જ્ઞાન અથવા વીતરાગતાકે અભ્યાસસે...'** જુઓ! વિદ્યા એટલે સમ્યગ્જ્ઞાન. હું આત્મા અનંતગુણ સંપન્ન, રાગથી ભિન્ન, રાગથી કદી એકત્વ થયું જ નથી, એવું સમ્યગ્જ્ઞાન અથવા વીતરાગતા. સાથે રાગરહિત છે ને? **'અભ્યાસસે છોડકર...'** શું છોડીને? પરનો ઉપકાર. **'પ્રધાનતાસે અપને (આત્માકે) ઉપકાર કરનેમેં તત્પર હો જાઓ.'** પોતાના આત્માનો ઉપકાર કરવામાં તત્પર થાઓ, પરના ઉપકારમાં તને લાભ નથી, નુકસાન છે.

**'તુમ સર્વથા અપને (આત્મા) સે બાહ્ય ઇન્દ્રિયોંકે દ્વારા અનુભવમેં આનેવાલે ઇન શરીરાદિકોંકી રક્ષા કરના આદિ રૂપ ઉપકાર કરનેમેં લગે હુએ હો.'** શરીર ઠીક રહે, દુનિયા ઠીક રહે, કુટુંબ ઠીક રહે, બસ છોકરો ઠીક રહે તો મને બધું મળી ગયું. આ સ્ત્રીને ઠીક રહે તો મને કાંઈ હરકત નથી હોં. આ તને દુઃખ ન હોય તો મને .. નહિ, હું તો સહન કરી લઈશ. વળી એમ કહે. સારા મૂંઢ તે પણ કેટલા? મૂંઢના કોઈ માપ હશે? પણ તમને આ શ્વાસ, દમ ચડે છે. મને કાંઈ હરકત નથી. પણ તમને આ શૂળ ચડે છે ને, એ જો મટે તો સારું. અરે..રે...! સારા મૂર્ખાઈ, તે પણ કેટલી? કહે છે, **'શરીરાદિકોંકી રક્ષા કરના આદિ...'** આદિમાં શરીર, સ્ત્રી, કુટુંબ, પૈસા લક્ષ્મી બધું આવી ગયું હોં! ...

મુમુક્ષુ :– ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો આવી ગયું. પુણ્યની રક્ષા.

**‘લગે હુએ હો. ઇસલિયે માલૂમ પડતા હૈ કિ તુમ અજ્ઞ (વસ્તુઓંકે વાસ્તવિક સ્વરૂપસે અજાન) હો.’** મૂંઢ છો. જુઓ! **‘સો જૈસે દુનિયાકે લોગ જબતક દૂસરેકો દૂસરે રૂપમેં નહીં જાનતે,...’** જુઓ! શું કહે છે? બીજી ચીજને બીજારૂપથી ન જાણે ત્યાં સુધી બીજાનો ઉપકાર કરે છે. **‘પરંતુ જ્યોં હી વે અપનેકો અપના ઔર દૂસરેકો દૂસરા જાનતે હૈં, ઉનકા (દૂસરોંકા) ઉપકાર કરના છોડકર અપના ઉપકાર કરને મેં લગ જાતે હૈં.’** ભગવાન! તારી શ્રદ્ધા, તારું જ્ઞાન, તારી શાંતિ. તમારામાં કરો, બીજામાં કંઈ કર્યું, પુણ્ય-પાપના પરિણામ કરવા એ પણ પરનો ઉપકાર છે, તારો ઉપકાર નથી.

**‘ઇસી પ્રકાર તુમ ભી તત્ત્વજ્ઞાની બનકર અપનેકો સ્વાધીન શુદ્ધ બનાને રૂપ આત્મોપકાર કરનેમેં તત્પર હો જાઓ.’** લ્યો. પોતાના આત્માની શ્રદ્ધા વગેરે શુદ્ધ કરવા માટે તત્પર થઈ જાઓ. પરના અજ્ઞાનથી તત્પર કરીશ તો, પરનો લાભ તને થશે નહિ, તને તારું નુક્સાન થાય છે. પોતાનો ઉપકાર કરવો એ ભગવાનનો સાક્ષાત્ યથાર્થ ઉપદેશ છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૪૯૨, વૈશાખ વદ ૬, મંગળવાર**
**તા. ૧૦-૦૫-૧૯૬૬**
**ગાથા–૩૨ થી ૩૩ પ્રવચન નં. ૩૬**

આ ‘ઇષ્ટોપદેશ’. ૩૨મી ગાથાનો છેલ્લો હિન્દી શ્લોક છે. ૩૨ ગાથા પૂરી થઈ એનો છેલ્લો શ્લોક.

**दोहा - प्रगट अन्य देहादिका, मूढ़ करत उपकार।**
**सज्जनवत् या भूल को, तज कर निज उपकार।।३२।।**

તે દી’ આ શ્લોક નહોતો આવ્યો. શું કહ્યું? એની સાથે પછી ૩૩ની સંધી છે. **‘પ્રગટ અન્ય દેહાદિકા...’** કર્મ અને શરીર એ પ્રગટ જડ અને પર છે. **‘મૂઢ કરત ઉપકાર...’** એ જડનો ઉપકાર અનાદિથી અજ્ઞાની કરે છે–એની સાવધાનીમાં રોકાણો છે. એની સાવધાની–એના ઉપર લક્ષ કરીને આનું આમ થાય, આનું આમ થાય. થાય તો ક્યાં છે એનામાં? શરીરને ઠીક રહે, કર્મ ઠીક બંધાય, આ બધી બહારની વ્યવસ્થા (ઠીક રહે). પરપદાર્થમાં ઠીકમાં દેહાદિક પ્રગટ અન્ય છે એને મૂઢ પોતાની સાવધાની છોડી અને અન્યની સાવધાનીમાં

રોકાયેલો પરનો ઉપકાર કરે છે. કર્મ બાંધે છે. કર્મ બાંધે છે એ કર્મનો ઉપકાર છે. ઇ કર્મને ઉપકાર કરે છે.

મુમુક્ષુ :– બીજાનું કરી શકાય છે ને!

ઉત્તર :– ઉપકારની શું વ્યાખ્યા થઈ આ? કર્મ બાંધે એ ઉપકાર કર્યો કહેવાય, કર્મ તોડે એ આત્માનો ઉપકાર કર્યો કહેવાય, એમ. સમજાણું કાંઈ? દેહાદિની બહારની દેશના, કુટુંબ, છે ને અંદર? ઇ બધું આવી ગયું છે. દેહ, કર્મ આદિનો ઉપકાર કરું એવી એની ભાવના છે. ઉપકાર એટલે એનું કાંઈ ઠીક થાય, એમ.

મુમુક્ષુ :– શરીર સારું રહે.

ઉત્તર :– સારું રહે પણ સારું રહે તો એને કારણે રહે. મફતનો ઉપકાર માને છે કે, હું આને સારું કરું છું.

**'સજ્જનવત્ યા ભૂલ કો,...'** સજ્જન માણસ પરને જ્યાં સુધી પોતાનું માનતો ત્યાં સુધી એને સેવા આદિ કરતો. પણ જ્યાં ભૂલ (દેખાણી) કે, આ તો પર છે, આ તો મારા દુશ્મનો છે. એમ જાણે તો પરની સેવા સજ્જન જીવો છોડી દે અને પોતાની સેવા કરે. એમ **'સજ્જનવત્ યા ભૂલ કો, તજ કર નિજ ઉપકાર.'** પોતાનો ઉપકાર કરે, પરનો ઉપકાર છોડી દે. પરની સાવધાની કરવી એ જ પરનો ઉપકાર છે. સ્વની સાવધાની કરવી એ નિજનો ઉપકાર છે. કહો, સમજાણું કાંઈ? એ ૩૨મા (શ્લોકનો દોહો થયો).

ઉપકાર કરી શકે છે એ અહીં પ્રશ્ન નથી પણ ભાવમાં એનું કેમ ઠીક થાય, કર્મ ઠીક બંધાય, શરીર ઠીક રહે, દેશ ઠીક રહે, કુટુંબ ઠીક રહે, નાત ઠીક રહે એવો જે ભાવ (થાય છે) એ પરનો ઉપકાર કરવાનો ભાવ (છે). એ પરને મદદ કરે પણ પોતાના આત્માનું નુકશાન કરે. માટે પરના ઉપકારનો ભાવ છોડી પોતાના આત્માના હિતનો ઉપકાર કરવો એ સજ્જનનું કર્તવ્ય છે.

મુમુક્ષુ :– સ્વાર્થી કહેવાય.

ઉત્તર :– સ્વાર્થી જ છે ને! કોણ બીજું કોઈ કરતું હતું? પરનું કરે છે કોણ? એને ભાવ એમ (થાય) કે, હું આનું કરું... આનું કરું... આનું કરું. મારું કરું એ નહિ, આનું કરું. કર્મ બાંધું એ પણ કર્મને ઉપકાર કર્યો કહેવાય.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એનો અર્થ થયો અજ્ઞાનભાવથી સ્વની સેવા છોડી પરની સેવા કરે છે. એનો અર્થ જ એ થયો.

મુમુક્ષુ :– દીર્ઘદૃષ્ટિ છે, પરનું કરશે તો મારું પણ ઠેકાણું થશે.

ઉત્તર :– ધૂળનુંય નહિ થાય, અજ્ઞાન થાશે. આવ્યું હતું ને ત્યાં? જુઓ! આવ્યું હતું અંદર. અજ્ઞાનથી જુઓ! **'કર્મ અથવા શરીરાદિક, ઇનકા અવિદ્યા-અજ્ઞાન અથવા મોહકે વશસે**

**જો ઉપકાર કિયા જાતા રહા હૈ,...'** જુઓ! વિશદાર્થમાં છે અર્થ.

મુમુક્ષુ :– ....

ઉત્તર :– બધા અજ્ઞાનના પોટલા જ પડ્યા છે આખા. આખી દુનિયા, જ્ઞાની સિવાય, અજ્ઞાનથી પરનું કાંઈ થાય એમ કરી રહ્યા છે. મારું ભલે ગમે તેમ થાવ. તમારું કલ્યાણ થાવ, તમને ઠીક થાય, તમને મારાથી મદદ મળે, મારાથી તમને થોડી પણ સેવા મળે તો બસ છે, આપણે ઘણું છે. મૂઢ છે, કહે છે. કહો, 'ચંદુભાઈ'! જુઓને! બાયડી, છોકરા, કુટુંબ શરીરને કેમ ઠીક રહે એ પહેલું કરવા મથે છે.

મુમુક્ષુ :– પણ શરીર સરખું હોય તો બીજું થાય ને.

ઉત્તર :– ધૂળમાંય સરખા રહેતા નથી. રાખવામાં માંગે તોય રહે નહિ. એ તો એને કારણે રહે છે. કેમ 'મગનભાઈ'! 'મગનભાઈ' ઘણાં વખતથી શરીરને સંભાળતા હતા. પણ ઘડીકમાં આમ થઈ જાય, ઘડીકમાં આમ થઈ જાય. પણ એની પર્યાય એને કાળે થવાની હોય (એને) કરે કોણ? આહાહા..! અરે..! પોતાની સામું જોને એકવાર, એમ કહે છે. પર સામું જોઈને પરના કામ કરવામાં તારો સાવધાન (ભાવ), અજ્ઞાન ભાવે રોકાયેલો છે એમ કહે છે અહીં તો. સમજાણું? ભગવાનઆત્મા પોતાનો નિજ ઉપકાર છોડી અજ્ઞાનભાવે પરનો ઉપકાર ને પરને મદદ ને પરને ઠીક કરું એવા ભાવમાં અજ્ઞાનને લઈને પરની વૃદ્ધિ થાય છે. એમાં આત્માને તો હાનિ થાય છે.

---

**यहाँपर शिष्य कहता है कि किस उपायसे अपने और परमें विशेषता (भेद) जानी जाती है, और उसके जाननेवालेको क्या होगा? किस फलकी प्राप्ति होगी? आचार्य कहते हैं-**

**गुरूपदेशादभ्यासात्संवित्तेः स्वपरान्तरम्।**
**जानादि यः स जानाति, मोक्षसौख्यं निरन्तरम्।।३३।।**

**अर्थ :-** जो गुरुके उपदेशसे अभ्यास करते हुए अपने ज्ञान (स्वसंवेदन) से अपने और परके अन्तर को (भेदको) जानता है। वह मोक्षसम्बंधी सुखका अनुभवन करता रहता है।

**विशदार्थ :-** गुरु कहिये धर्माचार्य अथवा गुरु कहिये स्वयं आत्मा, उसके उपदेशसे सुदृढ़ स्वपर विवेक ज्ञानके पैदा करनेवाले वाक्योंके और उसके अनुसार अभ्यास करना चाहिये। बार बार अभ्यास करनेसे संवित्ति-अपने लक्ष्यका अनुभव होने लगता है। उस संवित्ति (स्वसंवेदन) के द्वारा जो स्वात्माको परसे भिन्न जानता देखता है, भिन्न आत्माका

**अनुभव करनेवाला मोक्ष-सुखको निरन्तर-हमेशा विच्छेद रहित अनुभव करने लग जाता है। क्योंकि वह मोक्ष-सुखका अनुभव, कर्मोंसे भिन्न आत्माका अनुभवन करनेवालोंको होता है, अन्योंको नहीं। जैसा कि तत्त्वानुशासनमें कहा है - `तदेवानुभंवश्चाय०,'**

**उस आत्माका अनुभवन करते हुए यह आत्मा, उत्कृष्ट एकाग्रताको प्राप्त कर लेता है, और इसी तरह मन तथा वाणीके अगोचर अथवा वचनोंसे भी न कहे जा सकनेवाले स्वाधीन आनन्दको प्राप्त कर लेता है।।३३।।**

**दोहा - गुरु उपदेश अभ्याससे, निज अनुभवसे भेद।**
**निज पर को जो अनुभवे, लहै स्वसुख वेखेद।।३३।।**

---

હવે શિષ્ય પ્રશ્ન કરે છે. **'યહાઁપર શિષ્ય કહતા હૈ કિ કિસ ઉપાયસે અપને ઔર પરમેં વિશેષતા (ભેદ) જાની જાતી હૈ,...'** પોતાનું ને પરનું જુદાપણું ક્યા ઉપાયથી જાણવામાં આવે? પોતે અને પરની ભેદતા, જુદાઈતા, અનેકતા (કઈ રીતે જણાય?) **'પરમેં વિશેષતા જાની જાતી હૈ,...'** ક્યા ઉપાયથી? **'ઔર ઉસકે જાનનેવાલેકો ક્યા હોગા?'** ક્યા ઉપાયથી જુદા જણાય અને જુદા જાણવામાં ફળ શું? એને શું થાય? જુદા જાણનારને થાય શું? **'કિસ ફલકી પ્રાપ્તિ હોગી?'** બે પ્રશ્ન થયા. શું કહ્યું? ક્યા ઉપાયથી (ભિન્નતા જણાય)? તમે કહ્યું કે, પરનો ઉપકાર ન કરવો અને પોતાનો ઉપકાર કરવો તો પોતે અને પરને ક્યા ઉપાયથી જુદા જાણવા? અને જુદા જાણ્યે તેને જુદા જાણનારને ફળની પ્રાપ્તિ કેવી થાય? એમ શિષ્યનો પ્રશ્ન છે. એનો ઉત્તર.

**गुरूपदेशादभ्यासात्संवित्तेः स्वपरान्तरम्।**
**जानाति यः स जानाति, मोक्षसौख्यं निरन्तरम्।।३३।।**

**અર્થ :– 'જો ગુરુકે ઉપદેશસે અભ્યાસ કરતે હુએ...'** ગુરુએ કહેલા ઉપદેશથી. જુઓ! પહેલું એ જ આવ્યું. અજ્ઞાની નહિ, કોઈ પોતાની મેળાએ નહિ, ભાઈ! એમ કહ્યું. સમજાણું કાંઈ? પોતાની મેળાએ વાંચીને અભ્યાસથી નહિ.

મુમુક્ષુ :– પોતે પોતાની મેળે ...

ઉત્તર :– ના ઇ પછી કહેશે. પણ પહેલું આ કરીને પછી તો એનો અર્થ પોતે કરશે. ગુરુ બેય છે–તુંય તારો ગુરુ ને એ ગુરુ, એમ. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– અમે તો વારંવાર એમ જ કહીએ છીએ કે તમારા વિના ન થાય.

ઉત્તર :– ન થાય એમ નથી. એને થવાનું હોય ત્યારે એવું હોય એમ કહેવામાં આવે છે. ન થાય એમ નહિ. આમ થાય છે એમ વાત છે અહીં તો. પછી તો ગુરુને ઉડાડી દેશે પણ નિમિત્તપણું પહેલું સિદ્ધ કરે છે.

મુમુક્ષુ :– પહેલા સ્થાપન કરવું અને પછી ઉડાડવું!

ઉત્તર :– ઇ સ્થાપે એટલે એને સમજવામાં ગુરુનો ઉપદેશ નિમિત્ત છે. અને કહે છે ઇ ગુરુ શું કહે છે ઇ કહેશે. ગુરુ એમ કહે છે કે, સ્વ-પરની જુદાઈ કર એમ એનો ઉપદેશ છે. એમાં પાછા ઉપદેશ દેનારા પણ જુદા પડી ગયા. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ભૂલભૂલામણી નથી?

ઉત્તર :– કાંઈ ભૂલભૂલામણી જરીએ નથી. એને લાગે એટલે શું થાય? 'ન્યાલભાઈ'! આહાહા..!

કહે છે, **'ગુરુકે ઉપદેશસે...'** એક વાત, **'અભ્યાસ કરતે હુએ...'** બીજી વાત. ગુરુના ઉપદેશથી અભ્યાસ કરનારો, એમ બે વાત છે. પોતાની મેળે અભ્યાસ નહિ કરનારો, અજ્ઞાનીના ઉપદેશથી (અભ્યાસ) નહિ કરનારો. સમજાણું કાંઈ? ધર્માત્મા ગુરુના ઉપદેશ દ્વારા. ધર્માત્મા ગુરુ, એના ઉપદેશથી **'અભ્યાસ કરતે હુએ...'** અભ્યાસ કરવાથી. હવે ગુરુના ઉપદેશમાં આવ્યું છે શું? અને એ અભ્યાસ શું કરે છે?

**'અપને જ્ઞાન (સ્વસંવેદન) સે અપને ઔર પરકે અન્તર કો (ભેદકો) જાનતા હૈ.'** જુઓ! પાછું આવ્યું. **'અપને સે...'** દેખો! એ ગુરુના ઉપદેશથી અભ્યાસ કરતાં થકા પોતાથી, સ્વસંવેદનથી. પાછું એ આવ્યું. પેલો ઉપદેશ પડ્યો રહ્યો, એની કોરનું લક્ષ (છૂટી ગયું). સમજાણું કાંઈ? **'અપને જ્ઞાન (સ્વસંવેદન) સે...'** પોતાના જ્ઞાનના સ્વતઃ અનુભવથી. આત્મા જ્ઞાન સ્વરૂપ એ શુદ્ધ ચૈતન્ય (છે) એમ પોતાના સ્વસંવેદનથી. પોતાના સ્વસંવેદનથી આ આત્મા આનંદ છે એમ, અને પરને–પુણ્ય-પાપના વિકલ્પ રાગ, શરીર એ બધા પર (એમ જાણે છે). **'અપને ઔર પરકે અન્તર કો...'** બેની જુદાઈને (જાણી લે છે). ગુરુએ ઉપદેશ એ આપ્યો હતો એના અભ્યાસમાં એને પોતાના જ વેદનથી ન્યાં સીધું સ્વસંવેદન આવી ગયું. સમજાણું કાંઈ?

ગુરુએ કહ્યું હતું કે, તે તારો સ્વભાવ શુદ્ધ આનંદ છે અને રાગાદિ વિકલ્પ આદિ એ બધા પર છે. એમ જે ઉપદેશ દીધો હતો એનો અભ્યાસ કરવાથી પોતાના સ્વસંવેદન દ્વારા–પોતાના જ્ઞાનથી જ્ઞાનને જાણવા દ્વારા–આ આત્મા ને આ પર છે એમ જ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? આ તો બધી માખણની ગાથાઓ છે. એકલું તરતું સત્ય! ભેદ... ભેદ... ભેદ... સમજાણું?

**'અપને ઔર પરકે અન્તર કો,...'** આંતરાને, જુદાઈને, **'(ભેદકો) જાનતા હૈ.'** ગુરુએ એ જ કહ્યું હતું. પરથી તારું જુદું સ્વરૂપ છે, તારાથી તે પર જુદા, એમ ઉપદેશ આપ્યો હતો. એ ઉપદેશ તેને યથાર્થ ઉપદેશ કહેવાય છે. સમજાણું કાંઈ? ભાઈ! તું તો આત્મા છો ને! અનંત આનંદનું ધામ, અનંત સુખધામ તું છો. અને રાગાદિ વિકલ્પો એ બધા પર આસ્રવતત્ત્વ છે. શરીરાદિ બધા અજીવતત્ત્વ છે. એમ ઉપદેશ દ્વારા (ભેદ જાણ્યો). જુઓ!

આ અભ્યાસ. આ સંસારનો અભ્યાસ કેળવણી કરે છે એ પાપનો અભ્યાસ (છે).

સવારે ન્યાં પૂછતાં હતા કે, અમારે અભ્યાસ ન કરવો? એમ 'રાજકોટ'માં પ્રશ્ન હતો. કરવા ન કરવાનો (પ્રશ્ન નથી). મોહ છે તો કર્યા વિના રહેવાનો ક્યાં? પણ એનું સ્વરૂપ શું છે એ જણાય છે અહીં તો. ભણવાનો ભાવ સંસારની એ બધી કેળવણી તો બેને એક મનાવવાની કેળવણી છે, એ કેળવણી જ એવી છે કે, બેને એક મનાવવું. આમ કરું તો આમ લાભ થાય ને આમ કરું તો આમ થાય, આમ કરું તો આમ થાય. એવું બધું શીખવાડશે. શું હશે? એમ શીખવાડે છે, લ્યો! આ એમ કહે છે. એમ શીખવાડતા હશે તમારા ભાઈ? સાઈન્સ શીખો તો તમને જ્ઞાન થશે. તો ઇ વાત ખોટી. સાઈન્સ શીખો તો તમે વિચક્ષણ થશો. એ વાત ખોટી. શીખો તો જગતમાં આપણે કેળવણીથી ઊંચા ઉઠીએ, કેળવણી પામેલા હોય તો ઊંચા ઉઠીએ એ વાત ખોટી. એ.. 'દેવાનુપ્રિયા'! 'રાજકોટ'માં એવો પ્રશ્ન ઉઠ્યો હતો. પણ રહે શેનો? મોહી પ્રાણી છે એ કેળવણી લીધા વિના રહેશે નહિ. પણ એ કેળવણી સ્વ-પરને એક મનાવવાની કેળવણી છે. સમજાણું કાંઈ? આ કેળવણી સ્વ-પરને જુદી પાડવાની છે. આહાહા..! સમજાણું કાંઈ? સરવાળો તો ન્યાં આવ્યો, દેખો!

ગુરુના ઉપદેશમાં પણ એ હતું. અભ્યાસ કર્યો હતો એ. શું (અભ્યાસ કર્યો)? આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત છે, રાગાદિ વિકલ્પ એ પર છે. એમ સ્વસંવેદન–જ્ઞાનના જ્ઞાનથી સ્વને વેદીને સ્વને પરને જાણે છે. બેનો આંતરો, બેનો ભેદ, બેની જુદાઈ, બેની વિશેષતા સ્વસંવેદન જ્ઞાનથી જાણવામાં આવે છે. એમ કહે છે. બીજા કોઈ જ્ઞાનથી એ જાણવામાં આવતું નથી. કહો!

મુમુક્ષુ :– વાંચીને અભ્યાસ કરે ઈ...

ઉત્તર :– એકાકાર થવું એ અભ્યાસ. વાંચે શું? અંદરમાં જ્ઞાયક ચૈતન્ય છું, આ રાગાદિ વિકલ્પ ઉઠે એ પર તરફ છે, એમ અંદરમાં અભ્યાસ કરવો. એ અભ્યાસ. પુસ્તક પાનાના અભ્યાસની અહીં વાત નથી. સમજાણું કાંઈ? સ્વ-પરને જુદા પાડવાનો અભ્યાસ. જુદા પડવામાં સ્વસંવેદન થયું ત્યારે યથાર્થ સ્વ અને પરનું જ્ઞાન થયું. કહો!

**'વહ મોક્ષસમ્બંધી સુખકા અનુભવન કરતા રહતા હૈ.'** એવો સ્વસંવેદન જ્ઞાની સ્વ ને પરને જુદો જાણનાર મોક્ષમાં જે અનંત આનંદ છે એવો આનંદનો અનુભવ કરતો રહે છે. એનું ફળ એ છે એમ કહે છે.

મુમુક્ષુ :– મોક્ષ થાય ત્યારે ને!

ઉત્તર :– અરે..! અહીંની વાત છે, મોક્ષની ક્યાં વાત છે? મોક્ષ સંબંધીનો સુખનો અનુભવ એની વાનગીમાં સ્વસંવેદનમાં એના ફળ તરીકે આવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? સંસારની કેળવણીમાં દુ:ખનું વેદન આવે છે. સમજાણું? આ ઇજનેરનું, આ વકીલાતનું, આ ડૉકટરનું, આને કાપડનું, આ હીરાનું... 'ચીમનભાઈ'! તમારા હીરા. એ પણ બધું ભણતર છે ને! જેને જે હોય ઇ લ્યોને! કરિયાણાનું જ્ઞાન હોય એને, હોં! હજારો કરિયાણા. આનું

આ ને આનું આ ને આ. 'મગનભાઈ'ને શું છે? મણીયારાનું, ચણીયારા ને મણીયારા ને... એ સંબંધીનું જ્ઞાન એ સ્વ-પરની એકતા બતાવનારું દુઃખરૂપ છે.

એમ કહે કે, એનો અભ્યાસ કરો. અભ્યાસ કરો તો પાવરધા થઈ જશો. અભ્યાસ માટે દુકાને બેસે છે ને પહેલા! આ હીરા-માણેકને માટે, ફલાણા માટે, કોઈ પણ વકીલાત હોય તો થોડું બે ચાર વર્ષ એનો અભ્યાસ કરે ને! પ્રેકટીસ. 'દેવજીભાઈ'! 'દેવજીભાઈ'એ આ મકાનના પહેલા શીખવાની પ્રેકટીસ કરી હશે ને થોડી ઘણી? પછી માંડી આ. કહો, સમજાણું અહીં? કહે છે કે, જેમાં પરનું કરી શકે અથવા પરના જ્ઞાનથી લાભ થાય એવું બતાવનારના દુઃખનો પ્રત્યક્ષ (અનુભવ થાય છે). સ્વ ને પરની જુદાઈ ન જાણતા, સ્વ ને પરની એકતા જણાતા તેના ફળરૂપે દુઃખ ભોગવે છે.

મુમુક્ષુ :– મોક્ષસુખ માટે પહેલા

ઉત્તર :– આ છે. મોક્ષ એટલે છૂટવું. મોક્ષ એટલે આત્મા જેવો છે એને એ રીતે રાખવો એનું નામ મોક્ષ. મોક્ષ એટલે શું? આત્મા જેવો રાગથી પર છે એવો ને સ્વના સ્વભાવથી અભિન્ન એક છે એમ એને રાખવો એ મોક્ષ. ન્યાંથી મોક્ષની શરૂઆત થઈ ગઈ. આહાહા..! સમજાણું કાંઈ?

**'વહ મોક્ષસમ્બંધી સુખકા અનુભવન કરતા રહતા હૈ.'** વર્તમાન એને મોક્ષનો જે આનંદ છે એવો સ્વ-પરની જુદાઈમાં, સ્વની એકતા ને પરની પૃથકતામાં છૂટો પડ્યો તેટલો મોક્ષનો, સુખનો આનંદ અનુભવે છે એમ કહે છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..! કથનની પદ્ધતિ (છે) ને! આ 'ઇષ્ટોપદેશ' છે. ભગવાનઆત્મા એકલો આનંદમૂર્તિ છે, રાગાદિ દુઃખરૂપ છે એમ સ્વસંવેદન દ્વારા પોતાનું ને પરનું જ્ઞાન થતાં બેની એકતા તૂટીને પૃથકતા થઈ એટલો આત્માનો પરથી છૂટાપણાના મોક્ષના આનંદનું વેદન તેના ફળમાં આવે છે. 'મગનભાઈ'! આહાહા..! કહો, 'ચંદુભાઈ'! અહીં તો રોકડીયું છે, કહે છે. આહાહા..! પેલું દુઃખ પણ રોકડીયું છે.

**વિશદાર્થ :– 'ગુરુ કહિયે ધર્માચાર્ય...'** જુઓ! ટીકાકાર પણ આગળ ગુરુ પોતાને લે છે ને એટલે પહેલેથી નાખે છે. ઇ શૈલી (છે). 'અમૃતચંદ્રાચાર્ય'ની શૈલી જ એવી છે. **'અથવા ગુરુ કહિયે સ્વયં આત્મા,...'** લ્યો! પાઠમાં ગુરુ ઉપદેશ છે ને? પંડિતજીએ 'આશાધરજી'એ બે અર્થ કર્યા. એક તો ગુરુ એટલે ધર્માચાર્ય, ધર્માચાર્ય હોં! ધર્માચાર્ય કહેવામાં ધર્મ સ્વરૂપે પરિણમેલા આચાર્યો છે એમ કહેવું છે. અજ્ઞાની શાસ્ત્રની વાત કરે એ નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? ધર્માચાર્ય એટલે એક ધર્માચાર્ય માથે નામ ધરાવ્યું, ભણ્યો-ગણ્યો છે, પરથી ભિન્નનું ભાન નથી એ ધર્માચાર્ય નહિ. સ્વ-પરની જુદાઈની ભાન દશા છે એ સ્વ-પરની જુદાઈનો ઉપદેશ આપે છે એ સ્વ-પરનો ભિન્નતાનો અભ્યાસ કરનાર કરે છે ત્યારે પરથી જુદો પડીને મોક્ષ જેવું સુખ અનુભવે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

**'ગુરુ કહિયે ધર્માચાર્ય...'** જુઓ! **'गुरूपदेशात् धर्माचार्यस्यात्मनश्च'** સંસ્કૃતમાં છે. અને **'ગુરુ કહિયે સ્વયં આત્મા,...'** વ્યવહાર ગુરુ પણ લીધા ને નિશ્ચય ગુરુ આત્મા (પણ લીધો). **'ઉસકે ઉપદેશસે...'** દેખો! ગુરુના ઉપદેશથી જે કહ્યું એ આણે જીવ્યું, જાણ્યું. એટલે ખરેખર પોતે ગુરુ થયો. સાંભળ્યું હોત ને અંદર સમજ્યો ન હોત તો ગુરુ પોતે ન થાત તો નિમિત્ત ગુરુ કહેવાત નહિ, એમ કહે છે, ભાઈ! આહાહા..! શું કીધું? ગુરુએ સ્વ-પરની જુદાઈની વાત કરી, સ્વ-પર જુદા છે, આત્મા આસ્રવતત્ત્વ જુદું, કર્મ જુદા, શરીર જુદા, અજીવ જુદા, અજીવતત્ત્વ જુદા, પુણ્ય-પાપતત્ત્વ જુદું, જ્ઞાયકતત્ત્વ જુદું. એમ જે ઉપદેશ કર્યો હતો એવો એણે અંતર જાણ્યો તો જાણનારે જાણ્યો ત્યારે પેલાના ઉપદેશથી (જ્ઞાન થયું) એમ કહેવામાં આવે છે. એટલે પોતે પોતાનો ગુરુ થયો. સમજાણું કાંઈ? પોતે પોતાનો ગુરુ થયા વિના ગુરુના ઉપદેશને એણે અભ્યાસ કર્યો એમ કહીં શકાતું નથી, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? બહુ વાત કીધી, ભાઈ!

તારા સ્વ-પરની એકતાનો અભ્યાસ તો અનાદિનો છે. હવે એમાં શું કરવું છે તારે? અને સ્વ-પર એમ બે કહેતાં જ બે છે જુદા ને એકતાનો અભ્યાસ (કરે છે). શું કીધું સમજાણું? સ્વ ને પર કહેતાં જ બે થયા અને એમ કહેતાં બે થયા ને બેને એક માનવા, થઈ રહ્યું એ તો ખોટું અજ્ઞાન થયું. સમજાણું કાંઈ? એટલે સ્વ-પરની ભિન્નતાનો ઉપદેશ ગુરુએ આપ્યો એવો જે આ એણે જીવ્યો, પોતે પોતાના સ્વ-પરના જ્ઞાનનો અભ્યાસ કર્યો. એ અભ્યાસ કરનારો પોતે પોતાનો ગુરુ છે. ગુણમાં મોટો, પોતે જ પોતાનો મોટો ગુરુ છે.

**'ઉસકે ઉપદેશસે સુદૃઢ સ્વ-પર વિવેક જ્ઞાનકે પૈદા કરનેવાલે વાક્યોંકે...'** દેખો! એના ઉપદેશથી કેવા વાક્યો હતા? **'સુદૃઢ સ્વ-પર વિવેક જ્ઞાનકે પૈદા કરનેવાલે...'** સુદૃઢ–જોરવાળા. સ્વ ને પરની જુદાઈ જ્ઞાન પેદા કરવા. લ્યો! સ્વ-પરના ભેદનું જ્ઞાન પેદા કરવાવાળું. સ્વ-પરના જુદાઈના જ્ઞાન પેદા કરવાવાળા વાક્ય હતા. સમજાણું કાંઈ? ઉપદેશ એવો હતો અને એવો જ ઉપદેશ ગુરુનો ત્રણેકાળમાં હોય. સમજાણું કાંઈ? આહાહા..! બહુ ટૂંકામાં આ ઉપનિષદ છે. વેદાંત કહે છે ને? (આ) જૈનનું ઉપનિષદ (છે). એ તો કોઈ પણ શાસ્ત્ર લ્યો અલૌકિક વાત છે ને!

મુમુક્ષુ :– ઉપનિષદમાં...

ઉત્તર :– એણે માનેલી વાત એની અપેક્ષાની. ટૂંકામાં કહ્યું હોય કાંઈ અને કહે, કાંઈ. એમ આવે છે આમાં, આમાં આવે છે ને? આપણે બતાવ્યું હતું તે દી'. બતાવ્યું કે નહિ? આ રહ્યું, જુઓ! પાછળ **'ઇસ ગ્રંથકો જૈન ઉપદેશમેં હી કહના ચાહિએ.'** પાછળ 'ઇષ્ટોપદેશ' અહીંયાં જુઓ! પાછળના પાને. ઇ વાત પહેલી વાંચતી વખતે થઈ ગઈ છે. 'ઇષ્ટોપદેશ' લાવો લાવો. ક્યાં ગયું? 'ઇષ્ટોપદેશ' પાંચમી લીટી **'ગ્રંથકો જૈન ઉપદેશ ભી કહના ચાહિએ.'** છે? કહો, સમજાણું? શરૂઆતમાં કહ્યું છે. શું કહ્યું?

કહે છે કે, ગુરુનો ઉપદેશ એવો હોય ને એને કહેવાય કે જેમાં સ્વ-પરની ભિન્નતા જણાય ને જાણે એનું નામ સાચો ઉપદેશ છે. આત્માએ પણ એવો ઉપદેશ એને આપ્યો. હે આત્મા! ગુરુએ કહ્યું એવું પોતે (કર્યું). સ્વ આત્મા, રાગાદિ પર એવો વિકલ્પ ઉઠાવ્યો. વાક્ય એનું એવું અંદરથી આવ્યું. સમજાણું કાંઈ? ગુરુના ઉપદેશના વાક્યો એવા આવ્યા, આત્માનું વાક્ય એવું આવ્યું. એણે કીધું કે, આત્મા જ્ઞાયક ચૈતન્ય, રાગાદિ પર એવો એણે વિકલ્પ પોતાથી સાંભળીને કર્યો કે આ જ્ઞાયક સ્વ, રાગાદિ પર. એવા વાક્યો એટલે વિકલ્પો એમાંથી ભિન્ન પડીને જ્ઞાનને વેદીને, પરને જાણીને પોતાના આનંદને મોક્ષના (સુખને) વેદે છે. એ એનું ફળ છે. ભેદજ્ઞાનનું એ ફળ (આવ્યું). આહાહા..! સમજાણું?

પર અને સ્વની એકતાનું જ્ઞાન છે ત્યાં દુઃખ છે, જ્યાં સ્વ-પરની જુદાઈનું જ્ઞાન છે ત્યાં સુખ છે. એ તો સીધી વાત છે. સમજાણું કાંઈ? કેમ હશે આ? એ.. 'જીતુ'! આ બધા અભ્યાસ-બભ્યાસમાં શું હશે? સુખ હશે કે દુઃખ? એય..! 'જ્યોતિ'! કુજ્ઞાન છે? આહાહા..! ભારે શૈલી પણ! જે બોધમાં એમ તરવરે કે આનાથી આમ થાય તો મને ઠીક પડે. મારું જ્ઞાન પણ પરવાળું, પરસન્મુખનું છે એને લઈને લોકની વ્યવસ્થા બહારમાં તો વિચક્ષણતા થાય ને! બહાર પદાર્થમાં ઠીક થાય ને! એ જ્ઞાન તદ્દન દુઃખરૂપ છે.

મુમુક્ષુ :– કર્મથી તો થાય ને!

ઉત્તર :– કર્મની વાત પણ ક્યાં છે.

મુમુક્ષુ :– કર્મનું જોર ઘણું છે.

ઉત્તર :– કર્મનું જોર-ફોર કે દિ' હતું? એનો ઊંધો ભાવ જોરવાળો હતો. પરને અને સ્વને એક માનનારની માન્યતા ઊંધી હતી. બે જુદા (છે) તેને એક માનતો (હતો). કર્મ હોય તો મને દુઃખ થાય. એ જુદાને એક માન્યું એ તો એની માન્યતા છે. કર્મ મને દુઃખી કરે છે એ બેની એકતા એની માન્યતામાં છે.

મુમુક્ષુ :– સીધી વાત છે, સિદ્ધ ભગવાનને કર્મ નથી તો દુઃખી નથી થતા.

ઉત્તર :– કર્મ કે દિ' નડતા હતા? અહીં પણ ક્યાં છે ને ન્યાં પણ ક્યાં છે? અહીંયા કર્મ ક્યાં છે ને ન્યાંય કર્મ ક્યાં છે. કર્મ કર્મમાં છે. આત્માની સાથે કર્મ એકપણે ક્યાં છે. કહો!

મુમુક્ષુ :– દૂધ અને પાણીની જેમ એક છે.

ઉત્તર :– બસ! એનો અર્થ થઈ ગયો કે દૂધ ને પાણી બેય જુદા છે. દૂધ, પાણીની પેઠે એકનો અર્થ કે બેય પદાર્થ જુદા છે. એક જગ્યાએ છે. એમ ભિન્ન છે તેને ભિન્ન પાડીને રહેવું એનું નામ ભેદજ્ઞાન છે. આહાહા..! કહો, સમજાણું?

**'ઉસકે ઉપદેશસે...'** જુઓ! ઉસકે એટલે બેય આવી ગયા, હોં! ધર્માચાર્ય ને ગુરુ સ્વયં આત્મા. પોતે પાછો ઉપદેશ અંદર પોતે કરે ત્યારે ઉપદેશ થાય ને! પેલાએ તો કીધું પણ

(આ કહે છે કે) આ સ્વ અને પર. એવું વાક્ય ઉઠ્યું, અંતરજલ્પ ઉઠ્યો. સમજાણું કાંઈ? એ ઉપદેશ પોતે પોતાને કર્યો. **'સુદૃઢ સ્વ-પર વિવેક જ્ઞાનકે પૈદા કરનેવાલે...'** પછી ભાષા કેવી છે? કે, સુદૃઢ. એમ લથડ-પથડ નહિ. સુદૃઢ. સ્વ-પર ભેદ કરનારું જ્ઞાન. લ્યો! વિકલ્પથી પણ લાભ થાય એમ માનનારે સ્વ-પરને એક માન્યું છે. સમજાય છે કાંઈ? નિમિત્તથી લાભ થાય, નિમિત્તથી નુકસાન થાય એ પણ સ્વ-પરને એક જ માને છે.

મુમુક્ષુ :– કર્મથી નુકસાન ન થાય?

ઉત્તર :– નુકસાન થાતું નથી ને (કર્મ) ખસે તો લાભ પણ થાતો નથી. એને લઈને લાભ નુકસાન ક્યાં હતું? પરને લઈને ક્યાં હતું? પર તે પર છે અને સ્વ તે સ્વ છે. ફક્ત માન્યું છે કે, આણે મને દુઃખી (કર્યો). એ તો એની એકત્વબુદ્ધિ છે. કહો, શું છે? 'મલૂપચંદભાઈ'! આહાહા..!

**'સુદૃઢ સ્વ-પર વિવેક જ્ઞાનકે પૈદા કરનેવાલે વાક્યોંકે...'** સુદૃઢ–જોરદાર, એમ. એમ લથડ-પથડ નહિ. વિકલ્પ પણ એવો ઉઠ્યો જોરદાર! સ્વ જ્ઞાયક આ છે અને રાગ પર છે. પર સન્મુખની વૃત્તિઓ પર છે, સ્વ સન્મુખમાં જવાનું જ્ઞાન સ્વ છે. એમ અંદર જોરદાર વિકલ્પ, વાક્ય આવ્યો. ગુરુનું વાક્ય ને આ વિકલ્પ. **'ઔર ઉસકે અનુસાર અભ્યાસ કરના ચાહિયે.'** પછી અંદર જુદા પાડવાનો અભ્યાસ કરવો, એમ કહે છે. જ્ઞાન ચૈતન્ય છે. એનાથી જેટલી વૃત્તિઓ પર સન્મુખની ઉઠે છે એ બધી પર છે, પર સ્વભાવી ચીજ છે, જ્ઞાનાનંદ તે ચૈતન્ય સ્વ સ્વભાવી ચીજ છે, એમ બેનો અભ્યાસ કરવો જોઈએ. **'ઉસકે અનુસાર,...'** ઉસકે અનુસાર એટલે ગુરુએ કહ્યું ને પોતાને એવો વિકલ્પ ઉઠ્યો. એને અનુસાર પરથી જુદા પાડવાનો અભ્યાસ કરવો. લ્યો! આ અભ્યાસ. કહો, 'રતિભાઈ'! ક્યો અભ્યાસ? હેડ માસ્તર અભ્યાસ કરાવે બધાને, શું કરાવે?

મુમુક્ષુ :– આવું બધું સાંભળ્યા પછી મનમાં વ્યથા થાય છે.

ઉત્તર :– ઇ એને યથાર્થમાં થાતી જ નથી. જુદાપણાનું ભાન થાય ત્યારે આ નહિ આ, આ નહિ આ. એમ કહે છે. આ સંસારના ભણતરો એ પણ પરસન્મુખનો વિકલ્પ છે, એ નહિ. મારી ચીજ આ છે એ પરથી ભિન્ન છે. મારો બોધ એ કેળવણી થઈ માટે થાય છે એમ નથી. સમજાણું કાંઈ? આ 'નરસિંહ મહેતા'નું કહ્યું હતું ને? પોકાર આવ્યો હતો. 'નરસીંહ મહેતા' ને કો'ક આવ્યું હશે ભૂતડું, કો'ક આવ્યું હશે. ભગવાન તો પોતાના ભાવમાં પડ્યા છે. ભગવાન ક્યાં ન્યાં આવવા નવરા હતા. કોઈ ભગવાન નહિ. એણે માનેલો ઇ એના ભાવમાં પડ્યા છે. ઇ ક્યાં અહીં આવવા નવરા હતા. કોઈ આવ્યો હોય દેવ ને એવી કોઈ સ્થિતિ બની ગઈ હોય ને લોકોએ ઉભાડ્યો. શી ખબર શું થયું છે? લોકોની કલ્પનાની એવી લૌકિકમાં ઉઠેને...

મુમુક્ષુ :– એની માન્યતાને જરાક આંચ આવે ત્યાં રાડ પાડે.

ઉત્તર :– ઇ આવ્યું હતું, અંદરથી ચિઠ્ઠી આવી હતી. મહારાજ આમ જ્ઞાની થઈને કેમ આવું કહે છે? જે પર દ્રવ્ય છે, જેને જે માનતો હોય, લ્યોને! એ દ્રવ્ય એના ભાવમાં રહેલું છે. એનો ભાવ અહીં આવે ક્યાંથી? બીજાને કરે શું એ? દ્યે શું ને લ્યે શું? શું કીધું? પેલા કહે છે, મામેરા. કોણ પૂરે ને કોણ લે? મામેરા પૂર્યા. કોઈ એવું ભૂતડું કદાચિત દેવ હોય, આનો પુણ્યનો યોગ હોય (તો) આવ્યું હોય. ભગવાન પોતાના વીતરાગ ભાવમાં પડ્યા છે. અને ભલે એ જે માને છે એ પોતાના જ્ઞાનમાં પડ્યા છે. સમજાય છે? પોતાની પર્યાયમાં છે. એ પર્યાય બહાર ખસીને અહીં આવે ક્યાંથી? ભારે ભ્રમણા જગતને. આહાહા..! કહો, સમજાણું આમાં? આ કેળવણીની વાત આવી તો ખળભળાટ ઉઠ્યો હતો. ત્યારે શું અમારે ન ભણાવવા છોકરાઓને? એય..! એમણે તો 'અમેરીકા'માં મોકલ્યા હતા, જુઓને! મોકલ્યા હતા કે નહિ 'સુમનભાઈ'ને? જાવ. પૈસા આપ્યા હશે, તે વિના ક્યાંથી જાતો હતો? કેમ? 'મલૂપચંદભાઈ'! આહાહા..!

**'ઉસકે અનુસાર અભ્યાસ કરના ચાહિયે.'** ભાષા જુઓ! કોના અનુસારે? ગુરુએ સ્વ-પરની જુદાઈનો ઉપદેશ જોરદાર વાક્યથી આપ્યો હતો, એમ કહે છે.

મુમુક્ષુ :– ગુરુએ આવો જ ઉપદેશ દેવો જોઈએ.

ઉત્તર :– આવો જ. ઇ તો વાત જ થઈ. ઉપદેશની વ્યાખ્યા જ આ છે. સારા ઉપદેશમાં સ્વ-પરથી ભિન્નતા બતાવવી એ જ ઉપદેશનું ફળ છે. સ્વ-પર બતાવવું એ જ ઉપદેશનું તાત્પર્ય છે. સ્વ-પરની એકતા તો માની રહ્યો છે, હવે એને કરવું છે શું? સમજાણું કાંઈ? ઉપદેશ તો એવો હોય તેને ઉપદેશ કહીએ કે બે જુદાને બે જુદાપણે જણાવે. આસ્રવતત્ત્વને આત્માથી જુદું જણાવે, કર્મને, અજીવ ને આસ્રવથી જુદું જણાવે અને આત્માને કર્મ તો જુદા છે જ. સમજાણું કાંઈ?

અથવા પરમાં ક્યાંય સુખ છે એવો ઉપદેશ જ્ઞાનીનો હોય નહિ. કેમકે એમ છે નહિ. તો પોતે પણ વિકલ્પમાં એમ ન લાવે કે ક્યાં ઇન્દ્રિયોમાં અને પરમાં ક્યાંય સુખ છે એવો વિકલ્પ એને ન આવે. વિકલ્પ એમ આવે કે, આ આનંદ અહીં છે, અહીં દુઃખ છે. સુદૃઢપણે વિકલ્પ આવે પછી પરથી જુદા પાડવાનો અભ્યાસ કરે. સમજાણું કાંઈ? ૩૩ ગાથા છે. બે ત્રગડા છે. કહો, સમજાણું?

**'ઉસકે અનુસાર અભ્યાસ કરના ચાહિયે.'** સુદૃઢપણે જે વિવેક પેદા કરવાવાળા વાક્યો કહ્યાં હતા,... શું? સુદૃઢપણે સ્વ-પરને ભેદ પાડનારા વાક્યો કહ્યાં હતા, એ વાક્યને અનુસારે સ્વ-પરના ભેદનો અભ્યાસ કરવો. ઓહોહો..! ટૂંકામાં બહુ સમાડી દીધું છે. 'મગનભાઈ'! બહુ સમાડ્યું છે! સ્વ એટલે જ્ઞાન ને આનંદ, પર એટલે રાગ વિકલ્પ અને પર બધું. બેને જોરદાર વાક્યથી કહ્યું હતું તેને **'અનુસાર અભ્યાસ કરના ચાહિયે.'** તે અનુસાર અભ્યાસ કરવો. કહ્યું હોય કાંઈક ને અભ્યાસ કરે કાંઈક તો એ ઉપદેશ જીલ્યો નથી. એના ખ્યાલમાં

એ આવ્યું નથી એના વિકલ્પમાં પણ એવું જ્ઞાન આવ્યું નથી. વિકલ્પમાં એવું જ્ઞાન આવ્યું નથી કે આ તો સ્વ ને પર જુદું બતાવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... બાકી ધ્વનિ તો એક પ્રકારે છે.

ઉત્તર :- ધ્વનિ તો જોરદાર છે એ ધ્વનિ. જોરદારથી કહેવાનું હતું એ કહ્યું, આવે છે કે નહિ? આવે છે 'પ્રવચનસાર'ના છેલ્લા ભાગમાં 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે). એ બધું આવે છે, 'દેવાનુપ્રિયા'! એને પેલું સામાનું કાઢી નાખીને પોતાનું પાછું... અહીં તો બધા આધાર છે, હોં! જોરથી કહ્યું તે કહેવાય ગયું, એમ કહે છે. સમજાણું?

(પ્રવચનસાર, શ્લોક-૨૨) **'આ રીતે (આ પરમાગમમાં) અમંદપણે (જોરથી, બળવાનપણે) મોટે અવાજે) જે થોડુંઘણું તત્ત્વ કહેવામાં આવ્યું, તે...'** આચાર્યોની પણ બધી શૈલી જે છે... 'અમૃતચંદ્રાચાર્ય'ની તો ગજબની શૈલી! 'કુંદકુંદાચાર્ય' ને 'અમૃતચંદ્રાચાર્ય' ગજબની શૈલી! અહીં કહ્યું જુઓ! ટીકા છે, હોં! સમજાણું? કો'કનું એમ નથી. કળશ છે ને? ક્યાં આવ્યું ઇ? **'मुच्चावचं'** દેખો! પહેલું પદ છે. **'इति गदितमनीचैस्तत्त्वमुच्चावचं यत्'** જુઓ! શબ્દ છે. ૨૨મો છેલ્લો કળશ, છેલ્લામાં છેલ્લું છે. 'પ્રવચનસાર'માં છેલ્લામાં છેલ્લો કળશ, 'અમૃતચંદ્રાચાર્ય'નો (છે). આ રીતે પરમાગમમાં અમંદપણે-અમંદપણે કહ્યું છે. અમંદપણે. મંદપણે આમ ધીમે ધીમે એમ નહિ. અમંદપણે. અંતર જોર પુરુષાર્થ છે, વાક્યમાં પણ જોરથી બળવાનપણે મોટે અવાજે એમ કહ્યું પાછું, જુઓ! અમારે પંડિતજીએ અર્થ કર્યો છે, હોં! પાછો. કૌંસમાં લખ્યું.

**'જે થોડુંઘણું તત્ત્વ કહેવામાં આવ્યું, તે બધું ચૈતન્યને વિષે ખરેખર અગ્નિમાં હોમાયેલી વસ્તુ સમાન (સ્વાહા)...'** બધું સ્વાહા થઈ જાય, ગમે એટલું જોરદાર કહ્યું પણ એ આત્મા જ્ઞાનાનંદ છે એમાં બધું સમાય જાય છે. સમજાણું કાંઈ? ઇ બધા શાસ્ત્રના આધાર છે. 'રાજકોટ'માં તો બહુ પૂછાતું. રાત્રે પ્રશ્ન ઓહો..! એક પછી એક, એક મૂકે ને એક મિનિટમાં ફડાક ફડાક કાઢે. ઘણો અભ્યાસ 'રાજકોટ'માં, એવો અભ્યાસ ઘણો એ લોકોનો. પાછી માથાકૂટ નહિ, હોં! આમ કીધું ફટ જવાબ ન આપે. થઈ રહ્યું, જાઓ! વળી બીજું. કહો, સમજાણું આમાં?

**'ઉસકા અભ્યાસ કરના ચાહિયે. બાર બાર અભ્યાસ કરનેસે...'** પાછું આટલું લીધું જોયું? એકલે અભ્યાસે, એકલે નહિ, વારંવાર અભ્યાસ. જ્ઞાયક તરફનો ઝુકાવ, રાગથી ઉપેક્ષા વારંવાર કરવાની. સમજાણું? સ્વ તરફનો આશ્રય, પર તરફની ઉપેક્ષા. **'બાર બાર અભ્યાસ કરનેસે સંવિત્તિ-અપને લક્ષ્યકા અનુભવ હોને લગતા હૈ.'** આ કારણે પોતાના લક્ષની સંવિત્તિ થાય છે, એમ કહે છે. સમજાણું? સંવિત્તિ છે ને **'गुरूपदेशादभ्यासात्संवित्तेः'** **'અપને લક્ષ્યકા અનુભવ હોને લગતા હૈ.'** રાગ અને આત્મા, બેના જુદા અભ્યાસથી પોતાના લક્ષનો, આત્માના લક્ષનો, આત્માના વલણનો, આત્માના ધ્યેયનો **'અનુભવ હોને લગતા હૈ.'** આમ પર પર,

સ્વ-પર, સ્વ-પર કરતાં આત્માના લક્ષનો અનુભવ થવા લાગે છે, એમ કહે છે. સ્વ-પરને જુદાં પાડતા પાડતા સ્વ તરફ ઢળી જાય છે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? પહેલાં અભ્યાસમાં આવે કે આ પર છે, આ જ્ઞાન છે, આ જ્ઞાન છે, આ રાગ છે, આ પર તરફનો (વિકલ્પ) ઉઠે છે. **'અપને લક્ષ્યકા અનુભવ હોને લગતા હૈ.'** ખલાસ! પેલું પર પછી છૂટી જાય છે.

**'સંવિત્તિ–અપને લક્ષ્યકા અનુભવ લગતા હૈ,...'** જ્ઞાનસ્વરૂપ ભગવાન જ્ઞાયક પ્રભુ, એનું લક્ષ એનો અનુભવ એને અનુસરીને વેદન થાય છે. સમજાણું કાંઈ? ૩૩ ગાથા પણ બહુ સારી આવી. **'ઉસ સંવિત્તિ (સ્વસંવેદન) કે દ્વારા...'** પહેલું તો કીધું અભ્યાસ કરનેસે સંવિત્તિ એમ કહ્યું. પરથી જુદું પાડવાથી ભેદજ્ઞાનથી સ્વલક્ષ થઈ જાય છે એમ કહે છે. અને એવા વેદન **'દ્વારા જો સ્વાત્માકો પરસે ભિન્ન જાનતા દેખતા હૈ,...'** સ્વાત્માને આમ પરથી જુદો જાણે-દેખે છે. આમ પોતાને જાણે-દેખે છે. પરથી જુદો પોતાને જાણે-દેખે છે. જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન..., આનંદ જ્ઞાયક... જ્ઞાયક... એમ.

**'ભિન્ન આત્માકા અનુભવ કરનેવાલા...'** ભગવાનઆત્મા રાગથી, પરથી ભિન્ન અનુભવ કરવાવાળા **'મોક્ષ-સુખકો...'** જુઓ! ભિન્ન આત્માનો અનુભવ કરવાવાળા, એમ કહ્યું છે અહીં, હોં! હજી હેઠે (નીચેના ગુણસ્થાને અનુભવ થાય છે). **'મોક્ષ-સુખકો નિરન્તર-હંમેશા વિચ્છેદ રહિત અનુભવ કરને લગ જાતા હૈ.'** જેટલી રાગરહિત સ્વભાવમાં એકતા થઈ એટલો છૂટો પડ્યો, એટલો જુદા આત્માના અનુભવ કરવાવાળો પોતાનો આનંદ એટલે છૂટેલો રાગ રહિત જે સ્વભાવ એના મોક્ષના સુખને નિરંતર–હંમેશાં, નિરંતરની વ્યાખ્યા કરી, વિચ્છેદ રહિત–આંતરા રહિત અતીન્દ્રિય આનંદ તરફમાં ઢળેલો ભાવ નિરંતર આનંદને **'અનુભવ કરને લગ જાતા હૈ.'** એ અતીન્દ્રિય આનંદની, મોક્ષના સુખની–આનંદની વાનગી અહીં લેતો જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ બધું કરવાના, કરવાના સારરૂપે આ છે. ભણીને કરવું હોય તો આ, સમજણ કરીને કરવું હોય તો આ, શાસ્ત્ર વાંચીને, સાંભળીને કરવું હોય તો આ.

મુમુક્ષુ :– જિંદગીમાં કરવા યોગ્ય હોય તો આ.

ઉત્તર :– આ, જીવનમાં, જીવનમાં કરવા જેવું હોય તો આ. આહાહા..! પછી આ મંદિર ક્યારે કરવા? પંદર દી'માં શું કર્યું? મુદત નાખી. કહો, સમજાણું? કરવું કે દિ'?

અહીં તો કહે છે કે, ભિન્નતાનું કરવું એ કરવું. ભિન્નનું કરવું એ કરવું નહિ. તારાથી ભિન્નનું કરવું એ કરવું નહિ. એ કરી શકતો નથી. આહાહા..! એ.. 'ચંદુભાઈ'! 'ચંદુભાઈ' ભેગા છે ને એમાં? આહા..! આત્માથી ભિન્નનું એટલે રાગનું ને શરીરનું ને કર્મનું કરવું એ કરી શકતો નથી. એનાથી જુદો આત્માને કરવો એ કરી શકે છે. આહાહા..! વાહ! સમજાણું કે નહિ? કહો, આ તો છોકરાઓને પણ સમજાવ્યું છે, હોં! આમાં કાંઈ (ભાષા

અઘરી નથી). બહુ સાદી અને બહુ સાર. સાદી ને સાર. વાહ રે વાહ..! જુઓ! આ સમવસરણના દિવસમાં સમવસરણમાં ભગવાનનું આમ આવ્યું હતું. આહાહા..! પર જાજા હોય તો મને ઠીક, પર થોડા હોય તો મને અઠીક એવું વાક્ય ભગવાનના ઉપદેશમાં નહોતું આવ્યું, કહે છે. પરથી જુદું પાડવામાં ઠીક એમ ભગવાનના વાક્યમાં આવ્યું હતું. આહાહા..! સમજાણું કાંઈ?

બધા સંતોનો, ગુરુઓનો, શાસનનો, વીતરાગનો ઉપદેશ સ્વની એકતા ને પરની ભિન્નતા માટેનો બધો ઉપદેશ છે. એ જ્યાં પરની ભિન્નતા ને સ્વની એકતા ન હોય એ ક્યાંક પરને સ્વથી લાભ થાય, સ્વ પરનું કરી શકે એવો ઉપદેશ ભગવાનનો હતો નહિ. ભગવાનનો ઉપદેશ એવો હોય નહિ. છૂટા કેમ પડ્યા? સમજાણું કાંઈ? અજ્ઞાન, રાગથી છૂટા પડીને એકલા વિજ્ઞાન વીતરાગ થઈ ગયા એ તો. અજ્ઞાન છૂટીને જ્ઞાન થયું, રાગ છૂટીને વીતરાગ થયા. આહાહા..! એ તદ્દન છૂટીને વીતરાગવિજ્ઞાન થયા એના ઉપદેશમાં શું આવે? આ રાગથી છૂટીને અહીં જા, અહીં ઠર, અહીં ઠર. છૂટીને આને માન ને એમાં ઠર, એવું જ આવે. 'મગનભાઈ'! આહાહા..! કહો, બધી લાખ વાતની વાત આ આવે એમાં. ચારે અનુયોગમાં ... કથન હોય. આ જ કથન છે એની અંદર. કોઈ પણ સમજાવવાની રીતમાં આવું છે. જેવા પૃથક છે, જેવા પૃથકને તે રીતે જણાવવું અને પૃથકપણું કરાવવું એ આ ઉપદેશનું તાત્પર્ય છે. આહાહા..! સમજાણું? આમાં તો પ્રશ્ન ને અવકાશ પણ ક્યાં છે?

અહીં તો પહેલેથી વ્યવહાર અને નિશ્ચય બેય જુદા છે એમ ભગવાનના ઉપદેશમાં આવ્યું. એટલે સ્વ ને પરની જુદાઈ કરવાનો ઉપદેશ હતો. પર વ્યવહાર ને સ્વ નિશ્ચય બેય એક માન્યા છે તો અનાદિથી. સમજાણું કાંઈ? વ્યવહાર–જેટલી રાગની મંદતા, એનાથી પણ જુદો ભેદ પાડ અને ઠર અહીં, એમ ભગવાનનો ઉપદેશ હતો. સમજાણું કાંઈ? પણ વચ્ચે વ્યવહાર આવે, આવે પણ એને જુદો જાણવા માટે તું પ્રયત્ન કર. એ વડે અહીં થાય એવો પ્રયત્ન છોડી દે. એમ છે જ નહિ, ઉપદેશમાં એમ છે નહિ ને એ રીતે થતું પણ નથી એમ કહે છે. ઉપદેશમાં એમ ન હોય અને એમાં થાય એમ હશે? એમાં એમ થતું નથી. રાગથી નિશ્ચયમાં જવાય એમ થતું નથી. રાગથી ભિન્ન પડતા જ, સ્વ-પરને ભિન્ન પાડતા સ્વમાં એકાગ્ર થાય એવી વસ્તુની સ્થિતિ છે. આહાહા..! આહાહા..! કહો, 'વજુભાઈ'! આ તો આ પકવાન પીરસાય છે, લાડવા પછી મળશે. આહાહા..!

ગાથા એવી આવી ગઈ ને! જુઓને! કહો, 'ઇષ્ટોપદેશ'ની શરૂઆત અહીંથી થઈ હતી, ૩૨ થઈ ગઈ હતી. પરનો ઉપકાર છોડી દે. ભાવ છે ઇ, હોં! કરે છે ક્યાં? થોડું આનું કરી લઉં, છોકરાનું થોડું, છોડીનું થોડું, ગામનું થોડું, દેશનું થોડું, સંઘનું, સમજ્યા ને? કોઈ જાત્રાનું, કોઈ ટ્રસ્ટનું, કોઈ પર્વતનું, કોઈ આનું, કાંઈક કરી લઉં થોડું. આહાહા..! પછી કોઈ તીર્થરક્ષા માટે નહિ જાય, આ બધા માણસો એમાં ઢીલા પડી જાશે. એય..! 'સોગનચંદજી'!

મુમુક્ષુ :– જે થવાનું એ થવાનું.

ઉત્તર :– ઇ જ કહે છે, બાપુ! સાંભળ તો ખરો પ્રભુ! એ ત્યાં થવાનું તો થાય છે પણ પર છે ને તું સ્વ છે એમ જુદાઈ કરીને ઠર એ કરવાનું તારે છે. ઉતાવળો થા તોય થવાનું હશે એ થાશે અને ધીરો થઈને સ્વમાં જાઈશ તોય બહારમાં થવાનું હોય ઇ થાય. આહાહા..! વાહ રે વાહ..! આહાહા..! સમજાણું કાંઈ? બહુ ઝટ, ઝટ ધ્યાન રાખો નહિતર આમ થશે. પેલા કહે, આપણે અત્યારે કાળ આવ્યો છે માટે આમ કરી દઈએ. કોણ એ કરે? સાંભળને ભાઈ! પરથી જુદા પાડવાનું કરવાનું એમાં પરનું આમ કરી દે એવું એમાં આવે ક્યાં? આ તો મૂળ માર્ગની વાત છે. સમજાણું કાંઈ? આહાહા..!

'મૂળ માર્ગ સાંભળો જૈનનો રે, કરી વૃત્તિ અખંડ સન્મુખ' પોતાની સન્મુખ દૃષ્ટિ કર એમાં બધું સમાય જાય છે. આહાહા..! ભિન્ન આત્માનો અનુભવ કરવાવાળો–રાગતત્ત્વ અને આત્મતત્ત્વ, સ્વ અને પર બેની જુદાઈ અનુભવ કરવાવાળો મોક્ષ-સુખને નિરંતર (અનુભવે છે). રાગથી જેટલો છૂટ્યો, સ્વમાં જેટલો રહ્યો તેટલું સુખ '**વિચ્છેદ રહિત અનુભવ કરને લગ જાતા હૈ.**'

'**ક્યોંકિ વહ મોક્ષ-સુખકા અનુભવ, કર્મોંસે ભિન્ન આત્માકા અનુભવન કરનેવાલોંકો હોતા હૈ,...**' કેમકે છૂટેલા મોક્ષનું સુખ એનો અનુભવ, '**કર્મોંસે ભિન્ન...**' કર્મ મને રોકતું હતું ને કર્મ મને અટકાવે એમ નથી. ઇ છે એનાથી હું જુદો છું, છે એનાથી જુદો છું એનાથી અટક્યો નહોતો અને એ કાંઈ ઢીલું પડે તો મારામાં આવી શકે એવું નથી. કેમકે એ તો ભિન્ન છે. '**કર્મોંસે ભિન્ન આત્માકા અનુભવન કરનેવાલોંકો હોતા હૈ,...**' ભગવાનઆત્મા જ્ઞાનમૂર્તિ આનંદ, કર્મ પદાર્થથી જુદો. હવે જુદો ક્યારે જાણે? એનાથી મને નુકસાન થાય એ જુદો જાણે? એ કાંઈ માર્ગ આપે તો મને લાભ થાય એ જુદો જાણે? એનું લક્ષ ન્યાં જાય છે કે આ મને કાંઈક માર્ગ આપે. એ ગમે તે સ્થિતિ હો હું એનાથી જુદો છું. આહાહા..! સમજાણું કાંઈ? એની સ્થિતિ બદલાવવી નથી, એની સ્થિતિ ઘટાડવી નથી, કાંઈ કરવી નથી, એમ કહે છે. ઇ છે એનાથી જુદો પાડીને અનુભવવો એટલી વાત છે. આહાહા..! સમજાણું કાંઈ? આ કેળવણી જ્ઞાનીના ઘરની કસરત છે. આહાહા..! '**અન્યોંકો નહીં.**' આવો અનુભવ કર્મને એક માનનારા (કરી શકતા નથી). કોઈ પણ સ્થિતિએ કર્મ રહ્યું એ અજીવ તત્ત્વ છે. હું ચૈતન્ય તત્ત્વ છું. એનાથી જુદા જાણનારને અનુભવ થાય છે. એનો દાખલો આપશે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૪૯૨, વૈશાખ વદ ૭, બુધવાર
## તા. ૧૧-૦૫-૧૯૬૬
## ગાથા–૩૩ થી ૩૪ પ્રવચન નં. ૩૭

'પૂજ્યપાદસ્વામી'નું કરેલું ('ઇષ્ટોપદેશ' છે, એની) ૩૩મી ગાથા ચાલે છે. જુઓ! **'જૈસા કિ તત્ત્વાનુશાસનમેં કહા હૈ-''** ત્યાં આવ્યું. શું કહ્યું અહીંયા? એનો અહીં આધાર આપે છે. ગુરુ ઉપદેશથી સ્વ-પરની જુદાઈનો ઉપદેશ સાંભળી અને સ્વ-પરની જુદાઈનો અંતર અભ્યાસ કરી પછી સ્વ તરફમાં, સ્વસંવેદનને કરતો મોક્ષના સુખના અનુભવને અંશે પ્રાપ્ત કરતો આત્મા પોતાની એકાગ્રતાને પામે છે. સમજાણું?

**'ઉસ આત્માકા અનુભવન કરતે હુએ યહ આત્મા,...'** જુઓ! ધર્મ અહીંથી શરૂ થાય છે. આત્મા રાગ-દ્વેષ, પુણ્ય-પાપના વિકલ્પથી, શરીર, કર્મથી જુદો (છે). એ પરચીજ છે, આત્મા જ્ઞાનાનંદ જ્ઞાયક સ્વચીજ છે. એમ સ્વ ને પરની જુદાઈનું અંતર જ્ઞાનમાં વારંવાર અભ્યાસ કરતાં સ્વભાવ તરફની એકાગ્રતા પ્રગટ થાય તેમાં મોક્ષમાં જે અનંત આનંદ છે એ માહ્યલો રાગથી છૂટો પડી સ્વની એકત્વતા થતાં એ માહ્યલા આનંદને આત્મા અનુભવે છે. કહો, સમજાણું કાંઈ?

**'ઉસ આત્માકા અનુભવન કરતે હુએ...'** આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ, એનો અનુભવ કરતાં કરતાં **'યહ આત્મા, ઉત્કૃષ્ટ એકાગ્રતાકો પ્રાપ્ત કર લેતા હૈ,...'** કોઈ રાગની, વિકલ્પની મદદથી કરે છે એમ નહિ, એમ કહે છે. અનુભવ કરતાં (પ્રાપ્ત કરે છે). આત્મા જ્ઞાયક ચૈતન્ય છે, અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ આત્મા છે, એને પુણ્ય-પાપના રાગથી, કર્મથી, શરીરથી સ્વ-પરની ભિન્નતાનો અભ્યાસ કરતાં સ્વની એકતાપણાને પામતા પરથી ભિન્નપણાનો મોક્ષ જે સ્વભાવ છે એવા પરથી ભિન્નપણાના આનંદને અનુભવમાં પ્રાપ્ત કરે છે. કહો, સમજાણું કાંઈ?

આ 'ઇષ્ટોપદેશ'. આ ઉપદેશ તે ઇષ્ટ એટલે પ્રિય અને હિતકર છે. સમજાણું? બીજો કોઈ ઉપદેશ એમ કરે કે પરથી રાગાદિથી આત્માને લાભ થાય તો રાગથી ભિન્ન પાડવો છે એને રાગથી લાભ થાય એ ઉપદેશ જ સાચો નથી.

મુમુક્ષુ :– થોડોક તો લાભ થાય.

ઉત્તર :– જરીએ લાભ (નથી). જેને જુદું પાડવું (છે) એનાથી લાભ થાય? બંધનો લાભ થાય. અહીં તો છૂટા પડવાના લાભની વાત છે.

મુમુક્ષુ :– પાપનો અભાવ કરે તો?

ઉત્તર :– પાપ-બાપ બધું પાપ જ છે, વિકાર છે ઇ. સમજાણું? આત્મા શાંતિ, આનંદ સ્વરૂપ છે એનાથી વિપરીત જેટલો વિકલ્પ શુભ કે અશુભભાવ છે એનાથી ઇ પર ને આત્મા સ્વ, એમ બે વચ્ચેનું ભેદજ્ઞાન કરવું એ જ આત્માની એકાગ્રતાને પામવાનો ઉપાય છે. આહાહા..! એ ઉપદેશ એમ કહ્યો હતો કે, તું તારામાં સ્વ-પરની ભેદતા કર. ઇ કરે ત્યારે એને ઉપદેશ મળ્યો હતો એમ નિમિત્ત તરીકે કહેવાય. પછી (એ વાતને પણ) ઉડાડી દેશે. પુરુષાર્થ એણે કરવો છે કે ગુરુને કરવો છે એમાં? સમજાણું?

આ આત્માનો અનુભવ કરતાં. આત્માનો એટલે? આત્મા જ્ઞાન ને આનંદ સ્વરૂપ છે અને પુણ્ય, પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ વિકાર છે, એ પર છે, આ સ્વ છે. એમ પર અને સ્વની ભેદતાનો અભ્યાસ કરતાં, ભિન્નતાનો અભ્યાસ કરતાં, આત્મા તરફની એકાગ્રતા થતાં આત્માનો જે અનુભવ થાય એમાં મોક્ષના સુખનો અનુભવ આવે છે.

**'ઉત્કૃષ્ટ એકાગ્રતાકો પ્રાપ્ત કર લેતા હૈ,...'** અંતર એકાગ્ર થતાં થતાં ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરી લે છે. વચ્ચે વ્રત ને નિયમ ને એવા વિકલ્પો આવે એનાથી ઉત્કૃષ્ટપણું પ્રાપ્ત કરતો નથી એમ કહે છે. **'ઔર ઇસી તરહ મન તથા વાણીકે અગોચર...'** વાણી અગોચર કીધું એના બે અર્થ કરશે. **'મન તથા વાણીકે અગોચર અથવા વચનોંસે ભી ન કહે જા સકનેવાલે...'** એમ બે વાત છે. **'वाचामगोचरम्'** છે ને? સમજાણું? **'वाचामगोचरम्'** એટલે કે આત્મા પોતાનું શુદ્ધ આનંદ સ્વરૂપ (છે), રાગ, દયા, દાન, વ્રત આદિનો વિકલ્પ છે એનાથી ભિન્ન પાડતો (અને) પોતાના આત્માની એકાગ્રતાને પામતો, એવા સ્વાધીન શાંતિના સુખને પામે કે જે મનને વાણીને અગમ્ય છે. મન, વાણીને અગમ્ય છે અને **'વચનોંસે ભી ન કહે જા સકનેવાલે...'** પાછું કહેવામાં પણ આવી શકતું નથી. સમજાણું કાંઈ?

આ તો એકદમ માખણ અને તત્ત્વની વાત છે. ધર્મીએ આ કરવાનું છે. જે પર છૂટે છે એનાથી ભિન્ન પાડીને પોતામાં એકાગ્રતા કરવી એમાં આત્માનો અનુભવ થતાં વચનથી, મનથી અગમ્ય અથવા વચનથી કહી શકાય નહિ એવું **'સ્વાધીન આનંદકો પ્રાપ્ત કર લેતા હૈ.'** સ્વાધીન આત્માનો અતીન્દ્રિય આનંદ સ્વસંવેદનમાં એ પ્રાપ્ત કરી લે છે. એને સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર કહે છે. આહાહા..! કહો, સમજાણું આમાં? જ્ઞાનીએ પણ આ કહ્યું હતું, શાસ્ત્રએ પણ આ કહ્યું છે, કેવળીએ પણ આ કહ્યું છે અને આત્માની વાત ઝીલનારને પણ આ વાત એના ખ્યાલમાં આવે છે. આહાહા..!

શું આ વાત? કેવળીએ એ કહ્યું હતું, ગુરુએ એ કહ્યું હતું, શાસ્ત્ર ઇ કહે છે અને વાસ્તવિક પાત્ર શ્રોતાએ પણ એ અંદર ધાર્યું હતું, સાંભળીને એ ધાર્યું હતું, કે સ્વ-પરની જુદાઈ કરવી. સ્વ એટલે આત્મા આનંદ સ્વરૂપ, જ્ઞાયક સ્વરૂપ, શુદ્ધ સ્વરૂપ, પર એટલે રાગ-દ્વેષના (ભાવ), દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ અશુદ્ધ, મલિન, રાગ છે,

આસ્રવ છે. એનાથી પણ ભિન્ન પાડીને આત્માની એકાગ્રતા કરવી. આની ભિન્નતા કરી એટલે એ જુદું પડ્યું. હવે આમાં એકાગ્રતા કરવી એમાં સ્વાધીન આત્માનો જે આનંદ છે મુક્ત સ્વરૂપમાં આનંદ (છે) એવો એટલો મુક્ત થયો, અહીંયાં એટલો મુક્ત થયો. સમજાણું કાંઈ? એટલા અતીન્દ્રિય આનંદનું સ્વાધીન સુખ એને આવે છે. તે વચનથી અગમ્ય છે ને વચનથી પ્રાપ્ત થાય નહિ ને વચનથી કહી શકાય નહિ. બે (વાત આવી). સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ઇ સમજ્યો શું?

ઉત્તર :– ઇ સમજ્યો ઇ કે આ મને એમ કહે છે કે, રાગને આત્માથી જુદો પાડ, એમ ઇ સમજ્યો. એમ કહેતા હતા એમ એણે કર્યું ત્યારે સમજ્યો. કહો, સમજાણું આમાં? સર્વજ્ઞોએ એમ કહ્યું, શાસ્ત્રે એમ કહ્યું, સંતોએ એ કહ્યું, પાત્ર જીવે એ સાંભળીને એમ ઝીલ્યું કે, આ રાગ અને આત્માને જુદા પાડવાનું કહે છે. ભેદજ્ઞાન (કરવાનું) કહે છે. 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો' સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા આનંદમૂર્તિ નિત્યાનંદ સ્વરૂપ છે. એમાં પુણ્ય-પાપના વિકલ્પો અનિત્ય, ક્ષણિક અને સ્વભાવથી વિપરીત છે. એ વિપરીત અને અવિપરીત પોતાનો નિજ સ્વભાવ, એને અંતરમાં જુદું પાડવું એમ સર્વજ્ઞોની વાણીમાં, ગુરુની વાણીમાં આવ્યું હતું. એમ એણે જુદું પાડવાનો અભ્યાસ કરતાં, વારંવાર અભ્યાસ કરતાં રાગ અને સ્વભાવની એકતા તૂટતાં સ્વભાવમાં એકતા થતાં સ્વાધીન, વચન ને મનથી અગમ્ય અને વચનમાં ન કહી શકે તેવા સ્વાધીન આનંદને પામે છે. એને ધર્મ કહે છે. આહાહા..! કહો, 'વજુભાઈ'! બહુ વ્યાખ્યા ટૂંકી અને ઘણી મીઠી! આહાહા..!

**'સ્વાધીન આનંદકો પ્રાપ્ત કર લેતા હૈ.'** ધર્મી, સમ્યગ્દૃષ્ટિ જીવ શ્રાવક થવા પહેલા પણ સમ્યગ્દૃષ્ટિ જીવ રાગ અને વિકલ્પ, શરીર ને કર્મ, પરમાં બધું ગયું, રાગથી માંડી કર્મ શરીર આદિ બધુંય અને એકકોર ભગવાન જ્ઞાનાનંદ સ્વભાવ, બેની વચ્ચે એકતા હતી તેને તોડી, ભેદતા પ્રગટ કરી, ભેદ પ્રગટ કર્યો જુદાઈ એટલે આત્મામાં એકાગ્ર થઈ અને આત્મામાં રહેલો આનંદ એને સ્વાધીનપણે સુખ પ્રાપ્ત કર્યું. એ આનંદ વચનથી અગમ્ય છે. વચનથી પ્રાપ્ત નથી ને વચનથી કહી શકાતો નથી. કહો, સમજાણું આમાં?

**दोहा - गुरु उपदेश अभ्याससे, निज अनुभवसे भेद।**
**निज पर को जो अनुभवे, लहै स्वसुख वेखेद।।३३।।**

એક શ્લોકમાં તો કેટલું નાંખ્યું! આહાહા..! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ એના બધા શાસ્ત્રનો સાર આ એક શ્લોકમાં મુકી દીધો. આહાહા..! પરમેશ્વર તીર્થંકરદેવ એના સારા શાસ્ત્રોનો સાર (એ છે) કે બે ચીજો છે. **'ગુરુ ઉપદેશ અભ્યાસસે,...'** દેખો! ગુરુએ એમ કહ્યું કે, બે ચીજો છે–તું જ્ઞાયક અને રાગાદિ શરીર કર્મ આદિ બીજી ચીજો એમ બધું છે, બે છે. એને જુદો પાડવાનો અભ્યાસ (કર). સર્વજ્ઞોએ ગુરુએ એ કહ્યું કે, એ

બે છે એ બેને બે તરીકે જુદું પાડ. જ્ઞાયક સ્વભાવ ભગવાનઆત્મા (અને) રાગાદિ પર.

**'નિજ અનુભવસે ભેદ.'** જ્ઞાનની એકાગ્રતા દ્વારા જુદું પાડ એમ કહે છે. સમજાણું કાંઈ? જ્ઞાન સ્વરૂપ ભગવાનઆત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ, એના જ્ઞાનના અનુભવથી રાગ જુદો થાય (એને) પાડ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **'અનુભવસે ભેદ.'** જુદું કર. જુદું કર એટલે જુદું થઈ જાય છે. આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત અને રાગાદિ પર–બે સાબિત કર્યાં. એકલો જ આત્મા છે એમ નહિ અને પર ચીજ એકલી છે એમ નહિ. બે ચીજ છે. એકકોર રામ અને એકકોર ગામ. એકકોર ભગવાનઆત્મા અનંત ગુણનો પિંડ જ્ઞાયક ચૈતન્ય (અને) એકકોર રાગ વિકલ્પ આદિથી માંડીને બધું. બેની જુદાઈનો અભ્યાસ કરતાં **'નિજ પર કો જો અનુભવે,...'** લ્યો! પોતાને પરથી જુદો જ અનુભવે.

**'લહૈ સ્વસુખ વેખેદ.'** ઇ પોતાના આત્મામાં એકાગ્રતાનું સ્વાધીન અતીન્દ્રિય આનંદનું સુખ અનુભવે. વેખેદ–ખેદ વિના, કષ્ટ વિના. કષ્ટ કરવું પડે ને આ થાય એમ નહિ એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આ અપવાસ-બપવાસ કરવા ને આ થાય ને ભારે ખેદ થાય ને પછી આ થાય એમ નથી, કહે છે. આ અપવાસ કરવા ને આ અપવાસ પછી આમ કષ્ટ સહન કરવું પડે ને પછી આ અનુભવ થાય ને એમ નથી, કહે છે.

મુમુક્ષુ :– એ સિવાય ન થાય એમ કહે છે.

ઉત્તર :– એ સિવાય ન થાય (એમ નહિ), એ સિવાય જ થાય એમ કહે છે અહીં તો. સમજાણું કાંઈ?

ભગવાનઆત્માને પર્યાયને અંતર્મુખ વાળતા રાગાદિથી ભિન્ન પડી ગયો. એવા આત્માને પરથી જુદાના અભ્યાસમાં પોતાના જ્ઞાયક સ્વભાવ તરફની એકાગ્રતાના અનુભવમાં વેખેદ આત્માનો આનંદ આવે, એને ધર્મ કહે છે. આહાહા...! ધર્મની ભારે વ્યાખ્યા, ભાઈ! જૈન પરમેશ્વરની આ વ્યાખ્યા. અહીં તો બિચારા હજી વાડામાં (એમ કહે), આ કરું ને આ કર્યું ને આ મુક્યું ને આ દયા ને આ વ્રત (કર્યાં). મરી ગયા કરી કરીને.

મુમુક્ષુ :– બીજા જીવોની દયા કે દિ' પાળવી?

ઉત્તર :– ક્યાં પાળતો હતો? કે દિ' પાળી શકતો હતો તે પાળે? એને જુદા જાણવા છે એમાં વળી પાળવું ક્યાં આવ્યું? એ... 'ભગવાનભાઈ'! જેને આ અને હું બે જુદા પાડવા છે. આનું કરવું છે ને એને રાખવું છે એમેય નહિ, છે એનાથી આ ફક્ત જુદો પાડવો છે. એમ આ ઉપદેશ છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– ભગવાનનો આ ઉપદેશ છે. શું કીધું આ? ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમેશ્વરનો એ ઉપદેશ છે કે, પોતે અજ્ઞાન ને રાગથી જુદા પડી સર્વજ્ઞ ને વીતરાગ થયા, એ ઉપદેશ જગતને કહ્યો. અજ્ઞાન અને રાગ તે ભિન્ન, તારું સ્વરૂપ જ્ઞાન ને વીતરાગ તે

ભિન્ન. કહો, 'ચંદુભાઈ'! આહાહા..! સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વર વીતરાગદેવના મુખમાં આ વાણી આવી. છે બેય, છે બધુંય, હો. મારામાં એ નથી અને એનામાં હું નથી એમ ભેદ પાડ. કરવું નથી કાંઈ. કો'કનું પાળવું છે ને મારવું છે ને ટાળવું એ વસ્તુમાં છે જ નહિ. આહાહા..! સમજાય છે? ભાઈ! ભાષા થોડી થોડી આવડે છે ને? થોડી થોડી શીખી લેવી. આહાહા..! ભારે પણ માખણ છે! થોડામાં માર્ગને બહુ સંકેલી દીધો. ભાઈ! કહે છે કરવાનું જે છે, કરવાનું જે છે તે આ. આ છે તે ભગવાને કહ્યું છે.

---

**आगे शिष्य पूछता है कि मोक्ष-सुखके अनुभवके विषयमें कौन गुरु होता है? आचार्य कहते हैं-**

**स्वस्मिन् सदभिलाषित्वादभीष्टज्ञापकत्वतः।**
**स्वयं हितप्रयोक्तृत्वादात्मैव गुरुरात्मनः।।३४।।**

**अर्थ :- जो सत्का कल्याणका वांछक होता है, चाहे हुए हितके उपायोंको जतलाता है, तथा हितका प्रवर्तक होता है, वह गुरु कहलाता है। जब आत्मा स्वयं ही अपनेमें सत्की-कल्याणकी यानी मोक्ष-सुखकी अभिलाषा करता है, अपने द्वारा चाहे हुए मोक्ष-सुखके उपायोंको जतलानेवाला है, तथा मोक्ष-सुखके उपायोंमें अपने आपको प्रवर्तन करानेवाला है, इसलिये अपना (आत्माका) गुरु आप (आत्मा) ही है।**

**विशदार्थ :- यह आत्मा स्वयं ही जब मोक्ष सुखाभिलाषी होता है, तब सत्की यानी मोक्ष-सुखकी हमेशा अभिलाषा करता रहता है कि मुझे मोक्ष-सुख प्राप्त हो जावे। इसी तरह जब स्वयं आत्मा मोक्ष-सुखके उपायोंको जानना चाहता है, तब यह स्वयं मोक्षके सुखके उपायोंको जतलानेवाला बन जाता है कि यह मोक्ष-सुखके उपाय मुझे करना चाहिये। इसी तरह अपने आपको मोक्ष-उपायमें लगानेवाला भी वह स्वयं होजाता है, कि इस सुदुर्लभ मोक्ष सुखोपायमें हे दुरात्मन् आत्मा! तुम आजतक अर्थात् अभीतक भी प्रवृत्त नहीं हुए। इस प्रकार अभीतक न प्रवर्तनेवाले आत्माका प्रवर्तक भी हुआ करता है। इसलिये स्वयं ही आत्मा अपने कल्याणका चाहनेवाला, अपनेको सुखोपाय बतलानेवाला, और सुखोपायमें प्रवृत्ति करनेवाला होनेसे अपना गुरु है।।३४।।**

**दोहा - आपहिं निज हित चाहता, आपहि ज्ञाता होय।**
**आपहिं निज हित प्रेरता, निज गुरु आपहि होय।।३४।।**

**'આગે શિષ્ય પૂછતા હૈ કિ મોક્ષ-સુખકે અનુભવકે વિષયમેં કૌન ગુરુ હોતા હૈ?'** ગુરુ કોણ પણ આમાં? તમે માથે ગુરુ ઉપદેશ, અભ્યાસ (આદિ) બધી વાત કરી હતી. **'આચાર્ય કહતે હૈં-'**

**स्वस्मिन् सदभिलाषित्वादभीष्टज्ञापकत्वतः ।**
**स्वयं हितप्रयोक्तृत्वादात्मैव गुरुरात्मनः ।।३४।।**

**'स्वयं स्वस्मिन् सद्भिलाषित्वात्'** નીચે અર્થ આવશે.

**અર્થ :– 'જો સત્કા કલ્યાણકા વાંછક હોતા હૈ,...'** દેખો! સત્કા, કલ્યાણકા વાંછક હોતા હૈ એ આત્મા. જેને સત્‌ની, કલ્યાણની વાંછના–ઇચ્છા થાય છે એ આત્મા છે. **'ચાહે હુએ હિતકે ઉપાયોંકો જતલાતા હૈ,...'** જે ઇચ્છા થઈ તે ઉપાયોને આત્મા પોતે પોતાને બતાવે છે. કહો, સમજાણું? ગુરુની વ્યાખ્યા કરે છે કે આને ગુરુ કહેવો, આને ગુરુ કહેવા. એક તો સત્તના કલ્યાણનો વાંછક (હોય). **'सद्भिलाषित्वात्'** છે ને? **'स्वयं स्वस्मिन् सद्भिलाषित्वात्'**. જેને સત્ કલ્યાણની અભિલાષા થાય એ જીવ. એ પોતાને થાય છે. ગુરુને થાય છે ઇ અહીં લેવું છે? ગુરુ કરાવે છે ઇ? પોતે સત્ સ્વરૂપ સચ્ચિદાનંદ સ્વરૂપ આનંદકંદ સ્વરૂપ આત્મા, એના સત્‌ના કલ્યાણનો વાંછક થાય છે અને જે ઇચ્છા થઈ એના હિતના ઉપાયો જે એને બતાવે છે. આત્મા એના હિતનો ઉપાય બતાવે છે કે હે આત્મા! રાગથી છૂટો પડ એ તારો હિતનો ઉપાય છે.

મુમુક્ષુ :– ગુરુ એને બતાવે છે.

ઉત્તર :– બતાવે એની અહીં વ્યાખ્યા જ નથી અત્યારે, એ વાત જ નથી, એ વાત જ નથી અત્યારે. એને–એ આત્માને સત્‌ની કલ્યાણની અભિલાષા થાય. અને એ અભિલાષામાં સત્‌નો ઉપાય જે છે ઇ પોતે પોતાને કહે. અરે..! આ માર્ગ છે. બીજો કહે પણ આ સમજ્યા વિના એને શું છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ના. ઇ અર્થ એમાં છે.

**'स्वयं स्वस्मिन् सद्भिलाषित्वात् अभीष्टज्ञापकत्वतः हितप्रयोक्तृत्वात्'** આવા ત્રણ હોય તેને ગુરુ કહીએ. તો પોતે આત્મા પોતાના હિતનો કાંક્ષી. આત્માના આનંદનો, કલ્યાણનો કાંક્ષી. કલ્યાણનો કાંક્ષી એટલે પોતે થાય. અને કલ્યાણ કેમ પ્રાપ્ત થાય એનો ઉપાય પણ પોતે પોતાને બતાવે છે. ભાઈ! રાગથી જુદો પડ, તારા સ્વભાવમાં એકાગ્ર થા. એમ પોતે પોતાને બતાવે છે. કહો, 'રતિભાઈ'!

સર્વજ્ઞે કહ્યું, શાસ્ત્રે કહ્યું, ગુરુએ કહ્યું પણ એને અંદરમાં એ ભાવ ન બેસે ત્યાં સુધી એને એ ન સમજાવે. અરે..! આત્મા! તું આનંદ સ્વરૂપ એની અભિલાષા કર. હવે એની

અભિલાષાનો ઉપાય અને પ્રાપ્તિને તું જો. રાગ ને વિકલ્પથી જુદું પડવું એ એનો શાંતિનો ઉપાય છે. એમ પોતે પોતાને અંદર જણાવે છે. એમ કહે છે. આહાહા..! સર્વજ્ઞ પરમેશ્વરે તો કહ્યું પણ એના આત્મામાં સત્‌ની અભિલાષા કલ્યાણની ન થાય તો ઇ ભગવાન શું કરે ત્યાં? અને અભિલાષા થઈને સત્‌નો ઉપાય અંતરમાં રાગથી, પરથી પાછો ખસી અંતરમાં ઠરવું એવો ઉપાય એ પોતે પોતામાં પ્રગટ ન કરે (તો) ભગવાન શું કરે?

મુમુક્ષુ :– ભગવાનની વાણી બધું કરી દે છે ....

ઉત્તર :– કોણ કરી દેતું હતું વાણી? બધા થોથે થોથા વાતું. દિવ્યધ્વનિ કહી દે વાણી. અહીં તો વાણી કહીં શકે નહિ ને વાણીને ગમ્ય નથી, બે વાત આવી ગઈ પહેલી. આહાહા..! બાપુ! તારા મારગડા એવા છે, ભાઈ! એ દુનિયા સાથે મેળ નહિ ખાય. પ્રભુ કહે છે કે, મારા માર્ગને દુનિયાની સાથે મેળવીશ નહિ. એની સાથે મેળવીશ નહિ. એ મારગ કંઈ જુદી જાતના છે. સમજાણું કાંઈ?

જેને હિતની આકાંક્ષા થાય, કલ્યાણની આકાંક્ષા (થાય) તે ભગવાનને થાય? એ તો પર છે. હિતની આકાંક્ષા. અરે..! આત્મા! મારે હિત કરવું છે, હિત કરવું છે, હિત કરવું છે. અહિત તો કરી રહ્યો છે. એવી જેને કાંક્ષા થાય. હિત થવાનો ઉપાય પોતે પોતાને બતાવે. હે આત્મા! રાગથી, પરથી ખસીને સ્વભાવમાં આવવું એ હિતનો ઉપાય છે, ભાઈ! એમ પોતે પોતાને કહે. એને સમજાવે ને બેસે ત્યારે થાય ને? નહિતર કોણ સમજાવે એને? સમજાણું કાંઈ? **'તથા હિતકા પ્રવર્તક...'** અને હિતમાં પ્રવર્તનારો. હિતની કાંક્ષા, હિત બતાવનાર, હિતમાં પ્રવર્તનાર. કહો, એમાં કોણ આવે?

મુમુક્ષુ :– ગુરુ પણ આવે.

ઉત્તર :– ના, ના. ક્યાં કીધું? શું કીધું? હિતનો પ્રવર્તક, હિતમાં પ્રવર્તનારો, હિતમાં પ્રવર્તનારો. પેલા બે (બોલ કહ્યા) પછી આને વધાર્યું. હિતની ઇચ્છા, હિતના ઉપાયને શોધ્યો અને હિતમાં પ્રવર્તનારો, એને ગુરુ કહીએ. એવા આત્માનો અપરંપાર મહિમા છે. એ.. 'ન્યાલભાઈ'! આહાહા..!

પૂછ્યું હતું શું? કે, **'મોક્ષ-સુખકે અનુભવકે વિષયમેં કૌન ગુરુ હોતા હૈ?'** આપે કહ્યું કે, રાગથી ભિન્ન પાડી આત્માના અનુભવને વેદે છે એ સ્વાધીન સુખ છે, વચન, મનથી અગમ્ય છે, વચનથી કહી શકાય એવું નથી. એવા સુખને કોણ સમજાવે? એવા વિષયમાં કોણ ગુરુ છે? એવા આનંદની પ્રાપ્તિના અનુભવમાં ગુરુ કોણ? કે, આનંદની પ્રાપ્તિમાં એ ગુરુ હોઈ શકે કે જે હિતની ઇચ્છા કરે. હિતની ઇચ્છા પોતે કરે અને એ હિતનો ઉપાય પોતાને બતાવે, જણાવે. ભાઈ! રાગથી જુદું પડવું. હે આત્મા! તારામાં આવવું એ તારો ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. એમ બતાવીને પછી હિતમાં પ્રવર્તન કરે. પોતે જોડાય અંદરમાં. એ જોડાય પોતે ને પોતે ગુરુ છે, એમ કહે છે અહીં તો. 'મગનભાઈ'! સમજાણું કાંઈ?

આમ તો અનંતવાર તીર્થંકરો મળ્યાં એને એના હિતની ઇચ્છા ન થઈ એમાં બીજો કરે શું? હિતના ઉપાયો પણ અનંતવાર સાંભળ્યા પણ એ ઉપાય અંદરમાં ન કરે તો બીજો કરે શું? સમજાણું કાંઈ? કહો, 'ચંદુભાઈ'!

મુમુક્ષુ :– બીજું નીકળ્યું.

ઉત્તર :– બીજું કાંઈ નીકળ્યું નથી, જેમ છે એમ નીકળ્યું. સમજાણું આમાં? પોતાને હિતની રીતની ઇચ્છા ન થાય (તો) બીજો કરે શું?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કોણ કરે? ધૂળમાં. એને 'શાસન ... કરું' એવો વિકલ્પ આવે. થાય કોણ? સમજાણું કાંઈ? વિકલ્પથી બંધ પડે છે. હમુકો ભવ વધે છે એમાં. એય..! વિકલ્પ આવ્યો ને તીર્થંકર ગોત્ર બંધાણું તો બે ભવ થયા, ફટ દઈને. એક સ્વર્ગનો ને એક મનુષ્યનો. બે ભવ કરવા પડશે. આહાહા..!

મુમુક્ષુ :– ગુરુનો ઉપદેશ સાંભળે તો ખ્યાલ આવે ને.

ઉત્તર :– ના ના. એ પોતે કરે તો પેલું સાંભળ્યું એમ નિમિત્તથી કહેવાય. ઇ કરે તો પેલું સાંભળ્યું એમ કહેવાય.

મુમુક્ષુ :– આચાર્યની કોઈ કિંમત નહિ રહે.

ઉત્તર :– ઇ કહેશે આગળ. તો જ કિંમત રહેશે. સમજશે જાતથી તો એના ખ્યાલમાં આવશે કે, ઓહો..! આ સત્ય વાત કહેનાર છે. તો એને વિનય ને વ્યવહારે ભક્તિ ઉઠશે. નહિતર વ્યવહાર સાચો ઉઠશે નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? એકલા ભાન વિનાના એને ગુરુ ને ભગવાન ઉપર બહુમાન નહિ આવે. વ્યવહાર છે ને એ પણ? પણ વ્યવહાર એને નહિ આવે એમ કહે છે. 'રતિભાઈ'! આહાહા..!

ભગવાનઆત્મા પરમેશ્વરરૂપે જ પોતે છે. એની પરમેશ્વરતાની હિતની કાંક્ષા કરનાર પોતે. પોતે એને જણાવે, હે આત્મા! આ ઉપદેશ ભગવાન તો કહે છે પણ તને બેસે છે કે નહિ? ભાઈ! બેસાડ, ભાઈ! બેસાડ. રાગથી જુદું તારું તત્ત્વ (છે), બાપુ! એનો અભ્યાસ કર એ ઉપાય છે. અને એમાં પછી પ્રવર્તવું સ્થિર થવું. હિતના માર્ગમાં સ્થિર થવું એ તો તારું કામ છે. કોઈ કરી દે એવું નથી. આહાહા..!

મુમુક્ષુ :– પ્રેરણા તો આપે ને?

ઉત્તર :– પ્રેરણાની વ્યાખ્યા શું? છપ્પનીયાના ઢોરને અંદર કસ નહોતા ને ઘાસ નાખ્યા તો શાંગડે ઉભા કર્યા તો પડતા ફુ થઈને. એ કહેશે. તમારે થાતું નહોતું ૧૯૮૧માં? ૧૯૮૧માં 'ગઢડા' માં બહુ તણાણું હતું. શાંગડાને ઉભા કરતા ત્યાં વેવલા વાણિયા જાય ત્યાં અમે બેઠા હતા. પડતા હતા ફુ થઈને. અમે એના ડેલામાં દેખતા હતા.

મુમુક્ષુ :– થોડીવાર તો ઉભા રહે.

ઉત્તર :– ના. પણ એ પડવા માટે. શાંગડાને ઉભા કરતાં, 'વિઠ્ઠલભાઈ'ને બધા તમારા. વ્યાખ્યાન પૂરું થાય ને (પછી). ૧૯૮૧ વંડામાં વ્યાખ્યાન થયું હતું. બહુ વરસાદ (તણાણો). પાછળથી (વરસાદ) આવ્યો. ઢોર બિચારા.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ ઉભા કર્યા નથી. છોલાય જશે હાડકા. આમ બિચારા પડતા. મેં નજરે જોયા હતા. ન્યાં ડેલા ઉપર હોઈએ. આ વાણીયા લોકો સાંભળીને ચાલ્યા જાય. આ સાંભળે પછી હેઠે ઉતરીને સૌને ઉભા કરે. પણ ઉભા અંદર કસ વિનાના લાકડા શું કરે એને ઉભા? એમ જેની યોગ્યતા જ પાત્રતા ન મળે એમાં ગુરુ શાંગડા નાખીને કરે શું? એમ કહે છે, ઇ કહેશે હમણાં પછી. સમજાણું આમાં? દુનિયામાં નથી કહેતા કે, જણનારીને જોર નહી તો સુયાણી શું કરે? કહે છે કે નહિ? એ માટે તો આ ગાથા લીધી છે.

'ઇષ્ટોપદેશ' આ છે કે તું તારો ગુરુ થા તો તને હિત થાય. આહાહા..! ત્યારે સાચા ગુરુનું બહુમાન તને વ્યવહારે આવ્યા વિના રહેશે નહિ. નિશ્ચય આ થશે તો વ્યવહાર આવશે એમ કહે છે, એમ અહીં સિદ્ધ કરે છે. આહાહા..! વાહ..! 'ઇષ્ટોપદેશ'ની પદ્ધતિ આ છે, કહે છે. આહાહા..!

**'તથા હિતકા પ્રવર્ત્તક હોતા હૈ, વહ ગુરુ કહલાતા હૈ.'** છે? એમાં છે ને? જુઓને! શબ્દ પ્રમાણે અર્થ છે.

મુમુક્ષુ :– સોનગઢથી છાપ્યું છે.

ઉત્તર :– સોનગઢથી છાપ્યું હોય, પણ સાચું હોય તો શું છે? ગમે ત્યાંથી છાપ્યું હોય નહિ. ન્યાય છે કે નહિ એ જોવાનું છે કે ફલાણે છાપ્યું ને ઢીંકણે છાપ્યું એનું કામ છે એને?

**'જબ આત્મા સ્વયં હી અપનેમેં સત્‌કી-કલ્યાણકી યાની મોક્ષ-સુખકી અભિલાષા કરતા હૈ,...'** દેખો! **'જબ આત્મા સ્વયં હી અપનેમેં સત્‌કી-કલ્યાણકી યાની મોક્ષ-સુખકી અભિલાષા કરતા હૈ,...'** પોતાને એમ થાય. મોક્ષના સુખની અભિલાષા (થાય). દુનિયાના સુખ બધા ઝેર જેવા છે. ભોગ, વિષય, આબરૂ, કીર્તિ, પૈસા બધામાં ધૂળમાં ક્યાંય સુખ નથી અને એની તરફની કલ્પનામાં ક્યાંય સુખ નથી. એક આત્માના મોક્ષમાં જ સુખ છે. પરથી તદ્દન છૂટું પડવું એમાં મોક્ષ છે. પરમાં સુખ છે (એમ) ત્રણકાળમાં નહિ. કહો, સમજાણું કાંઈ? એવી એને જિજ્ઞાસા થાય છે. એ જિજ્ઞાસા કોણ કરે? અહો! રાગથી, પરથી છૂટો પડતા, પૂર્ણ છૂટો પડતા જે આનંદ છે એ આનંદની જેને અભિલાષા છે એટલે કે જેને પરથી છૂટું પડવાની ભાવના છે, પરને રાખીને મોક્ષ કરવો છે એમ હોઈ શકે નહિ, એમ પહેલું મથાળું બાંધ્યું છે.

**'સ્વયં હી અપનેમેં સત્‌કી-કલ્યાણકી...'** પરથી, રાગથી, પરથી ભિન્ન પડતા જે મોક્ષમાં આનંદ થાય એવા સુખની જેને અભિલાષા છે. પુણ્યના ફળ તરીકે સંયોગ ને સંયોગમાં

ઇચ્છા એ વાત અંદરથી ઊડી ગઈ છે. આહાહા..! 'કામ એક આત્માર્થનું બીજો નહિ મન રોગ' કેવી શૈલી લીધી છે, જુઓ! આત્મામાં પરથી છૂટ્યે જે મોક્ષ દશામાં આનંદ છે એવો પરથી છૂટવામાં આનંદ છે એવા મોક્ષની જેને ઇચ્છા છે, છૂટવાની ઇચ્છા છે. બંધાવાનો (કામી નથી). પુણ્ય કરશું તો આ મળશે ને એનું આ મળશે (એમ જેને છે) એને સત્‌ની અભિલાષા નથી. સમજાણું કાંઈ? આહાહા..!

પહેલી તો એ શરત છે કે ગુરુ કોને કહેવા? એની શરતમાં આ વાત કરે છે કે, જેને સત્‌ની કાંક્ષા થાય એટલે કે પરથી છૂટા પડવામાં જે આનંદ છે એવા આનંદની, કલ્યાણની, સત્‌ની ઇચ્છા થાય એ ગુરુ (છે). સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– શિષ્ય કોણ?

ઉત્તર :– શિષ્ય કોણ? એની પર્યાય પ્રગટ થાય ઇ. ગુરુ પોતે ને શિષ્ય પણ પોતે.

**'અપને દ્વારા ચાહે હુએ મોક્ષ-સુખકે ઉપાયોંકો જતલાનેવાલા હૈ,...'** પોતા દ્વારા જે કાંક્ષા થઈ કે મારે મોક્ષનું સુખ જોઈએ, મારે મોક્ષ સુખની કાંક્ષા છે ને? એ **'અપને દ્વારા ચાહે...'** પોતાને દ્વારા ચાહી હતી કે મોક્ષ સુખ જોઈએ. એવા મોક્ષ સુખનો ઉપાય. એના ઉપાયો બતલાવનારો એટલે જણાવનારો, જાણનારો એ એનો ગુરુ. મોક્ષ સુખના ઉપાયનો જાણનારો તો પોતે આત્મા છે. સમજાણું કાંઈ? અહો..! શાશ્વત સત્‌ સુખની કાંક્ષા કરનાર આત્મા પોતે. એના આ સુખનો ઉપાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર–આત્માની પ્રતીત, આત્માનું જ્ઞાન ને રમણતા. એ ઉપાય પોતે પોતાને જણાવે છે કે આ ઉપાય છે, બીજો ઉપાય નથી.

મુમુક્ષુ :– જણાવનાર પણ ઇ અને જાણનાર પણ ઇ.

ઉત્તર :– ઇ નો ઇ. અહીં ને અહીં વાત છે. બીજો છે ક્યાં?

મુમુક્ષુ :– 'પાવે નહિ ગુરુગમ બિના યે હી અનાદિ સ્થિત.'

ઉત્તર :– ઇ પાવે નહિ ગુરુ ગમ વિના, એ પામે ત્યારે એમ કહેવાય. એ તો સત્‌ જ્ઞાનીનું નિમિત્તપણું છે એટલું સિદ્ધ કરવા (કહ્યું). પણ નિમિત્તપણું લાગું ક્યારે પડ્યું? પોતે ઉપાય સમજ્યો, (પોતે) કર્યો (ત્યારે).

ગુરુ કોણ છે એમ શિષ્યે પ્રશ્ન કર્યો છે. એના ઉત્તરમાં આચાર્યદેવ આ ત્રણ શરતો રાખે છે. જેનામાં આ ત્રણ થાય છે તે તેનો ગુરુ. સત્‌સુખની અભિલાષા કરે તે આત્મા અને સત્‌સુખની પ્રાપ્તિનો ઉપાય જાણે, જાણે તે ગુરુ અને તે પ્રમાણે પછી પ્રવર્તન કરે તે ગુરુ. પોતે પોતે જાણે, પોતે પોતાની અભિલાષા ને પોતે પોતાનું પ્રવર્તન કરે.

મુમુક્ષુ :– ... ગુરુ બરાબર છે

ઉત્તર :– પોતે બતાવે એમ કહે છે. એને કહે કે, હે આત્મા તારું દર્શન શુદ્ધ શ્રદ્ધા, તારું જ્ઞાન, તારી સ્થિરતા તે ઉપાય છે, બીજો ઉપાય નથી. એમ પોતે પોતાને જણાવે, એનો ઉપાય જાણે અને તેમાં પ્રવર્તન કરે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ પોતે જ ગુરુ થયો, એનો અર્થ (ઇ) થયો. પોતે પોતાને શીખવ્યું, પોતે પોતાને શીખવામાં પ્રવર્તન કર્યું અને સત્ સુખની અભિલાષા શરૂઆત પણ પોતે પોતાની કરી હતી.

મુમુક્ષુ :– સત્ સુખની વ્યાખ્યા ભેદ છે કે અભેદ છે?

ઉત્તર :– એ અહીં ગુરુ પોતે એનો ઇ. ભેદ ને અભેદ કાંઈ ન મળે. આત્મા ગુરુ ને આત્મા શિષ્ય. કહો, સમજાણું આમાં? આહા..! લાખ વાત દુનિયા, ગુરુ, શાસ્ત્ર આદિ કરે પણ એને ન બેસે તો શું કરે? ઇ કહેશે આગળ. પોપટને તોતાને ભણાવેલા પોપટ તોતા કાંઈ પંડિત નહિ થાય. મૂર્ખ હોય જેની બુદ્ધિ એને કોણ ભણાવે ને કોણ સમજાવે? એમ કહે છે, આગળ ૩૫માં કહેશે. જેની બુદ્ધિ જ બીજે કામ કરતી હોય, હિતનું કામ નથી, હિતને જાણવું નથી ને બીજું કાં માન ને આબરૂ જોવે છે ને આ જોવે છે ને દુનિયામાં સારું કહેવરાવવું, આ કહેવરાવવું ને આ કહેવરાવવું (છે). પહેલેથી માંડી હોળી બીજી, એને સમજાવે કોણ?

મુમુક્ષુ :– પાણી છાંટે તો થાય-

ઉત્તર :– ધૂળમાંય.. કહો, સમજાણું? એ શિષ્ય કહેશે બગલા... બગલા... બગલા... બગલા જેવાને શું સમજાવવું? એ કાંઈ બગલા કાંઈ પોપટ થાતા હશે? એમ જેને પોતાના ઠેકાણા નથી મારું હિત કેમ થાય, મારે હિત કેમ થાય, એ વાત જોઈએ. સમજાણું? આ તો જુઓને સાધુ નામ ધરાવે, શિષ્ય નામ ધરાવે, ગુરુ કે બ્રહ્મચારી નામ ધરાવે પણ પહેલેથી હોળી માનમાં બહાર આવવું (છે). કાંઈક શીખવવું, કોઈ બહાર કાંઈક માને, મારે એવું શીખવવું (છે કે) બહારમાં પડું, લોકો મને માને. હોળી જ બીજી છે હજી તો. ઇચ્છામાં જ વાંધા છે હજી, સત્ સુખની ઇચ્છા જ ક્યાં છે ત્યાં? માનની ઇચ્છા છે. બહાર પડું, દુનિયામાં ગણું એ તો છે, અનાદિનો સંસાર છે તારો. એમાં શું તેં કર્યું? આહાહા..! સમજાણું કાંઈ? શીખીને કાંઈક બહાર પડીએ, દુનિયામાં કાંઈક ગણાઈએ, આમ માથે પાટે બેઠા હોઈએ ને આમ મહા સભા બેઠી હોય ને... આહાહા..! મહારાજને થાય એવું આપણને થાય ને..! હોળી તો બીજી સળગી છે હજી.

મુમુક્ષુ :– મહારાજને ક્યાં થાય છે.

ઉત્તર :– ઇ પણ માને ને કે, આહા..! માણસ પાંચ પાંચ હજાર, દસ દસ હજાર! આહાહા..! આપણે ત્યાગી થયા ને શિક્ષાનું ફળ આવું આવે તો શીખ્યા, ત્યાગી થયા. નહિ તો શું થયા? અહીં કહે છે કે, એ જેને ઇચ્છા છે એને સત્‌ની અભિલાષા નથી. હવે સાંભળને. નથી અભિલાષા એને બીજો શું ઉપજાવ કરતો હતો? સમજાણું કાંઈ? 'ચંદુભાઈ'! આહાહા..! ભારે પણ શાસ્ત્ર નાનું પણ બહુ ભર્યું છે, હોં! એમાં. ઉપનિષદ હશે. ઉપનિષદ્‌નું હશે કાંઈક

એમાં. આ તો એકલું સાચું તત્ત્વ.

**'અપને દ્વારા ચાહે હુએ મોક્ષ-સુખકે ઉપાયોંકો જતલાનેવાલા હૈ,...'** આ શ્રદ્ધા (કર), બાપુ! આત્માની શ્રદ્ધા કર, આત્માની શ્રદ્ધા કર. આત્મા પૂર્ણાનંદની પ્રાપ્તિની ખાણ છે, ક્યાંય બીજે નથી. આનંદ બીજે નથી, મોક્ષ બીજેથી પ્રગટ થાય એવો નથી. આત્મા સ્વભાવથી ભરેલો (છે) એમાંથી મોક્ષ થશે. એમ એને કહે રાગથી નહિ, સંયોગથી નહિ, દુનિયાની આબરૂ વધે તો એ નહિ વધે, લે! સમજાણું કાંઈ? દુનિયા બહુ માને તો અહીં આગળ વધાય એમ છે નહિ.

'બીજાને તારે તો તરે' એમ કહ્યું હતું નહોતું? 'વઢવાણ'માં (સંવત) ૧૯૮૨ની સાલ. 'સુખલાલભાઈ' હતા ને? કંદોઈ. વકીલ વકીલ. એમ લખ્યું હતું 'તરે તે તારે' તો એમ કહે, એમ નહિ 'તારે તે તરે' એમ કહો. કેટલા ગોતવા જાવા? કીધું. ચાકળો લખ્યો હતો. (સંવત) ૧૯૮૨ની સાલમાં ચોમાસું હતું ને ત્યારે આ 'સુંદર વોરા' ના અપાસરે પાટ હતી એની માથે (ચાકળો હતો). આ 'પોપટભાઈ'એ (લગાવ્યો હતો). 'તરે તે તારે'. ત્યાં 'સુખલાલભાઈ' આવ્યા. (એ કહે), 'એમ ન જોઈએ. મહારાજ! આમ કરાવો. તારે તે તરે' કીધું, કેટલાને ગોતવા જાવા? અહીંયા તરે તો તારે. કીધું, ભાઈ! પોતે તરે એ તારે એમ કેમ કહેવાય? કે, જે પાત્ર હોય એને નિમિત્ત થાય માટે કહેવાય. બાકી તારતો હતો કોણ? કીધું. ૧૯૮૨ની સાલ. 'સુખલાલભાઈ' નહોતા? કંદોઈ (હતા). બધાને આમ બહાર બહાર ક્યાંક આવવું છે.

અહીં તો અંદર ને અંદર સત્ સુખની અભિલાષા (છે). એ સિવાય કાંઈ નહિ. એમ. દુનિયા આવી મળે ને આમ રહે ને આમ બેઠા ને આમ થાય ને આમ થાય, એવી અંદર મીઠાશ પડી છે એને તો સત્‌ની અભિલાષા જ નથી. હવે નથી એને ગુરુ સમજાવે શી રીતે? પોતે પોતાની અભિલાષા કરે ત્યારે એ ગુરુ એનો થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..!

મુમુક્ષુ :– ગુરુ કહેતા જ બુદ્ધિમત્તા હોય....

ઉત્તર :– હા. બુદ્ધિમત્તા–સર્વજ્ઞપદવાળો આત્મા છે, બુદ્ધિમત્તાનો શું (અર્થ)? આખો સર્વજ્ઞપદથી ભરેલો છે ને ગુરુ! સર્વજ્ઞપદથી ભરેલો (છે). જેને કોઈ(નું) કરવું નથી કાંઈ ને જાણવાનું પૂરું (છે) અને તે પણ પોતાથી. આવો (ગુરુ) બીજો કોણ હોય? આહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ઇ કહેશે, શિષ્ય હમણાં પૂછશે. તમે તો બધું ઉડાડી દીધું. એમ હોય તો અપસિદ્ધાંત થાય છે. ગુરુની સેવા ન કરવી, મુમુક્ષુની ન કરવી, ત્યાં તો મોટો અપસિદ્ધાંત થાય છે. સાંભળ, સાંભળ! સમજાણું આમાં? આહા..!

એકલો શાંતરસ પ્રભુઆત્મા, જેમાં વિકલ્પ ઉઠવાનો અવકાશ નથી તો બીજાને કહું એવું છે ક્યાં એમાં? જેથી કાંઈક કહું ને બીજા કાંઈક મને ગણે, આ વાત તો તદ્દન વિપરીત દૃષ્ટિવાળાની છે. સમજાણું કાંઈ? એની દૃષ્ટિમાં શલ્ય પડ્યું છે મોટું. હવે સત્‌ની જ ઇચ્છા નથી એને ગુરુ સમજાવે શી રીતે? એમ કહે છે. આહાહા..!

એને સત્‌ની અભિલાષા (હોય). મારે તો એક સત્ જોઈએ. શાશ્વત રહે તે મોક્ષ જોઈએ. બાકી સંસાર અસત્, વિકાર અસત્ એ કાંઈ ન જોઈએ, મારે કાંઈ ન જોઈએ આબરૂ નહિ, કીર્તિ નહિ, કાંઈ જોઈતું નથી. મારે જોઈએ સત્ ભાવ, સત્ ભાવ, શાશ્વત ભાવ મોક્ષ. એની જેને કાંક્ષા શરૂ થઈ અને તેને પોતે જણાવ્યું. ભાઈ! એ સત્‌નો ઉપાય તો અંદરમાં ઠરવું એ છે, હોં! એમ પહેલું જાણ પછી ઠરવાનો પ્રયત્ન કર્યો. એ પોતે આ ત્રણ કરે તે ગુરુ, એમ આચાર્ય ખુલાસો કરે છે. આહાહા..! મોઢા સામું કોળિયો એમને સારો ન લાગ્યો. અમને ગુરુ માને ને પહેલા! પણ એ અમને ગુરુ નહિ માની શકે પહેલા. એનો ગુરુ થયા વિના અમારા ઉપર બહુમાન વ્યવહારે નહિ આવે, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'અપને દ્વારા ચાહે હુએ મોક્ષ-સુખકે ઉપાયોંકો...'** દેખો! મોક્ષ-સુખની અભિલાષા, મોક્ષ-સુખનો ઉપાય જાણવો. **'તથા મોક્ષ-સુખકે ઉપાયોંમેં અપને આપકો પ્રવર્તન કરાનેવાલા હૈ,...'** લ્યો! બહુ સીધી વાત છે. એક મોક્ષ. મોક્ષ શબ્દે અહીં સ્વ-પરની વાત કરી હતી ને? પરથી છૂટવું ને સ્વની પૂર્ણતા શુદ્ધિ પ્રગટ કરવી એનું નામ મોક્ષ. સમજાણું?

મુમુક્ષુ :– આવી વાત તો ગુરુ જ કહી શકે.

ઉત્તર :– ભાઈ! દુનિયા પોતાનું કાંઈક છે એમ જાણે, મેં કાંઈક છોડ્યું, મેં કાંઈક બ્રહ્મચર્ય પાળ્યું, હું કાંઈક ભણ્યો છું, હું કાંઈક બીજા કરતાં પુણ્યમાં ઠીક છું, એવું કાંઈક જાણે તો કાંઈક ઠીક પડે કે એ વિના ઠીક પડતું હશે?

કહે છે કે, તારી કાંક્ષા જ બીજે વઈ ગઈ છે એટલે તારો ગુરુ તું નથી, તને સમજાવું જોઈએ કે, અરે..! સત્‌ની કાંક્ષા (જોઈએ). આહાહા..! અને સત્‌નો જ ઉપાય અને એમાં જ પ્રવર્તન. એ ત્રણે કરનારને ગુરુ કહીએ, એમ કહે છે. કહો, બરાબર હશે ને? 'મલૂપચંદભાઈ'! શું હશે આમાં હવે? આમાં છીંડી-બીંડી હશે કે નહિ? નહિ. એ.. 'મોહનભાઈ'! ખુરશી ખાલી છે હમણાં. ક્યારે આવવાના છે? હમણાં નહિ? કહો, સમજાણું આમાં? આહાહા..!

અહીં કહે છે કે, બધી અભિલાષાને ખાલી કરી દે. એક સત્... સત્... સત્... એ સત્ મોક્ષનું સુખ, છૂટેલાનું સુખ, પરથી છૂટેલાનું સુખ, સ્વમાં પૂર્ણ આવ્યો એનું સુખ, એની કાંક્ષા. બસ! એનો ઉપાય, એને જાણ. એ જાણનારો એ જાણે, કરનારો એ અભિલાષા કરે, ઠરનારો ઉપાય કરે. બસ! એ એનો ગુરુ. આવું ત્રણ જેમાં હોય એ એનો ગુરુ. કહો, બરાબર છે આમાં?

**'મોક્ષ-સુખકે ઉપાયોંમેં અપને આપકો પ્રવર્તન કરાનેવાલા હૈ,...'** ભાષા જુઓ! પાછી.

**'ઉપાયોંમેં અપને આપકો...'** એટલે ન્યાં રાગ-ફાગ કે કાંઈ (બીજો ઉપાય છે એમ નથી). જે(નાથી) જુદું પડવું છે એ વડે ઉપાય નથી થાતો, એમ કહે છે. **'અપને આપકો પ્રવર્તન કરાનેવાલા...'** જ્ઞાનાનંદ પોતાનો સ્વભાવ, તે દ્વારા પ્રવર્તન કરવાવાળો. સમજાણું કાંઈ? ઇષ્ટ ઉપદેશ. આહાહા..! કેટલાક આ 'શ્રીમદ્'માં એવા હોય, કેટલાક બોલતા, પેલા ખોજા આવતા ઇ (કહેતા), આપણે તો કાંઈ નહિ, આપણે 'શ્રીમદ્'ને પકડ્યા, 'શ્રીમદ્' આપણને હવે હાથ જાલીને તારી દેશે. આપણે કાંઈ જાણવાનું છે નહિ. એમ બોલે, લ્યો! એય..! એણે તો ઘણું બધું સાંભળ્યું હશે ને!

મુમુક્ષુ :- ઘણા એવું બોલે છે.

ઉત્તર :- ઘણાં ઘણાં. હા હા ઘણાં ઘણાય. આપણે કાંઈ નથી, આપણે તો એક 'શ્રીમદ્'ને ધાર્યા, બસ! આપણને તારવાની એમને ચિંતા. એમ બોલે, આમ બોલે.

મુમુક્ષુ :- ઢિંગો ધણી ધાર્યો.

ઉત્તર :- ઢિંગો ધણી કોણ ધારતો હતો પણ? કહો, સમજાણું કાંઈ? આહાહા..! વીતરાગી માર્ગ તે વીતરાગથી ઉભો થાય છે, પરની અપેક્ષા બિલકુલ નહિ. આહાહા..! આવી તો વાત!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોઈ તારતું નથી. સાક્ષાત ભગવાન બેઠા હોય તો શું કરે અહીં? એની સામું જોયે તરે એમ છે?

**'અપને દ્વારા ચાહે હુએ મોક્ષ-સુખકે ઉપાયોંકો જતલાનેવાલા હૈ, તથા મોક્ષ-સુખકે ઉપાયોંમેં અપને આપકો પ્રવર્તન કરાનેવાલા હૈ,...'** ભાઈ! હવે ઠર, ઠર હવે. આમાં ઠર્યા વિના ક્યાંય તારી મુક્તિ નહિ થાય. **'ઇસલિયે અપના (આત્માકા) ગુરુ આપ (આત્મા) હી હૈ.'** લ્યો! એ તો શબ્દાર્થ કર્યો. **'આપ હી હૈ.'**

મુમુક્ષુ :- એકાંત થઈ ગયું.

ઉત્તર :- એકાંત જ છે.

મુમુક્ષુ :- અનેકાન્ત તો કરો.

ઉત્તર :- પરથી ન થાય ઇ અનેકાન્ત. આહા..!

**વિશદાર્થ :- 'યહ આત્મા સ્વયં હી જબ મોક્ષ સુખાભિલાષી હોતા હૈ,...'** દેખો! અહીંથી ઉપાડ્યું. પહેલા સાધારણ ભાષા કહી હતી. સત્ કલ્યાણનો વાંછક પછી... સમજાય છે? એને કરતાં કરતાં અહીં લાવ્યા. એ સત્‌ની વ્યાખ્યા કરી. **'મોક્ષ સુખાભિલાષી હોતા હૈ,...'** એક જ પૂર્ણાનંદ. રાગથી, પરથી છૂટેલો મોક્ષ, એના સુખનો અભિલાષી.

મુમુક્ષુ :- સત્ કલ્યાણનો અર્થ કર્યો.

ઉત્તર :- બસ! સત્ કલ્યાણનો અર્થ જ એ કર્યો. **'स्वस्मिन् सदभिलाषित्वा'** એ જ

છે ને. સત્ એટલે મોક્ષ. મોક્ષ એટલે પર ને સ્વ, એમાં પરથી છૂટી અને સ્વનું એકલું રહેવું એનું નામ મોક્ષ. પહેલેથી જ જેને પરની કાંક્ષા છે એને પરથી છૂટવાની કાંક્ષા છે જ નહિ. પહેલેથી ન્યાં અંદર બીજો રોગ ભર્યો છે. આહાહા..! એમાં કહે છે ગુરુ શું કરે? કેવળી શું કરે? તું તારો ગુરુ થા ત્યારે તને સમજાય એમ કહે છે.

**'સ્વયં હી જબ મોક્ષ સુખાભિલાષી હોતા હૈ,...'** મોક્ષના સુખની અભિલાષા. મારે પૂર્ણાનંદ આત્મા રાગ રહિત થવું એવી મારી પૂર્ણ આનંદની દશા એની જ અભિલાષા (છે), કોઈ બીજી ઇચ્છા વચમાં નથી.

મુમુક્ષુ :– પારસમણિ તો બધાને સોનું બનાવી દે.

ઉત્તર :– બનાવી દે. થનાર હોય તેને. કાટવાળા લોઢાને ન થાય. એ તો એની પોતાની યોગ્યતા હતી. કહેશે, અહીં કહેશે, ખૂબ કહેશે. ૩૫મી ગાથા હજી આવશે.

**'તબ સત્કી યાની મોક્ષ-સુખકી હંમેશા અભિલાષા કરતા રહતા હૈ...'** દેખો! પહેલા અભિલાષા થાય છે અને સત્ની એટલે મોક્ષ-સુખની **'હંમેશા અભિલાષા કરતા રહતા હૈ...'** એની વિશેષ વ્યાખ્યા કરી કે, **'કિ મુઝે મોક્ષ-સુખ પ્રાપ્ત હો જાવે.'** મારે તો પૂર્ણાનંદ રાગથી ભિન્ન પડવાનું સુખ પ્રાપ્ત થાય. હજી એક બોલની વ્યાખ્યા પૂરી થઈ. સમજાણું?

**'સ્વયં હી જબ મોક્ષ સુખાભિલાષી હોતા હૈ, તબ સત્કી યાની મોક્ષ-સુખકી હંમેશા...'** હંમેશા એટલે કાયમ ક્યાંય વચ્ચે ફૂદી, ફૂદો આવવા ન દે. કાંઈ પુણ્ય બંધાય ને કાંઈ આમ થઈ જાય ને કાંઈ આમ થઈ જાય ને કાંઈ આમ થાય. તો એને સત્ની અભિલાષા નથી. **'મોક્ષ-સુખકી હંમેશા અભિલાષા કરતા રહતા હૈ કિ મુજે મોક્ષ-સુખ પ્રાપ્ત હો જાવે. ઇસી તરહ જબ સ્વયં આત્મા મોક્ષ-સુખકે ઉપાયોંકો જાનના ચાહતા હૈ,...'** દેખો! એમ જ્યારે સ્વયં આત્મા મોક્ષ એટલે પરમાનંદની મૂર્તિ આત્મા, એ રાગથી છૂટેલો આત્માનો આનંદ, એના ઉપાયોને જાણવા ચાહે છે. દેખો! (પહેલા) મોક્ષની અભિલાષા કરી, હવે એનો ઉપાય અને પછી પ્રવર્તન.

**'તબ યહ સ્વયં મોક્ષકે સુખકે ઉપાયોંકો જતલાનેવાલા બન જાતા હૈ...'** પોતે પોતાને બતાવે છે. ગુરુએ કહ્યું પણ એને પોતાને ન બેસે તો? પોતાને બેસે એ પોતે પોતાનો ગુરુ છે. આ ઉપાય સિવાય બીજો ઉપાય નથી, ભાઈ! સ્વરૂપમાં અંતર વળવું અને બહારથી ખસવું અને અંતરમાં અંતર પ્રવર્તન કરવું એ જ ઉપાય છે. એમ પોતે પોતાને જણાવે ત્યારે જણાવનારો પોતે પોતાનો ગુરુ. બીજાએ કીધું પણ એને બેસે નહિ એમાં શું કરવું? એટલે (પોતે) નિશ્ચય ગુરુ થયો ત્યારે પેલા વ્યવહાર ગુરુ તરીકે એને આદર આવ્યો. એમ એવી શૈલીથી ગુલાંટ મારે છે. આહાહા..! સમજાય છે? આમથી નહિ. નિશ્ચય હોય તો એને વ્યવહારનો આવો બહુમાનનો ભાવ આવશે. પણ તું કહે, એ ગુરુથી ઉપડીશ તો એક્કે નહિ થાય.

મુમુક્ષુ :– શીખવા આવ્યો ત્યાં બેસાડી દે છે?

ઉત્તર :– શીખવા આવ્યો નથી, એ પોતે શીખવા ને પોતાને શીખામણ દેવા આવ્યો છે.

મુમુક્ષુ :– પોતાને શીખામણ દેવા...

ઉત્તર :– લેવું છે ક્યાં? કોની પાસેથી લે? આહાહા..!

**'તબ જતલાનેવાલા બન જાતા હૈ કિ યહ મોક્ષ-સુખકે ઉપાય મુઝે કરના ચાહિયે.'** જોયું? મારે મોક્ષના સુખનો ઉપાય કરવો જોઈએ, મારે તો મોક્ષના સુખનો ઉપાય કરવો જોઈએ. બીજું મારે કાંઈ કામ નથી, મારે બીજું કાંઈ કામ નથી. મારે તો મોક્ષના સુખનો ઉપાય કરવો. જુઓ! જાણપણું જાજું થાય, ઓછું થાય, બોલતા આવડે, ન બોલતા આવડે, સમજાવતા (ન આવડે), એ બધી વાત એકકોર પડી રહી. 'વજુભાઈ'! આહાહા..! આવો હોય એને ગુરુ કહેવામાં આવે છે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૪૯૨, વૈશાખ વદ ૮, ગુરૂવાર
## તા. ૧૨-૦૫-૧૯૬૬
## ગાથા–૩૪ થી ૩૫ પ્રવચન નં. ૩૮

આ 'ઇષ્ટોપદેશ' છે, એની ૩૪મી ગાથા. વિશદાર્થ લ્યો ફરીને. જુઓ! આત્માનો આત્મા ગુરુ છે એ વાત સિદ્ધ કરે છે. બીજા તો નિમિત્તમાત્ર છે. પોતાને સત્‌ની અભિલાષા ન થાય તો સત્‌ની અભિલાષા બીજો કોણ ઊપજાવી શકે? પહેલેથી એ વાત લીધી, દેખો!

**'स्वस्मिन् सदभिलाषित्वाद'** છે ને? એનો ખુલાસો **'યહ આત્મા...'** વિશદાર્થ, વિશદાર્થ આ બાજુ. **'સ્વયં હી જબ મોક્ષ સુખાભિલાષી હોતા હૈ,...'** એટલે શું? સંસારના કોઈપણ સુખની જ્યાં ઇચ્છા જેને નથી અને આત્માની રાગરહિત પૂર્ણ શુદ્ધ દશા એવું ટકનારું સત્ સ્વરૂપ એવો જેમાં સત્ આનંદ છે એની જેને અભિલાષા છે. એ અભિલાષા કરનાર પોતે જીવ છે. કોઈ કાંઈ ગુરુ આદિ કરાવી દેતા નથી. એને જ આ સત્ શાશ્વત સુખની જિજ્ઞાસા, કાંક્ષા ન થાય (તો) બીજો કોણ કરી શકે? અંદરમાં આ જગતના સુખોની અભિલાષા રહ્યા કરે, કોઈ આબરૂની, કીર્તિની, વિષયની, દેવની ને પુણ્યની અધિક થવાની, બહારમાં મોટપ લેવાની એવી જેને અભિલાષા છે એને જ્ઞાની શું કરી શકે? સત્ અભિલાષ બનાવી શી રીતે શકે? સમજાણું કાંઈ?

જેને અંતરમાં જ મીઠાશ (ચાલે છે). પરસુખ સંસારના સુખો આબરૂ, કીર્તિ જેમાં સુખ નથી એમાં જ જેને પ્રીતિ પડી (છે) એ સત્‌ના સુખનો અભિલાષી પોતે થયા વિના બીજો કોણ કરાવી દે એને? સમજાણું કાંઈ?

**'આત્મા સ્વયં હી જબ મોક્ષ સુખાભિલાષી...'** અહીં વ્યાખ્યા ઇ કરી છે. 'સત્' શબ્દ

પડ્યો છે ને? **'सदभिलाषित्वाद'**. સત્‌ની અભિલાષા. સત્‌ની અભિલાષાનો અર્થ–આત્માનો જે આનંદ પૂર્ણ પ્રાપ્ત થાય એવો મોક્ષ, એ સત્‌સુખ છે, એ સત્‌પણું છે. એ સિવાય બધું ચાર ગતિ દેવ, સ્વર્ગ, આબરૂ, કીર્તિ બધું દુઃખરૂપ છે, દુઃખનું કારણ છે. એવી જેને અંતરમાં સત્‌ની અભિલાષ ન થાય એને ગુરુ આવીને શું કરી દે? એમ કહે છે. સમજાણું કાંઈ?

સત્‌ની અભિલાષા. શાશ્વત રહેનારું સુખ એટલે કે મોક્ષ. એટલે કે આત્મા પરથી છૂટો પડીને પોતાની પૂર્ણ આનંદ દશાને પ્રગટ કરે એવી આનંદ દશા એ સત્ સુખ છે. એવા સત્ સુખની અભિલાષા કરનારો તો આત્મા પોતે છે. કે કોઈ કરાવી દે? માટે સત્ સુખનો અભિલાષ કરનાર પોતે પોતાનો ગુરુ છે.

ભાઈ! હવે અસત્ સુખના કલ્પનામાં અનંત કાળ ગાળ્યો. જેમાં ક્યાંય ધૂળેય સુખ નથી. સ્વર્ગમાં, આબરૂમાં, કીર્તિમાં, પૈસામાં, સ્ત્રીમાં, શરીરની અધિકાઈમાં, આબરૂની, પૈસાની, અમલદાર અધિકારીમાં (ક્યાંય સુખ નથી). સત્ સુખ તો શાશ્વત આનંદ મોક્ષ છે. જેને અંદરમાં મુક્ત સ્વરૂપ એવું જે સુખ એની જેને અભિલાષા છે એ તો એનો કરનારો એ જીવ પોતે છે. લાખ ઉપદેશ આપે પણ એ અભિલાષ ન કરે તો કોણ કરાવી દે એને?

મુમુક્ષુ :– ભાળ્યું નથી તો બતાવે કેવી રીતે?

ઉત્તર :– ભાળ્યું નથી. એણે નહોતું ભાળ્યું. એવી જ્યારે ભાવના કરે ત્યારે એ નિમિત્ત કહેવાય એમ કહે છે. એક જ વાત એને સત્ સુખ, સત્ સુખ. અસત્ સુખ, કલ્પનાનું સુખ, ચાર ગતિનું (સુખ), એ સુખની જેને અભિલાષા તૂટી ગઈ છે અને સત્ શાશ્વત જ્ઞાન, પૂર્ણ શુદ્ધ ચૈતન્ય મુક્ત (સ્વરૂપ) એના સુખની જેને અભિલાષા થઈ છે. **'स्वस्मिन्'** પોતાને પોતા વડે. કહો, સમજાણું કાંઈ?

**'તબ સત્‌કી યાની મોક્ષ-સુખકી હંમેશા અભિલાષા કરતા રહતા હૈ...'** ત્યારે એ સત્ એટલે મોક્ષ-સુખ. સત્‌નો અર્થ જ મોક્ષ-સુખ, બાકી બધું નાશવાન (છે). પૈસા, આબરૂ, કીર્તિ, ધૂળ, સ્વર્ગ, નરક, મોટપ, અમલ અધિકારીઓ, શરીર સુંદરતા, આ માનમાં અધિક ને મોટા બધું ધૂળ ધમાહા (છે). એની જેને ઉદ્વેગતા થઈ છે, વૈરાગ્ય થયો છે. અને સત્ સુખની જેને અંતરમાં અભિલાષા થઈ છે. એ સત્-મોક્ષ સુખની હંમેશા **'હંમેશા અભિલાષા કરતા રહતા હૈ...'** વારંવાર એની અભિલાષા (કરે છે). કાંક્ષા છે ને? સમજાણું કાંઈ? અભિલાષ શબ્દ પડ્યો છે. એક જ પૂર્ણ આનંદ... પૂર્ણ આનંદ... પૂર્ણ આનંદ... સ્વયંસિદ્ધ સ્વતંત્ર મોક્ષ સુખ, એની હંમેશા ભાવના કરે. એક વાત (થઈ).

**'કિ મુઝે મોક્ષ-સુખ પ્રાપ્ત હો જાવે.'** મને તો મારું મોક્ષનું સુખ, મારું મોક્ષનું સુખ મને પ્રાપ્ત થાઓ. એ વાત જેને હૃદયમાં બેઠી છે એ આગળ ઉપાય શોધીને એનું પ્રવર્તન કરશે. કહો, સમજાણું કાંઈ?

**'ઇસી તરહ જબ સ્વયં આત્મા મોક્ષ-સુખકે ઉપાયોંકો જાનના ચાહતા હૈ,...'** લ્યો! પોતે

જાનના ચાહતા હૈ. લાખ સમજાવે બીજા શું કરે? દાખલો કહેશે. કાંઈ બગલાને પોપટની જેમ સમજાવી શકાય છે? બગલાને. બગલા હોય છે ને? મોટા માછલા મારનારા. એને પોપટની જેમ સમજાવાય? પોપટ તો હજી એમ કહે, ભાઈ! આમ છે. પોપટ તો શીખે છે, એની લાયકાત છે. બગલાને સમજાવાય? એમ જેને મોક્ષના સુખની અભિલાષા નથી, એના ઉપાયને જાણવાનો પ્રયત્ન કરતો નથી, એને બીજો શું કરે? સમજાણું કાંઈ? જ્યાં-ત્યાં જાવાં નાખે, ત્યાગી થાય, સાધુ થાય, બ્રહ્મચારી થાય પણ જાવા (નાખે). અહીં સુખ, અહીંથી આવશે, આ મને મોટો કરશે, આ મને મોટો માનશે એ બધી અભિલાષા સંસારના સુખની મિથ્યાત્વની છે. સમજાણું કાંઈ? એકલું મારું સ્વતંત્ર મોક્ષનું સુખ એ જ જેને હંમેશા અભિલાષ છે અને એના ઉપાયને જાણવાને પ્રયત્નવાન છે. એનો ઉપાય શું ત્યારે? હવે એનો ઉપાય શું? જુઓ! સમજાણું?

**'જબ સ્વયં આત્મા...'** પોતાની મેળાએ આત્મા **'મોક્ષ-સુખકે ઉપાયોંકો જાનના ચાહતા હૈ,...'** લાખ ઉપદેશ માથે આપે પણ પેલો ઠેકાણા વિનાનો હોય એને જરીએ તે આગળ ચાલે છે ક્યાં? સમજાણું કાંઈ? એ તો એને એ જ હોય કાં તો આમાં આમ મળશે, કાં તો આમ થાશે, પુણ્ય કરશું ને પછી સ્વર્ગ થાશે ને પછી આ થાશે ને આ મોટા થાશે ને છોકરા સારા થાશે ને... ધૂળમાં અજ્ઞાની ન્યાં ને ન્યાં મથ્યો છે. હવે એવા મૂઢને કહે છે કે, બગલાને સમજાવી શકાય તો એને સમજાવી શકાય. કહો, સમજાણું કાંઈ? આ પોતે જાણી મોક્ષના ઉપાયને પોતે જાણવા માગે છે. **'જાનના ચાહતા હૈ,...'** છે ને? **'अभीष्टज्ञापकत्वतः'**

**'તબ યહ સ્વયં મોક્ષકે સુખકે ઉપાયોંકો...'** મોક્ષના, સુખના ઉપાયોને **'જતલાનેવાલા બન જાતા હૈ...'** કહો, પોતે પોતાને બતાવનારો બની જાય છે. અરે..! આત્મા બીજે ક્યાંય તને સુખ નથી. એ સુખના ઉપાયો તું શોધ, તને કોઈ આપી દે એવું નથી. સમજાણું કાંઈ? અનંત તીર્થંકરોના સમવસરણમાં ગયો, શું કરે? તીર્થંકર આપી દે એવું છે? આહાહા..! સમજાણું કાંઈ? ભણ્યો અગિયાર અંગ ને નવ પૂર્વ, એથી શું થયું? અંતરના શલ્ય નાખ્યા કાઢ્યા નહિ. પરમાં સુખની મીઠાશના શલ્ય છોડ્યા નહિ ને સત્‌ના ઉપાય શોધવાને જાણપણું કર્યું નહિ.

**'સ્વયં મોક્ષકે સુખકે ઉપાયોંકો...'** પોતે એને બતાવે છે, ભાઈ! પરમ આનંદ તો મારી પૂર્ણ શુદ્ધ દશામાં છે. માટે એનો ઉપાય શું? એ ઉપાય જાણવાને પોતે આત્મા પ્રયત્ન (કરે છે). પોતે જાણવાનો પ્રયત્ન કરે છે માટે પોતે પોતાનો ગુરુ છે. કહો, સમજાણું આમાં? આહાહા..! **'ઇસી તરહ અપને આપકો મોક્ષ-ઉપાયમેં લગાનેવાલા ભી વહ સ્વયં હો જાતા હૈ,...'** લ્યો! પ્રવર્તન કરનારો પણ પોતે છે. ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ (છે) તેમાં પૂર્ણ આનંદ છે એનો વિશ્વાસ કરવા એ પોતે જ પ્રવર્તે છે. ભગવાનઆત્મામાં આનંદ છે એનું જ્ઞાન કરવા પોતે જ પ્રવર્તે છે અને એમાં સ્થિર કરવાને સ્થિરતા પોતે પ્રવર્તે છે. એમાં બીજો કોણ કરી દે એવું છે? કહો, 'ચંદુભાઈ'! આહાહા..! આ દુનિયાને ઘણાને સમજાવે

એમાંથી ક્યાંક ભાગ મળે કે નહિ થોડો?

મુમુક્ષુ :– દસમો ભાગ.

ઉત્તર :– દસમો ભાગ આ ગરાસિયાઓ કહેતા હતા. ધૂળેય મળતો નથી, સાંભળને હવે. તારા મોક્ષનું પ્રવર્તન તારી પાસે છે. વાણી ઉઠે એ તારી ક્યાં? ને વિકલ્પ ઉઠે એનાથી ઉપાય ક્યાં છે? સમજાણું કાંઈ?

કહે છે **'અપને આપકો મોક્ષ-ઉપાયમેં લગાનેવાલા...'** શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર પોતામાં કરવાવાળો. મારાથી એ થાય છે. કોઈ વિકલ્પથી, વાણીથી બીજાને સમજાવવામાં રોકાઉં તો એમાંથી થોડો લાભ મને મળે, એ મોક્ષનો ઉપાય છે જ નહિ.

મુમુક્ષુ :– પોતાનું ધ્યાન ધરે...

ઉત્તર :– ધ્યાન ધરે એ તો પોતાની એકાગ્રતા પોતાની છે, પરની એવી વાત ક્યાં છે? પરને માટે ક્યાં હતું? કહો, સમજાણું? એનું વલણ પોતે શુદ્ધ ચૈતન્યજ્યોત છે એનો વિશ્વાસ, એનું જ્ઞાન, એની લીનતા પોતે પોતામાં કરનાર છે. એમાં પરની અપેક્ષા રહી ક્યાં? સમજાણું કાંઈ? એ તો વ્યવહારે લોકોને વાતું કરે.

'હીરાજી મહારાજ' હતા ને? (એમને કહ્યું હતું), આપણે તો વાંચવા-બાંચવા નથી નીકળ્યા, આપણને વાંચવાનું ન કહેવું. પણ આટલી આબરું, આવું રૂપાળું શરીર, આવી વાણી ને આ બધા લોકો વાંચો વાંચો કહે છે. હું વાંચવા નથી નીકળ્યો. હું તો મારું કરવા નીકળ્યો છું. પછી એ આમ બોલતા હતા, તને વાંચતા વાંચતા તર્ક ઉઠશે, આમ થાશે. 'રામજીભાઈ' કહેતા. એકલા બેઠા બેઠા... દીક્ષા લઈને બે વર્ષની વાત છે, હોં! (સંવત) ૧૯૭૧-૭૨ની. મેં કીધું, આપણે તો મારું કરવા (નીકળ્યા છીએ). દુનિયા શું કરે એનું આપણે કાંઈ કામ નથી, અમે તો અમારું કરવાના છીએ. ઇ તો આવી પડ્યું આ પાછું. ઇ તો આવી પડ્યું. વિકલ્પ ને વાણી એ ક્યાં આત્માની છે? આહાહા..!

અમારે એ 'હીરાજી મહારાજ' મીઠા બહુ હતા, હોં! આમ કહે, ભાઈ! તું એકકોર બેસીને વાંચે છો, તને જાણપણું થાય છે વાત સાચી છે. સમજ્યા ને? એને નહોતું (સમજાતું) એવું કેટલુંક એમાંથી હું કહેતો એટલે એને થાતું કે, ભાઈ! વાત સાચી. વ્યાખ્યાનમાં પહેલું સૂત્ર મારી પાસે વંચાવે. પણ વ્યાખ્યાન થાશે તો બહુ તર્ક ઉઠશે. કોણ ના પાડે છે, કોને બેસે છે, કોણ આમ કહે છે એટલે એમાંથી તર્ક ઉઠીને... એમ કરીને કહેતા હતા. સમજાવવા માટે ન્યાં આ જ્ઞાન સ્પષ્ટ થાતું હશે? એય..! સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન પોતે જ અહીં તો કહે છે કે, પોતાનું દર્શન, પોતાનું જ્ઞાન ને પોતાના ચારિત્રના પ્રવર્તનનો ઉપાય પોતે કરે છે. આહાહા..! વિકલ્પ આવ્યો ને વાણી હોય તો આ પ્રવર્તન છે અને દુનિયા માને તો આ પ્રવર્તન થાય એવું છે નહિ. આહાહા..! વાહ..! ત્રણ બોલ મુક્યા છે, જુઓને! ગાથાઓ ભારે ઊંચી! એકદમ સત્ અભિલાષી. પાધરો શબ્દ જ વાપર્યો

છે. સત્ એટલે શાશ્વત સુખનો જ અભિલાષી, એમ કહે છે. આ દુનિયાની લપમાં ક્યાંય મોટપ, ક્યાંય અધિકાઈ, કાંઈક આ, કાંઈક આ, કાંઈક પદવી મળશે, ક્યાંક મોટો થાઈશ, ક્યાંક મારું ગુરુપદ રહેશે, શિષ્યો જાજા થાશે ને મારું નામ રહેશે. મૂઢ છે. આહાહા..! તને સત્‌ના સુખની અભિલાષા નથી. આહા..! ભગવાનઆત્મા પોતાના દર્શન, જ્ઞાન ને ચારિત્રનું પ્રવર્તન જાણે અને પોતે પ્રવર્તે. કહો, **'લગાનેવાલા ભી વહ સ્વયં હો જાતા હૈ,...'** કે, કોઈ લગાવી દે? ગુરુ લગાવી દે ને?

મુમુક્ષુ :– લગાવે નહિ, ટેકો આપે.

ઉત્તર :– આપ્યા ટેકા. એ હવે દાખલો આપશે.

**'ઇસ સુદુર્લભ મોક્ષ સુખોપાયમેં...'** પોતે પોતાને જ કહે છે, જુઓ! અહો! સુદુર્લભ મોક્ષ સુખોપાય. મોક્ષના સુખનો ઉપાય મહા દુર્લભ છે. **'હે દુરાત્મન્...'** પોતે પોતાને કહે છે. અરે..! આવો સમય મળ્યો ભાઈ! કોની વાટ જોવી છે? કોની સામું તારે જોવું છે? આટલા માને ને આટલા થાય ને આટલું થાય તો (સારું). પણ તારે કામ શું છે એનાથી? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આવો અવસર મળ્યો.

ઉત્તર :– અવસર મળ્યો માટે આત્માનું કરી લે, એમ. અહીં અંદર આત્માનો યોગ મળ્યો ઇ.

**'હે દુરાત્મન્ આત્મા! તુમ આજતક અર્થાત્ અભીતક ભી પ્રવૃત્ત નહીં હુએ.' 'અભીતક ભી પ્રવૃત્ત નહીં હુએ.'** આ ઊંધામાં પ્રવર્ત્યો, સાચામાં અત્યાર સુધી પ્રવર્ત્યો નથી. પોતાનું સચ્ચિદાનંદ સ્વરૂપ, જેમાંથી મોક્ષનો ઉપાય ને મોક્ષ નીકળે છે એમાં અત્યાર સુધી તો તેં પ્રવર્તન ન કર્યું. અંતર લક્ષ આપ્યું નહિ, બહાર લક્ષમાં ભટક્યા કર્યો, એમ પોતે પોતાને કહે છે. આહાહા..!

**'હે દુરાત્મન્ આત્મા! તુમ આજતક અર્થાત્ અભીતક ભી પ્રવૃત્ત નહીં હુએ.'** ભગવાનઆત્મા સત્ સુખનો અભિલાષી, એના ઉપાયનું જ્ઞાન કર્યું અને પોતે કર્યું પ્રવર્તન. પ્રવર્તનમાં પોતે પોતાને શીખામણ આપે છે, ભાઈ! તેં તારા ચૈતન્યના સ્વભાવ સાગરને જોવા વખત તને મળ્યો નહિ. વખત તને મળ્યો નહિ. ભાઈ! તેં વખત લીધો નહિ. જુઓ! આમાં કાંઈ કર્મને લઈને એ વાત નથી, હોં! નથી? કર્મને લઈને તું અટક્યો છો ને ફલાણાને માટે ન કરી શક્યો એ વાત નથી. કર્તા થઈને તેં પરમાં સુખપણે બુદ્ધિ રાખી હતી એ તું કર્તાપણે આત્મામાં સુખ મોક્ષનું છે એની અભિલાષા કર. બીજી કર્મ-ફર્મની વાત અહીં છે નહિ. આહા..! અરે..! પેલા રાડે રાડ પાડે, કર્મ આમ થાય, કર્મ માર્ગ આપે તો આમ થાય. અરે..! ભગવાન! તારે શું કરવું છે? ભાઈ! તું જ સ્વાધીનતાને છોડીને પરાધીન (થયો). એમ કરીને (કહે છે કે) હું હવે સ્વાધીન થાઉં. પરાધીન હું થતો, મને કોઈ પરાધીન કરતું નથી. આહાહા..!

આઠ આઠ વર્ષના રાજકુમારો વગર પરણેલા ને વગર સંસારના અનુભવેલા જ્યારે આમ ચાલી નીકળે. વૈરાગ્ય... વૈરાગ્ય... વૈરાગ્ય... અરે..! અમારા સુખ તો અમારી પાસે છે અને અમારા ઉપાયથી છે. અમારું સુખ તો અમારી પાસે અને અમારા ઉપાયથી છે. બહારમાં નથી ને બહારના ઉપાયથી એ નથી. આહાહા..! ચાહે જેવી સગવડતા કે અગવડતા બહારની હો. સગવડતા મારો સ્વભાવ, અગવડતા મારી ઊંધાઈ, બીજી કોઈ ચીજ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, અરે..! **'મોક્ષ સુખોપાય મેં અભીતક ભી પ્રવૃત્ત નહીં હુએ.'** જ્યાં જ્યાં ક્યાંક ક્યાંક છેવટે પુણ્યનો ભાવ (થાય) એમાં પણ મને સુખ છે, એનાથી મને પરંપરાએ સુખ મળશે. અરે..! આત્મા! તું અટક્યો છો અનંત કાળથી. એમ પોતાને શીખામણ આપે છે. આહા..! **'ઇસલિયે સ્વયં હી આત્મા અપને કલ્યાણકા ચાહનેવાલા,...'** દેખો! **'ઇસ પ્રકાર અભીતક ન પ્રવર્તનેવાલે આત્માકા પ્રવર્તક ભી હુઆ કરતા હૈ.'** પોતે પ્રવર્તક થાય છે. પોતે સુખના ઉપાયના માર્ગમાં પ્રવર્તક નહોતો, એ પોતે સુખના માર્ગમાં પ્રવર્તક થાય છે. જે માર્ગમાં પ્રવર્તક નહોતો તે થાય, તે એનો ગુરુ છે. બીજો ક્યાં પ્રવર્તક કરાવી દે એવું છે? કહો, 'મગનભાઈ'! આહાહા..!

મુમુક્ષુ :- આજે તો સ્વાધ્યાય મંદિરના ઉદ્‌ઘાટનનો દિવસ છે.

ઉત્તર :- અહીં તો સદાય આત્માનું ઉદ્‌ઘાટન છે. આહા..! ઉદ્‌ઘાટન છે અહીં તો. આ આત્મા પ્રભુ અહો! જેને સુખની તાલાવેલી મોક્ષની એટલે પોતાના સુખની, એમ. મોક્ષની, સુખની એટલે પોતાના સુખની જેને તાલાવેલી (છે). અને એ સુખના ઉપાયોને શોધે છે અને એ શોધનમાં પ્રવર્તે છે. એ પોતે ત્રણે કામ કરે છે. કહો, 'હરીભાઈ'! શું કરે આમાં ગુરુ? એમ કહે છે. તીર્થંકર હોય તો કરે શું? ન્યાં જોડે ઉભા રહ્યા. ફાલ નાખે એવું છે કોઈ?

મુમુક્ષુ :- નામ તો તીર્થંકર છે.

ઉત્તર :- તીર્થંકર છે એટલે? નિમિત્ત છે અહીં કરે તો. એમ કહે છે. તું પ્રવર્ત તો પેલા નિમિત્ત કહેવાય. પ્રવર્તનારા, તીર્થના કરનારા એટલે તીર્થ તો પોતાના સ્વરૂપમાં કરનારા છે એમ અર્થ કર્યો છે. ક્યાં? 'પ્રવચનસાર'માં પહેલી ગાથાઓમાં છે ને? પોતે પોતાના ઉપાયના કરનારા છે. અહીં તો સ્વતંત્રતાના ઉપાય વિના બાપુ! તને ક્યાંયથી સુખ મળે એવું નથી. આહાહા..!

**'ઇસલિયે સ્વયં હી આત્મા અપને કલ્યાણકા ચાહનેવાલા,...'** ત્રણે બોલનો સરવાળો કરે છે. એ માટે પોતે પોતાના કલ્યાણનો ચાહવાવાળો. કલ્યાણ કહો, સત્ કહો, મોક્ષનું સુખ કહો. **'અપનેકો સુખોપાય બતલાનેવાલા,...'** એ ઉપાય આ છે, હોં! ભાઈ! બીજા ઉપાય નથી. એ મોક્ષ-સુખને માટે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ઉપાય (છે), બીજા ઉપાય નથી. લાખ બીજી વાત કર, એ ઉપાય નથી. એમ પોતે પોતાને બતાવે છે.

**'સ્વયં હી આત્મા અપને કલ્યાણકા...'** આવી ગયું. **'ઔર સુખોપાયમેં પ્રવૃત્તિ કરનેવાલા હોનેસે અપના ગુરુ હૈ.'** દેખો! બહુ સરસ વાત છે. એને સુખ એટલે આત્મામાં સુખ (છે). એનું વલણ જ અંદર ફરી ગયું. આમ જે માનતો હતો (કે) આ પુણ્ય કરું ને આમ કરું ને મોટો કરું ને મોટો થાય ને આ પદવી આમાં થાય ને આ મળે, (એ) બધી ભ્રમણાબુદ્ધિ બહિરાત્માની છે. સમજાણું કાંઈ? એને અનાદિથી ઊંડે-ઊંડે મીઠાશ જ એ પડી છે. ભલે પછી શાસ્ત્રના બહાને હો, કથનને બહાને હો, બીજાને સમજાવવાને બહાને હો, પુસ્તક બનાવવાને નામે હો, આચાર્ય નામ ધરાવવાને બહાને હો. એમાં મીઠાશ (રહી જાય છે). આત્મા સ્વતંત્ર આનંદનો ધરનાર તેનું સુખ સ્વતંત્ર છે એની અભિલાષા, તેનું જ્ઞાન ને તેનું પ્રવર્તન એણે એક સમય કોઈ દિ' કર્યું નથી. આહાહા..! સમજાણું કાંઈ? માનેલું ખરું, માનેલું ખરું ભ્રમણાથી (કે) અમે કરીએ છીએ, નથી કરતા? કરીએ છીએ. કરતો હોય ઊંધુ ને (માને) કરીએ છીએ. ઇ કોણ એને બતાવે એમ અહીં કહે છે. ઇ કોનાથી પમાય? કહો, ભૂલ જાણે કોણ? આહાહા..! સમજાણું કાંઈ? લ્યો! એ ત્રણે કરે તે ગુરુ કહેવાય. એ આત્મા આત્માનું પોતે કરે છે.

**दोहा - आपहिं निज हित चाहता, आपहि ज्ञाता होय।**
**आपहिं निज हित प्रेरता, निज गुरु आपहि होय।।३४।।**

---

**यहाँपर शिष्य आक्षेप सहित कहता है कि इस तरह तो अब अन्य दूसरोंकी क्यों सेवा करनी होगी? बस जब आपसमें खुदका खुद ही गुरु बन गया, तब धर्माचार्यादिकोंकी सेवा मुमुक्षुओंको नहीं करनी होगी। ऐसा भी नहीं कहना चाहिये, कि हाँ ऐसा तो है ही, कारण कि वैसा माननेसे अपसिद्धान्त हो जायगा। ऐसे बोलनेवाले शिष्यके प्रति आचार्य जवाब देते हैं-**

**नाज्ञो विज्ञत्वमायाति, विज्ञो नाज्ञत्वमृच्छति।**
**निमित्तमात्रमन्यस्तु, गतेर्धर्मास्तिकायवत्।।३५।।**

**अर्थ :- तत्त्वज्ञानकी उत्पत्तिके अयोग्य अभव्य आदिक जीव, तत्त्वज्ञानको धर्माचार्यादिकोंके हजारों उपदेशोंसे भी नहीं प्राप्त कर सकता है। जैसा कि कहा गया है `स्वाभाविकं हि निष्पत्तौ०'**

**`कोई भी प्रयत्न कार्यकी उत्पत्ति करनेके लिये स्वाभाविक गुणकी अपेक्षा किया करता है। सैंकड़ों व्यापारोंसे भी बगुला तोतेकी तरह नहीं पढ़ाया जा सकता है।'**

इसी तरह तत्त्वज्ञानी जीव, तत्त्वज्ञानसे छूटकर हजारों उपायोंके द्वारा भी अज्ञत्वको प्राप्त नहीं कर सकता। जैसा कि कहा गया है - `वज्रे पतत्यपि०'

`जिसके कारण भयसे घबराई हुई सारी दुनियाँ मार्गको छोड़कर इधर उधर भटकने लग जाय, ऐसे वज्रके गिरनेपर भी अतुल शांतिसम्पन्न योगिगण योगसे (ध्यानसे) चलायमान नहीं होते। तब ज्ञानरूपी प्रदीपसे जिन्होंने मोहरूपी महान् अन्धकारको नष्ट कर दिया है, ऐसे सम्यग्दृष्टि जीव क्या शेष परीषहोंके आने पर चलायमान हो जायेंगे? नहीं, वे कभी भी चलायमान नहीं हो सकते हैं।'

यहाँ शंका यह होती है कि यों तो बाह्य निमित्तोंका निराकरण ही हो जायगा? इसके विषयमें जवाब यह है कि अन्य जो गुरु आदिक तथा शत्रु आदिक हैं, वे प्रकृत कार्यके उत्पादनमें तथा विध्वंसनमें सिर्फ निमित्तमात्र हैं। वास्तवमें किसी कार्यके होने व बिगड़नेमें उसकी योग्यता ही साक्षात् साधक होती है। जैसे एक साथ गतिरूप परिणामके लिये उन्मुख हुए, पदार्थोंमें गतिकी साक्षात् पैदा करनेवाली उन पदार्थोंकी ही गमन करनेकी शक्ति है। क्योंकि यदि पदार्थोंमें गमन करनेकी शक्ति न होवे तो उनमें किसीके द्वारा भी गति नहीं की जा सकती। धर्मास्तिकाय तो गति करानेमें सहायकरूप द्रव्यविशेष है। इसलिये वह गति के लिये सहकारी कारणमात्र हुआ करता है। यही बात प्रकृतमें भी जाननी चाहिये। इसलिये व्यवहारसे ही गुरु आदिकोंकी सेवा शुश्रूषा आदि की जानी चाहिये।।३५।।

**दोहा - मूर्ख न ज्ञानी हो सके, ज्ञानी मूर्ख न होय।**
**निमित्त मात्र पर जान, जिमि गति धर्मतें होय।।३५।।**

---

લ્યો! પોતાના હિતની પ્રેરણા પોતે કરે. અરે..! આત્મા! આહા..! ચાર ગતિના દુઃખથી તને કેડ ભાંગી નથી હજી? દુઃખ તને નથી આકરા લાગતા? અને તને સુખની અભિલાષા આત્માના આનંદની નથી. ભાઈ! બહુ જાવાં નાખ્યા, તેં અનંતકાળથી ભાઈ! ક્યાંય સુખ છે નહિ. એમ પોતે પોતાને પ્રેરીને પ્રવર્તન કરે છે. આહા..! **'आपहिं निज हित प्रेरता, निज गुरु आपहि होय'** પોતે પોતાનો ગુરુ હોય, બીજો કોઈ હોઈ શકે નહિ. કહો, સમજાણું?

ત્યારે શિષ્યનો પ્રશ્ન ઉઠ્યો. **'यहांपर शिष्य आक्षेप सहित कहता है...'** શિષ્ય આક્ષેપ કરે છે. મહારાજ! તમે તો ઉડાવી દીધું બધું. ગુરુની સેવા, ધર્માચાર્યની સેવા બધું ઉડાવી દીધું તમે. **'इस तरह तो अब अन्य दूसरोंकी क्यों सेवा करनी होगी?'** થઈ રહ્યું. ગુરુ પાસે સાંભળવાનું ને ગુરુથી જ્ઞાન થાય ને એ બધી વાત ઉડાડી દીધી તમે તો. કહો!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ સમજે ત્યારે એને કહે. વ્યવહાર ત્યારે કહેવાય એમ કહે છે અહીં તો. તું કર્યા વિના બીજાને નિમિત્ત શી રીતે કહેવું?

**'દૂસરોંકી ક્યોં સેવા કરની હોગી? બસ જબ આપસમેં ખુદકા ખુદ હી ગુરુ બન ગયા,...'** લ્યો! **'જબ આપસમેં ખુદકા ખુદ હી ગુરુ બન ગયા,...'** કોઈનું કામ જરૂર નહિ, થઈ રહ્યું જાઓ, ગુરુ, દેવ એની કોર પડ્યા રહ્યા. **'તબ ધર્માચાર્યાદિકોંકી સેવા...'** ધર્માચાર્ય આદિ સમજ્યા ને? સેવા આદિમાં બધું આવે. સમ્યગ્દષ્ટિ જ્ઞાની, સાધર્મી એનો સંગ કરવો, સેવા કરવી. લ્યો! 'પ્રવચનસાર'માં તો એવું આવે છે. સત્ સમાગમથી લાભ થાય. લ્યો! ટાઢુ પાણી રાખવું હોય સરખું. ઠંડી જગ્યા હોય એના ખુણામાં મુકવું ને વળી બહુ ઠંડુ કરવું હોય તો આઈસ્ક્રીમ નાખવો, એમાં બરફ નાખવો. ઠંડુ... ઠંડુ... ઠંડુ... થઈ જશે. બહાર રાખે તો ઠંડક થતી હશે? 'રાજકોટ'માં બહાર રાખ્યું હતું. ચોકમાં નહોતું રાખ્યું? પણ ઊંડી હતી મોટી કોઠી. ઊંડી કોઠી હતી તો ઠંડુ રહેતું. ઉપર લાકડું ઢાંકતા. દેરાસરની સામે પડી હતી. પણ કહે છે, બહુ ઠંડુ રાખવું હોય તો એક તો જાણે ઓરડો ટાઢો હોય એમાં રાખવું. એમાં પણ એના ખુણામાં. સમજ્યા ને? અને એમાં પણ ... ઠંડુ, એમાં વળી થોડોક બરફ નાખવો. એમ સારા સત્ સમાગમે આમ થાય, એવું આવે છે. એ બધી વાતું નિમિત્તની છે. આહાહા..! તારો સમાગમ કરવાનો ભાવ છે એ ભાવની વાત ત્યાં કરે છે.

કહે છે, એવા **'ધર્માચાર્યાદિકોંકી સેવા મુમુક્ષુઓંકો નહીં કરની હોગી. ઐસા ભી નહીં કહના ચાહિયે, કિ હાં એસા તો હૈ હીં,...'** મહારાજ! એમ ન કહેવું તમારાથી, હોં! એમ ન કહેવાય. બીજાની સેવા ન કરવી એમ ન કહેવાય તમારાથી. **'કારણ કિ વૈસા માનનેસે અપસિદ્ધાન્ત હો જાયગા.'** થોડી ગડબડી થઈ જશે. કોઈ કોઈની સેવા નહિ કરે, કોઈની સાંભળશે નહિ, ગુરુ પાસે જાશે નહિ, કાંઈ નહિ, સ્વચ્છંદ થઈ જાશે. એ..ય..! 'ન્યાલભાઈ'!

મુમુક્ષુ :– મંદિરે તાળા દેવા પડશે.

ઉત્તર :– મંદિરે તાળા દેવા પડશે, લ્યો! અરે..! ભગવાન!

**'ઐસે બોલનેવાલે શિષ્યકે પ્રતિ આચાર્ય જવાબ દેતે હૈં.'** લ્યો! **'આપસમેં ખુદહી ખુદ ગુરુ બન ગયા'** ધર્માચાર્યની સેવા કરવી નહિ? ના, નહિ કરવી. એમ તમારાથી નહિ કહેવાય. એમ કહેવાથી અપસિદ્ધાંત થઈ જશે. (એમ) શિષ્યનો આક્ષેપ છે, હોં!

**नाज्ञो विज्ञत्वमायाति, विज्ञो नाज्ञत्वमृच्छति।**
**निमित्तमात्रमन्यस्तु, गतेर्धर्मास्तिकायवत्।।३५।।**

મહા સિદ્ધાંત. આ ૩૫મી ગાથા નિમિત્તવાદીઓને માટે મોટી ગાથા છે. શું અર્થ કરે છે?

મુમુક્ષુ :– નિમિત્ત તો જોયું કે નહિ?

ઉત્તર :– પણ નિમિત્ત અહીં ક્યાં પ્રશ્ન છે ઇ? અહીં કહેશે હમણાં સ્વયં પરિણમે ત્યારે ધર્માસ્તિ હોય છે. સ્વયં ગતિરૂપે પરિણમે ત્યારે ધર્માસ્તિ હોય એમાં આને આધીન

ક્યાં રહ્યું ઇ? ઇ કહેશે જુઓ! અહીંયાં. અર્થ, એનો અર્થ. બસ, અર્થ જ છે, હોં! વિશદાર્થ નથી કર્યો.

**અર્થ :–** **'તત્ત્વજ્ઞાનકી ઉત્પત્તિકે અયોગ્ય...'** આ શિષ્યને જવાબ આપે છે ગુરુ આ તત્ત્વજ્ઞાનની ઉત્પત્તિને **'અયોગ્ય અભવ્ય આદિક જીવ,...'** લ્યો! અભવ્ય હોય. લાખ સમજાવો, કરોડ સમજાવો, જેના ઝેર પડ્યા એને દૂધ પા તો પછી ઝેર થઈ જશે.

મુમુક્ષુ :– દાખલો દીધો છે અભવ્યનો.

ઉત્તર :– હા, અભવ્ય આદિ નાખ્યું છે ને? સમજાણું કાંઈ? અભવ્ય આદિ **'विज्ञत्वं'** આદિ શબ્દ છે. સંસ્કૃત છે. અભવ્ય આદિ. અભવ્યનો મુખ્ય દાખલો પાછો. અભવ્યને લાખ સમજાવ તોય એકે કણ નહિ ફરે ન્યાં. લાયકાત નથી એની ત્યાં શું કરે બીજો? પેલો કહે, મને સમજાવતા નથી, આને સમજાવે છે. સમજાણું? પણ તારામાં તાકાત બગલા જેવી છે એને પોપટ શી રીતે કરાશે? પોપટ શી રીતે કરવો એને? સમજાણું કાંઈ? દાખલો કેવો આપ્યો પાછો! બગલાનો–માછલા મારનારનો. એવી યોગ્યતા હોય એને પોપટ કરવા!

**'અભવ્ય આદિ જીવ,...'** દેખો! આદિ એટલે બધા બીજા ભવ્ય પણ લેવા, હોં! જેની પાત્રતા જ નથી, જેને અંતર સમજવાની દરકાર જ નથી, જેને પોતાને પરથી જુદો પડવાનો વૈરાગ્ય જ નથી. પોતાના સ્વભાવની અસ્તિ શું છે એની રુચિ જ નથી, એને બીજા કરે શું? કહો, સમજાણું? એને બહાને એ બીજું પૂછશે. ... અમારે થયા. તમારે પૂછવું જોઈએ, તમારે અમારી સંભાળ બરાબર રાખવી જોઈએ, અમે મોટા છીએ, ગમે તેવા પણ અમે ત્યાગી છીએ. કોના ત્યાગી? સમજાય છે? કાંઈક બ્રહ્મચર્ય પાળતો હોય કે કાંઈક થોડો ત્યાગ કર્યો (હોય કે) ફલાણું ન ખાવું, દાળ ને... સમજ્યા ને? રોટલી ને છાશ ખાતો હોય. અમારી કાંઈક કદર કરવી તમારે. હજી તો દુનિયા પાસે ઇ માગે છે. આહાહા..! તારે કદર તારી પાસે કરાવવી છે કે કો'ક પાસે કરાવવી છે? એવા જીવને લાખ વાત સંભળાવો તો એ સમજશે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ?

**'તત્ત્વજ્ઞાનકો ધર્માચાર્યાદિકોંકે હજારોં ઉપદેશોંસે ભી...'** જુઓ! **'તત્ત્વજ્ઞાનકો..'** આત્મજ્ઞાનકો. **'ધર્માચાર્યાદિકોંકે હજારોં ઉપદેશોં,...'** આચાર્ય આદિના હજારો ઉપદેશ. એમ. ધર્માચાર્ય, સમકિતી, જ્ઞાની આદિના હજારો, લાખો અનંતા **'ઉપદેશોંસે ભી નહીં પ્રાપ્ત કર સકતા હૈ.'** ગમે એવો ઉપદેશ આપો પણ એની લાયકાત નથી એમાં કરે શું? જુઓ! આ નિમિત્ત ને ઉપાદાનનો ઝઘડો અહીં છોડી દે છે. **'જૈસા કિ કહા ગયા હૈ 'स्वाभाविकं हि निष्पतौ०'**

**'કોઈ ભી પ્રયત્ન કાર્યકી ઉત્પત્તિ કરનેકે લિયે સ્વાભાવિક ગુણકી અપેક્ષા કિયા કરતા હૈ.'** દેખો! **'કોઈ ભી પ્રયત્ન...'** કાર્યની ઉત્પત્તિ કરવા માટે **'સ્વભાવિક ગુણની અપેક્ષા કિયા કરતા હૈ.'** એનામાં સ્વભાવિક ગુણની અપેક્ષા કાર્ય માટે હોય. બીજા અનુકૂળ નિમિત્ત મળે છે માટે કાર્ય થાય છે એમ છે જ નહિ. આહાહા..! **'કોઈ ભી પ્રયત્ન...' એટલે પુરુષાર્થ.**

**'કાર્યકી ઉત્પત્તિ કરનેકે લિયે...'** કાર્યની ઉત્પત્તિ કરવા માટે સ્વભાવિક ગુણની અપેક્ષા (રાખે છે). **'સ્વાભાવિક ગુણકી અપેક્ષા કિયા કરતાં હૈ.'** સમજાણું? એનો સ્વાભાવિક ગુણ જોઈએ. જે કાર્યનો પ્રયત્ન કરે એનો સ્વાભાવિક ગુણ જોઈએ ને? સ્વભાવિક ગુણ ન હોય તો કાંઈ કરી શકતા નથી.

**'સૈકડોં વ્યાપારોંસે ભી બગુલા તોતેકી તરહ નહીં પઢાયા જા સકતા હૈ.'** લાખ પ્રયત્ન કર, બગલા કાંઈ પોપટની જેમ ભણી શકશે નહિ. સમજાણું કાંઈ? કહો, પોપટ સમજે છે. એની તાકાત છે એ જાતની. બગલાને? એને તો માછલા મારતા આવડે. બગલાને પાઠ પઢાવી શકાતા હશે? આહાહા..! જેનામાં જે કાંઈ કાર્યનો પ્રયત્ન કરે એમાં તેમાં તે તે ગુણની સ્વાભાવિક આશા રાખે છે, સ્વાભાવિકતા એનામાં હોય તો એ કાર્ય થાય. જે ગુણની આશા એનામાં હોય તો થાય કે પરને લઈને હોય તો થાય?

મુમુક્ષુ :– નિમિત્ત આવે તો આમાં થાય.

ઉત્તર :– એ વાતેય કે દિ' હતી? તેથી તો આ ધર્માસ્તિકાયનો દાખલો આપ્યો છે. ધર્માસ્તિકાય છે, અધર્માસ્તિ પણ છે. સ્વયં ગતિ(પણે) પરિણમ્યો ત્યારે ધર્માસ્તિ નિમિત્ત કીધું. થઈ રહ્યું. એમાં સિદ્ધાંત જ એક આવ્યો. એમ સ્વયં પોતે પોતાની પાત્રતાએ સમ્યગ્જ્ઞાન-દર્શન આદિથી પરિણમ્યો ત્યારે ગુરુને નિમિત્ત કહેવામાં આવ્યા. એ તો પોતાથી થયું છે, પોતાના ગુણના સ્વાભાવિક પ્રયત્નથી થયું છે. **'સ્વાભાવિક ગુણકી અપેક્ષા કિયા કરતા હૈ.'** કોઈપણ કાર્ય એનો સ્વાભાવિક એમાં ગુણ ન હોય તો પ્રયત્ન શું કામ આવે એનો? આહાહા..! **'સૈકડોં વ્યાપારોંસે ભી બગુલા...'** જુઓ!

**स्वाभाविकं हि निष्पत्तौ, क्रियागुणमपेक्ष्यते।**
**न व्यापारशतेनापि-शुकवत्पाठयते वकः।।**

બગલાને કાંઈ શીખવાડતા હશે? આહા..! દાખલો કેવો આપ્યો છે! બગલો સામો બેઠો હોય ને પેલો શીખવાડે તોય શરમ લાગે. પોપટ તો હજી બેઠો હોય ને તોય (શીખડાવે). પેલાના તો બેસવાના પણ ઠેકાણા નથી. આમ મોઢું કરીને બેઠો હોય, પોપટ તો આમ બેઠો હોય. સમજાણું? કેટલી ચોખ્ખી વાત કરે છે!

**'ઐસી તરહ તત્ત્વજ્ઞાની જીવ,...'** જેને તત્ત્વજ્ઞાન થયું છે એને **'તત્ત્વજ્ઞાનસે છૂટકર હજારોં ઉપાયોંકે દ્વારા ભી અજ્ઞત્વકો પ્રાપ્ત નહીં કર સકતા.'** ઠીક! એ અજ્ઞને જ્ઞાન કરાવી શકાતું નથી અને જ્ઞાનીને અજ્ઞાની કરાવી શકતા નથી, એમ કહે છે. શું કીધું? અજ્ઞ છે એટલે ભાન વિનાના બગલા જેવા છે એને કાંઈ સમજાવી શકાય નહિ. એ તો એની સમજવાની લાયકાતથી સમજે છે. અને સમજેલો છે, સમજવાની પાત્રતાથી સમજ્યો છે. **'હજારોં ઉપાયોંકે દ્વારા ભી અજ્ઞત્વકો પ્રાપ્ત નહીં કર સકતા.'** એને એવી રીતે ભૂલમાં નાખી દઉં કે, એને અજ્ઞાન (થઈ જાય). (એમ) ત્રણકાળમાં નહિ થઈ શકે. જે વાત આત્મામાં સમ્યક્‌થી બેઠી

છે એ વાતને કરોડ હજારોં પ્રતિકૂળ ઉપાય કે બીજાથી કરો તો એ ફરશે નહિ. શું ફરે? ત્રણકાળમાં ફરતું હશે કાંઈ? આહાહા..! સમજાણું કાંઈ? મને આણે આમ કર્યું, મને આણે આમ કર્યું. આમ જ જોવાની અજ્ઞાનીની ટેવ પડી છે.

મુમુક્ષુ :– વાંકું જ જોયા કરે.

ઉત્તર :– ઊંધી દૃષ્ટિ છે ને એની.

અહીં તો કહે છે, જ્ઞાનીને લાખ-કરોડ ઉપાય બીજા કરો અજ્ઞાન કરાવવાના, નહિ કરી શકે. ત્રણકાળમાં જ્ઞાનીનું જ્ઞાન ફેરવી શકશે નહિ અને અજ્ઞાનીને જ્ઞાની બનાવી શકશે નહિ. લ્યો! એમ અહીં તો કહ્યું છે. આહાહા..! સ્વતંત્રતાના ઢંઢેરા છે ને! ભાઈ! તારી પોતાની લાયકાતથી તું સમજ ને શ્રદ્ધા કર ને ઠર. બીજો શું કરી દે? આહા..! અંદર આડા ફાટે, બીજું થઈ જાય, કાંઈકનું કાંઈક કરશે ઊંધુ હશે ત્યાં.

**'જૈસા કિ કહા ગયા હૈ.'** જુઓ! આ 'પદ્મનંદિ પંચવિંશતિઃ'નો દાખલો છે. 'પદ્મનંદિ પંચવિંશતિઃ'નો આ શ્લોક છે. **'જિસકે કારણ ભયસે ઘબરાઈ હુઈ સારી દુનિયા માર્ગકો છોડકર ઇધર-ઉધર ભટકને લગ જાય,...'** એવા ઘોર વજ્ર પડે, એવી નિંદાઓના ઘોર પ્રહાર આવે (તો) ભાગે દુનિયા તો. હાય.. હાય..! આમાં આપણું કામ નહિ, આમાં આપણું કામ નહિ. સમજાણું? આવું જ્યાં માનવા જશું ને તો વાડામાં દીકરી નહિ પરણાવે, કોઈ દીકરો વાંઢો રહી જશે. છોડી દે, ભાઈ! માર્ગ ફરી જાય આખા અંદરથી. 'ચંદુભાઈ'! આહાહા..! દુનિયા સાથે કાંઈક સરખાઈ રાખવા માટે મથે. કહે છે જ્યાં પ્રતિકૂળતા થોડી-ઘણી આવે... ગભરાટ.. ગભરાટ (થઈ જાય). અરે..! આવી વાત કહેશું, માનશું (તો) લોકો ઘરમાં ઉભા નહિ રહેવા દે. ઘરના નહિ રહે, છોકરાઓ ... કરશે. 'ન્યાલભાઈ'! આહા..! બાયડી કહેશે, શું ફરી ગયા તમે? શું તમારું કાળજું ફરી ગયું આખું? હાય.. હાય..! બધે હો હો થાય હવે કરવું શું? દુનિયા કહે છે, એની પાત્રતા જ્યાં નથી એવી એથી જ્યાં પ્રતિકૂળતા આવે ભયથી ગભરાઈને આખી દુનિયા માર્ગને છોડી દે.

**'ઇધર-ઉધર ભટકને લગ જાય,...'** માર્ગ હોય ને આમ માર્ગ? સામે સિંહ આવ્યો હોય ને સર્પ આવ્યો હોય મોટો (તો) ભાગા ભાગ (થઈ જાય). પણ આ માર્ગથી (દૂર) જઈને પછી ક્યાં જાઈશ તું? સામે સિંહ આવે, સર્પ આવે. એમ જે માર્ગે ચાલે છે એમાં જ્યાં પ્રતિકૂળતા જરી આવે (એટલે) અજ્ઞાની દુનિયા ભાગ્યા ભાગ (કરી મુકે). સમજાણું? **'ભયસે ઘબરાઈ હુઈ સારી દુનિયા માર્ગકો છોડકર...'** અરે..! કાંઈક પણ વિસામો વિસામો (જોઈએ). અતડા થઈ જશું (તો) કોઈનો સાથ નહિ રહે. સમજાણું?

'આનંદઘનજી' કહેતા, હે પ્રભુ! 'ધીઠાઈ કરી માર્ગ સંચરું, સેવું કોઈ ન સાથ' કોઈ સાથે ઉભો રહેતો નથી. 'ધીઠાઈ કરી માર્ગ સંચરું...' બધું ગમે તેમ ચાલે. એ ખોટા છે. માર્ગ આ સાચો છે. નિશ્ચયનો સ્વભાવ એ માર્ગ છે. સમજાણું કાંઈ? રાડ નખાવતા બધાયને.

એય..! આમ થઈ ગયું. ભુતડો આમ થઈ ગયો, ફલાણું થયું. એટલે એક ગાયન બનાવ્યું. સમજાણું? 'પંથડો નિહાળું રે બીજા જિન તણો, ધીઠાઈ કરી માર્ગ સંચરું, કોઈ સેવું કોઈ ન સાથ' પાછળ થાબણભાણા દે, કે વાહ! એમ કહેનાર કોઈ નથી. પણ પ્રભુ! ધીઠાઈ કરીને ચાલ્યો જાઉં. બધાય ખોટા છે. જરી જરી હલે તો કહે, પદ નહિ મળે, હોં! આ ત્રણ વર્ષે મોટું પદ મળવાનું છે. જો કાંઈ ફેરફાર થશે તો નહિ મળે. સંઘની આજ્ઞા પ્રમાણે રહેવું. સંઘમાં ફેરફાર થાશે તો બધું (જશે). ભાગો બાપા! 'મગનભાઈ'! દીકરો વરે નહિ, દીકરી વરે નહિ. શું કરવું? પેલા ઠેકાણે હોય તો દીકરો વરે ને વળી લેતો આવે બે, ચાર લાખ! સારે ઠેકાણે સંઘમાં બધું સરખું હોય તો લેતો આવે, લ્યો! અને આ તો કોઈ સારી કન્યા પણ આવશે નહિ. શું કરવું? ભાગે એ તો. આહાહા..! જેના કારણે ભયથી ગભરાયેલી આખી દુનિયા માર્ગને છોડી દે છે, ઉભા રહી શકે નહિ.

**'ભટકને લગ જાય, એસે વજ્રકે ગિરનેપર ભી...'** ઉપરથી આમ વજ્ર પડે આમ તોપણ **'અતુલ શાંતિસમ્પન્ન યોગિગણ...'** સમજાણું? અતુલ શાંતિ, જ્ઞાયક શાંત... શાંત.. શાંત. આહા..! મને પ્રતિકૂળતા કરનાર દુનિયામાં કોઈ છે નહિ ને. દુનિયામાં છે નહિ ને. હું જ છું ત્યાં બીજો છે નહિ ને. એવા અતુલ શાંતિસંપન્ન યોગિગણ–પોતાના સ્વરૂપમાં જોડાણ કરનારા. **'યોગસે (ધ્યાનસે) ચલાયમાન નહીં હોતે.'** લ્યો! આખી દુનિયા ખસી જાય પણ પોતાની એકાગ્રતાથી ખસતો નથી. શું કરી દે બીજા પણ? સમજાણું? કહો, આ પક્ષ લૂલો થઈ જાય છે.

મુમુક્ષુ :– શેનો?

ઉત્તર :– આ ગુરુથી જ્ઞાન થાય એનો. એ... 'ન્યાલભાઈ'! એ તો કહેશે કે, વ્યવહારથી વાત છે. અહીં ભાન થાય એને એનું બહુમાન આવે જ, આવ્યા વિના રહે છે? આવે જ તે. સમજ્યો છે. આહા..! વ્યવહાર વચ્ચે હોય છે, પણ આ છે તો હોય, એમ. એકલો તું વ્યવહાર કરવા જા ને આનાથી લાભ થાય, એવું નથી એમાં. આહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ સમજવાને લાયક છે એ સમજી ગયો છે એની મેળાએ, એમ કહે છે. ધર્માસ્તિનો દાખલો આપ્યો છે અહીંયાં, પછી શું? સ્વયં ગતિ પરિણમે એને નિમિત્ત હોય જ. એમ સ્વયં પુરુષાર્થ કરતો હોય એને ગુરુ નિમિત્ત હોય જ, એમ અહીં કહે છે. ધર્માસ્તિને ગોતવા જાવું પડે? ભાઈ! હું ગતિ કરવાને લાયક છું, જો ગતિ કરું છું, હોં! ધર્માસ્તિ આવજો. હવે પડ્યું છે ત્યાં, આવજો શું. આહાહા..! ભારે આ ૩૫ મી ગાથા! પહેલેથી આ વાત બહાર પાડી હતી ને આપણે? ધર્માસ્તિકાયવત્ બધા નિમિત્ત છે. આચાર્ય 'પૂજ્યપાદ સ્વામિ' તો આવો 'ઇષ્ટોપદેશ' કરે છે. હિતકર ઉપદેશ તો આ છે. ઇષ્ટ ઉપદેશ જ આ છે. નિમિત્તથી થાય ને નિમિત્ત ન હોય તો ન થાય, એ ઉપદેશ જ ઇષ્ટ નથી. એવું વસ્તુનું સ્વરૂપ છે

નહિ. આહા..! 'ઇષ્ટોપદેશ'માં આ વાત નાખી છે. સ્વતંત્ર પોતે સમજે છે. પોતે હિતનો આકાંક્ષી છે, મોક્ષ-સુખના ઉપાયને જાણનાર, પોતે પ્રવર્તે છે. એ ત્યારે નિમિત્ત કહેવાય છે. વ્યવહાર છે, નથી એમ નહિ, એમ કહે છે. ગુરુ આદિની સેવા છે. પણ અહીં હોય તો ત્યાં છે કે અહીં ન હોય ને ત્યાંથી છે? એમ કહે છે. સમજાણું કાંઈ?

**'તબ જ્ઞાનરૂપી પ્રદીપસે જિન્હોંને મોહરૂપી મહાન્ અન્ધકારકો નષ્ટ કર દિયા હૈ,...'** કહે છે, વજ્રના પડવાથી પણ અતુલ શાંતિ સંપન્ન મુનિઓ અથવા યોગીગણો અથવા સ્વરૂપમાં જોડાણ કરનાર પોતાના અંતરથી ખસતા નથી. **'તબ જ્ઞાનરૂપી પ્રદીપસે...'** જોયું? આ મોહનો અંધકાર જ્ઞાનરૂપી પ્રદીપથી નાશ કર્યો, એમ કહે છે, પોતે નાશ કર્યો છે. જ્ઞાનપ્રકાશ ચૈતન્યજ્યોત, આ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ એના પ્રકાશ દ્વારા જેણે **'મોહરૂપી મહાન્ અન્ધકાર,...'** મિથ્યાત્વરૂપી મહાતમ અંધકાર **'નષ્ટ કર દિયા હૈ,...'** લ્યો! આ જ્ઞાનથી અંધકાર નાશ થાય છે. પેલા કહે, ભગવાનને દેખવાથી નાશ થાય છે ને જિનબિંબને દેખવાથી નાશ થાય છે. અરે..! સાંભળને હવે. આહા..! એવા વળગ્યા છે ને! અંધકાર તે પ્રકાશથી નાશ થાય કે પર જે આમાં છે જ નહિ એનાથી નાશ થાય? સમજાણું કાંઈ?

ચૈતન્ય હીરો, એકલો ચૈતન્ય પ્રકાશની મૂર્તિ છે એવા ચૈતન્યના પ્રકાશ દ્વારા અંધકાર મોહ, મિથ્યાત્વ નાશ થઈ જાય છે. એનાથી હણી નાખ્યું છે જેણે એવા સમ્યગ્દૃષ્ટિ કેમ ચલાયમાન થાય? એમ કહે છે. આહાહા..! જ્ઞાનરૂપી પ્રદીપથી. દીવો... દીવો. પ્રદીપ છે, હોં! પ્ર-દીપ છે. જિન્હોંને એટલે જેણે. **'મોહરૂપી મહાન્ અન્ધકાર...'** જુઓ! આના વડે મોહનો અંધકાર નાશ કર્યો છે. ગુરુથી નહિ, કર્મ ખસ્યા માટે નહિ, કષાય મંદ પડ્યો છે માટે અજ્ઞાનનો નાશ કર્યો એમ નહિ. મંદ-બંદની વાત જ ક્યાં છે અહીં. જ્ઞાનપ્રદીપ ચૈતન્ય-સૂર્ય, પકડ્યો કે જ્ઞાન ચૈતન્ય-સૂર્ય છે, જાવ.

મુમુક્ષુ :– કર્મનો રસ મંદ પડે...

ઉત્તર :– કર્મ-ફર્મ એને ઘરે રહ્યા, અહીં ક્યાં... એ તો .. વાતું છે. સમજાણું કાંઈ? હતા આત્મામાં કે દિ' તો મંદ પડે ઇ. એય..! આહાહા..! ભગવાન! એનામાં તો જ્ઞાનનું પ્રબળ રાજ છે. આત્મામાં તો પ્રબળ રાજ જ્ઞાનનું છે, આનંદનું રાજ છે, વીર્યની મહા સત્તા (છે). વીર્ય પોતાની સત્તા, પોતાની બાદશાહી જાળવી રાખે છે. એનું વીર્યનું સામ્રાજ્ય છે, ભાઈ! એમાં તો બીજો કોણ પેસી શકે છે? આહાહા..! જ્ઞાન, દર્શન, વીર્ય, સુખ, સુખથી ભરેલો ભગવાન, એ પોતે સુખનું સ્વરૂપ, સુખસ્વરૂપ જ છે, પછી પ્રશ્ન શું? ભગવાન આનંદ સ્વરૂપ છે એને આનંદ ક્યાં લેવો છે? ક્યાંથી લેવો છે? કોની પાસેથી (લેવો છે)? આ ઠીક હોય તો ઠીક, શરીર આવું જરીક ઠીક હોય તો ઠીક, શરીરમાં આટલું ઠીક હોય તો ઠીક, આટલું ઠીક હોય તો ઠીક. ત્યાં સુખ હશે?

મુમુક્ષુ :– શાસ્ત્રમાં આવે છે કે શરીર સારું હોય ત્યાં કરી લેજે.

ઉત્તર :– એ બધી વાતું વ્યવહારની. શરીર આવું હોય તો ઠીક, શ્વાસ આમ ચાલતો હોય તો ઠીક. તો એનો અર્થ કે, એને લઈને તને સુખનું ઠીક છે, એમ ને? પોતાને લઈને નહિ. ઠીક એટલે પોતાને લઈને સુખ નહિ. કહો, 'મગનભાઈ'! એમ થયું કે નહિ? 'શરીરે સુખી તે સુખી સર્વ વાતે' હોળી ન્યાં (છે). અહીં ધૂળમાંય નથી હવે. આ શરીરમાં સુખ એટલે શું પણ? વ્યાખ્યા શું એની? આહાર હોય, શરીર ઠીક રહે, ઠીક રહે તો ઠીક. એટલે એને લઈને ઠીક. આત્માને લઈને ઠીક નહિ. મોટી ભ્રમણા છે. આહાહા..! સમજાણું?

**'જ્ઞાનરૂપી પ્રદીપસે જિન્હોંને મોહરૂપી મહાન્ અન્ધકારકો નષ્ટ કર દિયા હૈ,...'** લ્યો! છે કે નહિ પ્રદીપ? શું આવ્યું નામ? જુઓ! આ. જ્ઞાનરૂપી પ્રદીપ, એમ કહે છે. ચૈતન્યનું જ્ઞાન. આહાહા..! વિકલ્પથી ને રાગથી નહિ. પ્રકાશ, પ્રકાશ, પ્રકાશ. ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ સુખરૂપ એવા પ્રદીપ દ્વારા અજ્ઞાનનો જેણે નાશ કર્યો છે, એને હવે બહારથી કોણ ચલાયમાન કરી શકે? એમ કહે છે. સમજાણું? જ્યાં અંધકાર નથી ત્યાં પ્રકાશ છે ત્યાં એને અંધકાર કોણ કરાવી શકે છે? ચલાયમાન કોણ કરી શકે એને? નહિ આમ હોય, એકલા પડી જશો, રોટલા નહિ મળે, ખાવા નહિ મળે. એ... 'ન્યાલભાઈ'! એમ કેટલાક કહે છે. આહાહા..! રોટલા નહિ મળે, આ કાંઈ ભાષા, વ્યાખ્યા શી આ? કોઈ ઉભા નહિ રહેવા દે, રોટલા થાતા હતા ત્યાં એક જણ જાતો હતો. છોડી દીધું (પછી) ન્યાં જાતો હતો. ત્યારે માંડ રોટલા મળતા. એનો દાખલો આપતા હતા.

કહે છે **'એસે સમ્યગ્દષ્ટિ જીવ ક્યા શેષ પરીષહોંકે આનેપર ચલાયમાન હો જાયેંગેં?'** એવા સમ્યગ્દષ્ટિ જીવ **'ક્યા શેષ પરીષહોં...'** બીજા ગમે તેવા પરિષહ એટલે પ્રતિકૂળ (સંયોગ ઊભા થાય). **'આનેપર ચલાયમાન હો જાયેંગે?'** નહિ, નહિ. આહાહા..! દેવો ઉપરથી અગ્નિ વરસાવે, કહે છે. બીજા માર્ગ છોડી દે તો આ માર્ગ છોડે નહિ. **'નહીં, વે કભી ભી ચલાયમાન નહીં હો સકતે હૈં.'** લ્યો! એનો અર્થ કે જેનામાં અંદર જોર છે એને બીજો શું કરી શકે? એમ કહે છે. સમજાણું કાંઈ? અને અંદર જોર ન હોય તો બીજો શું કરે? લ્યો! જણનારી એમ ને એમ પડી હોય ને પેલી સુયાણી કહે, આમ કર. પણ જણનારીમાં જોર નહિ, સુયાણી શું કરે? એમ જેને અંદરની યોગ્યતા નથી તો ગુરુ શું કરે? એમ અહીં કહે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ એનો અર્થ શું થયો? કે, કાંઈ કરતો નથી એનાથી, એમ થયું એ તો. એણે કર્યું. જરીક પ્રેરણા કરો અમુક આમ.

મુમુક્ષુ :– શીખવાડે બધું.

ઉત્તર :– શીખવાડે પણ પેલો સમજે પકડે ત્યારે ને! બગલાને શું શીખવે? અહીંયાં અસાધ્ય થઈ ગયો, લ્યો! અસાધ્ય થઈ ગયો. શીખવાડો એને. પણ આ મરી જશે હમણાં, બાળક નહિ આવે તો. એ મરી ગયું તો તું પણ મરી જઈશ. પણ આમ અસાધ્ય થઈને

પડ્યું હોય, હવે શું કરવું એને? બસ! એ તો જેને સાધ્ય છે તે પોતાથી સમજે છે. એક જ વાત છે, બીજી વાત નથી. આહાહા..!

**'યહાં શંકા યહ હોતી હૈ કિ યોં તો બાહ્ય નિમિત્તોંકા નિરાકરણ હી હો જાયગા?'** આ તો તમે નિમિત્તને ઉડાવી દીધું, નિરાકરણ થઈ ગયું, નિમિત્તથી કાંઈ થાતું નથી, એમ કહે છે. આ તો નિરાકરણ થઈ ગયું. **'યહાં શંકા યહ હોતી હૈ કિ યોં તો બાહ્ય નિમિત્તોંકા...'** કોઈ ઠેકાણે આ નિમિત્ત આવ્યું ને આ થયું, આ નિમિત્ત આવ્યું ને આ થયું એ બધી વાત ઉડી જાય છે, નિરાકરણ થઈ જાય છે. પોતાના ગુણ-પર્યાયથી જ્યાં કામ ચાલે છે ત્યાં નિમિત્ત હોય છે. એટલે કાંઈ આને લઈને આ થાય (એમ નથી). નિમિત્તનું નિરાકરણ થઈ ગયું. નિમિત્ત વિના થાય નહિ ને નિમિત્ત હોય તો આવે ને થાય, એ બધું તમે તો નિરાકરણ કરી નાખ્યું. એમ છે નહિ એમ કરી નાખ્યું તમે.

**'ઇસકે વિષયમેં જવાબ યહ હૈ કિ અન્ય જો ગુરુ આદિક તથા શત્રુ આદિક હૈં,...'** લ્યો! બેય **'વે પ્રકૃત કાર્યકે ઉત્પાદનમેં...'** જે કાર્ય પોતે ગુરુ, જ્ઞાની પોતાનાથી ઉત્પન્ન કરે એમાં ગુરુ નિમિત્ત. આ વેર-ભાવ ઉત્પન્ન કરે એમાં શત્રુ નિમિત્ત. એમાં શત્રુ ક્યાં વેર-ભાવ ઉત્પન્ન કરાવે છે? અને ગુરુ ક્યાં એના આનંદને ઉત્પન્ન કરાવે છે? ધર્મની બુદ્ધિ, ધર્મબુદ્ધિને. ધર્મબુદ્ધિ ઉત્પન્ન કરનાર પોતે છે. માર્ગ તો એવો છે. એમાં ક્યાંય ફુદી-ફુદો ચાલે એવું નથી. વીતરાગ... વીતરાગ... વીતરાગ... જ્યાં વીતરાગ સ્વરૂપે શરણ પ્રભુ પોતે જ છે એને ગુરુ શું કરે? અને રાગ ન કરતાં વેર ઉભો કરે તો શત્રુ નિમિત્ત છે, શત્રુએ ક્યાં વેર ઉભો કરાવ્યો છે?

**'વે પ્રકૃત કાર્યકે ઉત્પાદનમેં...'** જે કાંઈ ચાલતું કાર્ય કોઈપણ કાર્ય હોય એના ઉત્પાદનમાં **'તથા વિધ્વંસનમેં...'** દેખો! ઘડા ઉત્પન્નમાં માટીએ ઉત્પન્ન કર્યું અને ઘડો ફુટે એ પોતાથી ફુટ્યો. કુંભારે ઉત્પન્ન કર્યો ને લાકડીએ ફોડ્યું એ વાત તો નિમિત્તમાત્રના કથન છે, એમ કહે છે. આહાહા..! **'પ્રકૃત કાર્યકે ઉત્પાદનમેં તથા વિધ્વંસનમેં...'** નાશ હોવામાં. **'સિર્ફ નિમિત્તમાત્ર હૈં.'** લ્યો! સિર્ફ જોર દીધું. માત્ર નિમિત્ત, માત્ર નિમિત્ત (છે). બગડવું-સુધરવું પોતાથી છે. આવે છે ને પેલામાં? નહી? 'પંચાધ્યાયી'ના પહેલાં શ્લોકમાં. સ્વયં બગડે છે અને સુધરે છે. પહેલો શ્લોક આવે છે ને એ? 'પંચાધ્યાયી'નો પહેલો. **'સતમ સત્‌લક્ષણમ'** પહેલો શ્લોક આવે છે આઠમો. દરેક દ્રવ્ય સત્‌માત્રમ્ સ્વયં સત્ છે. સ્વયંથી બગડે ને સ્વયંથી સુધરે, એમાં કોઈ ચીજની કાંઈ જરૂર નથી. સમજાણું?

ખોટો સંગ થયો માટે બગડ્યો, એમ ખોટી વાત છે એમ કહે છે. સારો સંગ થયો માટે સુધર્યો ખોટી વાત છે એમ અહીં કહે છે. કુંભાર આવ્યો તો ઘડો થયો, ખોટી વાત છે. સાચવતા ન આવડ્યો તો ઘડો ફુટી ગયો, ખોટી વાત છે એમ કહે છે. સમજાણું? એવા ઘડા મુકે હેઠે ને ઉપરથી પથરા-બથરા પડે એવું સ્થાન હોય તો ફુટે જ ને! એવા ઠેકાણે

મુકીએ તો ફુટે જ ને! ખોટી વાત છે કહે છે. એ ફુટવાને લાયક હતો તો ફુટ્યો છે. કહો, સમજાણું કાંઈ? માથે ઉપર પથરા રહેતા હોય કે એવું રહેતું હોય... સમજ્યા? લાકડા કે બાકડા, હવે એની હેઠે ઠંડા પાણીના ઘડા મુકે, એમાંથી પેલો પથરો પડે તો ફુ.. થઈ જાય, ફટ દઈને લ્યો! ખોટી વાત છે, એમ અહીં કહે છે.

મુમુક્ષુ :– ઘરમાં વડીલો આમ જ કહેતા હોય છે.

ઉત્તર :– ઘરના વડીલો બધા ઊંધું કહે છે. ઘરમાં એમ કહે, આમ રાખવું જોઈએ. માથે પેલી હોય, માથે પડે કોઈ, લાકડું પડે, કોઈ ફલાણું પડે, ડબો-બબો પડી જાય તો ફુટી જાય. ન્યાં ઘડો મુકાતો હશે? પાણીયારે મુકવો જોઈએ, ફલાણે મુકવો જોઈએ. પેલા કહે, પણ પાણીયારે હવા બહુ ઉની આવે છે માટે અહીં મુક્યો છે. તો કહે, ન્યાં ફુટી જશે. ફુટ્યા. દુનિયાથી ઊંધુ છે. બગડવામાં ને **'વિધ્વંસનમેં સિર્ફ નિમિત્તમાત્ર હૈં.'** કહો, એની વ્યાખ્યા વિશેષ કહેશે થોડી. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૪૯૨, વૈશાખ વદ ૯, શુક્રવાર**
**તા. ૧૩-૦૫-૧૯૬૬**
**ગાથા–૩૫ થી ૩૬ પ્રવચન નં. ૩૯**

૩૫મી ગાથા ચાલે છે. જુઓ! અહીંયાં સુધી આવી ગયું છે. કોઈપણ આત્મામાં કે જડમાં કાર્યના--પર્યાયના પલટન કાળમાં પોતાની યોગ્યતા ન હોય તો બીજો કોઈ કરી શકે નહિ. જડ અને આત્મા બેમાં પોતાનું જે કાર્ય છે, જે પ્રકારનું, વિકારી કે અવિકારી, એના કાર્ય કાળની પોતાની સ્વાભાવિક યોગ્યતા ન હોય તો નિમિત્ત કાંઈ કરતું નથી. એનો દૃષ્ટાંત અભવિનો આપ્યો. અભવિ આદિ જીવોને ગમે એટલું સમજાવો પણ એ સમજવાને લાયક નથી તો નિમિત્ત શું કરે? એમ સિદ્ધ (કર્યું છે).

મુમુક્ષુ :– ...

ઉત્તર :– નિમિત્ત કરે જ છે ક્યાં? આ તો નિમિત્ત ક્યારે કહેવાય? કે થાય તો આને નિમિત્ત કહેવાય. નિમિત્ત કરે છે ક્યાં? અમથોય કે દિ' કરે છે? એ તો અહીં સિદ્ધ કરવું છે. સમજાણું? અને ધર્મીજીવને ધર્મનું ભાન છે એને લાખો પ્રયત્નથી ધર્મથી ડગાવી શકાય એવું નથી. એટલે એમાં નિમિત્ત કરે શું? એમ કહે છે. અત્યારે ગામોગામ આ મોટી તકરાર છે. જુઓ! ત્યારે પ્રશ્ન (થાય છે).

**'યહા શંકા યહ હોતી હૈ કિ યોં તો બાહ્ય નિમિત્તોંકા નિરાકરણ હી હો જાયગા?'**

તમે આમાં એ વાત કરી એમાં તો બાહ્ય નિમિત્ત તો છૂટી જાય છે, બાહ્ય નિમિત્તનું કાંઈ એમાં રહેતું નથી.

મુમુક્ષુ :- પ્રભાવ કાંઈ રહેતો નથી?

ઉત્તર :- કાંઈ રહેતો નથી. '**निमित्तक्षेपः**' છોડ દે. '**क्षेपः**' શબ્દ છે ને? જુઓને! '**बाह्यनिमित्तक्षेपः**' ક્ષેપાય ગયું, છૂટી ગયું, નકાર થઈ ગયું, કાંઈ એનું માપ રહ્યું નહિ, આના માટે કાંઈ નહિ, મુકાઈ ગયું, છૂટી ગયું, ખંડન થઈ ગયું, નિરાકરણ થઈ ગયું. કહો!

કોઈ પણ પદાર્થની અવસ્થાના પલટવામાં '**निमित्तक्षेपः**', '**क्षेपः**' છે એટલે કોઈ નિમિત્ત એમાં કાંઈ કામ કરતું નથી. નિમિત્ત એમાં નકામું થઈ ગયું એવો એનો અર્થ છે. આહાહા..! પણ ઇ '**निमित्त निराकरण हो जायगा...**' શિષ્ય એમ કહે છે ને? એના જવાબમાં જ એ કહેશે. હા, એમ જ છે. સમજાણું કાંઇ? '**बाह्य निमित्तोंका तो खंडन हो जायेगा...**' તો પછી ગુરુથી જ્ઞાન મળે, આ શત્રુ નુકસાન કરે એવું તો કંઈ આમાં રહેતું નથી, (એમ) શિષ્ય કહે છે. કહો, સમજાણું કાંઈ? સારા નિમિત્તો હોય તો એમાં કાંઈ પલટો સારો થાય, ખોટા નિમિત્ત હોય તો પલટો ખોટો થાય. 'જમુભાઈ'! જેટલું હોય એટલું હવે આમાં સામે કાઢી નાખજો.

અહીં તો જરી '**निमित्तक्षेपः**' છે ને એના ઉપર અત્યારે વધારે વજન છે. તમે તો એમ કહો, કે, આત્માની લાયકાતથી, આત્માના ભાનથી એને જ્ઞાન-દર્શન-ચારિત્ર થાય અને પોતે પ્રયત્ન કરે (તો થાય). એ તો આવ્યું નહોતું? સત્‌ની અભિલાષા પોતે કરે, એનું જ્ઞાન પોતે કરે અને એમાં પ્રવર્તન પોતે કરે. બસ! એ તો કરનાર પોતે, પોતે પોતાનો ગુરુ રહ્યો. બીજા ગુરુ તો નિમિત્તમાત્ર કહેવામાં આવ્યા. જો એનાથી સમજે તો અભવ્ય ને બધા સમજવા જોઈએ અને એનાથી નિમિત્તથી નુકસાન થતું હોય તો જ્ઞાનીને પણ અજ્ઞાની કરી શકાય. (પણ) એ તો કરી શકાતું નથી. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ગુરુની મહત્તા નથી રહેતી.

ઉત્તર :- ઇ જ મહત્તા છે, ઇ જ કહેશે, એ જ એની મહત્તા છે કે, એનાથી થતું નથી છતાં એ કાર્ય પોતાથી થયું ત્યારે નિમિત્ત ઉપર બહુમાન વ્યવહાર આવે છે. નિશ્ચય છે તો વ્યવહાર (આવે છે). વસ્તુસ્થિતિ એમ છે. સમજાણું કાંઈ? પેલો તો વ્યવહાર છે તો નિશ્ચય થાય છે (એમાં) મોટો ફેર પડે છે. આખા સિદ્ધાંતમાં ફેર છે. એય..! 'ધન્નાલાલજી'! જો એમ કહો કે, ગુરુ અને શત્રુ આદિ હોય તે અહીં લાભ ને નુકશાન કરે. તો વજન ત્યાંથી જાય છે. અહીંયાંથી અહીં થાય એમ થાય છે એમ નથી. અહીં આત્મા કે પરમાણુઓ પોતાની પલટન ક્રિયાના કાળમાં પોતાથી પલટે છે ત્યારે બાહ્ય ચીજને નિમિત્ત કહેવામાં આવે છે. એટલે અહીં એને ગુરુ ઉપર બહુમાન આવ્યું એ વ્યવહારથી થયો. એવી વાત છે.

મુમુક્ષુ :- ... બાકી નિમિત્ત તો નિમિત્ત જ છે.

ઉત્તર :– એની કોણે ના પાડી? પણ નિમિત્ત છે એ અહીં જરીએ કાર્યકર નથી, એમ અહીં કહેવું છે. નિમિત્ત વસ્તુ નથી સામી? અહીં સામાની વાત લેવી છે કે નહિ?

મુમુક્ષુ :– બે કારણ મટી ગયા, એક જ કારણ રહ્યું.

ઉત્તર :– એ કારણ એક જ ખરું છે, બીજું નિમિત્ત કારણ આરોપિત એક ચીજ છે. અહીં તો એ સિદ્ધ કરવું છે. અહીં પેલું બે કારણ એકસાથે એમ અહીં સિદ્ધ નથી કરવું. કહો, સમજાણું આમાં?

શિષ્યની શંકા છે કે, **'યોં તો બાહ્ય નિમિત્તોંકા નિરાકરણ હી હો જાયગા?'** તો બાહ્ય નિમિત્તનું કાંઈ વજન જ રહેતું નથી. ક્ષેપ–જાણે છૂટી ગયું, છૂટી ગયું, નિમિત્ત તો જાણે કાંઈ નથી, એમ કહે છે. શિષ્ય, શિષ્ય (એમ કહે છે). પછી ઉત્તર તો સાંભળજો, પણ શિષ્ય કહે છે એને. સમજાણું કાંઈ?

તમે તો એમ કહ્યું કે, આત્માના શ્રદ્ધા, જ્ઞાન આત્માથી થાય. પોતાની પર્યાય પલટવાના કાળનો પુરુષાર્થ પોતાનો ન હોય તો બીજો શું કરી દે? ઊંધા પડ્યા હોય અને અનંતા જ્ઞાની આવે તોપણ સવળા કરવાની તાકાત ક્યાં છે? તમે તો એવું જ કહ્યું. નિમિત્ત તો છૂટી જાય, નિમિત્તમાં કાંઈ લાભ નિમિત્તની અસર, નિમિત્તનો પ્રભાવ, નિમિત્તથી કાંઈ નવું પલટવું, એને લઈને કાંઈક નવું થવું (એ) કાંઈ રહેતું નથી.

મુમુક્ષુ :– એક ફક્ત વિલક્ષણતા આવે.

ઉત્તર :– વિલક્ષણતા આવે તો નિમિત્ત છૂટી ગયું. છૂટી જાય છે, વિલક્ષણતા એને લઈને આવતી નથી. કહો, સમજાણું આમાં? છે એમાં. જુઓ! આ મોટા વાંધા (ચાલે છે). એ કુદરત આવ્યું આજ પહેલું જ. આહાહા..! ભાઈ! તારી પોતાની યોગ્યતા વિના શું થાય? સમજાણું?

મુમુક્ષુ :– નિમિત્ત ખરું કે નહિ?

ઉત્તર :– વસ્તુ છે. પણ ઇ ન્યાં હો. વસ્તુ નથી? નિમિત્ત પદાર્થ નથી? પણ અહીં કાર્ય કરવા માટે એનાથી થાય એમ નથી. વસ્તુ નથી? કહો, સમજાણું કાંઈ? આખી રાત જ આજે કાંઈક ચોખ્ખું થાતું હતું. કોણ જાણે શું છે? તંદ્રા જેવું હતું ને. જરી તાવ હતો. ૧૦૧ સુધી હશે. કોણ જાણે ક્યો પાઠ ક્યાંકથી કો'ક લાવ્યું હતું તો એમાં તો સિદ્ધની પર્યાયનો આખો પાઠ હતો. એકદમ સિદ્ધની પર્યાય પૂર્ણનો આમાં અર્થ છે, કીધું. સિદ્ધની પર્યાય પૂર્ણ થાય છે, એવી આખી (વાત આવી) પણ ચાલ્યું આખું. સિદ્ધ ભગવાનની પર્યાય પૂર્ણ થાય એવો આમાં અર્થ છે, કીધું. એ પાઠ કોણ જાણે મગજમાં ક્યાંથી આવી ગયું. તંદ્રામાં ચાલ્યું તે ચાલ્યું, કલાકોના કલાક! ચોખ્ખું થઈ ગયું આ. આ હવે જાગૃતિમાં કહીએ છીએ. કહો, સમજાણું કાંઈ?

આનો અર્થ ઘણો અટપટો હતો, હોં! આ તે જોગ છે કે આ તે શું છે આ સિદ્ધની

પર્યાય? સિદ્ધ પર્યાય પૂર્ણ થાય છે અને આ થાય છે શું? સિદ્ધ પર્યાય પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ થાય છે. એમાં કોઈ જોગ-ફોગનું કાંઈ સાધન રહેતું નથી. એકદમ પર્યાય પૂર્ણ... પૂર્ણ... પૂર્ણ... અવયવો પૂર્ણ એમ વળી અંદરથી આવ્યું હતું. સિદ્ધના બધા અવયવો પૂર્ણ થઈ ગયા. અવયવ એટલે પ્રદેશો. અનંત ગુણ પર્યાયને અવયવ કહેવાય છે ને? બધા પૂર્ણ થઈ ગયા. એમાં કોઈ બાકી રહેતું નથી. એનો અર્થ એવો છે. લાખ વાતની બીજી વાત કહે તો એમાં નથી નીકળે એવું, કીધું લે. 'મૂળચંદભાઈ'! આ એમ કહે છે, જુઓ! નિમિત્તથી કાંઈ થાય એવું તારામાંથી નીકળતું નથી.

મુમુક્ષુ :– અનાદિઅનંત હોય તે વાત માલુમ પડી ને!

ઉત્તર :– માલુમ એનાથી પડી. ક્યાંથી માલુમ પડે? એ તમારે 'જમુભાઈ' બહુ કહે છે. એ માલુમ પડવાની પર્યાયનો કાળ નહોતો? જ્ઞાનની પર્યાયનો કાળ નહોતો? પલટવાનો કાળ હતો કે નહિ? પોતાથી પલટો થયો છે કે સંયોગથી થયો છે?

મુમુક્ષુ :– દિખનેમેં આતા હૈ.

ઉત્તર :– શું જોવામાં આવે છે? કંઈ જોવામાં નથી આવતું. ન્યાં હતું ને અહીંયા આવ્યો એટલે એનામાં ન હોય, પણ અહીંયાં આવ્યો તો અહીં પર્યાય પલટન કરતો આવે છે કે નહિ? કે અહીં આવ્યો એટલે આનાથી થયું?

મુમુક્ષુ :–

ઉત્તર :– પણ કાળ તો એક હોય ને? બરાબરનો અર્થ શું થયો? વસ્તુ વર્તમાન પલટતી હોય ત્યારે સામી પણ ચીજ પલટતી એક નિમિત્ત તરીકે હોય. વર્તમાન પલટતું હોય કે કોઈ પલટવામાં ભૂત ભવિષ્યમાં પલટો હોય? પલટો તો વર્તમાનમાં જ હોય, જ્યાં જ્યાં હોય ત્યાં. ન્યાં એના કોઈપણ એક ગુણની પર્યાયનો પલટો ખાય છે એ એનાથી થયો. આ શું કરે બીજો? એની ક્રિયા, અંતર ને ગુણની અપેક્ષાના પર્યાયથી એ દશા થઈ છે. બીજો કરે શું? આહાહા..!

મુમુક્ષુ :– એ સમજી જાયને.

ઉત્તર :– પણ એ સમજી જાય એ સમજવાની લાયકાત છે તો સમજે, એમ કહે છે. બગલાને સમજાવો. દાખલો ન આપ્યો? બગલાને પોપટની જેમ સમજાવો. આ દાખલો આમાં આવી ગયો. બગલાને પઢાવો. પોપટ પઢશે (કેમકે) એની લાયકાત છે. બગલો આમ માછલા મારવામાં આમ હેઠુ મોઢું છે ત્યાં શી રીતે પઢાવશો એને? સમજાણું કાંઈ? એની નજર આમ છે. હવે એને તો માછલા ઉપર (નજર છે). પોપટ તો આમ સીધું જોવે, દેખે. કોણ આવ્યું? 'વજુભાઈ'! આહાહા..! ગજબ! પણ આ યોગ્યતા કેટલી વર્ણવી છે આચાર્યે! આ તો પહેલેથી આપણે આ ગાથા ચાલે છે.

આ રીતે પરથી કાંઈ લાભ ન થાય, પરથી પલટો ન થાય. અવસ્થા, કોઈ પણ પદાર્થની

પલટતી અવસ્થામાં આના સહારાથી એમાં કાંઈ નહિ થાય તો નિમિત્તનું કાંઈ રહેતું નથી, આ એમ પ્રશ્ન કરે છે. નિમિત્ત તો ક્ષેપ થઈ જાય છે, નિમિત્ત છૂટી જાય છે. નિમિત્તનું ખંડન થઈ જાય છે, નિમિત્તનું નિરાકરણ થઈ જાય છે, નિમિત્ત કાંઈ કરતું નથી એમ થઈ જાય (છે), એમ અહીં કહે છે, ભાઈ! એમ શિષ્ય પૂછે છે. એટલું તો શિષ્યે સમજી લીધું છે. સમજાણું? આ વાત આટલી થઈ ત્યાં એટલું તો એણે પકડ્યું છે. 'જમુભાઈ'! ક્ષેપ થઈ ગયો, એ તો મુકાઈ ગયું. નિમિત્ત તો મુકાઈ ગયું ક્યાંય. આમાં તો આ એકલું રહ્યું, પેલું તો મુકાય ગયું. એનો શું ઉત્તર છે? મહારાજ! શિષ્ય એમ પૂછે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

**'ઇસકે વિષયમેં જવાબ યહ હૈ...'** એના વિષયમાં જવાબ એ છે કે, આ તો ઢંઢેરો પીટીને વાત છે. આમાં ન્યાં કાંઈ ખાનગી કરવાની વાત નથી આ. **'કિ અન્ય જો ગુરુ આદિક...'** પાઠમાં છે ને? **'પુનર્ગુરુવિપક્ષાદિ'** એટલે એમાં ગુરુ આદિ ગમે તે જીવ હો કે જડ આદિ બેય પરમાં હો ને **'શત્રુ આદિક હૈં,...'** બે અનુકૂળ-પ્રતિકૂળ લીધા. **'વે પ્રકૃત કાર્યકે ઉત્પાદનમેં...'** પ્રકૃત નામ જે કાંઈ કાર્ય ઉત્પન્ન થવું છે તેમાં. પ્રકૃત એટલે જે કાંઈ કાર્ય ઉત્પન્ન થવું છે તેમાં. **'ઉત્પાદનમેં તથા વિધ્વંસનમેં સિર્ફ નિમિત્તમાત્ર હૈં.'** આ ગુરુનો જવાબ. નિમિત્તમાત્ર છે. ઉત્પન્ન અને વિધ્વંસ પોતાથી થાય છે. ઘડો માટીથી ઉત્પન્ન થાય છે. ત્યારે કુંભાર નિમિત્તમાત્ર છે, કુંભારથી ઘડો થતો નથી. કહો, સમજાણું કાંઈ? અને ઘડો લાકડીથી ફુટે છે. (તો કહે છે) ના. એ લાકડી તો નિમિત્તમાત્ર છે. ફૂટવાની પર્યાયના પલટન કાળે તે ફુટ્યું છે.

મુમુક્ષુ :– પ્રકૃત કાર્યકે...

ઉત્તર :– પ્રકૃત કાર્ય કીધું ને! જે કાર્ય લક્ષમાં લેવું છે તે.

મુમુક્ષુ :– અપ્રકૃત કે લિયે...

ઉત્તર :– પણ બીજો નિયમ જ ક્યાં છે? અહીં પ્રકૃત કાર્યની વાત છે ને! જે કાંઈ કાર્ય લક્ષમાં લે છે ઇ. જેને લક્ષમાં નથી (લેતો) એની અહીં વાત શું કામ છે? પ્રકૃત– પ્ર–વિશેષે. કૃત–કાર્ય કરાય તે. પરમાણુમાં ને જીવમાં કાર્ય કરાય તે. એવા કાર્યના ઉત્પાદનમાં, સમ્યગ્જ્ઞાનરૂપી કાર્યના ઉત્પાદનમાં આત્મા પોતે પલટીને ઉત્પન્ન કરે છે. એને ગુરુ તો નિમિત્તમાત્ર છે. કહો, સમજાણું કાંઈ? શ્રદ્ધા–સમ્યગ્દર્શન ઉત્પન્ન (થવું) એ પ્રકૃત કાર્ય. સમ્યગ્દર્શનના કાર્ય કાળમાં આત્મા પોતે સમ્યગ્દર્શનના કાર્યરૂપે પરિણમે છે, પલટો ખાય છે. ગુરુ ફક્ત નિમિત્તમાત્ર છે.

મુમુક્ષુ :– નિમિત્તની પદવી આપી.

ઉત્તર :– હા, ભલે એને ઘરે રહી પદવી. અહીં શું રહી? નિમિત્ત આને કાંઈ રચી શકે છે એમ નથી. આહાહા..! આ વસ્તુ–દ્રવ્ય પોતે જ પોતાના ઉત્પાદના સ્વકાળે ઉત્પાદ

કરે એમાં નિમિત્ત તો બીજી ચીજ ફક્ત હાજર છે. નિમિત્ત હાજર (કહ્યું) તો વળી કો'કને ખટકશે. હોય છે, લ્યો! હોય છે. આ હોય છે એનો શું અર્થ? **'સિર્ફ નિમિત્તમાત્ર...'** એમ કીધું ને? જુઓ! **'भ्रंशयोर्निमित्तमात्रं स्यात्तत्र'** સંસ્કૃત ઇ છે. સમજાણું કાંઈ?

અહીં તો વિકાર કરવાની પર્યાયની પલટન કાળમાં જીવને પોતાની લાયકાતથી કરે છે. કર્મ તો એક નિમિત્તમાત્ર, ફક્ત નિમિત્તમાત્ર છે. કહો, સમજાણું આમાં? આહા..! આ શરીરમાં ઓપરેશન થાય છે એ એની પર્યાયના કાળે તે પર્યાય પોતાથી થાય છે. ત્યારે એ છરી આદિને નિમિત્તમાત્ર કહેવાય છે. એનાથી પરમાં કાંઈ કાર્ય થાતું નથી. કહો, સમજાણું?

વસ્તુનું સ્વરૂપ જ આવું છે ત્યાં શું કરવું? વસ્તુની સ્થિતિ જ આવી છે કે વસ્તુ પોતે ક્યે ક્ષણે પલટતી નથી? બદલતી નથી? રૂપાંતર પામતી નથી? તો એના બદલાના પર્યાયમાં બીજો કરે શું? 'ધન્નાલાલજી'! આહાહા..! આવી બહુ ચોખ્ખી વાત તો મુકી છે. ધર્માસ્તિનું નિમિત્ત કહેશે. બહુ ગાથા ઊંચી છે! સમજાણું કાંઈ?

કોઈ પણ ગુરુ આદિક અને શત્રુ આદિ. વેરીઓએ મારું ભૂંડું કર્યું, બગાડ્યું મારું. ખોટી વાત છે કહે છે. કહો, 'હરિભાઈ'! આ લોકોએ મને સહાય કરી, મદદ કરી તો અમે કાંઈક રસ્તે ચડ્યા. ખોટી વાત છે કહે છે, એમ કહે છે.

મુમુક્ષુ :– એમ કહેવાય?

ઉત્તર :– એમ કહેવાય એ ખોટી વાત છે, કહે છે. બોલાય ભલે પણ એમ છે નહિ. 'ચંદુભાઈ'! આ બીજી વાત છે. આ તો આખી દુનિયાથી જુદી જાતની છે. એ વસ્તુ છે કે નહિ? આત્માને પરમાણુ વસ્તુ છે કે નહિ? છે તે પલટનના કાળે પલટે છે કે નહિ? પલટવાને કાળે પલટે તે તેનું કાર્ય (થાય છે) એમાં બીજો પલટાવી શી રીતે શકે? આહાહા..! કહો, સમજાણું આમાં? એનો અર્થ કરતાં પેલા બે જણા મૂંઝાઈ ગયા છે. આ ક્ષેપ છે એટલે કોણ જાણે શું કરવું? આ નિમિત્ત ઉડી જાય છે. માટે કહ્યું, નિમિત્ત વિના કાર્ય ન થાય. પાછું બાહ્ય-અભ્યંતર કારણ મુક્યા છે ને! પણ અહીં અત્યારે એ કામ નથી. હવે સાંભળને. અભ્યંતર કારણથી પોતાને કારણે કાર્ય થાય. બાહ્ય હો, ફક્ત નિમિત્તમાત્ર હો. વસ્તુ એવી પોકારે છે. એમાં કોઈના ઘરની ક્યાં ન્યાં વાત છે અંદર? બગલાનો દાખલો આપ્યો. લાખ બગલાને સમજાવે પણ 'પધારો' એમ બોલવાની હશે એની યોગ્યતા? પોપટ તો એમ કહે, પધારો સાહેબ! આવો, એમ બોલે હોં! પોપટ. શીખવ્યું હોય તો. આવો મહારાજ! આવો, મારા આંગણા ઉજળા કર્યા (એમ) પોપટ બોલે. એય..! બગલાને બોલાવો. એ શીખવ્યું હોય, બરાબર તેવું જ બોલે, હોં! ભલે એને શબ્દની ખબર ન હોય. એ શબ્દનો શું ભાવ છે (એની ખબર ન હોય) પણ એ શબ્દની ધ્વનિ એવી જ કરે. બગલો ક્યાંથી લાવતો હતો એવો ધ્વનિ? એનું મોઢુ એ જાતનું નથી. પેલાનું મોઢુ આવડુ નાનું, પેલું તો આવડું લાબું મોટું મોછલું ખાય એવું (હોય). સમજાણું કાંઈ?

આ બગલાનો દાખલો બહુ સરસ આપ્યો છે. બગલાને કાંઈ પઢાવી શકાય? એમ જેનામાં માલ નથી, આંગળા નાંખીને કાંઈ ઢોર ઉભા થતા હશે? માલ–અંદર પગમાં કસ ન મળે એને (ઊભા કેવી રીતે કરે?) જણનારીમાં જોર નહિ તો સુયાણી શું કરે? એ તો લોકો બોલે છે. કેમ? બોલે છે કે નહિ?

મુમુક્ષુ :– બન્ને વાત બોલે છે.

ઉત્તર :– એ બોલે એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા કે બીજી ચીજ છે એટલું. વસ્તુ આ છે. સમજાણું આમાં? પેટમાં હાથ નાખે ઇ? અંદર પેલું છોકરું અંદર ચોટ્યું હોય. હાથ આમ આમ નાખે તો ન્યાંથી વળી કાંઈક બીજે ખસી જાય, એટલે બીજાનો હાથ ન કામ આવે ત્યાં. (એ પોતે) આમ જરી ચોટ્યું હોય ન્યાંથી આમ થોડી ભીંસ કરે તો નીકળે. આ તો એક દષ્ટાંત છે, હોં! ભીંસથી કાંઈ નીકળવું (થતું નથી), એ તો એને કારણે નીકળે છે. આહાહા..! જગતની રચના, તત્ત્વોની સ્વતંત્ર રચના (એવી છે), એને કરે કોણ?

કહે છે, કોઈપણ કાર્યમાં ઉત્પાદન વખતે કે તે કાર્યમાં એ નાશનું કાર્ય થાય, લ્યોને! રોટલી બળે, ઘડો ફૂટે... સમજાય છે? શરીરનો કટકો થાય, હાથ તૂટી જાય, આમ બેઠો હોય ને માથે ઉપરથી છરો પડ્યો. ક્યાંક મુક્યો હોય આમ અને ન્યાં બરાબર છરો (પડે). તૂટવામાં શું ઇચ્છાએ તોડ્યું છે આ? એમ કહે છે. એ વિધ્વંસનમાં તો ફક્ત નિમિત્તમાત્ર છે, એનાથી કાંઈ થાતું નથી.

**'વાસ્તવમેં કિસી કાર્યકે હોને...'** ખરેખર તો કોઈ પણ પદાર્થના કાર્ય એટલે પર્યાય. કાર્ય એટલે પર્યાય. પર્યાય કહો, કાર્ય કહો. કોઈ પદાર્થના પર્યાયના કાર્ય કાળમાં પર્યાય અવસ્થા કહો કે કાર્ય કહો, દ્રવ્ય ત્રિકાળ છે. એનો વર્તમાન પર્યાય–અવસ્થા–થાય તે કાર્ય છે. **'કિસી કાર્યકે હોને વ બિગડનેમેં...'** ઉત્પાદ અને વ્યય. કહો, સમજાણું કાંઈ? ઉત્પન્ન થાય કે વ્યય થાય, આ તો બે શબ્દ લીધા છે. ઉત્પાદ પણ પોતાથી ને વ્યય પણ પોતાથી. પોતાનું સ્વરૂપ જ ધ્રુવ કાયમ રહે છે. વસ્તુ ધ્રુવ કાયમ રહી ઉત્પાદ–ઉપજવું (થાય), વ્યય–બદલવું–જવું–પોતાથી થાય છે. સમજાણું કાંઈ? કહો, આ છોકરાઓને ભણાવનારો એક નો એક માસ્તર હોય ને પેલો ભણવામાં એની યોગ્યતા પ્રમાણે કરે છે. નિમિત્ત શું કરે એને? પછી પેલો કહે, અમને બરાબર ભણાવ્યું નહિ. કહો, કેમ? સમજાણું કાંઈ? આહાહા..! મહા સિદ્ધાંત છે!

**'ઉસકી યોગ્યતા હી સાક્ષાત્ સાધક હોતી હૈ.'** દેખો! પાઠ છે, હોં! **'स्यात्तत्र योग्यताया एव साक्षात्साधकत्वात्'** નીચે યોગ્યતાનો અર્થ સામર્થ્ય કીધું છે. એનું સામર્થ્ય છે. ૪૩ પાનું. કહો, સમજાણું કાંઈ? અહીં બરાબર તાકડે ઓલી યોગ્યતા આવી છે. છૂટવાનું આજ આવ્યું છે. વિસ્તારથી ઘણું થઈ ગયું. કહો, સમજાણું કાંઈ? એ **'निमित्तक्षेपः'**. શિષ્યનો પ્રશ્ન છે કે, નિમિત્ત તો મુકાઈ જાય છે આમાં. સ્વયં પોતાથી જ લાભ થાય ને પોતાથી નુકસાન

થાય (એમ કહેવામાં) નિમિત્તનું કાંઈ રહેતું નથી ને નિમિત્ત તો છૂટી જાય છે, એમ કહે છે. નિમિત્તનું નિરાકરણ થઈ જાય છે, નિમિત્ત ખંડન થઈ જાય છે, નિમિત્ત છૂટી જાય છે, નિમિત્તને મુકી દ્યો છો, એમ કહે છે. એમ છે, ગુરુએ એને જવાબ આપ્યો. એમ જ છે, સાંભળને!

મુમુક્ષુ :– એમાં તો કાંઈ લખ્યું નથી.

ઉત્તર :– એ શું કીધું? **'વિધ્વંસનમેં સિર્ફ નિમિત્તમાત્ર હૈં.'** નિમિત્તમાત્ર એટલે ઉપાદાનથી પોતાનું કામ થાય છે. નિમિત્ત છે પણ નિમિત્ત હોય તો શું? એણે કર્યું શું અહીં? સમજાણું કાંઈ? **'વાસ્તવમેં કિસી કાર્યકે હોને...'** કોઈ પણ કાર્યના થવામાં કે બગડવામાં એટલે ઉત્પાદ-વ્યય. એ તો ભાષા (એવી) વાપરી છે. કોઈપણ પદાર્થના ઉત્પાદ કાળમાં પણ પોતાથી અને વ્યયમાં પણ પોતાથી (કાર્ય થાય છે). એ તો ઉત્પાદ-વ્યય–ઉત્પન્ન થવું અને બગડવું. **'ઉસકી યોગ્યતા હી, ઉસકી યોગ્યતા હી,...'** એમ છે. **'સાક્ષાત્ સાધક હોતી હૈ.'** જુઓ! સમજાણું કાંઈ? આ મોટા વાંધા પર સાથે છે એનો આમાં નિકાલ છે. આહા..! કહે છે કે, **'ઉસકી યોગ્યતા હી સાક્ષાત્ સાધક હોતી હૈ. જૈસે...'** હવે દૃષ્ટાંત આપે છે. મૂળ પાઠમાં છે ને?

**'એક સાથ ગતિરૂપ પરિણામકે લિયે...'** જુઓ! એકસાથે જડ અને ચૈતન્ય ગતિ કરે છે. આમ ગતિ કરે. જુઓ! યુગપદ્ છે ને? **'યુગપદ્ભાવિગતિ'** એમ કહે છે. ઘણા જડ અને ચૈતન્ય આમ એકસાથે ગતિ કરતાં હોય. એના **'પરિણામકે લિયે...'** એના પરિણામ એટલે ગતિની અવસ્થાના કાળે. **'ઉન્મુખ હુએ પદાર્થોંમેં...'** એ પદાર્થ પોતે જ એના પર્યાય થવામાં ઉન્મુખ થયો છે. પદાર્થ પોતે પર્યાયને ઉન્મુખ થયો છે. વિમુખને ઠેકાણે ઉન્મુખ થયો છે. પદાર્થ સન્મુખ થયો છે. આહાહા..!

મુમુક્ષુ :–

ઉત્તર :– હા. આવ્યું છે ને! આપણે નાખ્યું છે. તત્ત્વજ્ઞાનમાં નાખ્યું છે. ઉત્સુકતા, ઘડો થવા માટેની ઉત્સુકતા નથી. ઉત્સુકતા નથી એવું લખ્યું છે. જોયું છે? એ શબ્દ–તત્ત્વ. ઘડો થવામાં માટીની... હા, એમાં નાખ્યું છે. ઉત્સુકતા નથી, ઉન્મુખતા છે તો થાય છે, ઉન્મુખતા ન હોય, ઉત્સુકતા ન હોય તો ન થાય. આહાહા..! કહો, સમજાણું કાંઈ? આ લોટમાંથી રોટલી થવાની ઉન્મુખતા છે. સમજાણું?

મુમુક્ષુ :– અનેક પ્રકારે ઉન્મુખતા હોય એમાં નિમિત્ત આવે....

ઉત્તર :– ઉન્મુખ એમ છે જ નહિ. જે પર્યાય થવાની તે જ ઉન્મુખતા એનામાં છે. સબળપણે પ્રયત્ન એ જ એની મુખ્ય પર્યાય થવાની, બીજી પર્યાય હોય જ નહિ. યોગ્યતા ક્યાંથી લાવવી? જેવું નિમિત્ત આવે એવી યોગ્યતા (થાય કોઈ કહે એને કહે છે), જે સમયની (જે) ઉન્મુખ યોગ્યતા છે એ જ થાય. મોટો વાંધો પંડિતોએ કરી નાખ્યો. સમજાણું? આ પાઠમાં છે, હોં! જુઓ! **'યુગપદ્ભાવિગતિપરિણામોન્મુખાનાં ભાવાનાં સ્વકીયા ગતિશક્તિરેવ ગતેઃ**

**साक्षाज्जनिका तद्वैकल्ये तस्याः सहकारिकारणमात्रं स्यादेवं'** હો, સહકારી (કારણ), કોણે ના પાડી? સમજાય છે? પણ એ આવ્યું માટે અહીં થયું એમ નથી. એના થવા કાળે થયું ત્યારે બીજાને નિમિત્ત કહેવામાં આવે છે. વાત આ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કોઈ ફેરવતો નથી. કોણ ફેરવે? ફરે તો તો અહીં ઘણું સાંભળે છે. બધા ફરી જાય એની સાથે. એને ફરવાની પલટવાની પર્યાયનો કાળ હોય તો એ ફરે છે. ઇ જ કહે છે ને પેલા? તમે જ્યારે સમજાવો છો, તમારો હેતુ એવો છે કે, એની પર્યાય ફરે. માટે ક્રમબદ્ધ છે નહિ. અરે..! સાંભળને. અરે..! ભગવાન! એ તો વાણીને કાળે વાણીનો પર્યાય પરિણમે છે. શું આત્મા વાણીને કરે છે? એ કરવાની તાકાત છે આત્મામાં? એ તો અનંતા રજકણનો પિંડ છે. એ ઉં..હું.. થયું એ તો અનંતા રજકણનો સ્કંધનો ખોંખારો આવે છે. એ તો જડની પર્યાય છે. એ જડની પર્યાય પોતાથી ઉન્મુખ છે તેમાં આત્મા કરે શું એને? રોકે શી રીતે? કહો, સમજાણું આમાં? આહાહા..! આ તો જેને પરના અભિમાનથી છૂટીને સ્વમાં સમાવું હોય એની વાત છે.

મુમુક્ષુ :– ... પોતે નમાલો થઈને વળગે છે.

ઉત્તર :– એ વળગે છે એમ માને છે. વળગે શું? ન્યાં ક્યાં (વળગવાનું છે?) માને છે. ઇ ક્યાં વળગે છે ન્યાં? કહો, જુઓને! નિમિત્તનું નિરાકરણ થઈ જાય છે. વાત એમ જ છે, કહે છે. કાર્ય કાળે હોય છે એટલું છે. નિરાકરણ બીજું શું છે? આહા..! બીજાને સમજાવવાની ભાષા હું કરું છું માટે સમજશે. વાતમાં માલ એકેય દોકડો નથી. આહાહા..! કોને સમજાવે? પોતાની પર્યાયનો પલટન કાળ (છે) તો પોતાની પર્યાય પલટે છે. એને પલટનનો કાળ એને કારણે પલટશે. તારી ભાષાથી પલટશે? અને ભાષાને તું કરી શકે છો? આહાહા..!

મુમુક્ષુ :– જગતથી આખી જુદી વાત છે.

ઉત્તર :– જુદી વાત છે?

મુમુક્ષુ :– .. વિચાર કરે કે સારો શિક્ષક હોય તો સારું.

ઉત્તર :– સારો શિક્ષક હોય તો શું કરે ન્યાં? સાલ નાખે. કીધું ને? બગલાને શીખવો, સારો શિક્ષક લાવી દો મોટો પાંચ હજારનો પગારવાળો.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– ઇ બેસાડશે પણ કરશે શું એને સામાને? સમજાણું કાંઈ? મલ્લે મલ્લની કુસ્તી છે. પેલા 'પ્રભાશંકર પટણી' આવ્યા હતા ને? કાંઈ સમજતો નથી. આહાહા..! **'कत्थदि बलिओ जीवो, कत्थवि कम्माइ हुं ति बलियाइ'** એનો અર્થ તું પોતે વિકારમાં બળીયો થાય ત્યારે એને બળ છે એમ કહેવામાં આવે છે. સવળો આમ થાય તો તારું બળ આમાં જાય છે. બીજું છે શું? આહા..! વિકારભાવ એ આત્માનો સ્વભાવ નથી. એના બળમાં જ્યારે

તું જાય એટલે કર્મનું બળ છે એમ કહેવામાં આવે છે. એ ગાથા આવી ગઈ. આહા..!

ભારે તકરાર કરીને બેસી ગયા. ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર અને ક્રમબદ્ધ, આ પાંચ બોલ(ના વાંધા છે). એ વાંધે વાંધા. પણ એકમાં બધું આવી જાય. સાંભળને! જે દ્રવ્યનો, જે સમયે પર્યયાનો સ્વકાળ છે તે દ્રવ્ય તેની પર્યાયની ઉન્મુખતાએ વર્તે છે. ખલાસ થઈ ગઈ (વાત) ત્યારે. આ ક્રમ પણ આવી ગયું, ઉપાદાને પણ આવી ગયું, નિશ્ચય પણ આવી ગયું. આહાહા..! પેલો વ્યવહાર તો જાણવા યોગ્ય થઈ ગયો. આ તો ત્રણેય આવી ગયા આમાં.

મુમુક્ષુ :- ક્રમબદ્ધ પણ આવી ગયું.

ઉત્તર :- ક્રમ આવી ગયું ને. કીધું, એનો પર્યાય એ કાળે ઉન્મુખ થાય છે, બસ! ખલાસ થઈ ગયું. નિમિત્તમાત્ર હો બીજી ચીજ, કોણે ના પાડી? હોય તો શું થયું? એને લઈને આ પર્યાય સત્ છે? આહાહા..! પેલા કહે છે, ઘડો સારો બનાવવો હોય તો સારા કુંભારને બોલાવીએ છીએ શું કરવા? કાંઈ ઘડામાં ફેરફાર કરવાની તાકાત હશે તો ને? એ પ્રશ્ન આવે છે અંદર, કે સારો ઘડો બનાવવો હોય ફર્સ્ટક્લાસ ત્યારે સારા કુંભારને શું કરવા બોલાવીએ છીએ? સારો શીરો, દાળ, ભાત સારા કરવા હોય તો સારી બાઈને શું કરવા (બોલાવીએ છીએ?) ફુહડને શું કરવા ન બેસાડે ન્યાં? જેને સારું રાંધતા આવડ્યું હોય, ઘણા વર્ષોથી (રાંધીને) પાવરધી થઈ ગઈ હોય, વળી ફટ દઈને આમ હળવું હળવું આમ બીજાને કેમ નાખવું, ક્યાં નાખવું (એની સૂઝ પડતી હોય). એને બેસાડે શીરો કરવા. જટ દઈને લ્યો, આ વખત થઈ ગયો ને આ શીરો તૂટ્યો. આ દસ શીરો કર્યો હતો તૂટ્યો, આંતરો ન પડે એમ શીરો બનાવી નાખ. નહિતર લાજ જાશે. ફુહડ (એમ કહે), મારે શું કરવું? કેમ કરવું? ક્યાં કરવું? શું કરવું? પેલી કરતી હશે એ પુરુષાર્થથી કરતી હશે ને? એ પરમાણુઓ જ્યારે પોતાની શીરાની પર્યાયપણે થવાની ઉન્મુખતા છે ત્યારે થાય છે. કરે કોણ? એ.. 'ન્યાલભાઈ'! આ તો બહુ મોટા વાંધા ઉઠે.

મુમુક્ષુ :- ગુરુનું માહાત્મ્ય ચાલ્યું જશે.

ઉત્તર :- ગુરુ માહાત્મ્ય એમાં જ છે. કહે છે કે, તું સત્ સત્થી થાય એમ માન ત્યારે ગુરુનું માહાત્મ્ય વ્યવહારે કહેવાશે. પર છે ને? પરના માહાત્મ્ય વ્યવહારના છે, નિશ્ચય માહાત્મ્ય તો પોતાનું છે. (અજ્ઞાની એમ કહે), આપણે શીખવ્યું એનું માન નહિ માને, એનો ઉપકાર નહિ માને. હવે સાંભળને! તારે બનાવવું છે પરાણે? એમ કહે, આવું જો કરશે તો આપણો પછી ઉપકાર નહિ માને, આ ચાર ચાર મહિના વાંચ્યું, મહેનતું કરી એનું કાંઈ નહિ આપણને મળે? મારાથી તમને થયું છે, હોં! તો કાંઈક ઉપકાર માને, સામું કાંઈક આપે. પછી એના પ્રમાણમાં (આપે). અભિનંદન (આપે), વખાણ (કરે), વાસણ-કુસણ (આપે). તમે સારા છો ને બહુ કામ કર્યું. એટલું આપે, લ્યોને! પણ સામાથી થયું હોય તો ને?

સામાથી ન થયું હોય તો એ એટલું પણ આપે શું કરવા? 'ધન્નાલાલજી'! આ જગતને અભિમાને મારી નાખ્યા. સમજાણું કાંઈ?

જે જગતના જડ ને ચૈતન્ય અનંત પદાર્થો વર્તે છે તે પોતાની વર્તમાન અવસ્થાને ઉન્મુખ થયેલા કાર્યમાં વર્તે છે. એને બીજી ચીજ સન્મુખ આવી માટે થાય છે એમ છે નહિ. આહાહા..! જવાબ ગુરુએ એ આપ્યો છે. પેલો કહે, નિમિત્ત છૂટી જાય છે. કાર્યકાળે તો માત્ર નિમિત્તમાત્ર છે. એનો અર્થ, એમાં તેનાથી કાંઈક થાય એમ ખોસવા માટે છે, એમ નથી, એમ કહે છે તેનો અર્થ. સમજાણું કાંઈ?

**'જૈસે એક સાથ ગતિરૂપ પરિણામકે લિયે...'** જુઓ! ઘણા (પદાર્થ). જે પદાર્થ ગતિને પરિણામ ઉન્મુખ થયા, એમ કહે છે. જે પડ્યા છે એને કેમ ઇ કાંઈ નિમિત્ત થાતું નથી? એટલે પોતે જે ગતિ કરવાને ઉન્મુખ થયેલા છે એને પેલા નિમિત્તમાત્ર કહેવાય છે, કેટલી સરસ વાત છે! સમજાણું કાંઈ? **'પદાર્થોંમેં ગતિકી સાક્ષાત્ પૈદા કરનેવાલી...'** જુઓ! એ ગતિ કરવા લાયક જીવો છે કે જડ છે એમાં **'સાક્ષાત્ પૈદા કરનેવાલી ઉન પદાર્થોંકી હી ગમન કરનેકી શક્તિ હૈ.'** પર્યાયની, હોં! કાયમી નહિ. એ સમયની ગમન કરવાની શક્તિ એટલે પર્યાય પોતે થઈ છે, તે સમયે પોતાથી થઈ છે.

**'ક્યોંકિ યદિ પદાર્થોંમેં ગમન કરનેકી શક્તિ ન હોવે તો ઉનમેં કિસીકે દ્વારા ભી ગતિ નહીં કી જા સકતી.'** કહો, આકાશને કેમ ગતિ કરાવતું નથી ધર્માસ્તિ? આકાશ પદાર્થ આમ વ્યાપક પડ્યો છે. ગતિ કરવાની એમાં યોગ્યતા નથી. એમાં ગતિમાં નિમિત્ત કોને થાય? ગતિ થવાને લાયક જે પોતાના પર્યાયથી કરે ત્યારે પેલો નિમિત્ત કહેવાય છે. આકાશને કરાવી દે ને! અહીંયા આકાશ છે તેને હડશેલી દે ને! (એને કહે), આઘો હાલ અહીંથી. અહીં અસંખ્ય અરૂપી પ્રદેશ પડ્યા છે ને. સમજાણું કાંઈ? આકાશ વ્યાપક છે. જ્યાં પ્રદેશો પડ્યા તે અનાદિઅનંત એમ ને એમ છે. એનો એક પ્રદેશ પણ આમ ખસે નહિ. જેની ગતિ થવાની લાયકાત નથી એને નિમિત્ત કહેવું કોને? સમજાણું કાંઈ?

**'યદિ પદાર્થોંમેં ગમન કરનેકી શક્તિ ન હોવે...'** લ્યો! રજકણ કે આત્મા પોતે ગમન થવાને લાયક ન હોય, વર્તમાન પર્યાયમાં, હોં! **'તો ઉનમેં કિસીકે દ્વારા ભી ગતિ નહીં કી જા સકતી. ધર્માસ્તિકાય તો ગતિ કરાનેમેં સહાયકરૂપ દ્રવ્યવિશેષ હૈ.'** લ્યો! સહાયકરૂપ એટલે સાથે છે એવું એક દ્રવ્ય વિશેષ છે. ધર્માસ્તિકાય ગતિ કરાનેમેં સહાયકરૂપ–સાથે રહેનારું (દ્રવ્યવિશેષ છે). જુઓ! સહાયક શબ્દ વાપર્યો છે. હસ્તાવલંબ તુલ્ય દેખીને એને કહ્યું છે.

**'ઇસલિયે વહ ગતિકે લિયે સહકારી કારણમાત્ર હુઆ કરતા હૈ.'** લ્યો! સમજાણું? એ માટે ગતિ કરનારા જડ ને ચૈતન્યની પર્યાયમાં સહકારી એટલે સાથે જ (સહકારી કારણમાત્ર હોય છે). એ નિમિત્ત આવ્યું ને અહીં પછી થયું એમ છે નહિ. અહીં ગતિ પરિણમન કરે

ત્યારે પેલાને સહકારી સાથે રહેલાને નિમિત્ત કહેવાય છે, સાથે રહ્યું એમાં કાળભેદ ક્યાં છે કે એનાથી અહીં થાય. મોટી તકરાર. નિમિત્ત અકિંચિત્કર છે, નિમિત્તને અકિંચિત્કર ઠરાવે છે, વ્યવહારથી નિશ્ચય કાંઈ થાતું નથી અને નિયત જ થાય છે. એ એમ જ છે, સાંભળને! અકિંચિત્કર આવે છે. ખૂબ લખે છે. અકિંચિત નથી, કિંચિત્કર છે પોતામાં. પરને માટે અકિંચિત્કર છે. પરનું કાર્ય નિમિત્ત કાંઈ કરતું નથી. આહાહા..! સમજાણું? વ્યવહારના એવા લખાણ આવે એટલે માણસને એમ થઈ જાય.

**'ધર્માસ્તિકાય તો ગતિ કરાનેમેં...'** કરાનેમેં, હોં! પેલો (ગતિ) કરે છે ને ત્યારે સહાયકરૂપ દ્રવ્યવિશેષ સહકારી કારણમાત્ર (દ્રવ્યવિશેષ છે). સહકારી કારણમાત્ર એમ છે, જુઓ! **'सहकारिकारणमात्र स्यादेवं' 'યહી બાત પ્રકૃતમેં ભી જાનની ચાહિયે.'** પ્રકૃતમેં એટલે? શિષ્ય પોતે સમજવાની પર્યાયને ઉન્મુખ છે ત્યારે ગુરુ ફક્ત નિમિત્તમાત્ર છે. પેલો ગતિ કરે છે ત્યારે ધર્માસ્તિને નિમિત્ત કહેવામાં આવે છે. **'વહ બાત પ્રકૃતમેં...'** એટલે ચાલતી વાત, ગુરુ ને શિષ્ય, શત્રુ આદિ એમાં બધા પોતાની પર્યાય જ્યારે કરે છે ત્યારે પેલા નિમિત્તમાત્ર (હોય છે).

**'ઇસલિયે વ્યવહારસે હી ગુરુ...'** જુઓ! વ્યવહાર આવ્યો હવે. **'व्यवहारादेव गुर्वादेः सुश्रूषा प्रतिपत्तव्या।'** દેખો! વસ્તુસ્થિતિ આવી છે. વ્યવહારથી ગુરુની સેવા, વિનય આદિ કરવા લાયક છે. એમ. એનો અર્થ કે, નિશ્ચયમાં તારી સેવા કરવા લાયક (છે.) આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહારસે હી, વ્યવહારસે હી પાછું, નિશ્ચયથી નહિ. **'ગુરુ આદિકોંકી...'** સાધર્મી ગુરુ આદિ(ની) સેવા શુશ્રુષા. ભગવાન તીર્થંકર વગેરે, એની પ્રતિમા વગેરે વ્યવહારથી **'સેવા શુશ્રુષા આદિ કી જાનની ચાહિયે.'** લ્યો! આટલી વાત છે. એને એમ જ કહી દે કે, આ પરને લઈને મને આ ભગવાનની પ્રતિમા છે એ મને ભાવ અહીં કરાવી દે, ભક્તિનો ભાવ એ કરાવી દે. તું ભાવનું પરિણમન પલટો કર ત્યારે એ વસ્તુને-મૂર્તિને નિમિત્તમાત્ર કહેવાય. મૂર્તિ અહીં કોઈ પરિણામને આપી દે એમ છે નહિ. સમજાણું? બહુ સરસ વાત આવી, લ્યો! **'बाह्यनिमित्तक्षेपः'** બાહ્ય નિમિત્ત તો ફેંકાય જાય છે, તમારું ઉપાદાન ઉભું રહે છે એમ કહે છે. શિષ્ય એમ કહે છે, ભાઈ! ઉપાદાન તમારું ઊભું રહે છે, નિમિત્ત તો બાહ્ય ક્ષેપાય જાય છે, આમ ફેંકી દે એમ તમે ફેંકી દીધું, લ્યો! ભાઈ! હવે એમ જ છે, સાંભળને! કહો, 'હરીભાઈ'! હવે એનો દોહો.

**दोहा - मूर्ख न ज्ञानी हो सके, ज्ञानी मूर्ख न होय।**
**निमित्त मात्र पर जान, जिमि गति धर्मतें होय।।३५।।**

**'મૂર્ખ ન જ્ઞાની હો સકે,...'** ઇ એનામાં પોતામાં તાકાત મૂર્ખ ભર્યો હોય એને ગમે એવી વાત કરો તો એને બેસસે ક્યાંથી? એ તો એવો ને એવો ધોયેલ મૂળા જેવો રહેશે. કહો, સમજાણું કાંઈ? **'મૂર્ખ ન જ્ઞાની હો સકે, જ્ઞાની મૂર્ખ ન હોય...'** અને જ્ઞાની કાંઈ

દુનિયા અનંતકાળ પ્રતિકૂળ પડે એટલે મૂર્ખ થઈ જાય નહિ. એનો જે ભાવ બેઠો છે એ ફેરવી નાખે (એમ છે નહિ). આટલા આટલા માણસ મળ્યા એટલે ફરી જાય એમ છે નહિ. **'નિમિત્ત માત્ર પર જાન,...'** **'નિમિત્ત માત્ર પર જાન,...'** પર ચીજ કોણપણ ચીજમાં જડ, ચૈતન્યના કોઈપણ કાળમાં પર વસ્તુ તો નિમિત્તમાત્ર છે. એક બીજી ઉપસ્થિત માત્ર ચીજ છે. **'જીમી ગતિ ધર્મતે હોય.'** લ્યો! જેમ ગતિ ધર્મથી હોય એમ કહેવામાં આવે છે. ગતિ કરવામાં ધર્માસ્તિ નિમિત્ત છે. એ કાંઈ કોઈને ગતિ કરાવતું નથી.

૩૫મી ગાથામાં આવો તો સીધો દાખલો આપ્યો છે અને આ તકરાર તકરાર (કર્યા કરે છે). નથી આચાર્યના હ્રદય જોતો, નથી આચાર્યના કથનોને સંભાળતો. પોતાનો ઝંડો (ઊંચો રાખવા માગે છે). જુઓ! આમ થયું ને આમ થયું. પહેલું કેમ થવાનું નહોતું? બરફ પડ્યો તો પાણી ઠંડું થયું. પહેલું પાણી કેમ ઊનું ન થયું? અગ્નિ આવી તો ઊનું થયું. પ્રત્યક્ષ દેખાય એને તમે.... આ શું કહેવાય ઇ? ભ્રષ્ટ ઇષ્ટ. આવે છે ને? દેખાય અને પ્રત્યક્ષ માલુમ પડે એને તમે ખોટું ઠરાવો, લ્યો! એક જણો એમ કહેતો હતો. દૃષ્ટિએ દેખાય આમ કે પાણી અગ્નિથી ઊનું થયું. તમે કહો કે, પાણીનો ઉન્મુખતાનો ઊના થવાનો કાળ હતો ને થયું, અગ્નિ તો ફક્ત નિમિત્તમાત્ર છે. આહાહા..! ભાઈ! માણસનો રખોપો કરવો હોય તો એને ધ્યાન રાખવું પડે કે નહિ? સંભાળ કરવી હોય, ઉપરથી પડતું હોય એનો હાથ ઝીલી લે ફટ દઈને, લ્યો! એ નિમિત્ત ન હોય તો હેઠે પડે કે નહિ? ઉપરથી પડતો હોય, જુઓ! પેલા બિચારા.

મુમુક્ષુ :– એ પડતું હોય છતાં ન મરે.

ઉત્તર :– પણ પડે તો ખરું ને હેઠે?

મુમુક્ષુ :– એના કારણે.

ઉત્તર :– પેલો અધ્ધર રહી જાય. સરકસમાં જોયું છે ને? સરકસમાં ઉપરથી પેલો ખેલાડી હોય ને માથે? ઇ પડી જાય તો હેઠે રાખે, જાળીવાળા ઊંચા રાખે. કદાચ પડી જાય તો ઝીલી લેવાય. પાછા ઊંચા રાખે, કાંઈ ઠેઠ ન હોય. હેઠે (હોય તો) ઢીંઢું તૂટી જાય. ત્રણ ચાર હાથ ઊંચુ રાખે. ... પેલો બેઠો હોય ને? એક એક પગલાની... શું કહેવાય? એક ટાંગાની ખુરશી. ન્યાં પાછું લાકડું આમ હોય. એક ટાંગાની ખુરશી (હોય). એમાં જો કાંઈક થયું હોય તો પડે હેઠે. હેઠે રાખે છે ને? ઝીલી લેવાય. કાંઈ ન કર્યું એણે?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ઇ તો એને પડવાનું હતું એટલે ન્યાં એની જાળ પણ તૂટી જાય છે, ફટ દઈને! સાંભળને! એનો જે પર્યાય થવાનો હોય ત્યાં શું થાય? એવા જોરથી પડે કે જાળી તૂટી જાય એની. એની પર્યાયનો પોતાનો કાળ જે ક્ષેત્રાંતરે ઉન્મુખ છે એને રોકવા કોઈ સમર્થ નથી અને એને કોઈ ટાળવા સમર્થ નથી. આહાહા..! કેમ હશે? ભાઈ! 'રવિભાઈ'!

આવું હશે? આવું ભણતરમાં આવતું હશે તમારે ત્યાં? લે! આહાહા..!

એક આ નિયમ સમજી લે તો સ્વતંત્રતાના ઢંઢેરા એના જ્ઞાનમાં આવી જાય. આચાર્યે ધર્માસ્તિકાયનો દાખલો આપ્યો છે, જુઓ! ધર્માસ્તિકાયવત. ગતિ કરે ત્યારે ધર્માસ્તિકાય નિમિત્ત કહેવાય. ન ગતિ કરે તો ગતિ કરાવે છે? સ્થિર રહે તો? તેથી કીધું જે એકસાથે ગતિ કરે છે, એમ ભાષા લીધી છે ને? એકસાથે ગતિ કરે છે. ગતિ નથી કરતાં એને એકકોર રાખો. એને અધર્માસ્તિ નિમિત્ત છે. ગતિ કરીને સ્થિર થયા હોય ઇ. ધર્માસ્તિકાયનો દાખલો આપીને તો બહુ ચોખવટ કરી નાખી.

**'અબ શિષ્ય કહતા હૈ કિ 'અભ્યાસ કૈસે કિયા જાતા હૈ?''** હવે એકદમ અંતરમાં (જવાની વાત કરે છે). પરથી થાતું નથી, પોતાથી થાય. હવે અમારો આત્મા (એનું) અંદર ધ્યાન શી રીતે કરવું? આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ પ્રભુ, આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ (છે) એનો અમારે અંદરમાં આવવાનો અભ્યાસ શી રીતે કરવો? બહારથી કાંઈ થાય નહિ, બીજો કોઈ કરી દે નહિ. **'અબ શિષ્ય કહતા હૈ કિ 'અભ્યાસ કૈસે કિયા જાતા હૈ?''** આત્માના ધ્યાનનો અભ્યાસ કઈ રીતે કરાય છે?

**'ઇસમેં અભ્યાસ કરનેકે ઉપાયોંકો પૂછા ગયા હૈ.'** શિષ્યે પ્રશ્ન કર્યો છે. જુઓ! પૂછે છે પાછો ગુરુને. એય..! એના વતી કહ્યું. **'અભ્યાસ કૈસે કિયા જાતા હૈ?'** મહારાજ! એ અભ્યાસ કરવાની પર્યાયનો કામી છે એને આવા પ્રશ્ન ઉઠ્યા છે. **'ઇસમેં અભ્યાસ કરનેકે ઉપાયોંકો પૂછા ગયા હૈ.'** આમાં કહેશે એકાંત સ્થળ, હોં! **'અભ્યાસ કરનેકે ઉપાયોંકો (પૂછા ગયા હૈ).'** મહારાજ! પ્રભુ! આત્મા તો આખો આનંદકંદ પ્રભુ આત્મા છે, અનાકુળ આનંદનો રસકંદ એ આત્મા છે. પણ હવે અમારે એમાં એકાગ્રતાનો અભ્યાસ શી રીતે કરવો કે જેનાથી અમારુ કલ્યાણ થાય? એના ઉપાય શું છે? આત્મા આનંદમૂર્તિ, વસ્તુ આખી પૂર્ણ બ્રહ્મ આત્મા, એના તરફ સન્મુખ થવાનો અભ્યાસ, એનું કોઈ ફળ, એનો કોઈ ઉપાય છે? એમ પૂછ્યું છે. એની ધગશ છે.

મુમુક્ષુ :– ગુરુ પોતે થઈને ગુરુને ગોતવા નીકળ્યો છે.

ઉત્તર :– ગુરુ થઈને ગુરુને ગોતવા નીકળ્યો છે. એય..! છે ને એ ચોપડી બનાવી છે ને એણે? એ પોતે પોતાનો ગુરુ થઈને સત્‌ને શોધવા અને સત્‌ને જાણવા મથે છે એનું નામ ગુરુ. એ પહેલા આવી ગયું છે. સત્‌ની અભિલાષા–સત્ મોક્ષતત્ત્વની અભિલાષા. મોક્ષ એટલે આત્માનું સુખ. એની અભિલાષા કરનાર અને એ સત્‌ને જાણનાર કે આ મોક્ષનું સુખ આવું હોય છે અને તેમાં પ્રવર્તન કરનાર, એને ગુરુ કહીએ, એને ગુરુ કહીએ. પોતાની અભિલાષા કરે, પોતાને તે રીતે જાણે ને પોતામાં પ્રવર્તન કરે એને ગુરુ કહીએ. એ વાત આવી ગઈ છે. માટે આ ગુરુ એનો જ છે ઇ. કહો, 'વજુભાઈ'! આચાર્યે બાકી નથી રાખી. આ એકાવન શ્લોકમાં તો... ઓહોહો..!

**'સો અભ્યાસ ઔર ઉસકે ઉપાયોંકો કહતે હૈં.'** લ્યો! હવે ગુરુ એનો અભ્યાસ કેમ કરવો ને ઉપાય (કહે છે). **'બાર બાર પ્રવૃત્તિ કરનેકો અભ્યાસ કહતે હૈં.'** અભ્યાસની વ્યાખ્યા કરે છે. વારંવાર પ્રવૃત્તિ કરવાને અભ્યાસ કહે છે.

**'યહ બાત તો ભલીભાંતિ પ્રસિદ્ધ હી હૈ.'** કહે છે કે, અભ્યાસની વ્યાખ્યા–વારંવાર આત્મા તરફનો અભ્યાસ કરવો. આત્મા જ્ઞાન (સ્વરૂપ છે એમ) વારંવાર, વારંવાર (અભ્યાસ કરવો). લાખ વાતની વાત છોડીને નિશ્ચય અંદરમાં લાવો. વારંવાર જ્ઞાયક છું... જ્ઞાયક છું... જ્ઞાયક છું... જ્ઞાયક છું. એના તરફનો અભ્યાસ કરવો એ તો અભ્યાસની વ્યાખ્યા પ્રસિદ્ધ છે, એમ કહે છે. સમજાય છે? વારંવાર પ્રવૃત્તિ કરવાને અભ્યાસ કહે છે એ વાત તો પ્રસિદ્ધ છે.

**'ઉસકે લિયે સ્થાન કૈસા હોના ચાહિએ?'** એટલી વાત રહી. જ્યારે પોતે પોતાનો અભ્યાસ વારંવાર કરવા માગે છે ત્યારે ત્યાં કેવું ક્ષેત્ર હોય? **'કૈસે નિયમાદિ રખને ચાહિયે?'** કેવા નિયમ આદિ ત્યાં હોવા જોઈએ? સમજાણું? નિયમ, નિયમ. **'ઇત્યાદિ રૂપસે ઉસકા ઉપદેશ કિયા જાતા હૈ.'** લ્યો! એનો ઉપદેશ કરવામાં આવે છે. **'ઇસી પ્રકાર સાથમેં સંવિત્તિકા ભી વર્ણન કરતે હૈં.'** એમ સાથે સંવિત્તિ–આત્માનો અનુભવ, આત્માનો અનુભવ–વેદન, એનું પણ વર્ણન કરવામાં આવે છે.

**अभवच्चित्तविक्षेप, एकान्ते तत्त्वसंस्थितः।**
**अभ्यस्येदभियोगेन, योगी तत्त्वं निजात्मनः।।३६।।**

**અર્થ :– 'જિસકે ચિત્તમેં ક્ષોભ નહીં હૈ,...'** પહેલો તો અભ્યાસ કરવાવાળા જીવના ચિત્તમાં ક્ષોભ ન હોય. એ આ, આ, આ કરું, આ કરું, આ રહી ગયું, આ કર્યું, આ મુક્યું, આ મુક્યું એ બધા ક્ષોભ હોય એ અંતરના અભ્યાસ કરવાને લાયક નથી. સમજાણું કાંઈ? જેના ચિત્તમાં ક્ષોભ નથી. મોહ ક્ષોભ વિહિન પરિણામ, ત્યાં કીધા ને? આ તો આ કર્યું, આ રહી ગયું, આ એક બનાવ્યું, આ મુક્યું ને આ થઈ ગયું એવા વિકલ્પની જાળનો ક્ષોભ હોય ત્યાં સ્વમાં અભ્યાસ શી રીતે કરે? કહો, સમજાણું કાંઈ? જેના ચિત્તમાં ક્ષોભ નથી. મારે આટલું સમજવું રહી ગયું, મારે આટલું સમજાવવું રહી ગયું, મારે એટલું કરવું રહી ગયું, મારે એટલું કરાવવું રહી ગયું, એવા વિકલ્પની જાળવાળો અંતર્મુખ અભ્યાસ કરી શકશે નહિ.

મુમુક્ષુ :– અમારે તો સમજવું કે ન સમજવું?

ઉત્તર :– સમજવું જુદી વાત છે. એ તો પોતે સમજવાની અભિલાષ કરી છે ને? પણ ક્ષોભ નથી ત્યારે અભિલાષ કરી છે ને? એવો ક્ષોભ જેને નથી. એક જ વાત–પોતાના તરફનો અભ્યાસ કરવો છે.

**'ક્ષોભ નહીં હૈ, જો આત્મા સ્વરૂપ રૂપમેં સ્થિત હૈ,...'** જુઓ! અહીં તો જુઓ! ઉપાડવું છે ને? આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ આનંદકંદ પ્રભુ આત્મા છે એમાં જેની સ્થિતિ છે.

ક્ષોભરહિત આ બાજુમાં સ્થિતિ છે. અહીં તો હવે ધ્યાન કરવું છે ને! રાગાદિ રહિત અને આત્મસ્વરૂપમાં સ્થિત છે, એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો અંતરની વાતું છે. જરીક બહુ સૂક્ષ્મપણે અંદર ભેદ પાડ્યા છે. ભગવાનઆત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ (છે) એમ પહેલું જાણ્યું છે. જાણીને એમાં ક્ષોભ રહિત થયેલ છે, આત્મામાં સ્થિત છે. આ આત્મા... આ આત્મા... આ આત્મા... (એમ) સ્થિત છે.

**'ઐસા યોગી...'** એવો આત્માની સાથે જોડાણ કરનાર. આહા..! એવો આત્મા પોતાના આનંદ સ્વરૂપની સાથે યોગ જોડનાર **'યોગી સાવધાનીપૂર્વક...'** સાવધાનીપૂર્વક શાંતિથી ખ્યાલ કરતો **'એકાન્ત સ્થાનમેં...'** એકાંત સ્થાન હોય. અંતરમાં પોતાનું રાગરહિત એકાંત સ્થાન છે. બહારમાં એકાંત સ્થાન કોલાહલ આદિ ન હોય. કહો, સમજાણું કાંઈ? પહેલું એકાંત સ્થળ તો કહ્યું. ક્ષોભરહિત ને આત્મામાં સ્થિત, એ પોતાનું એકાંત સ્થળ છે. આહાહા..! મારે બીજાને સમજાવવું છે, મારે હજી બીજાથી સમજવું છે ને એવી આકુળતા ઘણી હોય એને સ્વરૂપમાં સ્થિરતા આવી શકે નહિ, એમ કહે છે. આ તો ઊંચી વાત લેવી છે ને!

કાંઈ કરવું નથી. કરીને સ્વરૂપમાં ઠરવું એક જ વાત છે. ક્ષોભ રહિત ભગવાનઆત્મા એમાં ઠરવા માગે છે એ જરી સ્થિર તો છે. એકાંત સ્થાનમાં સાવધાનીપણે **'અપને આત્માકે સ્વરૂપકા અભ્યાસ કરે.'** સમજાણું? એકાંત સ્થાનમાં પણ ખ્યાલ રાખે. એવું એકાંત સ્થાન મળી જાય (કે) જ્યાં સ્ત્રી આદિ બેઠી હોય, પડી હોય કે આવા પ્રકાર હોય તો એ સાવધાની ખ્યાલ સહિત એકાંત સ્થાનમાં અંદર એકાંત સ્થાન પોતાનું, બાહ્યમાં કોલાહલ વિનાનું હોય ત્યાં આત્મા કે, **'અપને આત્મા કે સ્વરૂપકા અભ્યાસ કરે.'** આહાહા..! ત્યાં ભગવાનનું સ્મરણ કરવું કે જાપ કરવા ને એવું અહીં કાંઈ નથી લીધું.

પોતાનો આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ જ્ઞાનાનંદ મૂર્તિ પ્રભુ આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત, એમાં ઠરવાનો, ધ્યાન કરવાનો અભ્યાસ અંતર્મુખમાં કરે. આ જુઓ! આ 'ઇષ્ટોપદેશ'! આ ઉપદેશને ઇષ્ટ ઉપદેશ કહીએ. જેમાં પોતાનું હિત થઈ શકે છે. એને એમ નથી કે, ભાઈ! આ ઘણા માણસ મારાથી સમજી જાય પછી મને લાભ થાય, એ બધું શલ્ય છે, એ તો ક્ષોભ છે. એનાથી મારે કામ નથી, મારે મારી સાથે કામ છે. એવી જેની દૃષ્ટિ બંધાણી છે (એ) એકાંતમાં **'અપને આત્માકે સ્વરૂપકા અભ્યાસ કરે.'** લ્યો! સમજાણું? એનો વિશદાર્થ સ્પષ્ટ અર્થ વધારે લેશે. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૪૯૨, વૈશાખ વદ ૧૨, મંગળવાર**
**તા. ૧૭-૦૫-૧૯૬૬**
**ગાથા–૩૫ થી ૩૬ પ્રવચન નં. ૪૦**

૪૨ પાને છેલ્લી બે લીટીથી લઈએ. ગુજરાતી-હિન્દી શું ચલાવવું છે? બે જણા હિન્દી છે. જાજા(વધારે) તો ગુજરાતી છે. જુઓ! ૩૫ મી ગાથા ચાલે છે. ૩૫ માં શું છે?

**नाज्ञो विज्ञत्वमायाति, विज्ञो नाज्ञत्वमृच्छति।**
**निमित्तमात्रमन्यस्तु, गतेर्धर्मास्तिकायवत्।।३५।।**

અહીંયા કહે છે કે અજ્ઞાની જીવ જે પોતે લાયક નથી એને લાખ તીર્થંકર આદિ મળે તો પણ એ સમજી શકતો નથી. સમજાય છે કાંઈ? પોતામાં સમજવાની લાયકાત, યોગ્યતા ન હોય, પોતાના ઉપાદાનમાં તાકાત ન હોય તો લાખ નિમિત્ત મળે તો નિમિત્તથી હજારો ઉપાયથી પણ એ કાર્ય થઈ શકતું નથી. નિમિત્તથી પરમાં કાર્ય થઈ શકતું નથી, એમ કહે છે.

મુમુક્ષુ :– નિમિત્તથી બળ તો વધે છે ને?

ઉત્તર :– જરીયે વધતું નથી. બળાધાન એમ ભાષા આવે છે ને? બધી ખબર છે.

અહીંયા કહ્યું, અજ્ઞાની.. કાલે એ દૃષ્ટાંત આવ્યું હતું, બગલાને પોપટની જેમ ભણાવી શકાતો નથી. બગ.. બગ બગલો, એને પોપટની જેમ ભણાવી શકાતો નથી. કેમ કે બગલામાં એ લાયકાત જ નથી. એમ જે આત્મામાં પોતાના પુરુષાર્થથી પોતાની પર્યાયમાં જે કાર્ય કરવાની લાયકાત ન હોય તો બીજા લાખ નિમિત્ત મળે તોપણ એને પલટાવી શકે નહિ. સમજાય છે કાંઈ? જ્ઞાની પોતાના સ્વરૂપમાં નિશ્ચળ દૃષ્ટિ, જ્ઞાન સહિત છે તેને લાખ, અનંત પ્રતિકૂળતા તો એ જ્ઞાનીને અજ્ઞાની કરી શકે નહિ. સમજાય છે કાંઈ? પરપદાર્થ કોઈપણ પદાર્થની ક્રિયામાં અકિંચિત્કર છે એમ અહીંયા બતાવવું છે.

મુમુક્ષુ :– લખ્યું છે?

ઉત્તર :– જુઓ! ધર્માસ્તિકાયવત બતાવે છે કે નહિ? ધર્માસ્તિકાય, જડ અને ચૈતન્ય પદાર્થ પોતાની ગતિના યોગથી ગતિ–ગમન કરે છે તેમાં ધર્માસ્તિ નિમિત્ત કહેવાય છે. જો સ્વયં ગતિ કરી શકે નહિ તો ધર્માસ્તિ બીજાને ગતિ કરાવતું નથી. સમજાય છે કાંઈ? આ ગાથા બહુ સારી છે. પહેલેથી આપણે તો લીધું છે, પહેલેથી, શરૂઆતથી. નિમિત્ત કરે છે, કરે છે, નિમિત્ત પરમાં કંઈક કરે છે, કંઈક બળાધાન આપે છે, કંઈક સામર્થ્ય આપે છે, એમ લોકો પોકાર કરે છે. પોકાર કરો તો કરો, વસ્તુમાં પરથી કોઈ ફેરફાર થતો નથી.

કહો, સમજાય છે કાંઈ?

**'યહાં શંકા યહ હોતી હૈ...'** ૪૨ પાને છેલ્લી બે લીટી. **'શંકા યહ હોતી હૈ કિ યોં તો બાહ્ય નિમિત્તોંકા નિરાકરણ હી હો જાયેગા?'** મહારાજ! આપે તો નિમિત્તોને ફેંકી દીધા. 'ધન્નાલાલજી'! ક્ષેપ. છોડી દીધા, તમે તો છોડી દીધા, ઝાટકી નાખ્યા. સમજાય છે કાંઈ? જેમ દાણામાંથી, કણમાંથી તુચ્છ તુચ્છ ફોતરા હોય છે ને? ફોતરા, એ ફોતરાને જેમ ઝાટકીને કાઢી નાખવામાં આવે છે એમ તમે તો નિમિત્તને છોડી દીધા, ઝાટકી નાખ્યા, ક્ષેપ કરી નાખ્યા, જાઓ! નિમિત્તથી કાંઈ થતું નથી. સમજાય છે કાંઈ? **'નિમિત્તોંકા નિરાકરણ હી હો જાયેગા?'** નિમિત્તથી કંઈ થયું નહિ તો નિમિત્તનું ખંડન થઈ ગયું. એમ શિષ્યનો પ્રશ્ન છે. નિમિત્તનું તો ખંડન થઈ ગયું, નિમિત્તનો નિરાસ થઈ ગયો. નિરાસ એટલે નિકાલ થઈ ગયો કે નિમિત્તથી કંઈ થતું નથી.

**'ઇસકે વિષયમેં જવાબ યહ હૈ કિ અન્ય જો ગુરુ આદિક શત્રુ આદિક હૈં,...'** આચાર્ય જવાબ આપે છે. **'ઇસકે વિષયમેં જવાબ યહ હૈ કિ અન્ય જો ગુરુ આદિ...'** બધું લીધું, હોં! ગૃહસ્થાશ્રમમાં પણ કોઈ એક આત્માને બીજો આત્મા, શિષ્યને ગુરુ અને શત્રુ આદિ **'પ્રકૃત કાર્યકે ઉત્પાદનમેં...'** કોઈપણ દ્રવ્ય—પદાર્થમાં કાર્યનું ઉત્પન્ન થવું થાય છે અને બગડે છે, કોઈપણ પદાર્થની અવસ્થા પોતાથી જ્યારે બગડે છે અને પોતાથી જ્યારે સુધરે અને ઉત્પન્ન થાય છે એમાં બીજી વસ્તુ **'સિર્ફ નિમિત્તમાત્ર હૈં.'** કોઈ બીજાને બગાડે છે અને ઉત્પન્ન કરે છે એવી નિમિત્તમાં તાકાત નથી. લોકો એમ કહે છે, નિમિત્તને અકિંચિત્કર કહે છે, અકિંચિત્કર કહે છે. અહીં આચાર્યદેવ કહે છે, નિમિત્ત અકિંચિત્કર છે, અકિંચિત્કર છે. સમજાય છે કાંઈ?

**'વાસ્તવમેં કિસી કાર્યકે હોને...'** આ સામાન્ય સિદ્ધાંત કહે છે, હોં! કોઈ એક નહિ આખો સિદ્ધાંત. આખા જગતના જેટલા દ્રવ્ય છે અને જેટલા એનામાં ગુણ છે અને એની વર્તમાન પર્યાયની જેટલી કાર્ય શક્તિ છે, એ બધાની (વાત છે). **'વાસ્તવમેં કિસી કાર્યકે હોને વ બિગડનેમેં ઉસકી યોગ્યતા હી સાક્ષાત્ સાધક હોતી હૈ.'** ઘડાના ઉત્પન્ન થવામાં માટીની યોગ્યતાથી જ ઘડો ઉત્પન્ન થાય છે, કુંભારથી નહિ. નહિ? કુંભારથી નથી બનતો? બનાવી દો, કુંભાર વિના ઘડો બની જતો હોય તો. શું કોઈ પદાર્થ ઉત્પાદ વિના રહે છે? ઉત્પાદ કહો કે કાર્ય કહો. કોઈ પદાર્થ, જડ હો કે ચૈતન્ય હો, પોતાની વર્તમાન અવસ્થામાં ઉત્પાદ વિના, ઉત્પત્તિ વિના રહે છે? તો પદાર્થની ઉત્પત્તિ, જે પર્યાય થઈ તે તેનું કાર્ય છે. સમજાય છે કાંઈ?

જડ હો કે ચૈતન્ય હો, પોતાની વર્તમાન અવસ્થાની ઉત્પત્તિ વિના કોઈ પદાર્થ રહેતો નથી. પોતાથી પર્યાયમાં ઉત્પત્તિ થાય એમાં બીજો કરે શું? અને પોતાથી પોતાની પર્યાયનો વ્યય થાય છે, ધ્વંસ થાય છે, નાશ થાય છે, અભાવ થાય છે એમાં બીજો કરે શું?

'ધન્નાલાલજી'! ઓહોહો..! મોટી ગડબડ કરે છે, એમ કહે છે કે, સોનગઢ એમ કહે છે, સોનગઢિયા એમ કહે છે. કેટલાક વળી એમ કહે છે. ભગવાન! તારે જે કહેવું હોય તે કહે, પણ વસ્તુ તો આવી છે. 'ધન્નાલાલજી'! શું કરે?

આ શું કહે છે? **'વાસ્તવમેં કિસી કાર્ય હોને...'** પોતાનું જ્ઞાન થવામાં, પોતાની શ્રદ્ધા થવામાં, પોતાનું ચારિત્ર થવામાં, પોતાનો આનંદ થવામાં, પોતાના વીર્યની સ્ફુરણા થવામાં પોતાનો આત્મા પોતાથી કામ કરે છે. પોતાની યોગ્યતાથી (કાર્ય) થાય છે. સમજાય છે કાંઈ? કોઈ કહે છે ને કે, એકલા ચોખા પાણી વિના ચડતા નથી. ચોખા, સીઝે કહે છે ને? શું કહે છે? પાણી વિના, જળ વિના ચોખા ચડતા નથી. અહીં કહે છે કે, ચોખા પોતાથી જ ચડે છે.

મુમુક્ષુ :– પાણીથી નહિ?

ઉત્તર :– પાણીથી નહિ, ત્રણકાળમાં નહિ. કેમકે પાણી પોતાની પર્યાયનો ઉત્પાદ કરનાર છે. ચોખા પોતાની પર્યાયનો ઉત્પાદ કરનાર છે. બન્નેનો સમય એક જ છે. પાણીએ ચોખામાં શું ઉત્પન્ન કરી દીધું? અને પાણીની પર્યાય પાણીમાં ઉત્પન્ન થયા વિના રહે છે? કે પાણી નકામું છે કે પોતાનું કાર્ય નથી કરતું અને પરનું કાર્ય કરવા જાય? એ ચોખા પોતાથી પર્યાયમાં ઉત્પન્ન થઈને પોચા થઈ જાય છે. પોચાને શું કહે છે? નરમ થઈ જાય છે. પોતાથી થાય છે. એમાં સ્પર્શ ગુણ નથી? સ્પર્શ ગુણની પર્યાય નરમ થવાની લાયકાતથી નરમ થાય છે. શું પાણીથી નરમ થાય છે?

મુમુક્ષુ :– પાણી જોઈએ તો ખરું.

ઉત્તર :– પાણી જોઈએ પાણીના ઘરમાં. આ ઘરમાં ક્યાં આવ્યું છે? ચોખાને તો એનો સ્પર્શ પણ નથી થતો. ચોખાને પાણીનો સ્પર્શ પણ થતો નથી. આહાહા..! શું કહ્યું? ચોખાને પાણી અડતું જ નથી, સ્પર્શતું જ નથી. કદી અડ્યું નથી.

મુમુક્ષુ :– ચોખા ચોખામાં, પાણી પાણીમાં.

ઉત્તર :– એ તો ઠીક, પણ પાણી ચોખાને અડતું જ નથી. ક્યાંથી અડે? દ્રવ્ય ભિન્ન ભિન્ન છે. પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં પોતાનો પદાર્થ રહે છે, બીજો પદાર્થ એના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં રહે છે. કોઈ કોઈને સ્પર્શ કરતા જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

એ તો 'સમયસાર' ની ત્રીજી ગાથામાં કહ્યું, બધા પદાર્થ, જડ હો કે ચૈતન્ય હો, પોતામાં રહેનારા જે અનંત ગુણરૂપ ધર્મ છે તેને તે પદાર્થ અડે છે, સ્પર્શે છે. અમારી કાઠિયાવાડી ભાષામાં કહીએ તો બધા દ્રવ્ય પોતાના ગુણને અડે છે. તમારી ભાષામાં છૂતે હૈં. ચુંબે છે. બધા આત્મા અને પરમાણુ, એમાં જેટલા અનંત ગુણરૂપ ધર્મ છે એ પોતાને ચુંબે છે, સ્પર્શે છે. પરદ્રવ્યને તો કદી અડતા નથી. કહો, સમજાય છે કાંઈ? ચોખાને પાણી અડતું

નથી તો ચોખાને ચડાવી દીધા, પાણીથી, અગ્નિથી ચડી ગયા, એ વાત નિમિત્તનું કથન છે, વસ્તુની સ્થિતિનું એ કથન નથી. સમજાય છે કાંઈ?

**'વાસ્તવમેં કિસી કાર્યકે હોને વ બિગડનેમેં...'** એ તો વ્યય અને ઉત્પન્નની વાત કરે છે. **'ઉસકી યોગ્યતા હી સાક્ષાત્ સાધક હોતી હૈ.'** નીચે લખ્યું છે–**'सामर्थ्यस'** યોગ્યતાનો અર્થ કર્યો છે, ભાઈ! છે ને યોગ્યતા? **'निमित्तमात्रं स्यात्तत्र योग्यताया'** એનો અર્થ કર્યો **'सामर्थ्यस'**. નીચે એનો અર્થ છે. દરેક રજકણ અને આત્મા પોતાની પર્યાયના સામર્થ્યથી ઉત્પન્ન થાય છે. અર્થાત્ દરેક દ્રવ્યનું પોતાની પર્યાયનું કાર્ય પોતાના સામર્થ્યથી થાય છે. નિમિત્તના સામર્થ્યથી કાર્ય થતું નથી. કહો, આ ૩૫ મી ગાથાનો એક જ સિદ્ધાંત 'પૂજ્યપાદસ્વામી'એ લીધો. 'તત્ત્વાર્થ સૂત્ર' ની જેમણે ટીકા બનાવી, 'સર્વાર્થસિદ્ધિ'ની ટીકા બનાવી એ કહે છે, કે કોઈપણ દ્રવ્યની પર્યાય બગડવામાં અને સુધરવામાં પોતાના સામર્થ્યથી જ કાર્ય કરે છે. કોઈ દ્રવ્ય, કોઈ વસ્તુ પરથી કોઈ કામ લેતી નથી. કહો, બરાબર હશે? 'જુગરાજજી'! શું છે? કાપડની દુકાન એનાથી ચાલે છે?

અનંત પદાર્થ છે. અનંત અનંત(પણે) રહીને અનંતની પર્યાય પોતામાં પોતાના સામર્થ્યથી ઉત્પન્ન થાય છે, ખલાસ થઈ ગયું. અનંતમાં કોઈનું મિશ્રણ થઈ જાય, ભેળસેળ થઈ જાય અને બીજાના કાર્યને બીજો કરી દે અને બીજાનું કાર્ય અટકી જાય, એમ તો છે નહિ. સમજાય છે કાંઈ?

**'વાસ્તવમેં કિસી કાર્યકે હોને...'** જગતમાં કોઈપણ કાર્ય થવામાં. અહો..! એમાં તો કેટલી શાંતિ! પોતાના આનંદનું કાર્ય થવામાં પોતાનું જ સામર્થ્ય છે. સમજાય છે કાંઈ? મારું સુખ, મારો આનંદ મારાથી જ ઉત્પન્ન થાય છે. મારા આનંદની ઉત્પત્તિના કાર્યમાં રાગ, પર, સ્ત્રી, કુટુંબ, પૈસા, લક્ષ્મી, આબરૂ કોઈ મારા આનંદના કાર્યમાં બગાડી, સુધારી શકતા નથી. મારા આનંદના કાર્યમાં પરપદાર્થ બિલકુલ અકિંચિત્કર છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મારું સુખ મારી પાસે છે. હું આનંદસ્વરૂપ છું. અને મારો આનંદગુણ પોતાના સામર્થ્યથી વર્તમાનમાં આનંદના ઉત્પાદનું કાર્ય કરે છે. કોઈ સ્ત્રી, કુટુંબ મળ્યા, લક્ષ્મી મળી તો મને આનંદ થયો એમ વસ્તુમાં ત્રણકાળમાં નથી. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? કહો, આ પાસ થાય ત્યારે આનંદ આવે એ કંઈ પાસ થવાને લઈને આવતો હશે કે નહિ? ભાઈ! 'રવિભાઈ'! નહિ? કહે છે કે, ભાઈ! તને જે હરખ થયો, એ હરખ જે તારો આનંદ ગુણ છે એ આનંદગુણનું વિપરીત કાર્ય જે હરખ, એ તો તારા સામર્થ્યથી થયો છે. આત્મામાં જે આનંદ છે, એનો વિપરીત જે હરખભાવ છે એ તારાથી થયો છે, પરથી થયો નથી. અને એ હરખ છે એ દુઃખ છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા, આનંદસ્વરૂપ આત્મા છે. એ હવે ૩૬ મી ગાથામાં આવશે. પોતાનું સ્વરૂપ જ આત્મા આનંદ છે, એમ જેણે ઉપાદેય તત્ત્વનો નિર્ણય કર્યો તો એ ઉપાદેય તત્ત્વમાં

મારાથી જ મારો આનંદ છે, મારા આનંદનું કાર્ય કરવામાં હું જ યોગ્યતા ધરાવું છું અને મારા આનંદના સમાધાન, શાંતિમાં મારું જ સામર્થ્ય કામ કરે છે. રાગ અને સંયોગ કોઈ કામ કરતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અનંત દ્રવ્ય ઉપરથી દૃષ્ટિ ઉઠી ગઈ. આ પૈસાથી સુખ છે, સ્ત્રીથી સુખ છે, પાંચ પુત્ર છે તો .. ઘણું સુખ છે, (એમ માનનાર) મૂઢ છે, કહે છે. તારી કલ્પનાને કરનારું કાર્ય તારા સામર્થ્યથી ઉત્પન્ન થાય છે, પરથી બિલકુલ થતું નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, પોતાનું કાર્ય થવામાં. અહીં તો આનંદનું કાર્ય લીધું. એમ બગડવામાં, એ આનંદને બગાડવો. પરમાં સુખ છે, પર મને અનુકૂળ છે એ પ્રતિકૂળ થઈ ગયા, એવી તારી કલ્પના, આનંદને બગડવામાં તારી યોગ્યતા કારણ છે, કર્મ પણ કારણ નથી. આહાહા..! 'ધન્નાલાલજી'! આહાહા..! અરે..! તારી વસ્તુ આવી છે. એમ તત્ત્વનો નિર્ણય ન કરે અને બીજો નિર્ણય કરે તો તારી એ મિથ્યા દૃષ્ટિ છે એ જગતમાં રખડાવવાની છે, રઝળાવવાની છે, દુ:ખ ઉત્પન્ન કરાવનારી છે.

**'બિગડનેમેં ઉસકી યોગ્યતા હી સાક્ષાત સાધક હોતી હૈ.'** જુઓ! સાક્ષાત્ સાધક. ત્યારે કોઈ એમ કહે, એમાંથી પરંપરાએ થતું હશે કે નહિ? એ તો નિમિત્તથી કહેવામાં આવે છે. છે નહિ, એને કહેવું એનું નામ વ્યવહાર સાધન કહેવામાં આવ્યું છે. આહાહા..! કહો, 'ચીમનભાઈ'! સમજાય છે આમાં?

મુમુક્ષુ :– આમાં એટલે?

ઉત્તર :– આ આત્માનો આનંદ આત્મામાં છે. એ આનંદનું કાર્ય કરવામાં આત્મા પોતાની યોગ્યતાથી સમર્થ છે. કર્મ મંદ પડે તો મને આનંદ ઉત્પન્ન થાય, દર્શનમોહ નાશ પામે તો મને આનંદ ઉત્પન્ન થાય, એમ છે નહિ. એમ છે જ નહિ. સમજાય છે કાંઈ?

**'જૈસે એક સાથ...'** જુઓ! આચાર્ય મહારાજે દૃષ્ટાંત આપ્યું. **'એક સાથ ગતિરૂપ પરિણામકે લિયે...'** જુઓ! એમ કહે છે, ગતિમાં પરિણમન કરનાર એકસાથે ઘણા પદાર્થ છે. ધર્માસ્તિકાય તો એક જ છે. સમજાય છે કાંઈ? **'એક સાથ ગતિરૂપ પરિણામકે લિયે...'** પરિણામકે લિયે એટલે કારણે. **'ઉન્મુખ હુએ પદાર્થોંમેં...'** જે જડ અને આત્મા પોતાની ગતિની યોગ્યતામાં ઉન્મુખતા, લાયકાતથી ગતિ કરે છે. પોતાની ઉન્મુખતાથી, હોં! **'પદાર્થોંમેં ગતિકી સાક્ષાત્ પૈદા કરનેવાલી...'** જુઓ! આ શરીર ચાલે છે, આત્મા પણ ચાલે છે. જુઓ! તો કહે છે, એકસાથે અનંત રજકણ છે અને એમાં આત્મા છે. એમાં તૈજસ છે, એમાં કાર્માણ છે. એ બધા એકસાથે અનંત રજકણો અને એક આત્મા, અને સાથે બીજા ઘણા આત્મા હોય એની પણ ગતિ થવાની યોગ્યતાથી અંતર ચાલે, સૂક્ષ્મ એકેન્દ્રિય (હોય તે પણ ચાલે). સમજાય છે કાંઈ?

કહે છે, **'એક સાથે ગતિરૂપ પરિણામકે લિયે...'** આ ગતિ કરે છે, જુઓ! પોતાને

કારણે, હોં! **'ઉન્મુખ હુએ...'** પોતાની પર્યાયની સન્મુખ થયા. ઉન્મુખ થયા–સન્મુખ થયા, લાયકાતથી કાર્ય કરવામાં તૈયાર થયા. **'પદાર્થોંમેં ગતિકી સાક્ષાત્ પૈદા કરનેવાલી ઉન પદાર્થોંકી હી ગમન કરનેકી શક્તિ હૈ.'** પર્યાય, હોં! પર્યાય. ગમન કરવાની વર્તમાન પર્યાય સાક્ષાત્ એનું કારણ છે. ધર્માસ્તિકાય તો નિમિત્ત કહેવાય છે. ધર્માસ્તિકાય અહીંયા છે, એ ધર્માસ્તિકાય ચલાવતું નથી. કેમ? એમ લીધું ને? કે **'એક સાથ ગતિરૂપ પરિણામકે લિયે ઉન્મુખ હુએ પદાર્થ....'** બધા નહિ. બધા તો ક્યાં ગતિ કરે છે? જેટલા એક સમયમાં ગતિ કરે છે એ બધા પોતાની યોગ્યતાથી ગતિ કરે છે. ધર્માસ્તિકાય નિમિત્ત છે. ધર્માસ્તિકાયે એમાં શું કર્યું?

મુમુક્ષુ :– સહાયક થયું.

ઉત્તર :– સહાયકનો અર્થ સાથે છે. સહાયકનો અર્થ મદદ કરે છે અને થાય છે, એમ અર્થ જ નથી. સહાયક છે, સાથે છે. કાળભેદ છે? અહીં ગતિ અને ધર્માસ્તિકાયે મદદ કરી, ધર્માસ્તિકાય અહીં આવ્યું પછી ગતિ થઈ, એમ છે? અહીં ગતિ કરી તો નિમિત્ત છે. એમાં સમયભેદ ક્યાં છે? કાર્ય કાળે સમયભેદ તો છે નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! એક સિદ્ધાંત જો સમજી લે,... સમજાય છે કાંઈ? થોડા થોડા આમ (બેસજો), હોં! છોકરાઓ બહાર બેઠા છે.

મુમુક્ષુ :– છોકરાઓને સમજાતું હશે?

ઉત્તર :– બધા આત્મા સમજે. સમજ્યા કે નહિ? 'કિરીટ'! મોટાને બોલાવ્યો. શું કરે? છોકરાઓ થોડું થોડું હિન્દી તો સમજે છે કે નહિ? ભાઈ! કોને પૂછે? કોણ બોલે? આ તો સાદી ભાષા છે. હિન્દી કંઈ એવી (અઘરી) ભાષા નથી. આ લોકો ગુજરાતી ન સમજે. પણ હિન્દી એવી ભાષા નથી કે ગુજરાતીને ન સમજાય. શું કહે છે? સાંભળો!

એક સમયમાં જડ અને ચૈતન્ય પોતામાં ગતિ કરવાની લાયકાતથી અને પોતાની પર્યાય કાર્ય ઉત્પન્ન થવામાં ઉન્મુખ થઈ છે તો પોતાથી પરિણમન કરે છે. સમજાય છે કાંઈ? પોતાની ગમન કરવાની શક્તિ પોતાથી થાય છે. આકાશ કેમ ગતિ કરતું નથી? ધર્માસ્તિકાય અહીંયા છે, આકાશ કેમ ગતિ કરતું નથી? એમાં ગતિ કરવાની લાયકાત નથી. એક સમયની પર્યાયમાં, હોં! ગુણમાં નહિ. એક સમયની પર્યાયમાં ગમન કરવાની તો બધામાં (લાયકાત છે). બધા દ્રવ્ય તો એક સમયમાં ગમન કરતા નથી. ઘણા જડ અને ચૈતન્ય સ્થિર પણ છે. જેની જે પર્યાયમાં જે સમયે, જે લાયકાતથી ગમન કરે છે જડ ને ચૈતન્ય એ પોતાને કારણે છે, ધર્માસ્તિકાય તો નિમિત્તમાત્ર છે. તો (અજ્ઞાની કહે છે), નહિ, બે કારણથી કાર્ય થાય છે. તકરાર (કરે).

એ આવ્યું, એક આરોપિત કારણ અને એક યથાર્થ કારણ. યથાર્થ કારણ પોતાની પર્યાયની યોગ્યતા, આરોપિત કારણ બીજા નિમિત્ત છે એને આરોપ આપવામાં આવે છે. એ વાસ્તવિક કારણ નથી. વાસ્તવિક કારણ તો બધા દ્રવ્ય પોતાની પર્યાયથી કાર્ય કરે છે

એ એનું વાવસ્તવિક કારણ છે. નિશ્ચયથી તો પર્યાયનું કારણ પર્યાય છે. પર્યાયનું કારણ દ્રવ્ય પણ નથી.

મુમુક્ષુ :– પૂર્વ પર્યાયનો અભાવ?

ઉત્તર :– કોઈ નહિ, અભાવ પણ નહિ. એક સમયની પર્યાય તે જ ઉત્પાદનું કારણ ઉત્પાદ, વ્યય પણ નહિ. સૂક્ષ્મ વાત છે. એક સમયની પર્યાય જ પોતાનું કારણ અને પોતાનું કાર્ય. પૂર્વનો વ્યય દ્રવ્ય ગુણની વાત નથી. એવી સ્વતંત્ર પર્યાયની લાયકાતથી પર્યાય ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

સત્ અહેતુક છે. જે કોઈ જડ, ચૈતન્ય પોતાની પર્યાયમાં ઉત્પન્ન થાય છે, ઉત્પન્ન થયું એ દ્રવ્યથી ઉત્પન્ન થયું એમ કહેવામાં આવે છે. પછી, પર્યાય છે તો પોતાથી છે. સમજાણું કાંઈ? પોતાથી જ ઉત્પન્ન થઈ છે. પોતાના દ્રવ્ય-ગુણથી નહિ. શું કહ્યું? દ્રવ્યની જે પર્યાય (ઉત્પન્ન થઈ) એ પોતાના દ્રવ્ય-ગુણથી થઈ નથી. તો પરથી (ઉત્પન્ન થાય) એ તો ક્યાંથી થાય? એ સમયની એવી તાકાત શક્તિ છે. સમજાય છે કાંઈ? આહાહા...!

એક પરમાણુ છે. એક પરમાણુમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ તો ભરેલો છે. એક પરમાણુમાં જ્યારે લીલી પર્યાય છે અને બીજા પરમાણુમાં કાળી પર્યાય છે. કારણ શું? શું કહ્યું? એકમાં કાળી છે, એકમાં લીલી છે, કહો! એનું કારણ શું? નિમિત્ત કારણ કહો તો નિમિત્ત તો બધામાં એકસરખું છે. દ્રવ્ય-ગુણ કહો તો દ્રવ્ય-ગુણ તો બધામાં એકસરખા છે. એ પર્યાયને કારણે પર્યાય સ્વતંત્ર છે. સમજાય છે કાંઈ?

(સંવત) ૨૦૦૩ ની સાલમાં પ્રશ્ન થયો હતો. 'મહેન્દ્રકુમાર' પંડિતે લખ્યું હતું. અમને વચનબદ્ધ કરી નાખ્યા. વચનબદ્ધ નથી કર્યા, વસ્તુનું સ્વરૂપ એવું છે. એમ કહેતા હતા, એવા પ્રશ્ન કરે છે કે અમને નિરૂત્તર કરી દે છે. નિરૂત્તર કરે છે કે વસ્તુનું એવું સ્વરૂપ છે? સમજાય છે કાંઈ? (સંવત) ૨૦૦૩ ની સાલમાં વિદ્વત્ પરિષદમાં આવ્યા હતા ને? 'મહેન્દ્રકુમાર' ગુજરી ગયા ને! મોટા પંડિત હતા. કેવા? ન્યાયાચાર્ય. ગુજરી ગયા. બિચારા નાની ઉંમરમાં એ કેવળજ્ઞાનને માનતા નહોતા. એક સમયમાં ત્રણકાળ ત્રણલોક દેખે છે એ .. વિચાર હતા. કેવળી ત્રણકાળ જાણે એમ નહિ. ત્રણકાળ જાણે એમાં બધાને અડચણ આવે છે. એક સમયમાં કેવળજ્ઞાનની પર્યાય ત્રણકાળ ત્રણલોકને જાણનારી, એ પર્યાય પર્યાયથી ઉત્પન્ન થઈ છે. આહાહા..! સમજાય છે કાંઈ? દ્રવ્ય-ગુણ (કારણ) કહો તો દ્રવ્ય-ગુણ તો બધામાં છે. નિમિત્ત (કારણ) કહો તો બધાને નિમિત્ત છે. મતિજ્ઞાન ઉત્પન્ન કરવામાં પણ નિમિત્ત છે, શ્રુતજ્ઞાનમાં પણ (નિમિત્ત છે). કેવળજ્ઞાન કેમ ઉત્પન્ન થયું? ભાઈ! સમજાય છે કાંઈ? કેવળજ્ઞાન એક સમયની પર્યાયમાં ત્રણકાળ ત્રણલોક પોતાની પર્યાયમાં જણાઈ ગયા. કેમ થઈ? કેમ થઈ શું પોતાની યોગ્યતાથી ઉત્પન્ન થઈ છે. સમજાય છે કાંઈ? દ્રવ્ય-ગુણ તો છે ત્રિકાળ, દ્રવ્ય-ગુણ હતા તો ખરા, કેમ ઉત્પન્ન ન થયું? ત્યાં તો એમ કહે

છે કે, એટલી એકાગ્રતા નહોતી. ચૈતન્યની વાત છે ને? સમજાય છે કાંઈ? એમ કહે છે, એટલી એકાગ્રતા નહોતી. પહેલા એકાગ્રતા નહોતી અને પછી એકાગ્રતા થઈ તો કેવળજ્ઞાન થયું. ત્યારે દ્રવ્ય-ગુણનો આશ્રય થયો. લોકો ઝટ ન સમજી શકે. પરમાણુમાં ક્યાં એકાગ્રતા થવાનું કાંઈ છે? એ તો બધામાં એમ છે, હોં! આ તો જરીક લોકો અટકે એટલે એ સિદ્ધાંત સમજવામાં મુશ્કેલ પડે છે.

પરમાણુ લ્યો, એક એક રજકણ પોઈન્ટ છે. જુઓ! એ પોઈન્ટ પોતાનો પરમાણુ છે, પોતાની ઠંડી અવસ્થા છે, બીજે સમયે ગરમ થઈ ગઈ. કારણ શું? સ્પર્શગુણ. સ્પર્શગુણ તો બધામાં છે. એમ કેમ થયું? સમજાય છે કાંઈ? એ પર્યાયના સામર્થ્યથી પોતાની યોગ્યતાથી પર્યાય ઉત્પન્ન થઈ. એવી સ્વતંત્ર દૃષ્ટિ જ્યારે થાય તો મારો આત્મા આનંદકંદ સ્વતંત્ર ત્રિકાળ છે એવી દૃષ્ટિ થાય ત્યારે એની પર્યાયમાં આનંદનો અનુભવ થાય એ સ્વતંત્રતાનું ફળ છે. સમજાય છે કાંઈ? ફક્ત વાત કરવાની વાત નથી, અહીં તો સ્વતંત્રતા અંદર લાવવી છે. સમજાય છે કાંઈ? ફક્ત વાત કરે, આમ થાય છે. એ તો ઠીક, પણ એ તને શું કામનું? તેં એમાંથી શું લાભ કર્યો? એ સિદ્ધાંતમાંથી વીતરાગતા કાઢવી જોઈએને?

પરમાણુમાં પણ એક સમયમાં જે સમયે જે પર્યાય થવાની તે પોતાથી થાય છે, સ્વતંત્ર છે. અહો..! મારું દ્રવ્ય સ્વતંત્ર છે, ગુણ સ્વતંત્ર છે, મારી પર્યાય સ્વતંત્ર છે. પુરુષાર્થે આટલું જ્યાં સ્વસન્મુખ થઈને કાર્ય કર્યું ત્યાં આનંદના અનુભવનો લાભ થયો. એ સ્વતંત્રતાના કાર્યનો લાભ છે. સમજાય છે કાંઈ? મને કોઈ કાળ અટકાવે છે કે કર્મ અટકાવે છે એવી કોઈ વસ્તુ નથી. પૂર્વે ઘણા ઊંધા સંસ્કારથી ઊંધા કર્મ બાંધ્યા હતા એ મને રોકે છે, બિલકુલ એ વાત નથી. સમજાય છે કાંઈ?

કહે છે, '**ક્યોંકિ યદિ પદાર્થોંમેં ગમન કરનેકી શક્તિ ન હોવે તો ઉનમેં કિસીકે દ્વારા ભી ગતિ નહીં કી જા સકતી.**' આકાશમાં ગતિ કરવાની યોગ્યતા નથી. આકાશ સર્વવ્યાપક પદાર્થ છે ને? એમાં ગતિ કરવાની યોગ્યતા નથી. અહીંયા આકાશ છે, એને હટાવી દો. અહીંયાથી થોડું દૂર કરો. ક્યાંથી કરે? જ્યાં પડ્યું છે ત્યાં આકાશ તો અનાદિઅનંત પડ્યું છે. અરૂપી.. અરૂપી.. અરૂપી. કહે છે, '**ક્યોંકિ યદિ પદાર્થોંમેં ગમન કરનેકી શક્તિ ન હોવે તો કિસીકે દ્વારા...**' '**કિસીકે દ્વારા... કિસીકે દ્વારા...**' કોઈ મહા સામર્થ્યવાળો આવ્યો હોય તો એના દ્વારા પણ ગતિ કરાવી શકાતી નથી. આહાહા...! આ એક સિદ્ધાંત સમજે તો લોકો રાડ પાડે છે. નિમિત્ત પણ ઊડી ગયું અહીંયાથી. ક્યાં રહ્યું? પરના કાર્યમાંથી નિમિત્ત ઊડી ગયું, નિમિત્તમાં નિમિત્ત રહ્યું. એ પદાર્થ છે કે નહિ? પદાર્થ નથી રહ્યો? પદાર્થ ક્યાં જાય? એ પણ પોતાની પર્યાયથી કાર્ય કરે છે. નિમિત્ત તો આની અપેક્ષાએ નિમિત્ત (કહીએ છીએ). ઉપાદાનની અપેક્ષાએ નિમિત્ત કહ્યું, એની અપેક્ષાએ ઉપાદાન છે કે નહિ? એ પણ પોતાની પર્યાયથી કામ કરી રહ્યું છે. નિમિત્ત પણ પોતાની પર્યાયથી કામ કરી રહ્યું છે.

અહીં કાર્ય થવાનું છે તો મારે આવવું પડે એમ નથી. ઓહોહો..! ઉપાદાન-નિમિત્તના ઝગડા, નિશ્ચય-વ્યવહારના ઝગડા આમાં બધા ઊડી ગયા, લ્યો! જુઓ!

આત્મા પોતાના સામર્થ્યથી નિર્વિકારી શ્રદ્ધા, જ્ઞાન, શાંતિને ઉત્પન્ન કરનાર થયો એમાં વ્યવહાર શું કરે? એમાં વ્યવહાર શું કરે છે? એમ કહે છે. સમજાય છે કાંઈ? પોતાના આત્મામાં આનંદ છે, અતીન્દ્રિય આનંદ છે એવી દૃષ્ટિ થઈને પોતાની પર્યાયમાં–અવસ્થામાં–આનંદની ઉન્મુખ થઈને પોતાનું કાર્ય થયું, એમાં વ્યવહાર દયા, દાન વિકલ્પનું શું કાર્ય છે? એણે એમાં શું કર્યું? એણે એટલે વ્યવહારે, એમાં એટલે નિશ્ચયમાં. શું કર્યું? શું કરે? ભાઈ! કષાય મંદ કર્યો છે, દયા, દાન કરીએ છીએ તો અમને આનંદનું કાર્ય થયું. બિલકુલ ખોટી વાત છે. સમજાય છે કાંઈ?

પોતાનું સ્વરૂપ અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે, એની જ્યાં દૃષ્ટિ, વિશ્વાસ અંદરમાં થયો કે હું આનંદ છું, મારો આનંદ બહાર ક્યાંય નથી. શરીરમાં નથી, વિષયમાં નથી, પુણ્ય પરિણામમાં નથી, વ્યવહાર રત્નત્રયમાં મારો આનંદ નથી. આહાહા..! વ્યવહાર રત્નત્રયના રાગની મંદતાના ભાવમાં મારો આનંદ નથી.

મુમુક્ષુ :– વ્યવહારની શુદ્ધિ તો છે ને?

ઉત્તર :– ધૂળમાંય શુદ્ધિ નથી. શુદ્ધિ ક્યાંથી આવી? નિશ્ચય શુદ્ધિ તો અહીં રહી. વ્યવહાર ક્યાં રહ્યો? શુદ્ધિ તો પોતાનો સ્વભાવ જ્ઞાયક ચિદાનંદમૂર્તિ હું છું, સચ્ચિદાનંદ સ્વરૂપ છું. એ હમણાં ૩૬ (ગાથામાં) કહેશે. સમજાય છે કાંઈ? પરથી પોતામાં શુદ્ધિ થાય છે એમ કહે(માને) છે. આહાહા..! બહુ ગડબડ એવી (કરે છે). માથાફોડ (કરે છે). મફતનો બેસને એકકોર હવે. 'विरम अकार्यकोलाहलेन' એ શ્લોક નીચે મુકશે. સમજાણું કાંઈ?

**'ધર્માસ્તિકાય તો ગતિ કરાનેમેં સહાયકરૂપ દ્રવ્યવિશેષ હૈ.'** દ્રવ્ય વિશેષ છે. ખાસ પદાર્થ છે, એમ કહે છે. હો, ગતિ કરાવવામાં નિમિત્ત છે, બસ! ગતિ કરાવવામાં સહાયક રૂપ એક નિમિત્તરૂપ દ્રવ્યવિશેષ છે. ભલે ચીજ હો, કાર્ય પોતાથી થાય છે ત્યાં બીજી વસ્તુ છે. સમજાય છે કાંઈ? શિષ્ય પોતાની યોગ્યતાથી કામ કરે છે, ગુરુ નિમિત્ત છે. ગુરુએ એમાં શું કરાવી દીધું?

મુમુક્ષુ :– દ્રવ્યવિશેષ એટલે?

ઉત્તર :– દ્રવ્યવિશેષ એટલે ખાસ દ્રવ્ય. ધર્માસ્તિકાય ખાસ દ્રવ્ય છે. ખાસ એટલે જુદું દ્રવ્ય છે. સમજાય છે કાંઈ?

**'ઇસલિયે વહ ગતિકે લિયે સહકારી કારણમાત્ર હુઆ કરતા હૈ.'** જુઓ! માટે દરેક પદાર્થમાં પોતાનું કાર્ય જ્યારે થાય છે ત્યારે ધર્માસ્તિકાય સહકારી (કારણ તરીકે હોય છે). સહકારી શબ્દનો શું અર્થ? સાથે. સહકારી–સાથે. એ આવ્યું તો થયું, એણે કર્યું એમ તો છે નહિ. બધા દ્રવ્ય પોતાની પર્યાયની ગતિ કરે છે તો સહકારી કારણ છે, બીજો (પદાર્થ) છે.

**'યહી બાત પ્રકૃતમેં ભી જાનની ચાહિયે.'** પ્રકૃતમેં એટલે ચાલતી વાતમાં. અજ્ઞને જ્ઞાન આપી શકાતું નથી. જેને જ્ઞાનનું ભાન નથી તેને જ્ઞાન કરાવી શકાતું નથી અને જ્ઞાનીને અજ્ઞાની કરાવી શકાય નહિ. એ એનો સિદ્ધાંત લઈ લેવો. સમજાય છે કાંઈ? ત્રણકાળ ત્રણલોકમાં જેટલા પદાર્થ પોતાની પર્યાયથી પરિણમી રહ્યા છે એમાં બીજી કોઈ ચીજ કામ કરતી નથી. **'ઇસલિયે વ્યવહારસે હી ગુરુ આદિકોંકી સેવા શુશ્રુષા આદિ કી જાની ચાહિયે.'** લ્યો! વ્યવહાર આવ્યો. જુઓ! પેલો નિશ્ચય થયો તો એવો વિકલ્પ ઉઠે છે, ઓ..હો..! આ ગુરુએ સમજાવ્યું હતું, એટલું. વ્યવહારથી છે, નિશ્ચયથી નહિ.

મુમુક્ષુ :– કી જાની ચાહિયે.

ઉત્તર :– કી જાની ચાહિયે, એવો વિકલ્પ આવ્યા વિના રહે નહિ. નિશ્ચય થયો એમાં આવો વ્યવહાર વચ્ચે આવ્યા વિના રહેતો નથી. શું એકદમ ક્ષણમાં વીતરાગ થઈ જાય છે? સમજાય છે કાંઈ? **'વ્યવહારસે હી ગુરુ આદિકોંકી સેવા શુશ્રુષા આદિ કી જાની ચાહિયે.'** એવો ભાવ રહે છે.

**दोहा - मूर्ख न ज्ञानी हो सके, ज्ञानी मूर्ख न होय।**
**निमित्त मात्र पर जान, जिमि गति धर्मतें होय।।३५।**

એક શ્લોકથી આખી દુનિયા વહેંચી નાખી છે. સમજાણું કાંઈ? **'મૂરખ ન જ્ઞાની હો સકે,...'** મૂઢ પાડાને કંઈ પખાળ કરાવીને ઊંચા કરાતા હશે? પાણીની પખાળું ભરાય એના ઉપર કાંઈ સોનાના હીરા ભરાતા હશે? **'જ્ઞાની મૂર્ખ ન હોય...'** જ્ઞાનીને લાખ કુતર્કથી સમજાવવામાં આવે તો શું જ્ઞાની મૂર્ખ થઈ જાય?

**'નિમિત્ત માત્ર પર જાન,...'** બસ! નિમિત્તમાત્ર પર છે. **'જીમિ ગતિ ધર્મતેં હોય.'** લ્યો! એ શ્લોક પૂરો થયો. કહો, સમજાય છે કે નહિ? છોકરાઓને સમજાય છે કે નહિ? છોકરાઓને તો સમજાય એવી ભાષા છે. એ બધા હા પાડે છે કેટલાય અંદર.

---

**अब शिष्य कहता है कि `अभ्यास कैसे किया जाता है?' इसमें अभ्यास करनेके उपायोंको पूछा गया है। सो अभ्यास और उसके उपायोंको कहते हैं। बारबार प्रवृत्ति करनेको अभ्यास कहते हैं। यह बात तो भलीभाँति प्रसिद्ध ही है। उसके लिये स्थान कैसा होना चाहिए? कैसे नियमादि रखने चाहिये? इत्यादि रूपसे उसका उपदेश किया जाता है। इसी प्रकार साथमें संवित्तिका भी वर्णन करते हैं।**

**अभवच्चित्तविक्षेप, एकान्ते तत्त्वसंस्थितः।**
**अभ्यस्येदभियोगेन, योगी तत्त्वं निजात्मनः।।३६।।**

**अर्थ :-** जिसके चित्तमें क्षोभ नहीं है, जो आत्मा स्वरूप रूपमें स्थित है, ऐसा योगी सावधानीपूर्वक एकान्त स्थानमें अपने आत्मा के स्वरूपका अभ्यास करे।

**विशदार्थ :-** नहीं हो रहे हैं चित्तमें विक्षेप-रागादि विकल्प जिसको ऐसा तथा हेय-उपादेय तत्त्वोंमें गुरुके उपदेशसे जिसकी बुद्धि निश्चल हो गई है, अथवा परमार्थरूपसे साध्यभूत वस्तुमें भले प्रकारसे-यानी जैसे कहे गये हैं, वैसे कायोत्सर्गादिकोंसे व्यवस्थित हो गया है, ऐसा योगी अपनी आत्माके ठीक ठीक स्वरूपका एकान्त स्थानमें-योगीके लिये योग्य ऐसे शून्य गृहोंमें? पर्वतोंकी गुहा कंदरादिकोंमें, आलस्य निद्रा आदिको दूर करते हुए अभ्यास करे।।३६।।

**दोहा - क्षोभ रहित एकान्त में, तत्त्वज्ञान चित्त धाय।**
**सावधान हो संयमी, निज स्वरूपको भाय।।३६।।**

---

**'અબ શિષ્ય કહતા હૈ કિ અભ્યાસ કૈસે કિયા જાતા હૈ?'** જુઓ! મહારાજ! તમે તો બધું નાખ્યું અમારા ઉપર. અભ્યાસ અમારે શી રીતે કરવો ઇ તો કહેશો કે નહિ? સમજાય છે કાંઈ? અભ્યાસ કઈ રીતે કરવો? અમારે કરવાનો છે તો કઈ રીતે કરવો એ તો કહો.

મુમુક્ષુ :- ગુરુ ઉપર જવાબદારી આવી છે.

ઉત્તર :- ઇ પોતાની જિજ્ઞાસાથી પૂછે છે. ઉપાદાનમાં એટલી જિજ્ઞાસા છે કે અમારે અભ્યાસ કઈ રીતે કરવો? અમારું કાર્ય કઈ રીતે કરવું?

**'ઇસમેં અભ્યાસ કરનેકે ઉપાયોંકો પૂછા ગયા હૈ.'** મહારાજ! અભ્યાસ કરવાનો તો અમારે, પણ ઉપાય શું છે? અમારા આત્મામાં અમારા આનંદ સ્વરૂપને પ્રાપ્ત કરવાનો ઉપાય શું છે? **'સો અભ્યાસ ઔર ઉસકે ઉપાયોંકો કહતે હૈં.'** લ્યો! આ ગાથામાં અભ્યાસ અને ઉપાય (કહે છે).

**'બાર બાર પ્રવૃત્તિ કરનેકો અભ્યાસ કહતે હૈં.'** એક વાત કરી. આત્મામાં વારંવાર અભ્યાસ કરવો. હું રાગથી પર છું, ધ્રુવ છું, એક અભેદ છું (એમ) વારંવાર (અભ્યાસ કરવો). એકવાર નહિ. ભગવાનઆત્મા અનાકુળ આનંદથી ભરેલો પદાર્થ રાગથી ભિન્ન છે, એક સમયની પર્યાયથી પણ અભિન્ન પદાર્થ ભિન્ન છે. અભિન્ન પદાર્થ ભિન્ન છે. શું કહ્યું સમજાણું? મારો પદાર્થ શરીર, કર્મથી તો ભિન્ન છે જ, રાગ વિકલ્પ ઉઠે છે તેનાથી તો ભિન્ન છે જ (પણ) એક સમયની પ્રગટ પર્યાય જેટલો (હું) નહિ, તેનાથી પણ મારો અભિન્ન પદાર્થ ભિન્ન છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? અભિન્ન પદાર્થ ભિન્ન છે, એમાં શું સમજ્યા? કહો, 'રવિભાઈ'! શેનાથી? પર્યાયથી જુદો છે? એક સમયની પર્યાયમાત્ર હું નહિ. અભિન્ન જ છે. એક સમયની પર્યાયથી દ્રવ્ય ભિન્ન છે. અને છે દ્રવ્ય અભિન્ન. એક સમયની પર્યાયમાં પર્યાય છે, દ્રવ્યમાં દ્રવ્ય છે. દ્રવ્યમાં પર્યાય નથી. પર્યાયથી દ્રવ્ય

અભિન્ન થઈ ગયું.

મુમુક્ષુ :– આનું સ્વરૂપ જુદું છે, આનું સ્વરૂપ જુદું છે.

ઉત્તર :– હા, એક સમયની અવસ્થાનું સ્વરૂપ છે, એ ત્રિકાળી સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? સ્વરૂપે જુદા છે. ભાવ જુદા, વસ્તુ જુદી, ક્ષેત્ર જુદું. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા એક સમયમાં અભિન્ન ધ્રુવ અખંડાનંદ પ્રભુ, અનાદિઅનંત સત્ત્વરૂપ એક અભિન્ન પદાર્થ કદી એક સમયની પર્યાયમાં આવતો નથી. એક સમયની પર્યાયને દ્રવ્ય અડતું નથી. એ..ય..! દ્રવ્ય પર્યાયને અડી જાય તો એક થઈ જાય. બે ધર્મ ભિન્ન રહે નહિ. થોડું સૂક્ષ્મ છે. રાગ તો છે જ નહિ, એક સમયનો ઉત્પાદ ધ્રુવ સ્વરૂપમાં છે જ નહિ. ધ્રુવ સ્વરૂપ એકરૂપમાં એક સમયની પર્યાયનો અભાવ છે. પોતાના ત્રિકાળી ધ્રુવ સ્વભાવનો ભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..! આમ વારંવાર અભ્યાસ કરવો એનું નામ વારંવાર પ્રવૃત્તિ કરવી. પ્રવૃત્તિ એટલે અંદરમાં, હોં! આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા... ૩૬ ગાથામાં વિશેષ લેશે. **'યહ બાત તો ભલિભાંતિ પ્રસિદ્ધ હી હૈ.'** શું પ્રસિદ્ધ છે? વારંવાર અભ્યાસ કરવો એ વાત પ્રસિદ્ધ જ છે. **'ઉસકે લિયે સ્થાન કૈસા હોના ચાહિયે?'** મહારાજ! એનું એકાંત સ્થાન (કેવું હોવું જોઈએ?) **'કૈસે નિયમાદિ રખને ચાહિયે?'** અંદરમાં કાયાદિની સ્થિરતા કઈ રીતે કરવી જોઈએ? **'ઇત્યાદિ રૂપસે ઉસકા ઉપદેશ કિયા જાતા હૈ. ઇસી પ્રકાર સાથમેં સંવિત્તિકા ભી વર્ણન કરતે હૈં.'** એનું પણ વર્ણન કરશે. સ્થાનનું, અભ્યાસનું, સંવિત્તિ–અનુભવનું વર્ણન ૩૬ ગાથામાં કરવામાં આવશે.

**अभवच्चित्तविक्षेप, एकान्ते तत्त्वसंस्थितः ।**
**अभ्यस्येदभियोगेन, योगी तत्त्वं निजात्मनः ।।३६ ।।**

છોકરાઓએ પુસ્તક-બુસ્તક રાખ્યું છે કે નહિ ન્યાં? છે 'સુધીરભાઈ'! પુસ્તક નથી? થઈ રહ્યા? અહીં કેટલાક પડ્યા હશે. ભેગા રાખવા. એકમાંથી ભેગા વાંચવું જોઈએ. એટલા બધા પુસ્તક ક્યાંથી લાવવા? ખલાસ થઈ ગયા છે. જુઓ!

**'જિસકે ચિત્તમેં ક્ષોભ નહીં હૈ,...'** એક વાત. એનું સ્પષ્ટીકરણ પછી કરશે. કહે છે, પહેલી વાત તો એ છે કે આત્મા આત્માનો જેને ધર્મ કરવો છે અને આત્માનો અનુભવ કરવો છે એ જ એનું કાર્ય કરવાનું છે. કરવાનું કાર્ય તો એ છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? પહેલા તો ચિત્તમાં ક્ષોભ હોય એમાં આત્માની સાધના થતી નથી. સમજાય છે કાંઈ? **'ક્ષોભ નહીં હૈ,...'** ચિત્તમાં ક્ષોભ નથી. આમ કરું, આમ કરું, આમ કરું, કોને કરું, ક્યાં કરું, ક્યાંથી લઉં, ક્યાંથી દઉં? હું તો જ્ઞાનસ્વરૂપ છું. ક્ષોભને મટાડવો એ એનો પહેલો ઉપાય છે.

**'આત્મા સ્વરૂપ રૂપમેં સ્થિત હૈ,...'** અસ્તિ લીધી. ભગવાનઆત્મા પોતાના સ્વરૂપમાં સ્થિર છે, એવી પહેલા દૃષ્ટિ થઈ હોય. મારો આત્મા અખંડ આનંદ સ્વરૂપ છે, મહાન આત્મા ચૈતન્યસૂર્ય પદાર્થ છે, એવા આત્મામાં દૃષ્ટિ સ્થિર થઈ ગઈ છે. દૃષ્ટિએ આવા આત્માનો સ્વીકાર કર્યો છે. ક્ષોભ મટ્યો છે અને દૃષ્ટિએ આત્માના સ્વરૂપનો સ્વીકાર કર્યો છે. મારામાં આનંદ છે, બીજામાં આનંદ નથી, એવો સ્વીકાર કરી લીધો છે.

જેના મનમાં એમ હોય કે અહીંથી સુખ મળશે, સ્ત્રીમાંથી સુખ મળશે, લક્ષ્મીમાંથી મળશે, આબરૂમાંથી મળશે, શરીર સુંદર હોય તો મળે, પેંડામાંથી મળે, એવી જેની ચિત્તવૃત્તિ છે એને શ્રદ્ધામાં સુખ મારામાં છે, સુખ પરમાં નથી, એવી પોતાની દૃષ્ટિ પણ થઈ નથી. સમજાય છે કાંઈ? ઠંડી હવા હોય, ગરમી મટી જાય, ઠંડી હવા લાગે, પંખો હોય તો ઠીક પડે. જેને હજી પરપદાર્થની અનુકૂળતામાં ઠીકબુદ્ધિ છે એને પોતામાં આનંદ છે એવી બુદ્ધિનો અભાવ છે. સમજાય છે કાંઈ?

પછી આસક્તિ છે, એ આસક્તિ ઘટાડવાનો ઉપાય પણ અહીંયા બતાવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? મારું સ્વરૂપમાં સ્થિત છે. આત્મા આનંદ સ્વરૂપ છે, અનાકુળ આનંદ છે. મારો આનંદ નિમિત્તથી નથી મળતો. મારો આનંદ, મારી શાંતિ અનુકૂળ નિમિત્ત મળવાથી નથી મળતી અને નિમિત્ત મળવાથી મળતી નથી. રાગ છે તો મને આનંદ આવે છે એમ પણ નથી. અહીં તો વિશેષ લીધું છે ને? આનંદનો અનુભવ થવો એ ધર્મ છે, એમ બતાવે છે. સમજાય છે કાંઈ? અતીન્દ્રિય આનંદનો અનુભવ થવો એ ધર્મ છે. તો કોને આનંદનો અનુભવ થાય છે? જેના ચિત્તમાં ક્ષોભ નથી. જરીક અનુકૂળતા જોવે ત્યાં ઉલ્લાસિત વીર્ય થઈ જાય. બહુ ક્ષુધા લાગી હોય અને એવું દેખાય, જોઈને ઉલ્લાસિત થઈ જાય. એ ક્ષોભ થાય છે. પોતામાં આનંદ છે એવી પ્રતીતિનો એને અભાવ છે. સમજાય છે કાંઈ? શરીરમાં નિરોગતા હોય તો મને ઠીક. એ તો ક્ષોભ થયો. પરથી નિરોગતા હોય તો મને ઠીક પડે, બુદ્ધિમાં વિપર્યાસપણું છે. 'ધન્નાલાલજી'! બુદ્ધિમાં વિપર્યાસ છે. આહાહા..!

મને આટલી સગવડતા હોય, સ્ત્રી, પરિવાર, કુટુંબ, નોકર (હોય), મારું ધાર્યું થતું હોય, તારી દૃષ્ટિ વિપરીત છે. દૃષ્ટિમાં વિપર્યાસ છે. પરની સગવડતાથી તને સુખ છે? કલ્પના છે, સમાધાન નહિ થાય. મૂઢ છે, દૃષ્ટિમાં વિપર્યાસ છે, તારો ક્ષોભ મટ્યો નથી. સમજાય છે કાંઈ? સાધુ થઈને પણ આવી સગવડતા માટે ઝાંવા નાખે. આવા શિષ્ય હોય, આવું આવું સ્થાન હોય, ઉનાળાના દિવસોમાં એકાંત જ્યાં ઠંડી હવા હોય, ગુફા હોય, ગરમ હવા લાગે નહિ ત્યાં સારું ધ્યાન થશે. એમને એમ નથી કહેતા, પછી એકાંત સ્થાન કહેશે. એ તો કોલાહલના અભાવ હોય એ માટે કહેશે. એમાં મને પ્રતિકૂળતા નહિ રહે (એમ માને તો) એને કારણે તને પ્રતિકૂળતા છે એમ માન્યું છે. સમજાય છે કાંઈ? દૃષ્ટિમાં વિપર્યાસ છે. દૃષ્ટિ વિપરીત છે.

**'આત્મા સ્વરૂપ રૂપમેં સ્થિત હૈ, ઐસા યોગી સાવધાનીપૂર્વક...'** **'अभियोगेन'**. સાવધાનીપૂર્વક એકાંત સ્થાનમાં, કોલાહલ ન હોય ત્યાં (બેસે). ભાવથી એકાંત, બાહ્યથી એકાંત. **'અપને આત્માકે સ્વરૂપકા અભ્યાસ કરે.'** આ અભ્યાસ કરે, લ્યો! આ લોકની કેળવણીનો અભ્યાસ ક્યાં ગયો? અને બીજો શાસ્ત્રનો અભ્યાસ પણ અહીં ન ચાલ્યો. આહાહા..! તારો ભગવાન તારો જ્ઞાનસ્વભાવ તો તારી પાસે છે ને! એનો અભ્યાસ કર. કેવળજ્ઞાન નીકળશે, કેવળજ્ઞાન નીકળશે! સમજાય છે કાંઈ? પણ આવો વિશ્વાસ પહેલા બેઠેલો હોવો જોઈએ. એમ કહે છે. હું જ કેવળજ્ઞાનકંદ છું, જેટલો હું એકાગ્ર થાઉં એટલું હું પર્યાયમાં પ્રગટ કરીશ. કોઈ દુનિયાની દખલ નહિ અને મને કોઈની સહાય નહિ. મારા કાર્યમાં દુનિયાની ડખલ નહિ અને દુનિયાની સહાય નહિ. આહા..! એવી દૃષ્ટિમાં આત્મા જામી ગયો હોય. હું આમ કરું તો લોકો મને માને, મને મોટો કહે, દુનિયા મારી જાણપણાની પ્રશંસા(કરે), ધર્મીપણાની કે આ ત્યાગી છે એમ કહે તો મને ઠીક પડે. એની બુદ્ધિમાં હજી વિપર્યાસ છે. એ તો બહારમાં બુદ્ધિ ભટકે છે. સમજાય છે કાંઈ?

**'અપને આત્માકે સ્વરૂપકા...'** જુઓ! **'અપને આત્માકે સ્વરૂપકા...'** અરિહંતના અને સિદ્ધના એમ નથી લીધું. ભગવાનઆત્મા એક સમયમાં શુદ્ધ પૂર્ણાનંદ પ્રભુ છે એમાં દૃષ્ટિ લગાવી એની એકાગ્રતાનો અભ્યાસ કરવો. એ જ મનુષ્યદેહમાં કરવાયોગ્ય કાર્ય છે. ભાઈ! લ્યો! સાધારણ જનતાને એવું લાગે... અહીં તો મૂળ કાર્ય કરવાની વાત ચાલે છે, લ્યો! આહાહા..! મને દુનિયાને સમજાવતા આવડે, હું દુનિયાને સમજાવું એવો થોડો અભ્યાસ કરી લઉં, એ વાત અહીંયા નથી. સમજાય છે કાંઈ? મોટા શહેરમાં જાવું છે, કોઈ કેવો પ્રશ્ન કરે તો હું બરાબર શીખી લઉં, અભ્યાસ કરી લઉં તો જવાબ બરાબર દેતા આવડે. એ..ય..! તારે જવાબ દેવો છે ને? હજી લેવું-દેવું છે ને? તારી બુદ્ધિ આત્મસ્વરૂપમાં ઠરી નથી. આહાહા..! 'જુગરાજજી'! આહાહા..!

ભગવાનઆત્મા પોતાના સ્વરૂપમાં ઠરે એવો અભ્યાસ (કરવો). દુનિયા માનો ન માનો, જાણો ન જાણો, પ્રસિદ્ધિમાં આવો ન આવો એની સાથે મારે કાંઈ લાભ નથી. સમજાય છે કાંઈ?

વિશદાર્થ :– **'નહીં હો રહે હૈં ચિત્તમેં વિક્ષેપ-રાગાદિ વિકલ્પ જિસકો...'** એટલું વિશેષ કહ્યું. **'નહીં હો રહે હૈં ચિત્તમેં વિક્ષેપ-રાગાદિ...'** આમ ને તેમ ને આ ઠીક છે ને આ અઠીક છે, એવો વિકલ્પ જેને છૂટી ગયા છે. **'તથા હેય-ઉપાદેય તત્ત્વોંમેં ગુરુકે ઉપદેશસે જિસકી બુદ્ધિ નિશ્ચલ હો ગઈ હૈ,...'** આ વિશેષ છે. ગુરુએ હેય-ઉપાદેયની વાત કરી હતી. ગુરુએ તો એમ પણ કહ્યું હતું કે મારી સામે તું જોવે છે એ પણ છોડવાલાયક છે. આહાહા..! એ..ય...! આહાહા..! ભગવાન! તારી વસ્તુ તારી પાસે છે ને પ્રભુ! તારે તો તારી સન્મુખ જોવાનું છે, ભાઈ! સર્વજ્ઞ પાસે ભગવાનની સન્મુખ જોવાથી ભગવાનઆત્માની સન્મુખ નહિ

થવાય. આવો ઉપદેશ ગુરુએ કહ્યો હતો, આમ કહ્યું હતું. જુઓ!

**'હેય-ઉપાદેય તત્ત્વોંમેં ગુરુકે ઉપદેશસે...'** ગુરુએ એમ કહ્યું હતું કે તારું ચૈતન્ય... હમણા કહેશે, હોં! પરમાર્થરૂપે સાધ્યભૂત તારી વસ્તુ તારી પાસે છે. જુઓ! **'હેય-ઉપાદેય તત્ત્વોંમેં ગુરુકે ઉપદેશસે જિસકી બુદ્ધિ નિશ્ચલ હો ગઈ હૈ,...'** રાગ ઉપાદેય નથી, રાગ હેય છે, નિમિત્ત હેય છે. ઉપાદેય પછી લેશે. હેય-ઉપાદેય તત્ત્વોમાં ભેદજ્ઞાનમાં પહેલા બે ભાગ લેશે. હેય નામ છોડવાલાયક. રાગાદિ બધા પદાર્થ મારા આત્મરામથી ભિન્ન હેય છે, એ ઉપેક્ષણીય છે, લક્ષ છોડવાલાયક છે. અને ઉપાદેય મારું સ્વરૂપ ચિદાનંદ ભગવાનમાં લક્ષ દેવું એ જ ઉપાદેય છે. એમ ગુરુએ કહ્યું હતું. એમ એ સમજે.

મુમુક્ષુ :– વિશ્વાસપાત્ર ગુરુ કહે તો શિષ્ય ભૂલતો નથી.

ઉત્તર :– ના, ભૂલી ગયો. એ ભૂલી ગયો. એ કહેતા હતા એ ભૂલી ગયો. એણે કહ્યો એવો ભાવ પોતામાંથી પકડી લીધો.

**'જિસકી બુદ્ધિ નિશ્ચલ હો ગઈ હૈ,...'** પોતાના ઉપાદાનનો નિશ્ચય થયો, રાગાદિ હેય છે એમ બુદ્ધિ નિશ્ચલ થઈ ગઈ. બે વાત કરે છે. પછી એક લેશે. જરી સૂક્ષ્મ વાત છે. ક્રમસર કહે છે ને? વિક્ષેપ આદિ વિકલ્પ જેને નથી, હેય-ઉપાદેય (તત્ત્વોમાં) જેની બુદ્ધિ નિશ્ચલ થઈ ગઈ છે. એમ નથી કે આ વ્યવહાર છે એ કોઈ અંશે મદદગાર છે કે નહિ? નિમિત્ત છે એ કોઈ અંશે પણ પોતાના કાર્યમાં સહાયક, ટેકો આપે છે કે નહિ? ટેકાને શું કહે છે? ગાડીને ઊંચી કરવી હોય તો ટેકો આપે. સમજાય છે કાંઈ? નિમત્ત કોઈ ટેકો આપે છે કે નહિ? રાગ કોઈ મદદ કરે છે કે નહિ? એવી જેને બુદ્ધિ રહી છે એને તો નિશ્ચલ બુદ્ધિ જ નથી.

મુમુક્ષુ :– આમને આમ ચાલે છે ને!

ઉત્તર :– આવે ભલે. લાખ હોય નહિ, એમાં શું છે? નિમિત્ત હેય છે. ઉપાદેય ભગવાન છે. વ્યવહાર હેય છે, આત્મ ભગવાન ઉપાદેય છે. સમજાય છે કાંઈ?

**'હેય-ઉપાદેય તત્ત્વોમેં...'** જુઓ! ભેદજ્ઞાન થઈ ગયું. પછી એક લેશે. **'અથવા...'** પહેલા બે વાત કરી. **'અથવા પરમાર્થરૂપ સાધ્યભૂત વસ્તુમેં ભલે પ્રકારસે–યાની જૈસે કહે ગયે હૈં, વૈસે કાયોત્સર્ગાદિકોંસે વ્યવસ્થિત હો ગયા હૈ,...'** ભગવાનઆત્મા સાધ્યભૂત અભેદ દ્રવ્ય છે. બે કાઢી નાખ્યા. પહેલા બે લીધા. અથવા આમ લગાવી દીધું. અભેદ સિદ્ધ વસ્તુ એક સમયમાં ધ્રુવ ચિદ્ પરમાત્મા પરમસ્વરૂપ ભગવાનઆત્મા (હું છું.) એવું સાધ્ય, એવું સાધવાયોગ્ય, એવું ધ્યેય, લક્ષ કરવાયોગ્ય, ધ્યાનમાં લેવાયોગ્ય એવી **'પરમાર્થરૂપસે સાધ્યભૂત વસ્તુમેં...'** જુઓ! નિમિત્ત તો ક્યાંય રહ્યું, રાગ તો ક્યાંય રહ્યો, પર્યાય પણ ક્યાંય રહી ગઈ. વસ્તુ રહી ગઈ એકલી.

**'પરમાર્થરૂપસે સાધ્યભૂત વસ્તુમેં ભલે પ્રકારસે–યાની જૈસે કહે ગયે હૈં, વૈસે...'** ભલે

પ્રકારની વ્યાખ્યા કરી. **'યાની જૈસે કહે ગયે હૈં, વૈસે કાયોત્સર્ગાદિકોંસે વ્યવસ્થિત હો ગયા હૈ,...'** શરીર તો સ્થિર હુઆ હૈ. આ આત્મા સિદ્ધભૂત છે, પરમાર્થ અભેદ છે એમાં નિશ્ચળ થઈ ગયો છે. એ ધ્યાન કરવા લાયક છે. પોતાના સ્વભાવનું કાર્ય કરવા લાયક એ છે. સમજાય છે કાંઈ? વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૪૯૨, વૈશાખ વદ ૧૩, બુધવાર**
**તા. ૧૮-૦૫-૧૯૬૬**
**ગાથા–૩૬ થી ૩૭ પ્રવચન નં. ૪૧**

આ 'ઇષ્ટોપદેશ' શાસ્ત્ર ચાલે છે. એમાં ઇષ્ટ એટલે આત્માને હિતકારી ઉપદેશ શું છે એ ચાલે છે. વિશદાર્થ ફરીને (લઈએ). ૩૬ મી ગાથા. ૩૬ મી ગાથા છે ને? શું કહે છે? છત્તીસ?

આ આત્મા દેહમાં બિરાજમાન તત્ત્વ છે એ અતીન્દ્રિય આનંદમૂર્તિ છે. આ દેહ તો જડ, કર્મ જડ, વાણી જડ, પુણ્ય-પાપના ભાવ થાય છે એ વિકાર, દુઃખરૂપ છે. આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે. એવી જેને રુચિ થઈ ગઈ તેને અંતર સ્વભાવમાં એકાગ્રતા કરવાની ભાવના થાય છે. સમજાય છે કાંઈ? અનાદિકાળથી પુણ્ય અને પાપના વિકાર અને પરપદાર્થની પ્રીતિની રુચિમાં રાગમાં એકાગ્ર થઈને અનાદિથી વિકારની ભાવના કરી રહ્યો છે. વિકારની ભાવના કરે છે કે આમ થાય ને આમ થાય ને આમ થાય. એ બધી દુઃખરૂપ ભાવના છે. ધર્મીની ભાવના એવી નથી હોતી. કહે છે, જુઓ!

જેના ચિત્તમાં રાગાદિ વિકલ્પ નથી. હું જ્ઞાન અને આનંદ છું. મારી વસ્તુમાં મારું જ્ઞાન અને મારો આનંદ મારી પાસે છે. એવી અંતર દૃષ્ટિ થઈ છે તો એને ચિત્તનો વિક્ષેપ, વિકલ્પ એને થતો નથી. સમજાય છે કાંઈ? ક્યો વિક્ષેપ? કે પરમાં ક્યાંય સુખ છે, પુણ્યમાં, વિષયમાં, ભોગમાં, ઇન્દ્રિયોમાં (સુખ છે), એ તો પરપદાર્થ છે. પરમાં સુખ છે એવો વિકલ્પનો વિક્ષેપ ધર્મીજીવને હોતો નથી. સમજાય છે કાંઈ? વાત તો અહીંયા ઊંચા નંબરની છે. છે તો પહેલા નંબરની એકલાની હજી.

જેની ધર્મ દૃષ્ટિ થઈ, તો પોતામાં આનંદ છે એ પોતાનો ધર્મ છે. આત્માની ઓળખાણ એ આનંદથી થાય છે. 'હીરાભાઈ'! આહાહા..! આત્માની ઓળખાણ, આત્માની રુચિ, આત્માનો વિશ્વાસ હું આનંદ છું, એમ વિશ્વાસ ઉત્પન્ન થાય છે. પુણ્ય-પાપના ભાવ અને પર સામગ્રી, એમાં મારું સુખ ત્રણકાળમાં નથી. જ્યાં જેની રુચિ હોય ત્યાં એનું વીર્ય ગતિ કર્યા વિના રહેતું નથી. સમજાય છે કાંઈ? એકદમ ટોટલની વાત છે.

આત્મા જ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવ ત્રિલોકનાથ કેવળજ્ઞાની પરમેશ્વરે ત્રણકાળ ત્રણલોક જોયા. એમાં આત્મા અતીન્દ્રિય આનંદમય છે એમ જોયું છે. સમજાય છે કાંઈ? એમણે આત્માને વિકારવાળો, કર્મવાળો છે એમ નથી જોયું. ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ, જેમને એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જાણવામાં આવ્યા. એમણે કહ્યું કે, ભાઈ! પ્રભુ! તું તો અતીન્દ્રિય આનંદસ્વરૂપ છો ને નાથ! તારા સ્વરૂપમાં તો અતીન્દ્રિય આનંદ ભર્યો છે. એ અતીન્દ્રિય આનંદની રુચિ થઈ એને આત્માની રુચિ થઈ. સમજાય છે કાંઈ? જેને અતીન્દ્રિય આનંદ, હું આત્મા અતીન્દ્રિય આનંદ (છું), હું જ મારું શરણ છું, હું જ મારો આશ્રય છું, હું જ મારો આધાર અને ઉત્તમ છું. આહાહા..! સમજાય છે કાંઈ? આ પ્રથમ ધર્મ દૃષ્ટિ અહીંયાથી ઉત્પન્ન થાય છે. એ વિના બધા થોથા છે. ક્રિયાકાંડ કરે, દયા, દાન, વ્રત, ભક્તિ (કરે) એ તો બધો વિકાર પુણ્ય છે. એમાં હિત માનનાર આત્મામાં અતીન્દ્રિય સુખ છે એમ માનતો નથી. સમજાય છે કાંઈ? અર્થાત્ આત્મા જેવો છે તેવો માનતા નથી. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા અતીન્દ્રિય અનાકુળ આનંદથી ભરેલો છે. કહે છે કે, એની જેને રુચિ થઈ એને **'નહીં હો રહે હૈં ચિત્તમેં વિક્ષેપ-રાગાદિ વિકલ્પ જિસકો...'** આ પરમાં ક્યાંક સુખ છે, એવો વિકલ્પનો વિક્ષેપ એના જ્ઞાનની દૃષ્ટિમાં હોતો નથી. સમજાય છે કાંઈ? **'તથા હેય-ઉપાદેય તત્ત્વોંમેં ગુરુકે ઉપદેશસે જિસકી બુદ્ધિ નિશ્ચલ હો ગઈ હૈ,...'** ધર્મીજીવને પુણ્ય-પાપનો વિકલ્પ, રાગ જે દુઃખરૂપ છે, પરપદાર્થ તો જ્ઞાનમાં માત્ર જ્ઞેયરૂપ છે અને હેયરૂપ છે. પોતાની પર્યાયમાં શુભ-અશુભ રાગ જે થાય છે એ પણ દુઃખરૂપ છે, હેય છે. અને મારો આત્મા અતીન્દ્રિય આનંદથી ભરેલો છે તે જ ઉપાદેય છે. ઉપાદેયનો અર્થ એ જ આદરણીય છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'હેય-ઉપાદેય તત્ત્વોંમેં ગુરુકે ઉપદેશસે...'** સર્વજ્ઞનો ઉપદેશ, ગુરુનો ઉપદેશ કે આગમનો ઉપદેશ એમ બતાવે છે કે તારી વસ્તુ અંતર આનંદ (સ્વરૂપ) છે, એની તમે અંતર દૃષ્ટિ કરો, આદર કરો. રાગાદિ છે, છે (એને) હેય કરો, છોડી દો, દૃષ્ટિમાં એનો આદર છોડી દો. એમ આચાર્યોનો, આગમોનો અને કેવળીઓનો એ ઉપદેશ છે. સર્વજ્ઞ પરમેશ્વર – 'કેવળી પણ્ણત્તો ધમ્મો શરણં' સવાર-સાંજ બોલે છે. 'ભગવાનભાઈ'! સવાર-સાંજ બોલે, ણમો અરિહંતા, સિદ્ધા મંગલ, સાહૂ મંગલં, કેવળી પણ્ણત્તો ધમ્મો મંગલં. પણ કેવળી પણ્ણત્તો ધમ્મો એ છે, પોતામાં અતીન્દ્રિય આનંદ છે એની રુચિ, દૃષ્ટિ કરવી એ જ કેવળી પણ્ણત્તો ધમ્મો છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, **'જેને હેય-ઉપાદેય તત્ત્વોંમેં...'** છોડવા લાયક, આદરવા લાયક એમ તત્ત્વોનું ભેદજ્ઞાન અંતરમાં વિવેક થઈ ગયો છે, એને ધર્મી કહેવાય છે. સમજાય છે કાંઈ? **'બુદ્ધિ નિશ્ચલ હો ગઈ હૈ,...'** સમજાય છે કાંઈ? એનું જેવું નામ હોય. શરીરનું નામ પણ નવું

પડ્યું છે. એને કંઈ નામ છે? પછી શરીરને નામ આપે છે. શું કહીને બોલાવવો? કેમ 'હીરાલાલજી'? આ 'હીરાલાલ' કોને કહેવા? આંગળીને? આને? આને? એ નામ પડ્યું કૃત્રિમ, છતાં સ્વપ્નમાં પણ એને એમ થઈ જાય કે આ હું, આ હું. ભૂલતો નથી. એવી અનાદિથી રટ લાગી છે કે જેને પોતાનું માન્યું એને રટ છોડતો નથી. સમજાય છે કાંઈ?

અહીંયા એવી રટ લાગી છે, ધર્મીજીવ–સમ્યગ્દષ્ટિને પ્રથમ ગૃહસ્થાશ્રમમાં રહેતા હોય એને પણ એવી રટ લાગી છે કે હું અતીન્દ્રિય આનંદ છું, એવી રટ લાગી છે. હું આત્મા અર્થાત્ હું અતીન્દ્રિય આનંદ છું. હું આત્મા અર્થાત્ અતીન્દ્રિય સુખસ્વરૂપ છું. એવી રટ ધર્મીને લાગી છે. એ કારણે હેય-ઉપાદેયમાં નિશ્ચલ બુદ્ધિ થઈ ગઈ છે. હું અતીન્દ્રિય આનંદ સ્વરૂપ આત્મા છું અને રાગાદિ વિકલ્પ ઉઠે છે એ હેય છે. એવી બુદ્ધિમાં જેને નિશ્ચળતા થઈ ગઈ છે એને ધર્મી કહેવામાં આવે છે. આહાહા.! ભારે ભાઈ! ધર્મીની જવાબદારી માટે શરતું બહુ, શરતું. શરત કહે છે? શું કહે છે?

**'અથવા પરમાર્થરૂપસે સાધ્યભૂત વસ્તુમેં ભલે પ્રકારસે–યાની જૈસે કહે ગયે હૈં,...'** શું કહે છે? ભગવાનઆત્મા પરમાર્થભૂત વસ્તુ, અખંડ જ્ઞાયક ચૈતન્યભાવ સ્વભાવ, અભેદ ચૈતન્યમૂર્તિ એવી હું વસ્તુ છું. એકરૂપ અખંડ આનંદ સ્વભાવ હું આત્મા છું, એમ **'પરમાર્થરૂપસે સાધ્યભૂત...'** અંદર ધ્યેય કરવા લાયક, સાધ્ય કરવા લાયક, સાધનમાં સાધ્ય કરવા લાયક શુદ્ધ ચૈતન્યમૂર્તિ પોતાનો નિજ આત્મા છે. એવી **'વસ્તુમેં ભલે પ્રકારસે–યાની જૈસે કહે ગયે હૈં, વૈસે...'** જેમ આત્મા એકલો શુદ્ધ ચૈતન્યમૂર્તિ અભેદ એક સમયમાં એકરૂપ અભેદ છે. રાગાદિ નહિ, એક સમયની પર્યાય આદિનો ભેદ નહિ. સૂક્ષ્મ વાત છે. એક સેકંડના અસંખ્ય ભાગમાં ભગવાનઆત્મા પૂર્ણાનંદ પ્રભુ, સચ્ચિદાનંદ સિદ્ધ સમાન (છે). જેવી સિદ્ધની દશા પ્રગટ થઈ ગઈ છે એવો જ હું સિદ્ધ સમાન ત્રિકાળ અંદર શુદ્ધ છું. સમજાય છે કાંઈ?

**'ભલે પ્રકારસે–યાની જૈસે કહે ગયે હૈં, જેવું સ્વરૂપ છે. વૈસે કાયોત્સર્ગાદિકોંસે વ્યવસ્થિત હો ગયા હૈ,...'** શું કહે છે? અંતરમાં જરી શરીરની સ્થિતિ એકાગ્ર થઈને, પદ્માસન આદિ કાયોત્સર્ગ લઈને પોતાનો આત્મા... એ કહે છે ને? 'તાવ કાયં ઠાળેણં માણેણં જાણેણં અપ્પાણં.' કાયોત્સર્ગમાં ઘડિયા બહુ બોલે. સમજે નહિ એક્કે શબ્દનો અર્થ. સમજાય છે કાંઈ? કાયોત્સર્ગ કહે છે ને? કાયોત્સર્ગ–કાયા, વાણી, મન ને પુણ્ય-પાપ બધું કાયામાં ગણવામાં આવે છે. સમજાય છે કાંઈ? કેટલા ખોટા કાઉસગ્ગ કર્યા? 'ન્યાલભાઈ'! ઘણા કર્યા. આ પાછા ન્યાં મોઢા આગળ શેઠિયા છે. ઘણા કર્યા ખોટા.

અહીં બે વાત કરી. એક પરમાર્થભૂત ભગવાનઆત્મા શુદ્ધ જ્ઞાયક ચૈતન્ય અનાકુળ આનંદરસથી પરિપૂર્ણ અનાદિઅનંત ધ્રુવ સત્ત્વ તત્ત્વ, એનું યથા પ્રકારે જ્ઞાન થયું. કઈ રીતે? **'જૈસે કાયોત્સર્ગાદિકોંસે વ્યવસ્થિત હો ગયા હૈ,...'** કાયા, મન, વાણી, પુણ્ય-પાપના ભાવથી રુચિ હટીને, પરથી રુચિ હટીને સ્વભાવમાં એકાકાર થઈ ગયો છે, તો જેવો આત્મા છે

એમ દૃષ્ટિમાં વ્યવસ્થિત થઈ ગયો છે. સમજાય છે કાંઈ? આ તો સમ્યગ્દર્શનની ક્રિયા શું છે, સમ્યગ્દૃષ્ટિ–ધર્મીની–ક્રિયામાં શું થાય છે, એ બતાવે છે. આહાહા..! કદી સાંભળ્યું નથી કે શું આત્મા અને શું ધર્મ? ચાલો, દયા પાળજો, વ્રત કરી લેજો, એ તો જડની ક્રિયા છે, એ જડમાં તારું શું આવ્યું? તને કદાચિત વિકલ્પ ઉઠ્યો, રાગ, એ તો વિકલ્પ છે, શુભ પરિણામ વિકાર છે. એનો કાયોત્સર્ગ–એનો ઉત્સર્ગ નામ ત્યાગ, એમ કહે છે, ભાઈ! આહાહા..! એક કોર ભગવાનઆત્મા અને એક કોર કાયોત્સર્ગ નામ કાયાનો ત્યાગ. આહાહા...!

જુઓ! ભાઈ! આ વાત ઝીણી છે, હોં! આ ઇષ્ટોપદેશમાં ગાથા છે તો ૫૧. પણ જૈન પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવે કહ્યું એનું માખણ એમાં ભર્યું છે. આહાહા..! શું કહે છે? ઇષ્ટ ઉપદેશ એને કહીએ કે જેને આત્મા જેવો છે એવો દૃષ્ટિમાં વ્યવસ્થિત થઈ ગયો છે અને કાયોત્સર્ગ–રાગાદિને છોડીને અંદરમાં વ્યવસ્થિત સ્થિર થઈ ગયો છે. એમ કરવું એવા ઉપદેશને ઇષ્ટોપદેશ કહે છે. એમ અંદરમાં ભાવ કરવો એ ઇષ્ટ–હિતકારી ભાવ કહેવાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'ઐસા યોગી...'** યોગી એટલે આત્મા પરમાત્મસ્વરૂપ શુદ્ધ આનંદ છે, એવી જેને દૃષ્ટિ થઈ છે એને અહીંયા યોગી કહે છે. ચાહે તો ગૃહસ્થાશ્રમમાં હો, સ્ત્રી-કુટુંબમાં પડેલો દેખાય, પણ અંતર આનંદમાં દૃષ્ટિ જામી ગઈ છે તો ક્યાંય એને ગમતું નથી. વિષયસુખના વિકલ્પ આદિ કાંઈ ગમતા નથી. ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં! સમજાય છે કાંઈ? એ પછી કહેશે.

**'ઐસા યોગી...'** પોતાનું સ્વરૂપ જ્ઞાયક ચૈતન્ય છે, જેમાં દૃષ્ટિ લાગી છે, અંદર યોગ જોડ્યો છે. પોતાની પર્યાય, વીર્યનો એમાં યોગ જોડ્યો છે. **'અપની આત્માકે ઠીક ઠીક સ્વરૂપકા...'** જુઓ! ભગવાનઆત્મા જ્ઞાન, આનંદ, શાંત, અનાકુળ, વીતરાગ સ્વરૂપી આત્મા છે. એમ **'અપની આત્માકે...'** જુઓ! પોતાના આત્માને. ભગવાનનો આત્મા ભગવાન પાસે રહ્યો. એ કાંઈ આત્માને શરણ-બરણ દેતા નથી. ભગવાન કંઈ દેતા નથી, ભગવાન કંઈ લેતા નથી. એ તો પરમેશ્વર વીતરાગ છે. સમજાય છે કાંઈ? સર્વજ્ઞ પરમેશ્વર કોઈને દેતા નથી અને કોઈનું લેતા નથી. એ તો વીતરાગ પરમાનંદની મૂર્તિ પોતાના અનુભવમાં સ્થિર છે. પોતાના ભાવમાંથી હટીને બહાર આવતા નથી. આહાહા..!

કહે છે, એમ **'અપની આત્માકે ઠીક ઠીક સ્વરૂપકા એકાન્ત સ્થાનમેં...'** સમજાય છે કાંઈ? પૈસા મળે છે ને? કોઈ પાંચ-દસ લાખ અંદર નિધાનમાંથી મળી ગયા હોય તો કોઈને બતાવે નહિ. એકલો એકલો લઈ લે. ઘરમાં સંતાડી દે. સંતાડી દે, એને શું કહે છે? છુપા દે. એવા કોઈક પૈસા નીકળ્યા હોય.. સમજ્યા? દસ લાખ, વીસ લાખ, સત્તર લાખ.. જુઓ! અહીંથી નીકળ્યા હતા. આ ખોદ્યું ને? સડક.. સડક. એમાંથી હાંડલો નીકળ્યો હતો. એમાંથી પૈસા નીકળ્યા હતા પણ મજૂરે સંતાડી દીધા. થોડા થોડા બહાર રાખ્યા. એટલા પૈસા મળ્યા હોય તોપણ છુપાવી દે છે. આપણે ઘરમાં લઈ લ્યો.

અહીંયા પોતાનો આત્મા આનંદસ્વરૂપ છે. એ રાગાદિથી હટીને પોતામાં એકાગ્ર થાય છે. એકાંત સ્થાનમાં. પોતાનું જ્યાં સ્થાન છે, પોતાનું એકાંત સ્થાન તો અંદરમાં છે. બહારમાં એકાંત સ્થાન, જ્યાં કોલાહલ આદિ ન હોય, ત્યાં પોતાના સ્વરૂપની દૃષ્ટિ અંદર એકાકાર થાય, પોતાના જ્ઞાયક ચૈતન્યમાં લીનતાની જ્યાં જમાવટ થાય, જ્યાં કોલાહલ આદિ પ્રતિકૂળતા નિમિત્ત ન હોય, એવું બાહ્ય સ્થાન (હોય) અને અંદરમાં વિકલ્પનો કોલાહલ નહિ. સમજાય છે કાંઈ? આ કાયોત્સર્ગ અને આત્માના ધ્યાનની વિધિ કહે છે. આત્માની ધાર્મિક ક્રિયાની વિધિ આ છે. આવી વિધિ હોતી હશે?

**'યોગ્ય ઐસે શૂન્ય ગૃહોમેં...'** શૂન્ય ઘર હોય, મકાન શૂન્ય હોય. અંદરમાં પણ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપમાં દૃષ્ટિ લગાવી (દે). પુણ્ય-પાપના રાગથી, વિકલ્પથી શૂન્ય હોય. ભારે ધાર્મિક ક્રિયા! ધાર્મિક ક્રિયા આ છે. સમજાય છે કાંઈ? કહો, 'હરિભાઈ'! **'પર્વતોંકી ગુહા કંદરાદિકોંમેં,...'** અથવા કોઈ પર્વતની ઊંડી ગુફા–કંદરા આદિ હોય. **'આલસ્ય નિંદ્રા આદિકો દૂર કરતે હુએ...'** પોતાના આત્માને ધ્યાનમાં લગાવીને પોતાની પ્રિય વસ્તુ, પોતાની હિતકારી આનંદ સ્વરૂપ વસ્તુમાં દૃષ્ટિ સ્થિર કરવા એકાંત.. એકાંતમાં જઈને (ધ્યાન કરે). **'આલસ્ય નિંદ્રા આદિકો...'** શું (કહે છે)? અહીંયા વિચાર કરતાં કરતાં આળસ નિંદ્રા થઈ જાય તો એને લાગે હું ધ્યાન કરું છું. હું આત્મામાં એકાગ્રતા કરું છું. ત્યાં નિંદ્રા, નિંદ્રા આવી જાય. એ તંદ્રા, નિંદ્રા ભાગ લઈ જાય. ઝોલા ખાય છે ને? શું કહે છે? ઝોકા.

મુમુક્ષુ :– કાયોત્સર્ગ તો પૂરો થઈ જાય.

ઉત્તર :– કાયોત્સર્ગ પૂરો થઈ જાય. ઝોલા અને ઝોકામાં કાયોત્સર્ગ (પૂરો થઈ જાય). પણ કાયોત્સર્ગ હતા કે દિ'? એમ અહીંયા કહે છે. અહીંયા આત્મા અતીન્દ્રિય આનંદમાં દૃષ્ટિ લગાવીને સાવધાનીપૂર્વક, રાગાદિ નહિ કરીને, આત્મામાં એકાકાર થઈને આત્માના વિચારમાં ચડી ગયો એમાં આળસ અને નિંદ્રા હોવી જોઈએ નહિ. આમ તો બે ઘડી પૂરી થઈ ગઈ. કેટલા ઝોલા ખાધા? અમને કાંઈ ખબર નથી. સામાયિક થઈ ગઈ!

મુમુક્ષુ :– ટાઈમની ખબર ન રહી.

ઉત્તમ :– ટાઈમની ખબર ન પડી, ઊંઘમાં! આહાહા..! ભાઈ! આ ચાર પહોરનો ઉજાગરો થાય, નિંદ્રા ન થાય પણ પોતાના દીકરાના લગ્ન હોય ને પાંચ લાખનો ખર્ચ કરવાનો હોય અને કરોડની પુંજી હોય, એને નિંદ્રા આવે છે? ઝોલા આવે છે? અરે..! બૈરાંના આમ ગાંઠિયા ખાય ખાયને કંઠ બેસી ગયા હોય તોપણ બોલે. તાણી તાણીને બોલે. રસ લેવા, રસ લેવા. બા! પણ તમે ઓછું બોલો ને! પણ અત્યારે બીજું શું (કરું)? તોપણ રસની મારી અજ્ઞાનમાં તાણીને બોલે. કંઠ બેસી ગયો હોય પણ બોલ્યા જ કરે. ઘાંટો બેસી ગયો તોપણ બોલ બોલ કરે છે. વહુ કહે, બેન! હવે બંધ તો થાઓ. પણ વહુ! હું ન કરું તો કેમ ચાલે આમાં? એ મૂઢને ન્યાં રસ લાગ્યો છે. આહાહા..! એટલો કંઠ બેસી ગયો હોય, ખાવાનું

ઠેકાણું ન હોય, બે કલાક મોડું ખાય લે. પણ એમાં રસ લાગ્યો છે ને! એમ જેને આત્માના પ્રેમમાં રસ લાગ્યો છે, આત્મા અતીન્દ્રિય આનંદ મારું સાધનશક્તિ અંદરમાં છે, મારું સાધન અંદરમાં છે, બહારમાં નથી. આહાહા...! સમજાય છે કાંઈ?

બહારથી એકાંત સ્થાન લીધું છે. **'આલસ્ય, નિંદ્રા આદિકો દૂર કરતે હુએ...'** શાંત ચિત્તે પોતાનો આત્મા પ્રિય હિતકર છે એની રુચિ થઈ છે, એમાં લીનતા કરવી એ જ આત્માનો આનંદ પ્રગટ થવાનો ઉપાય છે. એ આનંદ પ્રગટ કરવાનો ઉપાય કહો કે ધર્મ પ્રગટ કરવાનો ઉપાય કહો. ધર્મ એને કહે છે કે જેમાં અતીન્દ્રિય આનંદ આવવો જોઈએ. એમ લૂખો ધર્મ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? હજી રુચિની ખબર નથી. ધર્મ એને કહીએ કે જેમાં અતીન્દ્રિય આનંદ વ્યક્ત (થાય). દશામાં અતીન્દ્રિય આનંદનું વેદન, સ્વસંવેદન આવવું જોઈએ. એનું નામ ધર્મ છે. એકલા વિકલ્પ કરવા એ ધર્મ નથી. એ તો દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ? અહીં તો માલ માલની વાત છે.

**दोहा - क्षोभ रहित एकान्त में, तत्त्वज्ञान चित्त धाय।**
**सावधान हो संयमी, निज स्वरूपको भाय।।३६।।**

**'ક્ષોભ રહિત એકાંતમેં,..'** વિકલ્પના ક્ષોભ રહિત શાંત થઈને પોતાનો આત્મા અતીન્દ્રિય આનંદની નિધિ–ખાણ છે, એને ખોદવા, અંદરથી માલ બહાર કાઢવા એકાગ્ર થાય છે. સમજાય છે કાંઈ? કોઈ ખાણ બતાવે કે જુઓ! આ ખાણમાં પાંચ કરોડ રૂપિયા છે. કાઢો, ઝટ કાઢો, સાંજ સુધીમાં કાઢો, નહિતર પછી નહિ નીકળે. ભૂખ્યો અને તરસ્યો કેડ બાંધીને હીરા ને માણેક પડ્યા હોય તો ઢરડો, ઢરડો, કાઢો. મૂઢને એટલો પ્રયત્ન પરની પ્રીતિમાં વીર્ય લાગ્યું છે.

(અહીંયા) કહે છે, હે આત્મા! તારા નિધાનમાં અતીન્દ્રિય આનંદ, અતીન્દ્રિય જ્ઞાન, અતીન્દ્રિય શાંતિ, અતીન્દ્રિય વીર્ય, અનંત અતીન્દ્રિય પ્રભુતા આદિ અનંત રત્ન તારી વસ્તુમાં પડ્યા છે. ખબર નથી, ખબર નથી, શું છે? એ નિધાનને તારી રુચિમાં લે અને પછી એકાગ્ર થઈને એમાંથી શાંતિને કાઢ, એમ અહીંયા કહે છે. સમજાય છે કાંઈ? એમાં એટલો એકાગ્ર થાય કે શાંતિ પ્રગટ થાય. સમાધાન, શાંતિ, સંતોષ, અનાકુળ આનંદમાં તૃપ્ત થાય. એનું નામ ભગવાન મોક્ષનો માર્ગ અને ધર્મ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? દુનિયાની ચાલતી રીતથી બીજી વસ્તુ છે.

**'તત્ત્વજ્ઞાન ચિત્ત ધાય...'** તત્ત્વજ્ઞાનને ચિત્તમાં ધ્યાન કરે. આત્માને લક્ષમાં લે. અને **'સાવધાન...'** આળસ, નિંદ્રાનો ત્યાગ કીધો ને? **'સાવધાન હો સંયમી,...'** સંયમી ધર્માત્મા પોતાના સ્વરૂપમાં સાવધાન (થાય છે). નિંદ્રા, આળસનો અભાવ કરીને સ્વરૂપની સાવધાની (કરે છે). સમય વર્તે સાવધાન, નથી કહેતા આપણે?

મુમુક્ષુ :– એ તો લગ્નમાં કહે.

ઉત્તર :– લગ્નમાં કહે તો આ પણ લગ્ન છે. લગ્નમાં અમારે ત્યાં કહે છે, તમારે હિન્દીમાં કહે છે? લગ્ન થાય છે ને? વ્યવહાર લગ્ન. બ્રાહ્મણ બોલે, એનો ટાઈમ થાય ને? ટાઈમ. સમય વર્તે સાવધાન. ટાઈમ થઈ ગયો. આઠ ને પાંચ મિનિટ. (કન્યાને) લાવો અહીંયા. ધૂળ, રખડવાના રસ્તા છે.

અહીં કહે છે, સમય વર્તે. આત્મા શુદ્ધ ભગવાન, સમય એટલે આત્મા, સમય એટલે આત્મા, શુદ્ધ ચિદાનંદ આનંદ છે. વર્તે સાવધાન–એમાં એકાકાર સાવધાન થઈને વર્તવું. **'નિજ સ્વરૂપકો ભાય.'** નિજ સ્વરૂપની ભાવના કરવી, એકાગ્ર થવું એનું નામ ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! કેટલાક કહે, આવો ધર્મ કેવો? સામાયિક કરવી, પોષા કરવા, પડિકમણા કરવા, અપવાસ કરવા એ ધર્મ. રાત્રિભોજન ન કરવું, કંદમૂળ નહિ ખાવ, જાઓ! અરે..! સાંભળને! સામાયિક કોને કહે છે તેની તને ખબર નથી. એ.. 'હરિભાઈ'! કેટલી કરી હશે સામાયિક? હિસાબ ન રહ્યો?

મુમુક્ષુ :–

ઉત્તર :– લે, આ શેઠ વળી એમ કહે છે. સાચી સામાયિક હતી નહિ ને પચ્ચખાણ કર્યા હતા સામાયિકના ને એવું કર્યું નહિ. આહાહા...!

---

**यहाँपर शिष्य पूछता है, कि भगवन्! जिसका लक्षण कहा गया है ऐसी `संवित्ति हो रही है।' यह बात योगीको किस तरहसे मालूम हो सकती है? और उसकी हरएक क्षणमें उन्नति हो रही है, यह भी कैसे जाना जा सकता है? आचार्य कहते हैं कि हे धीमन्? सुनो मैं उसके चिन्हका वर्णन करता हूँ-**

**यथा यथा समायाति, संवित्तौ तत्त्वमुत्तमम्।**
**तथा तथा न रोचन्ते, विषयाः सुलभा अपि।।३७।।**

**अर्थ :-** ज्यों ज्यों संवित्ति (स्वानुभव) में उत्तम तत्त्वरूपका अनुभवन होता है, त्यों त्यों उस योगीको आसानीसे प्राप्त होनेवाले भी विषय अच्छे नहीं लगते।

**विशदार्थ :-** जिस जिस प्रकारसे योगीकी संवित्तिमें (स्वानुभवरूप संवेदनमें) शुद्ध आत्माका स्वरूप झलकता जाता है, सम्मुख आता है, तैसे-तैसे विना प्रयाससे, सहजमें ही प्राप्त होनेवाले रमणीक इन्द्रिय विषय भी भोग्य बुद्धिको पैदा नहीं कर पाते हैं। ठीक ही है, दुनियाँमें भी देखा गया है कि महान् सुखकी प्राप्ति होजानेपर अल्प सुखके पैदा करनेवाले कारणोंके प्रति कोई आदर या-ग्राह्य-भाव नहीं रहता है। ऐसा ही अन्यत्र भी कहा है -

**`शमसुखशीलितमनसा०'**

'जिनका मन शांति-सुखसे सम्पन्न है, ऐसे महापुरुषोंको भोजनसे भी द्वेष हो जाता है, अर्थात् उन्हें भोजन भी अच्छा नहीं लगता। फिर और विषय भोगोंकी तो क्या चलाई? अर्थात् जिन्हें भोजन भी अच्छा नहीं लगता, उन्हें अन्य विषय-भोग क्यों अच्छे लग सकते हैं? अर्थात् उन्हें अन्य विषय-भोग रुचिकर प्रतीत नहीं हो सकते। हे वत्स! देखो, जब मछलीके अंगोंको जमीन ही जला देनेमें समर्थ है, तब अग्निके अंगारोंका तो कहना ही क्या? वे तो जला ही देंगे। इसलिये विषयोंकी अरुचि ही योगीकी स्वात्म-संवित्तिको प्रकट कर देनेवाली है।'

स्वात्म-संवित्तिके अभाव होनेपर विषयोंसे अरुचि नहीं होती और विषयोंके प्रति अरूचि बढ़नेपर स्वात्म-संवित्ति भी बढ़ जाती है।।३७।।

**दोहा - जस जस आतम तत्त्वमें, अनुभव आता जाय।**
**तस तस विषय सुलभ्य भी, ताको नहीं सुहाय।।३७।।**

---

**'યહાંપર શિષ્ય પૂછતા હૈ,...'** હવે જુઓ! શિષ્યને એટલી જિજ્ઞાસા થઈ. **'ભગવન! જિસકા લક્ષણ કહા ગયા હૈ ઐસી સંવિત્તિ હો રહી હૈ.'** જુઓ! સંવિત્તિ એટલે આત્માનો અનુભવ. ધ્યાન રાખો. અહીં તો એકલા માખણની વાત ચાલે છે. આ છેલ્લી ગાથાઓ છે ને! ૫૧ ગાથા છે અને આ ૩૬ ગાથા તો થઈ ગઈ. પંદર રહી, પંદર.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– શાંતિમાં માખણ જ જોઈએ. આહાહા..! એમ ન સમજવું કે અમે બાળક છીએ. બાળક, યુવાન કોઈ છે જ નહિ, બધા આત્મા છે. સમજાય છે કાંઈ? આત્મા તો ત્રિકાળી છે. ત્રિકાળી છે? એની ઉંમર છે? એને ઉંમર છે? ઉંમર ક્યાં છે? આ તો દેહની ઉંમર–સ્થિતિ છે. આ પચીસ થયા, પચાસ થયા, સાંઈઠ થયા, પોણો સો થયા, એંસી થયા એ તો દેહની (સ્થિતિ છે). આત્મા તો અનાદિઅનંત છે, છે ને છે. એને ઉંમર છે જ નહિ. એવા આત્મામાં એમ ન સમજવું કે અમારી બાળ અવસ્થા છે તો નહિ સમજાય, અમારી વૃદ્ધાવસ્થા થઈ ગઈ, એમ ન સમજવું. આત્મા ત્રિકાળી છે, બધા સમજવાને લાયક છે. કહો, સમજાય છે કાંઈ?

આ જીવન પછી શું મળશે? આહાહા..! સત્ય વાત સમજવામાં અને અંતરમાં દૃષ્ટિમાં ન આવે તો એણે શું કર્યું? મનુષ્યભવ પામીને શું કર્યું? બધું ધૂળધાણી છે. સમજાય છે કાંઈ? બહારના પુણ્યને કારણે પાંચ, પચાસ લાખ મળ્યા તો ધૂળ, તારા પૂર્વના પુણ્ય બળી ગયા અને આવ્યા, તને શું મળ્યું? પૂર્વના પુણ્ય બળી ગયા. 'હીરાભાઈ'! એમ હશે? શું આ પાંચ, દસ લાખ મળે એ શેને લઈને? પૂર્વના પુણ્યને લઈને. પૂર્વના પુણ્ય પડ્યા છે

ને? એ પુણ્ય બળી જાય છે અને નવા પાપ બાંધે છે. રળવાનો ભાવ, કમાવાનો ભાવ એ પાપ છે. પુણ્ય બળી જાય, પાપ બંધાય ત્યારે પૈસા દેખાય છે. દેખાય છે, ન્યાં મળે છે ક્યાં એની પાસે? ન્યાં ક્યાં ગરી જાય છે આત્મામાં? આહાહા..! કેમ હશે? 'હરિભાઈ'! આહાહા...! બહારમાં ક્યાં છે? અને ક્યાં તારા ક્રિયાકાંડ દયા, દાન, વ્રત, ભક્તિના કોઈ શુભ પરિણામ હોય તો ત્યાં ક્યાં ધર્મ છે? આહાહા..! વિકલ્પથી, રાગથી પાર તારી ચિદાનંદ નિધિ છે. એનો અંતરમાં રાગરહિત અનુભવ કરવો એનું નામ સંવિત્તિ અથવા આત્મધર્મ કહેવામાં આવે છે.

શિષ્ય પ્રશ્ન કરે છે, **'ભગવન! જેનું લક્ષણ કહા ગયા હૈ ઐસી સંવિત્તિ હો રહી હૈ.'** જે આત્મામાં આત્મા આનંદ છે, શુદ્ધ ચૈતન્ય છે અને રાગરહિત છે એવું વેદન-અનુભવ થાય છે. **'યહ બાત યોગીકો કિસ તરહસે માલૂમ હો સકતી હૈ?'** આહાહા..! એ ક્યા પ્રકારે જણાય કે એને સંવિત્તિ થાય છે? સમજાય છે કાંઈ? આત્માના આનંદની રુચિ અને શ્રદ્ધાની પરિણતિ થઈ રહી છે એ ક્યા લક્ષણે જણાય છે? પ્રશ્ન બહુ ઊંચો છે. **'યોગીકો કિસ તરહસે...'** એને ક્યા પ્રકારે ખ્યાલમાં આવે કે મારા આત્માની અનુભવ દશા વધે છે? મારા આત્માની શાંતિ, સંવિત્તિ-અનુભવ-વેદન વધે છે, એ ક્યા લક્ષણથી જણાય છે? એવો શિષ્યનો પ્રશ્ન છે. જુઓ! શિષ્યને બીજા બધા પ્રશ્ન છૂટી ગયા. આહા..! પુણ્યથી આમ થાય ને દેહની ક્રિયા (આમ થાય) એ બધું છુટી ગયું.

અહીં તો કહે છે, મહારાજ! ભગવન! આત્મા અંતરમાં અનાકુળ આનંદની મૂર્તિ પ્રભુ બિરાજમાન છે, એનો અનુભવ થયો. પુણ્ય-પાપની રુચિ છૂટીને, દેહની રુચિ છૂટીને પોતાના તત્ત્વની રુચિનો અનુભવ થયો તો યોગીને ક્યા પ્રકારે ખબર પડે કે મને સંવેદન રહે છે? સંવેદન છે, વેદન છે, અનુભવ છે, શાંતિ છે એ ક્યા પ્રકારે ખબર પડે? આહાહા..! સમજાય છે કાંઈ?

**'ઉસકી હરએક ક્ષણમેં ઉન્નતિ હો રહી હૈ, યહ ભી કૈસે જાના જા સકતા હૈ?'** બે વાત પૂછી. એક તો યોગીને સંવિત્તિ-અનુભવ કઈ રીતે ખબર પડે? અમને ધર્મની ખબર નથી પડતી કે શું છે? એમ નથી, એમ કહે છે. ધર્મ આંધળો નથી. ભગવાન ચૈતન્યસૂર્ય, ભગવાનઆત્મા ચૈતન્યસૂર્ય, એની જ્યાં અંતરમાં પુણ્ય-પાપના રાગથી રુચિ છોડીને, દેહમાંથી સુખબુદ્ધિ છોડીને, પરમાંથી સુખબુદ્ધિ હટીને પોતાના આત્મામાં આનંદબુદ્ધિની રુચિનો અનુભવ થયો તો કહે છે કે, કેમ ખબર પડે કે અમે સંવિત્તિમાં છીએ? અમે અનુભવમાં છીએ? અમે ધર્મની દશામાં છીએ? આહાહા..! કેટલાકે તો સંવિત્તિ સાંભળ્યું પણ ન હોય. સંવિત્તિ શું હશે વળી? જૈનદર્શનમાં આ શું હશે? અરે..! હજી તો શબ્દના ભાવની ખબર ન મળે તો વસ્તુ તો ક્યાંય પડી છે? આહાહા..! સમજાય છે કાંઈ?

**'ઉસકી હરએક ક્ષણમેં ઉન્નતિ હો રહી હૈ,...'** શું કહે છે? પોતાના વિશ્વાસમાં અનંત

આનંદમય આત્મા છું એમ અનુભવમાં આવ્યું, વિશ્વાસમાં આવ્યો. જે પુણ્ય-પાપનો વિશ્વાસ હતો કે એમાં ઠીક છે, પરમાં વિશ્વાસ હતો કે સગવડતા ઠીક છે એ બધો વિશ્વાસ મિથ્યા વિશ્વાસ હતો.

મુમુક્ષુ :–

ઉત્તર :– ધૂળમાંય સુખ નથી. મૂઢ માને છે. કહો, શેઠ! માને છે. આ રહ્યા પૈસાવાળા, પૂછો. એના બાપને પૈસા છે, દીકરાને પૈસા છે. પેલાના ભાઈને ઘણા પૈસા છે. 'હરિભાઈ'ના ભાઈ પાસે પચાસ-સાંઈઠ લાખ છે. આની પાસે બે કરોડ છે. કહો, આ ત્રણે પૈસાવાળા જોડે બેઠા છે. ધૂળમાંય નથી. કોણ કહે છે પૈસાવાળા (સુખી છે)? મમતાવાળા છે. શેઠ! મમતાની સંવિત્તિ છે–મમતાનું વેદન છે. રાગનું વેદન એ મમતાનું વેદન છે. એ તો અધર્મનું વેદન છે. આહાહા..! અરે..! ભગવાન! એ તો ઠીક, પાપની વાત છે. પણ દયા, દાન, વ્રતના વિકલ્પ ઉઠે છે, પ્રભુ! એ રાગ છે, એ પણ અધર્મનું વેદન છે. સૂક્ષ્મ વાત છે. એ પુણ્યભાવ પરલક્ષી છે. પરને દુઃખ ન દેવું, હું આમ કરું, હું આમ રાગ મંદ કરું એવો જે શુભભાવ એ તો શુભ વિકલ્પ છે. એનું વેદન એ અધર્મ વેદન છે, દુઃખ વેદન છે. આનંદનો ઘાત કરવાનું વેદન છે. આહાહા..! સમજાય છે કાંઈ?

અરે..! ભગવાન! તારી વસ્તુમાં તો અનાકુળ આનંદ પડ્યો છે ને પ્રભુ! તને તારી ખબર નથી અને તને ખબર નથી તો રુચિ ક્યાંથી કરીશ? સમજાય છે કાંઈ? મારી ચીજ શું છે એની મહત્તા અંતરમાં આવ્યા વિના અંતર્મુખની રુચિ ક્યાંથી કરીશ? અને રુચિ કર્યા વિના એ તરફની એકાગ્રતા ક્યાંથી થશે? સમજાય છે કાંઈ? સૂક્ષ્મ પડે પણ વસ્તુ તો આવી છે. ત્રણકાળ ત્રણલોકમાં સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો માર્ગ આવો છે. અજ્ઞાનીએ કલ્પિત કરી કરીને લોકોને બતાવ્યો અને લોકોને ભૂલવાડ્યા છે. ભૂલભૂલાવામાં નાખીને જાઓ નરક ને નિગોદમાં. ચાર ગતિમાં રખડો. એ માર્ગ ભગવાનનો નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– આવા સ્પષ્ટ ખુલાસા થાય તો બરાબર ખ્યાલમાં આવી જાય.

ઉત્તર :– એમ છે? આહાહા..!

અહીં તો કહે છે, ભગવાન! અમારા બે પ્રશ્ન છે. શિષ્યના બે પ્રશ્ન છે. પહેલા પ્રશ્નનું રૂપ સમજવું. પ્રશ્નનું રૂપ–પ્રશ્ન શું છે? એમાં શું કહે છે? એનું રૂપ સમજવું જોઈએ ને? શિષ્ય પ્રશ્ન કરે છે, ભગવાન! આ આત્મા અનાદિકાળનું જે રાગાદિનું, પુણ્ય આદિનું, વિકારાદિને માનીને જે અનુભવ કરતો હતો એ તો અધર્મ હતો. એ ખ્યાલ આવે ન આવે, એ એની પાસે રહ્યું. પણ આત્મા અંદરથી રાગ, પુણ્ય-પાપના રાગરહિત પોતાનું શુદ્ધ સ્વરૂપ જેવું છે એવું દૃષ્ટિમાં આવ્યું, અનુભવમાં આવ્યું તો એ ક્યા લક્ષણથી જણાય કે આ વેદનમાં આવ્યો? અને એમાં ક્ષણે ક્ષણે વૃદ્ધિ થાય છે (એ કઈ રીતે ખબર પડે?) કેમકે આત્મામાં શુદ્ધિની એકાગ્રતા છે તો ક્ષણે ક્ષણે ઉન્નતિ, વૃદ્ધિ પણ થવી જોઈએ. તો એ ઉન્નતિ, વૃદ્ધિ થઈ

રહી છે એ કઈ રીતે જણાય? આહાહા..! સમજાય છે કાંઈ?

આચાર્ય કહે છે, **'હે ધીમન!'** એમ કરીને એને બોલાવ્યો છે. કારણ કે તારો પ્રશ્ન જ બહુ સરસ છે. **'હે ધીમન્!'** ધી.. ધી–બુદ્ધિવાળો. હે બુદ્ધિમન! શિષ્યને બુદ્ધિમન ઠરાવ્યો છે. તારો પ્રશ્ન જ એવો છે. ભગવાનઆત્મા અનાદિકાળથી વેદન તો કરે જ છે. અનાદિકાળથી અજ્ઞાની નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી અનંતવાર ગયો અને મિથ્યાદૃષ્ટિ રાખીને જૈન દિગંબર સાધુ પણ અનંતવાર થયો. એના વેદનમાં તો પુણ્ય-પાપના વિકારનું વેદન હતું. બસ! એ પુણ્યનું વેદન હતું, વિકારનું વેદન હતું એ જ સંસાર હતો. સમજાય છે કાંઈ? મહારાજ! શિષ્યનો પ્રશ્ન છે ને? એ વેદન પલટી ગયું અને ધર્મનું વેદન થયું. જ્ઞાનસ્વરૂપ પ્રભુ, અનાકુળ આનંદસ્વરૂપ આત્માનું ભાન, વેદન તો થયું. એ વેદન ક્યા પ્રકારે માલુમ પડે કે મને પરનું વેદન–સંવિત્તિ પલટી ગયું અને સ્વનું વેદન થયું અને ક્ષણે ક્ષણે ઉન્નતિ થાય છે એ કેમ ખબર પડે. શિષ્યને કહે છે, ધીમન્! હે ધીમન્! હે બુદ્ધિવંત આત્મા! **'સુનો મૈં ઉસકે ચિહ્નકા વર્ણન કરતા હૂં.'** સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– ધીમન એટલે ભગવાન નહીં?

ઉત્તર :– ભગવાન નહિ, એની બુદ્ધિના પ્રશ્નમાં જ બુદ્ધિવંતતા છે, એમ કહે છે. આ કાંઈક જણાય છે કે નહિ? કેટલાક કહે છે કે આત્માનું જ્ઞાન થયું પણ અમને ખબર પડતી નથી અને હું વધું છું કે નહિ, એની મને ખબર પડતી નથી. તો કહે છે કે, સંવિત્તિ થઈ એ કેમ ખબર પડે? અને વધે છે કે નહિ? એને શું જણાય છે? તારો પ્રશ્ન બરાબર છે. સમજાય છે કાંઈ?

ધન ધનને વધારે, નથી કહેતા? પાંચ લાખ પેદા થયા હોય તો લક્ષ્મીનું વ્યાજ વધે, વેપાર વધે, નોકરો લેવા આવે, ભાગીદાર લેવા આવે, અમને પચાસ હજાર આપો, તમને બાર આનાનું વ્યાજ (આપશું). અત્યારે બાર આનાનું નહિ હોય, વધી ગયું. હવે વધી ગયું હશે. આ તો પહેલાની વાત છે, લ્યોને! અત્યારે તો સવા ટકાનું વ્યાજ. તમારું સવા ટકાનું વ્યાજ. તમારે દુકાને આવવું નહિ. અમે એકલા કામ કરીશું, તમારા પચાસ હજાર રાખશું. અડધો ભાગ (તમારો) અને સવા ટકાનું વ્યાજ. શેઠ! માણસો પૂછવા આવે, હોં! પૈસાવાળા હોય એની પાસે આવે. જુઓ! અમને વેપાર કરવાની હોંશ છે. અમારી પાસે પૈસા નથી. તમારી પાસે પચાસ લાખ, કરોડ છે તો પાંચ લાખ અહીંયા રોકો. સવા ટકાનું વ્યાજ તમને આપશું અને અમે એકલા કામ કરીશું, તમારે નહિ કરવાનું. મહિને મહિને તમારે નામું તપાસવું કે અમારાથી કાંઈ ગડબડ ન થઈ જાય, તમને વિશ્વાસ ન હોય તો. શેઠ! મહિને અમારું નામું તપાસવું કે કેટલા ગયા ને કેટલા આવ્યા? તપાસ કરે છે કે નહિ? 'મલૂપચંદભાઈ'! આ તો બધી તમારી વાતું સાંભળેલી છે, હોં! ઇ 'મોહનભાઈ' કહેતા હતા, 'મોહનલાલ કાળીદાસ' કહેતા. પૈસા આપે, આપીને પછી અમે જઈએ નહિ. પંદર દિ'એ, મહિને તપાસવા

જઈએ કે ઊંધુ નથી મારતો ને? બાર આનાનું વ્યાજ લઈએ. તે દિ' તો બાર આના હતા ને! વ્યાજ લઈએ બાર આનાનું અને દુકાને જઈએ નહિ અને અડધો ભાગ. પેદાશમાં અડધા– આઠ આના અમારા અને આઠ આના તમારા. શેઠ! તમારે વેપારમાં આમ બધું કરે છે કે નહિ? ન્યાં ખબર પડે છે કે અને અહીંયા શું ખબર પડે છે? તો કહે, અમને ખબર નથી.

તું ધર્મનો વેપાર કરે છે એ ખબર નથી અને ધર્મના વેપારમાં વૃદ્ધિ થાય છે એ ખબર નથી. મહારાજ! શિષ્ય પૂછે છે, હોં! એની ખબર પડે છે કે નહિ? તારો પ્રશ્ન બરાબર છે. સમજાય છે કાંઈ? **'હે ધીમન્! સુનો મેં ઉસકે ચિહ્નકા વર્ણન કરતા હૂં.'**

**यथा यथा समायाति, संवित्तौ तत्त्वमुत्तमम्।**
**तथा तथा न रोचन्ते, विषयाः सुलभा अपि।।३७।।**

જુઓ! અર્થ, એનો અર્થ છે ને? **'જ્યોં જ્યોં સંવિત્તિ (સ્વાનુભવ) મેં ઉત્તમ તત્ત્વરૂપકા અનુભવ હોતા હૈ,...'** જુઓ! ન સમજાય એમ ન સમજવું, હોં! સમજાય છે એમ સમજવું. પછી અનુભવની વાત જુદી, પણ આ કહે છે એવો તો ખ્યાલ કરવો કે નહિ? સમજાય છે કાંઈ? આ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગના કહેલા ધર્મની આ રીત છે. કહે છે, આત્મા પોતાના શુદ્ધ શ્રદ્ધા, જ્ઞાનના રસ્તે ચડ્યો તો અંતરમાં અનુભવ થયો. ભગવાનઆત્મા, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ પૂર્ણાનંદ છે, એને પુણ્ય-પાપથી હટીને અંતરની દૃષ્ટિમાં આત્માનો અનુભવ થયો, સંવિત્તિ થઈ. તો કહે છે, **'ઉત્તમ તત્ત્વરૂપકા અનુભવ હોતા હૈ,...'** **'ઉત્તમ તત્ત્વરૂપકા અનુભવ હોતા હૈ,...'** જુઓ! અજ્ઞાનમાં તો રાગરૂપી તત્ત્વનો અનુભવ હતો, ભાઈ! આહાહા..! શું કહે છે? આ તત્ત્વ તો એકલું માખણ તત્ત્વ છે.

અનાદિથી જ્યાં સુધી મિથ્યાદૃષ્ટિ હતો ત્યાં સુધી ઉત્તમ તત્ત્વનો અનુભવ નહોતો. ત્યાં સુધી પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધ, શુભાશુભ રાગનો અનુભવ હતો, એ ઉત્તમ તત્ત્વ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? **'विशुद्धात्मस्वरूपं'** છે ને? **'ઉત્તમ તત્ત્વરૂપકા અનુભવ હોતા હૈ,...'** શું કહે છે? જેમ જેમ ભગવાનઆત્મા પોતાના શુદ્ધ આનંદ સ્વરૂપ આત્માનો અંતર્મુખ થઈને વેદન (કરે છે). અનંતકાળથી રાગનું વેદન કરતો હતો એ છૂટી ગયું. આત્મા ઉત્તમ તત્ત્વ જ્ઞાયક ચૈતન્ય તત્ત્વ છે, હું શુદ્ધ પરમાનંદ મૂર્તિ છું એવા ઉત્તમ તત્ત્વનો અનુભવ થાય છે. આત્મતત્ત્વનો અનુભવ કહો કે ઉત્તમ તત્ત્વનો અનુભવ (કહો). સમજાય છે કાંઈ?

**'ત્યોં ત્યોં ઉસ યોગીકો...'** ધર્મીજીવકો. યોગી એટલે ધર્મી. પેલા બાવા યોગ કરે એ યોગીની અહીં વાત નથી. આત્મા પરમાનંદમૂર્તિમાં એકાકાર થયો એનું નામ યોગી. સર્વજ્ઞ પરમેશ્વરે પરમાત્માએ જેવો આત્મા કહ્યો, એવા આત્મામાં દૃષ્ટિ લગાવી એકાકાર થયો એનું નામ યોગી. બાકી એ સિવાયના ભોગી. સમજાય છે કાંઈ? આહાહા..! બહારનો ત્યાગી, અંતરનો ભોગી. રાગનો અનુભવ કરે છે એ ભોગી છે. ગૃહસ્થાશ્રમમાં પડેલા રાજા, મહારાજા,

'શ્રેણિક' રાજા આદિ, 'ભરત' ચક્રવર્તી આદિ, ઘરે ૯૬ હજાર સ્ત્રીઓ (છે). બહારમાં અત્યાગ ભોગ દેખાય છે, અંતરમાં ભોગનો ત્યાગ છે. અંદર આત્માનો ભોગ છે. સમજાય છે કાંઈ? બાહ્યમાં ભોગી, અંતરમાં જોગી. અજ્ઞાનીને બહારમાં ત્યાગ દેખાય છે, અંતરમાં દયા, દાન, વ્રત વિકારના પરિણામનો અનુભવ કરે છે, એ વિકાર મારો ધર્મ છે એ અંતરમાં ભોગી, અજ્ઞાની છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે! વીતરાગમાર્ગ આવો હશે?

મુમુક્ષુ :–

ઉત્તર :– ત્યારે અત્યાર સુધી કેમ સંભળાવતા નહિ હોય? અત્યાર સુધી આ પચાસ-પચાસ, સાંઈઠ-સાંઈઠ વર્ષ ગયા, કોઈ સંભળાવતું નથી? આવો વીતરાગ માર્ગ કંઈક નવો કાઢ્યો લાગે છે. અરે..! ભગવાન! તેં ન સાંભળ્યો હોય એટલે કાંઈ નવો થઈ જાય? સમજાય છે કાંઈ? વીતરાગ પરમેશ્વરનો માર્ગ એ અનાદિનો આ એક જ છે. બાકી બધા અજ્ઞાનીના રાગીના માર્ગ છે.

કહે છે, **'ત્યાં ત્યોં ઉસ યોગીકો આસાનીસે પ્રાપ્ત હોનેવાલે...'** શું કહે છે? ધર્મીજીવને પોતાના આનંદની સાવધાનીમાં એટલી રુચિ થઈ ગઈ છે કે એને અન્યાયથી, અનીતિથી મળનારી લક્ષ્મી આદિનો ભોગ તો છે જ નહિ. પરાણે કોઈ પૈસા લેવા, સ્ત્રીને પરેશાન કરવી, આબરૂ લેવી એવા અન્યાયના ભોગનો તો જ્ઞાનીને ત્યાગ જ છે. સમજાય છે કાંઈ? પણ **'આસાનીસે...'** સહજરૂપે સ્ત્રી આદિ, પૈસા આદિ, લક્ષ્મી આદિ મળી જાય તોપણ **'વિષય અચ્છે નહીં લગતે.'** અરે..! અમારા આનંદ આગળ આ ભોગની ઇચ્છા રોગ સમાન દેખાય છે. ધર્મીને ભોગ... પણ કેવા ભોગ? સહેલાઈથી મળ્યા એ, હોં! સહેજે મળ્યા હોય. પૂર્વના પુણ્યથી સ્ત્રી, કુટુંબ, પરિવાર, અબજો રૂપિયા, કરોડો રૂપિયાના મકાન હોય. પરાણે હઠ કરીને કોઈને દબાવીને, છળ કરીને લાવ્યા હોય અને એને ભોગવવું ને સ્ત્રીને પરાલંબન કરીને એમ નથી. એવું તો હોતું નથી. પણ સહેજે મળી ગયું હોય પણ આત્માના આનંદના પ્રેમ આગળ સહેજપણે મળેલા ભોગને પણ રોગની જેમ જુએ છે. આહાહા..!

દુનિયા એમ જોવે કે, જુઓ! આ સ્ત્રીનું સેવન કરે છે. એને લાગે છે, રોગ આવ્યો. ચારિત્રમોહના ઉદયમાં હું એટલો જોડાયો, મને રાગ આવ્યો. રોગી જેમ રોગને ઇચ્છતો નથી અને દવાને પણ ઇચ્છતો નથી, એમ સમ્યગ્દષ્ટિ જીવને ભોગનો રાગ આવ્યો એને રોગ માને છે. અને રોગનો ઇલાજ, રોગની ક્રિયાને પણ હેય માને છે. આ નહિ રે નહિ, આ નહિ, હોં! સમજાય છે કાંઈ? પરથી હટી ગયો છે, રુચિ નથી. જેને દૂધપાકનો સ્વાદ આવ્યો એને લાલ જુવારની ફોતરીના રોટલાનો સ્વાદ આવતો નથી. એમ આચાર્ય કહે છે.

લોકો એમ માને છે કે અહો..! ધર્મી આટલા પુણ્યના ભોગમાં પડ્યા છે? 'ભરત' ચક્રવર્તી, ૯૬ હજાર સ્ત્રી, ૯૬ કરોડ પાયદળ. અને શરીરમાં એકલા હીરા-માણેક, હીરા-માણેકના સિંહાસન ઉપર બેઠા હોય. સોળ હજાર દેવો જેની તૈનાતમાં પડ્યા હોય. એ તરફ

વૃત્તિ જાય છે તો એમ લાગે છે, દુઃખ.. દુઃખ (લાગે છે). કોઈ ઉપસર્ગ આવ્યો. કોઈ અંદર આત્મામાં ઘા મારે છે (એવું લાગે છે). અહીંયા માછલીનો દૃષ્ટાંત આપશે. સમજાય છે કાંઈ? આમાં આવે છે ને? માછલીનો દાખલો આવશે. સમજાય છે કાંઈ? 'પ્રવચનસાર'માં પણ આપ્યો છે.

માછલીને જમીન ઉપર આવવું દુઃખરૂપ છે તો અગ્નિમાં જવું કેટલું દુઃખરૂપ છે? આહાહા..! એમ ધર્મીને પોતાના અતીન્દ્રિય આનંદની દૃષ્ટિનું સંવેદન છે. હું આનંદમૂર્તિ છું એવું ભાન અને વેદન છે, એને શુભભાવમાં આવવું એ માછલી જેમ જમીન ઉપર આવે છે, એમ દયા, દાન, વ્રતના પરિણામમાં આવવું એટલું દુઃખરૂપ લાગે છે. આહાહા..! અને વિષયવાસના તો અગ્નિના અંગારામાં આવવા જેટલું દુઃખદાયી લાગે છે. સમજાય છે કાંઈ? અજ્ઞાનીને આમ પ્રિયકર લાગે છે. અહીં તો દેશ જરી કરશે કહેશે. સમજાય છે કાંઈ? જુઓ! આ સંવિત્તિનું, ધર્મીનું લક્ષણ! આહાહા..! ધર્મીનું એવું લક્ષણ નથી કહ્યું કે, બહારથી છોડી દીધું છે ને સ્ત્રી, કુટુંબ છોડી દીધા છે અને એકલો જંગલમાં રહે છે એ લક્ષણ, એમ નથી (કહ્યું). સમજાય છે કાંઈ?

અહો..! જેમ જેમ આત્માના અતીન્દ્રિય આનંદનો સ્વાદ–વેદન (આવે છે), ધર્મીજીવને એ પ્રગટ થયું છે, એ સ્વાદ આગળ ભોગનો રાગનો સ્વાદ અંગારા જેવા લાગે છે. જેમ માછલી અંગારામાં જાય છે તો દુઃખ.. દુઃખ.. દુઃખ લાગે છે, તડફડ તડફડ (થાય છે). સમજાય છે કાંઈ? એમ ભગવાનઆત્મા, જેને અંતર વેદનમાં, દૃષ્ટિમાં જ્ઞાન, આનંદ છે એમ અનુભવાયું એને પાપભાવ અંગારા જેવા લાગે છે. પુણ્યભાવ, માછલી પત્થર ઉપર, જમીન ઉપર આવે એવું લાગે છે. સમજાય છે કાંઈ? લ્યો! આ સંવિત્તિનું લક્ષણ. પેલો કહે, એકલું જ્ઞાન (એવો) સંવિત્તિનો અર્થ કરે છે. અરે...! ભગવાન! બાપુ! એકલા જ્ઞાનનો અર્થ શું? આત્મામાં જ્ઞાનમાં એકાગ્ર થયો, જ્યારે રાગમાં એકાગ્ર થયો ત્યારે જે વેદન હતું, અને અહીં એકાગ્ર થયો તો વેદન ન પલટે તો શું થયું? શું કહ્યું, સમજાણું? જ્યાં સુધી પુણ્ય-પાપની રુચિ હતી, ક્રિયાકાંડ દયા, દાન, વ્રત, વિકલ્પની રુચિ હતી ત્યાં સુધી મિથ્યાત્વની રુચિમાં રાગનું વેદન હતું. અનાદિકાળથી એ વેદન (છે), અનાદિકાળથી ધર્મને નામે પણ અજ્ઞાની એ કરી રહ્યો છે. એ વેદન પલટી ગયું. સંવિત્તિ થઈ, ઉત્તમ તત્ત્વનું વેદન થયું. પેલું તો રાગનું વેદન હતું. આહાહા..!

કહે છે, **'જ્યોં જ્યોં સંવિત્તિ (સ્વાનુભવ) મેં ઉત્તમ તત્ત્વરૂપકા અનુભવ હોતા હૈ, ત્યોં ત્યોં યોગીકો (ધર્મીકો) આસાનીસે...'** સહેલાઈથી, સહેલાઈથી, સુલભતાથી આમ ઇન્દ્રિયના અનુકૂળ ભોગ મળે. સમજાય છે કાંઈ? ભોજન વખતે એવી વસ્તુ સામે મળે, એવી વસ્તુ મળે. સહેજે મળે, એ તરફની વાસના, ધર્મીને ભોજન પ્રત્યે દ્વેષ થઈ જાય છે, એમ અહીંયા કહે છે. દ્વેષનો અર્થ એના પ્રત્યે પ્રેમ લાગતો નથી. આ સારું નથી, એમ દ્વેષનો અર્થ છે.

દ્વેષનો અર્થ કે એમાં રુચતું નથી. ખાવા-પીવાની આવી વસ્તુ છે, આ માખણ જેવી વસ્તુ છે, આ સ્ત્રી પંખો નાખે છે. અરે...! મારામાં આનંદ છે, એ આનંદથી ઊલટી વૃત્તિ ઉત્પન્ન છે એ દુઃખરૂપ લાગે છે. સમજાય છે કાંઈ? એનું નામ ધર્મ, સંવિત્તિનું લક્ષણ છે. આહાહા..!

શ્રોતા :– સંક્ષિપ્તપણું પ્રગટ્યું એ આ લક્ષણ છે.

ઉત્તર :– ઓળખી લ્યે, તપાસ કરે ને.

**'વિષય અચ્છે નહીં લગતે.'** જુઓ! સમજાય છે કાંઈ? અર્થાત્ પોતાના સ્વરૂપના આનંદની દૃષ્ટિ, વેદન–અનુભવ–થયો, પરનું વેદન પલટીને સ્વનું વેદન થયું ત્યારે ધર્મદૃષ્ટિ થઈ, ત્યારે સમ્યગ્દૃષ્ટિ થયો. ત્યારે વેદનમાં પલટો થઈ ગયો. પોતાના અનુભવના સ્વાદ આગળ જગતના વિષયના સ્વાદની વાસના લુખી લાગે છે, દુઃખરૂપ લાગે છે. સમજાય છે કાંઈ? એ વિષયોમાં દેખાય છે પણ એમાં નથી, એનાથી ઉદાસીન છે. સમજાય છે કાંઈ? અને બહારનો ત્યાગી બહારમાં ત્યાગી થઈ અંદરમાં રાગની ક્રિયાને ધર્મ માને છે એ પુણ્યભાવને આત્માનું કલ્યાણ માને છે, અંદરમાં આત્માના આનંદનો અનાદર કરીને રાગનું વેદન મિથ્યાદૃષ્ટિ કરે છે, એમાં સર્વસ્વ માને છે. એ અધર્મ વેદન છે. એમ અનાદિકાળથી કરે છે. સ્વસંવેદનમાં એ બધું પલટી ગયું. સહેલાઈથી મળેલા ભોગમાં પણ એની વૃત્તિ ઉઠતી નથી, પ્રેમ નથી થતો. વિશેષ કહેશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૪૯૨, વૈશાખ વદ ૧૪, ગુરુવાર
## તા. ૧૯-૦૫-૧૯૬૬
## ગાથા–૩૭ પ્રવચન નં. ૪૨

'ઇષ્ટોપદેશ' ૩૭ મી ગાથા ચાલે છે. જુઓ! શું કહે છે? વિશદાર્થ છે. ૩૭. શું કહે છે તમારે હિન્દીમાં? સૈંતીસ. શું કહે છે? જરી ધીમેથી સમજવાની વસ્તુ છે. શું કહે છે? કે જેને આત્મા પરથી ભિન્ન પોતાનું અસ્તિત્વ, મોજૂદગી સ્વતંત્ર રાખે છે અને એ આત્મા પુણ્ય-પાપના રાગથી ભિન્ન છે એમ અંતરમાં અનુભવ, દૃષ્ટિ થઈ તેને પોતાના આત્મામાં જ્ઞાન અને આનંદ છે, એ પરથી જ્ઞાન અને આનંદ થતો નથી. એવી એને અનુભવમાં પ્રતીત આવે છે. શું કહ્યું સમજાણું?

ફરીથી, જે આત્માને આ આત્મા દેહથી, કર્મથી, પુણ્ય-પાપના ભાવથી ભિન્ન છે અને પોતાની મોજૂદગીમાં અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત આનંદ, અનંત વીર્ય, અનંત પ્રભુતા (ભરી છે) એવો હું આત્મા છું, એમ દૃષ્ટિમાં અનુભવમાં આવ્યું છે, પોતામાં જે જ્ઞાન થાય છે એ પરથી થાય છે એમ એ નથી માનતા. સમજાય છે કાંઈ? પોતાના આત્માને અનંત

ગુણ સંપન્ન માનનાર પોતાના ગુણનું કાર્ય પરથી થાય છે એમ એ માનતા નથી. અહીં ભાષા આનંદની લીધી છે પણ બધા ગુણ લઈ લેવા. સમજાય છે કાંઈ? 'જુગરાજજી'!

આ આત્મા છે, એક સમયમાં અસ્તિ.. અસ્તિ–મોજૂદગી (ધરાવે છે). બરાબર છે? પંડિતજી! આત્મામાં અનંત શક્તિઓ–અનંતગુણ છે અને એ આત્મદ્રવ્ય, એની અનંત શક્તિઓ વર્તમાનમાં કાર્ય–દશા–ગુણથી થાય છે. પોતાના ગુણથી કાર્ય થાય છે. અહીંયા અત્યારે રાગની વાત નથી. અહીંયા તો આત્માની દૃષ્ટિની વાત છે ને! કોઈ પહેલા એમ માને કે મારામાં રાગ થાય છે એ નિમિત્તથી થાય છે અને મારા નિમિત્તથી પરમાં કંઈક થાય છે. એમ જેને પરાશ્રય દૃષ્ટિ છે એને આત્મા અનંતગુણ સ્વતંત્ર છે અને પોતાનું કાર્ય પોતાથી છે એમ રુચિમાં આવતું નથી. સમજાય છે કાંઈ? કહો, 'જમુભાઈ'!

આત્મા છે, છે તો આત્મામાં અનંતગુણ છે. આત્મા છે તો આત્મામાં અનંતગુણ છે. જ્ઞાન, દર્શન, આનંદ આદિ. એવા આત્માની જેને અંતર પ્રતીતિ, અંદર અનુભવથી–વેદનથી–ખ્યાલમાં આવી ગયું કે આ આત્મા તો શાંતિ અને આનંદનો જ ભંડાર છે. એમાં વિકાર નથી, કર્મ નથી, શરીર નથી. પરથી હું કાર્ય લઈ શકું એવો હું નથી અને હું પરને કામ આપી શકું એવો હું નથી. સમજાય છે કાંઈ? હું તો આત્મા જ્ઞાતા-દૃષ્ટા, જાણન-દેખન શક્તિ સંપન્ન છું અને બેહદ જ્ઞાન, બેહદ દર્શન એ મારો સ્વભાવ છે. અહીં આનંદની પ્રધાનતા લેવી છે. મારો આનંદ મારી પાસે છે, મારું સ્વરૂપ જ આનંદ છે. મારા આનંદની અર્થાત્ અનંતગુણ સંપન્ન આત્માની જેને પ્રતીત અનુભવમાં થઈ, એવા ધર્મીજીવને પરમાં આનંદ ભાસતો નથી. સમજાય છે કાંઈ? પરમાં સુખબુદ્ધિ થતી નથી અથવા પરાશ્રયે કાર્ય થાય, એવી પરાધીન દૃષ્ટિ એની હોતી નથી. સમજાય છે કાંઈ?

કહે છે, અહો..! **'જિસ જિસ પ્રકારસે યોગી...'** યોગી શબ્દે ધર્મી. પોતાનું આત્મ સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ મૂર્તિ છું, અસ્તિ છું અને મારી મોજૂદગીમાં તો અનંતશક્તિઓ પડી છે. હું પરાશ્રયે રહેનાર નથી અને મારા આશ્રયે પર રહે એવો હું નથી, એવા પર (પદાર્થ) પણ નથી. સમજાય છે કાંઈ? એવો ધર્મીજીવ **'સંવિત્તિમેં (સ્વાનુભવરૂપ સંવેદનમેં)...'** વિશદાર્થની પહેલી પંક્તિ. **'શુદ્ધ આત્માકા સ્વરૂપ ઝલકતા જાતા હૈ,...'** ભગવાનઆત્મા એક સમયમાં, સૂક્ષ્મ કાળમાં પરિપૂર્ણ આનંદ, જ્ઞાનથી સંપન્ન અને પરાશ્રય વિના સ્વતંત્ર વસ્તુ છું અને હું પરિપૂર્ણ શુદ્ધ આનંદકંદ છું, એવી દૃષ્ટિ કરનારને આત્માનું સ્વરૂપ ઝળકી જાય છે. પોતાના જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્રમાં પોતાનું સ્વરૂપ આવે છે, ઝળકી જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? પોતાની શ્રદ્ધામાં આત્મા કેવો છે એ ઝળકી જાય છે, પોતાના જ્ઞાનમાં આત્મા કેવો છે એ ઝળકી જાય છે અને સ્થિરતામાં આત્મા કેવો શાંતિમય છે એમ શાંતિની પર્યાયમાં ઝળકી જાય છે. આહાહા..! કહો, 'હરિભાઈ'! આહાહા..! સમજાય છે કાંઈ? આત્મા છે એવા અનુભવમાં કેટલું સ્વતંત્ર કાર્ય થાય છે, એ વાત કહે છે. આહાહા..!

મુમુક્ષુ :- ઝલક જાતા હૈ એટલે દેખાય છે?

ઉત્તર :- દેખાય છે આમ. ઝલક જાતા હૈ, એમ બતાવે છે. આત્મા બતાવે છે કે હું પૂર્ણ શુદ્ધ છું એમ શ્રદ્ધામાં બતાવે છે. એના જ્ઞાનમાં હું પૂર્ણ જ્ઞાન છું એમ બતાવે છે અને સ્થિરતામાં, શાંતિમાં બતાવે છે કે હું પૂર્ણ શાંતિસ્વરૂપ છું. સમજાય છે કાંઈ?

**'જિસ જિસ પ્રકારસે...'** ધર્મીને. ધર્મી એને કહીએ કે પોતાનો શુદ્ધ સ્વભાવ એ ધર્મ, એને ધરનારો આત્મા, એની અંતરમાં પ્રતીતિ, અનુભવમાં, જ્ઞાનમાં આવી છે. જ્ઞાનમાં પોતાનો આત્મા આવો છે એમ આવ્યું છે. સમજાય છે કાંઈ? એવા ધર્મીને **'(સ્વાનુભવરૂપ સંવેદનમેં)...'** નિજ વસ્તુનું સ્વરૂપ પ્રતીતિમાં નહોતું, વિશ્વાસમાં નહોતું આવ્યું ત્યારે તો મારું જ્ઞાન પરથી, ઇન્દ્રિયોથી થાય છે, મારો આનંદ પરમાં છે... સમજાય છે કાંઈ? અને મારા વીર્યની સ્ફુરણા પણ પરથી થાય છે, એવી માન્યતા મિથ્યાદૃષ્ટિમાં પરાશ્રય બુદ્ધિ હતી તે બુદ્ધિ પલટી ગઈ. સમજાય છે કાંઈ? આહાહા..!

**'શુદ્ધ આત્માકા સ્વરૂપ ઝલકતા જાતા હૈ,...'** જુઓ! પહેલા અશુદ્ધતા પોતામાં માનતો હતો. સમજાણું કાંઈ? અશુદ્ધતાનો અર્થ, હું પુણ્ય, પાપી છું અથવા મારો આત્મા પરના આશ્રયે છે, મારી શક્તિનો વિકાસ પરના આશ્રયે છે અને પરની શક્તિનો વિકાસ મારી મોજૂદગીમાં છે, જ્યાં સુધી એવી મિથ્યાદૃષ્ટિ હતી ત્યાં સુધી અશુદ્ધતાનું ઝળકવું, અશુદ્ધતાનું વેદન હતું. સમજાય છે કાંઈ? આ તો લોજીક-ન્યાયથી-વાત કરે છે.

ભગવાનઆત્મા વસ્તુ છે, પદાર્થ છે. છે તો એકરૂપ નથી. એમાં અનંતગુણ છે. અનંતગુણ સંપન્ન આત્માની જ્યાં પ્રતીતિ, ભરોસો ભાનમાં આવ્યો તો પરાશ્રય બુદ્ધિ ઊડી ગઈ. સમજાય છે કાંઈ? આમ પોતાને જ્ઞાતા-દૃષ્ટા પણ માને અને પરનું હું કરી શકું અને પરથી મારામાં કંઈ થાય છે, એવી બુદ્ધિ પણ રહે એમ બની શકે નહિ. શેઠ! આહાહા..! કહો, પારેખ! આ પારેખનો વેપાર છે. આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- ઇ સુખ પણ ક્યાં છે? અહીં તો કહે છે, તારી દૃષ્ટિ જ્યારે પર ઉપર હતી અને પોતાના ચૈતન્યનો વિશ્વાસ નહોતો તો તને અશુદ્ધતાનું ઝળકવું અને અશુદ્ધતાનું વેદન હતું. પરનું વેદન તો છે નહિ. અશુદ્ધતા ઝળકતી હતી. શુદ્ધતા ચૈતન્યમૂર્તિ પૂર્ણાનંદ છે એની તો પ્રતીતિ નથી, એનું જ્ઞાન નથી, એની લીનતા નથી. ચીજ જોયા વિના લીનતા શેમાં કરવી? સમજાય છે કાંઈ?

કહે છે, ધર્મીને આત્માનું સ્વરૂપ ઝળકી જાય છે. આત્મા કેવો છે? શુદ્ધ છે, પવિત્ર છે એમ શ્રદ્ધા-જ્ઞાનમાં આવી જાય છે. શું કહ્યું? એના શ્રદ્ધા-જ્ઞાનમાં આવો આત્મા આવી જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? **'સન્મુખ આતા હૈ,...'** સન્મુખ આવી જાય છે. જે વિમુખ હતો. વિકાર અને પરની પ્રતીતમાં પોતાનું સ્વરૂપ વિમુખ હતું, એ સ્વભાવની શ્રદ્ધાથી

આત્મા સન્મુખ થઈ ગયો. આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..! જુઓને! કથન પદ્ધતિ કેવી છે!

**'સન્મુખ આતા હૈ,...'** જુઓ! બન્ને શબ્દ છે ને એમાં? **'विशुद्धात्मस्वरूपं सांमुख्येनागच्छति'** સંસ્કૃતમાં છે. એમાં સિદ્ધાંત છે. આ આત્મા એક સમયમાં અખંડ આનંદકંદ વસ્તુ શુદ્ધ છે, એવી જ્યાં સુધી પ્રતીતિ અને આસ્થામાં આવ્યું નથી, ત્યાં સુધી તો મલિનતા અને પરપદાર્થની શ્રદ્ધામાં સન્મુખ થાય છે. સમજાય છે કાંઈ? અશુદ્ધતાનું વેદન અને પરપદાર્થની સન્મુખતા (છે). સ્વ સન્મુખતાની વિમુખતા થઈ ગઈ. ચોખ્ખી વાત છે. કેમ, પંડિતજી!

ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્યમાં ભાગમાં ચિદ્ઘન વસ્તુ ધ્રુવ અનાદિઅનંત સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એમ પ્રતીતમાં આવ્યું તો આત્મા સન્મુખ થઈ ગયો અને આત્મા શ્રદ્ધા-જ્ઞાનમાં ઝળકી ગયો. સમજાય છે કાંઈ? આહાહા..!

**'તૈસે-તૈસે બિના પ્રયાસસે, સહજમેં હી પ્રાપ્ત હોનેવાલે રમણીક ઇન્દ્રિય વિષય ભી ભોગ્ય બુદ્ધિકો પૈદા નહીં કર પાતે હૈં.'** શું કહે છે? **'તૈસે-તૈસે બિના પ્રયાસસે,...'** શું કહે છે? અહો..! આ આત્મા પોતાનું સ્વરૂપ આનંદ અને જ્ઞાયક, શ્રદ્ધા અને શાંતિનો ભંડાર છે, એવા આત્માની પ્રતીત સ્વસન્મુખ થઈને થઈ તો આત્મા જ સન્મુખ થઈ ગયો અને આત્મા ઝળકવા લાગ્યો. **'તૈસે-તૈસે બિના પ્રયાસસે...'** પૂર્વના પુણ્યના યોગે વિના પ્રયાસે વિષયની સાધના, વિષયના સાધન સન્મુખ થઈ જાય. પૈસા, લક્ષ્મી, આબરૂ, મકાન, સ્ત્રી બધું વગર પ્રયાસે સહજતાથી પ્રાપ્ત થનારા. સહજ મળી જાય. આબરૂ, કીર્તિ, સ્વર્ગ, પદ આદિ **'રમણીક ઇન્દ્રિય વિષય ભી ભોગ્ય બુદ્ધિકો પૈદા નહીં કર પાતે હૈં.'** આ પદાર્થ ભોગવવા યોગ્ય છે એવી બુદ્ધિ, આત્મા શુદ્ધ જ્ઞાયક છે એવી પ્રતીતિમાં આત્મા સન્મુખ થયો, એને પરમાં ભોગબુદ્ધિ ઉત્પન્ન થતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? પરપદાર્થ શરીર, સ્ત્રી, કુટુંબ-પરિવાર, દેવલોક, ઇન્દ્રાણી, મકાન, ઝવેરાત, કપડા આદિ મને ભોગવવા યોગ્ય છે, મારે ભોગવવા લાયક છે એવી બુદ્ધિ ધર્મીને હોતી નથી. કેમકે પોતાનો આત્મા ભોગવવાયોગ્ય થઈ ગયો. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા જ્ઞાયક ચૈતન્ય આનંદ, શ્રદ્ધા–શ્રદ્ધા ત્રિકાળી, સ્વચ્છતા, પ્રભુતા એવી અનંતશક્તિ સંપન્નની અંદરમાં પ્રતીતિ–વિશ્વાસ, અનુભવ–વેદન, સ્વ સન્મુખ થયો એવા ધર્મીજીવને બહારની સન્મુખતામાં સ્વર્ગ પણ મળી જાય તો પણ ભોગ્યબુદ્ધિ ઉત્પન્ન થતી નથી. બે વસ્તુ આવી. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– પુણ્ય બાંધ્યું હતું.

ઉત્તર :– કોણે બાંધ્યા હતા? પુણ્ય મારું નથી, પુણ્યનું ફળ મારું નથી. મારો તો આત્મા છે. ધર્મી તો એમ માને છે કે પુણ્ય મારું નથી, પુણ્યનું ફળ મારું નથી. વર્તમાન પુણ્યનો વિકલ્પ ઉઠે છે એ પણ મારામાં નથી. મારામાં તો આનંદ, જ્ઞાન, જ્ઞાયકતા, દર્શકતા, સ્વચ્છતા,

પ્રભુતા, આનંદતા છે એ મારી વસ્તુ છે. સમજાય છે કાંઈ? આત્મા હું તો આત્મામાં જેટલા ગુણ છે એ બધા એમાં આવી ગયા. સમજાય છે કાંઈ? આત્મા, આત્મા બોલે એમ ન ચાલે. આત્મામાં જેટલા ગુણ છે એ બધા સ્વરૂપ હું આત્મા છું, એમ અંતરમાં પ્રતીતિ થઈ તો સહજમાં આત્મા શ્રદ્ધા-જ્ઞાનમાં ઝળકી ગયો અને શ્રદ્ધા-જ્ઞાનમાં આત્મા જ સન્મુખ થઈ ગયો. તો બહારના પુણ્યને કારણે સહજ જ અનુકૂળ ભોગ આદિ મળી જાય, તોપણ ભોગબુદ્ધિ પોતામાં થઈ ગઈ છે તેથી પરમાં ભોગબુદ્ધિ રહેતી નથી. સમજાય છે કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? 'રવિભાઈ'! એ..ય..! 'સુધીરભાઈ'! સમજાય છે કે નહિ આમાં? તમારી આ બધી કેળવણીમાં થોથા છે, હોં! (એમાં) કાંઈ ન મળે. આહાહા..!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– પણ આ જુઓને! આ ચીજ છે ને? આમ અસ્તિપણે બે છે. એકપણે અસ્તિ એટલે આત્મા છે. અને એક બાજુ છે–રાગ, પુણ્ય, એના ફળ બાહ્ય સામગ્રી આદિ છે. જેને આત્મા છે, એવી જેને અંતરમાં પ્રતીતિ થઈ, ભાનમાં સ્વીકાર થઈ ગયો કે હું શુદ્ધ આત્મા જ્ઞાયક ચિદાનંદ છું, એમ સ્વ સન્મુખમાં પોતાનો આત્મા જ ઝળકી ગયો તો પોતાના આનંદની ભોગ્યબુદ્ધિ થઈ ગઈ. (બહારનો) ભોગ છૂટી ગયો. પોતાનું જ્ઞાન પોતાથી થાય છે, એમ બુદ્ધિ થઈ ગઈ. પોતાનું જ્ઞાન ઇન્દ્રિયથી અને પરથી થાય છે એ બુદ્ધિ છૂટી ગઈ. પોતાની શ્રદ્ધા પોતાથી છે. કેમકે શ્રદ્ધાગુણ પોતામાં પડ્યો છે. તો પોતાની શ્રદ્ધા પોતાથી છે, પરથી શ્રદ્ધા થાય છે એ વ્યવહાર છે. અથવા નિમિત્તથી મારામાં થાય છે એ બુદ્ધિ છૂટી ગઈ અને રાગનો વ્યવહાર છે એનાથી મને લાભ થાય છે એ બુદ્ધિ પણ છૂટી ગઈ. કેમકે આત્માનો વિશ્વાસ આવ્યો. સમજાય છે કાંઈ?

આત્માના વિશ્વાસનો અર્થ ભગવાનઆત્મા એકલો જ્ઞાનસ્વભાવ છે. જ્ઞાનસ્વભાવનો અર્થ બેહદ અનંત સ્વભાવ, દર્શન સ્વભાવ, આનંદ સ્વભાવ, વીર્ય સ્વભાવ, પ્રભુત્વ સ્વભાવ, પરમેશ્વર સ્વભાવ, હું જ પરમેશ્વર સ્વભાવ છું. હું જ કર્તા, કર્મ આદિ મારો સ્વભાવ છે. આવો આત્મા શ્રદ્ધા-જ્ઞાનમાં પ્રતીતમાં સન્મુખ થઈને ઝળકી ગયો, એને બધા બાહ્ય પદાર્થ મળી જાય તોપણ એમાં ભોગબુદ્ધિ ઉત્પન્ન થતી નથી.

મુમુક્ષુ :–

ઉત્તર :– ઉત્પન્ન થતી નથી. એક મ્યાનમાં બે તરવાર નથી રહેતી. એક મ્યાનમાં બે રહે નહિ. શું કીધું? આહાહા.!

અહીં તો પોતાનું ચૈતન્ય સ્વરૂપ એક સમયમાં રાગથી, કર્મથી, શરીરથી ભિન્ન છે અને પોતાના પૂર્ણ સ્વભાવથી અભિન્ન છે. એમ પ્રતીતમાં, શ્રદ્ધામાં, જ્ઞાનમાં જ્ઞેય થઈને આવ્યું. આત્મા જ્ઞાનમાં જ્ઞેય થઈને આવ્યો. આહાહા..! એને બાહ્ય પદાર્થમાં ભોગબુદ્ધિ કેમ ઉત્પન્ન થાય? ચાહે તો ઇન્દ્રપદમાં હો, ચાહે તો ચક્રવર્તીપદમાં હો, ઇ એ પદમાં છે જ

નહિ. એ તો પોતાના આત્માના નિજપદમાં છે. સમ્યગ્દષ્ટિ તો પોતાના નિજપદમાં છે એમ સમજે છે. મારું પદ રાગમાં નથી, ચક્રવર્તીના સિંહાસનમાં નથી, છન્નુ હજાર સ્ત્રીના ભોગમાં મારું પદ છે જ નહિ, મારું પદ મારી પાસે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, **'બિના પ્રયાસસે, સહજમેં હી પ્રાપ્ત...'** થઈ જાય છે. એ પણ સહજમાં (પ્રાપ્ત થાય છે). ભગવાનઆત્મા શ્રદ્ધા, જ્ઞાનમાં સહજ સ્વરૂપે આવી ગયો છે. અને વગર પ્રયાસે એનો અર્થ હઠ નથી કરવાની. આત્માનો સ્વભાવ, જ્ઞાન તરફ આત્મા ઝુકી ગયો છે. જ્ઞાનમાં– પોતાની જ્ઞાનની પર્યાયમાં આવી ગયો છે કે આ આત્મા છે. પોતાની જ્ઞાનની પર્યાયમાં આવી ગયો છે. સમજાય છે કાંઈ? ઓહો..! ટૂંકામાં ઘણું લખ્યું છે.

**'બિના પ્રયાસસે, સહજમેં હી પ્રાપ્ત હોનેવાલે રમણીક ઇન્દ્રિય વિષય...'** સાધારણ વિષય એમ નહિ, રમણીક ઇન્દ્રિય વિષય. આ ઇન્દ્રાદિનું કહ્યું ને? **'ભોગ્ય બુદ્ધિકો પૈદા નહીં કર પાતે હૈં.'** એની બુદ્ધિમાં આ ભોગવવા યોગ્ય છે એવી બુદ્ધિ થતી નથી. પોતાનો આનંદ જ જ્યાં ભોગવવા યોગ્ય દૃષ્ટિમાં આવ્યો, પોતાનો આત્મા જ અનુભવ કરવા લાયક છે એમ આવ્યું તો પર વસ્તુ અનુભવ કરવા લાયક છે એવી બુદ્ધિ જ્ઞાનીને થતી નથી. આહાહા..!

આ શું પૂછ્યું છે? સંવિત્તિ થઈ રહી છે એ કઈ રીતે ખબર પડે? એનો આ ઉત્તર ચાલે છે. અને એની પ્રત્યેક ક્ષણે ઉન્નતિ થઈ રહી છે એ કઈ રીતે જણાય? બે પ્રશ્નનો ઉત્તર છે. શું કહ્યું સમજાણું? ક્યા બે પ્રશ્ન? શિષ્યના પ્રશ્ન શું હતા? ભગવંત! આત્મા પોતાના જ્ઞાન-શ્રદ્ધામાં અનુભવમાં આવ્યો, સંવિત્તિ–વેદનમાં આવ્યો એનું લક્ષણ શું? અને આત્મા જ્ઞાન, દર્શન, શ્રદ્ધામાં આવ્યો તો એમાં જ ક્રમે ક્રમે ઉન્નતિ થવી જોઈએ, ક્રમે ક્રમે એની વૃદ્ધિ થવી જોઈએ. રાગાદિ ઘટવા જોઈએ. એ ઘટવા જોઈએ અને આની વૃદ્ધિ થવી જોઈએ, તો એનું લક્ષણ શું? સમજાય છે કાંઈ?

જે આત્મા જ્ઞાયકમૂર્તિ ભગવાન પૂર્ણાનંદ પ્રભુ છે, આહાહા..! પેલી છોડી કહે છે એ લક્ષમાં આવ્યું. ..... ઇ શબ્દ બરાબર આકાર કરે ત્યારે એવડો જ કરે છે, પહેલેથી કરે છે ત્યારથી એવડો જ કરે છે. આવડું.. આવડું. પૂનર્જન્મ. લક્ષમાં આવી ગયું, આમ જ્યાં કીધું ત્યાં એ આવી ગયું. એવડો આત્મા મોટો છે એમ અહીં તો મગજમાં આવી ગયો. સમજાય છે? પર્યાયમાં આવો મહાન આત્મા જ્ઞાન, દર્શન, આનંદથી ભરેલો છે એમ સ્વ સન્મુખમાં અનુભવ, પ્રતીતિ નહોતી તો અશુદ્ધતાનું વેદન હતું અને જ્યાં જ્યાં પર સામગ્રી મળે ત્યાં લલચાઈ જાય, ઉલ્લસિત વીર્ય થઈ જાય અને એના ભોગમાં હણાય જાય. સમજાય છે કાંઈ?

અહીંયા તો ભગવાનઆત્મા પોતાની સમૃદ્ધિ સહિત શ્રદ્ધા-જ્ઞાનમાં આવ્યો છે. સમજાય છે કાંઈ? સમૃદ્ધિ સહિત કીધું એ સમજાણું? આત્માના જેટલા ગુણ છે એ અનંત અનંત ગુણની સંપદા સહિત શ્રદ્ધામાં આવ્યો છે. પોતાની ઋદ્ધિ સહિત શ્રદ્ધા, જ્ઞાનમાં આવ્યો છે.

એવા પોતાના આત્માની પ્રતીત અને અનુભવ સમ્યગ્દર્શનમાં થયો તો કહે છે કે બહારની સામગ્રી લાખ, કરોડ સહેજે (મળે), આબરૂ, કીર્તિ એવી મળે.. ઓહોહો..! કરોડો લોકો એકઠા થઈને અભિનંદન આપે, બુદ્ધિમાં કાંઈ લાગતું નથી. પોતાના ભોગવવા યોગ્ય આનંદ આગળ એને બાહ્ય પદાર્થ લલચાવી શકતા નથી. કહો! આહાહા..! સમ્યક્ – જેવું આત્માનું સ્વરૂપ છે તેવું. દર્શન–પ્રતીત, ભાસ–શુદ્ધતાનો ભાસ. આહાહા..!

મુમુક્ષુ :–

ઉત્તર :– છે ક્યાં? છે જ નહિ, ઝેર છે. એ છે જ નહિ. છન્નુ હજાર સ્ત્રીનો વૃંદ ઇન્દ્રાણી જેવી હોય, સમકિતી ચક્રવર્તીને લલચાવી શકે નહિ. અને પ્રતિકૂળતાના ગંજ એને ગાળી શકતા નથી. મારી વસ્તુ મારી પાસે છે. હું જ જ્ઞાન, દર્શન, આનંદને પ્રગટ કરનારો સ્વતંત્ર પદાર્થ છું. મારા ભંડારમાં અનંત આનંદ આદિ પડ્યા છે. મારો આનંદ મારી સન્મુખ થઈ ગયો છે. આહાહા..! મારો આત્મા મારી દૃષ્ટિમાં અનાદિથી વિમુખ હતો અને રાગાદિ પર સન્મુખ હતા. હવે દૃષ્ટિ ગુલાંટ ખાય ગઈ. ગુલાંટ સમજો છો? પલટો થઈ ગયો. દૃષ્ટિ પલટી ગઈ. હું જ આત્મા છું. જેને પરમેશ્વર કહે છે એ હું જ પરમેશ્વર છું. આહાહા..! સમજાય છે કાંઈ? એવી પોતાની શક્તિ, સમૃદ્ધિ, સંપદા સહિત ભગવાનઆત્મા શ્રદ્ધા, જ્ઞાન અને ભોગવાયો, એને પૂર્વના પુણ્યની સામગ્રીમાં ભોગ્યબુદ્ધિ ઉત્પન્ન કરી શકતી નથી. આહાહા..! જુઓ!

'શાંતિનાથ' ભગવાનને વૈરાગ્ય થયો. એમને છન્નુ હજાર સ્ત્રી હતી, એમની સાથે બેસતા હતા. છતાં વૈરાગ્યની ભાવના કરતા હતા. કરતા.. કરતા.. કરતાં જ્યારે વૈરાગ્ય આવ્યો અને બધું છૂટી ગયું તો સ્ત્રીઓ જંટિયા તાણે. અરે..! સ્વામી! નાથ! અત્યારે સુધી તો તમે અમને રાખી. (તો કહે છે), અમારો રાગ હતો ત્યાં સુધી તમારા તરફ લક્ષ હતું. તમારે કારણે અમે રહ્યા હતા એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? એ અમારો અસ્થિરતાનો રાગ હતો. રુચિ તો નહોતી પણ અસ્થિરતાનો રાગ હતો એ મરી ગયો. એ મરી ગયો એ હવે જીવતો નહિ થાય. ચાલ્યા જાઉં છું, ચાલ્યો જાઉં છું. વનમાં ચાલ્યા જાય છે. છન્નુ હજાર સ્ત્રી (હોય). અહીં તો આને ઠેકાણું નથી. પેલાને છન્નુ હજાર સ્ત્રી ઇન્દ્રાણી જેવી! અને ચતુર અને વિચક્ષણ! સમજ્યા? એક એક બોલમાં એટલી વિચક્ષણતા! તમે અમને લલચાવી શકતા હતા એમ જે માનો છો એ છોડી દો. અમે પહેલા તમારી પાસે રહ્યા એ અમારી આસક્તિથી રહ્યા હતા, રુચિથી નહોતા રહ્યા. અમારી રુચિ નહોતી, અમારી ભોગબુદ્ધિ નહોતી. પણ અમારી થોડી આસક્તિ હતી તો અમે ત્યાં રોકાઈ ગયા હતા. હવે સ્વભાવમાં સ્થિરતા થઈ ગઈ. આ બાજુ વિશેષ આસક્તિ થઈ ગઈ. હવે તમે લલચાવી શકશો નહિ. હવે નિમિત્ત પણ નહિ થઈ શકો. અમારામાં રાગ જ નથી, રાગ તો મરી ગયો, કોઈ જીવિત કરી શકે? સમજાય છે કાંઈ?

કહે છે, ધર્મીજીવને.. એવી વાત છે, ભાઈ! **'ઠીક હી હૈ, દુનિયામેં ભી દેખા ગયા હૈ કિ મહાન સુખકી પ્રાપ્તિ હોજાને પર...'** ચક્રવર્તીનું રાજ મળ્યું હોય અને બીજે ક્યાંક બે ખેતરવા જમીન હોય તો ત્યાં કોણ તપાસ કરવા જાય છે? **'અલ્પ સુખકે પૈદા કરનેવાલે કારણોંકે પ્રતિ કોઈ આદર યા ગ્રાહ્ય-ભાવ નહીં રહતા હૈ.'** સમજાય છે કાંઈ? અહો..! સુંદર ભોજન જ્યાં મળે ત્યાં જુવારની રોટલી ખાવા કોણ તૈયાર છે? એકલી માખણની વસ્તુ હોય. સાટા.. સાટા. સાટાને તમારે શું કહે છે? ખાજા. ઘીમાં સોંસરવા તળીને આમ સાટા બનાવ્યા હોય એની સામે જુવારની રોટલી કોણ ખાય?

એમ કહે છે કે, દુનિયામાં પણ એમ છે. એક વસ્તુ અધિક મળી તો તુચ્છ વસ્તુનો આદર કરતા નથી. કહો, સમજાય છે કાંઈ? દુનિયામાં પણ એવું કોઈ મકાન મળ્યું તો નાના મકાનનો કોણ આદર કરે છે? એવું એક કરોડનું, બે કરોડનું મકાન મળ્યું, પછી ગામડાના મકાનમાં કોણ રહે? બે ઝુંપડાવાળું સાધારણ મકાન હોય. .. પડતું હોય, ઉપરથી વીંછી પડતા હોય. અમારે એવું હતું. 'હીરાભાઈ' ક્યાં ગયા? નથી આવ્યા? અમે 'હીરાભાઈ'ના મકાનમાં રહેતા હતા ને? ત્યાં વીંછી પડતા હતા. એકવાર 'રામજીભાઈ' અને હું બેઠા હતા ત્યાં વીંછી વચમાં પડ્યો. એ મકાન એવું જીર્ણ છે ને? એવા મકાનમાં રહેતા હોય અને ત્યાં ચક્રવર્તીનું રાજ મળે તો ત્યાં કોણ જાય?

એમ જ્યાં આત્માના આનંદના વેદનની શ્રદ્ધા, જ્ઞાન, અનુભવ થયા તો બાહ્ય તુચ્છ પદાર્થનું વેદન કરવા કોણ જાય? ત્યાં મકાન એવું હતું ને. અમે બેઠા હતા ને વીંછી પડ્યો. એકવાર તો અમે અંદર એકલા બેઠા હતા ને કપડા ઉપર વીંછી પડ્યો. ખુલ્લું શરીર હતું. કપડા ઉપર પડ્યો. જૂનું મકાન છે. ત્યાં ત્રણ વર્ષ રહ્યા. જંગલમાં મકાન છે.

મુમુક્ષુ :– નામ સ્ટાર ઑફ ઇન્ડિયા છે.

ઉત્તર :– સ્ટાર ઑફ ઇન્ડિયા નામ રહ્યું છે.

અહીં તો કહે છે, સારું મકાન મળે, સારા કપડા મળે લ્યોને! મહા જાડું કપડું આમ હોય, સમજ્યા ને? અને એમાં આ ઉનાળાની ગરમીના દિવસો એમાં મલમલનું કપડું મળે તો એ જાડું કપડું કોણ પહેરે? સામું ન જોવે. એમ જ્યાં ભગવાનઆત્મા પોતાના આનંદની સન્મુખ થઈ ગયો, પોતામાં આનંદ તો છે, પણ એની દૃષ્ટિમાં સન્મુખ થઈ ગયો. આહાહા...! હવે એને પરમાં સુખબુદ્ધિ કેમ ઉત્પન્ન થાય? **'અલ્પ સુખકે પૈદા કરનેવાલે કારણોંકે પ્રતિ કોઈ આદર યા ગ્રાહ્ય-ભાવ નહીં રહતા હૈ. ઐસા અન્યત્ર ભી કહા હૈ–'** શ્લોકનો આધાર આપે છે.

**'જિનકા મન શાંતિ-સુખસે સંપન્ન હૈ,...'** જુઓ! ભગવાનઆત્મા પોતામાં જ શાંતિ છે. કેમકે આત્મા અકષાય સ્વભાવ છે. પોતામાં જ આનંદ છે. કેમકે એ વીતરાગી સ્વરૂપ છે તો આનંદ પોતામાં છે. એમ શાંતિ-સુખ સંપન્ન છે એવી દૃષ્ટિ થઈ. આત્મામાં શાંતિ અને

સુખ છે એવી દૃષ્ટિ થઈ, **'ऐसे महापुरुषोंको भोजनसे भी द्वेष हो जाता है,...'** જમવાનું પણ રુચતું નથી, એમ કહે છે. ખાવું-પીવું રુચે નહિ. અંદરમાં રટ લાગી છે ને! રટ. સમજાય છે કાંઈ? ખાવું, પીવું, સૂવું કાંઈ રુચતું નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

એક પુસ્તક એવું હોય એને વાંચવામાં રટ લાગી હોય તો ખાવું, પીવું ભૂલી જાય. એક રટ લાગે કે આ શું હશે? સમજાય છે કાંઈ? (સંવત) ૧૯૮૨ ની સાલમાં 'મોક્ષમાર્ગ પ્રકાશક' હાથમાં આવ્યું અને જોયું. જોતા જોતા ભાવે નહિ ખાવું, પીવું, વ્હોરવા જવું કાંઈ ગમે નહિ. 'રાજકોટ' માં (સંવત) ૧૯૮૨ની સાલની વાત છે. આ શું? વસ્તુનું સ્વરૂપ, યથાર્થ વસ્તુ અને સાદી હિન્દી ભાષા, કોઈ સંસ્કૃત નહિ. પહેલું પુસ્તક મળ્યું હતું. ભાઈ! પેલું લાલ રંગનું આવે છે ને? લાલ. સમજાય છે કાંઈ? આ..હા..! આ પદાર્થ વ્યવસ્થા અને આ પદાર્થનું સ્વરૂપ! એના વાંચનમાં પડે તો દુનિયાની વાત ભૂલી જાય. ખાવું, પીવું, કઈ વસ્તુ આવી? આવી કે નહિ? પડી રહી એના ઘરે. સમજાય છે કાંઈ?

અહીંયા તો કહે છે કે, ભગવાનઆત્મા જ જ્યાં શ્રદ્ધા, જ્ઞાનમાં સન્મુખ થઈ ગયો.. આહાહા...! સમજાય છે કાંઈ? ધર્મ આને કહે છે. પોતામાં જ્ઞાન, આનંદ ભાળે છે-જુએ છે તો પોતાના જ્ઞાન અને આનંદ પરમાં છે એમ ત્રણકાળમાં જાણતા નથી. સમજાય છે કાંઈ? **'भोजनसे भी द्वेष हो जाता है,...'** એવી ભાષા લીધી છે. દૂધપાક કર્યા હોય. અરે..! એ તરફના લક્ષમાં મારો ટાઈમ જાય છે. સમજાય છે કાંઈ? મારો ટાઈમ જાય છે. મારા આનંદ સ્વરૂપની સન્મુખ થવામાં એ જરી ડખલ કરે છે. એમાં પ્રેમ નથી રહેતો. ધર્મીને ભોજનમાં પ્રેમ નથી. આહાહા..! મુનિ છટ્ઠે ગુણસ્થાને આહાર કરે છે, થોડો વિકલ્પ આવ્યો તો (આહાર) લીધો, પાછા આનંદમાં ઘૂસી ગયા. અતીન્દ્રિય આનંદનો ભંડાર આત્મા હું જ છું. મારા અતીન્દ્રિય આનંદમાં જેટલો એકાગ્ર થાઉં એટલો આનંદ મને પ્રગટ થશે. પરથી તો આનંદ નથી. ભોજનમાં પ્રેમ નથી રહેતો તો ભોગ્ય પદાર્થમાં બીજામાં કેમ પ્રેમ રહે? એમ કહે છે. સમજાય છે કાંઈ?

લોકો કહે છે ને? સમકિતી, જ્ઞાની આવા ભોગ ભોગવે છે. અરે...! ભોગવતા નથી, સાંભળ તો ખરો. તેથી કહ્યું ને? જ્ઞાનીનો ભોગ નિર્જરાનો હેતુ છે. ભોગ નિર્જરાનો હેતુ નથી. એમાં જેટલો રાગ થયો એ તો બંધનું કારણ છે. ત્યારે દૃષ્ટિમાં એનો આદર નથી. શું ભોગ નિર્જરાનો હેતુ છે? ભોગમાં તો જરી અશુભ વિકલ્પ ઉઠે છે પણ એ અશુભમાં રસ નથી. આનંદ આત્મા છે એમાં આ રસ ક્યાં આવ્યો? આ ઝેર ક્યાં આવ્યું? સમજાય છે કાંઈ? એમ પોતાની દૃષ્ટિના અનુભવના જોરમાં ભોગને નિર્જરા કહ્યું છે. પોતાની શુદ્ધતાને કારણે, હોં! ભોગને કારણે નહિ. આહાહા..! દુનિયા મારી કેટલી આબરૂ રાખે છે? કેટલા લોકો અભિનંદન આપે છે? કોણ પ્રશંસા કરે છે? મને કેટલી સંખ્યા માને છે? તારે શું કામ છે પણ? એ બુદ્ધિ ઉડી ગઈ છે, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– આ તો નિકટથી નિકટ જમવાની વાત કરે છે.

ઉત્તર :– આ નિકટથી નિકટની વાત કરે છે, જે રોજ આવે છે. આહાહા..! પાઠમાં લીધું છે, જુઓ! '**द्वेषमेति किमु कामाः**'. કામ-ભોગની શું વાત કરવી? કામમાં તો ભાઈ! પાંચે આવે છે ને? શબ્દ, રૂપ, રસ, ગંધ અને કર્ણ. પાંચમાં ઉદાસીન થઈ ગયા છે. આહાહા..!

ભગવાનઆત્મા પરમેશ્વરરૂપ ચિદ્ઘન, જ્યાં એની દૃષ્ટિ અને જ્ઞાનમાં આવ્યો, આવ્યો એનો અર્થ દૂર તો નહોતો, શ્રદ્ધામાં દૂર માન્યો હતો એ શ્રદ્ધામાં સન્મુખ થઈ ગયો. આહાહા..! હવે એને જમવું પણ સારું લાગતું નથી. (કોઈ પૂછે કે) તો કેમ પીવે છે? (કહે છે), કોણ ખાય છે? સાંભળ તો ખરો. ખાય-પીવે કોણ? એ તો જડની ક્રિયા થાય છે એને જ્ઞાની જાણે છે. સમજાય છે કાંઈ? ખાતા-પીતા નથી. શું અજ્ઞાની ખાય-પીવે છે. અજ્ઞાની પણ ખાતો-પીતો નથી. એમાં રાગ ખાય છે, રાગનો અનુભવ કરે છે. બીજું શું કરે છે?

જ્ઞાયકસ્વરૂપ અનંતગુણ સમૃદ્ધિ સહિત ભગવાન વિશ્વાસ, અનુભવમાં આવ્યો એને જમવું પણ રુચતું નથી, સારા આહાર-પાણી પણ રુચતા નથી એને બીજું શું રુચે? તો અન્ય કામની વાત કેમ રુચે? જુઓ! એમ છે ને? '**ફિર ઔર વિષય ભોગોંકી તો ક્યા ચલાઈ?**' વિષય ભોગ. પાંચ ઇન્દ્રિયમાં શબ્દ પ્રશંસા સાંભળવામાં ભોગ્યબુદ્ધિ થઈ જાય, રૂપ જોવામાં ભોગ્યબુદ્ધિ થઈ જાય એમ છે નહિ. સુંઘવામાં, સાંભળવામાં, સ્પર્શ કરવામાં. સમજાય છે કાંઈ?

વીસ વર્ષનો દીકરો મરી જાય, બે વર્ષના લગ્ન હોય, એની મા ને ઊંઘ ન આવે. ફડકો! દીકરા.. દીકરા! ન ભાવે ખાવું, ન ભાવે પીવું. ન ગમે સૂવું. સમજાય છે કાંઈ? અમારે અહીંયા એક શેઠનો દીકરો હતો. છ મહિનાના લગ્ન (હતા). એની મા ઝુરીને મરી ગઈ. પૈસા દસ લાખ. દસ લાખ રૂપિયા, પણ છ મહિનાના પરણેતરે છોકરો ગુજરી ગયો. શરીર મોટું. એની મા ઝુરી ઝુરીને (મરી ગઈ). દીકરા..! એ.. રાયચંદ! ક્યાં ગયો? ભાઈ! એનો ધણી કહે, શું કરવા (આમ કરે છે)? એ ગયો, ગયો તે ફરીને આવવાનો છે? બીજો છોકરો છે, પૈસા છે. બારણું બંધ કરીને સૂતી હોય. પાછળથી જોવે તો રોતી હોય. હીબકે હીબકે રોતી હોય. ઘા લાગ્યા છે. હાય.. હાય.. મારો દીકરો. અરે..!

એમ અહીં ઘા વાગ્યો છે. મારો આનંદ મારી પાસે છે. સમજાય છે કાંઈ? રાગ અને આત્મા વચ્ચે ઘા પડી ગયો છે. આહાહા..! ભેદજ્ઞાન થઈ ગયું છે. રાગ અને આત્મા વચ્ચે ભેદ પડી ગયો છે. પરની રુચિ થાય એમ હવે બને નહિ. આહાહા..! આ ધર્મીના લક્ષણ છે એમ કહે છે. સમજાય છે કાંઈ? આમ આત્મા માન્યો છે ને અમને ભોગની રુચિ છે. પ્રેમ છે ને આમ છે. તેણે આત્મા નથી જાણ્યો, ભાઈ! તેં આત્માને નથી જાણ્યો. સમજાય છે કાંઈ?

**'અન્ય વિષય-ભોગ ક્યોં અચ્છે લગ સકતે હૈ? અર્થાત્ ઉન્હેં અન્ય વિષય-ભોગ રુચિકર**

**નહીં હો સકતે.**' શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શમાં ભોગ્યબુદ્ધિ કેમ ઉત્પન્ન થાય? ખાવા-પીવાની વસ્તુ હમેશાં આવે છે એમાં પણ જ્યાં પ્રેમ ઉડી ગયો છે. આત્માના આનંદ પાસે એનો પ્રેમ ઉડી ગયો. કહો, સમજાય છે કાંઈ? અહો..! વારંવાર મારા અતીન્દ્રિય આનંદનું સ્મરણ કરે છે. ધર્મી તો પોતાના અતીન્દ્રિય આનંદનું વારંવાર સ્મરણ કરે છે. યાદ કરે છે, સ્મરણ કરે છે, ભોગવે છે. આહાહા..! એમાં આ સ્મરણનો અવસર ક્યાં છે? કહે છે. કહો! સમજાય છે કાંઈ? એનું નામ સમ્યગ્દૃષ્ટિ અને એનું નામ ધર્મી છે.

મુમુક્ષુ :– ..

ઉત્તર :– હા, બે વચ્ચે આમ છીણી મારી દીધી. રાગ અને ભગવાન બે ભિન્ન છે. ભગવાનમાં રાગ નથી અને રાગમાં ભગવાન નથી. સમજાય છે કાંઈ? આહાહા..! રાગનો રાગ રહ્યો નહિ અને સ્વભાવની રુચિમાં એક થયો એને પરના ભોગની ઇચ્છા કેમ થાય? સમજાય છે કાંઈ? એનો અર્થ એમ નથી કે બહારથી છોડી દીધું માટે એની આસક્તિ ઘટી ગઈ છે. એમ અર્થ નથી. અંતર આત્માની દૃષ્ટિ થઈ છે, પરાશ્રય બુદ્ધિ નાશ પામી છે. એકકોર એમ માને કે નિમિત્તથી પરથી મારામાં થાય અને મારાથી પરમાં થાય છે, એમ માને અને કહે કે અમે તો જ્ઞાતા-દૃષ્ટા રહીએ છીએ. અમે પરના ભોગ છોડી દીધા છે. ભોગ ક્યારે લીધા છે? બિલકુલ છોડ્યા નથી. સમજાય છે કાંઈ? જ્યાં પરાશ્રય–પરાધીન બુદ્ધિ પડી છે અને કહે છે કે અમે બધું છોડી દીધું છે. બિલકુલ છોડ્યું નથી. સમજાય છે? ધર્મ છોડ્યો છે, ધર્મ.

સ્વાધીન ચિદાનંદ ભગવાનઆત્મા, સહજ સ્વરૂપ દૃષ્ટિમાં લીધું નથી અને કહે છે કે અમે બધું છોડી દીધું છે. માનો છો શું? ભાઈ! અમે તો માનીએ છીએ, વિકાર કર્મથી થાય છે, જ્ઞાન પણ ઇન્દ્રિય છે તો થાય છે, સારો સંગ મળે તો એનાથી શ્રદ્ધા ઉત્પન્ન થાય છે. પરાધીન દૃષ્ટિમાં તને આત્મા ક્યાં ભાસ્યો છે? સમજાય છે કાંઈ? એવી પરાશ્રયબુદ્ધિમાં સ્વાશ્રય આત્મા, સ્વઆશ્રય આત્મા તને ક્યાં પ્રતીતમાં આવ્યો? આહાહા..! કહો, 'મોહનભાઈ'! આ તો માખણ શ્લોક છે! 'પૂજ્યપાદસ્વામી' જેણે 'તત્ત્વાર્થસૂત્ર'ની 'સર્વાર્થસિદ્ધિ' ટીકા બનાવી. એ કહે છે, વસ્તુ આમ છે, ભાઈ! તને ખબર નથી. આહાહા..!

**'હે વત્સ!'** જુઓ! ગુરુ શિષ્યને કહે છે. **'મછલીકે અંગોંકો જમીન હી જલા દેનેમેં સમર્થ હૈ,...'** માછલીના અંગને સળગાવવાની તાકાત જમીન રાખે છે. **'તબ અગ્નિકે અંગારોંકા તો કહના હી ક્યા?'** અગ્નિના અંગારા તો માછલીને બાળીને ભસ્મ કરી દે છે. સમજાય છે કાંઈ? **'વે તો જલા હી દેંગે. ઇસલિયે વિષયોંકી અરુચિ હી યોગીકી સ્વાત્મ-સંવિત્તિકો પ્રકટ કર દેનેવાલી હૈ.'** જુઓ! સમજાય છે કાંઈ? ધર્માત્મા–પોતાના શુદ્ધ સ્વરૂપની રુચિ–દૃષ્ટિ રાખનાર–એને શુભભાવમાં આવવું, શુભભાવમાં આવવું એ માછલીને જમીન ઉપર આવવા બરાબર છે. પાણીમાંથી નીકળીને જમીનને સ્પર્શતાં જ દુઃખ થાય છે. એમ ભગવાનઆત્મા

અકષાય-જળથી ભરેલો શાંત સ્વરૂપ, સમ્યગ્દૃષ્ટિ-માછલી એમાં છે. એમાંથી શુભભાવમાં આવવું એ માછલી જમીનને અડે, તેમ છે. અને અશુભભાવમાં આવવું એ તો અંગારામાં આવવા જેવું છે. બરાબર છે? આહા..! દુઃખદાયી છે, બન્ને ભાવ દુઃખદાયી છે. શુભ અને અશુભ બન્ને આકુળતા છે, આસ્રવ છે, વિકાર છે, બંધનું કારણ છે. અબંધ સ્વભાવી ભગવાન, અબંધ સ્વભાવી આત્માનું જ્યાં ભાન થયું તો પછી બંધભાવને કોણ પૂછે? એની કિંમત કોણ કરે? સમજાય છે કાંઈ? દુઃખદાયક.. દુઃખદાયક. દુઃખદાયક (છે).

**'ઇસલિયે વિષયોંકી અરુચિ હી...'** પાંચ ઇન્દ્રિયો તરફની ભોગ્યબુદ્ધિ છૂટી જવાથી **'સ્વાત્મ-સંવિત્તિકો પ્રકટ કર દેનેવાલી હૈ.'** પોતાના જ્ઞાયક સ્વરૂપમાં એકાકાર સ્વસંવેદન પ્રગટ થવામાં વિષયોની અરુચિ પોતાનો આનંદની રુચિ પ્રગટ થવામાં કારણ છે. સમજાય છે કાંઈ? એ એનું લક્ષણ છે. સંવિત્તિનું એ લક્ષણ છે.

**'સ્વાત્મ-સંવિત્તિકે અભાવ હોનેપર વિષયોંમેં અરુચિ નહીં હોતી...'** શું કહે છે? આત્માના આનંદનો અભાવ હોવાથી વિષયોમાં અરુચિ નથી થતી. રુચિ થાય છે. આહાહા..! પોતાનો ભગવાન, પોતાના શ્રદ્ધા-જ્ઞાનમાં આવ્યો નથી. સમજાય છે કાંઈ? તો વિષયોની અરુચિ થતી નથી. એને વિષયની અરુચિ નહિ થાય, એને વિષયની રુચિ થશે. આહાહા..! મીઠાશ.. મીઠાશ અંદર (વેદે છે). ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની મીઠાશ જેને નથી, એને વિષયની અરુચિ નથી, એમ નથી. વિષયની અરુચિ નથી એમ નથી, રુચિ જ છે, રુચિ જ છે. અરુચિ નથી એમ નથી, એમ કહે છે. સમજાય છે કાંઈ? આત્માના આનંદની જ્યાં રુચિ નથી ત્યાં એની વિષયની અરુચિ છે એમ છે જ નહિ. રુચિ જ છે. શું કહ્યું સમજાણું? ભગવાનઆત્મા શુદ્ધ આનંદ જ્ઞાયક છે એમ પ્રતીતિમાં ઝળકી ગયું, એમ જેને નથી અને કહે કે અમને વિષયમાં અરુચિ છે, એમ બનતું નથી. અંદર રુચિ જ છે. બરાબર છે? ભલે મુનિ થઈ બેઠા હોય, ત્યાગી હોય. રાગ તરફનો ઝુકાવ, એની અરુચિ છે એમ નથી કહેવાતું. સ્વભાવની રુચિ નથી તો એમાં અરુચિ છે એમ નથી કહેવાતું. આહાહા..!

મુમુક્ષુ :–

ઉત્તર :– ધર્મ આ. ભગવાનઆત્મા આનંદમૂર્તિની દૃષ્ટિ કરશે તો સુખી થશે. બીજે ક્યાંય સુખ નથી. ત્રણકાળ, ત્રણલોકમાં નથી. શુભભાવમાં સુખ નથી તો વળી બાહ્ય પદાર્થમાં સુખ ક્યાં આવ્યું? ધૂળમાં આનંદ ક્યાં આવ્યો? જુઓ! આત્માના વિશ્વાસમાં આવું થાય છે એમ બતાવે છે. આત્માનો વિશ્વાસ! આહાહા..! એને વિષયની અરુચિ થઈ ગઈ. વિષયનો વિશ્વાસ ઉડી ગયો. વિષયનો વિશ્વાસ ઉડી ગયો, એમાં સુખ છે એવો વિશ્વાસ ઉડી ગયો. આત્માના આનંદની રુચિ થતાં પૈસામાં સુખ છે એ બુદ્ધિ ઉડી ગઈ. સ્ત્રીમાં સુખ છે, મકાનમાં સુખ છે, આબરૂમાં સુખબુદ્ધિ ઊડી ગઈ, ભસ્મ થઈ ગઈ, એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..! એ તો કહ્યું ને? સન્મુખ આવે છે એમ કહ્યું હતું. આત્મા ઝળકી

જાય છે અને આ સન્મુખ આવે છે, એમ કહ્યું હતું. આહાહા..!

પોતાની શ્રદ્ધા, પોતાનું જ્ઞાન અને પોતાની શાંતિમાં આત્મા આવી જાય છે. હું આવો છું, હું આવો જ્ઞેય છું અને હું શાંતિનો ભંડાર છું. સમજાય છે કાંઈ? એમ જ્યાં આત્મા શ્રદ્ધા, જ્ઞાન, શાંતિમાં ઝળકી ગયો, સન્મુખ થઈ ગયો. ત્યાં બીજી વસ્તુને કોણ ગણે? ઇન્દ્રના ઇન્દ્રાસન સડેલાં તરણા જેવા (ભાસે છે). સડેલા તરણા! તરણા સમજો છો? તીનકા.. તીનકા. થોડી થોડી ગુજરાતી અમારી આવી જાય છે, બધું હિન્દીમાં નથી આવતું. સમજાય છે કાંઈ? આહાહા..! આ માર્ગ, ભાઈ! અલૌકિક માર્ગ છે, એમ કહે છે.

**'સ્વાત્મ-સંવિત્તિકે અભાવ હોનેપર...'** ભગવાન! કોઈ એમ કહે કે, અમને વિષયની અરુચિ છે અને અમને આત્માનો અનુભવ નથી, તો એ વાત ખોટી છે. આહાહા..! જેને આત્માનું અનુભવન-વેદન નથી એને વિષયની અરુચિ છે, એમ બિલકુલ નથી. એને ત્યાં મીઠાશ આવી જાય છે. અહીંયા મીઠાશ આવી નથી, ત્યાં મીઠાશ આવી જાય છે. મીઠાશ સમજો છો? મીઠાશ. મધુરતા. પોતાની મધુરતા ભાસી નથી ત્યાં પરમાં મધુરતા ભાસ્યા વિના રહેતી નથી, એમ કહે છે. આહાહા..!

**'વિષયોંકે પ્રતિ અરુચિ બઢનેપર...'** જુઓ! વિષયો પ્રત્યે અરુચિ વધવાથી. પેલું ઉન્નતિનું કહ્યું હતું ને? ભાઈ! ક્ષણે ક્ષણે ઉન્નતિ કીધી હતી ને? એ કહે છે. આહાહા..! ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપની સન્મુખ દૃષ્ટિ થઈ તો **'વિષયોંકે પ્રતિ અરુચિ બઢનેપર...'** પર તરફની અરુચિ થઈ, પોતા તરફની રુચિ, અંદર સ્થિરતાની વૃદ્ધિ થઈ તો ક્ષણે ક્ષણે અંદર એકાગ્ર વૃદ્ધિગત થાય છે. એ વખતે આત્માની ઉન્નતિ થાય છે, એમ કહે છે. આહાહા..!

જેમ રાગ અને વિકારમાં એકતાબુદ્ધિથી મિથ્યાત્વની પુષ્ટિ અને સંસાર પુષ્ટ થતો હતો, એમ ભગવાન જ્ઞાયકમૂર્તિ ચિદાનંદ આત્મા પ્રતીત, શ્રદ્ધા, જ્ઞાનમાં આવ્યો તો એટલી વિષયની અરુચિ વધી જાય છે, આ બાજુ સ્થિરતા વધી જાય છે. ક્રમે ક્રમે આનંદની શુદ્ધિ વધે છે. આહાહા..! અહીંયા વધી, ત્યાં ઘટી. આ બાજુ આસક્તિ ઘટતી જાય છે, રુચિ તો એમાં છે નહિ, પણ જેટલી આસક્તિ ઘટી જાય એટલી સ્થિરતા વધી જાય. સમજાય છે કાંઈ? ભારે, ભાઈ! દિગંબર સંતોના કથનો એવા માર્મિક અને મર્મવાળા છે! મૂળ વસ્તુને સ્પર્શીને વાત છે. આહાહા..! સમજાય છે કાંઈ?

૩૭ ની છેલ્લી લીટીનું કહ્યું ને? **'अतो विषयारुचिरेव योगिनः स्वात्मसंवित्तेर्गमिका तद्भावे तदभावात् प्रकृप्यमाणायां च विषयारुचौ स्वात्मसंवित्तिः प्रकृष्यते।'** જેટલી જેટલી આત્માના આનંદની રુચિ થઈ એટલી પરમાં ભોગબુદ્ધિ ઉડી ગઈ. જેટલી જેટલી સ્વરૂપ સન્મુખ દૃષ્ટિમાં એકાકાર થયો એટલી એટલી વિષયોમાં આસક્તિ ઘટી ગઈ. જેટલી જેટલી આસક્તિ ઘટી તેટલી તેટલી સ્વરૂપમાં શુદ્ધિની વૃદ્ધિ થઈ. આ એનું તોલન છે, માપ.. માપ છે. સમજાય છે કાંઈ? કોઈ કહે કે, અમે તો આત્માનો ઘણો અભ્યાસ કરીએ છીએ પણ હજી અંદરમાં

પહેલા જેટલી આસક્તિ હતી તેટલી ને તેટલી જ છે. એમ હોય નહિ. ભોગબુદ્ધિ હોતી નથી તો એટલી આસક્તિ હોતી નથી. કેમકે ભગવાન જ્ઞાયક ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિમાં અનુભવમાં વારંવાર એકાકાર થાય છે તો આસક્તિ ઘટી જાય છે અને શુદ્ધિની વૃદ્ધિ થાય છે. સંવિત્તિનું લક્ષણ કેમ ખબર પડે? અને ઉન્નતિ કઈ રીતે થાય? એ બન્ને પ્રશ્નનો ઉત્તર આપી દીધો. સમજાય છે કાંઈ?

મોટા ચક્રવર્તી હોય, છન્નુ હજાર સ્ત્રી હોય, નવ નિધાન, સોળ હજાર દેવ (સેવા કરે), એના મકાન-મહેલ ઇન્દ્રોએ બનાવેલા હોય. એ મજા કરે છે! અરે..! (મજા) નથી, સાંભળને, ભાઈ! સમજાય છે કાંઈ? આત્માના આનંદનો જ્યાં સ્વાદ લે છે (એને એમાં મજા નથી લાગતી). 'ચિન્મૂર્તિ દગ ધારીકી મોહે રીતિ લગત હૈ અટાપટી, ચિન્મૂર્તિ દગ ધારીકી મોહે રીતિ લગત હૈ અટાપટી, બાહિર નારકી કૃત દુઃખ ભોગત, અંતર સુખરસ ગટાગટી.' કહો, 'પ્રવીણભાઈ'! શું કહ્યું? કહો, સમજાય છે કાંઈ? ચિન્મૂર્તિ. ચિન્મૂર્તિ એટલે જ્ઞાન સ્વરૂપ ભગવાનઆત્મા, એવા સમ્યગ્દૃષ્ટિની રીત જુદી છે. 'ચિન્મૂર્તિ દગ ધારી' દગ ધારી છે ને? સમ્યક્ ધારી. 'ચિન્મૂર્તિ દગ ધારીકી મોહે રીતિ લગત હૈ અટાપટી' અટાપટી! બહારથી જુઓ વિષયમાં દેખાય, અહીં નરકના દુઃખમાં પડેલા દેખાય, છન્નુ હજાર સ્ત્રીની વચ્ચે દેખાય, રાજ સિંહાસનમાં દેખાય. 'નારકી બાહિર કૃત દુઃખ ભોગત, અંતર સુખરસ ગટાગટી'. અંતરમાં આત્માના આનંદના પ્રેમ આગળ બહારના દુઃખ એને ભાસતા નથી. થોડી આસક્તિ છે એટલું દુઃખ લાગે છે. પણ આનંદની ગટાગટી છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**दोहा - जस जस आतम तत्त्वमें, अनुभव आता जाय।**
**तस तस विषय सुलभ्य भी, ताको नहीं सुहाय।।३७।।**

કહો, સમજાય છે કાંઈ? આ ધર્મકથા ચાલે છે. વાર્તા કહે, આમાં કેમ આવ્યું નહિ? આ આત્માની ધર્મકથા છે. એની શરૂઆત આમ થાય છે. જેમ જેમ આત્મતત્ત્વમાં. ભગવાનઆત્મા તત્ત્વ, આત્મતત્ત્વ સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદમાં **'અનુભવ આતા જાય'** જેમ જેમ આત્મા તરફનો અનુભવ થતો જાય **'તસ તસ વિષય સુલભ્ય ભી,...'** તેને બહારના વિષય સુલભતાથી મળતા હોય તોપણ **'તાકો નહીં સુહાય.'** એને ગમતા નથી. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

માતા! આમ બોલે. કીધું હતું ને? ધ્રુવ.. ધ્રુવ. અમે 'ભાવનગર' ધ્રુવનું નાટક જોવા ગયા હતા. એ ધ્રુવનું નાટક નથી આવતું? ધ્રુવ અને પ્રહલાદ અન્યમતિમાં આવે છે. 'ભાવનગર' નાટક જોવા ગયા હતા. સંવત ૧૯૬૬. નાટક જોવા ગયા હતા. અમે તો વૈરાગી નાટક જોવા જતા હતા, બીજા કોઈ નહિ. ત્યાં ધ્રુવ બેઠા હતા. લાલ પડદા હતા. ઉપરથી બે ઇંદ્રાણી ઉતરી હતી. રાજકુમાર હતા. ઇંદ્રાણી કહે, જુઓ! રાજકુમાર! અમારું શરીર કેવું સુંદર છે! ... અમારા હાથ-પગ છે. કુંડળ જેવા કાન છે, ગરુડ જેવું નાક છે, હરણ જેવી આંખ છે.

એવા-એવા શબ્દો... અરે..! ધ્રુવ! નજર તો કર. રાજકુમાર.

... માતા! તારા સુંદર શરીરની શું વાત કરવી? કદાચિત્ મને સંસારનો એકાદ ભવ રહી ગયો હોય, તો તારા પેટે જન્મ લઈશ. પંડિતજી! બીજી વાત માતા છે નહિ. એમ ધ્રુવ.. ધ્રુવ... એમ ચૈતન્યધ્રુવ. અભેદદૃષ્ટિમાં જ્યાં આવ્યા... આહાહા..! હવે રાગાદિમાં આસક્તિ નથી. ભોગમાં બુદ્ધિ નથી. એ ભોગમાં બુદ્ધિ આસક્તિ થોડી ઘટી જાય છે, બીજી તો છે નહિ. સ્વરૂપમાં એકાગ્રતા વૃદ્ધિ થઈ જાય છે. એ એનું સમકિત દૃષ્ટિ, સમ્યગ્દૃષ્ટિનું લક્ષણ છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૪૯૨, જેઠ સુદ ૧, શનિવાર**
**તા. ૨૧-૦૫-૧૯૬૬**
**ગાથા–૩૮, ૩૯ પ્રવચન નં. ૪૩**

उपरिलिखित भावको और भी स्पष्ट करते हुए आचार्य कहते हैं -

**यथा यथा न रोचन्ते, विषयाः सुलभा अपि।**
**तथा तथा समायाति, संवित्तौ तत्त्वमुत्तमम्।।३८।।**

अर्थ :- ज्यों ज्यों सहजमें भी प्राप्त होनेवाले इन्द्रिय विषय भोग रुचिकर प्रतीत नहीं होते हैं, त्यों त्यों स्वात्म-संवेदनमें निजात्मानुभवनकी परिणति वृद्धिको प्राप्त होती रहती है।

विशदार्थ :- विषय भोगोंके प्रति अरुचि भाव ज्यों ज्यों वृद्धिको प्राप्त होते हैं त्यों त्यों योगीके स्वात्म-संवेदनमें निजात्मानुभवनकी परिणति वृद्धिको प्राप्त होती रहती है। कहा भी है - `विरम किमपरेणा०'

आचार्य शिष्यको उपदेश देते हैं, हे वत्स! ठहर, व्यर्थके ही अन्य कोलाहलोंसे क्या लाभ? निश्चिन्त हो छह मास तक एकान्त में, अपने आपका अवलोकन तो कर। देख, हृदयरूपी सरोवर में पुद्गलसे भिन्न तेजवाली आत्माकी उपलब्धि (प्राप्ति) होती है, या अनुपलब्धि (अप्राप्ति)।।३८।।

**दोहा - जस जस विषय सुलभ्य भी, ताको नहीं सुहाय।**
**तस तस आतम तत्त्वमें, अनुभव बढ़ता जाय।।३८।।**

'ઇષ્ટોપદેશ' ચાલે છે. ૩૭ ગાથા થઈ ગઈ. અમારી ૩૭ ભાષા છે, તમારે શું કહે છે? ૩૮ ચાલે છે. જુઓ! **'ઉપરિલિખિત ભાવકો ઔર ભી સ્પષ્ટ કરતે હુએ આચાર્ય કહતે હૈં –'**

**यथा यथा न रोचन्ते, विषयाः सुलभा अपि।**
**तथा तथा समायाति, संवित्तौ तत्त्वमुत्तमम्।।३८।।**

શું કહે છે? ધર્મીજીને... ૩૮–૩૦+૮.

**અર્થ :– 'જ્યોં જ્યોં સહજમેં હી પ્રાપ્ત હોનેવાલે ઇન્દ્રિય વિષય ભોગ રુચિકર પ્રતીત નહીં હોતે હૈં, ત્યોં ત્યોં સ્વાત્મ-સંવેદનમેં નિજાત્માનુભવનકી પરિણતિ વૃદ્ધિકો પ્રાપ્ત હોતી રહતી હૈ.'** આટલા શબ્દનો અર્થ. ધર્મીજીવને પોતાના આત્મામાં પોતાનો ધર્મ ભાસે છે. સમજાય છે કાંઈ? ધર્મ શબ્દે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદ આદિ બધી ધર્મની પર્યાય છે. સમજાય છે કાંઈ? ધર્મની અવસ્થા છે. સમ્યગ્દૃષ્ટિને એ ધર્મ પોતાના આત્મામાં ભાસે છે. અંતરમાં સંયુક્તમાં આવે છે.

સમ્યગ્દૃષ્ટિ–ધર્મીને–પોતાનો ધર્મ સંયોગમાંથી નથી આવતો, પુણ્ય-પાપના રાગમાંથી નથી થતો. એક સમયની પર્યાયનું અવલંબન લેવાથી પણ થતું નથી. સમજાય છે કાંઈ? એક સમયનું દ્રવ્ય શુદ્ધ ચૈતન્ય અનંત આનંદનું નિધાન, ખાણ (છે). અનંતકાળમાં પોતાની નિજ સંપદા તરફ કદી નજર કરી નથી. સમજાય છે કાંઈ? આ આત્મપદાર્થ એક સમયમાં અનંત જ્ઞાન આદિ ધર્મથી ભરેલો પદાર્થ છે. એ વસ્તુનો સ્વભાવ અંતર દૃષ્ટિ કરવાથી પર્યાયમાં વસ્તુનો સ્વભાવ, શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, આનંદનું પ્રગટ થવું એનું નામ ધર્મ કહેવાય છે. ભારે વ્યાખ્યા ધર્મની, ભાઈ! સમજાય છે કાંઈ?

ધર્મીને ધર્મ.. ધર્મ શબ્દે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ પોતાની વસ્તુમાં દેખાય છે. પોતાની વસ્તુ જે અનંત આનંદથી ભરેલી છે એમાં આ બધા ધર્મ પડ્યા છે. 'ધન્નાલાલજી'! (ધર્મ) ક્યાં છે? બહારમાં? મંદિરમાં? શરીરમાં? પુણ્ય-પાપના રાગમાં પણ પોતાનો ધર્મ નથી. ધર્મ આત્મા વસ્તુ–પદાર્થ–છે. એમાં આનંદ, જ્ઞાન, શાંતિ, સમ્યક્ શ્રદ્ધા આદિનું પૂર્ણ સ્વરૂપ પડ્યું છે. એવા આત્મ પદાર્થને અંતર્મુખ થઈને સમ્યક્ આનંદ આત્મામાં છે એમ રુચિ થાય, આત્મામાં આનંદ છે એવું જ્ઞાન થાય, આત્મામાં આનંદ છે એવી સ્થિરતા થાય, એનું નામ ભગવાન ધર્મ કહે છે. આહાહા..! ભારે ભાઈ ધર્મ! બહારમાં ક્યાંય ધર્મ નથી? સમજાય છે કાંઈ?

કહે છે કે, **'જ્યોં જ્યોં સહજમેં ભી પ્રાપ્ત હોનેવાલે ઇન્દ્રિય વિષય...'** ધર્મીને પૂર્વના પુણ્યને કારણે સુલભતાથી બીજા પદાર્થ પ્રાપ્ત થાય પણ નિજ પદાર્થમાં જેને આનંદ ભાસ્યો છે એને સુલભપણે મળનાર (ઇન્દ્રિય વિષયોમાં) રુચિ હોતી નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

લક્ષ્મી, અધિકાર, પાંચ-પચાસ કરોડ રૂપિયા, મોટા અધિકાર, હિન્દુસ્તાનનો રાજા એવી પદવીમાં ધર્મીને કાંઈ ભાસતું નથી. પોતાની પદવીમાં આનંદ અને જ્ઞાનાનંદ સ્વભાવ ભરેલો છે. આત્મદ્રવ્યને કદી એણે એક સમયમાત્ર પણ અવલોકન કરવા નિવૃત્તિ લીધી જ નથી. સમજાય છે કાંઈ? પરપદાર્થનું અવલોકન અનંતવાર કર્યું. આ આમ છે ને આ આમ છે ને આ તેમ છે. પણ હું કેવો છું? એવું અવલોકન એણે અનંતકાળમાં એક સમયમાત્ર પણ પોતાની સંપદા મેળવવા કર્યું નથી. સમજાણું કાંઈ? એ પોતાના આત્માની સંપદા જ્ઞાન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા એવી પોતાની સંપદા પોતામાં રુચિ થઈ, શ્રદ્ધા થઈ, સ્વભાવનો આશ્રય જ્ઞાનમાં થઈ ગયો તો ધર્મીને પોતાનો આનંદ પોતામાં જ ભાસે છે. પોતામાં જ આનંદ ભાસે છે. ખાવા-પીવાની વસ્તુમાં, પૈસામાં, આબરૂ-કીર્તિમાં ક્યાંય મજા પડતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

રમત રમનાર બાળક ભણવા જાય છે પણ એનું ચિત્ત ક્યાં છે? રમવામાં. રમવાનું રહી ગયું. ઘરે જાય, ભણે, એના પિતાજી મોકલે ત્યાં જાય પણ લક્ષ ક્યાં છે? ઝટ રજા મળે, ઝટ છૂટીએ તો રમત રમીએ. સમજાય છે કાંઈ? એમ ધર્મીજીવને પોતાના દ્રવ્ય સ્વભાવમાં પોતાના તત્ત્વમાં આનંદ અને ધર્મ ભાસ્યો છે. બહારમાં વિકલ્પ આદિ થાય છે તો ... જાય છે પણ અંદરમાં રમણતા કરવાનો એનો ભાવ રહે છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**'જ્યોં જ્યોં સહજમેં હી પ્રાપ્ત હોનેવાલે...'** સહેજે ઇન્દ્રાણીઓ (મળે). અન્યાયથી, હઠથી, બીજે રસ્તે લક્ષ્મી આદિ સાધનને મેળવવા એ તો જ્ઞાનીને હોતું નથી. પણ ધર્મીને પૂર્વના પુણ્યને કારણે સહજ મળી જાય (તોપણ તેમાં આનંદ ભાસતો નથી). સમજાણું કાંઈ? અન્યાયથી મળે તો અન્યાયથી લેતા નથી પણ સ્વભાવિક પૂર્વના પુણ્યે ઇન્દ્રપદ, ઇન્દ્રાણીનો સંયોગ, ચક્રવર્તી પદ, છન્નુ હજાર સ્ત્રીનો સહજ યોગ ધર્મીને મળે તોપણ એમાં સુખબુદ્ધિ થતી નથી. અરે..! અમારો આનંદ... અમારો આનંદ તો અમારામાં છે. એ આનંદની એકાગ્રતા થવી, એમાં આનંદ આવવો એ જ ધર્મ અને એ જ શાંતિ છે. સમજાય છે કાંઈ? ધર્મ કોઈ બીજી વસ્તુ નથી. પોતામાં આનંદ ભરેલો છે એમાં એકાગ્ર થઈને આનંદને પ્રગટ કરવો એનું નામ જ ધર્મ છે. એ આનંદ પ્રગટ થયો એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહેવામાં આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

સહજ આબરૂ મળે, કીર્તિ મળે, પ્રશંસા મળે, લોકો અભિનંદન આપે, લ્યો.. લ્યો. ઇન્દ્રિય વિષય ભોગ, શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ. ઇન્દ્રિયાતીત નિજ સ્વરૂપનો અનુભવ દૃષ્ટિમાં ધર્મીને આવી ગયો છે. **'ઇન્દ્રિયકે વિષય ભોગ રુચિકર પ્રતીત નહીં હોતે હૈં,...'** રુચિ થતી નથી. સમજાય છે કાંઈ? પોતાના આનંદની રુચિ આગળ પાંચ ઇન્દ્રિયના વિષય, આબરૂ-કીર્તિમાં પણ એને રુચિ થતી નથી. સમજાય છે કાંઈ? ધર્મીને પૂર્વના પુણ્યયોગે સામગ્રી મળે એને વિટ સમ માને છે, એમ આવે છે. કાગ વિટ જુદું. આ તો એમાં આવ્યું છે

ને? 'સમયસાર નાટક'. કિચ સો કનક જાને. એમાં આવે છે કે નહિ? ધર્મી પોતાનું સ્વરૂપ (એવું જાણે છે કે) શાંતિ અને આનંદ તો પોતામાં છે, બહારમાં નથી. તો કહે છે કે બહારથી મળેલી સામગ્રી પૂર્વના પુણ્યની સામગ્રીને તો વિષ્ટા સમાન દેખે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઇ એમાં છે કે નહિ? કેટલામેં પાને છે? ધર્મી શું માને છે? (બંધ દ્વાર–૧૯).

**'સીઠસૌ સુજસુ જાનૈ બીઠસૌ વખત માનૈ'** પૂર્વના પુણ્યની સામગ્રી મળે તો (એમ કહે), અમારે સારો વખત આવ્યો છે. અમારી પાસે આટલા પૈસા થયા, પાંચ કરોડ રૂપિયા, પાંચ-સાત છોકરાઓ છે, આટલી લક્ષ્મી છે, આટલા મકાન છે, આબરૂ-કીર્તિ છે. માને કે **'બીઠસૌ વખત...'** પૂર્વના પુણ્યના સમયને સમકિતી વિષ્ટા સમાન માને છે. વિષ્ટા જેમ છોડી દેવાની વસ્તુ છે એમ છોડવા લાયક છે, એમાંથી લક્ષ છોડવા લાયક છે. આહા..! સમજાય છે કાંઈ? (વિષ્ટા જોઈને) ઘૃણા થાય છે, આમાં તો પ્રેમ થાય છે. મિથ્યાદષ્ટિને આવી સામગ્રીમાં પ્રેમ થાય છે.

'લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો? શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો, વધવાપણું સંસારનું નરદેહને હારી જવો.' 'શ્રીમદ્ રાજચંદ્ર' સોળ વર્ષ કહે છે, સોળ વર્ષે! ૩૩ વર્ષે દેહ છૂટી ગયો. સોળ વર્ષ અને ચાર મહિને ૧૦૮ પાઠની મોક્ષમાળા બનાવી હતી. માળાના ૧૦૮ મણકા હોય છે એમ. એમાં આ મુક્યું છે. ભાઈ! સોળ વર્ષની ઉંમરે. લગ્ન પછી કર્યાં. એ તો રાગ હતો, લગ્ન થયા. સમજાય છે કાંઈ? કહે છે કે, 'લક્ષ્મી અને અધિકાર...' શું હશે? 'મલૂપચંદભાઈ'! કેટલું વધ્યું હશે? કાંઈ નહિ? લક્ષ્મી મળી, અધિકાર મળ્યો, કટુંબ મળ્યું અને પરિવાર વધ્યો. એમાં તને શું થયું? ભગવાન! તારી વસ્તુ તો તારી પાસે છે. તારી ગુણ-સંપદા અને ગુણ-સમાજ, તારો ગુણ-સમાજ તો તારી પાસે છે. આ સમાજની સાથે તારે શું સંબંધ છે? આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં તો ત્યાં સુધી કહે છે, ધર્મી **'સોનાને કાદવ સમાન...'** સમજે છે. કીચડ.. કીચડ–પંક.. પંક. આહાહા..! પોતાનું આનંદ સ્વરૂપ, આત્મામાં આનંદની રુચિ થઈ ગઈ છે. સ્વસંવિત્તિ–આત્માનું સંવેદનજ્ઞાન થયું છે. એનું નામ ધર્મ છે. પંડિતજી! સમ્યગ્દષ્ટિને પોતામાં આનંદનું ભાન થયું છે, એમ કહે છે. તેથી પુણ્ય-પાપના ભાવમાંથી પણ રુચિ ઉઠી ગઈ છે. સમજાય છે કાંઈ?

**'રાજ્યપદને અત્યંત તુચ્છ,..'** ચક્રવર્તીનું રાજ મળ્યું. અહો..! તુચ્છ વસ્તુ છે. અજ્ઞાનીને તો થોડી વસ્તુઓ મળે તો એમ થાય... ઓહોહો..! શું છે? એ વસ્તુ તો પરચીજ છે. તારી વસ્તુને નિરખવા માટે તેં કદી સમય લીધો નહિ. આહાહા..! ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં અનંત જ્ઞાનગુણ-સમાજ, શાંતિ-સમાજ, આનંદ-સમાજ એવો પદાર્થ છે. એનું અવલોકન કરવામાં, રુચિ કરવામાં તેં કદી સમય લીધો નહિ. અને એ વિના ધર્મ થતો નથી.

મુમુક્ષુ :– ... છૂટે કે ન છૂટે?

ઉત્તર :– અહીં જાણ્યું જ નથી ને! પહેલા ક્યાંથી જાણે? જાણ્યું નથી તો ક્યાંથી છૂટે? શું છૂટે? બહારની વસ્તુ છૂટે એમાં શું થયું? જેને અંતરમાં પુણ્યભાવની પણ રુચિ છે એને પુણ્યના ફળના ભોગમાં પણ રુચિ છે. સમજાય છે કાંઈ? વ્રતાદિના પરિણામ પુણ્ય છે, વિકાર છે, અચેતન છે. એ ચૈતન્ય સ્વભાવથી વિરૂદ્ધ ભાવ છે. એની જેને રુચિ છે એને ભોગની જ રુચિ છે. ચાર ગતિના ભવની રુચિ છે, એને આત્માની રુચિ નથી. આહાહા..! 'ધન્નાલાલજી'! એ લખ્યું છે, જુઓ! ખૂણામાં છે. 'જેને પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે. એને આત્માના ધર્મની રુચિ નથી.' એ ચાકળો છે. ચાકળા લખે છે ને? શેઠ! ધંધામાં પડદો નાખે ને? અમારે આ ધંધો છે. સમજાય છે કાંઈ? આ ધંધો છે, જુઓ! પેલા ખૂણામાં છે. જુઓ! 'જેને પુણ્યની રુચિ છે...' એટલે જેને પુણ્યની રુચિ છે 'તેને જડની રુચિ છે. એને આત્માના ધર્મની રુચિ નથી.' સમજાય છે કાંઈ? આહાહા..! માણસ રાડ નાખી જાય છે ને!

મુમુક્ષુ :– ..

ઉત્તર :– નિગોદ જ છે. તારી વસ્તુમાં–આત્મામાં આનંદ છે. આત્મામાં આખો પરિપૂર્ણ શુદ્ધ પડ્યો છે. એનું જેને ભાન થયું તો કહે છે કે, **'રાજ્યપદને અત્યંત તુચ્છ, લોકોની મૈત્રીને મૃત્ય સમાન,...'** (જાણે છે). અરે..! સંગમાં વિકલ્પ કરવો પડશે, બોલવું પડશે, એના સમાધાન માટે બોલવું પડશે. એમાં દુઃખ લાગે છે. મિત્ર હોય તો લોકોને સુખ લાગે છે. અરે..! પોતાનો સંગ છોડીને પરદ્રવ્યના સંગમાં એટલા વિકલ્પનો સંગ કરવો પડશે એનું દુઃખ થાય છે. સમજાય છે કાંઈ?

**'પ્રશંસાને ગાળ સમાન,...'** બહુ પ્રશંસા કરે એ તો ભાઈ! ગાળ છે. અમારી પ્રશંસા તો અમારા આનંદમાં છે. અમારી પ્રશંસા બીજું કોણ કરી શકે છે? સમજાય છે કાંઈ? તમે મોટા છો ને તમે મોટા છો ને આમ મોટા છો... ધૂળમાં, મોટપ બહારથી ક્યાંથી આવી? **'પ્રશંસાને ગાળ સમાન,...' 'યોગની ક્રિયાઓને ઝેર સમાન,...'** આહાહા..! પુણ્ય-પાપના પરિણામને ઝેર સમાન (જાણે છે).

**'મંત્રાદિક યુક્તિઓને દુઃખ સમાન,...'** મંત્ર-તંત્ર કરે છે ને? કોઈ સાધુ એમ બતાવે કે આમ કરો ને તેમ કરો. તમારે શું કહેવાય ઇ? સિદ્ધસર.. સિદ્ધસર. મૂઢ છે. તારે હજી સિદ્ધસર બતાવવું છે? ઝેર છે. એમાં એણે સુખ માન્યું છે એટલે બીજાને બતાવે છે. સમજાય છે કાંઈ? એને બતાવી દે કે તારા આત્મામાં આનંદ છે, તારે બીજે ક્યાં લેવા જવું છે? તારી નજર તો કર, કદી કરી નથી. તારું નિધાન તારી પાસે છે. એ નિધાનની ચાવી, એકાગ્ર થવું એ એને ખોલવાની ચાવી છે. સમજાય છે કાંઈ? કોઈ પુણ્ય-પાપના ક્રિયાકાંડ એ ખોલવાની ચાવી નથી. જુઓ!

**'લૌકિક ઉન્નતિને અનર્થ સમાન,...'** લૌકિક ઉન્નતિ થઈ, ભાઈ! દીકરા થયા, પાંચ-

પાંચ લાખ, દસ-દસ લાખના મકાન થયા, ઘણી ઉન્નતિ થઈ. ઓહોહો..! એણે જન્મ્યા પછી પિતા પછી પૈસા કમાઈને ઘણી ઉન્નતિ કરી. ધૂળમાં ઉન્નતિ કરી. શું ઉન્નતિ કરી? સમજાય છે કાંઈ?

**'શરીરની કાન્તિને રાખ સમાન,...'** શરીરની કાંતિ તો રાખ છે, ધૂળ છે, માટી છે, માંસ છે. હાડકાની કાંતિ રાખ સમાન જ્ઞાની જાણે છે. મારી કાંતિ છે? જડની કાંતિ આત્માને છે? સમજાય છે કાંઈ? આ મારું રૂપ છે. મૂઢ છો. એ તો જડ છે, એમાં તારું રૂપ ક્યાંથી આવ્યું? જડને પોતાનું માને છે. જડની સુંદરતાથી અમે સુંદર છીએ. જડની અનુકૂળતાથી અમને અનુકૂળતા છે. મૂઢ છો. પોતાના આત્માની તને રુચિ નથી. આહા..!

**'સંસારની માયાને જંજાળ સમાન,...'** આખો દિ' પૈસા.. પૈસા.. પૈસા.. આમ લીધું ને આવ્યું છે ને આ લીધું ને આ દીધું. માયાજાળ (છે). ભગવાનઆત્માને ભૂલી ગયો. પોતાની મહાન ચીજમાં નજર કરતાં નિધાન દેખાતાં આનંદ આવે. એવી ચીજને તો જોતો નથી, જાણતો નથી, સાંભળતો નથી, સાવધાન થઈને અવલોકતો નથી અને જેમાં કાંઈ નથી એમાં સાવધાન થઈને અવલોકન કરીને પડ્યો છે. સમજાય છે કાંઈ?

**'ઘરના નિવાસને બાણની અણી સમાન,...'** બાણ.. બાણ, એની અણી. ઘરમાં રહેવું... આહાહા...! અરે..! ભગવાન! અમારું ઘર તો અહીંયા છે. ચિદાનંદ પ્રભુ, જેની ખાણમાં અનંત સિદ્ધ પરમાત્મા બિરાજે છે. મારા આત્મામાં તો અનંત સિદ્ધ પરમાત્મા બિરાજે છે. સમજાય છે કાંઈ? અનંત સિદ્ધ પરમાત્મા મારા આત્મામાં છે. એવા આત્માની રુચિ છોડીને, કહે છે, ધર્મી, **'ઘરના નિવાસને બાણની અણી સમાન,...'** માને છે, દુઃખ માને છે.

**'કુટુંબના કામને કાળ સમાન,...'** દીકરીના લગ્ન કરવા છે, ૨૫ વર્ષની મોટી થઈ ગઈ છે, એની સ્ત્રી ખાય જાય. તમને ઊંઘ કેમ આવે છે? આ બે-બે દીકરીઓ મોટી ૨૫-૨૫ વર્ષની ઊંટ જેવી થઈ ગઈ છે. ક્યાંય (ભાગા) નાખતા નથી, લગ્ન કરતા નથી. કાળ.. કાળ. પોતાના સ્વરૂપના અનુભવને છોડીને આ કરવું પડે (એ કાળ સમાન લાગે છે). સમજાય છે કાંઈ? ધર્મ કંઈ એવી વસ્તુ નથી કે આમ કરવું ને લેવું, દેવુ. ધર્મ તો આત્માનો આનંદ છે. સમજાય છે કાંઈ? એ ધર્મના આનંદ આગળ એ બધા કાર્ય દુઃખરૂપ લાગે છે.

**'લોકલાજને લાળ સમાન,...'** લ્યો! તમારી લાજ બહુ વધી ગઈ. લાળ છે, નાકની લાળ છે. સમજાય છે કાંઈ? **'સુયશને નાકમાં મેલ સમાન,...'** પેલું લાળ સમાન (કહ્યું). લાળ.. લાળ થાય છે ને? એ લાળ સમાન. આ સુજશ. તમારો બહુ જશ થયો. તમારી આબરૂ આખા હિન્દુસ્તાનમાં પંકાઈ ગઈ. એમાં શું થયું પણ? નાકનો મેલ છે.

**'અને ભાગ્યોદયને વિષ્ટા સમાન...'** તમારા તો હમણા નસીબ છે. કેમ શેઠ? કેટલા મકાન, લ્યો. આટલા આટલા દસ-બાર મકાન, પચીસ મકાન. એક એક મકાનની બારસો-બારસોની ઊપજ. ઓહોહો..! એ..ય..! બાવીસ માળનું મકાન એનો દીકરો કરીને આવ્યો

હતો ને? સીત્તેર લાખના કરોડ ઊપજશે. ધૂળ લાખનું આમ થશે. શું છે પણ હવે? એના બાપને ગલગલિયા થઈ જાય છે, કાલે કહેતા હતા. સીત્તેર લાખના કરોડ થાશે, કહે છે. એ..ય..!

મુમુક્ષુ :– ગરમી તો આવવી જોઈએ ને.

ઉત્તર :– શેનો ગરમો? ધૂળનો? સળગતી અગ્નિ છે. સીત્તેર લાખ કોના બાપના? અને સીત્તેરના કરોડ થાય એ કોના? એ તો પરની વસ્તુ છે. આત્મામાં શું આવ્યું? આત્મામાં તો મમતા આવી. મારી છે, એવું દુઃખ આવ્યું. આહાહા..! સમ્યગ્દષ્ટિને ચક્રવર્તી પદ મળે તોપણ એને દુઃખદાયક લાગે છે. આહાહા..! પોતાનું નિજપદ એ આનંદપદ દેખાય છે. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા, જેની ખાણમાં, સ્વભાવમાં, શક્તિમાં, સત્ત્વમાં, સત્‌ના સત્ત્વમાં પૂર્ણ પરમાત્મા પડ્યો છે. એવા આનંદની દૃષ્ટિ, રુચિ થઈ એને બાહ્ય પદાર્થમાં ક્યાંય ચેન પડતું નથી. ચેન પડતું નથી, મજા આવતી નથી, ખુશીપણું–રાજીપણું થતું નથી. સમજાય છે કાંઈ? **'તેને પં. બનારસીદાસજી નમસ્કાર કરે છે.'** 'બનારસીદાસજી' કહે છે, એવા ધર્મીને હું પણ નમસ્કાર કરું છું.

**'જ્યોં જ્યોં સહજમેં પ્રાપ્ત હોનેવાલે...'** સહજ શબ્દ કેમ લીધો છે? આ અન્યાયથી, હઠથી, પરાણે લે છે ને? બળજબરીથી. અમને માન આપો, માન કરો. બે-પાંચ માણસ તૈયાર કરે. મિત્ર હોય એને તૈયાર કરે. કુટુંબમાં, નાતમાં એને ભેગા મળીને માન આપો. એણે આવા કામ કર્યા છે. બે-ચાર જણા ઉભા કર્યા હોય પોતે. કુટુંબમાં, નાતમાં, સંઘમાં એને પદવી આપો, એવી કોઈ પદવી આપો.. રાજરતન! ધૂળમાં પણ નથી. સાંભળ તો ખરો. એમ બળજબરીથી બાહ્યની સામગ્રી અને આબરૂ માગે છે એ તો અજ્ઞાની, અન્યાયી છે, એમ કહે છે. પણ ધર્મીને સહજ પુણ્યને કારણે સામગ્રી આવી જાય છે છતાં રુચિકર નથી લાગતી. ઓહોહો..! સમજાય છે કાંઈ?

ધર્મ એવી કોઈ વસ્તુ નથી કે બહારથી મળી જાય. અંતર અવલોકનથી આત્માનું ભાન થાય છે. કદી જોયું નથી. આખો લોક જોયો, જાણ્યો, આમ છે, તેમ છે.. શાસ્ત્ર ભણી લીધા. એ તો પરવસ્તુ છે. સમજાય છે કાંઈ? પોતાના જ્ઞાનસ્વરૂપ આત્માનું જ્ઞાન કર્યા વિના આનંદની રુચિ થતી નથી. અને એ રુચિ થઈ તો બધા ભોગ દુઃખદાયક લાગે છે. સમજાય છે કાંઈ?

**'ત્યોં ત્યોં સ્વાત્મ-સંવેદનમેં નિજાત્માનુભવનકી પરિણતિ વૃદ્ધિકો પ્રાપ્ત હોતી રહતી હૈ.'** જુઓ! આહાહા..! ભગવાનઆત્મા.. જેમ જેમ પ્રાપ્ત પદાર્થમાં પણ રુચિ હટી ગઈ છે, તેમ તેમ ભગવાનઆત્માના સંવેદનમાં સમ્યગ્દષ્ટિને પોતાનું સ્વસંવેદન, જ્ઞાનનું ભાન અંદર થઈ ગયું છે. હું શુદ્ધ ચિદાનંદ છું, આનંદ છું, એમ સમ્યગ્દષ્ટિને અંતર વેદન થાય છે. એમાં **'નિજાત્માનુભવનકી પરિણતિ વૃદ્ધિકો પ્રાપ્ત હોતી રહતી હૈ.'** ભગવાનઆત્મા, એનું સ્વસંવેદન–

અનુભવ, આનંદની વૃદ્ધિ ક્ષણે ક્ષણે થતી જાય છે. કહો, સમજાય છે કાંઈ? ભગવાનનો માર્ગ દુનિયાથી નિરાળો છે. વીતરાગ પરમેશ્વરનો માર્ગ આખી દુનિયાથી નિરાળો છે. દુનિયા એમ કહે કે, રાગ કરો, દયા કરો, વ્રત કરો, ભક્તિ કરો, પૂજા કરો એમાં ધર્મ થાય છે. ભગવાન કહે છે, એમાં કિંચિત્ ધર્મ નથી.

મુમુક્ષુ :– ગુરુ વિના જ્ઞાન ન થાય.

ઉત્તર :– ભગવાન! એ તો આત્મામાં જ્ઞાન થવાની લાયકાત હોય તો ગુરુ મળ્યા વિના રહેતા નથી. એવી વસ્તુ છે. જ્ઞાન પોતામાંથી આવે છે. જ્ઞાન કંઈ ગુરુ પાસે નથી, આ જ્ઞાન ગુરુ પાસે નથી કે ગુરુ પાસેથી આવી જાય. સમજાય છે કાંઈ? પોતાનું સ્વરૂપ પોતામાં છે. એ પહેલા આવી ગયું. પોતાનો ગુરુ આત્મા જ છે. પોતાના કલ્યાણનો માર્ગ પોતાને બતાવે છે અને પોતાના કલ્યાણના માર્ગમાં પ્રવર્તન કરે છે એ જ આત્મા પોતે ગુરુ છે. પર ગુરુ કહે પણ પોતે સમજવામાં અને પ્રવર્તનમાં ન લે તો એને શું લાભ થશે? સમજાય છે કાંઈ? એક અપેક્ષાએ ઠીક કહે છે. પહેલા સાંભળવા મળ્યું નથી તો અમને સમજાય ક્યાંથી? પણ એની લાયકાત હોય ને, ભાઈ! તો સત્ય મળ્યા વિના રહે નહિ. તીર્થંકરનું સમવસરણ મળે. જેની સમજવાની, શ્રદ્ધા-જ્ઞાન કરવાની પાત્રતા હોય અને એને સંયોગ ન મળે (એમ બને નહિ). એને ભગવાનનો સંયોગ મળી જાય. પરમાત્મા ત્રિલોકનાથ મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. એવી જિજ્ઞાસા હોય તો ત્યાં જન્મ થઈ જાય. સમજાય છે કાંઈ? પોતાની પાત્રતા હોય અને નિમિત્ત ન હોય એમ બને નહિ. નિમિત્ત મળે છતાં પાત્રતા પ્રગટ ન કરી તો નિમિત્ત શું કરે?

સમવસરણમાં અનંતવાર ગયો. સમજાય છે કાંઈ? ધર્મસભા. વર્તમાનમાં મહાવિદેહ ક્ષેત્રમાં પરમાત્મા સમવસરણમાં બિરાજે છે. એમ અહીંયા અનંત તીર્થંકર થઈ ગયા. ધર્મસભા. એ સભાની શું વાત! એના પુણ્ય, ઇન્દ્રો આવીને (નમે). કૂતરાનું બચ્ચું જેમ કૂતરા પાસે નમે એમ (ઇન્દ્ર) નમી જાય છે. એવા સમવસરણમાં આત્મા અનંતભવમાં અનંતવાર ગયો. શું થયું? પોતાના સ્વરૂપના અવલોકનની રુચિના પ્રેમ વિના એ બધું સાંભળ્યું. સાંભળ્યું એ બધું શૂન્ય થઈ ગયું. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાન શું આપે છે? ભગવાન આપી દે છે? એ તો વાણી છે. એમાં હેય-ઉપાદેયની સમજણ આવે છે. એ હેય-ઉપાદેય પકડી લે. ઓહો..! આત્મા આનંદ સ્વરૂપને ઉપાદેય કહે છે, રાગાદિ વિકલ્પ ઉઠે છે એને હેય કહે છે. એ પકડી લે. તો પકડનારો પોતે ગુરુ થઈ ગયો. સમજાય છે કાંઈ? આહાહા...!

**'સ્વાત્મ-સંવેદનમેં નિજાત્માનુભવનકી પરિણતિ વૃદ્ધિકો પ્રાપ્ત હોતી રહતી હૈ.'**

**વિશદાર્થ :– 'વિષય ભોગોંકે પ્રતિ અરુચિ ભાવ જ્યોં જ્યોં વૃદ્ધિકો પ્રાપ્ત હોતે હૈં...'** પહેલા રુચિ તો છૂટી ગઈ છે પણ જેમ જેમ આસક્તિ ઘટતી જાય છે, **'ત્યોં ત્યોં યોગીકે સ્વાત્મ-સંવેદનમેં નિજાત્માનુભવનકી પરિણતિ...'** પોતાનો નિજ, હોં! પર આત્મા, ભગવાનની

અહીંયા વાત નથી. આત્મા આનંદસ્વરૂપ છે એનો અનુભવ, આનંદની પરિણતિ એટલે પર્યાય વૃદ્ધિ પામે છે. આવી ગયું. લ્યો! 'સમયસાર નાટક' નું દૃષ્ટાંત આપ્યું છે.

**विरम किमपरेणाकार्यकोलाहलेन, स्वयमपि निभृतः सन्पश्य षण्मासमेकम्।**

**हृदयसरसि पुंसः पुद्गलाद्भिन्नाधाम्नो, ननु किमनुपलब्धिर्भाति किं चोपलब्धिः**

ભગવાન 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે, '**विरम किमपरेणाकार्यकोलाहलेन**' નીચે છે. 'બનારસીદાસજી'એ એનું હિન્દી બનાવ્યું છે. નીચે છે. '**ભૈયા જગવાસી તૂ ઉદાસી રહૈ કૈં જગત સૌં,...**' '**ભૈયા જગવાસી તૂં ઉદાસી રહૈ કૈં જગત સૌં, એક છઃ મહિના ઉપદેસ મેરૌ માનરે.**' એક છ મહિના મારો ઉપદેશ માન રે. '**ઔર સંકલ્પ વિકલ્પકે વિકાર તજિ,...**' સંકલ્પ, વિકલ્પને તજી, હોં! બહારથી છોડી બેઠો એમાં કાંઈ નથી. '**બૈઠકે એકંત મન ઠૌરુ આનરે.**' '**બૈઠકે એકંત મન ઠૌરુ આનુરે. તેરો ઘટ-સર...**' તારું ઘટરૂપી સરોવર. '**તામૈં તૂહી હૈ કમલ તાકૌ,...**' તારા સરોવરમાં તું જ તારું કમળ અંદરમાં બિરાજમાન છે. '**તૂહી મધુકર....**' અને તું જ મધુકર–ભમરો છો. તું હી મધુકર, તું હી કમળ અને તું હી સરોવર. સમજાય છે કાંઈ? આહાહા..!

અંતર ભગવાનઆત્મા જ્ઞાન, આનંદ સરોવર, એમાં પોતે કમળ છે અને પોતે જ મધુકર છે. એ જ સુગંધ લેનાર આત્મા છે. સમજાય છે કાંઈ? આ તો 'બનારસીદાસે' બનાવ્યું છે, જુઓ! ગૃહસ્થાશ્રમમાં હતા ત્યારે બહુ શ્રૃંગારી વ્યભિચારી હતા. શ્રૃંગારી પુસ્તક બનાવ્યા હતા. પછી જ્યારે સત્‌સમાગમ થયો, ભલે સંસાર પડ્યો હોય, અંદરમાં ભાન થઈ ગયું. અહો...! હું આનંદસ્વરૂપ જ્ઞાનમૂર્તિ છું. પુણ્ય-પાપનો રાગ ઉઠે છે એ પણ મારી વસ્તુ નહિ, મને લાભદાયક નથી. બહારની વસ્તુમાં મારી કોઈ સંપત્તિ, અસ્તિત્વ નથી. ભાન થયું (પછી) વ્યભિચારી ગ્રંથ બનાવ્યા હતા એ પાણીમાં બોળી દીધા. છોડી દીધા. સમજાય છે કાંઈ? પછી આ લખ્યું, જુઓ!

'**પ્રાપ્તિ ન વ્હૈ વ્હૈ હૈ કછુ ઐસો તૂ વિચારતુ હૈ,...**' અરે..! ભગવાન! તું એમ વિચારે છે કે અરે..! આત્મા કઈ રીતે પ્રાપ્ત થાય? આત્મા કઈ રીતે પ્રાપ્ત થાય? આત્માની પ્રાપ્તિ થતી નથી. એમ તું વિચારે છે તો એકવાર છ મહિના સંકલ્પ, વિકલ્પને છોડીને આત્માનો અભ્યાસ કર. આ મેટ્રિકના અભ્યાસ ને આ એલ.એલ.બી. ના ને બી.એ. ના પૂંછડાનો અભ્યાસ કેટલો કરે છે! બે હજાર પગાર મળતો હોય. ધૂળ (છે). બેરિસ્ટર હોય અને પુણ્ય ન હોય તો પૈસા નથી મળતા. ભણે તો પૈસા મળે એમ કાંઈ નથી. ભણ્યા વગરના પૈસાવાળા હોય છે. આ 'પુનમચંદ' કેટલું ભણ્યો છે, અમને ખબર છે ને! એનો દીકરો. એમાં શું આવ્યું? ધૂળ આવે ને જાય. ધૂળમાં કમાવાથી બુદ્ધિ નથી. ... એ તો પૂર્વના પુણ્યના કોઈ રજકણ પડ્યા હોય તો બળી જાય છે અને બહારમાં દેખાય છે કે આ આવ્યા. આવ્યા તો તારી પાસે ક્યાં આવ્યા છે? તારી પાસે મમતા આવી છે. સમજાય છે કાંઈ? આહાહા...!

કહે છે, **'પ્રાપતિ ન વ્હૈ હૈ કછુ ઐસોં તૂ વિચારતુ હૈ,..'** અરે..! આત્મા ન સમજાય, હોં! આત્મા ન સમજાય. અરે..! ભગવાન! એકવાર તો લે. એકવાર તો છ મહિના લગની, રટ લગાવી દે કે આ છે શું? જેની પરમાત્મા બહુ પ્રસિદ્ધિ કરે છે! પરમાત્મા સર્વજ્ઞના જ્ઞાનથી કહે છે કે તારું સ્વરૂપ આવું છે. મારી વાણીમાં પૂરું આવી શકતું નથી. સમજાય છે કાંઈ?

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો,
તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે? અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?

'શ્રીમદ્ રાજચંદ્ર' ત્રીસ વર્ષે ભાવના ભાવે છે. ઓહોહો..! 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં' સમજ્યા? આ તો ગુજરાતીમાં છે. પોતાનું જે સ્વરૂપ જ્ઞાનમાં જોયું. 'કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન જો' સર્વજ્ઞ પરમેશ્વર પણ કેટલું, કેવું (સ્વરૂપ છે) એ (એમની) વાણીમાં ક્યાંથી આવે? વાણીમાં અનંતમે ભાગે વાણી આવે છે. 'તે સ્વરૂપને અન્ય વાણી તે શું કહે?' પામરની વાણી તે સ્વરૂપને શું કથે? એવો ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણાનંદ અનંત ગુણની ખાણ પડી છે.

(અહીંયા) કહે છે, તું વિચારે છે કે એની પ્રાપ્તિ નહિ થાય? **'સહી વ્હૈ હૈ પ્રાપતિ સરૂપ યોં હી જાનુ રે.'** તારી પ્રાપ્તિ તને થશે એમ નક્કી કર. સમજાય છે કાંઈ? ન મળે? બીજી વસ્તુ હોય તો ન મળે. કારણ કે બીજી વસ્તુ પર છે એ પોતાની થઈ શકે નહિ. પણ પોતાની છે અને પોતાને ન મળે એમ કેમ તું વિચારે છે? સમજાય છે કાંઈ? બીજી વસ્તુને પોતાની માનવી હોય તો એ ન થઈ શકે. પોતાનું સ્વરૂપ છે, અહો..! પુણ્ય-પાપથી, સંકલ્પ, વિકલ્પ તો કહ્યું. સંકલ્પ, વિકલ્પ છોડી દે અને ભગવાનઆત્મા અંદર પૂર્ણાનંદ છે એની ઉપર પહેલી દૃષ્ટિ તો લગાવી દે. પ્રાપ્ત નહિ થાય એવી શંકા છોડી દે. સમજાય છે કાંઈ? પ્રાપ્તિ નહિ થાય એવો સંદેહ છોડી દે. **'સહિ વ્હૈ...'** યથાર્થમાં એ જ આત્મા છે. જેને તપાસવા તું જાય છે એ જ આત્મા છે. **'પ્રાપતિ સરૂપ યોં હી જાનુ રે.'** યથાર્થપણે પ્રાપ્તિ થશે, પણ ઝટ લગની જોઈએ. સંસારની કેટલી રટ લાગે છે! માથામાં કીડા પડે. આ સ્ત્રીના પુત્રના લગ્ન હોય, ચાર દિ', આઠ દિ' ગાંડી પાગલ થઈ જાય.

મુમુક્ષુ :– હોંશમાં આવે.

ઉત્તર :– ઇ હોંશ નથી, પાગલ છે. આમ કરો, એ કર્યું, રાડે રાડ પાડે. કંઠ બેસી જાય તો બીજા કહે, બા! પણ તમે હળવે હળવે બોલો. તો કહે, બાપુ! ઇ તો આપણે બે-ચાર દિ' છે ને! લ્હાવાના દિ' છે આ. લાવાના–અગ્નિના હોળીના દિ' છે. સમજાય છે કાંઈ? શેઠ! આહાહા..! ભગવાન! તારી વસ્તુ છે, તારી પાસે છે, પડી છે. એની રુચિ કર, અનુભવ કર. સમજાય છે કાંઈ?

**'હે વત્સ! ઠહર, વ્યર્થકે હી અન્ય કાલોહલોંસે ક્યા લાભ?'** જુઓ! એનો અર્થ છે.

વ્યર્થ અન્ય કોલાહલથી શું લાભ છે? આમ થશે ને આમ થશે ને 'શત્રુંજય' જઈએ તો મળશે ને 'સમ્મેદશીખર' જશું તો મળશે ને આવા શાસ્ત્ર વાંચુ તો મળશે. સમજાય છે કાંઈ? આવી ક્રિયા કરું, દયા, દાન, વ્રત, ભક્તિ, તપસ્યા કરું તો મળશે. કોલાહલ છોડી દો, એ બધા વિકલ્પ છે.

**'નિશ્ચિન્ત હો છહ માસ તક એકાન્તમેં,...'** છ મહિનાની તો મુદત કહી છે, હોં! એ તો અંતર્મુહૂર્તમાં થાય છે. જરી કઠણ લાગે તો છ મહિનાની મુદત કહી. **'છ માસ તક એકાન્તમેં, અપને આપકા અવલોકન તો કર.'** જુઓ! ભાષા. **'અપને આપકા અવલોકન તો કર.'** ભગવાન! શાંત ચિત્તે પોતાનો આ આત્મા શું છે? આ શું વસ્તુ છે? અંદર જે પ્રકાશ દેખાય છે એ પ્રકાશ પણ જડ છે. પ્રકાશનો પ્રકાશક ચૈતન્ય કોણ છે? સમજાય છે કાંઈ? રાગ-દ્વેષ તો ક્યાંય રહી ગયા. અંદર આમ (પ્રકાશ) દેખે એ પ્રકાશ તો જડ છે. એ પ્રકાશનો પ્રકાશક ચૈતન્ય શું છે? સમજાય છે કાંઈ? પોતે પોતાનું અવલોકન તો કરે. અંધારાનો પ્રકાશ દેખાય છે એની પાછળ ચૈતન્ય ભગવાન બિરાજે છે. એવા ચૈતન્યનું અંતરમાં અવલોકન તો કર. તેં કદી અવલોકન કર્યું નથી.

**'દેખ, હૃદયરૂપી સરોવર મેં...'** હૃદયરૂપી સરોવરમાં અહીંયા. **'પુદ્‌ગલસે ભિન્ન...'** આ પરમાણુ માટી, શરીર, કર્મ આદિથી જુદા **'તેજવાલી આત્માકી ઉપલબ્ધિ...'** ભિન્ન તેજવાળી. જુઓ! આ શરીર તો માટી છે, રાગ-દ્વેષ વિકાર છે, કર્મ જડ છે એનાથી ભિન્ન, પુદ્‌ગલથી ભિન્ન તેજવાળી અંદર વસ્તુ છે. ચૈતન્યતેજ ખબર નથી. આવું મારું તેજ! ચૈતન્યનું તેજ છે, ચૈતન્યનો પુંજ છે. જ્ઞાયક ચૈતન્યસૂર્ય પુંજ આત્મા પડ્યો છે. **'આત્માકી ઉપલબ્ધિ (પ્રાપ્તિ) હોતી હૈ, યા અનુપલબ્ધિ (અપ્રાપ્તિ).'** પ્રાપ્ત થાય છે કે નથી થતો, અંદર જઈને નક્કી તો કર. પ્રાપ્ત થયા વિના રહેશે નહિ. અવલોકન કર્યું નથી, કદી તપાસ કરી નથી. તપાસ કરી નથી. ચોપડા જોયા? જોયા નથી. નામું જોયું? નામું બરાબર છે. પણ જોયા વિના બરાબર છે? સમજાય છે કાંઈ? એમ (કહે), આત્મા બરાબર છે. આત્મા છે, ભગવાન કહે છે એમ અમે માનીએ છીએ. પણ કેવો છે? એક સમયમાં અખંડાનંદ પ્રભુ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ અંતરમાં જ્ઞાનમાં ભાસ્યા વિના એના નામા-લેખા યથાર્થ થતા નથી.

મુમુક્ષુ :– યથાવત નિર્ધાર કરવો.

ઉત્તર :– યથાવત નિર્ધારમાં એમ ભાસે. ભાવભાસન થવું જોઈએ. ભાવનું જ્ઞાન થવું જોઈએ. એમ ને એમ અધ્ધરથી (માને એમ) નહિ. આ ચૈતન્યસ્વરૂપના આટલા આટલા વખાણ કરે છે. પરમેશ્વરની વાણીમાં આટલું આવે છે અને અન્ય પણ પરમ આત્માની વ્યાખ્યા તો બહુ કરે છે. તો આવો આત્મા છે કોણ? આહાહા...! પ્રાપ્તિ થાય છે કે નહિ? નિર્ણય તો કર, નિર્ધાર તો કર. નિર્ધાર કરવાના વખત નથી, લોકના કામમાં સમય ગુમાવી દીધો. આમ કર્યું ને આમ કર્યું. હાથ તો આવ્યું નહિ. શું પણ કર્યું જ નથી તો હાથ ક્યાં લાગે?

જે ઉપાય છે તે કર્યો નહિ તો હાથમાં ક્યાંથી આવે? ઉપાય કર્યો બીજો અને મળે ઉપાયનું ફળ બીજું. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ કર્યા અને આત્મા તો મળ્યો નહિ. પણ એ તો માર્ગ જ જુદો છે. એ.. પંડિતજી! આહાહા..! સમજાણું કાંઈ? આ અત્યારે બહુ ગડબડ ચાલે છે ને? શુભજોગથી થાય. ધૂળેય નથી થતું. સાંભળ તો ખરો! શુભજોગ તો પરલક્ષી ભાવ છે. એનાથી સ્વલક્ષી ભાવ થાય? એકવાર તો શુભ-અશુભ પરિણામ છોડવા લાયક છે એમ નિશ્ચય કરીને ભગવાનનું તું અવલોકન તો કર.

સારી વસ્તુ મળે તો દૃષ્ટિ એને જોવા માટે આમ એકાકાર થઈ જાય છે. સારી વસ્તુ મળે તો જોવામાં એકાકાર થઈ જાય. પાંચ લાખનો હાર મળી જાય તો.. ઓહો..! આવો મળ્યો. કારીગરી બહુ કરી છે, ફલાણું આમ છે, આમ છે. આ મહાન પદાર્થ પ્રભુ, જે બધાના તેજને જોનારો છે. સમજાય છે કાંઈ? બધાની કિંમત કરનાર એવી પરમાત્મ વસ્તુ તારી અંદર છે. ગુરુગમે સમજીને એનો અભ્યાસ કર અને એમાં અવલોકન કર તો તને તેની પ્રાપ્તિ થશે, થશે ને થશે જ. આહાહા..! સમજાય છે કાંઈ? ભાઈ એમ કહે છે, ગુરુ વિના જ્ઞાન નહિ. વાત સાચી છે. સાચા (ગુરુ) વિના સાચું જ્ઞાન મળે નહિ.

**दोहा - जस जस विषय सुलभ्य भी, ताको नहीं सुहाय।**
**तस तस आतम तत्त्वमें, अनुभव बढ़ता जाय।।३८।।**

અરે..! આઠ આઠ વર્ષની બાલિકાઓ પણ આત્મજ્ઞાન કરી લે છે. ચક્રવર્તીની પુત્રી. સમજાય છે કાંઈ? છ ખંડનો ધણી ચક્રવર્તી બિરાજે છે. મહાવિદેહક્ષેત્રમાં પરમાત્મા 'સીમંધરપ્રભુ' બિરાજે છે. એમની પાસે ચક્રવર્તીની આઠ-આઠ વર્ષની પુત્રીઓ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. સમજાય છે કાંઈ? રાગ હોય તો પછી લગ્ન પણ કરી લે છે. પણ રાગમાં રુચિ નથી. આહાહા..! અમારો આનંદ અમારી પાસે છે. રાગ આસક્તિ આવી જાય છે એને છોડવામાં અમારી કમજોરી છે. પણ પરમાં આનંદ છે એવી રુચિ તો થતી નથી. સમજાય છે કાંઈ? આહાહા..! **'જસ જસ વિષય સુલભ ભી, તાકો નહીં સુહાય'** સહેજે મળી જાય તો પણ ગમે નહિ. **'તસ તસ આતમ તત્ત્વમેં,...'** ભગવાનઆત્માના સ્વભાવમાં **'અનુભવ બઢતા જાય.'** લ્યો!

---

हे वत्स! - स्वात्मसंवित्तिके बढ़नेपर क्या क्या बातें होती हैं, किस रूप परिणति होने लगती है, आदि बातोंको सुन -

**निशामयति निरशेषमिन्द्रजालोपमं जगत्।**
**स्पृहयत्यात्मलाभाय, गत्त्वान्यत्रानुतप्यते।।३९।।**

**अर्थ :- योगी समस्त संसारको इन्द्रजालके समान समझता है। आत्मस्वरूपकी**

प्राप्तिके लिये अभिलाषा करता है। तथा यदि किसी अन्य विषयमें उलझ जाता, या लग जाता है तो पश्चात्ताप करता है।

विशदार्थ :- श्लोक नं.४२ में कहे गये `योगी योगपरायणः' शब्दको अन्त्यदीपक होनेसे सभी `निशामयति स्पृहयति' आदि क्रियापदोंके साथ लगाना चाहिये। स्वात्म-संवेदन करनेमें जिसे आनन्द आया करता है, ऐसा योगी इस चर, अचर, स्थावर, जंगमरूप समस्त बाहिरी वस्तु-समूहको त्याग और गृहण विषयक बुद्धिका अविषय होनेसे अवश्य उपेक्षणीय रूप इन्द्रजालियाके द्वारा दिखलाये हुए सर्प हार आदि पदार्थोंके समूहके समान देखता है। तथा चिदानन्द-स्वरूप आत्माके अनुभवकी इच्छा करता है। और अपनी आत्माको छोड़कर अन्य किसी भी वस्तुमें पहिले संस्कार आदि कारणोंसे यदि मनसे, वचनसे, वा कायसे, प्रवृत्ति कर बैठता है, तो वहाँसे हटकर खुद ही पश्चात्ताप करता है, कि ओह! यह मैंने कैसे आत्माका अहित कर डाला।।३९।।

**दोहा - इन्द्रजाल सम देख जग, निज अनुभव रुचि लात।**
**अन्य विषय में जात यदि, तो मनमें पछतात।।३९।।**

---

**'હે વત્સ!'** ગુરુ શિષ્યને કહે છે. **'સ્વાત્મસંવિત્તિકે બઢનેપર...'** આ શબ્દ પણ જિંદગીમાં સાંભળ્યા ન હોય. સ્વાત્મસંવિત્તિ એટલે શું? ભાઈ! શું નામ છે? 'સુગમચંદ'. આત્મસંવિત્તિ શબ્દ સાંભળ્યો નહિ હોય. આત્માના જ્ઞાનનો આનંદ આવવો તેનું નામ સ્વાત્મસંવિત્તિ છે. સમ્યગ્દર્શનમાં આત્માના.. જુઓ! સ્વાત્મ–સ્વ આત્મા. સંવિત્તિ (એટલે) એનું જ્ઞાન. જ્ઞાનનું ભાન. **'બઢનેપર...'** આનંદની વૃદ્ધિ થવાથી **'ક્યા ક્યા બાતેં હોતી હૈં,...'** લોકોને સમ્યગ્દર્શન શું વસ્તુ છે એની ખબર નથી. એમ માની લીધું કે, આપણને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા છે, નવ તત્ત્વની શ્રદ્ધા છે, હવે ચારિત્ર લ્યો. ધૂળમાંય શ્રદ્ધા નથી. સાંભળ તો ખરો. શ્રદ્ધા કોને કહે? સમજાય છે કાંઈ?

કહે છે, **'સ્વાત્મસંવિત્તિકે બઢનેપર...'** ભગવાનઆત્મા હું આત્મા શરીર, કર્મ તો અજીવતત્ત્વ છે, એમાં તો હું છું નહિ. પુણ્ય-પાપનો રાગ થાય છે એ આસ્રવતત્ત્વ છે, એમાં હું નથી. પોતાની એક સમયની અવસ્થામાં આખો આત્મા આવી જતો નથી. પૂર્ણાનંદ પ્રભુ એક સમયમાં પૂર્ણ જ્ઞાન, દર્શનના જળથી ભરેલો ભગવાન છે, એનું અંતર્મુખ થઈને આત્માનું વેદન–સ્વસંવેદન, શાંતિ અને આનંદનો અનુભવ થવો એનું નામ સ્વ આત્માની સંવિત્તિ કહે છે. દેડકાને પણ આમ થાય છે. દેડકો ભગવાનના સમવસરણમાં જાય છે. સમજાય છે કાંઈ? આત્મા છે ને? શરીર તો ભલે જેવું હોય તેવું, શરીર તો જડ છે, પર છે. નાનું શરીર કે સ્થૂળ શરીર, એ ક્યાં પોતાનું છે?

અંદર ભગવાનઆત્મા પૂર્ણ લક્ષ્મીની સંપદાથી ભરેલો છે, એની ઉપર દૃષ્ટિ લગાવી

દીધી તો સમ્યગ્જ્ઞાન, સ્વસંવિત્તિ (પ્રગટ થયું). એને પણ પોતાના આનંદ આગળ બહારની વસ્તુ રુચતી નથી. આહાહા..! **'કિસ રૂપ પરિણતિ હોને લગતી હૈ...'** એમ બે વાત (કરી છે). શું શું વાત હોય છે અને કેવી પરિણતિ હોય છે, એ **'આદિ બાતોંકો સુન–'** એ ૩૯ માં કહેશે.

**निशामयति निरशेषमिन्द्रजालोपमं जगत्।**
**स्पृहयत्यात्मलाभाय, गत्त्वान्यत्रानुतप्यते।।३९।।**

આહાહા..! 'પૂજ્યપાદસ્વામી' ઇષ્ટ ઉપદેશ, આનું નામ હિતકર ઉપદેશ. સમજાય છે કાંઈ?

**અર્થ :– 'યોગી...'** ધર્માત્મા. યોગીનો અર્થ પોતાનું નિજ સ્વરૂપ વિકારરહિત છે એમાં દૃષ્ટિ, જ્ઞાન લગાવી દીધા, યોગ જોડી દીધો એનું નામ યોગી છે. પોતાનો શુદ્ધ ભગવાનઆત્મામાં પોતાના શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતા કરી એનું નામ યોગી છે. યોગી પેલા બાવા જોગી થાય છે એ યોગીની વાત અહીંયા નથી. અહીં તો સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે જેવો આત્મા અનુભવ્યો એવો આ આત્મા છે એમ દૃષ્ટિ લગાવી એકાકાર થવું એનું નામ યોગી ધર્માત્મા કહેવામાં આવે છે. ભલે ગૃહસ્થાશ્રમમાં હો. સમજાય છે કાંઈ? તોપણ જેટલી આત્માની દૃષ્ટિ અને યોગ થયા તેને યોગી કહે છે.

**'સમસ્ત સંસારકો ઇન્દ્રજાલકે સમાન સમજતા હૈ.'** લ્યો! ઇન્દ્રજાળિયા રાજાનું રૂપ ને રાણીનું રૂપ લાવે ને? ઇન્દ્રજાળીયા હોય છે ને? જાદુગર, લ્યોને! કેવા રૂપ લાવે! ખોટેખોટા ઢોંગ. એમ ધર્મી આત્મા સિવાય આખા સંસારને ઇન્દ્રજાળ માને છે. સમજાય છે કાંઈ? આહાહા..! આવે છે ને? સ્વપ્ન સમાન. શું કીધું? 'સર્વ જગત છે એંઠવત અથવા સ્વપ્ન સમાન, તે કહીએ જ્ઞાની દશા બાકી વાચા જ્ઞાન' 'શ્રીમદ્ રાજચંદ્રે' 'આત્મસિદ્ધિ' બનાવી છે ને? ૨૯ વર્ષે બનાવી છે. સાત વર્ષે જાતિસ્મરણ થયું હતું. સાત વર્ષથી પૂર્વ ભવનું જ્ઞાન હતું. પછી આગળ વધી ગયા. 'સકળ જગત છે એંઠવત,' એંઠ સમજ્યા? જૂઠા. અનંતવાર બધા પદાર્થ આવી છૂટી ગયા, આવીને છૂટી ગયા. બધા પદાર્થ એંઠ છે. સુંદર શરીર, લાડવા, દાળ, ભાત, શાક, મકાન આદિ બધી વસ્તુ મારી પાસે અનંતવાર આવી ગઈ અને એના નિમિત્તે રાગથી મેં રાગનો ભોગવટો કર્યો. એ વસ્તુઓ અનંતવાર આવી ગઈ અને છૂટી ગઈ. એ મારી વસ્તુ છે જ નહિ. આહાહા..!

'સકળ જગત છે એંઠવત અથવા સ્વપ્ન સમાન' સ્વપ્નમાં દેખાય, સુખડી ખાધી, ભૂખ ભાંગી ને આમ રાજ હતું. ખમ્મા અન્નદાતા! આંખ ઉઘડી ત્યાં ભિખારી ને ભિખારી. કોઈ ભિખારી હતો એને ઉંઘ આવી ગઈ. પેટમાં થોડી સુખડી ખાધી પછી આકરી ઊંઘ આવી ગઈ. નિદ્રામાં જોવે છે, ઓહો..! પકવાન આવ્યા છે. હું રાજા છું, પંખા નાખે છે, હું સૂતો

છું, મલમલ ઓઢ્યું છે... (આંખ ઉઘડી ગઈ). કાંઈ ન મળે. કોઈકે રાડ નાખી. ક્યાં ગયું આ બધું? ક્યાં હતું પણ? તારી મનોસૃષ્ટીની કલ્પના હતી, સ્વરૂપ નહોતું.

એમ સમ્યગ્દૃષ્ટિ આખા જગતને સ્વપ્નજાળ સમાન, ઇન્દ્રજાળ સમાન માને છે. આહાહા..! આવો જ બધો પ્રકાર છે. ક્ષણમાં ખલાસ થઈ જાય. ઓહો..! પચાસ-પચાસ માણસ ને એક કરોડપતિ નહોતો? બિહારમાં નહોતો ધરતીકંપ થયો હતો? બિહારમાં ધરતીકંપ થયો હતો. કરોડપતિ હતો. બહાર ઘોડાગાડી લઈને ફરવા ગયો. ત્યાં ધરતીકંપ થયો. એ પોતે તો બહાર ગયો હતો. આવ્યો ત્યારે કુટુંબ નહિ, કબીલા નહિ, બધું ખલાસ. એની પાસે આઠ હજાર રૂપિયા રહી ગયા હતા એટલા રહ્યા. મકાન ને કુટુંબ ને પૈસા બધું (ગયું). આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા બીજો પણ એક આવ્યો હતો. મોટો કરોડપતિ. અહીંયા બે લાખ આપ્યા હતા. 'જામનગર' માં કોઈક વિનય પંથ છે. શું કહેવાય? પ્રાણાયામ. એવો એક પંથ છે. એનો ભગત હતો. બે લાખ આપ્યા હતા. મોટો કરોડપતિ. ખલાસ થઈ ગયો, રોટલા ખાવા માટે મળે નહિ. જામનગર. કરોડપતિ ત્યાં ભાષણ આપતો હતો. ભાષણ આપતા આપતા ખલાસ થઈ ગયો. દેહ છૂટી ગયો. ઓહો..! ઘડીકમાં રાજા, ઘડીકમાં રંક. શું છે? સ્વપ્નજાળ, ઇન્દ્રજાળ છે.

સમ્યગ્દૃષ્ટિ '**સમસ્ત સંસારકો ઇન્દ્રજાલકે સમાન...**' (જાણે છે). દીકરો થયો, દીકરી થઈ, જમાઈ થયા... ઇન્દ્રજાળ છે. શું થયું? મારામાં શું આવ્યું? પણ એ વખતે ચોંટી જાય છે ને! 'મલૂપચંદભાઈ'! એમાં ને એમાં ફૂ થઈ જાય. હમણાં આમ કરશું, પછી આમ થશે, પછી આમ થશે, પછી નિવૃત્તિ લઈશું. જાય નિવૃત્તિમાં મરે..! આ ભવ છોડીને બીજા ભવમાં (જાય). કોઈ દિ' સારો ભવ પણ મળે નહિ. આહાહા..! ભારે ભ્રમજાળ! એ ભ્રમણા પણ ભ્રમણા..!

'**આત્મસ્વરૂપકી પ્રાપ્તિકે લિયે અભિલાષા કરતા હૈ.**' જુઓ! ધર્મી તો અંદરની અભિલાષા કરે છે. પોતાના સ્વરૂપની અભિલાષા કરે છે. '**તથા યદિ કિસી અન્ય વિષયમેં ઉલજ જાતા,...**' ક્યારેક વિકલ્પ આવી જાય છે, પર તરફ લક્ષ જાય છે '**તો પશ્ચાતાપ કરે છે.**' જુઓ! '**अनुतप्यते**' અરે..! હું ક્યાં ગયો? મારા સ્વરૂપને છોડીને આ શું વિકલ્પ થયો? હું ક્યાં ફસાઈ ગયો? રાગ આવે છે તો ફસાઈ ગયો જાણીને પશ્ચાતાપ કરે છે. આહા..! ભારે વાત, ભાઈ! આવો ધર્મ? આ બધા તો લહેર કરે છે. પાંચ સામાયિક ને આઠ સામાયિક (કરી) ને આમ કર્યું, શું કહે છે કાંઈક? પંચરંગી. આમ કર્યું ને તેમ કર્યું. પછી આ બધા શેઠિયાઓ પૈસા આપે. રૂપિયો, બે રૂપિયા ને પાંચ રૂપિયા (આપે). બસ! થઈ ગયો ધર્મ. આને પણ ધર્મ અને પેલાને પણ ધર્મ (થઈ ગયો). ધૂળમાંય ધર્મ નથી. મિથ્યાત્વનું પોષણ કરે છે. સમજાય છે કાંઈ?

અહીંયા કહે છે, સમ્યગ્દૃષ્ટિ કદાચિત્ કોઈ કામમાં ઉલજી જાય. મોટા રાજા હોય અને પ્રવૃત્તિમાં લક્ષ આવી જાય તો પશ્ચાતાપ થાય છે. અરે..! મારા ઘરમાંથી હું આટલો બહાર નીકળ્યો. શાસ્ત્રમાં તો કહે છે, બુદ્ધિ શાસ્ત્રમાં જાય તોપણ વ્યભિચારીણી છે. પોતાના ઘરમાંથી નીકળી (બહાર જાય છે). છે ભલે શુભભાવ પણ વ્યભિચારી છે. સ્વઘર છોડી ન્યાં ગઈ. આહાહા..! એનો અર્થ ઊંધો કરે છે.

**'પશ્ચાતાપ કરે છે.'** ધર્માત્મા એ રીતે કંઈક પરમાં લાગી જાય તો પશ્ચાતાપ કરે છે, દુઃખ થાય છે. અરે..! આ શું? મારી વસ્તુમાંથી હટીને (હું બહાર ગયો), મારે વૃદ્ધિ કરવી જોઈએ ને આ શું આવ્યું? એમ ધર્મીને દુઃખ અને પશ્ચાતાપ થાય છે. એને અંતરમાં ધર્મની વૃદ્ધિ થાય છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૪૯૨, જેઠ સુદ ૨, રવિવાર**
**તા. ૨૨-૦૫-૧૯૬૬**
**ગાથા–૩૯, ૪૦ પ્રવચન નં. ૪૪**

'ઇષ્ટોપદેશ' ૩૯ ગાથા ચાલે છે. એનો વિશદાર્થ. વિશદાર્થ છે ને? ફરીને અર્થ લઈએ.

**અર્થ :– 'યોગી...'** નામ ધર્મીજીવ એવો હોય છે કે **'સમસ્ત સંસારકો ઇન્દ્રજાલકે સમાન સમજતા હૈ.'** પોતાના આત્મા સિવાય પરપદાર્થમાં ઉપેક્ષણબુદ્ધિ ધર્મીની થઈ જાય છે. પોતાના આત્મા સિવાય પરપદાર્થનું લેવું-દેવું, ગ્રહણ-ત્યાગ સ્વપ્નમાં પણ એ કરી શકતો નથી. સમજાય છે કાંઈ? **'સમસ્ત સંસારકો ઇન્દ્રજાલકે સમાન સમજતા હૈ.'** ખુલાસો વિશદાર્થમાં આવશે.

**'આત્મસ્વરૂપકી પ્રાપ્તિકે લિયે અભિલાષા કરતા હૈ.'** પોતા સિવાય આખી દુનિયા ઉપેક્ષણીય છે, એમાં જે થાય છે તે મારાથી થતું નથી. શરીરમાં, વાણીમાં, કુટુંબમાં, મકાનમાં, પૈસામાં, આબરૂમાં આવવું-જવું એ બધી જડની અવસ્થા તેને કારણે, પરથી થાય છે. જ્ઞાની એમાં પોતાનો અધિકાર માનતા નથી. અજ્ઞાની માને એટલું પણ એનાથી કંઈ થઈ શકતું નથી. સમજાય છે કાંઈ? ઇન્દ્રજાલ સમાન (માને છે). જેમ ઇન્દ્રજાળ કોઈ વસ્તુ નથી, ઇન્દ્રજાળ કોઈ વસ્તુ જ નથી, એમ પોતા સિવાય બાહ્ય વસ્તુઓ પોતાની અપેક્ષાએ અવસ્તુ છે. એના ગ્રહણ-ત્યાગ, છોડું-મૂકું, લઉં-દઉં એ વિષય બુદ્ધિનો નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– ઇન્દ્રજાળનું સ્વરૂપ શું?

ઉત્તર :– ઇન્દ્રજાળ એટલે આ ખોટું દેખાય ઇ. હોય નહિ ને ખોટું બતાવે. એમ પર વસ્તુનું આવવું-જવું પોતાથી નથી. ખોટી બુદ્ધિ એને એમ માને છે કે હું આમ બોલ્યો, મેં શરીર ચલાવ્યું, મેં દયા પાળી, પરની હિંસા કરી, પરનું આમ કર્યું એ બધી મિથ્યાદૃષ્ટિ (છે). એની બુદ્ધિનો, જ્ઞાનનો એ વિષય નથી. એવી વસ્તુ એની બુદ્ધિના વિષયમાં લેવું-દેવું,

છોડવું-મૂકવું એ છે જ નહિ. અજ્ઞાની પોતાની બુદ્ધિને વિપરીત બનાવીને મેં પરનું ગ્રહણ કર્યું, દયા પાળું છું, હિંસા કરું છું, પરવસ્તુની હું રક્ષા કરું છું, એવી બુદ્ધિ અજ્ઞાની મિથ્યાદષ્ટિ કરે છે. સમજાય છે કાંઈ? જ્ઞાનીની એવી બુદ્ધિ નથી.

નિજ આત્મ સ્વરૂપ... અહીંયા બે વાત લીધી છે. પોતા સિવાય બધી વસ્તુઓ આવો-જાવો, રહો, ટકો, નાશ પામો એમાં પોતાનો કોઈ અધિકાર નથી. એનાથી હટીને ઉપેક્ષણ કરીને પોતાનો આત્મા આનંદ, જ્ઞાયક સ્વરૂપ છે એના સ્વરૂપની પ્રાપ્તિ અર્થે પ્રયત્ન કરે છે. સમજાય છે કાંઈ? કેમકે સ્વરૂપ અંતર પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે. અંતરનું સ્વરૂપ પુરુષાર્થથી પ્રાપ્ત થાય છે. બહારની કોઈ વસ્તુનો પુરુષાર્થથી ગ્રહણ-ત્યાગ થતો નથી. સમજાય છે કાંઈ?

**'તથા યદિ કિસી અન્ય વિષયમેં ઉલઝ જાતા,...'** હૈ. ધર્મીજીવને (સ્વરૂપ) દષ્ટિ હોવા છતાં અસ્થિરતાને કારણે કદાચિત્ કોઈ રાગાદિમાં પરમાં લાગી જાય તો **'પશ્ચાતાપ કરતા હૈ.'** અરે..! આ શું થયું? આ રાગથી શું થયું? હું પરનું તો કાંઈ કરી શકતો નથી. સમજાય છે કાંઈ? બધા આગળ આવો થોડા થોડા નજીક નજીક. એ સોગનચંદજી પાછળથી આવ્યા છે ને કેમ પાછળ બેઠા? આ ગાથા 'પૂજ્યપાદસ્વામી' એવી રીતે લે છે કે આત્માર્થી છે,.. આગળ યોગપરાયણ કહેશે ને? એ પોતાના આત્મા સિવાય કોઈ રજકણમાત્ર કે બીજો કોઈ આત્મા, પોતાથી ત્યાં ટકે છે કે પોતાથી દૂર થાય છે કે પોતાથી નજીક આવે છે એવો આત્માનો વિષય છે જ નહિ. એ વસ્તુ જ એવી નથી. સમજાય છે કાંઈ? એમ પરથી ઉપેક્ષણ કરીને પોતાની અપેક્ષા કરે છે. આમ ગુલાંટ ખાયને વાત કરી છે.

ભગવાનઆત્મા હું જ્ઞાન, આનંદ શુદ્ધ સ્વરૂપ છું. એમ અંતરમાં એકાગ્ર થઈને અંતરની પ્રાપ્તિ, આત્માના અનુભવની પ્રાપ્તિનો પ્રયત્ન કરે છે. કહો, સમજાય છે કાંઈ? થોડો એવો વિકલ્પ આવી જાય તો પશ્ચાતાપ થાય છે. અરે..! શું થયું? એનાથી મને લાભ નથી. આ શું થયું? મારાથી પરમાં તો કોઈ લાભ-અલાભ નથી. મારાથી પરમાં કંઈ લાભ-અલાભ નથી. અને પરથી મારામાં કંઈ લાભ-અલાભ નથી એવો નિર્ણય તો પહેલા કરી લીધો છે. તેથી પોતા સિવાય અનંત જીવ, અજીવમાં ઉપેક્ષાબુદ્ધિ (થઈ ગઈ છે). ગ્રહણ-ત્યાગનો વિષય નથી એમ થઈ ગયું છું. સમજાય છે કાંઈ? ઓહો..! ટુંકામાં ઘણું ભરી દીધું છે.

અહીં તો એ કહે છે કે, આ જીવને હું બચાવી શકું છું, મારી શકું છું, રક્ષા કરી શકું છું. એવી કોઈ વસ્તુ જ તારી બુદ્ધિના વિષયમાં નથી. સમજાય છે કાંઈ? પંડિતજી! શું પરજીવને આત્મા બચાવી શકે છે કે નહિ? બચાવી શકે છે એમ ન કહ્યું. એને આધીન નથી, એમ કહ્યું. બરાબર કહ્યું. સમજાય છે કાંઈ? પંડિતજી ઠીક આવ્યા છે, વૃદ્ધ છે વૃદ્ધ. આ અંતરની વાત સમજવા જેવી વસ્તુ છે. 'સોગનચંદજી'! અહીં તો પરનું કંઈ કરી શકતો નથી, એમ કહે છે. આ તો કહે, દયા પાળો, બેસી જાઓ, ચાલો, આમ જત્નાથી ચાલો. એ ક્રિયા આત્માથી થતી જ નથી, એમ કહે છે. જત્નાથી શરીરને ચલાવો, જત્નાથી બોલો

અને પરની આમ સંભાળ કરો, ભાઈ! પોતાના શિષ્યની, શાસ્ત્રની, પરવસ્તુની (રક્ષા કરો). એનું સંરક્ષણ ન થાય તો તેનો ત્યાગ કરી દો, છોડી દો. કહે છે, પરનો ત્યાગ-ગ્રહણ આત્મામાં છે જ નહિ. આહાહા..!

**વિશદાર્થ :– 'શ્લોક નં. ૪૨ મેં કહે ગયે...'** આગળ ૪૨ આવશે. યોગી યોગ પરાયણ, આગળ આવશે. **'શબ્દકો અન્ત્યદીપક હોનેસે સભી...' 'निशामयति स्पृहयति' 'આદિ ક્રિયાપદોંકે સાથ લગાના ચાહિયે.'** શું કહે છે? યોગ પરાયણ જીવ પોતાના આત્માને પ્રાપ્ત કરે છે અને પરની ઉપેક્ષા કરી શકે છે. એમ બધામાં લઈ લેવું. સમજાય છે કાંઈ? આત્મા, પોતાના શુદ્ધ ચૈતન્યની એકાગ્રતામાં તત્પર આત્મા, પોતાનો શુદ્ધ સ્વભાવ છે એની દૃષ્ટિમાં અને એની એકાગ્રતા કરવામાં તત્પર પ્રાણી **'निशामयति स्पृहयति'**. એ બધી ક્રિયાનો યોગ પરાયણ આમ કરે છે, યોગ પરાયણ આમ કરે છે.

**'સ્વાત્મ-સંવેદન કરનેમેં જિસે આનન્દ આયા કરતા હૈ,...'** જુઓ! જેને, આત્મા આનંદસ્વરૂપ છે એવી દૃષ્ટિ થઈ છે, પુણ્ય-પાપમાં આનંદ નથી, પર પદાર્થમાં આનંદ નથી અર્થાત્ પર પદાર્થમાં મારો ધર્મ નથી, પુણ્ય-પાપમાં મારો ધર્મ નથી, મારી પર્યાયમાં મારો ધર્મ અને આનંદ છે (એમ માને છે). સમજાય છે કાંઈ? **'ઐસા યોગી, ચર, અચર, સ્થાવર, જંગમરૂપ સમસ્ત...'** ચર-અચરની વ્યાખ્યા કરી છે. મૂળ તો ચરાચર છે. પછી સ્થાવર અને જંગમની વ્યાખ્યા કરી છે. આ જગતમાં વસ્તુ ગતિવાન હો કે સ્થિર હો, **'સમસ્ત બાહિરી વસ્તુ-સમૂહકો ત્યાગ ઔર ગ્રહણ વિષયક બુદ્ધિકા વિષય હોનેસે...'** સમજાય છે કાંઈ? પોતાના આત્મા સિવાય કોઈપણ એક રજકણ કે કોઈ આત્મા, હું એનું ગ્રહણ એટલે રક્ષા કરું છું કે પકડી શકું છું કે છોડી શકું છું, એમ બુદ્ધિનો વિષય જ નથી. સમજાય છે કાંઈ? શું કહ્યું? બીજાને હું ભણાવી શકું છું, એ બુદ્ધિનો વિષય નથી, એમ કહે છે. આહાહા..!

મુમુક્ષુ :– એવું હોય તો એવી બુદ્ધિનું નામ શું?

ઉત્તર :– મિથ્યાબુદ્ધિ. જે વિષય નથી એને વિષય માનનો એ મિથ્યાબુદ્ધિ છે. વિષય તો છે નહિ. સમજાય છે કાંઈ? હું પરને ભણાવી શકું છું અને પરની હું રક્ષા કરી શકું છું, હું શાસ્ત્રની સંભાળ કરી શકું છું, મારી સાવધાનીથી પરમાં કંઈક વ્યવસ્થા રહે છે એમ માનવું એ મિથ્યાદૃષ્ટિનો ભ્રમ છે. આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– બુદ્ધિનો વિષય છે જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! અરે..! આ જોતો નથી કે શું છે? પેલો કહે છે કે, પરનો કર્તા ન હોય તો દિગંબર જૈન નહિ. એ..ય..! 'હેમરાજજી'! પંડિતજી કહેતા હતા, 'રતનચંદજી' ... અરે..! ભગવાન! અહીં તો કહે છે, પ્રભુ! જે આત્માની દૃષ્ટિ સમ્યક્ થઈ છે અને આત્માના શ્રદ્ધા-જ્ઞાન યથાર્થ થયા છે તો એ એમ જ માને છે કે મારી સિવાય કોઈ પર પદાર્થને ઊંચા-નીચા કરવા, દૂર કરવા,

હટાવવા, નજીક લાવવા એ મારી બુદ્ધિનો, મારા પ્રયત્નનો વિષય જ નથી. ભાઈ! આહાહા..! અંદર પાઠમાં થોડો ફેર છે ને એટલે પંડિતજીને પૂછ્યું હતું. પેલો પાઠ છે ને અંદર? **'हानोपादानबुद्धिविषयत्वाद्'** ન્યાં 'અ' નાખી દેવો. વાત તો આ બરાબર છે. અર્થ બરાબર લે છે. સમજાય છે કાંઈ? એ આપણે આવે છે ને? 'બંધ અધિકાર'માં આવે છે. એ વિષય નથી, એવું આવે છે. 'બંધ અધિકાર'માં આવે છે. પરને મારવું, જીવાડવું, સુખ દેવું, દુઃખ દેવું... સમજાય છે કાંઈ? એ કોઈ વસ્તુ બુદ્ધિનો, શ્રદ્ધા-જ્ઞાનનો વિષય જ નથી, એ પ્રયત્નનો વિષય જ નથી. કેમકે એ પ્રયત્નથી થતું જ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! શ્વાસનું લેવું-દેવું એ પોતાના પ્રયત્નનો, જ્ઞાનનો વિષય જ નથી. કેમકે એ તો એને કારણે થાય છે. એમાં તારું જ્ઞાન એ કરી શકે છે, એમ છે જ નહિ. સમજાય છે કાંઈ?

તાર સિવાય અનંત પરપદાર્થ છે એ પોતાને કારણે ઉત્પાદ-વ્યયથી પરિણમી રહ્યા છે તો એમાં તારો અધિકાર કિંચિત્ બિલકુલ નથી. કહો, એમાં આવે છે? એમાંથી નીકળે છે? પાઠમાં એમ છે કે નહિ? શું નામ છે તમારું? 'શિખરચંદજી'! એમાં છે કે નહિ? જુઓ! છે? પંડિતજી! છે એમાં? જુઓ! બુદ્ધિનો વિષય નથી.

**'બાહિરી વસ્તુ-સમૂહ...'** સમૂહ એટલે બધા આત્મા અને પરમાણુ. તારા આત્મા સિવાય બાહ્ય પરમાણુ અને જીવ, **'ત્યાગ ઔર ગ્રહણ વિષયક બુદ્ધિકા અવિષય હોનેસે અવશ્ય ઉપેક્ષણીય રૂપ ઇન્દ્રજાલિયાકે દ્વારા દિખલાયે હુએ સર્પ, હાર આદિ પદાર્થોંકે સમૂહકે સમાન દેખતા હૈ.'** ઇન્દ્રજાળમાં સર્પ અને હાર દેખાય છે. આ સર્પ છોડી દો. સર્પ અને હાર છોડી દો. સમજાય છે કાંઈ? ઇન્દ્રજાળમાં સર્પને છોડી દો અને હારને ગ્રહણ કરો, પણ ઇન્દ્રજાળમાં સર્પ અને હાર છે જ નહિ. એ તો મફત કલ્પના દેખાય છે. સમજાય છે કાંઈ? નથી સર્પ, નથી હાર. કોનો ત્યાગ-ગ્રહણ કરે? આહાહા..! ગાથા...!

ભગવાનઆત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ, એની દૃષ્ટિ અને એમાં યોગ પરાયણ, પોતામાં તત્પર રહેવાની ઇચ્છા છે, અભિલાષા છે એને જે નથી બનતું એને બનાવવાનો વિષય શા માટે બનાવે? કહો, 'સોગનચંદજી'! આ બહુ કઠણ વાત છે. બધા કહે છે, એટલું તો કરવું પડે ને? એટલું તો કરવું પડે ને? આટલું તો કરવું પડે ને? લ્યો! આપણે સમુદાયમાં રહીએ છીએ તો શ્રાવકે આટલું રાખવું પડે. સમજાય છે કાંઈ? જ્યાં જ્યાં આપણો સંપ્રદાય છે ત્યાં ત્યાં ચોમાસુ રહીએ તો વ્યવસ્થા જળવાય નહિ તો રહે નહિ. એ..ય..! મૂઢ છે, કહે છે. તારી દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ છે. કેમ, 'ધન્નાલાલજી'! આહાહા..! અમે જે બીજડા વાવ્યા છે એને થોડું પોષણ આપવા જવું પડે. અમે સાધુ છીએ, ત્યાગી છીએ તો બીજ વાવ્યું છે (એ સરખું રહે). એ જૂઠ છે, તેં પરમાં બીજ વાવ્યું છે, એ વાત ખોટી છે. એ વાવી શકે નહિ. પરમાં તું કરી શકે છે એ વાત જ ખોટી છે. અને છે તો એની રક્ષા કરવી, સંભાળ કરવી, વર્ષે વર્ષે જાવું, ચોમાસુ કરી શકે... મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે, કહે છે. પરવસ્તુમાં

રક્ષા થવી, ટકવું, જાવું એ તારો વિષય જ નથી. ઓહોહો..! કહો, શું હશે આમાં? ‘છગનભાઈ’! આ કાર્યકર્તાઓ તો બધા કરતા હશે કે નહિ?

મુમુક્ષુ :– રાગ કરે છે.

ઉત્તર :– રાગ કરે તો એ રાગનો વિષય છે કે બની જાય? આ કપડા પહેરવા, ટોપી ઓઢવી, ટોપી છોડવી એ કહે છે કે તારી બુદ્ધિનો વિષય નથી. એમ કહે છે.

મુમુક્ષુ :– પહેરવી કે ન પહેરવી?

ઉત્તર :– પહેરે કોણ? એ તો કહે છે. એને કારણે આવે, જાય એમાં તારી બુદ્ધિ કહે કે હું પહેરું ને છોડું, એ ઇચ્છા કરવી કે છોડું એમ માનવું એ દૃષ્ટિ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કોણ કપડા ઉતારે છે? .. આહાહા..!

અરે..! ભગવાન! ભાઈ! તું છે અને બીજા છે કે નહિ? તો છે તો બીજામાં એના ઉત્પાદ-વ્યયની પર્યાય થાય છે કે નહિ? એમાં ઉત્પાદ-વ્યયની પર્યાય થાય છે એમાં તું ઉત્પાદ કર, રક્ષા કર અને ધ્વંસ કરો, જીવન કરો, મરણ કરો, રક્ષા કરો એ ક્યાંથી આવ્યું? સમજાય છે કાંઈ? આહાહા..! આટલા પુસ્તક બનાવું તો પુસ્તક રહે તો દુનિયામાં જ્ઞાન રહે. કહે છે કે, એ બુદ્ધિનો વિષય જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? બહારની વસ્તુનું રહેવું, પલટવું, વ્યય થવું, ધ્વંસ થવું એ બધું એ પદાર્થની પોતાની સ્વતંત્ર અવસ્થાથી થાય છે.

મુમુક્ષુ :– યોગીને બુદ્ધિનો વિષય નથી.

ઉત્તર :– યોગી નામ ધર્મી. યોગી એટલે શું?

મુમુક્ષુ :– અજ્ઞાનીનો વિષય છે ને, એમ કહે છે.

ઉત્તર :– અજ્ઞાનીનો વિષય છે જ નહિ, માને છે માટે અજ્ઞાની છે. તેથી તો કહ્યું, વિષય નથી. વિષય માન્યો છે કે હું આમ બનાવું, છોડું, નાશ કરું, આમ ટકાવું, આમ વ્યવસ્થા રહે, સંભાળ કરું એવી બુદ્ધિનો વિષય જ નથી. એને કારણે રહે છે, ટકે છે, નાશ પામે છે. મૂઢ મિથ્યાદૃષ્ટિથી માને છે (કે મારાથી રહે છે). સમજાય છે કાંઈ? કહો, પંડિતજી! બરાબર છે?

મુમુક્ષુ :– બે ક્રિયા થઈ જાય છે.

ઉત્તર :– ... બરાબર છે. કહે છે, ઠીક કહે છે પંડિતજી. બે ક્રિયા થઈ જાય છે. પરની ક્રિયા આત્મા કરે અને પોતાની ક્રિયા આત્મા કરે એમ બે ક્રિયા થઈ જાય છે. બરાબર છે. સમજાય છે કાંઈ? આવા ઘરડા હોય તો ઠીક, તો કાંઈક હલે. આ બધા ઊંધા મારે છે. સમજાય છે કાંઈ?

ભગવાન! અહીં તો કહે છે, પ્રભુ! તારી વસ્તુ જ પરથી તદ્દન ભિન્ન છે. આ કર્મને બાંધવા અને છોડવા એ તારી બુદ્ધિનો વિષય નથી. સમજાય છે કાંઈ? રાગ ગ્રહણ કરવો

અને રાગ છોડવો એ પણ તારી વસ્તુમાં નથી. આહાહા..! સમજાય છે કાંઈ? શું ગ્રહણ કરે?

કહે છે, ધર્મીજીવ, યોગી શબ્દે ધર્મી. યોગી એટલે પેલા બાવાની વાત અહીંયા નથી. આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવે આ આત્મા જોયો છે. એ આત્મા પૂર્ણ શુદ્ધ આનંદકંદ છે અને પુણ્ય-પાપનો રાગ આસ્રવતત્ત્વ ભિન્ન છે. દેહ આદિ પર તદ્દન ભિન્ન છે. અહીં તો (એકકોર) રાગાદિ પર વસ્તુ અને એકકોર ભગવાનઆત્મા. પોતાના આત્માની જ્ઞાનબુદ્ધિ, શ્રદ્ધાબુદ્ધિ, આત્માની દૃષ્ટિ, યોગ પરાયણ થઈ એને અંદર એવી ઉપેક્ષા થઈ જાય છે. થવું હોય તે થાય, મારાથી થતું નથી. જાવું હોય તો જાઓ, મારાથી રહેતું નથી.

મુમુક્ષુ :– અલૌકિક વાત છે.

ઉત્તર :– આ જ સ્વરૂપ છે. આહાહા..! જ્યાં-ત્યાં અભિમાન.. અભિમાન.. અભિમાન (કરે). ઇષ્ટોપદેશમાં આ ઇષ્ટોપદેશ છે. આનું નામ પ્રિય ઉપદેશ છે. શેઠ! હિતકારી ઉપદેશ છે કે પોતાના આત્મા સિવાય પરપદાર્થનું કિંચિત્ (કરી શકતો નથી). આ આંખની પાંપણ આમ કરવી એ પોતાનો વિષય જ નથી. હોઠ હલાવવા, પગ હલાવવા, આમ ચાલવું.. સમજાય છે કાંઈ? બરાબર દબાવીને ચાલવું, પગ આમ કરવું. ભિક્ષા માટે જાય તો પગને ઊંચા લેવા. એમ ચરણાનુયોગના શાસ્ત્રમાં વ્યવહારની આજ્ઞા છે. અહીં ના પાડે છે. એ તો પ્રમાદના ભાવનો નિષધ કરવા એ બતાવ્યું છે. અહીંયા કહે છે, પગને આમ ઉપાડવો અને આમ રાખવો એ તારી બુદ્ધિનો વિષય, પ્રયત્નનું કાર્ય જ નથી. તારો પ્રયત્ન ત્યાં લાગુ પડતો જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ મંદિર બનાવવા, મંદિરમાં બરાબર ધ્યાન રાખવું, એક ચોકીદાર રાખવો નહિતર પૈસા લઈ જાય, આમ થઈ જાય. એ.. 'મોહનભાઈ'! તમારે ન્યાં કરવું પડતું હશે કે નહિ? 'મોરબી'. ચોકીદાર મોઢા આગળ રાખવો. ચોકીદાર સાચો ન હોય તો એક પત્થરનો રાખવો, આમ લાકડી રાખીને. રાત્રે એમ દેખાય કે કોઈ ચોકીદાર ઊભો છે. એમ પરની રક્ષા કરવાનો વિકલ્પ એ તારી મિથ્યાબુદ્ધિ છે. આહાહા..! ભારે ભાઈ! ગૃહસ્થાશ્રમમાં આવું ચાલે? અહીં તો ગૃહસ્થાશ્રમમાં પણ યોગી, સમકિતી આમ માને છે, એમ કહે છે. સમજાય છે કાંઈ?

**'ચર, અચર, સ્થાવર, જંગમ...'** સ્થિર હોય કે ગતિ કરતા હોય, જડ હો કે ચેતન, **'સમસ્ત બાહિરી વસ્તુ...'** બાહિર એટલે તારી સિવાય બહારની વસ્તુઓ. **'વસ્તુ-સમૂહ..'** બધી (વસ્તુઓ). **'ત્યાગ ઔર ગ્રહણ વિષયક બુદ્ધિકા અવિષય હોનેસે...'** તારાથી કોઈ ત્યાગ-ગ્રહણ થઈ શકતા નથી. તેથી **'અવશ્ય ઉપેક્ષણીય...'** છે. એ તો ઉપેક્ષા કરવાલાયક છે. આહાહા..! કહો, 'કસ્તૂરચંદભાઈ'! આ મિલ-બિલનું શું કરવું આ બધું? મિલનું ધ્યાન રાખે, ... કપડા ફાટી ન જાય, તૂટી ન જાય એમ ધ્યાન રાખે. દોરા લગાવે, સાંધે. લ્યો! ત્યાં 'લાલચંદભાઈ'ને મોટી ત્રણ કરોડની મિલ છે ને? 'ઉજ્જૈન'. ત્યાં ગયા હતા. શેઠ લઈ ગયા

હતા. હવે ગુજરી ગયા. માણસ વિના ચાલે, હોં! એક માણસ ક્યાંક ક્યાંક હોય. બધું કામ ત્રણ કરોડનું. હિન્દુસ્તાનમાં ક્યાંય નથી. એની મેળાએ ચાલે છે. કીધું, આ એની મેળાએ ચાલે છે. ક્યાંક દોરો તૂટી જાય તો એક માણસ ઉભો હોય એ જરી સાંધી દે. દોરો તૂટી જાય તો આખું બંધ થઈ જાય. એ ઉપેક્ષણીય છે, તારાથી થાય છે એ વાત નથી. આહાહા..! 'મલૂપચંદભાઈ'! તમારે કરવાનું છે એટલે આ કરી શકાય નહીં માટે. કહો, સમજાય છે કાંઈ? ઓહોહો..!

મુમુક્ષુ :– સમાધાન તો થાય નહીં.

ઉત્તર :– આ સમાધાન. વસ્તુની સ્થિતિ એવી છે કે પરની એક પણ પર્યાય, રજકણ કે આત્માની, પોતાથી શ્રદ્ધાથી, જ્ઞાનથી, વીર્યથી, રાગથી થતી નથી. સ્વભાવની પર્યાયથી પણ થતી નથી અને વિભાવની પર્યાયથી પણ પરમાં કંઈ થતું નથી. સમજાય છે કાંઈ? આહાહા..! આખી બુદ્ધિ સંકેલી લીધી.

**'ઇન્દ્રજાલિયાકે દ્વાર દિખલાયે હુએ સર્પ હાર આદિ પદાર્થોંકે સમૂહકે સમાન દેખતા હૈ.'** ઇન્દ્રજાળનો સર્પ કેમ છોડવો? અને ઇન્દ્રજાળનો હાર કેમ ગળામાં નાખવો? ઇન્દ્રજાળમાં હાર ને સર્પ દેખાય છે ને? ભાઈ! સર્પ છોડી દો. પણ ત્યાં સર્પ છે જ નહિ. મફતનો ક્યાં રાડ નાખે છે. હાર બનાવ્યો. લાવો, હાર પહેરીએ. શું પહેરે? હાર જ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! આંખની એક પાંપણ પણ ફેરવવી એ તારી બુદ્ધિનું, પ્રયત્નનું, જ્ઞાનનું, શ્રદ્ધાનું, પુરુષાર્થનું કાર્ય છે જ નહિ. એ તો એનાથી સ્વતંત્ર થાય છે. 'સોગનચંદજી'! ઝીણું સૂક્ષ્મ છે. આ વીતરાગ માર્ગ છે. બાકી ગપ માર્યા હોય એ વીતરાગ માર્ગ નહિ. ગપ સમજ્યા? ઊલટું કહ્યું હોય ઇ. આમ કરો, પરની રક્ષા (કરો). 'રતનચંદજી' બિચારા રાડ પાડે છે ને? એ..ય..! પરની દયા... કાલે ઇ આવ્યું હતું. પરની દયાના બહુ દાખલા (આપ્યા છે). 'ફૂલચંદજી' કહે, લાખ દાખલા લાવ ને! એવા તો દાખલા ઘણા છે. કઈ અપેક્ષાથી કથન છે એ સમજ્યા વિના? એ તો રાગ કાળે પર જીવ બચી ગયો તો એણે બચાવ્યો એમ કહેવામાં આવ્યું છે. થાય છે શું? ધૂળમાં થાય છે? એ પર્યાય એનાથી થઈ એમાં તારાથી ક્યાં થઈ? આહાહા..! દયામાં તો તારી હિંસા થાય છે. હું પરનું કરું, એમાં તારી હિંસા થાય છે. તારી દયા રહેતી નથી, સાંભળ તો ખરો. આહાહા..!

મુમુક્ષુ :– જીવદયા સંસ્થા ચાલે છે.

ઉત્તર :– ઘણી સંસ્થા છે ને, ભાઈ! એ તો એના કારણે ચાલે છે. શું પોતાથી ચાલે છે? એક જણાએ પ્રશ્ન કર્યો હતો, આટલા આટલા પાંજરાપોળ છે કેટલા બોકડા તૈયાર કર્યા? લાવો, બતાવો. એ.. 'ભગવાનભાઈ'! પેલા મહાજન. બોકડાને અત્યાર સુધી દૂધ પાયું ને? અત્યાર સુધી કેટલા બોકડા બચાવ્યા? બધા મરી જાય છે. એની આયુષ્ય સ્થિતિ પૂરી થાય એમાં બચાવે કોણ? આટલા આટલા પાંજરાપોળ થયા સેંકડોવર્ષથી છે, કેટલા બોકડા થયા?

ન્યાંથી કેટલા ...? એ બોકડાને પાળીને કેટલા વેંચ્યા અને કેટલા પૈસા આવ્યા? અમને ખબર છે ને! 'ગારિયાધાર'માં ખબર હતી. વારો આવતો ને? મોદીને ન્યાં. હું સાથે જાતો. આમ પરાણે પરાણે દૂધ નાખે. આમાં એકેકે બચે એવું નથી. બોકડા સમજો છો? બોકડા નથી સમજતા? બકરીનો બાપ પાંજરાપોળમાં નથી કરતા? બકરીના નાના બચ્ચાને દૂધ પાય. કરવું કે નહિ? એ પ્રશ્ન જ અહીંયા નથી. કરી શકતો નથી પછી કરવું કે છોડવું એ વાત જ નથી. અહીં ઉપાદાન જ નથી. આહાહા..!

હું આટલો આહાર છોડી દઉં અને હું આટલો આહાર ગ્રહણ કરું. કહે છે, તારી બુદ્ધિના વિષયમાં એ વસ્તુ જ નથી. તારે કોને ગ્રહણ કરવું છે? હું નિર્દોષ આહાર લઉં, સદોષ છોડું. શું છે? છોડવું, ગ્રહવું તારી બુદ્ધિનો, પ્રયત્નનો વિષય છે? એને કારણે આવે છે, એને કારણે જાય છે. સમજાય છે કાંઈ? આ તો ત્યાગી લોકો પણ ભ્રમમાં પડ્યા છે. મેં આમ છોડી દીધું. છોડી દીધું શું? ધર્મ. હું જ્ઞાતા-દૃષ્ટા છું એ ધર્મ છોડી દીધો. મેં પરને છોડી દીધું, આમ છોડી દીધું, જુઓ! આમ પરદ્રવ્યને છોડી દીધા. આ પચીસ દ્રવ્યમાંથી પાંચ દ્રવ્ય ખપે, બીજા ખપતા નથી. બહુ સારું, તને મિથ્યાત્વ ખપે છે. સમજાય છે કાંઈ? વિપરીત બુદ્ધિ તને રુચે છે. આહાહા..! આ વીતરાગ માર્ગ. સમજાય છે કાંઈ?

આ ઇષ્ટ ઉપદેશ છે, જુઓ! 'પૂજ્યપાદસ્વામી' કહે છે કે, આવા ઉપદેશને ઇષ્ટ કહે છે. અને બીજો કોઈ એવો ઉપદેશ કરે કે પરદ્રવ્યની રક્ષા કરી શકે છે, મારી શકે છે, સંભાળ રાખી શકે છે એ ભગવાનનો ઉપદેશ જ નથી. અનિષ્ટ ઉપદેશ, મિથ્યાદૃષ્ટિનો ઉપદેશ, અહિતકારી ઉપદેશ, આત્માના શ્રદ્ધાગુણનું ખુન કરવાનો એ ઉપદેશ છે. સમજાય છે કાંઈ? આહાહા..! નવરો, તદ્દન નવરો છે. 'ધન્નાલાલજી'! નવરાને શું કહે છે? આત્મા નવરો છે. નવરો એટલે પરથી ભિન્ન, પરથી રહિત. એક રજકણને પણ ચલાવવાની એની તાકાત નથી. એક રજકણ અહીંથી આમ કરવો એ આત્માની તાકાત જ નથી. એ તો એનાથી ચાલે છે, એનાથી થાય છે, એનાથી ચાલે છે. એમાં તારું શું કામ છે? આહાહા..!

મુમુક્ષુ :– શરીરનું કંઈ કરવું કે ન કરવું?

ઉત્તર :– કરવું કે ન કરવું? પણ કરી શકતો જ નથી. અહીંયા કહે છે, તારો વિષય જ નથી. તારું જ્ઞાન ઘણું ઉઘડી જાય તો એમાં કરી શકે છે, એમ પણ નથી. શ્રદ્ધા ક્ષાયિક થઈ જાય તો કરી શકે છે, એમ નથી. કેવળજ્ઞાન થઈ જાય તો એમાં વીર્યથી કાંઈક કામ કરી શકે, એમ નથી. અને જ્ઞાન, વીર્ય મંદ પડી જાય તો પરમાં કાંઈ કરી શકે છે, એમ છે જ નહિ. પછી પ્રશ્ન ક્યાં છે? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– બધી અવ્યવસ્થા થઈ જશે.

ઉત્તર :– એનાથી વ્યવસ્થા થતી હતી તો અવ્યવસ્થા થઈ જશે? એ જ કહે છે. જે પદાર્થ વ્યવસ્થિત કાયમ છે એ પોતાની અવસ્થાનો, વ્યવસ્થાનો કરનારો છે. જે પદાર્થ છે

એ જ પોતાની વર્તમાન અવસ્થા, વિશેષ વ્યવસ્થાનો કરનાર છે. બીજો કોઈ (પદાર્થ) એની વિશેષ અવસ્થાનો, વિશેષ વ્યવસ્થાનો કરનાર નથી. સમજાય છે કાંઈ? આ 'પૂજ્યપાદસ્વામી'નું 'ઇષ્ટોપદેશ' છે, જુઓ! એમણે કહ્યું ને? પરસ્પર ઉપકાર છે. એ તો અમે કહીએ છીએ. એ તો નિમિત્તના કથન છે. એનો અર્થ કોણ કોનું કરે? કોણ કોનો અપકાર કરે? કોણ કરે કોની નિંદા? કોણ કોની પ્રશંસા કરે? સમજાય છે કાંઈ?

**'બાહિરી વસ્તુ-સમૂહકો ત્યાગ ઔર ગ્રહણ વિષયક બુદ્ધિકા અવિષય હોનેસે...'** સમજાય છે કાંઈ? ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' 'બંધ અધિકાર'માં એ જ લીધું છે. જે વિષય, પરનું મરવું, જીવવું, સંયોગ મળવા, દુઃખ મળવું, એની સ્થિતિનું રહેવું, એમાં હાથમાં હથિયારનું આવવું, મન-વચન-કાયાનું પરિણમન થવું એ બધું એને કારણે થાય છે, તારાથી થતું નથી. હાથમાં લાકડી છે. આમ લાકડી ઉપાડી એ તારી બુદ્ધિનો વિષય જ નથી. હાથ ઊંચો કર્યો એ બુદ્ધિનો વિષય છે જ નહિ.

મુમુક્ષુ :– બુદ્ધિનો વિષય કહો કે જાણવાનો વિષય કહો...?

ઉત્તર :– બુદ્ધિના વિષયનો અર્થ એનું કાર્ય નથી. જાણવું બીજી વાત થઈ ગઈ. એ તો જાણવાનો વિષય થઈ ગયો.

મુમુક્ષુ :– ગ્રહણ કરવાની બુદ્ધિ..

ઉત્તર :– આ તો ગ્રહણ-ત્યાગની બુદ્ધિનો વિષય નથી.

મુમુક્ષુ :– પરને જાણવામાં બુદ્ધિ જાય છે ને...

ઉત્તર :– જાય છે ક્યાં? અહીં તો પોતાને જાણે છે. પરના આવવા-જવામાં ત્યાગ-ગ્રહણ બુદ્ધિ કરે છે એ મિથ્યાબુદ્ધિ છે, એમ કહે છે. ત્રણકાળ ત્રણલોકમાં પરના ત્યાગ-ગ્રહણ પોતાના અધિકારની વાત નથી. ભગવાન વીતરાગ પરમાત્મા અનંત આત્મા અને અનંત પરમાણુ (છે એમ) કહે છે. તો એક પદાર્થ બીજા પદાર્થનો ગ્રહણ-ત્યાગ કરી શકે તો એ પદાર્થ પોતાની અસ્તિ રાખતો નથી, એની અસ્તિ રહી શકે નહિ. તારી અસ્તિ તારામાં, એની અસ્તિ એનામાં. એની અસ્તિમાં તારાથી બિલકુલ હસ્તક્ષેપ થતો નથી. સમજાય છે કાંઈ? આ 'ઇષ્ટોપદેશ' ની ૫૧ ગાથામાં આ ૩૯ મી ગાથા નાખી છે, લ્યો! સમજાય છે કાંઈ? **'इन्द्रजालोपम'** માં એ નાખ્યું. પાઠમાં ઇ છે. **'निश्शेषमिन्द्रजालोपमं'** સમજ્યા? **'स्पृहयत्यात्मलाभाय'** યોગી યોગ પરાયણ પોતાના આત્માનો લાભ કરે છે. પોતાનું શુદ્ધ સ્વરૂપ પરમાત્મા (છે), એની અંતર એકાગ્રતા કરવી એ આત્માનો લાભ કરી શકે છે. પરને લાભ કરાવી દે કે પરને અલાભ કરાવી દે, એ આત્માના અજ્ઞાનભાવમાં પણ નથી તો જ્ઞાની એવી ઇચ્છા કેમ કરે? સમજાય છે કાંઈ?

**'તથા ચિદાનન્દ-સ્વરૂપ આત્માકે અનુભવકી ઇચ્છા કરતા હૈ.'** આની કોર ઉપેક્ષા કહ્યું. પહેલા એની વ્યાખ્યા કરી. ઇન્દ્રજાળ. હવે **'स्पृहयत्यात्मलाभाय'** ત્રીજું પદ. **'તથા ચિદાનન્દ-**

**સ્વરૂપ આત્માકે અનુભવકી ઇચ્છા કરતા હૈ.'** અભિલાષા. પોતાનો આત્મા પવિત્ર શુદ્ધ આનંદ છે, એમાં એકાગ્ર થવાની ભાવના કરે છે. કેમકે એ પોતાથી થઈ શકે છે. પોતાના સ્વરૂપમાં પોતાના શ્રદ્ધા, જ્ઞાનથી એકાગ્ર થવું એ આત્મા પોતાથી પોતામાં કરી શકે છે. પરનું કંઈ પણ ત્રણકાળમાં કરી શકતો નથી. ઓહોહો..! જૈનદર્શનમાં મોટું છીદ્ર પડી ગયું. પરદ્રવ્યનું કરો. પરદ્રવ્યનું ન કરે? ભગવાને દયાનો ઉપદેશ કહ્યો છે. ભાઈ! તને ખબર નથી, ભગવાન! સમજાય છે કાંઈ?

બે વચ્ચે એક સૂત્ર છે. તેરાપંથી અને સ્થાનકવાસી. તેરાપંથી અને સ્થાનકવાસીમાં પ્રશ્ન વ્યાકરણનું એક સૂત્ર છે. 'છકાય જીવ રક્ષણેસ્ય ભગવાયા તારણેણ સુકહીયં' આ શબ્દ છે. અમને તો ખબર છે. એ સૂત્રમાં .... પ્રશ્ન વ્યાકરણમાં એવો પાઠ છે કે 'છકાય જીવ રક્ષણેસ્ય' છ કાયના જીવની રક્ષાને અર્થે 'ભગવાયા સુપાવેયં સુકહીયં' ભગવાને ઘણું પ્રવચન કહ્યું. શેઠ! આવું વચન છે. તો તેરાપંથી કહે, નહિ, ભગવાને છ કાયની રક્ષા કરવા માટે નથી કહ્યું. પાઠ રક્ષા કરવા માટેનો છે. એ રક્ષાનો અર્થ પરને નહિ મારવાનો ભગવાનના સૂત્ર વચનમાં આવ્યું ભલું કહ્યું. સ્થાનકવાસી એનો અર્થ કરે છે, છ કાય જીવની રક્ષા કરવી, એમ ભગવાને 'સુપવયાં પ્રવચન' કહ્યું છે. બન્નેની વાત ખોટી છે. આ તો અમારે ઘણી ચર્ચા ચાલી હતી. તેરાપંથીનું વાંચન પહેલેથી (સંવત) ૧૯૭૨ થી કર્યું હતું. તેરાપંથીના કર્મ, વિધ્વંસન આદિ એક એક વાતની બહુ ચર્ચા થઈ છે. ... એ બધું છે. ... કર્યું છે. ૧૫૧ બોલની હુંડી છે. બધું જોયું છે. બધું ગપ્પેગપ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે, આમ કરો, આમ કરો. 'છકાય જીવ રક્ષણેસ્ય' છ કાયના જીવની રક્ષા માટે ભગવાને પ્રવચન કહ્યું છે. અહીં તો કહે છે, ભગવાને એમ પ્રવચન કહ્યું છે કે અનંત દ્રવ્ય છે એ તારા જ્ઞાનનો વિષય છે. તારું જ્ઞાન એવડું મોટું છે કે બધાને જાણવા લાયક છે એમ કહ્યું છે. હવે તારામાં એકાગ્ર થઈને પુરુષાર્થ કર એમ ભગવાને કહ્યું છે. પ્રવચનમાં ભગવાન તો આમ કહે છે. એની રક્ષા કરવાનું પણ નથી કહેતા. કેમકે રક્ષા થઈ શકતી નથી. પરને નહિ મારવા એ પણ કહેતા નથી. પરને મારી શકતી નથી, પછી શું? સમજાય છે કાંઈ? વ્યવહારના કથન આવે એનો અર્થ સમજવો કે એ તો વસ્તુના સ્વરૂપમાં પરમાં કંઈ કરી શકતો નથી. એમ બતાવ્યું કે તારે એને દુઃખ દેવું નહિ, એને એમ ન કરવું. દુઃખ દેવાનો જે ભાવ છે એ છોડાવે છે. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ!

**'ઔર અપની આત્માકો છોડકર અન્ય કિસી ભી વસ્તુમેં પહિલે સંસ્કાર આદિ કારણોંસે...'** સંસ્કૃતમાં છે. **'યદિ મનસે, વચનસે, યા કાયસે, પ્રવૃત્તિ કર બૈઠતા હૈ,...'** પોતાના સ્વરૂપ સિવાય એવા કોઈ વિકલ્પ આવી જાય તો પશ્ચાતાપ કરે છે. **'વહાંસે હટકર ખુદ હી પશ્ચાતાપ કરતા હૈ,...' 'ખુદ હી પશ્ચાતાપ કરતા હૈ,...'** અરે..! આત્મા! શું છે? પરનો અધિકાર તો તારામાં છે નહિ. તું પરનો તો કાંઈ ફેરફાર (કરી શકતો નથી). એક તણખલો...

તણખલો કહે છે? તિનકા. એક તણખલાના બે ટુકડા કરવા આત્માના અધિકારની વાત નથી. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કોણ કરે છે? કોણ કરે છે? એને કારણે થાય છે. પુદ્ગલ છે. પુદ્ નામ ગળવું. એની પર્યાયનો ધર્મ છે એમ થાય છે. તારાથી શું થાય છે? સમજાય છે કાંઈ? આહાહા..! તારી બુદ્ધિ પરના ગ્રહણ-ત્યાગથી ઉપેક્ષા કરી દે. કેમકે તારાથી થતું નથી. અને તારા સ્વભાવની અપેક્ષા કર. એનાથી આત્માનો લાભ થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! પોતાનો આત્મા જ્ઞાયક ચૈતન્ય છે, જાણનાર છે. એ પરને જાણનારો છે એમ કહેવું એ પણ ઉપચાર છે. દયા પાળવી ને હિંસા કરવી એ તો છે જ નહિ, પણ પરને જાણે છે એ ઉપચારથી છે. પોતાને પોતે જાણે છે એ યથાર્થ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

વીતરાગ માર્ગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકર સો ઇન્દ્રની ઉપસ્થિતિ છે. અર્ધ લોકના સ્વામી શક્રેન્દ્ર અને ઇશાનઇન્દ્ર જેના સમવસરણમાં ઉપસ્થિત છે. એ ત્રણ જ્ઞાનના ધણી ઇન્દ્ર! એની ઉપસ્થિતિમાં ભગવાનની દિવ્યધ્વનિમાં આવ્યું છે. સમજાય છે કાંઈ? એની ઉપસ્થિતિમાં ભગવાનની દિવ્યધ્વનિમાં આમ આવ્યું, અરે..! ધર્મીજીવ! તારા આત્માના સ્વભાવમાં પરાયણ થવામાં પરનું કાર્ય તારામાં નથી અને તારો વિષય પરનું કાર્ય નથી. કિંચિત્ નથી. તું ઉપેક્ષા કરી દે અને તારા સ્વભાવની અપેક્ષા કર. તારા સ્વભાવની અપેક્ષા કર, પરની ઉપેક્ષા કર. બસ! આમ ભગવાનની વાણીમાં આવ્યું અને અહીંયા સંત મુનિ એમ કહે છે. આહાહા...! આવા ઉપદેશની પદ્ધતિ બગડી ગઈ. 'સોગનચંદજી'!

મુમુક્ષુ :– આ અસલી વાત છે.

ઉત્તર :– અસલી વાત. ઠીક છે 'સોગનચંદજી' હવે થોડા આવે, જાય છે. આ તો ત્રિકાળ સત્ય વાત છે, ભાઈ! આ તો પહેલા સાંભળી ન હોય એટલે જરી કઠણ લાગે. અમે પણ લોકોની વાત પહેલા સાંભળતા હતા, દિગંબર છે ને કોઈ હુમ્મડ છે. શું છે હુમ્મડ? પહેલા શરૂઆતમાં, હોં! (સંવત) ૧૯૭૦-૭૧-૭૨. કોઈ હુમ્મડ છે, ભાવનગરમાં કોઈ હુમ્મડ છે. હુમ્મડ શું હશે? કોઈ દિગંબર નગ્ન મુનિ હશે. સમજાય છે કાંઈ? (સંવત) ૧૯૭૬ માં એકવાર અમે ધ્રાંગધ્રા ગયા હતા. સંવત ૧૯૭૬. અમે બહારથી આવતા હતા તો આખો સંઘ આવતો'તો. ત્યાં એક માણસ બોલ્યો. 'મગનભાઈ' નહિ? 'મગનભાઈ' બોલ્યા, મહારાજ! અહીંયા રહેવું છે. જંગલમાં નદી ઉપર એક ડેરી હતી. આ શું? કીધું. સંવત ૧૯૭૬ ની સાલમાં. મેં કીધું, આ તમે શું કર્યું? એ વખતે ન પૂછ્યું. મહારાજ! તમને તો અમે સ્વપ્નમાં દિગંબર જોયા છે. એણે કદી મને જોયો નહોતો. પણ સ્વપ્નમાં દિગંબર એટલે.. એ દિગંબર કહેતા હતા. પણ ક્ષુલ્લક લંગોટી જોઈ. આ જ શરીર અને તમને જ મેં લંગોટીવાળા જોયા છે. આ સ્થિતિ કેમ હોય? એમ કહ્યું. પહેલોવહેલો એ શબ્દ સાંભળ્યો હતો. સમજાય છે

કાંઈ? 'મગનલાલ' હતા. મહારાજ! મેં આ કારણે કહ્યું હતું કે અહીંયા રહેવું છે? મારા સ્વપ્નમાં આપ આવ્યા હતા. લંગોટી હતી અને નગ્ન મુનિ. એ લંગોટી સહિત મુનિ માનતા હતા ને? ખબર નહિ ને. માટે અહીંયા રહેવાનું કહ્યું હતું. કીધું, છે ખરું કાંઈક. સમજાય છે કાંઈ? પછી તો (સંવત) ૧૯૭૮ થી ઘણું વાંચન કર્યું.

અહીં તો કહે છે, ભગવાનઆત્મા.. આહાહા..! ગાથા..! **'इन्द्रजालोपम'**. જેમ ઇન્દ્રજાળની ઉપમામાં કાંઈ નથી એમ તારા માટે પરદ્રવ્ય કંઈ નથી. એમ કહે છે, ભાઈ! તારી માટે બીજી વસ્તુ તો છે જ નહિ. તારી અપેક્ષાએ પરવસ્તુ અવસ્તુ છે. અવસ્તુ છે. પંડિતજી! શું કહ્યું? આ આત્માની અપેક્ષાએ બધા દ્રવ્ય અદ્રવ્ય છે. અદ્રવ્ય છે, અક્ષેત્ર છે, અકાળ છે, અભાવ છે, અવસ્તુ છે. એની અપેક્ષાએ વસ્તુ હોય, તારે શું છે? બરાબર છે? એક જ આત્મા છે અને એ સિવાય બધી વસ્તુ પોતાની અપેક્ષાએ અવસ્તુ છે. પોતાનું ક્ષેત્ર એ ક્ષેત્ર છે, પોતાની અપેક્ષાએ બધું ક્ષેત્ર અક્ષેત્ર છે. પોતાનો સ્વકાળ છે. પોતાની અપેક્ષાએ બધા દ્રવ્યનો કાળ અકાળ છે. અને પોતાના ભાવની અપેક્ષાએ બધા દ્રવ્યના ભાવ અભાવ છે. અવસ્તુ છે, અવસ્તુ છે. આહાહા..! ઇન્દ્રજાળની ઉપમા આપી છે.

મુમુક્ષુ :-

ઉત્તર :- પોતામાં છે. અહીંની અપેક્ષાએ એ અભાવ (સ્વરૂપ) છે. એ અપેક્ષાથી કહ્યું છે. ઇન્દ્રજાળ છે. તારી અપેક્ષાએ તો એ વસ્તુ જ નથી તો કઈ રીતે બુદ્ધિમાં, શ્રદ્ધામાં, જ્ઞાનમાં લાવે છે? અરે..! આમ કરો, તેમ કરો, આમ કરો. શું છે પણ? જગતમાં તારા સિવાય બીજી વસ્તુ જ નથી. તારી અપેક્ષાએ એ વસ્તુ તો અવસ્તુ છે. તારી અપેક્ષાએ. તો તારે અવસ્તુનું શું કરવું છે? 'ધન્નાલાલજી'! ભારે વાત આ! ઓહોહો..!

(ધર્મીજીવ) અસ્થિર થઈ જાય તો કદાચિત્ વિકલ્પ આવે તો ત્યાંથી હટીને પશ્ચાતાપ કરવો, એ તારા અધિકારની વાત છે. જરી વિકલ્પ પણ આવી જાય, પશ્ચાતાપ કરીને સ્થિર થવું એ તારા અધિકારની વાત છે. સમજાય છે કાંઈ? અહીં તો પોતાની અપેક્ષાએ પ્રાયશ્ચિત લઈ લીધું. હટી જવું એ પ્રાયશ્ચિત છે. બીજું પ્રાયશ્ચિત શું? સમજાય છે કાંઈ? બીજો પ્રાયશ્ચિત લે અને દે એવું આ નથી. ઓહોહો..!

**'યહ મૈંને કૈસે આત્માકા અહિત કર ડાલા.'** ધર્મીને પોતાના સ્વભાવની એકાગ્રતામાંથી હટીને કોઈ વિકલ્પ આવી જાય તો (પશ્ચાતાપ કરે છે કે) મેં જ મારું અહિત કર્યું. અરે..! આ શું? પછી એમ નથી માનતા કે મને કર્મનો ઉદય આવ્યો માટે આવું થયું. એમ ધર્મી માનતા નથી. મારો અપરાધ થયો, મને રાગ થયો. કર્મનું કોઈ તીવ્ર જોર આવ્યું, નિદ્ધત નિકાચિત કર્મનો ઉદય આવ્યો તો મને રાગ થયો, એમ બિલકુલ નથી. એમ વાત છે જ નહિ. જેમ પરદ્રવ્યમાં મારો અધિકાર નથી, એમ પરદ્રવ્યનો મારામાં અધિકાર નથી. સમજાય છે કાંઈ? જુઓ! ઓહોહો..! એક શ્લોકમાં કેટલું કહે છે! ત્યાંથી હટીને પોતે પશ્ચાતાપ કરે

છે. અરે..! મારી વસ્તુ તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એમાં રહેવું એ જ મારા લાભની વસ્તુ છે. મારા લાભની વસ્તુ તો આ છે અને આ વિકલ્પ કરીને મેં શું કર્યું? અરે..! મારું અહિત થયું. ત્યાંથી હટીને પશ્ચાતાપ કરે છે. **'મૈંને કૈસે આત્માકા અહિત કર ડાલા.'**

**दोहा - इन्द्रजाल सम देख जग, निज अनुभव रुचि लात।**
**अन्य विषय में जात यदि, तो मनमें पछतात।।३९।।**

આહાહા..! ભગવાનના ઘરની આ ધર્મકથા છે. પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ, જેમની દિવ્યધ્વનિમાં જે ઉપદેશ આવ્યો એ જ સંતો કહે છે. **'ઇન્દ્રજાલ સમ દેખ જગ,...'** મારી સિવાય આખું જગત ઇન્દ્રજાળ સમાન છે. કોને પકડું, કોનું છોડું, કોને રાખું, કોને ભાંગું, કોનો નાશ કરું? સમજાય છે કાંઈ? ભાંગવું શબ્દ તમારે નહિ હોય. અમારે ગુજરાતીમાં છે. ભાંગવું એટલે તોડવું. કોઈ ગુજરાતી શબ્દ અમારે આવી જાય છે. ભંગ, ભાંગે છે. ભંગ કરના. આ લાકડી છે એ આમ થાય છે તે એનાથી થાય છે, આત્મા એને બિલકુલ કરી શકતો નથી.

મુમુક્ષુ :–

ઉત્તર :– ભગવાને એમ કહ્યું છે, પ્રભુ! પ્રભુએ તારી પ્રભુતા આવી જોઈ છે કે તારી પ્રભુતાથી પરમાં કાંઈ થતું નથી અને એની પ્રભુતા એ છોડતા નથી. પરમાણુ પણ ઈશ્વર છે. શું કહ્યું? ઈશ્વર છે, પોતાની શક્તિનો ઈશ્વર છે. જડ ઇશ્વર છે, જડેશ્વર છે. પોતાની શક્તિથી કામ લે છે, પરની અપેક્ષા કરતા નથી. આહાહા..!

ત્રણ ઈશ્વર છે. એક સ્વભાવ-ઈશ્વર, એક વિભાવ-ઈશ્વર, એક જડ-ઈશ્વર. આ જડેશ્વર છે. જડનો અર્થ અજીવતત્ત્વની ઈશ્વરતા, મોટપ પોતાની વસ્તુ રાખે છે. પોતાના પલટનમાં પરની સહાય રાખતા નથી એટલા સ્વતંત્ર પરમાણુ જડેશ્વર છે. સમજાય છે કાંઈ? આહાહા..! વિભાવ-ઈશ્વર. મિથ્યાદૃષ્ટિ વિકારનો સ્વામી થાય છે એ વિભાવ-ઈશ્વર છે. એ પણ પોતાથી માને છે, કોઈ કર્મને કારણે નહિ. સ્વભાવ-ઈશ્વર–હું વિભાવ અને પરથી રહિત જ્ઞાનાનંદ છું. સ્વભાવનો, સહજાત્મસ્વરૂપનો સ્વામી એ ધર્મી સ્વભાવ-ઈશ્વર છે. અધર્મી વિભાવનો ઈશ્વર છે. જડ પોતાની સર્વ પર્યાયનો તાકાત કરનાર ઈશ્વર છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? એ અનંત પરમાણુનો રજકણ છે કે નહિ? અસ્તિ છે કે નહિ? છે કે નહિ? છે એમાં આમ થવું એ એને કારણે થાય છે કે આંગણીને કારણે થાય છે? બિલકુલ નહિ. આંગળીને કારણે એમાં નથી થતું, એને કારણે આંગળીમાં નથી થતું અને આત્માને કારણે આંગળીમાં નથી થતું અને આંગળીને કારણે આત્મામાં નથી થતું. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– વિભાવ..

ઉત્તર :– વિભાવ-ઈશ્વર. પુણ્ય-પાપનો સ્વામી થાય છે એ વિભાવ-ઇશ્વર–મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ? પરનો સ્વામી થાય અને પુણ્ય-પાપનો સ્વામી થાય એ વિભાવ-ઇશ્વર

મૂઢ મિથ્યાદૃષ્ટિ અનાદિનો છે. આહાહા..! એ પણ વિભાવ છોડે તો એ છોડી શકે, બીજો છોડાવી શકે એવી તાકાત નથી. તીર્થંકરની તાકાત નથી કે એ એના વિભાવ-ઈશ્વરને છોડી દે.

**'ઇન્દ્રજાલ સમ દેખ જગ,...'** ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર ફરમાવે છે. અરે..! આત્મા! તારા સિવાય બધા પદાર્થ **'ઇન્દ્રજાલ સમ દેખ...'** ઇન્દ્રજાળની જેમ જો. એ પકડવા લાયક, છોડવા લાયક તારી વસ્તુ છે જ નહિ. ઓહોહો..! તારા સિવાય અનંત પદાર્થ પોતાની અસ્તિ–મોજૂદગી રાખે છે, એમાં તારો બિલકુલ કિંચિત્ અધિકાર નથી. સમજાય છે કાંઈ? **'ઇન્દ્રજાલ સમ દેખ જગ, નિજ અનુભવ રુચિ લાત.'** ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ, પોતાના નિજ આનંદ સ્વરૂપ, એનો અનુભવ અને રુચિ કરો. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિ આત્મા છે, સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત જ્ઞાનાનંદ મૂર્તિ આત્મા છે, એની રુચિ કરો અને દુનિયાના પરપદાર્થની કર્તાબુદ્ધિ છોડી દો. હું પરનો કર્તા થતો નથી. મારી બુદ્ધિનો વિષય જ નથી, વસ્તુ જ નથી.

**'અન્ય વિષય મેં જાત યદિ,...'** કદાચિત્ ધર્માત્મા પોતાના સ્વરૂપની રુચિથી અસ્થિરતાથી કોઈ વિકલ્પ પરમાં જાય છે **'તો મનમેં પછતાત.'** તો મનમાં પશ્ચાતાપ કરે છે. બસ! પોતામાં ને પોતામાં બધું છે. લાભ લે છે એ પણ પોતામાં, રાગ થાય છે એ પણ પોતામાં અને પશ્ચાતાપ પણ કરે છે પોતામાં. એમ વાત સિદ્ધ કરે છે. સમજાય છે કાંઈ? પરની સાથે તો કાંઈ સંબંધ નથી.

મુમુક્ષુ :– આખો દિવસ તો સંબંધમાં રહે છે.

ઉત્તર :– ત્રણકાળમાં કોઈ સંબંધમાં છે જ નહિ, એમ અહીંયા કહે છે. કેવો સંબંધ? એ વસ્તુ વસ્તુમાં નથી. એ વસ્તુ વસ્તુમાં નથી? એ વસ્તુમાં તું છો? તમારી વસ્તુમાં એ આવી ગઈ છે? ભિન્ન ભિન્ન વસ્તુ છે. ભિન્ન ભિન્ન પોતાની પર્યાયનું કામ કરી રહ્યા છે. ક્યાંથી તારાથી એમાં કંઈ થયું? સંબંધમાં કઈ રીતે આવી ગયો? માને, માને તો ગમે તે માને, મૂઢ. સમજાય છે કાંઈ? 'ધણીને દેખે તો ઢાંકણીમાં' એમ નથી કહેતા? કાળી માટીમાં ઢાંકે આમ આમ મોઢું દેખે. ઠીક, બહુ સારી વાત.

---

**आत्मानुभवीके और भी चिन्होंको दिखाते है -**

**इच्छत्येकान्तसंवासं, निर्जनं जनितादरः।**
**निजकार्यवशात्किंचिदुक्त्वा विस्मरति द्रुतम्।।४०।।**

**अर्थ :- निर्जनताको चाहनेवाला योगी एकान्तवासकी इच्छा करता है, और निज कार्यके वशसे कुछ कहे भी तो उसे जल्दी ही भुला देता है।**

**विशदार्थ :-** लोगोंके मनोरंजन करनेवाले चमत्कारी मन्त्र तन्त्र आदिके प्रयोग करनेकी वार्ताएं न हुआ करें, इसके लिये अर्थात् अफने मतलबसे लाभ-अलाभ आदिकके प्रश्न पूछनेके लिये आनेवाले लोगोंको मना करनेके लिये किया है प्रयत्न जिसने ऐसा योगी स्वभावसे ही जनशून्य ऐसे पहाड़ोंकी गुहा कन्दरा आदिकोंमें गुरुओंके साथ रहना चाहता है। ध्यान करनेसे लोक-चमत्कारकारी बहुतसे विश्वास व अतिशय हो जाया करते हैं, जैसा कि कहा गया है - `गुरूपदेशमासाद्य०'

`गुरुसे उपदेश पाकर हमेशा अच्छी तरह अभ्यास करते रहनेवाला, धारणाओंमें श्रेष्ठता प्राप्त हो जानेसे ध्यानके अतिशयोंको भी देखने लग जाता है।' अपने शरीर के लिये अवश्य करने योग्य जो भोजनादिक, उसके वशसे कुछ थोड़ासा श्रावकादिकोंसे `अहो, देखो, इस प्रकार ऐसा करना, अहो, और ऐसा, यह इत्यादि' कहकर उसी क्षण भूल जाता है। भगवन्! क्या कह रहे हो? ऐसा श्रावकादिकोंके द्वारा पूछे जानेपर योगी कुछ भी जवाब नहीं देता। तथा।।४०।।

**दोहा - निर्जनता आदर करत, एकांत सवास विचार।**
**निज कारजवश कुछ कहे, भूल जात उस बार।।४०।।**

---

**'આત્માનુભવીકે ઔર ભી ચિન્હોંકો દિખાતે હૈં–'** આ ચિહ્ન તો દેખાડ્યા, હવે આત્માનુભવી ધર્મીજીવના વધારે લક્ષણ કહે છે.

**इच्छत्येकान्तसंवासं, निर्जनं जनितादरः।**
**निजकार्यवशात्किंचिदुक्त्वा विस्मरति द्रुतम्।।४०।।**

આહાહા..! ભારે શ્લોકો છે, હોં! આ બધા છોકરાઓને સમજવા જેવું છે, હોં! એમ નથી કે અમે છોકરા છીએ ને આવું કેમ સમજાય? છોકરાઓ નથી કોઈ, બધા ભગવાન છે. આ બહારના શરીર છે એ માટી છે, એ તમે નથી. ભગવાનઆત્મા છે. એ સચ્ચિદાનંદ સ્વરૂપે બિરાજે છે. દરેક બાળ, ગોપાળ, સ્ત્રીનું શરીર હોય, નપુંસક–હીજડાનું હો, કે પશુનું શરીર હોય, એમાં સચ્ચિદાનંદ સ્વરૂપ છે. આત્મામાં કોઈ ફેર નથી. એવા આત્માની શ્રદ્ધાને ઓળખો અને એકાંતમાં આત્માની શાંતિની દૃષ્ટિ કરી અનુભવ કરો. અહીંયા એક જ વાત કરે છે. એ જ મનુષ્યપણું પામીને કરવાલાયક આ છે.

**અર્થ :– 'નિર્જનતાકો ચાહનેવાલા...' 'નિર્જનતાકો ચાહનેવાલા યોગી...'** નિર્જન. જ્યાં મનુષ્ય ન હોય, બાહ્ય સાધન ન હોય, પગરવ ન હોય. એકાંત... એકાંત.. અમારા વાસ એકાંત. ધર્માત્મા, પોતાનું અંતર સ્વરૂપ જ્ઞાનાનંદ પ્રભુની એકાગ્રતા કરવા એકાંતવાસમાં રહે

છે. આહા..! નિર્જનતા. નિર્જન છે ને? જન વિનાનું. મનુષ્ય અને પશુ આદિ ન હોય, એને ઇચ્છવાવાળો યોગી **'એકાન્તવાસકી ઇચ્છા કરતા હૈ,...'**

**'ઔર નિજ કાર્યકે વશસે કુછ કહે ભી તો...'** થોડું કંઈ બોલે પણ ખરો વિકલ્પાદિ તો **'ઉસે જલ્દી હી ભૂલા દેતા હૈ.'** ભૂલી જાય છે. 'સમાધિશતક'માં શ્લોક છે. એ શ્લોક છે.

**आत्मज्ञानात्परं कार्यं, न बुद्धौ धारयेश्चिरम्।**
**कुर्यादर्थवशात्किंद्वाक्कायाभ्यासतत्परः।।**

એ 'સમાધિશતક'નો છે. નીચે આવશે, હોં!

અહીં કહે છે, **'લોગોંકે મનોરંજન કરનેવાલે ચમત્કારી મન્ત્ર તન્ત્ર આદિકે પ્રયોગ કરનેકી વાર્તાએં ન હુઆ કરેં,...'** ન્યાં કોઈ પૂછે, મહારાજ! આનું શું? હવે સાંભળને! મંત્ર-તંત્ર અમારી પાસે છે નહિ. સમજાય છે કાંઈ? એકાંતમાં જાય અને ત્યાં મંત્ર-તંત્ર પૂછવાવાળા હોય નહિ. અહીં તો બધા પૂછે, મહારાજ! તમને લબ્ધિ થઈ છે? ફલાણું થયું છે? ફલાણું છે? હવે મૂકને પડતી એવી તારી લબ્ધિની. એ અહીંયા કહેશે, હોં! જનના વાસમાં તારે રોકાવું પડે (તો) બધું છોડી દે. એકાંતમાં જઈને પોતાના આત્માનું ધ્યાન કર. સમજાય છે કાંઈ?

**'લોગોંકે મનોરંજન કરનેવાલે ચમત્કારી મન્ત્ર તન્ત્ર...'** સમજ્યા? કોઈ માદળિયા કરે છે ને? માદળિયા નથી બાંધતા? દોરા-ધાગા કરે. મૂઢ છે, કહે છે. એવા લોકો તારી પાસે આવશે માટે છોડી દે. એકકોર જા. લોકો સ્વાર્થના લોભી મૂઢ લોકો પૈસાના લોભિયા, પુત્રના લોભિયા એવા મૂઢ લોકો તારી પાસે આવશે. છોડી દે. ચાલ્યો જા એકાંત જંગલમાં. એ..ય...! 'શિખરચંદજી'! આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– ભલું તો કરી શકે ને?

ઉત્તર :– ભલું કોણ કરી શકે છે? ધૂળમાં. જંગલમાં આવે તો વાત નથી કરતા, એમ કહેશે.

મુમુક્ષુ :–

ઉત્તર :– એમાં કંઈ નહોતું. ધર્મની વાત નહોતી. અહીં તો આત્માની વાત છે. સમજાય છે કાંઈ? કોઈ ચમત્કાર હોય અને પૂછવા આવે તો એવા જનને છોડી દે. અસંગમાં રહે. તારી વસ્તુનો લાભ કરી લે. બીજાની પરવા છોડી દે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૪૯૨, જેઠ સુદ ૩, સોમવાર
## તા. ૨૩-૦૫-૧૯૬૬
## ગાથા–૪૦, ૪૧ પ્રવચન નં. ૪૫

આ 'પૂજ્યપાદસ્વામી' એ 'ઇષ્ટોપદેશ' બનાવ્યું એનો ઉપદેશ ચાલે છે. ઇષ્ટોપદેશ. પોતાના આત્માનો હિતકારી ઉપદેશ. ૪૦ ગાથાનો વિશદાર્થ, જુઓ! ધર્મીજીવ, એની વાત ચાલે છે. પોતાના આત્મામાં જેને આનંદ ભાસ્યો છે, આનંદની રુચિ થઈ ગઈ છે. સમજાય છે કાંઈ? હું આત્મા છું તો હું આનંદ, અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છું. એમ ધર્મીજીવને પ્રથમમાં શરીર, વાણી, કર્મ અજીવથી તો રુચિ હટી ગઈ છે અને પુણ્ય-પાપનો રાગ ઉત્પન્ન થાય છે એમાંથી રુચિ હટી ગઈ છે. અને પોતાનો શુદ્ધ ચૈતન્ય આનંદ જ્ઞાનાનંદ પ્રભુ, એની અંતરમાં સમ્યગ્દર્શનના કાળમાં પોતાનો આત્મા આનંદ છે, એમ અનુભવમાં, રુચિમાં આવી ગયું છે. સમજાય છે કાંઈ? એની વાત ચાલે છે.

પ્રથમ શું કરવું? આ આત્મા અતીન્દ્રિય આનંદ સ્વરૂપ છે એણે પરની ઉપેક્ષા કરીને, અંતરની અપેક્ષામાં આત્માનું અવલંબન લઈ શુદ્ધ આનંદ છે એવી દૃષ્ટિ અને અનુભવ પહેલા કરવો. શરૂઆતમાં આ કરવું. સમજાય છે કાંઈ? હવે અહીંયા વિશેષ કહે છે. જેનું મન પોતાનો આત્મા આનંદ છે અને એમાંથી મારી નિર્મળ પર્યાય પ્રગટ થાય છે એમ અંતરમાં જેને દૃષ્ટિથી ચોંટ લાગી છે એ **'લોગોંકે મનોરંજન કરનેવાલે ચમત્કારી મન્ત્ર તન્ત્ર આદિકે પ્રયોગ કરનેકી વાર્તાએં ન હુઆ કરેં,...'** એવા એકાંત સ્થાનમાં રહેવા ઇચ્છે છે કે જ્યાં પોતાને કોઈ એમ પૂછે કે મહારાજ! તમારી પાસે એવો કોઈ ચમત્કાર છે, એવી કોઈ લબ્ધિ હોય તો અમને બતાવો. મંત્ર, તંત્ર બતાવો. એવું પૂછવાવાળા જ્યાં ન હોય એવા એકાંતમાં જઈને પોતાનું ધ્યાન કરે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– મંત્ર તંત્ર એટલે શું?

ઉત્તર :– આ મંત્ર કાંઈક આવડે, લબ્ધિ થઈ જાય. બોલે તેવું થાય એવી લબ્ધિ થઈ જાય. મુનિ ધર્માત્મા એ ફોરવે નહિ. કોઈ કારણે વગર કીધે એવું આવી જાય અને એવું કોઈ કારણ હોય તો વિકલ્પ આવી જાય, પણ એમાં હિત માને નહિ. મંત્ર બોલે ત્યાં એને કાંઈક થઈ જાય, પુત્ર થઈ જાય, પૈસા થઈ જાય. લ્યો! પૂર્વના પુણ્યનો ઉદય હોય તો, હોં!

મુમુક્ષુ :– સામેવાળાના પુણ્ય હોય તો.

ઉત્તર :– એ વિના ક્યાંથી થાય? સમજાય છે કાંઈ? એવું પૂછનાર કોઈ ન મળે તે કારણે ધર્માત્મા જઘન્ય સમ્યગ્દૃષ્ટિ છે તે પણ, પોતાના આનંદની રુચિ થઈ છે એ જેમ બને તેમ પ્રવૃત્તિમાં ન આવવું અને જેમાં પોતાએ રોકાવું પડે એવા સ્થાનમાં ન રહેવું, એવી

એની ભાવના રહે છે. સમજાય છે કાંઈ?

**'વાર્તાએં ન હુઆ કરે,...'** એ જ્યાં બેસે ત્યાં કોઈ પૂછે કે, મહારાજ! આપ તો ધ્યાન કરો છે ને! આપ ધ્યાન કરો છો તો બહુ ચમત્કાર થયા હશે. એવું પૂછનાર જ્યાં ન હોય એવા એકાંત સ્થાનમાં પોતાનું ધ્યાન કરવા લાગી જાય. **'ઇસકે લિયે અર્થાત્ અપને મતલબસે લાભ-અલાભ આદિકકે પ્રશ્ન પૂછનેકે લિયે...'** પોતાના સ્વાર્થથી પૂછે કે એવું કાંઈક બતાવો કે જેથી પૈસા મળે, પુત્ર થઈ જાય, આબરૂ મળે, રોગ મટી જાય. અમને આટલું નુકસાન થયું છે તો લાભ થાય એવી કોઈ વાત, વસ્તુ બતાવો. એમ **'પ્રશ્ન પૂછનેકે લિયે આનેવાલે લોગોંકો મના કરનેકે લિયે કિયા હૈ...'** કે અમારી પાસે નહિ આવતા.

**'ઐસા યોગી સ્વભાવસે હી જનશૂન્ય ઐસે પહાડોંકી ગુહા કન્દરા આદિકોંમેં ગુરુઓંકે સાથ રહના ચાહતા હૈ.'** એકલા રહે અથવા એકલા ન રહી શકે તો ગુરુ અથવા સાધુની સંગતિમાં એકાંતવાસમાં વસવું. બહારનો સંગ અને પરિચય કરવાની ઇચ્છા એને થતી નથી. એ થોડું કહેશે, જનશૂન્ય ગુફા આદિમાં રહેવું. **'ધ્યાન કરનેસે લોકચમત્કારકારી બહુતસે વિશ્વાસ વ અતિશય હો જાયા કરતે હૈં,...'** સમ્યગ્દષ્ટિ પોતાના સ્વરૂપમાં એકાગ્ર થતાં કેટલાક ચમત્કાર પણ ઉત્પન્ન થઈ જાય.

મુમુક્ષુ :- .. માર્ગની પ્રભાવના થાય ને?

ઉત્તર :- પ્રભાવના શું? પ્રભાવના પોતાની પોતામાં થાય છે કે બહારમાં થાય છે? સમજાય છે કાંઈ? એ પણ ગૌણ કરીને વાત લખી છે કે કોઈ વખતે એવો વિકલ્પ આવી જાય તો તરત ભૂલી જાય. એમ નહિ આવું કર્યા કરું કે બનાવ્યા કરું. સમજાય છે કાંઈ? એવો વિકલ્પ કદાચિત્ આવી જાય તો એને ભૂલી જાય.

મુમુક્ષુ :- (એવા વિકલ્પને) આત્મહિતકારી ન સમજે.

ઉત્તર :- એ વિકલ્પ પોતાને હિતકર છે જ નહિ. શું હિતકર છે?

મુમુક્ષુ :- સામાનું તો કલ્યાણ થઈ જાય ને.

ઉત્તર :- ધૂળમાંય કલ્યાણ થતું નથી. એમાં કલ્યાણ થાય છે સામાનું? ઠીક છે. પૈસા મળે, ... મળે, તો કલ્યાણ થઈ જાય? અને એ એના પુણ્ય વિના મળતા નથી. એવી પ્રવૃત્તિમાં ધર્માત્માને ઠીક લાગતું નથી. માટે એકાંતવાસમાં રહેવાની ભાવના કરે છે. લોકો તો લાભ-અલાભની ઘણી વાત પૂછવા આવે, કોઈ મંત્ર, તંત્ર, જંત્ર, એવું કોઈ વચન દો, મંત્ર બતાવો કે જેથી મને આમ થાય. સમજાય છે કાંઈ?

**'ધ્યાન કરનેસે લોકચમત્કારકારી...'** લોકચમત્કારકારી ભાવ અંદર આવી જાય છે, ઉત્પન્ન થઈ જાય છે, એમાં શું? **'વિશ્વાસ વ અતિશય હો જાયા કરતે હૈં,...'** લ્યો! છતાં એનું લક્ષ કરતા નથી. એમાં લાભ શું? સમજાય છે કાંઈ? ઉપદેશ કરવો એ પણ વાણીનું કથન છે. એમાં પણ વિકલ્પ થાય છે એમાં પોતાને શું લાભ? એમ કહે છે. કહો, એ

કહે છે ને કે આપણે ઉપદેશ દઈએ તો લોકોને લાભ થાય એમાં પોતાને નિર્જરા થાય છે. જૂઠ છે. ઉપદેશથી શું નિર્જરા થાય છે? એ તો વાણીનો વિલાસ, વચનની ક્રિયા છે. એમાં કોઈ વિકલ્પ આવ્યો એ પણ પુણ્યબંધનું કારણ છે. સમજાય છે કાંઈ? એનું એ હિતકર કાર્ય નથી. આહાહા..! એ.. 'સોગનચંદજી'! કેમ હશે? 'દેવાનુપ્રિયા'! આવી જાય, આવે એ બીજી વાત છે પણ એમાં રોકાવું અને એનાથી લાભ છે એમ માનતા નથી. આહાહા..! પોતાની ખાણ નિજાનંદ અનંત આનંદ છે. વિકલ્પ આવી જાય છે. સમ્યગ્દષ્ટિને ભોગનો પણ વિકલ્પ આવી જાય છે પણ આવીને ભૂલી જાય છે. એમાં મીઠાશ નથી આવતી. રોગની પેઠે એ વિકલ્પ આવ્યો એને ઉપસર્ગ જાણે છે. અશુભરાગ ઉપદેશ કરવામાં આવ્યો કે દુનિયાને બતાવવામાં આવ્યો કે ભોજનવિધિ મુનિને આમ દેવું, આમ કરવું એવો વિકલ્પ આવ્યો તો એ બધાને ભૂલી જાય છે. કેમકે વિકલ્પમાં આત્માનો કોઈ લાભ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

શ્લોક કહે છે. **'ગુરુસે ઉપદેશ પાકર હંમેશા અચ્છી તરહ અભ્યાસ કરતે રહનેવાલા,...'** ઉપદેશ પામીને કે તારો ચિદાનંદ પ્રભુ, તારો સ્વભાવ તારી પાસે છે. સન્મુખતાથી એમાં રહો, વિમુખતા છોડો. સમજાય છે કાંઈ? ગુરુનો ઉપદેશ આવ્યો કે ભગવાન...! લખ્યું છે ને? **'અચ્છી તરહ અભ્યાસ કરતે રહનેવાલા...'** આત્મા જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ પવિત્ર આનંદધામમાં તારી સન્મુખતા રાખ, વિકલ્પ આદિથી વિમુખતા થઈ જાઓ. આહાહા..! સમજાય છે કાંઈ?

એવો ઉપદેશ કેમ આપ્યો? કોઈક વળી એમ પ્રશ્ન કરે, ભાઈ! ગુરુએ આવો ઉપદેશ કેમ આપ્યો? ઉપદેશ આપ્યો એ પણ વિકલ્પ છે. ભાઈ! આવે છે, પણ એ આદરણીય નથી એમ ત્યાં જોર આપે છે. સમજાય છે કાંઈ? ભાષા તો એવી છે કે **'ગુરુસે ઉપદેશ પાકર હંમેશા અચ્છી તરહ અભ્યાસ કરતે રહનેવાલા, ધારણાઓંમેં શ્રેષ્ઠતા પ્રાપ્ત હો જાનેસે ધ્યાનકે અતિશયોંકો ભી દેખને લગ જાતા હૈ.'** પોતાના જ્ઞાયક ચૈતન્યમાં ત્રાટક લગાવીને એકાકાર થવાથી કોઈ ચમત્કાર અંદર ઉત્પન્ન થઈ જાય પણ એ બતાવવા ઇચ્છતા નથી. અને પૂછવા આવે તો એ કહેતા નથી. તારે શું કામ છે? તારો આત્મા શું છે એ તરફ જા. સમજાય છે કાંઈ? ઓહોહો..!

મુમુક્ષુ :– ત્રાટક એટલે?

ઉત્તર :– ત્રાટક એટલે અંદર એકાગ્રતા. આમ ત્રાટક નથી કરતા? નજર કરે છે. એમ અંદર ત્રાટક લગાવવું. જ્ઞાયક ચૈતન્ય સ્વભાવ ઉપર એકાગ્ર થવું. આહાહા..!

અભ્યાસ કરતાં કરતાં **'ધારણાઓંમેં શ્રેષ્ઠતા પ્રાપ્ત હો જાનેસે...'** વિશેષ નિર્મળતા થતાં **'અતિશયોંકો ભી દેખને લગ જાતા હૈ.'** અતિશય દેખાય. અંદર એવો ચમત્કાર દેખાય. એમાં કાંઈ નથી. પોતાની શાંતિમાં એકાગ્ર થયા વિના એ વસ્તુમાં કાંઈ નથી. કહો, 'જમુભાઈ'! શું કરવું? આ દુનિયા માટે રોકાય છે? પ્રભાવના થાય એમ ને? પ્રભાવના કોને કહે છે? પોતાનો ચિદાનંદ ભગવાન શુદ્ધ આનંદકંદ ધામ છે, એમાં લીનતા કરવી એ પ્રભાવના છે.

આહાહા..!

મુમુક્ષુ :– એ તો નિશ્ચય પ્રભાવના છે.

ઉત્તર :– એ જ સાચી પ્રભાવના છે. વ્યવહાર પ્રભાવના ઉપચારથી કથન છે, એ વાસ્તવિક નથી. પ્રભાવનાના બે પ્રકાર. તમારે આવ્યું છે કે નહિ? કથનના બે પ્રકાર, નિરૂપણ બે પ્રકારે છે. એક નિશ્ચય પ્રભાવના અને વ્યવહાર પ્રભાવના. પ્રરૂપણા બે પ્રકારે છે. કથન યથાર્થ અને નિશ્ચય પ્રભાવના એ પ્રભાવના યથાર્થ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એ તો બધામાં લઈ લેવું. શબ્દ આવે છે ને? સર્વત્ર નિશ્ચય-વ્યવહારનું લક્ષણ જાણવું, એમ આવ્યું છે કે નહિ? એ મોટો સિદ્ધાંત છે. 'ટોડરમલે' તો એટલું લીધું છે.. ઓહોહો..! લોકોને ખબર નથી. એમણે તો એમ કહ્યું છે, સર્વત્ર નિશ્ચય-વ્યવહારનું લક્ષણ આવું જાણવું. કથન બે પ્રકારના છે. પ્રભાવનાનું કથન બે પ્રકારે છે. એક જ પ્રકારની પ્રભાવના સત્ય છે. પંડિતજી!

મુમુક્ષુ :– એકાગ્રતાની ભાવના.

ઉત્તર :– હા, અંતર એકાગ્રતાની ભાવના, અંતરની ભાવના, અંતરની ભાવના. વિકલ્પ આવ્યો એ વ્યવહાર પ્રભાવના છે, પણ એનાથી શું થયું? એમાં તો બંધ પડ્યો. સમજાય છે કાંઈ? અને વાણીથી કોઈ લાભ મળ્યો? એ તો એનાથી ઉપાદાનથી મળ્યો છે, વાણીથી નથી મળ્યો. એની યોગ્યતાથી એને લાભ મળ્યો છે. એટલું જોર ન આપ કે વાણીથી હું એને સમજાવી દઉં છું. ધીરો થા, ધીરો થઈ જા. કહો, શેઠ! આહાહા..! આટલો કાળ (ઉપદેશ) દઉં તો લોકોને લાભ થાય, મને ભલે નુકસાન થાય. એમ નથી. એવી વાત આવે છે ને? 'હેમચંદ્રાચાર્ય' માટે 'શ્રીમદે' કહ્યું છે ને? લોકોનું ભલું થાય, અમારું ભલે ગમે તે હો, પણ લોકનું કલ્યાણ હો. શું કલ્યાણ થાય? સમજાય છે કાંઈ?

અહીંયા તો પોતાનો આત્મા જ્ઞાન, આનંદનું ધામ ચિદાનંદમૂર્તિ છે. એની અંતરમાં અનુભવ કરીને રુચિ કરીને એ તરફ ઝુકવું એ જ એક કર્તવ્ય, કાર્ય અને કામ છે. સમજાય છે કાંઈ? ઉપદેશ લોભી. એ આવે છે ને? 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં નથી આવતું? કોઈ ધર્મનો લોભી (જીવ) આવી જાય... આવે છે કે નહિ? ઇચ્છા ઉત્પન્ન થઈ જાય તો કહી દેવું પણ એને ચોંટી ન જાવું કે ઇચ્છા ઉત્પન્ન થઈ તો એમાં મને ધર્મનો લાભ છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભાઈ! દુનિયાને ધર્મ પમાડે તો તીર્થંકર ગોત્ર બંધાય જાય. એનો અર્થ શું? એ વિકલ્પ આવ્યો તો બંધાણો. પરમાણુ બંધાણા એમાં આત્માને શું લાભ થયો? આહાહા..!

ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ છે એમાં જેટલો એકાગ્ર થાય એ જ પોતાનો લાભ છે. આ ઇષ્ટોપદેશમાં એ કહેવામાં આવ્યું છે. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પણ પોતાને લાભદાયક નથી. પણ તીર્થંકર ગોત્ર બંધાય તો તીર્થંકર પ્રકૃતિને કારણે કેવળી થઈ જશે ને? એનાથી કેવળજ્ઞાન નહિ થાય. સમજાય છે કાંઈ? આહાહા..! શુભભાવ થયો, તીર્થંકર પ્રકૃતિ બંધાણી એનાથી કેવળજ્ઞાન થશે? એ શુભ વિકલ્પ છે એને છોડશે, સ્થિર

થશે ત્યારે કેવળજ્ઞાન થશે. ત્યારે પ્રકૃતિનો પાક તેરમે ગુણસ્થાને આવશે, એમાં તને શું લાભ થયો? એની પહેલા તો કેવળજ્ઞાન થઈ ગયું. સમજાય છે કાંઈ? આ વાત લોકોને બહુ કઠણ પડે છે.

પહેલા 'બંસીધરજી' પંડિત વ્યાખ્યાનમાં આવ્યા હતા ને? એ કહે, એકાંત છે, એકાંત છે. ભાઈ! ઉપદેશથી પરને લાભ થયો એમ ક્યાંથી લાવ્યો? એ તો એની યોગ્યતા છે તો એને વાણી નિમિત્ત પડી ગઈ. એના ઉપાદાનમાં લાયકાત હતી તો થયું. વાણી તારી છે તો એનાથી લાભ થયો? વાણી તેં કરી છે? વાણીનો કર્તા આત્મા છે? અરે..! વિકલ્પનો કર્તા આત્મા નથી. કર્તા માને તો જ્ઞાતા-દ્રષ્ટા રહેતો નથી. આહાહા..! જુઓ! જે ભાવે તીર્થંકર પ્રકૃતિનો બંધ પડે એ ભાવનો પણ આત્મા કર્તા નથી. સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે, ભગવાન! તારી વસ્તુ મહાન ધામ સર્વજ્ઞપદ અંદર પડ્યું છે ને! અંતરમાં એકાગ્રતા થવું એ તારી ક્રિયા, કળા છે. વિકલ્પ આવ્યો એ તને લાભદાયક નથી. ચાહે તો આહારક શરીર બંધાય જાય, ચાહે તો રાગથી સર્વાર્થસિદ્ધિ ગતિ બંધાય જાય, એ તો બંધ છે. અબંધ સ્વભાવી ભગવાનને એનાથી લાભ નથી. ઓહોહો..! કેમ? 'શિખરચંદજી'!

મુમુક્ષુ :– આ વાત ચલાવવા જેવી છે.

ઉત્તર :– સર્વાર્થસિદ્ધિનો બંધ પડે, તીર્થંકરનો બંધ પડે તો મોક્ષ થાય. શાસ્ત્રમાં ટીકામાં છે, તીર્થંકર પ્રકૃતિ પરંપરા મોક્ષનું કારણ છે. 'જયસેનાચાર્ય'ની ટીકામાં છે, લ્યો! એનો અર્થ શું? એ તો રાગ આવ્યો, બંધ પડી ગયો એને હેય માને છે. સમ્યગ્દષ્ટિ તો શુભરાગને હેય માને છે. બંધ પડ્યો એને તો જ્ઞેય માને છે. પર છે, એ મારી વસ્તુ જ નથી, મને લાભ નથી. આહાહા..! જગતને અંદર ગલગલિયા થઈ જાય, જાણે પરથી કાંઈક થઈ જાય ને.

અહીં તો શું કહે છે? જુઓ! અહો..! **'અપને શરીરકે લિયે અવશ્ય કરને યોગ્ય જો ભોજનાદિક,...'** મુનિ, ધર્માત્મા આદિ કરી લે **'ઉસકે વશસે કુછ થોડાસા શ્રાવકાદિકોંસે..'** બોલવું પડે. ભોજન નિર્દોષ છે, આદિ. બોલવું પડે એટલું? કોઈને પૂછે કે જાવું છે તો શું છે? નામ શું છે? પૂછવું પડે ને શ્રાવકને? **'અહો, દેખો, ઇસ પ્રકાર ઐસા કરના,...'** મુનિની આવી ક્રિયા હોય છે. એને માટે આહાર-પાણી બનાવવા નહિ. નિર્દોષ આહાર-પાણી હોય તો દેવા, એમ પહેલા ઉપદેશ કરે. સમજાય છે કાંઈ? મુનિ ઉપદેશ કરે પણ કરીને ભૂલી જાય. જુઓ! શું કહ્યું? **'विस्मरति द्रुतम्' 'द्रुतम्'** વેગથી ભૂલી જાય, એકદમ ભૂલી જાય, એમાં કંઈ લાભ નથી. આહાહા..! ભાઈ! મુનિનો એવો વ્યવહાર છે કે નિર્દોષ ભોજન બન્યું હોય અને મુનિ આહાર કરે તો દેવો. એને બનાવીને દેવો અને બોલવું કે આહાર શુદ્ધ, વચન શુદ્ધ. આહાર શુદ્ધ કહે છે ને? શું કહે છે? આહાર શુદ્ધ, વચન શુદ્ધ, મન શુદ્ધ છે. એમાં ક્યાં શુદ્ધ થયું? એને માટે તો બનાવ્યું છે. ચોકો કરીને તો બનાવ્યું છે. તું પાણી

લાવ્યો, બનાવ્યો. પાણી પાંચ શેર, દસ શેર ક્યાંથી લાવ્યો? એક પાણીના બિંદુમાં અસંખ્ય જીવ છે, અસંખ્ય જીવ છે. આહાહા..! નિગોદના તો જુદા. આ તો જળના આટલા જીવ છે. એવું પાંચ શેર, દસ શેર પાણી મુનિને આપવા બનાવ્યું એ શું છે? એ તો ઉદ્દેશિક છે. સમજાય છે કાંઈ? મુનિને ખ્યાલ પડે કે આ તો મારી માટે બનાવ્યું છે. ઘરમાં તો બે માણસ છે. પાંચ શેર, દસ શેર પાણી ક્યાંથી આવ્યું? મોસંબી ક્યાંથી આવી? દસ મોસંબીનું પાણી ક્યાંથી કાઢ્યું? એને માટે બનાવ્યું છે. પ્રાણ જાય તો પણ ન લ્યે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- કોઈ જીવે અભિગ્રહ કર્યો કે મહારાજ આવે તો જ પારણું કરું.

ઉત્તર :- સાધુ એવી રીતે જાય નહિ.

મુમુક્ષુ :- બનાવ્યું કાંઈ નથી પણ...

ઉત્તર :- પણ સાધુ જાય શું કરવા એનો અભિગ્રહ પૂરો કરવા? એ સાધુનું કામ છે? બિલકુલ નહિ. અત્યારે તો ક્યાં (કોઈ સાધુ છે)? આ તો બધી દૃષ્ટિ મિથ્યાત્વની વાત છે. આ તો સમ્યગ્દૃષ્ટિ હોય એની વાત ચાલે છે. અત્યારે તો બધી ગૃહીત મિથ્યાત્વની વાત છે. શ્રાવક પણ ક્યાં છે? અને સાચા મુનિ પણ ક્યાં છે? કોઈને ખબર પણ નથી.

અહીં તો આત્મા એકલો જ્ઞાનસ્વરૂપ છે એમાં વિકલ્પ આવી જાય. મુનિને કહેવાનો, શ્રાવકને કહેવાનો. મુનિ કહે કે તમે આમ અભ્યાસ કરો, આમ ધ્યાન કરો. એવો વિકલ્પ આવ્યો પણ પછી તરત ભૂલી જાય છે. કેમકે એ વિકલ્પથી મને લાભ નથી. એવા શુભ વિકલ્પથી મને લાભ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- વાત મુદ્દાની છે.

ઉત્તર :- મુદ્દાની આ વાત છે.

**'અહો, દેખો ઇસ પ્રકાર ઐસા કરના, અહો, ઔર ઐસા, યહ ઇત્યાદિ'** આ માર્ગ આવો છે, નિર્દોષ માર્ગ આવો છે, સમ્યગ્દર્શન વસ્તુ આવી છે, એમ એને કહી દે. ચારિત્ર આવું નિર્મળ નિર્વિકારી હોય છે. એને માટે આહાર બનાવવો એની શાસ્ત્રમાં મનાઈ છે. બનાવવો નહિ, કરવો નહિ. બન્યો હોય તો મુનિને આપવો નહિ. સમજ્યા? એવો ઉપદેશ આપીને ભૂલી જાય, તે જ ક્ષણે ભૂલી જાય. આહાહા..! આવો ઉપદેશ આપીને પણ ભૂલી જાય. વિકલ્પ છે, પુણ્ય છે, બંધ છે. અહીં તો હજી કહે છે, ઉપદેશ દેવાથી આત્માને લાભ થાય છે. એમ કહે છે. સમજાય છે કાંઈ? બીજાને બચાવવાનું ન કહે.

મુમુક્ષુ :- મેં પૂછ્યુ'તું એનો જવાબ ન આવ્યો.

ઉત્તર :- હજી તો વાર છે. હજી આવ્યું છે ક્યાં? હજી આવ્યું નથી. પછી ભૂલી જાય.

**'ભગવન્! ક્યા કહ રહે હો?'** પહેલા થોડી વાત કરી પછી ભૂલી ગયા. વળી પાછું પૂછે, શું છે? અમારી પાસે નથી. **'શ્રાવકાદિકોંકે દ્વાર પૂછે જાનેપર યોગી કુછ ભી જવાબ નહીં દેતા.'** જવાબ આપતા નથી. શું અમે નવરા છીએ? તમે આવું વારંવાર પૂછો છો.

સમજાય છે કાંઈ? પૂછ તો જવાબ ન આપે. જુઓ! મુનિ 'પૂજ્યપાદસ્વામી' એ ઔષધનું બનાવ્યું છે ને? શાસ્ત્ર બનાવ્યું છે. વૈદ્ય શાસ્ત્ર બનાવ્યું છે. એવો કોઈ વિકલ્પ આવી ગયો. અન્યમતિ વૈદ્ય આદિને માનતા હોય કે અમે બરાબર છીએ, જૈન લોકો શું જાણે છે? ઔષધથી કેટલા રોગ મટે છે ને કેટલો ઉપકાર થાય છે, એવું કાંઈક દુનિયામાં ચાલતું હોય તો એવો વિકલ્પ આવી ગયો. મુનિ જંગલમાં રહેતા હતા. વનસ્પતિ જોઈને ખ્યાલ આવી ગયો કે આમાં આ છે. લખી લીધું, કહી દીધું. પછી કોઈ પૂછે કે, આનું શું છે? (તો કહે), અમારી પાસે એ વાત છે? સમજાય છે કાંઈ? એ તો વિકલ્પ આવ્યો તો કહી દીધું. પછી કહે, મહારાજ! આનું સ્પષ્ટીકરણ શું? એને કંદમૂળમાં કઈ રીતે વાપરવું? ચાલ.. ચાલ. એમ કહે છે. આ ઉપદેશ આપ્યો ને ભૂલી ગયા. શ્રાવક કહે, ફરીને કહો. અમે કાંઈ નવરા છીએ? અમારા આત્માનું કરવું છે કે તને ઉપદેશ દેવામાં અમારે વિકલ્પ જ કરવો છે? આહાહા..! વીતરાગનો માર્ગ! અંદર વીતરાગતા ઉત્પન્ન થાય એટલો લાભ, બાકી રાગ ઉત્પન્ન થાય એમાં લાભ નથી. લાખ વાતની વાત આ છે. પંચ મહાવ્રતના પરિણામથી પણ આત્માને લાભ નથી. આહાહા..! આસ્રવ (છે).

મુમુક્ષુ :– સાચો સ્વાર્થી છે.

ઉત્તર :– એ સાચો સ્વાર્થી છે. સાચા સ્વાર્થી જ ધર્માત્મા છે. આહાહા..! કહો, 'મોહનભાઈ'! સ્વ–પોતાનું પ્રયોજન સિદ્ધ કરવું છે. દુનિયામાં જે થાવું હોય તે થાઓ, રહો ન રહો, દુનિયા ધર્મ સમજે ન સમજે એની સાથે કોઈ સંબંધ નથી. એની યોગ્યતા હશે તો સમજશે. મારા વિકલ્પથી મને લેપ થાય છે. આહાહા..! કહો, 'જમુભાઈ'! શું કરવું?

મુમુક્ષુ :– ....

ઉત્તર :– એ બોલે. ક્યાં ખબર છે? એ અમારો ધંધો છે?

મુમુક્ષુ :– .. ભાષા ... જ્ઞાન નહિ થાય.

ઉત્તર :– કહે છે કે અમારો ખ્યાલ નથી. ખ્યાલ નથીનો અર્થ અમારું કામ નથી. જાઓ, છૂટી જાઓ. અમારું કામ નથી. અમારે તો અમારી એકાગ્રતા કરવી એ અમારું કામ છે. એનું નામ ભાષા સમિતિ છે. આહાહા..! પરદ્રવ્યની ક્રિયાથી લાભ નથી અને રાગના ભાવથી પોતાને લાભ નથી. ચાહે તો પુણ્ય થાઓ કે શુભ થાઓ. ધર્માત્માને આવી લગની ચિદાનંદમાં લાગી છે. આહાર (સમયે) થોડું બોલે પછી ભૂલી જાય. પાછું પૂછે તો જવાબ આપતા નથી. આનું કેમ છે? થોડું લખાવો, લખાવો. તમે થોડી વાત કરી હતી, અમે ભૂલી ગયા, લખાવો. ચાલ.. ચાલ. લખવું શું? અંદર લખી લે.

મુમુક્ષુ :– ચાલ ચાલ એમ કહે?

ઉત્તર :– ચાલ એટલે? કોઈ જવાબ આપતા નથી. ચાલ એટલે અમારી પાસે શું છે? અમારી પાસે તો અમે વીતરાગતાનો ભાવ કરીએ છીએ, બસ! અમારામાં રહેવું એ જ અમારું

કર્તવ્ય અને કામ છે. ઉપદેશનું કામ આત્માનું નહિ, વિકલ્પનું કામ આત્માનું નહિ. શિષ્ય બનાવો, ઘણા શિષ્ય થાય તો ઘણો લાભ છે. આત્માને શું લાભ છે?

મુમુક્ષુ :- ધર્મની પ્રભાવના ઘણી થાય.

ઉત્તર :- શું બહુ થાય? એની પર્યાયમાં એને લાભ છે, આત્માને શું લાભ છે? ઘણા શિષ્ય થાય તો ઘણો લાભ છે, એવો વિકલ્પ જ મુનિને ધર્માત્માને આવતો નથી. વિકલ્પ આવ્યો કે આ દીક્ષા લઈ લે. ભૂલી જાય, રાગ છે, પુણ્યબંધનું કારણ છે. બીજો કોઈ સાધુ થાય તો એમાં અહીંયા શું લાભ થાય છે? ઓહોહો..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ધર્મની પ્રભાવના થાય છે.

ઉત્તર :- ધર્મની પ્રભાવના અહીંયા થાય છે કે બહારમાં? 'સોગનચંદજી'! આવું છે, ભગવાન! અહીં તો ભગવાનઆત્મા પ્રભુ વીતરાગ પિંડ પ્રભુ છે. એમાં એકાગ્રતા થવી એ જ ધર્મની પ્રભાવના છે. સમજાય છે કાંઈ? કોઈ વિકલ્પ આવી ગયો એને વ્યવહાર પ્રભાવના કહે છે, પણ એ તો પુણ્યબંધનું કારણ છે, એમાં આત્માને કિંચિત્ લાભ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અને એનાથી હજાર માણસ, લાખ માણસ ધર્મ પામી ગયા તો આત્માને કિંચિત્ લાભ નથી. બિલકુલ નથી. કહો, 'સોગનચંદજી'! શું કરવું? કોઈ સાધુ ચોમાસુ પૂરું કરીને જાય તો કહે, થોડું ભાથું આપે. કરે છે ને? ભાઈ! કરે છે ને ખબર છે ને. થોડા પચ્ચખાણ લઈ લ્યો. એટલું તો ભાથુ નાખો. એમાં તને શું લાભ થશે? મૂઢ છે. તારી દૃષ્ટિના ફેરમાં પરમાં કંઈ થાય તો તને લાભ છે? કોઈ પર (જીવ) ત્યાગ કરી દે અને કોઈ ત્યાગી થઈ જાય, ઘણા વ્રત લઈ લે તો તેનાથી તને લાભ છે? તને વિકલ્પ ઉઠ્યો એનાથી તને નુકસાન છે. આહાહા..! 'ધીરૂભાઈ'! બહુ માર્ગ ફેર, ભાઈ! ઉગમણો-આથમણો માર્ગ ફેર છે. આહાહા..! સમજાય છે કાંઈ?

શ્રાવકાદિને થોડું કહે. ભાઈએ તો લખ્યું છે. જઘન્ય સમ્યગ્દૃષ્ટિને પણ એવું હોય છે. અંદર રાગ આવે પણ એની કર્તાબુદ્ધિ નથી. રાગબુદ્ધિ નથી તો પછી કર્તાબુદ્ધિ ક્યાંથી હોય? અને એમાં રોકાવું ક્યાં થાય? રુચિથી રોકાવું ક્યાં આવ્યું? સમજાય છે કાંઈ? પહેલા એવો દૃઢ નિશ્ચય તો કરે કે આવી વસ્તુ છે, બીજી વસ્તુ નથી.

મુમુક્ષુ :- ચશ્મા બદલવાની જરૂર છે.

ઉત્તર :- હા. શાસ્ત્ર બનાવું, આવું પુસ્તક બનાવું તો લોકોને લાભ થાય. તને શું લાભ છે? તને વિકલ્પ આવ્યો તો પુણ્યબંધ છે. બંધાય છે. એમાં અબંધ પરિણામ નથી. એ..ય..! 'ન્યાલભાઈ'!

**दोहा - निर्जनता आदर करत, एकांत सवास विचार।**
**निज कारजवश कुछ कहे, भूल जात उस बार।।४०।।**

જે બંધનો ભાવ છે એ તો ભૂલી જવાની વસ્તુ છે. એ રાખવાની વસ્તુ નથી. આહાહા..! ઉપદેશ તો જુઓ! ઇષ્ટ ઉપદેશ. આનું નામ ભગવાનના માર્ગનો ઇષ્ટોપદેશ છે. જે ઉપદેશમાં એમ કહે કે ... ઉપદેશ દો, ઉપદેશથી આપણને લાભ થશે. મૂઢ મિથ્યાદૃષ્ટિ છે. જૈનનો ઉપદેશ એવો છે જ નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– સાચો ઉપદેશ.

ઉત્તર :– સાચો ઉપદેશ છે, ભાઈ! આહાહા..! લોકમાં જાણે કે અમને પરથી લાભ થઈ જાય. એમ થોડું થોડું રોકાઓ, અમારી માટે રોકાઈ જાઓ. રોકાઈ જાય તો એને વિકલ્પ છે, બંધનું કારણ છે. શા માટે રોકાય? હોંશથી રોકાય છે? નબળાઈથી આવી જાય. નબળાઈને લઈને રાગ, શુભરાગ આવે છે, એમાં લાભબુદ્ધિ નથી. એમાં રોકાવું એમ દૃષ્ટિમાં નથી. આહાહા..!

સમકિતી છન્નુ હજાર સ્ત્રીમાં પડ્યો હોય. ભોગની વાસનાનો વિકલ્પ આવ્યો. પછી ફડાક અંદર ઊતરે. બીજી ક્ષણે નિર્વિકલ્પ ધ્યાન! સમજાય છે કાંઈ? એ અશુભવાસના તો નબળાઈને લઈને આવી ગઈ, સમાધાન થયું નહિ. એમાં સુખ માનતા નથી. અશુભ વાસનામાં સુખબુદ્ધિ નથી. (વાસના) આવી ગઈ, છૂટી ગઈ. ધ્યાનમાં બેઠા (અને) આત્માને સ્પર્શ કરી લીધો, આનંદને સ્પર્શી લીધો. ક્ષણ પહેલા ભોગની વાસના, ક્ષણ પછી આત્માની સ્પર્શના! સમજાય છે કાંઈ? કેમકે દૃષ્ટિમાં એ રાગનો આદર નહોતો. અશુભરાગ, માછલી જેમ અંગારામાં જાય એવો અશુભરાગ છે. શુભરાગ, માછલી જેમ જમીન ઉપર આવે છે, જમીન.. જમીન, પાણીમાંથી જેમ જમીન ઉપર આવે એવું શુભભાવનું દુઃખ છે. માછલી જેમ અગ્નિમાં આવે એવું ધર્મીને અશુભભાવનું દુઃખ લાગે છે. આહાહા..! વીતરાગ માર્ગ જ આ છે, હોં! અરે..! અમારો ધર્મ જેમ બહારમાં વૃદ્ધિ પામે એમ તારે કરવું. એની ના પાડે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :–

ઉત્તર :– .. ઘણા એવા પકડી લીધા છે. પાંચ છોકરા છે ને દસ લાખની મુડી છે. દાખલો આપ્યો. એક જણાએ પકડ્યું કે મહારાજ આ વાત મારી ઉપર કરે છે. મારે ઘરે દસ લાખ થવાના છે. મેં તો દાખલો દીધો હતો કે કોઈક શેઠ હોય, એને ચાર ચાર છોકરા હોય, એને દસ લાખ થયા હોય અને એને અંદરથી નિધાન નીકળ્યું હોય. ત્યાં એને એમ થઈ ગયું કે નક્કી આ મારે માટે છે, નક્કી હું કરીશ તો મારે આ થાશે. આવા ને આવા.

મુમુક્ષુ :– મહાપુરુષની કૃપા..

ઉત્તર :– આ તો દાખલો હતો. એમાં લઈ ગયો. મહારાજના મુખમાંથી કંઈ પણ નીકળે કંઈક હેતુ હોય. લોકોને વિશ્વાસ બહુ હતો ને! સંપ્રદાયમાં વિશ્વાસ બહુ હતો. સમજાય છે કાંઈ? મહારાજના દર્શન કરીને સંઘને જમાડીશ, પાંચ-પચાસ ખર્ચ કરશું. એવી બાધા લીધેલી.

એવા તો ઘણા હતા. અમને તો પછી ખબર પડી કે આ શું છે? અહીં તો કહીએ છીએ કે પુણ્ય વિના કાંઈ થતું નથી. શેઠ! પુણ્ય વિના થતું નથી. તમારો અશાતાનો (ઉદય) મટ્યા વિના રોગ મટતો નથી. કોઈના આશીર્વાદથી મટતો નથી.

અહીં તો (કહે છે), **'નિર્જનતા આદર કરત, એકાંત સવાસ વિચાર.'** એકાંતમાં વાસ રહે. જ્યાં પ્રશ્નના ઉત્તર દેવા પડે, એમાં રોકાવું પડે, જંજાળમાં પડવું પડે (નહિ) માટે એકાંતમાં રહે છે. **'નિજ કારજવશ કુછ કહે,...'** પોતાને કોઈ કાર્યનો વિકલ્પ આવ્યો, કહેવું પડે, બોલવું પડે. બોલવું એ તો વાણી છે. **'ભૂલ જાત ઉસ બાર.'** એ ભૂલી જાય. એ વાતને યાદ કરે નહિ. ભગવાનને, વીતરાગભાવને યાદ કરે. ભગવાન એટલે આ વીતરાગભાવ. ઓહો..! હું જ્ઞાયક ચિદાનંદ સ્વભાવ, ચિદાનંદ સ્વભાવ, ચિદાનંદ સ્વભાવને યાદ કરે, સ્મરણ કરે. આ શું? વિકલ્પ તો બંધનું કારણ છે. ઓહોહો..! વીતરાગ માર્ગ! સમજાય છે કાંઈ? કોઈ એમ કહે છે કે, આપણે બીજાને એમ ન કરવું કે એને નહિ મારવો. કારણ કે એ જીવે તો એનું પાપ લાગશે. પણ આપણે ઉપદેશ દેવો. ભાઈ! આને મારવો નહિ, કોઈને આમ કરવું નહિ. ઉપદેશ દેવાથી પોતાને નિર્જરા થાય છે. મૂઢ છે. ઉપદેશથી નિર્જરા કઈ રીતે થાય? વિકલ્પથી બંધ પડે છે, ઉપદેશથી, વાણીથી નહિ. વિકલ્પ આવ્યો ને? સમજાય છે કાંઈ? મુનિને એમ કહે છે, એવો પાઠ છે. કોઈ મુનિને આહાર વધી ગયો હોય અને બીજા મુનિ જો આહાર ખાય લે તો એને નિર્જરા થઈ જાય. આવો 'ભગવતી સૂત્ર'માં લેખ છે. અમારા ગુરુ બિચારા એમ કરતા હતા. ભોળા હતા ને!

મુમુક્ષુ :– 'ભગવતી સૂત્ર'માં નિર્જરા કહી છે?

ઉત્તર :– એમાં નિર્જરા કહી છે. કોઈ સાધુને આહાર વધી ગયો હોય, ભીક્ષા લેવા જાય, એ લોકો તો ભીક્ષા લેવા જાય છે ને? તો લાપસી લાવ્યા હતા. એ ખાઈ ન શક્યા, વધી ગયા. અમારા ગુરુ 'હિરાજી મહારાજ' હતા. ભદ્રિક હતા. પોતે ખાયને તો બેઠા હતા. પણ કઠણ પડે તો શું કરે? નાખી દો. છાશ નાખીને પી ગયા. કારણ કે શાસ્ત્રમાં એવું આવે કે કોઈનું વધ્યું હોય ખાય તો નિર્જરા થાય. અરે..! 'ભગવતી સૂત્ર'માં એવો લેખ છે.

મુમુક્ષુ :– એ લખનાર...

ઉત્તર :– એ લખનાર શું કહે?

અહીં તો વીતરાગ પરમાત્મા ત્રિલોકનાથ સંતનો માર્ગ એમ કહે છે, સમ્યગ્દૃષ્ટિનો માર્ગ એવો છે કે પોતાના શુદ્ધ (સ્વરૂપમાં) એકાગ્ર થવું. એમાં કોઈ શુભ વિકલ્પ આવી જાય એને બંધનું કારણ જાણીને ભૂલી જવું. સમજાય છે કાંઈ? અને નિર્દોષ આહાર-પાણી ખાવામાં પોતાને નિર્જરા થાય છે. એમ માનનાર મૂઢ છે. આહાર તો જડની ક્રિયા છે, એમાં તેં શું કર્યું? સંયમના હેતુએ વિકલ્પ આવ્યો હોય તો એ પુણ્યબંધનું કારણ છે.

મુમુક્ષુ :– ત્યાગ કર્યોને, મમત્વનો ત્યાગ કર્યો છે.

ઉત્તર :– એ તો શુભભાવ છે. દાનમાં શુભભાવ થયો એને પુણ્યબંધ થયો. શુભભાવ થયો એમાં શું થયું? અંતરમાં એકાગ્ર થવું એ શુદ્ધભાવ છે. આહા..! ત્યાગના એવા અર્થ કરે છે. દસ પ્રકારનો ત્યાગ છે ને? ભાઈ! સમિતિ-ગુપ્તિ નહીં? એ ત્યાગનો એવો અર્થ કરે છે. કોઈને શાસ્ત્ર દેવું, વસ્ત્ર-પાત્ર નથી પણ પુસ્તક દેવું, જ્ઞાન દેવું એ ત્યાગધર્મ છે, નિર્જરા છે. 'પદ્મનંદી પંચવિંશતિઃ'માં ગાથામાં છે, આપણે વ્યાખ્યા થઈ ગઈ છે. ભાઈ! એમ નથી. એ તો વિકલ્પ આવ્યો એની વાત છે. ત્યાગધર્મ તો રાગનો અભાવ થઈને સ્વભાવમાં લીનતા થવી એ ત્યાગધર્મ છે. બીજાને પુસ્તક આપવું, જ્ઞાન દેવું એ ત્યાગધર્મ છે? નિર્જરા છે? બિલકુલ નહિ. આહાહા..! ઉગમણો-આથમણો ફેર ભારે, ભાઈ!

'પૂજ્યપાદસ્વામી'.. આહાહા..! જુઓ! ઇષ્ટ ઉપદેશ પ્રભુ આને કહેવાય. બીજાને કહે કે મુનિને આવો આહાર હોવો જોઈએ, ... હોવો જોઈએ, એવો વિકલ્પ આવ્યો. એ ફરીને પૂછે તો ભૂલી જાય. એ વિકલ્પ બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? બીજાને ઉપદેશ આપ્યો. કોઈ માણસ જાતો હોય એને કહે, ભાઈ! એમ ન હોય. વિકલ્પ આવ્યો. ભૂલી જાય. બંધનું કારણ છે, તને શું લાભ છે? એ છોડે તો તને શું લાભ છે?

મુમુક્ષુ :– ભગવાનને દૃષ્ટિમાં રાખવા તે...

ઉત્તર :– એવો વિકલ્પ આવ્યો, એટલું. બંધનું કારણ છે. ભગવાનને વિકલ્પ આવ્યો. 'પાર્શ્વનાથ' ભગવાનને. રાજકુમાર હતા ને. ગૃહસ્થાશ્રમમાં હતા, સમકિતી હતા, ત્રણ જ્ઞાન હતા. વિકલ્પ આવ્યો, અરે..! શું કરે છે? બસ! જાણે છે કે વિકલ્પ છે એ બંધનું કારણ છે. આહાહા..! સ્વરૂપમાં હજી મને એટલી સ્થિરતા નથી તો મારી નબળાઈને લઈને વિકલ્પ આવ્યો. કર્તાબુદ્ધિ નથી, લાભબુદ્ધિ નથી. આહાહા..! આ વીતરાગમાર્ગ તે વીતરાગમાર્ગ! એકાંત છે, એકાંત છે (એમ પોકાર કરે છે). અરે.! સાંભળને, ભગવાન! એકાંત વીતરાગતા પ્રગટ કરવાની જ વાત છે. એકાંત વીતરાગતા પ્રગટ કરવી. રાગ-બાગ પ્રગટ કરવો એ માર્ગ છે જ નહિ.

મુમુક્ષુ :– સમ્યક્ એકાંત છે.

ઉત્તર :– હા, એકાંત છે, સમ્યક્ એકાંત છે. પંડિતજી ઠીક લે છે, હોં! આવા પંડિત વૃદ્ધ છે તોપણ એને ઠીક લાગે છે. પહેલા શ્રદ્ધામાં તો સાચું લાવવું જોઈએ ને! સમજાય છે કાંઈ? આહાહા...! જેની શ્રદ્ધામાં ઠેકાણા નથી એને સમ્યગ્દર્શન ક્યાંથી થશે? આ તો વીતરાગમાર્ગ છે, ભાઈ! પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગતાના પિંડ પ્રભુ છે તો પ્રરૂપણામાં વીતરાગતા થવાની જ વાત આવી છે. સમજાય છે કાંઈ? રાગ આવ્યો, વ્યવહાર આવે છે, વ્યવહાર જરૂર આવે છે. વીતરાગતા પૂર્ણ ન થાય તો વ્યવહાર આવે છે પણ કહે છે, વ્યવહાર આવ્યો તો ભૂલી જાવું, હોં! એનાથી લાભ થશે એ તો નહિ પણ એને ભૂલી જવું. આહાહા..! આ તો આખો દિ' વ્યવહાર... આવે છે ને? ભાઈ! 'વ્યવહાર ધંધે ફસ્યા' આવે

છે ને? 'ધંધે ફસ્યા' 'યોગસાર'માં આવે છે. 'વ્યવહારે ધંધે ફસ્યા' એમા ને એમાં. ભગવાન! તું તો જ્ઞાન (સ્વરૂપ છો). રાગની ક્રિયાથી ભિન્ન છો. એવી પોતાની ક્રિયા વિના તને લાભ ક્યાં છે? લાખ આમ કરે કે આમ કરે, ચોવીસ કલાક કરે, એ બધા વિકલ્પ બંધનું કારણ છે. સમજાય છે કાંઈ?

**'ભૂલ જાત ઉસ બાર.'** એમ કહ્યું છે ને? **'દ્રુતમ્'** છે ને? એ જ ક્ષણે ભૂલી જાય. આવ્યો, ભાવ તો આવે. શુભભાવ છે. કોઈ યાદ કરવાની વસ્તુ નથી કે આહા..! જાણે મોટો ભાવ આવ્યો, મને સારો ભાવ આવ્યો. એવી એ વસ્તુ નથી. એ.. 'જમુભાઈ'! આ તો વીતરાગ માર્ગ છે, ભાઈ! આહાહા..! ચિદાનંદ જ્ઞાયક સ્વરૂપમાં જેટલો ડોલે એકાકાર થાય એ જ માર્ગ છે. અહીં તો આહાર દેવો ને આહાર લેવો, મુનિને આહાર દેવાથી સંસાર પરિત થશે (એમ કહે). સમજાણું કાંઈ? બધી ખોટી વાત છે. અનુકંપા થઈ. 'અભયકુમાર'ના જીવે સસલાની દયા પાળી તો સંસાર પરિત થયો. બધી ખોટી વાત. 'કપુરચંદજી'! આ સાંભળી લેવું. સાંભળે છે, બરાબર સાંભળે છે. પહેલા બીજી વાત ઘણી સાંભળી છે ને! તીર્થંકર ગોત્ર બાંધે એ લાભકારક નથી, ભાઈ! એ કહે છે. એને શું લાભ? વિકલ્પ આવ્યો. એમાં આત્માને શું લાભ? પ્રકૃતિ બંધાણી એ તો જડ છે, એમાં આત્મામાં શું આવ્યું?

મુમુક્ષુ :– તીર્થંકર પ્રકૃતિ બંધાવાથી મોક્ષ થાય છે.

ઉત્તર :– પ્રકૃતિથી મોક્ષ થાય છે? પ્રશ્ન તો ઠીક કરે છે. લોકો એમ કહે છે ને? એટલે કહે છે. એ પ્રકૃતિ તો રજકણમાં, ધૂળમાં નામકર્મની પ્રકૃતિ પડી. એમાં એનો શુભભાવ નિમિત્ત પડ્યો. એનાથી એને શું લાભ થયો?

મુમુક્ષુ :– સમવસરણ થાય ને!

ઉત્તર :– સમવસરણ તો કેવળજ્ઞાન થયા પછી થશે. કેમકે તીર્થંકર પ્રકૃતિનો પાક જે ભાવે તીર્થંકર પ્રકૃતિ બંધાણી છે એ ભાવને છેદીને વીતરાગતા પ્રગટ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરશે ત્યારે તીર્થંકર પ્રકૃતિનો ઉદય આવશે, ત્યારે સમવસરણ થશે એમાં આત્માને શું? પર છે. તને શું લાભ? સમવસરણ થયું એનો અર્થ જ્ઞાનનું જ્ઞેય છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ એને કારણે નહિ, એની લાયકાત એવી છે એ કારણે. એને કારણે નહિ, એ તો વિકલ્પ છે. પરદ્રવ્યમાં જેટલું લક્ષ જાય છે એટલો વિકલ્પ છે. એની યોગ્યતા એવી છે. એ જીવ એવો છે. ભગવાન જેની કૂંખમાં હોય તો માતા-પિતા અલ્પ સંસારી હોય છે. એ ભગવાનને કારણે નહિ, એના કારણે છે. એવા જ જીવ ત્યાં માતા-પિતા થાય છે કે જ્યાં અલ્પ ભવ હોય છે. એવી પોતાની યોગ્યતાથી જ ત્યાં છે. એવી માતાની કૂંખમાં પ્રભુ આવે છે. બે છીપના મોતી. પિતાજી તો એ જ ભવે મોક્ષ જાય છે અને માતા પણ પછી પુરુષવેદમાં આવીને મોક્ષમાં જશે. પણ એ તીર્થંકર પેટમાં આવ્યા તે કારણે છે, એમ

નથી. એની પોતાની યોગ્યતા એવી હતી તો એવું નિમિત્ત તીર્થંકર આવી ગયા.

મુમુક્ષુ :– એ નિમિત્ત છે, ઉપાદાન પોતાનું છે.

ઉત્તર :– પોતાનું છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– ધારેલી વાત જ બધી ખોટી.

ઉત્તર :– ધારેલી વાત ખોટી હોય તો ખોટી જ પડે ને! સમજાય છે કાંઈ? શાસ્ત્રમાં એમ લખ્યું છે કે તીર્થંકર આત્મા જે માતાના પેટમાં આવે એ માતા મોક્ષગામી.. મોક્ષગામી.. મોક્ષગામી છે. એ ભવી તો છે, અલ્પકાળમાં મોક્ષમાં જશે. એ શું ભગવાનને કારણે મોક્ષગામી છે? પોતાને કારણે. એવો જીવ જ યોગ્યતાવાળો છે, અલ્પસંસારી, સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રાપ્ત કરવાની લાયકાતવાળો છે. એમાં ભગવાન આવે છે, બસ એટલું. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– આ માર્ગ જ અલૌકિક છે.

ઉત્તર :– માર્ગ અલૌકિક છે. લ્યો, ભાઈ! અલૌકિક માર્ગ એટલે લૌકિક રાગ અને અલૌકિક વીતરાગ. સમજાય છે કાંઈ? એ ચાલીસ ગાથા પૂરી થઈ.

---

**ब्रुवन्नपि हि न ब्रूते, गच्छन्नपि न गच्छति।**
**स्थिरीकृतात्मतत्त्वस्तु, पश्यन्नपि न पश्यति।।४१।।**

अर्थ :- जिसने आत्म-स्वरूपके विषयमें स्थिरता प्राप्त कर ली है, ऐसे योगी बोलते हुए भी नहीं बोलता, चलते हुए भी नहीं चलता, और देखते हुए भी नहीं देखता है।

विशदार्थ :- जिसने अपनेको दृढ़ प्रतीतिका विषय बना लिया है, ऐसा योगी संस्कारोंके वशसे या दूसरोंके संकोचसे धर्मादिकका व्याख्यान करते हुए भी नहीं बोल रहा है, ऐसा समझना चाहिये, क्योंकि उनको बोलनेकी ओर झुकाव या ख्याल नहीं होता। जैसा कि कहा है - `आत्मज्ञानात्परं कार्यं०'

`आत्म-ज्ञानके सिवा दूसरे कार्यको अपने प्रयोगमें चिरकाल-तक ज्यादा-देरतक न ठहरने देवे। किसी प्रयोजनके वश यदि कुछ करना पड़े, तो उसे अतत्पर होकर-अनासक्त होकर वाणी व शरीरके द्वारा करे। इसी प्रकार भोजनके लिये जाते हुए भी नहीं जा रहा है, तथा सिद्ध प्रतिमादिकोंको देखते हुए भी नहीं देख रहा है, यही समझना चाहिये। फिर -'।।४१।।

दोहा - देखत भी नहि देखते, बोलत बोलत नाहिं।
दृढ़ प्रतीत आतममयी, चालत चालत नाहिं।।४१।।

**ब्रुवन्नपि हि न ब्रूते, गच्छन्नपि न गच्छति।**
**स्थिरीकृतात्मतत्त्वस्तु, पश्यन्नपि न पश्यति।।४१।।**

**અર્થ :– 'જિસને આત્મસ્વરૂપકે વિષયમેં સ્થિરતા પ્રાપ્ત કર લી હૈ,...'** ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યનો અનુભવ થયો છે, દૃષ્ટિ થઈ છે. જ્ઞાયક ચિદાનંદનું ભાન થઈ ગયું છે. **'ઐસે યોગી (ધર્માત્મા) બોલતે હુએ ભી નહીં બોલતા,...'** બોલવા છતાં નથી બોલતા. વાણીના જ્ઞાતા છે. વાણીના કર્તા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિ, જ્ઞાયક ચૈતન્યજ્યોત પ્રભુનો લાભ દૃષ્ટિમાં થયો છે, જ્ઞાનમાં અનુભવમાં આત્મા આવ્યો છે. એ સિવાય વાણી બોલી જાય છે? તો કહે છે, ના. બોલતા જ નથી, એ તો મૌન છે. સમજાય છે કાંઈ?

**'ચલતે હુએ ભી નહીં ચલતા,...'** દેહની ક્રિયા થાય છે એ તો જડની છે. પોતે નથી ચાલતા, એ તો જાણે છે કે થાય છે. **'દેખતે હુએ ભી નહીં દેખતા હૈ.'** ભગવાનને જોવે છે. આમ સિદ્ધ પ્રતિમા આદિ હોય. ના, જુએ છે તો પોતાના આત્માને જુએ છે. સમજાય છે કાંઈ? આહાહા..! ઇ એમાં છે, હોં! નથી? ડોલે ને બોલે ને એમાં છે ને? અધિકાર ધર્મીજીવ, પોતાનું સ્વરૂપ વીતરાગ સ્વરૂપનો ભાસ થઈ ગયો છે. હું તો વીતરાગ પિંડ આત્મા છું. સમ્યગ્દૃષ્ટિને...

**'જિન્હકે હિયેમૈં સત્ય સૂરજ ઉદોત ભયૌ, ફૈલી મતિ કિરન મિથ્યાત તમ નષ્ટ હૈ.'** સમ્યગ્જ્ઞાન મતિ સ્ફૂરી ગઈ છે અને મિથ્યાત્વરૂપી અંધકારનો નાશ થયો છે. **'જિન્હકી સુદિષ્ટિમૈં ન પરચૈ વિષમતાસૌં,...'** વિષમતા રાગનો જેને આદર નથી. સમજાય છે કાંઈ? **'સમતાસૌં પ્રીતિ મમતાસૌં લષ્ટ પુષ્ટ હૈ.'** સમતા.. સમતા જ્ઞાતા-દૃષ્ટા એવા સ્વભાવમાં જેને રુચિ અને પ્રીતિ છે. **'મમતાસૌં લષ્ટ પુષ્ટ હૈ'** ધર્માત્મા મમતાના વિકલ્પથી વિરૂદ્ધ છે. એ મમતા મારી વસ્તુ નથી, મને નુકસાનકારક છે. તો એની પ્રીતિ નથી. **'જિન્હકૈ કટાક્ષમૈં સહજ મોખપંથ સધૈ,...'** 'બનારસીદાસ' કહે છે, જુઓ! આત્મા જ્ઞાયક ચિદાનંદ રાગ-વિકલ્પરહિત, મન રહિત, વાણી રહિત, દેહ રહિતનું સમ્યગ્દર્શનનું ભાન થયું છે, એ સમ્યગ્દૃષ્ટિ. **'જિન્હકૈ કટાક્ષમૈં...'** જેની જ્ઞાનની એકાગ્રતાની કટાક્ષમાં. **'સહજ મોખપંથ સધૈ.'** મોક્ષનો પંથ તો સ્વભાવિક રીતે સધાય છે. જ્ઞાનની એકાગ્રતાના સહજ કટાક્ષમાં મોક્ષમાર્ગ પ્રગટે છે, સંવર-નિર્જરા થઈ જાય છે. સમજાય છે કાંઈ?

**'મનકૌ નિરોધ જાકે તનકૌ ન કષ્ટ હૈ'** સમ્યગ્દૃષ્ટિને મનનો તો નિરોધ છે. મન મારામાં નથી, વિકલ્પ મારામાં નથી. **'તનકૌ ન કષ્ટ હૈ.'** સમકિતીને શરીરનું કષ્ટ નથી. **'તિન્હકૈ કરમકી કલોલૈ યહ હૈ સમાધિ'** વિકલ્પ ઉઠે છે એ સમાધિ છે, કેમકે વિકલ્પ ટળી જાય છે અને શાંતિ, એકાગ્રતા થાય છે. સમજાય છે કાંઈ? વિષયભોગ પણ સમાધિ છે. આહાહા..! વિકલ્પ જાળ ઉઠે છે તેનાથી ભેદ કરીને પોતાના ભિન્ન તત્ત્વને ઓળખે છે. સમ્યગ્દૃષ્ટિ ગૃહસ્થાશ્રમમાં હોય તોપણ. **'તિન્હકૈ કરમકી કલોલૈ યહ હૈ સમાધિ'** આહાહા..! કેમકે રાગનો

આદર નથી અને અંદરમાં શાંતિનો આદર છે. તો રાગને છોડીને એકાગ્ર થાય છે.

**'ડોલૈ યહ જોગાસન...'** ડોલે–ચાલે. ચાલે તોપણ એ યોગાસનમાં છે. **'ડોલૈ યહ જોગાસન'** કેમકે જડની ક્રિયા હાલે-ચાલે છે, અમારે શું? અહીંયા આવ્યું ને? જુઓ! આવ્યું કે નહિ? **'બોલતે હુએ ભી નહીં બોલતા, ચલતે હુએ ભી નહીં ચલતા,...'** જડની ક્રિયા થાય છે, હું ક્યાં બોલું છું? અને હું ક્યાં ચાલું છું? હું તો જ્યાં છું ત્યાં છું. હું તો જ્ઞાનસ્વરૂપ છું ત્યાં છું. ચાલવાની ક્રિયામાં હું આવ્યો નથી, બોલવાની ક્રિયામાં હું આવ્યો નથી. હું બોલ્યો, હું ચાલ્યો એમ છે નહિ. આહાહા..! જુઓ! વીતરાગ માર્ગ! જેને ગણધરે પસંદ કર્યો, ઇન્દ્રોએ માન્યો, સમજ્યા? મુનિઓએ અનુભવમાં લીધો, સમ્યગ્દષ્ટિએ એને અંતરમાં સ્વીકાર કર્યો. આહાહા..! સમજાય છે કાંઈ?

**'ડોલૈ યહ જોગાસન'** બોલે એ મસ્ત છે. બોલે એ મૌન છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિ ધર્મી બોલે એ મૌન છે. કેમકે મૌનના વિકલ્પમાં હું આવ્યો નથી તો વાણીમાં હું ક્યાંથી આવ્યો? આહાહા..! અસંગ સ્વરૂપ! રાગનો સંગ નથી તો વાણી, શરીરનો એમાં ક્યાં સંગ છે? એવી દૃષ્ટિમાં કહે છે, જુઓને! **'ડોલૈ યહ જોગાસન બોલૈ યહ મષ્ટ હૈ.'** સમજ્યા? બીજે ક્યાંક છે. '... મંદિરમેં' 'નિર્જરા અધિકાર' નો ૨૯ મો શ્લોક છે.

બીજો એક છે, ૨૮૪ પાનું. જુઓ! જ્ઞાનીજીવ ચાહે ઘરમાં રહે, ચાહે વનમાં રહે, મોક્ષમાર્ગ સાધે છે.

**जिन्हकैं सुमति जागी भोगसौं भये विरागी,**
**परसंग त्यागी जे पुरुष त्रिभुवनमें।**

પોતાના શુદ્ધ સંગમાં પડ્યો છે. રાગનો સંગ પણ જેને અંતરમાં છે નહિ.

**रागादिक भावनिसौं जिनिकी रहनि न्यारी,**
**कबहूं मगन ह्वै न रहै धाम धनमैं।।**

શુભરાગથી જેની રહનિ સ્થિરતા ન્યારી ભિન્ન છે. જેનું આસન ભિન્ન છે.

**कबहूं मगन ह्वै न रहै धाम धनमैं।।**

ધનના મકાન અને ધનમાં સમકિતી કોઈ દિ' મગન હોતા નથી. આહાહા..! છ ખંડનું રાજ પડ્યું હોય તો ધન અને મકાનમાં મગ્ન નહિ.

**जे सदैव आपकौं विचारैं सरवांग सुद्ध,**
**जिन्हकै विकलता न व्यापै कहूं मनमैं।।**
**ते मोख मारगके साधक कहावैं जीव,**
**भावै रहौ मंदिरमैं भावै रहौ वनमैं।।१६।।**

એ ગૃહસ્થાશ્રમમાં હોય તો પણ એ પોતાના નિરાળાતત્ત્વને દેખે છે. એ રાગને, ભોગને, શરીરની ક્રિયા એ બધાથી હું નિરાળો છું. નિરાળાનું સાધન ત્યાં પણ હોય છે. ચાહે વનમાં જાય તો પણ નિરાળું સાધન હોય છે. જુઓ ! છે ને? ચાહે ઘરમેં રહે ચાહે વનમેં રહે. પરનો તો જ્યાં સંબંધ જ નથી. પોતાના શુદ્ધ ચૈતન્ય સાથે રાગનો સંબંધ નથી, વિકલ્પનો સંબંધ નથી. વિકલ્પ પણ પોતાના શુદ્ધચૈતન્ય સૂર્યથી ભિન્ન તરે છે. જે ભાવથી તીર્થંકરગોત્ર બંધાણું એ ભાવ પણ પોતાના સ્વરૂપથી ભિન્ન તરે છે. આહાહા..!

મુમુક્ષુ :– જાત જ જુદી છે.

ઉત્તર :– જાત જ જુદી છે, ભાત જુદી છે, ફળ જુદા છે, કામ જુદા છે. બધું. સમજાણું કાંઈ? કહે છે કે જેણે આત્મસ્વરૂપના વિષયમાં સ્થિરતા પ્રાપ્ત કરી છે તે મુનિને વિશેષ સ્થિરતા છે. ઘણી સ્થિરતા છે. સમકિતીને થોડી સ્થિરતા છે પણ છે અસંગ. હવે અહીં તો કહે વ્યવહાર કરવો. આમ વ્યવહાર કરી આમ થયું. શરીરની ક્રિયાથી ધર્મ થાય છે. સજીવશરીરથી, જીવિતશરીરથી. પરની દયા પાળવાથી ધર્મ થાય છે. અરે..! ભગવાન ! તને ક્યાં થશે? ભાઈ! આ તારા પરિણામનું નુકશાન ઘણું કઠણ છે, ભાઈ ! એવા પરિણામનું ફળ એ વખતે પણ દુઃખદાયક છે. ઘણું કઠણ પડશે. સમજાણું કાંઈ? ભગવાન એવી ચીજ નથી હોં.. આહાહા..! તારી ચીજ તો પ્રભુ! રાગરહિત છે, દેહરહિત છે. તું રાગ અને દેહની ક્રિયાથી લાભ માનીશ તો ભગવાન! તને ઘણું નુકસાન થશે. શ્રદ્ધામાં આત્માને નાસ્તિરૂપ કરી દીધો અને રાગ અને શરીરની ક્રિયાને અસ્તિરૂપે કરી દીધું. આહાહા..! સમજાણું કાંઈ? તો કહે છે...

મુમુક્ષુ :– લાભ તો નહિ માને પણ પોતાની જાતે હોય તો.

ઉત્તર :– શું હોય? તે તો જ્ઞાતા થઈ ગયો. ઓલો રાગ દેહની ક્રિયાથી થાય તો એ એના કારણથી થાય છે. મને શું છે? એનાથી મને લાભ છે? આ તો શુભ જોગથી મને સમ્યગ્દર્શન થાય છે, દેહની ક્રિયાથી મને ધર્મ થાય છે, ભગવાનને પણ દેહની ક્રિયાથી નિર્જરા થઈ. અરે..! ભગવાન! આહાહા..! તારું અસ્તિત્વ તે ક્યાં લગાવી દીધું? આહાહા..!

આચાર્ય મહારાજ 'પૂજ્યપાદસ્વામી' દિગબંર સંત મુનિ વનવાસી.. વનવાસી સંત, પોકાર કરે છે, કે અહો..! જ્યાં રાગથી, પરથી પોતાના આત્માનું ભાન, દર્શન, જ્ઞાન સ્થિરતા થઈ, બોલે તો પણ ન બોલે, ચાલે તો પણ ન ચાલે, દેખે તો પણ ન દેખે. એ ચીજ .. જગતથી છે. એની વાત કરી છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૪૯૨, જેઠ સુદ ૪, મંગળવાર**
**તા. ૨૪-૦૫-૧૯૬૬**
**ગાથા–૪૧ પ્રવચન નં. ૪૬**

'પૂજ્યપાદસ્વામી' એ 'ઇષ્ટોપદેશ' બનાવ્યું છે. એનું સ્વરૂપ અહીંયા ૪૧ મી ગાથામાં કહે છે. જુઓ!

**વિશદાર્થ :– 'જિસને અપનેકો દઢ પ્રતીતિકા વિષય બના લિયા હૈ,...'** પહેલી વાત. જેને આત્માનું હિત કરવું છે, આત્માનો આનંદ પ્રાપ્ત કરવો છે, એણે દઢ પ્રતીતિ દ્વારા પહેલા આત્માને વિષય બનાવી લેવો જોઈએ. શું કહે છે? આ આત્મા એક સમયમાં આનંદ, અતીન્દ્રિય આનંદસ્વરૂપ જ્ઞાનસ્વરૂપ છે. જેણે આત્માનો લાભ લેવો હોય, ધર્મ કરવો હોય, સુખી થવું હોય તો એણે આત્માને દઢ પ્રતીતિનો વિષય બનાવવો જોઈએ. સમજાય છે કાંઈ? શ્રદ્ધા-જ્ઞાનમાં આત્માને એવો દઢ પ્રતીતિમાં લેવો જોઈએ કે હું તો જ્ઞાન અને આનંદ છું. મારી વસ્તુમાં શુદ્ધતા પરિપૂર્ણતા ભરી છે. આત્માને એવી દઢ પ્રતીતિનો વિષય બનાવવો જોઈએ. એ એનું પહેલું હિતનું કાર્ય છે. સમજાય છે કાંઈ? જુઓ! આમાં પહેલા આ કરવું એમ નથી કહ્યું. વ્યવહાર પહેલા કરવો, નિમિત્ત મેળવવું (એમ નથી કહ્યું).

ભગવાનઆત્મા એક સમયમાં ચૈતન્યબિંબ જ્ઞાયકસ્વરૂપ પડ્યો છે એને એની દઢ પ્રતીતિનો વિષય બનાવવો જોઈએ. એની શ્રદ્ધાનો વિષય આત્મા હોવો જોઈએ. સમજાય છે કાંઈ? વિશ્વાસનો વિષય આત્મા હોવો જોઈએ. હું આત્મા આનંદ અને શુદ્ધ છું, એમ વિશ્વાસનો વિષય બનાવવો જોઈએ. જેને ધર્મ કરવો હોય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ કરવી હોય તો એ સમ્યગ્દર્શનનો વિષય આત્માને બનાવવો જોઈએ. આહાહા..! સમજાય છે કાંઈ?

**'ઐસા યોગી...'** ધર્મી. પોતાનું સ્વરૂપ પરિપૂર્ણ શુદ્ધ આનંદ અને જ્ઞાન જ છે, મારી વસ્તુ પરમાં નથી અને પર મારામાં નથી. સ્વભાવની આવી દઢ પ્રતીતિ કરે છે એને એમ નથી રહેતું કે પરમાં ફેરફાર કરવો કે પરથી મારામાં ફેરફાર થવો, એ રહેતું નથી. બહુ આ તો એકદમ અંતરના હિતના પંથ છે. બહુ થોડા શબ્દમાં મહાન પદાર્થનું પરમાર્થ સ્વરૂપ બતાવ્યું છે. સમજાય છે કાંઈ?

**'ઐસા યોગી...'** ધર્મી. મારે તો મારું કામ કરવું છે. કામ કરવાનો અર્થ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. એનો આશ્રય તો દ્રવ્ય સ્વભાવ છે. સમજાય છે કાંઈ? કર્મનો ભૂલી જાય કે કર્મ આવા છે ને તેવા છે, એ કાંઈ છે જ નહિ. એ મારામાં છે જ નહિ. મને એ કર્મ આદિ, શરીર આદિ ડખલ કરે છે એવું મારામાં છે જ નહિ. આહાહા..! પહેલા વિશ્વાસ,

શ્રદ્ધા, રુચિ, પ્રતીતિ (કરવી). આત્મા જ્ઞાયક સ્વરૂપ છે એને ધ્યેય બનાવીને પોતાનું કાર્ય કરવા માટે સ્વભાવની અભિમુખતા કદી છોડવી નહિ. સમજાય છે કાંઈ?

**'સંસ્કારોંકે વશસે...'** કંઈ રાગને કારણે, જેમ દારિદ્રયતા આવી જાય તો એને કોઈ ઇચ્છે છે? મૃત્યુ આવે એને કોઈ ઇચ્છે છે? એમ કોઈ નબળાઈને કારણે કોઈ રાગ આવે છે તો એ કારણે રાગમાં જરી જોડાયો પણ એને ભલો જાણતા નથી. **'દૂસરોંકે સંકોચસે ધર્માદિકકા વ્યાખ્યાન કરતે હુએ...'** એવો સંયોગ થયો કે વ્યાખ્યાન કરવું પડે, ઉપદેશ દેવો પડે. તો કહે છે, **'વ્યાખ્યાન કરતે હુએ ભી નહીં બોલ રહા હૈ,...'** એ સમયે એની અભિમુખતા એમાં (બોલવામાં) નથી.

મુમુક્ષુ :– બોલવામાં સંકોચ કરવો?

ઉત્તર :– સંકોચ એટલે? સંકોચનો અર્થ પર્યાયમાં એની યોગ્યતા એવી છે કે બીજો કહે છે તમે અમને ઉપદેશ આપો, તો એવો રાગ આવી જાય છે. એ સંકોચ છે. સમજાય છે કાંઈ? ધર્મલોભી પ્રાણીને જોઈ પોતામાં પોતાની નબળાઈને કારણે રાગ આવ્યો તો રાગ ધર્માદિ ઉપદેશ આદિ થઈ જાઓ તો જાઓ. એ નથી બોલતો. કેમકે ધર્મીજીવને દઢ પ્રતીતિનો વિષય તો આત્મા છે, તો બોલવાનો અને રાગનો સ્વામી નથી, એની અભિમુખતા નથી, એની સન્મુખતા નથી. સન્મુખતા તો સ્વભાવ સન્મુખ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા અનાકુળ આનંદ પિંડ સિદ્ધ સ્વરૂપ પ્રભુ, ધર્મીજીવને શ્રદ્ધામાં તો એની સન્મુખતા છે અને રાગાદિ આવી જાય અને ધર્મ ઉપદેશ પણ કરે તોપણ એની વિમુખતા છે, અભિમુખતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? વિકલ્પ આવ્યો એ દોષ આવ્યો. જેમ દરિદ્રતાની કોઈ ઇચ્છા કરે છે? એમ રાગ આવ્યો તો એની ભાવના કરતા નથી.

ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિની સન્મુખતાનો ભાવ થયો છે પણ એમાં રહી શકતા નથી અને આવો વિકલ્પ આવી જાય તો એમ સમજવું કે એ બોલતા જ નથી. બોલતા છતાં બોલતા નથી. કેમકે એના અભિપ્રાયમાં એનું સ્વામીપણું નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ધર્મીનો દોર પોતાના શુદ્ધ સ્વભાવ સન્મુખ એનો દોર લાગેલો છે. પર સન્મુખની અભિમુખતા વિકલ્પથી આવી જાય તો અભિમુખતા, એ સન્મુખતા ઠીક છે, એમ અંતર રુચિમાં હોતું નથી. એ કારણે બોલતા છતાં બોલતા નથી. આહાહા..! **'ઐસા સમજના ચાહિયે, ક્યોંકિ ઉનકો બોલનેકી ઔર ઝુકાવ...'** હું બોલું એવા વિકલ્પ તરફ પણ એનો ઝુકાવ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? દૃષ્ટિમાં, જ્ઞાનમાં જ્યાં પોતાની નિધિ જોવે છે ત્યાં ધર્મીનો ઝુકાવ છે, સુઝાવ છે, અભિમુખતા છે, ખ્યાલ છે. સમજાય છે કાંઈ? 'રતિભાઈ'! ભારે વાત, ભાઈ! આહાહા..!

જેમાંથી–આત્મામાંથી આનંદ–માલ નીકળે છે એવી ચીજ આત્મા ઉપર પ્રતીતિનો દઢ વિષય થઈ ગયો તો એની સન્મુખતામાં ઘણી રુચિથી, પ્રેમથી પરિણમે છે. અને એવો કોઈ

બોલવા આદિનો વિકલ્પ આવી જાય તો ભૂલી જાય છે. અર્થાત્ બોલે છે છતાં બોલતા નથી. કેમકે ઝુકાવ નથી. સંસ્કૃતમાં છે. **'तत्राभिमुख्याभावात्'**. આહાહા..! ગાથા બહુ અલૌકિક છે. ધર્મીને વ્યવહારનો દયા, દાનનો વિકલ્પ આવી જાય તોપણ એની અભિમુખતા નથી, એની સન્મુખતા નથી, એનો આદર નથી, એનો સ્વામી નથી, એમાં હિતબુદ્ધિ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

**'બોલનેકી ઓર ઝુકાવ યા ખ્યાલ નહીં હોતા. જૈસા કિ કહા હૈ...'** 'સમાધિશતક'નો શ્લોક છે.

**आत्मज्ञानात्परं कार्यं, न बुद्धौ धारयोचिरम्।**
**कुर्यार्धवशात्किंचिद्राक्कायाभ्यासतत्परः।।**

**'આત્મજ્ઞાન કે સિવા...'** અહો..! ધર્મીજીવે નિધાન જોયું છે તો નજર ત્યાં જ રહે છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? જંગલમાં દિશાએ ગયા હોય અને પાંચ કરોડ, પાંચ અબજનો ચરુ મળી ગયો, લક્ષમાં આવી ગયો... સમજાય છે? કોઈ ન દેખે એમ ઢાંકી દે અને અહીંયા આવે પણ એનું લક્ષ ત્યાં છે. ક્યારે કાઢું? કોઈ આવે નહિ એ પહેલા હું કાઢી લઉં. સમજાય છે કાંઈ? એમ સમ્યગ્દૃષ્ટિ ધર્મીજીવે પોતાના શુદ્ધ આત્માનું નિધાન શ્રદ્ધા-જ્ઞાનમાં જોયું છે. હું જ અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ, અનંત સ્વચ્છતા, પ્રભુતાનો પિંડ હું જ આત્મા છું. એમાં એકાગ્ર થઈને એની દશા ક્યારે પ્રગટ કરું, એવી સન્મુખતા ધર્મીને આત્મા સન્મુખ રહે છે. કહો, 'વજુભાઈ'!

મોહે મારી નાખ્યા જગતને. આ કરવું ને આ કરવું ને આ કરવું. સમજાય છે કાંઈ? શું કરી શકે છે? પ્રભુ! એક રજકણ, આંખની પાંપણ પણ ઊંચી-નીચી થાય છે એ તારા અધિકારની વાત નથી. એ તો જડના પરમાણુની ગતિ થવાની લાયકાતથી ગતિ થાય છે. સમજાય છે કાંઈ? અને વિકલ્પ, રાગ ઉઠે છે એ પણ એના કાળે, એના સમયે એવો ઉપાધિભાવ નબળાઈને લઈને થાય પણ એનો આદર નથી. શુભભાવ દયા, દાન, ભક્તિ આદિનો ભાવ આવ્યો, છૂટી ગયો એનો આદર નથી, કર્તા નથી, ભોક્તા નથી. આહાહા..! ધર્મીની શરતું (આકરી છે). સમ્યગ્દૃષ્ટિની શરતમાં આત્મા વર્તે છે. એની શૂરતામાં આત્મા વર્તે છે. સમજાય છે કાંઈ? એ સિવાય એવો વિકલ્પ આવે તો **'આત્મજ્ઞાનકે સિવા દૂસરે કાર્યકો અપને પ્રયોગમેં ચિરકાલ તક જ્યાદા દેરતક ન ઠહરને દેવે.'** આવી જાય ખરો, શુભરાગ પણ આવી જાય, અશુભરાગ તો બહુ થોડો આવે છે, શુભરાગ આવી જાય તોપણ લાંબો સમય રાખતા નથી. આહાહા..!

મુમુક્ષુ :– આખી જિંદગી વ્યવહાર પાળે છે ને?

ઉત્તર :– કોણ પાળે? ભગવાન! એને ખબર નથી. પ્રભુ! તારી નિધિમાં.. આહાહા...! પરિપૂર્ણ પરમાત્મા ચૈતન્યજ્યોત પડી છે એમાં કરવું છે શું? સમજાય છે કાંઈ? શું પંચ

મહાવ્રતને પાળવા? એ તો વ્યવહારનયના કથન છે. એ સમયે આવે છે એ કારણે (કહ્યું છે).

મુમુક્ષુ :– છે તો ખરા.

ઉત્તર :– છે ખરા તો ના કોણ પાડે છે? છે તો સ્વામી તરીકે છે? કરવાલાયક છે એમ છે? હિતકર છે? પોતાના સ્વરૂપમાં છે? એના સ્વઆશ્રયે રાગ ઉત્પન્ન થયો છે? 'ધન્નાલાલજી'! પંડિતજી! આહાહા..!

ભગવાન તારી વસ્તુની દૃઢ પ્રતીતિ સ્વભાવમાં પહેલી કરવી અને એ સ્વભાવની દૃઢ પ્રતીતિ થઈ તો સ્વભાવની સન્મુખતા સિવાય એને કોઈ વાત રુચતી નથી, એમ અહીંયા કહે છે. સમજાય છે કાંઈ?

**'અપને પ્રયોગમેં ચિરકાલ તક...'** પ્રયોગમાં એટલે એ રાગ આવી ગયો. શુભ આવ્યો, કોઈ દયાનો, કોઈ દાનનો, કોઈ ઉપદેશનો, કોઈ ભક્તિનો, કોઈ તીર્થજાત્રાનો આવ્યો, તો હો. પછી **'જ્યાદા દેરતક ન ઠહરને દેવે.'** પોતાના જ્ઞાયક સ્વભાવની દૃઢ પ્રતીતિ થઈ છે કે હું તો જ્ઞાયક આનંદ ચૈતન્ય છું. સમજાય છે કાંઈ? એ વખતે આવવાવાળો રાગ આવ્યો. ટકવા દેતો નથી. પોતાની સન્મુખ થઈને એને છોડી દે છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે માર્ગ, ભાઈ!

મુમુક્ષુ :– ટકવા દેતો નથી તો ...

ઉત્તર :– પોતાના સ્વભાવ સન્મુખ થઈને છૂટી જાય છે. તોડતો પણ નથી. છૂટી જાય છે. છોડતો પણ નથી. સ્વભાવ સન્મુખ થાય તો ઉત્પન્ન થતો નથી એને છોડે છે એમ કહેવાય છે. ભાઈ! વસ્તુ તો આવી છે. સમજાય છે કાંઈ?

ઓહો..! પોતાનો જ્ઞાયક ચૈતન્ય ભગવાન ભંડાર! મહા ભગવાન! ચૈતન્ય ભગવાન! એમ જેની પ્રતીતિમાં, શ્રદ્ધામાં, ભરોસોમાં આત્મા ચડી ગયો (એને) ભગવાન ભરોસામાં આવી ગયો. સમજાય છે કાંઈ? એને રાગાદિ આવે છે તો એની અભિમુખતા, સન્મુખતા હોતી નથી. હેયબુદ્ધિએ થઈને એ ભાવ છૂટી જાય છે.

મુમુક્ષુ :– પહેલા નિશ્ચય છે કે વ્યવહાર?

ઉત્તર :– પહેલા નિશ્ચય કર્યો ને.

મુમુક્ષુ :– પહેલા વ્યવહાર છે ને.

ઉત્તર :– શું વ્યવહાર આવ્યો? ક્યાં વ્યવહાર કહ્યો? એ તો કાલે ઘણી વાત માંડી હતી. સ્વઆશ્રય વિના પરાશ્રયનો વ્યવહાર કહે કોણ? નિશ્ચય સ્વઆશ્રય છે અને વ્યવહાર પરઆશ્રય છે. વ્યવહારનું લક્ષ પર સન્મુખ છે, નિશ્ચયનું લક્ષ સ્વ સન્મુખ છે. તો પહેલા પરલક્ષ કરે તો પછી સ્વલક્ષ થાય, એમ છે? સમજાય છે કાંઈ? ઊપર ચડવું હોય, દાદર.. દાદર કહે છે ને? મેડી. તો પહેલા ભોંયરે ઊતરે તો દાદર ચડી શકે, એમ છે? ભોંયરા સમજો છો? વચ્ચે ઓરડો હોય, નીચે ભોંયરું હોય અને ઉપર મેડી હોય. કોઈને ઉપર

ચડવું છે, તો પહેલા નીચે ઊતર્યા પછી ઉપર ચડશે, એમ છે? એમ ભગવાન એક સમયમાં અંતર્મુખ ચિદાનંદ પરમાત્મા બિરાજમાન છે... (એનું લક્ષ કરતાં પહેલા પરલક્ષ કરવું, એમ છે?) થોડા નજીક આવો, ભાઈ! બહાર થોડો તડકો છે. આહાહા..!

વાત ઇ છે કે ધર્મ કરવો છે પણ ધર્મી કેવી વસ્તુ છે એની પ્રતીતિમાં આવી નથી તો ધર્મ કરશે ક્યાંથી? સમજાય છે કાંઈ? બહિર્મુખની લાગણી તો અનાદિથી છે જ. બહિર્મુખની લાગણી, રાગની મંદતા, ભક્તિ, પૂજા આદિ તો અનંતવાર કર્યા છે. તો બહિર્મુખ થાય તો અંતર્મુખ થશે એવો સિદ્ધાંત નથી. 'ભોગીભાઈ'! ભાઈ! વસ્તુની સ્થિતિ એમ નથી.

ભગવાનઆત્મા અંતર્મુખ પરમાત્મા નિજ સ્વરૂપ છે. તો અંતર્મુખ જ્યાં આશ્રય કર્યો, શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ અંતર વિષય બનાવીને થયા, (પછી) રાગ છે, એને વ્યવહાર હો, પરાશ્રય ભાવ રહ્યો છે, જ્યાં સુધી સ્વાશ્રય પૂર્ણ ન થાય, જ્યાં સુધી સ્વાશ્રય પૂર્ણ ન થાય ત્યાં સુધી પરાશ્રય ભાવ છે. પહેલા સ્વઆશ્રયે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર પ્રગટ કર્યા છે પણ પૂર્ણ ચારિત્રની સ્થિતિ સ્વ આશ્રયે પૂર્ણ ન થાય ત્યાં સુધી ચારિત્રની વિપરીતતામાં પરાશ્રયનો રાગ આવ્યા વિના રહેતો નથી. એને વ્યવહાર કહે છે. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા શ્રદ્ધા-જ્ઞાનનો વિષય તો સ્વ પરિપૂર્ણ વસ્તુ છે. શ્રદ્ધા-જ્ઞાન તો થયા, સ્વરૂપનો આશ્રય લઈને ચારિત્ર પણ થોડું થયું. એ સ્વઆશ્રયમાં પૂર્ણ એકાગ્રતા નથી, ચારિત્ર પૂર્ણ નથી, તો એ ચારિત્રમાંથી એક ભાગ વિપરીતતા–રાગ, પરાશ્રયનો ભાવ ઉત્પન્ન થાય છે. એને પરસમય કહે છે, વ્યવહાર કહે છે, પરાશ્રયભાવ કહે છે, ઉપાધિ કહે છે, એને બંધનો ભાવ કહે છે. તો પહેલા બંધનો ભાવ અને પછી મોક્ષનો ભાવ, એમ છે નહિ. બંધભાવનો ભાવ તો અનાદિથી છે.

મુમુક્ષુ :– વ્યવહાર એકલા દોષના જ અર્થમાં છે?

ઉત્તર :– પરાશ્રયમાં દોષના જ અર્થમાં છે. હા. પણ સ્વ આશ્રય દૃષ્ટિ થઈ ત્યાં પૂર્ણતા સ્વ આશ્રયમાં ન હોય ત્યાં સુધી વ્યવહાર પરાશ્રયનો ભાવ આવ્યા વિના રહેતો નથી. એને વ્યવહાર કહે છે. એનો ઉત્સાહ ન હોવો જોઈએ. એમ કહે છે. એની હોંશ ન હોવી જોઈએ કે આહા..! મને વ્યવહાર આવ્યો, મને આવ્યો.

મુમુક્ષુ :– ત્યાં તો પ્રયોજનવાન કહ્યું તો...

ઉત્તર :– શું પ્રયોજનવાન? જાણેલો પ્રયોજનવાન કહ્યો હતો. આદરવા યોગ્ય પ્રયોજનવાન નહોતું કહ્યું. બારમી ગાથા ને? જાણેલો પ્રયોજનવાન છે, ભગવાન! બાપુ! તારી ઋદ્ધિ એવી છે, ભાઈ! એની ઋદ્ધિની ખબર નથી એટલે ઋદ્ધિ વિનાની બહારની વસ્તુમાં ઝાંવા નાખે છે. જાણે આ કરું, આ કરું, આ કરું. ભાઈ! એ કરી કરીને તો તારી જિંદગી અનંતકાળ ગયો. સમજાય છે કાંઈ?

પોતાની સ્વ ચૈતન્યમૂર્તિ... સ્વ આશ્રય તે નિશ્ચય, નથી આવતું? આવે છે? 'સમયસાર'

'બંધ અધિકાર'માં આવે છે. જ્યાં નિશ્ચય અને વ્યવહારનું પ્રકરણ ચાલ્યું છે ત્યાં. 'स्वाश्रयो निश्चय' 'અમૃતચંદ્રાચાર્ય' કહે છે. આવે છે ને? 'વજુભાઈ'! આ તો આપણે 'સમયસાર' બહુ પ્રચલિત છે ને એટલે .... એમાં ... 'અમૃતચંદ્રાચાર્ય' (કહે છે). 'स्वाश्रयो निश्चय, पराश्रयो व्यवहार:'. એનો અર્થ શું છે? પહેલા એકલો પરાશ્રય કરે તો સ્વ આશ્રય થાય, એમ છે?

મુમુક્ષુ :– લોકો માને તો છે.

ઉત્તર :– માને તો અનાદિથી માને છે. પોતાના નિધાનની વસ્તુની દૃષ્ટિ નથી. માનો તો અનાદિકાળથી મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ? એ તો કાલે કહ્યું હતું ને? 'સમયસાર' ૪૧૩ ગાથા. અનાદિરૂઢ વ્યવહારમૂઢ નિશ્ચય અનારૂઢ, એવા ત્રણ શબ્દ પડ્યા છે. ભગવાનઆત્મા નિશ્ચયનો સ્વ આશ્રય થયા વિના વ્યવહારના રાગને વ્યવહાર જાણનાર કોણ રહ્યું? એ તો અનાદિરૂઢ વ્યવહાર છે, મૂઢ છે. અનાદિરૂઢ વ્યવહાર મૂઢ એ પહેલા (હોય) એ પછી નિશ્ચય (થાય), એમ છે? સમજાય છે કાંઈ? શું કહ્યું? અનાદિરૂઢ વ્યવહારમૂઢ પહેલા અને પછી નિશ્ચય આરૂઢ.

મુમુક્ષુ :– વ્યવહારાભાસ છે.

ઉત્તર :– વ્યવહારાભાસ છે, વ્યવહાર છે જ નહિ. સમજાય છે કાંઈ? વ્યવહાર તો ક્યારે કહેવાય છે? નિશ્ચય હોય તો સાથે વ્યવહાર પરાશ્રય રાગ રહી ગયો એને વ્યવહાર કહે છે. છે બંધનું કારણ. આહાહા..! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ આવે છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આદિ આવે છે પણ છે બંધનું કારણ. સ્વ આશ્રય જ મુક્તિનું કારણ છે. સમજાય છે કાંઈ? ભારે, ભાઈ પણ! એને ચૈતન્યનું માહાત્મ્ય (આવ્યું નહિ). કંઈક કંઈક પરાશ્રય ભાવ હોય તો મારો આત્મા ખુલશે. આહાહા..! કંઈક કંઈક પરાશ્રય મારી દૃષ્ટિ પર ઉપર હોય તો મારી દૃષ્ટિ અંતર્મુખ થશે, એનો અર્થ શું? આહાહા..! સમજાય છે કાંઈ? બહુ સીધી અને સરળ વાત છે પણ લોકોએ વિપરીત કરી નાખી છે.

મુમુક્ષુ :– સ્વાશ્રય નિશ્ચય, પરાશ્રય વ્યવહાર, એક સમયની પર્યાયમાં છે?

ઉત્તર :– બન્ને એક સમયમાં છે, એક સમયમાં છે. સ્વનો આશ્રય લઈને જેટલા સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા એ સંવર, નિર્જરા છે. એ જ સમયે પૂર્ણ સ્વ આશ્રય નથી, પરાશ્રય રહે છે, રાગ છે, પરાશ્રય છે, એકસાથે છે. એ તો છોડાવ્યો છે. પરાશ્રિત વ્યવહાર ભગવાને છોડાવે છે. આચાર્યે 'બંધ અધિકાર'માં ન કહ્યું? ભગવાન જ્યારે પરના જીવન, મરણ, સુખ, દુઃખ નથી કરી શકતા એવા અધ્યવસાયને છોડાવ્યો છે તો આચાર્ય કહે છે, અમે તો એમ જાણીએ છીએ કે ભગવાને જ્યારે પરદ્રવ્યની ક્રિયા કરવી કે હિંસા આદિ છોડવી, એવો અધ્યવસાય છોડાવ્યો છે તો અમે તો જાણીએ છીએ કે પરાશ્રિત બધોય વ્યવહાર છોડાવ્યો છે. પરાશ્રિત બધોય વ્યવહાર છોડાવ્યો છે. એટલે? કે પરની ક્રિયા કરવાનું અધ્યવસાયથી માનો છો એ તારી ખોટી વાત છે. અમે તો એમ માનીએ છીએ કે ભગવાને

પરાશ્રયની સન્મુખતા જ છોડાવી છે. સમજાય છે કાંઈ? આવે છે કે નહિ? આચાર્ય 'અમૃતચંદ્રાચાર્ય' પોતે કહે છે.

મુમુક્ષુ :– પણ પહેલા હોય એને કહેવાય ને?

ઉત્તર :– પણ પહેલા હોય એટલે શું? એનો અર્થ શું? સ્વઆશ્રય થયો તો પરાશ્રય ભાવ છે. નથી? સ્વઆશ્રય પૂર્ણ થઈ ગયો? દૃષ્ટિ થઈ છે એમાં સ્વ આશ્રય આત્માનું ભાન થયું, તો એ સમયે એની સ્થિરતા પૂર્ણ થઈ ગઈ? સ્થિરતા પૂરી નથી થતી. જેટલો પરાશ્રય રહે છે તેટલો રાગ આવ્યા વિના રહેતો નથી. સાથે છે. નૈગમનયથી કથન છે કે રાગ કારણ અને વીતરાગ કાર્ય, એમ 'પરમાત્મ પ્રકાશ'માં કેમ કહ્યું? પહેલા રાગ છે, વિકલ્પ છે અને પછી નિર્વિકલ્પતા, એમ કેમ કહ્યું? રાગ કારણ અને વીતરાગતા કાર્ય નથી. પણ રાગનું લક્ષ છોડીને અંતર વીતરાગતા–સ્વ આશ્રયે પ્રગટ કરી તો પૂર્વના રાગને નૈગમનયથી કારણ કહેવામાં આવે છે. એ તો પૂર્વની વાત થઈ. આ તો થયું, સ્વ આશ્રય થયો. સ્વઆશ્રય પૂર્ણ નથી, પરાશ્રય રહે છે એનું નામ વ્યવહાર. બસ! એકસાથે છે. એક છૂટવાનો ઉપાય અને એક બંધાવાનું કારણ. આહાહા..!

મુમુક્ષુ :– બન્ને સાથે ચાલે છે.

ઉત્તર :– બન્ને સાથે છે ને? કર્મધારા, જ્ઞાનધારા. 'પુણ્ય-પાપ અધિકાર'માં આવે છે ને? સ્વરૂપની એકાગ્રતાની ધારા પણ ચાલે છે અને જેટલી નબળાઈને છે એટલો શુભરાગ પણ ચાલે છે. કર્મધારા છે, બંધધારા છે. પંડિતજી! આવે છે કે નહિ?

મુમુક્ષુ :– જ્ઞાનધારા, કર્મધારા સાથે રહે છે.

ઉત્તર :– સાથે ચાલે છે. કર્મધારા સાથે ચાલે છે એમાં આત્માનો આશ્રય છે? એનાથી લાભ છે? આહાહા..! અરે..! પણ શું થયું? એને ચૈતન્ય વસ્તુની મહિમા જ નથી. એને એ રાગ છે, રાગ આવ્યો ને? ખરેખર તો રાગ પરદ્રવ્ય છે, નિશ્ચયમાં સ્વદ્રવ્યમાં છે જ નહિ. સમજાય છે કાંઈ? (એમ કહે), પરદ્રવ્ય છે ને? પરદ્રવ્ય છે ને? પણ પરદ્રવ્ય છે તો સ્વદ્રવ્ય છે? સમજાય છે કાંઈ? વ્યવહાર છે તો નિશ્ચય છે? એમ છે જ નહિ. આ એક આંગળી છે તો બીજી આંગળી છે? બન્ને પોતપોતાથી છે. વ્યવહાર છે તો નિશ્ચય છે? એમ છે જ નહિ. નિશ્ચય પોતાના સ્વ આશ્રયે થાય છે, વ્યવહાર પરાશ્રયે થાય. બન્ને દ્રવ્ય ભિન્ન છે. સમજાય છે કાંઈ? એક સમયમાં બન્ને ભિન્ન વસ્તુ છે. ઓહોહો..!

મુમુક્ષુ :– એમ કીધું ને કે બન્ને નયોને છોડવા નહિ.

ઉત્તર :– છોડવા નહિ એનો અર્થ એ નથી એમ ન માનવું. એમ. રાગ છે, ભેદ છે એમ ન માનવું એમ નહિ, જાણો કે છે, એટલું. આદર (દ્રવ્યનો). છે એમ જાણવું. સમજાય છે કાંઈ? વ્યવહારનયની શ્રદ્ધા–છે એટલું જાણો, પણ છોડવાલાયક છે એમ જાણવું.

મુમુક્ષુ :– તો તીર્થનો નાશ થઈ ગયો.

ઉત્તર :- ચોથું, પાંચમું, છઠ્ઠું ગુણસ્થાન ભેદ છે, એ વ્યવહારનયનો વિષય છે. એ રહ્યું નહિ. ચોથું, પાંચમું, છઠ્ઠું અથવા સમ્યગ્દર્શનની પર્યાય ભેદ છે, વ્યવહાર છે, એ જ વ્યવહાર થયો. ત્રિકાળ નિશ્ચય થયો તો એક સમયની સમ્યગ્દર્શનની પર્યાય વ્યવહાર છે, એક સમયની પર્યાય વ્યવહાર છે. પર્યાયનો નાશ થાય છે તો તીર્થ રહેતું નથી. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! અરે..! તારા.. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીંયા તો કહે છે, **'દૂસરે કાર્યકો અપને પ્રયોગમાં ચિરકાલ તક જ્યાદા દેર તક ન ઠહરને દેવે.'** આહાહા..! પરાશ્રિત ભાવ પણ વધારે સમય રહેવા ન દે. અભિમુખતા સ્વરૂપ.. સ્વરૂપ.. સ્વરૂપ.. સ્વરૂપ (તરફ રહે). આહાહા..! સમજાય છે કાંઈ? એક ચોપડી વાંચવાની રટ લાગી હોય અને બે-પાંચ પાના રહી ગયા હોય. વાંચતા વાંચતા.. વાંચતા, એમાં પિતાજી બોલાવે, જાવું પડે પણ.. આહાહા..! કેવું કામ હશે? થોડામાં પતી જશે? ઝટ પતી જાય એવું હશે? શું હશે? મારે તરત વાંચવું છે. એમ થાય છે કે નહિ? 'અજિતપ્રસાદજી'! કથા હોય ને? કથા વાંચતા વાંચતા બે પાના રહી ગયા હોય, સો થી દોઢસો વાંચી લીધા હોય, ત્યાં પિતાજી બોલાવે, એ... લખુ! અંદર આ પૂરું કરીને હમણાં પાંચ મિનિટમાં (આવું). બોલાવે એટલે ન્યાં વાંચી લઉં એમ ન ચાલે, સત્તાપ્રિય બાપ હોય. એને ઉઠવું જ પડે એ પુસ્તક મુકીને. આમ ભાગે. એનું લક્ષ ન્યાં છે, હોં! એ જાય ભલે, એના મનમાં છે કે ઝટ કામ થઈ જાય ને. એવું સાધારણ કામ સોંપે તો ઝટ થઈ જાય, ઝટ થઈ જાય, થોડા કામમાં થઈ જાય, એવી ભાવના છે કે નહિ? સમજાય છે કાંઈ?

એમ ભગવાનઆત્મા પોતાની શુદ્ધ શ્રદ્ધાનું ધ્યેય આત્માને બનાવ્યું છે. એમાં નીકળીને જરીક રાગાદિ આવે છે એ ઝટ અલ્પકાળમાં છૂટી જાય, અલ્પકાળમાં છૂટી જાય તો હું મારામાં એકાગ્ર થઈ જાઉં. એવી લગની ધર્મીને લાગે છે. આહાહા...! કહો, 'મોહનભાઈ'! ધર્મી.. બાપુ! આહાહા..! રંગ લાગ્યો અંદરથી પ્રભુનો, એ રંગ છૂટે નહિ. સમજાય છે કાંઈ? 'એ રંગ શાના રે, બીબે બીજી ભાતું પડે' લાકડાના બીબા હોય ને? બીબા નથી હોતા? છાપવાના. એ બરાબર કોરેલા, કોતરેલા હોય તો છાપ પડે. બુઠા હોય તો લોચા પડે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- કપડું પણ નકામું જાય.

ઉત્તર :- અરે...! કપડું શું, હમણા આવ્યો હતો ને? તે દિ' છોકરો કહેતો હતો. 'ભૂપેન્દ્ર.. ભૂપેન્દ્ર'. 'અમદાવાદ' ઘણા હજારોના લેવા આવ્યો હતો. એના બીબા ભુંસાય ગયા હશે. એ અહીં આવ્યો હતો ત્યારે કહેતો હતો. કેટલા હજારના! મોટું (કામ) છે ને! પાંચ-પાંચ લાખની પેદાશ છે ને! 'ભૂપેન્દ્ર ડાઈંગ પ્રિન્ટીંગ' હમણા આવ્યો હતો. શું કરવા આવ્યો છે? અમદાવાદ આવ્યો હતો તો આપના દર્શન કરવા આવ્યો છું. બીબા બહુ રાખે છે ને? બીબા કેટલા? બહુ કહેતા હતો કોણ જાણે, કેટલા બીબા? હજારોના, હોં! કેટલા હજારોના! મોટું કામ રહ્યું ને! એટલે ઘસાઈ ગયા હોય. સારી છાપ પડે નહિ. અને એની છાપ બહારમાં

બહુ વખણાય. 'ભૂપેન્દ્ર ડાઈંગ અને પ્રીન્ટીંગ વર્ક્સ.' 'મુંબઈ'. સાડીનું ખાતું. લાકડાના બીબા. ઓહો..! લાકડા લેવા આવ્યા છે. સારી છાપ પાડવા માટે. અહીં કહે છે, આત્મામાં શ્રદ્ધા, જ્ઞાનમાં આત્માને વિષય બનાવ્યા વિના એની કોતરણી સારી થતી નથી. સમજાય છે કાંઈ? રાગાદિ આવે તો ભૂલી જાય.

**'કિસી પ્રયોજનકે વશ યદિ કુછ કરના પડે,...'** રાગ આવ્યો, શુભભાવ આવ્યો, અરે..! વિષયની વાસના પણ આવી ગઈ અને એમાં જોડાઈ ગયો **'તો ઉસે અતત્પર હોકર-અનાસક્ત હોકર...'** સ્વામીપણું નહિ રાખીને, એકરૂપ નહિ કરીને ભિન્ન રાખીને **'વાણી વ શરીરકે દ્વારા કરે.'** કરેનો અર્થ વાણી દ્વારા શરીર થઈ જાય. વિકલ્પમાં એકત્વ થતું નથી. સમજાય છે કાંઈ?

**'ઐસી પ્રકાર ભોજનકે લિયે જાતે હુએ ભી નહીં જા રહા હૈ,...'** લ્યો! ધર્માત્મા ભોજન લેવા જાતા નથી. આત્માના અતીન્દ્રિય આનંદનું ભોજન જેને છે.. આહાહા..! અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે. ભગવાનઆત્મા જ અતીન્દ્રિય આનંદ છે. એના સ્વાદ આગળ ભોજન લેવા જાય છે એ જાતા નથી. એ તો શરીરનો નિર્વાહ થતો નથી અને વિકલ્પ આવ્યો છે, તો જાય છે, પણ અંતરમાં ભાવમાં અભિમુખતા નથી. પોતાના અંતર્મુખમાંથી સન્મુખતા છૂટતી નથી. ખાતા હો, પીતા હોય, ચાલતા હોય. એમ કહે છે જુઓ! લગની લાગી, લગની. સમજ્યા? પરસ્ત્રીની લગની કેવી લાગે છે! જુઓ! સપનામાં દેખાય. અરે..! સપનામાં આમ દેખાય, એ છે. હોય નહિ કાંઈ. લગન લાગે છે ને લગન. આ રહી. એમ આત્માની અંદરમાં એને લગન લાગવી જોઈએ. હું પૂર્ણાનંદ પ્રભુ! અહો..! પરમાત્મ પર્યાય મારી પરમાત્મ શક્તિમાંથી નીકળે છે. બીજું કોઈ સાધન નથી. એવી પ્રતીતિ, શ્રદ્ધા, જ્ઞાન થયા તો ભોજન લેવા જાય છે પણ એ જતો નથી.

કાલે બતાવ્યું હતું, નહિ પેલું? 'બનારસીદાસ'નું. **'भावै रहौ मंदिरमैं भावै रहौ वनमैं'** બોલે છે પણ જોગાસન, નહોતું આવ્યું? બોલે છે તોપણ જોગાસન છે, બોલે છે તો મૌન છે. આહાહા..! પોતાના આત્મા સિવાય પરપદાર્થની જેવી પર્યાય થવાની એવી એનામાં થાય છે, એમાં પોતાની વિશેષતા તો છે નહિ, તો એ તરફનો એનો અભિપ્રાય રહેતો નથી. કે મેં બનાવ્યું કે આમ કર્યું કે તેમ કર્યું, બધું છૂટી ગયું છે. રાગ આવ્યો, તોપણ કહે છે, ભોજન લેવા જાય છે છતાં અંદરમાં તો આનંદનો ખુબ અનુભવ કરું. વિકલ્પ છૂટી જાય અને હું અંતરમાં આનંદના અનુભવમાં ઘુસી જાઉં. ધર્માત્મા ભોજન લેવા જાય છે છતાં ભોજન નથી કરતા એમ કહેવામાં આવ્યું છે. આહાહા..!

**'સિદ્ધ પ્રતિમાદિકોંકો દેખતે હુએ ભી...'** અહીં તો સિદ્ધ પ્રતિમા લીધી, જુઓ! સિદ્ધ ભગવાનની પ્રતિમા હોય છે ને? સિદ્ધ પ્રતિમા હોય છે ને? ખાલી ભાગ. આમ સિદ્ધને (જુએ), દેખે છે છતાં નથી દેખતા. કેમકે એનું લક્ષ વિકલ્પ છે છતાં એની અભિમુખતા નથી. જુઓ!

ભગવાનના દર્શનમાં પણ એની અભિમુખતા દૃષ્ટિમાં નથી.

મુમુક્ષુ :- એમાં જીવ ખોવાય જાય તો તો...

ઉત્તર :- ... રાગ હો. આહાહા..! પેલા કહે છે ને, જિનબિંબના દર્શનથી નિદ્ધત અને નિકાચીત કર્મ તોડી નાખે છે. 'ધવલ'માં આવે છે. પણ એ ક્યું જિનબિંબ? સમજ તો ખરો, એ તો નિમિત્તનું કથન છે. સાક્ષાત્ ત્રિલોકનાથ હોય તોપણ શું એની સન્મુખતાથી સમ્યગ્દર્શન થાય છે? સમજાય છે કાંઈ? તો આ પ્રતિમા ને દેરાસર જોવાથી સમ્યગ્દર્શન થઈ જાય છે. એ તો શુભભાવ, અશુભ ન હોય તો આવે છે, લક્ષ જાય છે. બસ! એટલું. એ શુભભાવ પણ એનાથી થાય છે, એમ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! અને શુભભાવ આવ્યો તો એના આત્મામાં સન્મુખતામાં વિશેષ વૃદ્ધિ થશે, એમ નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! 'સમ્મેદશીખર'નું આવે છે ને? એકવાર વંદે જો કોઈ, નરક પશુ ન હોય. એમાં શું થયું? નરક, પશુ ન હોય. એવો શુભભાવ હોય તો સ્વર્ગ મળે. એમાં થયું શું? જન્મ-મરણના અંત ક્યાં થયા? 'સમ્મેદશીખર'ની લાખ જાત્રા કરે તો શું છે? અરે.. અરે...!

મુમુક્ષુ :- બીજા પદાર્થથી મોક્ષ પામે?

ઉત્તર :- બીજા પદાર્થથી મોક્ષ પામતા હશે? એનાથી? આહાહા..! અહીં એક સાધુ આવ્યા હતા. 'સમ્મેદશીખર'ના દર્શનથી ૪૯ ભવ બાકી રહી જાય છે. એને કીધું, એ શાસ્ત્ર ભગવાનના નહિ. પરદ્રવ્યના આશ્રયે જન્મ-મરણના અંત થાય, એમ કહે એ ભગવાનના શાસ્ત્ર નહિ. તો એ કહે, ના, ના. આત્મા છે, આત્મા છે. પણ આત્મા શું છે? આત્માના આશ્રય વિના જન્મ-મરણ ત્રણકાળમાં છૂટતા નથી. સાક્ષાત્ ભગવાન સમવસરણમાં બિરાજતા હોય, એમની સન્મુખતાનો ભાવ શુભભાવ છે. પંડિતજી! આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- સામે જ હતા. તો શું છે? ત્યાં અંતર સન્મુખ ન થયો. તો શું કરે? ભગવાનથી કોઈ વસ્તુ મળે છે? આહાહા..! લોકોએ તો એવું લગાવી દીધું..

મુમુક્ષુ :- બાર સભામાં દેવી, દેવતા, મુનિ, આર્જિકા દોડીને જાય છે.

ઉત્તર :- તો શું છે? એ શુભભાવ છે. એની સન્મુખતાથી સમ્યગ્દર્શન થાય છે? અંતરમાં જ્યારે સ્વ આશ્રય લીધો. પેલું ભૂલી ગયા ત્યારે સમ્યગ્દર્શન થાય છે. આહાહા..! એ વચ્ચે આવે છે જરૂર, ભક્તિ, વિનય આવે છે પણ એ આવે છે એ પરાશ્રયભાવ છે. પરાશ્રય ભાવથી સ્વાશ્રય ભાવનો કિંચિત્ પણ ટેકો મળે છે એમ છે નહિ. ભગવાન! માર્ગ કોઈ જુદો છે. આ તો વીતરાગ માર્ગ છે. સમજાય છે કાંઈ? પેલામાં ભક્તિ આદિ ઉડાવી દીધી અને એકે ભક્તિમાં ધર્મ માની લીધો. સમજાય છે કાંઈ? એમ છે જ નહિ. ભક્તિ બે પ્રકારની છે. પોતાની ભક્તિથી જન્મ-મરણનો અંત આવે છે, પરની ભક્તિથી શુભભાવ થાય છે.

મુમુક્ષુ :-

ઉત્તર :– બસ. બાકી પરાશ્રય ભાવ થાય, એને ભૂલી જાય, ભૂલી જાય. અંતરમાં આવી જાઓ, અંતરમાં આવી જાઓ. 'સમ્મેદશીખર'ના દર્શન કર્યા તો આહાહા..! (થઈ જાય). અહીં આ લોકો કહેતા, 'શેત્રુંજય' છે ને? 'શેત્રુંજી' નદીમાં ન્હાય એના ભવ ઉડી જાય. ધૂળમાં પણ નથી. નદીમાં ઘણા માછલા ન્હાય છે.

મુમુક્ષુ :– ધર્મબુદ્ધિથી ન્હાયને?

ઉત્તર :– પાણીના સ્નાનથી શું થાય છે? ઊલટાનું પાપ લાગે છે. પાણીના અસંખ્ય જીવ મરે છે.

મુમુક્ષુ :– આત્મા નદી સંયમ..

ઉત્તર :– આત્મા નદી સંયમ,... અંદર સ્નાન કર, બહારમાં શું છે? માંસ ખાનારા માછલા પણ કરે છે, એમાં શું થયું? સમજાય છે કાંઈ? વીતરાગ માર્ગ એવી વસ્તુ છે, ભાઈ! એને લક્ષમાં લીધા વિના, સ્વનો આશ્રય કર્યા વિના એનું ત્રણકાળમાં કલ્યાણ ક્યાંય ન થાય. આખી જિંદગી ભક્તિ કરો, વ્રત પાળો, પૂજા કરો, એ શુભભાવ છે. એમાં જન્મ-મરણ (ટળી જાય છે) અને સંવર, નિર્જરા થઈ જાય છે એવી વસ્તુ નથી. આહાહા..!

અહીં શું કહે છે? મુનિ ભોજન લેવા જાય છે તો કહે છે, ભૂલી જાઓ. **'નહીં જા રહા હૈ,...'** લ્યો! સમજાય છે કાંઈ? કાલે કહ્યું હતું ને? ભાઈ! ભોજન વધે તો ખાય જવું, નિર્જરા થશે. અને બીજાને આહાર-પાણી દેવામાં નિર્જરા થાય છે. 'એકાંત સો નિર્જરા' 'ભગવતી સૂત્ર'માં એવો પાઠ છે. 'એકાંત સો નિર્જરા' તથારૂપના સાધુને શ્રાવક જો શ્રમણોપાસક આહાર-પાણી આપે 'એકાંત સો નિર્જરા' પાપ કિંચિત્ નથી, એકાંત નિર્જરા છે. એ વસ્તુ જ ખોટી છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– એમાં શું? સમજાય છે કાંઈ? એમ છે નહિ, ભાઈ! નિર્જરા ક્યાંથી થાય? નિર્જરા તો પોતાના સ્વરૂપનો આશ્રય કરે તો નિર્જરા થાય છે. નિર્જરા શું પરના આશ્રયે થાય? એ આવે છે કે નહિ? 'ચેતનજી'! 'ભગવતી'માં સૂત્ર આવે છે. અમારે તો એક એક સૂત્રની ચર્ચા થઈ હતી. એક સૂત્રમાંથી તેરાપંથી નીકળ્યા, એક સૂત્રમાંથી સ્થાનકવાસી જોર આપે છે અને એક સૂત્રમાંથી નિર્જરા થાય છે એમ માની લે છે. સમજાય છે કાંઈ? સાક્ષાત્ ભગવાન હોય તોપણ આહાર દેવાનો ભાવ છે એ શુભ છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ આપીને ભૂલી જાય, કહે છે. અંતરમાં ચાલ્યા જાય. ચાલો, ભાઈ! અંતરમાં આવો, અંતરમાં આવો. પરની અભિમુખતા નથી, સ્વની અભિમુખતા છે. આહાહા..!

મુમુક્ષુ :– ઊંચામાં ઊંચી સિદ્ધ પ્રતિમા...

ઉત્તર :– ઊંચામાં ઊંચી લઈ લીધી. સારામાં સારી સિદ્ધ પ્રતિમા હોય તો શું છે? પર વસ્તુ છે. સિદ્ધ પ્રતિમા પણ પર છે.

અહીંયા કહે છે, **'દેખતે હુએ ભી નહીં દેખ રહા હૈ,...'** જોવાનો જરી શુભ વિકલ્પ

આવ્યો પણ અભિમુખ નથી. અભિમુખ તો અંતરમાં છે. આહાહા..! 'જેનો પક્ષ લઈને બોલું તે મનમાં સુખ માણે,' 'આનંદઘનજી' કહે છે. 'મારી મને નિર્પક્ષ તેણે ન મુકી' જેનો પક્ષ લઈને બોલું તો કહે, હા. આ વાત બરાબર છે. જેનો પક્ષ મુકીને બોલું તો કહે, નહિ, નહિ. એવું 'આનંદઘનજી'માં આવે છે, હોં! 'માડી મુનિ નિર્પખ કેણ હી ન મુકી, જિસકા પક્ષ લેકર બોલું એ મનમાં સુખ માણે, જેનો પક્ષ મુકીને બોલું એ મનમાં મન તાણે, માડી મુને નિર્પક્ષ કેણ હી ન મુકી.' સુમતિ કહે છે, સમજ્યા ને?

મુમુક્ષુ :- હિન્દીમેં.

ઉત્તર :- સુમતિ કહતી હૈ. એ તો હિન્દીમાં છે. 'આનંદઘનજી'નું પદ છે. આહાહા..! 'માડી મુને નિર્પખ કેણ ન મુકી' કો'કે મને લોચ કરાવી ને કો'કે મને સ્થાપી ને કો'કે મને ઉથાપી ને કો'કે મને પ્રતિમામાં ધર્મ મનાવ્યો. જેવું માને છે તેવું માનું તો કહે, આહા..! બહુ સારુ. 'સોગનચંદજી'! અને એનાથી વિરૂદ્ધ કહું તો કહે, ભ્રષ્ટ થઈ ગયા છે, એને છોડી દો. પણ આ તમારા મોટા ગુરુ છે ને? એ પલટી ગયા, હવે નહિ. સમજાય છે કાંઈ? એના પક્ષને છોડીને બીજી સત્ય વાત કહે તો કહે, એ નહિ, એ નહિ. અહીંયા વ્યવહારનો પક્ષ સ્થાપીને જો લાભ મનાવીએ તો કહે, બરાબર છે. કારણ કે શાસ્ત્રમાં વ્યવહારને સાધન કહ્યું છે, વ્યવહારને હેતુ કહ્યો છે, વ્યવહારને કારણ કહ્યું છે. આવ્યું છે કે નહિ? 'છ ઢાળા'માં નથી આવ્યું? 'નિયતકો હેતુ'. એમ કહ્યું છે. નિશ્ચયનું કારણ કહ્યું છે. હવે સાંભળ તો ખરો. એ તો વ્યવહારથી એવી વસ્તુ આવે છે એને નિમિત્તની અનુકૂળતા ગણીને નિમિત્ત કહ્યું. નિમિત્તને અનુકૂળ કહે છે. અનુકૂળને નિમિત્ત કહે છે. એનો અર્થ એમ નથી કે અનુકૂળ છે તો અહીંયા કામ થાય છે. એમ નથી.

એ ચર્ચા લીધી હતી. તમે એને અનુકૂળ કહ્યું છે કે નહિ? 'ફૂલચંદજી' એમ કહે, ભાઈ! અનુકૂળનો અર્થ જ નિમિત્ત છે. સાંભળને! તમે વ્યવહારને અનુકૂળ કહ્યું ને? પણ અનુકૂળનો અર્થ નિમિત્ત છે. અનુકૂળ એટલે ન્યાં સહાય કરે છે? એ ચર્ચા કરી હતી એમાં. અનુકૂળ અને અનુરૂપ બે વસ્તુ છે. નિમિત્તને અનુકૂળ કહે છે, સામે નૈમિત્તિકને અનુરૂપ કહે છે. સમજાય છે કાંઈ? ઘડો બને છે તો કુંભાર અનુકૂળ છે અને ઘડાની પર્યાય અનુરૂપ છે. બે પૃથક્ પૃથક્ કાર્ય છે. કોઈનું કાર્ય કોઈ કરે (એમ નથી). કુંભાર ઘડો બનાવે એમ ત્રણકાળ ત્રણલોકમાં નથી.

મુમુક્ષુ :- પણ કુંભાર વિના ઘડો બનતો નથી.

ઉત્તર :- કુંભાર વિના જ બધા ઘડા બન્યા છે. પોતાની પર્યાયથી, ઉત્પાદથી બન્યા છે. બધા માટીના સ્કંધ પોતાની ઉત્પાદ પર્યાયથી ઘડો બનાવે છે. એ માટી અભિમુખ થઈને, એમ ત્યાં છે ને? ભાઈ! ત્યાં અભિમુખ, સન્મુખ નથી નાખ્યું? ત્યાં પણ 'ફૂલચંદજી'એ નાખ્યું છે. માટી જ એ કાર્યમાં સન્મુખ છે. એ પર્યાયમાં સન્મુખ છે તો બને છે. શું કુંભાર સન્મુખ છે?

મુમુક્ષુ :– કાર્યમાં કુંભાર હોતો જ નથી.

ઉત્તર :– આહાહા..! કાર્યમાં કુંભાર રહેતો નથી. કુંભાર તો કુંભારમાં છે અને કાળ તો એક છે. અહીંયા પર્યાય ઉત્પન્ન થઈ, ત્યાં કુંભારની પર્યાયનો રાગ છે. હાથ ચાલે છે. બન્ને પર્યાય ભિન્ન ભિન્ન છે. શું એમાં ઇ છે? બન્ને એક છે? આ પર્યાય છે અને આ પણ છે. તો આનાથી આ છે? એક સત્‌નો અંશ છે એ આ સત્‌નો અંશ છે? સમજાય છે કાંઈ? હો, હોવાની કોણ ના પાડે છે? 'મોહનભાઈ'! ભારે ભાઈ તકરાર. આ તો સીધી સાદી સત્. ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તં સત્.

અહીં તો કહે છે, રાગનો પણ ઉત્પાદ થઈ જાય તો ધર્મીને ધ્રુવ સન્મુખની દૃષ્ટિ છૂટતી નથી અને રાગના ઉત્પાદમાં અભિમુખતા થતી નથી. આહાહા..! પોતાથી રાગ ઉત્પન્ન થાય છે, હોં! કર્મથી નહિ. આહાહા..! 'કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ અગ્નિ સહે...' તો કહે, ના એ આર્ષવાક્ય નહિ. આવા ને આવા. પોક મુકવા જેવા પાક્યા છે. બધા આર્ષ વાક્ય ન્યાયથી થાય છે. સમકિતી પણ ન્યાયથી કહે છે એ ભગવાનનું જ વાક્ય છે. સમજાય છે કાંઈ? પેલા કહે, નહિ. આર્ષ વાક્ય નહિ. 'અગ્નિ સહે ઘનઘાત, લોહકી સંગતિ પાઈ' લોઢાએ અગ્નિનો સંગ કર્યો તો ઘણ પડે છે. અગ્નિએ લોઢાનો સંઘ કર્યો તો ઘણ પડે છે. અગ્નિ લોઢાનો સંગ ન કરે તો ઘણ ન પડે. ભગવાનઆત્મા કર્મના સંગનું લક્ષ કરે તો રાગ ઉત્પન્ન થાય છે, દુઃખ જ થાય છે. સમજાય છે કાંઈ? એ જ દુઃખ છે.

અહીંયા કહે છે, ધર્મી ભોજન લેવા જાય છે છતાં જતા નથી. વલણ ક્યાં છે? વલણ તો અંદર છે. અભિમુખતા નથી. ક્યારે છૂટી જાઉં? ક્યારે એકાગ્ર થઈ જાઉં? કયારે છોડીને લીન થાઉં? એવી ભાવના સમ્યગ્દૃષ્ટિને સ્વસન્મુખની રહે છે. **'સિદ્ધ પ્રતિમાદિકોંકો દેખતે હુએ ભી નહીં દેખ રહા હૈ,...'** આહાહા..! પેલો કહે, જિનબિંબથી સમકિત થાય. અહીં કહે છે, જિનબિંબને જુએ છે છતાં નથી જોતો. લ્યો! આ ઇષ્ટ ઉપદેશ. એ તો 'ધવલ'માં નિમિત્તનું કથન હતું. સિદ્ધ પ્રતિમાને જોતાં વિકલ્પ આવ્યો છતાં નથી જોતો. (નિજ) ભગવાનને જુએ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ કહે, જિનપ્રતિમાથી સમ્યગ્દર્શન થાય છે. મિથ્યાત્વનો નાશ, ટુકડા થઈ જાય છે. અરે..! ભગવાન! શું કહે છે તું? ભારે! માર્ગ મરડીને કચડીને મરડી નાખ્યો છે. માર્ગ તો છે એ છે. આ બે-પાંચ મંદિર બનાવી દે એટલે ધર્મનું બિરૂદ આપી દે. જાઓ. પાંચ-પાંચ લાખના મંદિર (બનાવો) ધર્મ થઈ જશે. ધૂળમાંય ધર્મ નથી, સાંભળને! ધર્મ ધુરંધર. આ 'ધીરૂભાઈ'ને એના બાપને આવડું મોટું બિરૂદ આપી દે. પાંચ લાખ ખર્ચીને એક મંદિર બનાવે. મંદિર તો જડની પર્યાય છે, એ તો પરની પર્યાય છે, એ શું તારાથી થાય છે?

મુમુક્ષુ :– શેઠિયાથી બને.

ઉત્તર :– શેઠિયાથી બિલકુલ બને નહિ. કોણ બનાવે? 'મલૂપચંદભાઈ' બનાવે છે?

મુમુક્ષુ :- તો કોણ બનાવે છે?

ઉત્તર :- કોણ બનાવે? બનાવે જડ. કાંઈ સમજતો નથી, એં.. એં.. થઈ જાય છે. એને એના કામની મુખ્યતા નથી લાગતી અને આ કામની મુખ્યતા લાગે છે, નથી કરવું એટલે. કહો, સમજાણું કાંઈ? વાત આવે ત્યારે બધી વાત અંદરમાં આવે.

અહીં તો કહે છે, આહાહા..! વાહ.. રે. વાહ..! એની એ સમયની જે પર્યાય થવાની છે એને કોણ રચે? કોણ ક્ષેત્રાંતર કરે? કોણ કાળાંતર કરે? કોણ રૂપાંતર કરે? આહાહા..! જે સમયે જેની જે પર્યાય થવાની છે એને આગળપાછળ કરવામાં ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર સમર્થ નથી. એ જ્ઞાતાનું જ્ઞેય છે. એને જાણને તું. થયું એ મારાથી નહિ, એનાથી થયું છે.

અહીં તો કહે છે, સિદ્ધ પ્રતિમા જુએ છે છતાં નથી જોતો. આ કથન આચાર્યનું નથી? અને 'ધવલ'નું કથન આવે છે એ બેમાં વિરૂદ્ધતા આવે છે. આચાર્યના કથનમાં કદી વિરૂદ્ધતા આવતી જ નથી. ધર્મી સંતો, ધર્માત્મા 'પૂજ્યપાદસ્વામી', 'વીરસેનસ્વામી' ધર્માત્મા સંત હતા. કોઈ કથનમાં વિરોધ છે જ નહિ. દિગંબર સંતો આચાર્યો પરંપરાની વાત અનુભવમાં લઈને કહે છે. એ દિગંબર સંતોમાં કોઈ વિરોધ નથી. બધા વીતરાગના વારસદાર છે. એ વીતરાગના વારસદાર છે. આહાહા..! સમજાય છે કાંઈ? જુઓ! આ શબ્દ.

પેલા મુનિ એ કહ્યું છે થોડું-થોડું જુઓ! આ શબ્દ, જુએ છે છતાં નથી દેખતા. નાખો સિદ્ધમાં. પાઠમાં તો એટલું છે ને? **'पश्यन्नपि न पश्यति' 'पश्यति'** શું? સિદ્ધ પ્રતિમા જુએ તો એ જોવામાં પોતાની પર્યાય જુએ છે. રાગ આવ્યો એનાથી છૂટીને અંદર કઈ રીતે જાઉં? પર તરફનો રાગ એ તો બંધનું કારણ છે.

મુમુક્ષુ :- બહુ ઊંચી વાત છે.

ઉત્તર :- પહેલી વાત છે. ઉંચી કહો તો ઉંચી એ.. 'ન્યાલભાઈ'! સમ્યગ્દર્શનમાં આ ભાવ આવ્યા વિના રહેતો નથી. શુભભાવ ભગવાનને જુએ તો પણ એનાથી મને લાભ નથી. હું તો અંતરમાં આશ્રય કરું એટલો લાભ છે. 'સોગનચંદજી'! આહાહા..!

મુમુક્ષુ :- ભગવાનના દર્શનથી માથુ ઝૂકી જાય છે.

ઉત્તર :- ભગવાનના દર્શન, આ ભગવાનના દર્શન કે એ ભગવાનના? ભગવાન એમ કહે છે, ભગવાન એમ કહે છે કે તારા સ્વ આશ્રયમાં તારા દર્શનથી તને લાભ છે. અમે એમ કહીએ છીએ તો તું અમને માને છે કે નહિ? ભગવાન એમ કહે છે. આ શું કહે છે? મુનિ કહે છે એ ભગવાન કહે છે. ભગવાનની વાણીમાં એમ આવ્યું કે જેટલો સ્વ આશ્રય લઈને ધર્મીને સ્વ દઢતા થઈ છે એમાંથી હટીને જેટલા વ્યવહારના વિકલ્પ આદિ આવે છે એની અભિમુખતા નથી, એમ કેવળજ્ઞાની કહે છે. સમજાય છે કાંઈ? ભગવાન બીજું કહે છે અને મુનિઓ બીજું કહે છે અને માર્ગ બીજો છે એમ છે નહિ. શાસ્ત્ર પણ એમ કહે છે, મુનિ પણ એમ કહે છે, સર્વજ્ઞ પરમેશ્વર પણ એમ કહે છે. વસ્તુ એવી છે.

વસ્તુ પણ એવી છે.

ભગવાનઆત્માની જેટલી સ્વ સન્મુખની દૃષ્ટિ, એકાગ્રતા થઈ એ મોક્ષનો માર્ગ છે. પર સન્મુખતા આવે છે, પૂર્ણ એકાગ્રતા સ્વઆશ્રય નથી થયો માટે. સ્વઆશ્રય નથી થયો માટે. પરને કારણે નહિ. સ્વઆશ્રય, એકાગ્રતા નથી, પોતાનો એકાકાર પૂર્ણ વિષય બનાવ્યો નથી તો એટલો રાગ આવી જાય છે. હો, સાગરોપમ સુધી હોય છે. તેંત્રીસ સાગર સુધી સર્વાર્થસિદ્ધિના દેવને વાંચનનો વિકલ્પ આવે છે. તો શું છે? હો, વાંચો. આવે. સ્વભાવની સન્મુખતા છોડીને એમાં લાભ છે એમ માનતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? **'યહી સમજના ચાહિયે.'**

## दोहा - देखत भी नहि देखते, बोलत बोलत नाहिं।
## दृढ़ प्रतीत आतममयी, चालत चालत नाहिं।।૪૧।।

'પૂજ્યપાદસ્વામી' 'ઇષ્ટોપદેશ' જુઓ! આ ઇષ્ટ ઉપદેશ છે. આ અમારા ભાઈ 'શુકનચંદજી' કહે છે, સાચો ઉપદેશ છે. આ સાચો ઉપદેશ છે, ભાઈ! બાકી જાઓ, લુંટાઓ, આવો, જાઓ અમને કાંઈ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાનઆત્મા શક્તિનો પિંડ છે ને પ્રભુ! શક્તિની પૂજા કરો. એ કરે છે ને? શક્તિની પૂજા કરે છે. કાઠી લોકો હોય ને? એ શક્તિની પૂજા કરે. પોતાનો આત્મા અનંતશક્તિનો પિંડ, શક્તિનો ઈશ્વર આત્મા છે. આત્માને શક્તિ વિના ચાલે નહિ. એમ કહે છે કે, ઈશ્વરને શક્તિ વિના ચાલે નહિ. એમ કહે છે. અમે 'મોરબી' ગયા હતા ને? ત્યાં શક્તિનું મંદિર છે. 'મોરબી' પાસે એક ગામ છે. 'શનાળા'. ત્યાં ગયા હતા ને? ત્યાં મકાન છે ને? 'પાનાચંદભાઈ' એ કરાવ્યું છે ને? 'દલીચંદભાઈ'ના ભાઈનું. ત્યાં ગયા હતા ને? સાંજે આહાર કરીને શક્તિનું દેવળ છે ત્યાં ગયા. તો બાવાજી કહે, આવો, પધારો, પધારો. એ તો બિચારાને એમ કે જૈન મહારાજ આવ્યા છે. મેં કીધું, આ શક્તિ નહિ. પેલો કહે, શક્તિ વિના ઈશ્વરને ચાલે નહિ. કીધું, બરાબર છે. આત્માને જ્ઞાન, દર્શન શક્તિ વિના ચાલે નહિ. એ ઈશ્વર છે, બીજો ઈશ્વર કોણ છે?

મુમુક્ષુ :–

ઉત્તર :– શુભરાગ આવે છે, આવ્યા વિના રહે નહિ. મંદિર તો બનવાનું હોય તો બને છે. એ કોઈ બનાવી શકતું નથી.

ઉપદેશમાં એમ છે કે ધર્મીને મંદિર બનાવવાનો ભાવ આવ્યા વગર રહેતો નથી. બને છે એના કારણથી છે. ભક્તિનો ભાવ છે ને? શુભભાવ આવ્યા વગર રહે નહિ. જ્યાં સુધી સ્વઆશ્રય પૂર્ણ ન થાય ત્યાં સુધી પરાશ્રિતભાવ છૂટતા નથી. ભક્તિ, પૂજા એવા ભાવ આવે છે. પણ એ ભાવ, એનાથી એ ચીજ બને છે એમ નથી. અને એ ચીજ બની તો

શુભભાવ છે, એમ નથી. અને એ શુભ છે તો એ નિર્જરા-સંવર છે એમ નથી. આ વાત લોકોને... નિશ્ચય-વ્યવહાર બે છે. છે નહિ છતાં વ્યવહાર વચમાં છે. પણ વ્યવહાર વચમાં આવે છે એ હેયબુદ્ધિથી આવે છે. સમજાણું કાંઈ ? એનો નિષેધ કરી દે, તો તત્ત્વનો નિષેધ થશે. કેમ કે સમ્યક્‌ભૂમિકા મનનો ધર્મ જ્યાં સુધી પૂર્ણ વીતરાગ ન હોય અને મનનો ધર્મ ન છૂટે, તો માનસિક શુભભાવ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજાનો ભાવ આવ્યા વગર રહે નહિ. ન આવે એમ કહે તો એ દૃષ્ટિને સમજતા જ નથી. એ તત્ત્વને સમજતા નથી, એ પર્યાયને સમજતા નથી, વ્યવહારને સમજતા નથી, નિમિત્તને સમજતા નથી. એવી વાત છે, ભાઈ!

**'दृढ़ प्रतीत आतममयी, चालत चालत नाहिं।'** લ્યો. એ ૪૧મી ગાથા થઈ. હવે ૪૨મી ગાથા કહેશે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૪૯૨, જેઠ સુદ ૫, બુધવાર**
**તા. ૨૫-૦૫-૧૯૬૬**
**ગાથા–૪૨ પ્રવચન નં. ૪૭**

**किमिदं कीदृशं कस्य, कस्मात्क्वेत्यविशेषयन्।**
**स्वदेहमपि नावैति योगी योगपरायणः।।४२।।**

अर्थ :- ध्यानमें लगा हुआ योगी यह क्या है? कैसा है? किसका है? कयों हे? कहाँ है? इत्यादिक विकल्पोंको न करते हुए अपने शरीरको भी नहीं जानता।

विशदार्थ :- यह अनुभवमें आ रहा अन्तस्तत्त्व, किस स्वरूपवाला है? किसके सदृश है? इसका स्वामी कौन है? किससे होता है? कहाँपर रहता है? इत्यादिक विकल्पोंको न करता हुआ किन्तु समरसीभावको प्राप्त हुआ योगी जो अपने शरीरतकका भी ख्याल नहीं रखता, उसकी चिन्ता व परवाह नहीं करता, तब हितकारी या अहितकारी शरीरसे भिन्न वस्तुओंकी चिन्ता करनेकी बात ही क्या? जैसा कि कहा गया है - `तदा च परमैका०'

यहाँपर शिष्य कहता है कि भगवन्! मुझे आश्चर्य होता है कि ऐसी विलक्षण विभिन्न दशाका होजाना कैसे सम्भव है?

उस समय आत्मामें आत्माको ही देखनेवाले योगीको बाहिरी पदार्थोंके रहते हुए भी परम एकाग्रता होनेके कारण अन्य कुछ नहीं मालूम पड़ता है।।४२।।

दोहा - क्या कैसा किसका किसमें, कहाँ यह आतम राम।
तज विकल्प निज देह न जाने, योगी निज विश्राम्।।४२।।

'ઇષ્ટોપદેશ' 'પૂજ્યપાદસ્વામી' કૃત. હિતકારી ઉપદેશ કોને કહે છે એ અહીંયા કહે છે. ૪૧ ગાથા ચાલી. અહીંયા તો જેને આત્મામાં આનંદ છે એવી રુચિ થઈ ગઈ છે, ધર્માત્માને આત્મામાં આનંદ છે એવી રુચિ થઈ ગઈ છે. એને પોતા સિવાય શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શમાં સુખબુદ્ધિ નથી. સુખબુદ્ધિ નથી કેમ કે પરમાં સુખ નથી. સમજાય છે કાંઈ?

અહીંયા તો વિશેષ વાત કરે છે. યોગ પરાયણની વાત ચાલે છે. જેમાં આનંદ, આત્માની દૃષ્ટિ પોતાના સ્વરૂપ ઉપર હોય તો એને આત્માનો આનંદ પોતામાં છે એમ ભાસે છે. એ આનંદ પોતામાં છે એમ કહો કે ધર્મ પોતામાં છે એમ કહો. પોતાના સ્વભાવમાં ધર્મ છે. પરમાં સુખ નથી અથવા ધર્મ નથી. પુણ્ય-પાપના ભાવમાં સુખ નથી, ધર્મ નથી. સમજાય છે કાંઈ? પોતાનો આત્મા જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ છે, એમાં આનંદ છે એ જ આનંદનો પર્યાયમાં, સ્વભાવમાં એકાગ્ર થઈને પ્રગટ અનુભવ કરવો એનું નામ ધર્મ છે. એનું નામ ધર્મ છે. સમજાય છે કાંઈ?

ધર્મીને અંતર આનંદની લગની લાગવાથી કેવો અભેદભાવ હોય છે અને ભેદભાવ કઈ રીતે છૂટે છે, એ વાત ૪૨ મી ગાથામાં કહે છે. ૪૨ને શું કહે છે? બયાલીસ.

**किमिदं कीदृशं कस्य, कस्मात्क्वेत्यविशेषयन्।**
**स्वदेहमपि नावैति योगी योगपरायणः।।४२।।**

અહો..! શરીરથી બાળક હોય, શરીરથી સ્ત્રીનું લિંગ હોય, શરીરથી પુરુષનો અથવા પશુનો દેહ હોય, છતાં ભગવાનઆત્મા એ દેહથી જુદા પોતાના આત્માનું સમ્યક્ ભાનમાં, દૃષ્ટિમાં અનુભવ થયો છે તો કહે છે કે એ આનંદમાં પરાયણ હોવાને લીધે **'ધ્યાનમેં લગા હુઆ યોગી...'** જેમાં પ્રીતિ–રુચિ જામી છે એમાં એકાગ્રતા થાય છે. સમજાય છે કાંઈ? **'ધ્યાનમેં લગા હુઆ યોગી યહ ક્યા હૈ?'** ઓહો..! ભગવાનઆત્મા... પરમાં સુખ નથી તો પરનું કાર્ય મારું નથી. પુણ્ય-પાપમાં સુખ નથી તો એ કાર્ય પણ મારું નહિ. અને મારી સત્તામાં અનંતગુણ છે એમાં આનંદ પ્રગટ કરવા લાયક છે તેને પ્રગટ કરવા અંતરમાં એકાકાર થાય છે.

કહે છે, **'યહ ક્યા હૈ?'** એ વિકલ્પની પણ જેને જરૂર નથી. આહાહા..! આ શું છે? પર શું છે? એ તો મારામાં છે જ નહિ. મારું કાર્ય પરમાં નથી. પુણ્ય-પાપના ભાવ મારામાં નથી તો એ મારું કાર્ય નથી, તો એ શું છે એનો સવાલ અહીંયા નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ભગવાનઆત્મા પોતામાં–નિજમાં અતીન્દ્રિય આનંદનો માર્ગ એકવાર જોઈ લીધો હોય, અનુભવમાં આત્મા આનંદ સ્વરૂપ છે એમ જાણી લીધું હોય એને પછી એમાં લીન થવામાં, એ આનંદમાં તલ્લીન થવામાં, આ શું છે? એવો વિકલ્પ ત્યાં હોતો નથી. ઓહોહો...! સમજાય છે કાંઈ?

**'કૈસા હૈ?'** સ્વરૂપ કેવું છે? એ તો પહેલા અનુભવમાં આવી ગયું છે. કેવું છે? એ પણ એક વિકલ્પ છે. ઓહો..! દયા, દાન, ભક્તિ, વ્રતનો વિકલ્પ તો ક્યાં રહ્યો? આત્મા કેવો છે? એ અનુભવ તો દૃષ્ટિમાં થઈ ગયો છે. કેવો છે, એવા વિકલ્પની જરૂર નથી. સ્વરૂપની સ્થિરતા કરવામાં.. આહાહા...! જામી જાય છે, જામી જાય છે.

એક માણસ ઊંચા પકવાન ખાતો હોય તો પહેલા પકવાન લીધો ત્યારે ભાવ પૂછ્યો, તોલ પૂછ્યો, જમતી વખતે શું છે ને કેવું છે, એનો વિકલ્પ ક્યાં છે? ઊંચી વસ્તુ આવે છે ને? ઘણી ઊંચી. ચોંસલા કસદાર. દસ રૂપિયાનો એક શેર. લાવો. પાંચ શેર લઈ લીધા. તોલ કરી લીધો. તોલાનું માપ પણ લઈ લીધું. જ્યારે ખાય છે ત્યારે વિચાર હોય છે? આ બરફી કેવી છે? કેવી શું, એ તો બરફીના આનંદનો અનુભવ લે છે. આનંદનો એટલે ત્યાં દુઃખનો અનુભવ, એમ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– પ્રત્યક્ષ ભાવનો વિચાર નથી હોતો.

ઉત્તર :– નથી હોતો. આ ભાવની બરફી છે. બરફી કહે છે ને? બરફી નથી થતી? એમાં માવા નાખ્યા હોય, પીસ્તા ને બદામ ને ચારોળી શું કહેવાય? મુસળી. મુસળપાક આવે છે ને? મુસળી. ધોળી મુસળી. ધોળો સાલમપાક આવે છે. એવું આમ ચોસલું હોય ને આમ પોચું પોચું પોચું હોય. બધું પૂછી લીધું. ભાવ પૂછી લીધો, તોળી લીધું. ખાતી વખતે આ કેવું છે? એવો વિકલ્પ ક્યાં છે?

એમ પહેલા આત્મા કોણ છે? કેવો છે? શું સ્વરૂપ છે? સ્વામી કોનો છે? એ બધો નિર્ણય કરી લીધો. હું આત્મા છું. કેવો છું? આનંદ આદિ અનંત ગુણમય છું. સમજાય છે કાંઈ? કોનો છે? પોતાનો આત્મા છે. કેમ છે? અનાદિ સત્ છે. ક્યાં છે? અહીંયા મારામાં છે. ક્યાં છે શું? સમજાય છે કાંઈ? ઇત્યાદિ વિચાર કરીને પહેલા નક્કી કરી લીધું છે. આહાહા..!

આ 'ઇષ્ટોપદેશ' તો કહે છે કે તારી આનંદમાં રુચિ થઈ ગઈ, એ જ પહેલો ધર્મ છે. સમજાય છે કાંઈ? પહેલામાં પહેલી શરૂઆત (અહીંથી છે). શુભાશુભ ભાવમાં આનંદ નથી, શરીરમાં નથી, ઇન્દ્રિયોમાં નથી. આઠ વર્ષનો બાળક પણ સમ્યગ્દર્શન પામે છે. અને દેડકો... શું કહે છે? મેંઢક. એને પણ પોતામાં આનંદ ભાસે છે. આત્મા આનંદ, અતીન્દ્રિય આનંદ (સ્વરૂપ છે). એ અતીન્દ્રિય આનંદ. આ ઇન્દ્રિયોના વિષયમાં કલ્પનાથી માને છે કે નહિ? કે મને ઠીક છે, ઠીક છે, ઠીક છે. એ દુઃખ છે. એનાથી વિરુદ્ધ આત્મામાં આનંદ છે. સમજાય છે કાંઈ? ખાવા-પીવા બેસે. રસ આમ ઊંચો હોય. પુરી એવી... સમજ્યા ને? શું કહેવાય? મેંદાની. મેંદાની પુરી હોય. સમજ્યા? સાટા.. સાટા હોય આમ. ઘેવર. ખાતી વખતે કોઈ વિકલ્પ છે કે આ કેવી વસ્તુ છે? મીઠાશ લાગે છે તો એમાં ચોંટી જાય છે.

માખીને પણ સાકરની મીઠાશ આવે છે. માખીને પણ સાકરની મીઠાશ આવે છે તો

ચોંટી જાય છે. ચોંટી જાય છે કે નહિ? બાળકના વાસણમાં રોટલી, ઘી અને સાકર પડ્યા હોય. ખાતા ખાતા બે ચાર ગાંગડા પડ્યા હોય અને ભીના થઈ ગયા. ત્યાં માખી આવી. ફટકડીના ગાંગડામાંથી... ફટકડી સમજ્યા? ફટકડીનો રસ લેતા મીઠાશ ન લાગી. સાકરમાં મીઠાશ લાગી. મીઠાશ લાગી તો બાળક સાકર લઈને ખાય છે સાકર ઉપર એની પાંખ ચોંટી જાય છે. તોપણ ઊડતી નથી, કેમકે મીઠાશ લાગી છે. સમજાય છે કાંઈ? આહાહા..! માખી જેવું નાનું પ્રાણી, જેને મન નથી, મન નથી અને જેને કાન નથી. મન નથી, કાન નથી. ચૌઇન્દ્રિય છે. એને પણ મન નથી, કાન નથી. સાંભળતી નથી, વિચાર નથી. મનનો વિચાર નથી, હોં! પેલો વિચાર તો છે. એકેન્દ્રિયને પણ અવગ્રહ, ઇહા, અવાય, ધારણા છે. સમજાય છે કાંઈ? એકેન્દ્રિય પ્રાણી છે એને પણ અવગ્રહ, ઇહા, અવાય, ધારણા છે. માખીને પણ અવગ્રહ, ઇહા, અવાય, ધારણા છે. મન અને કાન સિવાય. ઓહો..! જે સ્વાદ આવ્યો... એની સૂંઢ છે ને, સૂંઢ? એને કાઢતી નથી. બાળક સાકરને પકડે એને છોડતી નથી.

એમ આત્મા.. પુણ્ય-પાપનો સ્વાદ એ તો ફટકડી જેવો છે. ઇન્દ્રિયના વિષયમાં કલ્પના ઊઠે છે એ જડ જેવો સ્વાદ છે. સમજાય છે કાંઈ? સુંદર શબ્દ, આબરૂ, કીર્તિ, રૂપ, સુંદર આકૃતિ, રસ, ગંધ, સુગંધ, ગજરા, ફૂલઝાડ, સ્પર્શ, માખણ, મલમલનો સ્પર્શ. એમાં વિકલ્પ ઉઠે છે એ તો દુઃખરૂપ ઝેર છે. એમ જ્ઞાનીએ પહેલા રાગ ઝેરરૂપ છે એમ જાણી લીધું છે. માખીએ ફટકડીનો સ્વાદ જાણી લીધો છે. એની ઉપરથી ઉઠીને એ સાકર ઉપર બેસે છે. સ્વાદમાં એટલી લીન છે, તલ્લીન છે કે ઉઠતી નથી. એમ અહીંયા કહે છે કે, ધર્મીજીવે પુણ્ય-પાપના વિકલ્પ અને ઇન્દ્રિયના વિષયમાં દુઃખ છે, ઝેર છે એમ જાણી લીધું છે. સમજાય છે કાંઈ? આહાહા..!

જેમ સાકરનો ગાંગડો છે ને..? ગાંગડો કહે છે ને? એમ આત્મા આનંદની ઢેલી છે. ઢેલી.. મોટી ઢેલી. એમાં એકાગ્ર થઈને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનમાં અને સ્વરૂપાચરણમાં એના આનંદનો સ્વાદ લઈ લીધો છે. સમજાય છે કાંઈ? આહાહા..! કેમ? 'અજીતપ્રસાદજી'! સમ્યગ્દષ્ટિને આવું થઈ ગયું છે? સમ્યગ્દર્શનમાં પ્રતીત થઈ ગઈ કે આ આનંદ છે. જ્ઞેય બનાવીને જ્ઞાન થઈ ગયું અને એમાં સ્વરૂપાચરણ સ્થિરતા પણ થઈ ગઈ છે. ઓહો..!

મુમુક્ષુ :– આટલું થઈ ગયું તો કેમ, કેવો એ પ્રશ્ન જ નથી રહેતો.

ઉત્તર :– પ્રશ્ન નથી રહેતો. હવે એમાં લીન થવાનું જ કાર્ય કરે છે. આહાહા.! 'ન્યાલભાઈ'! આહાહા..! ભારે વાત, ભાઈ! આ ઇષ્ટોપદેશ.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ધૂળમાં સ્વાદ છે. ક્યાં સ્વાદ છે? દેખાડો, લાવો. શેમાં સ્વાદ છે? પૈસામાં? મકાનમાં? હોળી છે, રાગ છે. શેઠ! આ કહે છે, પૈસામાં પ્રત્યક્ષ સુખ દેખાય છે. પડ્યા હોય પણ લક્ષ જાય ત્યાં આકુળતા ઉત્પન્ન થાય છે. પરદ્રવ્યના આશ્રયે વિકલ્પ, રાગ ઉઠે

છે તો દુઃખ ઉત્પન્ન થાય છે. ભલે પડ્યા હોય, એમાં છે તો શું છે? સમજાય છે કાંઈ? એમ સ્ત્રી, કુટુંબ, પરિવાર, બધી સામગ્રી પડી હોય ત્યાં લક્ષ જાય છે, પરદ્રવ્ય ઉપર લક્ષ જાય છે એ જ રાગ, અશુભરાગની આકુળતા–દુઃખ છે. ભાન નથી મૂઢને. માને છે કે અમારે મજા છે, સુખી છીએ. મૂઢ છે. મિથ્યાદષ્ટિ પરમાં સુખ માને છે.

છ ખંડના રાજમાં પડેલો સમ્યગ્દષ્ટિ છે. આવે છે ને? 'ભરત ઘરમાં વૈરાગી.' આ નહિ, આ નહિ, આ નહિ. એ સિંહાસન, ઇન્દ્રાણી જેવી છન્નુ હજાર સ્ત્રી (હોય). આ નહિ, આ નહિ. અરે..! મારો વિકલ્પ પર તરફ જાય છે એ ઝેર, દુઃખ, દુઃખ, અગ્નિ, અગ્નિ છે. અગ્નિ છે, દુઃખ છે, ઉપસર્ગ છે, રોગ છે. આહાહા..! સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિ જીવ રોગ માને છે. આહાહા..! ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ શાશ્વત જ્ઞાન અને આનંદનો ગાંગડો, ઢેલી છે. એવી દૃષ્ટિમાં ભાન તો થઈ ગયું છે. હવે કહે છે કે યોગ પરાયણ, એ શબ્દ પડ્યો છે. યોગી યોગ પરાયણ, એ પહેલા આપણે આવી ગયું હતું. યોગ પરાયણ સુધીના શબ્દ લઈ લેવા. આવ્યું હતું ને પહેલા? ૩૯, જુઓ! ત્યાંથી લઈ લેવું. '**निशामयति निश्शेषमिन्द्रजालोपमं**' એ બધું લઈ લેવું.

જેમ જેમ આત્મા પોતાના સ્વરૂપની સંભાળમાં આવે છે તેમ તેમ એને અતીન્દ્રિય આનંદના સ્વાદની વૃદ્ધિ થાય છે. આહાહા..! એનું નામ નિર્જરા છે. સમજાય છે કાંઈ? નિર્જરાનો અર્થ–શુદ્ધિની વૃદ્ધિ. સંવરનો અર્થ–શુદ્ધિ. ભગવાનઆત્મા મહાન અતીન્દ્રિય આનંદસ્વરૂપ મહાન પદાર્થ પ્રભુ છે. એની અંતરમાં રુચિ જામી ગઈ છે અને પછી એમાં પરાયણ છે. યોગી સ્વરૂપમાં એકાગ્ર થનારો, યોગ સ્વરૂપમાં એકાગ્ર થવામાં તત્પર છે, એને '**ક્યોં હૈ? ક્યા હૈ? ઇત્યાદિક વિકલ્પોંકો ન કરતે હુએ...**' આહાહા..! ગાથા બહુ ઊંચી, ભાઈ! અત્યારે સવાર અને બપોર માખણ આવે છે. સમજાય છે કાંઈ?

કરવાલાયક આ છે. લાખ, અનંત ભવ કરે પણ આ સમજ્યા વિના, આ અનુભવ્યા વિના એની મુક્તિ નથી. સમજાય છે કાંઈ? સમજીને, ઓળખીને, કરતા કરતા અંદર આત્માની ઓળખાણ કરવી કે આત્મા આનંદ જ્ઞાયક છે. અને એની રુચિ કરી એમાં રમવું એ જ કરવાનું છે. સમજાય છે કાંઈ? પહેલા સમજી લે કે વસ્તુ શું છે? કઈ રીતે પ્રગટ થાય છે? પ્રગટ થયા પછી કેવી તત્પરતા એમાં હોય છે? એનું અહીંયા જ્ઞાન કરાવે છે.

'**અપને શરીરકો ભી નહીં જાનતા.**' આહાહા..! જુઓ! સમજ્યા? શરીર પરદ્રવ્ય છે એના ઉપરથી લક્ષ છૂટી ગયું છે. પરાયણ કહે છે ને? યોગી પરાયણ કહેવું છે ને? ભાન તો થયું છે પણ પછી એમાં તત્પર થઈ ગયા છે. યોગી એટલે સ્વરૂપમાં પોતાનો યોગ નામ વીર્યથી જોડાણ કરનાર પરાયણ યોગમાં છે. પોતાની એકાગ્રતામાં તત્પર છે. એને શરીર શું છે એનો ખ્યાલ છૂટી ગયો છે. આહાહા..! તલ્લીન થઈ ગયો. જુઓ! આ મુનિ છે, જુઓ! 'ગજસુકુમાર' છે. ખબર નથી શરીરમાં શું થાય છે? મારામાં અનુભવ થાય છે

એનો વિકલ્પ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? નિર્વિકલ્પ આત્માના અનુભવમાં હું અનુભવ કરનાર અને આ અનુભવ પર્યાય, એવો વિકલ્પ જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ભારે ધર્મ, ભાઈ!

અત્યારે ધર્મને એવો કરી નાખ્યો છે.. શુભજોગ, બસ! ક્ષાયિક સમકિત થાય છે, શુભજોગ વ્યવહાર મોક્ષમાર્ગ છે. અરે..! ભગવાન! અરે..! પ્રભુ! તારી રુચિએ તેને છોડી દીધો. મહાન પદાર્થ આનંદકંદ અનંતગુણનો પિંડ પ્રભુ, એનો પ્રેમ છોડીને શુભભાવમાં પ્રેમ કર્યો એ આત્માનું ખુન કરે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આત્માની દશા હણે છે, હિંસા કરે છે. પર પ્રાણીની હિંસા કરો, ન કરો એની સાથે સંબંધ નથી. પરની હિંસા કોણ કરી શકે છે? પરની કરે કોણ? અને પરની દયા પણ કોણ કરે? આહાહા..! અરે..! રાડ નાખે છે. એટલે તો મોટા પ્રશ્ન ઉઠ્યા છે. પરની દયા એ ધર્મ છે. અરે..! ભગવાન! પર સન્મુખ થવાથી ધર્મ થતો હોય તો સ્વસન્મુખ થવાની જરૂર શું છે? આખો ભગવાન તો પડ્યો રહ્યો અને પર સન્મુખ, પર સન્મુખ, પર સન્મુખથી ધર્મ થાય? એ તો અનાદિકાળથી પર સન્મુખતાનું આચરણ કર્યું છે. આહાહા..! અરે..! પંડિતાઈ પણ ક્યાં ગઈ? સમજાય છે કાંઈ? સાક્ષરા ... સાક્ષરા હોય છે ને? સાક્ષરા. આમ ઊંધું મારે તો રાક્ષસા. ઊંધું થઈ ગયું. પ્રભુ! તારા પૂર્ણાનંદ સ્વરૂપનો અનાદર કરીને એ શુભરાગની ક્રિયામાં ધર્મ માનવો એ મોટું મિથ્યાત્વનું પોષણ છે. સમજાય છે કાંઈ?

અહીં તો (કહે છે), શુભજોગમાં સુખ નથી, દુઃખ છે, ઝેર છે. ભગવાન શુભજોગથી પર પડ્યો છે, એવી દૃષ્ટિમાં આનંદનો સ્વાદ આવી ગયો. લીનતામાં હું કોણ છું? એવા વિકલ્પનો અવકાશ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? ચોથે ગુણસ્થાને પણ નિર્વિકલ્પ ઉપયોગ થાય છે ત્યારે હું કોણ છું એવો વિકલ્પ થતો નથી. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનમાં આત્માનો પ્રથમ નિર્વિકલ્પ ઉપયોગ થાય છે ત્યાં પણ હું કોણ છું? ને ક્યાં છું? એવો વિકલ્પ રહેતો નથી. આહાહા..! અરે..! આ વાત છંછેડવા લાયક છે. ચર્ચા કરીને નિર્ણય કરવા લાયક છે. આહાહા..! અરે..! હિતનો કાળ આવ્યો. આ ભવ હિત માટે છે. ભવના અભાવ માટે ભવ છે. એમાં ભવના ભાવ માટે ભવ બનાવે (એ તો ઊંધાય છે). આહાહા..! સમજાય છે કાંઈ?

વાહ..! 'પૂજ્યપાદસ્વામી'! લખાણમાં આવે છે કે આ 'ઇષ્ટોપદેશ' જૈનનું ઉપનિષદ છે. પહેલા અંદર લખ્યું છે. આ 'ઇષ્ટોપદેશ' જૈનનું ઉપનિષદ છે. પેલાનો ઉપદેશ તો સમજવા જેવો. આ તો પરમસત્યનો ઉપદેશ છે. સમજાય છે કાંઈ? આવો ઉપદેશ કરવો, એમ અહીંયા આવ્યું કે નહિ? ભાઈ! પંચમકાળમાં કરવો કે ચોથાકાળમાં? આ પંચમકાળમાં આવો ઉપદેશ કરવો અને આવી વસ્તુ છે, એમ પંચમકાળના મુનિ કહે છે. પોતે ઉપદેશ કરે છે અને પોતાની દશા એવી છે. આહાહા..! ભલે વિકલ્પ કાળ છે, પણ છે અંદરમાં ત્રણ કષાયનો

અભાવ. આનંદની લહેજતમાં પડ્યા છે. મુનિ કોને કહે! આહાહા..! પ્રચુર સ્વસંવેદન પ્રગટ્યું છે. સમજાય છે કાંઈ? ચોથે, પાંચમે ગુણસ્થાને અલ્પ ઓછું સ્વસંવેદન છે. છઠ્ઠે-સાતમે પ્રચુર સ્વસંવેદન છે. ઓહોહો..! આનંદ ઝરણા રે ઝરે, ભગવાનના અંતરમાંથી! આહા..! સમજાય છે કાંઈ? ભગવાન પોતાના સ્વરૂપમાં એટલો તત્પર થઈ ગયો કે બહારના શરીરમાં શું થાય છે એનું પણ લક્ષ નથી. ઓહોહો..! સમજાય છે કાંઈ? આવું કર્યા વિના એને નિર્જરા અને મુક્તિ થતી નથી, એમ કહે છે.

બહારમાં શુભ આદિ પરિણામ થાય, વ્રતાદિનો, ઉપદેશ આદિનો ભાવ થાય, એ તો બંધનું કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– શરીર ઉપર પણ લક્ષ નથી જતું તો બાજુમાં સિંહ ઊભો છે એની તો વાત શું કરવી?

ઉત્તર :– વાત ક્યાં છે? જુઓ! શરીર **'नावैति'**, **'स्वदेहमपि नावैति'**, **'स्वदेहमपि नावैति'**. સંસ્કૃત નથી, આનું સંસ્કૃત નથી. મૂળ શ્લોકનું સંસ્કૃત. મૂળ શ્લોક સંસ્કૃત જ છે. એની છાયા સાદી ભાષામાં નથી. મૂળ સંસ્કૃત છે. અન્વય તો સાધારણ છે.

**'અપને શરીરકો ભી નહીં જાનતા.'** આ તો **'स्वदेहमपि नावैति'** એને જુદા પાડીને નથી કહ્યું. ઓહોહો..! ઘરમાં એક લાખ રૂપિયાનો નવો દાગીનો આવે ને, પાંચ-પચાસ લાખ પેદા થયા અને લાખ રૂપિયાનો દાગીનો (લીધો હોય). દાગીનો સમજો છો? ઝેવર.. ઝેવર, આભુષણ. અને ઊંચી કારીગરીવાળી હોય. આહાહા...! આમ હાર, ચગદા ને આમ લટકતા હોય. ઘરના પચીસ જણા જોવા આવે. અરે..! આસપાસના પાડોશી આવે. પાડોશી કહે છે? પડોસી. શું છે? શું છે? શું છે? ઓહોહો...! કહે છે, એવી ધૂળ જેવી વસ્તુને જોવા આખું ઘર આવી જાય તો ભગવાન જેવી ચીજને જોવા તું ન જાય? આહાહા..! સમજાય છે કાંઈ? આહાહા..!

'શ્રેયાંસકુમાર'ને ખબર પડી કે આજે મારા ઘરે પ્રભુ પધારવાના છે. સમજ્યા? સ્વપ્ન આવ્યું ને? સ્વપ્ન. એક કલ્પવૃક્ષ સુકાય છે. આવું સ્વપ્ન આવ્યું. નિમિત્તજ્ઞાનીએ કહ્યું, એમ લાગે છે તમારે ત્યાં આજે ભગવાન પધારશે. બાર મહિનાના ઉપવાસ થઈ ગયા છે. કલ્પવૃક્ષ સુકાય છે. અત્યારે ભરતના કલ્પવૃક્ષ એ છે. એમને બાર મહિનાથી આહાર નથી મળ્યો. તમારે આંગણે આવશે. ઓહોહો...! હેં..! પ્રભુ પધારશે! ઓ..હો...! આમ રાજકુમાર, ચરમશરીરી છે, છેલ્લું શરીર છે. હજી રાજકુમાર છે, રાણીઓ છે. તો શું છે? આહાહા..! ભગવાન પધારશે. જુઓ! આ બહારના ભગવાન. અંદરના ભગવાન માટે કેટલી સમીપતા થવાથી (મળે)? આ..હા..! ઓહો..! ભગવાન આવ્યા. આહાર કઈ રીતે દેવો? શું લેવા આવ્યા છે? એમની પાસે તો બધી સંપત્તિ હતી. આ શું છે? એકાગ્ર થયા અને આઠ ભવ પહેલાનું જાતિસ્મરણ થઈ ગયું. કહો. અહીં તો શરીર દેખાય છે, આત્મા દેખાતો નથી. આઠ ભવના

શરીરનો તો નાશ થઈ ગયો છે. એનો આત્મા આ છે. સમજાય છે કાંઈ? મતિ એવી નિર્મળ થઈ ગઈ, એવી એકાગ્રતા અંદરમાં થઈ ગઈ. આઠમા ભવે આ મારા પતિ હતા, હું પત્ની હતી. અરે..! ભાઈ! અવધિજ્ઞાન નથી ને તમે આ ક્યાંથી કાઢ્યું? મતિજ્ઞાનની ધારણાનો એક ભેદ છે. આહાહા..! સમજાય છે કાંઈ? એટલી એના આત્માની તાકાત છે.

રાજકુટુંબમાં રહેલા રાજા છે. શરીર ઉપર હીરા, માણેક જડેલા છે. ઝરીના કપડાની શાલ હતી. ભગવાન આવે છે, એકદમ શાલ બાંધી દીધી. નાનાભાઈ આવે છે ને? કડ બાંધીને. એમ રાજકુમાર, આમ શાલ પડી હતી. ભગવાન જ્યાં પધાર્યા તો એકદમ ઉઠી ગયા. સિંહાસન ઉપરથી ઉઠી ગયા. શાલ બાંધીને ગયા. બે છેડા લટકતા હતા. ભગવાન પાસે જાય છે. આહાહા...! એકાગ્ર થાય છે ત્યાં આઠ ભવનું જ્ઞાન થાય છે. શું છે? લોકો તો શંકા કરે કે, આમ ન થાય. અરે...! સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ? મતિજ્ઞાન પરોક્ષજ્ઞાન, એની ધારણામાંથી આવ્યું. કેવળજ્ઞાનીનું ન ફરે એમ એનું (જ્ઞાન) ફરે નહિ. સમજાય છે કાંઈ? મતિજ્ઞાનમાં એમ જોયું, ઓહો..! હું આત્મા, એની પત્ની હતી. આઠ ભવ પહેલા. ઘણા ભવ વીતી ગયા ને? વીતી ગયા તો શું છે? એ પતિ હતા. શરીર ન રહ્યું. એ જ આત્મા મારા પતિ હતા અને હું પત્ની હતી. ઓહો..! નિરાલંબ મતિના ખ્યાલમાં આવી વાત આવી ગઈ. કેવળજ્ઞાની પણ સ્વીકારે કે તારી વાત સાચી છે. સમજાય છે કાંઈ? આહાહા..! પછી આહાર-પાણી આપે છે. આ તો બહારના ભગવાન. આ અંદરના ભગવાન. સમજાય છે કાંઈ?

દૃષ્ટિ થઈ છે અને સ્થિરતા કરીને અંદરમાં ભગવાનને સમીપ લાવે છે. અંતરમાં એકાગ્ર થઈને ભગવાનને સમીપ લાવે છે. આવે છે ને? 'નિયમસાર'માં નથી આવતું? સમીપમાં વર્તે છે, નથી આવતું? આત્મા સમીપમાં વર્તે છે. એ બધી શૈલી ઇ છે. સમીપમાં વર્તે છે. એ આમાં પણ આવે છે, શ્વેતાંબરમાં 'અનુયોગ દ્વાર'માં આવે છે. સમજાય છે? ભાષા તો કેટલીક લઈ લીધી હોય ને? અનુયોગ દ્વારમાં આવે છે. '....' એમ પાઠ છે. આમાં પણ એમ છે. '....' જેનો આત્મા સમીપમાં વર્તે છે. રાગ, પુણ્ય, વિકલ્પ નિમિત્ત નહિ. સમજાય છે કાંઈ? પોતાના શ્રદ્ધા-જ્ઞાનમાં ભગવાન સમીપમાં દેખાય છે, કહે છે. બહારના ભગવાનમાં એટલો ઉલ્લાસ આવી ગયો ને જાતિસ્મરણ થઈ ગયું. ભવનું જાતિનું. આ આત્મજાતિ. આહા..! આ આત્મજાતિનું ભાન થઈ ગયું.

શરીર શું છે? ખબર નથી. સમજાય છે કાંઈ? વચ્ચેના આઠ ભવનો ખ્યાલ છોડીને આ વાત પકડી લીધી. સમજાય છે કાંઈ? વચ્ચે કેટલા વર્ષો, કેટલા વિકલ્પો, કેટલા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ છોડીને એ પકડી લીધું. 'વજુભાઈ'! આહાહા..! તારી શક્તિ, અચિંત્ય શક્તિ! ભગવાનઆત્માના એક મતિજ્ઞાનમાં પરલક્ષી ધારણાનો આટલો વિકાસ! આહાહા..! સમજાય છે કાંઈ? બધું ભૂલી ગયા. એ મારા પતિ અને હું પત્ની, એટલો ભાસ થઈ ગયો.

મુનિને આમ (આહારદાન) દીધું હતું એ ખ્યાલમાં આવી ગયું. આમ આહાર દેતા હતા, આમ લેતા હતા, આમ દેતા હતા એ ખ્યાલ આવી ગયો. નિઃશંક થઈ ગયા. વાત આવી થઈ હતી.

એમ ભગવાનઆત્મા પોતાના **'અનુભવમેં આ રહા અન્તસ્તત્ત્વ...'** અંતઃતત્ત્વ એકાગ્રતામાં સમીપમાં આવી ગયું. જુઓ! સમજાય છે કાંઈ? પહેલા સમજી તો લે આ કેવો છે? આ વાત કેવી છે? આવી છે. આમ કર્યા વિના તારો કદી છૂટકારો થયો નહિ. **'અનુભવમેં આ રહા અન્તસ્તત્ત્વ કિસ સ્વરૂપવાલા હૈ?'** એવો વિકલ્પ પણ નથી. સમજાય છે કાંઈ? કેવા સ્વરૂપવાળો છે? અનંત આનંદ આદિ સ્વરૂપવાળો છે. એ નિશ્ચય તો પહેલા થઈ ગયો છે. આહાહા..! **'કિસ સ્વરૂપવાલા હૈ?'** જ્ઞાન, આનંદ આદિ અનંતગુણસ્વરૂપવાળો આત્મા છે, એ અનુભવમાં પહેલા લઈ લીધો છે. સ્થિરતાના કાળે કેવા સ્વરૂપવાળો છે એવો વિકલ્પ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ ઉપદેશનું નામ યથાર્થ ઉપદેશ છે. રાગથી લાભ થાય છે ને આનાથી લાભ થાય છે, એ મિથ્યા ઉપદેશ છે. સમજાય છે કાંઈ? આહાહા..! સંતો 'પૂજ્યપાદસ્વામી' મહામુનિ બાળ બ્રહ્મચારી મુનિ છે અને મહા છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલવાવાળા સંત મહંત છે. એ આત્માને કાઢીને દેખાડે છે, જુઓ! આત્મા આવો છે. સમજાય છે કાંઈ? દિગંબર મુનિ જંગલમાં રહેનારા. આહાહા..!

**'કિસકે સદ્દશ હૈ?'** કોની ઉપમા લાગુ પડે છે? એવો કોઈ વિકલ્પ નથી. સિદ્ધ જેવો છે, એવો વિકલ્પ નથી. **'કિસકે સદ્દશ હૈ?'** આ આત્માને કોની ઉપમા લાગુ પડે છે? સિદ્ધ જેવો છે. એ તો પહેલા કર્યું છે. **'ઇસકા સ્વામી કૌન હૈ?'** આત્મા પહેલા નક્કી કર્યો છે કે, સ્વામી હું છું. અખંડાનંદ ચિદાનંદ સ્વરૂપનો સ્વામી હું છું, બીજો કોઈ સ્વામી નથી. સ્વસ્વામીસંબંધ મારો મારી સાથે છે. મારી સ્વસ્વરૂપ લક્ષ્મીનો હું સ્વામી છું. એવો વિકલ્પ પણ એ સમયે નથી. આહાહા..! આવી ઊંચી વાત પંચમઆરા માટે 'પૂજ્યપાદસ્વામી'એ બનાવી હશે? ત્યારે કોના માટે બનાવી? પંચમકાળના તો મુનિ છે અને પંચમકાળના છેડા સુધી ઉપદેશ રહેશે. તેથી તો બનાવ્યું છે.

**'કિસસે હોતા હૈ?'** આ કોનાથી થયું છે? પોતાથી. દ્રવ્ય અનાદિઅનંત સત્તાથી બિરાજમાન છે. પોતાની સત્તાથી અનાદિથી બિરાજમાન છે. કોઈની સત્તાથી થયો નથી. એવો પણ વિકલ્પ નથી. આહાહા..! **'કહાંપર રહતા હૈ?'** ક્યાં રહે છે એનો વિકલ્પ નથી. અસંખ્ય પ્રદેશમાં રહે છે. એવો વિકલ્પ નથી. આહાહા..! આ તો લીન થાય છે ને? નિર્ણય તો પહેલા થયો છે. હવે લીન થાય છે. તે કારણે વિકલ્પ નથી.

મુમુક્ષુ :– પહેલા આવા વિકલ્પ થઈ ગયા છે.

ઉત્તર :– પહેલા થઈ ગયા છે અને એને છોડીને નિર્વિકલ્પ થયા છે. પછી પણ વિકલ્પ આવે છે કે સ્વરૂપ આવું છે. પણ તલ્લીન થતી વખતે વિકલ્પ આવતા નથી. એમ કહેવું

છે ને? અહીં તો કહે છે, આવો વિકલ્પ, આવો વિકલ્પ એ તો વ્યવહાર છે. 'પંચાસ્તિકાય'માં એ આવ્યું ને? આ શ્રદ્ધવાયોગ્ય છે, આ શ્રદ્ધા કરવા લાયક છે, આ છોડવાલાયક છે એ બધા તો વિકલ્પ છે, વ્યવહાર છે. એ વ્યવહાર તીર્થના બોલ છે. અહીંયા કહે છે, છોડ એને. આહાહા..! એને ધર્મ માનવો, લ્યો! એ વ્યવહાર તીર્થ છે, મોક્ષમાર્ગ છે.

મુમુક્ષુ :– એમાં લખ્યું છે.

ઉત્તર :– અરે..! લખ્યા. ક્ષણે ક્ષણે શુભ ઘટે છે ને? એ અપેક્ષાએ કહ્યું. બાકી તો શુદ્ધનું જોર છે એનાથી તરે છે. સમજાય છે કાંઈ? ભગવાન પરમાનંદની મૂર્તિ પ્રભુ, એની જામી છે રુચિ જેને, તે કારણે સ્થિર થાય છે. એને ક્ષણે ક્ષણે વૃદ્ધિ થાય છે. શુભરાગના વિકલ્પમાં આરોપ દઈને એમ કહેવાય છે કે એનાથી વૃદ્ધિ થાય છે. ગજબ વાત! પ્રરૂપણામાં ફેરફાર થઈ ગયો. ઇષ્ટોપદેશ, જુઓ આ ઇષ્ટ ઉપદેશ છે. નિમિત્તનું પણ આવ્યું, ઉપાદાનનું પણ આવ્યું, નિશ્ચયનું પણ આવ્યું, આમાં બધી વાત આવી છે. લ્યો! નિમિત્ત ધર્માસ્તિકાયવત છે. ધ્યાનમાં એ વિકલ્પ છે એ વિઘ્નકારી છે, કહે છે.

**'કહાંપર રહતા હૈ?'** પોતાના અસંખ્ય પ્રદેશમાં રહે છે, એ વિકલ્પ પણ નથી. કોઈ કહે છે ને? ક્યાંક રહેતા હોય, વૈકુંઠમાં રહે છે ને આમ છે ને તેમ છે. ક્યાંય રહેતા નથી. ભગવાન અહીંયા રહે છે. પોતાના અસંખ્ય પ્રદેશની સત્તા–ભૂમિ. અસંખ્ય પ્રદેશની સત્તા એ પોતાની ભૂમિ છે. એ પોતાની ભૂમિ છે. અસંખ્ય પ્રદેશ, પોતાની ભૂમિમાં આત્મા રહે છે. આહાહા..! આકાશ-ફાકાશમાં નહિ.

મુમુક્ષુ :– આકાશ આકાશમાં છે.

ઉત્તર :– આકાશ આકાશમાં છે. ઠીક કહ્યું પંડિતજીએ. રુચિવાળા છે. જુના પંડિત પણ જો સવળા પડી જાય તો અત્યારે ધર્મની આ વસ્તુ નવી આવી છે. ગડબડ ગડબડ કરે, અરે..! ભગવાન! આમ ભડકે. એ.. સોનગઢનું છે. આ સોનગઢનું છે? સોનગઢનું પુસ્તક છે. આ છે એનું સોનગઢના પુસ્તકમાં સ્પષ્ટીકરણ છે. એમાં છે એનો અર્થ ખોલીને રાખ્યો છે. શેઠ! ત્યારે પેલા કહે છે, એ.. સોનગઢનું છે. સોનગઢનું નથી, ભગવાન! એ છે પરમાત્માનું. આ પાઠ છે એનો તો અર્થ ચાલે છે. જુઓ!

વિકલ્પ થાય છે ત્યાં સુધી એકાગ્રતા થતી નથી અને એકાગ્રતા થયા વિના નિર્જરા થતી નથી. એમ અહીંયા કહે છે. આહાહા..! **'ઇત્યાદિક વિકલ્પોંકો ન કરતા હુઆ...'** ઇત્યાદિક–વગેરે. **'કિન્તુ સમરસીભાવકો પ્રાપ્ત હુઆ...'** હવે સામે આવ્યું. શાંત.. શાંત.. પોતાનું સમરસી સ્વરૂપ છે, જેમાં વૃત્તિ-વિકલ્પનું ઉત્થાન થાય એવો એનો સ્વભાવ નથી. સ્વભાવમાં વિકલ્પનું, વૃત્તિનું ઉત્થાન થાય એ તો બંધનું કારણ છે. ભગવાનઆત્મા તો અબંધસ્વરૂપી છે. રાગ તો સંસારનું બીજ છે. ભગવાન મોક્ષનું બીજ છે. ભગવાનઆત્મા મોક્ષનું બીજ છે. એમાં એકાગ્ર થઈને નિર્જરા અને મોક્ષ એમાંથી પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? એ

વ્યવહાર રાગમાંથી નથી પ્રગટ થતા. આહાહા..! રાગ પલટીને નિશ્ચય થાય છે, એમ વળી કોઈ કહે છે. અરે..! ભગવાન! આવી વાત તો પાંચ-સાત વર્ષથી આવી છે, હોં! હમણા એનાથી વિશેષ આવ્યું ત્યારે એ હમણા આવ્યું. પહેલા નહોતા કરતા. એટલી બધી વિપરીત વાત (નહોતા કરતા). વ્યવહારથી થાય છે, એવું ઢીલું ઢીલું કહે.

કહે છે કે **'સમરસીભાવકો પ્રાપ્ત...'** શાંત.. શાંત.. શાંત.. ભગવાનઆત્મા અકષાય સ્વરૂપ વીતરાગબિંબ આત્મા છે. એમાં એકાગ્ર થયો તો સમરસા, સમરસી, સમતાભાવ, અરાગીભાવ, વીતરાગી પર્યાય ઉત્પન્ન થઈ. **'સમરસીભાવકો પ્રાપ્ત હુઆ યોગી...'** ધર્મી **'અપને શરીરતકકા ભી ખ્યાલ નહીં કરતા,...'** સમજાય છે કાંઈ? **'ઉસકી ચિન્તા વ પરવાહ નહીં કરતા,...'** પહેલા સમકિતીને એની ચિંતા નહોતી. પોતાની નબળાઈથી વિકલ્પ હતો. શરીરમાં ભુખ લાગી છે તો આહાર લઉં. પણ એ નબળાઈનો વિકલ્પ પણ હવે નથી, એમ અહીંયા કહે છે. સમજાય છે કાંઈ?

**'અપને શરીરતકકા ભી ખ્યાલ નહીં રખતા, ઉસકી ચિન્તા વ પરવાહ નહીં કરતા, તબ હિતકારી યા અહિતકારી શરીરસે ભિન્ન...' 'હિતકારી યા અહિતકારી શરીરસે ભિન્ન વસ્તુઓંકી ચિન્તા કરનેકી બાત હી ક્યા?'** જ્યાં શરીરની પણ ચિંતા નથી. જ્યાં અંદર આનંદના અનુભવમાં એકાગ્ર થઈને પડ્યા છે ત્યાં શરીરથી ભિન્ન વસ્તુ, આ ચિંતા, આ હિતકર છે ને આ અહિતકર છે, એ વાત જ ત્યાં નથી. આ પંચ પરમેષ્ઠી હિતકર છે અને આ અહિતકર છે, આ નહિ, એવું એમાં કાંઈ છે જ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :–

ઉત્તર :– નિમિત્તથી કથન આવે કે નહિ? પંચ પરમેષ્ઠી હિતકર છે. વ્યવહાર હિતકરમાં નિમિત્ત છે ને! અહીં તો વ્યવહારનો વિકલ્પ જ ઉડાવી દીધો. આહાહા..! સમજાય છે કાંઈ? વ્યંતર વ્યંતરના સુખની કલ્પના તો જુઓ! અજ્ઞાની તો એમ જુએ કે આ વૈકુંઠ છે. વ્યંતરનું પલ્યોપમનું આયુષ્ય આદિ હોય. એના દેવ જુઓ, દેવ, દેવી.. ઓહોહો..! આ તો વૈકુંઠ છે. અજ્ઞાનીને તો વૈકુંઠ દેખાય. ત્યાંથી આવ્યો તો વૈકુંઠમાંથી આવ્યો, ન્યાં જાય તો વૈકુંઠમાં આવ્યો, એમ અજ્ઞાનીને દેખાય. ભગવાનનું વૈકુંઠ અંદરમાં આનંદકંદ પડ્યું છે. એકવાર જોયું કે આ આત્મા તો આનંદસ્વરૂપ છે. હું આનંદથી બહાર નીકળી જાઉં છું. પાછા હટીને અંદર જાય છે. સમજાય છે કાંઈ?

કહે છે કે, જ્યાં પોતાના શરીરની પણ દરકાર નથી તો શરીરની બહારની વસ્તુ હિતકારી-અહિતકારીનો વિકલ્પ છે જ નહિ. અહીંયા બેઠા છીએ, અહીંયા કાંકરી લાગે છે, આમ લાગે છે, આ સ્થાન સારું નથી, ધ્યાન ચાલે છે એમાં આ લાગે છે, પવન બહુ તીખો આવે છે, એમ કહે છે મૂળ તો. અહીંયા પવન બહુ તીખો આવે છે, અહીંયા વાઘ આદિ આવે છે એવા વિકલ્પ એને હોતા નથી. સમજાય છે કાંઈ?

**'જૈસા કિ કહા ગયા હૈ–'** **'तदा च परमैका०'** 'તત્ત્વાનુશાસન'. **'યહાંપર શિષ્ય કહતા હૈ કિ ભગવન! મુજે આશ્ચર્ય હોતા હૈ કિ ઐસી વિલક્ષણ વિભિન્ન દશાકા હો જાના કૈસે સમ્ભવ હૈ?'** ગાથાનો અર્થ હવે આવે છે. **'ઉસ સમય આત્મામેં આત્માકો હી દેખનેવાલે...'** આ 'તત્ત્વાનુશાસન'નો શ્લોક છે એનો અર્થ છે. સમજાય છે કાંઈ? કથન હજી તો પછી છે. પહેલું લખાઈ ગયું છે. સમજાણું? છાપવામાં ફેર પડી ગયો છે. પહેલું આ જોઈએ, પછી આ જોઈએ. થઈ જાય, થઈ જાય. પહેલું આ જોઈએ, 'તત્ત્વાનુશાસન'ના શ્લોકનો અર્થ.

**'ઉસ સમય આત્મામેં...'** ભગવાનઆત્મા પોતાના પ્રેમનો લાડુ ખાય છે એ આનંદનો અનુભવ કરે છે, એમ કહે છે. આહાહા..! આઠ વર્ષનો બાળક પણ સમ્યગ્દષ્ટિ થાય ત્યારે અંદરમાં એકાગ્ર થાય ત્યારે આવો અનુભવ થાય છે. સમજાય છે કાંઈ? **'આત્મામેં આત્માકો હી દેખનેવાલે...'** આત્માને આત્મામાં જ જોનાર. આ આત્મા, આ આત્મા. **'યોગીકો બાહિરી પદાર્થોંકે રહતે હુએ ભી...'** બહારમાં પદાર્થ હો, નથી એમ નથી. આ શ્લોક પછી 'તત્ત્વાનુશાસન'નો શ્લોક મુક્યો છે. શૂન્યાસન વસ્તુ છે. એકલી શૂન્ય વસ્તુ છે એમ નથી. સમજાય છે કાંઈ? બાહ્ય પદાર્થથી આત્મા શૂન્ય છે પણ પોતાના સ્વભાવથી આત્મા અશૂન્ય છે. આ શ્લોક પછી ઇ શ્લોક મુક્યો છે. કોઈ વળી એકાંત વેદાંતમાં ન લઈ જાય. પેલા કહે છે ને, શૂન્ય થઈ જાઓ, શૂન્ય થઈ જાઓ. પણ વસ્તુ શું છે? વિકલ્પથી શૂન્ય થઈ જાઓ, વિકલ્પથી શૂન્ય, પરથી શૂન્ય (થઈ જાઓ). પરથી શૂન્ય થવું પણ સ્વ શું છે? સ્વ અશૂન્ય છે, વસ્તુ છે. અશૂન્ય નથી. પરની અપેક્ષાએ શૂન્ય છે, પોતાની અપેક્ષાએ અશૂન્ય છે. પરની અપેક્ષાએ અભાવ છે, પોતાની અપેક્ષાએ ભાવ છે. પોતાની અપેક્ષાએ અસ્તિ છે, પરની અપેક્ષાથી નાસ્તિ છે. આવું વસ્તુનું સ્વરૂપ છે.

મુમુક્ષુ :– પરની અપેક્ષાએ નાસ્તિ કહી છે.

ઉત્તર :– હા. પરની અપેક્ષાથી નાસ્તિ છે. છે જ નહિ, પોતામાં છે જ નહિ, અભાવ છે, નાસ્તિ છે. સમજાય છે કાંઈ? પણ એકલી નાસ્તિ નથી. સ્વરૂપ અસ્તિ-નાસ્તિ છે. પોતાના અનંતગુણથી અસ્તિ છે, પરથી નાસ્તિ છે. આ શ્લોક પછી એ શ્લોક લીધો છે. 'ધન્નાલાલજી'! કોઈ શૂન્ય શૂન્ય કરી લે, એમ નહિ. શૂન્ય થઈ જાઓ. પણ વસ્તુ શું છે? વસ્તુ શૂન્ય નથી, વસ્તુ અશૂન્ય છે. પરથી શૂન્ય છે. સમજાય છે કાંઈ? પોતાનો સ્વભાવ અનંત જ્ઞાન, દર્શન, આનંદથી ભરેલો પદાર્થ છે. એ અસ્તિ છે. એમાં એકાગ્ર થવાથી વિકલ્પ આદિની નાસ્તિ થાય છે, વસ્તુની નાસ્તિ થતી નથી. વસ્તુની અસ્તિથી શુદ્ધતા થાય છે. અસ્તિ છે એની પર્યાયમાં શુદ્ધતા થાય છે. આહાહા..!

એ કહે છે ને કે મુક્તિ થાય છે ત્યારે જ્યોતમાં જ્યોત ભળી ગઈ. એ તો પોતાની અસ્તિનો નાશ થયો. પોતાની અસ્તિનો જ નાશ થઈ ગયો. સિદ્ધ થયા. સિદ્ધ થયા કે અભાવ થયો? પંડિતજી કહેતા હતા, સત્યાનાશ. 'બંસીધરજી' કહેતા હતા, સિદ્ધ ભગવાન થયા તો

એકમાં બીજા ભળી ગયા. સત્‌નો નાશ થઈ ગયો, સત્‌નો નાશ થયો. સત્તાનો નાશ કદી થતો નથી. એક જણ પૂછતો હતો, ભગવાન છે ત્યાં પણ બધાના ઓટલા જુદા? બધાની સત્તા જુદી? બધાની સત્તા જુદી. સિદ્ધમાં પણ બધાની સત્તા જુદી. કોઈની સત્તા કોઈમાં ભળતી નથી. એક સિદ્ધ અનંત સિદ્ધથી શૂન્ય છે. આહાહા..! સિદ્ધ જ્યાં બિરાજે છે ત્યાં એના પેટમાં નિગોદ પણ છે. હો, પણ એનાથી શૂન્ય છે, પોતાના સ્વભાવથી અશૂન્ય નામ અસ્તિ છે. આહાહા..! આ તે કંઈ તત્ત્વ! એમ ને એમ શૂન્ય શૂન્ય છે, એમ નહિ. આ શ્લોક પછી શ્લોક લીધો છે. આજે જોયું હતું, હકાર સાથે લઈ લેવો. આ કેટલામો છે? ૧૭૨ છે ને? પેલો ૧૭૩ છે.

**'ઉસ સમય પરમ એકાગ્રતા ધારણ કરનેસે યોગી અપને આત્મામેં કેવલ અપને આત્માકો દેખતા હૈ ઔર ઇસલિયે બાહ્ય પદાર્થોંકે રહતે હુએ ભી ઉસે આત્મા કે સિવા અન્ય કુછ દિખાઈ નહીં દેતા.'** પછી લખ્યું છે,

**अत एवान्यशून्योऽपि नात्मा शून्यः स्वरुपतः।**
**शून्याशून्यस्वभावोऽयमात्मनैवोपलभ्यते।।१७३।।**

**'અન્ય પદાર્થસે શૂન્ય હોકર ભી યહ આત્મા અપને સ્વભાવસે સ્વરૂપસે શૂન્ય નહીં હો સકતા.'** સ્વરૂપે તો મહાન સત્તા બિરાજમાન છે. વિકલ્પ છોડી દો, વિકલ્પ છોડી દો (એમ કહે). પણ છોડે શું? અસ્તિ મહાન પદાર્થમાં એકાગ્ર થતાં વિકલ્પ ઉત્પન્ન થતા નથી, એનું નામ છોડ્યું કહેવામાં આવે છે. વજન તો અસ્તિત્વમાં હોવું જોઈએ, એણે નાસ્તિમાં વજન આપી દીધું. સમજાય છે કાંઈ? **'શૂન્યાશૂન્ય સ્વભાવવાલા આત્મા અપને આત્માકે દ્વારા પ્રાપ્ત હોતા હૈ.'** પાછું બન્ને લીધું, હોં! **'अन्यशून्योऽपि नात्मा शून्यः स्वरुपतः।'** અને **'शून्याशून्यस्वभावो'** બન્ને એના સ્વભાવ છે.

'પ્રવચનસાર'માં સપ્તભંગીમાં એ આવે છે. શૂન્ય-અશૂન્ય 'પ્રવચનસાર'માં આવે છે. પરથી શૂન્ય, પોતાથી અશૂન્ય. અશૂન્ય એટલે આખો પદાર્થ ભરેલો છે. આનંદનો પિંડ પ્રભુ અસ્તિ છે. એમાં એકાગ્ર થવાથી વિકલ્પની નાસ્તિ (થાય છે). રાગથી શૂન્ય છે, પોતાના ભગવાનઆત્માથી ભરેલો અશૂન્ય છે. એવી શુદ્ધતાની એકાગ્રતા થાય છે એ જ સંવર અને નિર્જરા છે. સમજાય છે કાંઈ?

**'બાહ્ય પદાર્થ રહતે હુએ પરમ એકાગ્રતા હોનેકે કારણ બાહ્ય પદાર્થ ચલા નહીં જાતા.'** એમ કહે છે. છે ને? **'બાહ્ય પદાર્થ રહતે હુએ ભી...'** પોતા સિવાય બાહ્ય પદાર્થ ક્યાંય ચાલ્યા જતા નથી. અદ્વૈતનો અનુભવ થયો તો બીજી વસ્તુ કાંઈ ચાલી જતી નથી. બીજી વસ્તુ તો છે, એમાં છે. નથી? અદ્વૈતનો અનુભવ થયો, મારો આત્મા એક જ છે, બીજું કાંઈ નથી. એ તો તારી અપેક્ષાએ બીજા નથી, એની અપેક્ષાએ બધા પદાર્થ છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :-

ઉત્તર :– છે, બધા છે. વેદાંત કહે છે, એક અદ્વૈત છે. બાહ્ય પદાર્થ છે જ નહિ. બાહ્ય પદાર્થ નથી તો તું પણ નથી. બાહ્યનો અભાવ અને તારો સદ્‌ભાવ, બન્ને તારામાં રહ્યા જ નહિ.

**'બાહિરી પદાર્થોંકે રહતે હુએ ભી પરમ એકાગ્રતા હોનેકે કારણ...'** જુઓ! બાહ્ય પદાર્થ હો, એમાં શું છે? છતાં એકાગ્રતા થવાને લીધે. **'અન્ય કુછ નહીં માલૂમ પડતા હૈ.'** બીજી વસ્તુ શરીર, કર્મ બહારમાં હોવા છતાં. હોવા છતાં કહ્યું ને? **'રહતે હુએ ભી...'** પોતાનો ભગવાનઆત્મા, અહો..! આ પરમકથા, ધર્મકથા, અમૃતની કથા છે. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા પરમાનંદની મૂર્તિ, બાહ્ય પદાર્થ હોવા છતાં પોતાના સ્વરૂપમાં એકાગ્રતાને લીધે એનો ખ્યાલ રહેતો નથી. ખ્યાલ નહિ રહેવાથી બાહ્ય પદાર્થ ચાલ્યા જાય છે એમ નથી. સમજાય છે કાંઈ? લ્યો!

**'પરમ એકાગ્રતા હોનેકે કારણ અન્ય કુછ નહીં માલૂમ પડતા હૈ.'** કંઈ ખબર નથી રહેતી એટલે કોઈ વસ્તુ જ નથી એમ નથી. એ તો અંતર એકાગ્રતામાં બીજી વસ્તુનો ખ્યાલ નથી. સમજાય છે કાંઈ? એવી પોતાની તલ્લીનતામાં (થાય છે). અહીંયા પણ થાય છે ને? કોઈની સાથે વાત કરતો હોય ત્યારે જાન ચાલી જાય તો ખબર ન રહે. બેંડવાજા વાગતા હોય પણ વિચારમાં તલ્લીન થઈ ગયો હોય કે આમ કરવું છે, આમ કરવું છે, આમ કરવું છે. દીકરાના લગ્ન છે, એમાં બે લાખ ખર્ચવા છે, એનું આમ કરવું છે. વિચારમાં લીન હોય તો વરઘોડો જાતો હોય, બેંડ વાગતું હોય તો ખબર ન રહે. એક ઉપર લક્ષ થઈ ગયું તો બીજા ઉપર લક્ષ રહેતું નથી.

આ આત્મા પોતાના સ્વરૂપમાં એકાગ્ર થાય, ત્યારે બીજી ચીજ રહો, ત્યાં હોય, બીજી ચીજ હોય એનો ખ્યાલ રહેતો નથી. ખ્યાલ નથી રહેતો નથી માટે બીજી વસ્તુ ચાલી જાય છે એમ પણ નથી. અને બીજી વસ્તુ ચાલી જાય તો અહીંયા ખ્યાલ ચાલ્યો જાય એમ નથી. એ ચીજ તો સદાય રહે છે. સમજાણું કાંઈ? તું ખ્યાલ છોડી દે. આહાહા..!

**दोहा - क्या कैसा किसका किसमें, कहाँ यह आतम राम।**
**तज विकल्प निज देह न जाने, योगी निज विश्राम्।।४२।।**

શું છે? કેવો છે? કોનો છે? અને કોનામાં છે? **'કહાં યહ આતમ રામ.'** વિકલ્પ છોડી દે. છે ઇ છે, એ તો તને નિશ્ચય થઈ ગયો છે. અનંતગુણનું ધામ અસંખ્ય પ્રદેશી, .... હું સત્તાસ્વરૂપ છું. સમજાય છે કાંઈ? અનંતગુણનો સ્વામી છું. એવા વિકલ્પ પહેલા થયા હતા એ હવે ધ્યાનના કાળે છોડી દે.

**'તજ વિકલ્પ નિજ દેહ ન જાને,...'** **'તજ વિકલ્પ નિજ દેહ ન જાને..'** જ્યાં વિકલ્પ છોડીને દેહની ખબર ન રહે. **'યોગી નિજ વિશ્રામ.'** પોતામાં વિશ્રામ લે છે. આહાહા..! ભગવાનઆત્મામાં એકાગ્ર થાય છે એ પોતાનો વિશ્રામ છે. એ સંસારનો થાક ઊતારે છે.

આનંદધામમાં એકાગ્ર થઈને વિશ્રામ લઈને વિશ્રામ લે છે એનું નામ વિશ્રામ છે. આ નથી કહેતા? થોડો વિશ્રામ લ્યો, થોડો આરામ લ્યો, આરામ લ્યો, આરામ લ્યો. થોડો આરામ કરો, ભાઈ! આઠ દિ' આરામ લ્યો. આરામ શું છે? ધૂળમાં આરામ છે?

મુમુક્ષુ :- આ અપૂર્વ વિશ્રામ છે.

ઉત્તર :- અપૂર્વ વિશ્રામ આ છે. ભાઈ! અંતરમાં મહાન પદાર્થ તું છો ને! દૃષ્ટિ કરીને એકાગ્ર થા, તારું નિજ વિશ્રામસ્થાન છે. એમાં મોક્ષનું ધામ ઉત્પન્ન થાય છે.

હવે આચાર્ય કહે છે. પેલો પ્રશ્ન અહીંયા આવ્યો. **'યહાંપર શિષ્ય કહતા હૈ કિ ભગવન્! મુજે આશ્ચર્ય હોતા હૈ કિ ઐસી વિલક્ષણ વિભિન્ન દશાકા હો જાના કૈસે સમ્ભવ હૈ?'** આ વાત શું કરો છો? એવી દશા થાય છે કઈ રીતે? એની ગાથા આવશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૪૯૨, જેઠ સુદ ૬, ગુરુવાર
## તા. ૨૬-૦૫-૧૯૬૬
## ગાથા-૪૩, ૪૪ પ્રવચન નં. ૪૮

आचार्य कहते हैं, धीमन्! सुनो समझो-

**यो यत्र निवसन्नास्ते, स तत्र कुरुते रतिम्।**
**यो यत्र रमते तस्मादन्यत्र स न गच्छति।।४३।।**

**अर्थ :-** जो जहाँ निवास करने लग जाता है, वह वहाँ रमने लग जाता है। और जो जहाँ लग जाता है, वह वहाँसे फिर हटता नहीं है।

**विशदार्थ :-** जो मनुष्य, जिस नगरादिकमें स्वार्थकी सिद्धिका कारण होनेसे बन्धुजनोंके आग्रहसे निवासी बनकर रहने लग जाता है, वह उसमें अन्य तरफसे चित्त हटाकर आनन्दका अनुभवन करने लग जाता है। और जो जहाँ आनन्दका अनुभव करता रहता है, वह वहाँसे दूसरी जगह नहीं जाता, यह सभी जानते हैं। इसलिये समझो कि आत्मामें अध्यात्ममें रहनेवाले योगी अननुभूत (जिसका पहिले कभी अनुभव नहीं हुआ) और अपूर्व आनन्दका अनुभव होते रहनेसे उसकी अध्यात्मके सिवाय दूसरी जगह प्रवृत्ति नहीं होती।।४३।।

**दोहा -** जो जामें बसता रहे, सो तामें रुचि पाय।
जो जामें रम जात है, सो ता तज नहिं जाय।।४३।।

આ 'ઇષ્ટોપદેશ' ચાલે છે. ૪૨ ગાથા થઈ. તમારામાં બયાલીસ કહે છે ને? એમાં એમ આવ્યું કે આ આત્મા, પોતાનું સ્વરૂપ શુદ્ધ આનંદ છે, એની દૃષ્ટિ લગાવી એમાં લીન થાય છે. જુઓ! આ મુખ્ય કર્તવ્ય. બધું જાણ્યું, બધું માન્યું એ બધાનો સાર આત્મા એક સમયમાં શુદ્ધ પૂર્ણ સ્વરૂપ સામાન્ય ધ્રુવ છે એ તરફ ઝુકાવ કરી લીન થાય છે તો એને સંવર અને નિર્જરા વિશેષ થાય છે. એ સમયે હું કોણ છું? ક્યાં છું? કેવો છું? એવા વિકલ્પ પણ નથી. આત્માના અતીન્દ્રિય આનંદ સ્વરૂપમાં એવી રુચિ જામી જાય છે અને એમાં તત્પરતા થઈ જાય છે તો એવા વિકલ્પ થતા નથી કે હું કોણ છું? ક્યાં છું? અને હું શેનો અનુભવ કરું છું? તો શિષ્યને પ્રશ્ન થયો.

**'યહાંપર શિષ્ય કહતા હૈ કિ ભગવન્! મુજે આશ્ચર્ય હોતા હૈ...'** છે? ઉપર છે. એ આગળપાછળ લખાઈ ગયું છે. **'મુજે આશ્ચર્ય હોતા હૈ કિ ઐસી વિલક્ષણ વિભિન્ન દશાકા હો જાના કૈસે સમ્ભવ હૈ?'** મહારાજ! તમે તો એવી વાત કરો છો, **'ઐસી વિલક્ષણ...'** આત્મા આનંદસ્વરૂપ અતીન્દ્રિય આનંદમાં જામી જાય તો એને હું કોણ છું? ક્યાં છું? કેમ છું? એનો વિકલ્પ પણ નથી એવી દશા થાય છે. સમજાય છે કાંઈ? તો શિષ્ય કહે છે, મને તો આશ્ચર્ય થાય છે. આવી વિલક્ષણ, જગતથી ભિન્ન, વિભિન્ન અને અનાદિકાળથી નહિ જાણેલી એવી દશાનું થઈ જવું કઈ રીતે સંભવ છે? સમજાય છે કાંઈ? એવી દશાનું થઈ જવું કઈ રીતે સંભવ છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. એનો ઉત્તર કહે છે.

**'આચાર્ય કહતે હૈં, ધીમન્!'** તારો પ્રશ્ન બહુ સારો છે માટે હે બુદ્ધિવંત! સાંભળ અથવા સમજ. **'ધીમન્નિબોધ'** એમ શબ્દ છે ને? ભાઈ! અંદર સંસ્કૃત છે. હે બુદ્ધિવંત! તું સમજ. ભગવાનઆત્માના અંતર અતીન્દ્રિય સ્વરૂપનો આનંદ આવ્યો અને એની દૃષ્ટિ એમાં લાગી ગઈ તો એમાં લીન થાય છે. કઈ રીતે? એ કહે છે, જુઓ!

**यो यत्र निवसन्नास्ते, स तत्र कुरुते रतिम्।**
**यो यत्र रमते तस्मादन्यत्र सन गच्छति।।४३।।**

**અર્થ :– 'જો જહાં નિવાસ કરને લગ જાતા હૈ,...'** પહેલા લૌકિક દૃષ્ટાંત આપ્યું છે. જ્યાં મનુષ્યનો વાસ જે મકાનમાં, જે ગામમાં થાય છે ત્યાં તેને પ્રીતિ થઈ જાય છે. જે ગામમાં, કોઈ મકાનમાં કે કોઈ ઝુંપડામાં જ્યાં જેનો નિવાસ થાય ત્યાં તેને પ્રીતિ જામી જાય છે. ત્યાંથી તેને નીકળવું ઠીક પડતું નથી. સમજાણું કાંઈ? લૌકિકમાં પણ જ્યાં મકાન એવું હોય, અરે..! પોતાનું ઝુંપડું હોય, સમજાય છે કાંઈ? પણ ત્યાં પાંચ, દસ, પચીસ વર્ષથી રહેતો હોય તો ત્યાં એને પ્રેમ થઈ જાય છે કે મને અહીંયા જ સારું છે. એને ત્યાં પ્રીતિ થાય છે એ પ્રીતિને કોઈ હટાવી શકતું નથી.

**'વહ વહાં રમને લગ જાતા હૈ.'** ત્યાં એ પ્રીતિ કરે છે. **'ઔર જો જહાં લગ જાતા**

**હૈ, વહ વહાંસે ફિર હટતા નહીં હૈ.'** મકાનમાં જેમ પ્રીતિ થઈ ગઈ તો ત્યાંથી નીકળતો નથી. નાનું ગામ હોય, પૈસાવાળા બહુ હોય પણ એને નાના ગામમાંથી નીકળવું ગમે નહિ. અત્યારે તો બહુ પેલું થઈ ગયું છે એટલે નીકળી જાય છે. મકાન બનાવે છે. હવે તો આખી લાઈન ફરી ગઈ છે. પણ પહેલા તો પૈસાવાળા હોય ને તો પોતાના નાના ગામમાં રહે. બસ! અમારા ગામમાં મકાન છે.

મુમુક્ષુ :– અત્યારે તો બધાએ વેંચી નાખ્યા.

ઉત્તર :– બધાએ વેંચી નાખ્યું. થઈ રહ્યું જાઓ. એ..ય..! 'મલૂપચંદભાઈ' તમારું આવ્યું એમાં. મકાન વેંચી નાખ્યું 'નાગ્નેશ'નું. પણ અહીં તો પહેલા નાના ગામમાં પણ... કહ્યું હતું ને? 'ઉમરાળા' જેવું નાનું ગામ, ચાર પાંચ હજારની વસ્તી. મકાન હતું, પૈસાવાળા નહોતા તો વેંચી નાખ્યું. પછી એની માતા કહે, ભાઈ! આપણું જૂનું મકાન ગમે તેટલા પૈસા લે તોપણ લઈ લેવું જોઈએ. માતા! પણ કેવી રીતે લેવું? એ પણ પૈસાવાળા છે. જેણે મકાન લીધું એ પણ પૈસાવાળા છે. મને કઈ રીતે આપે? આપણે તો પાંચસો-સાતસોમાં દીધું હતું. અત્યારે તો એના પંદરસો રૂપિયા ઊપજે તો મોટું મકાન છે. પણ માતા! એ શું કામ મને આપે? તો કહે, જાઓ તો ખરા, ભાઈ! એણે જઈને કહ્યું, મારી માતાને એનું મકાન જોઈએ છે. જૂનું મકાન લેવું છે. શું છે? અમારે તો વેંચવું છે. કિંમત શું? કિંમત દસ હજાર થશે. અમારું જૂનું મકાન છે. પંદરસોનું મકાન હતું, એના દસ હજાર! લે રાખ દસ હજાર. પેલાને થયું, હું ભુલ્યો. દસ હજાર આપીને લઈ લીધું. અમારું જૂનું મકાન. અમારો જન્મ ત્યાં થયો હતો. મારી માતાને ત્યાં પ્રેમ છે. ત્યાંથી હટવું એને ગમતું નથી.

**વિશદાર્થ :– 'જો મનુષ્ય, જિસ નગરાદિકમેં સ્વાર્થકી સિદ્ધિકા કારણ હોનેસે...'** જુઓ! નગરાદિક.

મુમુક્ષુ :– પોતાની સ્વાર્થની સિદ્ધિ જુએ છે.

ઉત્તર :– હા, એ તો ત્યાં સિદ્ધિ દેખાય છે. **'નગરાદિકમેં સ્વાર્થકી સિદ્ધિકા કારણ હોનેસે બન્ધુજનોંકે આગ્રહસે...'** બંધુ આગ્રહ કરે કે ત્યાં તમારી દુકાન છોડશો નહિ. આ તો બધા પૈસાવાળા થઈ ગયા તો બહાર ચાલ્યા ગયા. હવે 'અમદાવાદ'નું ન છોડે. સમજાય છે કાંઈ? આ બધાને માટે છે ને! આ તો દાખલો છે. **'બન્ધુજનોંકે આગ્રહસે નિવાસી બનકર...'** જુઓ! ભાઈ! આપણે મૂળ ગામ ન છોડવું, ભાઈ! આપણા માતા-પિતાનું દસ પેઢીનું ગામ છે. એને ન છોડવું, ત્યાં રહેવું, આપણે સંતોષ રાખવો. ત્યાં **'રહને લગ જાતા હૈ, વહ ઉસમેં અન્ય તરફસે ચિત્ત હટાકર આનન્દકા અનુભવન કરને લગ જાતા હૈ.'** જુઓ! અમારે તો અહીંયા જ આનંદ છે. બસ! અમારું ગારનું નાનું મકાન છે. સાધારણ છે એ અમારે સારું છે. સમજાય છે કાંઈ? આનંદ એટલે? ત્યાં મજા માને છે કે અમારું આ ગામ સારું છે. **'વહાંસે દૂસરી જગહ નહીં જાતા, યહ સભી જાનતે હૈં.'** દુનિયા જાણે છે. નાના ગામમાં

પણ પડ્યા હોય, પૈસાવાળા હોય ત્યાં રહે છે, આનંદ માને છે. ત્યાંથી પ્રીતિ છૂટતી નથી.

**'ઇસલિયે સમજો કિ આત્મામેં અધ્યાત્મમેં રહનેવાલે યોગી...'** ભગવાનઆત્મા અનાકુળ આનંદનો રસકંદ પ્રભુ આત્મા છે, એવી ધર્મીને અંતર દૃષ્ટિ, રુચિ થઈ ગઈ છે. સમજાય છે કાંઈ? અને પછી એમાં લીન થાય છે કે જેને તું વિભિન્ન આશ્ચર્યકારી દશા કહે છે, એવી થઈ જાય છે. એમાંથી બહાર નીકળવાનો ભાવ થતો નથી. અંતર અતીન્દ્રિય આત્માનો સ્વાદ આવે છે, એને બીજો સ્વાદ લેવાની વૃત્તિ થતી નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આ ધર્મ.. આ ધર્મ. પોતાનો અતીન્દ્રિય આનંદ સ્વરૂપ આત્મા, એની અંતર દૃષ્ટિ કરી એ સમ્યગ્દર્શન. સમજાય છે કાંઈ? એમાં વિશેષ લીનતા જામી ગઈ તો હું કોણ છું? ક્યાં છું? એવા વિકલ્પ થતા નથી. એવી વિભિન્ન આશ્ચર્યકારી દશા ઉત્પન્ન થવી અસંભવિત નથી. એ અસંભવિત નથી. નગરનું દૃષ્ટાંત આપ્યું કે એવું તો લોકો પણ કરે છે. તો આત્માર્થી પરમાત્માનું સ્વરૂપ પોતામાં જુએ છે. પોતાની પ્રતીતિ–ભરોસાનો વિષય આત્મામાં થઈ ગયો છે તો એમાં લીન થવામાં વિશેષતા શું છે? સમજાય છે કાંઈ? કહો, સમજાણું? 'હરિભાઈ'!

**'આત્મામેં અધ્યાત્મમેં રહનેવાલે યોગી...'** ભગવાનઆત્મા.. કેમ? કે વિષયસુખમાં તો આકુળતા લાગે છે, આત્મામાં અનાકુળતા લાગે છે. સમજાય છે કાંઈ? વિષયસુખ પરાધીન દેખાય છે, આત્માનો આનંદ સ્વાધીન દેખાય છે. પોતાનો આનંદ ધર્મીને સ્વાધીન દેખાય છે. પંચેન્દ્રિય એટલે આ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ. પરાધીન દેખાય છે, આકુળતા દેખાય છે, ઇન્દ્રિયના વિષયમાં બંધનું કારણ દેખાય છે. ભગવાન અનાકુળ આનંદના વિષયમાં એકાકાર થઈને બંધનો છેદ જુએ છે. સમજાય છે કાંઈ? આ નિર્જરાનો અધિકાર છે ને? વિશેષ નિર્જરા કરવાની દશાની વાત છે. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા પોતાની પૂર્ણાનંદની પેઢી અંદર જુએ છે તો પેઢીથી હટવા ઇચ્છતા નથી. પાંચ, પચીસ લાખની મુડી હોય અને પેઢી બરાબર ચાલતી હોય તો ત્યાંથી નીકળે છે? જુઓ! 'મલૂપચંદભાઈ'ને. થોડો પણ ભાગ રાખ્યો છે, ન્યાંથી હટતા નથી. કારણ કે થોડો ભાગ હશે તો છોકરા પાસે માંગવું મટે. કેમ, 'મલૂપચંદભાઈ'! આ તો એક દાખલો છે. એમ બીજા ઘણાને એમ છે ને! એ.. 'કાનજીભાઈ'! 'કાનજીભાઈ' એ તો પહેલેથી બધા ભાગ પડ્યા છે. છોકરાઓને ને પોતાના. કોઈને પછી પૂછવું ન પડે. જેમાં જેની પેઢી જામેલી છે એ પેઢીમાંથી હટવા ઇચ્છતા નથી.

મુમુક્ષુ :– એમાં મજા પડી છે.

ઉત્તર :– બસ! એમાં મજા પડી છે. ન્યાં કીધું ને? અમારે ત્યાં ગુંગા ખાતો હતો, ગુંગા. ગુંગા સમજો છો? નાકનો મેલ. દાંતમાં રાખીને એને જીભ અડાડતો હતો. નાની ઉંમરની વાત નહોતી કરી? સાંઈઠ-પાંસઠ વર્ષ પહેલા, અમે દસ-બાર વર્ષની ઉંમરે ભણતા હતા. નિશાળમાં એક ભાવસાર હતો. ભાવસાર નથી હોતા? સમજ્યા? ભાવસાર જ્ઞાતિ હોય છે.

એનું નામ સુંદરજી હતું. સ્થાનકવાસી જૈન હતો. એ નાકમાંથી કાઢીને દાંતમાં પકડીને જીભ અડાડતો હતો. એને કીધું, અરે...! સુંદરજી! આ શું કરે છે? અરે..! ભાઈ! મને ટેવ પડી ગઈ છે. બિચારો એમ કહેતો, હોં! નાકનો મેલ કાઢીને દાંતમાં લગાવી, જીભ અડાડીને જીભથી સ્વાદ લેતો હતો.

મુમુક્ષુ :- ખાઈ જાતો'તો કે ફેંકી દેતો હતો?

ઉત્તર :- ઇ કોણ જાણે? પણ ઇ કરતો હતો. એટલું ખ્યાલમાં રહી ગયું. સ્વાદ લેતો એટલો ખ્યાલ રહી ગયો. એને અમે કહ્યું હતું, હોં! ભાઈ! કારણ કે નિશાળમાં અમે તો મુખ્ય.. શું કહેવાય ઇ? એ..ય..! મોનિટર શું કહેવાય ઇ? મુખ્ય હોય ને? બીજો કાંઈક શબ્દ હશે. માસ્તર-બાસ્તર ન હોય તો હું છોકરાઓને ભણાવતો. એ વખતે બીજો કોઈક શબ્દ હતો. નિશાળનો મોટો છોકરો. એ બિચારો કહે, ભાઈ! મને ટેવ પડી ગઈ છે. એમ બિચારો કહેતો, હોં! મને ટેવ પડી ગઈ છે. આ ગુંગા ખાવાની, એનો રસ ચાટવાની. એને એ ટેવ નથી જતી. તો જેને આત્માના આનંદનો સ્વાદ આવ્યો એ એમાંથી કેમ ખસે? સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા, જુઓ! આ ધર્મીની દૃષ્ટિ આત્માના આનંદ ઉપર છે. સમ્યગ્દૃષ્ટિ જીવ પોતામાં આનંદ જુએ છે, ભાસે છે, અનુભવ કરે છે. આહાહા..! એમાં એકાકાર તલ્લીન થવાથી આવી વિલક્ષણ વિભિન્ન આશ્ચર્યકારી દશા ઉત્પન્ન થાય છે કે જેનાથી નિર્જરા થાય છે. અશુદ્ધતાનો નાશ થાય છે અને શુદ્ધિની વૃદ્ધિ થાય છે. કહો, સમજાય છે કાંઈ? વિષયોને પરાધીન, બંધનનું કારણ, આકુળતા અને એ મળે નહિ. પર હોય કે ન હોય. આ તો આત્માનો આનંદ સ્વાધીન, સ્વાશ્રય, અનાકુળ, બંધન વિનાની ચીજ છે. અંદરમાં જેટલી એકાગ્રતા થાય તેટલો આનંદ પ્રગટ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આ તો નિશ્ચયની વાતમાં આનંદ છે અને નિર્જરા છે એ વાત સિદ્ધ કરે છે. વ્યવહાર કઈ રીતે બંધનું કારણ છે એમ અહીંયા કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! કાલે નહોતું કહ્યું? કાલે વાત કહી હતી ને? ચોપડીની. કાઢો, ભાઈ! ૪૪ માં વિશેષ આવશે. '**अगच्छंस्तद्विशेषाणामनभिज्ञ**' ૪૪ મી ગાથા છે. ભલે એણે દેહનો અર્થ કર્યો છે વિશેષનો પણ ખરેખર તો પોતાના વિશેષને પણ જોતો નથી, એમ કહેવું છે.

જુઓ! અહીંયા ૮૪ બોલમાં રાત્રે વિશેષ કહ્યું હતું, સમજાય છે? 'યશોવિજયજી' શ્વેતાંબરમાં થયા છે. મહા મહોપાધ્યાય. સમજાય છે કાંઈ? ૩૦-૩૫૦ વર્ષ પહેલા મહામહોપાધ્યાય થયા. બુદ્ધિવાળા હતા, ક્ષયોપશમ હતો. જેને જેની રુચિ હોય એ કહે ને? એણે ચોરાશી બોલમાં દિગંબરની ભૂલ કાઢી હતી. એની ભૂલ કાઢી હતી આપણા 'હેમરાજજી'એ. 'હેમરાજ પાંડે'. અમારી પાસે ૮૪ બોલ છે. બન્નેના છે. આના પણ છે, પેલાના પણ છે. 'યશોવિજયજી' કાઢી એ આ છે. જુઓ!

એણે એક બોલ એવો કાઢ્યો કે, 'નિશ્ચયનય પહલે કહે, પીછે લે વ્યવહાર, ભાષા

ક્રમ જાને નહિ, જિન માર્ગકો સાર. નહિ નિશ્ચયમેં શિષ્ય ગુરુ, ક્રિયા ક્રિયાફળ યોગ, કર્તા નહિ, ભોક્તા નહિ, વિફળ સબ હૈ સંયોગ, તાતૈં તો મિથ્યામતિ જૈનક્રિયા પરિહાર, વ્યવહારી કો સમકિતી કહે, .. વ્યવહાર.' જુઓ! શું કહે છે? કે દિગંબર લોકો અનાદિથી જૈનની પરંપરામાં પહેલા નિશ્ચય થાય તો વ્યવહાર હોય, એમ કહે છે. એમ એણે જાણી લીધું હતું. પંડિતજી! મહામહોપાધ્યાયની પદવી હતી. 'બનારસ'ની. એ પણ કહે છે કે, દિગંબર લોકો પહેલા નિશ્ચય કહે છે. જુઓ! નિશ્ચયનય પહલે કહે. કેમ? એ સનાતન ધર્મ છે. સનાતન વસ્તુનું સ્વરૂપ છે. કેમ? કે જે નયજ્ઞાન છે, નય, નયજ્ઞાન પ્રમાણજ્ઞાન વિના હોય નહિ. અને પ્રમાણજ્ઞાન સમ્યગ્દર્શન વિના થાય નહિ. અને સમ્યગ્દર્શન સામાન્ય ધ્રુવના અવલંબન વિના થતું નથી. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા.. ૪૪માં તો ઘણું કહેશે. આત્મા સામાન્ય એકસ્વરૂપ ધ્રુવ છે. જેની દૃષ્ટિમાં નિમિત્ત તો નથી, વિકલ્પ તો નથી પણ પોતાની વિશેષતાના પ્રકાર પણ નથી. પોતાના વિશેષ પ્રકાર પણ દૃષ્ટિનો વિષય નથી. પંડિતજી! રાત્રે નહોતા આવ્યા. કાલે આવ્યા હતા? હા આવ્યા હતા. આ નહોતા. કાલે રાત્રે તો બહુ ચર્ચા થઈ હતી. સમજાય છે કાંઈ? આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ ધ્રુવ છે, એવી દૃષ્ટિ થયા વિના સમ્યગ્દર્શન થતું નથી. અને સમ્યગ્દર્શન થયા વિના શ્રુતજ્ઞાન પ્રમાણ થતું નથી. અને શ્રુતજ્ઞાન પ્રમાણ થયા વિના પ્રમાણનો અવયવ એવો નય હોતો નથી. પ્રમાણ અવયવી છે, નિશ્ચય અને વ્યવહારનય અવયવ છે. તો પહેલા સમ્યગ્દર્શન થયા વિના, નિશ્ચયની દૃષ્ટિ થયા વિના એને નય હોતા જ નથી. પહેલા વ્યવહારનય અને પછી નિશ્ચય, એ વસ્તુમાં છે જ નહિ. સમજાય છે કાંઈ? 'જુગરાજજી'! સમજાય છે કાંઈ? શું કારણ છે? કે વસ્તુ એકસ્વરૂપ ત્રિકાળ છે. શુદ્ધ ધ્રુવ અભેદ જ્ઞાયક એની દૃષ્ટિમાં આવ્યા વિના સમ્યગ્દર્શન થતું નથી. અને સમ્યગ્દર્શનની સાથે ભાવશ્રુતજ્ઞાન થાય છે. ભાવશ્રુતજ્ઞાન પ્રમાણ છે. ભાવશ્રુતજ્ઞાનના બે ભેદ–અવયવ નિશ્ચય અને વ્યવહાર છે. જ્ઞાન નિશ્ચયને જાણે છે અને રાગાદિ વ્યવહાર છે એને જાણે છે. દૃષ્ટિનો વિષય અભેદ છે. સમજાય છે કાંઈ?

પહેલા **'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो'** આ મહાસિદ્ધાંત. જૈનશાસનનો, વસ્તુદર્શનનો ત્રિકાળી મંત્ર છે. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા પોતાનું સામાન્ય અવિશેષ સ્વરૂપ, સામાન્ય એટલે અવિશેષ સ્વરૂપ. ભેદ નહિ, ગુણભેદ નહિ, પર્યાયભેદ નહિ, રાગ નહિ, નિમિત્ત નહિ. એવી પોતાની પૂર્ણ વસ્તુની દૃષ્ટિ કર્યા વિના એને સમ્યગ્દર્શન થતું નથી. પહેલા સમ્યગ્દર્શન એના આશ્રયે થાય છે. અને એ દર્શન થયું તો સાથે શ્રુતજ્ઞાન ભાવપ્રમાણજ્ઞાન પર્યાયમાં થયું. દર્શન પણ પર્યાય છે અને શ્રુતજ્ઞાનની પર્યાય પણ, પ્રમાણ પણ પર્યાય છે. સમજાય છે કાંઈ? એ પર્યાય છે ને? એ પર્યાય છે ને? એ ક્યાં ગુણ છે?

મુમુક્ષુ :–

ઉત્તર :– મિથ્યાજ્ઞાન. એ વળી કેવું જ્ઞાન? સમજાય છે કાંઈ? અહીં નિશ્ચયનય પહલે કહે, એ એણે પકડી લીધું છે. દિગંબર જૈન સનાતન ધર્મમાં નિશ્ચય પહેલા કહે છે. વાત સાચી છે. એ નિશ્ચય પહેલા કહે છે. કહે છે નહિ, એવું હોય છે. હોય છે. એ લોકો કહે છે કે, પહેલા વ્યવહાર, પછી નિશ્ચય. તો તમે લોકો પણ આવો પ્રશ્ન વારંવાર કરો છો. પહેલા વ્યવહાર, પહેલા વ્યવહાર, પહેલા વ્યવહાર. તો તમે બધા શ્વેતાંબરના બાપ થઈ ગયા. 'ધન્નાલાલજી'! એ પંથ એવી રીતે નીકળ્યો હતો. કેમકે પોતાની મૂળ દૃષ્ટિ ભૂલી ગયા. મુનિપણું જે અપ્રમત્ત દશા છે એ તો નગ્નપણું હોય છે તો અંતર દૃષ્ટિપૂર્વક નગ્નદશા આવી જાય છે. એ દશાને ભૂલી ગયા. બાર વર્ષનો દુકાળ પડ્યો. દિગંબર પંથ જ અનાદિનો હતો. બાર વર્ષના દુકાળ પડ્યા તો કપડા વિના નભી શક્યા નહિ. કપડા લઈને મુનિપણું છે એમ માનવા લાગ્યા. તો દૃષ્ટિ પલટી ગઈ. સમજાય છે કાંઈ? એમ હોતું જ નથી. અંદરમાં અનુભવ દૃષ્ટિ થાય છે અને મુનિપણાને યોગ્ય સ્થિરતા થાય છે, તો એને વસ્ત્ર લેવાનો રાગ ઉત્પન્ન થતો જ નથી. એ વસ્તુની સ્થિતિ એવી છે. સંપ્રદાયનો વાંધો પાડ્યો છે એમ નથી. એવો રાગ જ ઉત્પન્ન થતો નથી કે એનું વસ્ત્ર ઉપર લક્ષ જાય. એ ભૂમિકા એવી છે. સમજાય છે કાંઈ?

મુનિની છઠ્ઠી ભૂમિકા એવી છે કે જેમાં આહાર આધાઃ કરવાનો વિકલ્પ નથી, વસ્ત્ર, પાત્ર લેવાનો રાગ ઉત્પન્ન થાય એવી એ ભૂમિકા જ નથી. સમજાય છે કાંઈ? વસ્ત્ર લેવાનો ભાવ થઈ ગયો અને મુનિપણું માની લીધું. દૃષ્ટિ ફરી ગઈ. પછી એને વ્યવહાર પહેલો થઈ ગયો કે વ્યવહાર કરો, વ્યવહાર કરો. ભાઈ! ભક્તિ કરો, વ્યવહાર કરતાં નિશ્ચય થાય છે. અહીં અનાદિ સનાતન વીતરાગ માર્ગમાં નિશ્ચય હોય તો વ્યવહાર છે. પોતાના દ્રવ્યનો આશ્રય લીધો, સમ્યક્ થયું ત્યારે જ્ઞાન પ્રમાણ થયું તો બે નય થઈ ગઈ. એક નય સામાન્યને જુએ છે, એક નય વિશેષ રાગાદિ જુએ છે. તો નય છે. નય છે તો એનો નિક્ષેપ ભગવાનની મૂર્તિ આદિ વ્યવહાર થઈ ગયો. નિક્ષેપ એ જ્ઞેય છે. નય વિષયી છે, એ વિષય છે. જ્યારે નિશ્ચયનય પ્રગટી તો ભગવાનની પ્રતિમા નિક્ષેપનો શુભરાગમાં એનો આદર આવી ગયો. સમજાણું કાંઈ? આહાહા..! વસ્તુની સ્થિતિ એવી છે. કોઈએ બનાવી નથી. તો નિશ્ચય પહેલા છે. સમજાય છે કાંઈ?

નિજ દ્રવ્યનો આશ્રય લીધા વિના સમ્યગ્જ્ઞાન થયું ક્યાંથી? અને સમ્યગ્જ્ઞાન થયા વિના નય આવી ક્યાંથી? નય તો પ્રમાણજ્ઞાનનો અવયવ–ભાગ છે. શ્રુતજ્ઞાન પ્રમાણ છે, અવયવી છે, નય અવયવ છે. અવયવી વિના અવયવ કેવો? શરીર જ નથી તો એના અંગ-ઉપાંગ છે એમ ક્યાંથી આવ્યું? સમજાય છે કાંઈ? એ કહે છે, એ યથાર્થ કહે છે. ભૂલ કાઢે છે એ બરાબર કાઢે છે. નિશ્ચય જ પહેલા કહે છે. પહેલા કહે નિશ્ચય. તો નિશ્ચય જ પહેલા છે. વ્યવહાર શું પહેલા હોય? વ્યવહાર તો આંધળો રાગ છે, ભેદ છે. પંડિતજી! સમજાય

છે કાંઈ?

મુમુક્ષુ :– નિશ્ચય થશે ત્યારે તો વ્યવહાર (કહેવાશે)

ઉત્તર :– ત્યારે તો વ્યવહાર જાણવાલાયક થયો. રાગાદિ થયા તે વ્યવહાર છે. પંચ મહાવ્રતના પરિણામ આવે છે એ વ્યવહાર છે. પણ અંદર નિશ્ચય અનુભવ દૃષ્ટિ થઈ, સ્થિરતા થઈ, નિશ્ચય છે ત્યાં વ્યવહાર છે. નિશ્ચય પહેલા થાય પછી વ્યવહાર થાય, એવી વસ્તુની સ્થિતિ છે. સમજાય છે કાંઈ? પછી સાથે છે એમ કહેવામાં આવ્યું.

અહીંયા તો એ જ પોકાર કરે છે. બધા પંડિતોને કહ્યું હતું. તે દિ' દેખાડ્યું હતું. (સંવત) ૨૦૦૩ની સાલ. ઓગણીસ વર્ષ થયા. અહીંયા વિદ્વત પરિષદ ભરી હતી ને? ત્યારે બતાવ્યું હતું. જુઓ! આ શું છે? જુઓ! આ લખે છે, વ્યવહાર પહેલા, નિશ્ચય પછી. પેલા કહે છે, દિગંબર પહેલા નિશ્ચય કહે છે, પછી વ્યવહાર હોય. એવો પ્રશ્ન તો તમારા બધાનો હોય છે. વ્યવહાર જોઈએ, પહેલા વ્યવહાર જોઈએ, પહેલા વ્યવહાર જોઈએ. એ હોય તો નિશ્ચય થાય છે. નિશ્ચયનો હેતુ કોણ? સમજાય છે કાંઈ? એ..ય...! આહાહા..! સામાન્ય વસ્તુ... હમણા આવશે, હોં! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા નિમિત્તથી હટીને, રાગથી હટીને, પર્યાયનું લક્ષ છોડીને, ગુણ-ગુણી ભેદનું લક્ષ છોડીને, એક સ્વરૂપે ભગવાનઆત્મા '**भूदत्थम**' ભૂતાર્થ..ભૂતાર્થ.. ભૂતાર્થ.. સત્યાર્થ.. સત્યાર્થ ત્રિકાળ છે. એમ અંતર દૃષ્ટિ કરવાથી '**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो**'. આ ભગવાનનું વચન છે. 'સમયસાર' ૧૧ મી ગાથા. ત્રણકાળ ત્રણલોકમાં ફરે નહિ એવી સત્ય વાત છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શન થયું તો સાથે એને સમ્યગ્જ્ઞાન, શ્રુતજ્ઞાન થયું. શ્રુતજ્ઞાન સાથે છે. શ્રુતજ્ઞાન થયું તો એમાં બે ભાગ પડી ગયા. એક સામાન્યને દેખનારી નય, એક વિશેષને દેખનારી નય. વિશેષને જોનારને વ્યવહાર કહે છે, સામાન્યને દેખનારને નિશ્ચય કહે છે. બેને સાથે જોનારને પ્રમાણ કહે છે. સમજાય છે કાંઈ? આ વસ્તુ આવી છે પણ ગડબડ બહુ થઈ ગઈ.

અહીં પણ આચાર્ય 'પૂજ્યપાદસ્વામી' કહે છે, ભાઈ! જ્યાં પોતાના સ્વરૂપની દૃષ્ટિ જામી ગઈ, જ્ઞાયક ચિદાનંદની પહેલા દૃષ્ટિ જામી ગઈ કે હું તો આનંદ છું. આનંદનો સ્વાદ લેવામાં જ્યાં તત્પર થયો તો એને આવા વિકલ્પ કેમ રહે? સમજાય છે કાંઈ? વ્યવહાર કેમ રહે? એમ કહે છે. પહેલા પણ જ્યારે સ્વભાવનો અનુભવ કર્યો ત્યારે પણ વ્યવહાર ગૌણ થઈ ગયો અને નિશ્ચય સ્વભાવની મુખ્યતા થઈ ગઈ. નિશ્ચય તે મુખ્ય નહિ, મુખ્ય તે નિશ્ચય થઈ ગયો. સમજાય છે કાંઈ? મુખ્ય જે ત્રિકાળ ભગવાન પોતાનું પ્રયોજન સિદ્ધ કરવા નિશ્ચય સ્વઆશ્રય છે, વ્યવહાર પરઆશ્રય છે. પણ નિશ્ચયમાં પણ મુખ્ય તે નિશ્ચય છે, નિશ્ચય તે મુખ્ય નથી. પોતાનું પ્રયોજન સિદ્ધ કરવા એક સમયમાં ધ્રુવ સામાન્ય તરફ ઝુક્યા વિના એની નિર્મળ એકત્વની પર્યાય પ્રગટ થતી નથી. તેથી મુખ્ય દ્રવ્ય સામાન્ય

છે એને મુખ્ય કરીને નિશ્ચય કહ્યું. એનો આશ્રય કરીને સમ્યગ્દર્શન થાય છે. એને પ્રમાણજ્ઞાન અને પછી નય હોય છે. સમજાય છે કાંઈ? આહાહા..! આમાં ને આમાં ગડબડ. ખબર નથી, સંપ્રદાયની શું પરંપરા ચાલી આવે છે. આચાર્યો સંતો મુનિઓ સર્વજ્ઞ શું કહે છે, એની ખબર નથી અને અમારે ધર્મ કરવો છે, અમે ધર્મ કરીએ છીએ. વ્યવહાર કરો, વ્યવહાર કરો. વ્યવહાર તો આવે છે ને? આવે છે ને? પણ કોણ આવે છે? સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્માની નિધિ સામાન્ય ચિદાનંદ પ્રભુ, એની જેને દૃષ્ટિ થઈ એને આનંદનો પ્રેમ થઈ ગયો. રાગનો અને નિમિત્તનો પ્રેમ ઉઠી ગયો. સમજાય છે કાંઈ? રાગ અને નિમત્તનો પ્રેમ ઉઠી ગયો. આવે છે, હોય છે, જાણવાલાયક છે, આદરવાલાયક નથી. કહે છે, અપૂર્વ આનંદનો જ્યાં અનુભવ થયો.. શું કહે છે? જુઓ!

**'ઇસલિયે સમજો કિ આત્મામેં અધ્યાત્મમેં રહનેવાલે યોગી અનનુભૂત...'** અનંતકાળમાં નથી અનુભવ થયો એવો. **'અનનુભૂત (જિસકા પહિલે કભી અનુભવ નહીં હુઆ)...'** આનંદનો અનુભવ અનંતકાળમાં કદી થયો હતો? સમજાય છે કાંઈ? સમ્યગ્દર્શનમાં આનંદનો અનુભવ થયો પણ પછી પણ વિશેષ આનંદનો અનુભવ થયો એવો અનુભવ પહેલા નહોતો થયો. આહાહા...! અપૂર્વ આનંદ આવે છે, એમ કહે છે. દરેક સમયે અપૂર્વ આનંદ આવે છે, એમ કહે છે. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા એકલો અતીન્દ્રિય આનંદથી ભરેલો છે. અતીન્દ્રિય આનંદ એ જ આત્મા. નિત્યાનંદમય સ્વરૂપ ભગવાન, બસ! અતીન્દ્રિય નિત્યાનંદ પ્રભુ આત્મા છે.

આત્માનો વિશ્વાસ કોને કહે? મારામાં આનંદ છે, વિષયમાં આનંદ નથી. વિષય તરફના ઝુકાવના રાગમાં આનંદ નથી. સમજાય છે કાંઈ? પર તરફની આકુળતા, મારી તરફ અનાકુળતા, પર તરફની પરાધીનતા, મારા તરફની સ્વાધીનતા, પર તરફ બંધનું કારણ, સ્વ આશ્રય નિર્જરાનું કારણ. આહાહા..! સમજાય છે કાંઈ? એવી અંતર દૃષ્ટિ થઈ તો કહે છે, અનનુભૂત. ક્ષણે ક્ષણે એને વિશેષ આનંદ એવો આવે છે કે પહેલા આટલી આનંદની પુષ્ટિ થઈ નહોતી. એવા અતીન્દ્રિય આનંદમાં ગરકાવ-એકાકાર થાય છે. **'અનનુભૂત ઔર અપૂર્વ આનન્દકા અનુભવ હોતે રહનેસે..'** જુઓ! **'ઉસકી અધ્યાત્મકે સિવાય દૂસરી જગહ પ્રવૃત્તિ નહીં હોતી.'** સમજાય છે કાંઈ?

અગ્નિની જ્વાળા સળગતી હોય એમાંથી નીકળે અને ઠંડા પાણીમાં પડ્યો હોય બરફ, ત્યાંથી નીકળીને અગ્નિમાં જાય? સમજાય છે કાંઈ? પોતાનો શાંત.. શાંત. શાંત. સ્વભાવ, અકષાય ભગવાનઆત્માની જ્યાં દૃષ્ટિ થઈ તો એમાં લીનતા થઈ, તો બહાર શા માટે નીકળે? એમ કહે છે. સમજાય છે કાંઈ? બહારના વિકલ્પ કે હું આવો છું ને આવો છું, એવો વિકલ્પ કરે શું કામ? કહો, 'શશીભાઈ'! આહાહા..! સંસારમાં મશગુલ નથી થઈ જતા? મરે

તોપણ ખબર ન પડે, લ્યો! છોકરાઓમાં એવી પ્રીતિ હોય, દીકરી માટે હોય. મારું દુઃખ નહિ, તમે ધ્યાન રાખો. એમ કહે. પોતાના પુત્ર ઉપર ને સ્ત્રી ઉપર એટલી પ્રીતિ હોય. તમને કેમ છે? એમ પૂછે તો કહે, મને ન પૂછ. તને કેમ છે? કહે છે કે નહિ? 'અર્જુનભાઈ'! મને તો સદી રહ્યું છે, વળી એમ કહે. મને તો તાવ અને એ સદી રહ્યું છે, પણ તને કેમ છે? શું હોળી છે પણ તને? એની પ્રીતિ લાગી છે. એ પ્રીતિમાં પોતાના દુઃખને પણ ભૂલી જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– લાગણી કોને કહે.

ઉત્તર :– લાગણી કહેવાય દુઃખની. ધૂળની લાગણી છે. એમ અહીંયા સુખની લાગણી થઈ ગઈ છે. ઓહો..! મારો આત્મા આનંદ અનાકુળ શાંત સ્વરૂપ છે. બહાર વિકલ્પ શું કરવો? સમજાય છે કાંઈ? વિકલ્પ તો રાગ છે, દુઃખ છે, બંધનું કારણ છે, આકુળતા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**दोहा - जो जामें बसता रहे, सो तामें रुचि पाय।**
**जो जामें रम जात है, सो ता तज नहिं जाय।।४३।।**

**'જો જામેં વસતા રહે, સો તામેં રુચિ પાય.'** જેમાં જેનું જ્ઞાન વસ્યું ત્યાં તેની રુચિ થાય **'જો જામે રમ જાત હૈ,..'** ત્યાં રમી જાય. સમજાય છે કાંઈ? આ પરસ્ત્રીના લંપટીઓ, જુઓને! શરીરમાં જીર્ણ થઈ જાય, ક્ષય થઈ જાય, રોગ થઈ જાય, મૃત્યુ દેખે થોડા કાળમાં તોપણ એ પ્રીતિ છોડે નહિ. સમજાય છે કાંઈ? અને બધી અર્પણતા ત્યાં કરી દીધી છે. કરવું શું? હવે જાવું ક્યાં? જ્યાં પડ્યા હોય ત્યાં પડ્યો રહે. અજ્ઞાની પણ જ્યાં લીન થઈને પડે છે, અહીં કહે છે, ભગવાનઆત્મા.. જુઓ! રુચિ કરાવે છે અને રુચિ થયા પછી લીનતા ક્યાં કરવી એ સમજાવે છે. રાગાદિ આવે છે એ કરવાલાયક નથી. વ્યવહાર કરવા લાયક નથી. આવે તો ત્યાંથી ખસીને અહીંયા આવ, એમ કહે છે. આહાહા..! વ્યવહારનો તો અભાવ.. અભાવ, નિશ્ચયનો આદર.. આદર. સમજાય છે કાંઈ?

**'જો જામેં બસતા રહે, સો તામેં રૂચિ પાય'** જેની જેને જરૂરિયાત જણાય ત્યાં ત્યાં તેનું વીર્ય સ્ફુર્યા વિના રહે નહિ. શું કહ્યું? જેને જેની જરૂરિયાત જણાય એની જરૂરિયાતમાં એના વીર્યની સ્ફુરણા થયા વિના રહે નહિ. સમજાય છે કાંઈ? 'પ્રભુ તુમ જાણગ રીતિ સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ સહુને પેખતા હો લાલ.' હે નાથ! અમારી સત્તા પણ આપ તો શુદ્ધ જુઓ છો. સમજ્યા? 'પ્રભુ તુમ જાણગ રીતિ, પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતા હો લાલ, નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ.' પ્રભુ! આપ પણ એમ જુઓ છો. સમજાય છે કાંઈ? અમારી નિજ સત્તા શુદ્ધ, શુદ્ધ શુદ્ધ ને પવિત્ર છે. એવી જેને દૃષ્ટિ થઈ એ એમાં લીન થાય છે, એમાંથી શું બહાર નીકળે? સમજાય છે કાંઈ? એમાં પ્રીતિ જામી જાય છે. પ્રીતી જામે ત્યાં રમે છે, રમે છે ત્યાંથી બહાર નીકળતા નથી,

એમ કહે છે. શિષ્યના પ્રશ્નનો ઉત્તર આપ્યો.

તને આશ્ચર્ય લાગે છે, તમે તો આવી વિલક્ષણ વિભિન્ન દશાની વાત કરો છો, એ કઈ રીતે સંભવ છે? શા માટે સંભવ નથી? સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? એ..ય વિદ્યાર્થીઓ! સમજાય છે કે નહિ આમાં? રમવામાં રુચિ હોય તો કેટલી લાગે છે! ભણવાનું હોય તો માંડ માંડ આવે. રમવા લાગ્યો હોય અને થોડું મુકીને આવ્યો હોય તો ફટ ન્યાં રમવા જાય. હુ.. હુ.. ને તુ.. તુ એવું કાંઈક કરે છે ને? શું બધી રમત કરે છે? ત્યાં કરતા હતા. ત્યાં પંદર દિ' હતા ને? 'રાજકોટ'. તોફાન કરતા હતા. પાછળ પકડી રાખતા હતા અને એક છોકરો આમ આમ કરતો હતો. એવી જુદી જુદી રમત કરતા હતા. દસ જણાએ એક પછી એક પકડી રાખે. દસ જણા. એક જણો પછી પેલાને પકડવા જાય. એવું કાંઈક હતું ખરું. પાછળ રમતા હતા. એમાં એવો રસ કે હેઠે કાંકરા હોય, કાંટા હોય, ધૂળ ઊડતી હતી. નીચે રાખ હતી. ભરવાડનું ઘર હતું ને પાછળ? એકલી રાખ ઊડે.. ઊડે.. ઊડે. પણ પ્રીતિ લાગી એમાંથી ખસે? કલાક, પોણો કલાક એવું કરે ત્યારે ઠીક પડે. એમ જેને ભગવાનઆત્માના આનંદની રુચિ લાગી છે, ધર્મીની આત્માના આનંદની રુચિ લાગી છે તો એ વ્યાયામ કરવામાંથી ખસે નહિ. વ્યાયામ કરે છે પોણો કલાક? આમ ને આમ ને આમ. સમજાય છે કાંઈ?

**'સો સા તજ નહિં જાય.'** એને તજીને જાય નહિ. પોતાના આનંદને છોડીને બહાર કોણ જાય? એવી દશા થવી સંભવિત છે, અસંભવિત નથી.

---

**जब दूसरी जगह प्रवृत्ति नहीं करता तब क्या होता है? उसे आगेके श्लोकमें आचार्य कहते हैं-**

**अगच्छंस्तद्विशेषाणामनभिज्ञश्च जायते।**
**अज्ञाततद्विशेषस्तु, बध्यते न विमुच्यते।।४४।।**

**अर्थ :- अध्यात्मसे दूसरी जगह प्रवृत्ति न करता हुआ योगी, शरीरादिककी सुन्दरता असुन्दरता आदि धर्मोकी ओर विचार नहीं करता। और जब उनके विशेषोंको नहीं जानता, तब वह बंधको प्राप्त नहीं होता, किन्तु विशेष रूपसे छूट जाता है।**

**विशदार्थ :- स्वात्मतत्त्वमें स्थिर हुआ योगी जब अध्यात्मसे भिन्न दूसरी जगह प्रवृत्ति नहीं करता, तब उस स्वात्मासे भिन्न शरीरादिके सौन्दर्य असौन्दर्य आदि विशेषोंसे अनभिज्ञ हो जाता है। और जब उनकी विशेषताओंपर ख्याल नहीं करता, तब उनमें राग द्वेष पैदा न होनेके कारण कर्मोंसे बँधता नहीं है, किन्तु व्रतादिकका आचरण करनेवालोंकी अपेक्षा भी कर्मोंसे ज्यादा छूटता है।।४४।।**

**दोहा - वस्तु विशेष विकल्प को, नहिं करता मतिमान।**
**स्वात्मनिष्ठता से छुटत, नहि बँधता गुणवान।।४४।।**

**'જબ દૂસરી જગહ પ્રવૃત્તિ નહીં કરતા તબ ક્યા હોતા હૈ? ઉસે આગેકે શ્લોકમેં આચાર્ય કહતે હૈં...'** શિષ્યનો પ્રશ્ન છે.

**अगच्छंस्तद्विशेषाणामनभिज्ञश्च जायते।**
**अज्ञाततद्विशेषस्तु, बध्यते न विमुच्यते।।४४।।**

આહાહા..! જુઓ! **'અધ્યાત્મસે દૂસરી જગહ પ્રવૃત્તિ ન કરતા હુઆ યોગી,...'** અધ્યાત્મ નામ ભગવાનઆત્મા, પોતાના નિજ સ્વરૂપમાં બિરાજમાન આનંદ પ્રભુ છે, એવી સમ્યગ્દૃષ્ટિને દૃષ્ટિ થઈ છે એવો અધ્યાત્મી જીવ. **'દૂસરી જગહ પ્રવૃત્તિ ન કરતા હુઆ...'** આત્માના આનંદ સિવાય, ધ્રુવ સિવાય બીજી જગતપ્રવૃત્તિ નહિ કરતો થકો. સમજાય છે કાંઈ? **'શરીરાદિકકી સુન્દરતા અસુન્દરતા આદિ ધર્મોંકી ઓર વિચાર નહીં કરતા.'** શરીર, એની સુંદરતા, અસુંદરતા, બહાર શરીરમાં કેમ રહે છે? વાણીમાં કેમ છે? બહારનું સ્થાન કેવું મળ્યું? એવી સુંદર, અસુંદરતાની વિશેષ અવસ્થા, બહારના સુંદર, અસુંદર ધર્મ તરફ વિચાર નથી રહેતો. પોતાનો પરમાનંદ સુંદર સ્વરૂપ, એની જેને લય લાગી છે.. સમજાય છે કાંઈ? આહાહા..!

**'સુન્દરતા અસુન્દરતા આદિ ધર્મોંકી ઓર વિચાર નહીં કરતા. ઔર જબ ઉનકે વિશેષોંકો નહીં જાનતા...'** શું કહે છે? જ્યારે પોતાની વિશેષ દૃષ્ટિ નથી, પોતાની દૃષ્ટિ પણ સામાન્ય ઉપર છે. સમજાય છે કાંઈ? ધર્મીની દૃષ્ટિ સદાય સામાન્ય ધ્રુવ ઉપર જ રહે છે. પોતાના વિશેષ ઉપર પણ જ્યાં લક્ષ નથી તો પરપદાર્થની વિશેષતા જોઈને, વિશેષ જોઈને, હોં! એ પર્યાયબુદ્ધિ જ્યાં નથી રહી તો પરને પર્યાયબુદ્ધિ વિશેષને જોઈને જેવા રાગ-દ્વેષ થાય છે એવા રાગ-દ્વેષ એને થતા નથી. સમજાય છે કાંઈ?

પોતાનો વિશેષ સ્વભાવ પણ જ્યાં લક્ષમાં નથી, લક્ષમાં જોર તો સામાન્ય ધ્રુવનું છે. શું કહે છે? સમજવામાં જરી ઝીણી વાત છે, હોં! એક સમયમાં સામાન્ય (સ્વરૂપ છે). ચાહે જેવા વિકલ્પ હોય, લડાઈમાં હોય, પણ અંતરની દૃષ્ટિનો વિષય તો સામાન્ય ધ્રુવ તરફ રુચિનું પરિણમન થઈ ગયું છે, એ સામાન્ય ઉપરથી ખસતું નથી. સમજાય છે કાંઈ? પોતાના સામાન્યમાંથી વિશેષનું લક્ષ નથી તો બાહ્ય પદાર્થની દ્રવ્ય ધ્રુવતા, ગુણ ધ્રુવતા સિવાય પર્યાયની વિશેષતા જોઈને આ વિશેષ આવું છે, એવી પર્યાયદૃષ્ટિનો જ્યાં નિષેધ થયો, ત્યાં પોતાની દ્રવ્યદૃષ્ટિનો જ્યાં આદર થયો તો પરપદાર્થની વિશેષતાનો પણ આદર ન રહ્યો. વિશેષ જોવામાં ન રહ્યો. સમજાય છે કાંઈ? શું કહ્યું?

**'ઉનકે વિશેષોંકો નહીં જાનતા,...'** નથી જાણતાનો અર્થ–વિશેષ જે પરપદાર્થની પર્યાય

છે, એ પર્યાય એની આટલી છે, એમ એની દૃષ્ટિ નથી. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાનીને જોઈને પણ, વિશેષ પર્યાયને જોઈને એને પ્રીતિ નથી થતી. આહા..! પોતાની સામાન્ય ઉપર દૃષ્ટિ છે અને વિશેષમાં હજી પૂરો સ્થિર નથી નબળાઈને કારણે રાગ આવે છે. એ કેવળજ્ઞાનની પર્યાય છે માટે રાગ આવ્યો, એમ નથી. સમજાય છે કાંઈ? જ્યાં પોતાના સામાન્ય ધ્રુવ ઉપર ધર્મીની દૃષ્ટિ છે ત્યાં પોતાના વિશેષનો પણ જ્યાં આદર નથી, ત્યાં પરપદાર્થનું જ્ઞાન કરવામાં વિશેષના વિશેષનું, આ સ્ત્રીના સુંદર શરીરની પર્યાય તો વિશેષ છે, વિશેષ છે એની ઉપર એનું લક્ષ નથી. વિશેષ છે માટે આ ઠીક છે એમ લક્ષ જ નથી. વિશેષને કારણે રાગ થતો નથી. સમજાય છે કાંઈ?

પોતામાં રાગાદિ થાય તો એ પરપદાર્થની વિશેષ અવસ્થા છે માટે છે એમ નથી. કેમકે પોતાની દૃષ્ટિ સામાન્ય ધ્રુવ ઉપર પડી છે. વિશેષ ઉપર એની દૃષ્ટિનું જોર નથી. પોતાના વિશેષ ઉપર જોર નથી તો પરના વિશેષને કારણે રાગ-દ્વેષ થઈ જાય એમ બનતું નથી. સમજાય છે કાંઈ? બહુ સૂક્ષ્મ વાત. 'ઇષ્ટોપદેશ'. જુઓને! **'अगच्छंस्तद्विशेषाणामनभिज्ञ'**. અનભિજ્ઞ છે, એ તો અનભિજ્ઞ છે. વિશેષનું જોર નથી. ભલે અધિકારમાં દેહાદિ લીધું પણ પોતાના વિશેષ તરફ પણ જોર નથી. સમજાય છે કાંઈ?

આ તો સમ્યગ્દર્શનમાં આત્મા શુદ્ધ આનંદની દૃષ્ટિ થઈ તો માણેકસ્થંભ તો રોપાઈ ગયા. પછી હવે લગની લાગી આત્માની. એની વાત કરે છે. સમજાય છે કાંઈ? કન્યાના લગ્ન કરવા જાય છે તો બધું ભૂલી જાય છે, લ્યો! ગાળ આપે અમારે અહીંયા કાઠિયાવાડમાં. લગ્ન કરવા આવે ને? લગ્નને શું કહે છે? શાદી. પછી અહીંયા ગાળ બહુ આપે. ગાળ તો સામાને આપે. કેમકે એની દૃષ્ટિ કન્યા લેવા ઉપર છે. લાખ કાળી વાત કર પણ હું કન્યા લેવા આવ્યો છું. ગાળ ઉપર લક્ષ ન આપે. ઘણા વર્ષ પહેલાની વાત છે. (સંવત) ૧૯૫૭માં જોયું હતું. ૧૯૫૭ની સાલ. સમજ્યા ને? 'ભીખાલાલ'ની બહેનના લગ્ન હતા. મેં પહેલુંવહેલું સાંભળ્યું. નાની અગિયાર વર્ષની ઉંમર. 'વરની મા તો મોચીડા..' એમ બોલતા. 'વર તારે આવી મોજડી ક્યાંથી?' એવું સાંભળેલું. સંવત ૧૯૫૭ની સાલ. અગિયાર વર્ષની ઉંમર. આ શ્વેતાંબરનું દેરાવાસીનું છે ને ત્યાં. 'ઉમરાળા'માં. ત્યાં લગ્ન થયા હતા. અમારે 'ફાવાભાઈ' નહિ? એની બહેનના લગ્ન હતા. ૧૯૫૭ ની સાલ, અગિયાર વર્ષની ઉંમર હતી. ત્યાં એ બોલતા. કીધું, આ શું બોલે છે? 'વર તારે આવી મોજડી ક્યાંથી રે, વરની મા મોચીડાને ગઈ હતી રે...' અર..ર..ર...! આ શું બોલે છે? કીધું. આ ૧૯૫૭ની સાલની વાત યાદ છે. પછી તો એવું ક્યાંય સાંભળ્યું નથી.

મુમુક્ષુ :- ૬૫ વર્ષ થઈ ગયા.

ઉત્તર :- હા, એટલા વર્ષ થઈ ગયા. સમજાય છે કાંઈ? બોલે છે કે નહિ? ભાઈ! પેલો વર સાંભળતો હતો. બોલે નહિ. ગંભીર.. ગંભીર. સમજાણું કે નહિ? મોજડી પહેરે

છે ને? મોજડી. તો અમારે ત્યાં એવું બોલે, વર તારે આવી મોજડી ક્યાંથી આવી? આવી મોજડી ફર્સ્ટક્લાસ. નક્કી આની મા મોચીડાને ઘરે ગઈ હતી એણે આપી લાગે છે. આવું બોલે તોપણ (બોલે નહિ). કારણ કે એનું વિશેષ ઉપર લક્ષ નથી. સામાન્ય સ્ત્રી લેવી છે એ લક્ષ તેનું છે. બધી વાતને છોડીને તારી કન્યાને લઈ જવી છે.

એમ ધર્માત્માનું કોઈ વિશેષ ઉપર લક્ષ નથી, સામાન્ય ઉપર (લક્ષ છે). વિશેષ ઉપર લક્ષ નથી. અમારો આત્મા ધ્રુવ ચિદાનંદ પ્રભુ છે એની સાથે લગની લાગી છે તો બીજાને જોતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? આપણે ક્યાં એવો પ્રસંગ હોય? તે દિ' તો અમારા સગા થાય ને! એટલે જમવા ગયા હતા. ત્યાં પેલા બોલતા. કીધું, આવું શું બોલે છે? એમ તે દિ' થતું, હોં! આ શું બોલે છે? અર..ર...ર..! વાણિયામાં (આવું)? વાણિયામાં એવું બોલાતું હતું. પણ એ સામું જોવે નહિ, મલકે નહિ. કુટુંબીઓએ કહ્યું હોય, હસવું નહિ, હોં! મભો રાખવો. મભો સમજ્યા ને? ગંભીરતા રાખવી.

એમ અહીંયા કહે છે, 'માણેકચંદભાઈ'! 'માણેકચંદભાઈ'ને બધી ખબર હોય. ગામડામાં રહે છે ને ઇ તો? ગારનું મકાન નાખે એવા છે એ તો. ભલે ગમે એવું હોય તોપણ. બોલબોલ ન કરે એવા હોશિયાર માણસ. કો'ક ભાળી જાય તો શું કરે? અહીં કહે છે, અંદર મુડી દેખે છે. 'વીરચંદભાઈ'! ભગવાનઆત્મા.. આહા..હા..! મારું અતીન્દ્રિય આનંદ સ્વરૂપ, એની જ્યાં ધર્મીને દૃષ્ટિ થઈ અને એની જ લગન કરીને એકાગ્ર થાય છે. બીજાની ઉપેક્ષા કરે છે. બીજાની દરકાર નથી. ઓહોહો..!

કથન પદ્ધતિ કેવી કરી છે! જુઓ! **'आभिमुख्येनाप्रतिपत्ता' 'देहादविशेषाणां सौन्दर्यासौन्दर्यादि-धर्माणामनभिज्ञ आभिमुख्येनाप्रतिपत्ता'** એની સન્મુખ લક્ષ છે જ નહિ, એમ કહે છે. એવો પાઠ છે. સમજાય છે કાંઈ? ઓહોહો..! દિગંબર સંતોની કથન પદ્ધતિ. અલ્પ શબ્દોમાં મહાન ભરી દીધું છે. ભાવલિંગી સંત હતા. સંત મુનિ છટ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલતા હતા. સાચી ચારિત્ર દશા અનુભવમાં હતી. સમજાય છે કાંઈ? એમના શ્લોક અને એના ભાવની શું વાત કરવી! શું કહે છે? જુઓ! **'अगच्छंस्तद्विशेषाणाम'** આવ્યું છે ને? **'प्रवर्तमानस्तस्य स्वात्मनाऽन्यस्य देहादिविशेषाणां'** શરીર, ભોજન, સારી આબરૂ, સુંદર પર્યાય, આબરૂની, રૂપની, ગંધની, રસની, સ્પર્શની એ વિશેષ ઉપર લક્ષ નથી. કેમકે પોતાના વિશેષ ઉપરથી લક્ષ છૂટી ગયું છે. અંતર સામાન્ય ધ્રુવ ઉપર દૃષ્ટિ આવી ગઈ છે તો વિશેષનું જ્ઞાન કરે છે પણ વિશેષનો આશ્રય કરવાની દૃષ્ટિ છૂટી ગઈ છે. સમજાય છે કાંઈ? ધર્મીને પરપદાર્થની પર્યાયને જોઈને સુંદરતા, અસુંદરતા ભાસે છે એમ છે જ નહિ. આહાહા..!

ખરેખર તો ભગવાનઆત્મા ધ્રુવ સામાન્ય સ્વરૂપનો અનુભવ સમ્યગ્દર્શન થયું તો કહે છે, એની દૃષ્ટિમાં તો સામાન્ય જ તરવરે છે. સામાન્ય તરફ અંતર્મુખ પરિણમન થઈ ગયું છે. અંતર્મુખ થઈ ગયું છે, પરિણમન અંતર્મુખ થઈ ગયું છે. સમજાય છે કાંઈ? બહિર્મુખ

જે વિકલ્પાત્મક પરિણમન હતું, એકલા રાગ સાથે એકત્વ થઈને બહિર્મુખ થતો હતો, એ અંતર્મુખ થઈ ગયો. અંતર્મુખમાં તો સામાન્ય જ અનુભવાય. સમજાય છે કાંઈ?

ધર્મી **'ઉનકે વિશેષોંકો નહીં જાનતા, તબ વહ બંધકો પ્રાપ્ત નહીં હોતા,...'** શું કહે છે? થોડું સૂક્ષ્મ કહે છે, હોં! ટીકામાં એટલું સ્પષ્ટીકરણ નથી. ખરેખર તો પોતાના વિશેષના જાણતો નથી, પરના વિશેષના જાણતો નથી તો વિશેષને જોઈને જે રાગ અને દ્વેષ અનુકૂળ, પ્રતિકૂળમાં આવવાનો હતો એ એને થતા જ નથી. તેથી એને બંધ થતો નથી. સમજાય છે કાંઈ? **'કિન્તુ વિશેષ રૂપસે છૂટ જાતા હૈ.'** જુઓ! શું કહે છે? પરની વિશેષતાઓ અને પોતાની વિશેષતાઓ ઉપર જ્યાં લક્ષ અને જોર નથી, ત્યાં પોતાના સામાન્ય તરફના જોરથી **'વિશેષ રૂપસે છૂટ જાતા હૈ.'** વિશેષપણે શુદ્ધતા વધી જાય છે, એમ કહે છે. ભાઈ! આમ વિશેષપણાનું લક્ષ નથી તો શુદ્ધતાની વિશેષતા વધી જાય છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? ગાથામાં છે તો ઘણું ગૂઢ!

**'अगच्छंस्तद्विशेषाणामनभिज्ञ जायते'** એક સામાન્ય તરફ, જ્ઞાયક તરફ દૃષ્ટિ ઘુંટાય છે તો બીજાના અને પોતાના વિશેષ તરફનું દૃષ્ટિનું જોર નથી. વિશેષનું જોર નથી તો વિશેષતા ઉત્પન્ન થાય છે. શું કહ્યું સમજ્યા? સમજાય છે કાંઈ? આહાહા..! એ વખતે મુનિના હૃદય શું કામ કરતા હશે? શ્લોક બનતા હશે ત્યારે અલૌકિક કામ કરે છે. એના ભાવ અલૌકિક કામ કરે છે. આહાહા..! આ તો ભાવલિંગી સંત છે એવા ભણકાર એમાં ઉઠે છે. 'વજુભાઈ'! આહાહા..!

કહે છે, ભગવાનઆત્મા પોતાની અંતર એકાગ્રતાનો વિષય તો સામાન્ય છે. સમજાય છે કાંઈ? ચૈતન્ય અભેદ ઉપર જ્યાં એકાગ્રતા છે ત્યાં પોતાના ભેદનું પણ જોર નથી, તો પરના ભેદ, વિશેષ અવસ્થાનું પણ જોર નથી. તો એ પરની વિશેષતાના જોરમાં જે રાગ-દ્વેષ થઈને બંધ થતો હતો એ પરની વિશેષતા, સ્વની વિશેષતા ન રહી, પોતાના સામાન્યની અંદરમાં એકાકાર વિશેષતા થઈ તો પર્યાયમાં વિશેષ શુદ્ધતા પ્રગટ થઈ ગઈ. એ નિર્જરા થઈ, પેલો બંધ થતો હતો. વિશેષના લક્ષમાં અને પરની વિશેષતામાં બંધનું કારણ થતું હતું. પોતાના વિશેષ આશ્રયથી કે પરના વિશેષ જોવાથી આ ઠીક, અઠીક એવી પર્યાય દેખાતી હતી, દ્રવ્યદૃષ્ટિ નહોતી તો બંધ થતો હતો, બંધ થતો હતો. એ જ દૃષ્ટિ જ્યારે સમાન્ય ધ્રુવ ઉપર ગઈ તો પોતાના સામાન્ય તરફ લક્ષ રાખનારા ધર્મીને પોતાના વિશેષ ઉપર જોર નથી તો પર પદાર્થની જે વિશેષ અવસ્થા છે, ઠીક-અઠીક, એ ઠીક-અઠીકને કારણે એને પ્રીતિ-અપ્રીતિ નથી ઉપજતી. સમજાય છે કાંઈ? પ્રીતિ-અપ્રીતિ જે ઠીક-અઠીક વિષયને જોઈને ઉપજતી હતી એ નથી ઉપજતી તો પોતાના સામાન્ય ઉપર જોર છે તો નિર્જરાની વિશેષતા ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- પર્યાય નિર્મળ થાય છે.

ઉત્તર :– નિર્મળ થતી જાય છે. વિશેષ વધતું જાય છે. વિશેષને જોતો નથી તો વિશેષ વધી જાય છે. ભારે વાત, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ? 'અજીતપ્રસાદજી'! આહાહા..! વાહ રે.. વાહ..! અમૃતના રેલમછેલા ચાલે છે પાછળ. એમાંથી નીકળેલો આ ભાવ છે. એને કહે છે કે, અરે..! ભગવાન! ભાઈ! **'अगच्छंस्तद्विशेषाणामनभिज्ञ जायते'** પરમાં તો જેનું જ્ઞાન જ જોર કરતું નથી. પર વિશેષમાં તો જ્ઞાનનું જોર જ નથી. પોતાના સામાન્યને જોઈને જે જ્ઞાન થયું છે તે જ્ઞાન યથાર્થ થયું છે અને પોતાના સામાન્ય સ્વરૂપના જોરમાં, પોતાના વિશેષ અને પરના વિશેષનું જોર નથી, તો પોતાના સામાન્યના જોરમાં વિશેષતા વધી જાય છે. શુદ્ધિ વધી જાય છે, ધર્મ વધે છે, નિર્જરા થાય છે અને મોક્ષ સન્મુખ થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! સમજાય છે કાંઈ?

**'વિશેષ રૂપસે છૂટ જાતા હૈ.'** વાહ..! હજી અર્થમાં તો એવું આવશે, હોં! **'विशेषेण व्रताद्यनुष्ठातृभ्योऽतिरिकेण तैर्मुच्यते'** વ્રતાદિના વિકલ્પ છે એનાથી પણ વિશેષ જોર સામાન્ય ઉપર છે તો નિર્જરા ઘણી વધી જાય છે, એમ કહે છે. આહાહા..! છઠ્ઠે ગુણસ્થાને વ્રતાદિના વિકલ્પ છે એના કરતાં અભેદમાં સામાન્યમાં વિશેષ સ્થિર થયા તો નિર્જરા ઘણી વધી ગઈ. નિર્જરા વધી ગઈ, વ્રત છૂટી ગયા, ત્યાં નિર્જરા વધી ગઈ. પેલા કહે, વ્રત છે તો નિર્જરા થાય છે. અરે...! સાંભળ તો ખરો, પ્રભુ! આહાહા..! વ્રતના ભાવ તો વિશેષ છે, વિકલ્પ છે, રાગવિશેષ છે, નિર્મળ પર્યાયવિશેષ નથી. એ તો રાગવિશેષ છે. તો રાગવિશેષથી નિર્જરા થાય છે? આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, અર્થમાં પણ લખ્યું છે, હોં! **'વ્રતાદિકકા આચરણ...'** પેલાને અર્થ નથી આવડ્યો તો વ્રતમાં શુદ્ધિ થઈ એવું લખી નાખ્યું છે. આ છે ને? સમજ્યા વિના અર્થ કરે. આચાર્યનો શું અભિપ્રાય છે (એ જોતા નથી). વ્રતથી નિર્જરા થાય છે એમ (અર્થ કર્યો છે). અહીં તો કહે છે, **'વ્રતાદિકકા આચરણ કરનેવાલોંકી અપેક્ષા ભી કર્મોંસે જ્યાદા છૂટતા હૈ.'** છઠ્ઠા ગુણસ્થાનમાં વ્રતાદિ વિકલ્પ છે, પણ ત્યાંથી છૂટીને અંદરમાં એકાકાર થયો તો વિશેષ નિર્જરા થઈ ગઈ. પ્રમાદકાળમાં નિર્જરા અલ્પ હતી અને રાગનો બંધ હતો. વ્રતમાંથી છૂટીને અહીંયા લીન થયો તો શુદ્ધિ વિશેષ વધી ગઈ. નિર્જરા વિશેષ વધી ગઈ. તો શું વ્રતથી નિર્જરા હતી? સમજાય છે કાંઈ? પ્રમાદકાળે વિકલ્પ હતો, જેટલી શુદ્ધ સ્વભાવના આશ્રયમાં નિર્મળતા છે તેટલી તો સંવર, નિર્જરા છે, પણ વ્રતાદિના કાળ સિવાય અંતરમાં વિકલ્પ તોડીને નિર્વિકલ્પ થયો તો વિશેષ (નિર્જરા થઈ). આ વ્રત છે ને આ વિશેષ છે એ બધું તો છૂટી ગયું. તો નિર્જરા વિશેષ થઈ ગઈ, શુદ્ધિની વૃદ્ધિ થઈ, શુદ્ધિની વૃદ્ધિ થઈ. સમજાય છે કાંઈ?

એનો વિશદાર્થ છે. થોડું કહ્યું ને? અર્થ લીધો, એનો વિશદ અર્થ છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૪૯૨, જેઠ સુદ ૯, શનિવાર**
**તા. ૨૮-૦૫-૧૯૬૬**
**ગાથા-૪૪, ૪૫ પ્રવચન નં. ૪૯**

'પૂજ્યપાદસ્વામી'એ બનાવેલ 'ઇષ્ટોપદેશ' છે. એની ૪૪ ગાથા ચાલે છે, જુઓ! ઇષ્ટ ઉપદેશ-પોતાનું હિત શેનાથી થાય એનો અહીંયા ઉપદેશ ચાલે છે. ધર્મીજીવ એને કહીએ કે સામાન્ય ચૈતન્યસ્વરૂપ પોતાનું જે ત્રિકાળી ધ્રુવ સ્વરૂપ છે એમાં દૃષ્ટિ કરીને સ્થિર થાય છે એને ધર્મી કહે છે. સમજાય છે કાંઈ? પંડિતજીને આવવા દ્યો. શું કહ્યું સમજાણું? ધર્મ કરનારનો ભાવ પોતાના ધ્રુવ સ્વભાવ ઉપર ઝુકે છે. સમજાય છે કાંઈ? આમાં શબ્દમાં શું સમજાય? ક્યાં ગયા? 'મગનભાઈ' અહીં નથી? અહીં સ્થાન હતું ને. સમજાય છે કાંઈ? એ તો તમારા ભત્રીજા ઉપર લક્ષ ગયું હતું. એને સમજાય છે કે નહિ?

**'સ્વાત્મતત્ત્વમેં...'** એવો પહેલો શબ્દ પડ્યો છે. જુઓ! સ્વ આત્મતત્ત્વ. સ્વ-પોતાનો આત્મભાવ. જ્ઞાયક પરમ શુદ્ધ આનંદ ધ્રુવ સ્વભાવ. એને અહીંયા સ્વ આત્મતત્ત્વ કહે છે. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા સ્વ-પોતાનું આત્મતત્ત્વ, સ્વભાવતત્ત્વ, જાણન, દર્શન, આનંદ આદિ કાયમી અસલી એકરૂપ સ્વભાવને અહીંયા આત્મ, સ્વ આત્મતત્ત્વ કહે છે. શરીર, વાણી સ્વ આત્મતત્ત્વ નહિ. પુણ્ય-પાપના ભાવ પણ આત્મતત્ત્વ નહિ. અહીંયા તો વિશેષભાવ પણ આત્મતત્ત્વ નહિ એમ કહે છે. સમજાય છે કાંઈ? શું કહ્યું? આ શરીર, વાણી, મન તો આત્મા નથી. અંદર પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત આદિ વિકલ્પ ઉઠે છે એ પણ આત્મા નથી. એની વિશેષ અવસ્થા જે છે એ પણ પૂર્ણ આત્મા નહિ. માટે સ્વ આત્મતત્ત્વ એવો શબ્દ લીધો છે.

સ્વ-ભગવાન પોતાનું અસલી સ્વરૂપ ત્રિકાળી જ્ઞાયકભાવ અથવા પરમપારિણામિક સ્વભાવ સ્વતઃ સ્વભાવભાવ, એ સ્વ આત્મતત્ત્વ છે. આહાહા..! એમાં **'સ્થિર હુઆ...'** ધર્મી એમાં દૃષ્ટિ લગાવીને **'સ્થિર હુઆ યોગી...'** યોગી નામ ધર્મી. આહાહા..! આ ઇષ્ટોપદેશ છે. પોતાનું હિત સ્વ આત્મતત્ત્વ જ્ઞાયક પૂર્ણ અભેદ છે એક સ્વરૂપ છે એની ઉપર દૃષ્ટિ લગાવવાથી અને એમાં સ્થિર થવાથી પોતાનું શુદ્ધતાનું હિત, પ્રયોજન સધાય છે. પોતાનું પ્રયોજન આનંદની પ્રાપ્તિ, એ પ્રયોજન, સ્વ આત્મતત્ત્વ જ્ઞાયકભાવ પૂર્ણ ધ્રુવ સ્વરૂપમાં દૃષ્ટિ લગાવી સ્થિર થાય છે તેને પોતાનું પ્રયોજન-આનંદની પ્રાપ્તિ-સિદ્ધ થાય છે. સમજાય છે કાંઈ? એનું નામ ઇષ્ટ ઉપદેશ. પોતાનું હિત એમાં સધાય છે.

**'જબ અધ્યાત્મસે ભિન્ન...'** ભગવાનઆત્મા એકરૂપ સ્વભાવી ભગવાન, ધ્રુવ સ્વરૂપ, અનંતગુણ હોવા છતાં એકસ્વરૂપ, એવા અધ્યાત્મ આત્માથી ભિન્ન. પહેલા કહ્યું હતું કે

**'સ્વાત્મતત્ત્વમેં સ્થિર હુઆ યોગી...'** હવે કહે છે **'અધ્યાત્મસે ભિન્ન...'** પોતાનો સ્વ આત્મા જ્ઞાયક સ્વભાવ શુદ્ધ આનંદથી ભિન્ન **'દૂસરી જગહ પ્રવૃત્તિ નહીં કરતા,...'** બીજી જગ્યા પુણ્ય-પાપ વિકલ્પાદિમાં એની પ્રવૃત્તિ નથી હોતી. સમજાય છે કાંઈ? સ્વ આત્મતત્ત્વ ચિદાનંદ પ્રભુ, અનાકુળ આનંદભાવમાં દૃષ્ટિ કરીને સ્થિરતા કરનાર સ્વહિત સાધનાર, તેને પોતાના આત્મ સ્વભાવથી અન્ય પુણ્ય-પાપના શુભ આદિ પરિણામમાં પણ પ્રવૃત્તિ હોતી નથી. ભારે ઝીણું, ભાઈ! સમજાય છે કાંઈ? પહેલી વાર સાંભળનાર તો ભાગી જાય એવું છે. શું કહે છે? અમે જે વાત માનીએ એ બધી ચાલી જાય છે.

અહીં તો કહે છે, જુઓ! **'તબ ઉસ આત્માસે ભિન્ન...'** જ્યારે પોતાનો સ્વભાવ શુદ્ધ ધ્રુવ અભેદ એકમાં પ્રવૃત્તિ થવાથી, એમાં દૃષ્ટિપૂર્વક સ્થિરતા થવાથી, પોતાના આત્મા સિવાય શુભાશુભ પરિણામમાં પણ જેની પ્રવૃત્તિ નથી. **'તબ ઉસ આત્માસે ભિન્ન શરીરાદિકે સૌન્દર્ય અસૌન્દર્ય આદિ વિશેષોંસે અનભિજ્ઞ હો જાતા હૈ.'** શરીરની અવસ્થા કેવી છે? મનોજ્ઞ છે કે અમનોજ્ઞ છે? બહારમાં મારી પ્રતિષ્ઠા વિશેષ છે કે અપ્રતિષ્ઠા છે? એ બધા વિશેષોથી અનભિજ્ઞ થઈ જાય છે. સમજાય છે કાંઈ? હું આત્મા મારા શુદ્ધ સ્વભાવ તરફના ઝુકાવથી, જેનો ઝુકાવ અધ્યાત્મ નામ આત્મ સ્વભાવથી બાહ્ય વસ્તુઓ ઉપર ઝુકાવ નથી તો આત્મા સિવાય જે શરીરાદિ બાહ્ય પદાર્થ છે એની વિશેષતાનું એ જ્ઞાન કરતો નથી. વિશેષતાથી અનભિજ્ઞ છે. આહાહા..! શરીરમાં કેમ થાય છે? શરીર કેમ રહે છે? ઠીક રહે છે કે નહિ? એવું કાંઈક લાગે છે કે નહિ? હાડકામાં આમ થઈ ગયું. એ બધી શરીરની અવસ્થાથી અનભિજ્ઞ થઈ જાય છે.

મુમુક્ષુ :– બેખબર થઈ જાય છે.

ઉત્તર :– હા, બેખબર થઈ જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'ઔર જબ ઉનકી વિશેષતાઓંપર ખ્યાલ નહીં કરતા,...'** ખરેખર તો ભગવાનઆત્મા પોતાનું સામાન્ય એકરૂપ સ્વભાવ ઉપર ઝુકવાથી એની જે વિશેષતાઓ છે, પર્યાયની વિશેષતાઓ તરફ પણ એનો ઝુકાવ નથી. પોતાની વિશેષ દશા તરફ પણ એનો ઝુકાવ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! ભારે ઝીણી વાત, ભાઈ! લોકોએ સાંભળી ન હોય તો એમ લાગે, આ તે શું હશે? આવો વીતરાગનો માર્ગ હશે? 'ભગવાનજીભાઈ'! આ સામાયિક કરવી, પોષા કરવા, પડિકમણા કરવા, આ કર્યું ને આ કર્યું, ફલાણું ન ખાવું, લ્યો! એમાં કોઈ રાગ મંદ થઈ જાય તો મિથ્યાદૃષ્ટિ સહિત પુણ્યબંધ થઈ જાય, મિથ્યાદૃષ્ટિથી આત્મા બંધાય જાય. એમાં આત્માની ખીલવટ અને આત્મા ખુલે છે એમ થતું નથી. સમજાય છે કાંઈ?

કહે છે કે ભગવાનઆત્મા, સમજાય છે કાંઈ? પોતાનો શુદ્ધભાવ સ્વભાવ તરફ ઝુકવાથી, આ શરીર આદિ તો પર છે, વાણી પર છે, કર્મ પર છે. ખરેખર તો પુણ્ય-પાપનો રાગ ઉઠે છે એ પણ પર છે. અને પોતાની વર્તમાન વિશેષ અવસ્થા છે એ અવસ્થા તો સામાન્ય

તરફ ઢળે છે. સમજાય છે કાંઈ? પોતાનો ઝુકાવ સામાન્ય તરફ છે. પોતાનો ઝુકાવ પર તરફ તો નથી પણ પોતાની વિશેષતાઓ તરફ પણ ઝુકાવ નથી. 'રતિભાઈ'! ભારે વાત, ભાઈ! આવો મોંઘો ધર્મ? માણસ કહે છે કે આવું? પણ પ્રભુ! તારી વસ્તુ તો સત્ ને સહજ ને સરળ છે. પણ વાત એ છે કે એણે શ્રદ્ધામાં મોંઘી કરી નાખી છે. સમજાય છે કાંઈ? આવી વસ્તુ શું છે? એમ કેમ પ્રાપ્ત થાય? એમ કેમ થાય? એમ એણે પ્રયત્નમાં ડખલ કરી નાખી છે.

મહાન પદાર્થ મોજૂદ આનંદકંદ સત્ સચ્ચિદાનંદ પ્રભુને દૃષ્ટિમાં સમીપ લાવવો જોઈએ. એ સિવાય દૃષ્ટિમાં રાગ, પુણ્યને બાહ્ય પદાર્થને સમીપ લીધા એ તો એની દૃષ્ટિનો દોષ છે. સમજાય છે કાંઈ? જેની અંતર દૃષ્ટિમાં પૂર્ણાનંદ પ્રભુને સમીપ લાવવો જોઈએ અથવા એની સન્મુખ થવું જોઈએ, એ જ છે એમ દૃષ્ટિમાં આવવું જોઈએ એમ નહિ માનીને, દૃષ્ટિમાં રાગ, પુણ્ય, આ હું છું એમ એને સમીપ લાવીને એના અસ્તિત્વનો અનાદિથી સ્વીકાર કરે છે. કહો, 'ધીરૂભાઈ'! સમજાય છે કે નહિ આમાં? એ..ય..! જીતુ! છોકરાઓને સમજાય છે કે નહિ આમાં? આત્મા છે ને? આમાં આત્માની વાત છે. આમાં ક્યાં શરીર ધૂળની વાત છે?

ભગવાનઆત્મામાં બે અંશ-એક ત્રિકાળી સામાન્ય ધ્રુવ અંશ અને એક વર્તમાન વિશેષ અંશ. હવે કર્મ, શરીર તો ક્યાંય પરમાં રહ્યા અને પુણ્ય-પાપના વિકલ્પ પણ ખરેખર પર આસ્રવતત્ત્વમાં ગયા. પોતાના આત્મામાં બે અંશ-એક સામાન્ય ધ્રુવ કાયમ અને એક એની વર્તમાન વિશેષ દશા-અવસ્થા. જ્યારે પોતાનું કાર્ય સિદ્ધ કરવું છે, શાંતિ લાવવી છે, આનંદ લાવવો છે અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રાપ્ત કરવા છે તો એ આનંદની જ પ્રાપ્તિ છે. એને વર્તમાન અવસ્થા જે રાગ ઉપર, પર ઉપર જે લક્ષગત છે, એનું જ અસ્તિત્વ સ્વીકારે છે, એ તો દુઃખરૂપ છે. એ તો મિથ્યાદૃષ્ટિપણું છે. એમાં આખો ભગવાનઆત્મા એક સમયમાં સ્વઆત્મ પૂર્ણાનંદ પ્રભુ દૃષ્ટિમાં ઓઝલ થઈ જાય છે. રાગ, પુણ્ય અને પરને સ્વીકારવાથી પોતાનો આખો આત્મા ઢંકાઈ જાય છે, ઓઝલ થઈ જાય છે. અને જ્યારે પોતાનું શુદ્ધ સ્વરૂપ પરમાનંદની દૃષ્ટિ અને સ્થિરતા કરે છે તો પર વસ્તુ ઓઝલ થઈ જાય છે. વસ્તુનું વિશેષજ્ઞાન રહેતું નથી અને પોતાના વિશેષનું પણ જ્ઞાન નથી રહેતું. આહાહા..! પોતાનું વિશેષ સામાન્ય ઉપર રહ્યું. સામાન્યનું જ્ઞાન થયું એમાં ભલે વિશેષના જ્ઞાનનો પ્રકાશ થાય. આ વિશેષ છે એમ જ્ઞાન કરવાની જરૂર રહેતી નથી. કહો, સમજાય છે કાંઈ?

**'જબ ઉનકી વિશેષતાઓં પર ખ્યાલ નહીં કરતા,...'** ભગવાનઆત્મા પોતાનું ધ્રુવ સ્વરૂપ, કાયમી અસલી પરમાત્મ સ્વરૂપની એકાકાર દૃષ્ટિ કરવાથી, એને પોતાની વિશેષતાઓનો પણ ખ્યાલ નથી તો પર પદાર્થની વિશેષતાઓનો તો ખ્યાલ હોતો નથી. **'તબ ઉસમેં રાગ દ્વેષ પૈદા ન હોનેકે કારણ...'** પરની વિશેષતાઓ જોવાથી આ ઠીક, અઠીક છે એમ થતાં

મિથ્યાદૃષ્ટિપણે રાગ-દ્વેષ થતા હતા. સમજાય છે કાંઈ? અને પોતાની વિશેષતાઓ જોવાથી, પોતાની એક સમયની અવસ્થા જોવાથી એનો આશ્રય કરવાથી તો રાગ ઉત્પન્ન થતો હતો, રાગ ઉત્પન્ન થતો હતો, દ્વેષ ઉત્પન્ન થતો હતો. પોતાનો શુદ્ધ આત્મસ્વભાવ કાયમી ચૈતન્ય સ્વભાવ ઉપર લક્ષ કરવાથી, દૃષ્ટિ દેવાથી પરની વિશેષતા અને પોતાની વિશેષતામાં જે એકતાબુદ્ધિ, રાગ-દ્વેષ આદિ હતા એ રાગ-દ્વેષ ઉત્પન્ન થતા નથી. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ!

**'જબ ઉનકી વિશેષતાઓં પર ખ્યાલ નહીં...'** એનો અર્થ એ કે પરપદાર્થની વિશેષતાઓમાં આ ઠીક-અઠીક છે એનો ખ્યાલ નથી, તો પરપદાર્થના વિશેષમાં જે ઠીક-અઠીકથી રાગ-દ્વેષ ઉત્પન્ન થતા હતા, એ વિશેષતાનું લક્ષ નથી અને પોતાના સામાન્યનું લક્ષ છે તો પરની વિશેષતામાં જે રાગ-દ્વેષ થતા હતા એ થતા નથી. અને પોતાની વિશેષતાનો આશ્રય કરીને જે રાગ-દ્વેષ ઉત્પન્ન થતા હતા, કષાય ઉત્પન્ન થતા હતા એ જ સામાન્યનો આશ્રય કરવાથી પોતાના વિશેષનો આશ્રય છોડી દીધો તો એના જે રાગ-દ્વેષ ઉત્પન્ન થતા હતા એ થતા નથી. સમજાય છે કાંઈ? ભારે ભાઈ આ તો!

મુમુક્ષુ :– આ સમ્યગ્દર્શનનો વિષય.

ઉત્તર :– આ વિષય. સમ્યગ્દર્શનનો વિષય કહો, ચારિત્રનો વિષય કહો, જ્ઞાનનો વિષય કહો. દર્શન, જ્ઞાન ને ચારિત્રનો આશ્રય તો દ્રવ્ય છે. સમજાય છે કાંઈ? ત્રણનો આશ્રય તો દ્રવ્ય છે. તો ત્રણેએ જ્યાં દ્રવ્યનો આશ્રય લીધો તો વિશેષ અને પરનો આશ્રય રહ્યો નહિ.

મુમુક્ષુ :– તેના પછી શું કરે?

ઉત્તર :– કરે શું? નિર્જરા થઈ જાય છે. પછી કરવું શું? પછી કરવાનું ક્યાં રહે છે? ઠીક પૂછે છે કે પછી શું કરવું?

ભગવાનઆત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં પૂર્ણ શુદ્ધ બ્રહ્મ આનંદકંદ સામાન્ય છે. સામાન્ય એટલે સદૃશ એકરૂપની દૃષ્ટિ થઈ, એની ઉપર એકાકાર થયો તો એની દૃષ્ટિ સામાન્ય ઉપર રહી. તો વિશેષ ઉપર લક્ષ જઈને જે રાગ-દ્વેષ ઉત્પન્ન થતા હતા, એ સામાન્યના આશ્રયે રાગ-દ્વેષ ઉત્પન્ન ન થયા અને શાંતિની ઉત્પત્તિ થઈ. અકષાય ભાવ (ઉત્પન્ન થયો). એ કહે છે. વિશેષતાના લક્ષે ભ્રમસહિત જે રાગ-દ્વેષ ઉત્પન્ન થતા હતા એ પોતાના જ્ઞાયકતત્ત્વ ઉપર દૃષ્ટિ હોવાથી દૃષ્ટિપૂર્વક વીતરાગતાની વિશેષતાની વૃદ્ધિ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? આચાર્યે એવી શૈલીથી વાત મુકી છે ને! બહુ ટૂંકામાં.

મુમુક્ષુ :– બહુ સૂક્ષ્મ છે.

ઉત્તર :– સૂક્ષ્મ પણ યથાર્થ છે ને! એ જ છે ને! સૂક્ષ્મ કહો તો પણ એ જ છે ને! બીજી વસ્તુ જ ક્યાં છે? સમજાય છે કાંઈ? સૂક્ષ્મ છે એમ જાણનાર જાણે છે એને સૂક્ષ્મ ક્યાં

રહ્યું? સૂક્ષ્મ છે એમ જાણનારને સૂક્ષ્મ ક્યાં રહ્યું? સમજાય છે કાંઈ? એ તો પ્રગટ થયો.

જ્ઞાયક ચૈતન્યપ્રભુ જે દૃષ્ટિમાં નહોતો અને દૃષ્ટિમાં જે વર્તમાન અવસ્થા રાગ-દ્વેષ કે પરની અવસ્થા (હતી), એનું જે અસ્તિત્વ હતું એ દૃષ્ટિમાંથી ઉડી ગયું અને આત્મા પ્રત્યક્ષ થઈ ગયો. જ્ઞાયક ચિદાનંદ સ્વરૂપ એ મહાસત્તા સ્વરૂપે હું છું, એવી દૃષ્ટિ જામી ગઈ તો મહાસત્તા પ્રગટ દૃષ્ટિમાં આવી અને પોતાના જ્ઞાનમાં એ જ જ્ઞેય આવ્યું. સૂક્ષ્મ છે પણ બાકી ન રહ્યું. સમજાય છે કાંઈ? પંડિતજી! આહાહા..! જ્ઞાનમાં જ્ઞેય આવી ગયું પછી સૂક્ષ્મ ક્યાં રહ્યો? જ્ઞાનમાં જ્ઞેય આ આત્મા છે એમ ખ્યાલ આવી ગયો.

જેમ એક જ્ઞાનની પર્યાયમાં વર્તમાન પર્યાયનો, રાગ-દ્વેષનો અને વર્તમાન સંયોગનો ખ્યાલ હતો એ તો મિથ્યાદૃષ્ટિપણું હતું. ભગવાનઆત્મા ઓઝલમાં રહી ગયો હતો. ચિદાનંદ પ્રભુ આ વસ્તુ, આ વસ્તુ, આ વસ્તુ સામાન્ય તરફ જ્ઞાન ઝુકવાથી જ્ઞાનમાં સામાન્ય જ્ઞેય થઈ ગયું, કાંઈ બાકી ન રહ્યું. ન જણાય એવું બાકી ન રહ્યું. સમજાય છે કાંઈ?

અહીં તો એમ કહે છે કે **'જબ ઉનકી વિશેષતાઓંપર ખ્યાલ નહીં કરતા, તબ ઉનમેં રાગ દ્વેષ પૈદા ન હોનેકે કારણ કર્મોંકો બાંધતા નહીં હૈ,...'** આ તો એક નાસ્તિની વાત કરી. પહેલા વિશેષતાઓ ઉપર લક્ષ કરવાથી ઠીક-અઠીક બુદ્ધિ જે હતી એ ઠીક-અઠીક બુદ્ધિ ગઈ અને ઠીક-અઠીકપણાના રાગ-દ્વેષ પણ ગયા. પોતાના સામાન્ય સ્વભાવ ઉપર દૃષ્ટિ કરવાથી વિશેષતાઓના લક્ષે જે રાગ-દ્વેષ કરતો હતો એ રહ્યા નહિ. એને કારણે બંધ થતો હતો એ પણ રહ્યો નહિ. તો થયું શું? એ તો બંધ ન થયો, તો અસ્તિપણે થયું શું?

**'કિન્તુ વ્રતાદિકકા આચરણ કરનેવાલોંકી અપેક્ષા ભી કર્મોંસે જ્યાદા છૂટતા હૈ.'** જુઓ! શું કહે છે? મુનિ આદિ છઠ્ઠે ગુણસ્થાને કે પાંચમા ગુણસ્થાને બારવ્રત કે પંચમહાવ્રતના વિકલ્પ હતા, મુનિને વિકલ્પ (હતા), અંદર સામાન્યમાં જ્યાં સ્થિર થયા તો વ્રતના વિકલ્પના સ્થાને જેટલી નિર્જરા હતી એની કરતાં સ્થિર થયો ત્યારે વિશેષ નિર્જરા થઈ. વ્રતના વિકલ્પ છૂટી ગયા તો વિશેષતા નિર્જરાની થઈ ગઈ. સમજાય છે કાંઈ? ભારે ઝીણી (વાત). આ છેલ્લા શબ્દનો અર્થ પેલાએ બીજો કર્યો છે કે વ્રતાદિથી છૂટે છે. એમ નથી. અહીં તો વ્રતાદિથી છૂટવાથી નિર્જરા થાય છે, એમ અર્થ છે. સમજાય છે કાંઈ? શું કહે છે?

જ્યારે ધર્માત્મા પોતાના શુદ્ધ ધ્રુવ સ્વરૂપમાં લાગ્યા છે તો વ્રતાદિના વિકલ્પ જે પાંચમે અને છઠ્ઠે ગુણસ્થાને હતા, શુભરાગ હતો, એને છોડીને જ્યાં સ્વસન્મુખ થયો તો નિર્જરા વિશેષ વધી ગઈ. સામાન્યનો વિશેષ આશ્રય કરવાથી, છઠ્ઠે ગુણસ્થાને જે પંચમહાવ્રતના, બારવ્રતના વિકલ્પ હતા ત્યારે સામાન્યનો આશ્રય થોડો હતો અને વિકલ્પરહિત જ્યાં વિશેષ આશ્રય થયો, સ્વભાવનો વિશેષ આશ્રય થયો તો વિકલ્પ છૂટી ગયા અને અહીંયા વિશેષ દશા પ્રગટ થઈ ગઈ. વિશેષ શુદ્ધિની વૃદ્ધિ થઈ. સમજાય છે કાંઈ? ભારે વાતું, ભાઈ! આવો ધર્મ વીતરાગનો! ઝટ કંઈ પકડાય નહિ. 'અજીતપ્રસાદજી'! ભાઈ! ન પકડાય એવી વસ્તુ

નથી. એવો અભ્યાસ કર્યો નથી. એને એનું માહાત્મ્ય આવ્યું નહિ. માહાત્મ્ય ન આવ્યું, માહાત્મ્ય ન આવ્યું. સમજાય છે કાંઈ? અને એવું માની રાખ્યું છે ને કે આમ કરવાથી આમ થાય છે ને આમ થાય છે ને આ થાય છે, એમ માની રાખ્યું છે. વિશેષ લક્ષ બહાર છે એમાં કાંઈક ધર્મ થઈ જશે, એમ માની રાખ્યું છે. વિશેષથી કોઈ ધર્મ થતો નથી. વિશેષના આશ્રયથી અને વિશેષમાં ધર્મ થતો નથી. વિશેષમાં ધર્મ થાય છે પણ સામાન્યનો આશ્રય કરવાથી થાય છે. સમજાય છે કાંઈ?

વિશેષ દશામાં વિશેષનો આશ્રય કરવાથી ધર્મ થતો નથી. વિશેષ પોતાની પર્યાય–દશામાં આશ્રય કરવાથી ધર્મ થતો નથી. પુણ્ય-પાપના વિકલ્પનું લક્ષ કરવાથી અને આશ્રય કરવાથી ધર્મ થતો નથી. બાહ્ય સંયોગનું લક્ષ કરવાથી અને નિમિત્તનો આશ્રય કરવાથી ધર્મ થતો નથી. ભારે ઝીણું, ભાઈ! પણ ભગવાનઆત્મા એક સમયમાં ધ્રુવ સામાન્ય શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એનો આશ્રય લીધો વિશેષે, આશ્રય લીધો વિશેષે પણ વિશેષ સામાન્યમાં લીન થયું. તો વિશેષનું વિશેષમાં લક્ષ રહ્યું નહિ. સમજાય છે કાંઈ? હવે શું કહે છે આમાં? ‘વજુભાઈ’ સમજાય છે? આમાં કાંઈ સમજાય નહિ. માથાકૂટ (છે). ન્યાં નાતમાં બોલવું હોય ને ધડાકા, ભડાકા (કરવા હોય તો ખબર તો પડે). એ.. ‘ત્રિભુવનભાઈ’! પેલો માર્ગ લેવો હોય, ફલાણામાં, ઢીકણામાં, દીક્ષા લેતો હોય ત્યાં મિથ્યાત્વનું અનુમોદન કરવું હોય ત્યાં ઠીક પડે. ‘મલૂપચંદભાઈ’! ત્યાં સમજાય પણ ખરું કે અમે કાંઈક કરીએ છીએ, કામ કરીએ છીએ. સમજાય છે કાંઈ? આહાહા..!

આચાર્ય મહારાજ ઇષ્ટોપદેશ–હિતકારી વાક્ય કહે છે. વાચક હિતકારી છે તો વાચ્ય હિતકારી કઈ રીતે થાય છે? હિતકારી વાચ્ય–ભાવ. હિતકારી ભાવ તો ત્રિકાળી સ્વાત્મ જ્ઞાયકમૂર્તિના આશ્રયે હિતકારી ભાવ પ્રગટ થાય છે. પર્યાયના આશ્રયે, નિમિત્તના આશ્રયે, રાગના આશ્રયે પોતાનો હિતકારી ભાવ પ્રગટ થતો નથી. ભગવાન ‘પૂજ્યપાદસ્વામી’ આવો ઉપદેશ કરે છે. આહાહા..! દિગંબર સંતોનો બલિહારી છે ને! એવી વાત ટૂંકામાં એવી રીતે નાખે છે કે આખા બ્રહ્માંડને છોડીને અંદરમાં ઘુસી જા. સમજાય છે કાંઈ? તારા દેવ-ગુરુ અને શાસ્ત્રનું લક્ષ કરવાથી પણ રાગ થાય છે, કહે છે. સમજાય છે કાંઈ? પરદ્રવ્યનું લક્ષ કરવાથી રાગ થાય છે, એનો આશ્રય કરવાથી પણ રાગ થાય છે. રાગી છે. સ્વભાવના આશ્રયે નિર્જરાની વિશેષતા થાય છે. સમજાય છે કાંઈ? આહાહા..! નવા માણસને એવું લાગે શું છે આ? કઈ જાતનું આ કહે છે?

કહે છે, **‘વ્રતાદિકકા આચરણ..’** વ્રત, તપ. સમજાય છે કાંઈ? વ્રત ને તપનું આચરણ કરનારથી પણ વધારે લાભ થાય છે. કેમકે વ્રતના વિકલ્પ વખતે પોતાના સ્વ આત્માનો આશ્રય હતો પણ અલ્પ હતો અને વિકલ્પમાં પરાશ્રયનો જરી વિકલ્પ ઉઠતો હતો, એટલું પુણ્યબંધ હતું, એને છોડીને સ્વાત્મામાં વિશેષ આશ્રય લીધો તો વિશેષ વિકલ્પ છૂટી ગયા

અને વિશેષ નિર્જરા થઈ ગઈ. સમજાય છે કાંઈ? આહાહા..! આસ્રવ રોકાઈ ગયો, આસ્રવને કારણે બંધ હતો તે રોકાઈ ગયો, અને સ્વાત્માના આશ્રયે વિશેષનું લક્ષ ન રહ્યું તો વિશેષતા વધી ગઈ. પોતાના વિશેષનો અને પરના વિશેષનો આશ્રય ન રહ્યો અને સ્વઆત્માનો વિશેષ આશ્રય રહ્યો તો પર્યાયમાં વિશેષતા-નિર્જરાની શુદ્ધિ વધી ગઈ. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? જુવાનોને આ સમજાય છે કે નહિ? આ બધાને ભવિષ્યમાં તૈયાર થવું પડશે. અત્યારે બહુ ગોટા ચાલે છે. આહાહા..! ભારે વાત પણ! કહો, એ ૪૪ ગાથા (પૂરી) થઈ.

**दोहा - वस्तु विशेष विकल्प को, नहि करता मतिमान।**
**स्वात्मनिष्ठता से छुटत, नहि बँधता गुणवान।।४४।।**

શ્લોકના શબ્દ હિન્દીમાં છે. **'વસ્તુ વિશેષ વિકલ્પ કો,...'** ભગવાનઆત્મા અભેદ શુદ્ધ ધ્રુવ સ્વરૂપનું લક્ષ કરવાથી વિશેષના વિકલ્પના ભેદનું લક્ષ નથી કરતો. પરનું લક્ષ તો કરતો નથી પણ પોતામાં પર્યાયભેદનું પણ લક્ષ જેને રહેતું નથી. સમજાય છે કાંઈ? અભેદ ભગવાનઆત્મા, એનું અંતર લક્ષ કરવાથી જે હિત સિદ્ધ થાય છે તો વિશેષનું લક્ષ રહેતું નથી. **'નહિ કરતા મતિમાન.'** એને મતિમાન કહે છે, જુઓ! બુદ્ધિમતા, બુદ્ધિમતા એને કહે છે કે જે વિશેષનો આશ્રય, લક્ષ છોડીને સામાન્યના આશ્રયમાં પડ્યો છે, વિશેષનો ભેદ નથી કરતો અને સામાન્ય ધ્રુવ તરફમાં લીન થાય છે એને બુદ્ધિમતા કહે છે. આહાહા..! ભલે ક્ષયોપશમ-જાણપણું ઓછુંવત્તું હોય... સમજાય છે? એની સાથે સંબંધ નથી. બુદ્ધિમતા એને કહે છે કે જ્યાં સામાન્યનું લક્ષ છોડી દેવું. સામાન્યથી રાગથી લાભ થાય છે એ વાત તો છે નહિ. સમજાય છે કાંઈ? દુનિયાને સમજાવીએ તો એમાંથી આપણને થોડો લાભ મળે.

મુમુક્ષુ :- કેટલો ટકા?

ઉત્તર :- થોડો મળતો હશે. દસમો ભાગ. આ ગરાસિયાઓ કહે છે. ગરાસિયા કહે છે કે જમીન કોઈ વેંચાય અને ધર્મ થાય એનો દસમો ભાગ મળે, એમ કહે છે. આ જમીન હોય ને? જમીન, એમાં કંઈક ધર્મ થતો હોય તો એનો દસમો ભાગ મળે. એક ફેરી કહેતા હતા. આ 'પ્રવચન મંડપ'નો શિલાન્યાસ જ્યારે થયો ત્યારે કહેતા હતા. અહીંયા દરબાર હતા, ગુજરી ગયા, 'તખુભાઈ' હતા, અહીંયા ધર્મ થશે એમાં અમને ગરાસિયાને દસમો ભાગ તો મળશે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આપવા વખતે એટલે? અહીંયા ધર્મ કરનાર હશે તો ઠીક છે, એટલો જો શુભ વિકલ્પ થયો એટલું શુભ થયું. એટલો કર્યો હોય તો. બાકી લોભ (હોય) કે આ પૈસાનું આમ થાશે ને આનું આમ થાશે (તો અશુભ છે). અહીંયા ધર્મીજીવો ધર્મ કરશે, એ ઠીક છે, એવો જે શુભ વિકલ્પ થયો હોય તો પુણ્ય બંધાય. એ ન્યાં કરશે અને એને કારણે અહીં થાય એમ છે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

એમ અહીંયા ઉપદેશ દેનારનો જે વિકલ્પ છે એ તો પુણ્યબંધ છે. એમાં આત્માને લાભ ક્યાં છે? જુઓ! દુનિયા સમજે તો એની પર્યાયનો અહીંયા લાભ આવે છે, બિલકુલ નહિ, બિલકુલ નહિ. આહાહા..! કહે છે કે, બુદ્ધિમતા તો એને કહીએ, પોતાના શુદ્ધ ચિદાનંદમાં વિશેષનો વિકલ્પ નથી કરતો, વિશેષનો વિકલ્પ નથી કરતો, વિકલ્પ કરીને સમજાવે છે અને એનાથી આત્માને લાભ છે એમ તો છે નહિ. એ.. 'ધન્નાલાલજી'!

મુમુક્ષુ :– પર્યાયનો લાભ થતો નથી?

ઉત્તર :– પર્યાયનો શું લાભ છે? પરની પર્યાય તો એની પાસે રહી. અહીંયા વિકલ્પ ઉઠાવ્યો તો વિકલ્પ તો રાગ છે. સ્વાત્મતત્ત્વમાં બુદ્ધિમતા જેટલી અંદર ઠરે છે એ જ વિશેષતા નિર્જરા થાય છે. એનું નામ લાભ છે. આહાહા..! લોકોને એમ કે આપણે દુનિયાને સમજાવીએ ને તો લાભ થાય, આપણને લાભ થાય. ઘણાને મળે તો આપણને લાભ થાય. ધૂળમાંય નથી. દૃષ્ટિ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :– પ્રભાવના થાય.

ઉત્તર :– કોણ પ્રભાવના? એ તો વિકલ્પ છે એને વ્યવહાર પ્રભાવના કહે છે. એ તો બંધનું કારણ છે. એમાં આત્માને શું લાભ થયો? આહાહા..!

મુમુક્ષુ :– શાસ્ત્રમાં પાદમૂળ..

ઉત્તર :– પાદમૂળનો અર્થ શું થયો? પાદમૂળનો અર્થ શું છે? વિકલ્પ છે. વિકલ્પથી આત્માને લાભ શું થયો? એના પાદમૂળ છે તો એને અહીંયા શું લાભ થયો? ભગવાનની સમીપમાં ક્ષાયિક સમકિત પામ્યો તો ભગવાનને શું લાભ થયો?

મુમુક્ષુ :– ભગવાનની સમીપતાથી પોતાને લાભ થયો ને?

ઉત્તર :– ભગવાનથી તો થયું જ નથી, પણ ભગવાનને શું લાભ થયો? અને અહીં ક્ષાયિક સમકિત થયું તો ભગવાનથી શું થયું? ક્ષાયિક સમકિત તો સ્વભાવની સમીપ ગયો ત્યારે ક્ષાયિક સમકિત થયું છે. એ.. પંડિતજી!

મુમુક્ષુ :– ભગવાનના પાદમૂળથી થાય તો બધાને થઈ જાય.

ઉત્તર :– બધાને થઈ જાય. એ તો પોતાની સમીપમાં સામાન્ય ઉપર એકાકાર થયો તો ક્ષાયિક સમકિત થઈ ગયું. પોતાને કારણે થયું છે.

મુમુક્ષુ :–

ઉત્તર :– નિમિત્ત એ તો કહેવામાં (આવે છે). બીજી એક વસ્તુ છે એ જાણવાની વસ્તુ છે. સમજાય છે કાંઈ? આહાહા..! લોકોને હજી કેટલાકને ભ્રમ છે, આપણે દુનિયાને સમજાવીએ એમાંથી લાભ મળશે. ધૂળમાંય લાભ નથી. તારી દૃષ્ટિ મિથ્યા છે. શ્રદ્ધામાં મિથ્યા ભ્રમ છે. સમજાય છે કાંઈ? થોડા નજીક આવો. અહીંયા જગ્યા છે. પાછળ તડકે બેઠા છે. કોઈ કહે, આવું કાઢ્યું ક્યાંથી? કાઢ્યું છે ક્યાં? છે. અરે..! ભગવાન! જુઓ તો ખરા!

ઓહોહો..! એના ખ્યાલમાં બેસી જાય એવી વાત છે. સમજાય છે કાંઈ? એનો આત્મા મધ્યસ્થતાથી કબુલ કરે એવી તો વાત છે. ભગવાન! તારી શુદ્ધતા ધ્રુવતામાં સમીપતાથી લાભ છે કે વિશેષતાની સમીપતામાં લાભ છે? કે વિકલ્પથી લાભ છે? કે બીજા સમજી જાય એનાથી તને લાભ છે? આહાહા..! કહો, 'મોહનભાઈ'! તો પછી કરાવે છે શું કરવા? એમ એક જણ કહેતો હતો. 'સોગનચંદજી' કહેતા હતા. તો મંદિર શું કરવા કરાવો છો? કોણ કરાવે છે? એ તો એ સમયે થાય છે અને કરાવનારનો શુભભાવ હોય તો નિમિત્ત કહેવામાં આવે છે. પણ એ શુભભાવથી થયું એમ નથી. અને શુભભાવ આવ્યા વિના રહેતો નથી. પણ છતાં એ શુભવિશેષથી આત્માને લાભ નથી. લાભ નથી પણ આવ્યા વિના રહેતો નથી. સમજાય છે કાંઈ? શુભરાગ આવ્યા વિના રહેતો નથી. શુભરાગથી જીવને શાંતિનો–ધર્મનો–લાભ નથી. છતાં આવ્યા વિના રહેતો નથી. એને જ વ્યવહાર કહે છે. આહા..! જેનાથી લાભ નથી એને વ્યવહાર કહે છે, જેનાથી લાભ થાય એને નિશ્ચય કહે છે. લાભ નથી તો શું કરવા કરો છો? પણ આવ્યા વિના રહે નહિ. પૂર્ણ વીતરાગ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી આવો શુભરાગ ભૂમિકાને યોગ્ય આવે છે. આવો પણ એનાથી લાભ નથી. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાય છે કાંઈ?

**'નહિ કરતા મતિમાન, સ્વાત્મનિષ્ઠતા સે છૂટત,...'** આ એક શબ્દ છે. ભગવાનઆત્મા સ્વઆત્મતત્ત્વમાં નિષ્ઠા, નિષ્ઠા–સ્થિરતા, એમાં એકાગ્રતાથી જ છૂટે છે. બસ! એક જ વાત. **'નહિ બંધતા ગુણવાન.'** ગુણવાનને બંધન થતું નથી. કહો, સમજાય છે કાંઈ? ક્યાં ગયા ભાઈ? 'અલવર'. જુવાન નથી આવ્યા? 'અલવર'ના આવ્યા છે ને? આમની સાથે છે ને? નથી. બહાર બેઠા છે. એ ૪૪ ગાથા (પૂરી) થઈ.

---

**और भी कहते हैं -**

**परः परस्ततो दुःखमात्मैवात्मा ततः सुखम्।**
**अत एव महात्मानस्तन्निमित्तं कृतोद्यमाः।।४५।।**

**अर्थ :-** दूसरा दूसरा ही है, इसलिये उससे दुःख होता है, और आत्मा आत्मा ही है, इसलिये उससे सुख होता है। इसीलिये महात्माओंने आत्माकेलिये ही उद्यम किया है।

**विशदार्थ :-** पर देहादिक अर्थ, पर ही है। किसी तरहसे भी उन्हें आत्मा या आत्माके सदृश नहीं बनाया जा सकता। जब कि ऐसा है तब उनसे (आत्मा या आत्माके मान लेनेसे) दुःख ही होगा। कारण कि दुःखके कारणोंकी प्रवृत्ति उन्हींके द्वारा हुआ करती है। तथा आत्मा आत्मा ही है, वह कभी देहादिकरूप नहीं बन सकता। जब

कि ऐसा है, तब उससे सुख ही होगा। कारण कि दुःखके कारणोंको वह अपनाता ही नहीं है। इसी लिये तीर्थंकर आदिक बड़े बड़े पुरुषोंने आत्माके स्वरूपमें स्थिर होनेके लिये अनेक प्रकारके तपोंके अनुष्ठान करनेमें निद्रा आलस्यादि रहित अप्रमत्त हो उद्यम किया है।।४५।।

**दोहा - पर पर तातें दुःख हो, निज निज ही सुखदाय।**
**महापुरुष उद्यम किया, निज हितार्थ मन लाय।।४५।।**

---

**परः परस्ततो दुःखमात्मैवात्मा ततः सुखम्।**
**अत एव महात्मानस्तन्निमित्तं कृतोद्यमाः।।४५।।**

ઓહોહો..! જુઓ! ૪૫માં શું કહે છે? **'दूसरा दूसरा ही है,...'** આત્મા જ્ઞાનાનંદ શુદ્ધ ધ્રુવ સ્વરૂપ પરમાનંદમૂર્તિ છે એનાથી પુણ્ય-પાપના વિકલ્પ, શરીર, વાણી, કર્મ, સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ-ગુરુ-શાસ્ત્ર પર તે પર જ છે.

મુમુક્ષુ :- દેવ-ગુરુ પર?

ઉત્તર :– દેવ-ગુરુ-શાસ્ત્ર (પર છે). અહીં પુણ્ય પરિણામ પણ પર છે તો પર પરિણામનું નિમિત્ત પણ પર છે. **'दूसरा दूसरा ही है...'** દૂસરા એટલે પોતાનું ધ્રુવ સ્વરૂપ, એના સિવાય, બીજા પુણ્ય-પાપના શુભાશુભ ભાવ, શરીર, દેવ-ગુરુ-શાસ્ત્ર, પ્રતિમા, દેરાસર, સમ્મેદશીખર અને ભગવાનનું સમવસરણ. એ બધું પર. **'दूसरा दूसरा ही है, इसलिये उससे दुःख होता है,...'** બીજાને પોતામાં અપનાવવાથી દુઃખ થાય છે. પોતાના ધ્રુવ શુદ્ધસ્વભાવમાં, બીજા મારા છે એમ અપનાવવાથી (માનવાથી) દુઃખ થાય છે. કહો, સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– એનો અર્થ એવો છે.

ઉત્તર :– એવો અર્થ છે. તમારા મિત્રને પૂછો.

મુમુક્ષુ :– પૈસાથી દુઃખ થાય છે?

ઉત્તર :– પૈસાથી નહિ, અહીં તો દેવ-ગુરુ-શાસ્ત્રનું લક્ષ કરવાથી દુઃખ છે, પરદ્રવ્ય છે માટે. પૈસા–ધૂળ તો ક્યાંય રહી ગઈ. એ.. 'મલૂપચંદભાઈ'! આહાહા..! પોતાના આત્મા સિવાય જેટલા બીજા, બીજા અને પોતે. બે ભાગ છે. પોતાનો આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ, એ સિવાય બીજા પુણ્ય-પાપ, રાગ, સર્વ પદાર્થ, દેવ-ગુરુ-શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ-પરિવાર, સમ્મેદશીખર અને શેત્રુંજય. **'इसलिये उससे दुःख होता है,...'** કારણ કે બીજાને પોતાના માનવાથી દુઃખ જ થાય છે. કેમકે બીજા પદાર્થ પોતાના થતા નથી અને પોતાનું સ્વરૂપ પરરૂપે થતું નથી. પરરૂપ જે પરરૂપે છે એને પોતામાં અપનાવવાથી આ મારું છે, મને લાભદાયક છે, મારે આશ્રય કરવાલાયક છે, એમ બીજાને પોતાના માનવાથી દુઃખ જ થાય છે. સમજાય છે

કાંઈ? બીજી ભાષાએ કહીએ તો પોતા સિવાય બીજા પદાર્થને પોતાના માનવાથી મિથ્યાત્વની આકુળતા જ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ?

**'દૂસરા દૂસરા હી હૈ, ઇસલિયે ઉસસે દુઃખ હોતા હૈ,...'** કેમકે બીજો પોતાથી ભિન્ન એ ભિન્ન જ છે. એ પોતાને લાભ કરનાર છે, પોતાના છે, એવી માન્યતા દુઃખ ઉત્પન્ન કરનાર છે. એને બીજો દુઃખરૂપ છે એમ કહી દીધું. મિથ્યાત્વભાવ પરને પોતાના માને છે એ દુઃખરૂપ છે તો પરપદાર્થ પણ દુઃખરૂપ છે. નિમિત્તથી એ પરપદાર્થ દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ? આ ઇષ્ટ ઉપદેશ છે.

**'આત્મા આત્મા હી હૈ, ઇસલિયે ઉસસે સુખ હોતા હૈ.'** ભગવાનઆત્મા આનંદ અને જ્ઞાનમૂર્તિ પ્રભુઆત્મા, એને આત્મા કહે છે. એ આત્માને આત્માથી માન્યો તો સુખ થાય છે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે એ જ હું છું, એવી દૃષ્ટિ કરવાથી આત્મા આત્માનો થયો ત્યાં આનંદ થાય છે. સમજાય છે કાંઈ? દિગંબર આચાર્યનો નાનો ગ્રંથ... સમજાય છે કાંઈ?

**'દૂસરા દૂસરા હી હૈ, ઇસલિયે ઉસસે દુઃખ હોતા હૈ,...'** એક અને બે, બસ! એકડે એક ને બગડે બે. સમજાય છે કાંઈ? શું કહે છે તમારામાં? બગડે, બગડે. બગડે એટલે બગાડ થાય. સમજાય છે કાંઈ? પોતાનો ભગવાનઆત્મા, જ્ઞાયક ચિદાનંદ આનંદસ્વરૂપથી બીજી વસ્તુને પોતાની માનવાથી બગડે છે, મિથ્યાત્વનો લાભ થાય છે. સમજાય છે કાંઈ? કેમ પંડિતજી? એમાં થયું શું પણ? ભગવાનને પોતાના માનવામાં દુઃખ છે?

મુમુક્ષુ :- બગાડ છે.

ઉત્તર :- બગાડ છે?

મુમુક્ષુ :- એકત્વબુદ્ધિ..

ઉત્તર :- એકત્વબુદ્ધિમાં બીજાને પોતાનું માન્યું પણ એ બીજો તો પોતાનો છે નહિ અને એનાથી પોતામાં લાભ જ નથી. સાક્ષાત્ ભગવાન ત્રિલોકનાથ હો કે વાણી હો. વાણી પરમાં નથી આવતી? અરે..! સાંભળ્યું નથી. લોકોએ વીતરાગ માર્ગ સાંભળ્યો નથી. આહાહા..! અરે..! એ લોકો કહે છે કે દિવ્યધ્વનિથી લાભ થતો નથી. ભગવાન! દિવ્યધ્વનિ તો પરમાં ગઈ. સમજાય છે કાંઈ? એ પરના આશ્રયે તો દુઃખ જ થાય છે. આહાહા..! રાડ નાખે ને માણસ. કહો ભગવાન પાસે જઈને, 'પૂજ્યપાદસ્વામી'ને કહો કે આમ કેમ? એ.. 'વજુભાઈ'! આહાહા..! ભાઈ! આ તો ઠરવાની વસ્તુ છે. પ્રભુ! અંદર સમજીને સમાઈ જવાની વસ્તુ છે, કૂદકા મારવાની વસ્તુ નથી. આહાહા..!

કહે છે કે **'આત્મા આત્મા હી હૈ, ઇસલિયે ઉસસે સુખ હોતા હૈ.'** બે વાત કરી. ભગવાનઆત્મા જ એને કહે છે. પુણ્ય-પાપ તો આસ્રવ છે, શરીર આદિ અજીવ છે, પર તો પર જ છે. તો આસ્રવથી માંડીને પર પદાર્થને પોતાના જ્ઞાયક સ્વભાવમાં પોતાના માનવા એ મિથ્યાત્વનું દુઃખ છે. અને ભગવાનઆત્મા શુદ્ધ ધ્રુવ જ્ઞાયક હું છું, આત્માને આત્માનો

માનવો એમાં સુખની ઉત્પત્તિ છે. મોક્ષમાર્ગની ઉત્પત્તિ છે અર્થાત્ આનંદની ઉત્પત્તિ છે, એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**'ઇસીલિયે...'** આ કારણે. કારણ મુક્યું. આ કારણે, આ હેતુથી, આવી વસ્તુની સ્થિતિ હોવાથી. **'મહાત્માઓંને આત્માકે લિયે હી ઉદ્યમ કિયા હૈ.'** લ્યો! સંતોએ ધર્માત્માએ પોતાના આત્મા માટે અંતરમાં ઉદ્યમ કર્યો. અંતરમાં સમાવવાનો ઉદ્યમ કર્યો, બહાર આવવાનો ઉદ્યમ એમણે છોડી દીધો. આહાહા...! સમજાય છે કાંઈ? ભાઈ! તીર્થંકર ગોત્ર બાંધે તો કેવળી થઈ જાય. બહારના લક્ષે પુણ્યભાવથી તીર્થંકર ગોત્ર બાંધે છે. અહીં તો કહે છે એ પુણ્યભાવ દુઃખરૂપ છે. એ સમયે દુઃખરૂપ છે. જે દુઃખરૂપ છે એ સુખનું કારણ થશે? એમ લખ્યું છે, તીર્થંકર પ્રકૃતિ પરંપરા કેવળજ્ઞાનનું કારણ છે. ટીકામાં લખ્યું છે. લખ્યું છે, હવે સાંભળ તો ખરો. સમજાય છે કાંઈ? એ તો એવો ભાવ આવ્યો હતો, એ છે તો દુઃખરૂપ, પરાશ્રયભાવ. એ પરદ્રવ્ય છે. એને સમજીએ તો મને લાભ થાય એ દૃષ્ટિ તો મિથ્યાત્વ છે. પણ એવો ભાવ નથી છતાં જેટલો પરદ્રવ્યનો આશ્રયભાવ થયો એ દુઃખરૂપ છે. એ કારણે આત્માએ આત્માનો આશ્રય લીધો તો પોતાના શુદ્ધ આત્માને શુદ્ધ રાખ્યો, અંગીકાર કર્યો તો સુખ થાય છે. એને મોક્ષમાર્ગ થાય છે, પરને અપનાવે છે એને બંધમાર્ગ ઉત્પન્ન થાય છે, એમ કહે છે. સમજાય છે કાંઈ?

પોતાનો ભગવાન શુદ્ધ ચૈતન્ય આનંદને અપનાવવો–આ જ હું છું, આ રાગાદિ હું નથી, તો સુખ ઉત્પન્ન થાય છે, સુખની ઉત્પત્તિ થાય છે. અર્થાત્ સમ્યગ્દર્શન–સત્યદર્શન, સત્યજ્ઞાન, સત્યચારિત્ર ત્રણે શાંતિરૂપ છે એની ઉત્પત્તિ થાય છે અને પરવસ્તુથી મને લાભ છે, પર છે તો મને લાભ છે, એવી દૃષ્ટિથી મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો લાભ થાય છે, દુઃખનો લાભ થાય છે. આહાહા..! (લોકો) રાડ નાખે છે, પંડિતજી! ઘણા પંડિત કહે છે, અરે..! એકાંત થઈ જાય છે. અરે..! કાનજીસ્વામી... પણ કાનજીસ્વામીનું ક્યાં છે? આ તો ભગવાનનું છે.

મુમુક્ષુ :– પૂજ્યપાદઆચાર્ય કહે છે.

ઉત્તર :– આ ગાથા પોકાર છે. આ શું છે? વિશેષતાનો આશ્રય છોડી દીધો પછી સ્વ અને પર બેનો ભેદ પાડે છે. સમજાય છે કાંઈ? આહાહા..! જેને સ્વ આત્માનું હિત કરવું હોય એને આત્માના સ્વભાવ સિવાય, બીજા વિકલ્પથી માંડીને પરપદાર્થને પોતાના માનવા નહિ. અર્થાત્ એના લક્ષે, એના આશ્રયે મને લાભ થાય છે એ માન્યતા મિથ્યાત્વનું દુઃખ ઉત્પન્ન કરે છે. આહાહા..!

મુમુક્ષુ :– અજબગજબ છે.

ઉત્તર :– અજબગજબ છે? વીતરાગ માર્ગ છે ને? ભાઈ! આ તો વીતરાગ માર્ગ છે. આહાહા..! રાગનું ઉત્પન્ન થવું, વ્રતનો, ઉપદેશનો, બીજાનું હિત કેમ થાય, એવો વિકલ્પ

બંધનું કારણ છે, દુઃખનું કારણ છે, એ પોતાનું સ્વરૂપ નહિ.

ભગવાનઆત્મા 'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ, બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.' 'શ્રીમદ્દે' કહ્યું ને? 'શ્રીમદ્'માં 'આત્મસિદ્ધિ'માં આવે છે. 'આત્મસિદ્ધિ' એમણે બનાવી છે.

શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ.

સમજાય છે કાંઈ? એના અર્થ પણ સમજતા નથી. 'શ્રીમદ્' શું કહેવા માગે છે? એમને એમ પોતે પક્ષ બાંધી, વાડા બાંધીને પડ્યા. એ.. 'ન્યાલભાઈ'! 'ન્યાલભાઈ' તો બધું જોઈ આવ્યા છે ને! આ તો વીતરાગ માર્ગ છે, બાપા! અહીં કંઈ વાડા અને પક્ષની વાત નથી, કોઈ વ્યક્તિપૂજાની વાત નથી. આત્મા પોતાની પૂજા કરે ત્યારે દેવ-ગુરુ-શાસ્ત્રની પૂજાનો શુભભાવ યથાર્થ આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**વિશદાર્થ :– 'પર દેહાદિક અર્થ, પર હી હૈ.'** પર દેહાદિક અર્થ એટલે પદાર્થ. **'પર હી હૈ.'** પુણ્ય-પાપના ભાવ પણ પદાર્થ છે. શુભ-અશુભભાવ થાય છે ને? એ પણ પરપદાર્થ છે. દેહાદિમાં બધું લઈ લેવું. અહીં તો અશરીરી ભગવાન અને અહીં શરીર સાથે સંબંધ. અહીં એકલો અશરીરી આત્મા. **'દેહાદિક અર્થ...'** નામ દેહ, વાણી, પુણ્ય-પાપના ભાવ, દેવ-ગુરુ-શાસ્ત્ર, સમ્મેદશીખર અને શેત્રુંજય. સિદ્ધગિરી.. સિદ્ધગિરી. કેટલાક (કહે છે), સિદ્ધગિરીમાં મોક્ષ જાય. સિદ્ધગિરીમાં રહે... પેલા કાશીમાં જાય તો કરવત મુકાવે તો એકાવતારી થાય. વૈષ્ણવમાં (એમ માને છે). એમ અહીં સિદ્ધગિરીમાં જો મરણ થાય તો (મોક્ષમાં જાય). અહીં કહે છે, મૂઢ છે. સિદ્ધગિરી તો આ આત્મા છે. સમજાય છે કાંઈ? જેમાંથી સિદ્ધપર્યાય પ્રગટ થાય છે એવો ભગવાન સિદ્ધગિરી છે. એ સિદ્ધાલય છે. આત્મા સિદ્ધાલય છે, આત્મા પોતે છે. સમજાય છે કાંઈ? એની સમીપમાં જાય એને સિદ્ધિ થાય છે. એકલા સિદ્ધાલય.. હેઠે માથા ફોડે, ડુંગરમાં ઉપર ૯૯ વાર જાય ને આવે, હેઠે ઉતરે. ૯૯ વાર પૂર્વ-ઉત્તર એમ કહે છે. એ..ય...! આવે છે ને તમારે? 'પૂર્વ નવાણુ વાર ઋષભ જિન શેત્રુંજય ગયા હતા' તો આપણે ૯૯ જાત્રા કરીએ તો આપણું કલ્યાણ થઈ જાય. ૯૯ શું કરોડ ૯૯ કર તો એનાથી નિર્જરા અને ધર્મ નથી, લે. એ..ય...! તે દિ' એવું થયું હતું, હોં! તમારા પિતાજી આવ્યા હતા ને બરાબર એ વાત થઈ હતી. પહેલાવહેલા આવ્યા હતા. ભડક્યા એકદમ. હાય.. હાય..! ન્યાંથી આવ્યા ને વાત આ નીકળી.

પેલા શ્વેતાંબર કહે છે, કરોડ પૂર્વ. પૂર્વ આવે છે ને? એટલી વાર ત્યાં ઋષભદેવ ભગવાન શેત્રુંજય આવ્યા હતા. તેથી તે સિદ્ધગિરી છે. માટે એની સેવા કરે, ત્યાં જાય તો મુક્તિ થઈ જાય. આ લોકો કહે છે, સમ્મેદશીખરને 'એકવાર વંદે જો કોઈ' એમાં શું થયું પણ?

એકવાર પણ વંદે કોઈ, સિદ્ધ ભગવાન શુદ્ધ ધ્રુવ ચિદાનંદ પ્રભુ, એનો આશ્રય એકવાર

લે તો જન્મ-મરણનો નાશ થયા વિના રહે નહિ. આહાહા..! અહીંયા છે, સમ્મેદશીખર તો અહીં (અંદર) છે. આહાહા..! સમ્મેદશીખર. વીતરાગનું શીખર આ પરમાત્મા (છે).

કહે છે, **'દેહાદિક અર્થ, પર હી હૈ. કિસી તરહસે ભી ઉન્હેં આત્મા યા આત્માકે સદૃશ નહીં બનાયા જા સકતા.'** શું કહે છે? કોઈ રીતે પણ આત્માને પર વસ્તુરૂપે બનાવી શકાતો નથી. આત્મા કે આત્માને સદૃશ. પુણ્ય-પાપને આત્મા અને આત્માને સદૃશ પણ પુણ્ય-પાપને અને પર પદાર્થને બનાવી શકાતા નથી. આત્મા જ્ઞાયક ચૈતન્ય ભગવાન પ્રભુ, એ સિવાય પુણ્ય-પાપ, દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ બધા, એને આત્મા અને આત્મા સદૃશ બનાવી શકાતા નથી. આત્મા પોતાનું ભિન્ન તત્ત્વ છે. પરને આત્મા બનાવી શકાતા નથી અને આત્મા સદૃશ પણ બનાવી શકાતા નથી. એમ કહે છે. એની જેવો તો છે કે નહિ? નહિ. પર આત્મા જેવા છે જ નહિ. ભગવાન છે ને? તીર્થંકર છે ને? એ તો પોતાની જેવા છે કે નહિ? આ આત્મા જેવા એ છે કે નહિ? નહિ. આહાહા..! આચાર્ય દિગંબર સંતો આ વાત કરે, હોં! મારફાડ.. જગતમાં શું થાય છે? સમાજ સમતોલ રહે છે કે નહિ? સમાજ મારી વાત સાંભળીને વિષમતા ઉત્પન્ન કરશે કે નહિ? માર્ગ આવો છે. આગમના સત્ય રહસ્યનું ઉદ્‌ઘાટન આ છે. સમાજ સમભાવે રહો કે વિષમભાવ હો, એની સાથે સંબંધ નથી. સમજાય છે કાંઈ? પણ પાછું વચ્ચે આવ્યા વિના રહે નહિ, એ વ્યવહાર ન માને તો એ પણ મોહી મૂઢ છે. વ્યવહાર તરીકે વ્યવહાર માનવો એ બરાબર છે. આદર નહિ. સમજાય છે કાંઈ? પણ વ્યવહાર તરીકે વ્યવહાર છે. શુભરાગ છે, પૂજા છે, મૂર્તિ આદિ છે. વ્યવહાર તરીકે વ્યવહાર છે. છે તેને માનવો. છે એમ માનવું પણ આદરણીય માનવું નહિ. આહાહા..! ભારે વાત, ભાઈ!

**'દેહાદિક અર્થ, પર હી હૈ. કિસી તરહસે ભી...'** કોઈ રીતે પણ **'ઉન્હેં...'** નામ પુણ્ય-પાપ આદિ પરદ્રવ્યને **'આત્મા યા આત્માકે સદૃશ નહીં બનાયા જા સકતા.'** સિદ્ધને પણ આત્મા જેવા બનાવી શકાય કે નહિ?

મુમુક્ષુ :— સિદ્ધ પણ પર છે.

ઉત્તર :– પર છે? ઠીક છે, જૂના માણસ છે. વૈષ્ણવમાંથી આવ્યા છે. આ જૂના દિગંબરને (વાત) બેસતી નથી. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણાનંદ પ્રભુ, એવા આત્માને પરને પોતાના આત્મા જેવા કે આત્માપણે બનાવી શકાતા નથી. પર તો પરરૂપે રહે છે. 'જિનપ્રતિમા જિન સારખી' જિન સારખી એમ કહ્યું છે ને? પણ એ જિન સરખી બનાવી શકાતી નથી. વીતરાગપણે એ બનાવી શકાતી નથી, એમ કહે છે, ભાઈ! આહાહા..! 'જિન પ્રતિમા જિન સારખી' વીતરાગ જેવી બનાવી શકાય છે? વીતરાગભાવ જે પોતાનો સ્વભાવ છે એના જેવી એ બનાવી શકાય છે? કે એને આવી બનાવો. વીતરાગભાવ છે એવી બનાવો, પોતાનો સ્વભાવ જેવી બનાવો.

ક્યાંથી બને? આહાહા..!

**'પર દેહાદિક અર્થ, પર હી હૈ. કિસી તરહસે...'** કોઈ રીતે, કોઈ પણ પ્રયત્નથી, કોઈ પણ પ્રકારે, કોઈ પણ ઉદ્યમથી. **'ઉન્હેં આત્મા...'** પરને આત્મા **'યા આત્માકે સદૃશ નહીં બનાયા જા સકતા હૈ.'** ઓહો..! **'જબ કિ ઐસા હૈ તબ ઉનસે (આત્મા યા આત્માકે માન લેનેસે) દુઃખ હી હોગા.'** જુઓ! જ્યારે પરને પોતાનો આત્મા બનાવી શકાય નહિ, પરને પોતાના આત્માની જેવા બનાવી શકાતા નથી, તો પરથી દુઃખ જ થાય છે. આ છોકરાઓથી દુઃખ થતું હશે? 'મલૂપચંદભાઈ'! પૈસાથી, છોકરાઓથી, બાયડી, છોકરા, દેવ-ગુરુ-શાસ્ત્રથી અહીં તો દુઃખ છે એમ કહે છે. આહાહા..! ધૂળમાંય ત્યાં સુખ નથી. આહાહા..! પરપદાર્થને પોતાના અને પોતાના જેવા બનાવી શકાતા નથી તો પરના આશ્રયે તો દુઃખ જ થાય છે. આહાહા..! આકુળતા જ ઉત્પન્ન થાય છે, વિકલ્પ અને રાગ જ ઉત્પન્ન થાય છે. એ દુઃખરૂપ છે. ઓહોહો..!

'સમાધિશતક'માં કહ્યું છે, હોં! વૃક્ષને અગ્નિ લગાવવાથી ... થાય છે. એમ છે ને કાંઈક? સિદ્ધ જેવું ધ્યાન કરવાથી પણ એવો થાય છે. એક ગાથા છે. વૃક્ષમાં અગ્નિ લાગવાથી પોતાથી ઘર્ષણ કરી વૃક્ષ બળી જાય છે. અને સિદ્ધના દર્શન કરવાથી... પણ એનો અર્થ શું? એ વસ્તુ છે. સર્વજ્ઞ પરમાત્મા જેવી મારી વસ્તુ મારી પાસે છે, હું જ છું. એમ પોતાના સ્વરૂપને અપનાવવાથી પોતાને ધર્મ–શાંતિ થાય છે. પરને અપનાવવાથી એવું કદી થઈ શકતું નથી. સમજાય છે કાંઈ? એ તો દુઃખ જ થાય છે. હવે એનું કારણ બતાવે છે.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૪૯૨, જેઠ સુદ ૧૦, રવિવાર
## તા. ૨૯-૦૫-૧૯૬૬
## ગાથા–૪૫ પ્રવચન નં. ૫૦

'ઇષ્ટોપદેશ'ની ૪૫ મી ગાથા ચાલે છે. શું કહે છે? જુઓ! **'પર દેહાદિક અર્થ, પર હી હૈ.'** છે ૪૫ ગાથા? વિશદઅર્થ. આ આત્મા શુદ્ધ આનંદ જ્ઞાનઘન છે, તેનાથી જેટલા શુભ-અશુભરાગ, કર્મ, શરીર આદિ બધું પર છે. ઇ પર જ છે. **'કિસી તરહસે ભી ઉન્હેં આત્મા યા આત્માકે સદૃશ નહીં બનાયા જા સકતા.'** કોઈપણ પુરુષાર્થથી, પ્રયત્નથી એ રાગને, વિકલ્પને, શુભ આદિને અને શરીરાદિને પોતારૂપ બનાવી શકાતા નથી.

મુમુક્ષુ :– અનંતશક્તિ છે ને?

ઉત્તર :– અનંતશક્તિ કેવી? પોતાને સંભાળવામાં. અનંતશક્તિ પોતાની સન્મુખ થઈને

સ્થિર થવામાં અનંત શક્તિ છે. સમજાય છે કાંઈ? આત્માને સદ્દશ પણ બનાવી શકે નહિ. આત્મારૂપે તો બનાવી શકાય નહિ. શુભાશુભ રાગ, શરીર, કર્મ આદિ, દેવ-ગુરુ-શાસ્ત્ર કે બધા પરપદાર્થ, એ આત્માને સદ્દશ કે આત્મારૂપ, આત્મા પરને બનાવી શકે નહિ.

**'જબ કિ ઐસા હૈ તબ ઉનસે (આત્મા યા આત્માકે માન લેનેસે) દુઃખી હી હોગા.'** શું કહે છે? ભગવાનઆત્મા શુદ્ધ ચિદ્દઘન આનંદકંદ સ્વરૂપ છે, એ પરને પોતાના કરી શકતો નથી તો પરના લક્ષે અને પરના આશ્રયે જે રાગાદિ ઉત્પન્ન થાય છે એ દુઃખ જ છે. પોતાનો પદાર્થ શુદ્ધ ચૈતન્યનું, અંતર સ્વવિષય સામાન્યને લક્ષમાંથી છોડીને જેટલું પરપદાર્થ ઉપર આશ્રય કે લક્ષ જાય છે એ બધું દુઃખનું જ કારણ છે.

આ આત્મા અને પર, બે ચીજ અહીંયા કહે છે. આત્મા એક સમયમાં શુદ્ધ આનંદ અનાકુળ ચૈતન્યતત્ત્વ છે. સમજાય છે કાંઈ? થોડા નજીક આવજો, બહાર માણસ છે. આ આત્મા આનંદ અને જ્ઞાન સ્વભાવ સંપન્ન આત્મવસ્તુ છે. એ આત્મા પુણ્ય-પાપનો રાગ, શરીર, કર્મનો પોતાના બનાવી શકતો નથી. એ પરપદાર્થ જેટલા શરીર આદિ કે શુભ પરિણામ આદિ છે તેનો આશ્રય કરવાથી એમાં દુઃખ જ થાય.

મુમુક્ષુ :– સંવર, નિર્જરા થાય છે.

ઉત્તર :– સંવર, નિર્જરા કેવી રીતે? સંવર, નિર્જરા એ કહે છે કે, આત્મા સુખરૂપ છે તો આત્મા સુખનું કારણ છે. આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આનંદમૂર્તિ છે તો એ સુખનો જ વિષય અને સુખનું જ કારણ છે. એ સ્વ આશ્રય, શુદ્ધ ચૈતન્યમૂર્તિનો અંતર આશ્રય કરવો, સામાન્ય ઉપર લક્ષ કરીને વિશેષમાં શુદ્ધિ થવી એ જ પોતાનું હિત છે એ જ અહીંયા ઇષ્ટોપદેશમાં કહે છે. કહો, સમજાય છે કાંઈ? પોતાનું લક્ષ છોડીને જેટલો શુભ-અશુભ રાગમાં જાય છે એ પરપદાર્થ છે, એ દુઃખરૂપ છે. કહો, શેઠ! ઓહોહો..! **'દુઃખ હી હૈ.'**

**'કારણ કિ દુઃખકે કારણોંકી પ્રવૃત્તિ ઉન્હીંને કે દ્વારા હુઆ કરતી હૈ.'** ભગવાનઆત્મા એક સમયમાં શુદ્ધ ધ્રુવ છે. એનો આશ્રય, આત્માનો આશ્રય એ સુખરૂપ છે. એ સિવાય જેટલું પરપદાર્થ ઉપર લક્ષ જાય છે, આશ્રયથી કે લક્ષથી, જેટલા રાગાદિ ઉત્પન્ન થાય, સમજાય છે? એ બધો રાગ દુઃખની પ્રવૃત્તિનું કારણ હોવાથી દુઃખ જ છે. તેમના દ્વારા દુઃખ થાય છે. ઓહોહો..! સમજાય છે કાંઈ? ચૈતન્ય જ્ઞાયક શુદ્ધ સ્વરૂપ પોતાનું સામાન્યનું અંતર લક્ષ કરવાથી વિશેષ દશામાં આનંદનો વિષય થવાથી આનંદ ઉત્પન્ન થાય છે. એનું નામ સંવર અને નિર્જરા છે. અને પરલક્ષમાં જેટલા વિકલ્પ ઉત્પન્ન થાય છે, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો રાગ (થાય છે), અથવા ઉપદેશ દેવાનો રાગ (થાય) એ બધી દુઃખની પ્રવૃત્તિ છે. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા પોતાના શુદ્ધ સ્વરૂપના લક્ષે, ધ્યેયથી શુદ્ધિ કરે છે. એ સિવાય શુદ્ધિનો કોઈ ઉપાય નથી. બીજામાં ઉપાય માની લેવો કે હું દયા, દાન, વ્રત, ભક્તિ કરું છું તો

મને શુદ્ધિ થશે, એ મિથ્યાદૃષ્ટિની માન્યતા છે. સમજાય છે કાંઈ? અને હું બીજાને ઉપદેશ આપું છું તો મને જ્ઞાનની વૃદ્ધિ થશે, શુદ્ધિ વધી થશે, એવી માન્યતા મિથ્યાદૃષ્ટિની પ્રવૃત્તિ દુઃખનું કારણ છે. કહો, 'હરિભાઈ'!

મુમુક્ષુ :- .. ભણાવે છે.

ઉત્તર :- કોઈ ભણાવતું નથી. જે વિકલ્પ આવ્યો એ દુઃખરૂપ છે. પર પદાર્થનું કરી શકું એ માન્યતા તો મિથ્યાત્વ છે પણ પરપદાર્થમાં લક્ષ જાય છે, રાગ થાય છે કે હું ભણાવું એ રાગ પોતે દુઃખરૂપ છે. સમજાય છે કાંઈ?

**'કારણ કિ દુઃખકે કારણોંકી પ્રવૃત્તિ ઉન્હીંકે દ્વારા...'** પરદ્રવ્યના લક્ષે જે રાગ ઉત્પન્ન થયો એ દુઃખનું કારણ છે. સમજાય છે કાંઈ? આહાહા..! કેટલાક વ્યામોહમાં (માને છે કે) અમે દુનિયાને સમજાવી દઈએ અને દુનિયા ધર્મ પામી જાય તો મને લાભ થશે. એ મિથ્યાદૃષ્ટિનો વ્યામોહ છે. સમજાય છે કાંઈ? હું બીજાને સમજાવું તો મારી જ્ઞાનશક્તિ, શાંતિશક્તિ વધી જશે. બીજાને સમજાવતા, સમજાવતા મારી શુદ્ધિ વધી જશે, એ મિથ્યાદૃષ્ટિની માન્યતા છે. એવું છે નહિ. 'જુગરાજજી'! માર્ગ બહુ જુદો. આહાહા..! 'વલ્લભદાસભાઈ'! આહા..!

ભાઈ! તારી વસ્તુ પૂર્ણાનંદ પ્રભુ છે ને! એ તરફ સામાન્યનું લક્ષ કરીને જેટલી શુદ્ધિની વૃદ્ધિ થાય છે એ સ્વભાવના આશ્રયે થાય છે. સંવર, નિર્જરા મોક્ષનો માર્ગ એ મોક્ષસ્વરૂપ ભગવાનઆત્માના આશ્રયે મોક્ષનું કારણ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ? દુનિયાને હું સમજાવી દઉં, હું બહુ સમજાવી શકું અને એ લોકો બહુ જ્ઞાન પામે છે, હું પણ બહુ જ્ઞાનવાન છું તો લોકોને સમજાવું છું અને એનાથી મને લાભ છે. એ દૃષ્ટિ મિથ્યા છે, મિથ્યાદૃષ્ટિ છે. એ..ય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ શુદ્ધિની વૃદ્ધિ કરે? પોતાની શુદ્ધિની વૃદ્ધિ અંતરના આશ્રયે કરે એ શુદ્ધિની વૃદ્ધિ છે. ... વિકલ્પ પણ દુઃખનું કારણ છે. પંડિતજી! આહાહા..!

મુમુક્ષુ :-

ઉત્તર :- વાણી વાણીને કારણે નીકળે છે. પરનું તો કાંઈ કર્યું જ નથી. તીર્થંકર ગોત્ર બાંધવાનો વિકલ્પ આવ્યો એ પણ દુઃખરૂપ છે, એમ કહે છે. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાયું એ ભાવ દુઃખરૂપ છે. પરદ્રવ્યના આશ્રયે થયો છે, એટલું પોતાનું લક્ષ છૂટી ગયું છે. બંધ છે. અહીં તો દુઃખની વિશેષ વ્યાખ્યા છે. દુઃખ અને સુખની વ્યાખ્યા જ અહીંયા લીધી છે. સમજાય છે કાંઈ? અહીં તો રાગ ઉત્પન્ન થાય છે.. સમજાય છે? પરનું હિત કરવાનો, તો પરનું હિત તો કરી શકતો નથી પણ પોતામાં જે વિકલ્પ ઉઠે છે એ દુઃખરૂપ છે. આહાહા..! વીતરાગ માર્ગ. તે કાંઈ...

તારી શુદ્ધિ, સંવર, નિર્જરા થાય એ શુદ્ધ ભગવાનઆત્મા, પોતાનું આનંદ સ્વરૂપ છે

એનો અંતરમાં આશ્રય થયો, એકાકાર થયો એટલી જીવને શુદ્ધિનો લાભ છે. સમજાય છે કાંઈ? સમજાણું? ખતવણી કરી નાખે છે કે, એવી પ્રભાવના કરે છે, કેવો ભાવ છે, લોકોમાં કેવો લાભ થાય છે, એને પણ લાભ થાય છે. સમજાય છે કાંઈ? એવી વસ્તુ નથી. એ... 'વજુભાઈ'!

મુમુક્ષુ :– કોઈ કામ કરતું હોય તો એનો ઉત્સાહ ભાંગી જાય.

ઉત્તર :– ઉત્સાહ ભંગ થશે તો સ્વભાવ ઉપર દૃષ્ટિ જશે. એ.. 'મલૂપચંદભાઈ'! આ દલાલી કરે છે, હજી કામ કરવા છે એનો ઉત્સાહ ભંગ થઈ જશે. 'હોંશિડા મત હોંશ ન કીજે' એવી એક સજ્ઝાય આવે છે. એ ઘણા વર્ષ પહેલા સંસારમાં વાંચેલી. ચાર સજ્ઝાયમાળા આવે છે. ભાઈ! એ વિકલ્પ ઉઠાવવો (દુઃખરૂપ છે). સમજાય છે?

એક ને બે વાત છે. ભગવાનઆત્મા એકલો પોતાનો આનંદ અને શુદ્ધ સ્વરૂપ છે, એમાં અંતર એકાકાર થઈને જેટલી શુદ્ધિ પ્રગટ કરે છે એટલો પોતાને લાભ છે. અને જેટલા વિકલ્પ ઉઠાવે છે, ચાહે તો પ્રરૂપણાનો હો, શાસ્ત્રજ્ઞાનનો હોય, સમજાવવાનો હોય, સમજાય છે? બધા વિકલ્પ દુઃખરૂપ, દુઃખનું કારણ, સંયોગી ચીજ પ્રાપ્ત થવામાં નિમિત્ત છે. સ્વભાવની પ્રાપ્તિમાં એ કારણ નથી. આહાહા..! કહો, 'વલ્લભદાસભાઈ'! ભારે વાત, ભાઈ!

**'આત્મા આત્મા હી હૈ,...'** હવે પરદ્રવ્યની વાત (બંધ કરી). ભગવાનઆત્મા જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ સ્વરૂપનો પિંડ પ્રભુ છે, એ આત્મા આત્મા જ છે. એ આત્મા, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય છે એ ભાવરૂપ આત્મા કદી થતો જ નથી. સમજાય છે કાંઈ? આહાહા..! એક જીવને પણ ધર્મ પમાડે તો... 'શ્રીમદ્'માં આવે છે, તો તીર્થંકર ગોત્ર બાંધે. પેલો ખુશી થઈ જાય.

મુમુક્ષુ :– કોણ પમાડે?

ઉત્તર :– પમાડે નહિ, એને એમ કે આપણે બીજાને પમાડીએ તો આપણને તીર્થંકર ગોત્ર બંધાય. એ તીર્થંકર ગોત્ર બાંધે એમાં હોંશ છે એ દૃષ્ટિ મિથ્યાત્વ છે, એને તીર્થંકર ગોત્ર બંધાય જ નહિ. એ..ય..! 'ન્યાલભાઈ'! એમ કે આપણે બીજાને સમજાવીએ, બીજા સમજે તો આપણને ઘણો લાભ થાય. દૃષ્ટિ તારી મિથ્યાત્વ છે. સમજાય છે કાંઈ? બોલવાની શક્તિ પણ ન હોય, વિકલ્પ પણ ન હોય અને સ્વરૂપ તરફની એકાગ્રતા હોય એ જ શુદ્ધિનું કારણ છે. વાણી હો, ન હો, વિકલ્પ હો ન હો, એની સાથે સંબંધ નથી. પોતાનો શુદ્ધ ભગવાન પરમાનંદમૂર્તિના અંતર લક્ષમાં સામાન્યનું, અભેદનું, એકરૂપનું જેટલું લક્ષ કર્યું, આશ્રય કર્યો, બસ! એટલી શુદ્ધિ ઉત્પન્ન થઈ, એ પોતાનો લાભ છે. સમજાય છે કાંઈ?

કહે છે, **'આત્મા આત્મા હી હૈ, વહ કભી દેહાદિરૂપ નહીં બન સકતા.'** ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપનો પિંડ કદી રાગરૂપ, શરીરરૂપ થતો જ નથી. પરરૂપ થતો નથી તો આત્મા દુઃખરૂપનું કારણ થતો જ નથી. સમજાય છે કાંઈ? જરી ઝીણું પડે પણ મૂળ વસ્તુ આ

છે. આ ઇષ્ટોપદેશ છે. સમજાય છે કાંઈ? લોકોની ગડબડ એવી થઈ જાય છે કે આપણે ભણી લો, શીખી લો, લોકોને શીખડાવી દેશું, આપણે સમજાવી દેશું, આપણને લાભ થશે, દૃષ્ટિ તારી મિથ્યાત્વમાં પડી છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ.. 'ચીમનભાઈ'! ભારે વાતું પણ ભાઈ!

આપણને એટલું વિશેષ જ્ઞાન થાય તો સમજાવી શકાય, લોકોને ઉત્તર દઈ શકાય, લાભ થાય. મૂઢ છો. એ તો પરાલંબી જ્ઞાનમાં લાભ માન્યો. તારી દૃષ્ટિ મિથ્યાત્વ થઈ ગઈ. આહાહા..! અને વિકલ્પ આવ્યો એમાં તેં લાભ માન્યો, અને કોઈ નિર્વિકલ્પ આત્માના ધ્યાનમાં સ્થિર છે એને લાભ નથી માનતો. (એમ કહે કે) એ તો એકલો ધ્યાન કરે છે. સમજાય છે કાંઈ? અંદરમાં કોઈને સમજાવે, બહાર પડે (તો લાભ થાય). એ..ય..! 'દાસ'! શું કહ્યું? 'દાસ'નો પ્રશ્ન આવ્યો. 'દાસ'ને ઘણા વર્ષ પહેલા એકે પૂછ્યું હતું કે પોતાને સમજે એમાં લાભ છે કે બીજાને સમજાવે એમાં લાભ છે? 'દાસ' ને પૂછ્યું હતું. 'દાસે' શું જવાબ આપ્યો, ખબર નથી. ઘણા વર્ષ પહેલાની વાત છે. ખબર છે? આને ખબર નથી. 'દિવાળીબાઈ'એ તમને પૂછ્યું હતું. હવે યાદ આવ્યું. કેટલા વર્ષ પહેલાની વાત છે. આ 'દિવાળીબાઈ', 'લીલી'ની ગોરાણી. એકવાર તમે કહ્યું એ મને યાદ છે. કેટલા વર્ષ પહેલા? એને પૂછ્યું હતું. પરિવર્તન પહેલાની વાત છે. ૩૧ વર્ષ પહેલાની વાત છે. સમજાય છે કાંઈ? આમ સમજણ (થઈ હોય) અને ઝપટ વ્યાખ્યાન આપે, લોકોને સમજાવે એને લાભ થાય. (અને આ તો) એકલા બેસી રહે.

મુમુક્ષુ :- પ્રભાવના છે ને.

ઉત્તર :- ધૂળમાં પ્રભાવના નથી. પ્રભાવના કોને કહેવી? પ્રભાવનાની વ્યાખ્યા શું? જેની શ્રદ્ધામાં શલ્ય પડ્યા છે એને સરખું ચાલતું નથી. ક્યાંથી સરખું ચાલે? 'ન્યાલભાઈ'! આહાહા..! 'શશીભાઈ'!

આ તો ઇષ્ટોપદેશ છે. 'પૂજ્યપાદસ્વામી' ફડાક દઈને કટકા બે (કરે છે). ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદ ભગવાન, એની અંતર દૃષ્ટિ, સામાન્ય અભેદની દૃષ્ટિ અને અભેદનું લક્ષ કરીને એકાગ્ર થયો એ જ તને લાભની વસ્તુ છે. કેમકે આત્મા દુઃખનું કારણ નથી, દુઃખનો વિષય નથી. સુખનું કારણ છે અને સુખનો વિષય છે. સમજાય છે કાંઈ? આહાહા..! પેલા તો હજી (એમ કહે છે), શુભજોગથી આમ થાય ને બીજાને આમ થાય. પોતે પણ જરી ભ્રમમાં પડી જાય. વ્યામોહમાં. પાંચ, પચાસ હજાર માણસ ભેગા થાય તો.. વાહ.. ઉપદેશ.. વાહ..! પોતે ભ્રમમાં પડી જાય કે કાંઈક લાગે છે મારામાં. બીજા કદર એટલે એને એમ લાગે કે મારામાં કાંઈક લાગે છે. મૂઢ થઈ ગયો છો, કહે છે. આહાહા..! 'બાબુભાઈ'! કેવું હશે આ? કાલે અજબગજબનું કહેતા હતા. આહાહા..!

ભાઈ! આ તો વીતરાગ પ્રભુનો માર્ગ છે. આત્મા વીતરાગ સ્વરૂપે બિરાજમાન છે. એનો આશ્રય કરવાથી જ અંતરમાં જેટલી શુદ્ધિ અંતરના આશ્રયે પ્રગટ કરે એ જીવને લાભ

છે. બાકી જેટલા વિકલ્પ આદિ ઉઠે છે એ દુઃખનું કારણ, દુઃખની પ્રવૃત્તિરૂપ છે. આત્માના લાભમાં બિલકુલ મદદ જરીયે નથી. આહાહા..! વીતરાગ માર્ગ...

મુમુક્ષુ :– આપના જેવા ગુરુ જ આવી વાત કરી શકે.

ઉત્તર :– આ જુઓને! આ 'પૂજ્યપાદસ્વામી' શું કહે છે? શું કહે છે? જુઓ!

**'परः परस्ततो दुःखमात्मैवात्मा ततः सुखम्।'** આ એક પદ મૂક્યું છે. જેટલો ભગવાન પોતાના શુદ્ધ સ્વરૂપનો આશ્રય, પ્રવૃત્તિ પોતાની છોડીને જેટલા વિકલ્પ ઉઠે છે, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપ અને બીજાને ઉપદેશ દેવાનો વિકલ્પ ઉઠે છે એમાં દુઃખ, દુઃખ અને દુઃખ છે. કહો, 'છગનભાઈ'! તમે તો ઘણા કાર્ય કરતા હતા. કેવા કહેવાય ઇ? કાર્યકર. કોંગ્રેસ કાર્યકર.

અહીં તો ભગવાન પરમાત્મા 'પૂજ્યપાદસ્વામી' દ્વારા ભગવાન કહે છે. ભાઈ! આત્મા તો સુખરૂપ છે ને, પ્રભુ! એ સુખરૂપનો અર્થ જે શુભરાગ કે શરીર, વાણી, મનથી રહિત જ આત્મા છે. આત્મા જ સુખરૂપ છે. આત્માનો જેટલો આશ્રય કર્યો, પરનો આશ્રય છૂટ્યો એટલી શુદ્ધિનો લાભ થયો. આત્મા સુખરૂપ છે એને વિષય બનાવ્યો તો આનંદનો લાભ છે. શુદ્ધિનો લાભ છે એનો અર્થ આનંદનો લાભ છે. અને જેટલો પરદ્રવ્યનો આશ્રય કરીને વિકલ્પ ઉઠ્યો એ દુઃખનું કારણ છે. આહાહા..! સમજાય છે કાંઈ?

'કુંદકુંદાચાર્યે' 'મોક્ષ અધિકાર'માં કહ્યું, 'सदव्वाद्दो सुग्गई, परदव्वादो दुग्गई' સ્વદ્રવ્યથી સુગતિ. ભગવાન ચૈતન્ય પ્રભુ, એક સમયમાં પૂર્ણ શુદ્ધ ધ્રુવ આનંદ છે, એનો જ આશ્રય કરવાથી સ્વદ્રવ્યથી સુગતિ થાય છે. સુગતિ નામ શુદ્ધ પરિણમન, શુદ્ધ પરિણમન. પોતાનું શુદ્ધ પરિણમન સ્વદ્રવ્યના આશ્રયે થાય છે. 'परदव्वादो दुग्गई' પરદ્રવ્ય સાક્ષાત્ ત્રિલોકનાથ તીર્થંકર બિરાજતા હોય એના ઉપર લક્ષ જાય છે, એ બધા વિકલ્પ દુઃખરૂપ છે. ઓહોહો..! ભગવાનની દિવ્યધ્વનિ સાંભળવામાં રાગ આવે છે એ પ્રવૃત્તિ દુઃખરૂપ છે, એમ કહે છે. એ.. 'શશીભાઈ'!

ભાઈ! આત્મા કોને કહેવો? પ્રભુ! આત્મા તો વિકલ્પથી રહિત નિર્વિકલ્પ ચિદાનંદ મૂર્તિ છે, એવા ભગવાનઆત્માને રાગાદિ ઉત્પન્ન થાય તો એ અનાત્મા છે અને અનાત્માથી આત્માને લાભ માને તો મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! એય..! 'મલૂપચંદભાઈ'! ન્યાયથી, ન્યાયથી સમજશે કે નહિ? ન્યાય–લોજીકથી. આ કાંઈ કચડી મચડીને વાત નથી. સમજાય છે કાંઈ? આ કહે છે, ઉત્સાહ ભંગ થશે. ઇ તો ઉત્સાહ ભંગ થઈને અંદર સમાશે તો લાભ થાશે. 'ન્યાલભાઈ'! આહાહા..!

ભગવાનઆત્મા શુદ્ધ ચિદ્‌ઘન પ્રભુનો આશ્રય કરવો એ એક જ લાભનું કારણ છે. અર્થાત્ સુખરૂપ દશા એનાથી જ ઉત્પન્ન થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પોતાના આશ્રયે ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :- બંધ તો દુઃખરૂપ જ છે.

ઉત્તર :- બંધ નહિ, ભાવ. ભાવ દુઃખરૂપ છે. આસ્રવ છે ને? સુખનો ઘાત છે. ભાઈ! આત્મદ્રવ્ય જ સુખનું કારણ છે. સમજાય છે કાંઈ? આહાહા..! લોકોને આ વાત રુચવી કઠણ પડે. 'ચીમનભાઈ'! ભાઈ!

મુમુક્ષુ :- પુણ્યને પણ પાપ સમાન માનવું.

ઉત્તર :- હા, એ દુઃખરૂપ છે. વિકલ્પ ઉત્પન્ન થાય છે એ દુઃખરૂપ છે, ભાઈ! એવા વ્યામોહમાં ન પડી જા કે અમારે બહુ ભણવું ને લોકોને સમજાવવા ને આવી સંસ્થા ચલાવવી, એ વ્યામોહ છે. આહા..! તારી દૃષ્ટિમાં વિપરીતતા છે. કહો, 'અજીતપ્રસાદજી'! ચારે કોર માંગણી આવે છે, કોઈ જાશે નહિ, કહે છે. એમ આ કહે છે. માંડ સરેડે ચડ્યું છે એમાં વચ્ચે નાખ્યું આ. એ સરેડે જ નથી. જેને સત્યનું શરણ નથી અને અસત્યના વિકલ્પથી લાભ માને છે એ સરેડે ચડ્યો જ નથી. સરેડે સમજ્યા? સીધા. એ સીધો રસ્તો જ નથી. સરેડે અમારી ગુજરાતી ભાષા છે. સરેડે એટલે સીધો. આહાહા..!

ભગવાનઆત્મા **'દેહાદિકરૂપ નહીં બન સકતા.'** જેમ પરને આત્મા બનાવી શકાય નહિ, આત્મા પરરૂપ થઈ શકે નહિ. ઓહોહો...!

મુમુક્ષુ :- જે જે રૂપે તે રૂપે જ રહેશે.

ઉત્તર :- એ રૂપ જ રહેશે. ભગવાનઆત્મા ચૈતન્યબિંબ છે, આનંદકંદ છે. એ પરને તો પોતાનું બનાવી શકે નહિ પણ આત્મા પર રાગરૂપ કદી બની શકે નહિ. સમજાય છે કાંઈ? જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય, આહારક શરીર બંધાય એ ભાવરૂપ આત્મા થઈ શકે નહિ, એમ કહે છે. આત્મા એ રૂપ થઈ શકે નહિ તો એનાથી આત્માને લાભ ક્યાંથી થાય? આહાહા..! ગજબ શૈલી!

મુમુક્ષુ :- કઠણ છે.

ઉત્તર :- કઠણ હો કે જે હોય, સત્ય આ છે. સત્ય આ જ છે. આહાહા..!

કહે છે, આત્મા **'કભી દેહાદિકરૂપ નહીં બન સકતા.'** ભગવાન! પહેલા એમ કહ્યું હતું આત્મા પરને પોતાના કરી શકે નહિ. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મામાં એવી તાકાત નથી કે રાગને, તીર્થંકર પ્રકૃતિના બંધને, શરીરને પોતાના બનાવી લે. પોતાના કરી શકે એવી આત્મામાં તાકાત નથી. અને આત્મા પરરૂપ થઈ જાય, રાગરૂપ થઈ જાય, પુણ્યરૂપ થઈ જાય, જે ભાવે તીર્થંકર પ્રકૃતિ બંધાય એ રૂપ થઈ જાય, આત્મા એ પરરૂપ થઈ જાય એમ આત્મામાં કદી બનતું નથી. આહાહા..! કહો, 'દાસ'! વેદ્ય-વેદકનો પ્રશ્ન તમે ત્યાં નહોતો કર્યો? 'ઉમરાળા' કર્યો હતો. અહીં આવવા પહેલા. ૩૧ વર્ષ. એ બધું યાદ છે. આણે ક્યાં ક્યાં મૂક્યું અને કેવી રીતે મૂકતા હતા. સમજાય છે કાંઈ? આહાહા..!

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ સંત મહંત પરમાત્મા, એનો પંથ.. અહો..! એનો પંથ

પ્રભુ આત્મા શુદ્ધ વીતરાગ અવિકારી સ્વભાવ સ્વરૂપ ભગવાન છે. એ ભગવાનઆત્મા જે ભાવે બંધ પડે એ ભાવરૂપ શું થઈ જાય છે? કે આત્માને લાભ થઈ જાય? એમ કહે છે. સમજાય છે કાંઈ? શું આત્મા એ રાગરૂપ, શુભરૂપ થઈ જાય છે કે આત્માને લાભ થઈ જાય? આહાહા..! વ્યામોહ તો ક્યાં સુધી ચાલ્યો ગયો! ઉપદેશકને પણ એમાં ભ્રમણા થઈ ગઈ. એ પણ ભ્રમમાં પડ્યો. જેમ બીજા કહે રાગને, પુણ્યને ધર્મ માનવો નહિ. આ કહે, એનાથી ધર્મ માનવો. પરથી લાભ માનવો. અને દાનના અધિકારમાં એમ આવે, લ્યો! બીજાને જ્ઞાનદાન આપે તો કેવળજ્ઞાન પામે એવું એમાં આવે, લ્યો! ત્યાં પેલાને ગલગલિયા થઈ જાય. અરે...! સાંભળને! 'પદ્મનંદિ પંચવિંશતિઃ'માં ચાર દાનનો અધિકાર ચાલે છે ને? ત્યાં એમ આવ્યું છે.

અહીં તો કહે છે, ભગવાન જ્ઞાનસ્વરૂપ પોતાના ચિદાનંદમાં એકાગ્ર થાય છે એ જ્ઞાનદાન છે. સમજાય છે કાંઈ? પોતાનો ચિદાનંદ પ્રભુ પોતામાં એકાકાર થઈને ધ્યાન કરે છે એમાં જે શુદ્ધિ પ્રગટ થઈ એ પોતાને દાન દીધું. એનાથી કેવળજ્ઞાન થશે. પરને દાન અને પરને સમજાવવાના વિકલ્પમાંથી કેવળજ્ઞાન થશે?

મુમુક્ષુ :–

ઉત્તર :– જેમ હોય એમ એને કરી નાખવી. આહાહા..! પેલા તો કહે છે, શુભજોગથી નિર્જરા થાય. શાસ્ત્રનો સ્વાધ્યાય કરે, બહુ વાંચે (તો નિર્જરા થાય). અરે..! ભગવાન! પરદ્રવ્ય ઉપર તો જેટલું લક્ષ જાય એટલું દુઃખરૂપ છે, ભાઈ! તને ખબર નથી, બાપુ! તો સમાવાનો વખત તને નહિ મળે. કારણ કે ન્યાં જ તારે રોકાવું છે અને એમાંથી તારે લાભ લેવો છે. એટલે અંતર સન્મુખ થવાનો પ્રસંગ નહિ મળે, નવરો નહિ થા, ભાઈ! આહાહા..! સમજાય છે કાંઈ?

**'દેહાદિકરૂપ નહીં બન સકતા.'** શું પણ કરે છે વાત? પહેલા તો એમ કહ્યું કે ભગવાન પ્રભુઆત્મા, આત્મા એને કહેવો કે શુદ્ધ આનંદઘન શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય સ્વભાવ. એની તાકાત નથી કે પરને પોતાની જેમ બનાવી દે અને આત્માની તાકાત નથી કે આત્મા પરરૂપ થઈ જાય. આહાહા..! સમજાય છે કાંઈ? અને પરરૂપ થયા વિના લાભ કઈ રીતે થશે? રાગરૂપ થઈ જાય છે? આત્મા તો આત્મારૂપ શુદ્ધ ચિદાનંદરૂપ રહે છે. સમજાય છે કાંઈ? ભગવાન જ્ઞાનાનંદ પ્રભુ, એ શુદ્ધ ચૈતન્યરૂપ રહે છે, એ રાગરૂપ નથી રહેતો, એ રાગરૂપ નથી થઈ જતો. પોતાનું શુદ્ધ સ્વરૂપ અંતરમાં સામાન્યમાં જેટલી એકાગ્રતા કરીને લીન થયો એ આત્માના આશ્રયે આત્મારૂપ થઈને લીન થયો છે તો એ પર્યાય પણ આત્મારૂપ છે. સમજાય છે કાંઈ? આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

**'જબ કિ ઐસા હૈ, તબ ઉસસે સુખ હી હોગા.'** શું કહે છે? ભગવાનઆત્મા શુદ્ધ બ્રહ્માનંદ મૂર્તિ એ રાગરૂપ નથી થતો. તો વીતરાગરૂપ રહેશે તો એના આશ્રયે સુખ જ

થશે. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા અકષાય શાંત સ્વરૂપે આત્મા રહે છે તો એ રાગરૂપ થતો નથી તો એ સુખી જ થશે, આત્માને આનંદ જ થશે. સમજાય છે કાંઈ? પરદ્રવ્યનો આશ્રય છૂટી ગયો, સ્વદ્રવ્યનો આશ્રય રહ્યો તો એ તો સુખરૂપ આત્મા છે. નિર્વિકારી પરમબ્રહ્મ વીતરાગ સ્વરૂપ આત્મા છે તો એનો આત્મા પરરૂપ થયો નહિ તો પોતારૂપ રહ્યો તો સુખી થયો. 'શશીભાઈ'! આહાહા..! સમજાય છે કાંઈ?

**'કારણ કિ દુઃખકે કારણોંકો વહ અપનાતા હી નહીં હૈ.'** ટીકામાં **'तस्याविषयत्वात्'** એનો વિષય જ નથી. દુઃખનો ભગવાન વિષય જ નથી. ઓહોહો..! જે કંઈ પુણ્ય-પાપ, શુભ-અશુભભાવ ઉઠે છે એ દુઃખરૂપ છે. એનો આત્મા વિષય જ નથી. અથવા એનો વિષય કરવાથી દુઃખ થાય એવો આત્મા જ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કેમ? 'પ્રવીણભાઈ'! 'હિંમતભાઈ' આવ્યા છે? નથી આવ્યા. એ..ય..! 'ધરમદાસભાઈ'! આ કેટલાક કહેતા હતા, આ 'ભાવનગર'વાળા આવે ત્યારે સારું આવે છે. રવિવારે. કેમ? 'હીરાલાલજી'! આહાહા..!

ભગવાન! તારામાં તો વિકલ્પ ઉઠે એ પણ દુઃખરૂપ છે. ચાહે તો ૧૪૮ પ્રકૃતિના બંધમાં જેટલા વિકલ્પ ઉઠે એ બધા દુઃખરૂપ છે. અને તારો આત્મા રાગરૂપ કદી થતો નથી તો દુઃખરૂપ આત્મા થતો નથી. સમજાય છે કાંઈ? ભગવાનઆત્મા અનાકુળ આનંદરૂપ છે, એની દૃષ્ટિ અને આશ્રય કરો, એમાં દુઃખ છે જ નહિ. આત્મા તો આનંદનું કારણ છે. આહા..! પરવસ્તુ દુઃખનું કારણ, ભગવાનઆત્મા સુખનું કારણ. સમજાય છે કાંઈ? એ વિષય જ નથી. અર્થાત્ ભગવાનઆત્મા પ્રભુ કોઈ દિ' પોતાનો શુદ્ધ સ્વભાવ છોડીને રાગરૂપ થતો જ નથી, દુઃખરૂપ થતો જ નથી, દુઃખનો વિષય જ નથી, દુઃખને અપનાવતો જ નથી, પરને એકરૂપ કરતો જ નથી. એવો ભગવાનઆત્મા શુદ્ધ સ્વરૂપમાં ઠરવા આવી વસ્તુ છે.

**'ઇસીલિયે તીર્થંકર આદિક બડે બડે પુરુષોંને આત્માકે સ્વરૂપમેં સ્થિર હોનેકે લિયે...'** લ્યો! મહા તીર્થંકર આદિ, ગણધરો, સંતોએ પોતાના સ્વરૂપમાં અંતર દૃષ્ટિ કરીને સમાવાનો પ્રયત્ન કર્યો. અંતરમાં સ્થિર થવાનો પ્રયત્ન કર્યો. આહાહા..! સમજાય છે કાંઈ? અમારું ગમે તે થાઓ પણ દુનિયાનું સુધરવું જોઈએ. એ વાત જ ખોટી છે. એ.. 'વલ્લભદાસભાઈ'! આવે છે ને? 'શ્રીમદ્'માં એક પત્ર આવે છે. 'હેમચંદ્રાચાર્ય' માટે. એમણે એમ કહ્યું કે અમારું ગમે તે થાઓ પણ સમાજનું જૈનપણું રહેવું જોઈએ. પણ એ વસ્તુ જ ખોટી છે. અહીં આવો માર્ગ છે. સમાજનું શું થાય છે અને સમાજ તરફનું લક્ષ છે એ બધું દુઃખરૂપ છે. મારું શું થાય છે? મારું તો શુદ્ધ તરફનો આશ્રય એ મારો છે. પરને આશ્રયે આત્માને લાભ થાય અને એ પરને પણ લાભ થાય એમ છે નહિ. કેમકે નિમિત્ત બનવાની પણ તાકાત પોતાનો શુદ્ધ સ્વભાવ પ્રગટ કર્યો હોય તો સામે શુદ્ધ સ્વભાવ પ્રગટ કરવામાં એ નિમિત્ત પડે છે. જ્યાં દૃષ્ટિ જ મિથ્યાત્વ છે ત્યાં પરમાં નિમિત્ત પણ પડતો નથી. સમજાય છે કાંઈ? શું કહ્યું ઇ વળી?

મુમુક્ષુ :– ફરી કહો.

ઉત્તર :– ફરીને કહો. 'જયંતિભાઈ' જરી આમ નજર કરે. જે કોઈ એમ માને કે અમારું જે થાવું હોય તે થાઓ, પણ સમાજનો લાભ થાઓ. એનો અર્થ શું? સમાજની પર્યાયનો લાભ તું કરી શકે છે? અમારું ગમે તે થાઓ એનો અર્થ શું? અમારો શુદ્ધ ચૈતન્ય છે એનો આશ્રય અમારે નથી કરવો. અમારે તો પરનું કરવું છે. એ તો રાગ છે. રાગમાં લાભ માન્યો તો મિથ્યાદષ્ટિ છે. પર જે શુદ્ધ પોતાની પર્યાયથી લાભ લે છે એમાં એ આત્મા નિમિત્ત પણ નથી થઈ શકતો. એ કરે છે એમાં નિમિત્ત, હોં! પોતે નિમિત્ત બને છે એમ નથી. સમજાય છે કાંઈ? જેની દૃષ્ટિમાં જ વિપરીતતા છે, પરદ્રવ્યના આશ્રયે મારું ગમે તે થાઓ, પરનું કલ્યાણ થાઓ, હું પરનું તો કરી દઉં અને થોડો પરને લાભ થઈ જાય. મારું થઈ જશે, મારી તાકાત છે. એ દૃષ્ટિ જ વિપરીત છે. સમજાય છે કાંઈ? 'વલ્લભદાસભાઈ'! આહાહા..! 'શશીભાઈ'! સમજાય છે? ઊંચી (વસ્તુ) છે હોં અંદર.

આત્મા એને કહીએ, એ તો એકલો શાંત વીતરાગરસનો (પિંડ છે). વિકલ્પ ઉઠે છે એના અભાવ સ્વભાવવાળો આત્મા છે. વિકલ્પ જે ઉઠે છે એના અભાવ સ્વભાવવાળો આત્મા છે. તો એ આત્માથી આત્માનો લાભ થાય. સમજાય છે કાંઈ? પણ એ આત્માથી પરનો લાભ થાય અને એ આત્માથી પરનો વિકલ્પ ઉઠે છે એનાથી આત્માને લાભ થાય એમ છે નહિ. અનાત્માથી આત્માનો લાભ થાય એમ છે નહિ. જે વિકલ્પ ઉઠે છે એ અનાત્મા છે. અનાત્મારૂપ આત્મા થતો નથી અને અનાત્માને આત્મા બનાવી શકતો નથી. અનાત્મા રાગ એને આત્મા બનાવી શકતો નથી અને આત્મા અનાત્મારૂપ થઈ શકતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :– ત્રણકાળમાં થઈ શકે નહિ.

ઉત્તર :– ત્રણકાળમાં ન થાય. પણ એમ બને કઈ રીતે? આહાહા..! સમજાય છે કાંઈ ? સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવે એક સમયમાં ત્રણકાળ ત્રણલોક જોયા, જાણ્યા એમની વાણીમાં આવ્યું, વાણીમાં આવ્યું એ જ મુનિઓએ અંતર્મુખ થઈને સમજી લીધું અને અંતર્મુખ પોતાથી સમજ્યા તો વાણીને નિમિત્ત કહેવામાં આવે છે. એ મુનિઓ અને સંતોની વાણીમાં એમ આવ્યું કે તારો સ્વ ચૈતન્ય ભગવાન અનાકુળ આનંદ સ્વરૂપ મટીને કદી રાગરૂપ, પરરૂપ થતો નથી. પરરૂપ થતો નથી તો પરથી તને દુઃખ જ થાય છે. આત્મા પરરૂપ થતો નથી તો પરથી તને દુઃખ જ થાય છે. અને પરવસ્તુને આત્મા બનાવી શકાય નહિ તો પર તને દુઃખરૂપ છે, આત્મા સુખરૂપ છે. સમજાય છે કાંઈ?

ફરીને, શુભરાગ જે થયો.. સમજાય છે કાંઈ? અરિહંત, સિદ્ધ.. એ આવે છે ને? તીર્થંકર ગોત્ર સોળ પ્રકારે બંધાય છે. સોળ પ્રકારે તીર્થંકર ગોત્ર બંધાય છે કે નહિ? શું કહ્યું? સોળ પ્રકાર નથી? ષોડશ કારણ ભાવના. અહીં તો કહે છે કે ષોડશ કારણ ભાવનારૂપ આત્મા

થતો નથી અને ષોડશકારણ ભાવનાને આત્મારૂપ આત્મા બનાવી શકે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? 'બાબુભાઈ'! આહાહા..!

ભાઈ! ભગવાન ચૈતન્ય જ્યોત પ્રભુ, આત્મા શાંતિનું દળ છે. એ શાંતિનું દળ ભગવાન, એ વિકલ્પને કેમ પોતાની જેવો બનાવી દે? અને ભગવાન શાંતરૂપ પ્રભુ આત્મા, એ રાગરૂપ કેમ થઈ જાય? પરને બનાવે કઈ રીતે અને પરરૂપ થઈ કેવી રીતે જાય? આહાહા..! સમજાય છે કાંઈ? ('અમૃતચંદ્રાચાર્યદેવ') કહે, ટીકા કરતાં કરતાં મારી શુદ્ધિ થઈ જશે. આવે છે કે નહિ? 'હિંમતભાઈ'એ અર્થ કર્યો છે. આહાહા..! ભગવાન! તારો સત્‌નો માર્ગ પરમેશ્વરે કહેલો અલૌકિક માર્ગ છે. એના ખ્યાલમાં પણ આવ્યો નથી. 'ઝાટકિયા'! શું છે આ?

મુમુક્ષુ :-

ઉત્તર :- કોણ બાંધે છે? કોણે બાંધ્યું છે? એમ કહે છે, કોણે બાંધ્યું છે? આત્માએ બાંધ્યું છે? આત્મા એ રૂપ થયો છે તો બાંધે? કહો! એ તો પરદ્રવ્ય છે. રાગ પણ પરદ્રવ્ય છે. આહાહા..! શું આત્મા પરદ્રવ્યરૂપ થઈ જાય છે? અને પરદ્રવ્યને આત્મા આત્મારૂપ કરી શકે છે? સમજાય છે કાંઈ? આહાહા..! પ્રભુ! તારો માર્ગ અંતરથી અલૌકિક માર્ગ છે.

ભગવાનઆત્મા સામાન્ય ચૈતન્યજ્યોત પ્રભુ, એનો આશ્રય કરવાથી આત્મારૂપ એ પર્યાય થાય છે તો એમાં ધર્મ અને આનંદ છે. આહાહા..! એ તો પહેલા આવી ગયું ને? પરના વિશેષનો આશ્રય છોડ્યો, પોતાના વિશેષનો આશ્રય છોડ્યો. પોતાના રાગનો તો ઠીક, પોતાની પર્યાય નિર્મળ છે એનો આશ્રય છોડ્યો. પરના વિશેષનો આશ્રય છોડ્યો, પોતાના વિશેષનો આશ્રય છોડ્યો. ભગવાન સામાન્ય જ્ઞાયક સ્વરૂપ તરફ પોતાની વિશેષ દશા એ તરફ ઢળી તો એ વિશેષનો આશ્રય છૂટવાથી આત્મામાં વિશેષતા ઉત્પન્ન થાય છે. વિશેષતા નામ સંવર અને નિર્જરા. સમજાય છે કાંઈ? એ.. 'ધીરુભાઈ'!

અહીં બીજી રીતે કહ્યું, ત્યાં વિશેષનું કહ્યું હતું. એ રાગાદિ પરદ્રવ્ય છે એ દુઃખરૂપ છે. ભગવાન એ દુઃખને આત્મારૂપ બનાવી શકતો નથી અને આત્મા આનંદ છે એ દુઃખરૂપ નથી થઈ શકતો. આહાહા..! સમજાય છે કાંઈ? આ કારણે સંતોએ એકાગ્ર થઈને પોતાનું સાધન કરી લીધું, એમ કહે છે. એ..ય...! આહાહા..! આ હેતુએ ભગવાનઆત્મા પોતાનું સ્વરૂપ છોડીને રાગને પોતાનો બનાવી શકતો નથી અને પોતાનું સ્વરૂપ રાગરૂપ થઈ જાય એમ થતું નથી. પોતામાં એકાગ્રતા થાય છે, સામાન્યનું લક્ષ કરવાથી જે વિશેષ ઉત્પન્ન થયું, એનાથી લાભ છે. એ કારણે સંતોએ પોતાના સામાન્યનો આશ્રય કરવાનો પ્રયત્ન કર્યો. આહાહા..! સમજાય છે કાંઈ? આ કારણે, આ હેતુએ સંતોએ, મુનિઓએ પોતાનું શુદ્ધ ધ્રુવ સ્વરૂપ ભગવાનઆત્મા, એમાં સ્થિર થવાનો પ્રયત્ન કર્યો. કહો, સમજાય છે કે નહિ? આ તમારી જોડે મહેમાન આવ્યા છે એને. એ..ય..! 'ઝાટકિયા' આ તો લોજીકથી વાત ચાલે છે, લોજીકથી-ન્યાયથી તો વાત આવે છે.

ભગવાનઆત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ અનાકુળ આનંદકંદ સ્વરૂપ છે એમાં જે વિકલ્પ ઉઠે છે એ તો વિકાર છે. શું વિકારને આત્મા બનાવી શકે છે? આત્મા શું વિકારરૂપ થઈ શકે છે? પરને કારણે દુઃખી છે અને પોતાને કારણે સુખ છે. સમજાય છે કાંઈ? આહાહા..! ભ્રમ પડી ગયો માણસને, ભ્રમ. ભાષણ કરે ને આમ આવડે ને લાખો માણસ.. આહાહા..! અને પેલા પણ સામું જોવે.. વાહ.. વાહ..! વાહ રે વાહ, જાણે બન્ને જણા તરી ગયા. એ.. 'વલ્લભદાસભાઈ'! લોકોને મન પણ થઈ જાય. એવી ભાષા હોય ને તો દસ દસ હજાર માણસ સાંભળે ને આમ નજર કરે. શું છે પણ તને? શેનો ભ્રમ તને ગરી ગયો, મિથ્યાશ્રદ્ધાનો? સમજાય છે કાંઈ? એમ થવાનો ભાવ, વાણીરૂપ થવાનો, એવો વિકલ્પ આવ્યો એ રૂપ થવાનો? શું છે તારે? તું નહિ થઈ શકે વિકલ્પરૂપ અને વાણીરૂપ, તને ભ્રમ ગરી જશે કે હું આવી ભાષા કરું ને મને આવો વિકલ્પ હોય તો હું આગળ વધ્યો એમ દેખાઉં. આગળ વધ્યો, ધૂળમાંય વધ્યો નથી. મિથ્યાત્વમાં ઊંડો ગયો છે. સમજાય છે કાંઈ?

ભગવાન તેથી કહે છે કે આ કારણે તીર્થંકર આદિ મહા સંતોએ પોતાના સ્વરૂપની સંભાળ કરીને એકાકાર થયા. આહાહા..! **'ઇસીલિયે તીર્થંકર આદિક બડે બડે...'** સંત, ચક્રવર્તી આદિ પોતાના આત્માના ધ્યાનમાં લીન થયા. બસ કાળ હો ન હો, અમારે કાંઈ કામ નથી. વ્યવહારું જ્ઞાન હો ન હો એની સાથે અમારે કારણ નથી. વ્યવહાર શ્રદ્ધામાં લોકોને લાભ થાય, એની સાથે મારે સંબંધ નથી. લાભ છે જ નહિ. વિકલ્પ વ્યવહાર છૂટી જાય છે એનાથી મને લાભ નથી. ઓહોહો..! સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, એનાથી મને લાભ નથી. પરદ્રવ્યરૂપ હું થતો નથી, એ તો દુઃખનું કારણ છે. ઓહોહો..! વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ દુઃખનું કારણ છે. વ્યવહાર રત્નત્રયને આત્મા પોતાસ્વરૂપે કરી શકે છે? વ્યવહાર રત્નત્રયને પોતાસ્વરૂપ કરી શકે છે? અને આત્મા વ્યવહાર રત્નત્રય રૂપ થઈ શકે છે? એમ કહે છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ.. 'પ્રવીણભાઈ'!

**'બડે બડે પુરુષોંને આત્માકે સ્વરૂપમેં સ્થિર હોનેકે લિયે અનેક પ્રકારકે તપોંકે અનુષ્ઠાન કરનેમેં...'** અનેક પ્રકારના તપ એટલે સ્વરૂપમાં સ્થિર થવા માટે અંતરમાં પ્રયત્ન કર્યો. સામાન્ય ઉપર લક્ષ કરવાનો પ્રયત્ન કર્યો. બસ! એ જ કરવાલાયક છે. સમજાય છે કાંઈ? એ.. 'દાસ'! શું છે આ? કોણ કરે? આત્મા વાણીમાં આવે છે? વાણી ન્યાં જાય છે? શું છે? આહાહા..!

મુમુક્ષુ :– તપ..

ઉત્તર :– તપ એટલે આ. ઇચ્છાનિરોધ રૂપી આનંદમાં લીન થયા એ તપ. કેમકે ઇચ્છા છે એ વિકલ્પ છે, દુઃખરૂપ છે. છોડ, એ મારું દ્રવ્ય નહિ, મારું દ્રવ્ય તો શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એમાં દૃષ્ટિ લગાવીને ધ્યાનમાં મસ્ત થયા. મોટા મોટા પુરુષોએ એ કર્યું. આહાહા..! સમજાય છે કાંઈ? મહાજન પુરુષોએ, મહાજન પુરુષોએ આ કર્યું. મહાજન.. મહાજન. મહાજન કીધું. સમજાય છે કાંઈ? મહાજન લોકોએ આ કર્યું. આહાહા..!

મુમુક્ષુ :- મહાજન એ મોટા પુરુષ?

ઉત્તર :- હા, મોટા પુરુષ થયા.

**'आत्माके स्वरूपमें स्थिर होनेके लिये...'** એક જ વાત, કઈ રીતે અંતરમાં લીન થાઉં, બસ એક જ વાત, એનાથી મને લાભ છે. બહાર નીકળવું કે વિકલ્પથી મને લાભ નથી. અંતરમાં જ્ઞાયકમૂર્તિમાં દૃષ્ટિ છે એમાં એકાકાર થવાનો પ્રયત્ન કર્યો એનાથી શુદ્ધિનો લાભ છે, સંવર-નિર્જરાનો એનાથી લાભ છે. વિકલ્પથી સંવર, નિર્જરાનો કોઈ લાભ નથી. વ્યવહાર રત્નત્રયથી આત્માને સંવર, નિર્જરાનો લાભ નથી. એમ કહે છે. રાડ નાખે હોં, માણસ. સાંભળી શકે નહિ. અરે...! સાંભળને! ભગવાનને છોડીને જેટલો રાગ આવ્યો એ ભગવાનરૂપ થઈ જાય છે? ભગવાનઆત્માની તાકાત છે કે રાગરૂપ થાય? અને રાગમાં તાકાત આત્માની છે કે રાગને આત્મા બનાવી દે? સમજાય છે કાંઈ? ભગવાન ભગવાન શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકજ્યોત રૂપે પિંડ પડ્યો છે. એ રાગરૂપ થતો નથી એમ જાણીને રાગથી લાભ નથી, એ દુઃખરૂપ છે એમ જાણીને ધર્માત્માએ પોતાના જ્ઞાયક સ્વરૂપમાં દૃષ્ટિ લગાવી સ્થિરતાનો પ્રયત્ન કર્યો. સમજાય છે કાંઈ?

**'निंद्रा आलस्यादि रहित अप्रमत्त हो उद्यम किया.'** જુઓ! પ્રમત્તપણાનો વિકલ્પ છોડીને અંતર ઉદ્યમ કર્યો. ઓહોહો..! નિદ્રા આળસ આદિ લીધું છે, સમજ્યા ને? કેમ? **'आत्मार्थं कृतोद्यमा विनिहिततपोनुष्ठानभियोगा संजाताः'** બસ, એટલું. અંદર એટલું છે. એટલે કે અહીંયા આળસ, નિંદ્રા આવી જાય એમ નહિ. કારણ કે પોતાનું કામ કરવું છે તો સ્વના આશ્રયે કામ કરવું છે. સ્વના આશ્રયમાં એટલા જાગૃત રહે છે કે જાગૃતિમાં આળસ કે નિંદ્રા આવતી નથી. પોતાના સ્વરૂપની જાગૃતિમાં પ્રયત્ન કરીને પોતાના આત્માને કેવળજ્ઞાન પમાડ્યું. બસ! સમજાય છે કાંઈ?

**दोहा - पर पर तातें दुःख हो, निज निज ही सुखदाय।**
**महापुरुष उद्यम किया, निज हितार्थ मन लाय।।४५।।**

**'પર પર તાતેં દુઃખ હો,...'** ભગવાનઆત્મા શુદ્ધ આનંદકંદ સિવાય ચાહે તો વિકલ્પ કોઈપણ પ્રકારનો હોય **'પર પર તાતેં દુઃખ હો, નિજ નિજ હી સુખદાય'** ભગવાન રાગરહિત પ્રભુઆત્મા, એની દૃષ્ટિ અને સ્થિરતા એ જ સુખને કરનાર આત્મા છે. **'મહાપુરુષ ઉદ્યમ કિયા, નિજ હિતાર્થ મન લાય.'** મનમાં નિજ હિતાર્થ. જુઓ! નિજ હિતાર્થ. પરનું હિત થાય ન થાય, એ વિકલ્પ તો દુઃખદાયક છે. તારે શું કામ છે? એ.. 'વલ્લભદાસભાઈ'! આહાહા..! **'મહાપુરુષ ઉદ્યમ કિયા, નિજ હિતાર્થ મન લાય.'** મનમાં એવો નિશ્ચય કર્યો અને પોતાના હિતમાં લાગી ગયા, પુરુષાર્થને (હિતમાં) લગાવી દીધો. એનું નામ પોતાનું કાર્ય કરીને કેવળજ્ઞાન સાધી લીધું. પોતાનું હિત આ ઇષ્ટોપદેશમાં કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૪૯૨, જેઠ સુદ ૧૧, સોમવાર**
**તા. ૩૦-૦૫-૧૯૬૬**
**ગાથા–૪૬ પ્રવચન નં. ૫૧**

**परद्रव्योंमें अनुराग करनेसे होनेवाले दोषको दिखाते हैं -**

**अविद्वान् पुद्गलद्रव्यं, योऽभिनन्दति तस्य तत्।**
**न जातु जन्तोः सामीप्यं, चतुर्गतिषु मुञ्चति।।४६।।**

**अर्थ :- जो हेयोपादेयके स्वरूपको न समझनेवाला, शरीरादिक पुद्गल द्रव्यको आप (आत्म) रूप तथा अपनेको (आत्माके) मानता है, उस जीवके साथ नरकादिक चार गतियोंमें वह पुद्गल अपना सम्बंध नहीं छोड़ता है, अर्थात् भव-भवमें वह पुद्गलद्रव्य जीवके साथ बँधा ही रहता है। उससे पिंड नहीं छूट पाता।।४६।।**

**दोहा - पुद्गलको निज जानकर, अज्ञानी रमजाय।**
**चहुँगतिमें ता संगको, पुद्गल नहीं तजाय।।४६।।**

---

'પૂજ્યપાદસ્વામી'એ રચેલું આ શાસ્ત્ર છે. એમાં ૪૫ ગાથા થઈ ગઈ. (હવે ૪૬ મી ગાથા). ૪૫ મી ગાથામાં જે આવ્યું તેને ૪૬ માં વિશેષ સ્પષ્ટ કરે છે.

**दोहा - पर पर तातें दुःख हो, निज निज ही सुखदाय।**
**महापुरुष उद्यम किया, निज हितार्थ मन लाय।।४५।।**

આત્મા સિવાય પરપદાર્થ એ દુઃખરૂપ છે. આત્મા પોતે સુખરૂપ છે. બે ચીજ અહીંયાં કહી છે. આત્મા સિવાય શુભ-અશુભરાગ, કર્મ, શરીરાદિ પરપદાર્થ જેનું લક્ષ કરવાથી, આશ્રય કરવાથી, સત્કાર કરવાથી દુઃખ થાય છે. **'निज निज ही सुखदाय'** ભગવાનઆત્મા જ્ઞાયકસ્વભાવ તે સુખદાય નામ સુખનો દાતા છે. મોક્ષમાર્ગનો દાતા તે આત્મા છે. મોક્ષમાર્ગ કહો કે આનંદનો દાતા. બાકી પોતાના આત્મા સિવાય, બધા પુદ્‌ગલાદિ પદાર્થ દુઃખકારી (છે). કારણ પરના લક્ષમાંથી દુઃખની ઉત્પત્તિ થાય છે. તેમાં સુખની ઉત્પત્તિ થતી નથી. માટે મહાપુરુષોએ પોતાના શુદ્ધ સ્વરૂપમાં પ્રયત્ન કરીને શાંતિની પ્રાપ્તિ કરી. સમજાણું કાંઈ ?

હવે અહીંયાં ૪૬ મી (ગાથા).

**'परद्रव्योंमें अनुराग करनेसे होनेवाले दोषको दिखाते हैं–'** પોતાનો શુદ્ધ સ્વભાવ ધ્રુવ

જ્ઞાયક ચિદાનંદ સ્વભાવનું અનુસરણ કર્યા વિના, જેટલો અનુરાગ, પુણ્ય-પાપનો ભાવ, શરીર-કર્મ વગેરેમાં અનુરાગ કરવાથી દોષ થાય છે. પોતાનો આત્મા, શુદ્ધ સ્વભાવ સિવાય બીજી કોઈપણ ચીજનો સત્કાર કરવાથી, ઠીક છે એમ કરવાથી દોષ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? એ વાત કહે છે.

**अविद्वान् पुद्गलद्रव्यं, योऽभिन्दति तस्य तत्।**
**न जातु जन्तोः समीप्यं, चतुर्गतिषु मुञ्चति।।४६।।**

અવિદ્વાન, અવિદ્વાન નામ અવિવેકી, જેને અંતરમાં વિવેક નથી કે હું શુદ્ધ સ્વભાવ, પરમાનંદ તે જ મારે આશ્રય (કરવાલાયક) અને ઉપાદેય છે. અને પુણ્ય-પાપના ભાવ અને કર્મ એ બધા મારા માટે હેય છે. સમજાણું કાંઈ? ભગવાન શુદ્ધ સ્વરૂપ, પોતાનું નિજ પરમાત્મ સ્વરૂપ તે જ મને ઉપાદેય છે અને રાગાદિ, કર્માદિ બધા હેય છે. એવો જેને વિવેક નથી, એમ કોઈ સમજતું નથી (તે અવિદ્વાન છે).

**'હેયોપાદેયકે સ્વરૂપકો ન સમજનેવાલા,...'** અવિદ્વાનની વ્યાખ્યા કરી. વિદ્વાન એટલે બહુ સમજ્યો અને જાણ્યું એમ અહીંયા નથી કહ્યું. અવિદ્વાન એટલે ઓછું જ્ઞાન, અલ્પજ્ઞાન એમ નહિ. અવિદ્વાનનો અર્થ ભગવાન પૂર્ણાનંદ ધ્રુવ સ્વરૂપનો આદર નથી કરતા અને રાગાદિ વિકલ્પ અને પર વસ્તુને અભિનંદન, સત્કાર કરે છે. હેયને સત્કારે છે અને ઉપાદેયનો અનાદર કરે છે. સમજાણું કાંઈ? તેને અહીં અવિદ્વાન કહ્યા છે. ઓહોહો..! અવિદ્વાનની વ્યાખ્યા જ એમ કરી છે, જુઓ!

**'હેયોપાદેયકે સ્વરૂપકો ન સમજનેવાલા,...'** એવો શબ્દ લીધો છે. ભગવાનઆત્મા શુદ્ધ અભેદ અખંડ આનંદસ્વરૂપ એ આત્મા, અને એ સિવાય શુભાશુભ વિકલ્પ ગમે તે પ્રકારનો હોય, તેનાથી માંડીને બધા કર્મ આદિ પુદ્‌ગલ હેય, આશ્રય કરવાલાયક નથી, સત્કાર કરવા લાયક નથી. આ મને લાભદાયક છે એમ બુદ્ધિ કરવા લાયક નથી. શુભ-અશુભભાવ, કર્મ, શરીર મને લાભદાયક છે એમ બુદ્ધિ કરવા યોગ્ય નથી. એ એમ બુદ્ધિ કરે છે કે એ મને લાભદાયક છે. એ શુભ-અશુભભાવ, કર્મ, શરીર મને લાભદાયક છે. એમ માનનારને અહીંયાં અવિદ્વાન, અવિવેકી, અણસમજુ, અજ્ઞાની કહ્યા છે. કહો, સમજાણું કાંઈ?

**'શરીરાદિક પુદ્‌ગલ દ્રવ્ય...'** આ તો બધું આવ્યું. જુઓ ! હવે આમાં શરીરનું કાર્ય ન થાય એવું આવે છે કે નહિ આમાં? નથી લખ્યું? એ..ય..! શું કહે છે આ જુઓને? **'पुद्गलद्रव्यं'** એક જ શબ્દ મુક્યો છે. પુદ્‌ગલ દ્રવ્યમાં બધું આવી ગયું. કર્મ, શરીર, તેનું કાર્ય મારું છે એમ સત્કાર કરે છે... સમજાણું કાંઈ? અને પોતાનો શુદ્ધ સ્વભાવ એ મારો છે એમ સત્કાર નથી કરતો, તેને પુદ્‌ગલનું સમીપપણું, સહવાસપણું, સંજોગપણું, સંબંધપણું એને નહિ છોડે. જેનો સત્કાર કરે છે એનું સમીપપણું તેને નથી છૂટતું.

મુમુક્ષુ :– એ તો સત્કાર ન કરવો.

ઉત્તર :– સત્કારનો અર્થ શું થયો? સત્કારનો અર્થ શું થયો? કે તે કર્મ મારું કાર્ય છે, શરીર મારું કાર્ય છે, પર્યાયનું કાર્ય મારું છે (એમ માન્યું તે) એનો સત્કાર કર્યો અને ત્યાં જઈને સમીપપણું કર્યું. અહીંયા ભિન્ન રહીને આ મારું કાર્ય નથી. હું તો ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપ છું. મારું કાર્ય તો સ્વભાવની પરિણતિ શુદ્ધ થવી તે મારું કાર્ય છે, એમ સ્વીકાર કર્યો નહિ. કહો, સમજાણું કાંઈ?

અહીં તો બહુ ટૂંકાં શબ્દમાં સ્વ અને પરની પહેલી વાત કરી. સ્વ સુખદાયક છે અને પર દુઃખદાયક છે. સમજાણું કાંઈ? પછી એ વિકલ્પ તીર્થંકર ગોત્રનો હોય તો પણ એ દુઃખદાયક છે. સમજાણું કાંઈ? ચાહે તો જગતને સમજાવવાનો શુભરાગ હોય (તોપણ) એ દુઃખદાયક છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– કષાયનો ક્લેશ તો એ વખતે નથી.

ઉત્તર :– બધો ક્લેશ એની પાસે છે. કષાયનો ક્લેશ ઊભો છે, એમાં અનુમોદન, સત્કાર કરે છે કે આ મને ઠીક છે. એનાથી મને લાભ થશે. આ તો ચાવી છે. ચાર પૈસે શેર તો મણના અઢી. સમજો છો? આ ચાર પૈસે શેર નહિ? એક આનાનું શેર તો મણના અઢી રૂપિયા. સમજાણું કાંઈ? એમ અહીંયા કહે છે કે જે કોઈ પ્રાણી, પોતાનું શુદ્ધ સ્વરૂપ ધ્રુવ ચિદાનંદ અખંડ સામાન્ય સ્વભાવ, તેનો સત્કાર નહિ કરનારા, તેને ઉપાદેય નહિ માનનારા અને શુભ-અશુભભાવ.. માથે કહ્યું હતું ને કે એ દુઃખરૂપ છે... સમજાણું કાંઈ? એ દુઃખરૂપ ભાવને હેય ન સમજતા, તેનો સત્કાર કરે છે. અંદરમાં શુભભાવ આવ્યો તેનું સમીપપણું, સહવાસ, સંયોગ, સંબંધ કરે છે, પોતાના સ્વભાવનો સંબંધ છોડે છે, તેને પુદ્ગલ સ્વભાવ, પુદ્ગલ ભાવ અને પુદ્ગલ પદાર્થ તેનો સહવાસ નહિ છોડે. આહાહા..! સમજાણું કાંઈ?

**'શરીરાદિક પુદ્ગલ દ્રવ્ય...'** શરીર, કર્મ વગેરેનું કાર્ય મારું છે. હું તેને કરનાર છું. તેનો અર્થ કે આત્મા અને તે ચીજ બેમાં એકપણાની બુદ્ધિ થઈ. સમજાણું કાંઈ? કર્મના સહવાસમાં, સંબંધમાં સમીપપણે ગયો. જે કર્મ, શરીર અને વિકારથી સમીપપણાથી અભાવ-સ્વભાવરૂપ છે, તેના સ્વભાવનું સમીપપણું છોડીને, વિકાર અને કર્મ, શરીરાદિકની કોઈપણ પર્યાય મને લાભદાયક છે અથવા એ મારું કાર્ય છે, એમ સ્વભાવને છોડીને એનો આદર, સત્કાર કરે છે તો પુદ્ગલ એનો સંબંધ, સમીપપણું નહિ છોડે. ચાર ગતિ નહિ છૂટે એમ કહે છે. આહાહા..? સમજાણું કાંઈ? કહો, 'રતિભાઈ'! આ પલાખું કેમ છે?

**'શરીરાદિક પુદ્ગલ દ્રવ્ય...'** રજકણથી લાભ. એક રાગના કણનો પણ સત્કાર કરે એનો અર્થ (આ) ઠીક છે. મારાથી દુનિયા સમજે છે તો મારો શુભભાવ એ ઠીક છે. સમજાણું કાંઈ? આવો ભાવ ઠીક છે. નહિ? આ ભાઈ કહે છે, બધું અટકી જશે. દુનિયાને ઉપદેશ કરવાની હોંશ છૂટી જશે, એમ કહે છે. દલાલ છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ!

પ્રભુ! તું તો જ્ઞાનસ્વરૂપ જ્ઞાયક આનંદમૂર્તિ પ્રભુ આત્મા છો ને! તેનો આદર ન કરતા કોઈપણ જાતના શુભરાગના અસંખ્ય પ્રકાર, અશુભરાગના અસંખ્ય પ્રકાર એમાંનો કોઈપણ રાગ અને કર્મની ૧૪૮ પ્રકૃતિમાં કોઈપણ પ્રકૃતિ બંધાય એ ઠીક છે, તીર્થંકર પ્રકૃતિ બંધાય તો ઠીક છે, એ તો મિથ્યાદૃષ્ટિ છે તો એને તો બંધાતી નથી. સમજાણું કાંઈ? રાગને સમીપપણે માનનારને તો તીર્થંકરગોત્ર બંધાતું જ નથી એમ કહે છે. આહાહા..! કેમ કે બંધ અને બંધનો ભાવ, બેના સમીપપણાનો સત્કાર એ મિથ્યાદૃષ્ટિપણું છે. સમજાણું કાંઈ? ઓહોહો..! જેમાં પોતાના શુદ્ધસ્વભાવનું સમીપપણું છે અને રાગાદિનું સમીપપણું છૂટી ગયું છે તેને રાગ અને કર્મ પ્રકૃતિ બંધાય જાય એ તો સમીપપણા રહિતથી બંધાય જાય છે. તેનો આદર કર્યા વગર બંધાય જાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

સર્વાર્થસિદ્ધનો ભવ હો કે મહાવિદેહમાં ભગવાન સમીપમાં જન્મની ભાવના (હો),... સમજાણું કાંઈ? એ રાગના સમીપપણાનો સત્કાર (છે), રાગનો સત્કાર છે. અર્થાત્ રાગના ફળરૂપે બંધન (થાય) તેનો સત્કાર છે. અર્થાત્ ફળરૂપે મળેલા સંયોગનો સત્કાર છે. ભગવાન જ્ઞાયક સ્વરૂપ ચિદાનંદ, તેનું અસમીપપણું, અસત્કાર છે. સમજાણું કાંઈ? 'રતિભાઈ'! શું કરવું આમાં? માણસ કહે છે આ બધો વ્યવહારનો ઉત્સાહ ઊડી જશે એમ કહે છે. ભાઈ! સમજ તો ખરો. વ્યવહાર તો બંધરૂપભાવ છે. બંધરૂપભાવનો સત્કાર એ પુદ્‌ગલનો, સંયોગનો સત્કાર છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ !

કહે છે કે જેની સમીપમાં રાગનું સમીપપણું છે તેની દૃષ્ટિ મિથ્યાત્વ છે, પર્યાયબુદ્ધિ છે. તેને એવો રાગ જ નથી હોતો કે તીર્થંકર પ્રકૃતિ બંધાય, એને એવો રાગ જ થતો નથી. 'વિમલચંદજી'! આહાહા..! ભગવાનઆત્મા એકલો ચૈતન્ય સ્વરૂપ સ્વભાવનો પિંડ પ્રભુ! તેના સત્કારથી... એ અસ્તિનો અર્થ ૪૭ ગાથામાં લેશે, પણ અમે સાથે લઈએ છીએ. ૪૬માં નાસ્તિની વાત છે, ૪૭માં અસ્તિની વાત છે. સમજાણું કાંઈ? જેણે પોતાનો સ્વભાવ માત્ર જ્ઞાયક ભગવાન, બીજી રીતે કહો તો સર્વજ્ઞસ્વભાવી પ્રભુ ભગવાન (છે), એવા સ્વભાવનું સમીપપણું ન કરતા અને વિકલ્પાદિ, રાગાદિ, કર્માદિ બંધાય, એમ હોય તો ઠીક પડે, શરીર આવું મળે, સંઘયણ આવું મળે, શુભરાગ આવો હોય તો બંધ ઠીક પડે, તેનો પુદ્‌ગલનો સત્કાર કરવાનો ભાવ એ મિથ્યાદૃષ્ટિપણું છે. સમજાણું કાંઈ? તેને તીર્થંકર પ્રકૃતિનો તો બંધ પડે નહિ, પણ તેને ચાર ગતિના પુદ્‌ગલના કારણભાવ અને કાર્યભાવનું સમીપપણું ક્યારેય છોડશે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

એ પુદ્‌ગલદ્રવ્ય એટલે શુભાશુભરાગને અને કર્મને અને શરીરને અને બાહ્ય સંયોગને **'આપરૂપ...'** આપરૂપ... આપરૂપ... પોતાનું અસ્તિત્વ ત્યાં છે તો તેનાથી મને લાભ છે, તો તેનો અર્થ કે તેને પોતારૂપ જ માન્યું. જેનાથી પોતામાં લાભ માને, તેને પોતારૂપ જ માન્યું. સમજાણું કાંઈ? જેનું કાર્ય પોતાથી છે એમ માન્યું તેને પોતારૂપ જ માન્યું. સમજાણું

કાંઈ? શુભાશુભરાગ એ મારું કાર્ય તેવું સમીપપણું માન્યું એ રાગને જ પોતારૂપ માન્યો, રાગને જ પોતારૂપ માન્યો. સમજાણું કાંઈ?

**'તથા અપનેકો (આત્માકે) માનતા હૈ,...'** પોતારૂપ પોતાને માને છે. રાગને આપરૂપ, કર્મને આપરૂપ, શરીરને આપરૂપ, સંયોગને આપરૂપ (માને છે). સમજાણું કાંઈ? આ તો બહું ટૂકા સિદ્ધાંત છે. આ તો 'ઇષ્ટોપદેશ' છે ને? જૈનનું ઉપનિષદ છે એમ અર્થમાં લખે છે. ઉપનિષદમાં શું છે? આ તો અલૌકિક વાત છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા... આહાહા..! 'લાખ વાતની વાત..' આવે છે ને? એમાં પહેલા પેલું આવ્યું હતું, એમાં ને એમાં. 'કોટી ઉપાય કરકે જ્ઞાન કરો' એમ આવે છે કે નહિ? એ શબ્દ એમાં ને એમાં આવે છે. 'છ ઢાળા'માં. કોટી અને લાખ, બે ઉપાય આવે છે ને! કોટી ઉપાય બનાય ભવ્યતાકો ઉર આનો. એમ આવે છે. છે? ક્યાં ગયું છ ઢાળા? એ પદમાં આવે છે. બધું યાદ હોય છે કાંઈ? ધારણામાં ક્યાંથી રહે એટલું બધું? સમજાણું કાંઈ ?

તેનો અર્થ, ત્યાં દર્શનપૂર્વક જ્ઞાનની વ્યાખ્યા કહી ને? કેટલામું? જુઓ! આ કહે છે, જુઓ! (ચોથી ઢાળ).

**ધન સમાજ ગજ બાજ, રાજ તો કાજ ન આવે,**
**જ્ઞાન આપકો રૂપ ભયે, ફિર અચલ રહાવે.**
**તાસ જ્ઞાનકો કારન, સ્વ-પર વિવેક બખાનો,**
**કોટિ ઉપાય બનાય ભવ્ય, તાકો ઉર આનૌ. ૭.**

આ શબ્દ છે. 'કોટી ઉપાય બનાય ભવ્ય, તાકો ઉર આનૌ.' (ચોથી ઢાળ, ગાથા ૯).

**લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાઓ,**
**તોરિ સકલ જગદંદ-ફંદ નિત આતમ ધ્યાઓ. ૯.**

સમજાણું કાંઈ? અહીં તો 'પૂજ્યપાદસ્વામી' ઇષ્ટ ઉપદેશ એને કહે છે, ઇષ્ટ ઉપદેશ એને કહે છે કે ઉપદેશ દેનારનો ભાવ જ તેને ઇષ્ટ નથી. આહાહા..! સમજાણું કાંઈ? સર્વજ્ઞને તો રાગ છે જ નહિ, પણ નીચે ચાર જ્ઞાનને ધારણ કરનારા પણ શાસ્ત્રની રચના કરે છે ને. એ રચનામાં શુભરાગ છે, હોં! સમજાણું કાંઈ? કહે છે કે શુભરાગ પણ, એ શાસ્ત્ર રચ્યા, તેમાં શુભરાગ છે તે પોતાને હિતકર નથી. સમજાણું કાંઈ? આટલા શાસ્ત્ર રચશું તો લોકોને લાભ થશે, તો મને કંઈક લાભ થશે એમ છે નહિ. સમજાણું કાંઈ? શું 'રતિભાઈ'?

ગણધરોને શાસ્ત્ર રચવામાં જે શુભ વિકલ્પ આવ્યો, તો કહે છે કે એમાં મને હિત નથી. તેનું નામ 'ઇષ્ટોપદેશ' છે. આહાહા..! ગજબ વાત છે! સમજાણું કાંઈ? ગણધરોએ એમ કહ્યું. કુંદકુંદાચાર્ય, આ પૂજ્યપાદ સ્વામીના આ શાસ્ત્ર રચે છે કે નહિ? શાસ્ત્ર રચવામાં શુભ વિકલ્પ છે કે નહિ ? પણ કહે છે કે અમે ઇષ્ટોપદેશ કહીએ છીએ કે વિકલ્પમાં આત્માનું હિત બિલકુલ નથી. સમજાણું કાંઈ? આહાહા..! ભાઈ ! આટલા શાસ્ત્રો બનાવ્યા. કોણ બનાવે?

તેની પર્યાય મેં બનાવી તો સમીપપણું થઈ ગયું. બે એક થઈ ગયા. આપરૂપ થઈ ગયા. શાસ્ત્ર અને આત્મા બે એકરૂપ થઈ ગયા. જુઓ !

**'(આત્મ) રૂપ તથા અપનેકો (આત્માકે) માનતા હૈ,...'** આપરૂપ પરને પોતાનું માને છે. શાસ્ત્ર મેં રચ્યા તે આપરૂપ પોતાને માને છે. આહાહા..! વીતરાગશાસન... સમજાણું કાંઈ? ભગવાનઆત્મા જ્ઞાયકસ્વરૂપ, વીતરાગસ્વરૂપ પ્રભુ આત્મા વર્તમાન (છે), હોં! તેની અંતર દૃષ્ટિ, આશ્રય, અવલંબન, સમીપપણું તે હિતકર છે. તે સિવાય જેટલા વિકલ્પ આદિ છે તે 'ઇષ્ટોપદેશ'માં કહે છે કે તે બધું અહિતકર છે. આહાહા..! સમજાણું કાંઈ? તો કહે છે કે અહિતકર છે તો લાવો છો શું કામ? અરે..! સાંભળ તો ખરો, ભગવાન ! કરે શું? આહાહા..! તે વ્યવહાર કરવો જ નથી. વ્યવહાર અહિતકર છે. સમજાણું કાંઈ? વ્યવહાર રત્નત્રયને હિતકર માને તે મિથ્યાદૃષ્ટિ પુદ્‌ગલની સમીપમાં જ પડ્યો છે. પોતાના શુદ્ધ સ્વભાવની સમીપતાથી દૂર ચાલ્યો ગયો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– હવે ચોખ્ખું કરવાનું છે ખુલાસો...

ઉત્તર :– હળવે હળવે આવે છે. આવે ત્યારે હળવે-હળવે આવે ને. ખ્યાલ છે, હજી મુકાઈ નથી ગયું.

એ તો ભાવ વચમાં, નબળાઈથી, કમજોરીથી આવે છે તે બંધભાવ છે. એ બંધભાવ છે તો સ્વભાવનું સમીપપણું હોવા છતાં એવા નિશ્ચયમાં વ્યવહાર આવે છે, તેને વ્યવહાર કહે છે. સમજાણું કાંઈ? નિશ્ચય છે. સ્વભાવ સમીપ, શુદ્ધ સ્વભાવનું સમીપપણું છે, વિભાવ અને સંયોગનું સમીપપણું છે જ નહિ. છતાં જેમ પરદ્રવ્ય છે, પરદ્રવ્ય છે, એવો વિભાવભાવ પરદ્રવ્યરૂપ આવ્યા વગર રહેતો નથી. જેમ પરદ્રવ્યને કાઢી નથી શકતા તેમ તે સમયમાં તે વિભાવ અભાવરૂપ નથી કરી શકતા. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પોતાનું ચૈતન્ય જ્ઞાયક સ્વરૂપ, તેનું સમીપપણું, તેનું સમીપપણું અને વિકાર ને કર્મ, શરીરથી અસમીપપણું (કરવું) તેનું નામ વિવેક (છે). એમ હોવા છતાં આવે છે શું કામ? પરદ્રવ્ય કેમ છે? આમ હોવા છતાં શરીર કેમ છે? સમજાણું કાંઈ? બીજા પદાર્થ કેમ છે? એવા એ (વિભાવ પરિણામ) છે.

મુમુક્ષુ :– પરદ્રવ્યવત્ છે.

ઉત્તર :– એવા છે. એ તો પરદ્રવ્યવત્ જ છે. વસ્તુમાં છે જ નહિ... વસ્તુમાં છે જ નહિ. સમજાણું કાંઈ? કેમ 'પંડિતજી'? વ્યવહાર ઉડી જાય છે. વ્યવહાર સ્વભાવમાંથી ઉડી જાય છે. વ્યવહાર, વ્યવહારમાં રહે છે. સ્વરૂપમાં બધા દ્રવ્ય છે જ નહિ. પોતાના દ્રવ્યની અપેક્ષાએ કોઈ પરદ્રવ્ય છે જ નહિ–અવસ્તુ છે. વ્યવહાર પણ પોતાના સ્વભાવની અપેક્ષાએ અવસ્તુ છે, અવસ્તુ છે. ભગવાન જ્ઞાયક સ્વરૂપ અભેદ ધ્રુવ સ્વભાવના આશ્રયથી તે સ્વવસ્તુ થઈ અને તેની અપેક્ષાથી વિભાવ, વ્યવહાર રત્નત્રય, કર્મ, શરીર અને ધર્મ આદિ છ દ્રવ્ય,

ભગવાન સર્વજ્ઞ પોતે આ વસ્તુની અપેક્ષાએ એ તો અવસ્તુ થઈ. સમજાણું કાંઈ? એ વ્યવહાર પોતાના સ્વભાવના કારણથી નથી. સમજાણું કાંઈ? જેમ પરપદાર્થ પોતાના સ્વભાવના કારણે નથી. ભગવાનઆત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત, શુદ્ધ સ્વભાવ, તેના સમીપપણામાં સર્વવસ્તુ અસમીપ અર્થાત્ અવસ્તુ રહી ગઈ. અવસ્તુના સમીપપણામાં વસ્તુના સમીપણાનો અભાવ (થવાથી) મિથ્યાદૃષ્ટિ થઈ ગયો. સમજાણું કાંઈ? અહીં અજ્ઞાન બતાવવું છે ને? અહીં તો અજ્ઞાન બતાવવું છે. અસ્તિ તો પછી કહેશે.

ભગવાનઆત્મા જ્ઞાયક સર્વજ્ઞસ્વરૂપી પ્રભુ, સર્વજ્ઞ પરમાત્મા જેમ પરને પરરૂપે અને સ્વને સ્વરૂપે જાણે-દેખે છે તો પોતાના સર્વજ્ઞ સ્વભાવ ભગવાનની અપેક્ષાએ બધું પરદ્રવ્ય છે. એમ આ ભગવાનઆત્મા સર્વજ્ઞ એકલો જ્ઞાયક ચૈતન્યસ્વભાવ, ચૈતન્યસ્વભાવ, તેનું ઉપાદેયપણું ન સ્વીકારીને અને તેનાથી રહિત રાગાદિ વિકલ્પ, ભલે પ્રકૃતિના બંધનું કારણ હોય પણ તે બધા પરદ્રવ્ય છે. તેનો સત્કાર કરવાથી મિથ્યાદૃષ્ટિપણું છે અને ચાર ગતિનો સંબંધ તે પુદ્ગલ નહિ છોડે. સમજાણું કાંઈ? તેની સામું જોઈને તેનો આદર કર્યો તો છોડશે નહિ અને બંધ પડશે, સંયોગ મળશે, ચાર ગતિ મળશે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– શું કામ છોડે? એ તો એને ખબર નથી. અહીં તો આદર કરે એટલે બંધ પડશે. બંધપડશે તો ચાર ગતિમાં રખડશે, એમ વાત છે. ભાષા એવી લીધી છે. સમજાણું કાંઈ? આહાહા..!

અરે...! વીતરાગમાર્ગ ! અરે..! આત્મમાર્ગ ! એકલો ચૈતન્યબ્રહ્મ પ્રભુ ! તેનું સમીપપણું છોડીને, ઉપાદેયને છોડીને જે હેયરૂપે જ્ઞેય છે–રાગાદિ, કર્માદિ તે બધા તેમાં આવી ગયા, હોં! કર્મનો કર્તા હું અને કાર્ય મારું, શરીરનું કાર્ય મારું, બધું મૂઢ, હેય ચીજને પોતારૂપ અને પોતાને ત્યાં માને છે. પોતાને ત્યાં માને છે. સમજાણું કાંઈ? ત્યાં સુધી લક્ષ કોનું હતું પર્યાય સુધી આવ્યા એનું. સમજાણું કાંઈ? અસંખ્ય સમયની પર્યાય કરતા-કરતા એ પર્યાય આવી એમાં એ પર્યાય કોની હતી ત્યાં? એની. આહાહા..!

ભગવાનઆત્મા પોતાનું સ્વરૂપ જ્ઞાયક ચિદાનંદ સર્વજ્ઞસ્વભાવી, તેનો આદર ન કરતા, રાગ, કર્મ, શરીરનું કાર્ય ને એ મને ઠીક છે... ઠીક છે (એમ માને છે). આહાહા..! શાસ્ત્રમાં ઘણો સ્વાધ્યાય કરવાથી વિકલ્પ થઈ ગયો, તે ઠીક છે. તો કહે છે કે હેયનું સમીપપણું લઈ લીધું. ઉપાદેયનું અસમીપપણું કરી દીધું. આહાહા..! ગજબ વાત છે! 'ઇષ્ટોપદેશ' છે, આ ઇષ્ટ-ઉપદેશ છે.

મુમુક્ષુ :– ઇષ્ટ ઉપદેશનો ઉપદેશ.

ઉત્તર :– ઇષ્ટ ઉપદેશનો ઉપદેશ. આહાહા..!

અહીંયા તો ભગવાનઆત્મા પોતાના જ્ઞાયક સ્વભાવની સમીપ થઈને, હિતની શુદ્ધ પર્યાય

સ્વભાવના આશ્રયથી, સામાન્યના અવલંબનથી ઉત્પન્ન થાય તેનું નામ અહીંયાં હિતકર ઉપદેશ છે. સમજાણું કાંઈ? પોતાના સામાન્યનું સમીપપણું છોડીને, વિશેષનું લક્ષ કરીને રાગાદિનો લાભ હો એ પુદ્ગલનો લાભ છે. (એમાં) સ્વભાવનું સમીપપણું છુટી ગયું છે.

મુમુક્ષુ :– આવા ઉપદેશ વિના અજ્ઞાન ટળે એવું નથી.

ઉત્તર :– એ ભાવ વિના, સમજ્યા વિના છૂટે એવું નથી. આહાહા..!

ઓહોહો..! આત્મદ્રવ્ય... ભગવાનનો માર્ગ એની પાસે રહ્યો. આ તો આત્મદ્રવ્યનો માર્ગ. ભગવાન વીતરાગી અકષાય સ્વરૂપ આત્મા, અકષાયસ્વરૂપ આત્મા અર્થાત સર્વજ્ઞસ્વભાવી આત્મા (છે). અકષાય તો વીતરાગના પિંડની અપેક્ષાથી (કહ્યું) અને સર્વજ્ઞ એટલે જ્ઞાનની મહાનતાની અપેક્ષાથી (છે). એવો ભગવાન સર્વજ્ઞસ્વભાવી, તેના સામાન્યનો આશ્રય ન કરતા, પુણ્ય-પાપ વિકલ્પનો, વિશેષનો આશ્રય કરીને પડ્યો છે, તેને પુદ્ગલનું સમીપપણું છે, સ્વભાવનું અસમીપપણું છે. તેને ચાર ગતિનું સમીપપણું, સહવાસ, સંબંધ, સંયોગ, સંગ નહિ છૂટે. સમજાણું કાંઈ? એ... રતિભાઈ. આહાહા..!

મુમુક્ષુ :–

ઉત્તર :– આ ઇ જ કહે છે. જેમાં સુખ માન્યું છે એ વસ્તુ નહિ છુટે. દુઃખનું નિમિત્ત થશે, થશે અને થશે. સમજાણું કાંઈ? એને તો નિગોદનું શરીર પણ મળશે. સમજાણું કાંઈ? જેને પુદ્ગલનું અથવા સ્વભાવથી વિરુદ્ધ વિભાવનું સમીપપણું, સત્કાર, અભિનંદન કહ્યું છે ને? **अभिनन्दति.** પ્રશંસે છે, શ્રદ્ધા કરે છે. ઠીક છે.. ઠીક છે, થોડું તો ઠીક છે ને? થોડું તો ઠીક છે ને? **अभिनन्दति** આત્મા પરનો સત્કાર કરે છે, એમ કહે છે. જડ ક્યાં સત્કાર કરે છે? **अभिनन्दति**—અભિનંદન આપે છે. બહું સારું થયું તમારું. આ નથી આપતા મોટા પૂછડાં? અભિનંદન. અભિનંદન આપે. આ બધા પાસ થાય તો જુઓને, છોકરા પાસે જાય એના સંબંધીઓ હોય. મુબારક. લ્યો, રખડો હવે ચાર ગતિમાં.

મુમુક્ષુ :– મુબારકનો અર્થ એવો થાય છે?

ઉત્તર :– હા, તમે રખડવામાં પાસ થયા. રખડવાના ભાવમાં પાસ થયા. જાવ મુબારક, રખડો. એ..! આશિષ!

મુમુક્ષુ :– એવો ભાવ એમાં નથી આવતો.

ઉત્તર :– એને કે દિ' ભાન હતું? એ તો કહે છે ને કે હેય ઉપાદેયનું ભાન નથી. એ તો અહીં માંડી છે. અહીં તો એ માંડી છે કે હેય ઉપાદેયનું ભાન નથી. માટે આવા ઊંધા ભાવ ખડકી રહ્યો છે. આહાહા..!

અહીં તો ભગવાન એમ કહે છે કે ભગવાનઆત્માના સ્વભાવની શુદ્ધતાનું, ત્રિકાળ જ્ઞાયકભાવનું સમીપણું છૂટ્યું તેને વિશેષ શુદ્ધિ છુટી ગઈ. વિશેષ શુદ્ધિ છુટી ગઈ. સામાન્ય સ્વભાવ ત્રિકાળનો આશ્રય–સમીપપણું છૂટ્યું તેને વિશેષ શુદ્ધિ ઉત્પન્ન ન થઈ. ઉત્પન્ન ન

થઈ તેનો અર્થ વિશેષપણું છુટી ગયું, એમ ભાઈ ! સમજાણું કાંઈ? તેનો પરપદાર્થમાં વિશેષતા, સત્કાર, અભિનંદન (થયો) કે ઠીક છે... ઠીક છે... એ પુદ્ગલના બંધને ઠીક કહે છે. ચાર ગતિમાં રખડવું તેને એ ઠીક કહે છે. સમજાણું કાંઈ? અહીં તો ચાર ગતિના ભાવ અને સ્વભાવભાવ બે વાત સાથે લીધી. બસ, એક જ વાત.

જો કોઈ અવિદ્વાન, અપંડિત અથવા મૂર્ખ હેય ઉપાદેયના સ્વરૂપને ન સમજનારા. ભગવાન શુદ્ધ દ્રવ્ય સ્વભાવ અખંડાનંદ ઉપાદેય (છે) અને વિકલ્પથી માંડીને ૧૪૮ પ્રકૃતિનો બંધભાવ અને પ્રકૃતિ અને ગતિ, ગતિનો ભાવ, બધું હેય છે, એમ સમજતો નથી, તે જ પરપદાર્થને આપરૂપ અથવા પોતાને માને છે. એ પુદ્ગલને, રાગને, વિકારને, વિભાવને, શરીરને, કર્મને... સમજાણું કાંઈ? આવું પુણ્ય બંધાય તો ભગવાન પાસે સમીપપણું થશે. એવા અમારે પુણ્ય બંધાય તો સ્વર્ગમાં જશું અને સ્વર્ગમાંથી ભગવાન પાસે જશું. તો કહે છે કે તારું પુદ્ગલનું જ સમીપણું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...દર્શન કરવા પડે.

ઉત્તર :- દર્શન કોના કરવા છે? પરના દર્શન તો વિકલ્પ છે. પરદ્રવ્ય પર છે. તેના આશ્રયથી વિકલ્પ ઊઠે તે દુઃખરૂપ છે. એ તો કાલે ઘણું કહી ગયા. **પર પર તાતેં દુઃખ હો, નિજ નિજ હી સુખદાય.** ત્રણકાળમાં આ વાત... આહાહા..! ત્રણલોકના નાથ તીર્થંકર પણ દુઃખના નિમિત્ત છે. ગજબ વાત! કેમ કે પરદ્રવ્ય તરફ વિકલ્પ ઊઠે તે દુઃખરૂપ છે. શેઠ!

મુમુક્ષુ :- ભગવાનને દ્વેષ કીધા છે.

ઉત્તર :- દ્વેષ. ભગવાનઆત્મા પ્રત્યે તને ક્રોધ આવ્યો, ભાઈ ! સમજાણું કાંઈ? અરુચિ, દ્વેષ અરોચક ભાવ. ભગવાનઆત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ છે તેનો અરોચક ભાવ અને રાગ ને ફળ ને પુણ્યમાં રોચકભાવ, એ ભગવાનઆત્મા પ્રત્યે તને દ્વેષ અને ક્રોધ છે. સમજાણું કાંઈ? આ નવા સાંભળે એ રાડ નાખે, હોં ! અરે.. ભગવાન! આ રાડ છૂટી જવાની વસ્તુ છે.

ભાઈ ! તારું જ્ઞાનસ્વરૂપ છે ને પ્રભુ ! તું તો જ્ઞાયક છો ને. કોનું કરવું છે? ક્યાં નીકળવું છે? અને શેમાં આવવું છે તારે? જ્યાં તારા ઘરમાં જ જ્ઞાનનો ભંડાર ભરેલો છે ને ચૈતન્યબિંબ. એના સમીપપણાનો આશ્રય છોડી ભગવાન ! તારે ક્યાં જાવું છે? પુદ્ગલમાં? ચાર ગતિમાં? એ તો અનાદિથી છે. એ.. 'ચીમનભાઈ'! આ બધી ઝીણી વાતું છે. ત્યાં 'મુંબઈ'માં આવું ન આવે, હોં! મોટા દસ-દસ હજાર માણસ ન સમજે, આ તો અહીંના (લોકો છે).

**'ઉસ જીવકે...'** ક્યા જીવને? ભગવાન હેય-ઉપાદેય... તારી ચીજ આત્માના જ્ઞાયક સ્વભાવ સિવાય, એ સામાન્ય સ્વભાવ એકલા ધ્રુવ ઉપાદેય સિવાય બધું હેય છે. સમજાણું કાંઈ? એવી જેને ખબર નથી. એવા અવિદ્વાન, અણસમજુ, અજ્ઞાની પર સાથે સત્કાર, પરનો સત્કાર,

અભિનંદન-અભિનંદન (કરે છે)... ઓહોહો..! શુભભાવ સારો આવ્યો, બહુ સારો આવ્યો.

મુમુક્ષુ :– અત્યંત સુખ ઉપજાવે એવો ભાવ છે.

ઉત્તર :– તરત જ દુઃખ ઉપજાવે એવો ભાવ છે. કહો, 'હીરાલાલજી'! શું છે? પૈસામાં તરત સુખ ઉપજે, એમ આ કહે છે.

અહીં તો કહે છે ભગવાન, એ સ્વભાવથી વિરુદ્ધનો વિભાવ, જે ભાવે તીર્થંકર ગોત્ર બાંધે, ભગવાન! એ દુઃખરૂપભાવ છે. ભાઈ ! એ દુઃખરૂપ છે. એમ સમ્યગ્દૃષ્ટિ જાણે છે, એમ સમ્યગ્દૃષ્ટિ જાણે છે. આહાહા..! અહીં કહે, ષોડશ કારણ ભાવના ભાતા... આવે છે ને? દર્શનશુદ્ધિ હોય.. શું કહેવાય છે? દર્શન વિશુદ્ધિ ભાવના ભાતા.. આવે છે ને? અમારા 'શ્રીચંદજી' બહુ બોલે છે. ક્યાં ગયા 'શ્રીચંદજી'? આ બેઠા. એ ભક્તિથી બોલે. શું આવે છે ઇ? 'દર્શન વિશુદ્ધિ ભાવના ભાય, સોલહ તીર્થંકર પદ પાય.' જુઓ! પછી ધૂન ચડે એની. આહાહા..! પ્રભુ! તારા આત્મમાર્ગ જુદા, ભાઈ ! તારો માર્ગ તો સ્વભાવ સામાન્યના આશ્રયે વીતરાગતા ઉત્પન્ન થાય એ તારો માર્ગ છે. સમજાણું કાંઈ?

ભગવાનસ્વરૂપ પ્રભુ આત્મા, એ આત્મા ભગવાન વીતરાગ સ્વરૂપે ત્રિકાળ બિરાજમાન છે. તેનો આશ્રય છોડીને, તેનો સત્કાર છોડીને, સૂક્ષ્મમાં સૂક્ષ્મ રાગનું સમીપપણું અને સત્કાર કર્યો તો કહે છે કે તારી દૃષ્ટિ વિપરિત છે. **ઉસ જીવકે સાથ નરકાદિક ચાર ગતિયોંમેં...** જુઓ ! ચાર ગતિ, હોં. મિથ્યાદૃષ્ટિનું ફળ ચાર ગતિ, એમ કહ્યું છે. આહાહા..! ભગવાનઆત્મા પોતાનો ત્રિકાળી જ્ઞાયકસ્વરૂપ ભગવાન, જેમાં અનંત પરમાત્મા પડ્યા છે, તેનો આશ્રય... આશ્રય... આશ્રય... અવલંબન, પર્યાયમાં દ્રવ્યને આશ્રય બનાવ્યા વગર, પર્યાયમાં રાગ અને પરનો સત્કાર કરનાર જીવને ચાર ગતિની સમીપતા, સહવાસ નહિ છૂટે. સમજાણું કાંઈ?

'**ઉસ જીવકે સાથ નરકાદિક ચાર ગતિયોંમેં વહ પુદ્‌ગલ અપના સમ્બંધ નહીં છોડતા હૈ,...**' શું કામ છોડે પણ? છોડવાનો અર્થ શું? તે પુદ્‌ગલ બંધાય, એ ઠીક છે, તેનો ભાવ ઠીક છે (એમ માને છે) તો એ બંધાશે જ. અને બંધાશે તો ચાર ગતિ મળશે, એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– બહુ મર્મની વાત છે.

ઉત્તર :– વાત તો હોય એમ હોય ને. કાલે નહોતું કહ્યું? નાતનું. રવિવારે, કાલે. એક બીજાને સમજાવી શકે એ મોટું કે પોતાનું કામ કરે એ મોટું? એમ પૂછ્યું હતું. એક આર્જીકાએ એને પૂછ્યું હતું. ૩૧-૩૨ વર્ષ પહેલા. પરિવર્તન પહેલા. સમજ્યા? આ હજારો માણસો. પાંચ-પાંચ હજાર, દસ હજાર માણસો. અને ઝપટ વાગે વ્યાખ્યાનની. લોકોને એમ થાય કે આહાહા..! અરે..! એ ઊંચું? લ્યો, તમારા 'ચંપાબેન' અંદર આમ પડ્યા છે, એ ઊંચું? ૩૨ વર્ષ પહેલા એવો પ્રશ્ન થયો હતો. તમારા 'ચંપાબેન' આત્માનું ધ્યાન કરે છે, આત્મા ગોઠે છે એને. એના કરતાં દુનિયાને સમજાવે એ ઊંચા કે આ ઊંચા? એમ પ્રશ્ન ચાલ્યો હતો.

એય..! કાલે કહ્યું હતું. દાસ પણ ભૂલી ગયા હતા. કીધું કે તમે પ્રશ્ન કર્યો હતો? કે કંઈ ખબર નથી. કીધું, દિવાળબાઈએ આ પ્રશ્ન કર્યો હતો? કહે, હા. પછી એને યાદ આવ્યું. આ વાત એના મોઢે થઈ હતી. આ દુનિયાને આમ ડોલવું, ભાષા જડ અને વિકલ્પ ઊઠે એ જડ-રાગ. આહાહા..! અને એ વાણી (જડ).

મુમુક્ષુ :– ...

ઉત્તર :– કોણ ઠેકાણે પડે? ધૂળ? એવી જ્યાં દૃષ્ટિ છે એની તો મિથ્યાદૃષ્ટિ છે. એને તો સમજવામાં આ નિમિત્ત પણ નહિ થાય.

મુમુક્ષુ :– એવા અભિપ્રાયવાળો નિમિત્ત ન થાય.

ઉત્તર :– નિમિત્ત આને તો થયું નથી પણ પેલો થાય એ કાળે અને આ નિમિત્ત, એવું એને નહિ બને. એમ મારે કહેવું છે. સમજાણું કાંઈ? આહાહા..! અરે..! ભાઈ ! બાપુ! માર્ગ શું છે એની તને ખબર નથી. સમજાણું કાંઈ? એય..! 'રતિભાઈ'! વીતરાગના માણેક ચોકમાં વીતરાગતા વેંચાય છે. આહાહા..! એ હિતકર છે. એક જ હિતકર છે, ભાઈ ! ભગવાનઆત્મા પોતાનું સમીપપણું છોડીને જેટલા રાગાદિ છે એમાં ઠીક છે, બીજા એમ માને કે તે ઠીક કરે છે... સમજાણું કાંઈ? તે બધા પુદ્ગલની સમીપ પડ્યા છે. તેની ચાર ગતિ નજીકમાં નહિ છૂટે. સમજાણું કાંઈ? ભાષા કેવી છે જુઓને !

**'न जातु जन्तोः सामीप्यं,'** પુદ્ગલ તેનું સમીપપણું નહિ છોડે. પણ છોડેનો અર્થ? કે જ્યાં રાગનો આદર છે ત્યાં પુદ્ગલનો આદર (છે અને) એ પુદ્ગલ થયા જ કરશે. એમ કહે છે. છોડવું-કરવું ક્યાં એને હતું? એય..! 'શશીભાઈ'! આહાહા..! આમ પુદ્ગલ પરાવર્તનનો પ્રવાહ એની પાસે વહ્યા જ કરશે. અહીં ગુલાટ ખાધી નથી અને અહીં ગુલાટ ખાધી છે. સમજાણું કાંઈ? બાહ્યજ્ઞાનને અને બાહ્યજ્ઞાનના મહાત્મ્યને જે કરે છે એ બધા પુદ્ગલની સમીપમાં વર્તે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ શ્લોક એવો છે. આ બધા છેલ્લા શ્લોક છે ને. 'પૂજ્યપાદસ્વામી' 'ઇષ્ટોપદેશ' કહે છે. ભગવાન ! પણ તમે આ શાસ્ત્ર લખો છો ને. કોણ લખે છે? અમારામાં વિકલ્પ જ નથી, તો કોણ લખે? કોણ કહે? સમજાણું કાંઈ? અને પુસ્તક લખ્યું તો અમારું હિત છે એમ કોણ કહે છે? કોણ કહે છે પણ? આ આત્મા ના પાડે છે અને તું કહે છે કે હિત છે. કોણ કહે છે? સમજાણું કાંઈ?

**'ઉસ જીવકે સાથ નરકાદિક...'** નિગોદ નહિ છૂટે. ભાઈ ! ઓહોહો..! નિગોદગતિ એને નહિ છૂટે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા જ્ઞાયકમૂર્તિ પ્રભુ ! તેના આશ્રયમાં પડ્યો છે. બસ! તેને સિદ્ધગતિ નહિ છોડે. સિદ્ધગતિ આવ્યે છૂટકો. એ સિવાય એક શુભરાગ પણ હિતકર છે અને પરને સમજવાનું જ્ઞાન પણ હિતકર છે એમ માનનારને નિગોદગતિ

નહિ છૂટે. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો એક ઘા ને બે કટકા છે. આહાહા..!

**'ચાર ગતિયોંમે...'** ચાર ગતિમાં નિગોદ આવી ગયા કે નહિ? અનંતકાળ એ જ મુખ્ય છે. આ ચાર તો સાધારણ (ગતિ) છે. આહાહા..! સમજાણું કાંઈ? કેમ કે સત્કાર કરે છે તો પુદ્‌ગલ બંધાયા વગર રહેશે નહિ. અને પુદ્‌ગલનું ફળ તો ચાર ગતિ છે. નરકના નિગોદના શરીરની એને ભાવના છે. ઓહોહો..! જેને નાનામાં નાના રાગની હિતકરબુદ્ધિ છે, તેને નિગોદના શરીરમાં ઉત્પન્ન થવાની ભાવના છે. સમજાણું કાંઈ? અહીં તો નાસ્તિથી વાત છે ને? નહિ છોડે. આનંદ આવશે એ પછી કહેશે. એ બીજા શ્લોકમાં (કહેશે).

**'ભવ ભવમેં વહ પુદ્‌ગલદ્રવ્ય જીવકે સાથ બંધા હી રહતા હૈ.'** કેમ કે જેને આત્માના શુદ્ધ સ્વભાવ સિવાય જ્યાં અનુમોદન, સન્મતિ, સત્કાર, આદર, હરખ, ઉપાદેય થયા, બસ! પુદ્‌ગલ બંધાશે. અને પુદ્‌ગલથી એને કોઈ દિ' છુટકારો થશે નહિ. બસ, બરાબર છે એ વાત. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ભૂલ નાની અને ફળ મોટું છે.

ઉત્તર :- ભૂલ નાની નથી. ઠીક કહ્યું, 'બાબુભાઈ'એ. ચીભડાના ચોરને ફાંસી? ના. ભગવાન જ્ઞાયક અનંતગુણનો પિંડ પ્રભુ એક સર્વજ્ઞ પ્રભુ, એવી અનંતગુણના સમાજની ચીજનો તેણે અનાદર કરી દીધો. અનંત મહારાજા, એક એક ગુણરૂપી મહારાણા, મહારાજા. એક-એક ગુણરૂપી મહારાજા, બાદશાહ એવા સર્વ ગુણનો બાદશાહ આત્મા, તેનો તેણે અનાદર કર્યો. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? મોટા બાદશાહને ચામડાના જોડા પહેરાવ્યા. બાદશાહ ગાદિએ બેઠો હતો અને બેસતા વર્ષને દિ ત્યાં ખાનગીમાં જોડા લઈને ગયો. એકદમ જઈને પહેરાવ્યા. આટલી ભૂલ? એમાં વર્ષ બેસતાનો દિ' જોડાનો હાર ગળામાં આપ્યો. સમજ્યા? એમ ભગવાનઆત્મા વીતરાગી જ્ઞાયકબિંબ પ્રભુ ! એ બાદશાહને રાગથી, વિકલ્પથી લાભ માનવો, એ જોડા પહેરાવવા સમાન છે. સમજાણું કાંઈ? તેને રાજા કહે, જાઓ.

**'ભવ-ભવ મેં વહ પુદ્‌ગલદ્રવ્ય...'** ભવ-ભવમાં એટલે કે જેટલા ભવ છે એ બધામાં જીવ સાથે બંધાયેલા જ રહે છે. **'ઉસસે પિંડ નહીં છૂટ પાતા.'** પુદ્‌ગલથી પિંડ નથી છુટતા. એક ભૂતડું વળગે ત્યારે કહે, બાપા, આ ભૂતડું જતું નથી. ભૂત આવે છે ને? ભૂત. વ્યંતર. પિંડ નથી છોડતો. ઘણી માનતા કરી પણ પિંડ નથી છોડતો. એવી રીતે જેને રાગના કણ અને કર્મના પુણ્યભાવ અને આ પરાલંબી જ્ઞાન, પોતાના જ્ઞાન સિવાય પરાલંબી જ્ઞાનની મહિમા જેને અંતરમાં છે.. સમજાણું કાંઈ? તેને પુદ્‌ગલપિંડ નહિ છોડે. આહાહા..! સમજાણું કાંઈ? લ્યો વિશેષ આવશે... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૪૯૨, જેઠ સુદ ૧૨, મંગળવાર**
**તા. ૩૧-૦૫-૧૯૬૬**
**ગાથા–૪૬-૪૭ પ્રવચન નં. ૫૨**

'ઇષ્ટોપદેશ' ૪૬ ગાથાનું હિન્દી. છેલ્લું હિન્દી છે.

**दोहा - पुद्गलको निज जानकर, अज्ञानी रमजाय।**
**चहुँगतिमें ता संगको, पुद्गल नहीं तजाय।।४६।।**

બહુ ટૂંકામાં (વાત કરી છે). ભગવાનઆત્મા **'પુદ્ગલ કો નિજ જાનકર..'** પોતાના ઉપયોગમાં રાગને પોતાનો જાણીને, અજ્ઞાની રાગમાં રમે એ પુદ્ગલ. પરમાણુમાં ક્યાં રમે છે? સમજાણું કાંઈ? ઉપયોગ-ભૂ. ભગવાનઆત્મા, પોતાના જ્ઞાનાદિ વેપારમાં રાગમાં રમે, રાગમાં એકત્વ કરે તે મિથ્યાત્વ છે, તે સંસાર છે. સમજાણું કાંઈ? પછી ગુલાંટ કરીને આત્મામાં રમે એમ પછીની ગાથામાં વાત કરશે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પોતાનો મહાન જ્ઞાન, દર્શન, આનંદ, કાયમી અસલી સ્વભાવ છે એને ભૂલી અને વર્તમાન જ્ઞાન, દર્શનના, પરિણામ ભાવમાં, ઉપયોગમાં, કર્મ તરફનાં આ પુદ્ગલ મારા, એવો રાગ (કરી) એ રાગમાં રમે એને પુદ્ગલ સંગ નહિ છોડે. પુદ્ગલ સંગ નહિ છોડે. પોતે પુદ્ગલનો સંગ છોડતો નથી માટે પુદ્ગલ સંગ નહિ છોડે, એમ. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પોતાની વર્તમાન પર્યાય, ઉપયોગ, વેપારમાં રાગાદિમાં રમે; રાગ શબ્દે બધા કષાયભાવ બધા, એ રાગમાં રમે તે પુદ્ગલમાં જ રમે છે. સમજાણું કાંઈ?

**'પુદ્ગલ કો નિજ જાનકર..'** એ રાગાદિને પોતાના જ્ઞાનસ્વરૂપમાં પોતાના માની, પોતાના જાણી (પુદ્ગલમાં રમે છે). સમજાણું કાંઈ? આ શ્લોકો તો બહુ ટૂંકામાં સાર અને અસાર બંને બતાવે છે. **'हेयोपादेय'** કહ્યું હતું ને માથે (ટીકામાં)? અવિદ્વાન. ભગવાનઆત્મા બેહદ સ્વભાવી છે. સમજાય છે?

સવારમાં જંગલમાં પ્રશ્ન થયો હતો. એક પરમાણુ એક સમયમાં ચૌદ બ્રહ્માંડ જાય, તો પહેલે રાજે જાય, બીજે રાજે જાય, ત્રીજે રાજે જાય એટલો તો ફેર પડે ને? ક્યાં ગયો 'અરુણ'? ક્યાં ગયા 'ચીમનભાઈ'? તમારા ચિરંજીવીનો પ્રશ્ન હતો. 'કિરિટ'નો હતો પણ પૂછ્યો હતો તો તેં. આ 'કીરીટ' આ 'ત્રિભુવનભાઈ'નો. એક સમયમાં એક પરમાણુ, એક કાળના સૂક્ષ્મ સમયમાં ચૌદ બ્રહ્માંડ જાય. પહેલે સમયે તે પ્રદેશમાં સ્થિત, બીજે સમયે ચૌદ બ્રહ્માંડ ચીરે. શું એને ખબર છે? એને ખબર છે કે બીજા સમયમાં મને આમ થશે?

ખબરની અહીંયાં જરૂર નથી. સમજાણું કાંઈ? તેનો પર્યાયસ્વભાવ કેટલો છે? એક સમયમાં પર્યાય સ્વભાવ, પહેલે સમયે એક પ્રદેશમાં રહેવાનો હતો અથવા એક પ્રદેશથી બીજા પ્રદેશમાં ગતિ કરવાનો એક સમય હતો. પર્યાય સ્વભાવ, હોં! દ્રવ્ય-ગુણ એક બાજુ રહો. બીજા સમયમાં... આ તો સ્વભાવની વાત જ અલૌકિક વાત છે. એ દ્રવ્ય-ગુણ એવા ને એવા હોવા છતાં, એક સમયમાં તે પરમાણુ અચેતન જડ, બિલકુલ જેને કંઈ ખબર નથી કે હું કોણ છું, એવો પરમાણુ, ભાઈ ! પરમાણુનો જડ સ્વભાવ, એક પર્યાય એક સમયમાં એક પ્રદેશથી બીજા પ્રદેશમાં ગતિ કરે એવો એક પર્યાયનો સ્વભાવ. તો બીજી પર્યાયનો એવો સ્વભાવ કે એક સમયમાં ચૌદ બ્રહ્માંડ ચીરી નાખે એવો સ્વભાવ. ચીરે એટલે સમજાય છે? ગતિમાં ચાલ્યો જાય. એમાં પહેલા સમયમાં આઠ રાજૂ, ચૌદ રાજૂ છે તો ચૌદ સમય છે એમ છે નહિ. આહાહા..!

વાત તો દ્રવ્યસ્વભાવ, ક્ષેત્રસ્વભાવ, કાળસ્વભાવ, ભાવસ્વભાવની છે. એ વસ્તુ જ અલૌકિક સ્વભાવ છે. સમજાણું કાંઈ? તો એક પરમાણુ એક સમયમાં ચૌદ બ્રહ્માંડમાં ખંડ પડ્યા વિના ચાલ્યો જાય. સમજાણું કાંઈ? અને એ જ પરમાણુ એક સમયમાં અનંત કાળા ગુણપણે પર્યાયમાં પરિણિત હતો, તે જ પરમાણુનું બીજે સમયે અનંત સફેદપણે પરિણમન થયું એ પર્યાયનો એવો જ સ્વભાવ ધર્મ છે.

જેમ ક્ષેત્રાંતર થવાનો પર્યાયનો સ્વભાવ એક સમયમાં અચિંત્ય દેખાય છે, એમ તેમાં ભાવાંતર થવું, પર્યાયાંતર થવું (તે પણ પર્યાય સ્વભાવ છે). સમજાણું કાંઈ? એક સમયમાં અનંતગુણ.. કાળા કહે છે ને? કાળો રંગ તો બીજા સમયે અનંતગુણા સફેદ ગુણ, સફેદ પર્યાય. ભગવાન! એ પર્યાય સ્વભાવ, ક્ષેત્ર સ્વભાવ એ સ્વભાવ કોઈ અચિંત્ય છે! એવો ભગવાનઆત્મા,.. સમજાણું કાંઈ ? ક્ષેત્રસ્વભાવ પણ એવો છે કે એક આકાશના પ્રદેશમાં, બધા પરમાણુ સ્થુળ સ્કંધ સૂક્ષ્મ-સૂક્ષ્મ થઈ જાય, તો એક પ્રદેશ અવગાહન દેવામાં નિમિત્ત થવાની તાકાત રાખે છે. આહાહા..!

મુમુક્ષુ :– એક પ્રદેશમાં અનંત પરમાણુ આવી જાય?

ઉત્તર :– આખો લોક આવી જાય. જો સૂક્ષ્મ થઈ જાય. સૂક્ષ્મ થતા નથી એ બીજી વાત છે. અજર થઈ જાય. તો એક પ્રદેશમાં આખું ચૌદ બ્રહ્માંડ રહી શકે, એવી અવગાહન શક્તિની તાકાત એક પ્રદેશમાં છે. ક્ષેત્રમાં એટલી તાકાત છે. સમજાણું કાંઈ? પરમાણુની એક સમયની આમ તાકાત અને આમ રૂપાંતર થવાની તાકાત છે. ઓહોહો..! સમજાણું કાંઈ? આકાશનો અચિંત્ય સ્વભાવ, ક્યાંય નથી એમ નથી. છે, છે એમ દશે દિશામાં ચાલ્યો જાય. છે.. છે.. છે... પછી નથી, પછી નથી એમ ક્યાંય આવે જ નહિ. અનંત છે.. છે.. એમ ચાલ્યો જાય. છે... છે... છે... છે...

મુમુક્ષુ :– અનંતકાળ ... ચાલ્યો પણ જાય તો તેનો અંત નહિ આવે?

ઉત્તર :– અંત ક્યાંથી આવે? પણ એ છે... છે... છે... એનો પ્રશ્ન શું ? સમજાણું કાંઈ? ઓહો..! એવો તો ક્ષેત્રનો સ્વભાવ, પરમાણુનો સ્વભાવ, આકાશનો સ્વભાવ, અરે...! ભગવાનના આત્માના જ્ઞાનની એક સમયની પર્યાય... આ બધા પ્રશ્ન ઊઠ્યા ક્યાંથી ? કે પેલું આવ્યું હતું ને? ભાઈ ! **'जाणदि पस्सदि'** ત્રિકાળ કેમ છે આ? કાલે બપોરે આવ્યું હતું ને. રાત્રે પ્રશ્ન થયો હતો આજે વળી રસ્તામાં એ ચાલ્યું હતું. એ ('નિયમસાર'ની) ૯૭ મી ગાથા આવી હતી ને. **'जाणदि पस्सदि सव्वं'** કારણપરમાત્મા કહો. પોતાનો કારણ પ્રભુ, ત્રિકાળી દ્રવ્ય એમાં જ્ઞાન, દર્શન ત્રિકાળ સ્વભાવ એવો છે કે કારણપરમાત્માને જાણે છે-દેખે છે. જાણવું-દેખવું એ વળી શું આવ્યું? ભગવાન એ વસ્તુ, એ પદાર્થમાં જ્ઞાન, દર્શન એવો સ્વભાવ છે કે કારણપરમાત્મા, અનંતગુણરૂપ આત્મા (છે તેને જાણે-દેખે). એક જ્ઞાનમાં અનંતી કેવળજ્ઞાનની પર્યાયવાળું જ્ઞાન, તે જ્ઞાન કારણપરમાત્માને જાણે અને દર્શન તે કારણપરમાત્માને દેખે. એવો અંતર એનો સ્વભાવ ત્રિકાળ... ત્રિકાળ... ત્રિકાળ.. આહાહા..! ગજબ વાત છે. અદ્ભૂતા અદ્ભૂતમ્!

એમ ભગવાનઆત્મા એક સમયમાં ઉપયોગ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે. સમજાણું કાંઈ? એ પછી ૪૭ માં શ્લોકમાં લેશે. પોતાના સ્વરૂપમાં સ્થિત થઈને કેવળજ્ઞાન લે. જેવો અંદર બેહદ જ્ઞાન, દર્શન કારણપરમાત્માને દેખનાર પડ્યો છે. આહાહા..! સ્વભાવ... સ્વભાવ... સ્વભાવના મહિમાની મહિમા શું કહેવી? સમજાણું કાંઈ? એ ભગવાનનો દરબાર અનંતગુણથી ભરેલો છે. આત્મભગવાનમાં દરબાર પડ્યા છે. કહે છે કે તેની એક સમયની દશા ત્રણકાળ ત્રણલોક એક સમયમાં જાણે એ કોઈ અતિશય, વિશેષતા નથી. સમજાણું કાંઈ? એક પરમાણુ પણ એક સમયમાં કાળાનો અનંતગુણો ધોળો થઈ જાય. ભગવાન ! એ વસ્તુનું સ્વરૂપ જ કોઈ અચિંત્ય, અલૌકિક છે. સમજાણું કાંઈ? એમ ભગવાનઆત્મા એક સમયમાં રાગમાં રોકાઈ જાય,.. સમજાણું કાંઈ? તો પણ અનંત સંસાર ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? 'પ્રવિણભાઈ'! એવું છે કે નહિ? છે કે નહિ? છે એમાં નહિ એમ ક્યાંય નહિ આવે. છે.. છે... છે... સમજાણું કાંઈ?

એવો ભગવાનઆત્મા પોતાના તરફનું લક્ષ, આશ્રય છોડીને પુદ્ગલને નિજ જાણીને... આહાહા..! દૃષ્ટિ ગુલાંટ ખાઈ ગઈ. આહાહા..! અચિંત્ય અનંત મહાત્મ્યવંત પ્રભુ ! જેના દરબારમાં અનંતા પરમાત્મા બિરાજમાન છે. જેના દરબારમાં અનંતા પરમાત્મા બિરાજમાન છે. આહાહા..! આ દિવનખાનામાં તો રાજાને ૨૫-૫૦-૧૦૦-૫૦૦-૧૦૦૦-૫૦૦૦-૧૦૦૦૦ આવતા હશે. ચક્રવર્તીના મહેલમાં ૩૨ હજાર. કેટલા? કેટલા પણ? બોલતા કેમ નથી? ખબર નથી. ૩૨ હજાર. ૩૨ હજાર દેશ છે ને. ૩૨ હજાર રાજા. ચક્રવર્તી જેવો રાજા. આ પેલો ઇન્દ્ર લ્યો ઉપર, અસંખ્ય દેવ, લ્યોને! અસંખ્ય દેવ એના દરબારમાં. મોટું વિમાન હોય, અસંખ્ય દેવનો દરબાર ભરાય. ભગવાનઆત્માના દરબારમાં અનંતા અનંતા પરમાત્મા

બિરાજે છે.

મુમુક્ષુ :– પેલી બધી સ્થિતિ બહારની અને આ માલીપા (અંદરમાં)...

ઉત્તર :– બહારમાં ધૂળમાં પણ નથી. એ માટે તો અહીં કહે છે. આહાહા..!

ભગવાનઆત્મામાં અસંખ્ય પ્રદેશમાં અનંતા પરમેશ્વર આમ બિરાજે છે. એવો ભગવાનનો દરબાર છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– બોલવામાં તો થોડું કહેતા જાજુ સમજાય છે.

મુમુક્ષુ :– દાખલામાં થોડું કહેતા જાજુ સમજાય. 'ચીમનભાઈ'! એમ કહે છે, બહારની વાત થોડી કહે તો ઘણું સમજાય અને અંદરમાં જાજુ કહે તો પણ બરાબર નથી સમજાતું એમ કહે છે. આહાહા..! રુચિ અનુયાયી વીર્ય. જેની જરૂરિયાત જાણે તહાં વીર્ય વળ્યા વિના રહે નહિ. વળ્યા વિના રહે નહિ સમજો છો? ઝુકાવ. જેની જરૂરિયાત જણાય તેમાં વીર્ય ઝુક્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ?

ભગવાન એવો આત્મા, બધા અનંત.. એક વાત વળી બીજી આવી. કે જે સાધુ હતો ને? પોતે સાધુ થાય ને? આચાર્ય થાય, ઉપાધ્યાય થાય એની જે એ બધી નિર્મળ પર્યાય છે ને? એ નિર્મળ પર્યાય ભગવાનમાં બિરાજે છે. આહાહા..! સમજાણું કાંઈ? આત્મામાં તે સાધુપદની પર્યાય સમ્યગ્દર્શનથી માંડીને, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-આનંદની પર્યાય ચોથા ગુણસ્થાનને યોગ્ય ૬૬ સાગર આદિ રહે. પાંચમાં ગુણસ્થાનને યોગ્ય દશા રહે, છઠ્ઠાને યોગ્ય દશા રહે, સાતમાને યોગ્ય દશા રહે. એ બધી દશાઓ ભગવાનઆત્મામાં બિરાજમાન છે. આહાહા..! ભગવાનનો દરબાર પણ કેવડો મોટો ! આહાહા..! સમજાણું કાંઈ ?

જેટલી સાધક પર્યાય અલ્પ, અધિક અને પૂર્ણ એ બધી પર્યાયો ભગવાનઆત્મામાં બિરાજમાન છે. અનંત સાધુઓ આત્મામાં બિરાજમાન છે. આહાહા..! 'ચીમનભાઈ'! સમજાય છે કાંઈ આમાં? આહાહા..! અરે..! ભગવાન! આત્મામાં કેવળજ્ઞાન થાય એમ તું માન, તો તો એનો અર્થ એ થયો કે જેટલી સાધકપર્યાય અને કેવળજ્ઞાનની અનંતી પર્યાય એના જ્ઞાનગુણમાં બધી વર્તમાન પડી છે. એમાં વર્તમાન પડી છે. એવા એવા એક ગુણની અનંતી અનંતી સાધકપર્યાય અને પૂર્ણપર્યાય, એમ આનંદની સાધક અપૂર્ણ પર્યાય અને પૂર્ણ પર્યાય, વીર્યની આવી પર્યાય.. આહાહા..! એની સ્વચ્છતાની, પ્રભુતાની, વિભુતાની, કર્તા-કર્મ-કરણાદિની સાધકની જે નિર્મળ પર્યાય અને પૂર્ણ (નિર્મળ પર્યાય), એ બધી ભગવાનના દરબારમાં પડી છે. આહાહા..! આ ભગવાન ક્યો? સમજાણું કાંઈ ?

એવા દરબારને ભૂલીને, એક રાગનો કણ, મલિન કષાય, પોતાના ઉપયોગમાં... **'अभिनन्दति'** છે ને અહીં? એની વ્યાખ્યા છે ને આ? સમજાણું કાંઈ? એ તો ટૂંકા શબ્દ કર્યા છે. **'अविद्वान् पुद्गगलद्रव्यं अभिनन्दति'** એનો અર્થ કર્યો. ભગવાનઆત્મા પૂર્ણાનંદ આવા અનંત અનંત દરબાર–ગુણથી–ભરેલા પ્રભુને વિસારીને રાગને અભિનંદે છે. રાગની

પ્રશંસા કરે છે. દયા, દાનના રાગના એક સૂક્ષ્મ કણને પણ હિતકર સ્વીકારે છે, પોતાના ઉપયોગમાં એકત્વ કરે છે. (તેને) પુદ્ગલ સંગ નહિ છોડે. કેમકે તું સંગ નથી છોડતો તો એ સંગ શું કામ છોડે? આહાહા..! સમજાણું કાંઈ? સમજાય છે કે નહિ? 'રવિભાઈ'! આ બધું સાહિત્ય બીજી જાતનું છે. આહાહા..!

**'પુદગલ કો નિજ જાનકર,...'** એનો અર્થ એ કે પોતાનું સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ, તેનો આદર ન કરતા અને રાગના સૂક્ષ્મ કણને પણ અભિનંદન આપ્યા, અભિનંદન આપ્યા, પ્રશંસા કરી, શ્રદ્ધા કરી, તે હું છું એવી એકત્વબુદ્ધિ કરી. તો **'અજ્ઞાની રમજાય.'** પોતાના સ્વરૂપનો બેભાની અને રાગમાં ભાનવાળો એ હું છું, એમ રમે **'ચહુંગતિમેં તા સંગકો,..'** ચાર ગતિના સંગમાંથી છુટવાનો તેને ભાવ નથી, તો ચાર ગતિનો સંગ તેને છોડતા નથી. આહાહા..! સમજાણું કાંઈ ?

મુમુક્ષુ :– અભિનંદનનો અર્થ એ સારો છે એટલું જ કહેવું છે, સાથે રહેવાનું કાંઈ કીધું નથી.

ઉત્તર :– એ સારું કહે એનો અર્થ થયો કે મારી સાથે રહેજે. બહુ સારો છે તું. એનો અર્થ શું થયો? મારો સાથી રહેજે, મારી સાથે રહેજે. તેનો અર્થ એ. મારી શ્રદ્ધા છે તારા ઉપર. વિશ્વાસ છે. અભિનંદનનો અર્થ એમ કર્યો, જુઓને ! સમજ્યા? **'देहादिकमभिनन्दति श्रद्धत्ते'** છે ને ભાઈ ! નીચે સંસ્કૃતમાં છે. **'श्रद्धत्ते'** વિશ્વાસ.. વિશ્વાસ... તું પણ મારો સાથી છે, તું પણ મારો સાથી છે. તું પણ મારો સગો છે, તું પણ મારો (સગો છો). ઓહો..! સ્વ છે. મારો નામ તું મારો સ્વ છે અને હું તારો સ્વામી છું. 'પંડિતજી'! આહાહા..!

મુમુક્ષુ :– પછી શા માટે છૂટે?

ઉત્તર :– એ નોકરી શું કામ છોડે? રાગ હું છું, રાગ મારો છે અને હું તેનો સ્વામી છું. રક્ષા કરો. સમજાણું?

**दोहा - पुद्गलको निज जानकर, अज्ञानी रमजाय।**
**चहुँगतिमें ता संगको, पुद्गल नहीं तजाय।।४६।।**

એ વિકાર તેને છોડશે નહિ. વિકારનો આદર કરે છે તો વિકાર છોડશે નહિ. વિકાર રહેશે તો ચાર ગતિ તેને પ્રાપ્ત થશે. તેને સંસાર છોડશે નહિ. ઓહોહો..! 'હરિભાઈ'! ન્યાં 'મુંબઈ'માં શું હતું? રૂપિયા રળવામાં હતું કાંઈ ન્યાં? ધૂળમાં હતું, ધૂળ. 'મોહનભાઈ'! કહે છે કે આહાહા..! તારી પર્યાય... ઉપાદાનની યોગ્યતાનો અર્થ કે રાગમાં રમે. તો રાગનું ફળ બંધ અને બંધનું ફળ સંયોગ. સંયોગ તેને છોડશે નહિ. સંયોગીભાવને પોતાના માનનારને સંયોગ, પદાર્થ તેને અસંગ નહિ રાખે. તેના સંગમાં જોડી દીધા. આહાહા..! 'પૂજ્યપાદસ્વામી' કેટલા થોડા શબ્દમાં (વાત કરે છે)! **'પુદ્ગલ નહીં તજાય.'** લ્યો. હવે એ કહ્યું. હવે સવળું લે છે. હવે જે સ્વભાવ વખાણના કર્યા ને, (એની વાત કરે છે).

आत्मस्वरूपमें तत्पर रहनेवालेको क्या होता है?
आचार्य कहते हैं -

**आत्मानुष्ठाननिष्ठस्य, व्यवहारबहिःस्थितेः।**
**जायते परमानन्दः, कश्चिद्योगेन योगिनः।।४७।।**

अर्थ :- देहादिकसे हटकर अपने आत्मामें स्थित रहनेवाले तथा प्रवृति-निवृत्ति-लक्षणवाले व्यवहारसे बाहिर दूर रहनेवाले ध्यानी योगी पुरुषको आत्म-ध्यान करनेसे कोई एक वचनोंके अगोचर परम जो दूसरोंको नहीं हो सकता ऐसा आनन्द उत्पन्न होता है।।४७।।

**दोहा - ग्रहण त्यागसे शून्य जो, निज आतम लवलीन।**
**योगीको हो ध्यानसे, कोई परमानन्द नवीन।।४७।।**

---

**'આચાર્ય કહે છે :–'** જુઓ ! **'આત્મસ્વરૂપમેં તત્પર રહનેવાલેકો ક્યા હોતા હૈ?'** પહેલા કહ્યું કે રાગમાં તત્પર રહેનારને ચાર ગતિ નહિ છૂટે. પુદ્‌ગલ સંગ તેને છોડશે નહિ. તો આત્મામાં તત્પર થવાથી શું થશે? સમજાણું કાંઈ? **'આત્મસ્વરૂપમેં તત્પર રહનેવાલેકો ક્યા હોતા હૈ? આચાર્ય કહતે હૈં :–'**

**आत्मानुष्ठाननिष्ठस्य, व्यवहारबहिःस्थितेः।**
**जायते परमानन्दः, कश्चिद्योगेन योगिनः।।४७।।**

**'દેહાદિક સે હટકર અપને આત્મામેં સ્થિત રહનેવાલે...'** પહેલા પરદ્રવ્યનું લક્ષ છોડીને, એટલું સાધારણ લીધું. શરીર, કર્મ આદિ બધા બાહ્ય પદાર્થ, તેનાથી હટીને. **'અપને આત્મામેં...'** ભગવાનઆત્મા, જેના દરબારમાં અનંત આનંદ, અનંત આનંદરૂપી દરબાર પડ્યો છે. અનંત જ્ઞાન, શાંતિ, આનંદ એવો પોતાનો સ્વભાવ અચિંત્ય, મહાત્મ્યવંત (છે). તેમાં જે **'દેહાદિક સે હટકર અપને આત્મામેં...'** જુઓ ! પોતાના આત્મામાં, હોં! **'સ્થિત રહનેવાલે...'** અંદર ભગવાનઆત્મામાં **'સ્થિત રહનેવાલે...'**

**'તથા પ્રવૃત્તિ-નિવૃત્તિ લક્ષણવાલે વ્યવહારસે બાહિર દૂર રહનેવાલે...'** જુઓ! આ વ્યવહારની વ્યાખ્યા. કોઈ કહે કે ભાઈ! પ્રવૃત્તિ એ વ્યવહારનું લક્ષણ છે, નિવૃત્તિ વળી બીજું લક્ષણ છે, નિશ્ચયનું લક્ષણ છે. અશુભની નિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિ બન્ને વ્યવહારનું લક્ષણ છે. સમજાણું કાંઈ? અશુભથી નિવૃત્તિ તે સંવર હોય છે, પ્રવૃત્તિ તે રાગ છે. એમ નથી. ભગવાનઆત્મા,.. એનો અર્થ તો બહું ટૂંકો હિન્દીમાં કરશે. **'ગ્રહણ ત્યાગ સે શૂન્ય જો,...'**

છેને ભાઈ એમાં? ગ્રહણ-ત્યાગ. પ્રવૃત્તિ અને નિવૃત્તિ. ગ્રહણ એટલે પ્રવૃત્તિ અને ત્યાગ એટલે નિવૃત્તિ. અશુભથી નિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસનાથી નિવૃત્તિ અને દયા, અહિંસા, સત્ય, દત્તના વિકલ્પમાં પ્રવૃત્તિ, બન્ને વ્યવહારના લક્ષણ છે. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ?

એ વળી એક તેરાપંથી એમ કહે કે પરને બચાવવાનો ભાવ છે એ પાપ છે. તેને દુઃખ ન દેવાનો ભાવ તે પુણ્ય છે. ન દેવાનો ભાવ. અહીંયાં તો કહે છે કે પરને સુખ દેવાનો ભાવ તે પણ પુણ્ય વ્યવહાર છે. અને દુઃખ નહિ દેવાનો ભાવ તે શુભ વ્યવહાર જ છે. એવી વાત છે. ઓહોહો..! સમજાણું કાંઈ? કહો, સમજાણું કાંઈ? આ શું ચાલે છે? કે ભગવાનઆત્મા જેમ બહિર્ રાગમાં સ્થિત હતો તો સંસાર તેને છોડશે નહિ. અને જે વ્યવહારની પ્રવૃત્તિથી બહાર છે તેને મોક્ષ આવ્યા વગર રહેશે નહિ. સમજાણું કાંઈ? શું કહ્યું?

**'દેહાદિકસે હટકર અપને આત્મામેં સ્થિત રહનેવાલે તથા પ્રવૃત્તિ-નિવૃત્તિ લક્ષણવાલે વ્યવહારસે બાહિર...'** અંદર સંસ્કૃતમાં છે ને? પંડિતજીને હમણાં પૂછ્યું હતું. કીધું, બહિર સ્થિતિ અને બાહ્ય, બે શબ્દ પડ્યા છે. બહિર સ્થિતિ એટલે બહાર. બાહ્યસ્થિતિ છે એટલે કે બહાર. એટલે પછી અહીંયાં એમ કહ્યું કે બાહિર સ્થિતિ છે અર્થાત્ કે દૂર, દૂર રહેવું. સમજાણું કાંઈ? બાહ્ય સ્થિતિથી દૂર રહેનાર. ઓહોહો..! સમજાણું કાંઈ? જે કોઈ આત્મા પ્રવૃત્તિ-નિવૃત્તિનો વિકલ્પ જે શુભ-અશુભ છે, અશુભથી નિવૃત્તિ અને શુભથી પ્રવૃત્તિ છે તે, પણ તેનાથી હટીને. કેમ કે પ્રવૃત્તિ-નિવૃત્તિનો ભાવ જ વ્યવહાર છે. વ્યવહાર જ બંધ છે. વ્યવહાર એ જ બંધ છે, એ જ સંસાર છે. સમજાણું કાંઈ? તે ભાવબંધ છે.

અશુભથી નિવૃત્તિ, શુભમાં પ્રવૃત્તિ તે ભાવબંધ છે. ભગવાન દુઃખની જેલમાં તે પડે છે. સમજાણું કાંઈ? આનંદ પ્રભુ, અતીન્દ્રિય આનંદ ભગવાનઆત્મા એ બહારમાં રોકાય છે (તો) જેલમાં પડે છે. ધર્માત્મા તે બહારમાંથી નીકળી જાય છે. સમજાણું કાંઈ? આ તો અલૌકિક વાત છે. 'ચીમનભાઈ'! આહાહા..! ત્યાં તો આવું ખોલ્યું હોય તો ફટ-ફટ પૈસા આવે. ઢગલા લ્યો. વળી પાછી ભીંસ પડે તો પણ ખબર ન પડે. કેમ ચુકવવું ને કેમ થવું? શું કરવું આ બધું? વર્તમાનમાં સરકારના ભારે આકરા કામ છે ને? આટલું આપો. ઇન્કમ ટેક્સ.

મુમુક્ષુ :– એની ઓથ છે તો નિરાંતે બેસાય છે ને.

ઉત્તર :– એની ઓથે બિલકુલ બેસતો નથી. કલ્પના છે કે મારી પાસે છે તો હું નિવૃત્તિ લઈ શકું છું. એ જ કહે છે કે નિવૃત્તિ અને પ્રવૃત્તિ બન્ને વિકલ્પ બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– પ્રવૃત્તિ, નિવૃત્તિ બન્ને જેલ છે.

ઉત્તર :– જેલ છે. 'એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે' આવે છે ને એ? એનો પહેલો શબ્દ શું છે?

મુમુક્ષુ :– નિર્દોષ સુખ...

ઉત્તર :– 'નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ લ્યો ગમે ક્યાંથી ભલે...' આહાહા..! ૧૬ વર્ષે (લખે છે), હોં! 'ચીમનભાઈ'! કેટલા વર્ષ થયા?

મુમુક્ષુ :– ૧૭.

ઉત્તર :– આ સોળ વર્ષની વાત છે. સમજ્યા? સોળ વર્ષ અને ચાર મહિના. ૧૦૮ પાઠ બનાવ્યા. એમાંનો એક પાઠ આ. 'નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે, એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે.'

મુમુક્ષુ :– ગમે ત્યાંથી એટલે...

ઉત્તર :– ગમે ત્યાંથી શું ધૂળમાં. ગમે એટલે જ્ઞાન (છે) ત્યાંથી. સમજાણું કાંઈ? આ લજ્જા થાય છે. અર..ર..! સોળ વર્ષ અને ચાર મહિનમાં આમ કહે છે. એય..! 'પોપટભાઈ'! સોળ વર્ષ, હોં ! સોળ વર્ષ એટલે? અને ચાર માસ. 'શ્રીમદ્' છે ને? કહે છે, અરે..! પ્રભુ! આહાહા..! અંદરથી પોકાર ઉઠ્યો છે. 'નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લે ગમે ત્યાંથી ભલે...' અંતરમાં એકાકાર થઈને કોઈપણ ક્ષેત્ર અને કોઈપણ કાળમાં હો, પણ અંતરમાં એકાકાર થઈ આનંદને પ્રગટ કર. 'એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નિકળે.' એ દિવ્ય શક્તિમાન ભગવાન જેલમાંથી નીકળે.

આ પ્રવૃત્તિ-નિવૃત્તિનો વિકલ્પ એ જેલ છે. જેલ છે અને ઝેર છે. સમજાણું કાંઈ? એ પ્રવૃત્તિ-નિવૃત્તિના વિકલ્પો એ જેલના મોટા સળિયા આડા પડ્યા છે. છોડ.. છોડ.. કહે છે. આહાહા..! પેલા કહે છે કે વ્યવહારથી આમ થાય. અહીં તો કહે છે કે સાંભળ તો ખરો, પ્રભુ! એ પ્રવૃત્તિનો, શુભનો કોઈપણ જાતનો વિકલ્પ ઊઠે અને અશુભથી નિવૃત્તિનો, તે બધાનું વ્યવહાર જ લક્ષણ છે. બન્નેના વ્યવહાર જ લક્ષણ છે. એમાં એકની નિવૃત્તિ નિશ્ચય લક્ષણ અને પ્રવૃત્તિ વ્યવહાર લક્ષણ એમ છે નહિ. આહાહા..!

જુઓને ! 'આશાધરજી' પણ એને મુનિ મળી ગયા છે. એમના શબ્દો ઉપરથી આ ટીકા વધારે સ્પષ્ટ કરી છે. મુનિ પણ સમર્થ છે એમ લખ્યું છે, આગળ વિનયનું આવશે. શું કીધું? વિનય. 'સાગરચંદ' નામક મુનિ છે 'વિનયચંદ્ર'. 'વિનયચંદ્ર' મુનિ હશે. એના વચન. સમજ્યા? **'વિનયચંદ્ર નામક મુનિ કે વાક્યો કા સહારા લેકર...'** એના વાક્યનો સહારો લીધી. મુનિ કહેતા હશે એનું આમ.. એનું આમ.. ટીકામાં ... ઓહો..! 'આશાધરપંડિત' ગૃહસ્થાશ્રમમાં પંડિત છે, હોં!

કહે છે, ભગવાનઆત્મા ચાહે હું આમ કરું, આવો વિકલ્પ હોય અથવા તેનાથી છૂટું એવો વિકલ્પ હોય. સમજાણું કાંઈ? પરથી હટુ એવો શુભરાગ હોય કે પરમાં દયા આદિ,

બ્રહ્મચર્ય પાળુ એવો શુભરાગ હોય, બધા પ્રવૃત્તિ લક્ષણ વ્યવહારનું સ્વરૂપ છે. તેનાથી **'બાહિર દૂર...'** એવો શબ્દ લીધો છે. કીધું ને? બહિર સ્થિતિનો અર્થ બહાર કર્યો અને બાહ્યનો અર્થ દૂર કર્યો. એટલે બાહ્યમાં રહ્યો. બહારમાં રહ્યો હતો, બહારમાં રહ્યો હતો, દૂર કરી નાખ્યો. ગુલાટ ખાઈ ગયો છે. બાહ્યથી દૂર થઈ ગયો. સમજાણું કાંઈ? બહારમાં જે સ્થિર હતો તેનાથી દૂર થઈ ગયો. ઓહોહો..! વ્યવહારથી દૂર, વ્યવહારથી બહાર અર્થાત્ વ્યવહારથી દૂર. સમજાણું કાંઈ? હવે આ કહે કે વ્યવહાર કરતા-કરતા કંઈક થશે. ધૂળમાં પણ નથી, સાંભળ તો ખરો. ભગવાન ચિદાનંદને જેલમાંથી કાઢવાની તને ખબર નથી. સમજાણું કાંઈ?

**'વ્યવહાર સે બાહિર દૂર રહનેવાલે...'** એટલું. હવે કોણ? **'ધ્યાની યોગી...'** પોતાના આનંદ સ્વરૂપમાં એકાગ્ર થનાર યોગી. યોગી એટલે સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદ પ્રભુ ! જેના અંતર દરબારમાં અનંતા પરમાત્મા પડ્યા છે એનો ભેટો કરનાર જ્ઞાની, વ્યવહારથી હટીને પોતામાં લીન. જુઓ !

**'ધ્યાની યોગી...'** પોતાનું શુદ્ધ આનંદ સ્વરૂપ, એકાગ્રરૂપ યોગ જોડનાર, એકાગ્રરૂપ યોગ–જોડાણ કરનાર પુરુષને, એવા આત્માને. **'પુરુષકો...'** એટલે કાંઈ પુરુષ અને સ્ત્રી એમ નહિ. એવા આત્માને. સમજાણું કાંઈ? શાંત થઈને બહારની પ્રવૃત્તિ, વિકલ્પાદિથી દૂર થઈને, બહારથી દૂર થઈને, અંતરમાં સમીપમાં આવીને. બહારથી દૂર થઈને, અંતર ભગવાન અતીન્દ્રિય આનંદ પ્રભુ તેની સમીપમાં આવનાર, તેનું નામ ધ્યાની યોગી. સમજાણું કાંઈ? આહાહા..!

**'આત્મ-ધ્યાન કરનેસે...'** ભગવાનઆત્મા પૂર્ણાનંદ અને અનંત પરમાત્મસ્વરૂપ એવો પોતાનો કારણપરમાત્મા, તેનું ધ્યાન કરવાથી. ઉપયોગ અંતર વાળવાથી. ઉપયોગમાં જે રાગની એક્તા હતી તેનાથી દૂર હટીને, ભગવાનની સાથે એક્તા થવાથી, શુદ્ધ ચૈતન્ય પરમાત્મા નિજ સ્વરૂપ, આઠ વર્ષની બાળિકાનું શરીર હો કે દેડકાનું શરીર હો. દેડકાને શું કહે છે? મેંઢક. પોતાની પ્રવૃત્તિ-નિવૃત્તિરૂપ વિકલ્પથી હટીને, પોતાનો ભગવાનઆત્મા, ક્ષેત્રથી શરીરપ્રમાણ ભલે થોડું ક્ષેત્ર હો, એની સાથે સંબંધ છે જ નહિ.

એક પરમાણુનો અસ્તિત્વગુણ પણ એક પરમાણુમાં આખો પૂર્ણ રહે છે. અને એક અસ્તિત્વગુણ આખા આકાશમાં પણ પૂરો રહે છે. તો એ અસ્તિત્વગુણ મોટો છે અને આ નાનો છે એમ છે નહિ. સમજાણું કાંઈ? એક અસ્તિત્વ–સત્તા નામનો ગુણ એક રજકણમાં એક ક્ષેત્રમાં, એક પ્રદેશમાં વ્યાપીને પૂર્ણ ગુણ રહે છે. અને એક સત્તા નામનો ગુણ સર્વવ્યાપક આકાશમાં પૂર્ણ ગુણ રહે છે. ક્ષેત્ર મોટું છે તો સત્તાગુણ મોટો છે એમ છે નહિ. રહેવાનું છે એમાં નાનું-મોટું શું? સમજાણું કાંઈ? એક પ્રદેશમાં, રજકણમાં અસ્તિત્વગુણ રહે છે તો એ નાનો (છે એમ નથી). પણ છે એમાં નાના-મોટાની શું વાત છે? છે. આ છે.

એમ ભગવાનઆત્મા દેડકાના શરીરમાં અસંખ્યપ્રદેશી હો કે સવા પાંચસો ધનુષનું શરીર

'બાહુબલીજી' નું હોય. સમજાણું કાંઈ? તો ક્ષેત્ર નાનું-મોટું થવાથી અંતરમાં (સ્વભાવ) નાનો-મોટો નથી. ભાવ તો મોટો બધામાં સરખો જ છે. સમજાણું કાંઈ? આહાહા..! એ પણ અંતરમાં આમ (ઉપયોગને) વાળે છે. આ પાંચસો ધનુષવાળા જીવ પણ પોતાને આમ અંતરમાં વાળે છે. ક્ષેત્ર ભલે મોટું હોય. ભાવ તો બંનેનો પરિપૂર્ણ સરખો જ છે. સમજાણું કાંઈ?

એવા પોતાના આત્મામાં ધ્યાન કરવાથી. તે પણ ધ્યાન હતું. રાગમાં એકત્વ એ પણ ધ્યાન હતું–આર્તધ્યાન (હતું). સમજાણું કાંઈ? આ ભગવાન જ્ઞાયક અનંતગુણનો પ્રભુ, તેમાં એકાગ્ર થવાથી **'કોઈ એક વચનોંકે અગોચર...'** અરે...! જગતના રસના સ્વાદની વાત ન કહી શકે (તો) આ આત્માના અતીન્દ્રિય વચનઅગોચર આનંદની શું વાત? એમ કહે છે. સમજાણું કાંઈ? સાધારણ એક ચુરમાનો લાડુ ખાય છે તો તેનો સ્વાદ કેવો છે? લાવો બતાવો. તમારા ખ્યાલમાં છે એ ચિતરામણ કરીને બતાવો.

મુમુક્ષુ :– ખાંડની બદલે મીઠું નાખી દે એટલે ખબર પડી જાય.

ઉત્તર :– એ તો પેલાને ખબર પડે, આણે શું બતાવ્યું?

ભગવાનઆત્મા... એક રસનો, સંસારી રસનો, જડ રસનો... કેરીનો રસ લ્યો. સમજ્યા? બહુ મીઠી, નાની અને ગોઠલી નાની, ઉપરની છાલ પાતળી. એવી કેરી હોય છે ને? કેરી ઘણી જાતની હોય છે. એ... 'જમુભાઈ'! એ કેરીનો રસ સ્વાદમાં આવ્યો તે બતાવજો, ભાઈ ! તારા ખ્યાલમાં એ ચીજ આવી છે ને? કેવી છે બતાવો. લાવો, શબ્દમાં લાવો. મીઠી ભારે હતી પણ, ભાઈ ! ઓહોહો..! અને ઘીની પૂરી અને આ રસ. ધૂળના રસનો ખ્યાલ પણ પૂરો આપી ન શકે. એ તો ધૂળ છે ને? શું છે?

મુમુક્ષુ :– વર્ણન સાંભળતા તો મોઢામાં પાણી છૂટે છે.

ઉત્તર :– એમ આ સાંભળતા આનંદ છૂટવો જોઈએ એમ કહે છે. આહાહા..! ભગવાનઆત્મા... કહે છે, ચૈતન્ય લાડવો મારે ખાવો છે. કાલે ભાઈ 'વિમલ' કહેતો હતો. 'ધીરૂભાઈ'નો. મેં કીધું, આત્મા શું કહે છે? બોલ. પેલા બોલ આવડે છે ને? આ છોકરા બોલશે થોડું. છોકરાઓ છે કે નહિ? આત્મા ચૈતન્યપિંડ છે. 'ચીમનભાઈ'એ કર્યું છે ને? ક્યાં ગયા 'ચીમનભાઈ'? એ છોકરાઓને થોડું (શીખવ્યું છે). આત્મા ચૈતન્યપિંડ છે. મારો કોઈ કર્તા નથી. એને કીધું, તારો બાપ નથી આ 'ધીરુ'? એ તો સૌને બાપ છે, કહે. તું કહે છો ને મારો કોઈ કર્તા નથી અને વળી આ કર્તા ક્યાંથી લાવ્યો આ? ચૈતન્યપિંડ છે. તો પિંડ તો લાડવો પણ છે. લાડવો પણ જડનો પિંડ આવો છે. એ ખાઈ શકે છે? તો કહે હા. તો આત્મા ખાઈ શકે છો? ના ના, એ નહિ. ખાઈ શકે છે કીધું. સાંભળ તો ખરો. ભગવાન આનંદપિંડના ખોરાકની વાત ચાલે છે, જુઓ ! સમજાણું કાંઈ? પહેલા એ ચીજ નજરમાં આવ્યા વિના એકાગ્ર ક્યાં થશે? તે ચીજ કેવી છે એ લક્ષમાં, દૃષ્ટિમાં આવ્યા વિના એકાગ્ર ક્યાં થવું? કોનું ભોજન કરવું?

મુમુક્ષુ :- એને લાડવો ખવરાવ્યો કે નહીં પછી.

ઉત્તર :- એ તો છોકરું, બાળક છે. એને પાછો 'જીતુ' કાનમાં લડાવતો હતો. ક્યાં ગયો 'જીતુ'? એને કાનમાં લડાવતો હતો. કોઈક એમ કહે, ભૂખ લાગી છે. મને અત્યારે દે. સાંજે ભૂખ લાગી ને, ખાવા જાવાનો હતો ને એટલે. થોડોક લાડવો.. કીધું, લાડવો છે પણ નજર તો કર. લાડવો ક્યાં છે એ નજર કર્યા વિના તને ખાવાનું શી રીતે દેવું? ક્યાં ભગવાન બિરાજે છે? કેટલા ગુણસંપન્ન તેની નજર થયા વિના, નજર પડ્યા વિના એકાગ્ર કઈ રીતે થશે? એકાગ્ર થવું તે ચૈતન્યના લાડવાનો અનુભવ છે. સમજાણું કાંઈ? છોકરા શું કરે બિચારા? આહાહા..! અરે..! છોકરા ક્યાં છે? ઉપરનું શરીર જોવું છોડી દેને. ઉપરના શરીરને જોવાનું છોડી દે. અને એમાં રાગ થાય છે એ જોવાનું પણ છોડી દે અને એક સમયની અવસ્થાને જોવાનું છોડી દે. ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ તું બિરાજે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એવો પોતાનો ભગવાનઆત્મા, તેમાં વ્યવહારથી હટીને... વ્યવહારને સાથે લઈને (નહિ), સમજાણું કાંઈ? દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ એ પ્રવૃત્તિભાવ છે. કુગુરુથી નિવૃત્તિ થઈ પણ એ નિવૃત્તિ શુભરાગ છે. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા તેનાથી હટીને, દૂર રહીને પોતામાં (સ્વમાં) ધ્યાન કરવાથી **'કોઈ એક વચનોંકે અગોચર...'** વચન શું કહે? કેરીના રસનો સ્વાદ વચન શું કહે? જુઓ! આ તમારું ભણતર છે કે નહિ? અંગ્રેજી ભણ્યા છો કે નહિ? વાચ્યું છે કે નહિ? બતાઓ. લાવો. ચિતરામણ કરીને બતાવો કે ભાષા દ્વારા બતાવો કે અમારું અંગ્રેજીનું જ્ઞાન. આ સંચાનું, આ મોટા મોટા સંચા ચલાવતા આમ આવડે. હજારના પગારદાર, બે હજારના પગારદાર. એનું આમ કરી દે, એનું આમ કરી દે. લાવ બતાવો એ જ્ઞાન. ક્યાં છે ઇ? ભાઈ ! મને ખબર પડે પણ હું કેમ બતાવું?

એમ અહીંયા કહે છે કે વચનથી કોઈ અગમ્ય આનંદ છે. દુનિયાની કળા પણ વચનથી કહી શકે નહિ; દુનિયાની કળા, તો ભગવાનઆત્મા આનંદમૂર્તિ પ્રભુ (એના આનંદને કઈ રીતે કહી શકાય)? સમજાણું કાંઈ? લાડવામાં તો ગોળ, ઘી ભેગા થવા છતાં અંદરમાં થોડો થોડો આકાશ રહી જાય છે. રહે છે ને? ચુરમાનો લાડુ હોય ને એમાં પણ આકાશ-પ્રદેશ એકબીજાને અડતા નથી એવા અંદર રહી જાય છે. ખાલી ભાગ ઘણો રહે છે.

મુમુક્ષુ :- ભીંસીને વાળે તો પણ?

ઉત્તર :- ભીંસીને વાળે તો પણ ભાગ રહી જાય છે. આહાહા..! ભાઈ ! અહીં તો આત્માની નિવૃત્તિ બતાવવી છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...દબાવે તો..

ઉત્તર :- એ દબાવે તો પણ અંદર (ખાલી) ભાગ રહે છે. આ આત્મા અનંતગુણની ગાંઠડી છે. એમાં બિલકુલ અવકાશ નથી. એકબીજા ગુણમાં નજર કરે તો કાંઈ ન દેખાય.

નિબિડ છે. સમજાણું કાંઈ? ભગવાન અનંતગુણની ગાંઠડી. પેલા ગાંઠડી નથી બાંધતા? તો પણ એમાં અવકાશ હોય છે. આ મીલમાં રૂની ગાંઠડી બાંધે ને? મીલ કહે? શું કહેવાય? પ્રેસ. આવડું મોટું ધોકડું. મોટું પચીસ મણનું ધોકડું આટલામાં. દસ-દસ મણની ગાંઠડી બાંધે છે ને. લોઢાની પટ્ટી મારીને. તો પણ અંદર એમાં પોલાણ છે. આકાશનો ખાલી ભાગ છે. ભગવાનઆત્મા અનંતગુણની ગાંઠડીમાં એક પ્રદેશનો અવકાશ ખાલી ક્યાંય નથી. એવા અનંતા ગુણ ઠસોઠસ ભર્યા છે. 'ચીમનભાઈ'!

મુમુક્ષુ :– પ્રદેશ જુદા –

ઉત્તર :– એ તો એનું સ્વરૂપ જુદું. પણ અહીં અભેદ એકાકાર અસંખ્ય પ્રદેશમાં, કોઈ એક પ્રદેશ ખાલી-બાકી છે, એમાં અવકાશ છે એમ નથી. એવા ભગવાનઆત્માને એકાકાર થવાથી નિબિડ પ્રભુ, તેમાં એકાકાર થવાથી **'વચનોંકે અગોચર પરમ જો દૂસરોંકો નહીં હો સકતા ઐસા આનંદ ઉત્પન્ન હોતા હૈ.'** (આને) સંસાર ઉત્પન્ન થાય છે, પુદ્‌ગલ ઉત્પન્ન થાય છે, આને આનંદ ઉત્પન્ન થાય છે. બે વાત કરી. સમજાણું કાંઈ? અરે..! આ તે ક્યાંની વાત? પરદેશની હશે? સ્વદેશની છે. ક્યાંક પેલો દેશ હશે અને એમાં આવું હશે, આવું હશે. ભગવાન તારો આત્મા–સ્વદેશની વાત ચાલે છે. પોતાના સ્વદેશમાં નિવાસ કરવાથી વચનથી અગોચર ભગવાનમાં આનંદ પડ્યો છે, તેનો પરમ આનંદ બીજાને નથી થઈ શકતો. એટલે? પોતાના સ્વરૂપમાં એકાગ્ર થનારને હોય છે. બીજાને એમ થતું નથી.

**'ઐસા આનંદ ઉત્પન્ન હોતા હૈ.'** ઓહો..! વાત આનંદથી લીધી, જુઓ! સમજાણું કાંઈ? પોતાનો ભગવાનઆત્મા, તેને છોડીને, તેનાથી વિરુદ્ધભાવ, વિભાવભાવ, તેને સ્વીકારવાથી સંસારસંગ, પુદ્‌ગલ, પરિભ્રમણ, ચતુર્ગતિ નહિ છૂટે. અને ભગવાનઆત્મા પુણ્ય-પાપની, પ્રવૃત્તિ-નિવૃત્તિના વ્યવહાર લક્ષણથી દૂર થઈને પોતાના શુદ્ધ સ્વભાવમાં ધ્યાન કરીને, એનો અર્થ સમીપ થઈને, જે સ્વભાવથી દૂર હતો અને વિભાવથી નજીક હતો, તે વિભાવથી દૂર થઈને, સ્વભાવની નજીક થઈને જે અંતર આનંદ આવે છે એ વચનથી અગોચર છે. સમજાણું કાંઈ? આહાહા..!

પેલા કહેતા હતા. 'શંકરાચાર્ય' હતા ને? 'શંકરાચાર્ય'. એ 'શંકરાચાર્ય'નો એક મોટો રાજા. કોણ રાજા? પેશવા રાજા. આમ બેઠા હતા. પેશવા રાજા આમ પગ ધોવે છે. મોટો રાજા પગ ધોવે. દૂધથી પગ ધોવે. તો રાજાને એમ થઈ ગયું.. ઓહોહો..! આ 'શંકરાચાર્ય' કેટલા ભાગ્યશાળી કે પેશવા દરબાર દૂધથી પગ ધોવે છે, એને કેટલું સુખ હશે! તો રાજા જરી મરકી ગયા. તો 'શંકરાચાર્ય' કહે છે કે, રાજા ! તમે પગ ધોવો છો અને મને સુખ છે એમ તમે કહો છો, પણ અમારા શાસ્ત્રની આંટી-ઘૂંટી કોઈ સૂક્ષ્મ હોય અને આખું શિષ્યમંડળ વિચારમાં પડી જાય અને એની ખીલવટ લક્ષમાં આવી જાય એ વખતે જે આનંદ છે, એવો આનંદ-ફાનંદ (બીજે) છે જ નહિ. સમજાણું કાંઈ? શાસ્ત્રનું કોઈ ગૂઢ રહસ્ય ન સમજાણું

હોય તેની ખીલવટ કરવા પાંચ-પચ્ચીસ શિષ્યમંડળ વિચારમાં પડી જાય. કેમ થશે? કઈ રીતે નીકળે? હજી તો પરલક્ષી અર્થ, હોં! તે પણ તેના વિપરીત જ્ઞાનવાળો. અરે...! પેશવા! એ જ્ઞાનની ખીલવટમાં જ્યાં એનો ખ્યાલ આવે કે આ તેનો અર્થ છે. એની એમને મજા આવે છે. તારી આ મજા કાંઈ છે જ નહિ.

અહીં તો કહે છે એ મજા પણ ધૂળ ને દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? એ તો વિકલ્પથી એનો અર્થ એમ છે એમ ખ્યાલમાં આવી ગયું તો ખુશ થઈ ગયો. એ તો વ્યવહાર છે, દુઃખરૂપ છે, ઝેર-દુઃખ છે. એનાથી છૂટીને ભગવાનના દરબારમાં સમીપ આવ્યો, ત્યાંથી છૂટી અહીં સમીપમાં આવ્યો, અહીંથી છૂટે તો રાગનો સંગ (થાય). બે વાત છે. સમજાણું કાંઈ? કહો, 'પ્રવિણભાઈ'!

**'ઐસા આનંદ ઉત્પન્ન હોતા હૈ.'** બીજાને નથી થઈ શકતો. એટલે કે પેલા 'શંકરાચાર્ય'એ કહ્યું તેમ આ આનંદ છે એવો આનંદ બીજાને નથી હોતો. લાખ શાસ્ત્રના વિચાર કરીને મગજમાં કાંઈક ખીલવટ આવે અને કહે કે આહાહા..! આ શાસ્ત્રનો અર્થ છે. એ બધું વિકલ્પ છે. સમજાણું કાંઈ? વિકલ્પમાં પણ આવી મજા માને છે તો કહે છે કે નિર્વિકલ્પ આનંદ આવો છે. એવો આનંદ બીજો હોતો જ નથી. સમજાણું કાંઈ?

**दोहा - ग्रहण त्यागसे शून्य जो, निज आतम लवलीन।**
**योगीको हो ध्यानसे, कोई परमानन्द नवीन।।४७।।**

કહો, શેઠ ! પાંચ મળ્યા, દસ લાખ મળ્યા. આહાહા..! લાપસી મૂકો. ધૂળમાં પણ છે નહિ, સાંભળને હવે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ આનંદની રુચિ થાય તો બધું છૂટી જાય. આખું ચક્રવર્તીનું રાજ ધૂળ.. ધૂળ... આહાહા..! ઇન્દ્રનું રાજ અમારા અમૃત આગળ ઝેરનું બધું નિમિત્ત છે. આહાહા..! સમજાણું કાંઈ? એ વિના આમ છોડીને બેઠા. શું છોડે? ધૂળ? અમે ત્યાગી થયા. પણ કોના? પણ વસ્તુના સ્વરૂપનું ભાન તો છે નહિ. સમજાણું કાંઈ? અંતર લગની આનંદ ઉપર લાગી નથી તો આ લગની કેમ છૂટે? પછી કહે કે અમારી (બહારની લગની) છૂટી (ગઈ છે). ખોટી વાત છે. સમજાણું કાંઈ?

**'ગ્રહણ ત્યાગસે શૂન્ય જો, નિજ આતમ લવલીન'** હું આવી દયા પાળું કે આવી હિંસા ન કરું. એ બધી પ્રવૃત્તિથી, ગ્રહણ-ત્યાગથી ભિન્ન. શુભનું ગ્રહણ અને અશુભના ત્યાગથી શૂન્ય, આમ કરું, ઉપદેશ દઉં કે આમ લઉં, એ બધા વિકલ્પ છે. ઉપદેશ દેવાનો વિકલ્પ એ પણ પ્રવૃત્તિ રાગ છે. એમાં પણ આત્માનો આનંદ અને સ્વરૂપ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

**'યોગીકો હો ધ્યાનસે...'** આત્મામાં જોડાણ કરનાર, યોગ–યોગ, અંતરમાં સમીપ આવનારને જે આનંદ છે તે **'કોઈ પરમાનન્દ નવીન.'** અનંતકાળમાં નથી થયો, એમ કહે છે. અનંતકાળમાં નથી થયો એવો નવીન આનંદ તેને આવે છે કે જે આનંદ જન્મ-મરણનો નાશ કરવાનો ઉપાય છે. સમજાણું કાંઈ ? ૪૭ આવશે. એક કલાક થઈ ગઈ.

(શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૪૯૨, જેઠ સુદ ૧૩, બુધવાર**
**તા. ૦૧-૦૬-૧૯૬૬**
**ગાથા–૪૭-૪૯ પ્રવચન નં. ૫૩**

**उस आनन्दके कार्यको बताते हैं -**

**आनन्दो निर्दहत्युद्धं कर्मेन्धनमनारतम्।**
**न चासौ खिद्यते योगी, बहिर्दुखेष्वचेतनः।।४८।।**

**अर्थ :-** जैसे अग्नि, ईन्धनको जला डालता है, उसी तरह आत्मामें पैदा हुआ परमानन्द, हमेशासे चले आए प्रचुर कर्मोंको अर्थात् कर्म-सन्ततिको जला डालता है, और आनन्द सहित योगी, बाहिरी दुःखोंके-परीषह उपसर्ग संबंधी क्लेशोंके अनुभवसे रहित हो जाता है। जिससे खेदको (संक्लेशको प्राप्त नहीं होता)।।४८।।

**दोहा - निजानंद नित दहत है, कर्मकाष्ठ अधिकाय।**
**बाह्य दुःख नहिं वेदता, योगी खेद न पाय।।४८।।**

---

'ઇષ્ટોપદેશ' 'પૂજ્યપાદસ્વામી' કૃત ચાલે છે. ૪૭ ગાથા થઈ ગઈ. હવે છેલ્લી ગાથા છે. સારમાં સાર તત્ત્વ કહે છે.

**'ઉસ આનન્દ કે કાર્યકો બતાતે હૈં :–'** છે ને છેલ્લે? **'કોઈ પરમાનન્દ નવીન.'**

**दोहा - ग्रहण त्यागसे शून्य जो, निज आतम लवलीन।**
**योगीको हो ध्यानसे, कोई परमानन्द नवीन।।४७।।**

આ આત્મા અંતરમાં અનંત આનંદથી બિરાજમાન આત્મા છે. અતીન્દ્રિય આનંદ એનો નિત્ય સ્વભાવ છે. બીજા અનંતગુણો છે. જ્ઞાન, દર્શન, શાંતિ, ચારિત્ર, સ્વચ્છતા, વિભુતા

(આદિ) પણ આનંદ તેનો (મુખ્ય) ગુણ છે. કેમ કે જગતની ઇચ્છા આનંદ અને સુખી થવાની છે. તો આત્મામાં આનંદ અને સુખ પૂરા ભર્યા છે. એ આનંદ બાહ્ય પદાર્થ, પૈસા, લક્ષ્મી, આબરૂ, કીર્તિ, ધૂળ-ધમાહામાં ક્યાંય સુખ નથી. શરીરમાં સુખ નથી. આ માંસ, હાડકા અને ચામડા છે. શરીરમાં સુખ નથી.

મુમુક્ષુ :– પણ શરીરથી તો સુખ થાય છે?

ઉત્તર :– શરીરમાં સુખ નથી તો શરીરથી આને (આત્માને) સુખ ક્યાંથી આવે? જેમાં સુખ હોય તો (તેમાંથી) સુખ આવે ને. શરીરમાં સુખ નથી, શરીરથી સુખ નથી. પુણ્ય-પાપના ભાવમાં સુખ નથી, પાપના ભાવથી સુખ નથી. એમ પુણ્યમાં સુખ નથી, પુણ્યભાવથી સુખ નથી. કહો, સમજાણું કાંઈ? આત્મામાં સુખ અને આત્માથી સુખ. જેને સુખી થવું છે, જેને આનંદ લેવો છે તો એણે પહેલા આત્માને જાણવો જોઈએ.

મુમુક્ષુ :– અનેકાંત હોવું જોઈએ ને, કોઈને પૈસાથી સુખ, કોઈને આત્માથી સુખ.

ઉત્તર :– ધૂળમાં પણ એને કોઈ દિ' (પરમાં સુખ નથી). આનંદ આત્માથી છે અને પરથી નથી એનું નામ અનેકાંત છે. અનેકાંત એવું કેવું લાવ્યા? ફૂદડીવાદ છે એવો? આત્મામાં આનંદ... આનંદ... આનંદ... આનંદ... આત્મા અતીન્દ્રિય આનંદ (સ્વરૂપ છે). કેમ? કે પરપદાર્થના લક્ષે જે દુઃખની વૃત્તિઓ, લાગણીઓ ઉત્પન્ન થાય છે તે કૃત્રિમ છે. તેની પાછળ પૂર્ણ આનંદ ભરેલો છે તેનો એ વિપરીતભાવ છે. સમજાણું કાંઈ? દુઃખ શું ચીજ છે? દુઃખ કોઈ પરચીજમાં નથી, પરચીજથી નથી. દુઃખ પર બીજી ચીજમાં નથી, બીજી ચીજથી નથી અને બીજામાં નથી. દુઃખ પોતાની પર્યાયમાં–અવસ્થામાં, પરચીજ મને ઠીક અને અઠીક છે, એવી કલ્પના કરવાથી તે દુઃખી થાય છે.

મુમુક્ષુ :– કર્મ ક્યાં ગયા?

ઉત્તર :– કર્મ એને ઘરે જ રહ્યા. કર્મ-કર્મ શું કરે છે? સમજાણું કાંઈ? એ કલ્પના કરે છે કે મને શરીરમાં ઠીક છે, પૈસામાં ઠીક છે, આબરૂમાં ઠીક છે, પરલોકમાં ઠીક છે, નિર્ધનતામાં ઠીક છે, .. ઠીક છે. બસ! એ કલ્પનામાં સુખ-દુઃખની જાળ ઉત્પન્ન કરે છે તે જ દુઃખ છે. કેમ હશે 'મનસુખભાઈ'? આ પૈસા-બૈસામાં સુખ નથી? આ બધા લોકો તમને સુખી કહે છે, લ્યો! પાંચ-પાંચ લાખ રૂપિયા બાર મહિને આવે, ઢગલા.

મુમુક્ષુ :– લોકો કહે.

ઉત્તર :– ધૂળમાં પણ નથી. કોણ કહે છે?

અહીં કહે છે કે સુખ જો હોય... પ્રાણીને સુખની અભિલાષા છે ને? સુખની અભિલાષા છે ને? તો સુખને શોધે છે ને? તો સુખ ક્યાંક હોવું જોઈએ કે નહિ? સમજાણું કાંઈ? સુખને શોધે છે ને? 'મનસુખભાઈ'! એ વેપાર કરીને, એ ખજૂરના વાડીયા લઈને કે શું કહેવાય તમારું એ એડનનું? સવા લાખનું મેવાનું. એય..! આ તમારા ડોસાને પૂછું છું. એમાં પણ

સુખ માટે જાવા છે કે નહિ જગતના? જાવા એટલે અહીંથી સુખ... અહીંથી સુખ... અહીંથી સુખ... અહીંથી સુખ...

મુમુક્ષુ :– જાવા નહિ પ્રયત્ન.

ઉત્તર :– ભલે પ્રયત્ન છે. પણ એનો અર્થ એમ થયોને કે સુખની સત્તાને સ્વીકારે છે. સુખ છે એમ સ્વીકારે છે અને સુખ મેળવવાનો ઉપાય કરે છે. બે વાત સિદ્ધ થઈ. સુખ છે તો સુખની સત્તા છે તો સુખ શોધે છે. અને કેમ મળે તેનો ઉપાય પણ કરે છે. પણ સુખ ક્યાં છે અને તેનો ઉપાય શું છે એની ખબર નથી.

મુમુક્ષુ :– આટલા બધા ડાહ્યા માણસો ભૂલે?

ઉત્તર :– ડાહ્યા કોને કહેવા? સમજાણું કાંઈ? સુખની શોધ તો છે કે નહિ? પ્રાણી, નાનું બાળક હોય ત્યારથી (એને એમ થાય કે) ભણીને સુખી થઈએ, પછી નોકરી કરીને સુખી થઈએ. સુખની ઇચ્છા તો છે ને? કેમ? 'રવિભાઈ'! ભણીને ભલે દુઃખમાં હેરાન થાય પણ એને ઇચ્છા તો સુખની છે કે નહિ?

મુમુક્ષુ :– ભણવામાં હેરાન તો થાય છે.

ઉત્તર :– હેરાન જ થાય છે, ત્યાં શું છે? પણ એટલું તો સિદ્ધ થાય છે કે આત્મા સુખની શોધ કરે છે. સુખ મેળવવા માટે પ્રયત્ન કરે છે. તો એનો અર્થ થયો કે સુખની સત્તાને સ્વીકારે છે. પણ ક્યાં છે એની ખબર નથી. સમજાણું કાંઈ? અને સુખનો ઉપાય પણ કરે છે. લાવો આમ લાવો. પૈસા મળ્યા, બાયડી મળી, છોકરા થાય, આ થાય, ધૂળ થાય, મકાન થાય, તો તેનો ઉપાય પણ કરે છે. તો એનો સિદ્ધાંત એ થયો કે સુખની સત્તા ક્યાંક છે અને તેનો ઉપાય પણ આત્મા કરે છે. પણ સુખની સત્તા ક્યાં છે એની ખબર નથી. સમજાણું કાંઈ? કહો, બરાબર હશે? 'રવિભાઈ'! એ સાહિત્યકાર હોંશિયાર માણસ કહેવાય. ભણવામાં સુખ છે? તો શું કરવા ભણો છો? આ રળવામાં, આ સંચામાં, આ ટાઈલ્સના સંચામાં, ધૂળમાં બધે જ્યાં-ત્યાં કાંઈક સુખ હોય.. સુખ હોય.. સુખ હોય... તેવી કલ્પના કરે છે. સુખ છે નહિ. સુખ પરમાં નથી, શરીરમાં નથી, પાપભાવમાં નથી, પુણ્યભાવમાં નથી. પુણ્ય-પાપના ભાવ વિના ભગવાનઆત્મામાં સુખ અને આનંદ છે.

મુમુક્ષુ :– સમ્યગ્દૃષ્ટિને તો પુણ્યથી ધર્મ થાય.

ઉત્તર :– બિલકુલ ધર્મ-બર્મ થતો નથી. એ પણ પુણ્યથી દુઃખી થાય છે. સમજાણું કાંઈ ? 'પંચાધ્યાયી'માં તો કહે છે કે રાગ આવે છે તો જેમ આખું શરીરમાં વા થાય અને દુઃખી થાય છે ને? વા.. વા.. સમજ્યા? સંધિવા. આમ આઘાત થાય છે. એમ રાગ આત્માના એક એક અવયવને ઘાત કરે છે. આઘાત, કંપારી છૂટે છે. સમજાણું કાંઈ? શુભાશુભરાગ દુઃખ છે, દુઃખ છે. સમ્યગ્દૃષ્ટિને પણ કંપવા જેવું દુઃખ થાય છે. આ આનંદ ક્યાં? મારી ચીજમાં આનંદ ક્યાં અને આ શું? સમજાણું કાંઈ? તો મુમુક્ષુને... મુમુક્ષુ શબ્દ પાછળ આવશે.

૪૯માં આવશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુનો અર્થ પહેલા આવી ગયો. જેને સુખની શોધ છે, તો યથાર્થમાં મુમુક્ષુ તેને કહે છે કે સાચા સુખની શોધ હોય. 'મોહનભાઈ'! તો સાચું સુખ છે ક્યાં? છે ત્યાંથી મળે કે ન હોય ત્યાંથી મળે? 'હરિભાઈ'! તો શેમાં છે હવે?

મુમુક્ષુ :– સુખથી ભરેલો દરિયો છે ને.

ઉત્તર :– જ્ઞાનનો. શું કીધું? કાલે છોકરાએ ન કીધું? જ્ઞાનનો હું દરિયો છું, સુખથી હું ભર્યો છું. એ ભાષા નહિ, આ તો ભાવ (ભાસવો જોઈએ). આત્મામાં એમ વિશ્વાસ-રુચિ થઈ જાય કે મારો આનંદ મારી સિવાય, મારી સત્તા સિવાય, મારા હોવાપણા સિવાય ક્યાંય આનંદ નથી. મારો આનંદ મારી પાસે, મારો આનંદ (મારી પાસે છે), હું જ આનંદસ્વરૂપ છું. એવી દૃષ્ટિ થઈ જવી, તેનું નામ અંતર સમ્યગ્દર્શન કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

સત્ય દૃષ્ટિવંતને અર્થાત્ મુમુક્ષુને પોતાનો આનંદ પોતામાં છે, પુણ્ય-પાપમાં નથી, સંયોગમાં નથી, એવા અંતર આનંદમાં રુચિ થઈ જાય છે તો આનંદ પ્રગટ કરવા અંતરમાં વિશેષ પ્રયત્ન કરે છે. જ્યાં આનંદ દેખે ત્યાં વિશેષ પ્રયત્ન કરે છે. જેની જરૂરિયાત જાણે ત્યાં આત્માનું વીર્ય સ્ફુર્યા વિના રહે નહિ. સમજાણું કાંઈ? જુઓને! આ પુણ્ય-પાપ અને બહારના ફળમાં (સુખ) માને છે તો મરી જાય, શરીરમાં જીર્ણ થઈ જાય, ક્ષય થઈ જાય. ખબર પડે કે ડોક્ટર ના પડે છે, હવે ન કરો. પણ થોડું-થોડું કરીને. છોકરાઓ નાના છે એટલે કાંઈક ભેગું કરી લઉં. શરીરને ખોઈને જાવા નાખે. ખબર છે કે આ હમણા ચાર-છ મહિના જો આથડીશ તો આ શરીર હેરાન થઈ જશે. 'મોહનભાઈ'! પણ થોડું કરવા મથે છે. કેમકે જેની જરૂરિયાત માને છે ત્યાં વીર્યની સ્ફુરણા થયા વગર રહે નહિ.

એમ ભગવાનઆત્મા પહેલી ચોટે મારો આનંદ મારા આત્મામાં છે. સમજાણું કાંઈ? આત્મામાં આનંદ છે. એ પહેલા કહી ગયા ને? **'ગ્રહણ ત્યાગસે શૂન્ય જો'** પુણ્યની પ્રવૃત્તિ અને પાપની નિવૃત્તિથી ભગવાન શૂન્ય છે. **'નિજ આતમ લવલીન.'** ધર્મી આત્મામાં આનંદ દેખે છે. આત્મામાં આનંદ છે, વિશ્રામધામ છે, ઠરવાની જગ્યા છે, શાંતિનો સાગર આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? બધેથી ઉડાડી દેવું? આ .. વાડિયા ને આ બધા મેવાના... બાર મહિને પાંચ-પાંચ લાખ, દસ-દસ લાખના દરેડા થાય. સુખી છે કે નહિ?

મુમુક્ષુ :– પછી ક્યાં રાખવા?

ઉત્તર :– ધૂળમાં. આહાહા..!

અરે..! કાળ આવો! અનંતકાળે માંડ થોડો પચાસ, સાંઈઠ, સીત્તેર વર્ષ મળ્યા. આત્માનું હિત કરવા માટેનો કાળ, હોં! ભવ મળ્યો ભવનો અભાવ કરવા માટે. તો કહે છે કે મુમુક્ષુઓને પોતાના આત્મામાં આનંદ (છે) તે જ ધર્મ થયો. મારો ધર્મ મારામાં છે. પુણ્ય-પાપમાં નથી, શરીરની ક્રિયામાં નથી, વર્તમાન એક સમયની અવસ્થા પરલક્ષમાં છે એ પણ નહિ. મારો

અતીન્દ્રિય આનંદ અંદરમાં છે. તેની અંતરમાં દૃષ્ટિ કરવી. સમજાય છે કાંઈ?

ક્યાંક લખ્યું છે ને? 'શેઠિયા' એ પહેલો શબ્દ લખ્યો છે ને? 'ગુણીજન અંતઃતત્ત્વ ધ્યાય, ચૈતન્યસૂર્ય ઊગ્યો જી...' 'શેઠિયા' 'સરદારશહેર'વાળા. તેનો છોકરો હતો. નાનો છોકરો ગુજરી ગયો. મડદું પડ્યું હતું. એની માતાને કહ્યું કેમ બેટા! રોવું છે? પિતાજી! હું કહું એમ ગાયન ગાવો. મડદું પડ્યું છે, હોં ! એય..! 'મનસુખભાઈ'! આમ ગૃહસ્થ માણસ છે. મોટું બિલ્ડીંગ છે, પૈસા છે, પાંચ-સાત લાખ રૂપિયા છે. પાંચ છોકરા છે. છોકરાનો છોકરો મોટો હોંશિયાર છે. છોકરાનો છોકરો મરી ગયો છે. એની માને કહે છે, કેમ બેટા? કેમ છે? રોવું છે? 'ગુણીજન અંતઃતત્ત્વ ધ્યાય, સમકિત સૂર્ય ઊગિયો જી. મારા જ્ઞાન...' પેલા કહે, મારા પેટ, કહે છે ને? આ રોવે છે ને બાયું? મારા પેટ કહીને રોવે છે ને પાછળ? 'ન્યાલભાઈ'! એય..! 'મનસુખભાઈ'! આ નથી કહેતી બાયું? મારા પેટ. મરી ગયો છોકરો. મારા પેટ. હવે ક્યાં પેટ હતું તારું? ધૂળ પણ નથી, સાંભળને. મારા જ્ઞાન, મારા જ્ઞાન... એમ, લ્યો. 'ગુણીજન અંતઃતત્ત્વ ધ્યાય, ચૈતન્યસૂર્ય ઊગિયો જી, મારા જ્ઞાન, મારા જ્ઞાન' કહો, સમજાણું કાંઈ?

ધર્મીજીવને ભગવાનઆત્મામાં, એવી લગની લાગે છે કે હું આનંદ અને હું ચૈતન્યની મૂર્તિ છું. સમજાણું કાંઈ? એવા યોગી આત્મામાં એકાગ્ર (થાય છે). પોતામાં આનંદની રુચિ કરીને, પોતાના શુદ્ધ સ્વરૂપમાં એકાગ્ર થાય છે તો કોઈ નવીન પરમાનંદ સમયે સમયે ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ? આહાહા..! આને આ લક્ષ્મી વધતી જાય છે કે નહિ? પાંચ લાખ અને દસ લાખ અને વીસ લાખ અને ધૂળ લાખ. એમ ભેગું થાય છે કે નહિ? ક્યાં ગયા? આમ બેસે છે, 'મલૂપચંદભાઈ'!

મુમુક્ષુ :– એને ક્યાં ભેગું થાય છે.

ઉત્તર :– એ એના છોકરાનું છે એ એનું કહેવાયને. એ તો પોરો ચડે, પોરો ચડે. 'પૂનમચંદ મલૂપચંદ' એમ કહેવાય કે નહિ?

મુમુક્ષુ :– એમાં પણ મલૂપચંદભાઈને શું આવ્યું?

ઉત્તર :– એનો બાપ છું હું.

મુમુક્ષુ :– પણ એને ખુરશીએ બેસાડે?

ઉત્તર :– હા, બેસાડે. છોકરો હોય તો બેસાડે. અરે...! ધૂળમાં પણ સુખ નથી. સાંભળ! આહાહા..!

પ્રભુ ! તારી પાસે, પ્રભુ ! તારી પાસે અંતરમાં અતીન્દ્રિય આનંદ ભર્યો છે. તું ક્યાં સુખની શોધ કરે છે? જ્યાં નથી ત્યાં શોધે છે અને છે ત્યાં શોધતા નથી. સુખની સત્તા શોધે છે તો આત્મામાં સત્તા છે. અને શોધે છે તો રાગનો, વિકલ્પનો ઉપાય બહારમાં કરે છે. તો ઉપાય એવો નથી. સત્તામાં આનંદ છે એવી સત્તાની શ્રદ્ધા કરીને, અંતરમાં શોધવાનો

પ્રયત્ન કરવો એ તેનો ઉપાય છે. કહો, 'પંડિતજી'! આ છે. બીજે ક્યાંય ત્રણકાળ, ત્રણલોકમાં નથી. ઓહોહો..! કસ્તુરી મૃગના પેટમાં છે. મૃક કસ્તુરી આવે છે. પેટમાં છે. ગોતે બહાર, શોધે બહાર. ભગવાન! તારે ધર્મ કરવો છે કે નહિ? સુખી થવું છે કે નહિ?

મુમુક્ષુ :– સુખની શોધમાં દોડે છે.

ઉત્તર :– બહારમાં દોડાદોડ કરે છે. ... 'સૂયગડાંગ'માં એવો એક શ્લોક આવે છે. બિચારા વેગમાં જાય, .... કોઈ નથી. બીજા કોઈ સામે, પોકાર કરે. એય..! એની કોર જશો નહિ. તો એનાથી ડરે. અને જે પેલા પારઘી હોય, એની કોર દોડ્યા જાય, એની કોર દોડ્યા જાય. સમજાણું કાંઈ?

એમ સંતો પોકાર કરે છે કે એય..! આત્મા! રાગ અને દ્વેષની જાળ પાથરી, એમાં ન જા ભગવાન! એમાં ન જા. સમજાણું કાંઈ? (એને એમ થાય છે કે) એમ હશે કે નહિ? એમ હશે કે નહિ? એ કહે છે એવું હશે કે નહિ? આત્મામાં આનંદ હશે કે નહિ? આ રાગ-દ્વેષની જાળમાં દુઃખ હશે કે નહિ? શંકા કરે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મામાં જે આનંદ છે, એની અંતરદૃષ્ટિ કરવી, રુચિ કરવી અને પુણ્ય-પાપમાં, પરમાં સુખ નથી એવી રુચિ છોડવી તેનું નામ પ્રથમ સમ્યગ્દર્શન ધર્મ છે. અને તેને આનંદની ક્ષણે ક્ષણે વૃદ્ધિ થાય છે.

હવે અહીંયા કહે છે કે **'આનંદ કે કાર્ય કો બતાતે હૈં :–'** આત્મામાં આનંદ છે, તેની દૃષ્ટિ કરે છે, શ્રદ્ધા કરે છે, લીન થાય છે તો આનંદ થાય છે. તો આનંદ થવામાં કેટલા પ્રકારના કાર્ય થાય છે? આનદમાં કેટલા પ્રકારના કાર્ય થાય છે? તે આનંદના કાર્યને દેખાડે છે. સમજાય છે કાંઈ?

**आनन्दो निर्दहत्युद्धं कर्मेन्धनमनारतम्।**
**न चासौ खिद्यतेयोगी, बहिर्दुखेष्वचेतनः।।४८।।**

**'જૈસે અગ્નિ,...'** અગ્નિનું દૃષ્ટાંત આપ્યું. **'ઈન્ધનકો જલા ડાલતા હૈ,...'** સમજાણું કાંઈ? અગ્નિ ઇંધનને સળગાવે છે. એક વાત. અને અગ્નિ અનાજને પકાવીને સ્વાદિષ્ટ કરે છે. અગ્નિ ઇંધનને સળગાવે છે અને અગ્નિ અનાજને પકાવીને સ્વાદિષ્ટ કરે છે અને અગ્નિ અંધકારનો નાશ કરે છે. પ્રકાશ કરે છે. અંધકારનો નાશ કરે છે અને પ્રકાશ કરે છે. સમજાણું કાંઈ? તેમ ભગવાનઆત્મા... અગ્નિનું દૃષ્ટાંત આપ્યું છે ને! એમ ભગવાનઆત્મા, પોતામાં આનંદ છે, પોતામાં–પોતાની સત્તામાં, પોતાના હોવાપણામાં આનંદ છે એવી દૃષ્ટિ કરીને, એવા ધ્યાન એટલે એકાગ્ર થાય છે તો શું થાય છે?

જેમ ઇંધનને અગ્નિ સળગાવે છે **'ઉસી તરહ આત્મામેં પૈદા હુઆ પરમાનન્દ,...'** અગ્નિનું દૃષ્ટાંત (આપ્યું છે). અગ્નિ ઇંધનને સળગાવે છે. **'ઉસી તરહ આત્મામાં પૈદા હુઆ**

**પરમાનન્દ,...**' ભગવાનઆત્મા સ્વમાં આનંદ છે એવી દૃષ્ટિ કરીને, પોતામાં આનંદની પ્રાપ્તિ, એકાગ્રતાની પ્રાપ્તિ, ધર્મની–શાંતિની પ્રાપ્તિ કરે છે, તો '**હમેશા ચલે આયે પ્રચુર કર્મોંકો...**' ઈંધનને સળગાવે છે ને? આ '**હમેશા ચલે આયે...**' '**अनारतं**' '**उद्धं**' '**પ્રચુર કર્મોં અર્થાત્ કર્મ-સન્તતિકો જલા ડાલતા હૈ,...**' કર્મની સંતતિનો નાશ કરી નાખે છે. અગ્નિ ઇંધનને સળગાવી દે છે.

ભગવાનઆત્મા... આહાહા..! આ દેહ, હાડકા, માંસ, લોચા એને ન દેખ, ભાઈ ! ભગવાન અંદર આત્મા તારી ચીજ જ આનંદમય છે. એવી અંતરમાં દૃષ્ટિ કરીને એકાગ્ર થવું, એવો જે આત્માથી ઉત્પન્ન થયેલ પરમાનંદ, તે '**હમેશાસે ચલે આયે...**' કાયમ છે ને? કાયમથી ચાલ્યા આવતા '**પ્રચુર કર્મ...**' '**उद्धं**' '**उद्धं**' '**उद्धं**' '**પ્રચુર કર્મ..**' '**उद्धं**' છે ને? મહાકર્મ. એવા કર્મરૂપી સંતતિ '**अनारतं**' નિરંતર. નિરંતર ને? નિરંતર કર્મ ઇંધન જે આવે છે, નિરંતર કર્મ ઇંધન આવે છે. પોતાના આત્મામાં ધર્મીજીવ, ધર્મ આનંદની પ્રાપ્તિ કરીને, એ આનંદનો અનુભવ કરીને ચાલ્યા આવતા કર્મના ઢગલાને નિરંતર... એવા કર્મને નિરંતર જેમ આત્મામાં એકાગ્ર થાય છે, એવા નિરંતર કર્મ ઇંધનને સળગાવી દે છે. એ આનંદદશા. જુઓ! આ નિર્જરા. આહાહા..! સમજાણું કાંઈ? નિર્જરા એટલે બે અપવાસ કરી નાખ્યા, ધૂળ કરી નાખ્યા, તેનાથી નિર્જરા-બિર્જરા નથી થતી એમ કહે છે.

આ તો આત્મામાં આનંદ છે, તેની ચોંટ જ્યાં અંદરમાં લાગી છે. આત્મામાં આનંદ છે એવી લીનતા થઈ, તો અહીં આનંદનો પ્રવાહ ચાલ્યો. ત્યાં કર્મનો પ્રવાહ ચાલ્યો હતો તેનો નાશ થયો. સમજાણું કાંઈ? અગ્નિ જેમ અનાજને પકાવીને સ્વાદિષ્ટ બનાવે છે, એમ ભગવાનઆત્મા પોતામાં એકાગ્ર થઈને આનંદના સ્વાદને પ્રગટ કરે છે. સમજાણું કાંઈ? ધ્યાનાગ્નિ. ધ્યાનાગ્નિ કર્મને સળગાવે છે. નિરંતર આવનારને સળગાવે છે. નિમિત્તનો નાશ થાય છે, વિભાવનો નાશ થાય છે તેની સાથે કર્મનો પણ નાશ થાય છે. અને ધ્યાનાગ્નિ.. ભગવાનઆત્મા, તેની જે ધ્યાનાગ્નિ લાગી તો જેમ અગ્નિ અનાજને પકાવીને સ્વાદિષ્ટ બનાવે છે એમ ભગવાનઆત્મા પોતામાં એકાગ્ર થઈને સ્વાદિષ્ટ આનંદનો અનુભવ કરે છે. સમજાણું કાંઈ? નિર્જરા થાય છે અને આત્માના આનંદની પુષ્ટિ થાય છે એમ કહે છે, લ્યો! આહાહા..! આમાં ક્યાં હવે ગોતવું? 'ચીમનભાઈ'! બંગલામાં, પૈસામાં, કારખાનામાં?

અહીં તો કહે છે કે પુણ્ય-પાપનો ભાવ ઉત્પન્ન થાય છે એમાં શોધતો નહિ, છે નહિ તો શું શોધે છે? સમજાણું કાંઈ? શુભ-અશુભ ભાવ થાય છે, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપના વિકલ્પમાં સુખ નથી તો તારે સુખ ક્યાં શોધવાનું છે? આહાહા..! પાપભાવમાં તો સુખ છે નહિ, ધર્મ નથી કહો કે સુખ નથી કહો. આહાહા..! તારો ધર્મ, વસ્તુસ્વભાવ તે ધર્મ. ભગવાનઆત્મા તેનો સ્વભાવ જ ધર્મ નામ આનંદ છે. અતીન્દ્રિય આનંદ જ તેનો સ્વભાવ છે. પ્રભુ! તારા આનંદના સ્વાદમાં ધ્યાનાગ્નિ થાય તો આનંદનો સ્વાદ વિશેષ આવશે.

સમજાણું કાંઈ? આર્તધ્યાન અને રૌદ્રધ્યાનમાં માત્ર દુઃખ થશે. પૈસાની ચિંતા, આમ રાગ ઊપજે, આમ ઊપજે, લક્ષણ થાય, ધૂળ થાય.. એનાથી કાંઈ થયું નહિ. તેનાથી થતું નથી. કલ્પના કરે છે. અને આ તો એકાગ્ર થાય એટલે આનંદનો સ્વાદ આવ્યા વગર રહે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ?

બહારની કલ્પના કરે તો આમ થાય ન થાય, એ તો પરને આધીન છે. આમ છે, આમ છે, આમ પૈસાનું વ્યાજ ઉપજાવું, પછી આઠ છોકરા છે તો આઠ બંગલા બે-બે લાખના બનાવું. સોળ લાખ તો તેમાં ગયા. 'મનસુખભાઈ'! એ ચાર ભાઈઓએ ચાર જુદા બંગલા બનાવ્યા છે ને? અને એક જૂનું પડ્યું હશે એમને એમ. એક જૂનું હતું. એમાં છોકરા જાજા હોય તો આઠ બંગલા. સમજ્યાને? અને એને પાયખાના. બંગલાદીઠ પાયખાનું, બંગલાદીઠ સ્નાનનું. શું કહેવાય સ્નાનનું? બાથરૂમ. બંગલાદીઠ એક એક પલંગ. અને ત્રણ-ત્રણ, ચાર-ચાર પલંગ. કોઈ મહેમાન આવે તો એના પલંગ જુદા, એના પલંગ જુદા, માથે હવા, વળી પંખા, વળી ખાટલા નાખીને માથે મચ્છરદાની ઢાંકીને રાખે. બંગલા જાણે.. આહાહા..!

મુમુક્ષુ :– અરે..! ભગવાન.

ઉત્તર :– અરે...! ભગવાન ! પણ ત્યાં તમારા ભાઈને પૂછો, અરે..! ભગવાન...! કરે છે. સમજાણું કાંઈ?

ભગવાન કલ્પના કર તો અહીંને અહીં. તારી એ કલ્પનાથી તેમાં થયું નહિ અને કલ્પનાથી તને સુખ થયું નહિ. કલ્પનાથી દુઃખ થાય છે. આહાહા..! બહારમાં ક્યાં સુખ છે કે તારી કલ્પના સુખરૂપ થઈ જાય. આહાહા..! દૃષ્ટિનો ગુલાંટ ખા. એક મારા આત્મા સિવાય બહારના કોઈ પદાર્થ અને વિકલ્પમાં ત્રણકાળ, ત્રણલોકમાં સુખ-આનંદ નથી. દૃષ્ટિમાં આવી, પરથી ગુલાંટ ખાઈને ચૈતન્યમાં દૃષ્ટિ લગાવી દે. ભગવાન ત્યાં તારો આનંદ છે. એ આનંદથી કર્મનું ઇંધન નાશ થશે.

મુમુક્ષુ :– બીજો પ્રકાર?

ઉત્તર :– બીજો પ્રકાર આત્માનો સ્વાદ આવશે અને ત્રીજો પ્રકાર જેટલું અલ્પજ્ઞાન અને અજ્ઞાન છે તેનો નાશ થઈ જશે. પ્રકાશ વધી જશે. આ ક્રિયા નિર્જરાની છે. સમજાણું કાંઈ? આ ક્રિયાની તો ખબર નહિ. શું ક્રિયા? ને શું પર્યાય? શું ગુણ? શું દ્રવ્ય? અને કોણ ટળે? સમજાણું કાંઈ? શું કહે છે આ?

**'कर्म-सन्ततिको जला डालता है...' 'कर्मेन्धनम् अनारतं'** એક. **'આનંદ સહિત યોગી,...'** બીજું. એ આનંદની પુષ્ટિ થાય છે એમ કહે છે. સમજાણું કાંઈ? આનંદની પુષ્ટિ થાય છે. કર્મ ઇંધનનો નાશ થયો અને પોતાના અંતર આનંદમાં લીન થવાથી આનંદ વધી ગયો. **'बाहिरी दुःखोंके-परीषह उपसर्ग संबंधी...'** ત્રીજી વાત. આ આનંદના કાર્યને બતાવે છે, આનંદના કાર્યને બતાવે છે. સમજાણું કાંઈ? આત્માના અનુભવરૂપી આનંદનું કાર્ય શું? સમજાણું

કાંઈ? કંઈક કાર્ય તો કરવું છે ને એને? કહે છે પ્રભુ! તારું સ્વરૂપ છે, છે, તું છો. સ્વરૂપ છે. તું છો. છો તો તેમાં આનંદ છે. આનંદ અતીન્દ્રિય છે. કઈ રીતે? તેની દૃષ્ટિ કરવાથી તને ખબર પડશે કે આ આત્મા જ આનંદ છે. તેમાં દુઃખ નહિ, વિકાર નહિ, કર્મ નહિ કાંઈ છે નહિ. એવો ભગવાનઆત્મા, તેના સમ્યક્જ્ઞાન-દર્શનથી, એકાગ્રતાથી કર્મનો નાશ થાય છે અને નિર્જરા થાય છે. એક કાર્ય.

બીજું '**આનંદ સહિત યોગી,...**' એ આનંદ વધી ગયો, પુષ્ટિ થઈ ગઈ. સમજાણું કાંઈ? એ શુદ્ધિ વધી એ વિશેષ નિર્જરા. કર્મની નિર્જરા એ. અને શુદ્ધિની વૃદ્ધિ એ ભાવનિર્જરા. આનંદમાં એકાગ્ર થાય છે, શુદ્ધિ વધી તે ભાવનિર્જરા. સમજાણું કાંઈ?

'**બાહિરી દુઃખોંકે**' બહાર કોઈ કષ્ટનો પ્રસંગ હોય. '**દુઃખોંકે-પરીષહ ઉપસર્ગ સંબંધી ક્લેશોં..**' તેમાં આત્મા અચેતન છે. એમ લખ્યું છે ને? ભાઈ ! અચેતન છે. '**बहिर्दुःखेषु अचेतनः**' તેને ચેતતો નથી. આહાહા..! શું કહે છે? ભગવાનઆત્મા પોતાના અતીન્દ્રિય આનંદમાં દૃષ્ટિ કરીને, સત્ સ્વરૂપ છે એમ દૃષ્ટિ કરીને આનંદમાં લીન થવાથી નિર્જરા થઈ. એ મુક્તિનગરીની વાત છે. મોટી નગરી હોય તો જોવા જાય છે કે નહિ? પૈસા ખર્ચી, ઉજાગરા કરી, ઘોડાગાડી લઈને, મોટરગાડી લઈને ફરવા જાય. પાંચ-પચ્ચીસ રૂપિયા ખર્ચે સારું તળાવ હોય એ જોવા જાય. જાય છે ને હેરાન-હેરાન થવા?

મુમુક્ષુઃ– આનંદનગર વસાવ્યું છે ને?

ઉત્તર :– તમારે આનંદનગર છે ને ત્યાં?

મુમુક્ષુ :– .. વસાવે છે. આનંદ કરવા માટે શંભુ મેળો કરે.

ઉત્તર :– હા, મોટો શંભુમેળો. એ આનંદનગર બહારમાં નહિ, ભગવાન! આનંદનગર તારામાં છે. આત્મા અનંતગુણના સમાજથી ભરેલો છે. ખબર નથી કે હું કોણ છું. સમજાણું કાંઈ? દેહ, હાડકાથી પાર પ્રભુ આત્મા અનંત આત્માનો કંદ છે. કહે છે કે બરફની શીલા હોય, એની ઉપર સુવાથી બહુ ગરમી હોય તો ઠંડી થઈ જાય છે. ઘણી ગરમી હોય, એનાથી આમ બળ્યો હોય. અગ્નિથી સળગ્યો નથી, હોં! અગ્નિથી સળગે તો ચામડી નીકળી જાય. ઘણી ગરમી હોય અને પછી થોડીવાર ઠંડી... ઠંડી... ઠંડી... તો તે પત્થરની શીલા રૂપી છે. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની શીલા છે. આકુળતા, પુણ્ય-પાપની આકુળતા, જળ્યા, બળ્યા એ અંદરમાં એકાકાર થઈને સૂવે છે તો ક્લેશનો નાશ થાય છે, આનંદની પ્રાપ્તિ થાય છે, કર્મનો અભાવ થાય છે, આનંદની પુષ્ટિ થાય છે અને બહાર દુઃખોનું અલક્ષ થઈ જાય છે. મૂળ તો એમ કહેવું છે. સમજાણું કાંઈ? છે ને?

'**बहिर्दुःखेषु अचेतनः**' બહાર પ્રતિકૂળતાનું લક્ષ જ નથી રહેતું. શરીરમાં રોગ છે કે નહિ. આત્માના આનંદમાં એકાગ્રતા, રુચિ જામી ગઈ. હું આનંદ છું. એવું સમ્યગ્દર્શન-જ્ઞાન થયું અને તે આનંદમાં લીન હોય છે. ધર્મધ્યાન એનું નામ ધર્મ છે. ત્યારે '**बहिर्दुःखेषु**

**अचेतनः**'. બહારની પ્રતિકૂળતા કે અનુકૂળતાનો તેને અનુભવ જ નથી, લક્ષ પણ નથી. '**अचेतनः**' અજાગૃત, અસંવેદન. અચેતન. '**अचेतनोऽसंवेदनः**' સંસ્કૃતમાં લખ્યું છે. જુઓ ! '**अचेतनोऽसंवेदनः**' લખ્યું છે. પંડિતજીએ. સમજાણું કાંઈ? આહાહા..!

શરીરમાં ફોડકી થઈ હોય, તાવ પાંચ, છ, સાત ડિગ્રી હોય પણ ધર્મીજીવને વિંછીનો ડંખ હોય. જુઓ! આ સિંહ કરડે છે. જુઓ! આ સિંહણ તેની માતા છે. તેનો એ પુત્ર હતો. એ માતાને પછી કષાય થઈ ગયો તો મરીને સિંહણ થઈ ગઈ. તેના પુત્રએ દીક્ષા લીધી છે. સગો પુત્ર, હોં! તે માં મરીને સિંહણ થઈ છે. આમ જુએ તો ધ્યાનમાં મશગુલ છે. તે દુઃખનું અચેતન છે. શું કહ્યું? અચેતન છે. દુઃખની જાગૃતિ નથી. દુઃખનો ખ્યાલ છે. એય..! લોકો એમ માને કે અર..ર..! કેટલા દુઃખી. અરે..! સાંભળ તો ખરો, તને ખબર નથી. ભગવાનઆત્મા પોતાના અતીન્દ્રિય પુંજમાં જ્યાં પડ્યો, અતીન્દ્રિય આનંદપુંજમાં પડ્યો ત્યાં દુઃખનું અચેતન છે. બહારના સંયોગનો જાગૃતભાવ જ ઊડી ગયો. અચેતન, અસંવેદન છે. રાગના દુઃખનું વેદન નથી. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો જરા દુઃખ થાય તો એં.. એં.. રો-રો કરે.

મુમુક્ષુ :– લક્ષ ત્યાં જાય...

ઉત્તર :– લક્ષ ત્યાં ગરી ગયું. પચાસ લાખ, બે કરોડ, પાંચ લાખ ગયા હોય તો એં.. એં... મારે ગયા. ભાઈ ! આવ્યા સમાય, ગયા સમાય નહિ. વળી નવરા વાણિયા વાતું કરે. એય..! આમ જ્યાં થોડું જાય, બે કરોડ હતા એમાંથી થોડા ગયા તો ઉં..ઉં.. કરવા માંડ્યા.

મુમુક્ષુ :– પાછા જાજા આવ્યા ને.

ઉત્તર :– ધૂળ હવે, આવે તો પણ શું? એની સાથે ક્યાં સંબંધ છે? સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાનઆત્મા જ્યાં અતીન્દ્રિય આનંદ લક્ષ્મીનો ભંડાર પડ્યો છે. આત્મા અતીન્દ્રિય આનંદ લક્ષ્મીનો ભંડાર આત્મા છે. ભાઈ! તને ખબર નથી. એ લક્ષ્મીનો ભંડાર જ્યાં એકાગ્રતાથી ખોલે છે તો કહે છે કે બહારના દુઃખનું લક્ષ જ રહેતું નથી. આહાહા..! લક્ષ્મી કાઢતી વખતે કેવો તડકો લાગે છે, એવો એને ખ્યાલ રહે છે એને? આહાહા..! સમજાણું કાંઈ? પટારામાંથી પૈસા કાઢે ને. પહેલા તો રોકડ-નકદ હતા ને. અત્યારે તમારે કાગળ થઈ ગયા. પહેલા તો નકદ-નકદ થેલીની થેલી હજાર-હજાર ચાંદીના રૂપિયા. બબ્બે લાખની થેલીઓ આવતી. દામનગરમાં. એકલી થેલી હજાર-હજારની એક-એક થેલીઓ. એ લોકો એવા નોકરોને ત્યાં અંદર ન જવા દે. નોકરો ઉપાડીને બહાર સુધી મૂકે. પછી અંદર ક્યાં મૂકે એ ઘરના છોકરા ઉપાડે.

મુમુક્ષુ :– બીજાને જણાવે?

ઉત્તર :– બીજાને જણાવે નહિ. કારણ કે રોકડા રૂપિયા જ હતા પહેલા. આ તો હવે કાગળિયા થઈ ગયા. સમજાણું કાંઈ? પછી છોકરાએ લખ્યું હતું એના બાપાને. કે બાપા! મહિને બસ્સો રૂપિયા મોકલજો. ગુંજા ખર્ચના. આ રસોડાના તો તમે આપો છો. પણ ગુંજાના ખર્ચના. અમે ગરીબ ઘરે નથી અવતર્યા. અને તમને ન પાલવતું હોય... કાકા અને એ ભેગા હતા. કાકાને ન પાલવતું હોય તો તમારે ખાતે લઈને મોકલજો. અમે ગરીબ ઘરે નથી અવતર્યા. અને જ્યારે એ પૈસા મુકવા આવે ત્યારે કડું (–કમર) અમારી ભારે લાગે છે, ભાઈ ! એ વખતે તો પચાસ-પચાસ હજાર, લાખ-લાખની એકલી થેલીઓ જ હતી ને. અંદર પટારામાં મુકવા જાય તો ઘરના છોકરાઓ ઉપાડી ઉપાડીને મુકવા જાય. નોકરને અંદર જવા ન દે. નોકર વળી લૂંટ ચલાવે તો. એટલે લખ્યું એણે કે બાપા ! જ્યારે પૈસા મૂકવા જતા ત્યારે અમને કેડમાં ભાર લાગે છે, હોં!

મુમુક્ષુ :– આ પાઠ ગમે એવો છે છોકરાવને.

ઉત્તર :– અહીંયાં ક્યાં એકેય છોકરો નથી.

અહીં તો એમ કહેવું છે કે જેને લક્ષ્મીવાળો છું એને ઓછે ખર્ચે પાલવતું નથી. પાલવતું નથી, સમજો છો? એમ આત્મામાં જ્યાં લક્ષ્મીનો ભંડાર પડ્યો છે, કાઢ.. કાઢ! જેટલું કાઢવું હોય તેટલું કાઢ. અનંત કેવળજ્ઞાન નીકળે તો પણ તેમાંથી પૂરું નહિ થાય. આહાહા..! અરે..રે..! એને વિશ્વાસ ક્યાં છે? આત્મા કોણ છે? કેવો છે? કેમ પડ્યો છે? આનંદ કાઢ, અંદર આત્મામાંથી કાઢ. ખાણમાંથી કાઢ. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા...

કહે છે, આનંદના કાર્યની વાત ચાલે છે. શું કહે છે? આ લખ્યું છે ને **'આનન્દ કે કાર્યકો બતાતે હૈં.'** તેમાં છે ને? કાર્યને બતાવે છે. ભારે વાત પણ, ઓહોહો..! સમજાણું કાંઈ?

બહાર ઉપસર્ગ, શરીરમાં રોગ, લક્ષ્મીનું જવું, મૃત્યુનું આવવું. ... મૃત્યુ છૂટવાનો કાળ. ધર્માત્મા પોતાના જ્ઞાનાનંદમાં જ્યાં લીન છે, તો કહે છે કે બહારનું દુઃખ અચેતન છે. બહારના દુઃખનું અસંવેદન છે. સંવેદન છે નહિ. એક મ્યાનમાં બે તલવાર નથી રહેતી. પોતાના આનંદના એકાગ્રતામાં બહારનું દુઃખ અને આ બે ક્યાંથી રહે? આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– હા. કહો, 'ભાઈ'! ભારે વાત ભાઈ ! આ બહારનું તો બધું ફૂ કરીને ઉડાડી દે છે લ્યો. આહાહા..! આઠ વર્ષનો બાળક ગરીબ હો, એક હરિજનનો દીકરો હોય અને આત્માનું ભાન થયું, સમ્યગ્દર્શન થયું. જંગલમાં બેઠો હોય. શરીર કાળુ-કુબડું હોય, બહારમાં કાટા ઉપરથી પડતા હોય, સમજાણું કાંઈ? આ કેમ આવ્યો? કોઈનું શરીર દેખીને કોઈ મહા સંત પણ હોય. તેના પંચમગુણસ્થાનમાં હોય. ધ્યાનમાં હોય. બહારમાં કોઈ આવીને લાકડી મારે. તે દુઃખનું અચેતન છે. બહારના સંયોગનું વેદન છે નહિ. આહાહા..! પંચમગુણસ્થાનવાળા

પણ પોતાના ધ્યાનમાં જ્યારે હોય છે ત્યારે કહે છે કે ધ્યાનની ઉત્પત્તિ, કર્મનો નાશ, જ્ઞાનનો આધાર, આનંદની પુષ્ટિ, દુ:ખનું વેદન. સમજાણું કાંઈ? એટલું કાર્ય આત્માના આનંદની દૃષ્ટિ અને એકાગ્રતા થવાથી થાય છે. આહાહા..!

**'ઉપસર્ગ સંબંધી ક્લેશો...'** વાઘ આવેને ખાતા હોય. જુઓ અગ્નિ પડી છે. જુઓ ! કુમાર. ...કુમાર .. અગ્નિ પડી છે. .. શિયાળિયા ખાય છે. ભૂખ .. સંવેદન છે. સંયોગનું અચેતન છે. અચેતન છે. જાગૃત છે નહિ. જાગૃતિ આ તરફ છે ત્યાં ક્યાં જાગૃતિ? આહાહા..! **'જિસસે ખેદકો (સંક્લેશ પ્રાપ્ત નહીં હોતા).'** લ્યો. સમજાણું કાંઈ? કૌંસમાં નાખી દીધું. ... **'(સંક્લેશ કો પ્રાપ્ત નહિ હોતા)'** એ બહાર નાખવું જોઈએ. ખેદને એટલે સંક્લેશને પ્રાપ્ત નહિ હોતા. **'न खिद्यते न संक्लेशं याति।'** એમ છે ને? આ થોડી ટીકા ભારે છે. પહેલા ... આમાં ટીકા નહોતીને. 'આશાધરજી'એ ભારે ટીકા કરી છે પણ હો. મુનિનો આશ્રય લઈને.

ભગવાનઆત્મા આહાહા..! એ કોઈ સાથે પ્રીતિની વાત કરતા હોય તો વાત કરતા કરતા શું દુ:ખ થયું અને અંદરમાં શું થયું એનો ખ્યાલ પણ ન રહે. વિકલ્પ ન રહે. પણ પ્રીતિની વાતમાં પડ્યા હોય. મોટા છોકરાના લગ્ન. એક કરોડપતિ કન્યા લઈને આવતા હોય... ઓહોહો..! રોગ ભૂલી જાય.

મુમુક્ષુ :– ઉપયોગ ત્યાં ગયો.

ઉત્તર :– ઉપયોગ ત્યાં ગયો. '..ભાઈ' એક માણસની વાત કરતા. ન્યાયથી કે એક શેઠ હતા, પછી એનો દીકરો હતો. એ દીકરાને પોતાને રોગ થયો. પાંચ-છ ડિગ્રી તાવ. આમ હા..હા..હા.. આમ કર્યા કરે. એમાં દીકરો દસ-પંદર વર્ષ પહેલા ચાલ્યો ગયો હતો. અને એકદમ કોઈ પાંચ-પચાસ લાખ રોકડ લઈને આવ્યો. અને માણસ પહેલો આવ્યો. જાવ પિતાજીને ખબર આપો કે હું આવ્યો છું. ... કોણ આવ્યો છે? મારો લખું! અરે..! લખુ તે લક્ષ્મી લઈને આવ્યો. એકલો લખુ નથી આવ્યો. આહાહા..! સમજાણું કાંઈ? એ સોનાની રેડ પડી અંદર આવ્યો છે. અને લોન તો કેટલી લાવ્યો. કેટલા પૈસા. હેં ! હું સામો આવું. બાપા! તમે રહેવા દો. રાડ પાડવાનું ક્યાં ગયું તારું? એ લક્ષ ભૂલી ગયો. ઓલાના લક્ષે ચડેલો ઉપયોગ આ લક્ષ ભૂલી ગયો. ભૂલી ગયો. એમ પોતાના આનંદમાં લક્ષમાં ચડ્યો, બહારના દુ:ખનું લક્ષ ભૂલી ગયો. સમજાણું કાંઈ? એક દાખલો બીજો હતો. એક દીકરો બહુ માંદો હતો. દીકરો લક્ષ્મી અને બધું લઈને આવવાનો હતો. એટલે એનો બાપ કહે કે સામે જઈએ કે ત્યાં ઉતરશે. હવે એ જોડે જ હતો. એને ખબર નહિ કે આ ઉતર્યો છે. કોઈ બહારમાં જોડે પોતે એક રૂમમાં, બીજા રૂમમાં એનો દીકરો. અને એમાં રોવે ને રાતના બાર વાગ્યા. એના બાપને સુવું. ઊંઘ આવે નહિ. અરે..! માં કોણ છે આ તે? ઊંઘ આવવા દેતા નથી. ઓલા એના છોકરાને પીડા.. પીડા... પીડા... એને ખબર નહિ કે આ

મારો છોકરો. સામું જોવે નહિ. બીજે વચમાં આ હતો ત્યાં ઉતરી ગયા. કોણ છે આ? ઊંઘ જ આવવા દેતા નથી. કે આ તો ફલાણા ગામનો છોકરો. એલા કોણ? તમારો દીકરો. ભૂલી ગયો, ઉજાગરામાં ભેગો ભળી ગયો. એલા સુવાનો કહેતો હતો ને તું. બેટા ! તને આમ છે? આહાહા..! હું તો તારી સામું આવ્યો. બીજા સ્ટેશને ઉતરી ગયો. આહાહા..! હવે ઓલો કહે કોણ છે આ? લગની લાગી કે અરે...! આ તો તારો દીકરો લખું જે લેવા આવ્યો હતો એ. 'મનસુખભાઈ'! ભૂલી જાય કે નહિ? ઉજાગરા ભૂલી ગયો. બાપા સૂઈ જાવ. નાના હવે નહિ. અરે..! બાપા તને ઠીક નથી ને હું સુવું. અરે..! ખબર પડી કે આ તો મારો દીકરો. સમજાણું કાંઈ? ભૂલી ગયો આ બધું.

એમ ભગવાનઆત્માનો મિલાપ કરવા પ્રભુ આત્મા જાય છે, અને આનંદની ખાણમાં જ્યાં અંદર નજર પડે છે તો શરીર આદિ દુ:ખને ભૂલી જાય છે. સમજાણું કાંઈ? ખબર નહિ શું છે? એ મારા શરીરને આમ.. મને આમ... આહાહા..! 'ચીમનભાઈ'! આહાહા..! **'क्लेशों के अनुभवसे रहित हो जाता है. जिससे खेदको (संक्लेशको प्राप्त नहीं होता).'**

**दोहा - निजानंद नित दहत है, कर्मकाष्ठ अधिकाय।**
**बाह्य दुःख नहिं वेदता, योगी खेद न पाय।।४८।।**

આહાહા..! ભગવાન નિજાનંદ પ્રભુ ! **'निजानंद नित दहत है,'** ભગવાન નિજાનંદ પ્રભુ ! સમજાણું કાંઈ? નિજ આનંદ. પોતાનો આનંદ પોતામાં છે. સત્યરૂપે છે. પોતાનો આનંદ પોતામાં છે. સત્યસૂર્ય પ્રભુ આત્મા છે. એવા આનંદની દૃષ્ટિ જ્યાં થઈ, અને તેમાં લીન થયો તો **'नित दहत है,'** અનાર્થ છે ને એ. કર્મના ઇંધણને નિત્ય સળગાવે છે. નિત્ય લાકડા સળગે છે. કર્મના ઇંધણ સળગીને રાખ થઈ જાય છે. આ નિર્જરા, આ ક્રિયાકાંડ, અપવાસ કર્યા, ધૂળ કરી, નિર્જરા-ફીર્જરા થતી નથી એમ કહે છે. એમાં થાય છે એમ લખ્યું છે. સમજાણું કાંઈ?

**'कर्मकाष्ठ अधिकाय'** કર્મના લાકડા. ઇંધણ નહિ. બહોતકો, ઉદધં. તે પણ નાશ કરે છે. જુઓ ! અહીં તો એમ કહે છે કે ઘણા કર્મ હોય તો નડે છે ને પરાધિન કરે છે એમ નહિ એમ કહ્યું. **'उद्धं'** કીધું છે ને **'उद्धं'** પાઠમાં છે. **'उद्धं प्रभुतं'** એ તો પ્રચુરજ્ઞાન લીધું હતું ને ૧૧મી ગાથામાં. એ અહીં લીધું છે. **'प्रभुतं'** જુઓને! અભૂતકર્મ, જોરદાર કર્મ, જોરદાર કોને કહે છે? ઓલા અર્થમાં ઉંધુ લખ્યું. જ્યાં સુધી જોરદાર કર્મ છે તો પ્રભાવ .. ધૂળમાં પણ નથી. તું એને વશ થઈ જાય બસ એટલું છે. ... તો પ્રભુત કર્મનો પણ નાશ થઈ જાય છે. નિર્જરા થઈ જાય છે. એમ નિર્જરા થઈ જાય છે. આમ અપવાસ કર્યા, આમ કર્યું, કાય ક્લેશ અને દુ:ખ થાય છે. વર્ષીતપમાં નિર્જરા થઈ. ધૂળમાં પણ નથી. આનંદનું ઘર તો જોયું નહિ. સમજાણું કાંઈ? આનંદનું સ્થાન પરમાત્મા એવો અભેદ પોતાનું સ્વરૂપ

છે તે ઉપર તો દૃષ્ટિ દીધી નહિ. તને ક્યાંથી નિર્જરા થશે? કાળ તારો એટલો ગયો. માંડ મનુષ્યપણું મળ્યું હતું તે ગુમાવ્યું. **'बाह्य दुःख नाहिं वेदता,'** લ્યો. બાહ્યદુઃખના લક્ષણ નહિ. **'योगी खेद न पाय।'** બહારના દુઃખનો ખ્યાલ જ નથી.

---

इसलिये -

**अविद्याभिदुरं ज्योति, परं ज्ञानमयं महत्।**
**तत्प्रष्टव्यं तदेष्टव्यं, तद् दृष्टव्यं मुमुक्षुभिः।।४९।।**

**अर्थ :- अविद्याको दूर करनेवाली महान् उत्कृष्ट ज्ञानमयी ज्योति है। सो मुमुक्षुओं (मोक्षभिलाषियों) को उसीके विषयमें पूछना चाहिये, उसीकी वांछा करनी चाहिये, और उसे ही अनुभवमें लाना चाहिये।**

**विशदार्थ :- वह आनन्द स्वभावशाली, महान् उत्कृष्ट, विभ्रमको नष्ट करनेवाली, स्वार्थको प्रकाशन करनेवाली, अथवा इन्द्रादिकोंके द्वारा पूज्य ऐसी ज्योति है। मोक्षकी इच्छा रखनेवालोंको चाहिये कि वे गुरु आदिकोंसे उसीके विषयमें पूछ-ताछ करें। तथा उसीको चाहें, एवं उसीका अनुभव करें।।४९।।**

**दोहा - पूज्य अविद्या-दूर यह, ज्योति ज्ञानमय सार।**
**मोक्षार्थी पूछो चहो, अनुभव करो विचार।।४९।।**

---

૪૯.

**अविद्याभिदुरं ज्योति, परं ज्ञानमयं महत्।**

**'ઇસલિયે...'** આ કારણે આમ કહે છે.

**तत्प्रष्टव्यं तदेष्टव्यं, तद् दृष्टव्यं मुमुक्षुभिः।।४९।।**

વજન અહીંયાં છે. **'मुमुक्षुभिः'** ત્યાં વજન છે. મોક્ષ અભિલાષીને. એટલો શબ્દ પહેલો છે. જેને પોતાના આત્માના બંધનથી છૂટવાની ભાવના છે. સમજાણું કાંઈ? બંધન કરવાની ભાવના છે તે મુમુક્ષુ નથી. તેની તો વાત શું કહીએ? મારે પુણ્ય બાંધવું છે, પુણ્યથી મને સ્વર્ગ મળશે. તે મુમુક્ષુ નહિ. સમજાણું કાંઈ? મુમુક્ષુ. સમજાણું કાંઈ? **'मुमुक्षुभिः'** છે ને અંદર? સંસ્કૃતમાં પડ્યું છે. મૂળપાઠમાં છે.

મુમુક્ષુ :– મૂળમાં છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :– મૂળમાં છે અને સંસ્કૃતમાં પણ છે. **'मुमुक्षुभिर्गुर्वादिभ्योऽनुयोक्त-**

**व्यम् ।'** એટલે શું? **'अनुयोक्तव्यम्'** પૂછવું. **'अनुयोक्तव्यम्'** લખ્યું છે. શબ્દ કઠણ છે. શું કહે છે? મુમુક્ષુ પહેલી જવાબદારી શર્ત તો, પહેલી શર્ત એ કે, જેને પોતાના આત્માની, પૂર્ણાનંદની પ્રાપ્તિની અભિલાષા છે. તે પહેલા નક્કી કર એમ કહે છે. સમજાણું કાંઈ? પોતાનો આત્મા પૂર્ણાનંદની પ્રાપ્તિ કરે એવો મોક્ષ, એવી અભિલાષા છે? કે કોઈ બંધની અભિલાષા છે ?

મુમુક્ષુ :– બંધની અભિલાષા...

ઉત્તર :– બંધની અભિલાષા પુણ્ય હોય તો ઠીક પડે, પછી સ્વર્ગ મળે, પછી સંયોગ મળે એ બધા પુણ્યના અભિલાષી છે.

મુમુક્ષુ :– ભગવાન પાસે તો જવાય ને.

ઉત્તર :– ભગવાન પાસે તો કોઈ ધૂળમાં પણ નથી જઈ શકતા. ભગવાન પાસે ક્યાં મુમુક્ષુ હો તો આત્મા પાસે જઈ શકે છે. તેનો અભિલાષી હોય તો મુક્તસ્વરૂપ ભગવાનઆત્માની પાસે જઈ શકે છે. .. ઓહોહો..! આટલા આટલા ઉગે. એમાંથી રસ ઝરે. આ તો મધપુડો આખો. આનંદનો મધપુડો છે. સમજાણું કાંઈ? એનો વિશ્વાસ નથી એને. આનંદનો મધપુડો. જેટલો એકાગ્ર હો એટલો આનંદ તને ઝરશે. એવા મુમુક્ષુજીવ કે જેને પોતાના પૂર્ણાનંદની પ્રાપ્તિ કરવી છે. બીજો કોઈ બંધભાવ, વિકલ્પભાવનો આદર નથી. આહાહા..!

એવા મુમુક્ષુ પણ શું કહે છે **'अविद्याको दूर करनेवाली महान उत्कृष्ट ज्ञानमयी ज्योति है.'** કોણ? આત્મા. છે ને **'मुमुक्षुओं (मोक्षाभिलाषियों)...'** **'अविद्या को दूर करनेवाली...'** શું કહે છે? આ પણ કાર્ય બતાવે છે. કાર્ય બતાવ્યું ને? આ .. પરનું થઈ ગયું, સ્વાદ આવ્યો, લાકડીનો નાશ કર્યો, અજ્ઞાનનો નાશ કર્યો એ અહીં લીધું. સમજાણું કાંઈ? એ ચૈતન્ય જ્યોતિ એવી છે કે અજ્ઞાનનો નાશકરનારી છે. બીજું કોઈ અજ્ઞાનનો નાશ કરનારી ચીજ છે નહીં. ભગવાન ચૈતન્ય જ્યોત, જ્ઞાનજ્યોતિ સૂર્ય એક ચૈતન્યસૂર્ય પોતાનો એમાં જ અવિદ્યાને નાશ કરવાની તાકાત છે. કોઈ દયા, દાન, વિકલ્પ, શુભરાગ કરવાથી અજ્ઞાન નાશ થાય એમ છે નહિ. સમજાણું કાંઈ? આહાહા..! કથનપદ્ધતિ અવિદ્યાને દૂર કરનારી. કોણ? **'महान उत्कृष्ट ज्ञानमयी ज्योति.'** સમજાણું કાંઈ? પરમ જ્ઞાનમય.

ભગવાન ચૈતન્યસ્વરૂપ મહિમાવંત પ્રભુ! એ ચૈતન્યજ્યોતિનો સ્વીકાર એ જ ચૈતન્યજ્યોતિ અજ્ઞાનનો નાશ કરવાની તાકાત રાખે છે. બીજો કોઈ અજ્ઞાનનો નાશ કરનારી ચીજ નથી. સમજાણું કાંઈ? કોઈ શુભ-અશુભભાવ તો નહિ, સંયોગ પણ નહિ, આ દેવ-ગુરુ-શાસ્ત્રમાં પણ અજ્ઞાનનો નાશ કરવાની તાકાત નથી. એમ કહે છે. ભાવ કોનો? આહાહા..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– ભાવ શેનો જાગ્યો છે?

મુમુક્ષુ :– વગર પૂછ્યે...

ઉત્તર :– એ તો પૂછવાનો અર્થ ભાવ જાગ્યો એટલે ત્યાં જ્ઞાનમાં એ દશા એને હોય જ છે.

**'परं ज्ञानमयं महत्।'** એક પદની વ્યાખ્યા કરી જુઓ ! ભગવાન ચૈતન્ય પ્રભુ ! જેમાં શરીર-કર્મ તો નહિ પણ જેમાં પુણ્ય-પાપનો વિકલ્પ પણ નથી એવી પરમ .. ચૈતન્યજ્યોતિ પ્રભુ આત્માની સત્તા, તેનો જ્યાં સ્વીકાર થયો એ ચૈતન્યજ્યોતિ અજ્ઞાનનો નાશ કરવાની તાકાત રાખે છે. આહાહા..! અજ્ઞાન કહો કે મિથ્યાત્વ કહો. ભ્રમણા. એ ભ્રમણા પુણ્યમાં સુખ છે, ઠીક છે, વાસના ઠીક છે, પાપમાં મજા છે, બહારમાં ઠીક, અનુકૂળ સામગ્રીઓ બધી ભ્રમણા. ભ્રમનો નાશ કરનારી પરમ મહત્ જ્યોતિ ચૈતન્ય છે. ચૈતન્યજ્યોતિનો જ્યાં સ્વીકાર થયો તો ચૈતન્યજ્યોતિ અજ્ઞાનનો નાશ થયો. તેમાં તાકાત છે. બીજામાં તાકાત નથી. વિશેષ લેશું... (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

**વીર સંવત ૨૪૯૨, જેઠ સુદ ૧૪, ગુરૂવાર**
**તા. ૦૨-૦૬-૧૯૬૬**
**ગાથા–૪૯-૫૦, પ્રવચન નં. ૫૪**

'પૂજ્યપાદસ્વામી'કૃત 'ઇષ્ટોપદેશ' શાસ્ત્ર છે, એની ૪૯ મી ગાથા છે.

**अविद्याभिदुरं ज्योति, परं ज्ञानमयं महत्।**
**तत्प्रष्टव्यं तदेष्टव्यं, तद् दृष्टव्यं मुमुक्षुभिः।।४९।।**

બહુ ટૂંકામાં (વાત કરે છે). આ આત્મ ચૈતન્યજ્યોતિ કેવી છે? આ આત્મા ચૈતન્યજ્યોત છે. જ્ઞાનજ્યોત, ચૈતન્યજ્યોત છે. આ અગ્નિની જ્યોત કહે છે ને? અગ્નિનીજ્યોત એ તો જડ છે. તેની જડની પર્યાય છે. એ અચેતનજ્યોતિ છે. અગ્નિની પર્યાય અચેતનજ્યોતિ છે. તે પરમાણુસ્કંધની પર્યાય છે, દેખાય છે એ. એ જીવ નહિ. અગ્નિનું શરીર દેખાય છે ને? એ તો અચેતનજ્યોતિ છે. રજકણનો સ્કંધની એ પર્યાય છે. એની સામે આ ચૈતન્યજ્યોતિ છે. તો કહે છે કે ભગવાન ચૈતન્ય જ્ઞાનમય ઉત્કૃષ્ટ જ્યોતિ છે. કેવી છે? **'અવિદ્યાકો દૂર કરનેવાલી...'** ભગવાન જ્ઞાનસ્વરૂપ આત્મા, તેની પ્રતીત કરવાથી એ જ્ઞાનજ્યોતિ અજ્ઞાનનો નાશ કરનારી છે.

મુમુક્ષુ :– અનાદિની છે કેમ ન જોઈ?

ઉત્તર :– ન જોયું એણે. જ્ઞાનજ્યોતિ છે તેવો સ્વીકાર ન કર્યો. સમજાણું કાંઈ? એ જ્ઞાનજ્યોતિ છે, આ જ્ઞાનજ્યોતિ છે એવો સ્વીકાર ન કર્યો. સમજાણું કાંઈ? રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, શરીરાદિનો સ્વીકાર કર્યો. જ્ઞાનજ્યોતિ આ છે, ચૈતન્યમૂર્તિ છે એવો સ્વીકાર કરવાથી જ્ઞાનજ્યોતિ અજ્ઞાનનો નાશ કરનારી છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનજ્યોતિ જ્ઞાનપ્રકાશ કરનારી છે. અજ્ઞાનનો નાશ કરનારી છે, મિથ્યાત્વનો નાશ કરનારી છે અને સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાનનો પ્રકાશ કરનારી તે આત્મજ્યોતિ છે. જુઓ! કેવી ભાષા લીધી! સમજાણું કાંઈ? વાત તો કરશે, કે બન્ને વાત તો છે, વ્યવહાર છે. તેમ સમજવું. ગુરુથી થાય છે તે વ્યવહારથી કથન છે એમ સમજવું. એ છેલ્લે આવશે. નિશ્ચય-વ્યવહારની કથની, બે પ્રકારની એમાં કહી છે. એમાં વ્યવહારને વ્યવહાર સમજવો, નિશ્ચયને નિશ્ચય સમજવો. સમજાણું કાંઈ?

અહીંયાં તો હવે નિશ્ચયની વાત કરે છે. ભગવાનઆત્મા જ્ઞાનચૈતન્ય ઉત્કૃષ્ટ, જ્ઞાનમય, ઉત્કૃષ્ટ જ્યોતિ તે અજ્ઞાનનો નાશ કરનારી છે. કોઈ કહે, એવી જ્યોતિ છે તો અજ્ઞાનનો નાશ કેમ ન થયો? પણ આ જ્યોતિ છે એમ સ્વીકાર ક્યાં કર્યો છે? સમજાણું કાંઈ? આ જ્ઞાનમય જ્યોતિ છે, તેમાં વિકાર, શરીર કાંઈ નથી એવી જ્યોતિનો સ્વીકાર કર્યા વગર એ જ્ઞાનજ્યોતિ અજ્ઞાનનો નાશ કરવાની તાકાત કેમ કરે? કહો, સમજાણું કાંઈ? બહુ ટૂંકા શબ્દોમાં... લ્યો લાખ વાત ઘણી કરી હોય અને એય..! શાસ્ત્રમાં આવું પઠન-પાઠન ને વાંચન અને...

એ ભગવાન ચૈતન્યજ્યોત છે, એ જ્ઞાનમય ઉત્કૃષ્ટ જ્યોતિ છે. જગતની જ્યોતિનો પણ જ્યોતિ પોતે પ્રકાશક છે. પ્રકાશકનો પણ પ્રકાશક. પ્રકાશનો પ્રકાશ કહ્યું હતું ને? ૩૨માં આવ્યું હતું ને? આ પ્રકાશ, એનો પ્રકાશક છે. અગ્નિ એ પ્રકાશ છે. અગ્નિને કાંઈ ખબર નથી કે હું પ્રકાશ છું. એનો પણ પ્રકાશક ચૈતન્યજ્યોતિ છે. એવા સ્વભાવનો સ્વીકાર (થયો નથી). પહેલા છે એમ તો સ્વીકાર થવો જોઈએ ને? છે એ તો છે જ. પણ આ છે અને બીજો નથી, એવો સ્વીકાર કરે તો જ્ઞાનજ્યોતિ અજ્ઞાનનો નાશ કરવાની તાકાત રાખે છે. બીજી કોઈ ક્રિયાકાંડ કરે અને અજ્ઞાન નાશ થાય એમ છે નહિ, એમ કહે છે. સમજાણું કાંઈ? કે ભાઈ ! દયા, દાન, વ્રત પાળે, ભક્તિ કરે, પૂજા કરે અને જાત્રા લાખ કરોડ કરે તો અજ્ઞાનનો નાશ થાય, એમ નથી. એમ છે જ નહિ. તે તો પુણ્યબંધનું કારણ છે.

અહીં તો મોક્ષના અભિલાષીની વાત કરે છે ને? **'સો મુમુક્ષુઓં (મોક્ષઅભિલાષિયોં) કો...'** જેને કર્મબંધનથી રહિત થવું છે. જેને કર્મબંધનથી રહિત થવું છે અને પૂર્ણાનંદની પ્રાપ્તિરૂપ મોક્ષની જેને અભિલાષા છે, **'ઉસીકે વિષયમેં પૂછના ચાહિયે,...'** મોક્ષનો અભિલાષી પ્રાણી છે. જેને પોતાના બંધન છોડી અને અબંધ પરિણામ પ્રગટ કરવા છે. અબંધ પરિણામનો મોક્ષ. અબંધ પરિણામ એટલે મોક્ષ. એવા મોક્ષની જેને અભિલાષા છે, એવા મુમુક્ષુએ **'ઉસીકે વિષયમેં પૂછના ચાહિયે,...'** આત્માના વિષયમાં પૂછવું જોઈએ.

મુમુક્ષુ :– કર્મ ..

ઉત્તર :– કોઈ કામ નથી. કર્મ-ફર્મ એમાં છે નહિ તો બીજું શું કામ છે? એમ કહે છે, લ્યો ! સમજાણું કાંઈ? આગળ વિસ્તારથી કહેશે. શાસ્ત્ર કહે છે તો અમે શ્રદ્ધા કરીએ છીએ, એ ભલે હો, પણ સંક્ષેપમાં તો આ વાત સમજવી જોઈએ. સમજાણું કાંઈ?

જેને આત્મા પરમાનંદ મુક્તિની પૂર્ણાનંદ દશાની પ્રાપ્તિની અભિલાષા છે એટલે કે મોક્ષની અભિલાષા છે અર્થાત્ બંધનથી છૂટવાની ભાવના છે તેણે આત્મા સંબંધી પ્રશ્ન પૂછવા જોઈએ. લ્યો! સમજાણું કાંઈ? **'ઉસીકે વિષયમેં પૂછના ચાહિયે,...'** કે આત્મા શું છે? કઈ રીતે પ્રાપ્ત થાય છે? શું ચીજ છે? કેવી સંપદા છે? તે સંબંધી પ્રશ્ન પૂછવા. એમ કહે છે.

મુમુક્ષુ :– પ્રશ્ન કેવા કરવા ઇ શીખવે છે?

ઉત્તર :— હા. આ પ્રશ્ન આત્મા સંબંધી. પહેલા શરતો કહીને? કે **'(મોક્ષાભિલાષિયોં)કો..'** એવી પહેલા શર્ત કરી. જેને પોતાનો આત્મા બંધનથી છૂટવાનો અભિપ્રાય છે, જિજ્ઞાસા છે, મોક્ષ અભિલાષી છે, તેણે જ આત્મા સંબંધી પ્રશ્ન પૂછવા. કેમ કે આત્મા જ પરમાનંદને પ્રાપ્ત કરી શકે છે. **'ઉસીકે વિષયમેં પૂછના ચાહિયે,...'** બીજી વાત પૂછવા કરતા આ વાત પૂછવી.

મુમુક્ષુ :– ગુરુ થતા પહેલા શિષ્ય કેમ થવું એ શીખવાડે છે.

ઉત્તર :– શિષ્ય મોક્ષઅભિલાષી હોય તો તેણે આ રીતે પૂછવું. એમ કહે છે. પોતાના બંધનથી છૂટવું છે કે બંધનમાં રહેવું છે? પહેલા આટલી શર્ત છે. આત્મા અનાદિથી નિમિત્તથી બંધનમાં તો છે. નિમિત્તથી. ભાવથી વિકલ્પમાં એકત્વ (તો ચાલે છે), તો તેનાથી છૂટવાનો જેનો આશય છે, તેનું નામ આત્મા શું છે? હું કોનાથી છૂટું? અને કોનાથી મારી મુક્તિ થાય? એવા આત્મા સંબંધી પ્રશ્ન પૂછવા જોઈએ. કહો, સમજાણું કાંઈ? પેલા કહે કે, ભાઈ! અમને પૈસા કેમ મળે? એ..ય..! 'ચીમનભાઈ'! પૈસા કેમ જળવાય? જળવાય એટલે? મળ્યા છે એની રક્ષા કેમ થાય? જુઓને! કાલે એક મોટર આવી હતી ને. તો ત્યાં દર્શન કર્યા, અહીંયાં દર્શન કર્યા, અહીંયાં ઉઠ-બેઠ કરીને કર્યા. 'મુંબઈ'ના કચ્છી હતા. પછી 'વીરપુર' ગયા. કેવું કહેવાય એ?

મુમુક્ષુ :– જલારામ, ભગતની જગ્યા.

ઉત્તર :– જલારામ. ક્યાં ગયા? કોઈક કહે ત્યાં જાય છે. આ ભારે ભાઈ ! શેઠે પૂછ્યું હતું. તમે પૂછ્યું હતું ને? શેઠ ! ક્યાં રહો છો? શું નામ? 'મુંબઈ' ફલાણા ભાગમાં. તો પછી કહે કે હવે 'વીરપુર' જાય છે. ઓહો..! ભગવાન પાસે ગયા, અહીં પણ વંદન કર્યા. ત્યાં પણ ચાલો.

મુમુક્ષુ :– જે કોઈ આપતા હશે એની મેળાએ મહેરબાની કરશે.

ઉત્તર :– કર્યા, ધૂળમાં. આવે છે એવું સાંભળ્યું છે. આમાં શ્વેતાંબરમાં પણ આવે છે.

પેલી વનસ્પતિ આવે છે ને? સંજીવની. સંજીવની વનસ્પતિ આવે છે ને?

મુમુક્ષુ :- બળદે ખાધી.

ઉત્તર :- હા, બળદે ખાધી. હવે દૃષ્ટાંતેય પણ બીજી વાત પણ આવે છે. અમે તો ઘણીવાર સાંભળ્યું છે. એક વનમાં સંજીવની ઔષધી હતી. આપણે બનાવ્યું છે ને સ્તુતિમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ સંજીવની ઔષધી હોય છે. તો કોઈ કહે કે ભાઈ આ બળદ અમારો પતિ થાઓ. બળદ શોધ્યો. હવે એને શું કરવું? એને સંજીવની ઔષધિ ખવડાવી દેજો. પણ આ જંગલમાં સંજીવની ઔષધિ કઈ છે એ અમને ખબર ન પડે તો શું કરવું? આમાં લાખો વનસ્પતિ છે તેમાંથી એકાદ સંજીવની હશે. બધી ખવડાવો એમાં સંજીવની આવી જશે. પણ એમાં મરજીવની આવી જશે તો? કહો ઠીક. એ આવે છે ને? ભાઈ! 'ચેતનજી'! એ 'હેમચંદ્રાચાર્ય' નું એ બધું આવે છે. એ બધા ગોટેગોટા. એ લોકો કહે છે કે આપણે બળદ કરો. બધી વનસ્પતિ તો છે પણ આપણને ખબર નથી. ત્યારે વિદ્યાધર ઊભો રહેતો નથી. વિદ્યાધરે કહ્યું કે તારા બળદને મનુષ્ય કરવો હોય તો અહીં સંજીવની ઔષધિ છે. પણ ક્યાં છે? મને સમય નથી, એમ કહી ચાલ્યા ગયા. તો કહે બધી ખવડાવો. પણ કઈ ખવડાવવી? એમાં મરજીવની આવી ગઈ તો મરી જશે.

મુમુક્ષુ :- મૃત્યુની પણ હોય છે?

ઉત્તર :- હોય છે. હોય છે કે નહિ અંદર? ઝેરી, ઘણી ઝેરી. તરત મારી નાખે. એમ છે નહિ. સમજાણું કાંઈ? અને બીજું એક દૃષ્ટાંત શાસ્ત્રમાં આપેલ છે. એનું વહાણ દરિયામાં જાતું હતું. પછી કહે હે ભગવાન! હે બ્રહ્મા! હે વિષ્ણુ! હે અંબાજી! હે સિકોતેર! હે ફલાણું! બધાના નામ લીધા. કદાચ કોઈ આવે અને તારી દે. બધાના નામ લીધા. એમાં કોઈ કોઈ આવીને તારી દેશે. એવું હશે અહીંયાં? મૂઢ છે, કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આમાં કોણ તારી દે?

ઉત્તર :- આત્મા તારી દે. સમજાણું કાંઈ? તારનારો તારે અને તરવાવાળો તરે. તારનારો તારે. જેને તરવાનો ઉપાય હાથ લાગ્યો છે તે તરવાનો ઉપાય બતાવે છે અને એ સમજીને તરનારો તરી જાય. બીજો કોઈ ઉપાય નથી.

મુમુક્ષુ :- સ્વયં તરે છે.

ઉત્તર :- સ્વયં તરે છે. એમ જ કહે છે.

મુમુક્ષુ :- કોઈ તારનારો હોય તો તો કોઈ દરિદ્ર રહે નહિ.

ઉત્તર :- ઈશ્વરાદિ કોઈ છે? અથવા ગુરુ જો તારી દે તો એક ગુરુ જ બધાને તારી દે. પછી બીજાની જરૂર રહી નહિ. બીજા ગુરુની જરૂર ન પડે અને બીજા દેવની પણ જરૂર ન પડે. એમ છે નહિ. અહીં તો કહે છે કે તારો આત્મા જ શુદ્ધ ભગવાન જ્ઞાનજ્યોતિ

છે. જો તને મોક્ષની અભિલાષા હોય તો તે સંબંધીના જ પ્રશ્ન પૂછજે. જગતની કોઈ લપ હોય, અમે વાંજીયા છીએ તો પુત્ર દો, પૈસા, આબરૂ, કીર્તિ એમ..એમ.. અમે ખોટમાં છીએ તો કેમ હવે કેમ નીકળવું? અમારી પાસે ખાનગી ઘણા આવે છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– બહારમાં નામ મોટું પડી ગયું. અહીં બહારમાં જુએ તો જાણે મોટો માંધાતા જેવો લાગતો હતો. અમલદાર અધિકારી જેવો મોટો બહારનો દેખાવ હતો. થોડું કામ છે કહે છે. મેં કીધું શું કામ હશે? હશે કાંઈક આમ. દેખાવ સારો આમ કોટબોટ પહેરેલો. મોટા અધિકારી-અમલદાર જેવો હોશિયાર, જાણે પાંચસે હજારનો પગાર એવો લાગતો હતો. શું કામ છે ? ખાનગીમાં ગયા તો કહે, હું ઘણો દેણામાં છું. મને કંઈક (આપી દો). મેં કીધું, અમારી પાસે કાંઈ નથી. તો પછી કહ્યું નામ સાંભળ્યું. નામ એવડું મોટું હતું ને કે મેં ભગવાન... ભગવાન... ભગવાન.. ભગવાન... ભગવાન.. ભગવાન.. ખૂબ કર્યું. લક્ષ્મીનું દેણું હતું. દેણું સમજ્યા ને? પણ ભગવાન આવ્યા નહિ. પછી મેં લક્ષ્મીનું નામ લીધું. લક્ષ્મી... લક્ષ્મી.. લક્ષ્મી... લક્ષ્મી... આઠ દિવસ સુધી. પછી અવાજ આવ્યો. શું? કહે 'કાનજી સ્વામી' પાસે જાવ. આ તો ભારે. એય..! 'ચીમનભાઈ'! આ જુઓને! આજે લાકડી ફેરવી છે. પેલી લાકડી કાલે તૂટી ગઈ હતી. આ બીજી ચાર-પાંચ પડી છે ને? એમાંથી આ નવી કાઢી છે, હોં!

મુમુક્ષુ :– એને મંતરવી. એને કીધું એ વાત તો સાચી ને?

ઉત્તર :– હવે એ કહેતો હતો. આમ જુઓ તો તમને આમ પેલી કરી નાખે એવો. પણ હવે અંદરમાં કોઈ ઘણા પ્રકારથી ખોટું કર્યું હોય અને પૂરું પડે નહિ. દીકરી-દીકરાના લગ્ન તો પાછા આબરૂ પ્રમાણે કરવા પડે. 'ચીમનભાઈ'! બહારમાં ઢસરડા તો કરવા પડે. અંદરમાં હોય ખાધ. મેં જ્યારે લક્ષ્મી... લક્ષ્મી... લક્ષ્મી... જપ જપ્યા. ભગવાનનું નામ જપ્યું પણ કાંઈ આવ્યું નહિ. પણ આઠ દિવસ જ્યાં લક્ષ્મી.. લક્ષ્મી... લક્ષ્મી... લક્ષ્મી... એમ કર્યું. દેવી, હોં ! કે જાવ 'કાનજીસ્વામી' પાસે એ તમને બતાવશે. ઓય..બાપા! આ તે કેવું!

મુમુક્ષુ :– એ બતાવ્યું કે ન બતાવ્યું?

ઉત્તર :– ના પછી કહે, દેવનું નામ લીધું હતું. એણે કહ્યું. પણ ક્યા દેવ? અમારે તો આ એક સીમંધર ભગવાન છે. અમારા દેવ સીમંધર ભગવાન અને અમારા ગુરુ 'કુંદકુંદાચાર્ય' છે. એવું કાંઈ બતાવ્યું હતું? ખબર નહિ ભૂલી ગયો છું. કાંઈક નામ બતાવ્યું હતું. 'કાનજીસ્વામી' અમુક દેવનું નામ બતાવશે. દેવ તો આ અમારા ભગવાન છે. સીમંધર ભગવાન બિરાજે છે એ અમારા દેવ છે. 'કુંદકુંદાચાર્ય' અમારા ગુરુ છે. બેમાંથી એકનું નામ બતાવ્યું હતું? અને અમે તો અહીં આત્માની વાત કરીએ છીએ. બિચારા ચાલ્યા ગયા. શું કરે? આહાહા..! એવા તો કેટલાય ખાનગી કાગળ આવે છે, હોં! એક પાંચ હજાર મોકલો મહારાજ! મહારાજ ! પાંચ હજાર મોકલો. તમારે કરોડોપતિ બહુ આવે છે. અને પછી હું

બધું પૂરું કરી જઈશ. અહીંયાં જાણે નવરા ધંધા ચાલતા હશે. આહાહા..! એ બિચારાના કાગળ મફતમાં જાય, પૈસા મફતમાં જાય.

અહીં તો કહે, આત્મા સંબંધી પૂછવું. આહાહા..! સમજાણું કાંઈ? પુણ્ય કેમ થશે? એમ પણ ન પૂછવું. આહાહા..! અમને સ્વર્ગ કેમ મળે એમ પણ નહિ. અમે અહીંયાંથી સ્વર્ગમાં જઈને ભગવાન પાસે કઈ રીતે જઈ શકીએ? એમ ન પૂછવું. અમે અહીંથી સીધા મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ લઈએ કે નહિ? મહારાજ! તો ત્યાં ભગવાન બિરાજે છે. એમ ન પૂછવું. એમ કહે છે. સમજાણું કાંઈ? જ્યાં ભગવાન બિરાજે છે ત્યાં જન્મ લઈએ તો તરત... પણ ત્યાં જન્મ લઈને... ન્યાં ક્યાં છે. આત્માના ભાન વિના જન્મ તો ન્યાં અનંતવાર લીધા. ભગવાન ક્યાં આપી દેતા હતા.

મુમુક્ષુ :- ત્યાંથી નરકમાં પણ જાય છે ને...

ઉત્તર :- નરકમાં તેત્રીસ સાગરમાં જાય છે.

મુમુક્ષુ :- અહીંથી તો ન્યાં કોઈ જાય નહિ.

ઉત્તર :- અહીંથી તો કોઈ તેત્રીસ સાગર પણ ન જાય, હોં! ત્યાંથી તો અત્યારે તેત્રીસ સાગર જાય છે. અહીંથી કોઈ તેત્રીસ સાગર સુધી જાય નહિ. તો તેમાં શું છે? લોકો કહે, ત્યાં ગયા. કેટલાક 'શ્રીમદ્'ને ઠરાવે. અહીંથી મહાવિદેહક્ષેત્રમાં જન્મ્યા. અરે..! રહેવા દે તું. મહાવિદેહમાં જન્મે એ મિથ્યાદૃષ્ટિ જન્મે. મનુષ્ય મરીને મનુષ્ય થાય એ તો મિથ્યાદૃષ્ટિ મનુષ્ય થાય. સમ્યગ્દૃષ્ટિને મરી ત્યાં (જાય નહિ). 'દેવચંદજી'ને કેટલાક કહે છે, ન્યાં કેવળ પામ્યા છે. અરે..! રહેવા દે, આવી વાતું ગપમાં જાય. સમજાણું કાંઈ? મહાવિદેહમાં જન્મું તો મને જલ્દી લાભ થાય. એ પૂછવું નહિ એમ કહે છે.

મુમુક્ષુ :- મિથ્યાદૃષ્ટિ પ્રાણી...

ઉત્તર :- હા. મનુષ્ય મરીને મનુષ્ય થાય એ તો મિથ્યાદૃષ્ટિ થાય છે. મનુષ્ય મરીને સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય મહાવિદેહમાં જાય નહિ, એ તો સ્વર્ગમાં જાય છે. અહીં તો કહે છે કે પૂછવું હોય તો આત્માની વાત પૂછ. મહાવિદેહમાં કેમ ઉપજ્યા, ફલાણા ને.. એ બધી વાત તું છોડી દે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- આત્માકલ્યાણ કેમ થાય?

ઉત્તર :- બસ, એ પ્રશ્ન કર. મારો આત્મા જ્ઞાનજ્યોતિ, ચૈતન્યમૂર્તિ એ શું છે? કેમ પ્રાપ્ત થાય? એ વાત પૂછ.

**'ઉસીકી વાંછા કરની ચાહિયે,...'** પ્રીતિ કરવી જોઈએ, અભિલાષા કરવી જોઈએ. એમ પૂછવું અને એની અભિલાષા કરવી જોઈએ. બીજી કોઈ અભિલાષા ન કરવી. આત્મા આનંદમૂર્તિ, પરમાત્મસ્વરૂપ, એની અભિલાષા સિવાય, તેની પ્રીતિ સિવાય બીજી કોઈ અભિલાષા, પ્રીતિ અને વાંછના કરવી નહિ. કહો. છેલ્લે ભારે શ્લોક લઈ લીધો. સમજાણું કાંઈ?

**'ઔર ઉસે હી અનુભવમેં લાના ચાહિયે.'** અને ભગવાનઆત્મા જ્ઞાનજ્યોતિ ચૈતન્યબિંબ જે આત્મસ્વરૂપ, એના સંબધમાં પૂછવું, તે સંબંધી અભિલાષા કરવી, તે સંબંધી પ્રીતિ કરવી. તે આત્મા કોણ તેની વાંછા કરવી અને પછી એ આત્મામાં ઠરવાનો અનુભવ કરવો. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા ચૈતન્યજ્યોત ચમકતો સૂર્ય પ્રભુ! દેહદેવાલયમાં (બિરાજે છે). આ દેહ દેવાલય છે. એમાં પરમાત્મા ચૈતન્યપ્રભુ સૂર્ય પ્રભુ બિરાજમાન છે. સૂર્યદેવતા હોય છે, હોં! સૂર્યદેવતા હોય છે ને કેટલાક. સમજાણું કાંઈ?

**'ઔર ઉસે હી અનુભવમેં લાના ચાહિયે.'** તેને અનુભવમાં લાવવો જોઈએ. દયા, દાન અને વ્રતને અનુભવમાં લાવવા અને આમ કરવું, એ વાત છોડી દે. અહીં તો વ્યવહારની વાત જ પૂછી નથી, ભાઈ! લ્યો. ઓહોહો..!

મુમુક્ષુ :– ...

ઉત્તર :– પણ એ પૂછવામાં આ પૂછવું કે એ આત્મા કોણ? પુણ્ય કેમ થાય અને વ્રત કેમ થાય એમ નહિ. એમ. સમજાણું કાંઈ? પૂછવામાં આટલી શરત. આત્મા સિવાય વાત નહિ.

ભગવાનઆત્મા ચૈતન્યજ્યોત, તેનું બોલવું. પેલામાં શબ્દ આવે છે. 'સમાધિશતક'માં ક્યાંક આવે છે. .... અને 'યોગસાર'માં તો 'અમિતગતિ આચાર્ય'ના ઘણા બોલ આવે છે. એ તો અગિયાર બોલ આવે છે. આ તો 'સમાધિશતક'માં આત્માસંબંધી છે. એવો બોલ છે. 'યોગસાર' 'અમિતગતિ આચાર્ય'માં ઘણા બોલ છે. અને 'સમાધિશતક'માં અગિયાર બોલ છે. 'યોગસાર' 'યોગસાર'. શેમાં છે? લખ્યા છે ક્યાંય? અનુભવમાં લાવવો જોઈએ, એ છેલ્લી વાત છે. પૂછવામાં એ, અભિલાષામાં એ, અનુભવમાં પણ એ જ, ત્રણ વાત લીધી. શરૂઆતમાં પૂછવું તો આત્માસંબંધી, અભિલાષા કરવી તો આત્માસંબંધી પણ પૂછીને આત્માસંબંધીની અભિલાષા કરવી અને અનુભવ પણ આત્માસંબંધી કરવો. આહાહા..!

ભગવાનઆત્મા ચૈતન્યજ્યોત બિરાજમાન પ્રભુ ! સમજાણું કાંઈ? એ ચૈતન્યસૂર્યનું દેવાલય આ શરીર. ચૈતન્યસૂર્યનું દેવાલય. 'ચોટીલા' પાસે છે. સૂર્યનું. આ કાઠી લોકો બહુ માને. સૂર્યને કાઠી લોકો બહુ માને. ક્યાં હશે પાછું? 'યોગસાર' 'અમિતગતિ'. આ ૪૯ છે અને આ પણ ૪૯ છે. ૪૯ ગાથા છે. 'સમાધિશતક'ની ૫૩ મી ગાથા છે. **'तत् ब्रूयात्'** આદિ. આમાં બધું લખ્યું છે. કેટલામી કીધી? ૫૩. જુઓ! આ લખ્યું 'યોગસાર' નિર્જરા અધિકાર ગાથા ૪૯મી. પાનું ૧૧૪. બધું લખ્યું છે, હોં!

**तद्ब्रूयात्तत्परान्पृच्छेत्तदिच्छेत्तत्परो भवेत्।**
**येनाऽविद्यामयं रूपं त्यक्त्वा विद्यामयं व्रजेत्।।५३।।**

**'ઇસ આત્મસ્વરૂપ કા કથન કરેં, ઔર દુસરોં કો બતલાવે...'** આત્માની વાત બીજાને બતાવે અને કથન કરે. સમજાણું કાંઈ? પૂજા, ભક્તિ, વ્રત એ વાત તો પુણ્ય છે એ વાત

ગૌણ કરી દે. તું આની વાત મૂળ કર. **'ઔર ઉસ આત્મસ્વરૂપકો દુસરે આત્માનુભવી પુરુષોંસે વિશેષ જ્ઞાનીઓસે પૂછે.'** જુઓ ! ... ધર્માત્માને, જ્ઞાનીને આત્માની વાત પૂછ. આત્માની વાત પૂછ. આત્મા કોણ છે? પરમાત્મા કોણ છે? તેનું સ્વરૂપ શું છે? સમજાણું કાંઈ? **'ઉસ આત્મા કી ઇચ્છા કરે, ઉસકી પ્રાપ્તિકો અપના ઇષ્ટ બનાવે.'** લ્યો. એ આત્માની પ્રાપ્તિ કઈ રીતે થાય એને ઇષ્ટ બનાવે. **'ઔર ઉસ આત્મસ્વરૂપમાં ભાવનામેં સાવધાન હો આગે બઢાવે...'** જુઓ! અહીં પણ શબ્દ છે. **'अविद्यामयं रुपम त्वक्त्वा'** એ અજ્ઞાનમય બધું છોડીને ''**विद्यामयम व्रजेत विद्यामयम व्रजेत**' જ્ઞાનમય ભગવાનઆત્મા અંગીકાર થશે. લ્યો, એ સમાધિશતક એનું છે ને? અહીં છે જુઓ! 'યોગસાર' 'અમિતગતિ આચાર્ય'

**अध्येतव्यं स्तिमितमनसा ध्येयमाराधनीयम्**
**पृच्छयं श्रव्यं भवति विदुषाभ्यस्यमावर्जनीयम्।**
**वेद्यं गद्यं किमपि तदिह प्रार्थनीयं विनेयम्**
**दृश्यं स्पृश्यं प्रभवति यतः सर्वदात्मस्थिरत्वम्।।४९।।**

**'જો પુરુષ વિદ્વાન હૈ, ધર્મી હૈ. ઉન્હે વહી પદાર્થ નિશ્ચસ મન સે પઢને યોગ્ય હૈ.'** નિશ્ચલ મનથી વાંચવા યોગ્ય છે. ભગવાન આનંદકંદ આત્મા શુદ્ધ એ જ ભણવા લાયક છે. લ્યો. આ સંસારનું ભણવા લાયક નથી એમ કહે છે અહીં તો.

મુમુક્ષુ :– તોપણ ભણ્યા વિના ક્યાં રહેવાય છે.

ઉત્તર :– એ તો મોહને લઈને.

**'મન સે પઢને યોગ્ય હૈ.'** ધ્યાન કરવા યોગ્ય છે. એ ભગવાન જ્ઞાનમૂર્તિ તેનું જ ધ્યાન કરવા લાયક છે. **'આરાધને યોગ્ય હૈ.'** એ સેવા કરવાલાયક છે. ચિદાનંદ ભગવાન અંતર એકાગ્ર થઈને આરાધવા યોગ્ય છે. **'પૂછને યોગ્ય હૈ.'** તેના વિષે પૂછવું. **'સુનને યોગ્ય હૈ.'** એ આત્માની વાત સાંભળજે, બીજી વાત નહિ. આહાહા..! પણ અત્યારે તો પૂજા, ભક્તિ, વ્રતની વાત ચાલે તો ગલગલિયા થઈ જાય. આહાહા..!

મુમુક્ષુ :– એમાં તો સમજાય છે.

ઉત્તર :– એમાં શું સમજવું હતું? એ ભગવાનની ભક્તિ... આહાહા..! ધમધમ... પૂજા થાય, મોટા વરઘોડા નીકળે, રથયાત્રા નીકળે, ગજરથ નીકળે એમાં સમજાય કે આમાં પુણ્ય છે અને કાંઈક કરીએ છીએ.

મુમુક્ષુ :– કેટલા બધા માણસો ભાગ લે છે.

ઉત્તર :– ધૂળમાં ભાગ લે છે, એમાં પુણ્ય છે. એમાં આત્મા ક્યાં આવ્યો? સમજાણું કાંઈ ? એય..! 'વજુભાઈ'!

**'સુનને યોગ્ય હૈ.'** ભગવાનઆત્મા.. આત્મા જ તેને કહીએ કે જ્ઞાનજ્યોતિ તે આત્મા. પુણ્ય-પાપ, રાગ, શરીર, વાણી એ આત્મા નહિ. આત્મા સંબંધી (વાત સાંભળવી). અહીં

'યોગસાર' કર્તા 'અમિતગતિ આચાર્ય' છે. 'સમાધિશતક' કર્તા 'પૂજ્યપાદસ્વામી' છે. બધાની એક જ વાત છે. **'સુનને યોગ્ય હૈ.'** ભગવાનઆત્મા પૂર્ણાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય, તે જ સાંભળવા યોગ્ય છે. **'અભ્યાસકર યોગ્ય હૈ.'** એ અભ્યાસ કરવા લાયક છે. બીજો સંસ્કૃત ને વ્યાકરણ છોડીને આ કરવાલાયક છે.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આવડ્યા હવે આવા અર્થ ઘણા ભણીને મરી જાય છે આવા.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– એ તો એ કારણે કરે, ઝટ સમજાય એ. હેતુ તો ત્યાં રાખે છે.

**'સ્પર્શ કરને યોગ્ય હૈ.'** સમજાણું કાંઈ? **'ઉપાર્જન કરને યોગ્ય હૈ.'** અભ્યાસ પછી. આત્મા જ ઉપાર્જન કરવા લાયક છે. પૈસા ઉપાર્જન કરે છે ને? પુણ્ય ઉપાર્જન કરને યોગ્ય નથી, આત્મા ઉપાર્જન કરવા લાયક છે. આહાહા..! પૈસાનું ઉપાર્જન કરવું, જ્ઞાન ઉપાર્જન કરવું, પુણ્ય ઉપાર્જન કરવાની અહીંયા ના પાડે છે. **'જાનને યોગ્ય હૈ, કહને યોગ્ય હૈ.'** કહેવા યોગ્ય તો આત્મા જ કહેવાયોગ્ય છે. ભગવાનઆત્મા પૂર્ણાનંદનો નાથ ચૈતન્ય નિર્વાણ પ્રભુ, એ પૂર્ણાનંદથી બિરાજમાન છે એમ કહેવા યોગ્ય છે. **'પ્રાર્થને યોગ્ય હૈ.'** પ્રાર્થના કરવી તો આત્માની પ્રાર્થના કરવી. એય..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ગુરુ શીખવે છે.

ઉત્તર :– શીખે છે પણ કોને માટે કહે છે આ? તારો આત્મા તને પ્રાર્થના કરવા લાયક છે.

**'શિક્ષા કે યોગ્ય હૈ.'** એ આત્માની શિક્ષા દેવી. શિખામણ એ છે, બીજી શિક્ષા નથી. આહાહા..! **'દેખને યોગ્ય હૈ.'** દેખવા યોગ્ય આત્મા જ છે. જાણવાયોગ્ય કહ્યું, દેખવાયોગ્ય કહ્યું. **'સ્પર્શ કરને યોગ્ય હૈ.'** લ્યો. **'ઇસીસે સદા આત્મા સ્થિર બના રહે.'** આત્મા અંતરમાં, એકાગ્રમાં રહી શકે એવા તારે આ તેર બોલ કરવા. સમજાણું કાંઈ? કહો, 'રતિભાઈ'! કે દિ' આ બધું કરવું? છોકરાને ભણાવવું ને ઇ. આહાહા..! ભારે. તેર બોલ છે, તેર. અહીં તો કહે છે, એ જ અનુભવમાં લેવા લાયક છે.

**વિશદાર્થ :– 'વહ આનન્દ સ્વભાવશાલી,...'** જ્યોતિ. હવે એટલું ઉમેર્યું. પહેલા જ્ઞાનજ્યોતિ કહ્યું હતું ને? જ્ઞાનપ્રભુ! તેની સાથે આનંદ સ્વભાવવાળી જ્યોતિ એટલું ઉમેર્યું. આત્મા જ્ઞાનજ્યોતિ છે. કેવી? આનંદ સ્વભાવવાળી જ્યોતિ છે. આહાહા..! **'આનંદ સ્વભાવવાલી,...'** એક વાત. **'મહાન ઉત્કૃષ્ટ,...'** બે વાત. એ જ્ઞાનજ્યોતિ ભગવાન પુણ્ય-પાપના રાગરહિત, કર્મ, શરીર રહિત તેને જ આત્મા કહે છે. આત્મા જ્ઞાનજ્યોતિ, આનંદ સ્વભાવવાળી જ્યોતિ. એક વાત. **'મહાન ઉત્કૃષ્ટ,...'** જગતમાં એ સિવાય ઉત્કૃષ્ટ કોણ છે? સમજાણું કાંઈ? લોકાલોકને જાણનારી ચૈતન્યજ્યોતિ એ જ મહાન ઉત્કૃષ્ટ છે. એ સિવાય કોઈ ઉત્કૃષ્ટ–ઊંચી ચીજ નથી.

**'વિભ્રમ કો નષ્ટ કરનેવાલી,...'** છે. લ્યો! એ અવિદ્યાનું કહ્યું. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા ચૈતન્ય આત્મસ્વરૂપી આત્મા છે. રાગ સ્વરૂપ, કર્મ સ્વરૂપ, શરીર સ્વરૂપ કાંઈ આત્મા નથી. એવી આત્મ જ્યોતિ આનંદ સ્વભાવવાળી છે, તેનો સ્વીકાર કર. આ છે એમ સ્વીકાર કરવાથી **'વિભ્રમ કો નષ્ટ કરનેવાલી,..'** છે. તે જ વિભ્રમ નામ મિથ્યાત્વને નાશ કરનારી આત્મજ્યોતિ છે. સમજાણું કાંઈ? તો કહે, આત્મજ્યોતિ એવી છે એ તો છે. પણ છે એમ કબુલ ક્યાં કર્યું છે? હું આવો છું એમ ક્યાં માન્યું છે? હું રાગવાળો છું, હું પુણ્યવાળો છું, હું કર્મવાળો છું, હું શરીરવાળો છું એમ માન્યું છે. તો આત્મજ્યોતિ આવી છે એમ ક્યાં માન્યું છે? સમજાણું કાંઈ? આહાહા..!

**'વિભ્રમ કો નષ્ટ કરનેવાલી,...'** ભ્રમણાનો નાશ કરનારી ભગવાન ચૈતન્યજ્યોતિ છે. સમજાણું કાંઈ? આહાહા..! પહેલા તો ૬૦-૬૦ વર્ષના અને ૭૦ વર્ષના બિચારાને મળતું પણ નહોતું. અત્યારે તો છોકરાને પણ આમ આંખ ફેરવીને જોવે તો ખરે, માગે તો ખરા, પ્રયત્ન તો કરે કે આ શું છે? સમજાણું કાંઈ? વિચારે તો ખરા કે આ શું કહે છે ? **'વિભ્રમ કો નષ્ટ કરનેવાલી,...'** ત્રણ (બોલ) થયા.

**'સ્વાર્થ કો પ્રકાશન કરનેવાલી,..'** ભગવાન ચૈતન્યજ્યોત પ્રભુ! આનંદ સ્વભાવવાળી મહાન ઉત્કૃષ્ટ અને ભ્રમને નાશ કરનારી અને સ્વાર્થને પ્રકાશનારી. પેલાને (–વિભ્રમને) નાશ કરનારી અને સ્વાર્થને પ્રકાશ કરનારી. સ્વ પદાર્થને પ્રકાશ કરનારી છે. ભ્રમને નાશ કરનારી–વ્યય. ભગવાનઆત્મા કેવા છે? તેને પ્રકાશ ઉત્પન્ન કરનારી. એ સમ્યક્‌જ્ઞાન, દર્શનને ઉત્પન્ન કરનારી આત્મજ્યોતિ છે. સમજાણું કાંઈ? તેનાથી આત્મજ્ઞાન અને આત્મદર્શનજ્યોતિ પ્રગટ થાય છે. બીજાથી પ્રગટ થતી નથી. આહાહા..! ભારે! શાસ્ત્ર ભણવાથી પ્રગટતી નથી. એ વાત ના પાડી, જુઓ !

**'સ્વાર્થ કો પ્રકાશ કરનેવાલી,...'** ભગવાનઆત્મા ચૈતન્યજ્યોત પ્રભુ ! આનંદ સ્વભાવવાળું તત્ત્વ, એ જ મહાન ઉત્કૃષ્ટ, એ જ વિભ્રમનો નાશ (કરનાર) અને પોતાનો નિજ સ્વ-અર્થ સ્વભાવ પ્રકાશનારી. વિભ્રમનો નાશ કરનારી અને સ્વ-અર્થને પ્રકાશનારી. અસ્તિ-નાસ્તિ થયું કે નહિ? ભ્રમનો નાશ થયો પણ પ્રકાશે શું? પોતાનું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ તેને પ્રકાશ કરનારી આત્મજ્યોતિ છે. તે પ્રકાશ કરનારી બીજી કોઈ જ્યોતિ નથી.

**'અથવા...'** ઓહોહો..! કેટલા બોલ મૂક્યા છે આમાં! બધો ભૂક્કો ઉડાડી દીધો છે. વ્યવહારથી પ્રકાશ કરનારી ને... અહીં તો કહે છે કે વ્યવહારરૂપી અજ્ઞાનને નાશ કરનારી છે. સમજાણું કાંઈ? અને પોતાની નિશ્ચયજ્યોતિ ચૈતન્ય ચમત્કારબિરાજમાન ભગવાન છે, તેના પોતાના સ્વરૂપનો પ્રકાશ કરનારી તે જ્યોતિ છે. સમજાણું કાંઈ? એ મોક્ષમાર્ગને પ્રકાશ કરનારી આત્મજ્યોતિ છે, એમ કહે છે. બંધનભાવનો નાશ કરનારી અને મોક્ષમાર્ગની પર્યાયને ઉત્પન્ન કરનારી આત્મજ્યોતિ છે. વસ્તુ–પદાર્થ એ છે.

**'અથવા ઇન્દ્રાદિકોંકે દ્વારા પૂજ્ય...'** ઇન્દ્રાદિ દ્વારા પૂજ્ય. ઇન્દ્ર પણ જેને પૂજ્ય માને છે. ઇન્દ્રો, ગણધરો પણ ચૈતન્યજ્યોતિને પૂજ્ય સ્વીકારે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ પુણ્યભાવને, વ્યવહારભાવને પૂજ્ય નથી સ્વીકારતા એમ કહે છે. **'ઇન્દ્રાદિકોં કે દ્વારા..'** ગણધરો દ્વારા, સંતો દ્વારા. ઇન્દ્રાદિ શું કામ લીધું? કે મોટી ઋદ્ધિધારી ઇન્દ્રો આદિ.. સમજાણું કાંઈ? ઇન્દ્રાદિ નામ પૂજ્યમ્, છે ને? **'इन्द्रादिनाम पूज्यम'** મહા ત્રણ જ્ઞાનના ધણી. જે અર્ધલોકનો સ્વામી, અર્ધલોક દક્ષિણાર્ધનો સ્વામી શક્રેન્દ્ર, ઉત્તરાર્ધનો સ્વામી ઇશાનઇન્દ્ર, એવા ઇન્દ્રોને તેના વૈભવ કરતાં પણ તે ચૈતન્યજ્યોતિ પૂજ્ય છે. સમજાણું કાંઈ? ઇન્દ્રોને પણ એ વૈભવ પૂજ્ય નથી. વૈભવ આદરણીય નથી. ઓહો..! ઇન્દ્રોને ત્યાં ભગવાનની પ્રતિમા છે. સમજાણું કાંઈ? જન્મે છે તો પહેલા પૂજ્ય એને કહે છે. પણ આ તો કહે છે કે એ તો વ્યવહારપૂજ્ય ભગવાન છે. નિશ્ચયમાં પૂજ્ય ચૈતન્યજ્યોતિ ભગવાન ઝળહળ જ્યોતિ પ્રભુ, તે જ ઇન્દ્રાદિકોં દ્વારા પૂજ્ય છે. **'ઐસી જ્યોતિ હૈ.'** એવી ચૈતન્ય ભગવાન ચૈતન્યજ્યોતિ છે. આહાહા..! કેટલા વખાણ કરવા એના, કહે છે.

**'મોક્ષકી ઇચ્છા રખનેવાલેંકો...'** આ શરત. જેને બંધનથી છુટવું હોય (તેને માટે વાત છે). પુણ્ય બંધાશે, પછી એનાથી સ્વર્ગમાં જવાશે, પછી ત્યાં લક્ષ્મી મળશે, એક ભવ ત્યાં સુખ મળશે અને પછી વળી મુક્તિમાં જઈશું. પહેલા પુણ્યના સુખ તો સ્વર્ગમાં ભોગવીએ, એમ કેટલાક કહે છે. એને મોક્ષની અભિલાષા નથી. **'મોક્ષની ઇચ્છા રખનેવાલેંકો ચાહિયે કિ વે ગુરુ આદિકોંસે ઉસીકે વિષયમેં પૂછ-તાછ કરેં.'** **'ગુરુ આદિકોં સે...'** એમ છે ને? સમજાણું કાંઈ? **'मुमुक्षुभिर्गुर्वादिभ्योऽनुयोक्तव्यम् ।'** ગુરુ હોય, પોતાનાથી વિશેષ જ્ઞાની હોય, સર્વજ્ઞ પરમેશ્વર હોય, ચાર જ્ઞાનના ધણી ગણધર આદિ હોય, ત્રણ જ્ઞાનના ધણી ગૃહસ્થ પણ હો. સમજાણું કાંઈ? **'ઉસીકે વિષય મેં પૂછ-તાછ કરેં.'** પૂછ-તાછ કરે. હિન્દીમાં એમ છે. આપણે પૂછપાછ કરે એમ છે, નહિ? પૂછપરછ કરે. અહીં પૂછ-તાછ કરે એ શું છે? 'અજીતકુમારજી'! પૂછતાછ. એ લખ્યું છે ને. પૂછતાછ કરે. આપણે પૂછપરછ કરે.

આત્મા સંબંધી પૂછપરછ, બીજી વાત નહિ. બાયું નવરી થાય ત્યારે માંડે ઘરની બધી. પાણીના આ બેડા, ઢીકણાનું આ થયું, ઢીકણાનું આ થયું, ઘરે બેડા કઠણ આ માંડને કહે છે, હવે મફતની પાપ કથા છોડને. આ 'મુંબઈ'વાળા નવરા થઈને બધી ત્યાંની માંડે. એય..! 'ચીમનભાઈ'! બધા ભેગા થઈને શું માંડે? ત્યાં આમ હતું અને ત્યાં આમ હતું અને ત્યાં આમ હતું. 'મુંબઈ'માં આમ હતું અને ત્યાં પછી આમ થયું... ત્યાં પછી આમ થયું... ધૂળ થઈને આમ થયું, લ્યો.

મુમુક્ષુ :– કો'કની સમૃદ્ધિના વખાણ કરે.

ઉત્તર :– હા. અરે..! પેલાને આમ મળી ગયા, બે કરોડ થઈ ગયા, પેલાને એક કરોડ થઈ ગયા, પેલાને પચાસ લાખ મળી ગયા. અમારે પણ અમારી શક્તિ પ્રમાણે અમને પણ

ઠીક છે. 'મલૂપચંદભાઈ'! આહાહા..! શું બધી એ કુથલી છે ને? કુથલી. અરે..! ભગવાન તારી માંડને પ્રભુ ! અંદર ચૈતન્ય ભગવાન બિરાજમાન છે. જેની પૂર્ણ વાત કેવળજ્ઞાની પણ કરી શકતા નથી. એવી ચીજ તારી પાસે છે, તું જ છો. તેની માંડને, એના પ્રશ્ન પૂછને, તેની વાત કરને.

મુમુક્ષુ :– ...આ પૂછવું.

ઉત્તર :– આ જ પૂછવું અને આ જ સમજવું. એ પૂછવાનું આ, ઠીક. પહેલામાં પહેલો આ પ્રશ્ન પૂછવો. વ્યવહાર બતાવ્યો છે કે નહિ? વ્યવહાર નથી બતાવ્યો? પૂછવાનો વ્યવહાર છે. નિશ્ચય કરવું એ પોતામાં છે. અધિકાર પૂરો કરતા એ આગળ કહેશે. **'सम्यग्व्यवहारनिश्चयाभ्याम-धीत्य पठित्वा'** એમ કહેશે. છેલ્લી (૫૦ મી ગાથામાં). છે ને ભાઈ! વ્યવહારની વાત આવી નથી? પૂછવું એ વ્યવહાર થયો. જેને પૂછવું છે એ પર છે એ પણ વ્યવહાર થયો ને? વ્યવહાર છે એમ જાણવું. પૂછવું એ કે આત્મા શું છે પ્રભુ? આત્મા કેવો છે? સમજાણું કાંઈ?

**'ઉસીકે વિષય મેં પૂછતાછ કરેં. તથા ઉસીકો ચાહેં, એવં...'** અથવા પ્રીતિ કરે. આત્મા આનંદમૂર્તિની પ્રીતિ કરે, બીજી બધી પ્રીતિ છોડી દે. જેની પ્રીતિ હોય તેની ચાહના હોય. જેની પ્રીતિ નથી તેની ચાહના પણ નથી. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપ (છે). પુણ્ય-પાપની પ્રીતિ, નિમિત્તની પ્રીતિ છોડીને એ સ્વભાવની પ્રીતિ કરે. તે પ્રીતિ કરે તે તેની ચાહના કરે. સમજાણું કાંઈ? આહાહા..! બહુ ટૂંકામાં ઇષ્ટ ઉપદેશ. ઇષ્ટ એટલે સુખનો ઉપદેશ એમ આગળ કહેશે. ઇષ્ટ એટલે સુખ એમ લીધું છે ને? ઇષ્ટ એટલે સુખ. **'सत्कारणत्वा-न्मोक्षस्तदुपायत्वाच्च स्वात्मध्यानम्'** એમ કહેશે આગળ. (૫૦ મી ગાથાની સંસ્કૃત ટીકામાં) આહાહા..!

ભગવાનઆત્મા આનંદસ્વરૂપ પ્રભુ! આનંદસ્વરૂપ (છે). એને કેમ બેસે? આહાહા..! ભાઈ! તારી આનંદની ખાણનો સ્વામી એકવાર થા. એકવાર થઈ જા. કાઢ... કાઢ.. કાઢ... કાઢ... આનંદ કાઢ. કાઢ.. કાઢ... એના મામાની ખાણો આને મળશે ને? તો સો વર્ષો સુધી કાઢે તો પણ ખૂટે નહિ. આ તો અનંતકાળ કાઢે તો પણ ન ખૂટે. સમજાણું કાંઈ? આ 'શાંતિલાલ'. આના મામાના દીકરા છે ને? લાખ રૂપિયાની દરરોજની ઉપજ. એક દિવસના એક લાખ... એક દિવસના એક લાખ. ધૂળના. સો વર્ષ સુધી ખૂટે નહિ કહે. પણ શેનો પોરો કરે છે? સાંભળને! આ ભગવાનની ખાણ એવી છે કે અનંતકાળ જાય તો પણ ખૂટે નહિ. આહાહા..! એવી ખાણ પ્રાપ્ત કરી લે કે જેનાથી તારું દરિદ્રપણું નાશ થઈ જાય. આહાહા..! સમજાણું કાંઈ? પેલી વાત જ્યાં સાંભળે નહિ ત્યાં ગલગલિયાં થઈ જાય. હેં ! એક લાખની પેદાશ! દસ-દસ લાખના મકાન! ધૂળમાં પણ નથી, બધી હોળી સળગે. કષાયની અગ્નિથી ઝળ્યા બળ્યા... એ ઝળ્યા બળ્યા જીવે છે. આહાહા..! 'ચીમનભાઈ'!

મુમુક્ષુ :– આ ચાબુક મારવા યાદ કરો છો.

ઉત્તર :– અહીં બધા બેઠા છે ને. ઘણા પૈસાવાળા બેઠા છે. ઝળ્યા બળ્યા જીવે છે. એ.. 'ચંપકભાઈ'!

મુમુક્ષુ :– તો એમ માનવું ને કે પૈસા વગરના એ વધારે ઝળ્યા બળ્યા છે.

ઉત્તર :– એના માટે ઝળ્યા બળ્યા કોણે કહ્યું? આત્માના ભાન વિનાના ઝળ્યા બળ્યા છે. સમજાણું કાંઈ? બધા સળગેલા જ છે. જેણે આત્માની ભાવના છોડીને બીજી ભાવના કરી, તે બધી ઝળ્યા ને બળ્યા ને સળગ્યા છે. સાધુ થઈને પણ પુણ્યની ભાવના, રાગની ભાવના (કરે છે)... સમજાણું કાંઈ? એ મિથ્યાત્વથી ઝળ્યા બળતા મડદા થઈ ગયા છે. પોતાના ચૈતન્યપ્રાણને દઝાડે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ...

ઉત્તર :– આ હરખ સનેપાત. હરખ સનેપાત સમજો છો? રોગ નથી આવતો? ત્રિદોષ. ત્રિદોષ નથી આવતો? વાત-પિત્ત-કફનો. દાંત કાઢે છે, નહિ? આ રોગ આવે છે ને? ત્રિદોષ થાય છે ને? ત્રિદોષ નથી સમજતા? સનેપાત. ત્રિદોષનો અર્થ વાત-પિત્ત-કફ ત્રણ વકરી જાય એને સનેપાત કહે છે. ફાટ–ફાટ અંદર ત્રણ થઈ જાય. એમ અહીંયાં મિથ્યાત્વ-અવ્રત અને અજ્ઞાન ફાટ-ફાટ થાય તો એને સનેપાત થઈ જાય છે. તેને સનેપાત થઈ ગયો છે.

મુમુક્ષુ :– આ જ સનેપાત છે.

ઉત્તર :– એ જ સનેપાત છે. મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યાઅજ્ઞાન અને રાગ-દ્વેષ એ જ સનેપાત છે. એવા સનેપાતિયાને સુખી કોણ કહે? એ તો દાંત કાઢે. એને અહીંયા હરખ સનેપાત કહે છે. કોણ સુખી છે?

અહીં તો કહે છે કે **'ઉસીકો ચાહે,...'** ભગવાનઆત્મા, તેની માળા ભણે-ગણે. માળા એટલે અંદરમાં પ્રીતિ કરીને એની રુચિ કરે. સમજાણું કાંઈ?

**'એવં ઉસીકા અનુભવ કરેં.'** એ છેલ્લો. એનો અનુભવ કરે. ભાઈ! સારમાં સાર સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગદેવ ભગવાનના જ્ઞાનમાં એક સમયમાં આત્મા આવો જોયો, આવો આવ્યો, એવો છે, એવી ચીજનો તું અનુભવ કર. એવી ચીજને પૂછો, તેની શ્રદ્ધા કરો, તેની પ્રીતિ કરો, તેની ચાહના કરો, તેનું મનન કરો, તેનો અભ્યાસ કરો, તેનો અનુભવ કરો. તેનું નામ ઇષ્ટોપદેશ છે. સમજાણું કાંઈ?

**दोहा - पूज्य अविद्या-दूर यह, ज्योति ज्ञानमय सार।**
**मोक्षार्थी पूछो चहो, अनुभव करो विचार।।४९।।**

આ શ્લોક કોણે કર્યા હશે? 'શીતલપ્રસાદ'ના છે આ? **'પૂજ્ય અવિદ્યા-દૂર યહ,...'** પેલામાં છે ખરું, હોં! 'શીતલપ્રસાદ'માં. પૂજ્ય. કોણ? જ્યોતિ. જ્ઞાનમયજ્યોતિ પૂજ્ય છે અને જ્ઞાનમય જ્યોતિ સાર છે.

મુમુક્ષુ :– એમાં લખ્યું છે. શીતલપ્રસાદની...

ઉત્તર :– હા, એના શબ્દો છે.

મુમુક્ષુ :– બ્ર. શીતલપ્રસાદજી.

ઉત્તર :– હા, એના શબ્દો છે. નાખ્યું છે.

આ પૂજ્ય કોણ છે? એ જ્યોતિ. જ્ઞાનમયજ્યોતિ પૂજ્ય છે અને સાર છે, અવિદ્યા દૂર કરવાની તાકાત રાખે છે. ભગવાન ચૈતન્યજ્યોતિમાં અજ્ઞાનનો નાશ કરવાની તાકાત છે. જ્ઞાનમયસાર. પ્રકાશ કહ્યું ને? પ્રકાશ કહ્યું ને? પ્રકાશ કરનારી છે અને અજ્ઞાનનો નાશ કરનારી છે. પ્રકાશ કરનારી છે. પોતાનું સ્વરૂપ બતાવનારી છે અને અજ્ઞાનનો નાશ કરનારી છે.

**'મોક્ષાર્થી...'** આહો..! મોક્ષના અર્થીઓ! અરે..! મોક્ષના પ્રયોજનવાળાઓ! પૂછો.. **'પૂછો ચહો...'** એ અભિલાષનો અર્થ કર્યો. પ્રીતિ. અને **'અનુભવ કરો...'** તેનો અનુભવ કરો. **'વિચાર.'** લ્યો સમજાણું કાંઈ? એ ૪૯મી ગાથા (પૂરી) થઈ. ૫૦. ૫૧ બે બાકી છે.

---

**इस प्रकार शिष्यको विस्तारके साथ समझाकर आचार्य अब परम करुणासे उस कहे हुए अर्थस्वरूपको संक्षेपके साथ शिष्यके मनमें बैठालनेकी इच्छासे कहते हैं कि 'हे सुमते-अच्छी बुद्धिवाले! बहुत कहनेसे क्या? हेय-उपादेय तत्त्वोंको संक्षेपमें भी बुद्धिमानोंके हृदयोंमें उतारा जा सकता है। उन्हें साररूपमें बतलाया जा सकता है।'**

**जीवोऽन्यः पुद्गलश्चान्य इत्यसौ तत्त्वसंग्रहः।**
**यदन्यदुच्यते किंचित्, सोऽस्तु तस्यैव विस्तरः।।५०।।**

**अर्थ :- 'जीव जुदा है, पुद्गल जुदा है,' बस इतना ही तत्त्वके कथनका सार है, इसीमें सब कुछ आ गया। इसके सिवाय जो कुछ भी कहा जाता है, वह सब इसीका विस्तार है।**

**विशदार्थ :- 'जीव, शरीरादिकसे भिन्न है 'शरीरादिक जीवसे भिन्न है' बस इतना ही कहना है कि सत्यार्थ आत्मरूप तत्त्वका सम्पूर्ण रूपसे ग्रहण (निर्णय) हो जाय। और जो कुछ इस तत्त्व-संग्रहके सिवाय भेद प्रमेद आदिक विस्तारमें सुननेकी रुचि-इच्छा रखनेवाले शिष्योंके लिये आचार्योंने कहा है, वह सब इसीका विस्तार है। इसी एक बातको 'जीव जुदा है, और पुद्गल जुदा है,' समझानेके लिये ही कहा गया है। जो विस्तार किया है। उसको भी हम श्रद्धाकी दृष्टिसे देखते हैं'।।५०।।**

**दोहा - जीव जुदा पुद्गल जुदा, यही तत्त्वका सार।**
**अन्य कछू व्याख्यान जो, याहीका बिस्तार।।५०।।**

**'ઇસ પ્રકાર શિષ્યકો વિસ્તાર કે સાથ સમજાકર...'** એ પ્રકારે શિષ્યને વિસ્તારથી સમજાવીને. અત્યાર સુધી ૪૯ આવી ને? વ્યાખ્યાન પણ ૫૩ ઊતરી ગયા, કહે છે. ઓહોહો..! આ ૫૪મું છે. ઘણા વ્યાખ્યાન થઈ ગયા. ૩૨ ગાથામાં ૩૩ વ્યાખ્યાન થઈ ગયા. આ ૨૪ દિવસમાં ૨૦ થઈ ગયા.

**'શિષ્ય કો વિસ્તાર કે સાથ સમજાકર...'** વિસ્તારથી સમજાવીને. જુઓ! પહેલી વાત એ લીધી છે. આગળ પણ લેશે કે વિસ્તારથી સમજાવ્યું છે તો અમે શ્રદ્ધામાં અભિનંદન આપીએ છીએ. એને અભિનંદન આપીએ છીએ. વિસ્તારથી સમજાવ્યું તેને અમે અભિનંદન કરીએ છીએ. પણ પહેલા તેનો સાર કહેવો. **'સમજાકર આચાર્ય અબ પરમ કરુણાસે...'** બહુ ટૂકામાં પરમકરુણાથી **'ઉસ કહે હુએ અર્થસ્વરૂપકો...'** કહેલા આત્મસ્વરૂપને. અર્થસ્વરૂપ કહો કે આત્મસ્વરૂપ કહો. **'સંક્ષેપકે સાથ..'** ટૂકામાં **'શિષ્ય કે મનમેં બૈઠાલનેકી ઇચ્છાસે..'** શિષ્યના મનમાં બેઠાલનેકી ઇચ્છા છે. બેઠાલને એટલે હિન્દી ભાષા છે. **'तन्मनसि संस्थापयितुकामः'** સંસ્કૃત છે ને? **'तन्मनसि संस्थापयितुकामः'** આચાર્ય શિષ્યના હૃદયમાં સંસ્થાપિત કરવાના કામી.

મુમુક્ષુ :– ...

ઉત્તર :– થયો ને વ્યવહાર થયો ને. નથી ક્યાં? વ્યવહાર કીધું ને એ વ્યવહાર. વ્યવહાર એટલે જાણવાલાયક. પછી બે કહેશે. વ્યવહાર-નિશ્ચય બન્ને આવશે હજી. શું કહે છે?

કહે છે, **'परमकरुणया संगृह्य तन्मनसि संस्थापयितुकामः'** શિષ્યના હૃદયમાં એ આત્માની વાત ટૂંકામાં (કહે છે). પહેલા વિસ્તાર તો કર્યો હવે એનો સાર કરીને સમજાવવાના કામી તેને કહે છે.

**'હે સુમતે-'** ભાષા જુઓ! તું આવો મોક્ષાર્થી થઈને સાંભળવા આવ્યો છે, આત્માનો અર્થી થઈને સાંભળવા આવ્યો છો અને આત્મા આદિ તારા પ્રશ્નમાં ... **'હે સુમતે-અચ્છી બુદ્ધિવાલે !'** જુઓ! **'हे सुमते किं कार्यं बहुनोक्तेन'** હે સુમતિ! ઘણું કહેવાથી શું? હે ભાઈ! હે સુમતિ! સારી બુદ્ધિવાળા! તને આત્માની જ અભિલાષા છે તો અમે કહીએ છીએ કે **'બહુત કહને સે ક્યા?'** ઘણું કહેવાથી શું? **'હેય-ઉપાદેય તત્ત્વોંકો..'** એકદમ વાત લઈ લીધી. છોડવાલાયક અને આદરવા લાયક બે વાત છે. બસ. લાખ વાતની વાત અને કરોડ વાતની વાત. છોડવાલાયક કોણ અને આદરવા લાયક કોણ?

**'હેય-ઉપાદેય તત્ત્વોકોં સંક્ષેપમેં ભી...'** શું કહે છે? વિસ્તારથી તો કહ્યું. પણ **'સંક્ષેપમેં ભી બુદ્ધિમાનોં કે હૃદયમેં ઉતારા જા સકતા હૈ.'** એમ. વિસ્તારથી તો કહ્યું. સમજાણું કાંઈ? પણ હેય-ઉપાદેય–છોડવાલાયક રાગાદિ બધા, ઉપાદેય કરવાલાયક માત્ર શુદ્ધ ભગવાન, બેની વાત **'સંક્ષેપમેં ભી...'** **'સંક્ષેપમેં ભી...'** વિસ્તારથી કહ્યું છે તે કારણથી સંક્ષિપ્તમાં પણ ટૂંકમાં પણ **'બુદ્ધિમાનોં કે હૃદયોમેં...'** એટલી શરત. **'બુદ્ધિમાનોં કે હૃદયોમેં...'** જેના પ્રજ્ઞાચક્ષુ ખીલ્યા

છે. છે ને? **'प्राज्ञचेतसि'** અંદર એ છે ને? **'प्राज्ञचेतसि'** સંસ્કૃતમાં પડ્યું છે. **'प्राज्ञचेतसि'** સંસ્કૃતમાં પડ્યું છે. શબ્દ બહુ ભારે મુક્યા છે. **'प्राज्ञचेतसि' 'प्राज्ञचेतसि'** બુદ્ધિમાનોનું હૃદય. પ્રજ્ઞા જેના હૃદયમાં (ખીલી છે), એવા પ્રજ્ઞાવાળા હૃદયને સંક્ષિપ્તમાં પણ કહી શકાય છે. વિસ્તારથી તો કહ્યું, પણ પ્રાજ્ઞ હૃદયવાળાને સંક્ષિપ્તમાં પણ કહી શકાય છે. સમજાણું કાંઈ? પેગડે પગ અને બ્રહ્મ ઉપદેશ, કહે છે ને માણસ?

મુમુક્ષુ :– ટૂંકામાં આ ગાથા.

ઉત્તર :– આ ગાથા બહુ ટૂંકામાં કહે છે. વિસ્તારથી કહ્યું પછી એમ કહેશે, અભિનંદન છે. તેને પણ અમે અભિનંદન કરીએ છીએ. વિસ્તારથી કહ્યું તેને પણ અમે અભિનંદીએ છીએ. પણ સંક્ષેપમાં પણ હેય-ઉપાદેયની વાત ટૂંકામાં પણ પ્રાજ્ઞબુદ્ધિવંતને કહી શકીએ છીએ. કહી શકાય એવી પણ એક પદ્ધતિ છે.

**'બુદ્ધિમાનોંકે હૃદયોંમેં ઉતારા જા સકતા હૈ.'** ઉતારી શકાય છે. પેલો ઉતારવાને લાયક છે ને તેથી પ્રાજ્ઞ કહ્યું. પ્રાજ્ઞ છે તે સમજવા લાયક છે. તેને વિસ્તારથી ન કહો તો પણ થોડા સારમાં સમજાવી શકાય છે.

મુમુક્ષુ :– ... ઉતારી શકાય છે.

ઉત્તર :– હા. ઉતારી શકાય છે ને. પેલો ઉતારવા લાયક અંદર છે ને. ઉતારી શકાય છે એ વ્યવહાર આવ્યો. ઉતારે છે એ નિશ્ચય આવ્યો.

**'ઉન્હેં સારરૂપમેં બતલાયા જા સકતા હૈ.'** જુઓ! સમજાણું કાંઈ? **'ઉન્હેં સારરૂપમેં બતલાયા જા સકતા હૈ.'** જુઓ! ટૂંકી ગાથા.

**जीवोऽन्यः पुद्गलश्चान्य इत्यसौ तत्त्वसंग्रहः।**

ઓહોહો..!

**जीवोऽन्यः पुद्गलश्चान्य इत्यसौ तत्त्वसंग्रहः।**
**यदन्यदुच्यते किंचित्, सोऽस्तु तस्यैव विस्तरः।।५०।।**

શું કહ્યું? જુઓ! આ **'જીવ જુદા હૈ, પુદ્‌ગલ જુદા હૈ, બસ ઇતના હી તત્ત્વ કે કથનકા સાર હૈ,..'** માત્ર જ્ઞાનસ્વરૂપ ભગવાનઆત્મા ભિન્ન છે અને પુદ્‌ગલ અને પુદ્‌ગલ નિમિત્તથી થયેલા રાગાદિ બધા ભિન્ન છે. બસ, એકકોર ભગવાન–એકકોર રામ અને એકકોર ગામ. પ્રાજ્ઞવંત શિષ્યોને બહુ ટૂંકામાં ઉતારવાના અભિલાષી. બહુ ટૂંકામાં આ કહે છે. ભગવાનઆત્મા ચૈતન્યજ્યોતિ જ્ઞાયકસ્વરૂપ આત્મરામ, તેનાથી પુદ્‌ગલ જુદા છે. કર્મ-શરીર, પુણ્ય-પાપના વિકલ્પ બધા કર્મ પુદ્‌ગલમાં આવી ગયા.

મુમુક્ષુ :– ક્ષીરનીરવત્

ઉત્તર :– હા, બધા જુદા છે. ભગવાનઆત્માથી, આનંદમૂર્તિ પ્રભુથી એ સુખ-દુઃખની કલ્પના શરીર, કર્મ આદિ બધા ભગવાનઆત્માથી ભિન્ન છે.

**'બસ ઇતના હી તત્ત્વ કે કથન કા સાર હૈ,...'** આહાહા..! લ્યો. ઓહો..! આ ચૌદ પૂર્વ અને બાર અંગ (આવી ગયા). ભગવાનઆત્મા આનંદમૂર્તિ પ્રભુ, જેને આત્મા કહીએ છીએ એ તો અનાકુળ આનંદમય આત્મા છે અને તેમાં રાગ આદિ વિકલ્પ ઉઠે છે એ તો વિકાર, પુદ્‌ગલ છે. શરીર પુદ્‌ગલ છે, કર્મ પુદ્‌ગલ છે. **'ઇસીમેં સબ કુછ આ ગયા. ઇસકે સિવાય જો કુછ ભી કહા જાતા હૈ, વહ સબ (વે દોકા) ઇસકા વિસ્તાર હૈ.'** લ્યો. એ બધો આનો જ વિસ્તાર છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)

## વીર સંવત ૨૪૯૨, જ્યેષ્ઠ સુદ ૧૫, શુક્રવાર
## તા. ૦૩-૦૬-૧૯૬૬
## ગાથા–૫૦ પ્રવચન નં. ૫૫

'કુંદકુંદાચાર્ય' બે હજાર વર્ષ પહેલા સંવત ૪૯ માં થયા, એના પછી આ 'પૂજ્યપાદ સ્વામી' થયા છે. એમણે આ 'ઇષ્ટોપદેશ' ઇષ્ટ નામ આત્માનું મોક્ષ સ્વરૂપ અને એનો ઉપાય આત્મધ્યાન. ઇષ્ટ નામ આત્માનો પૂર્ણ આનંદ સ્વરૂપ મોક્ષ અને તેનો ઉપાય એટલે બન્ને આવ્યું. માર્ગ અને માર્ગનું ફળ ઇષ્ટ. સમજાય છે કાંઈ? એની ટૂંકામાં ઘણી વાત થઈ. હવે ૫૦ (ગાથામાં) એનો સાર કહે છે.

**जीवोऽन्यः पुद्गलश्चान्य इत्यसौ तत्त्वसंग्रहः।**
**यदन्यदुच्यते किंचित्, सोऽस्तु तस्यैव विस्तरः।।५०।।**

**વિશદાર્થ :– "જીવ, શરીરાદિકસે ભિન્ન હૈ..."** આ આત્મા શરીરથી જુદો છે. શરીર એકલું નહિ, શરીર આદિ. શરીર, કર્મ, વાણી, મન, પુણ્ય, પાપ એ બધા પુદ્‌ગલજન્ય પુદ્‌ગલ છે, એનાથી આત્મા જુદો છે. અને **"શરીરાદિક જીવસે ભિન્ન હૈ"** એ રાગ, દ્વેષ, પુણ્ય-પાપ, શરીર એ આત્માથી જુદા. બસ, કહે છે એટલામાં આખા શાસ્ત્રનો સાર આવી જાય છે. સમજાણું કાંઈ?

**'બસ ઇતના હી કહના હૈ...'** બસ, એટલું જ કહેવું છે કે આ ભગવાનઆત્મા શુદ્ધ ભૂતાર્થ છે. અંદર ભૂતાર્થ શબ્દ છે, ભાઈ! સત્યાર્થ શબ્દ મૂક્યો છે ને?

આ ભગવાનઆત્મા ભૂતાર્થ, સત્યાર્થ એકસ્વરૂપ અખંડાનંદ પ્રભુ! એ શરીર અને રાગથી જુદો કહેતાં અને આત્માથી તે રાગાદિ જુદા કહેતાં, ગ્રહણ શું થાય છે? નિર્ણય શું થાય

છે? **'કિ સત્યાર્થ આત્મરૂપ તત્ત્વકા સંપૂર્ણરૂપસે ગ્રહણ (નિર્ણય) હો જાય.'** જુઓ! એટલામાં ભગવાનઆત્મા જ્ઞાનાનંદ અનંતગુણ સંપન્ન ભૂતાર્થ, સત્‌વસ્તુ, સત્યવસ્તુ છે એ રાગાદિથી, પુદ્‌ગલથી ભિન્ન છે અને રાગાદિ, પુદ્‌ગલ એ આત્માથી જુદા છે. એટલું કહેવામાં ભૂતાર્થ એવો જે આત્મા, તેનું ગ્રહણ, જ્ઞાન, નિર્ણય, અનુભવ થઈ જાય છે. સમજાય છે કાંઈ? કેમ? કે આત્મામાં, આત્મા પરથી ભિન્ન એમ થતાં અને આત્મા પોતે પરથી ભિન્ન અને આત્માથી એ ભિન્ન, એમ અંતરમાં નજર પડતા, એમ અંતરમાં જુદું ભાસતા, ભૂતાર્થ ભગવાનઆત્મા જે જ્ઞેય થવાને લાયક છે, જે જ્ઞાનમાં પ્રમેય થવાને લાયક છે. સમજાય છે કાંઈ? જ્ઞાનમાં એ પ્રમેય થવાને લાયક છે.

મુમુક્ષુ :– એ એટલે કોણ?

ઉત્તર :– આત્મા. આત્મામાં પ્રમેય નામનો ગુણ છે, એ ગુણનો ગુણ...

મુમુક્ષુ :– ગુણનો ગુણ હોય?

ઉત્તર :– ગુણનો ગુણ એટલે ગુણનો લાભ. સમજાય છે કાંઈ? એ પ્રમેયત્વ નામનો ગુણ છે. કહે છે કે આ આત્મા પરથી ભિન્ન અને એ શરીરાદિ આત્માથી જુદાં, એમ કહેતાં આત્મા ભૂતાર્થ, તેના અનંતગુણમાં પ્રમેયત્વ નામનો એક ગુણ છે તે ગુણીને ગ્રહણ કરતાં, એ ગુણ પ્રમેયત્વ છે એને લઈને અનંતગુણ તેના જ્ઞાનમાં પ્રમેય થઈ જાય છે. સમજાય છે કાંઈ? આ વળી એમાં ન જણાય એમ ઉપર આવ્યું. આત્મા જણાય કે નહિ? અહીં તો કહે છે, ગ્રહણ થઈ શકે છે. સમજાણું કાંઈ? કાલે અસ્તિત્વ આવ્યું હતું. એય..! આજે વળી આ પ્રમેયત્વ આવ્યું છે.

મુમુક્ષુ :– આમ રોજ બે-બે બોલ આવતા જાય તો પ્રવેશિકા અમારે દૃઢ થાય.

ઉત્તર :– પણ આ તો એક સવારમાં છોકરાઓ સાથે એ ચાલ્યું. ભાઈ ! આત્માની માંડી, ન્યાં ક્યાં અમારે (બીજી વાત છે)?

મુમુક્ષુ :– પ્રવેશિકાના રોજ બે-બે બોલ આવે.

ઉત્તર :– એ કોને ખબર છે શું આવે? ક્યારે આવે?

અહીં તો આત્મા, વસ્તુ આત્મા છે એને અહીંયાં ભગવાન 'પૂજ્યપાદ સ્વામી' કહે છે કે અમે એને જ્યાં પુદ્‌ગલથી જુદો કીધો અને પુદ્‌ગલને આત્માથી જુદા કહ્યાં એટલે જ આત્મા ભૂતાર્થ ત્રિકાળ જ્ઞાયક સ્વભાવ છે, એ જ્ઞાનમાં ગ્રહણ થઈ શકે એવી એની તાકાત છે. આહાહા..! શેઠ! આહાહા..! એ ન જણાય એમ નહિ. જ્યાં ભિન્ન કીધો. રાગ, દ્વેષ, વિકલ્પથી, પુદ્‌ગલથી, બધા પુદ્‌ગલથી જુદો કીધો અને આત્માથી તેને જુદાં કીધા. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, શરીરથી આત્મા જુદો અને આત્માથી રાગાદિ પુદ્‌ગલ જુદા. એટલું કહેતાં, એમ કહેતાં આત્મા સચ્ચિદાનંદ સત્‌ સ્વરૂપ સત્યાર્થ, ભૂતાર્થ, ત્રિકાળ જ્ઞાયક એનું હોવાપણું, એનું હોવાપણું, અહીં ભૂતાર્થમાં હોવાપણું. સત્યાર્થપણું વળી આવ્યું અસ્તિત્વ એય..! તમારું.

સમજાણું કાંઈ? પેલા કહે, આ એક અસ્તિત્વ આવ્યું. શું કીધું? જૈન સિદ્ધાંત પ્રવેશિકા. બોલ્યા હતાને કાંઈક? જૈન સિદ્ધાંત પ્રવેશિકા આવી ગઈ. આ તો પ્રવેશિકા, આત્મામાં પ્રવેશિકા આવે છે આ. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા... બહુ જ ટૂંકામાં આચાર્ય મહારાજે સંક્ષેપમાં સાર કીધો. સમજાણું કાંઈ? તત્ત્વસંગ્રહ. ભગવાનઆત્મા પુણ્ય-પાપ, શરીરાદિથી જુદો કહેતા અને આ આત્માથી તે પુદ્ગલ જુદા કહેતા, ભગવાન ભૂતાર્થ, સત્યાર્થ, દૃષ્ટિમાં, નિર્ણયમાં આવી ગયો. સમજાય છે કાંઈ? એટલે કે એ આત્માનું પરથી ભિન્નપણું અને આત્માથી તેનું ભિન્નપણું અંતરમાં ભાસતા તત્ત્વનો સંગ્રહ થઈ ગયો. જ્ઞાયકભાવનું જ્ઞાન થઈ અને તેમાં આનંદ છે તે પણ તેના જ્ઞાનમાં આવી, તેનામાં પ્રમેયત્વ છે માટે જ્ઞાનમાં પ્રમેયપણું ભાસી... સમજાય છે કાંઈ? તેમાં અકાર્યકારણ નામનો ગુણ છે માટે તેના ગુણીમાં એમ ભાસ્યું કે આ આત્મા કોઈનું કાર્ય નથી અને આ આત્મા કોઈનું કારણ નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

આત્માનો એ ગુણ છે, આત્માનો એ ગુણ છે, જેમાં પરમેશ્વર ગુણ પડ્યો છે. પ્રભુતા ગુણ છે એ પ્રમેય થવાને લાયક છે. સમજાણું કાંઈ? આત્મ ભગવાન પરમેશ્વર પૂર્ણ ઈશ્વર, અનંતગુણની ઈશ્વરતા સંપન્ન પ્રભુ આત્મા, એક પ્રભુત્વ નામનો ગુણ પણ એ અનંત ગુણમાં પરમેશ્વરતા વ્યાપી છે. સમજાય છે કાંઈ? એવા પરમેશ્વર સ્વરૂપ ભગવાન ભિન્ન કહેતા તેનો નિર્ણય જ્ઞાનમાં આવી ગયો. કે અહો...! આ આત્મા અનંત અનંત પ્રભુતા, પ્રમેયતા આદિ ગુણોથી ભરેલો પદાર્થ છે. એમ દૃષ્ટિમાં ભૂતાર્થથી તેનું ભાન થઈ ગયું. જે અનંતકાળમાં થયું નહોતું તે સ્વને જ્ઞેય બનાવી, સ્વને પ્રમેય બનાવી પ્રમાણજ્ઞાનમાં આ પ્રમેય પૂર્ણ છે એમ તેનો નિર્ણય અને ગ્રહણ થઈ જાય છે. 'ચીમનભાઈ'! ઝીણું પણ બહું ઝીણું. ઝીણું પણ બહું ટૂંકું અને ઘણું સરસ. એણે કોઈ દિ' સ્વને પ્રમેય બનાવ્યો નથી. સમજાય છે કાંઈ? સમજાણું કાંઈ?

આ જગતના પદાર્થ જોવા મથે છે કે નહિ? તો કહે છે કે એ પદાર્થ તો તારાથી જુદા છે. આ રાગને જોવા મથે છો તો રાગ તો તારાથી જુદો છે. શરીરને જોવા મથે છો, એ શરીર તો તારાથી જુદું છે. એનાથી તું જુદો છો એને જોવાને મંથન કર્યું કોઈ દિ'? સમજાણું કાંઈ? આ સંચાના જ્ઞાન અને ધૂળના જ્ઞાન, ફલાણાના જ્ઞાન, વકિલાતના જ્ઞાન, ડૉક્ટરના (જ્ઞાન.) બધાને પ્રમેય બનાવ્યા, પણ પોતે પ્રમેયગુણ એનામાં છે એને પ્રમેય બનાવ્યો નથી. સમજાણું કાંઈ? પણ આટલું કહેતા એને જો ભેદ થઈ જાય. કારણ કે આ ભેદજ્ઞાન કીધું. ભગવાનઆત્મા એ રાગાદિથી જુદો એટલે તેનું વર્તમાન જ્ઞાન, તેના પૂર્ણ જ્ઞેય તરફ ઢળતા, તેના અનંત ગુણરૂપ એક આત્મા, તેના જ્ઞાનનું પ્રમેય થઈને સાચું પ્રમાણજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ?

આત્મામાં આનંદ છે એ રાગથી જ્યાં ભિન્ન અને પોતાથી રાગાદિ ભિન્ન એમ જ્યાં

કહ્યું, ત્યાં એનો અર્થ એ થયો કે ભગવાન ભૂતાર્થ આનંદ સ્વભાવથી ભરેલો છે. અતીન્દ્રિય આનંદથી ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ છે. એવું સત્યાર્થ, ભૂતાર્થ, સાચું સત્ય સ્વરૂપ છે, એવું તે તરફ પરથી જુદું લક્ષ કરતાં, પોતાના તરફના લક્ષમાં જતા એ ભગવાન આખો જ્ઞાનમાં ગ્રહણ અને નિર્ણય થઈ જાય છે. પાઠમાં બે લીધું છે, હોં! ગ્રહણ અને નિર્ણય. સંસ્કૃતમાં. એ તો પછી આણે વળી કૌંસમાં નાખ્યો. નહિતર ત્યાં તો બે છે. **'सामस्त्येन ग्रहणं निर्णयः'** એમ. જ્ઞાન અને નિર્ણય, જાણવું અને નિર્ણય બન્ને થઈ જાય છે. ગ્રહણનો અર્થ પછી એણે કર્યો. સમજાણું કાંઈ? નહિતર તો ગ્રહણ અને નિર્ણય...

આ આત્માથી રાગાદિ ભિન્ન એટલે એને જોવાનું ન રહ્યું. એનાથી આત્મા ભિન્ન એને જોવાનું રહ્યું. સમજાણું કાંઈ? એને જોતાં આનાથી ભિન્ન એમ રાગ, વિકલ્પ, શરીરનું લક્ષ છોડી, કારણ કે એનાથી આ ભિન્ન, આનાથી આ ભિન્ન. હવે મારું સ્વરૂપ આનાથી ભિન્ન છે, તો આને જોવાનું ન રહ્યું. સમજાય છે કાંઈ? કારણ કે જોનારને જાણ્યા વિના આ ચીજ શું છે એ વ્યવહારથી પણ જાણી શકાય નહિ. શું કીધું સમજાણું આમાં? આ બેનો નિર્ણય પાછો સત્યાર્થ આત્માનો નિર્ણય એક જ લીધો છે, ભાઈ! અહીંથી લીધું છે. કારણ કે બે ભલે કીધું. પણ બેનું પાછું આ જાણ્યું. આ તો ઠીક, આ ભિન્ન છે, એનાથી આ જુદું એટલી વાત. પણ હવે એમાંથી તારવવું શું? એમાંથી કાઢવું શું? એનો નિચોડ શું?

હું આત્મા. આનાથી આ જુદો. આમ જુદો, તો જુદો એટલે કોણ? કે આત્મા. એટલે ભૂતાર્થ જ્ઞાયક અનંતગુણ સંપન્ન. જેમાં વર્તમાન જ્ઞાન, તેનું જ્ઞાન કરતા, તે પ્રમેય થઈને આખું દ્રવ્ય તેના જ્ઞાનમાં જણાય છે અને આખા દ્રવ્યનો તેને નિર્ણય થઈ જાય છે. અને આખા દ્રવ્યમાં એમ થઈ જાય છે કે ઠરવાલાયક આ છે, રમવા લાયક આ છે એમ નિર્ણય થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? પછી આ રાગમાં રમવા લાયક નથી. જેમાં હું નથી અને હુંમાં એ નથી, પછી રાગ, દયા, દાન, વ્રતમાં રમવા જેવું છે, એ વાત રહેતી નથી. સમજાય છે કાંઈ આમાં? ધંધા આડે આમાં માંડ-માંડ કો'ક દિ' આવી વાત આવે એમાં માથું ફરી જાય છે. 'સૂર્યકાંત'! સમજાણું કાંઈ? આહાહા..! આ તારું ઘર નહિ. એ ઘરથી તારું ઘર જુદું. તારા ઘરથી આ બીજાના ઘર જુદાં. એટલે એને મારું ઘર કોણ? એને જોવાનું રહ્યું.

મુમુક્ષુ :– વાસ્તુ કરાવો છો?

ઉત્તર :– આ ઘરનું વાસ્તુ ચાલે છે, જુઓને આ. સમજાણું કાંઈ?

ભાઈ! તું ક્યાં છો? તું ક્યાં છો? કેવડો છો? કેવો છો? ભગવાનઆત્મા હું રાગાદિથી જુદો છું. એમ એ જ્ઞાયક પોકારે છે. એમ કહે છે અહીં તો હજી. શું કહે છે? એ જ્ઞાયક ઉપર નજર જતાં, વિકાર અને પરથી જુદો એમ નજર જતાં, એ જ્ઞાયકમાં એવી તાકાત છે, એનામાં એક એક ગુણની એવી તાકાત છે કે તેની શ્રદ્ધામાં આવી શકે, જ્ઞાનમાં આવી

શકે, એનો આનંદ પ્રમેય થઈ શકે, એનું કર્તાપણું પરનું નથી એમ જ્ઞાનમાં આવી શકે, પોતાના ગુણની દશાનું કાર્ય કરી શકે એવા ગુણને પ્રમેય તરીકે કરી શકે. એવો એક એક આત્મા, ભગવાનઆત્મા બિરાજમાન તે ભૂતાર્થનો નિર્ણય અને ગ્રહણ થઈ શકે છે. સમજાણું કાંઈ?

આમાં કોઈ એમ કહે કે, આત્મા જણાતો નથી. તો કહે છે, કે જણાતો નથી એવો એનામાં ગુણ નથી. જણાતો નથી એમ કહેનાર પ્રમેય થવાનો ગુણ છે એનો નિષેધ કરે છે અને બધા ગુણો પ્રમેય થવાને લાયક છે તેનો નિષેધ કરે છે એટલે કે આત્મા નથી એમ નિષેધ કરે છે. ન્યાય સમજાય છે કાંઈ? હું મને ન જણાઉં, એમ કહેતાં ભગવાનઆત્મા... અહીં આચાર્ય બહુ જ ટૂંકામાં સંગ્રહે છે કે પરથી જુદો એમ જણાવાને લાયક તું છો. અને તારાથી રાગાદિ જુદા એમ તને તારા જણાવામાં પર જુદા એમ જણાવાને લાયક તે છે. સમજાય છે કાંઈ?

તું ભગવાનઆત્મા, હું મને ન જણાઉં. તો કહે હું એવી એની સત્તા છે. એ સત્તા મને ન જણાય એનો અર્થ કે એમાં પ્રમેયપણું હોવાપણાના ગુણની સાથે, હોવાપણામાં પણ પ્રમેયપણું વ્યાપેલું છે, તેથી હોવાપણાનો ભાવ તે ન જણાય એમ કહેનાર, પોતાના હોવાપણાનો નિષેધ કરે છે. સમજાય છે કાંઈ?

કહે છે, આ ભગવાનઆત્મા આમ નિરાળો કર્યો. કે ભાઈ! આ કાચના કટકા આ અને હીરો આ. સમજાય છે કાંઈ? એક કોર કાચના લાખ કટકા અને એક કોર હીરો. એ હીરો કાચના કટકાથી જુદો અને આ હીરાથી કાચના કટકા જુદા. કહો, સમજાય છે? હવે જુદા થયા ત્યાં નજર ક્યાં ગઈ? જે જાણનાર છે એના ઉપર નજર ગઈ. આ ક્યાં જાણનાર છે અહીં? સમજાય છે કાંઈ? પુણ્ય અને પાપ, શરીર, વાણી એ કાંઈ જાણનાર નથી. એ તો જણાવા લાયક છે. પણ ક્યારે? કે સ્વ જણાવા લાયક છે એવી દૃષ્ટિ થઈ (ત્યારે). આ આત્મા જણાવા લાયક છે, આત્મા શ્રદ્ધવાને લાયક છે, આત્મા ઠરવાને લાયક છે. આત્મા આનંદ પ્રગટ કરી શકે અને પૂર્ણાનંદની મુક્તિ પ્રાપ્ત કરે એવી લાયકાત આત્મામાં છે. સમજાણું કાંઈ? જ્યાં એવા આત્મા ઉપર નજર પડી,... આ કટકા એ હીરો નહિ અને હીરો એ કાચના કટકા નહિ, એમ ભગવાન ચૈતન્ય હીરો, એ વિકાર અને પુદ્‌ગલ નહિ. એ વિકાર-પુદ્‌ગલમાં જાય છે. અને એ વિકાર અને પુદ્‌ગલ તે આત્મા નહિ. નજર ક્યાં ગઈ ત્યારે હવે? જોનારમાં ગઈ. પેલું ક્યાં જોવાનું રહ્યું? પેલું તો વ્યવહારે જોવાલાયક છે. રાગાદિ તો વ્યવહારે જોવાલાયક છે. ક્યારે? કે આત્મા જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ પ્રભુ આત્મા આનંદકંદ છે, એમ તેને પ્રમેય બનાવીને જ્ઞાન થયું, ત્યારે રાગાદિ એ વ્યવહારે જાણવા લાયક થયા. ઓહોહો..! આ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે, એમ આવ્યું કે નહિ? ભાઈ! આહાહા..! ભારે શૈલી પણ! વસ્તુના સ્વરૂપની શૈલી જ કોઈ એવી છે. ચારે બાજુથી સત્ય

જ ઊભું થાય છે. કહો, 'રતિભાઈ'!

મુમુક્ષુ :– આટલામાં આ સમાયેલું છે.

ઉત્તર :– આ સમાયેલું છે. આ 'ઇષ્ટોપદેશ'નો આખો વિસ્તાર કરીને અમારે આ કહેવું છે. એ તો પછી શિષ્યને માટે વિસ્તાર ઘણો કરી ગયા. એ પણ કહેશે કે વિસ્તાર કર્યો માટે અભિનંદનીય છે. સમજાણું કાંઈ? આહાહા..!

તારું ભગવાન તત્ત્વ, મહિમાવાળો પદાર્થ છે. પ્રભુ! એ પ્રભુતા પ્રમેય થઈ શકે એવી તારામાં તાકાત છે. પામરતા પ્રમેયપણે થાય એવી તાકાત તારામાં છે નહિ એમ કહે છે. આહાહા..! આત્મા રાગપણે છે એમ પ્રમેય થાય એવું તો તારામાં નથી. 'વજુભાઈ'! આત્મા શરીરપણે છે એવો આત્મા પ્રમેય થાય, જ્ઞાનમાં જણાય એવો તો નથી પણ આત્મા અલ્પજ્ઞ છે એવું જણાય એવો એ આત્મા નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

અહીં **'भूतार्थस्य संग्रहः'** (કહ્યું છે). જ્ઞાનમૂર્તિ, સર્વજ્ઞમૂર્તિ આત્મા છે, સર્વજ્ઞસ્વરૂપ આત્મા છે, અનંત આનંદસ્વરૂપ આત્મા છે, અનંત બળસ્વરૂપ આત્મા છે. અનંત અનંત સ્વચ્છતા અને પ્રત્યક્ષ સ્વસંવેદન થાય, સ્વસંવેદન થાય, પ્રત્યક્ષ થવાને લાયક છે. સમજાણું કાંઈ? એ પરોક્ષ રહેવાને લાયક છે નહિ એમ કહે છે. આહાહા..!

આત્મા માન્યો ક્યારે કહેવાય? કે પરથી ભિન્ન એટલે એનું જ્ઞાન કરવું નથી પહેલું. આ સત્ પરથી જુદો, આનાથી જુદા. એમ જ્યાં આત્માના અનંતગુણરૂપનું જ્ઞાન થતાં તેના દરેક ગુણનું સ્વરૂપ અભેદ દૃષ્ટિમાં આવી ગયું. એટલે ગુણના ગુણનો લાભ શું છે? એ પણ એની શ્રદ્ધા થતાં આવી ગયું કે આ પ્રમેયગુણનો લાભ એ છે કે જ્ઞાનમાં એ જણાય જ. એ પ્રમેય ગુણનો લાભ કે એનો આનંદ છે એ એના જ્ઞાનમાં જણાય. એના પ્રભુત્વ પ્રમેયગુણનો લાભ કે એમાં પ્રભુત્વ, પરમેશ્વરતા છે તેના જ્ઞાનમાં જણાય. સમજાણું કાંઈ? લ્યો. બીજી રીતે વળી આ આવ્યું. 'પ્રવિણભાઈ'! આહાહા..!

ક્યાંય મૂળ વાત છે એ ચૈતન્યના એણે મંથન કર્યા જ નથી. મરી ગયો બધું કરી, કરીને. આમ જોઈ-જોઈને. પણ આ જુદો છે તેને જો. અને તારાથી જુદાને જોવા જા ત્યાં આ આખો રહી જાય છે. આહાહા..! સમજાય છે કાંઈ? તારાથી જુદાને જોવા જતાં જુદો રહી જાય છે અને એ સાચું એનું નહિ જોવાય. તને સાચો જોયા વિના પર સાચા વ્યવહારપણે પણ જોવાશે નહિ. આહાહા..! કહો, 'હરિભાઈ'! શું આવી વાત હશે? ભારે આ અગમ-નિગમની વાત! બાપા! તુ અગમ-નિગમનો નાથ છો. સમજાય છે કાંઈ? ઓહો..!

ભગવાનઆત્મા રાગ, પુણ્ય-પાપના ભાવથી જુદો અને આત્માથી તે જુદાં, તે આખા તત્ત્વનો સંગ્રહનો સાર છે એમ ભાન થતાં, એમ ભાન થતાં તે આત્મામાં અનંતગુણનું સ્વપણું– તેનો હું ધણી છું એવો એનો ગુણ છે તે ભાન થઈ જાય છે. પણ હું રાગનો, શરીરનો, મકાનનો માલિક છું એ વાત એની દૃષ્ટિમાં, આત્મા માનનારને રહેતી નથી. 'પંડિતજી'!

આહાહા..! ભગવાનઆત્મા પોતાના અનંતગુણના સ્વનો સ્વામી છે, એમ પરથી ભિન્નનું ભાન થતાં, એ આત્મા પોતાના અનંતગુણની લક્ષ્મીનો (સ્વામી થયો). અહીં મુક્તિની લક્ષ્મી કહેશે, હોં! આગળ. આગળ ક્યાંક લેશે. સંપત્તિરૂપ મુક્તિલક્ષ્મીને પ્રાપ્ત કરી લે છે. પેલી કોર પાછળ છે. **'संपत्तिरूप मुक्तिलक्ष्मी को प्राप्त कर लेता है.'** બીજી લીટી છે.

**'वीतराग होता हुआ प्राणी अनुपम तथा अनन्त ज्ञानादि गुणोंको और सम्पत्तिरूप मुक्ति-लक्ष्मी को प्राप्त कर लेता है.'** 'ચીમનભાઈ'! પેલી કોર પાછળ પાને છે. આ ધૂળની સંપત્તિ નહિ પણ પોતાની સંપત્તિ એમ કહે છે. જુઓ! છે? કથનની પદ્ધતિ એવી છે કે આમ બહું ટૂંકું (કહે છે). ભગવાનઆત્મા પોતાના અનંતગુણ સંપન્નને જ્યાં એકવાર લક્ષમાં, શ્રદ્ધામાં લીધો, ત્યારે તે આત્મા પોતાના ગુણનો અને પર્યાયનો સ્વામી છે એવો એનામાં ગુણ છે, પણ એનામાં એવો ગુણ નથી કે દયા, દાન, વ્યવહાર થાય એનો સ્વામી થાય કે શરીર, લક્ષ્મીનો સ્વામી થાય એવો એનો ગુણ નથી.

મુમુક્ષુ :– ત્રણકાળમાં નથી.

ઉત્તર :– હા, ત્રણકાળમાં નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

પુદ્‌ગલથી જુદો કહેતાં પુદ્‌ગલનો સ્વામી છે એવું એનામાં છે નહિ. વ્યવહાર, દયા, દાનના વિકલ્પોથી, પુદ્‌ગલથી જુદો કહેતાં એ ભગવાનઆત્મા વ્યવહારનો સ્વામી છે એ એમાં ગુણ નથી. આહાહા..! એનામાં એ ગુણ છે નહિ. સમજાણું કાંઈ?

કહે છે એ વસ્તુ એ સત્યાર્થ આત્મરૂપ ભગવાન, આખો આત્મરૂપ છે ને? **'तत्त्वका सम्पूण रूपसे ग्रहण (निर्णय) हो जाय.'** આ ભાષા છે. છે ને? **'असौ विधीयते आत्मनस्तत्वस्य भूतार्थस्य संग्रहः सामस्त्येन'** જુઓ! શું કીધું? સંપૂર્ણપણે. ભગવાનઆત્માના જેટલા ગુણો છે, તેના સંપૂર્ણપણે તેનો નિર્ણય જ્ઞાનમાં આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનઆત્મામાં જેટલા ગુણો છે, આત્મા તો દ્રવ્ય થયું પણ એના ગુણ તો અનંત છે, અનંતા અનંત છે. આકાશના પ્રદેશથી પણ અનંતગુણા આત્મામાં ગુણ છે. સમજાય છે કાંઈ? આકાશ, આકાશ ખાલી એમ એમ ચાલ્યું જાય, એના પ્રદેશની સંખ્યા કરતાં આત્મામાં એક જીવમાં એના કરતા અનંતગુણા ગુણ સંખ્યાએ છે. **'सामस्त्येन'** **'सम्पूर्ण रूपसे ग्रहण (निर्णय) हो जाय.'** સમજાણું કાંઈ?

પરથી જુદો અને મારાથી એ જુદાં. બસ, ત્યાં એને આત્મા **'सामस्त्येन'** બધા ગુણ સંપન્ન તેના જ્ઞાનમાં ગ્રહણ અને નિર્ણય થઈ જાય છે. આહાહા..! જરી ઝીણું પડે, મગજ દે તો કામ આવે એમ છે. આ વાત બીજી જાતની થોડી આવી ગઈ છે. એય..! ક્યાં ગયા અમારા આ?

મુમુક્ષુ :– ગળે ઉતારી..

ઉત્તર :– ગળું પણ પહોળું હોય એ ઉતરે કે...? આહાહા..!

અરે..! ભાઈ! તેં તારી કોઈ દિ' દરકાર કરી નથી. તું કેવડો ગુણે? અને તે તે ગુણના ગુણ શું? તે તે ગુણના ગુણ એટલે કાર્ય, એમ. ભાઈ! ગુણનો ગુણ શું? **'सामरस्त्येन'**. ભગવાનઆત્મા પરથી ભિન્ન, આત્માથી એ રાગાદિ ભિન્ન, એમ નજર પડતાં સત્યાર્થ, ભૂતાર્થ સ્વરૂપ જાણનારને જાણવામાં સમસ્ત રૂપ તેનો નિર્ણય અને જ્ઞાન થઈ જાય છે. આહાહા..! અનંતા ગુણોનું જ્ઞાન, તે ગુણનું કાર્ય શું? જ્ઞાનનું કાર્ય જાણવું, શ્રદ્ધાનું કાર્ય શ્રદ્ધવું, આનંદનું કાર્ય પ્રગટ આનંદ આવવો, સ્વચ્છતાનું કાર્ય સ્વચ્છતારૂપે પરિણમવું. સમજાય છે? પ્રકાશ નામના ગુણનું કાર્ય પ્રત્યક્ષ આત્માનું થઈ જવું, પ્રત્યક્ષ આત્માનું થવું એવા **'सामरस्त्येन'** ગુણોનો નિર્ણય અને જ્ઞાન થઈ જાય છે. ઓહોહો..! સમજાણું કાંઈ આમાં? 'ચીમનભાઈ'! આ બીજી રીતનું આવ્યું તમારા વાસ્તુમાં.

વસ્તુને વાસ્તુ કહીએ. વસ્તુમાં વસેલા અનંત ગુણો, તેને વસ્તુ કહીએ. વસ્તુ કેમ કહીએ? આત્માને વસ્તુ કેમ કહીએ? **'सामरस्त्येन'** શબ્દ લીધો ને? એ વસ્તુ આત્મામાં અનંતગુણો વસે છે માટે વસ્તુ કહીએ. 'પંડિતજી'! આહાહા..! એ 'ગોમ્મટસાર'માં છે. વસ્તુ આત્મા. અનંતગુણો વસ્યા તેને વસ્તુ કહીએ. એ વસ્તુ, અનંતગુણો સહિત વસ્તુ, રાગાદિથી ભિન્ન નજર કરતાં, આનાથી ભિન્ન એની નજર નહિ હવે. આનાથી પુદ્ગલ આદિ, રાગાદિ ભિન્ન એમ નહિ. પણ રાગાદિથી, વિકલ્પથી ભગવાન ભિન્ન, એમ અંતર નજર કરતાં ભૂતાર્થના સમસ્ત ગુણોનો નિર્ણય અને જ્ઞાન તેની પર્યાયમાં આવી જાય છે. આહાહા..!

બીજી ભાષામાં કહ્યું કે એનો નિર્ણય થતાં સમસ્ત અને **'सम्पूर्ण रूपसे...'** જેટલા ગુણો છે એની નિર્મળ દશાનું પ્રગટપણું તેના નિર્ણય અને જ્ઞાનમાં વર્તમાન પ્રગટ-વ્યક્ત થઈ જાય છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ ! આવડો આત્મા! મારે તો એક બીડીમાં ખોવાઈ ગયો. શેઠ! એક પાંચ-પચાસ લાખ મળે તો એમાં ખોવાઈ ગયો, ડૂબી ગયો. આહાહા..! અને પૈસા, મારે બાયડી, મારે છોકરા, મારે રાગ, મારે પાક, મારા અંગ રૂપાળા, મારા અંગ આવા સુંવાળા, અરે..! પણ તારા નહિ ને આ ક્યાં મંડ્યો? સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- દીકરા કોના ગણવા?

ઉત્તર :- એના, એના. કીધું ને? ભિન્ન કીધું ને. કોના દિકરા હશે?

મુમુક્ષુ :- ભિન્ન હોય તો પછી શું કરવું?

ઉત્તર :- અહીં જોવું એમ કહે છે.

જે આત્માથી જુદા એને જોઈને તારે કામ શું છે? સમજાય છે? એનાથી તો કાર્ય તને થતું નથી. જુદાથી કાર્ય તારામાં થતું નથી. તો એને જોઈને તારે કામ શું? એનાથી કામ તો લેવાનું નહિ. સમજાણું કાંઈ? તારાથી, જુદાથી કામ લેવાનું તો બની શકે નહિ. રાગ પાસેથી આત્મા કાંઈ કામ ન લઈ શકે. શરીર પાસેથી કાંઈ કામ ન લઈ શકે. આત્માના ગુણના કાર્ય માટે પર પદાર્થના રાગ, દયા, દાન દ્વારા પણ આત્માનું કાંઈ કાર્ય થઈ શકે

નહિ. આહાહા..! જુદાનું જુદાથી જુદામાં કામ થાય નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા પોતાની વસ્તુમાં પરથી જુદો એમ જાણતાં, પોતાનું ભૂતાર્થ નામ સાચું સત્ય સ્વરૂપ, તેમાં વસેલા અનંતાગુણો તેનું સમ્પૂર્ણ, તેના જ્ઞાનમાં, તેના નિર્ણયમાં, તેના જ્ઞાનની પ્રમાણતામાં બધું પ્રમાણપણું આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? કહો, 'ધીરૂભાઈ'! સમજાય છે કે નહિ આમાં? આ આવું ઝીણું! કહે. પણ ઝીણો ભગવાન તું કેવડો? રાગથી કામ ન લઈ શકે એવડો. શરીરથી તો કામ લઈ શકે નહિ. આ તો પર, માટી, ધૂળ છે. આહાહા..! પુદ્ગલ કહો, અહીં કીધું છે એમ કહો ને. અહીં પુદ્ગલ કીધા. તો પુદ્ગલથી આત્મા કાર્ય કરી શકે, પુદ્ગલથી કામ લઈ શકે એવું આત્મામાં નથી. કેમ કે એ જુદા છે. દયા, દાન, વ્રતના પરિણામ પણ પુદ્ગલ છે, એ આત્માથી જુદા છે. એનાથી આત્મા કામ લઈ શકે એ ત્રણ કાળમાં છે નહિ. આહાહા..! હવે એને બાયડી, છોકરા સરખા હોય, ખાવાનું સરખું હોય, મકાન સરખા હોય, સૂવાનું સરખું હોય તો પછી કાંઈક ધ્યાન-બ્યાન થઈ શકે. મૂંઢ છો, કહે છે. શેઠ! સરખાય શેની? તારામાં કે પરની? પરની સરખાય ઇ તારામાં ક્યાં છે? 'ત્રંબકભાઈ'!

મુમુક્ષુ :– પરની સરખાઈ હોય તો ...

ઉત્તર :– પણ કોને ઘરે પરની સરખાઈ? એ એને ઘરે રહી. એ અહીં ક્યાં કામ આવે છે. પરની સરખાઈ અહીં ક્યાં કામ આવે એવી છે?

મુમુક્ષુ :– પણ પરની સરખાઈ એટલે એનો અર્થ શું?

ઉત્તર :– પણ પરની સરખાઈ એટલે શું? એની વ્યવસ્થા પ્રમાણે એની પર્યાય ચાલે છે. સમજાય છે કાંઈ? પરપદાર્થની એની વ્યવસ્થાની અવસ્થા એના કારણે ક્રમસર ચાલે છે. એ વ્યવસ્થા તને શું કામની છે? તારે કાર્યગત શું છે? એનાથી તારું કાર્ય શું સિદ્ધ થાય છે? સમજાણું કાઈ આમાં? 'મુકુંદભાઈ'! શું છે આ? મારી નાખ્યા આ બધા... આ અમે મોટા, આ અમે આવા, આ નાના. પણ મોટા-નાનાની અવસ્થા જ પરમાં છે, તારામાં છે નહિ. સમજાણું કાંઈ? આવું સ્વરૂપ ભગવાનઆત્મા એક સમયમાં એક દ્રવ્ય હોવા છતાં... ભાષા કેવી લીધી છે?

**'સત્યાર્થ આત્મરૂપ તત્ત્વકા સમ્પૂર્ણ રૂપસે ગ્રહણ (નિર્ણય) હો જાય.'** આહાહા..! ભગવાનઆત્મા... ધીરો થઈને ધીરેથી જો તારું ધીરજનું રૂપ. ધીરજ એટલે શાંતરૂપ છે તારું, એમ. સમજાય છે કાંઈ? ધીરો થઈને, ધીરો થઈને ધીર તારું સ્વરૂપ, એ ધીર એવી બુદ્ધિ, ધીર પ્રેરતી, એ બુદ્ધિને અંતરમાં પ્રેર.

મુમુક્ષુ :– તેનું નામ ધીર.

ઉત્તર :– તેનું નામ ધીર. આહાહા..! પુણ્ય-પાપને...

મુમુક્ષુ :– જે બુદ્ધિને પ્રેરે.

ઉત્તર :– પ્રેરે. ધીર.. ધીર.. ધી.. ધી.. બુદ્ધિને ર પ્રેરે તે ધીર. પોતાની બુદ્ધિને અંતરમાં પ્રેરે તે ધીર. અને તે ધીવંત. તે ધીમંત અને તે શ્રીમંત. આ બે આવી ગયા વળી આમાં એય...! આ લોકો કહેને આ લોકો શ્રીમંત છે અને ધીમંત છે. કહો, કેટલાક ધીમંત હોય અને શ્રીમંત ન હોય. કેટલાક શ્રીમંત હોય અને ધીમંત ન હોય? આ તો ધીમંત અને શ્રીમંત બન્ને આત્મા. સમજાણું કાંઈ? ક્યાંક બુદ્ધિવાળા હોય, પૈસા ન હોય. કે પૈસા પાંચ કરોડ હોય અને બુદ્ધિ સમજવા જેવી હોય. સમજવા જેવી એટલે ઠોઠ નિશાળિયા જેવી. સમજાણું કાંઈ? અને કોઈક પુણ્યને લઈને બુદ્ધિવાળા પણ હોય. પણ અહીં તો ધીમંત અને શ્રીમંત એકસાથે આત્મા છે. આહાહા..! સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાનઆત્મા એક સમયમાં... **'સત્યાર્થ આત્મરૂપ તત્ત્વકા સમ્પૂર્ણ રૂપસે...'** ઓહોહો..! ટીકા કરનારે પણ કેટલું કહ્યું છે, જુઓ ! કારણ કે બે જુદા પાડ્યા છે ને? એટલે બે જુદામાં સંપૂર્ણ આને ગ્રહે છે એમ કહે છે. 'પંડિતજી'! આ બે જુદા કહ્યા ને? આ બે જુદા કહ્યા એટલે આને પૂરો ગ્રહે છે એમ કહે છે. આને પૂરો ગ્રહે છે એમ કહે છે. આને પૂરો ગ્રહે છે. અભેદને ગ્રહે છે. આહાહા..! કોઈ મુનિ મળ્યા છે. સમજાય છે કાંઈ?

ભગવાન અનંતગુણનો પુંજ, અનંતગુણની વસ્તીનો વસનાર, એ વસ્તીનો રાખનાર આત્મા. એ વસ્તુ... વસ્તુ. એ વસ્તુને કહે છે કે પરથી જુદી જોતાં, સમસ્તગુણો જેટલા વસ્યા એ બધાનો નિર્ણય એના જ્ઞાનમાં આવી જાય છે. એને એમ ન થાય, અરે..! મને જણાય છે કે નહિ? અરે..! આ પ્રત્યક્ષ થાય છે કે નહિ? અરે..! મને ભવ હશે કે નહિ? એ ભાવ એને હોય નહિ. ભવ વિનાના ભાવને ભાવતા ભવ મને છે એવી શંકા જ્ઞાનીને હોતી નથી. આહાહા..! 'પંડિતજી'! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– જ્ઞાનીને શંકા નથી રહેતી કે મને ભવ છે.

ઉત્તર :– એને ભવ છે જ નહિ. પણ ભવનું કારણ રાગ સ્વભાવમાં નથી. મારો સ્વભાવ જ મુક્ત સ્વભાવ છે. માટે આગળ મુક્તિ લેશે. સમજાય છે કાંઈ? આહાહા..! મુક્તિની સંપદા, અનંતગુણની સંપદાનું સ્વરૂપ, એવો ભગવાનઆત્મા, એને પરથી જુદો, ટૂંકામાં સારમાં કહેતા, એ ભગવાનઆત્માની અંતર જુદાઈથી ભેદ પાડીને જોતાં, તેનું આત્માનું સાચું ભૂતાર્થ બધા ગુણસ્વરૂપ સહિતનું, તેને જ્ઞાનમાં નિર્ણય અને જ્ઞાન થઈ જાય છે. આહાહા..! એટલે હું મને પ્રમેય થઈ શકું નહિ એ વાત એને રહે નહિ.

મુમુક્ષુ :– પ્રમેયનો ગુજરાતી અર્થ.

ઉત્તર :– પ્રમેય એટલે જણાવા યોગ્ય. જણાવા યોગ્ય હું ન થાઉં એમ બને નહિ. હું તો જણાવાયોગ્ય જ ત્રિકાળ છું. સમજાણું કાંઈ? હું મને ન જણાઉં એમ જ્ઞાનીને એટલે કે આત્માના જાણનારને રહેતું નથી. હું મને ન શ્રદ્ધું, આ શ્રદ્ધા થઈ છે કે નહિ? એ મને જણાય નહિ. એમ આત્માને જાણતા એ વાત રહેતી નથી. સમજાય છે કાંઈ? આત્માને

જાણતા મને ભવ હશે કે નહિ? ભગવાનના જ્ઞાનમાં ભવ ભાળ્યા હશે? એમ આત્માને જાણતા તે ભાવ તેને રહેતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? અલ્પ કાળમાં મારી પૂર્ણ સંપદાવાળી લક્ષ્મી, પર્યાયમાં અલ્પકાળમાં પ્રાપ્ત થશે એવો એનામાં ગુણ છે. એવા ગુણવાળાની પ્રતીત કરી છે એથી અલ્પ કાળમાં મુક્તિ અને કેવળજ્ઞાનને પામીશ એમ સમસ્તગુણના કાર્યમાં આ ગુણનું કાર્ય પણ આવી ગયું છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– વાણીનો પ્રવાહ બરાબર આજે છૂટ્યો છે.

ઉત્તર :– આજે વળી સવારે છોકરા સાથે પ્રમેયનું ચાલ્યું હતું. તો વળી અહીંયાં પણ એ આવ્યું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– રોજ બે-બે બોલ આવે તો સારું.

ઉત્તર :– આવે ક્યાં? એ તો નીકળે તો. પેલો હતો ને? 'ભરત' ક્યાં ગયો? 'જમુભાઈ'નો તમારો 'ભરત' હતો. એને પૂછ્યું કે એલા! પ્રમેય થઈ જાય? તો કહે, હા. પછી વળી છેલ્લામાં ભૂલી ગયો. આત્મા ન જણાય.. છેલ્લે કીધું હતું ને. આત્મા ન જણાય એમાં શું દોષ આવે? એ ન બોલી શક્યો. કે આત્મા ન જણાય એમાં શું દોષ આવે? એ તો કીધું પ્રમેયથી આત્મા જણાય તો દોષ આવે અને ન જણાય તો પ્રમેય નથી જણાય, એમ. 'ભરત' આવ્યો છે કે નહિ? ઠીક. સમજાણું કાંઈ? આ તો છોકરાઓ પણ અંદર ભગવાન છે ને! એને ક્યાં? એના હાડકાને ન દેખ, નાના-મોટા અને કાળા ધોળાને મફતનો. સમજાણું કાંઈ? વાણિયો અને આ ફલાણો છે, ધૂળ છે. કોઈ નથી, એ તો આત્મા અંદર છે. એ આત્મા અખંડાનંદ પ્રભુ છે એને જો. બીજાનો આત્મા તું જો. એને શરીર દ્વારા આત્મા એમ ન જો. આહાહા..! સમજાય છે કાંઈ? આને આવું શરીર છે, આને આવો રાગ છે, આને આટલા કર્મ છે એમ એને ન જો. કેમ? કે રાગ અને શરીર, કર્મથી ભગવાન જુદો છે. તો જુદો જાણનાર બીજાને પણ એ રીતે જુદો જાણે છે. એ ભલે જુદો ન જાણે. સમજાય છે? પણ એનામાં જુદો જાણવાની તાકાત છે એવા આત્માને તું જાણ. સમજાણું કાંઈ? આ ગુજરાતી આવ્યું ને ગુજરાતી એટલે જરા વધારે સ્પષ્ટ થયું. પેલામાં જરા અટકવું પડે છે. આ કીધું હવે છેલ્લો દિવસ છે ને પછી શું. આહાહા..!

કેવું કહે છે! **'सामस्त्येन ग्रहणं निर्णयः स्यात्'** થઈ જાય છે એમ કહે છે, ભાઈ! **'स्यात् ।'** થાય છે, થાય છે. આહાહા..! ભગવાનઆત્મા પોતાના અનંતગુણરૂપ એક, પોતાના અનંતગુણરૂપ એક, એવા આત્માનું સમસ્ત ભૂતાર્થપણું પરથી જુદું પાડતા. જુદું કહેતા, પાડતા, એ ભગવાન જુદો જ્ઞાન અને નિર્ણયમાં આવી જાય છે. તે કૃતકૃત થઈ ગયો, એને કાંઈ બાકી રહેતું નથી. સમજાય છે કાંઈ? એના ખ્યાલમાં આવી ગયું કે આ ચારિત્ર પણ અલ્પકાળમાં સ્થિરતાને (પ્રાપ્ત થઈ જશે).

**'સત્યાર્થ આત્મરૂપ સમ્પૂર્ણ રૂપસે ગ્રહણ (નિર્ણય) હો જાય.'** આ આટલાની વ્યાખ્યા

ચાલે છે. સમજાય છે કાંઈ? છે ને? 'પંડિતજી'! ટીકામાં લખ્યું છે. એટલામાં તો બધું ભર્યું છે. આહાહા..! ભગવાનઆત્મા... અહીં તો કહે છે કે, ભાઈ! આ આત્મા જેને જ્ઞાનમાં આવ્યો, એને આ સર્વજ્ઞસ્વભાવી આત્મા સર્વજ્ઞ થયે છુટકો એવો એના જ્ઞાનમાં નિર્ણય આવી જાય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :– પછી આ સંસારના વલખા પુદ્‌ગલના...

ઉત્તર :– એને ઘરે રહી ગયા એ. સંસારના વલખા રહી ગયા પુદ્‌ગલમાં, આત્મામાં છે નહિ, ભગવાનઆત્મામાં છે નહિ. ભગવાનઆત્મા એક સમયમાં પુદ્‌ગલથી જુદો એટલું કહેવામાત્રમાં, પુદ્‌ગલથી જુદો એટલું કહેવામાત્રથી એનું આખુ રૂપ, અનંતગુણ સહિતનું પ્રભુ આત્માનું રૂપ, તેના નિર્ણય અને જ્ઞાનમાં આવી જાય છે. એને હવે એમ ન થાય કે આ બધા આત્માઓ સર્વજ્ઞસ્વરૂપે હશે કે નહિ? બધા આત્મા સર્વજ્ઞસ્વરૂપે છે. સમજાય છે કાંઈ? હું સર્વજ્ઞ સ્વરૂપે છું એમ નિર્ણય થતાં અલ્પકાળમાં મારી સર્વજ્ઞની વ્યક્તતા થશે. એમ નિઃસંદેહ આત્માને જાણતા એમાં રૂપ આવી જાય છે. કોઈ કહે કે, આપણને ખબર ન પડે. (તો કહે છે), તું આત્માને જાણતો નથી. સમજાય છે કાંઈ? એ શી રીતે જણાય? સર્વજ્ઞપદ થાશે? થાશે એટલે શું? છે ને! સમસ્તરૂપમાં સર્વજ્ઞપદ તો શ્રદ્ધામાં આવી ગયું છે. સર્વજ્ઞપદ આત્મા છે એ શ્રદ્ધામાં, જ્ઞાનમાં આવી ગયું છે. પ્રમેય થઈને જ્ઞાન આવી ગયું છે. એ એમ પોકાર કરે છે કે આ સર્વજ્ઞપદ અલ્પકાળમાં વ્યક્તરૂપે થઈ જશે. હું પડીશ ને પછી રખડીશ ને... શાસ્ત્રમાં આવે એ વાત એને રહેતી નથી. સમજાય છે કાંઈ? તને આત્મા બેઠો અને વળી હજી (આ પ્રશ્ન?) ક્યાં પડવું છે? ક્યાંથી પડવું છે? આત્માનો અભાવ થવો છે? પડવું છે એટલે? આત્માનો અભાવ થવો છે? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– આવી જોરદાર વાત સાંભળવા મળતી નથી.

ઉત્તર :– વાત તો સાચી છે એક ન્યાયે. આહાહા..!

પ્રભુ! તારી પ્રભુતા, પરમેશ્વરતા જ્યાં અંદર સમસ્તગુણમાં પ્રતીતમાં આવી છે, તો એ પરમેશ્વરપણું સ્વતંત્રપણે અને પરના આધાર વિના, સ્વતંત્રપણે પરના આધાર વિના પ્રગટ થાય, એવું તેને આત્માની પ્રતીત થતાં, તેના ગુણની, મારા ગુણની દશાના કાર્યમાં કોઈનો આધાર નથી. મારી દશાના કાર્યમાં કોઈ ગુણનો, કોઈ બીજાનો આધાર નથી. કેવળજ્ઞાનની પર્યાય માટે મારે મારો જ આધાર છે. એવા આધાર નામના ગુણને લે તો પ્રતીત કરી છે. કહો, સમજાણું કાંઈ? આ વાત ભારે, ભાઈ! આ નવી જાતની નીકળી છે, હોં! અહીં તો. અહીં તો આ શબ્દો પડ્યા છે, જુઓને! 'પૂજ્યપાદસ્વામી' કહે છે અમે તત્ત્વને થોડામાં કહીશું. ૫૦મી ગાથા. સમજાય છે? ૫૦મી ગાથા અડધા સૈકાની છે.

મુમુક્ષુ :– એટલામાં બધું આવી ગયું?

ઉત્તર :– જુઓને તમે આવે છે કે નહિ એમાં? તમે ઇજનેર છો. ઇજનેર મોટા, સાડા

આઠસોના પગાર અને બારસોનો પગાર સરકાર આપતા હતા તો ન લીધો અને વળી આમાં તો પડો. સમજાય છે કાંઈ? એવું કાંઈક કહેતા હતા કોઈ. સરકાર કહે, બારસોનો લ્યો. તો આ કહે, ના, હવે નહિ. પછી ભલે અત્યારે વેપાર કરે. આ 'મુકુંદભાઈ' ને બધા ભેગા.. કહો, સમજાય છે આમાં?

અહીં કહે છે, ભગવાનઆત્માના અનંતાગુણોમાં ક્યા ક્યા ગુણોના કાર્યો, તે તે ગુણને પ્રતીતમાં ગુણીને લેતા, તેના અનંતગુણના કાર્યો ધારાવાહી પરિણમશે અને તે પરિણમ્યે પૂરું થશે એવો નિર્ણય લેતાં આત્મા ભૂતાર્થ શ્રદ્ધામાં પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ઔર જો કુછ ઇસ તત્ત્વ-સંગ્રહ કે સિવાય..'** લ્યો. આ આટલી સાર વાત સિવાય **'ભેદ પ્રભેદ આદિક વિસ્તારમેં સુનનેકી રુચિ-ઇચ્છા રખનેવાલે...'** જુઓ! એમ કહ્યું છે, હોં! પેલા ઇચ્છા રાખનારા. અમે કહીશું નહિ, પણ પેલા છે તો એને એમ કહ્યું. શું કહે છે? કે આ સિવાય ટૂંકામાં જેને સમજવાની શક્તિ આદિ ન હોય અને એવા જીવો શિષ્યો હોય કે **'વિસ્તારમેં સુનને કી રુચિ-ઇચ્છા રખનેવાલે...'** પણ સાંભળવાળાને વિસ્તારથી રુચિ અને જિજ્ઞાસા છે. ટૂંકામાં આટલું (કહ્યું) પણ બહુ મારે વિસ્તાર જોઈએ છે. એવા રુચિવાળાને, આમથી લીધું, જુઓ! અમે એને સમજાવીએ એવાને... **'શિષ્યોંકે લિયે આચાર્યોને કહા હૈ,...'** એવા માટે આચાર્યોએ કહ્યું છે. આહાહા..! એવા શિષ્યો માટે આચાર્યોએ કહ્યું **'યહ સબ ઇસીકા વિસ્તાર હૈ.'** કહ્યું પણ આનો વિસ્તાર છે.

પુદ્‌ગલથી આત્મા ભિન્ન અને આત્માથી પુદ્‌ગલ ભિન્ન, આ એનો બધો વિસ્તાર છે. સિદ્ધાંત સૂત્ર આ. ચાર પૈસે શેર તો મણના અઢી. પછી એના પલાખા નાખવા એટલે સાડા સત્તર શેર, સાડી સાડત્રીશ શેર, સાડી ઓગણ ચાલીશ શેર જેટલા નાખવા હોય એટલા નાખ. સમજાણું કાંઈ? પછી વિસ્તારથી સમજવું હોય. પણ તમે ચાર પૈસે શેર અને મણને અઢી કહો છે. 'પંડિતજી'! સમજો છો? ચાવી હોય છે કે નહિ? એક શેરના ચાર પૈસા, એક આના તો મણના અઢી રૂપિયા. તો કહે, ભાઈ! પોણી ઓગણીસોનું કેટલું? તો એને કહે કે જો પણ એ તો આવી ગયું એમાં. પણ તને જુદું સમજાવીએ. પોણી ઓગણીસસોના પોણા આગણીસ આના. સમજાણું કાંઈ?

કહે છે કે **'વિસ્તારમેં સુનને કી રુચિ-ઇચ્છા રખનેવાલે શિષ્યોંકે લિયે આચાર્યોંને કહા હૈ,...'**

મુમુક્ષુ :– ગુરુચાવી તો એક જ છે.

ઉત્તર :– એના આત્માના ભેદજ્ઞાન માટે વસ્તુ તો આ એક જ છે.

મુમુક્ષુ :– મૂળ તત્ત્વ આ છે.

ઉત્તર :– મૂળ આ છે. એક ઘા અને બે કટકા. ભગવાનઆત્મા પુદ્‌ગલથી ભિન્ન, બસ, એવું ભિન્ન જ્ઞાન થતાં તેને સમસ્ત આત્માની ઋદ્ધિની પ્રતીતના કાર્યની પ્રતીત બધી

[illegible]

ગાથા–૫૦-૫૧ પ્રવચન નં. ૫૬
તા. ૦૫-૦૬-૧૯૬૬
વીર સંવત ૨૪૯૨, જેઠ વદ ૨, રવિવાર

आचार्य शास्त्र के अध्ययन करनेका साक्षात् अथवा परम्परासे होनेवाले फलको बताते हैं -

इष्टोपदेशमिति सम्यगधीत्य धीमान् मानापमानसमतां स्वमताद्वितन्य।
मुक्ताग्रहो विनिवसन् सजने वने वा मुक्तिश्रियं निरुपमामुपयाति भव्यः॥५१॥

अर्थ :- इस प्रकार 'इष्टोपदेश'को भले प्रकार पढ़कर-मनन कर हित-अहितकी परीक्षा करनेमें दक्ष-प्रवीण हो गया है ऐसा भव्य अपने आत्म-ज्ञानसे मान और अपमानमें समताको विस्तार कर छोड़ दिया है आग्रह जिसने ऐसा होकर नगर अथवा वनमें विधिपूर्वक रहता हुआ उपमा रहित मुक्तिरूपी लक्ष्मीको प्राप्त करता है।

विशदार्थ :- इष्ट कहते हैं सुखको मोक्षको और उसके कारणभूत स्वात्मध्यानको। इस इष्टका उपदेश यथावत् प्रतिपादन होता है जिसके द्वारा या जिसमें इसलिये इस ग्रन्थको कहते हैं 'इष्टोपदेश'। इसको भले प्रकार व्यवहार और निश्चयसे पठन एवं चिन्तन करके हित और अहितकी परीक्षा करनेमें चतुर ऐसा भव्य प्राणी, जिससे अनन्त-ज्ञानादिक प्रगट हो सकते हैं - इस इष्टोपदेशके अध्ययन-चिन्तन करनेसे उत्पन्न हुए आत्मज्ञानसे मान-अपमानमें राग-द्वेषको न करता हुआ समताको विस्तार कर नगर-ग्रामादिकोंमें अथवा निर्जन-वनमें विधि-पूर्वक रहते हुए छोड़ दिया है आग्रह-कदाग्रहको, मैं और मनन का आदेश अथवा उपदेश प्राप्त ऐसा पुरुषार्थ किया हुआ होता अनुपम तथा अनन्त ज्ञानादि गुणोंको और सर्वोत्तम मुक्ति-लक्ष्मीको प्राप्त कर लेता

है। जैसा कि कहा गया है `यदा मोहात्प्रजायेते०'

जिस समय तपस्वीको मोहके उदयसे मोहके कारण राग द्वेष पैदा होने लगें, उस समय शीघ्र ही अपनेमें स्थित आत्माकी समतासे भावना करे, अथवा स्वस्थ आत्माकी भावना भावे, जिससे क्षणभरमें वे राग द्वेष शान्त हो जावेंगे।।५१।।

दोहा - इष्टरूप उपदेशको, पढ़े सुबुद्धि भव्य।
मान अमानमें साम्यता, निज मनसे कर्तव्य।।५१।।

आग्रह छोड़ स्वग्राम में, वा वनमें सु वसेय।
उपमा रहित स्वमोक्षश्री, निजकर सहजहि लेय।।५२।।

---

'ઇષ્ટોપદેશ'ની છેલ્લી ૫૧ મી ગાથા છે. ૫૦ ગાથા થઈ ગઈ.

**'આચાર્ય શાસ્ત્રકે અધ્યયન કરનેકા સાક્ષાત્ અથવા પરમ્પરાસે હોનેવાલે ફલકો બતલાતે હૈ–'**

**इष्टोपदेशमिति सम्यगधीत्य धीमान्, मानापमानसमतां स्वमताद्वितन्य।**
**मुक्ताग्रहो विनिवसन् सजने वने वा, मुक्तिश्रियं निरुपमामुपयाति भव्यः।।५१।।**

શું કહે છે? **'इति इष्टोपदेशं सम्यक्'** નીચે. **'ઇસ પ્રકાર ઇષ્ટોપદેશ કો ભલી પ્રકાર પઢકર–મનન કર...'** ભલા પ્રકારે ઇષ્ટોપદેશમાં કહેલા ભાવ, ભલા પ્રકારે અંતરમાં સમજીને **'હિત-અહિતની પરીક્ષા કરનેમેં દક્ષ-'** પોતાનું શુદ્ધ સ્વરૂપ, આનંદ સ્વરૂપ તે જ પોતાનું હિત, આદરણીય છે, એ સિવાય બધા વિકલ્પ આદિ અહિતકર, હેય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– ક્યારે?

ઉત્તર :– અત્યારે. ક્યારે શું? જ્યારથી સમજણમાં આવ્યું કે આ આત્મા.. એ ૫૦મી ગાથામાં આવી ગયું છે. જીવ અને પુદ્‌ગલ બેમાં સમાવેશ કરી દીધો છે. ભગવાનઆત્મા પોતાનું અતીન્દ્રિય આનંદ સ્વરૂપ રાખે છે. એ જ સ્વરૂપ અંતરમાં પ્રથમ ઉપાદેય, હિતકર, આશ્રય કરવા લાયક છે. કહો, સમજાણું કાંઈ? બાકી વ્યવહારનયનો વિષય, શુભ, અશુભ આદિ વિકલ્પ હોય, પર નિમિત્ત હોય, સાક્ષાત સર્વજ્ઞદેવ પરમેશ્વર હોય, પણ એ વ્યવહારનયનું કથન છે, વિષય છે એ છોડવાલાયક છે. સમજાણું કાંઈ?

**'ભલી પ્રકાર પઢકર-મનન કર હિત-અહિતકી પરીક્ષા કરનેમેં દક્ષ-નિપુણ હોતા હુઆ ભવ્ય અપને આત્મ-જ્ઞાનસે..'** આ સાર આવ્યો. આખો 'ઇષ્ટોપદેશ' સાંભળીને તેણે શું કરવું? એ તો નીચે કહેશે. ઇષ્ટ એટલે પોતાનો આનંદ અને એ આનંદ તો મોક્ષમાં છે, એવો

પૂર્ણાનંદ આત્મસ્વરૂપમાં આનંદ છે, તે તરફનું ધ્યાન કરવું. તે મોક્ષ, સુખ અને ધ્યાન ત્રણને અહીં ઇષ્ટ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? આત્મા સહજાનંદ સ્વરૂપ, અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે. તેમાંથી પ્રગટ મોક્ષ દશા, જેમાં પરમ આનંદ છે તેને ઇષ્ટ કહે છે અને સુખરૂપી મોક્ષને ઇષ્ટ કહે છે અને ઇષ્ટ પોતાનો આત્મા અખંડ આનંદ સ્વરૂપમાં એકાગ્ર થઈને ધ્યાન કરવું તે ઇષ્ટ છે. સમજાણું કાંઈ? બીજું કાંઈ ઇષ્ટ છે નહિ.

**'ભવ્ય અપને આત્મ-જ્ઞાનસે...'** પોતાના જ્ઞાનમાં હું શુદ્ધ ચિદાનંદ છું એવા શુદ્ધ આત્માનો આશ્રય કરીને પવિત્રતા, સમ્યગ્દર્શન આદિ પ્રગટ કર્યું છે, તે જ્ઞાનથી **'માન ઔર અપમાનમેં સમતાકા વિસ્તાર કર છોડ દિયા હૈ આગ્રહ...'** શું કહે છે? વિશદાર્થમાં વિશેષ કહેશે. પોતાનું સ્વરૂપ શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છે તેનો આશ્રય કરીને સમ્યગ્દર્શન, જ્ઞાન અને અતીન્દ્રિય આનંદનો સ્વાદ જેણે લઈ લીધો છે. 'ડાલચંદજી'! ધર્મ-ધર્મ.

ધર્મનો અર્થ, જે ધર્મી આત્મા, તેમાં અતીન્દ્રિય આનંદ છે. એ અતીન્દ્રિય આનંદનો આશ્રય કરીને પર્યાયમાં, અવસ્થામાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ અનુભવમાં લીધો છે, તેને ધર્મ અને તેને ધર્મી કહે છે. સમજાણું કાંઈ? કહો, 'કોમલચંદજી'! શું કહે છે? આમાં ક્યાંય બીજી વાત આવતી નથી.

આત્મા અતીન્દ્રિય પ્રભુ! આનંદની ગાંઠડી એવો ભગવાનઆત્મા, તેનો પરિપૂર્ણ દશારૂપી મોક્ષ તે હિતકર અથવા ઇષ્ટ છે. અને પોતાના અતીન્દ્રિય આનંદના સ્વરૂપમાં સંભાળ કરીને એકાગ્ર થવું, ધ્યાન, સ્વરૂપની એકાગ્રતા, તેમાં આત્માનો, અતીન્દ્રિય આનંદનો સમ્યગ્દર્શન-જ્ઞાનમાં સ્વાદ આવ્યો છે તે કારણે પોતાની બહારની મહત્તામાં તેને માન ઉત્પન્ન નથી થતું અને મહત્તાના ખંડનમાં તેને અપમાન નથી થતું. આ કારણથી. આત્મજ્ઞાનથી. આમ મહત્તામાં અભિમાન ન થાય અને ખંડનમાં દોષ ન થાય એ તો સ્થૂળ બહારની વાત છે, એ ચીજ નહિ. એ તો બહારમાં અનાદિથી કર્યું છે. પોતાના આત્માના આનંદ આગળ બધી વાતો તેને ફીકી લાગે છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવે એ આત્માને અતીન્દ્રિય આનંદ સ્વરૂપ દેખ્યો છે. એવી પોતાની દૃષ્ટિથી પોતાના આત્માને દૃશ્ય નામ દૃષ્ટાથી દૃશ્ય કરીને, જ્ઞેયથી જ્ઞાન કરીને પોતાના આત્મામાં ઇષ્ટપણું, ધ્યાનપણું, શાંતિપણું, આનંદપણું જેણે પ્રગટ કર્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? તે આનંદ આગળ **'માન ઔર અપમાનમેં સમતાકા વિસ્તાર કર...'** અનુકૂળ ચાહે તે પદાર્થ હો કે મહત્તાથી મળનારી ચીજ હો કે મહત્તાનું ખંડન કરનારી અપમાનની ચીજ (હો)... સમજાણું કાંઈ? પોતાનો આત્મા આનંદ અને વીતરાગસ્વરૂપ છે એવી દૃષ્ટિ અને જ્ઞાન થયું છે, તે કારણે માન-અપમાનમાં સમતાનો વિસ્તાર કરે છે. રાગ અને વિકલ્પનો વિસ્તાર ન કરતાં સમતાનો વિસ્તાર કરે છે.

**'વિતન્ય'** પાઠમાં શબ્દ છે. પાઠમાં છે ને? **'વિતન્ય'** પહેલા શબ્દમાં છેલ્લો શબ્દ છે.

છે ને ભાઈ? **'वितन्य'** નો અર્થ કર્યો છે ને? વિશેષણ, વિસ્તાર. શું છે? જરી સૂક્ષ્મ વાત છે. પોતાનો આત્મા... આખું શાસ્ત્ર સમજીને કરવું શું? સમજાણું કાંઈ? શું કરવું? શાસ્ત્ર બનાવવું? દુનિયાને સમજાવવું? સમજાણું કાંઈ? શું એ શાસ્ત્ર સમજવાનો સાર છે? સમજાણું કાંઈ? અહીં તો કહે છે શાસ્ત્રનો સાર સમજીને, પોતાનો આત્મા જ્ઞાનાનંદનું ભાન થયું, તે ભાનના આનંદના સ્વાદ આગળ માન-અપમાનના કાળમાં પોતાના સ્વભાવ સન્મુખની સમતાનો, વીતરાગતાનો વિસ્તાર કરે છે તેનું નામ ઇષ્ટોપદેશનું ફળ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'માન ઔર અપમાનમેં સમતાકા વિસ્તાર કર..'** શું કહે છે? બાહ્યની સામગ્રી, ઇન્દ્રો આવીને મહત્તા આપે અને સાધારણ નિર્ધન આદમી પણ અપમાન કરે. બેમાં હું તો જ્ઞાનસ્વરૂપ છું. પોતાના અતીન્દ્રિય આનંદની ખાણનો સ્વાદ લીધો છે. એવા ઇષ્ટનો હિતકર ઉપદેશનો લાભ અંતરમાં પ્રાપ્ત કર્યો છે, તે પોતાની શાંતિનો વિસ્તાર કરે છે. વિકલ્પનો વિસ્તાર છોડે છે. ઇ કહે છે, જુઓ! **'સમતાકા વિસ્તાર કર...'**

મુમુક્ષુ :– માનમાં તો સમતા કરે કે નહિ?

ઉત્તર :– માન શું? પરનું માન? એ તો અભિમાન છે. શું છે? તેમાં ક્યાં સમતા આવી? પરનું માન શું? માન કોને કહે છે? સમજાણું કાંઈ? 'લહી ભવ્યતા મોટું નામ, પણ અભવ્ય ત્રિભુવન અપમાન' જ્યાં સર્વજ્ઞ પરમેશ્વરની આજ્ઞા પ્રમાણે પોતાના સ્વરૂપનું ભાન થયું અને સર્વજ્ઞએ સ્વીકાર્ય કર્યું કે તે સમ્યક્જ્ઞાની બરાબર છે. કહે છે કે તને હવે કોનું માન જોઈએ છે? અને સર્વજ્ઞની આજ્ઞાની બહાર જેણે પોતાના જ્ઞાન સ્વરૂપની રુચિ, દૃષ્ટિ અંતર કરી નથી અને માની લીધું કે અમે ધર્મી છીએ, દુનિયા માન આપે છે, તો તે ભગવાનની આજ્ઞામાં અપમાન થયું. તને કોનું અપમાન જોઈએ? 'લહી ભવ્યતા મોટું માન,' સર્વજ્ઞ અને સર્વજ્ઞની આજ્ઞા પ્રમાણે પોતાનું ભાન થયું તો કહે છે કે ભગવાનનું માન થયું. ભગવાને સ્વીકાર્યો કે તે સમ્યક્જ્ઞાની છે. હવે તારે કોનું માન જોઈએ? સમજાણું કાંઈ? અને ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદસ્વરૂપ, તેની દૃષ્ટિ અને જ્ઞાન થયું નથી અને દુનિયા તને માન આપે એ તો ભગવાનથી તારું અપમાન થયું છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

'અભવ્ય ત્રિભુવન અપમાન..' પોતાની સ્વરૂપ દૃષ્ટિ, જ્ઞાનાનંદ ચૈતન્ય પુણ્ય-પાપના વિકલ્પથી પૃથક, એનું ભાન નથી કર્યું અને દુનિયા બધું માન આપે તો કહે છે કે ત્યાં તો ભગવાનની અપમાનની આજ્ઞા છે. તારો સ્વીકાર નથી. ... દુનિયા પાસેથી શું લેવું છે? સમજાણું કાંઈ? જુઓ ! છેલ્લે આ ગાથા મુકી છે.

**'માન ઔર અપમાનમેં સમતાકા વિસ્તાર...'** તેનો અર્થ કે તે સમયમાં પોતાના શુદ્ધ ચૈતન્ય ભગવાન, તેમાં દૃષ્ટિ લગાવીને વિશેષ શાંતિનો લાભ લેવો જોઈએ. સમજાણું કાંઈ? **'છોડ દિયા હૈ આગ્રહ જિસને...'** અરે..! અહીં જરા અનુકૂળ છે અને અહીં જરા પ્રતિકૂળ

છે, આ ચીજ ઠીક છે, આ ચીજ ઠીક નથી. એવો મિથ્યા આગ્રહ જેણે છોડી દીધો છે. સમજાણું કાંઈ? આ શરીર આમ રહે તો ઠીક. આ હવા, પાણી, કાંઈ જંગલમાં બેઠા હોઈએ તો ઠીક રહે, અને ગામમાં રહે તો ઠીક નહિ. એમ જેણે અંતરમાં સ્વઆશ્રયના સ્વભાવની મહત્તામાં પરના પદાર્થની ઇષ્ટ-અનિષ્ટતા અથવા ઠીક-અઠીકતા જેણે અંતરમાં છોડી દીધી છે. સમજાણું કાંઈ?

**'છોડ દિયા હૈ આગ્રહ જિસને ઐસા હોકર નગર અથવા વનમેં વિધિપૂર્વક રહતા હુઆ...'** ગામમાં હોય કે વનમાં હોય, ધર્મીને કોઈ આગ્રહ નથી કે હું જંગલમાં જ રહું. સમજાણું કાંઈ? વીતરાગભાવથી રહું એવી તેની દઢતા છે. સમજાણું કાંઈ? **'નગર અથવા વનમેં વિધિપૂર્વક રહતા હુઆ ઉપમા રહિત મુક્તિરૂપી લક્ષ્મીકો પ્રાપ્ત કરતા હૈ.'** આત્મા પોતાનો શુદ્ધ ઇષ્ટ આત્મા આનંદનો સ્વાદ લઈને ઇષ્ટપણું પ્રગટ કર્યું છે અને તેની એકાગ્રતાથી વીતરાગતાનો વિસ્તાર કર્યો છે તે જ અલ્પકાળમાં મુક્તિ એટલે પૂર્ણાનંદની લક્ષ્મીની સંપદાને પ્રાપ્ત કરે છે. બસ, બીજી કોઈ વચલી વાત જ નથી. સમજાણું કાંઈ? વચમાં કોઈ ઉપદેશનો વિકલ્પ આવે એ પણ બંધનું કારણ છે, તેનાથી તને બિલકુલ લાભ નથી. સમજાણું કાંઈ ? પોતાની સ્વ એકાગ્રતામાં વીતરાગતાનો વિસ્તાર થયો, તે જ તારું ઇષ્ટ. તેનાથી જ તને મુક્તિની પ્રાપ્તિ થશે. એ સિવાય બીજી કોઈ ચીજ મુક્તિ પ્રાપ્તિમાં હેતુ-ફેતુ નથી.

મુમુક્ષુ :– વિધિપૂર્વક ...

ઉત્તર :– વિધિ એટલે પોતાનામાં એકાગ્ર રહે એ વિધિ. આત્માની અનુભૂતિ કરવી એ વિધિ છે, બીજી કોઈ વિધિ નથી.

મુમુક્ષુ :– તદ્દન અજાણ્યો હોય એણે શું કરવું?

ઉત્તર :– આ કરવું, અજાણ્યાએ જાણપણું કરવું. કહ્યું ને. અજાણ્યું કોણ છે? ચિદાનંદસ્વરૂપ ભગવાન જ્ઞાનાનંદથી બિરાજમાન છે. પોતાની ચૈતન્યજ્યોતિથી આનંદથી ભરેલો ભગવાન છે. તેનું જ્ઞાન કરીને, તેની દૃષ્ટિ કરીને, તેનામાં એકાગ્ર થવું. કરવાનું કર્તવ્ય હોય તો આ કર્તવ્ય છે. માર્ગ મુક્તિ લક્ષ્મીની પ્રાપ્તિ, બન્ને કહી દીધું, ભાઈ! માર્ગ અને માર્ગનું ફળ. આહાહા..!

**વિશદાર્થ :– 'ઇષ્ટ કહતે હૈં સુખકો-મોક્ષકો...'** આ 'ઇષ્ટોપદેશ'ની વ્યાખ્યા કરે છે. **'ઇષ્ટ કહતે હૈં સુખકો-મોક્ષકો...'** મોક્ષ કહો કે સુખ કહો. પરમાનંદની પ્રાપ્તિરૂપી મુક્તિ એ જ સુખ અને એ જ મુક્તિ. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનું ધામ પ્રભુ, તેનો આશ્રય કરીને, પૂર્ણ એકાગ્ર થઈને, પૂર્ણ અતીન્દ્રિય આનંદની, પૂર્ણ પર્યાયની પ્રાપ્તિ કરવી તેનું નામ મુક્તિ. સમજાણું કાંઈ? (ઇષ્ટ કોને કહે છે)? ઇષ્ટ મોક્ષને, સુખને. ઇષ્ટ. **'ઉસકે કારણભૂત સ્વાત્મધ્યાનકો.'** ભાષા જુઓ! સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા શુદ્ધ અતીન્દ્રિય આનંદકંદ, તેનું ધ્યાન, એકાગ્રતા તે જ ઇષ્ટ છે. વચ્ચે

વિકલ્પ આદિ ઊઠે છે એ ઇષ્ટ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? 'કોમલચંદજી'! શું કહે છે? મંદિર બનાવવા, આમ કરવું, ઉપદેશ દેવો, સમજાણું? ભગવાને ઇષ્ટના બે અર્થ કર્યા. એક મુક્તિરૂપી પૂર્ણાનંદની શુદ્ધિની પ્રાપ્તિ તે જ ઇષ્ટ. બીજું ઇષ્ટ એ કે પોતાના આત્માનું અંતર એકાગ્ર ધ્યાન કરવું તે ઇષ્ટ. સમજાણું કાંઈ? પોતાનું સ્વરૂપ ભગવાનઆત્મા, તેની અંતરમાં અનુભવમાં દૃષ્ટિ કરવી, જ્ઞાન કરવું અને લીનતા કરવી એ જ આત્માને એક જ ઇષ્ટ છે, બીજું કાંઈ ઇષ્ટ નથી. આહાહા..!

**'ઇષ્ટ કહતે હૈં સુખકો-મોક્ષકો ઔર ઉસકે કારણભૂત...'** મોક્ષના કારણભૂત, ભાઈ! આ તો મોક્ષનું કારણ તો આત્માનું ધ્યાન જ કહ્યું. પેલો વ્યવહાર મોક્ષનું કારણ અહીં કહ્યું નથી. કારણ કહેવામાત્ર એ છે જ નહિ. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ મોક્ષનું કારણ જ નથી. સ્વઆત્માનું ધ્યાન કરવું એ એક જ મોક્ષનું કારણ છે. ત્રણકાળ, ત્રણલોકમાં મોક્ષમાર્ગ બે છે જ નહિ. એ તો કાલે બહુ આવી ગયું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– એ તો બપોરે આવ્યું.

ઉત્તર :– હા, બપોરે આવ્યું હતું ને પણ.

જુઓ! બહુ ટૂંકામાં. ભગવાનઆત્મા પૂર્ણ વીતરાગસ્વરૂપથી ભરેલો છે. જેમાં તીર્થંકર ગોત્ર બંધાય એવો વિકલ્પ ઊઠે છે તે પણ અનિષ્ટ છે. અરે..! ભાઈ! જેનાથી તીર્થંકરગોત્ર બંધાય એવો ભાવ અનિષ્ટ છે. કારણ કે ઝેર છે, દુઃખ છે, અનિષ્ટ છે, અહિતકર છે. સમજાણું કાંઈ? એક જ ઇષ્ટકારી ભગવાન ત્રિલોકનાથની વાણીમાં એમ આવ્યું કે તારી ચીજ પૂર્ણાનંદ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત, એવી ચીજમાં એકાકાર થઈને, દૃષ્ટિ લગાવીને, જ્ઞેય બનાવીને સ્થિરતા કરવી એ આત્મધ્યાન એક જ ઇષ્ટ છે. સમજાણું કાંઈ?

આ મોક્ષનું **'કારણભૂત સ્વાત્મધ્યાન...'** એક શબ્દ પડ્યો છે.

મુમુક્ષુ :– વ્યવહારની વાત પછી આવશે.

ઉત્તર :– એ વ્યવહારની વાત વિકલ્પ આવે એ બંધનું કારણ છે. બંધનું કારણ છે. વ્યવહારરત્નત્રય બંધનું કારણ, બંધનું કારણ પાપરૂપ પતીત, નિશ્ચયથી પતીત થાય છે તો વ્યવહાર ઉત્પન્ન થાય છે. વીતરાગ માર્ગ છે, ભાઈ ! વીતરાગમાર્ગ છે. આ કાંઈ.. સમજાણું કાંઈ? શું કહે છે? જુઓ!

**'ઉસકે કારણભૂત...'** કોના કારણભૂત? પૂર્ણાનંદરૂપી મુક્તિની પ્રાપ્તિ તેનું કારણ કોણ? સ્વઆત્મધ્યાન. પરધ્યાન નહિ. ભગવાનનું ધ્યાન પણ નહિ. સાક્ષાત્ સમવસરણમાં બિરાજે તેનું ધ્યાન પણ નહિ. તે ઇષ્ટ નથી.

ભગવાન પૂર્ણાનંદ નાથ નિર્વાણનાથ પ્રભુ! નિર્વિકલ્પ સહજાનંદની મૂર્તિ પોતાનું શુદ્ધ સ્વરૂપ, તેનું ધ્યાન. એ આત્માને ધ્યેય બનાવીને અંતરમાં એકાગ્ર થવું તે એક જ મોક્ષનો ઉપાય અને કારણ છે, બીજો કોઈ મોક્ષનો ઉપાય કે કારણ નથી. ભગવાનઆત્મા શુદ્ધાનંદ

સ્વરૂપ, એમાં અંતરમાં ધ્યાન-એકાગ્રતા તે એક જ સંવર અને નિર્જરા છે. બીજા વિકલ્પ ઊઠે છે એમાં કોઈ ચીજમાં સંવર અને નિર્જરા નથી. સમજાણું કાંઈ? શાસ્ત્ર સ્વાધ્યાય કરવો, શાસ્ત્રનો ઉપદેશ કરવો એ બધા વિકલ્પ છે, બંધનું કારણ છે. એ સંવર-નિર્જરાનું કારણ બિલકુલ નથી. તડકા-છાયા જેટલો બેયમાં ફેર છે. તડકા સમજો? ધૂપ.. ધૂપ. ધૂપ અને છાયા. સમજાણું કાંઈ? શું કહે છે? જુઓ!

ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિની પ્રાપ્તિ તેને ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ મોક્ષ કહે છે. તેનું કારણ, આ આત્માના ધ્યાનનું એક જ કારણ કહે છે. બીજો કોઈ ઉપાય અને માર્ગ કહેતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? **'ઉસકે કારણભૂત સ્વાત્મધ્યાનકો...'** ઇષ્ટ કહે છે એમ લેવું અહીં. મોક્ષના કારણભૂત સ્વઆત્મધ્યાનને ઇષ્ટ કહે છે. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ.

કાલે આવ્યું હતું ને? કે સ્વાધ્યાય, આત્માનો સ્વાધ્યાય એ જ એક સ્વાધ્યાય છે. શાસ્ત્રનો સ્વધ્યાય એ સ્વાધ્યાય છે જ નહિ. 'પંદ્મનંદિ પંચવિશતિ'માંથી. ભગવાનઆત્મા નિર્વિકલ્પ સ્વરૂપ, વીતરાગ સ્વરૂપ તેના આશ્રયમાં એકાગ્રતા થવી, શાંતિથી નિર્વિકારી નિર્વિકલ્પથી એકાગ્રતા થવી તેને જ ભગવાનના શાસનમાં સ્વાધ્યાય કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? શાસ્ત્રના સ્વાધ્યાય કરતા-કરતા નિર્જરા થાય છે. ધૂળમાં પણ નથી થતી. એ.. 'કોમલચંદજી'! કઠણ વાત છે, ભાઈ ! આ તો વીતરાગમાર્ગ છે.

વિકલ્પ ઊઠે છે એ સ્વાધ્યાય જ નથી. પરમાર્થ સ્વાધ્યાય ભગવાનઆત્મા અંતર્મુખ થઈને જેટલી એકાગ્રતા પ્રગટ કરે તેને જ ભગવાન મોક્ષનું કારણ સંવર-નિર્જરારૂપ પર્યાય ગણવામાં આવી છે. બાકી જેટલા વિકલ્પ ઊઠે છે.. સમજાણું કાંઈ? આહાહા..! બધા ઇષ્ટ નથી. ઇષ્ટ નથી તો અનિષ્ટ છે. આહાહા..! વ્યવહારત્નત્રય પણ ઇષ્ટ નથી. અનિષ્ટ જ છે. એક સિવાય બધું અનિષ્ટ છે. પછી ચાહે તો ભગવાનની ભક્તિ હોય, સમવસરણની જાત્રા હોય. સમવસરણની જાત્રા વળી, હોં ! સમ્મેદશિખરની એક કોર રહો. 'કુંદકુંદાચાર્ય' સમવસરણની જાત્રા કરવા ગયા હતા ને. ત્યાંથી ભગવાન પાસે ગયા. તે વિકલ્પ હતો.

મુમુક્ષુ :– આપ મહિમા તો ઘણો કરો છો.

ઉત્તર :– એ તો ત્યાં ગયા એ બતાવવા માટે. સમજાણું કાંઈ? બાકી જેટલો અંદર સ્વાશ્રયમાં પડ્યો એટલું જ ઇષ્ટ છે. આહાહા..! ગજબ વાત ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– વારો આવે ત્યારે કોઈને બાકી રાખતા નથી.

ઉત્તર :– વસ્તુ તો વસ્તુ રહેશે. વસ્તુ બીજી કરે તો થશે? કોઈ બીજી રીતે બનાવે તો વસ્તુ ફરી જશે?

**'ઇસ ઇષ્ટકા ઉપદેશ યથાવત્ પ્રતિપાદન કિયા હૈ...'** આ ઇષ્ટનો ઉપદેશ બરાબર પ્રતિપાદન કર્યો છે. ૫૦ ગાથામાં. આ તો કેટલામું? ૫૬મું. ૫૬મું વ્યાખ્યાન ચાલે છે. **'જિસકે**

**દ્વારા...'** એટલે 'ઇષ્ટોપદેશ' દ્વારા. અથવા **'જિસમેં ઇસલિયે...'** એમાંથી કહેલું. **'કહતે હૈં 'ઇષ્ટોપદેશ'. ઇસકા ભલી પ્રકાર વ્યવહાર ઔર નિશ્ચયસે પઠન એવં ચિન્તન કરકે...'** શું કહે છે? વ્યવહારનયથી કહેવાની પદ્ધતિને વ્યવહારનયથી જાણવી. પકડવું નહિ એમ કહ્યું. ભાઈ! એમાં વ્યવહારનયથી કથન આવ્યું હોય કે ગુરુથી મળે છે અને ગુરુથી જ્ઞાન મળે છે. એ વ્યવહારનયના કથનને વ્યવહારનયથી સમજવું. એ વાત બિલકુલ વ્યવહારનયથી કથન આવ્યું હોય તો એ જાણવા લાયક છે, (વસ્તુ) એમ નથી. જુઓ! આખું 'ગોમ્મટસાર' આવી ગયું.

પોતાના સ્વભાવનો પુરુષાર્થ કરે છે, ત્યારે કર્મમાં કર્મના કારણથી ક્ષયોપશમ તેમાં તેના કારણથી થાય છે. તેની અપેક્ષા અહીં છે જ નહિ. કે કર્મનો ક્ષયોપશમ હોય તો પોતામાં આનંદની, શાંતિની પ્રાપ્તિ થાય, એવી અપેક્ષા સ્વરૂપની નિરપેક્ષ દૃષ્ટિ, જ્ઞાન અને વીતરાગતામાં પરની અપેક્ષા બિલકુલ નહિ. વ્યવહારરત્નત્રયની પણ અપેક્ષા નથી. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા નિરાલંબી પ્રભુ, તેની પર્યાયમાં પરના આલંબન વિના એકાગ્રતા થવી તે નિશ્ચય છે. વચમાં વ્યવહાર આવ્યો કે ગુરુથી સમજાણું, એવી ભાષા-વ્યવહાર આવ્યો, તો વ્યવહારથી કથન આવે એને નિશ્ચય ન માની લેવો. સમજાણું કાંઈ?

વ્યવહારના ઉપદેશને વ્યવહાર તરીકે કહેવામાં આવે છે એવી પદ્ધતિ જાણી લેવી. નિશ્ચયના સ્વઆશ્રયની વાત ચાલે છે તે યથાર્થ છે એમ જાણી લેવું. સમજાણું કાંઈ? 'કછવી જીવ બળીયો, કછવી કમ્મ બળીયો' એ અંદર આવ્યું હતું. એ તો વ્યવહારની વાત થઈ. કમ્મ બોળિયો નામ તારો ઉલ્ટો પુરુષાર્થ હતો, તો તેં કર્મ ઉપર જોર દીધું. તારો સીધો પુરુષાર્થ હોય તો આત્મા ઉપર જોર દીધું. મૂળ વાત તારી છે, બીજી કોઈ વાત છે નહિ. સમજાણું કાંઈ? વ્યવહારનું કે પરઆશ્રયનું કથન હોય તો એમ સમજવું કે તે વ્યવહારનું કથન છે. જાણવા લાયક છે, આદરવા લાયક નથી. જુઓ!

**'વ્યવહાર ઔર નિશ્ચયસે પઠન એવં ચિન્તન કરકે હિત ઔર અહિતકી પરીક્ષા કરનેમેં ચતુર ઐસે ભવ્ય પ્રાણી,...'** ભવ્ય શબ્દ જોઈએ. પેલામાં મવ્ય જેવો થઈ ગયો. અહીં તો કહેશે જુઓ! વ્યવહાર નિશ્ચયનો, જે કંઈ નિમિત્તનો ઉપદેશ હોય, વ્યવહારનો ઉપદેશ હોય તો જાણવું કે આવી એક પદ્ધતિ વ્યવહારથી કહેવાની છે, આદરવાની ચીજ નથી. સમજાણું કાંઈ? ગુરુના ચરણકમળની પૂજાથી સમ્યક્જ્ઞાન થાય છે એમ આવ્યું હતું. એમાં આવ્યું હતું? તો એનો અર્થ એમ સમજવો કે તેનું નિમિત્ત કોણ હતું? પોતાના સ્વરૂપની પ્રાપ્તિના કાળમાં નિમિત્ત કોણ હતું તેનું વ્યવહારથી જ્ઞાન કરાવ્યું છે. તેનાથી આત્માની પ્રાપ્તિ થાય એમ સમજવું નહિ. દિવ્યધ્વનિથી આત્મા સમજાય છે એવું કથન આવે છે... અંદર ઘણીવાર આવ્યું હતું, તો એમ જાણવું કે એ તો વ્યવહારની પદ્ધતિ, કથનની રીત છે. સમજાણું કાંઈ? પોતાનો આત્મા પોતાના સ્વરૂપનો આશ્રય કરીને, નિર્વિકલ્પ દૃષ્ટિજ્ઞાન આનંદ પ્રગટ કરે છે

તેમાં નિમિત્તની તો અપેક્ષા નથી, પણ નિમિત્ત તરફના લક્ષમાં જે વિકલ્પ આવ્યો હતો તેમાં પણ જેનું લક્ષ અને અપેક્ષા નથી, એવા નિશ્ચયના સ્વરૂપને નિશ્ચયરૂપથી જાણવું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– .. ઉપદેશ ખસી જાય છે.

ઉત્તર :– કોઈ ખસી જતું નથી. જ્યાં છે ત્યાં રહે છે. ખસે કોણ? રહે કોણ ને જાય કોણ? તેનાથી તારું લક્ષ તૂટ્યું તો તારી નિરપેક્ષ દૃષ્ટિ અંતરમાં થઈ તે નિશ્ચય. વ્યવહારથી કહેવામાં આવ્યું એ તો જ્ઞાન કરાવ્યું, એ કોઈ વસ્તુસ્થિતિ એવી નથી કે પરથી સમજી જાય અને ગુરુની સેવા કરે માટે પ્રાપ્ત થઈ જાય. આ વીતરાગમાર્ગ છે, ભાઈ! સમજાણું કાંઈ?

**'હિત ઔર અહિતકી પરીક્ષા કરનેમેં ચતુર...'** જુઓ! જે વિકલ્પ ઊઠે છે તે અહિત છે. આહાહા..! ભગવાનઆત્મા પોતાના શુદ્ધ આત્મામાં એકાકાર ધ્યાન કરવું એ જ એક હિત છે. બાકી બધા ઉપદેશાદિના જે વિકલ્પ ઊઠે છે એ બધા અહિત છે એમ યથાર્થ ભાન કરવું જોઈએ. પહેલા વાત કરી હતી. (સંવત) ૧૯૮૨ની સાલમાં. કેટલા વર્ષ થયા? ૪૦. તરે તે તારે. એવો શબ્દ હતો. બીજો એક વકીલે કહ્યું કે તારે તે તરે એમ લખો. બહુ સારું, ભાઈ! ધૂળ જેવો બુદ્ધિમાન છે. ૪૦ વર્ષ પહેલાની વાત છે. સંવત્ ૧૯૮૨. સમજાણું કાંઈ? ૪૦ વર્ષ થયા ને? 'વઢવાણ'માં ચોમાસુ હતું. તરે તે તારે. એ તો સાધારણ છે ને? નિમિત્ત તરીકે. તરે તો એ તરે છે ત્યારે પેલું નિમિત્ત કહેવાય. તરે તે તારે. પણ એ શું તારે? એટલું કહેવું હતું. ચાકળો ભર્યો હતો. '...ભાઈ' કંદોઈ ત્યાં વકીલ હતા. મહારાજ! આ કરતા એમ લખવું જોઈએ હોં કે તારે તે તરે. કેટલાને ગોતવા જાવા? કીધું. કેટલાને ગોતવા જવા? આત્મા ગોતવો કે કોઈ સમજનાર છે કે નહિ એને ગોતવો? શું કરવું? તારે તે તરે. દુનિયાને ઘણાને તારે તે તરે. અરે...! મૂંઢ એમ છે જ નહિ.

મુમુક્ષુ :– કેટલાને તારે?

ઉત્તર :– કંઈ સંખ્યા ખરી? કે એટલાને તારે. શું કરવું? સ્વયંને તારે, પોતાને તારે તો તેની મુક્તિ થઈ જશે. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગનું સ્વરૂપ જેવું છે એવું ન સમજે તો અંદર મિથ્યાત્વનું શલ્ય રહી જાય છે અને એ શલ્ય તેને માર્ગ જોવામાં વિઘ્ન કરે છે. આહાહા..! અસત્‌બુદ્ધિ છે. આહાહા..! પ્રભુ!

**'હિત ઔર અહિતકી પરીક્ષા કરનેમેં ચતુર ઐસે ભવ્ય પ્રાણી, જિસસે અનન્ત-જ્ઞાનાદિક પ્રગટ હો સકતે હૈં—'** એ તો ભવ્યની વ્યાખ્યા કરી, ભાઈ! ભવ્ય કોણ? જેની અનંત જ્ઞાનાદિ પ્રગટવા થવાની યોગ્યતા છે એ ભવ્ય. બસ, એટલું. ભવ્ય કોને કહે છે? ભવ્ય કોને કહે છે? કે જેને અનંત જ્ઞાનાદિ પ્રગટ થવાની યોગ્યતા છે. એટલી વાત છે. અહીં શબ્દાર્થ બરાબર નથી કર્યો. પાઠમાં એમ છે. **'भव्योऽनन्तज्ञानाद्यद्याविर्भावयोग्यो'** સંસ્કૃત છે. એની જ્ગ્યાએ થોડું આડુઅવળું કરી નાખ્યું. ખરેખર તો જોઈએ કે ભવ્યપ્રાણી કેવો છે? કે અનંત જ્ઞાનાદિ પ્રગટ થવાની જેનામાં લાયકાત છે. બસ એટલું.

**'ઇસ ઇષ્ટોપદેશકે અધ્યયન—'** એવા ભવ્ય પ્રાણી, એવા ભવ્ય પ્રાણી. **'ઇષ્ટોપદેશકે અધ્યયન-ચિન્તન કરને સે ઉત્પન્ન હુએ આત્મજ્ઞાન...'** જુઓ! ઇષ્ટોપદેશ કહેવાનો આશય એ હતો કે અંતર આત્માનું ધ્યાન કરીને આત્મજ્ઞાન પ્રગટ કર. આત્મજ્ઞાન પ્રગટ કર્યું. **'આત્મજ્ઞાનસે માન-અપમાનમેં રાગ-દ્વેષકો ન કરના રૂપ સમતાકા પ્રસાર કર...'** પૂર્ણ આનંદ જ્ઞાતા-દૃષ્ટા, પોતાના સ્વરૂપને પ્રગટ કરી, જ્ઞાતાદૃષ્ટાપણે જ્ઞાતાદૃષ્ટાપણાનો વિસ્તાર કરી અર્થાત્ વીતરાગભાવની શાંતિનો વિસ્તાર કરી, **'માન-અપમાનમેં રાગ-દ્વેષકો ન કરના રૂપ સમતાકા પ્રસાર કર નગર-ગ્રામાદિકોંમેં...'** શ્રાવક કે મનુષ્ય ગ્રામાદિકમાં હોય, કદાચ ગામમાં હોય **'અથવા નિર્જન-વનમેં...'** હોય. જ્યાં કોઈ જન નથી એવા વનમાં હોય. **'વિધિ-પૂર્વક ઠહરતે હુએ...'** પોતાની વીતરાગતા પ્રગટ કરવી તે **'વિધિ-પૂર્વક ઠહરતે હુએ...'** ચાહે તે નગરમાં હોય કે જંગલમાં હોય. પોતાના સ્વ આશ્રયની વિધિ જે વીતરાગતા પ્રગટ કરવી તે વિધિપૂર્વક ઠરે. કોઈથી રાગ ઉત્પન્ન થાય અને હટી જાય એવી ચીજમાં ઠરે નહિ. ઘણું ટૂંકું કહ્યું છે, હોં! ઘણું ટૂંકું કહ્યું છે.

કોઈપણ સંયોગમાં એને એમ ન લાગી જાય કે આ ઠીક છે, આ ઠીક નથી. એ આગ્રહ મિથ્યા છે એમ કહે છે. સમજાણું કાંઈ? ગામ હોય કે વન હોય. ઓહોહો..! મુનિ વનમાં વસે છે પણ કહે છે કે તેને એવો આગ્રહ નથી કે આ હોય તો ઠીક અને આ ન હોય (અઠીક), એ તો આગ્રહ થઈ ગયો. પરક્ષેત્રનો આગ્રહ થયો. સમજાણું કાંઈ? જ્યાં પોતાની સ્વઆશ્રયની વૃદ્ધિ, પોતાના ભાવમાં હોય ત્યાં દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ સંયોગો, સજ્જન વનમાં હોય કે જનમાં હોય.. સમજાણું કાંઈ? જનમાં એટલે જ્યાં માણસો હોય ત્યાં. પોતાની વીતરાગતાની પર્યાય વૃદ્ધિ  થાય એવી વિધિ કરવી. એ વિધિનો વિસ્તાર કરવો. ... વધે કે ઘટે કે ... એમ એમાં આગ્રહ કરવો નહિ. એમ કહે છે. આ વિસ્તારથી તારે સમજવાનું છે. એય..!

**'વિધિપૂર્વક ઠહરતે છોડ દિયા હૈ બાહિરી પદાર્થોંમેં મૈં ઔર મેરેપન કા આગ્રહ...'** આમ હોય તો ઠીક. શું પરદ્રવ્ય આમ હોય તો ઠીકના આગ્રહનો અર્થ શું તારે? સમજાણું કાંઈ? શરીર જરી ઠીક રહે તો ઠીક, આમ બરાબર પલોઠી વાળી શકે એવું શરીર હોય તો ઠીક. જ્યાં ભૂમિ સારી હોય તો ત્યાં ધૂળમાં આમ પગ રહે. કઠણ ચીજમાં પગ ન રહે. સમજાણું કાંઈ? .... કરવાની ચીજ છે ને? તો ધ્યાન કરવામાં આમ હોય તો ઠીક, એવો આગ્રહ છોડી દે. પર પદાર્થ આમ હોય કે ન હોય તારે શું કામ છે? વીતરાગભાવ.

**'બાહિરી પદાર્થોંમેં ઔર મેરેપન...'** એ હું, એમ. એ હું અને એ મારા. સમજાય છે? એ હું અને એ મારા. બે અરસપરસ. તેનો આગ્રહ–એટલું હોય તો ઠીક. એટલું મને અનુકૂળ છે. આટલું મને અનુકૂળ છે. આટલું મને પ્રતિકુળ છે. એવો આગ્રહ છોડી દે. બહારની કોઈ ચીજ અનુકૂળ-પ્રતિકૂળ છે જ નહિ, એમ કહે છે. આહાહા..! પર્યુષણનો સમય હોય

અને બે-બે હજાર, પાંચ-પાંચ હજાર માણસ એકઠા હોય અને કંઠ બેસી જાય તો કંઠ ઠીક હોય તો ઠીક, એમ લાગે કે નહિ? એમ કહે છે.

ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્ય ભાગમાં પૂર્ણાનંદ પ્રભુ નાથ વીતરાગી સ્વરૂપી ચૈતન્ય પિંડ તેને આત્મા કહે છે. પુણ્ય-પાપ, દયા-દાન, વ્રત, ભક્તિ, વિકલ્પ આદિ બધું બંધનું કારણ છે. ... દેવાનો વિકલ્પ પણ બંધનું કારણ છે. તેનાથી રહિત ભગવાનઆત્મા, તેની એકાગ્રતાના ધ્યાનમાં સમતાનો વિસ્તાર કરવો. બહારની ચીજ આમ હોય કે ન હોય એવો હઠાગ્રહ છોડી દેવો. તારી અનુકૂળતાએ ધ્યાન થાતા હશે! એ એમાં મદદ કરતી હશે?

મુમુક્ષુ :– આમ કરવું... આમ એકાંતમાં બેસવું.

ઉત્તર :– એ વ્યવહારના કથન. કીધું ને? વ્યવહારના કથનને વ્યવહાર તરીકે જાણવું. બન્ને વાત લઈ લીધી હતી. 'રત્નકરંડ શ્રાવકાચાર'માં નથી આવતું? આમ બાંધવું, વાળ બાંધવા, લુગડા બાંધવા. એ બધા વ્યવહારના કથનને વ્યવહારે જાણવા. એ બધું એમાં આવી જાય છે. પરમાર્થે નહિ. સમજાણું કાંઈ? તેથી તો ટીકાકારે આ બન્ને નાખ્યું છે. અને મુનિ મળ્યા છે. નિશ્ચય વ્યવહાર, વ્યવહારનું જ્ઞાન જાણવું. હઠ નથી. આમ હોય તો મને ધ્યાન થશે. તું અંદરમાં એકાગ્ર થઈશ તો તને ધ્યાન થશે. એટલો વ્યવહારને જાણવો. એ વખતે એવો વ્યવહાર કોઈને હોય છે. કોઈને એવું હોય છે. સમજાણું કાંઈ?

ભગવાન ચિદાનંદમૂર્તિ નિર્લેપ, નિર્દોષ, રાગ, શરીરથી ભિન્ન ગોળો બિરાજમાન છે. બસ, એનો આશ્રય કરીને એકાગ્ર થવું એમાં જ આત્માનું હિત છે. બાકી બધું અહિતકર છે. સમજાણું કાંઈ? **'ઔર મેરેપન કા આગ્રહ અથવા હઠાગ્રહ જિસને ઐસા વીતરાગ હોતા હુઆ...'** આહાહા..! એક જ વાત. ચાહે તે અનુકૂળ, પ્રતિકૂળ જગતના, એ તો જ્ઞેય છે. પરચીજ તો જ્ઞેય છે. આમ હોય તો ઠીક, આમ ન હોય તો ઠીક, એવી જ્ઞેયમાં છાપ મારી છે? સમજાણું કાંઈ? એ તો દુરાગ્રહ છે. તેને છોડી દે. માત્ર ભગવાનને જ્ઞાનમાં જ્ઞેય બનાવીને એકાકાર ધ્યાનમાં આનંદનો સ્વાદ લેવો તેમાં જ તારું હિત છે. સમજાણું કાંઈ? ઉપદેશ દેવો એ અહિત છે, એમ કહે છે. સંભળાય છે કે નહિ? કાને-બાને કેમ છે? ૩૦ વર્ષ પહેલા એક જંગલમાં અમે બે બેઠા હતા. મહારાજ! તમે બધી વાતો, ઉપદેશ આવો કરો છો પણ ભૂખ્યા પેટમાં અનાજ પડ્યા વિના ધર્મ-ધર્મ? એ જાગનાથના જંગલમાં. ત્યારે કોઈ મકાન નહોતું માત્ર જંગલ હતું. ખેતર હતા. હવે તો મકાન થઈ ગયા. તે તરત જ છોડી દીધું. તે વખતે જ છોડી દીધું. પહેલા આહાર મળે, પછી આહાર પચે પછી ધર્મ કરવો. પચે પછી જંગલ ગયા પછી ધર્મ કરવો છે. જંગલ ગયા પછી પેટ ખાલી થાય, વળી આહાર કરવો, તારે ધર્મ કરવો છે કે કે' દિ? (સંવત) ૧૯૯૦ ની સાલની વાત છે. સમજાણું કાંઈ? ધૂળમાં તે કહે છે. પેટમાં અનાજ હોય કે ન હોય તેની સાથે તારા આત્માની એકાગ્રતાને શું સંબંધ છે?

અહીં તો કહે છે કે દેવ-ગુરુ-સર્વજ્ઞ સામે બેઠા હોય અને તેનું શ્રવણ કરતો હોય, એવા વિકલ્પની પણ આત્માની એકાગ્રતામાં બિલકુલ અપેક્ષા રાખતો નથી. સમજાણું કાંઈ? માર્ગ તો આવો છે. સમજાણું કાંઈ 'કોમલચંદજી'? તેમાં થોડી ગડબડ કરે તો શ્રદ્ધા વિપરિત થઈ જશે એમ કહે છે.

**'ઐસા વીતરાગ હોતા હુઆ પ્રાણી અનુપમ તથા અનન્ત જ્ઞાનાદિ ગુણોંકો...'** એ તો એક જ શબ્દ છે. આ તો બે જુદા પાડ્યા છે. આવી **'સમ્પત્તિરૂપ...'** પાઠમાં એક જ છે. અનુપમ અને અનંતજ્ઞાનાદિગુણ ભગવાનઆત્માની પર્યાયમાં **'સમ્પત્તિરૂપ મુક્તિ–'** જુઓ! આ સંપત્તિરૂપ મુક્તિ. જેમાં અનંતજ્ઞાન, દર્શન, આનંદની પર્યાય પ્રગટ થઈ **'સમ્પત્તિરૂપ મુક્તિ-લક્ષ્મીકો પ્રાપ્ત કર લેતા હૈ.'** લાખ વાત દુનિયાની હોય. તેમાં એમ આવ્યું કે 'લાખ વાતની વાત નિશ્ચય ઉર આણો.' છે કે નહિ? ભગવાનઆત્મા એક સમયમાં પૂર્ણાનંદનો નાથ, તેનું અંતર એકાગ્ર થઈને ધ્યાન કરવું, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણે આત્માનું ધ્યાન જ છે. વિકલ્પમાત્ર આત્મામાં તીર્થંકર ગોત્રનો બંધ કરનારા વિકલ્પ પણ પોતાને અહિતકર છે. સમજાણું કાંઈ? અહિતકર છે. તીર્થંકર પ્રકૃતિ બંધાય તો પણ? બંધાયો તેમાં તો ભવ થઈ ગયો. સમજાણું કાંઈ ?

કહે છે કે **'પ્રાપ્ત કર લેતા હૈ. જૈસા કિ કહા ગયા હૈ...'** જુઓ! 'સમાધિતંત્ર'નો શ્લોક લીધો છે. **'જિસ સમય તપસ્વીકો મોહકે ઉદયસે મોહકે કારણ રાગ દ્વેષ પૈદા હોને લગેં, ઉસ સમય શીઘ્ર હી અપનેમેં સ્થિત આત્માકી સમતાસે ભાવના કરે,...'** જુઓ! વિકલ્પ થવાના સમયે પોતાના સ્વરૂપમાં ભર્યો છે, જુઓ! સ્વસ્થ. એ આનંદ અને જ્ઞાનની મૂર્તિ પ્રભુ ભર્યો છે. તેમાં દૃષ્ટિ લગાવી દે, વિકલ્પ નહિ રહે. સમજાણું કાંઈ? **'શીઘ્ર હી અપનેમેં સ્થિત આત્માકી સમતાસે...'** **'અપનેમેં સ્થિત...'** એટલે આત્માસ્વરૂપ. આત્માનું સ્વરૂપ આનંદ, જ્ઞાનઆદિ પોતામાં સ્થિત છે. એ બહાર નથી. સ્વમાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ એ પોતામાં સ્થિત છે, તેમાં ધ્યાન લગાડ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :– રાગ-દ્વેષ થાય ત્યારે?

ઉત્તર :– એ રાગ-દ્વેષ થાય ત્યારે. ભાષા કેમ કહેવાય? રાગ-દ્વેષ ઉત્પન્ન થયા હોય ત્યારે ક્યાં કરે? એ તો થઈ ગયો. પણ એને રાગ-દ્વેષ થવાને કાળે અર્થાત્ રાગ-દ્વેષ ઉત્પન્ન નથી કરવો જેને, એ પોતાના સ્વરૂપમાં આનંદ ભર્યો છે તેનું ધ્યાન કરી લે. આહાહા..! સમજાણું કાંઈ?

**'અપનેમેં સ્થિત આત્માકી સમતાસે ભાવના કરે, અથવા સ્વસ્થ આત્માકી ભાવના ભાવે,'** સ્વ-અસ્થ. સ્વમાં અસ્થ. ભગવાનઆત્મામાં સ્થ. રહેલો અનંત ચતુષ્ટય. ત્રિકાળ જ્ઞાન-દર્શન-આનંદ પોતામાં ધ્રુવપણે રહ્યા છે તેની ભાવના ભાવે, તેની એકાગ્રતારૂપી ભાવના ભાવે. ભાવના એટલે કલ્પના નહિ, ચિંતા નહિ. **'જિસસે ક્ષણભરમેં વે રાગ દ્વેષ શાન્ત હો જાવેગેં.'** લ્યો!

दोहा - इष्टरूप उपदेशको, पढ़े सुबुद्धि भव्य।
मान अमानमें साम्यता, निज मनसे कर्तव्य।।५१।।

आग्रह छोड़ स्वग्राम में, वा वनमें सु वसेय।
उपमा रहित स्वमोक्षश्री, निजकर सहजहि लेय।।५२।।

હાથમાં મોક્ષ લે એમ કહે છે. જેણે પોતાના આનંદકંદ ભગવાનનું ધ્યાન કર્યું, તે ધ્યાન જ એકાગ્રતા અને એ જ મોક્ષનો માર્ગ. તેમણે મોક્ષરૂપી લક્ષ્મી હાથમાં કરી લીધી. એટલે અભેદ દશા પ્રગટ થઈ.

---

आगे इस ग्रन्थके संस्कृतटीकाकार पंडित आशाधरजी कहते हैं कि -

विनयेन्दुमुनेर्वाक्याद्भव्यानुग्रहहेतुना।
इष्टोपदेशटीकेयं कृताशाधरधीमता।।१।।

अर्थ :- विनयचन्द्र नामक मुनिके वाक्योंका सहारा लेकर भव्य प्राणियोंके उपकारके लिये मुझ आशाधर पंडितने यह इष्टोपदेश नामक ग्रन्थकी टीका की है।

उपशम इव मूर्तः सागरेन्दोमुनीन्द्रादजनि विनयचन्द्रः सच्चकोरैकचन्द्रः।
जगदमृतसगर्भा शास्त्रसंदर्भगर्भाः, शुचिचरितवरिष्णोर्यस्य धिन्वन्ति वाचः।।२।।

अर्थ :- सागरचन्द्र नामक मुनीन्द्रसे विनयचन्द्र हुए जो कि उपशमकी (शांतिकी) मानो मूर्ति ही थे, तथा सज्जन पुरुषरूपी चकोरोंके लिये चन्द्रमाके समान थे, और पवित्र चारित्रवाले जिन मुनिके अमृतमयी तथा जिनमें अनेक शास्त्रोंकी रचनाएँ समाई हुई हैं, ऐसे उनके वचन जगतको तृप्ति व प्रसन्नता करनेवाले हैं।

जयन्ति जगतीवन्द्या, श्रीमन्नेभिजिनाङ्ध्रयः।
रेणवोऽपि शिरोराज्ञामारोहन्ति यदाश्रिताः।।३।।

अर्थ :- जगद्वंद्य श्रीमान् नेमिनाथ जिनभगवानके चरणकमल जयवन्त रहें, जिनके आश्रयमें रहनेवाली धूलि भी राजाओंके मस्तकपर जा बैठती है।

इति श्री पूज्यपादस्वामिविरचित इष्टोपदेशः समाप्तः।

इस प्रकार श्रीपूज्यपादस्वामीके द्वारा बनाया हुआ `इष्टोपदेश' नामक ग्रन्थ समाप्त हुआ।

---

**'આગે ઇસ ગ્રન્થકે સંસ્કૃતટીકાકાર પંડિત આશાધરજી કહતે હૈં કિ-'** એ બધું વ્યાખ્યાનમાં આવી ગયું.

विनयेन्दुमुनेर्वाक्याद्भव्यानुग्रहहेतुना।
इष्टोपदेशटीकेयं कृताशाधरधीमता।।१।।

તે કાળમાં 'વિનયચંદ્ર' નામના કોઈ મુનિ થઈ ગયા. કેટલા વર્ષ થયા? ૬૦૦-૭૦૦ વર્ષ થયા હશે. તે **'વિનયચન્દ્ર નામક મુનિકે વાક્યોંકા સહારા લેકર ભવ્ય પ્રાણિયોંકે ઉપકારકે લિયે...'** ઓહોહો..! એના કોઈ મુનિ હશે. એના શબ્દોનો ભાવ... બહુ વખાણ કરે છે. **'મુજ આશાધર પંડિતને...'** **'ધીમતા'** કહ્યાને? **'ધીમતા'** એટલે પંડિત. **'યહ ઇષ્ટોપદેશ નામક ગ્રન્થકી ટીકા કી હૈ.'**

**उपशम इव मूर्तः सागरेन्दोमुनीन्द्रादजनि विनयचन्द्रः सच्चकोरैकचन्द्रः।**
**जगदमृतसगर्भा शास्त्रसंदर्भगर्भाः, शुचिचरितवरिष्णोर्यस्य धिन्वन्ति वाचः।।२।।**

'સાગરચન્દ્ર' નામના કોઈ દિગંબર મુનિ તે કાળમાં થયા છે. 'આશાધર પંડિત'ના કાળમાં. તેના શિષ્ય **'વિનયચન્દ્ર હુએ...'** ઉપશમની મૂર્તિ. આહાહા..! જાણે ઉપશમની મૂર્તિ સંત. ઠરી ગયેલા બિંબ. શીતળ જેમ બરફની શીતળશીલા. એવો ભગવાનઆત્મા પુણ્ય-પાપના વિકલ્પથી રહિત શીતળશીલા પ્રભુ આત્મા. શીતળશીલા. અંતરમાં એકાકાર થઈને મુનિ જાણે શાંતની મૂર્તિ હોય. જુઓ! 'આશાધરપંડિત' વખાણ કરે છે. એ વખતે કોઈ મુનિ હશે.

**'તથા સજ્જન પુરુષરૂપી ચકોરોંકે લિયે ચન્દ્રમાકે સમાન થે,...'** લ્યો. સજ્જન પુરુષના ચકોર એવા પંખી માટે ચંદ્રમાં સમાન, **'ઔર પવિત્ર ચારિત્રવાલે જિન મુનિકે અમૃતમયી...'** જુઓ! પવિત્ર ચારિત્રવાળા અને જે મુનિના અમૃતમય, **'તથા જિનમેં અનેક શાસ્ત્રોંકી રચનાએ સમાઈ હુઈ હૈં,...'** વાક્યોની વાત કરે છે, હોં! **'ઉનકે વચન જગતકો તૃપ્તિ વ પ્રસન્નતા કરનેવાલે હૈં.'**

મુમુક્ષુ :– ... શાસ્ત્રો સમાઈ ગયા છે.

ઉત્તર :– શાસ્ત્રો સમાઈ ગયા છે. એના કથનમાં શાસ્ત્રો (છે). .... શાસ્ત્રો ... મુનિ કોને કહે? આહાહા..! જેને ઉપશમરસ અંદરમાં ઢળી ગયા છે. 'ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં..' શાંત.. શાંત.. શાંત.. પુણ્ય-પાપના વિકલ્પની પણ કોલાહલ જેમાં છૂટી ગઈ છે. એવા ભગવાનઆત્મા મુનિ, શાંત ચારિત્ર-પવિત્રવાળા, અમૃતમય જેની વાણી-વચન, અનેક શાસ્ત્રોની રચના, એ વાણીમાં અનેક શાસ્ત્રો સમાઈ ગયા છે. મુનિના એક શબ્દમાં અનેક શાસ્ત્રો સમાઈ ગયા છે. જ્ઞાનીના એક શબ્દમાં અનંત આગમ વસે છે. 'શ્રીમદ્' કહે છે. આહાહા..!

**'ઐસે ઉનકે વચન જગતકો તૃપ્તિ વ પ્રસન્નતા કરનેવાલે હૈં.'** જગતને તૃપ્ત કરે છે.

આ તો આજ પૂરું કરવું હતું ને? પાછું કાલે બીજું શરૂ કરવું છે એટલે.

**जयन्ति जगतीवन्द्या, श्रीमन्नेमिजिनाङ्घ्रयः।**
**रेणवोऽपि शिरोराज्ञामारोहन्ति यदाश्रिताः।।३।।**

**'જગદ્વંદ્ય શ્રીમાન્ નેમિનાથ...'** ભગવાન. દેવને યાદ કરે છે. **'જિનભગવાનકે ચરણકમલ જયવન્ત રહેં,...'** પરમાત્માની પર્યાય નિર્મળ જયવંત રહે. **'જિનકે આશ્રયમેં રહનેવાલી ધૂલિ ભી રાજાઓંકે મસ્તકપર જા બૈઠતી હૈ.'** આહાહા..! પરમાનંદરૂપી જ્યાં મુક્તિની પર્યાય કેવળજ્ઞાન પ્રગટ થઈ, કહે છે કે તેની નીચે ધૂલી, એ પગની નીચે રહેલી ધૂલી, ઇન્દ્રોના મસ્તકના મુગુટ ઉપર ધૂલિ ચડે છે.

મુમુક્ષુ :– વ્યવહાર આવ્યો.

ઉત્તર :– વ્યવહાર છે ને. જાણવા લાયક છે. જાણવા લાયક છે, આદરવા લાયક નથી. સમજાણું કાંઈ? 'જ્યાં-જ્યાં જે જે યોગ્ય છે ત્યાં તે સમજવું,' સમજવું વ્યવહારે. આદરણીય બિલકુલ નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો કહે છે કે ભગવાનનું પુણ્ય પણ એટલું છે કે જેના પગ નીચે રહેલી ધૂળ, ઇન્દ્રના મુગુટ ઉપર તે ધૂળ જાય. એ મુગટ નીચે કરે ત્યાં ધૂળ અડે એને, એમ કહે છે. ધૂળ ઉડીને ત્યાં ચોંટે. સમજાણું કાંઈ? એમ ભગવાનઆત્મા પોતાના સ્વરૂપની એકાગ્રતા થઈને જ્યાં સિદ્ધ છે ત્યાં બિરાજમાન આત્મા થઈ જશે એમ છેલ્લે કહે છે, લ્યો. ધૂળ જ્યાં જાય, આ આત્મા ત્યાં પૂર્ણાનંદમાં પ્રાપ્ત થઈ જશે. એવા 'ઇષ્ટોપદેશ'ના ફળ તરીકે આ સાર તેમણે કહ્યો છે. (શ્રોતા :– પ્રમાણ વચન ગુરુદેવ!)




પ્રકાશક :

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ

૫, પંચનાથ પ્લોટ, કાનજીસ્વામી માર્ગ

રાજકોટ-૩૬૦૦૦૧